શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ૐ રજત મહોત્સવ સ્મારક ગ્રંથ ૐ

સંવત

૧૯૭૧-૯૬

ઈ.સન

૧૯૧૫-૪૦

ભગવાન મહાવીર

શ્રી

મહાવીર જૈન વિદ્યાલય

[રજત મહોત્સવ ગ્રંથ]



વિ. સંવત ૧૯૬૧-૯૭
ઈ. સન ૧૯૧૫-૪૦
વીર સંવત ૨૪૪૧-૬૬

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ચંદુલાલ સારાભાઈ મોદી
માનદ મંત્રીઓ.

Printed by M. N. KULKARNI at the KARNATAK PRINTING PRESS, Karnatak House Chira Bazar, Bombay 2.
Published by MOTICHAND G. KAPADIA and CHANDULAL S. MODI, Hon. Secretaries, Mahavira Jaina Vidyalaya,
Gowalia Tank, Bombay 26.

નિવેદન

—:o:—

શ્રી. મહાવીર જૈન વિદ્યાલયનો રજત મહોત્સવ ઉજવવાનું આજથી લગભગ દોઢ વર્ષ પહેલાં નક્કી કરવામાં આવ્યું હતું. આના અંગમાં સૌથી પહેલી પ્રવૃત્તિ અહીં રજૂ થતા ગ્રંથને લગતી હાથ ધરવામાં આવી હતી અને આ ગ્રંથ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવામાં આવી હતી.

શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ
,, મોહનલાલ દલીચંદ દેસાઈ
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ
,, પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી

આ સમિતિ તરફથી સભ્યોને, જાણીતા લેખકોને, સાક્ષરોને અને પવિત્ર મુનિમહારાજોને ધાર્મિક, નૈતિક, સામાજિક કે આર્થિક—જેને જે અનુકૂળ પડે તેને તે તે વિષય ઉપર લેખ લખી મોકલવા લેખિત વિજ્ઞપ્તિ કરવામાં આવી હતી. તેના પરિણામે જે લેખો અમે મેળવી શક્યા છીએ તે લેખોમાંથી પસંદગી કરીને આ લેખસંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે. આ લેખોમાં અનેક પ્રકારની વિવિધતા છે. એમાં સાદી ભાષાના લેખો છે તેમ જ સાક્ષરી ભાષામાં લખાએલા લેખો પણ છે. સામાજિક ઉન્નતિના માર્ગો દર્શાવનાર લેખો છે તેમ જ ભાષાશુદ્ધિને સ્પર્શતા લેખો પણ છે. એકાદ નાની નવલિકા પણ છે: પ્રાકૃત ભાષાને લગતો પણ એક લેખ છે. ધર્મતત્વની ચર્ચા કરતા લેખોનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આવો વિવિધ સામગ્રીવાળો ગ્રંથ ગુજરાતની વિશાળ જનતા સમક્ષ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજત મહોત્સવ પ્રસંગે રજૂ કરતાં અમને બહુ આનંદ થાય છે.

ઉપર જણાવેલ અમારી સમિતિ નિમાયાને તો ઘણો સમય થયો પણ સમિતિએ તૈયાર કરવાના ગ્રંથની છેવટની યોજના આજથી ત્રણ માસ પહેલાં સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરી તેથી આવો ગ્રંથ તૈયાર કરવા માટે અમારી પાસે બહુ જ ઓછો સમયે રહ્યો. આ કારણે લેખો ગોઠવવામાં કોઈ બીજી જાતનો ખાસ ક્રમ જાળવવાનું અમારા માટે અશક્ય બન્યું છે. વળી કેટલાક લેખો અગ્રસ્થાને મુકાવાને યોગ્ય હોવા છતાં મોડા મળવાના કારણે અમારે પાછળના ભાગમાં મૂકવા પડ્યા છે. તે બદલ અમો તે તે લેખકોની ક્ષમા માગીએ છીએ.

આ લેખસંગ્રહમાં અનેક વિષયો ચર્ચવામાં આવ્યા છે અને ભાતભાતના વિચારો રજૂ કરવામાં આવ્યા છે, એમાં કેટલાયે એવા વિચારો દર્શાવવામાં આવ્યા હોય કે જે સમાજના અમુક વિભાગને માન્ય ન હોય. પોતપોતાના લેખમાં રજૂ કરવામાં આવેલા વિચારોની જવાબદારી તે તે લેખકની જ ગણાય. જ્યાં સુધી અનેક દૃષ્ટિબિન્દુઓ સામાજિક

કે વ્યવહારિક બાબતોમાં રજૂ ન થાય ત્યાં સુધી કોઈપણ નિર્ણય ઉપર આવવા માટે પૂરતી વિચાર સામગ્રી પ્રાપ્ત ન જ થાય. આ બાબત લક્ષ્યમાં રાખીને અમને સાંપડી તેવી વિવિધ વાનીઓથી ભરપૂર રસથાળ ગુજરાતી જનતાના આસ્વાદ માટે અમોએ તૈયાર કર્યો છે. તેમાં ગળપણ હશે તેમ ખટાશ પણ હશે; તેમાં તીખાશ હશે તેમજ મીઠાશ પણ હશે. દરેક વાંચનારને પોતપોતાની રુચિ અનુસાર કાંઈને કાંઈ વસ્તુ આ ગ્રંથમાંથી મળી રહેશે એવી અમો આશા રાખીએ છીએ.

કેટલાક લેખો ઘણા મોડા મળવાથી તો કેટલાક લેખો અમોએ નક્કી કરેલા ધોરણને પહોંચી શકતા નથી એમ લાગવાથી આ ગ્રંથમાં દાખલ કરી શકાયા નથી. બને ત્યાં સુધી સારા લેખોને આ ગ્રંથમાં સ્થાન આપવું એ ધોરણને ધ્યાનમાં રાખીને લેખો પસંદ કરવામાં આવ્યા છે એમ છતાં સંભવ છે કે લેવા જોઇતા કોઈ કોઈ લેખો ન લેવાયા હોય.અને એ રીતે જે કોઈ લેખકને અન્યાય થયો હોય તેની અમારે ક્ષમા માગવી જોઇએ. જે જે લેખકોએ અમારી વિજ્ઞપ્તિને સન્માનવા કૃપા કરી છે તે સર્વ લેખકોના અમે ખરેખર ખૂબ ઋણી છીએ.

બહુ થોડા સમયમાં આ કાર્ય પૂરું કરવાનું હોઈને જે જે લેખકો સહેલાઈથી ઉપલબ્ધ હતા તેમને પ્રૂફ મોકલી શકાયા છે. બાકીના લેખોની મેટર સાથે પ્રૂફ બરોબર મેળવી લેવામાં બનતી સંભાળ રાખવામાં આવી છે. આમ છતાં પણ એક યા બીજા કારણને લીધે પ્રૂફને લગતી અનેક ભૂલો રહી જવા સંભવ છે. આવી ભૂલો માટે અમે ક્ષમા માગીએ છીએ.

આ ગ્રંથ ' કર્ણાટક પ્રેસ ' માં છપાવવામાં આવ્યો છે. એ પ્રેસના માલીક અને મેનેજરે માગી તેટલી સગવડ આપી છે. તેમણે રાત દિવસ ન જોતાં ખાસ ધ્યાન રાખીને આ કામ કરી આપ્યું છે. અનેક આગવડો તેમજ બહુ અલ્પ સમય હોવા છતાં મુદ્રણની દૃષ્ટિએ ઊડીને આંખે વળગે તેવું આ કામ થયું છે. એ માટે તેમનો આભાર માનવાની અમે આ તક લઈએ છીએ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આદ્યપ્રેરક આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીએ એક પ્રેરક લેખ લખી મોકલવા કૃપા કરી છે જેને સંસ્થાના ઇતિહાસ વિભાગમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. મુનિરાજશ્રી પુણ્યવિજયજીએ પણ ' નિર્યુક્તિ ' સંબંધી એક અતિ મનનીય લેખ આપ્યો છે જેને લીધે ગ્રંથના ગૌરવમાં જરૂર વધારો થયો છે. તે લેખ બહુ જ મોડો મળવાથી અમારે તેને ગ્રંથના અન્તભાગમાં સ્થાન આપવું પડ્યું છે.

આ ગ્રંથના સુશોભનમાં અનેક વ્યક્તિઓનો ફાળો છે. આ ગ્રંથના જેકેટનું આખું નિર્માણ ચિત્રકાર શ્રી જયન્તીલાલ ઝવેરીનું છે. તેની અંદર વિદ્યાલયના રજત મહોત્સવને સૂચવતો પચ્ચીશ ધજાવાળો ઇન્દ્રધ્વજ છે, હંસવાહિની અને વિણાવાદિની સરસ્વતી છે, નીચે અષ્ટમંગળ છે અને તે ઉપર ધર્મચક્ર છે. બન્ને બાજુએ પંચજ્ઞાન સૂચક પંચશિખ દીપિકા છે, પૂઠાનું ડીઝાઇન ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી. રવિશંકર મહાશંકર રાવળ પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે. વચ્ચે ચોડવામાં આવેલ ચિત્ર જૈન ગ્રંથોના આધારે આલે ખાએલ સરસ્વતીનું છે. આ ચિત્ર પ્રગટ કરવાની પરવાનગી આપવા માટે અમો શ્રી. સારાભાઈ

નવાબના ઋણી છીએ. તે સરસ્વતીના ચિત્ર નીચે વિદ્યાલયના મકાનનું રેખાચિત્ર છે. ગ્રંથના પ્રારંભમાં ભગવાન મહાવીરની એક ભવ્ય અને સપ્રમાણી મૂર્તિનું ચિત્ર આપવામાં આવ્યું છે, તે પણ શ્રી. જયન્તીલાલ ઝવેરીની કલમની પ્રસાદી છે. આ ઉપરાંત શ્રીમદ્ વિજયવલ્લભ-સૂરિનો રંગીન બ્લોક અમને શ્રી. જૈન આત્માનંદ સભા તરફથી મળ્યો છે જે માટે તેમનો પણ ઋણસ્વીકાર કરવો ઘટે છે.

આવો વિપુલ ગ્રંથ અનેક બંધુઓના હાર્દિક સહકારના પરિણામે જ તૈયાર કરી શકાય. જેણે જેણે અમારા આ કાર્ય ને સફળ બનાવવામાં મદદ કરી છે તે સર્વનો અમો અન્તઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ.

તા. ૨૦–૧૨–૧૯૪૧
મુંબઈ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
મંત્રી, રજત મહોત્સવ ગ્રંથ સમિતિ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

રજત મહોત્સવ ગ્રંથ

ગુજરાતી લેખોની સૂચિ

		પૃષ્ઠ
૧	અંતરોદ્ગાર (કાવ્ય) ડૉ. ભગવાનદાસ મ. મ્હેતા, એમ. બી. બી. એસ. ...	૧
૨	મારી સાધના પચ્ચીશી (કાવ્ય) ડૉ. જયંત પટણી, એમ. બી. બી. એસ.	૬
૩	કર્મક્ષય અને પ્રવૃત્તિ. શ્રીયુત કિશોરલાલ મશરૂવાળા	૯
૪	ભારતવર્ષના ચાર મહા પુરુષો મુનિશ્રી ચારિત્રવિજયજી	૧૧
૫	નવી સંસ્કૃતિનું ઘડતર ડૉ. સુમન્ત મ્હેતા	૧૬
૬	હોસ્ટેલનું જીવન શ્રીયુત હિમતલાલ ગણેશજી અંજારીઆ, એમ. એ., એલએલ. બી.	૨૦
૭	મનુષ્ય જિંદગીનું સાધ્ય શું છે? શ્રીયુત કુંવરજી આણંદજી	૨૪
૮	શ્રી. મ. જૈ. વિદ્યાલયનાં સાધ્ય, સાધન અને સાધક સંબંધી વિચારણા. શ્રીયુત સુરચંદ્ર પુરુષોત્તમદાસ બદામી, બી. એ., એલએલ. બી. (રિ. જજ)	૨૬
૯	વિદ્વાનો સદુપયોગ પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી	૩૨
૧૦	જૈન સમાજપર ઊડતા વિચારો પ્રો. કેશવલાલ હિમતલાલ કામદાર, એમ. એ.	૩૭
૧૧	નવ વિચારકો અને દાન પં. દલસુખભાઈ માલવણીઆ	૪૦
૧૨	જીવતો અનેકાન્ત પં. સુખલાલજી	૪૩

પૃષ્ઠ

૧૩ પ્રાચીન સમાજ વ્યવસ્થા
શ્રીયુત હર્ષદરાય દેસાઈ ૫૨
૧૪ આપણું ધ્યેય–સુખ, શાંતિ, આનંદ
ડૉ. અમીચંદ છગનલાલ શાહ, એમ. બી. બી. એસ. ... ૫૫
૧૫ વિદ્યાવ્યાસંગ
શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
બી. એ., એલએલ. બી. સોલિસિટર ૫૯
૧૬ સંસ્કૃતિ અને ધર્મશાસ્ત્ર—એક વિચારણા
શ્રીયુત પ્રસન્નમુખ સુરચંદ્ર બદ્દામી
બી. એ., બી. એસસી., બાર-એટ-લૉ. ... ૬૪
૧૭ અનેકાંતવાદનું સ્વરૂપ
શ્રીયુત રસિકલાલ છોટાલાલ પરીખ... ... ... ૬૮
૧૮ આપણે શું ગુમાવ્યું છે ?
શ્રી. રવિશંકર મહાશંકર રાવળ ૭૩
૧૯ શેખચલ્લીની નિંદા ન કરો
શ્રીયુત ચુનીલાલ વર્ધમાન શાહ ૭૫
૨૦ ભાષાશુદ્ધિ
પ્રો. મનસુખલાલ ઝવેરી એમ. એ. ૭૮
૨૧ આર્દ્રકુમાર–નેમુચન્દનેઝાર
(નવી કેળવણીને સમાજોપયોગી બનાવવાનું માર્ગસૂચન)
શ્રીયુત ચીમનલાલ અમુલખ સંઘવી. તંત્રી 'સુવાસ' ... ૮૧
૨૨ સિદ્ધ હેમચંદ્રના અપભ્રંશ દૂહાઓ ઉપર દૃષ્ટિપાત
પ્રો. કાંતિલાલ બળદેવરામ વ્યાસ, એમ. એ. ... ૮૫
૨૩ યુદ્ધઃ એક અચિરસ્થાયી જીવનતત્ત્વ
શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ., એલએલ., બી. ૯૩
૨૪ જગતની જીભે ચડેલાં ત્રણ નામ
શ્રીયુત હરિલાલ ભરૂચા, બી. એ. ૯૯
૨૫ લગ્ન : આદર્શ અને વ્યવહાર
શ્રીયુત ચીમનલાલ ચકુભાઇ શાહ, એમ. એ., એલએલ. બી.,
ગવર્નમેન્ટ સોલિસિટર ૧૦૨
૨૬ વિચારપ્રવાહો અને વિશ્વપરિવર્તન
શ્રીયુત નાનાલાલ ખીમચંદ દોશી, બી. કૉમ. ... ૧૦૬
૨૭ ગ્રામોદ્યોગ શા માટે ?
શ્રીયુત વૈકુંઠભાઇ લલુભાઇ મહેતા, એમ. એ., મેનેજિંગ
ડિરેક્ટર, પ્રોવિન્સિયલ કૉઓપરેટિવ બેન્ક. ૧૦૯

		પૃષ્ઠ.
૨૮	અહિંસા શ્રીયુત વજેચંદ લક્ષ્મીચંદ શાહ	૧૧૧
૨૯	માનવધર્મ શ્રીયુત રતિલાલ હરજીવનદાસ માવાણી, બી. એ., એલએલ. બી.	૧૧૬
૩૦	ભારત જૈન સેવા સંઘ (એક યોજના) શ્રીયુત પુલચંદ હરિચંદ દોશી ગૃહપતિ, શેઠ ચિમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર–અમદાવાદ ...	૧૧૮
૩૧	આપણાં ગુરુકુળો શ્રીયુત શેઠ શાંતિદાસ આશકરણ શાહ, એમ. એલ. સી. ...	૧૨૨
૩૨	વર્તમાન જૈન સમાજ શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ, બી. એ. જનરલ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ...	૧૨૪
૩૩	આપણો પંથ શ્રીયુત શેઠ સુંદરજી કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા ...	૧૨૭
૩૪	જૈન સાહસ શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ	૧૩૦
૩૫	પંગુ ને પરવશ શ્રીયુત ગોકુળભાઈ ભટ્ટ	૧૩૩
૩૬	છાત્રદૃષ્ટિ. શ્રીયુત ગૌતમલાલ અ. શાહ, બી. એ., એલએલ. બી.	૧૩૫
૩૭	બાલમાનસનું આરોગ્ય શ્રીયુત ચંપકલાલ લક્ષ્મીચંદ શાહ, બી. એ.	૧૩૭
૩૮	જૈન ધર્મની તાત્વિકતા શ્રીયુત શાંતિચંદ કે. ઝવેરી, બી. એ., એલએલ. બી. ...	૧૪૧
૩૯	ગુજરાતની કેટલીક પ્રાચીન જિનમૂર્તિઓ શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ...	૧૪૪
૪૦	સિદ્ધ સારસ્વતાચાર્ય અમરચંદ્ર સૂરિ શ્રીયુત કનૈયાલાલ ભાઈશંકર દવે, પાટણ	૧૪૬
૪૧	કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્ર સૂરિ શ્રીયુત ચીમનલાલ ભાઈલાલ શેઠ, એમ. એ., એલએલ. બી.	૧૫૨
૪૨	કેળવણી પરત્વે એક દૃષ્ટિ શ્રીમતી કાંતાબહેન ખાંડવાળા, બી. એ., સેક્રેટરી, વનિતા વિશ્રામ, મુંબઈ	૧૫૪

		પૃષ્ઠ.
૪૩	ગાલિપ્રદાન : એક કલા સાક્ષર શ્રી. જ્યોતીંદ્ર હ. દવે, એમ. એ. ઓરીએન્ટલ ટ્રાન્સલેટર	૧૫૬
૪૪	પત્રકારના જીવનમાં ડોકીયું શ્રીયુત "સંત્રી"	૧૫૯
૪૫	બુદ્ધિવિજય સાક્ષરવર્ય "દ્વિરેફ"	૧૭૦
૪૬	પ્રાચીન ગુજરાતી સાહિત્ય સંબંધમાં કેટલા એક સંભ્રમો. શ્રીયુત અંબાલાલ બુલાખીદાસ જાની, બી. એ. ...	૧૭૨
૪૭	છેદસૂત્રકાર અને નિર્યુક્તિકાર મુનિવર્ય સાક્ષરશ્રી પુણ્યવિજયજી	૧૮૫
૪૮	અધ્યાત્મી શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ.	૨૦૨
૪૯	ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં જૈન ધર્મનો ફાળો શ્રીયુત બુશાલદાસ જગજીવનદાસ	૨૧૫
૫૦	આપણી અન્ય સંસ્થા શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી	૨૨૧
૫૧	સાધન સંપન્ન ભાઇઓની જવાબદારી ... ... વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ, બી. એ., એલએલ. બી.	૨૨૪
૫૨	રજતમહોત્સવે આશિર્વચન (કાવ્ય) શ્રીયુત પાદરાકર	૨૨૮
૫૩	મહાવીર (કાવ્ય) શ્રીયુત મગનલાલ દલીચંદ દેસાઇ	૨૨૯
૫૪	મહાવીર અને અહિંસા (કાવ્ય) શ્રીયુત શાન્તિલાલ બા. શાહ	૨૩૦
૫૫	શેની હવે વાર? (કાવ્ય) શ્રીયુત 'સ્નેહરશ્મિ'	૨૩૧
૫૬	એ શું હશે? (કાવ્ય) શ્રીયુત મનસુખલાલ ઝવેરી	૨૩૨
૫૭	વિરલ વિદ્યાલય (કાવ્ય) શ્રીયુત પાદરાકર	૨૩૩

અંગ્રેજી લેખોની સૂચિ.

1. JAINS AND PRACTICAL RESEARCH :
   (By Syt. P. G. Shah, M.A., B.Sc., Accountant-General, Bombay) 1
2. RULE OF LAW; THIRD PARTY JUDGMENT :
   (By Principal T. K. Shahani, M.A.) 4
3. THE WARDHA SCHEME :
   (By Syt. Manu Subedar, M. L. A. Central) ... ... 1(
4. THE REMAKING OF EDUCATION :
   (By Syt. M. T. Vyas, M. A. Education (Lond.) ... 17
5. BARTER IN ACTION :
   (By Syt. J. C. Kumarappa) ... ... 2(
6. PROBABLE DATES OF PRE-HISTORIC TIRTHAMKARAS :
   (By Syt. R. B. Prahlad C. Divanji, M.A.,LL.M., Advocate (O.S.)) 2३
7. DISCIPLINE :
   (By Syt. H. H. Dalal, B.A., LL.B., Bar-at-Law.) ... 2९
8. SHRI M. J. VIDYALAYA AND ITS STUDENTS :
   (By Syt. Mohanlal B. Jhaveri, B.A., (Hon.) LL.B., Solicitor) 3२
9. INDUSTRIAL AND TECHNICAL EDUCATION IN INDIA :
   (By Syt. Kanubhai L. Mehta, B. Com.) 34
10. P FOR PLANNING OF INDIAN ECONOMIC LIFE :
    (By Syt. K. U. Barodia, B. Com.) 38
11. A MESSAGE FOR THE YOUTH :
    (By Mohanlal Maganlal Desai, B.A , LL.B.) 4३
12. THE WAY TO LIVE IN PERFECT HEALTH :
    (By Dr. Chimanlal N. Shroff, D.O., M.S.) 45
13. THE CĀVADĀS :
    (By Syt. Kantilal D. Kora, M.A.) 52

---

૧. પચીશ વર્ષની કાર્યવાહીનો સંક્ષિપ્ત અહેવાલ ૧
૨. પરિશિષ્ટ ૬૭

અંતરોદ્ગાર

વસંતતિલકા—

છે ધન્ય ધન્ય દિન આજ તણો અનન્ય!
છે આજની સુભગ આ ઘડી ધન્ય ધન્ય!
જ્યારે વીતાવી પ્રથમા વય હું પ્રવેશું,
શૈશ્વોત્સવે—સદ્ગિનંદનને ગવેષું. ૧

મંદાક્રાંતા—

બાલ્યાવસ્થા અતીવ કુમળી વિઘ્ન-વંટોળવાળી,
ઊર્મિઓના પ્રબલ બલથી ઉલ્લસંતી રસાળી;
ઉલ્લંઘી તે સફલ થઈ મેં ક્ષેમ કૌશલ્યભાવે,—
સંયોગે શ્રી વીર વિભુતણા નામના,—શું ન થાવે? ૨

સ્રગ્ધરા—

ફાલ્યા ફૂલ્યા પ્રફુલ્યા અવયવ મુજ સૌ પ્રોલ્લસ્યા પૂર્ણભાવે,
અંગે અંગે સ્ફુરંતી અતુલ મુજતણી શક્તિ અંગે ન માવે;
વિદ્યાના ઓજપુંજે દિશ દિશ ભરતી દેહકાંતિ વિરાજે,
એવો ચૈતન્ય સ્રોતો પ્રવહત પ્રકટ્યો યૌવનોલ્લાસ આજે. ૩

અનુષ્ટુપ—

શ્રી આત્મારામ સંતાન, નામ વલ્લભ જે કહ્યા;
પ્રેરણાથીજ રોપી તે, મ્હારા ભાવ-પિતા થયા. ૪

વસંતતિલકા—

તે બીજ અંકુરિત કીધું શ્રીમંત વૃંદે,
સદ્દદ્રવ્ય-વારિ અભિસિંચનથી ઉમંગે;
ને ભૌક્તિકાદિક ધીમંત સુમાલિઓએ,
સદ્ભાવથી દ્રુમ ઉછેર્યું અહો! જુઓ એ! ૫

તત્રસ્થ છાત્ર શુભ ત્યાં કુસુમો ખીલંતા,
ચારિત્ર સૌરભથી સર્વ દિશો ભરંતા;

ને સ્નાતકોરૂપ ફળો પરિપાક પામે,—
જેના મીઠા રસથી શિષ્ટ સમાજ જામે. (યુગ્મ) ૬

અનુષ્ટુપ—

એવું વિદ્યાતણું ધામ, જ્ઞાનરશ્મિ પ્રસારતું;
સ્વરૂપ વર્ત્તતું મ્હારું, આત્મને ધન્ય માનતું. ૭

ભૂજંગી—

નથી હું ખરે! માત્ર પાષાણમૂર્ત્તિ,
હું તો બોધમૂર્ત્તિ સચૈતન્યસ્ફૂર્ત્તિ;
નથી હું મર્યાદિત ક્ષેત્રે જ વ્યાપી,
હું તો ભારતીધામ છું વિશ્વવ્યાપી. ૮

ઇંદ્રવજ્રા—

સંવાદ જ્યાં તત્ત્વતણા ભણાય,
સાહિત્ય સંગીત સુરો સુણાય;
જ્યાં છાત્ર પાત્રો બહુ જાય ઘૂમી,
એવી છું હું વાઙ્મય રંગભૂમિ. ૯

રત્નમાલા—

મુજ મંદિરે બહુય પૂજારી,
ભક્તિ કરે છે વિવિધ પ્રકારી;
ભાવ-નૈવેદ્યો કોઈ ધરે છે,
કુસુમાંજલિ કો કવિય કરે છે;
ચારુ ચરિતનું ચંદન ચર્ચે,
વિનય ગુણોના સુમને અર્ચે;
જ્ઞાન દીવો મંગલ પ્રગટાવે,
રત્નત્રયી આરાત્રિક ગાવે. ૧૦

ઇંદ્રવજ્રા—

કો વૈદ્ય વિદ્યા પદવી ગ્રહંતા,
વિજ્ઞાનમાં કો પટુતા ચહંતા;
વાણિજ્ય કો, કોઈ કલા ઉપાસે,
વિદ્યાપિપાસુ બહુ અત્ર ભાસે. ૧૧

અનુષ્ટુપ—

દ્રવ્ય વિદ્યા ગ્રહે કિંતુ, ભાવ-વિદ્યા ન જો ગ્રહે;
તો નામ માત્ર તે વિદ્યા, વા અવિદ્યાપણું લહે. ૧૨

અખિલ વિશ્વને જાણે, ન દેહસ્થિત આત્મને !
નાભિસ્થ કસ્તૂરી શોધે ! ધન્ય એ વિબુધત્વને ! ! ૧૩

શાલિની—

તેહી વિદ્યા જે અવિદ્યા વિદારે,
તેહી વિદ્યા આત્મને જેહ તારે;
તેહી વિદ્યા બંધથી જે મુકાવે,
તેહી વિદ્યા જેહ સ્વાતંત્ર્ય લાવે. ૧૪

ના વિજ્ઞાને તેહ વિદ્યા વસેલી,
ના વાણિજ્યાદિ વિષે પીરસેલી;
ના ચિકિત્સા શાસ્ત્રમાં તે કહેલી,
ના ના નાના તે કલામાં રહેલી. ૧૫

તે વિદ્યા તો સર્વથા તેથી ન્યારી,
મુક્તિ કેરા છોડની શ્રેષ્ઠ ક્યારી;
તે વિદ્યાનું નામ છે આત્મવિદ્યા;
તે વિના તો સર્વ વિદ્યા અવિદ્યા. ૧૬

માલિની—

ચિદ્મય જ સ્ફુરંતી જ્ઞાનજ્યોતિ અનંતી,
નિજ કર પ્રસરંતી અંતરે જો ! લસંતી;
કરતી દૂર અવિદ્યા વિશ્વવિદ્યા વરંતી,
તિમિરકુલ હરંતી તેજપુંજે ભરંતી. ૧૭

અનુષ્ટુપ—

બંધનો કર્મનાં ત્રુટે, ફૂટે પંજર દેહનાં;
આત્મવિહંગ જ્યાં છૂટે, વિદ્યા તેહ સંદેહ ના. ૧૮

આત્મરાજા બિરાજે જ્યાં, સ્વરાજ્યના સિંહાસને;
વિદ્યા તે સાચી ને અન્ય, અવિદ્યા વિબુધો ભણે. ૧૯

શાર્દૂલવિક્રીડિત—

વિદ્યા ભાવસ્વરૂપ એવીં અતુલા નિશ્ચિત ચિત્તે વસ્યે,
બાહ્ય દ્રવ્ય વિચિત્ર જે ઇતર સૌ વિદ્યાય આરાધશે;
વિદ્યાવાંચ્છક તેહ ઇષ્ટ ફલ આ વિદ્યાતણું પામશે,—
ના તો કેવલ મોહના તિમિરનું ગાઢત્વ રે! જામશે. ૨૦

મંદાક્રાંતા—

સદ્વિદ્યાના મુજ પ્રિય જ એ શુભ્ર સંસ્કાર ઝીલી,
પૂર્ણેન્દુવત્ સકલ સુકલા પૂર્ણ ભાવે ય ખીલી;
વિદ્યાર્થી હે! વિજય વરજે ધર્મ ને અર્થ કામી!
યાત્રા તહારી જીવનપથમાં હો સદા ઊર્ધ્વગામી! ૨૧

જે વિશ્વેશે વર વિભૂતિએ વિશ્વબંધુત્વ બોધ્યું,
તત્ત્વાબ્ધિનું મથન કરીને તત્ત્વનું સત્ત્વ શોધ્યું;
જે વીરેશે નિત ઉપદિશ્યું સામ્ય વાત્સલ્ય પ્રીતે,
ભક્તિ તહેની સતત વધતી ધારજે નિત્ય ચિત્તે. ૨૨

અંભોધિમાં સકલ સરિતા જેમ જાયે શમાઈ,
તે રીતે જે જિનપ્રવચને દર્શનો સર્વ ભાઈ!
નિમજ્જી ત્યાં નિત નવનવો તત્ત્વ આનંદ પામી,
વિશ્વે તહેનો પ્રસર કરજે શ્રેષ્ઠ સાહિત્યસ્વામી! ૨૩

ઇંદ્રવજ્રા—

સંસ્કાર જૈનત્વતણા ગ્રહીને,
આજન્મ-વિદ્યાર્થીપણું લહીને;
સંસ્કાર તે વિશ્વ વિષે પ્રચાર!
સર્વત્ર વિદ્યા કિરણો પ્રસાર! ૨૪

અનુષ્ટુપ—

એવા ભારતીપુત્રોથી, હું ગૌરવ અનુભવું;
'**शिवस्ते पंथ**' હે વત્સ! સદા આશિષ પાઠવું. ૨૫

ઉપજાતિ—

વિરાટ સંસ્થા પરિણામ પામી,
શાખોપશાખે પરિપૂર્ણ જામી;

હું વિશ્વવિદ્યાલયરૂપ ક્યારે,
થઈશ ? ભાવું નિત એ પ્રકારે. ૨૬

માલિની—

નરવર અરિહંતો આપજો શુદ્ધ બુદ્ધિ !
ધ્રુવપદસ્થિત સિદ્ધો પ્રેરજો આત્મસિદ્ધિ !
ગુણગણયુત સંતો વર્ષજો મિષ્ટ દૃષ્ટિ !
સુકૃત મુજ નિહાળી તુષ્ટ હોજો સમષ્ટિ ! ૨૭

અનુષ્ટુપ—

સદ્ભાગ્યે શ્રીમહાવીર, ભગવાન કૃપા થકી;
શૈપ્યોત્સવ મળ્યો એહ, સ્વર્ણોત્સવ હજો નકી ! ૨૮

કુસુમાંજલિ

માતૃસંસ્થા મુખે એવા, ઉક્તિ વિન્યાસ વ્યાજથી;
ભાવ પુષ્પાંજલિ અર્પે, ભગવાનદાસ ભાવથી. ૨૯

ત્રોટક—

ગુણસૌરભવંત સુવર્ણમયા,
સુમનો વિરચી રસભાવભર્યા;
મનનંદન ઘે કુસુમાંજલિ આ,
નમીં ભારતીમંદિર પ્રાંજલિ આ. ૩૦

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા,
એમ. બી. બી. એસ.

મારી સાધના પચ્ચીસી

જૈન જગતના મહાજનો !
પધારો ને સુણો સંદેશ.
પચ્ચીસ પચ્ચીસ વર્ષ
પ્રગટાવ્યો અખંડજ્યોત;
જેને તેજે પ્રકાશ્યા વીરાત્માઓ
ને જીવન ઉજ્જવળ કીધાં.
સમયના પ્રવાહ સાથ
અખંડજ્યોત પ્રકાશશે મહા તેજે ને
દીપાવશે અનુજ્ઞેનાં હૃદયાંગણ
જૈનધર્મ ને જૈનપ્રજાની ઊન્નતિકાજ.

* * *

સજ્જનો ને સન્નારીઓ !
આંગણે પગલાં માંડો ને નીરખો—
યુગધર્મને ઓળખી,
આરંભ્યો છે કેળવણી યજ્ઞ
નવિન સૃષ્ટિના સર્જકને ઘડવા.
દાખવું છું જૈન જગતને
અમર અને અમુલ્ય માર્ગ
" વિદ્યાદાન એજ પરમ દાન "
" વિદ્યાસાધના એ સંસારસાધના "
" વિદ્યાદાને જૈનધર્મની મહાપ્રભાવના "

* * *

આવો મહાજનો આવો !
આજ ઉત્સવ છે
દેવી વાગેશ્વરીનો,
સરસ્વતીનો વીણાનાદ ને
મયુરનો મધુર ટહૂકાર
પ્રસરી રહ્યો છે પ્રત્યેક દિશાએ.
પચ્ચીસ વર્ષના પુનિત પ્રભાતે
મધુર વિણાના વિદ્યાગાને
ઉજ્જવળ કીધાં અનેક જીવન;
અને
જ્યાં જ્યાં વસે મારો બાળ
ત્યાં એ જ નાદ તાન ને ગાન.
ને
અતિ ઊજ્જવળ મને બનાવવા
ગાતો હશે અહોનિશ અનુપમ એજ ગાન.

* * *

પરમ પૂજ્ય ગુરુના બોધવડે
દાનેશ્વરીઓના દાનથી,
મહાજનોની મહા મહેનતે
મંત્રીશ્વરોની કાર્યદક્ષતાએ
વિદ્યાદેવીના ઉપાસકોની
ઉજ્જવળ કારકિર્દીએ,
પચ્ચીસ પચ્ચીસ વર્ષ પ્રગટી
અવિરત અખંડ જ્ઞાનજ્યોત;
અને
અનેક પચ્ચીસીઓ જળહળશે
જ્ઞાનપ્રકાશ પ્રસરાવતી જ્ઞાનજ્યોત.
પ્રત્યેક પચ્ચીસીએ પડકારીશ કે
હે જૈન જગતના વાંછુ !
જગતના અનન્ત આરાઓ
જગાવવા ઇચ્છતો હો
જૈનત્વ અને જૈનધર્મના પ્રચંડ નાદે
તો
આરોગ્યે ઊછેર તારા બાલને
સંસ્કારે કેળવ તારા બંધુડાંને
જડનિદ્રાએ સુતેલાને જગાડ ને
જાગતાને જ્ઞાન અર્પી દોર.
કારણ
કેળવણીએ અવતરશે યુગક્રાંતિ
કેળવ જૈન આબાલવૃધ્ધને
ને પમાવ યુગયુગનો પ્રભાવ
બૃહદ્ જૈનધર્મ ને મહાપ્રજાકાજ;
જેથી
અંધકાર ત્યજી પ્રકાશ દેખે;
સ્વાશ્રયી બની પરમાર્થી 'બને';
સ્વાલંબી થવા પરને પ્રેરે;

ને ગણના કરાવે જૈનપ્રજાની
જગતની મહાપ્રજાઓમાં.

* * *

જીવનવેલની કિશોરાવસ્થાએ
પચ્ચીસ પચ્ચીસ વર્ષ
વિદ્યાદાનનાં અમી સિંચ્યાં;
વેલો ફાલી ફુલી ને પરાગી ને
જગતને ખોળે ધરી
અનન્ય પ્રફુલ્લાવવા ને પરાગવા,
ઊંડા અંધારેથી પરમ તેજે દોરવા.
જ્યાં જ્યાં અમી ઝરતાં પરાગશે
અમર નામના ત્યાં મને મળશે;
જીવન સાથ મને વણી
અહોનિશ રટણ કરશે
વિકસાવવા ને ઉદ્ધારવા.
અથવા:—
ધ્વંસ થતા ધર્મની ખાતર
જૈન પ્રજાના અસ્તત્વાર્થે
સમયધર્મની પિછાનાર્થે
વિદ્યાદાનનાં યજ્ઞ આદરશે.
વિદ્યા અર્થી દેખશે ને
દોરવા યથાશક્તિ યત્ન કરશે;
ને
મારું પ્રતીક નજર સમીપ રાખી
ઊદ્ભવાવશે અનેક વિદ્યાલયો, ને
આત્મા રેડી અમર બનાવશે.
અને
ધનિકોને પ્રેરશે બહુમાનથી
કરવા લક્ષ્મીનો સદુપયોગ,
સરસ્વતીની આરાધનાર્થે.
વિદ્વાનોને આમંત્રશે.
દેવીને થાળ ભરી ભરી પૂજવા,
સાધુજનો સમક્ષ યાચશે
શ્રાવકજનોને સદ્બોધવા
વિદ્યાલયનાં કરવા જતન.
એવાં છે મારાં વીરબાલુડાં;

* * *

આવ મારી બ્હેન !
દુઃખ અને દારિદ્રયમાં રબડતી,
સંસારના અંધકારખુણામાં પડેલી,
વિલાસ ને મોહમાં ફસેલી,
જ્ઞાન ને સંસ્કાર વિહોણી અથડાતી,
આવતી કાલના મહાજનોની માતા !
આવ ને સંબોધ તારા બાંધવને
ને
ઉગારી અજ્ઞાનતામાંથી
સંસ્કાર ને જ્ઞાન તરફ વાળ.
સુવર્ણ, જવાહિરનો મોહ નથી,
હજારોના વસ્ત્રોની અપેક્ષા નથી,
પણ
સંપત્તિનો સદુપયોગ કરી
સ્ત્રી છાત્રાલયો પ્રયોજ,
જેથી,
જ્ઞાનની દીપમાળા પ્રગટે ને
ઉજ્જવળાં બને અમ હૃદયમંદિર,
ઉજ્જવળાવવા આવતી કાલના
મહામોલાં તારા બાલુડાંને
બનાવવા સંસ્કારી ને શિક્ષિત.

* * *

પચ્ચીસ વર્ષના મહાપર્વે
મનોરથ જાગ્યા છે મમ હૃદયે કે
પુત્રીકાજ સુકાર્ય કરવા
પ્રેરું જૈન મહાજનોને.
ઉત્તમ પ્રજાના ઇચ્છનારા
શ્રાવક અને શ્રાવિકાઓ !
પડકાર છે પચ્ચીસ પચ્ચીસ
ઝીલજો ને ઝીલાવજો ને
પ્રસરાવજો અનન્ત દિશાએ
કે
પ્રગટાવજો પચ્ચીસ છાત્રાલયો,
પુત્રને પોષ્યાં તેમ પુત્રીને પોસવા.
પુત્રને પદવીદાન દીધાં તેમ
પુત્રીને આદર્શ ગૃહિણી બનવા કાજ
ઉત્તમ જ્ઞાન ને કાર્ય અર્પવા.

ખોબો ધરું છું મમ પુત્રો પાસ
ને પચ્ચીસ વાર પડકાર છે મારો
કે
કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન
એ છે મારી જીવંત ભાવના;
ને પોકારું છું કે
"પુત્ર જેટલુંજ પુત્રીને જ્ઞાન"
"ઉભયને સંસારે સરખું સન્માન."
સંસારે સુખ અને ઉત્તમ પ્રજાકાજ
શિક્ષણવન્તી બનાવ બાલિકાઓને,
અજ્ઞાનતાના અંધકારે જતી અટકાવી
વાળ જ્ઞાનના મહાભંડારો ભણી,
ને પ્રયોજ છાત્રાલયો
ઉભયને વિદ્યાદાન આપવા
જૈનસમાજે ઊજ્જવળતા આણવા.

* * *

છેલ્લે—
વિદ્યાલયે પ્રવેશ ન મળતાં
દુઃખી થતાં મારા પ્યારા પુત્ર !
આવ અને અશ્રુઓ લુંછ.
નિરાધાર તને નીરખી
અંગે અંગે અનુભવું છું મહા વેદનાઓ
રજત્ મહોત્સવે નયનો ખોલાવ,
ધનપતિઓ અને ધર્મપ્રેમીઓના
કે મમ અર્થહીનને
ધનની ઊપાધિએ અને અભાવે,
વિદ્યાલયે શતવિદ્યાર્થિના સમાવેશે
અભ્યાસ લંબાવવા પ્રવેશ ન મળતાં
અભ્યાસ છોડી અકળાવું પડે છે
યથાકાર્ય મેળવવા ને પેટ ભરવા,
માટે વિનંતિ કરી કહે—
ધનપતિઓ ! ને દાનેશ્વરીઓ !
આપના કુબેર ભંડાર ખોલો, ને
વહાવો જ્ઞાન સરિતાઓ
તરબોળો જ્ઞાનછોળાએ ને
મેળવો હૃદયના આશિર્વચનો.
માટે
સગવડતા ને સાધનથી ભરી
પચ્ચીસ પચ્ચીસ વિદ્યાલય ખડા કરો.
આમંત્રણ પાઠવો દેશ દેશ
જૈન બાલુડાંને વિદ્યા ગ્રહવા
અખંડ જ્યોત અમર બનાવવા

* * *

મારા મહામોલા મહેમાનો ! આવો
આંગણે આવી શા નિર્ધાર કર્યા ?
મજબુત બનાવવા કે વિચ્છેદવા !
ઇચ્છું છું મહાજનોની મહેર કે
તન મન ને ધન
શક્ય હોય તેટલાં અર્પણ કરો
વ્હાલસોયાં આપણાં ભાંડુઓ કાજ

* * *

જયંત પટણી, એમ. બી., બી. એસ.

કર્મક્ષય અને પ્રવૃત્તિ

લેખક: કિશોરલાલ ઘ. મશરૂવાળા

એક સજ્જન મિત્ર લખે છે: "કેટલાક સાધુઓ કહે છે કે કર્મનો સંપૂર્ણ ક્ષય થયા વિના મોક્ષ સંભવતો નથી. અને કર્મથી નિવૃત્ત થયા વિના કર્મક્ષય સંભવતો નથી. માટે નિવૃત્તિમાર્ગ જ આત્મજ્ઞાન અથવા મોક્ષનો માર્ગ છે. કેમકે, જે કાંઈ કર્મ કરવામાં આવે તેનું ફળ અવશ્ય થવાનું જ. એટલે કે, જ્યાં સુધી મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત રહેશે ત્યાં સુધી, ભલે તે અનાસક્તિથી કરતો હોય તોયે, કર્મફળનાં ભારથી મુકત નહિ થઈ શકે. તેથી, કર્મબંધનનું આવરણ હઠવાને બદલે ઊલટું ઘાટું થશે પરિણામે, તેની સાધના ખંડિત થશે. લોક-કલ્યાણની દૃષ્ટિએ ભલે અનાસક્તિવાળો કર્મયોગ ઇષ્ટ હોય. પણ તેથી આત્મજ્ઞાનની સાધના સફળ નહિ થાય. આ વિષે તમારા વિચાર જાણવા ઇચ્છું છું."

મારા નમ્ર મત પ્રમાણે કર્મ શું, કર્મનું બંધન અને ક્ષય શું, પ્રવૃત્તિ અને નિવૃત્તિ શું, આત્મજ્ઞાન અને મોક્ષ શું, વગેરેની આપણી કલ્પનાઓ ઘણી અસ્પષ્ટ હોવાથી આ બાબતમાં આપણે ગૂંચવાઇ જઈએ છીએ, અને સાધનોમાં ગોથાં ખાઈએ છીએ.

આ બાબતમાં પહેલાં એ સમજી લેવું જોઈએ કે શરીર, વાણી કે મનની ક્રિયામાત્ર એટલે કર્મ, એવો જો અર્થ લઈએ તો જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કર્મ કરવાનું સાવ છોડી દેવું શકય જ નથી. કથાઓમાં આવે છે તેમ કોઈ મુનિ સો વર્ષ સુધી નિર્વિકલ્પ સમાધિમાં નિશ્ચેષ્ટ થઈને ભલે પડી રહે. પણ જે ક્ષણે તે ઊઠશે તે ક્ષણે તે કાંઈક પણ કર્મ કરવાનો જ. આ ઉપરાંત, જો આપણી એવી કલ્પના હોય કે આપણું વ્યકિતત્વ દેહથી પર જન્મજન્માંતર પામતું જીવરૂપે છે, તો તો દેહ વિનાયે તે ક્રિયાવાન્ રહેશે. જો કર્મથી નિવૃત્તિ થયા વિના કર્મક્ષય થઈ શકે એમ ન હોય તો કર્મક્ષય થવાનો કયારે યે સંભવ નથી એમ અર્થ થાય.

માટે નિવૃત્તિ અથવા નિષ્કર્મતાનો અર્થ સ્થૂળ નિષ્ક્રિયતા સમજવામાં ભૂલ થાય છે. નિષ્કર્મતા સૂક્ષ્મ વસ્તુ છે. તે આધ્યાત્મિક એટલે બૌદ્ધિક, માનસિક, નૈતિક, ભાવના (લાગણી) વિષયક અને એથી યે પર બોધાત્મક (સંવેદનાત્મક) છે. **ક, ખ, ગ, ઘ** ચાર જણા **પ, ફ, બ, ભ** ચાર ભૂખ્યાઓને સરખું અન્ન આપે છે. ચારે બાહ્ય કર્મ કરે છે, અને ચારેને સરખી સ્થૂળ તૃપ્તિ થાય છે. પણ **ક** લોભથી આપતો હોય, **ખ** તિરસ્કારથી આપતો હોય, **ગ** પુણ્યેચ્છાથી આપતો હોય અને **ઘ** આત્મ-ભાવથી સહજપણે આપતો હોય. તેમ જ **પ** દુઃખ માની લેતો હોય, **ફ** મહેરબાની માની લેતો હોય, **બ** ઉપકારક ભાવે લેતો હોય અને **ભ** મિત્ર ભાવે લેતો હોય. આવા ભેદોને પરિણામે અનવ્યય અને ક્ષુધાતૃપ્તિરૂપી બધાનું બાહ્ય ફળ સરખું હોવા છતાં કર્મનાં બંધન અને ક્ષયની દૃષ્ટિએ ઘણો ફરક પડી જાય છે. તે જ પ્રમાણે **ક, ખ, ગ, ઘ** પાસે **પ, ફ, બ, ભ** અન્ન માગે, અને ચારે જણ તેમને ન જમાડે. તેમાં કર્મથી સરખી પરાવૃત્તિ છે; અને ચારેની સ્થૂળ ભૂખ પર સરખું પરિણામ થાય છે. છતાં, ન જમાડવાની કે ન પામવાની પાછળની બુદ્ધિ, લાગણી, નીતિ, સંવેદના વગેરેના ભેદથી એ કર્મ-પરાવૃત્તિથી કર્મનાં બંધન અને ક્ષય સરખાં નહિ થાય.

ત્યારે, અહીં પ્રવૃત્તિ અને નિવૃત્તિ સાથે પરાવૃત્તિ અને વૃત્તિ શબ્દ પણ યાદ રાખવા જેવા છે. પરાવૃત્તિ એટલે નિવૃત્તિ નહિ. પણ ઘણાખરા લોક પરાવૃત્તિને જ નિવૃત્તિ માની બેસે છે. અને વૃત્તિ

અથવા વર્તન એટલે પ્રવૃત્તિ નહિ. પણ ઘણા ખરા લોકો વૃત્તિને જ પ્રવૃત્તિ સમજે છે. વૃત્તિ એટલે માત્ર વર્તવું. પ્રવૃત્તિ એટલે ખાસ જાતના આધ્યાત્મિક ભાવોથી વર્તવું. પરાવૃત્તિ એટલે વર્તનનો અભાવ; નિવૃત્તિ એટલે વૃતિ તેમ જ પરાવૃતિ સંબંધી પ્રવૃત્તિથી જુદા પ્રકારની એક વિશેષ પ્રકારની આધ્યાત્મિક સંવેદના.

હવે કર્મબંધ અને કર્મક્ષય વિષે ઘણાના મનમાં કાંઈક એવો ખ્યાલ રહેલો લાગે છે કે કર્મને નામે જાણે દરેક પાસે એક જાતની પુંજી છે. પાંચ હજાર રૂપીઆ પેટીમાં મૂકી રાખ્યા હોય, અને તેમાં કાંઈ ઉમેરો ન થાય, પણ ખર્ચાયા કરે તો બે-ચાર વર્ષે કે પચ્ચીસ વર્ષે પણ છેવટે તે ખૂટી જવાના. પણ જો માણસ તેને ધંધામાં રોકે તો તેમાં વધ-ઘટ થવાની અને સંભવ છે કે પાંચ હજારના લાખ પણ થઈ જાય અને લાખ ન થતાં ઊલટું દેવું થઈ જાય, તો તે ખોટ પણ ચિંતા અને દુઃખ ઉત્પન્ન કરે. સામાન્ય રીતે માણસો આવી ચિંતા અને દુઃખના સંભવથી ગભરાતા નથી અને લાખ થવાના સંભવથી નાખુશ થતા નથી તેઓ રૂપીઆનો ક્ષય કરવા ઇચ્છતા નથી, અને રૂપીઆના બંધનમાં પડવાથી ત્રાસ પામતા નથી. નિવૃત્તિમાર્ગી સાધુઓ પણ મંદિરોમાં અને પુસ્તકાલયમાં વધતા પરિગ્રહથી ચિંતાતુર થતા નથી. પણ કર્મનામની પુંજીને આપણે એવી કલ્પી છે કે તે જાણે એક પોટલું હોય અને તે ખોલી નાંખી, જેમ બને તેમ ખૂટાડી દેવામાં જ શ્રેય હોય. કર્મોનો વેપાર કરી તેમાંથી લાભ ઉઠાવવામાં નહિ. કર્મને પૂંજીની જેમ સમજવાથી તેને ખૂટાડવાની આવી કલ્પના ઊઠી છે.

પણ કર્મનો વળગાડ રૂપીઆની પોટલી જેવો નથી. અને વૃત્તિ-પરાવૃત્તિ (અથવા સ્થૂળપ્રવૃત્તિ-નિવૃત્તિ) થી એ પોટલી ઘટતી-વધતી નથી. જગતમાં કોઈ પણ ક્રિયા થાય, જાણ્યે થાય કે અજાણ્યે થાય, તે વિવિધ પ્રકારનાં સ્થૂળ અને સૂક્ષ્મ પરિણામો એકી વખતે કે જુદે જુદે વખતે, તુર્ત જ કે કાળાંતરે, એકી સામટાં કે રહી રહીને ઉપજાવે છે. એ પરિણામો પૈકી એક પરિણામ તે કર્મ કરનારના જ્ઞાન અને ચારિત્રની ઉપર કોઇક જાતની રજ જેટલીયે અસર ઉપજાવવી તે થાય છે. કરોડો કર્મોની એવી કરોડો અસરોને પરિણામે દરેક જીવનું જ્ઞાન-ચારિત્રનું વ્યક્તિત્વ ઘડાય છે. એ ઘડતર જો ઉત્તરોત્તર શુદ્ધ થતું જાય, વધારેને વધારે જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય ઇત્યાદિ પ્રત્યે ઢળતું જાય તો તેના કર્મનો ક્ષય થાય છે એમ કહેવાય. જો તે ઉત્તરોત્તર અશુદ્ધ થતું જાય, અજ્ઞાન, અધર્મ, રાગ ઇ. પ્રત્યે વધતું જાય તો તેના કર્મનો સંચય થાય છે એમ કહેવાય. આમ કર્મોની વૃત્તિ-પરાવૃત્તિ નહિ, પણ કર્મની જીવના જ્ઞાન-ચરિત્ર પર થતી અસર તે બંધ અથવા મોક્ષનું કારણ છે. જીવન દરમ્યાન મોક્ષ એટલે એવી એક ઉચ્ચ સ્થિતિનો આદર્શ કે જે સ્થિતિ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિના જ્ઞાન-ચરિત્ર પર એવી અસર ઊપજી જ ન શકે કે જેથી તેમાં ફરીથી અશુદ્ધિ પેસી શકે.

આ માટે કરવાનાં કર્મોનો વિવેક તો જરૂર કરવો પડે. દા. ત. અપકર્મ ન કરાય; સત્કર્મ જ કરાય; કર્તવ્યરૂપ કર્મ કરવાં જ જોઇએ; અકર્તવ્ય કર્મો છોડવાં જ જોઇએ. ચિત્તશુદ્ધિમાં મદદગાર એવાં દાન, તપ અને ભક્તિનાં કર્મો કરવાં ઘટે; વગેરે. તેજ પ્રમાણે કર્મો કરવાની રીતમાંયે વિવેક કરવો પડે; જેમ કે જ્ઞાનપૂર્વક કરવાં; કાળજીપૂર્વક કરવાં; સત્ય, અહિંસા આદિ નિયમો સંભાળીને કરવાં; નિષ્કામપણે અથવા અનાસક્તિથી કરવાં; વગેરે. પણ કર્મોથી પરાવૃત્ત થવાથી કર્મક્ષય થાય છે એ કલ્પના ભૂલભરેલી છે. કર્તવ્યરૂપ કર્મથી પરાવૃત્ત થવાથી કદાચ સકામપણે અથવા આસક્તિથી કરેલાં સત્કર્મોથી વધારે કર્મબંધ થવાનો પૂરો સંભવ છે.

આની વધારે સવિસ્તર ચર્ચા માટે 'ગીતા-મંથન' વાંચવા વિનંતિ છે :

ભારતવર્ષના ચાર મહાપુરુષો

લેખક: મુનિ ચારિત્રવિજયજી

આ ભારતવર્ષમાં મુખ્ય ચાર મહાપુરુષો થયા છે. એ ચારમાંથી ચોરાશી સંપ્રદાય અને ચોરાશી ગચ્છ ઉત્પન્ન થયા છે. એમાંથી પણ નવા નવા નાના નાના પંથો નીકળ્યા છે. જેમ નદીનું મૂળ નાનું હોય અને પાણી સ્વચ્છ હોય એ મૂળમાં કોઈ જાતની પણ ભેલસેલ ન હોય; પરંતુ જ્યારે એ જ મૂળમાંથી નીકળેલી નદી આગળ વધે છે ત્યારે તે વિસ્તારને પામતી જાય છે. વળી બીજી અનેક નાની નાની નદીઓ ભેગી થવાથી એ નદીનો પટ વિશાળ બની જાય છે અને અનેક ઝાડનાં મૂળ અને પાનડાંથી તથા અનેક મનુષ્ય તિર્યંચના મલમૂત્રથી તે નદીનું પાણી સ્વચ્છ છતાં વિકૃતિને પામી જાય છે. છેવટ એ નદી દરિયામાં જઈને મળે છે.

એવી જ રીતે મહાપુરુષોના મૂળ સિદ્ધાંતો શુદ્ધ અને સ્વચ્છ હોય છે પરંતુ ધીમે ધીમે જેમ જેમ એનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ એમાં અનેકે કરેલી કલ્પનાઓનું મિશ્રણ થવાથી સંપ્રદાય સ્વચ્છ થતાં વિકૃત બની જાય છે.

આવું જ આપણા ચાર પુરુષોના સિદ્ધાંતો માટે બનેલું છે.

ચાર મહાપુરુષ

૧ રામ, ૨ કૃષ્ણ, ૩ મહાવીર અને ૪ બુદ્ધ. મહાવીર અને બુદ્ધનો ઇતિહાસ ઉપલબ્ધ છે. કેમ કે એમની ઐતિહાસિકતા સંદેહ વિનાની છે. રામ અને કૃષ્ણના ઇતિહાસરૂપે જેવા પ્રમાણોની જરૂર છે, તેવા પ્રમાણો ઉપલબ્ધ નથી. તેઓના સંબંધમાં પરસ્પર વિરોધી અનેક કલ્પનાઓ ફેલાયલી છે. છતાં રામ અને કૃષ્ણનું વ્યક્તિત્વ એટલું બધું વ્યાપક અને ગંભીર છે કે પ્રજાના વિચારમાં, એ બે મહાપુરુષો સાચા ઐતિહાસિક પુરુષો હતા એમ મનાય છે. વિદ્વાનો અને સંશોધક પુરુષો ઐતિહાસિક વિષયમાં ભલે વાદવિવાદ અને ઊહાપોહ કર્યા કરે પરંતુ એના પરિણામનું ફળ કંઈ પણ નથી. કેમકે લોકોના મનમાં એ પુરુષોના વ્યક્તિત્વની છાપ એટલી બધી સુદૃઢ પડી ગઈ છે કે તેઓ કોઈ વાત કબૂલ કરે તેમ નથી. એ બન્ને મહાપુરુષો જનતામાં ખૂબ માનનીય મનાય છે. આમાં અમોને એમ લાગે છે કે એમનાં ચરિત્રો ખૂબ અલૌકિક–અદ્‌ભૂત કલ્પનાઓથી ભરેલાં હોવાથી લોકોનાં મન ઉપર તેની અસર ખૂબ થએલી છે.

શ્રી મહાવીર અને બુદ્ધ

શ્રી મહાવીર અને બુદ્ધ એ ત્યાગી પુરુષો થયા છે. કેમકે એમના સમયમાં એમનો વિકાસ અસાધારણ હતો. વળી એ પુરુષોની ક્રિયા અને તપશ્ચર્યા અપૂર્વ હતી. એથી એમના સદ્‌ગુણોની છાપ મનુષ્યો ઉપર ખૂબ પડેલી. એથી મનુષ્યો તેમના સદ્‌ગુણોની પૂજા અને ઉપાસના કરતા હતા. દેવો પણ એમની પૂજા કરતા હતા. હજારો સ્ત્રી પુરુષો ક્ષમા, સંતોષ, તપ, ધ્યાન આદિ સદ્‌ગુણોના સંસ્કાર પ્રાપ્ત થવાથી પોતાનું જીવન સાર્થક માનતા હતા.

અનેક સદ્‌ગુણોની પરાકાષ્ઠાએ પહોંચેલા શ્રી મહાવીર અને બુદ્ધનું ધ્યાન તથા તેમની પૂજા શ્રદ્ધાપૂર્વક દેવ અને મનુષ્ય કરતા હતા. તે મહાવિભૂતિને મનુષ્ય તરીકે તેમના ભક્તોએ માનેલા. ધીમે ધીમે તેઓ ઇષ્ટદેવ તરીકે મનાયા.

પૂજામાં તફાવત

શ્રી મહાવીર અને બુદ્ધ તપશ્ચર્યા, સંયમ, ત્યાગ અને જ્ઞાન વગેરે સદ્‌ગુણોને લઈને પૂજાયા છે. કેમકે લોકો ઉપર એમના ત્યાગની નિસ્પૃહીપણાની અને સદ્‌બોધની ઉંચામાં ઉંચી છાપ પડેલી એટલું જ નહિ પણ તેમના ત્યાગ અને સદ્‌બોધને લઈને ઘણા મનુષ્યો ત્યાગી બનેલા.

રામ અને કૃષ્ણ પણ મનુષ્યરૂપે તે કાળમાં પૂજાણા છે. તેઓને દૈવી શક્તિવાળા સુખ દુઃખને દેનારા મહાન્ પુરુષો માન્યા છે. એટલે એમને સંતોષવાથી તેઓ ભલું કરે છે એવી ભાવના તે કાળના મનુષ્યોમાં જાગૃત કરેલી અને એ બન્નેને તેમના ભક્તો એ અવતારી પુરુષો માનેલા છે.

એ ચારે મહાપુરુષો ભિન્ન ભિન્ન રૂપે આજે પણ પૂજાઈ રહ્યા છે. રામ અને કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ એ ચારેને ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલા માનવામાં આવ્યા છે. અને એ ચારેનો જન્મ ઉત્તર હિન્દુસ્તાનમાં થએલો છે.

રામ અને કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ એ બન્ને યુગલના આદર્શો ભિન્ન ભિન્ન છે. કેમકે રામ અને કૃષ્ણને રાજશાસનના કરનારા, ન્યાય અન્યાયનો નિર્ણય કરનારા, દુશ્મનોને મારી ન્યાયી રાજ્ય સ્થાપનારા માનેલા છે. એમની પૂજાવિધિ પણ જુદી જાતની છે. રામમાં સત્વગુણ અને કૃષ્ણમાં રજોગુણ મુખ્ય માન્યા છે.

શ્રીમહાવીર અને બુદ્ધ એ બન્ને પુરુષોમાં તપ અને ત્યાગ મુખ્ય માનેલ છે. તેઓ સંસ્કારથી વિરક્ત હતા. રાજ્યશાસન ચલાવવામાં તેઓ કર્મ બંધન અને પાપ માનતા હતા. એક નાનામાં નાના જીવની પણ હિંસા ન થવી જોઈએ એવા અહિંસા ધર્મને તેઓ પાળનારા હતા. તેઓમાં સત્વગુણ મુખ્ય હતો. એ યુગલનો આદર્શ ધર્મચક્ર હતો. અને રામ કૃષ્ણ યુગલનો આદર્શ કર્મચક્ર હતો. દરેકના પુસ્તકોમાં પણ તે સ્વરૂપે જ તેઓનું વર્ણન કરવામાં આવ્યું છે. રામ અને કૃષ્ણને ગૃહસ્થ માનવામાં આવ્યા છે. શ્રીમહાવીર અને બુદ્ધને ત્યાગી માનવામાં આવ્યા છે. બુદ્ધભિક્ષુસંઘ હાલ હિન્દુસ્તાનમાં નથી. પરંતુ શ્રી મહાવીરનો ભિક્ષુસંઘ હાલ પણ હિન્દુસ્તાનમાં મોજુદ છે.

જુદા જુદા સંપ્રદાયના શાસ્ત્રોમાં જોઇએ છીએ તો બૌદ્ધ પિટકોમાં જ્ઞાતપુત્ર શ્રી. ભગવાન મહાવીરનો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે. તેવીજ રીતે જૈન શાસ્ત્રોમાં ભગવાન બુદ્ધનો પણ નિર્દેશ કરવામાં આવેલ છે. એ સિવાય જૈન શાસ્ત્રોમાં જૈન શૈલીએ રામ અને કૃષ્ણનાં વર્ણનો લખેલાં છે. એટલું જ નહિ પરંતુ જૈન રામાયણ વગેરે સ્વતંત્ર ગ્રંથો પણ લખવામાં આવ્યા છે. ફક્ત એમાં જે ઘટનાઓ લીધી છે તે જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ લીધેલી છે.

હવે આપણે બ્રાહ્મણ સાહિત્ય તપાસીએ તો બુદ્ધ અને મહાવીરનું તેમાં નામનિશાન પણ નથી અને પાછલાં પુસ્તકોમાં એવા નિર્દેશો કર્યા હોય તો તે પણ ખંડનાત્મક બુદ્ધિએ કર્યા છે. ફક્ત બ્રાહ્મણ સંસ્કૃતિમાં બુદ્ધને વિષ્ણુનો એક અવતાર માનેલ છે. જૈનગ્રંથો કૃષ્ણને ભાવી તીર્થંકર માને છે. ભાગવતમાં ઋષભદેવનું નામ આવે છે તે પણ એમની શૈલીએ લખવામાં આવેલ છે. એ સિવાય એ લોકોના પુસ્તકોમાં આપણા તીર્થંકરોનાં નામ આવતાં નથી.

આટલો નિર્દેશ કર્યા પછી મહાવીર અને કૃષ્ણ એ બન્નેની જીવન ઘટનાઓમાં ઘણું સામ્ય જોવામાં આવે છે. એ ઘટનાઓ અદ્‌ભૂત માહાત્મ્ય દર્શાવનારી હોવાથી કેણે કેનામાંથી લીધેલ છે એ સંબંધમાં અમો અમારો અભિપ્રાય આપવા માંગતા નથી; ફક્ત તે ઘટનાઓનું સામ્ય જુદી જુદી સૌ સૌની પદ્ધતિએ કેવી રીતે લીધેલ છે તેજ અહીં બતાવવા માંગીએ છીએ.

ગર્ભહરણ

શ્રી મહાવીર સ્વામી માટે જૈન શાસ્ત્રોમાં લખેલ છે કે ઋષભદત્ત બ્રાહ્મણની સ્ત્રી દેવાનંદાની કુંખમાં શ્રી મહાવીરને ઉત્પન્ન થએલા જોઇને ઇંદ્રે નૈગમેષી દેવ પાસે તે ગર્ભનું હરણ કરાવી ક્ષત્રિયકુંડમાં સિદ્ધાર્થ રાજાની સ્ત્રી ત્રિશલા રાણીની કુંખમાં મૂકાવ્યા અને ત્રિશલા રાણીનો પુત્રીગર્ભ દેવાનંદાની કુંખમાં મૂકાવ્યો.

કૃષ્ણના સંબંધમાં બ્રાહ્મણ શાસ્ત્રોમાં લખવામાં આવેલ છે કે અસુરોનો ઉપદ્રવ દૂર કરવા દેવોની પ્રાર્થનાથી વિષ્ણુએ અવતાર લેવાનો નિશ્ચય કરી યોગમાયાને બોલાવી કહ્યું કે દેવકીના ગર્ભમાં જે મારો અંશ ઉત્પન્ન થયો છે તેને ત્યાંથી હરણ કરી વસુદેવની બીજી સ્ત્રી રોહિણીના ઉદરમાં મૂક. તે બલભદ્ર નામે અવતાર લેશે. અને જ્યારે તું નંદપત્ની યશોદાને ઘેર પુત્રીરૂપે અવતાર લઈશ, ત્યારે હું દેવકીના આઠમા ગર્ભ તરીકે જન્મ લઈશ. જ્યારે તારો જન્મ યશોદાને ઘેર પુત્રીરૂપે થશે ત્યારે તારૂં અને મારૂ પરિવર્તન થશે, હું યશોદાને ઘેર જઈશ અને તું દેવકીને ઘેર આવીશ. આ રીતે કૃષ્ણના અધિકારમાં ગર્ભપરિવર્તન અને બાળક પરિવર્તન બન્ને માનવામાં આવ્યાં છે.

પર્વતકંપન

શ્રીમહાવીર સ્વામીનો જન્માભિષેક કરવા જે વખતે ઇંદ્ર મહાવીર સ્વામીને મેરૂ પર્વત ઉપર લઈ ગએલ તે વખતે જળના ભરેલા મોટા કળશ જોઈને ઇંદ્રને શંકા થઈ છે કે આટલું બધું જળ પ્રભુ ઉપર પડશે તો તે પ્રભુ કેમ સહન કરી શકશે ? આ ઇંદ્રની શંકા ભગવાન મહાવીરે અવધિ જ્ઞાનથી જાણી પગના અંગૂઠાથી મેરૂ પર્વતને દબાવ્યો, જેથી લાખ યોજનનો મેરૂ પર્વત કંપાયમાન થયો.

કૃષ્ણના સંબંધમાં પણ બ્રાહ્મણ પુસ્તકોમાં લખવામાં આવેલ છે કે ઇંદ્રે કરેલો ઉપદ્રવ દૂર કરવા નાની ઉમ્મરમાં એક યોજનનો મોટો ગોવરધન પર્વત ટચલી આંગળી ઉપર સાત દિવસ અધર રાખ્યો હતો અને ગોપોને બચાવ્યા હતા.

બાળક્રીડા

ભગવાન શ્રી વર્ધમાન કુંવર (મહાવીર) સમાન વયનાં બાળકો સાથે ગામબહાર બાળક્રીડા કરવા ગયા છે. ત્યાં આમળકી ક્રીડા કરે છે. એવામાં એક દેવ ભયંકર સર્પનું રૂપ ધારણ કરી ઝાડના થડ સાથે વીંટાઈ જાય છે. એ જોઈ જ્યારે છોકરાઓ નાસે છે, ત્યારે શ્રી વર્ધમાન તે સર્પને હાથથી પકડી ખેંચી કાઢી દૂર ફેંકી દે છે. છેવટ વર્ધમાનના પરાક્રમથી પ્રસન્ન થઈ દેવ વર્ધમાનનું નામ શ્રી મહાવીર પાડે છે.

કૃષ્ણ જ્યારે બાળકોની સાથે રમતા હતા ત્યારે અઘનામનો દૈત્ય કૃષ્ણને બીવરાવવા એક યોજન જેવડું લાંબુ સર્પનું રૂપ કરી રસ્તામાં આવી પડે છે અને ઘણાં બાળકોને ગળી જાય છે. એ જોઇ કૃષ્ણ એ સર્પનું ગળું પકડી દબાવે છે એથી સર્પનું મોઢું ફાટી જાય છે અને પોતે મરી જાય છે અને તેણે જે બાળકો ગળ્યાં હતાં તે સકુશળ બહાર નીકળી આવે છે.

સાધક અવસ્થા

એકવાર મહા તપસ્વી વર્ધમાન સ્વામી ધ્યાનમાં લીન હતા ત્યારે શૂળપાણી નામના યક્ષે અનેક ઉપદ્રવો કર્યા. છેવટ સર્પનું રૂપ ધારણ કરી પ્રભુને દંશ કર્યો. પ્રભુના શરીરમાંથી ધોળું રૂધિર નીકળતું જોઇને શૂળપાણી યક્ષ શાંત થયો અને પ્રભુની ક્ષમા માંગી.

કૃષ્ણના સંબંધમાં લખવામાં આવે છે કે કાળીય નામના નાગે યમુના નદીનું પાણી ઝેરીલું બનાવ્યું, જે પીવાથી ઘણા મનુષ્ય, તિર્યંચ મરવા માંડ્યા. આ વાતની શ્રીકૃષ્ણને ખબર પડી. એથી કાળીય નાગને પકડવાને પોતે ત્યાં જઈ પ્રયત્ન કરે છે ત્યાં શ્રીકૃષ્ણને નાગ દંશ મારે છે. પરંતુ શ્રીકૃષ્ણ પોતાની ચપળતાથી તે નાગને તોબા પોકરાવે છે અને તેની ફણા ઉપર શ્રીકૃષ્ણ નાચ કરે છે. આથી સર્પ શાંત થઈ શ્રીકૃષ્ણની આજ્ઞા લઈ સમુદ્રમાં ચાલ્યો જાય છે.

એકવાર મહાતપસ્વી શ્રી મહાવીર એક ઝાડની નીચે ઉભા હતા. એ વખતે વનમાં લાગેલો અગ્નિ ફેલાતો ફેલાતો પ્રભુના પગ પાસે આવ્યો. પ્રભુના પ્રતાપે તે અગ્નિ સ્વયં શાંત થઈ ગયો.

કૃષ્ણના સંબંધમાં પણ એવુંજ લખવામાં આવ્યું છે કે એકવાર યમુના નદીના કિનારે વ્રજમાં આગ લાગી. એ ભયંકર અગ્નિથી તમામ વ્રજવાસી ગભરાઈ ઊઠ્યા. તે વખતે શ્રીકૃષ્ણે આવીને અગ્નિનું પાન કરી વ્રજમાં શાંતિ ફેલાવી.

એકવાર મહાવીર પ્રભુ શીત ઋતુમાં ધ્યાનમાં ઊભા હતા. તે વખતે પ્રભુના પૂર્વભવની અપમાનિતી સ્ત્રી મરીને વ્યંતરી થઈ છે, તે કટપૂતના નામની વ્યંતરીએ આવીને પૂર્વભવનું વૈર સ્મરી પ્રભુમાથે ખૂબ પાણી છાંટી કષ્ટ આપ્યું. પરંતુ પ્રભુ ચલાયમાન થયા નહિ. તે જોઈ વ્યંતરી શાંત થઈ પ્રભુને ક્ષમાવી ચાલતી થઈ.

કૃષ્ણના સંબંધમાં પણ એને મળતો ઉલ્લેખ છે કે કૃષ્ણનો નાશ કરવા કંસે પૂતના નામની રાક્ષસીને વ્રજમાં મોકલાવી. એ રાક્ષસીએ કૃષ્ણને વિષમય સ્તનપાન કરાવ્યું છતાં કૃષ્ણને કાંઈ ન થયું.

આવી સામ્ય ધરાવતી ઘટનાઓ શ્રી મહાવીર અને શ્રી કૃષ્ણના જીવનસાથે જોડાયલી છે. એમાં કોણ સાચો અને કોણ ખોટો, એ સંબંધી નિર્ણય અમો આપવા નથી માગતા. તે કાળમાં એવી ઘટનાઓ મહાપુરુષોના જીવનસાથે જોડાયલી જોઇ લોકોમાં તે ઘટનાઓને વધારે આદર અપાતો હશે. આજે પણ આવી ઘટનાઓ સાંભળી ઘણા જીવો આશ્ચર્યમુગ્ધ બને છે. આપણે તો અહીં એજ વિવેક કરવાનો છે કે તેમના જીવનનું ધ્યેય શું હતું. મહાવીરનું જીવન કૃષ્ણના જીવનથી તદ્દન નિરાલું હતું. કૃષ્ણ વિલાસી હતા, યુદ્ધમાં કુશળ હતા, નીતિજ્ઞ હતા, અને રાજ્યકર્તા પુરુષ હતા. છતાં તેઓને આ બધાથી બ્રાહ્મણશાસ્ત્રોમાં અલિપ્ત માન્યા છે.

શ્રી મહાવીરે બાળ અવસ્થા પછી સાધક અવસ્થામાં પોતે કેવાં કષ્ટો સહન કર્યાં છે. છતાં રાતદિવસ' જેઓ ધ્યાનથી ચૂકયા નથી. જેઓએ શત્રુ મિત્રને, સુખ દુઃખને સમ માન્યા છે, એવા પ્રભુ કયા ધ્યેયને માટે આ બધું સહન કરી રહ્યા હતા? એ આપણે શોધવા વિચારવાની જરૂર છે. ખરી સાધક અવસ્થા આવા વિચારોથીજ આવે છે બાકી બાહ્ય ઘટનાના ચમત્કારો એ બાહ્ય વસ્તુ છે. એની સાથે પ્રભુને કે પ્રભુના ધ્યેયને કાંઈ સંબંધ નથી. વીતરાગ પ્રભુને આવા બાહ્ય શૃંગારોથી ઓળખાવવા અગર ઓળખવા એ નરી અજ્ઞાનતા છે. જેમ કોઈ સુંદરી લાવણ્યથી ભરપૂર હોય છૂટા કેશે પાણીથી નીતરતાં વસ્ત્રે સરોવરને કિનારે ઉભી હોય તેને જોઈ કેટલાકો એના બાહ્ય નૈસર્ગિક સૌંદર્યને વખાણે છે અને કેટલાકો તેજ સુંદરીએ સોળે શૃંગાર સજ્યા હોય તે વખતના એના સૌંદર્યને પ્રશંસે છે. ધારો કે તે સ્ત્રી મુંગી હોય કાને બહેરી હોય, તો આ બધી પ્રશંસા ઉપર પાણી ફરી વળે કે નહિ? માટે સ્ત્રીનું ખરૂં સૌંદર્ય એની મંજુલ ભાષા, એનું સ્મિતહાસ્ય એની નમ્રતા અને પ્રેમળ સ્વભાવ, કાર્યદક્ષતા વગેરે ગુણોમાંજ રહેલું છે.

પ્રભુના જીવનના બાહ્ય આદર્શોમાં ખરી પ્રભુતા નથી. ખરી પ્રભુતા તો પ્રભુની વિશાળ હૃદયની ભાવનામાં છે. એમની સમદૃષ્ટિમાં છે, ધ્યેયને પ્રાપ્ત કરવાની શક્તિમાં છે, એમના સુંદર મનોબલમાં છે. માટે આપણે જીવનની બાહ્ય ઘટનાઓમાં ન મુંઝાઈ રહેતાં પ્રભુના ખરા સ્વરૂપને સમજવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

આજે કોઈ વિદ્વાન મહાવીરનું ચરિત્ર લખે તો તે મહાવીરમાં ખરી પ્રભુતા શી શી હતી? એજ બતાવવાનો પ્રયત્ન કરે. બાકી જે અલૌકિક દૈવિક ઘટનાઓના પ્રસંગો એમના જીવન સાથે જોડી દેવામાં આવ્યા છે તેને કોઈ વિદ્વાનની કલમ સ્પર્શ કરેજ નહિ.

શ્રી મહાવીર સર્વજ્ઞ હતા. વીતરાગ હતા. એઓ જે ઉપદેશ આપતા તે માત્ર પોતાના તીર્થંકરનામકર્મના ઉદયને ક્ષય કરવા માટેજ આપતા. એમના મુખમાંથી ભાવિક અને બીજી જે જે વાતો

નીકળી છે તે ગૌતમ સ્વામીના પ્રશ્નોત્તરરૂપે નીકળી છે. પ્રભુ મહાવીરને પોતાના વિચારોનો પ્રચાર કરવાનો મોહ ન હતો. એથી મહાવીરને પ્રચારક કહી શકાય નહિ.

બુદ્ધ પોતે પ્રચારક હતા. તેમણે ચારે તરફ ફરીને ખૂબ પ્રચાર કર્યો છે. આજે લોકો બુદ્ધના જીવન સંબંધમાં અને સિદ્ધાંતોના સંબંધમાં જેટલું જાણે છે તેટલું મહાવીરના સંબંધમાં જાણતા નથી. આજે પણ હિન્દુસ્તાન બહાર તિબેટ, ચીન, જાપાન વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મ ખૂબ પ્રચાર પામેલ છે. બુદ્ધના સાધુઓ ખાદ્યાખાદ્ય, પેયાપેયનો વિચાર ભૂલ્યા છે, છતાં તેઓ આજે પણ ખૂબ પ્રચાર કરી રહ્યા છે.

શ્રી મહાવીરના ધર્મને પાળનારાઓની સંખ્યા બહુજ થોડી છે. તેમાં પણ આજે મહાવીરના સાધુઓમાં પ્રચારક ભાવના બીલકુલ નથી.

શ્રી રામના જીવનમાં બાહ્ય અલૌકિક ઘટનાઓ બહુજ ઓછી છે. રામ નીતિમાં, એકપત્નીવ્રતમાં અને બંધુપ્રેમ વગેરે સદ્‌ગુણોમાં ખૂબ વખણાયા છે. પિતાની આજ્ઞા શિરોધાર્ય માની શાંતિથી વનવાસ ભોગવ્યો છે. રામે રાવણ સિવાય બીજાઓ સાથે યુદ્ધ કરેલ નથી. એમના સત્વગુણપ્રધાન વ્યક્તિત્વની છાપ લોકો ઉપર ખૂબ પડેલી છે.

શ્રીકૃષ્ણનું જીવન બાહ્ય અલૌકિક ઘટનાઓથી ભરેલું છે. સામ, દામ, દંડ, ભેદમાં આ પુરુષ કુશળ હતા. વિલાસી જીવન અલૌકિક હતું. છતાં ખરા તત્ત્વવેત્તા કૃષ્ણના ભક્તોએ કૃષ્ણના સ્વરૂપને ઉત્તમ કોટીનું વિચાર્યું છે.

ભારત વર્ષના ચાર મહાપુરુષોના જીવન સંબંધમાં એમના જીવન સાથે જોડાયલી બાહ્ય અલૌકિક ઘટનાઓ ને એક કોરે રાખી એમનું આંતરજીવન કેટલું પવિત્ર અલિપ્ત હતું અને તેઓએ પોતાના જીવનની સાર્થકતા કયા ધ્યેયથી કરી છે, લોકકલ્યાણ તેઓએ કેવી રીતે કર્યું છે એઓનો આત્મા કેવો મહાન હતો એજ આપણે વિચારવાનું અને ગ્રહણ કરવાનું છે, તેમાંજ આપણું હિત છે.

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ જ ઉત્કૃષ્ટ મંગળ છે. —દશવૈકાલિક સૂત્ર.

જ્ઞાનીના જ્ઞાનનો સાર એજ છે કે તે કોઇની હિંસા કરતો નથી અને અહિંસાનો સિદ્ધાન્ત પણ 'કોઇની હિંસા ન કરવી' એ જ છે. —સૂયગડાંગ સૂત્ર.

આ અવનિ ઉપર વેરવાળીને વેર શાંત કરી શકાતાં નથી, પરંતુ અવેરદ્વારા જ વેરની શાંતિ થાય છે; એ જ સનાતન ધર્મ છે. —ધમ્મપદ.

બધે સમભાવ રાખનારો યોગી પોતાને ભૂતમાત્રમાં અને ભૂતમાત્રને પોતામાં જુએ છે. —શ્રીમદ્‌ભગવદ્‌ગીતા.

નવી સંસ્કૃતિનું ઘડતર

લેખક: ડૉ. સુમન્ત મહેતા

માણસના શરીરની અંદર અમુક જાતના તાવના અગર ક્ષયરોગના જંતુઓ ઠીક પ્રમાણમાં પેસે છે અને અમુક રોગ પેદા કરે છે. એ રોગના એક ચિહ્ન તરીકે તાવ આવે છે, પણ એ તાવ—એટલે શરીરની ગરમીનું વધવું—એ રોગ નથી. રોગ તો મેલેરીઆ અથવા ક્ષય હોય છે. તેવી રીતે આજે યૂરોપમાં જે મહાભારત લડાઈ ચાલી રહી છે તે એક રોગ નથી એ માત્ર રોગનું ચિહ્ન છે. ખરો રોગ તો માનસિક છે. યૂરોપના માણસોમાં અહંભાવ વધી ગયો છે. હું જ સારો, મારા માણસો જ સારાં, મારી જ સંસ્કૃતિ સારી, બીજાં બધાં જંગલી લોકો છે. જર્મનો કહે છે કે અમે જ ખરા સાચા "આર્ય" છીએ બીજી બધી યૂરોપિય પ્રજા અસંસ્કારી અને પછાત છે. એશિઆ અને આફ્રિકાની પ્રજા તો ગુલામીને માટે સર્જાએલી છે. આવી પ્રજાઓનો માનસિક તથા સાંસ્કૃતિક વિકાસ અટકી પડ્યો છે એટલે તેમની તો સુધરેલી પ્રજામાં ગણતરી જ કરવાની નથી. અહંભાવમાંથી હુદપાર સ્વાર્થીપણું પેદા થાય છે, અને તેની સાથે સાથે અદેખાઈ, જુઠ્ઠાણું, ક્રોધ, લોભ વગેરે દુર્ગુણો ખીલે છે.

યૂરોપની આ લડાઈ ૧૯૩૯ માં શરૂ થઈ નથી, કે ૧૯૧૪ માં શરૂ થઈ ન હોતી; એની ઉત્પત્તિનો તો લાંબો ઇતિહાસ છે. વિગ્રહનું વાતાવરણ પેદા કરવા માટે અનેક વિદ્વાન, ડાહ્યા અને ગાંડા લેખકોએ જબરો પ્રજામત કેળવ્યો છે, પણ તે ઇતિહાસમાં ઉતરવાનું આ લેખમાં બની શકે એમ નથી. આજના વિગ્રહને અટકાવી દેવા માટે લડી રહેલી પ્રજાને સમજાવીને બાંધછોડ કરવામાં આવે તો તેનાથી જરાય લાભ થવાનો સંભવ નથી. તાવ ઉતારવાના ઔષધથી ગરમી ઓછી થઈ જાય પણ તેથી લોહીની અંદર જંતુઓ જે તોફાન મચાવી રહ્યાં હોય તે તો કાયમ જ રહે છે. અથવા આપણે એક બીજું વૈદ્યકીય દૃષ્ટાંત લઈએ. કોઈ દર્દીનું એક હાડકું સડ્યું હોય અને તેના સડાનું પરૂ ચામડી તોડીને બહાર નીકળતું હોય તેવા દર્દીપર એવા ઉપચાર કરીએ કે ચામડીને રૂઝ આવી જાય તો તેમાં લાભ થવાને બદલે ગેરલાભ જ થવાનો છે, કારણ કે પરૂ નીકળી જવું જ જોઈએ. ખરો સાચો અને એક જ ઇલાજ એ છે કે સડાને મટાડવા માટે અંદર ઔષધિ નાંખવી, અને અંદરનો રોગ મટાડવો.

યુરોપીય સંસ્કૃતિની વિકૃતિ

આ લાંબી પ્રસ્તાવના કરીને હું મારા વિષયની ચર્ચા પર આવી જાઉં છું. યૂરોપમાં જે જાતની સંસ્કૃતિ ખ્રીસ્તી ધર્મમાંથી જન્મ પામી, તેમાંથી રેફરમેશન નામે જાણીતો સાંસ્કૃતિક પલટો થયો અને બુદ્ધિવિકાસની સાથે સાથે જે નવી આર્થિક વ્યવસ્થા આખા યુરોપમાં જ નહીં પણ અમેરિકામાં, એશિયામાં, આફ્રિકામાં તેમજ ઑસ્ટ્રેલિઆમાં, અર્થાત આખા મનુષ્ય જગતમાં ફેલાઈ ગઈ છે તેમાં કાંઈ ભારે દોષ, કાંઈ વિચિત્ર વિકૃતિ, કોઈ એવા પ્રકારનું ઝેર છે કે જેને લીધે આખું જગત ગાંડું થઇ ગયું છે. આખું જગત મોટી લડાઇને માટે જ બધી શક્તિ ખર્ચે છે, અબજો રૂપીઆના શસ્ત્રઅસ્ત્રો તૈયાર કરે છે, બધી કેળવણી દુશ્મનના સંહારને માટે અપાય છે, રાષ્ટ્રની બધી સાધનસામગ્રી અને શક્તિ પોતાના બચાવ અને પાડોશીના સંહારને માટે જ વપરાય છે. આ એક કલ્પી ન શકાય એવું ભયંકર ગાંડપણ વિરાટ સ્વરૂપની અંદર ફેલાઈ રહ્યું છે.

ત્યારે શું યુરોપ ગાંડું છે? અને માત્ર એશિયામાં જ ડહાપણ છે? આ પ્રશ્નનો ઉત્તર લંબાણથી આપવો પડે એમ છે. એશિઆમાં તો જાપાન છે અને જાપાનને પણ યુરોપનો રોગ લાગુ પડ્યો છે:—

અહંભાવ, સ્વાર્થ, લોભ, મોહનું ગાંડપણ. એશિયામાં ચીન છે, આખી પૃથ્વીની વસતિનો પાંચમો ભાગ. એશિયામાં લગભગ અડધા રશિઆનું પ્રજાસત્તાક રાજ્ય છે. એશિયામાં ચાળીસ કરોડ માણસોની વસતિવાળું ગુલામી ભોગવતું હિંદુસ્તાન છે. કોઈ પણ દેશ સેંકડો વર્ષોથી ગુલામી ભોગવતો હોય તો જરૂર અનુમાન કરી શકાય કે એ દેશમાં જ્ઞાન નહીં હોય, નહીં હોય ડહાપણ, સંપ, સાચો ધર્મ કે સારી સામાજિક અગર આર્થિક સુવ્યવસ્થા. એ એશિઆમાં અફઘાનિસ્તાન અને ઇરાન જેવા દેશો છે કે જે યુરોપીયન રાજ્યોની મેહરબાની પર જીવે છે. એશિઆખંડની પ્રજાની સ્થિતિ તો આવી નમાલી અને દયાજનક છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું હવે આ જગતના સર્વ મનુષ્યો હાલના ગાંડપણના તાંડવનૃત્યમાં નાચ્યા કરશે? અને નાચીને નાશ પામશે?

યુરોપની પૂંજી

આ પ્રશ્નનો વિચાર આપણે જુદી રીતે કરીએ. યુરોપીય પ્રજાના વિકાસમાંથી મનુષ્યજાતિએ ખાસ મેળવ્યું શું? યુરોપમાં જે વિકાસ થયો તેને લીધે ઉત્તર અને દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિઆ, અને લગભગ આખા એશિયાના બધા દેશો યુરોપના કબજામાં અગર તેના પાસમાં આવી ગયા છે, તેથી યુરોપની પૂંજી એ જગતની પૂંજી થઈ ગઈ છે અને જે યુરોપે મેળવ્યું છે તેનું અનુકરણ બીજા દેશોમાં થઈ રહ્યું છે, પણ પછાત પ્રજાઓએ જોઈએ તેટલો લાભ ઉઠાવ્યો નથી.

(૧) સમાજમાં એવી કેળવણી ફેલાઈ છે કે ૯૯ કરતાં વધારે ટકા જેટલી પ્રજા ભણેલી છે. નિરક્ષરતા અને અજ્ઞાન બની શકે તેટલાં દૂર કર્યાં છે.

(૨) પ્રજા શરીરે સશક્ત બનાવી છે કારણ કે તેમને સારો ખોરાક, સારી સ્વચ્છતા, રમતગમતો અને વ્યાયામ, સારા દવાખાનાં અને આરામગૃહો મળે એવી વ્યવસ્થા થઈ છે.

(૩) જ્ઞાન તથા શોધખોળને લીધે દેશદેશ વચ્ચેનાં અંતરો નાશ પામ્યાં છે. આજે કલાકના ૩૦૦ માઈલની ઝડપે એરોપ્લેઇનિ સુખેથી મુસાફરી કરે છે.

ટેલીફોન અને ટેલીગ્રાફથી આખી દુનિયા સાથે આપણે આરામખુરશીમાં બેઠા બેઠા વાતો કરી શકીએ છીએ અને દશ વર્ષની અંદર જગતમાં બનતા બનાવો આંખે જોઈ શકીશું. આખા જગતના સમાચાર રેડીઓથી તમને તુર્ત પહોંચી શકે છે.

(૪) આંતરરાષ્ટ્રીય કહો કે સમસ્ત જગતની (પૃથ્વીની) કહો, આપણે એવી વ્યવસ્થા કરી શક્યા છીએ કે દક્ષિણ અમેરિકાના જંગલના એક ગામડામાંથી લખેલો કાગળ ટુંકામાં ટુંકા સમયની અંદર હિમાલયની ખીણમાં કોઈ પછાત પહાડી પ્રજાની વ્યક્તિને સુરક્ષિત પહોંચી શકે છે.

આવી રીતે આપણે અનેક ચીજો મેળવી છે. એ બધી બાબતોનું વિસ્તૃત વિવેચન મારા વિષયની ચર્ચા માટે આવશ્યક નથી. ઉપરના વર્ણનપરથી જોઈ શકાશે કે પહેલાં જે નહોતું તેવું કાંઈક નવું આપણે મેળવ્યું છે અને કેટલુંક હતું તેને આપણે વધારે વિસ્તૃત કર્યું છે. જે જે મેળવ્યું છે, જે અનિષ્ટ નથી અને જેનાં મૂળમાં અનિષ્ટ નથી એવી બાબતો આપણે છોડી દેવા માંગતા નથી. પણ જે કારણોને લઇને યુરોપમાં અનિષ્ટ પેઠું છે તે દૂર કર્યા વિના મનુષ્યજાતિનો વિકાસ અસંભવિત છે.

આપણી આશા

પહેલો પ્રશ્ન એવો પૂછાશે કે યુરોપીય સંસ્કારોમાં જે અનિષ્ટ પેઠું છે, તે દૂર કરવાના પ્રયાસો આજ સુધીમાં શા માટે થયા નથી? અને જો થયા હોય તો તે શા માટે સફળ થયા નથી? યુરોપની અંદર ઉચ્ચ આદર્શોવાળા ઘણાય માણસો છે, પણ આજના સ્વાર્થસાધક વાતાવરણમાં તેમની તતૂડી સંભળાતી

નથી. આજે તો જે ઇંગ્લંડના સૌથી મોટા ધર્માધ્યક્ષ છે, તે ઈશ્વરને પ્રાર્થના કરે છે કે જર્મનોનું નિકંદન કાઢી નાંખે, અને હિટલર ઈશ્વરને હુકમ કરે છે કે જર્મન પ્રજાનું સંરક્ષણ કરે, અને અંગ્રેજોનો સંહાર કરે. એકંદરે એવું જણાય છે કે લોકોને સ્થાપિત ક્રિશ્ચિઅન ધર્મમાં, (પ્રોટેસ્ટંટ કે રોમન કેથોલિકમાં) નહીં જેવી શ્રદ્ધા છે. લાખો લોકો ધાર્મિક વિધિઓથી અંજાઈ ગયેલા હોય છે તે વાત સાચી, પણ ધર્મની પ્રેરણાથી તેમનાં જીવન ઉત્તરોત્તર ઉન્નત થાય એ પ્રકારની શ્રદ્ધા રહી નથી. આવી વસ્તુસ્થિતિ લગભગ બધા સ્થાપિત ધર્મોની થઈ રહી છે.

યુરોપમાં યંત્રોની શોધ પછી થી અને પછાત પ્રજાઓનું શોષણ રીતસરનું શરૂ થયું ત્યાર પછીથી મુડીવાદે ભયંકર રાક્ષસી સ્વરૂપ ધારણ કર્યું અને તેની સામે સમાજવાદે યોજનાપૂર્વકનો સામનો કર્યો. અમુક પ્રસંગોની અનુકૂળતાને લીધે એ સામનો રશિયામાં સફળ નીવડ્યો અને ત્યાં જે નવી સમાજરચના થઈ રહી છે, તેમાંથી આપણને ઘણું શીખવા જેવું મળે એમ છે. રશિઆમાં આજે સ્વર્ગ સ્થપાયું નથી. જે જે પ્રયોગોને સફળતા મળી હોય, તેથી તે હમેશાં સારા જ છે એમ કહેવું પણ બરોબર નથી.

તે છતાં રશિયાના નામમાત્રથી નાક ચઢાવી દેવું અથવા તેને બદનામ કરવા માટે "હિંસા"નો આક્ષેપ મૂકવો (જ્યારે મુડીવાદીઓની રાક્ષસી હિંસા તરફ આંખ આડા કાન કરવા) એમાં નથી ડહાપણ કે ન્યાયદૃષ્ટિ. આખી માણસ જાતના છઠ્ઠા ભાગમાં જે મહાન અખતરો થઈ રહ્યો છે તેનું ઉદાર મનથી મનન કરવાની જરૂર છે. એ અખતરામાં જે અનિષ્ટ છે તે આપણે માટે ત્યાજ્ય હશે. રશિઆને કાશી કે મક્કા માની લીધા વિના ત્યાં જે એક સિદ્ધાંતનો અમલ થઈ રહ્યો છે કે પેદાશનાં બધાં સાધનો કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના હાથમાં નહીં રહે પણ સમસ્ત દેશનાં રહેશે અને તેથી પેદાશને માટે રાષ્ટ્રીય આર્થિક નિયોજન કરવું પડશે એ આપણે સ્વીકારવું પડવાનું છે. વ્યક્તિઓ કારખાનાં, ખેતી, રેલ્વેનો ઉપયોગ કરીને ધન મેળવે અને એ ધનના પોતે સમાજ તરફથી ટ્રસ્ટી થાય એ કેવળ હવાઈ કિલ્લા બાંધવા જેવી વાતો છે. પણ જો એક દેશમાં આ પ્રકારની યોજના ચાલતી હોય તો દેશદેશની હરફાઈનું શું થશે ? અને જો દેશદેશ વચ્ચેની હરીફાઈ જાય નહીં તો લડાઈ બંધ પડે જ નહીં. તેથી જેવી રીતે એક દેશને રાષ્ટ્રીય આર્થિક નિયોજન કરવું પડવાનું છે, તેવી રીતે બધાં રાષ્ટ્રો વચ્ચે વેપારને માટે નિયોજન કર્યા વિના છુટકો નથી. આ ટુંકા લેખમાં આ ચર્ચાની વધારે વિગતોમાં ઉતરી શકાય નહીં.

જો એક મોટા વિશાળ દેશમાં વ્યક્તિગત હરીફાઈ નાશ પામે છે, તે દેશમાં દરેક વ્યક્તિને તેના કુદરતી વલણને અનુકૂળ કેળવણી આપવાનો પ્રયાસ થાય છે, ત્યાં દરેક વ્યક્તિને કામ મળે છે અગર જીવવાનું સાધન મળે છે, તો તેવી પરિસ્થિતિ બીજા દેશોમાં અશક્ય છે એવું માનવાને કાંઈ કારણ નથી. આવી પરિસ્થિતિ ઊભી થાય, તો બધા મનુષ્યો એક મોટા કારખાનાના સંચાઓના ચક્રો જેવા બની રહેશે એવી દલીલ વખતે કરવામાં આવે છે; પણ સગી આંખે જોઈ શકાય એવું પરિણામ રશિયામાં એવું આવ્યું છે કે સ્થાનિક સ્વતંત્રતા વધતી જાય છે. અમેરિકામાં જે લાખો નવા લોકો વસવાટ માટે જાય છે તેમને થોડાં વર્ષોમાં અમેરિકન બનાવી દેવામાં આવે છે. રશિઆમાં જે રાજ્યો જોડાયાં છે તે પોતાની ભાષા પહેરવેશ વગેરે છોડતાં નથી; કારણ કે જ્યાં ત્યાં સ્થાનિક સમિતિઓના હાથમાં રાજકારભાર છે. એવું અનુમાન કરી શકાય કે હવે 'રાષ્ટ્રો'ના દિવસો પૂરા થયા છે. આલ્સાસ અને લોરેઇનના પ્રદેશ માટે ફ્રાન્સ, જર્મનિ તથા બીજા પડોશના દેશોએ લાખો માણસોનાં બલિદાન આપ્યાં છે અને અબજો રૂપીઆનો ધુમાડો કર્યો છે, પણ જો એ પ્રદેશોમાં સ્થાનિક સ્વરાજ્ય હોય તો આ ખોટી હરીફાઈનો નાશ થાય છે. આ પ્રશ્નનો ઉકેલ રહેલો છે એવું હું જરાય સુચવતો નથી. ગુંચવાયેલાં કોકડાંને તો ઘણી વખત કાપી નાંખવાં પડે છે, પણ એ વિષય પડતો મૂકું છું.

રશિઆમાં પણ જે માનસિક વિકાસનો આભાસ થતો નથી, તેવો વિકાસ પાસેના ભવિષ્યમાં જગતમાં થશે એવી હું આશા રાખું છું; કારણ કે માનસિક વિકાસની તાલીમ આપવાની કળા હજી હમણાં જ ખીલતી જાય છે. નવા માનસશાસ્ત્રની નવી શોધોને આધારે રચેલી, એ નવા પ્રકારની કેળવણી એ મનુષ્યને નવે માર્ગે લઈ જશે. શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વસ્થતા, બુદ્ધિના વિકાસમાંથી નીપજતી વિવેકબુદ્ધિ, ધીરજ અને ગાંભીર્ય એ ભાવિ મનુષ્યનાં દૃષ્ટિબિંદુ બદલાવી દેશે. અમેરિકાની અસ્થિરતા (સતપતાટ) એ એક માનસિક રોગ છે. દરેક કામની ઉતાવળ એ એક અનિષ્ટ લક્ષણ છે. "ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર" એ કહેવતમાં ઘણું ડહાપણ સમાયેલું છે. સિડની અને બિએટ્રિસ વેબે રશિઆના સમાજવાદી વિકાસ માટે એવી આશા બતાવી છે કે તેમાંથી ભવિષ્યની નવી સંસ્કૃતિ (સિવિલિઝેશન) થવાની છે. રશિઆમાં જે પરિવર્તન થઈ રહ્યું છે તેને હું અપૂર્ણ ગણું છું. એ પરિવર્તનની પાછળ જે બળો કામ કરી રહ્યાં છે તેમાં આત્મમંથન અને આત્મનિરીક્ષણને જોઈએ તેવું સ્થાન મળ્યું નથી. આત્મદર્શન, આત્મપરીક્ષા (Self-knowledge) એ આત્મવિકાસના મૂળમાં રહ્યું છે અને વ્યક્તિ અને સમષ્ટિના સંબંધ વિષેના યોગ્ય જ્ઞાન વિના સારો આત્મવિકાસ શક્ય નથી. આવા જ્ઞાનને લીધે મનુષ્ય તથા જગત વિષે નવું મૂલ્યાંકન શક્ય બને છે, મનુષ્યની અગાધ શક્તિની ખીલવણી થાય છે; મનુષ્યનું મન ઘણું વધારે ઉદાર અને વિશાળ બને છે.

માત્ર આપણા હિંદદેશમાં નહીં, પણ આખી પૃથ્વીના બધા દેશોમાં આજે ભારે પરિવર્તન થઈ રહ્યું છે, દરેક દેશની સારી કે ખરાબ પ્રવૃત્તિની અસર બીજા દેશોપર થાય છે. પૃથ્વી નાનકડી થઈ ગઈ છે. મનુષ્ય માત્ર આજના વિગ્રહ અને કંકાસના વાતાવરણથી કંટાળી ગયો છે. મનુષ્યને શાંતિ જોઇએ છે. હાલની ભયંકર અસ્થિરતા અસહ્ય થઈ પડી છે. એક તરફ અવિવેકી વૈભવ અને બીજી બાજુએ કંગાલિયત એ પણ અસહ્ય છે. એક તરફ કરોડો માણસોને પૂરતું ખાવાનું ન મળે અને બીજી બાજુએ ઘઉં, કૉફી અને કપાસને બાળી મૂકવામાં આવે એ અર્થશાસ્ત્ર રાક્ષસી ગણવું પડે છે. લાખો માણસોને ખોરાક, કપડાં અને બીજી જરૂરિયાતોની માંગ છે અને તેની સાથેસાથે લાખો માણસો બેકાર નિરુદ્યમી થઈ ગયા છે. આ બધું બદલવાનું છે.

મહાવીર જૈન વિદ્યાલય

આપણી નજરની સામે મોટાં મોટાં પરિવર્તનો થઈ રહ્યાં છે. એ પરિવર્તનોને દોરવણી આપવા માટે યોગ્ય જ્ઞાનવાળા ચારિત્ર્યવાન સ્ત્રીપુરુષોની જરૂરિયાત છે. મહાવીર જૈન વિદ્યાલયમાં જે તાલીમ મળે છે અગર મળશે તેને લીધે આવા ચારિત્ર્યવાન આગેવાનો પાકશે? મહાવીરસ્વામીએ જે ઉદાર તથા ઉન્નત ધર્મનો ઉપદેશ કર્યો હતો તેમાં આજે જે જૈન ધર્મ મોટે ભાગે પળાય છે તેમાં હું તો આકાશપાતાળ જેટલો ફરક જોઉં છું, પણ આ ચર્ચા આજે કરતો નથી. મનુષ્યનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે, એ ઘડતરમાં આપણે થોડો ઘણો ભાગ ભજવવાનો છે એટલું લક્ષમાં રાખીને આપણું કર્તવ્ય કરતા રહીએ તો શુભ પરિણામ આવશે.

***

યુવકોએ પોતાના જીવનમાંથી યુદ્ધનો અસ્ત થવા ન દેવો જોઇએ. જે ઝૂઝી જાણે તે જ આર્ય, તે જ યુવક. યુદ્ધ હૃદયમાં પણ ચાલે અને બાહ્ય જગતમાં પણ ચાલે. બન્ને ઠેકાણે હીનતા સામે લડી આર્યતા પ્રસ્થાપિત કરવી ઘટે છે.

—કાકા કાલેલકર.

હૉસ્ટેલનું જીવન

લેખક: **હિમતલાલ ગણેશજી અંજારીઆ,** એમ. એ., એલએલ. બી.

ઉચ્ચ કેળવણીનો લાભ લેનારા જેમ જેમ વધતા ગયા તેમ તેમ કૉલેજ વિદ્યાર્થીઓ માટે સગવડની જરૂર પડવા લાગી. દરેક કૉલેજ સાથે હૉસ્ટેલ હોવી જ જોઇએ એમ યુનિવર્સિટિ તરફથી ફરજ રાખવામાં આવી છતાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી બધી વધવા લાગી કે કૉલેજ હૉસ્ટેલોમાં સૌનો સમાવેશ ન થઈ શકયો. વિદ્યાર્થીઓને રહેવા ખાવા માટે પોતપોતાની સગવડ કરી લેવી પડે એવી વસ્તુસ્થિતિ ઉભી થતાં, ગરીબ વિદ્યાર્થીઓ માટે રહેવાની સગવડ, જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ, ખાનગી હૉસ્ટેલ એમ સંસ્થાઓ વધવા લાગી. હળવે હળવે જુદી જુદી જ્ઞાતિ અને ધર્મના અગ્રેસરોને પોતપોતાની નિરાળી હૉસ્ટેલની જરૂર લાગી અને ધનાઢ્ય જૈનોએ આવી સંસ્થાઓને ઊભી કરવામાં સારો ભાગ લીધો. પરિણામે મુંબઈમાં જ બે ત્રણ જૈન હૉસ્ટેલો શરૂ થઈ. ધાર્મિક સંપ્રદાય પ્રમાણે જુદી જુદી માન્યતાવાળાએ પોત-પોતાને અનુકૂળ હૉસ્ટેલ કાઢી ખરી, પણ ધાર્મિક વાતાવરણ યોગ્ય રીતનું ઊભું કરી શકયા હશે કે કેમ એ શંકા જેવું છે.

ધર્મ પર જ જીવનનો આધાર છે, ધર્મથી જ જગત ટકી રહ્યું છે એ અને એવા મતો બધા જ સ્વીકારે છે એ ખરું છે; પરંતુ હાલનું જીવન ધર્મ પર આધાર રાખી રહ્યું છે કે કેમ અને હાલનું જગત ધર્મથી જ ટકી રહ્યું છે કે કેમ એ વિષે તો મોટા મોટા ધર્મધુરંધરો અને ધર્માચાર્યો પણ કાંઈ નિશ્ચયપૂર્વક કહી શકે તેવું નથી. દુનિયાના સામાન્ય માણસો તો પોતપોતાના ધર્મમાં શ્રદ્ધા રાખી, જરૂર પડે ત્યારે પાઈપૈસો ખરચી નાખીને જ ધાર્મિક પુરુષ હોવાનો સંતોષ માની રહે છે. પરંતુ જુવાન વિદ્યાર્થી-વર્ગ હાલના જમાનામાં ધર્મ અને તેની માન્યતાઓ વિષે ભાગ્યેજ વિચાર કરે છે, અને વિચાર કરતો હોય છે ત્યારે પણ નેવું ટકા તો ધર્મના ઝઘડા કે મતમતાંરમાં કશોજ ભાગ ન લેવાનો જ વિચાર કરતા હશે.

આ જમાનામાં નીતિ કે જીવનના શુભ સંસ્કાર કાંઈ બહુ ઓછાં થઈ ગયાં છે એમ માનવાને કારણ નથી. છતાં, ગુજરાતી વિદ્યાર્થી વર્ગની મનોદશા તો ખરેખર બહુ ચિંતાકારક છે જ. હૉસ્ટેલના જીવનથી અમુક લાભો તો મળવા જ જોઈએ એમ સાધારણ રીતે મનાય છે. હૉસ્ટેલમાં સહજીવનનો લાભ મળે, મૈત્રી વધે, અને જુવાન વર્ગ એક બીજાને વધારે ઓળખતો થાય એ એક ખાસ લાભ છે. આટઆટલાં વર્ષોથી ગુજરાતી હૉસ્ટેલો ચાલુ છે, છતાં તે દ્વારા ઓળખાણ-પિછાનનો લાભ મેળવી, તેનો ઉપયોગ દેશહિત કે જનહિતમાં કરનારા આપણે કેટલા ગણાવી શકીએ?

હૉસ્ટેલમાં સંઘજીવનના લાભને બદલે કલેશ-કંકાસ અને ટંટા-ફિસાદ થઈ, વિદ્યાર્થી આલમને શરમાવે તેવું વાતાવરણ કેટલીક વાર ફેલાઈ રહે છે. અલબત, આવા પ્રસંગો પ્રમાણમાં જૂજ બને છે તે ખરું છે. પરંતુ હૉસ્ટેલ જીવન જો ખરી રીતે આદર્શરૂપ બનવું જ જોઈએ એમ આપણે માનતા હોઈએ, તો આવા જૂજ બનાવ પણ શોચજનક મનાવા જોઈએ.

આમ થવાનાં કારણોમાં મનુષ્યનો વિચિત્ર અસ્થિરતાવાળો સ્વભાવ એ મુખ્ય કારણ છે એ ખરું છે, પરંતુ એવા સ્વભાવને કાબૂમાં રાખી, સુધારવાના પ્રયાસો ન થાય, તો હૉસ્ટેલજીવન નિષ્ફળ જ સમજવું જોઈએ.

અણઘટતા સ્વભાવપ્રદર્શનને ઘટતો અંકુશ હોવો જ જોઈએ, ગુજરાતના જુવાનવર્ગને નવેસરથી શીખવું-શીખવવું પડે એવો સમય આવી લાગ્યો છે. તેવા અંકુશ માટે હોસ્ટેલનો ગૃહપતિ બહુજ કુશળ અને પ્રભાવશાળી હોવો જોઈએ, કૉલેજની હોસ્ટેલોમાં જે સુપરિન્ટેન્ડન્ટ નિમાય છે, તે પોતાની જબાબદારીની સમજ ધરાવનાર ભાગ્યેજ હોય છે. જ્યાં જ્યાં કૉલેજ છે અને જ્યાં જ્યાં હોસ્ટેલો છે ત્યાં ત્યાં નજર નાખવાથી વસ્તુસ્થિતિ ધ્યાનમાં આવી જશે. ખરી રીતે તો ગૃહપતિ તરીકે વિદ્વાન અને બુદ્ધિશાળી ઉપરાંત આદર્શ ચારિત્ર્યવાળો અને ઊંડા સદ્‌ભાવવાળો સત્પુરુષ જ હોવો જોઈએ. ગૃહપતિના જીવન પરથી જ ઘડો લઈ શકાય, અને વિદ્યાર્થીઓ તેમના દર્શનથી જ અંજાઈ જાય તેવો ગૃહપતિ હોય ત્યારે જ હોસ્ટેલજીવન શુભફળદાયી બની શકે. આવા ગૃહપતિઓ ઠેકાણે ઠેકાણે પાકતા નથી અને જોઇએ ત્યારે મળતા નથી એ વાત ખરી છે. પરંતુ તેથી કાંઈ નિરાશ થવાને કારણ નથી. સચ્ચરિત્રવાળા ગૃહસ્થને ઘટતી સરળતા અને સત્તા આપવામાં આવે, તો અનુભવ અને ઉચ્ચાશય ગૃહપતિને વધારે ને વધારે સારો કર્યા વિના રહેવાનાં નથી. ગૃહપતિને પસંદ કરતી વખતે એક એવો અભિપ્રાય સ્વીકારી લેવામાં આવે છે કે વિદ્યાર્થીઓ સાથે કામ છે, વિદ્યાવ્યાસંગનો લાભ મળવાનો છે, શિક્ષણ અને કેળવણીનો વિષય છે, માટે ગૃહપતિએ થોડા પગારથી સંતોષ માનવો. હોસ્ટેલ જો કોઈ ધર્મ કે સંપ્રદાયની હોય, તો તો ધર્મનું કામ છે એવું પણ ઉમેરવામાં આવે છે. આ બધી દલીલો, દલીલો તરીકે ગમે તેટલી વાજબી ગણાતી હશે, તો પણ વ્યવહારની રીતે તો તદ્દન જ વજૂદ વગરની છે. વેપારીને, વકીલને, દાક્તરને, સરકારી સનદી નોકરોને—કોઇને આ બધીજ દલીલો લાગુ પડે તેવી જ છે. દુનિયામાં બીજા બધા લોકો જો પગાર અને સગવડનાં પાત્ર ગણાતા હોય, તો કેળવણીની સંસ્થા સાથે જોડાયેલી વ્યક્તિઓને તેટલાજ પગાર અને સગવડનાં પાત્ર શા માટે ન ગણવી એ સમજી શકાતું નથી. વેપારીને નફો મોટો જોઇએ, દાક્તરો પણ શરીર પર કાપ મૂકે તેના કરતાં સો અને હજાર ગણો કાપ ખીસા પર મૂકે, સનદી નોકરો તો ગમે તેટલા મોટા પગાર અને રજા વગેરેની સગવડથી ધરાય જ નહિ, તો પછી બિચારા માસ્તર કે ગૃહપતિનો શો વાંક ? ગૃહપતિને તો કૉલેજના એક સારા પ્રોફેસરથી પણ વધારે પગાર મળવો જોઇએ તેવું થશે, ત્યારે જ ગૃહપતિ આદર્શપુરુષ થશે, વિદ્યાર્થીઓ ગૃહપતિને પૂજતા થશે, હોસ્ટેલોમાંથી ખરા નરો પાકી નીકળશે.

હમણાંની હોસ્ટેલોમાં તો ગૃહપતિ બિચારો કાંઈ ગણતરીમાં જ લેખાતો નથી. વિદ્યાર્થીઓ ખાવાપીવામાં, મોજ માણવામાં, ટેનિસ વગેરેની રમતોમાં નાણાં અને વખત બરબાદ કરે છે. જો એ બધામાં ઘટતા અંકુશ અને યોગ્ય દોરવણી હોય તો આપણા વિદ્યાર્થીઓ દુનિયાના ગમે તે વિદ્યાર્થીઓ સાથે હરીફાઈમાં સવાશેર થઈ નીકળે તેવા છે.

અભ્યાસમાટે લગની હોવી જોઇએ, તેના કરતાં ' ટુર્નામેન્ટ'માં અને ' ડિનરપાર્ટી'માં કદાચ વધારે લગની માલમ પડે છે. કેટલાક તો એવા પણ દાખલા બને છે કે બાપને ચાળીસનો પગાર હોય અને હોસ્ટેલમાં રહી કૉલેજમાં ભણતો વિદ્યાર્થી મહીને દહાડે વીસપચીસ તો ખાધા ખોરાકીમાં જ ખરચતો હોય ! કપડાં, ચોપડી, ફી વગેરેનો હિસાબ કરતાં બાપાના ચાળીસને બદલે પીસતાળીસ કે પચાસ ખર્ચ થઈ જાય ! આવું ખરચાળ જીવન હોસ્ટેલો શીખવે, તો તે હોસ્ટેલ જીવન જીંદગીને પ્રારંભમાંથી ઝેર આપનારું જ કહેવું જોઇએ.

ઘરનું વાતાવરણ વાંચવા માટે યોગ્ય નહિ હોવાથી વિદ્યાર્થીઓ વાંચવાની સગવડ માટે હોસ્ટેલમાં રહેવાનું પસંદ કરે છે. પરંતુ હોસ્ટેલના વિદ્યાર્થીઓમાંથી ભાગ્યેજ પાંચદશ ટકા ખરો લાભ મેળવી શકતા હશે. વાંચવાની સગવડ મળવાને બદલે, રમત ગમત અને તડાકાફડાકાની સગવડમાં જ કેટલાય હોમાઈ જાય છે.

શરીરકેળવણી તો હોસ્ટેલમાં નામની પણ મળી શકતી નથી. કામકાજ કરવા માટે તો નોકર જ રાખવો જોઈએ, પોતાની ઓરડી, કે પોતાનું બિછાનું પણ પોતાથી સાફ ન કરાય, તો કપડાંની તો વાત જ ક્યાં કરવી? હાથે કામ કરવાથી નાનમ લાગે છે અને તેને માટે બહાનું વખતનું અપાય છે. આ બદી પણ એટલી બધી વધી ગઈ છે કે આપણો જુવાનવર્ગ તદ્દન જીવી પરોપકારી જ બની રહે છે. શરીરને વ્યાયામ માટે રીતસર કસરત કે અખાડો, નમસ્કાર, દંડબેઠક કે આસનની તો વાત જ હોસ્ટેલોમાં કરી શકાતી નથી. ટેનીસકોર્ટ-હોય તો ટેનીસની રમત કે બૅડમિંટનની રમત, એટલામાં જ શારીરિક વ્યાયામ સમાપ્ત થઈ જાય છે.

આવા આવા આપણા હોસ્ટેલજીવનને બીજી સંસ્થાઓ સુધારી શકે કે નહિ, પણ ધર્મમાન્યતા પ્રમાણે ચલાવાતી હોસ્ટેલો તો અવશ્ય થોડો સુધારો કરી શકે. હોસ્ટેલમાં ગૃહપતિ ખૂબ અનુભવી, હોશિયાર અને કુશળ કાર્યકર્તા હોવો જોઇએ. લાયક જુવાનને ઘટતા દરમાયાથી રાખી, સારા વધારાની ખાતરી આપવામાં આવે, તો હાલના જુવાનોમાંથી કોઈ કોઈ આદર્શ ગૃહપતિ અવશ્ય થઈ જાય.

હોસ્ટેલમાં ધર્મની કર્મકિયા કાંઈ કરાવાય કે નહિ એ જેવું જરૂરનું નથી, પરંતુ ધાર્મિક વાતાવરણ ફેલાયેલું જ રહે, દરેક વિદ્યાર્થી શુદ્ધ, પવિત્ર, ઉચ્ચાશયી અને સંસ્કારી જીવન ગાળતો થાય એ તો અવશ્ય જોવું જોઈએ.

બીજું:—હોસ્ટેલજીવનથી વિદ્યાર્થીઓના શરીરમાં ખૂબ સારો ફેર પડવો જોઈએ. જુવાની એ શરીરવૃદ્ધિનો સમય છે. સાધારણ શરીરવૃદ્ધિથી સંતોષ ન માનવો; વિદ્યાર્થીઓ સશક્ત, મજબૂત-સ્નાયુઓવાળા, ખૂબ કામ કરી શકે તેવા, પ્રચંડ અને પ્રતાપી શરીરવાળા થાય એ ખ્યાલ દરેક હોસ્ટેલમાં રહેવો જ જોઈએ.

ત્રીજું:—જે કામ માટે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં આવે છે, એ કામ–ભણવાનું કામ–સરસમાં સરસ રીતે થવું જોઈએ. પોતપોતાની સમગ્ર શક્તિ ખૂબ કસાય એવી ટેવ દરેક વિદ્યાર્થીને પડવી જ જોઈએ. અભ્યાસમાં શિથિલતા કે બેદરકારી રાખનાર વિદ્યાર્થી ગૃહપતિને કલંકરૂપ છે.

ચોથું:—વિદ્યાર્થીઅવસ્થા એ બ્રહ્મચર્યપાલનની અવસ્થા છે. સાદું જીવન, સાદો ખોરાક, મોજશોખની વૃત્તિઓ પર પવિત્ર સંયમ, અને ગુણૈકરાગી સ્વભાવ એ જુવાનીમાં–વિદ્યાર્થી અવસ્થામાં કેળવવા અને મેળવવાનો આગ્રહ રખાવો જોઈએ. ભોગવિલાસ માટે તો આખી જીંદગી છે. વિદ્યાર્થીજીવન સરસ રીતે ગળાયું હશે તો ગૃહસ્થાશ્રમ ખૂબ ભોગવિલાસ અને આનંદપૂર્વક ગાળી શકાશે. વિદ્યાર્થી જીવનમાં તો સંયમ અને સાદાઈ ખૂબ શીખવાં, પાળવાં જોઈએ.

પાંચમું:—હોસ્ટેલમાં હમેશાં થોડું કામ, અગર તો અમુક દિવસે બધું કામ વિદ્યાર્થીઓ જાતે જ કરે તેવી ટેવ પડાવવી જોઇએ. વાળવા ઝાડવા, વાસણ માંજવા, કપડાં ધોવા, ફરનીચર સાફ કરવાથી માંડીને સઘળું જ કામ દરેક વિદ્યાર્થીને સારી રીતે આવડવું જોઇએ અને દરેક વિદ્યાર્થીએ કરવું જોઇએ. રસોઈ પણ દરેક વિદ્યાર્થીને પોતે ભુખ્યો ન રહે તેટલી તો આવડવી જ જોઇએ. આવો આગ્રહ થોડા સમય પહેલાં રાખવામાં આવતો હતો તે વખતે તો તેને જૂનવાણી દુરાગ્રહ મનાતો હતો. પરંતુ હવે સ્કાઉટ તરીકે કેમ્પમાં બધાએ બધુંજ શીખવું જ જોઇએ એવો હુકમ જાણ્યો એટલે સમજી શકાશે કે આગળના વખતમાં બ્રહ્મચારીને શીખવાનાં કામો અને પાળવાના નિયમો એ અવિચારી જૂનવાણી દુરાગ્રહ નહોતો પણ દરેક વિદ્યાર્થીના જીવનને ઘડવામાં જરૂર પડતી બાબતો સમજવાની દીર્ઘ અને તીક્ષ્ણ દૃષ્ટિ હતી.

આપણે આશા રાખીશું કે હવેનું હોસ્ટેલ જીવન તપોવનમાં રહેનારા ઋષિકુમારો જેવું ભલે ન થાય પણ ધર્મજ્ઞાણ, કદાવર શરીરસંપત્તિવાળું, ઊંચી બુદ્ધિશક્તિવાળું, સાદાઈ અને સંયમવાળું તથા પોતપોતાનું બધું કામ પોતે જાતે કરી શકે તેટલી શક્તિ ધરાવનારું તો થશે જ—થવું જોઇએ જ. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય આ જાતની પ્રવૃત્તિમાં નમુનારૂપ પરિણામ લાવવામાં ખૂબ સફળ બનો એજ પ્રાર્થના.

શું આશ્રમો, શું ઇંટન કે હેરો અને શું આપણાં છાત્રાલયો: એ બધાંયની પાછળ આદર્શ તરીકે તો આપણું શુદ્ધ ને સંસ્કારી ગૃહજીવન ઊભું છે; અને સંસ્કારી શુદ્ધ ગૃહ એ દુનિયાની મોટામાં મોટી કેળવણીની સંસ્થા છે. આપણાં આશ્રમ જીવન અને ઇટન હેરોમાં આજે પણ જે કાંઈ આપણને મુગ્ધ કરે છે તે આવા શુદ્ધ સંસ્કારી ગૃહજીવનના અંશો છે. શુદ્ધ સ્વતંત્ર વાતાવરણ, પરસ્પરનો વણમાગ્યો સહકાર, બીજાને માટે પોતાની સગવડનો ત્યાગ, સાદાઈ અને જાતમહેનત, પ્રેમ પર બંધાએલ એક-તંત્રતા : આ બધાં જ્યાં મોજુદ હોય ત્યાં સાચું ગૃહજીવન છે—અને આ બધાં મોજુદ હોય ત્યાં સાચું છાત્રાલય છે. પ્રાચીન કાળના આશ્રમોનું જીવન આજે એની એ ઢબે ઊભું કરવું એ નકામું છે. આપણે તો એ આશ્રમજીવનની ભાવનાઓને ચિરંજીવ રાખવી અને તેમને આજનો લેબાસ પહેરાવવો પડે તો પહેરાવવો. આજની સંસ્થા આજની ભૂમિમાં ઊગે છે, આજનાં ખાતરપાણી પર પોષાય છે, આજની હવા તેને મળે છે એટલે તેને ખરેખર આજની જ બનાવવી જોઇએ; નહિતર એ ઊગશે જ નહિ અને ઊગશે તો જૂના જમાનાના અવશેષ તરીકે સંગ્રહસ્થાનમાં રાખવા જેવી થશે. એ જ પ્રમાણે ઇટન કે હેરોનું સમજવું. જેઓ પરદેશની કેળવણીની સંસ્થાઓથી પરિચિત છે, તેઓ તો જાણે છે કે ઇટન હેરો જેવી સંસ્થાઓ પણ એ દેશોમાં આજે પ્રવાહપતિત ગણાય છે. છતાંયે આ બધી સંસ્થાઓની ભાવનાઓ આપણને જરૂર કામ લાગે. પ્રાચીન કાળના ગુરુઓનો વિદ્યાવ્યાસંગ, તેમના જીવનની સાદાઈ, ગુરુશિષ્યનો આધ્યાત્મિક સંબંધ, શિષ્યોની વિદ્યાપરાયણતા, તેમનો સુશ્રૂષાભાવ, આ બધું કોઈ પણ ઘર જેવી સંસ્થામાં આવવું જોઇએ. એ જ પ્રમાણે ઇટન કે હેરોનું સ્વતંત્ર વાતાવરણ, વિદ્યાર્થી વિદ્યાર્થીની મૈત્રીઓ, એનું કૃણ જીવન, ત્યાં કેળવાતો સ્વાશ્રય, ત્યાંના વિદ્યાર્થીઓની છુટથી રમાતી રમતો અને એથીય વધારે ઇટન કે હેરોનું નામ ત્યાંના વિદ્યાર્થીને જીવનમાં જે જાદુ આપે છે તે જાદુ, આ બધાં પણ આપણને જરૂર ખેંચે. —**નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ.**

મનુષ્યજિંદગીનું સાધ્ય શું છે ?

લેખક: કુંવરજી આણંદજી

ચાર ગતિ પૈકી મનુષ્ય ગતિ ઉત્તમ ગણાય છે તેનું કારણ શું ? અને તે ઉત્તમતા સાધ્ય કરવા માટે શું કરવું જોઈએ ? આ બે વિચાર આ લેખમાં ટુંકામાં બતાવ્યા છે.

દેવ, મનુષ્ય, નરક ને તિર્યંચ. એ ચાર ગતિ પૈકી નરક ગતિ તો દુઃખમય છે, દેવગતિ સુખના અતિરેકવાળી છે. તિર્યંચ ગતિ, પ્રાયઃ અજ્ઞાનથી ભરેલી છે, જ્યારે આત્મોન્નતિ માટે મનુષ્યગતિ-માંજ પ્રયાસ થઈ શકે તેમ છે, તેથી તેની ઉત્તમતા ગણાય છે. સાધ્ય સિદ્ધ કરવાનો ઉપાય જ્ઞાન, દર્શન ને ચારિત્રની આરાધના કરવી તે છે. જ્ઞાનની આરાધનાનો મુખ્ય પ્રકાર જ્ઞાનાભ્યાસ કરવો તે છે. જ્ઞાના-ભ્યાસના અનેક પ્રકાર છે. વ્યાવહારિક, નૈતિક, ધાર્મિક વિગેરે. વ્યાવહારિક અભ્યાસ તો મનુષ્ય માત્ર આજીવિકાની પ્રાપ્તિ માટે કરે છે તેને માટે ખાસ પ્રેરણા કરવી પડતી નથી. નૈતિક અભ્યાસ સદાચાર-પરાયણ મનુષ્ય જરૂર કરે છે. સદ્‌ગુણના અનેક પ્રકાર છે, તે મેળવવા માટેનો અભ્યાસ પણ અનેક પ્રકારનો હોય છે. શુદ્ધ નીતિ અથવા શુદ્ધ વ્યવહાર તે ધર્મરૂપી મહેલમાં આરોહણ કરવાનું પ્રથમ સોપાન છે. તેના વિના એ પ્રાસાદ પર ચડી શકાતું નથી, પરંતુ તેથી આગળ ચડવા માટે ધાર્મિક અભ્યાસની ખાસ આવશ્યકતા છે. હાલમાં અપાતી ધાર્મિક કેળવણી તે તેનું પ્રથમ સોપાન છે. તેની આવશ્યકતા છે, પરંતુ તેના અનેક પ્રકાર છે. હાલમાં અપાતી નવકાર મહામંત્રથી શરૂ થતી ધાર્મિક કેળવણીની જરૂર છે, પરંતુ તેની શુદ્ધતા ને અર્થવિચારણાની ઉપેક્ષા કરવા યોગ્ય નથી. તેની અર્થવિચારણામાં શુદ્ધ વ્યવહાર થવા યોગ્ય અનેક બાબતો શ્રાવકના વંદિતા સૂત્ર વગેરેમાં આવે છે. આત્માને ઉચ્ચ સ્થિતિમાં લાવવાના તેમાં બીજો રહેલા છે. તે અભ્યાસ માગધી ભાષામાં કરવાનો છે તેમાં પણ બહુ રહસ્ય સમાયેલું છે. એવી એક ભાષા કે જેનો અભ્યાસ કરવાથી અનેક ભાષાના બોલ-નારા શ્રાવક ભાઇઓ એક સાથે બેસીને ધર્મક્રિયા કરી શકે તેવી ભાષા માગધીજ છે. તેનો અભ્યાસ કઠણ નથી. તે રસ્તે ચાલ્યા સિવાય તે રસ્તાને વિકટ કહેવો તે એક પ્રકારની અજ્ઞાનતા છે. જો દરેક દેશના માણસો પોતપોતાની ભાષામાં પ્રતિક્રમણાદિ ક્રિયા કરવા માંડે તો પછી તીર્થસ્થળે કે અન્યત્ર જ્યાં ઘણા દેશના જૈનબંધુઓ એકઠા મળે છે ત્યાં સૌ સાથે બેસીને ધર્મક્રિયા કરી શકે નહીં. અલબત તેનું ભાષાંતર-અનુવાદ પોતપોતાની ભાષામાં કરાવી શકાય છે અને તેવી જરૂર પડી છે.

જૈન શાસ્ત્રોમાં ચાર અનુયોગ બતાવેલા છે. ૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. ચરણકરણાનુ-યોગ ને ૪. ધર્મકથાનુયોગ. એ ચારમાં મુખ્યતા દ્રવ્યાનુયોગની છે. એની અંદર ષડ્‌દ્રવ્ય અને નવતત્વ વિગેરેનું અપૂર્વ જ્ઞાન સમાયેલું છે. ધર્મકથાનુયોગ તો પ્રાયઃ બાળ તેમજ અલ્પજ્ઞ જીવો માટે છે, જો કે તે પણ બહુ જ ઉપકારક છે અને વ્યાખ્યાનાદિ પ્રસંગે તેની પણ ખાસ જરૂર છે; પરંતુ જૈનશાસ્ત્રની જે મહત્તા છે તે દ્રવ્યાનુયોગમાં છે. તેમાં બતાવેલું જીવોનું સ્વરૂપ અને કર્મોનું સ્વરૂપ કોઈ પણ દર્શનનાં શાસ્ત્રોમાં બતાવેલું નથી. એનો અભ્યાસ કરવાથી ચોકસ સમજી શકાય તેમ છે કે આ હકીકત અતીંદ્રિય હોવાથી સર્વજ્ઞ સિવાય તે કહી શકાય તેમ નથી. આ વિષયમાં અભિપ્રાય તેના અભ્યાસી જ આપી શકે તેમ છે. બીજાનો ઉપલકિયો અભિપ્રાય તેમાં કામ આપે તેમ નથી.

છયે દ્રવ્યોનું બારીક સ્વરૂપ, જીવના ભેદ, તેનાં સ્થાન, તેનું આયુષ્ય, તેનાં સંસ્થાન, સંઘયણાદિ અન્યશાસ્ત્રોમાં લભ્ય થઈ શકે તેમ નથી. આઠ કર્મ, તેની ઉત્તર પ્રકૃતિઓ, જીવનાં ચૌદ ગુણઠાણાં,

દરેક ગુણઠાણે કર્મનો બંધ, ઉદય, ઉદીરણા ને સત્તા આ બધું એટલા વિસ્તારથી બતાવવામાં આવ્યું છે કે તેમાં સ્થૂળ બુદ્ધિ કામ કરી શકે તેમ નથી. આ જગત બધું કર્મનું જ ચિત્ર છે. તેમાં ફેરફાર કર્મજન્ય થાય છે, છતાં જૈન શાસ્ત્રકાર ઉદ્યમને જ પ્રધાન માને છે. ઉદ્યમવાદી જ તીવ્ર પ્રયત્ન વડે કર્મો ખપાવીને મોક્ષે જઈ શકે છે. કર્મવાદી જઈ શકતો નથી. આ વાત પણ બહુ સમજવા જેવી છે. પ્રાયઃ જીવ કર્મ ભોગવે છે, તે કરતાં ઘણાં વધારે બાંધે છે. તે બધાં જો ભોગવવાં જ પડે, તો કોઈ જીવ મોક્ષે જઈ શકે જ નહીં, પરંતુ શ્રેષ્ઠ અધ્યવસાય વડે જીવ પુષ્કળ કર્મોનો નાશ કરે છે, તેથી જ આત્મા મોક્ષે જઈ શકે છે, આ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે.

જૈન શાસ્ત્રની મહત્તા માટે જેટલું લખાય તેટલું થોડું છે. તેણે વ્યવહાર પણ ઊંચા પ્રકારનો બતાવ્યો છે. નીતિનું ધોરણ પણ તેનું ઊંચું છે. તે પ્રમાણે વર્તનાર ભવ્ય જીવો શુદ્ધ વ્યવહાર વડે આત્માની નિર્મળતા કરી આગળ વધે છે. જૈન શાસ્ત્રકારે વ્યવહારની ઉપેક્ષા કરી જ નથી, તેને પણ જરૂરનો માનેલ છે, પરંતુ તેમાં અટવાઈ જવાનું નથી. તેને છેવટનો માનવાનો નથી. તેનાથી આગળ જવાનું ઘણું છે તેથી દરેક ગુણમાં આગળ વધતા જઈએ, તો પ્રાંતે પ્રાપ્ત કરવાની સ્થિતિએ પહોંચી શકાય છે, તેથી પ્રથમ શુદ્ધ વ્યવહારી બનો, સાચા શ્રાવક થાઓ, પછી આગળ વધો કે જેથી કલ્યાણના ભાજન બની શકો.

આ જગ્યાએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે માત્ર જ્ઞાનાભ્યાસથી કાર્યસિદ્ધિ નહીં થાય, પરંતુ તેમાં બતાવ્યા પ્રમાણેના અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને સંતોષ વિગેરે ગુણો મેળવવાની તેટલીજ જરૂર છે. આનું નામ ક્રિયા પણ કહેવાય છે. આ શુષ્ક ક્રિયા નથી. જ્ઞાનયુક્ત હોવાથી રસવાળી છે. ઉત્તમ બોધ ને સદાચાર અર્થાત્ જ્ઞાન ને ક્રિયા એ બે વડે જ સાધ્યની સિદ્ધિ થવાની છે, માટે જો મનુષ્ય-જિંદગીને સફળ કરવાની જિજ્ઞાસા જાગૃત થઈ હોય તો પ્રથમ સત્સંગ મેળવો અને તેની સાથે ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાનાભ્યાસ કરી સદાચારપરાયણ બનો, વ્રતનિયમ ગ્રહણ કરો, તપ, જપ, વગેરે કરો. દેવ ગુરુને ઓળખી તેની યથાયોગ્ય ભક્તિમાં તત્પર બનો. તો જ તમારી મનુષ્યજિંદગી સફળ થશે. અને તમે તમારા આદર્શ જીવન વડે બીજા અનેક મનુષ્યોને સન્માર્ગે ગમન કરવાના કારણભૂત બનશો. આવી મનુષ્યજિંદગી પૂર્વે અનેક વખત મળ્યા છતાં શુદ્ધ ધર્મના આરાધન વિના નિરર્થક ગઈ છે તેવું આ વખત ન બને એ વાત ખાસ લક્ષમાં રાખશો.

પ્રાણીમાત્રને આ લોકમાં (૧) મનુષ્યત્વ, (૨) ધર્મશ્રવણ, (૩) ધર્મ ઉપર વિશ્વાસ અને (૪) સંયમમાં પુરુષાર્થ એ ચાર ઉત્તમ અંગો અતિદુર્લભ છે.

મનુષ્યપણું પામેલો જે જીવ ધર્મને સાંભળીને તેના ઉપર શ્રદ્ધા રાખે છે તેમજ તે પ્રમાણે પુરુષાર્થ કરીને તપ તથા સંયમને સેવે છે, તે કર્મરજને તદ્દન ખંખેરી નાખે છે એટલે કે મોક્ષ મેળવે છે. —ઉત્તરાધ્યયન સૂત્ર—

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં સાધ્ય, સાધન અને સાધક સંબંધી વિચારણા

લેખક: સુરચંદ્ર પુરુષોત્તમદાસ બદામી, બી. એ., એલએલ. બી.
રિટાયર્ડ સ્મોલકૉઝીઝ કોર્ટ જજ.

૧. કોઈપણ પ્રયત્ન સફળતાપૂર્વક અને લાભકારક રીતે સાધી શકાય તેટલા માટે ત્રણ વસ્તુઓ પર ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે. એ ત્રણ પૈકી એક પણ વસ્તુ યથાર્થ ન હોય તો તે કાર્ય લાભકારક નીવડતું નથી અને સફળ પણ થતું નથી. એ ત્રણ વસ્તુઓ:—(૧) સાધ્ય, (૨) સાધન અને (૩) સાધક છે.

આપણા શ્રી મહાવીર જૈન વિદ્યાલય રૂપ પ્રયત્નને માટે પણ આ ત્રણે વસ્તુઓ, કાર્યની શરૂઆત કરતાં પહેલાં, નિશ્ચિત કરવામાં આવેલી છે. આ પ્રસંગે આ ત્રણે વસ્તુઓના સંબંધમાં આપણે કાંઈક વિચારણા કરીએ તો તે યોગ્ય જ લેખાશે. આપણી સફળતા કેટલે દરજ્જે થઈ છે અને આપણે શો લાભ પ્રાપ્ત કર્યો છે, આપણી ક્ષતિઓ અને ઊણપો કયાં કયાં અને કઈ કઈ છે, અને જો હોય તો તે દૂર કરવા માટે આપણે શું કરવું જોઈએ એ વિગેરે નક્કી કરવાના માર્ગ તરફ આપણે આ વિચારણાથી વિચરી શકીએ. વિદ્યાલય જેવી સંસ્થાની આવશ્યકતા માટે હાલની પરિસ્થિતિમાં બે મત હોઈ શકે નહિ. પરંતુ સમાજને એકંદર જોતાં આપણે આ સંસ્થાદ્વારા મેળવી શકતા બધા લાભો મેળવી શકયા છીએ કે કેમ અને ન મેળવી શકયા હોઈએ તો તેને માટે આપણી પ્રવૃત્તિઓમાં શા શા સુધારા વધારા કરવાની જરૂર છે તે બાબત આપણે વિચાર કરી શકીએ. આવાં આવાં અનેક કારણોને લઈને હું આ વિષય પર મારા અલ્પ અનુભવ અને અલ્પ બુદ્ધિ અનુસાર કેટલાક વિચારો દર્શાવું તો હું ધારું છું કે તે સાર્થક લેખાશે.

૨. **વિદ્યાલયનું સાધ્ય** તેના બંધારણ અને ધારા ધોરણોમાં સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. "**જૈન કોમ અને ધર્મની ઉન્નતિ કરવા માટે** કેળવણીને લગતી અગત્યની સંસ્થાઓ ફંડના પ્રમાણમાં ખોલવી, કેળવણીના વિશેષ પ્રચાર માટે યોજનાઓ કરવી અને તેને અમલમાં મૂકવાના પ્રયત્નો કરવા". આ પ્રમાણેનો ઉદ્દેશ રાખેલો હોવાથી એ તો ચોખ્ખું છે કે વિદ્યાલયનું સાધ્ય **જૈન કોમ અને જૈન ધર્મની ઉન્નતિ કરવાનું** છે, અને એ સાધ્ય પાર પાડવા માટે કેળવણીના ક્ષેત્રમાં પ્રયત્નો કરવાની આવશ્યકતા સ્વીકારવામાં આવેલી છે. જૈન કોમ અને ધર્મની ઉન્નતિ કોને કહેવી એ બાબતમાં વિશેષ વિચાર કરવાનું હોય જ નહિ. આ વિદ્યાલયમાં અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થીને વિદ્યાલયમાં દાખલ થતાં પહેલાં પ્રતિજ્ઞા-પૂર્વક લેખી જાહેર કરવું પડે છે કે તે પોતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે, અને લોન કે હાફ-પેઈંગ વિદ્યાર્થીઓના પિતા અથવા વાલીએ પણ પ્રતિજ્ઞાપૂર્વક લેખી જણાવવું પડે છે કે તે પોતે અને તેનો પુત્ર મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન છે.

વિદ્યાર્થીગૃહમાં રહેતા વિદ્યાર્થીઓના વર્તન વગેરે માટે જે નિયમાવલી કરવામાં આવેલી છે, તેમાં નિયમિત રીતે ધાર્મિક અભ્યાસવર્ગમાં હાજર રહેવા માટે, ધાર્મિક પરીક્ષાઓ આપવા માટે, દરરોજ દહેરાસરજીમાં પૂજા કરવા માટે, રજાના દિવસોમાં ઠરાવ્યા પ્રમાણે ધાર્મિક ક્રિયાઓ કરવા બાબત, અભક્ષ્ય ખાનપાન નહિ કરવા, અને વિશેષે કરીને રાત્રિભોજન ન કરવા વિગેરે બાબતોના નિયમો કરવામાં આવેલા છે. આ વિગેરે હકીકતથી આપણને ખુલ્લી રીતે સમજાય તેમ છે કે **આપણું મુખ્ય સાધ્ય બે પ્રકારનું છે**, અને તેમાં **પ્રથમ દરજ્જાનું સાધ્ય** તો આપણી કોમના વિદ્યાર્થીઓ આપણા મહાન ધર્મનું

રહસ્ય સમજતા થાય, ઉત્તમ પ્રકારે આપણી ધાર્મિક ક્રિયાઓ, અને આચારો અમલમાં રસપૂર્વક મૂકે, તેમજ એ બાબતોના પોતાના જ્ઞાનના અને આચરણના અંગત અનુભવથી બીજાઓને પણ રસ લેતા કરે. પણ એ સાધ્ય પાર પડે તેટલા માટે તેઓની આર્થિક સ્થિતિ પણ સારી હોવી જોઈએ. તે ન હોય તો તેઓ એ સાધ્ય સંતોષકારક રીતે સાધી શકે નહિ અને બીજાઓ ઉપર સારી છાપ પણ પાડી શકે નહિ. તેટલા માટે **બીજા દરજ્જાના સાધ્ય** તરીકે વ્યાવહારિક કેળવણી આપવાની આવશ્યકતા માનવામાં આવેલી છે અને વિદ્યાર્થીઓને સારી ઉચ્ચ પ્રકારની કેળવણી મળે તેવા પ્રબંધો રચવાની જરૂરિયાત સ્વીકારાયલી છે. ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે જૈન કોમ અને જૈન ધર્મની ઉન્નતિ થઈ શકે તે ઉદ્દેશથી કેળવણી આપવાનો ઉદ્દેશ મૂળથી રાખવામાં આવ્યો છે. આ ઉદ્દેશ ખરેખર બહુ દીર્ઘ-દૃષ્ટિથી રાખ્યો છે અને તે પ્રશંસનીય તેમજ અનુમોદનીય છે. સાધ્ય વિષે આટલું વિવેચન કરી એ સાધવા માટેના સાધન અને તે સાધનોનો લાભ લેનારા સાધકો વિષે આપણે થોડો વિચાર કરીશું.

૩. આપણા વિદ્યાલય માટે **જે સાધ્ય નિશ્ચિત કરવામાં આવ્યું છે તે પ્રાપ્ત કરવા માટે** જુદી જુદી પરિસ્થિતિઓ અને સંજોગોને ધ્યાનમાં રાખીએ તો **વિદ્યાલયના ઉત્પાદકો અને સંચાલકોએ પોતાનું બનતું કર્યું છે** એમ તો આપણે કબૂલ કરવું જોઈએ, અને તેઓને તે માટે ધન્યવાદ આપવો જોઇએ. વ્યાવહારિક કેળવણી માટે જે સાધનો કરી આપવામાં આવેલાં છે તે કેટલેક દરજ્જે સંતોષકારક ગણાય, જો કે તેમાં પણ ફંડની છૂટ હોય તો ઘણો વધારો કરવાની જરૂર છે જ. મોટાં મોટાં શહેરોમાં પ્રાથમિક, મિડલ અને હાઇસ્કુલોની કેળવણી, ધંધારોજગારની કેળવણી, તેમજ હાલના સમયને ઉચિત અને જરૂરી અનેક પ્રકારની ટેકનીકલ અને બીજી કેળવણી આપવાના પ્રબંધો રચાય, ધાર્મિક સાહિત્યનાં પ્રકાશનો થાય, ધાર્મિક ચર્ચાઓ કરનારી સંસ્થાઓ ખોલાય, જૈનત્વનું વાતાવરણ ફેલાય તેવા અનેક કાર્યો આરંભાય, અને એકંદરે જૈનોની આધ્યાત્મિક તેમજ વ્યાવહારિક સ્થિતિ ઉચ્ચ પ્રકારની થાય અને જૈન ધર્મનો પ્રભાવ સર્વ વિશ્વમાં ખીલતો રહે તેવા અનેક ઉપાયો યોજાય. જુદા જુદા સ્થળોએ બોર્ડીંગ હાઉસોની વ્યવસ્થા પણ થઈ શકે કે જ્યાં રહીને આપણા ધાર્મિક આચારવિચારનું જ્ઞાન આપણા બાળકો સરળતાથી મેળવી શકે. પણ આ બધામાં પૈસાની રેલછેલ જોઇએ, અને તેની સાથે પૂરતી દેખરેખ રાખનારા અને પોતાના વર્તનથી અને જ્ઞાનથી ઉત્તમ સંસ્કારો પાડી શકે તેવા સંચાલકો, કાર્યવાહકો અને શિક્ષકો પણ જોઇએ. એ જો મળી શકે તો વિદ્યાલય કેન્દ્રસ્થાનમાં રહી તેની અનેક શાખાઓ મારફત આપણું સાધ્ય સાધવામાં ઉત્તમ સંસ્થા બની રહે. એ બાબત હાલ આપણે ભવિષ્યને માટે રાખીએ. હાલમાં જે પરિસ્થિતિમાં આપણે છીએ તેના ઉપર લક્ષ્ય રાખીને હાલ તો આપણે આપણું કાર્ય ધપાવવું સલાહભરેલું છે. તેમાં ઉપર જણાવ્યું તેમ વ્યાવહારિક કેળવણી માટેનાં સાધનો તો કેટલેક દરજ્જે સંતોષકારક માની શકાય, પણ જે મુખ્ય સાધ્ય સાધવા માટે કેળવણીનું આલંબન લેવામાં આવેલું છે તેને માટેનાં સાધનોમાં અનેક પ્રકારની ન્યૂનતા છે. આને માટે વિદ્યાલયના સંચાલકોનો દોષ કે બેદરકારી જણાવવા માંગતો નથી. કેટલીક બાબતો તો એવી છે કે જે તેઓને અનીચ્છાએ ચલાવી લેવાની ફરજ પડે છે, અને આંખ આડા કાન કરવા પડે છે. વિદ્યાર્થીઓને એટલું અને એવા પ્રકારનું ધાર્મિક જ્ઞાન મળે કે જેથી તેઓના ધાર્મિક આચાર અને વિચાર ઉત્તમ પ્રકારના થાય, અને વિદ્યાલયમાં રહેતા હોય ત્યારે તેમજ વિદ્યાલય-માંથી બહાર નીકળ્યા પછી પણ તેઓનાં વાણી અને વર્તન સુશ્રાવક તરીકેનાં હોય, તેઓમાં ધર્મભાવના ખરેખરી પરિણમેલી હોય, અને જે વ્યાવહારિક લાઈન પોતાના અભ્યાસક્રમ તરીકે તેઓએ સ્વીકારેલી હોય અથવા અભ્યાસને અંતે લીધી હોય તે લાઈનમાં ઈતર જનોની સરખામણીમાં દીપી નીકળે અને માનવંતી સ્થિતિમાં આવે એવો જ્યારે આપણો અનુભવ થાય ત્યારે આપણી કોમની અને આપણા

ધર્મની વાસ્તવિક ઉન્નતિ થયેલી ગણાય. જેટલે દરજ્જે આ બાબતમાં આપણે આગળ વધીએ તેટલે દરજ્જે આપણું મુખ્ય સાધ્ય સાધવામાં આપણે સફળ થયા છીએ એમ ગણી શકાય. પણ એથી ઉલટું વિદ્યાલયના ચાલુ વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી જેઓને સુશ્રાવકને શોભે એવા આચાર અને વિચારનું જ્ઞાન પણ ન હોય અને તે તરફ ભાવ કે દિલસોજી પણ ન હોય, અથવા જ્ઞાન હોય છતાં શ્રદ્ધા અને દિલસોજી ન હોય તો તેઓના સંબંધમાં વિદ્યાલય પોતાનું મુખ્ય સાધ્ય સાધવામાં નિષ્ફળ નીવડ્યું છે એમજ કહી શકાય; અને તેઓ માટે કરવામાં આવેલી તમામ પ્રવૃત્તિ નકામી ગણાય, એટલુંજ નહિ પણ થયલો ખર્ચ અને મહેનત બરબાદ ગયા અથવા ધર્મવિરોધીઓ ઉભા કરવા માટે થયા એમ કહેવામાં આવે તો તે ખોટું છે એમ આપણે ન કહી શકીએ. આ કારણને લીધે આ બાબતમાં વિશેષ કાળજીપૂર્વક લક્ષ્ય રાખવાની આવશ્યકતા છે.

૪. ધાર્મિક જ્ઞાન આપવા માટે અને ધાર્મિક આચારવિચાર સમજાવવા અને પરિણમાવવા માટે જે પ્રયાસ કરવાનો છે તે મુખ્યતાએ ધાર્મિક શિક્ષક અને વિદ્યાલયના સુપરીન્ટેન્ડન્ટના ઉપર અવલંબે છે. અંગ્રેજીમાં કહેવત છે કે " Example is better than precept." એ કહેવત ખરેખર અનુભવસિદ્ધ છે. એ કહેવતને અનુસરીને શિક્ષક અને સુપરીન્ટેન્ડન્ટ બન્ને પોતાની વાણી અને વર્તનમાં, આચાર અને વિચારમાં સુશ્રાવક હોવા જોઇએ. તેમ હોય તો તેઓની છાપ વિદ્યાર્થીઓ ઉપર અચૂક સારી પડ્યા વગર રહે નહિ. વિદ્યાલયના સંચાલકો જરૂર આ બાબત પર પૂરતું લક્ષ્ય આપતા જ હશે. પણ કેટલીક વખતે એવું પણ બને છે કે યોગ્ય વ્યક્તિ મેળવવા માટે ઘણી મુશ્કેલીઓ આવે છે, અને તેવે વખતે ગમે તેવી વ્યક્તિને આ કાર્ય સોપવાની સંચાલકોને અનીચ્છાએ ફરજ પડે છે. આવા પ્રસંગોએ, વિદ્યાલય એ ધર્મની અને કોમની ઉન્નતિ કરવા માટેની સંસ્થા છે એમ ગણીને ધર્મની અને કોમની ઉન્નતિ ઇચ્છનાર બંધુઓની પણ ફરજ છે કે આ બાબતમાં રસ લઇ આવા અગત્યના સ્થાનો માટે યોગ્ય પુરુષો મેળવી આપવા માટે ખરા દિલથી તેઓ પ્રયાસ કરે.

૫. વિદ્યાલયમાંથી બહાર પડેલા વિદ્યાર્થીઓએ અમુક અમુક બાબતો તો ખાસ જાણવાની અને યથાશક્તિ આચરવાની હોયજ. સામાયિક, ગુરુવંદન, દેવપૂજન, પ્રતિક્રમણ, સમ્યક્ત્વ, શ્રાવકના વ્રતો, સાધુના મહાવ્રતો, નવતત્વ, આઠ કર્મ, ચૌદ ગુણસ્થાન, દેવ, ગુરુ તથા ધર્મનાં લક્ષણો, આ અને આવા આવા બીજા અનેક વિષયોનું જ્ઞાન તેઓએ મેળવેલું હોવું જોઇએ, અને તેમાંથી જે આચરવા લાયક હોય તે પોતે સકારણ આચરી ન શકે તે જુદી વાત છે, પણ તે આચરવા લાયક છે એવી શ્રદ્ધાપૂર્વક માન્યતા ધરાવનારા હોવા જોઇએ, અને જેઓ આચરતા હોય તેમની અનુમોદના કરી તેમના તરફ પ્રમોદ રાખનાર હોવા જોઇએ. વિદ્યાર્થી આ સ્થિતિમાં આવે કયારે ? જ્યારે આ બાબતો તેને અનેક રીતે સમજાવવામાં અને ઠસાવવામાં આવે, અને એ બાબતોનો તેને અભ્યાસ પણ કરાવવામાં આવે અને આચરણમાં મૂકવા માટે ટેવ પાડવામાં આવે, ત્યારે વિદ્યાર્થીને તેમાં રસ પડે. વિદ્યાલયમાં આવી બાબતોની નાની નાની પુસ્તિકાઓ તૈયાર કરાવાય, વિદ્યાર્થીઓના રૂમોમાં, અને બીજા સ્થળોએ એના બોર્ડો તૈયાર કરી યોગ્યતા પ્રમાણે રાખવામાં આવે, અને તે વિદ્યાર્થીઓના અનાયાસે વાંચવામાં આવે તો તેની અસર પણ સારીજ થાય.

૬. વિદ્યાર્થીઓને પાળવાના નિયમોનો અમલ કરવામાં પણ જેમ બાળકને ઓસડ પાવા માટે કેટલીક વખત કઠોરતા બતાવવાની જરૂર રહે છે, તેમ તેમાં પણ સખ્તાઈ રાખવાની જરૂર છે અને તેવી સખ્તાઈ થતી હોય તો વિદ્યાર્થીઓના બાપા, વાલી કે તેઓના સગાસંબંધીઓએ એ બાબતમાં તે વિદ્યાર્થીને થોડું ખમવું પડતું હોય તો પણ તેને માટે કોઈ પ્રકારનું વિદ્યાલય વિરુદ્ધ જાહેરમાં વચન

કાઢવું ન જોઇએ, એટલું જ નહિં પણ ધર્મ અને કોમની ઉન્નતિ માટે તે કામ કરવાનું યોગ્ય જ હતું એમ જણાવી **સંચાલકોને મદદ અને ઉત્તેજન આપવું જોઇએ.**

૭. ધાર્મિક વાંચનનો શોખ વિદ્યાર્થીઓમાં વધે તેટલા માટે તેઓને મોટી રજા દરમ્યાન અને છુટ્ટીના દીવસોમાં વાંચવા લાયક પુસ્તકો આપવાં જોઇએ, બની શકે તો તેવા દીવસોમાં સામાયિક લઇને રોજ કે અનુકૂળતા પ્રમાણે બે ઘડી તો ઓછામાં ઓછું આ વાંચન રાખવું એમ સમજાવી સારી ભાષામાં લખાયલા અને ધર્મના તત્વો અને આચારોને સુંદર રીતે ઠસાવનારા રસિક પુસ્તકો વાંચવા માટે પ્રેરણા થાય તો તેથી જરૂર મનોવૃત્તિમાં સુધારો થયા વગર રહે નહિ, અને તેની સાથે ધાર્મિક જ્ઞાન પણ સારું વૃદ્ધિ પામે.

ધાર્મિક ક્રિયાઓ માટે પણ વિદ્યાર્થીઓના ઉપયોગ માટે જરૂરી ઉપકરણો પૂરાં પાડવાં જોઇએ, અને વિદ્યાર્થીઓ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય અને તે તરફ આકર્ષાય એવા પ્રબંધો થવા જોઇએ.

આવી આવી અનેક બાબતો વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાન અને ક્રિયા તરફ આકર્ષવા માટે સૂચવી શકાય અને જેમ જેમ વિશેષ અનુભવ મળતો જાય તેમ તેમ તેમાં સુધારો વધારો પણ કરી શકાય.

૮. વ્યાવહારિક કેળવણીને અંગે એક વાત ખાસ જણાવવાની જરૂર છે અને તે **શારીરિક કેળવણી** વિષે છે. **એ તરફ વિદ્યાર્થીઓનું ખેદજનક દુર્લક્ષ્ય રહેતું** હોય એમ જણાય છે. શારીરિક કેળવણી માટે જરૂરી પ્રબંધ કરવો એ સંચાલકોની ફરજ છે, પણ તે પ્રબંધનો પૂરેપૂરો લાભ લેવો એ વિદ્યાર્થીઓના હાથમાં છે. કેટલીક વખતે એવું બને છે કે જુદા જુદા પ્રબંધો કર્યા છતાં પણ વિદ્યાર્થીઓ તેનો લાભ લેવા માટે બહુ મોળા દેખાય છે, અને કરેલો અને કરવામાં આવતો ખર્ચ ફોકટ જાય છે. તેથી સંચાલકોને તે પ્રબંધો મુલતવી રાખવા કે બંધ કરવા પડે છે. હાલની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને શરીરસંપત્તિ સુધારવા માટે ખાસ ઉપદેશ અને પ્રેરણા કરવી પડે એ શોચનીય છે. પોતે અથાગ મહેનત લઈને મેળવેલું જ્ઞાન જો શરીરસંપત્તિ સારી ન હોય તો નિરર્થક થઈ રહે છે, અને તેનો લાભ જોઇએ તેવો લઈ શકાતો નથી અને બીજાઓને આપી શકાતો નથી. આ બાબત ખાસ લક્ષ્યમાં રાખવી જોઇએ. **શરીર તંદુરસ્ત** રહે અને **સંયમી** થઈ શકાય તેટલા માટે એના ઉપર અવશ્ય ધ્યાન આપવું જોઇએ.

૯. સાધ્ય અને સાધન બને અનુકૂળ હોય પણ સાધક જો સાધ્ય તરફ બેદરકારી રાખતો હોય અને સાધનો તરફ અભાવ કે બેપરવાઈ ધરાવે તો સઘળું કાર્ય નિષ્ફળ જાય. માટે સાધકોને અંગે પણ કાંઈક વિચારણા કરવાની જરૂર છે. વિદ્યાલયમાં દાખલ થનારા સાધકો યાને વિદ્યાર્થીઓ બાળ વયના હોતા નથી. મેટ્રીકયુલેશનની પરીક્ષા પાસ કર્યા પછી તેઓ વિદ્યાલયમાં પ્રવેશ મેળવી શકે છે. તેઓમાં તે વખતે થોડા થોડા ધાર્મિક સંસ્કારો તો હોવા જોઇએ તેમજ સામાન્ય પ્રકારનું ધાર્મિક જ્ઞાન પણ તેઓએ પહેલેથી જ સંપાદન કરેલું હોવું જોઇએ. જે વિદ્યાર્થીઓમાં તે બિલકુલ હોય નહિ, તેઓને વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલા નિયમો પાળવાનું ફરજિયાત થાય ત્યારે તેમને બહુ વસમું લાગે અને તેઓ તેને પોતાની સ્વતંત્રતાની ઉપર પરાણે તરાપ પડે છે એમ માને અને તેથી બહારના દેખાવમાં તે નિયમોનું પાલન કરવાનું કપટ કેળવે, અને બીજા સહવિદ્યાર્થીઓને પણ પોતાની આવી હલકી વાસનાથી વાસિત કરવાના પ્રયત્નો આદરે. આમ બને ત્યારે આખું તંત્ર અવ્યવસ્થિત થાય, અને સંચાલકોને ઘણી મુંઝવણ પડે. આવી સ્થિતિ ન થાય, અને વિદ્યાર્થીઓને માટે કરવામાં આવેલા ધાર્મિક નિયમોને સુખરૂપ અમલમાં મૂકવાનું બની આવે તેટલા માટે વિદ્યાલય તરફથી કરવામાં આવેલી સવળતાઓ તરફ વિદ્યાર્થીઓ માનભરેલી દૃષ્ટિએ જુએ, અને આવા નિયમો અને સવળતાવાળા સ્થાનમાં રહીને પોતે કેળવણી લેવા ભાગ્યશાળી થયા છે તેટલા માટે પોતાનું અહો ભાગ્ય માને અને એ મેળવી આપનારા વિદ્યાલયના ઉત્પાદકો, સંચાલકો

અને સહાયકોને આંતરિક ધન્યવાદ આપે–તેવું બની શકે તેટલા માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે તેઓની પરીક્ષાનું પરિણામ ધ્યાનમાં લેવામાં આવે છે તેની સાથે તેઓના ધાર્મિક સંસ્કારો અને ધાર્મિક જ્ઞાન ઉપર પણ લક્ષ્ય આપવું ઘટે. અમુક અમુક પ્રકારના સંસ્કારો અને જ્ઞાન ઓછામાં ઓછા દરેક વિદ્યાર્થીમાં દાખલ થતી વખતે હોવા જ જોઈએ, અથવા અમુક મુદત માટે તેને હંગામી દાખલ કરવામાં આવે અને ખાસ શરત કરવામાં આવે કે અમુક અમુક બાબતોનું જ્ઞાન તેણે વધારેમાં વધારે આટલી મુદત દરમ્યાન મેળવી લેવું અને જો તે તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેને વિદ્યાલયમાં વધુ વખત રાખવામાં નહિ આવે. હાલમાં કોન્ફરન્સ તરફથી ધાર્મિક પરીક્ષાઓ લેવામાં આવે છે, અનેક સ્થળોએ માધ્યમિક કેળવણી માટે બોર્ડીંગ હાઉસો છે, અનેક સ્થળોએ ધાર્મિક જ્ઞાન આપવાની પાઠશાળાઓ છે; એટલે અમુક ધાર્મિક જ્ઞાન મેટ્રીકની પરીક્ષા સુધીમાં મેળવવાનું ઘણું સુલભ છે અને કદાચ અણધાર્યા સંજોગ વશાત્ તે મળી ન શકે તો મેટ્રીકની પરીક્ષા આપ્યા પછી પાસ થઈને વિદ્યાલયમાં દાખલ થવા ઇચ્છા રાખનાર વિદ્યાર્થીને માટે એટલું જ્ઞાન મેળવવું એ ઇચ્છા હોય તો કોઈ પ્રકારે મુશ્કેલ નથી.

૧૦. વિદ્યાર્થી બંધુઓને ઉદ્દેશીને આ પણ જણાવવું ઉચિત અને જરૂરનું છે કે તેઓએ પોતાનું વર્તન વિદ્યાલયમાં તેમજ વિદ્યાલયની બહાર એવા પ્રકારનું રાખવું ઘટે કે જેથી તેઓના સંબંધમાં આવનાર આપણી સમાજના ભાઈઓ અને બહેનોના ઉપર એવી છાપ પડે કે વિદ્યાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિવેક અને વિનયવાન્ થાય છે, દેવ તથા ગુરુ તરફ ભક્તિ અને બહુમાન રાખનારા બને છે, અને પોતાના સાધર્મીઓ તરફ પ્રીતિ અને વાત્સલ્ય ધરાવનારા હોય છે. આવા વર્તનથી તેઓ પોતાની જાતને સુધારી શકે એટલું જ નહિ પણ પોતાના સ્વજન સંબંધીઓ અને સમાજના અન્ય જનોના ઉપર વિદ્યાલય સંબંધમાં ઘણું સાનુકૂલ વાતાવરણ પેદા કરનારા થાય અને તેથી વિદ્યાલયની દરેક પ્રવૃત્તિ માટે ઘણી સરલતા થઈ જાય. વિદ્યાલય સંબંધમાં જાહેર મત સર્વ પ્રકારે અનુકૂલ થાય તો આપણી સમાજમાં અનેક દાનેશ્વરીઓ છે તેઓ પણ–ભાગ્યે જ જે પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેને પોષવા માટે, અને જે વિશેષ પ્રવૃત્તિઓ વધારવાની સંચાલકો ભાવના સેવી રહ્યા છે તે વધારવા માટે પોતાનો હાથ જરૂર લંબાવશે. પણ એથી ઉલટું વિદ્યાલયના વિદ્યાર્થીઓ જો ધાર્મિક જ્ઞાન અને આચારવિચારના સંબંધમાં બિલકુલ દેખાવપૂરતી વૃત્તિ રાખે એટલે કે વિદ્યાલયમાં રહેવાનું હોય ત્યાં સુધી વિદ્યાલયના નિયમો પાળવા જોઈએ એમ માની લઈ તેને એક બોજા રૂપ ગણી અણછૂટકે વિદ્યાલયમાં હોય ત્યાં સુધી પાળે કે પાળવાનો કપટી દેખાવ કરે અને વિદ્યાલયની બહાર ગયા, છુટ્ટીમાં ઘરે ગયા, અથવા વિદ્યાલય છોડી ગયા એટલે તે પ્રવૃત્તિઓ તરફ બિલકુલ બેદરકારી રાખે અને તેમાંથી છુટા થવા બદલનો શ્વાસ ખેંચે, તો તેઓ પોતાનું અહિત કરનાર થશે એટલું જ નહિ પણ વિદ્યાલયનું અને વિદ્યાલયના મુખ્ય ઉદ્દેશનું અહિત કરશે અને વિદ્યાલય તરફ જાહેર જૈન સમાજની અરુચિ પેદા કરી જે સંસ્થાએ તેમને પોષણ આપ્યું, તેના ઘાતક નીવડશે. આ હકીકત ઉપર વિદ્યાર્થી ભાઈઓએ પૂરેપૂરું ધ્યાન આપવાનું છે. અલબત વિદ્યાભ્યાસ કર્યા પછી સંસાર વ્યવહારના અને જીવન પ્રવૃત્તિના અનેક કાર્યોમાં રોકાણ થવાથી વિદ્યાલયની ધાર્મિક પ્રવૃત્તિઓનો સક્રિય અમલ કરવામાં અનેક પ્રકારની અડચણો આવવાનો સંભવ છે, પરંતુ તે પ્રવૃત્તિઓ તરફનાં પ્રીતિ અને બહુમાન તો જરા પણ કમી થવાં ન જ જોઈએ. તે પ્રવૃત્તિઓને અનુકૂલતાએ અમલમાં મુકવાની ભાવના તો કાયમ જ હોવી જોઈએ.

૧૧. ઉપર જણાવ્યા પ્રમાણે સાધ્ય, સાધન અને સાધકનો યોગ મળે તો પ્રવૃતિ સંતોષકારક કાયમને માટે ચાલ્યા કરે. પરંતુ આપણે જે ખાસ ઉદ્દેશ જૈન કોમ અને ધર્મની ઉન્નતિ કરવાનો છે તેને માટે એક વિશેષ બાબતની આવશ્યકતા રહે છે. વિદ્યાલય તરફથી પૂરા પાડવામાં આવેલાં સાધનો દ્વારા

સારી વ્યાવહારિક કેળવણી લઈ ઉત્તમ ધાર્મિક સંસ્કારો પામી ધર્મની ધગશ અને શ્રદ્ધાવાળા વિદ્યાર્થીઓ નીકળે એ ખરું. પરંતુ એ વિદ્યાર્થીઓ અમુક લાઈનમાં જોડાય અને પોતાનો સંસારવ્યવહાર ધર્જજત-આબરૂભરેલી રીતે ચલાવે અને આગળ જતાં તેમાં દીપી નીકળે અને પોતાના સાધર્મી બંધુઓને સહાયભૂત થઈ શકે એવી સ્થિતિમાં મૂકાય તો તેઓ ખરેખર કોમની અને ધર્મની ઉન્નતિ કરનારા થાય. હાલની પરિસ્થિતિમાં તો વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં સફળતાપૂર્વક પાસ થયા પછી પણ ઠેકાણે પડવા માટે કેટલીક વખતે ફાંફાં પડે છે. કોઇ વિદ્યાર્થીઓ કોઈ નોકરી ધંધામાં જોડાય, પણ તેમાં માંડમાંડ પોતાના અને પોતાના કુટુંબના પોષણનો ખરચ મેળવી શકે તો તેથી બેકારીમાંથી તેઓ બચે, પણ કોમની અને ધર્મની ઉન્નતિ કરવાનું ભાગ્ય તેઓને પ્રાપ્ત ન થઈ શકે. વિદ્યાલય આ પરિસ્થિતિમાંથી વિદ્યાર્થીઓને બચાવવા માટે કોમના વ્યવહારકુશળ અને વિશેષ ભાગ્યવાન ગૃહસ્થોની દિલસોજી અને સહાયની આશા રાખે, અને તે આશા ફળીભૂત થાય અને વિદ્યાર્થીઓ તેવા દિલસોજ ભાગ્યવાન ગૃહસ્થોની સહાયથી આગળ પડે અને દીપી નીકળે, તો કોમ અને ધર્મની ઉન્નતિનો ઉદ્દેશ બરાબર પાર પડી શકે. જેમ આપણા પોતાના કુટુંબમાં બાળકોને ભણાવી ગણાવી ઠેકાણે પાડવા અને સારી પાયરી પર ચઢાવવા આપણે આતુર હોઈએ છીએ અને તેને માટે બનતા સર્વ પ્રયત્નો કરવામાં કચાશ રાખતા નથી, તેમ આખા જૈન સમાજને એક કુટુંબ તરીકે લેખી કોમના કેળવાએલા બાળકોને ઠેકાણે પાડી સારી પાયરીએ ચઢાવવા કોમના ભાગ્યશાળી ગૃહસ્થોએ આતુરતા રાખવી જોઇએ. વિદ્યાલયના સંચાલકો અને કાર્યવાહકોએ વિદ્યાલયમાંથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓનું એક રજીષ્ટર રાખી જે જે કાર્યક્ષેત્રમાં જોડાવવાની તેઓની લાયકાત હોય તેની નોંધ કરી તે મુજબ તેઓ જોડાય તેટલા માટે તેઓનો અને તે કાર્યક્ષેત્રોના અધિપતિઓનો મેળ કરાવી આપવા પ્રબંધ કરવો જોઇએ. આપણે સારી રીતે સમજીએ છીએ કે વાડ વિના વેલો ચઢે નહિ. **વિદ્યાર્થીરૂપી વેલાને ઉપર ચઢવા માટે આગેવાન ભાગ્યશાળી ગૃહસ્થોએ વાડરૂપ થવું જરૂરનું છે.**

ઉપર મુજબની વિચારણાને પરિણામે વિદ્યાલય જેવી સંસ્થાએ પોતે નક્કી કરેલા પ્રશસ્ય ઉદ્દેશ સાધવા સારુ કયા માર્ગે ચાલવું જોઇએ તે કાંઇક અંશે આપણે સમજી શકીશું. અત્યાર સુધીમાં જે માર્ગે આપણે ચાલતા આવ્યા છીએ તે માર્ગોમાં કયાં કયાં સુધારા વધારા કરવાની જરૂર છે તેની પણ આપણને કાંઇક ઝાંખી થશે. આ જગતના ઘણા ખરા વ્યવહારોમાં મતફેરીઓ, અને ભિન્ન અભિપ્રાયો તો હોવાના જ પણ તેમાં પરસ્પર ભિન્નતા જણાતી હોય ત્યાં મિત્રભાવે ચર્ચા કરી, વિચાર કરી આપણું જે મુખ્ય સાધ્ય રાખેલું હોય તે જેમ ઉત્તમ રીતે સાધી શકાય તેવે માર્ગે ચાલવું જરૂરનું છે. મારું તે સારું એમ નહિ માનતાં સારું તે મારું એમ માની આપણું કાર્ય આપણે આગળ ધપાવવું જોઇએ. **આપણું વિદ્યાલય પોતાના જૈન કોમ અને ધર્મની ઉન્નતિ કરવાના શુભતમ કાર્યમાં સદા સફળ રહો** એ અંતરની અભિલાષા સાથે મારો આ લેખ હું પૂર્ણ કરું છું.

જીવનના પ્રસંગો કાંઇ ધાર્યે પ્રસંગે બનતા નથી. પ્રસંગ બને અને ગૃહપતિને યોગ્ય જણાય તો તો ચોવીશે કલાક ધર્મોપદેશનો જ સમય ગણાય. પરન્તુ એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવી ઘટે છે. ધર્મોપદેશમાં જેમ ગૃહપતિ એ પ્રસંગ અને સત્યને પહેલાં પોતાનાં કરી લે અને ત્યાર પછીજ તેને વાણીમાં ઉતારે એ જરૂરનું છે, તેમ વિદ્યાર્થીની અભિમુખતા પણ જોઇએ. પાત્ર અભિમુખ નહિ હોય તો જેટલું રેડશો તેટલું વહું જશે; વિદ્યાર્થી કાન નહિ માંડે તો શબ્દો પવનમાં ઊડી જશે. વિદ્યાર્થીની અભિમુખતા જોઈ લેવી એ પણ ગૃહપતિનું કામ છે; અને એવી અભિમુખતા ન હોય તો ઘણીવાર ઉપદેશને પાછો વાળી લેવો એમાં પણ ડહાપણ છે.

—નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ.

વિદ્યાનો સદુપયોગ

લેખક: **પં. લાલચંદ્ર ભગવાન ગાંધી**

શ્રી મહાવીર પ્રભુના મંગલમય પવિત્ર નામ સાથે જોડાયેલ જૈન વિદ્યાલયની ૨૫ વર્ષોની સેવાનું સંસ્મરણ રૌપ્યમહોત્સવ-સ્મારક ગ્રંથરૂપે થાય એ શુભ પ્રસંગને અનુરૂપ પ્રસ્તુત 'વિદ્યાનો સદુપયોગ' થશે—એવી આશા છે.

વિદ્યાની વિવિધતા—વિદ્યાઓ વિવિધ પ્રકારની હોવાથી, તેનું સ્વરૂપ વિશાલ અને અગાધ હોવાથી તેને નદીઓ અને સાગરો જેવી કહેવામાં આવે છે. પ્રાચ્ય વિદ્યાઓ અને પાશ્ચાત્ય વિદ્યાઓ, આર્ય વિદ્યાઓ અને અનાર્ય વિદ્યાઓ, ધાર્મિક-આધ્યાત્મિક વિદ્યાઓ અને વ્યાવહારિક વિદ્યાઓ (વેપારી, ડૉકટરી, રાજદ્વારી, વૈજ્ઞાનિક આધુનિક અનેક લાઇનો), ભિન્ન ભિન્ન શાસ્ત્રવિદ્યાઓ અને શસ્ત્રવિદ્યાઓ, ૧૬ વિદ્યાદેવીઓથી અધિષ્ઠિત વિદ્યાઓ અને વિદ્યાપ્રવાદપૂર્વ તથા વિદ્યાપ્રાભૃત આદિમાં દર્શાવેલી વિદ્યાઓ, વિદ્યાસિદ્ધ વિદ્યાધરોની અને વિદ્યાચારણોની વિદ્યાઓ, ૧૪ વિદ્યાસ્થાનોની વિદ્યાઓ અને તાંત્રિક વિદ્યાઓ, પુરુષાર્થ પ્રસાધક વિદ્યાઓ તથા પુરુષોની ૭૨ પ્રકારની કળાઓ સાથે સંબંધ ધરાવતી વિદ્યાઓ, અને સ્ત્રીઓની ૬૪ પ્રકારની કળાઓ સાથે સંબંધ ધરાવતી વિદ્યાઓ એવી રીતે અનેક ભેદ-પ્રભેદોમાં બહુરૂપિણી વિદ્યાદેવીનાં દર્શન થાય છે.

વિદ્યા-સિદ્ધિનાં સ્થાનો—વિવિધ નામે ઓળખાતી એ વિદ્યાદેવી, વાગ્દેવી, પ્રવચનદેવી, શ્રુતદેવી, ભારતી, સરસ્વતીને પ્રસન્ન કરવા માટે, એની આરાધના-ઉપાસના-સેવામાટે આદર્શ-સ્મરણીય વિવિધ નામો સાથે જોડાયેલાં સાધના-સ્થાનો, વિદ્યાલયો, વિદ્યા-ભવનો, વિદ્યા-મંદિરો, વિદ્યા-શાલાઓ, વિદ્યા-ગૃહો વગેરે નામોદ્વારા ઓળખાય છે. જ્યાં નિવાસ કરતા તે તે વિદ્યાના અભિલાષી અભ્યાસી સાધકો-ઉપાસકોને સાધ્ય-સિદ્ધિ માટે પ્રશસ્ત પ્રયત્નો કરવાના હોય છે.

સાધનો—વિદ્યાભ્યાસની સિદ્ધિમાં ૧ આરોગ્ય, ૨ બુદ્ધિ, ૩ વિનય, ૪ ઉદ્યમ અને ૫ શાસ્ત્ર-રાગ એ પાંચ આંતરિક ગુણોની—સાધનોની મુખ્યતયા આવશ્યકતા રહે છે; તે સાથે ૧ આચાર્ય (અધ્યાપક) ૨ પુસ્તક, ૩ નિવાસ-સ્થાન, ૪ સહાયક અને ૫ ભોજન એ પાંચ બાહ્યસાધનોની પણ અપેક્ષા રહે છે. એ સર્વ સાધન-સામગ્રી દ્વારા સાધકો સાધ્ય-સિદ્ધિ મેળવવા શક્તિમાન્ થઈ શકે છે.

જ્ઞાન-દાનની શ્રેષ્ઠતા—અન્ન-દાન અને બીજાં દાનો કરતાં વિદ્યાદાન, જ્ઞાનદાન એ અધિક ઉત્તમ ગણાય. અન્નદાનથી ક્ષણિક તૃપ્તિ થાય છે ત્યારે જ્ઞાન-દાનથી જીવન-પર્યન્ત તૃપ્તિ થાય છે. જ્ઞાન વિશ્વોપકારક હોવાથી જ્ઞાન-દાનની અધિક ઉપકારકતા-મહત્તા છે. જ્ઞાન-દાન આપનારે, જ્ઞાન-દાનશાલા પ્રવર્તાવનારે શું શું આપ્યું ન ગણાય? અથવા કયો કયો ઉપકાર ન કર્યો ગણાય?

પઠન-પાઠન કરનાર-કરાવનાર તથા વિદ્યાભ્યાસમાં ઉપયોગી-ઉપકારક થાય તેવી નિવાસ-સ્થાન, ભોજન, વસ્ત્ર, પુસ્તક વગેરે સામગ્રી પૂરી પાડી પ્રતિદિન ઉપકાર કરનાર મનુષ્ય અનુક્રમે સર્વજ્ઞ થાય છે.

વિનય—વિદ્યા, વિનયથી ગ્રહણ કરી શકાય છે, વિનયથી એ સિદ્ધ થાય છે. વિદ્યા, વિનય આપે છે, વિનયથી મનુષ્ય પાત્ર બને છે, પાત્ર (યોગ્ય), ધન પ્રાપ્ત કરી શકે છે, ધનથી ધર્મ અને અનેક પ્રકારનાં સુખો પ્રાપ્ત કરવા શક્તિમાન થાય છે. વિનય-સહિત વિદ્યા, સર્વ કોઈનાં ચિત્તને

આકર્ષે છે; સુવર્ણસાથે મણિનો સંયોગ લોકોનાં નેત્રોને આનંદ આપે છે. વિદ્યા-વિદ્વત્તા, નમ્રતાથી શોભે છે.

વિદ્યાથી મદ ?—વિદ્યાનો મદ કરવાનો ન હોય. સદ્‌વિદ્યા–જ્ઞાન, એ તો મદ–દર્પને હરનાર ગણાય; તેનાથી પણ જે મત્ત બને, તેનો વૈદ્ય કોણ થઈ શકે ? જેને અમૃત પણ વિષરૂપે પરિણમે, તેની ચિકિત્સા કેવી રીતે કરી શકાય ? વિદ્યા દ્વારા જ જેમને મદ થાય અને વૈભવ છતાં પણ જેમને કૃપણતા હોય, તો દૈવથી પરાભવ પામેલા–તેવાઓને ત્યાં પાણીથી અગ્નિ પ્રકટ્યો ગણાય. તે જ્ઞાન, સાચું જ્ઞાન ન ગણાય કે જેનો ઉદય થવા છતાં પણ રાગ, દ્વેષ વગેરે દોષો વૃદ્ધિ પામે. તે જ સદ્‌વિદ્યા ગણાય, કે જે મદનો નાશ કરે.

જેણે બીજા વિષયો જોયા હોતા નથી, એવો તુચ્છ મનુષ્ય થોડામાં ગર્વી બની જાય છે. અધૂરો ઘડો છલકાય છે, પૂરો ઘડો છલકાય નહિ. સદ્‌વિદ્યા પ્રાપ્ત કરનારા કુલીનો ગર્વ યા મદ–મત્સર કરે નહિ. ગર્વ, હઠ, દુર્વચન, અપ્રિયવાદ, પર-વંચન તરફ અનાદર એ અજ્ઞતાનાં લક્ષણો છે. વિશેષજ્ઞો, અત્યંત સહેલાઈથી આરાધી શકાય છે, અજ્ઞો પણ અમુક અંશે આરાધી શકાય; પરંતુ જ્ઞાન–લવથી દુર્વિદગ્ધ બનેલાઓને રંજિત કરવાનું કાર્ય અત્યંત દુષ્કર કિંવા દુર્ઘટ બને છે.

વિદ્યાના સાધકો—સમુચિત સંયમ, નિયમમાં રહી સાવધાનતાથી વિધિ-પૂર્વક સતત સાધના-ઉપાસના કરનાર સાધકો પર એ પરમ દેવતા વિદ્યાદેવી સત્વર પ્રસન્ન થાય છે, પ્રસન્નતાનાં શુભ ચિહ્ન (ડિગ્રીઓ) દર્શાવે છે, શુભ ફળો ચખાડે છે. પરંતુ પ્રમાદ કરનાર સાધ્ય-ધ્યેય ચૂકી જતાં પસ્તાય છે.

પ્રમાદી–આલસુ, મંદબુદ્ધિવાળા, ચંચલ ચિત્તવાળા, અનાદરવાળા, સુખશીલીઆ, વ્યાધિગ્રસ્ત રોગી, નિદ્રાલુ અને કામાસકત મનુષ્યો વિદ્યાભ્યાસ કરી શકતા નથી. અવિનયી ઉદ્ધત, માની મનુષ્યો વિદ્યાના અધિકારી બની શકતા નથી. આલસથી વિદ્યા નાશ પામે છે. વિદ્યા, યત્નાનુસારિણી ગણાય છે. સુખના અર્થીએ–એશઆરામમાં પડી જતા સુખશીલીઆએ વિદ્યાને તજવી પડે છે અથવા વિદ્યાના અર્થીએ સુખ તજવું જોઈએ. સુખશીલીઆને વિદ્યા કયાંથી ? કઈ રીતે પ્રાપ્ત થાય ? અથવા વિદ્યાર્થીને સુખ કેવું ? ક્ષણમાત્ર સમયને પણ નિરર્થક ન જવા દેતાં વિદ્યાને સાધવાની હોય. સતત અભ્યાસના યોગથી દુઃસાધ્ય વિદ્યાઓ પણ સુસાધ્ય થાય છે. થોડો વિદ્યાભ્યાસ કરીને પણ દરેક દિવસને સફલ કરવો જોઈએ. વય વીતી જવા છતાં પણ પ્રયત્નશીલ ઉત્સાહી વિદ્યા ગ્રહણ કરી શકે. વિદ્યાધ્યયનમાં સંતોષ માની લેવાનો ન હોય. પોતાને અજર અમર જેવા માની વિદ્યા તથા અર્થને સાધવાનાં હોય છે. કષ્ટો અને વિઘ્નોની પરવા ન કરનારા, સતત ઉદ્યમશીલ બુદ્ધિમાનોને બહુશ્રુતોની ઉપાસનાથી એ વિદ્યા સિદ્ધ થાય છે, સતત અભ્યાસથી એને ધારી રાખી શકાય છે. પુસ્તકમાં જ રહેલી વિદ્યા, પ્રસંગ પર ઉપયોગી થઈ શકતી નથી. 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે' હોય તો તે અવસરે કાર્ય–સાધક ઉપયોગી થાય છે.

માત્ર ધનથી હીન એ વિશેષ હીન ન ગણાય, પરંતુ વિદ્યાથી હીન એ સર્વ વસ્તુઓથી હીન હોય છે. વિદ્યા-જ્ઞાન વિનાનું જીવિત વ્યર્થ ગણાય. કુપઠિત વિદ્યા વિષરૂપ નીવડે છે. ઉપરચોટિયો અભ્યાસ અથવા ઉપલકિયા વિદ્યા વિશેષ અર્થ-સાધક નીવડતી નથી.

પ્રથમ વયમાં વિદ્યાનું ઉપાર્જન ન કરી શકનાર, બીજી વયમાં ધનનું ઉપાર્જન કરી શકતો નથી કે બીજા પુરુષાર્થો સાધી શકતો નથી; એથી પાછળથી પસ્તાય છે, કે જે વખતે બહુ મોડું થઈ ગયું હોય છે.

વિદ્યાના અભિલાષીઓ તો બાલક પાસેથી પણ હિત ગ્રહણ કરે છે; પશુ-પક્ષીઓ, વનસ્પતિઓ અને જડ પદાર્થોમાંથી પણ ગુણગ્રહણ કરે છે; નીચ પાસેથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરે છે, દૂર દેશમાં

વાસ કરીને પણ વિદ્યા–શિક્ષા ગ્રહણ કરે છે; જ્યાં વિદ્યાનો લાભ મળતો ન હોય ત્યાં વાસ પણ કરતા નથી.

માત્ર શાસ્ત્રો ભણી જનાર જ વિદ્યાવાન્–વાસ્તવિક વિદ્વાન્ ગણાતા નથી; પરંતુ શાસ્ત્રોના સદુપદેશોને જાણી-સમજી યથાશક્ય ક્રિયામાં મૂકનાર–સદાચરણ આચરનાર સાચા વિદ્વાનો મનાય છે.

સેંકડો હાથી-ઘોડાઓની ઠઠ સાથે પ્રયાણ કરનારા પણ વિદ્યા-હીન શ્રીમંતો, પગપાળા ચાલતા નિર્ધન વિદ્યાવંતોની બરોબરી કરી શકતા નથી; પર્વતના ટોચે ચડવા છતાં કાગડાઓની ટોળી, વેળુ પર વસતા-ચાલતા રાજહંસોની બરોબરી કરી શકે નહિ.

નિરક્ષરોને મહાધની જોઈ વિદ્વાને નિર્દોષ વિદ્યાને તજવાની ન હોય; કુલટાને રત્નમય આ-ભૂષણોવાળી જોઈને કુલીન આર્ય નારીએ કુલટા થવાનું ન હોય.

જેમના દેશમાં વિદ્યાવંતો નિર્ધન વસતા હોય, તે રાજાઓની વિશેષજ્ઞતાની ક્ષતિ ગણાય.

વિદ્યાની મહત્તા, વિશિષ્ટ ફૂળો—વિદ્યાઓનું વાસ્તવિક મહત્ત્વ અને વિશિષ્ટ ગૌરવ સમજી શકનારા અનુભવીઓ જણાવે છે કે વિદ્યા અર્થકરી છે, સુખકરી છે, ભોગકરી છે, કુલોન્નતિકરી છે, પાવનકરી છે, યશસ્કરી છે, એટલું જ નહિ સર્વસિદ્ધિકરી છે. સર્વ પ્રકારનાં અભીષ્ટ-વાંછિત આપનારી કલ્પલતા અને કામધેનુ છે. વિદ્યા-સમાન બીજું કોઈ અત્યુત્તમ–અનુપમ આભૂષણ નથી, કે જે સ્વર્ણ-રત્નો વિના પણ શોભા આપે છે. વિદ્યા-સમાન બીજું કોઈ નેત્ર નથી, વિદ્યા-સમાન બીજો કોઈ બંધુ, મિત્ર કે ગુરુ નથી. વિદ્યા-સમાન બીજું કોઈ પરમ દૈવત કે ઉત્તમ ધન નથી, અત્યંત ગુપ્ત જે વિદ્યા-ધન ભારકારક થતું નથી, જેને રાજાઓ હરી શકતા નથી, ચોરો ચોરી શકતા નથી, ભાગીદારો ભાગ પડાવી લઈ શકતા નથી, વ્યય કરતાં જે વૃદ્ધિ પામે છે, વિદેશોમાં પણ જે માન-સન્માન અપાવે છે, રાજાઓથી પણ જે પૂજાય છે, રાજાઓ કરતાં પણ જે વિશિષ્ટ મહત્ત્વ સર્વત્ર અપાવે છે, જે વિદ્યાના પ્રભાવે, ધન-હીનો પણ પરમ ધનવાન્ ગણાય છે, રૂપહીનો પણ અધિક સુરૂપ કહેવાય છે, તેજ-બલહીન પણ તેજસ્વી બલવાન્ મનાય છે, જે વિદ્યા, માતાની જેમ રક્ષા કરે છે, પિતાની જેમ હિતમાં જોડે છે, કાંતાની જેમ ખેદ દૂર કરી વિનોદ આપે છે, લક્ષ્મી આપે છે અને દિશાઓમાં કીર્તિ વિસ્તારે છે, લક્ષ્મીના ભંડાર કરતાં જેનો ભંડાર વિશિષ્ટ પ્રકારનો અને અખૂટ હોય છે, તે વિદ્યાની કિંમત કોણ આંકી શકે ? તે અમૂલ્ય વિદ્યાનું મૂલ્ય કોણ કળી શકે ?

સદ્વિદ્યાની શ્રેષ્ઠતા—સુવર્ણ-ફુલોવડે ખીલેલી પૃથ્વીમાંથી સુગંધી, મનોહર, ઉત્તમ ફુલો વીણવાનું કાર્ય, સુવિદ્યાવંત મનુષ્યો કરી શકે છે, રાજ–દરબારોને અને વિચક્ષણોની સભાઓને એવા વિદ્વાન–વિદ્યાવંતો જ શોભાવી શકે છે; જેમને કોઇ દેશ, વિદેશ જેવો લાગતો નથી. રૂપ, યૌવન આદિથી સંપન્ન હોવા છતાં અને ઉચ્ચ વિશાલ કુલમાં ઉત્પન્ન થવા છતાં જો વિદ્યાથી હીન હોય, તો તે વિવેક-હીન હોઈ શોભતા નથી, વિદ્યા-વર્ચસ્વ વિના જડ જેવા ગણાય છે; ત્યારે સામાન્ય કુલના અને કુરૂપો પણ વિદ્યાદેવીના પ્રભાવે પૂજાય છે–આદર–માન મેળવે છે. સદ્વિદ્યા હોય ત્યાં બાહ્ય ધનની ચિંતા હોતી નથી. ધન, સહજ સાધ્ય ગણાય છે, સદ્વિદ્યા પરમ દુઃસાધ્ય દુર્લભ મનાય છે. સદ્વિદ્યાવંત વિદ્વાનો સાહસિક (વગર વિચાર્યે પ્રવૃત્તિ કરનારા) હોતા નથી, સાંભળીને પણ તેઓ તત્ત્વની સારી રીતે તુલના કરે છે. તેઓ તત્ત્વને સારી રીતે ગ્રહણ કરી શ્રેષ્ઠ પ્રકારનું આચરણ કરે છે. પોતાનું તથા બીજાઓનું પણ હિત-કાર્ય કરે છે. સદ્વિદ્યાથી સદ્વિચારો, સદ્વચનો અને સદાચાર–સદ્વર્તનો સ્ફુરાયમાન થાય છે.

સદ્વિદ્યા-સમ્યગ્-જ્ઞાન એ મહદ્ ઐશ્વર્ય, મહારત્ન, ઉત્તમ રસાયન અને અમૃત કહી શકાય; અજ્ઞાન–અંધકાર હરનાર, આંતરિક પ્રકાશ આપનાર પ્રશસ્ત પ્રદીપ કિંવા સૂર્ય ગણાય. જે વિદ્યા-વિજ્ઞાન,

હિત અને અહિત સમજાવે, કર્તવ્ય અને અકર્તવ્યના બોધ-પાઠો આપે, વક્તવ્ય અને અવક્તવ્યના વિચારો કરાવે, નીતિ અને અનીતિના, સદાચારો અને દુરાચારોના ભેદો સમજાવે, ગમ્ય અને અગમ્ય, ભક્ષ્ય અને અભક્ષ્ય, પેય અને અપેય, હેય-ત્યાગ કરવા યોગ્ય અને ઉપાદેય-ગ્રહણ કરવા યોગ્ય શું શું છે ? તેનું વિવેકભર્યું ગંભીર જ્ઞાન આપે, સજ્જનો અને દુર્જનો, કૃતજ્ઞો અને કૃતઘ્નો કેવા હોય ? તેના ગહન લક્ષણભેદો દર્શાવે, સુદેવ અને કુદેવ, સુગુરુ અને કુગુરુ, સુધર્મ અને કુધર્મ, ઉચ્ચ તત્ત્વ અને હીન તત્ત્વ સમજવા-વિચારવાની જે વિવેકશક્તિ આપે, જીવ અને અજીવના ભેદોનું તથા આત્મા સાથે કર્મ-બંધનું અને મુક્તિનું પરમ ગહન સ્વરૂપ જે દર્શાવે, તે સદ્‌વિદ્યા-સમ્યગ્ જ્ઞાનનું ગૌરવ-મહત્વ શી રીતે વર્ણવી શકાય ? પ્રશસ્ત જ્ઞાન મનને, વચનને અને કાયાને પવિત્ર બનાવે છે, કષાયો ત્યજાવે છે, ઉન્માર્ગે જનારને અંકુશરૂપ બની તેથી અટકાવે છે, સન્માર્ગમાં લાવે છે, ઇંદ્રિયોને સંયમમાં રખાવે છે, અનિષ્ટોનું નિવારણ કરે છે, સર્વ પ્રકારનાં શુભ પ્રયોજનો સાધવામાં તે પરમ સહાયક બને છે, સ્વર્ગ અને સિદ્ધિ પ્રાપ્ત કરાવવામાં પણ પરમ સાધનભૂત થાય છે.

સદ્‌વિદ્યા પ્રાપ્ત કરનાર, આક્રોશિત થવા છતાં અવાચ્ય બોલતો નથી. સદ્‌વિદ્યાશાલી, ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલ, અભિજાત મનુષ્ય, અકુલીનો સાથે વસવા છતાં દુર્વચન બોલવાનું શીખતો નથી. કાગડાઓના નિવાસમાં વસવા છતાં કોયલ, કાગડા જેવો કર્કશ કટુ શબ્દ કરવાનું શીખતો નથી.

સુમધુર વાણી એ જ ઉત્તમ વશીકરણ છે, સુભાષિત એ જ ઉત્તમ રત્ન છે, સુવચન એજ અમૃત છે, એવું સુવિદ્યા સમજાવે છે. હિત, મિત, પ્રિય-આલ્હાદકારક વચન, અવસર પર બોલવાનું શિક્ષણ સદ્‌વિદ્યા આપે છે. ક્યાં બોલવું ?, ક્યાં ન બોલવું ?, ક્યારે બોલવું ?, ક્યારે ન બોલવું ?, કેવું બોલવું ?, કેવું ન બોલવું ? એ વગેરેનું વિવેક-જ્ઞાન સદ્‌વિદ્યા કરાવે છે.

સ્વહિત, પરહિત અને રાજહિતનું સાધક થાય તેવું, ધર્મ-સાધક, દેશ-કાલને અનુસરતું પ્રિયવાક્ય બોલવાનું શિક્ષણ, સદ્‌વિદ્યા આપે છે. વિદ્વાનોનાં, મૂર્ખોનાં અને શત્રુઓનાં ચિત્તને પણ આકર્ષી શકે તેવી, સર્વના ચિત્તને આહ્‌લાદ ઉપજાવે તેવી, મિથ્યા વાદરહિત, નિર્દોષ, મધુર, સ્વ-પરહિત-સાધક સભા-યોગ્ય વાણી ઉચ્ચારવાનું શિક્ષણ સદ્‌વિદ્યાદ્વારા મળે છે. શુદ્ધ સંસ્કારવાળું, સ્પષ્ટ અર્થવાળું, માર્દવભર્યું, હાસ્ય વિનાનું, સુસંબદ્ધ, સત્ય બોલવાનું સદ્‌વિદ્યા શીખવાડે છે. પ્રતિભાવાળું, ઉદાર, ગંભીર, સ્થિર, ઉચિત, વિકથા રહિત, અપશબ્દરહિત, લોકના મર્મને સ્પર્શ ન કરે તેવું વચન ઉચ્ચારવાનું સુશિક્ષણ સદ્‌વિદ્યા આપે છે.

સદુપયોગ અને દુરુપયોગ-વાસ્તવિક રીતે વિચારીશું તો વિદ્યાના દુરુપયોગથી અનેક અનિષ્ટ અનર્થો થયેલા જણાય છે; અને વિદ્યાના સદુપયોગથી અનેક અભીષ્ટ શુભ પરિણામો થયેલાં જણાશે.

લક્ષ્મીનો જેમ સદુપયોગ કરવાનો હોય, તેમ પરિશ્રમ-પ્રાપ્ત એ વિદ્યાનો પણ સદુપયોગ કરવાનો હોય; તેનો દુર્વ્યય-દુરુપયોગ ઉચિત ગણાય નહી. સદુપયોગથી શુભ પરિણામો સંભવે છે, તેમ તેના દુરુપયોગથી અનિષ્ટ પરિણામો પણ આવે છે. શસ્ત્ર-શક્તિના સદુપયોગથી જેમ અનેક અનાથ, દુર્બલ, નિરપરાધીઓની રક્ષા કરી શકાય છે, અનીતિ-આક્રમણોથી જનપદ-પ્રજાજનોનું રક્ષણ કરી શકાય છે, સુખ-શાંતિ ફેલાવાય છે અને તેના દુરુપયોગથી અનેકોના આનષ્ટ સંહારો થાય છે, ત્રાસ વર્તાવાય છે, અશાંતિ ફેલાવાય છે; તેવી રીતે વિદ્યાના સદુપયોગ અને દુરુપયોગમાં પણ બને છે.

સુપાત્રગત અને કુપાત્રગત વિદ્યા-સુપાત્રોમાં પડેલી વિદ્યા ઉચ્ચ પ્રકારનાં સુપ્રશસ્ત મધુર ફળો આપે છે, ત્યારે કુપાત્રોમાં પડેલી વિદ્યા કુત્સિત કડવાં ફળો આપે છે. સમુદ્રની છીપમાં, સ્વાતિ નક્ષત્રમાં પડેલ મેઘનું પાણી સાચું મોતી બની જાય છે; તેમ ઉત્તમ પાત્રમાં અવસરે સ્થાપેલ વિદ્યા વિશિષ્ટ ગુણરૂપ બની જાય

છે. સુક્ષેત્રમાં વાવેલા બીની જેમ સુપાત્રમાં વાવેલ વિદ્યા–બીજ સેંકડો શાખામાં વિસ્તાર પામે છે. પ્રાજ્ઞ–સુપાત્રમાં સ્થાપેલ વિદ્યા-શાસ્ત્ર સ્વયં વિસ્તાર પામે છે, પરંતુ કુપાત્રમાં સ્થાપેલ વિદ્યા, કલા, મૈત્રી અને લક્ષ્મી અનર્થકારક થાય છે. વિદ્યા, કન્યા અને લક્ષ્મી કુસ્થાનમાં–અયોગ્ય પાત્રમાં સ્થપાય તો તે શાપ આપે છે. કાયર પુરુષના હાથમાં રહેલું શસ્ત્ર જેમ શોભતું નથી, કે અવસર પર કાર્યસાધક થઈ શકતું નથી, તેમ પ્રાગલ્યહીન–અપાત્ર મનુષ્યની વિદ્યા શોભતી નથી કે વિશેષ શ્રેષ્ઠ ફળ આપી શકતી નથી. બંધ કરેલા ઘડામાં મૂકેલા દીવાની જેમ અપાત્રને અર્પણ કરાતું જ્ઞાન, પ્રકાશક થઈ શકતું નથી કે ઉપકારક થઈ શકતું નથી. વિદ્યાવંતો વિદ્યાસાથે મરવાનું પસંદ કરે છે, પરંતુ કુપાત્ર–કુશિષ્યોને વિદ્યા આપવાનું પસંદ કરતા નથી. મહામેઘ ખારું પાણી પીવા છતાં તેને મિષ્ટ–મધુર બનાવી જગતને આપે છે, ગાય તૃણપ્રાય તુચ્છ વસ્તુનું ભક્ષણ કરી અમૃત-તુલ્ય મધુર દૂધ આપે છે; અને સર્પ, દૂધ પીવા છતાં પરિણામે અત્યંત દુઃસહ ઝેર વમે છે; તેમ સત્પાત્ર–સજ્જન વિદ્યાવંતોના મુખ પર ચડતાં દોષો પણ ગુણરૂપ બની જાય છે; અને દુર્જનોના મુખ પર ચડતાં ગુણો પણ દોષરૂપ બની જાય છે.

સુપાત્રોની–સજ્જનોની વિદ્યા, સુખ–શાંતિ વિસ્તારનારી થાય છે; ત્યારે કુપાત્રોની–દુર્જનોની વિદ્યા, વિવાદ, વિષવાદ વધારનારી, કલહ-કલેશ કરાવનારી થાય છે.

ઉપસંહાર—સદ્‌વિદ્યાઓનો જો સદુપયોગ થાય, વિશ્વમાં સર્વત્ર શાંતિ ફેલાય, મિથ્યા સંહારો થતા અટકે, મૈત્રી ખીલે, આનંદ થાય, અહિંસાનો ઉચ્ચ આદેશ સમજાય, અહિંસાની વિશ્વહિતકારક ભાવના લક્ષ્યમાં આવે, કષાયો, કલેશો, દ્વેષો અને કલહો, મદ, મત્સર, ઇર્ષ્યા–અદેખાઈઓ અટકે, નિંદાઓ નાશ પામે પરસ્પર અનાદર–તિરસ્કારની વૈર વૃત્તિઓ ઉપશાંત થાય, જનપદોમાં સુખ-વૃદ્ધિ થાય, સમાજની, દેશોની અભ્યુન્નતિ થાય, અજ્ઞાન, મિથ્યાજ્ઞાન ફેલાતું અટકે, અર્થના અનર્થો થતા અટકે, સત્યજ્ઞાનનો પ્રકાશ પ્રસરે, સાચા ઇતિહાસો પ્રકાશમાં આવે, સદ્‌ધર્મનો અભ્યુદય થાય, પરહિત–પરોપકાર જ સ્વહિત-સ્વોપકારરૂપ લેખાય, સ્વાર્થની, સંકુચિતતાની તુચ્છ–ક્ષુદ્ર ચાહનાઓ–ચેષ્ટાઓ વિલુપ્ત થાય, મિથ્યા માનની–મહત્વાકાંક્ષાની આડંબરોની માત્રાઓ ઓછી થાય, ઉદારતા ભર્યું પરોપકારમય પવિત્ર વાતાવરણ ફેલાય, માત્ર માનવ-હિત જ નહિ, પ્રાણિમાત્રના હિતની, વિશ્વ-હિતની પ્રવૃત્તિઓ થાય.

કેળવણી કહે છે: ' હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કાળની પ્રતિહારી નથી, અર્થ-શાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું, મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમજ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે, કળા અને હુન્નર મારા હાથ છે, વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે, ધર્મ મારું હૃદય છે, નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે, ઇતિહાસ મારા કાન છે, સ્વાતંત્ર મારો શ્વાસ છે, ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે, ધીરજ મારું વ્રત છે, શ્રદ્ધા મારું ચૈતન્ય છે, આવી હું જગદંબા છું, જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહિ રહે. એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઈ શકે એમ છે! —કાકા કાલેલકર.

જૈન સમાજ ઉપર કેટલાક ઊડતા વિચારો

લેખકઃ પ્રો. કેશવલાલ હિંમતલાલ કામદાર, એમ. એ.
ઇતિહાસના પ્રોફેસર, વડોદરા કોલેજ, વડોદરા.

મહાવીર જૈન વિદ્યાલયનો રજત ઉત્સવ ઊજવાય છે તે માટે મારા મિત્ર રા. રા. શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ તે પ્રસંગ ઉપર વિદ્યાલય તરફથી કાઢવામાં આવનાર વિશેષ અંકમાં જૈન સમાજ વિષે કાંઈક લખવા નિમંત્રણ આપેલું છે. તે નિમંત્રણ સ્વીકારતાં મને ઘણો આનંદ થાય છે અને એમના વિશેષ અંક માટે જૈન સમાજને ઉપયોગી થાય તેવી કેટલીક સૂચનાઓ તેમને મોકલી આપું છું. હું અહીં જૈનોના પુરાતન ઇતિહાસ ઉપર નહીં લખું. અહીં તો તેમને વ્યવહારમાં ઉપયોગી થઈ પડે તેવી કેટલીક સૂચનાઓ લખવા હું ઇચ્છું છું.

જૈનોની વસતિગણના થઈ છે, પણ તેની વીગતો આપણને યોગ્ય પ્રમાણમાં મળી શકતી નથી; તેથી હું જૈન સમાજને એક વિનતી કરીશ કે આપણા સમાજની વસતિગણના થવી જોઇએ અને તે ગણનામાં ત્રણેય વિભાગો આવી જવા જોઇએ. એ ગણતરીમાં ઉમર, ધંધો, નાતજાત, સ્ત્રીપુરુષો અને છોકરાં, એમની સંખ્યા, રહેવાનાં ઘરની માહિતી, કમાણી, વગેરે બધું આવી જવું જોઇએ. આ ગણતરી મુશ્કેલ નથી. આપણા સમાજનું બંધારણ એવું છે, જેથી એ કામ સરળ થઈ શકે. સંઘો મારફત આપણે આ કામ કરી શકીએ. આ ગણતરીથી આપણી સામાજિક સ્થિતિનો વિચાર થઈ શકશે, અને તે વિચારથી આપણને યોગ્ય માર્ગદર્શન થઈ શકશે. કેટલીએક નાતોએ વ્યવસ્થાથી કરેલી વસતિગણનાઓ મેં જોઈ છે. સરકારી વસતિપત્રકો આપણા માટે માર્ગદર્શક થઈ શકે.

જૈન સમાજની શારીરિક સ્થિતિ નબળી થતી જાય છે તે સ્પષ્ટ છે. આપણો ખોરાક આપણી જીવનપદ્ધતિ તે માટે કેટલી જવાબદાર છે, તે જાણવાની ખાસ જરૂર છે. **ગૂજરાત સંશોધક મંડળ** તરફથી આવી હકીકતનો અભ્યાસ અમુક કુટુંબો માટે કરવામાં આવેલો. આપણા આહારાદિમાં હું જૈન માન્યતા વિરુદ્ધ કશો ફેરફાર કરાવવા ઇચ્છતો નથી, પણ નવા જમાનાનાં અનેક અનિષ્ટો આપણાં આહારપાણીમાં પેસી ગયાં છે. અને તેથી આપણો ખોરાક શારીરિક દૃષ્ટિએ ઘણો હલકો થઈ ગયો છે. આ વિષય આપણા શિક્ષિત સમાજ પાસે અન્વેષણ માગે છે. આ દિશામાં આપણે કાંઈક શરૂઆત કરી શકીએ. આપણે જે જૈન શાળાઓ ચલાવીએ છીએ, તેમાં ભણતાં બાળકોની આપણે શારીરિક તપાસ કરી શકીએ. ઉપરાંત, મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવાં આપણી વસતિવાળાં શહેરોમાં આપણે અન્વેષણો કરાવી શકીએ.

રાજકોટ અને ગોંડળ મુકામે મેં આપણા સમાજ માટે ઔષધાલયોની સારી યોજના જોઈ છે. એક બે આના દરદી આપે એટલે દવા મળી શકે; આઠ આના આપે એટલે ડાકટર ઘેર જઈ દરદીને તપાસી આવે. આ યોજના સંઘ મારફત થાય છે. બધા જૈનો તેનો લાભ ઉઠાવે છે. રાજકોટમાં જૈન અને દશાશ્રીમાળી દરદીઓ માટે ખાટલાઓની વ્યવસ્થા ચુનીલાલ ભાઈ વોરા તરફથી કરવામાં આવી છે. ત્યાંની વેસ્ટ હૉસ્પિટલ સાથે ડૉ. કોઠારીની મદદથી (જૈન) દશાશ્રીમાળી દરદી માટે અમુક સવડ આપવામાં આવે છે. અમદાવાદ, વડોદરા, સુરત એ સ્થળે આવી વ્યવસ્થાની જરૂર છે. વૈદ્યકીય મદદ ખરચાળ થઈ ગઈ છે અને ગરીબ તથા સાધારણ જનતા માટે તે મદદ અશક્ય થઈ પડી છે, ઔષધાલયો ઉપરાંત ઇસ્પીતાલોની તો ખાસ જરૂર છે,

જૈન જગતને રહેવાનાં સાસાં થઈ પડ્યાં છે. આળસુઓને ઉત્તેજન આપવાની હિમાયત હું કરતો નથી. પણ મુંબઈ, અમદાવાદ, રાજકોટ જેવાં મોટાં નગરોમાં સારાં હવા અજવાળાવાળાં ઘરો મળતાં નથી, જે કે સોસાયટીઓ નીકળતાં અસલની સ્થિતિમાં ઘણો સુધારો થઈ ગયો છે તે ખરું છે. આ વિષય ઉપર ઘણા ભાઈઓએ આગ્રહ ભર્યાં લખાણો કર્યાં છે, એટલે એ વિષે હું વિશેષ નહીં લખું.

જૈનોની બેકારી દિલ કંપાવે એવી હોય છે. જૈનો ઘણા તાલેવર છે એવી માન્યતા બધે હોય છે એટલે જૈન બેકારી તરફ લોકોનું લક્ષ બહુ જતું નથી. બ્રાહ્મણો ભીખ માગી શકે, બીજા લોકો મજૂરી કરી શકે, પણ જૈનો ભીખથી કે મજૂરીથી નિર્વાહ કરી શકે નહીં. મજૂરી તેમને માટે વર્જ્ય છે. જૈનોના જૂના ધંધાઓ કસવગરના થઈ ગયા છે. સરકારી કાયદાઓથી સરાફીનો આબરૂદાર ધંધો નાશ પામતો જાય છે. ખેડુતો અને કારીગરો આ કાયદાઓનો લાભ લઈ જૂનાં દેવાં આપતા નથી અને સમાજવાદીઓ તેવી મનોવૃત્તિને ખોટું પોષણ આપે છે. ગામડાંમાં અને શહેરોમાં વર્ગવિગ્રહો અને નાતજાતવિગ્રહો પેસી ગયા છે. જૈનોને નોકરીના દરવાજાઓ બંધ થઈ ગયા છે; કારણ કે તે માટે ગરાસિયાઓ વગેરે હવે હરીફાઈમાં ઊતરવા માંડ્યા છે. જૈન સંખ્યા એટલી નાની છે કે જૈનો સંગઠન કરે તોય તેઓ બેકારીને પહોંચી વળશે નહીં. અત્યારસુધી અલ્પ સંખ્યા છતાં તેમની લાગવગ સારી હતી, પણ હવે વિરોધબળો વધતાં જાય છે. આ જમાનાનું રાજકારણ આ વિરોધ-બળને પોષક નીવડે એવો ભય રહે છે. મત ઉપર સત્તા અવલંબે, તો જૈન મત ઘણા ઓછા રહેવાના. મોટાં શહેરોમાં આ વિરોધબળ બહુ જણાતું નથી, પણ કસબાઓમાં અને ગામડાંમાં તે બળ સ્પષ્ટ જણાઈ આવે છે. હમણાં સુધી જૈનો દેશાવર જઈ કમાણી કરતા હતા. હવે દેશાવરનાં દ્વાર બધા માટે બંધ થતાં જાય છે; તેથી આપણી બેકારીનો વિષય આપણી પાસે ખાસ વિચાર માંગે છે. નોકરીથી બેકારી કદી ઓછી થાય નહીં. બેકારીનો ઉપાય વધારે ઉત્પાદન કરવું તે જ છે. એ અર્થશાસ્ત્રનો, સમાજશાસ્ત્રનો અને રાજકારણનો વિષય છે. પણ જૈનોએ તેનો ખરેખર વિચાર કરવો ઘટે છે. સારી સ્થિતિ હોય તો જ સંસ્કૃતિ ટકી શકે છે અને જૈન સમાજની આબાદીમાં જૈન વિચારનું મારું ભવિષ્ય છે, વર્તમાન યુદ્ધ પૂરું થશે, વેપાર રોજગાર વધશે, હિન્દ તે માટે મોટો પ્રયત્ન કરશે, અને જો યુદ્ધ હિન્દમાં ન પેસે અને જો આપણે ત્યાં આંતરવિગ્રહ ન જાગે, તો આપણા સમાજ માટે ભવિષ્ય ઘણું ઊજળું છે. જૈનો મુખ્યત્વે ગૂજરાત-કાઠિઆવાડમાં વસે છે. આ પ્રદેશ દરિયાઈ પ્રદેશ છે. તેથી વેપાર રોજગારમાં તે ભવિષ્યમાં સારું સ્થાન લેશે. જૈનોએ એ સ્થાનથી પોતાનું ભવિષ્ય ઊજળું કરી લેવું ઘટે છે.

આપણા સમાજનું સંગઠન નબળું છે, છતાં બીજા સમાજોની અપેક્ષાએ તે મને તો ઠીક ઠીક લાગે છે. આ સંગઠન વધારે લક્ષ માગી રહ્યું છે. આપણો સાધુસાધ્વીવર્ગ તેમાં સારી સેવા આપી શકે. હું તેમને તેમના મહાવ્રતના પાલનથી વિરુદ્ધ વર્તાવ રાખવા કહેતો નથી. પણ તે વર્ગ જો પોતાની શિથિલતા છોડી દે, પોતાની અતિ સાંપ્રદાયિકતાનો ત્યાગ કરે, લોકોના ધનને ખોટાં ખરચ તરફ વળતાં અટકાવી તેનો સદુપયોગ કરાવે, લોકશક્તિને સંગઠનના કામમાં પ્રેરે, તો તેઓ સમાજની અનન્ય ઉન્નતિ સાધી શકે. એ વર્ગમાં વિદ્વત્તા છે, સ્વાર્થત્યાગ છે, મનોબળ છે, ઉદ્યમ છે, વિચારસામર્થ્ય છે; પણ તેમનામાં અત્યારે કુસંપ છે, અને તેમની દૃષ્ટિ સાંપ્રદાયિક, અતિ વ્હેમી અને અતિ સંકુચિત છે. ઉપરાંત તેમનું શિક્ષણ એકદમ મધ્યકાલીન છે. તેથી તેઓ સમાજની વર્તમાન અને ભવિષ્યની દશાનું બરોબર દર્શન કરી શકતા નથી.

આપણી કોન્ફરન્સો વગેરે આપણી સામાજિક અને ધાર્મિક સ્થિતિનું અવલોકન કરે એવી ઇચ્છા આપણે અહીં પ્રકટ કરીએ. અત્યારસુધી તે સંસ્થાઓ આપણા જૂના સાહિત્યને પ્રકટ કરવામાં ખાસ

રોકાએલી જોવામાં આવે છે. જૈન પત્રો આ વિષય ઉપર જેટલી ચર્ચા કરે છે, તેટલી ચર્ચા જૈન સમાજની સ્થિતિ ઉપર કરતાં જોવામાં આવતાં નથી. દિગંબર–શ્વેતાંબર ઝઘડાઓ, સ્થાનકવાસી–શ્વેતાંબર ઝઘડાઓ, મંદિરોની વ્યવસ્થા, સંઘનાં તડ, સાધુસાધ્વીઓના પક્ષપક્ષાંતરો, દીક્ષા પ્રકરણ, આ સવાલો આપણી સમાજસ્થિતિ પાસે એકદમ ગૌણ છે. દરેક જૈનનું જૈનત્વ ખીલી નીકળે તે પ્રયાસ હવે એકદમ આવશ્યક બન્યો છે.

આ સવાલ સાથે એક બીજો સવાલ મને સૂઝી આવે છે. આપણો જૈન સમાજ ધર્મપરત્વે સત્વર બેદરકાર બનતો જાય છે, અને તે જ સાથે ધર્મનું ખરું સ્વરૂપ તેને યોગ્યરીતે પહોંચી શકતું નથી. સાધુસાધ્વીઓની સંખ્યા ઓછી થતી જાય છે. જેઓ છે, તે બધે ફરી શકતાં નથી. જેઓ ફરી શકે છે, તેઓ સમાજને યોગ્યરીતે પહોંચી શકતાં નથી. ગામડાંના જૈનોની સ્થિતિ તો દયાજનક છે. અત્યારે એવો સમય આવી પહોંચ્યો છે, જ્યારે ગામડાંના અને શહેરોના જૈનોના આચારવિચાર શુદ્ધ જૈન રહે અને શુદ્ધ જૈન ટકી રહે તે માટે શ્રાવક અને સાધુ એ બે વચ્ચે કોઈ જુદી સંસ્થાનો ઉપયોગ કરવો ઘટે છે. આ વિચારનો હું અહીં નિર્દેશ માત્ર કરું છું. પૂર્વે એવી સંસ્થા હતી કે કેમ તે વિચારવાનું કામ હું અન્વેષકોને સોંપું છું. અત્યારે એવી સંસ્થાની જરૂર મને તો લાગે છે. અનેક ગામડાં છે, જ્યાં સાધુસાધ્વીનું ચોમાસું વરસો થયાં થએલું હોતું નથી. આપણા સમાજની ઓછી થતી જતી સંખ્યા આ વિટંબનાને ક્યાં સુધી સાંખી શકશે?

આશા છે કે આ સૂચનાઓ ઉપર કાંઈક, અને કોઈક રથળે, વિચાર થશે અને તેનો કાંઈક માર્ગ નીકળશે.

સમસ્ત હિંદની પ્રજા સાથે જૈનોમાં પણ બેકારી વધતી રહી છે. આપણો દેશ પરાધીન છે ત્યાં સુધી બેકારીને પૂરી રીતે કિટાવી શકવાના તો નથી જ, છતાં પણ જૈન જેવો પ્રમાણમાં સુખી સમાજ એ વિષયને અંગે ઘણું કરી શકે છે. આપણાં શ્રીમંતો અને ઉદ્યોગપતિઓ આ પ્રશ્નમાં રસ લે અને સક્રિય ફાળો આપે તો કેટલેક દરજ્જે બેકારી જરૂર ઓછી થાય. જૈન સમાજમાં ઐક્યની ગેરહાજરીથી આ દિશામાં ક્વચિત્ કરવામાં કેટલીક મુશ્કેલીઓ નડે છે, તેથી ઐક્ય સ્થાપવાનો પુરુષાર્થ સેવાય તો ઇચ્છવા યોગ્ય છે; પણ ઐક્યના અભાવનું કારણ આગળ ધરીને કાર્ય કરતાં અટકવું એ કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી. આપણે નિષ્કામ વૃત્તિથી, નિઃસ્વાર્થ ભાવે, સેવાની ધગશથી બેકારી ઓછી કરવા કામ કરતા થઈ જશું, તો બેકારી જેવા મતભેદરહીત પ્રશ્નથી આપણા સમાજમાં ગેરહાજર દેખાતી એકતા જરૂર આવી મળશે, તેમ હું માનું છું.

બેકારીનો પ્રશ્ન શહેરો કરતાં ગામડાંને વધુ સ્પર્શી રહ્યો છે. ગામડાંના ભાઇઓને અશિક્ષિત કે અકુશળ ગણીને આપણે તેમના તરફ બેદરકાર રહ્યા છીએ. પરિણામે આપણું એ મહત્ત્વનું અંગ હાલ ચૈતન્યહીન બની ગયું છે; એ દુઃખદ સ્થિતિનું પ્રાયશ્ચિત્ત આપણે કર્યેજ છુટકો છે. ગામડાંના આપણા ભાઇઓમાંથી ધર્મના સંસ્કાર ઓછા થતા જાય છે, કારણ કે તેમને તે સંસ્કાર મેળવવાનું સાધન હોતું નથી તેમજ તેઓની આંતરિક સ્થિતિ પણ જોઇએ તેવી સારી નથી એને લઇને તેઓ ધાર્મિક સંસ્કાર ન મેળવી શકે, તો જૈન સમાજે, શહેરો અને ગામડાંઓનો બેકારીનો પ્રશ્ન સંયુક્ત રીતે વિચાર કરી, એવી યોજના કરવી જોઇએ કે બન્નેને પરસ્પર લાભ મળે. હું આશા રાખું છું કે બેકારી જેવા નિર્દોષ પ્રશ્નનો ઉકેલ કરવામાં શ્રીમંત અને ઉદ્યોગપતિઓ સહકાર આપશે અને બદલાયેલા યુગને પિછાનીને દાનની દિશામાં બકારીને અગ્રસ્થાન આપશે, તો સમાજની ઉન્નતિ જરૂર થઈ શકશે.

—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પંદરમા અધિવેશનના સ્વાગતસમિતિના પ્રમુખ સ્થાનેથી—

નવવિચારકો અને દાન

લેખક: પં. દલસુખ માલવણિયા.

શાસ્ત્રોએ દાનનો મહિમા ગાયો અને પરંપરાથી શાસ્ત્રવાચનમાં એ મહિમાપાઠ થવા લાગ્યો એટલે સમાજમાં દાનની પ્રવૃત્તિ તો શરૂ થઈ ગઈ. પછી તો વસ્તુતઃ દાન શું કહેવાય, દાતા કેવો હોય, તેનું પાત્ર કોણ હોય, દાન ક્યારે અને કેવી રીતે દેવું,—એ બધું વિચારવાનું છોડી દઈ માત્ર દેવું એ દાન અને ગમે તે, ગમે ત્યારે, ગમે તેને, ગમે તેવી રીતે દે—એ બધું દાનની કોટિમાં ગણાવા લાગ્યું. જેમ પ્રત્યેક આચાર વિષે માત્ર રૂઢિ એ જ તેને પાળવાનું નિયામક તત્ત્વ થઈ પડ્યું છે, તેમ દાનની પણ એક રૂઢિ થઈ ગઈ અને આપણે સારી રીતે જાણીએ છીએ કે કોઈ પણ નિયમ કે આચાર જ્યારે રૂઢિનું રૂપ પકડી લે છે, ત્યારે તે નિયમ કે આચારના પાલનમાં વિચારને જરા પણ સ્થાન રહેતું નથી. એટલે દાને પણ જ્યારે રૂઢિનું રૂપ ધારણ કર્યું, ત્યારે તેની પાછળ કોઈ પણ જાતના વિચારને અવકાશ ન રહ્યો એ તો સ્પષ્ટ છે.

સમાજમાં આવી દાનની રૂઢિ સામે નવવિચારકોએ માથું ઊંચકયું—જ્યાં ભક્તોને ભરપેટ ખાવાનું મળતું ન હોય, ત્યાં વીતરાગ ભગવાન માટે મહાલય બાંધવા કે તેમને હીરામાણેકથી વિભૂષિત કરવા; મજૂરોને રહેવા નાની કોટડીની પણ સગવડ ન હોય, છતાં ત્યાગીઓ માટે મોટા ઉપાશ્રયો બંધાવવા; પોતે અભણ રહીને પણ જ્ઞાનપંચમીના ઉજમણામાં પુસ્તકોની લહાણી કરવી; નોકરને ઠીક ઠીક ભોજન મળે છે કે નહિ, તેની દરકાર તો લેવી નહિ, પણ પોતાની તપસ્યાના ઉજમણામાં કે એવા કોઈ પ્રસંગમાં સંઘભોજન કરાવવું; ઘરે ભૂખ્યો ભિખારી માગવા આવે તો આદર તો ક્યાંથી હોય? હડધૂત કરી તેને પાછો કાઢતાં શરમ પણ ન આવે છતાં વેશધારી કોઈ પોતાના સંપ્રદાયનો સાધુ આવી ચડે તો આવશ્યકતાથી અધિક પણ પરાણે આપવું;—આ અને આવી બીજી અનેક પ્રકારની દાનની રૂઢિઓ વિરુદ્ધ નવવિચારકોએ પોતાનું માથું ઊંચકયું.

પરિણામે સમાજમાં નાનો એવો પણ એક વર્ગ ઉત્પન્ન થયો છે જે આવી દાનની રૂઢિમાં પોતાને હોમવા માગતો નથી. એટલું જ નહિ પણ પ્રસંગ આવ્યે એ રૂઢિદાન સામે પોતાનો વિરોધ બલપૂર્વક નોંધાવે છે અને કોઈ પ્રસંગે સફળ પણ થાય છે. આ પ્રમાણે સમાજમાં રૂઢિદાન વિરુદ્ધ જે હીલચાલ થઈ છે તે આંશિક સફળ થઈ ગણાય, કારણ હજી રૂઢિદાનોની પરંપરા એકદમ અટકી પડી નથી.

પણ એ નવવિચારકોને પણ એક લાલબત્તીની જરૂર છે. ખાસ કરીને જૈન સમાજને લક્ષીને હું અહીં ચર્ચા કરવા માગું છું.

રૂઢિવાદીઓના દાનો અંધપરંપરાથી પ્રેરાયેલા હોય છે, તેની પાછળ વિચારબળ નથી હોતું, યશની આકાંક્ષા હોય છે, તેમાં પાત્રાપાત્રનો વિવેક નથી, આ અને આવા બીજા બધા દોષો છતાં એક વાત તો આપણે સ્વીકારવી જ પડશે કે તેઓ **આપે છે.** નવવિચારકોનો વિરોધ **આપવા સામે નથી,** પણ આપવાની રીત સામે છે. આ વસ્તુ ખાસ લક્ષ્યમાં રાખવી જોઈએ. અત્યારે બન્યું છે એવું કે દાનની રીતનો વિરોધ કરતાં કરતાં વધતે ઓછે અંશે જાણે દાનનો પણ વિરોધ થઈ ગયો હોય તેમ જણાય છે. અવિચારીપણે આપવું એ તો અયુક્ત છે જ, પણ એથીયે વધારે અયુક્ત તો દાનનો જ સંકોચ કરીને પરિગ્રહને વધારવો એ છે. એટલે નવવિચારકોએ ખોટાં દાનોનો વિરોધ કરવામાં પાછી પાની કરવાની જરૂર નથી, પણ સાથે સાથે પોતાની દાનની નવી રીતો પણ સમાજમાં પ્રતિષ્ઠિત કરવામાં પાછી પાની કરવાની નથી એ ભૂલવું ન જોઈએ.

દાનનો પ્રવાહ જે ઊલટી રીતે વહી રહ્યો છે, તેને બદલે ઉપયોગી ક્ષેત્રમાં વાળવાની જરૂર છે અને એ કામ નવવિચારકોએ જ શરૂ કરવું પડશે; કારણ એ નવા માર્ગમાં રૂઢ લોકોને તો હજી શ્રદ્ધા જામી જ નથી, એટલે તેઓ તો એ માર્ગે જવાના જ નથી. નવવિચારકોની શ્રદ્ધા એ નવા માર્ગમાં જામી હોય, તો પોતાના દાનનો પ્રવાહ એ માર્ગે વાળી તેની ઉપયોગિતા પૂરવાર કરવી પડશે. અને એક વાર એવી ઉપયોગિતા સિદ્ધ થઈ, એટલે સૌ કોઈ એ માર્ગે વળવાનું. આમ ન બને ત્યાં સુધી માત્ર રૂઢ દાનનો વિરોધ ધાર્યું ફળ આપી શકે નહિ.

એક એવો અવસર હોય છે, જ્યારે કોઈ પણ વસ્તુનો માત્ર વિરોધ કરીને બેસી રહીએ તો પણ યોગ્ય ગણાય, પણ એને મર્યાદા હોય છે. એ મર્યાદાનું અતિક્રમણ કરીને પણ માત્ર વિરોધ કરીને બેસી રહેવામાં આવે તો એ વિરોધ પણ ધારી અસર ઉપજાવી શકતો નથી. રાજનૈતિક ક્ષેત્રમાં કૉંગ્રેસની અત્યારે જે પ્રગતિ આપણે જોઇએ છીએ, તે આવા વિરોધપ્રદર્શન ઉપરાંત વિધાયક કાર્યક્રમને જ આભારી છે. તે જ પ્રમાણે દાનના વિરોધપ્રદર્શન ઉપરાંત હવે જો એ વિરોધને બોદો ન પડવા દેવો હોય તો નવવિચારકોએ પોતાના તરફથી કાંઈક વિધાયક પ્રવૃત્તિ પણ ઉપાડવી જોઇએ.

આપણી કૉન્ફરન્સો અને યુવકમંડળોએ અનેક પ્રકારની વિધાયક સૂચનાઓ મૂકી છે. બેકારી નિવારણ, ઔદ્યોગિક શાળાઓ, છાત્રાયલો, ગુરુકુલો, પુસ્તક પ્રકાશન, સહકારી મંડળ અને એવી અનેક પ્રવૃત્તિઓ સમાજ સામે દાનની નવી દિશા સૂઝે એટલા માટે મૂકી છે. પણ હજુ તેમાંથી કોઈ પણ પ્રવૃત્તિ એકાદ અપવાદ સિવાય પગભર તો શું પણ સાચી દિશામાં શરૂ પણ કરવામાં નથી આવી. બન્યું છે એવું કે દાતા બદલાયો નથી પણ તેણે રૂઢિદાનો ઉપરાંત આ નવા ક્ષેત્રોમાંથી પણ કોઈ કોઇને અપનાવ્યા છે. પરિણામે ક્ષેત્ર તો નથી, પણ તેમાં વર્ચસ્વ એ અયોગ્ય દાતાઓનું જ છે. તેમજ દાન પણ વિચારપૂર્વકનું નહિ, યોજનાપૂર્વકનું નહિ. યોજના નવવિચારકોએ મૂકી પણ તેના માટે નાણા રૂઢિવાદીઓ તરફથી જ મોટે ભાગે મળ્યા એટલે પરિણામે યોજના અભરાઇએ રહી અને નવા માર્ગોએ વપરાયેલું ધન પણ નવવિચારકોએ ધારેલ પરિણામ આપી શકયું નહિ.

આ વસ્તુસ્થિતિ આપણા સમાજની કોઈ પણ બોર્ડિંગ, કોઈ પણ ગુરુકુલ કે એવી કોઈ પણ સંસ્થાનું સંચાલન જોવાથી પ્રત્યક્ષ થઈ જશે. સમાજ સામે નવવિચારકોએ બોર્ડિંગ કે ગુરુકુલોની યોજના મૂકી, પણ પૈસા તો તેમાંના કોઇકે જ આપ્યા. અને વધારે ભાગના પૈસા રૂઢિવાદીઓ પાસેથી જ ગમે તે પ્રકારે–કહો કે યશને નામે–પડાવ્યા. આખરે એ સંસ્થાઓનું સંચાલન નવવિચારકોમાંના કોઈકજના હાથમાં રહ્યું અને મોટા ભાગના સંચાલકો રૂઢિવાદીઓ જ નીમાયા. પરિણામે સંસ્થાનું ખોખું તો નવું, પણ તેમાં પ્રાણ તો જૂનોપુરાણો જ રહ્યો. એટલે અત્યારે વળી પાછું એ સંસ્થાઓ પણ નકામી છે, તેમાં માત્ર જૂની રૂઢિઓ પ્રમાણે બધું કામ ચાલે છે, નવાવિચારને અવકાશ નથી એ બધું કહેવાનું બાકી જ રહ્યું.

એટલે માત્ર યોજના આપવાથી કામ ન ચાલે, પણ તે સાથે વિચારકોએ થોડો ઘણો ત્યાગ પણ કરવો જોઇએ. સંસ્થા ન ચાલે એ બહેતર છે, પણ સિદ્ધાન્ત વિરુદ્ધ ચલાવવા માટે પૈસા મળે તો પણ અગ્રાહ્ય છે–એવો સિદ્ધાન્ત લઇને બેસવું જોઈએ. અને જો તેમ થાય, તો જ કોઈ આદર્શ સંસ્થા ચાલી શકે.

બંગાળમાં એક એવો નવો મીર્જાઈ મુસ્લીમ સંપ્રદાય છે, જેના પ્રત્યેક અનુયાયીની એ ફરજ મનાય છે કે તેણે પોતાની કમાણીનો અમુક હિસ્સો જુદો કાઢી મુખ્ય પેઢીમાં મોકલી આપવો. એ પૈસાનો ઉપયોગ એ સંપ્રદાયવાળા પોતાની મસીદો બાંધવામાં અને મોટે ભાગે કોમના વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ પાછળ ખર્ચે છે. એ સંપ્રદાયના શ્રી ઝફરુલ્લાખાન જેવા સભ્યો છે અને ખાસ વાત

તો એ છે કે તેનો કોઈ સભ્ય અભણ નથી. પ્રત્યેક શીખ સૈનિક પોતાનો પ્રથમ પગાર ગુરુદ્વારાને આપી કૃતાર્થતા અનુભવે છે એ તો જાણીતી વાત છે. આમ આપણી સમાજમાં નવવિચારકોનો એક એવો વર્ગ ઊભો થવો જ જોઈએ, જે પોતાની કમાણીનો અમુક ભાગ તો જુદો કાઢી પોતાના વિચારાનુકૂળ ચાલતી સંસ્થામાં વાપરે.

એક તરફથી સમાજવાદ કે સામ્યવાદ જેવા વાદોની વાતો કરવી અને બીજી તરફ પોતાનો પરિગ્રહ દિનપ્રતિ કેમ વધે તેની ફીકર કરવી. જ્યાં સુધી આ સ્થિતિ રહે, ત્યાં સુધી સમાજમાં નવવિચારને અનુકૂળ કોઈ પણ પ્રવૃત્તિ પગભર થઈ શકે નહિ એ તો દેખીતી વાત છે.

દાન એ કોઈ બીજાની દયા ખાઈને નહિ, પણ પોતાનો પરિગ્રહ ઓછો કરવાની દૃષ્ટિથી જ અપાવું જોઇએ. દાન વિષેની આ નવદૃષ્ટિ જો સાચી હોય તો પછી નવવિચારકોએ પરિગ્રહ વધારવા પ્રયત્ન કરવો જોઇએ કે ઘટાડવા? અને જો તેઓ ઘટાડવા પ્રયત્ન કરે, તો મને નથી લાગતું કે આપણું કોઈ પણ કાર્ય માત્ર નાણાને અભાવે પાંગળું બની જાય.

આચારવિનાનો વિચાર માત્ર માનસિક બોજો બની જાય છે એ સૂત્ર આપણે જો નિરંતર ધ્યાનમાં રાખીએ, તો આપણી કોઈ પણ પ્રવૃત્તિ હમેશાં વેગવંત જ બનવાની એ નિઃસંશય છે.

એટલે કોઈ પણ પ્રવૃત્તિ ચલાવવી હોય તો નાણાં ગમે તેનાં નહિ, પણ એ પ્રવૃત્તિમાં સંપૂર્ણપણે તાદાત્મ્ય અનુભવનાર વ્યક્તિએ જ કાઢવાં જોઇએ અને તેવી વ્યક્તિનાં જ લેવાં જોઇએ. જો આમ બને, તો જ કોઈ પણ સંસ્થા ધાર્યું પરિણામ આપી શકે.

આ કેળવણીપ્રચાર કે બેકારીનિવારણની દિશાએ હરવો કે યોજનાઓ આપણને બહુ દૂર લઇ જઇ શકે તેમ નથી. તે બન્ને બાબતમાં આખરે તો દ્રવ્યની જ જરૂર છે અને તે માટે ધનવાનોએ આગળ આવવાની જરૂર છે. જૈન ધનવાનો પોતાની દાનવૃત્તિ માટે જગમશહૂર છે; પણ આજે દાનના પ્રવાહો બદલાવાની જરૂર છે. હાલની પરિસ્થિતિ બરાબર ધ્યાનમાં લઇ સમાજનું કલ્યાણ વિશેષ કેમ સધાય અને દાનના સાત ક્ષેત્રો પૈકી કયા ક્ષેત્રોને દાનની વિશેષ જરૂરિયાત છે, તેનો ખ્યાલ કરીને તે ક્ષેત્રોમાં દાનનો પ્રવાહ વાળવો જરૂરી અને ઉપયોગી છે. આજે જૈન સમાજનો અનેક રીતે હ્રાસ થઇ રહ્યો છે, સંખ્યા ઘટતી જાય છે, આર્થિક પરિસ્થિતિ બગડતી જાય છે, કેળવણીમાં પણ સારી રીતે પછાત છે. એ સમાજ ક્ષીણ થશે, તો ભવ્ય જિનાલયોને કોણ સાચવશે? અને જ્ઞાનભંડારોનો કોણ ઉપયોગ કરશે? માટે આજે તો અન્ય દાનક્ષેત્રોને ગૌણ બનાવીને શ્રાવક અને શ્રાવિકાઓની સ્થિતિ સુધારવા પાછળ જ સર્વ દાનપ્રવાહોનું એકીકરણ થવાની જરૂર છે. પારસીપંચાયતફંડની યોજના એક નાની સરખી પારસી કોમને કેટલી બધી આશીર્વાદરૂપ બનેલ છે? શું આપણે ત્યાં આવું મોટું ફંડ ઊભું થઈ ન શકે કે જે કોમની કેળવણીની જરૂરિયાતોને બરોબર પહોંચી વળે અને વધતી જતી બેકારીમાં પણ રાહત આપી શકે? જૂની દૃષ્ટિ અને ઘરેડવાળા દાનવીર સાધર્મી ભાઇઓને આ બાબતનો યોગ્ય વિચાર કરવા મારી આગ્રહપૂર્વક વિનંતી છે.

—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પંદરમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી—

જીવતો અનેકાન્ત

લેખક : પં. સુખલાલજી સંઘવી

કલ્પના, તત્ત્વજ્ઞાન અને ધર્મ એ ત્રણ માનવી જીવનની, બીજા કોઈના જીવનમાં ન હોય તેવી, વિશેષતાઓ છે. તેમ છતાં આ ત્રણે વસ્તુઓ એક જ કોટિની કે એક જ સરખા મૂલ્યવાળી નથી. કલ્પના કરતાં તત્ત્વજ્ઞાનનું સ્થાન ઊંચું છે, એટલું જ નહિ, પણ તે સ્થાયી અને વ્યાપક પણ છે. ધર્મનું સ્થાન તો તત્ત્વજ્ઞાન કરતાંય ચડિયાતું છે, કારણ ધર્મ એ તત્ત્વજ્ઞાનનું પક્વ પરિણામ-ફળ માત્ર છે.

કલ્પનાઓ ક્ષણેક્ષણે નવનવી અને તે પણ જુદી જુદી વ્યક્તિઓમાં નવનવરૂપે ઉદ્ભવે છે. એ બધી કલ્પનાઓ કાંઈ સ્થિર નથી હોતી તેમજ સાચી પણ નથી હોતી, તેથી કલ્પના કરનાર વ્યક્તિ પણ પોતે સેવેલી અને પોષેલી કલ્પનાઓને ઘણીવાર અને મોટે ભાગે ફેંકી જ દે છે, એને એ બદલ્યા પણ કરે છે. જો કોઈ વ્યક્તિ પોતાની કલ્પનાઓને સત્યની કસોટીએ નહીં કસાયા છતાં સેવ્યા જ અને પોષ્યા જ કરે, તોય એ કલ્પનાઓને બીજા લોકો સ્વીકારતા કે અપનાવતા નથી. તેથી ઊલટું જો કોઈ કલ્પના સત્યની કસોટીએ કસાતાં પાર ઊતરે, તેમાં ભ્રાંતિ જેવું ન જ રહે, તો એવી કલ્પના ગમે તે કાળ, ગમે તે દેશ અને ગમે તે જાતિના મનુષ્યમાં જન્મી હોય છતાં તે કલ્પના પોતાની સત્યતાના બળના પ્રમાણમાં સર્વત્ર સ્વીકારાવા લાગે છે અને તે કલ્પના સ્થાયી બને છે. આવી જ સ્થિર કલ્પનાઓ તત્ત્વજ્ઞાન તરીકે લેખાય છે. અને તે જ કયાંઈ સીમાબદ્ધ ન રહેતાં સાર્વજનિક કે બહુજનગ્રાહ્ય સંપૂત્તિ બને છે. માનવી, પરીક્ષણશક્તિ જે તત્ત્વજ્ઞાનને કસી સત્યરૂપે સ્વીકારે છે, તે જ તત્ત્વજ્ઞાન પછી કાળક્રમે ધીરેથી કે ત્વરાથી માનવી આચરણનો વિષય બને છે અને જે તત્ત્વજ્ઞાન વિવેકપૂર્વક આચરણમાં આવે છે, તે જ માનવ-વંશનો ખરેખરો વિકાસપ્રદ ધર્મ બની જાય છે.

ઉપરની બાબત એકાદ દાખલાથી સ્પષ્ટ કરીએ. 'જીવ, આત્મા, ઈશ્વર એ છે' એવી એક કલ્પના. 'તે નથી' એવી બીજી કલ્પના. છે તોય બધા જીવો વસ્તુતઃ એક જ છે, તેઓ વચ્ચે વાસ્તવિક ભેદ છે જ નહિ અને જીવ તેમજ પરમાત્મા પણ વસ્તુતઃ નોખી નોખી વસ્તુ નથી એવી કલ્પનાઓ એક બાજુ ને બીજી બાજુ જીવો બધાય વસ્તુતઃ નોખા નોખા છે, પરમાત્મા અને જીવો વચ્ચે ખરેખરી જુદાઈ જ છે એવી કલ્પનાઓ પ્રવર્તે છે. જ્યારે તેથી તદ્દન ઊલટી જાતની કલ્પનાઓ પણ પ્રવર્તે છે; તે એમ માને છે કે ઈશ્વર તો શું પણ આત્મા જેવી સ્વતંત્ર અને સ્થાયી કોઈ વસ્તુ નથી. આત્મા એ તો પાણીના પરપોટા જેવી પાંચ ભૂતોની બનેલી એક ગતિશીલ અને દૃશ્ય આકૃતિ માત્ર છે. આ બધી ઓછે વધતે અંશે કલ્પનાઓ છે એમ સમજવું જોઈએ. કારણ અમુક કલ્પનાઓના પક્ષનો માણસ પણ કયારેક તે કલ્પનાઓ છોડી બીજા જ પક્ષમાં ભળે છે અગર તો બન્ને પક્ષોથી તટસ્થ રહે છે.

એ બધી કલ્પનાઓ બદલાવા અને નવું નવું રૂપ ધારણ કરવા છતાં તેની પાછળ એક કદી ન બદલાય અને કદી પણ ન ભૂંસાય એવી સ્થિર પણ કલ્પના છે. દા. ત. માણસ તો શું કોઈ પણ પ્રાણી એવું નથી, જેને 'હું કાંઈક છું' એવું હુંપણાનું ભાન ન હોય તેમજ સુખદુઃખના ભેદની લાગણી અને સુખ માટેની પ્રવૃત્તિ તેમજ દુઃખ તરફનો અણગમો ન હોય. ત્રણે કાળમાં સૌને એક સરખી રીતે માન્ય થાય એવો આ અનુભવ તેજ તત્ત્વજ્ઞાનની કક્ષામાં આવે; કારણ એ અનુભવ માત્ર વાસ્તવિકપણાની ભૂમિકા ઉપર જ ઊભો થયેલો હોઈ ટકી રહે છે. તેમાં કોઇને કાંઈ વાંધો લેવા જેવું દેખાતું નથી. હુંપણાનું ભાન, સુખની રુચિ, દુઃખનો અણગમો એ અનુભવ સૌમાં એકસરખો અને સાચો સિદ્ધ

થયો છે, તેને જ લીધે તેમાંથી ધર્મ જન્મ્યો છે. સાચું જ વિચારવું, વિચાર અને સમજ હોય, તેવું જ બોલવું અને તેવું જ આચરવું એવો જે સત્ય-અહિંસા નામનો ધર્મ મનુષ્ય જાતિમાં ઉદ્ભવ્યો છે ને કાળક્રમે તેનો અનેક રૂપે વિકાસ થયેલો છે તેમજ થતો જાય છે. તેના મૂળમાં પેલો અનુભવ જ કામ કરી રહ્યો છે. જીવ કે ઈશ્વર હોવા ન હોવાની તેમજ તેના નોખાપણા કે અનોખાપણાની ગમે તેટલી અરસપરસ વિરોધી કલ્પનાઓ પ્રવર્તતી હોય છતાં કોઈ પ્રાણી કે કોઈ મનુષ્ય એવો નથી કે જે પોતા પ્રત્યે બીજાના અણગમાકારક વર્તનને પસંદ કરે. એ જ બીજા પાસેથી પોતાના તરફના સદ્વર્તનની આશા બીજા પ્રત્યે પોતાના સદ્વર્તનને ઘડે છે. એ ઘડતર વિરોધી ધક્કાઓથી મોડેમોડે જન્મે કે સમજપૂર્વક જલદી જન્મે એ નોખી વાત, પણ આખી માનવજાત આ ઘડતર તરફ જ ઢળી રહી છે અને માનવજાતિમાં થયેલા તેમજ થતા મહાન્ પુરુષો પોતાની જીવનચર્યાથી આખી માનવજાતને એ જ રીતે ઘડવા મથ્યા છે ને મથી રહ્યા છે. તેથી જ એ ઘડતર ધર્મના બીજા ઉપસિદ્ધાન્તોનો મૂળ સિદ્ધાન્ત બની રહ્યો છે.

તત્ત્વજ્ઞાનનો જન્મ કોઇને કોઈ સંપ્રદાયને આભારી છે. તત્ત્વજ્ઞાનના વિકાસ અને પ્રચારમાં પણ સંપ્રદાયોનો મુખ્ય ફાળો છે. એ જ રીતે ધર્મના વિકાસ અને પોષણમાં પણ સંપ્રદાયોનો અમુક હિસ્સો છે જ, છતાં માનવજાતની ટૂંકી દૃષ્ટિએ એ જ તત્ત્વજ્ઞાન અને ધર્મના ઝરા જેવા સંપ્રદાયને સાંકડો, બંધિયાર તેમજ મેલો પણ કરી નાખ્યો છે. અજ્ઞાન અને મોહમાંથી જન્મેલી ટૂંકી દૃષ્ટિ કોઈ એક સંપ્રદાય બહાર. બીજા સંપ્રદાયોના વાસ્તવિક અનુભવને જોઈ શકતી નથી. કોઈ એને જોવા કહે, તોય તે ડરે છે, ભડકે છે, પોતે પોતાના તરીકે માનેલ સંપ્રદાયમાં પણ એ ખુલ્લા મનથી ચોમેરના સત્યો જોતો નથી. આનું નામ મતાંધતા કે સાંપ્રદાયિકતા છે, મનુષ્ય જાતિમાં મતાંધતાને લીધે જે પરિણામો આવ્યાં છે, તેમને તદ્દન ટૂંકમાં નોંધવા હોય તો આ પ્રમાણે નોંધી શકાય.

૧. તે સત્યસિદ્ધ નહિ થયેલ કલ્પનાઓને પણ તત્ત્વજ્ઞાન તરીકે લેખી તેને તત્ત્વજ્ઞાનની કોટિમાં મૂકે છે.

૨. તે બીજા કોઇએ સત્ય સાબિત કરેલ અને તત્ત્વજ્ઞાન તરીકે લેખાય એવા અનુભવને પણ વિચારતાં, અપનાવતાં ડરે છે, પાછો પડે છે.

૩. તેને જે વાત પોતાના અને બીજાના સંપ્રદાયમાં એક સરખી હોય, તે એક સરખી નથી દેખાતી. એક જ બાબતને તે બરાબર હોય, છતાંય તેને તે પોતાના સંપ્રદાયમાં ચડિયાતી ને ખામી વિનાની માને છે, જ્યારે બીજા સંપ્રદાયમાંની એ જ બાબતને તે પ્રથમ તો સ્વીકારતો જ નથી અને સ્વીકારે તોય તે ઊતરતી કે ખામીવાળી લેખી તેને બરાબરીનું સ્થાન આપી શકતો નથી.

૪. તેને એક અથવા બીજી રીતે પોતાની માન્યતાઓનું શ્રેષ્ઠપણું–પછી તે વાસ્તવિકમાં હોય કે નહિ–લોકોમાં મનાતું થાય એ ગમે છે. અને એવા શ્રેષ્ઠપણાને માનવા–મનાવવાની ધૂનમાં તે બીજા કોઈ પણ સંપ્રદાયની તેટલી જ શ્રેષ્ઠ બાબતોને, તેટલા જ કીમતી અનુભવોને બને તેટલું વધારેમાં વધારે ઉતારી પાડવા પ્રેરાય છે.

૫. તે આચારણમાં ગમે તેટલો મોળો હોય, પોતાની બધી જ નબળાઈઓ જાણતો પણ હોય અને પોતાના સંપ્રદાયમાંની સામૂહિક કમજોરીઓ જાતે અનુભવી વ્યક્તિગત દૃષ્ટિએ સ્વીકારતો પણ હોય, છતાં તેને પોતાના સંપ્રદાયના પ્રવર્તકો, આગેવાનો, કે શાસ્ત્રોની મહત્તા સચવાઈ રહે એવું જ મનમાં થયા કરે અને બીજા સંપ્રદાયોના પ્રવર્તકો, આગેવાનો કે શાસ્ત્રોની લઘુતા થતી જોઈ મનમાં એક

જાતનો છૂપો રસ વહે અને જાહેરમાં તે લઘુતા દ્વારા પોતાના સંપ્રદાયની મહત્તા સ્થાપવા લલચાય, જેને પરિણામે ખંડનમંડન ને વાદવિવાદ જન્મે.

આટલી સામાન્ય ભૂમિકા પછી હવે આપણે આપણા મુખ્ય વિષય ઉપર આવીએ. અનેકાંત એ જૈન સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાન્ત છે, જે તત્ત્વજ્ઞાન અને ધર્મના બન્ને પ્રદેશમાં સમાનપણે માન્ય થયેલો છે. અનેકાંત અને સ્યાદ્વાદ એ બન્ને શબ્દો અત્યારે સામાન્યરીતે એક જ અર્થમાં વપરાય છે. માત્ર જૈનો જ નહિં પણ જૈનેતર સમજદાર લોકો પણ જૈન દર્શનને–જૈન સંપ્રદાયને અનેકાંત દર્શન કે અનેકાંત સંપ્રદાય તરીકે ઓળખે-ઓળખાવે છે. હમેશાથી જૈન લોકો પોતાની અનેકાંત સંબંધી માન્યતાને એક અભિમાનની વસ્તુ લેખતા આવ્યા છે અને એની ભવ્યતા, ઉદારતા તેમજ સુંદરતાનું સ્થાપન કરતા આવ્યા છે. અહિં આપણે જોવાનું એ છે કે અનેકાંત એ વસ્તુ શું છે? અને તેનું જીવિતપણું એટલે શું? તેમજ એવો જીવતો અનેકાંત આપણી જૈન પરંપરામાં સામુદાયિક દૃષ્ટિએ કયારેય હતો ને અત્યારે પણ છે?

અનેકાંત એ એક જાતની વિચારપદ્ધતિ છે. તે બધી દિશાઓથી, બધી બાજુથી ખુલ્લું એવું એક માનસચક્ષુ છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઈ પણ વિષયને તે માત્ર એક જ તૂટેલી કે અધૂરી બાજુથી જોવા ના પાડે છે અને શકય હોય તેટલી વધારેમાં વધારે બાજુઓથી, વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે માર્મિક રીતે તે સર્વકાંઈ વિચારવા, આચરવાનો પક્ષપાત ધરાવે છે. આ તેનો પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલો છે. અનેકાંતનું જીવિતપણું અગર જીવન એટલે તેની પાછળ, આગળ કે અંદર સર્વત્ર સત્યનું–યથાર્થતાનું વહેણ. અનેકાંત એ માત્ર કલ્પના નથી, પણ સત્ય-સિદ્ધ થયેલી કલ્પના હોઇ તે તત્ત્વજ્ઞાન છે અને વિવેકી આચરણનો વિષય હોઇ તે ધર્મ પણ છે. અનેકાંતનું જીવિતપણું એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા વિચારવા, અપનાવવા પ્રેરે છે, તેમ એ પોતાના સ્વરૂપ અને જીવિતપણા વિષે પણ ખુલ્લા મનથી જ વિચાર કરવા ફરમાવે છે. જેટલું વિચારનું ખુલ્લાપણું, સ્પષ્ટપણું અને તટસ્થપણું, તેટલું જ અનેકાન્તનું બળ કે જીવન.

જો અનેકાંતના જીવનની ઉપરની વ્યાખ્યા સાચી હોય, તો આપણે આગળ કે પાછળના કોઈ પણ બંધનો સ્વીકાર્યા સિવાય જ તદ્દન નિખાલસપણે એને વિષે વિચાર કરવો જોઈશે. આ વિચાર કરતાં પ્રથમ પ્રશ્નો કાંઈક નીચે પ્રમાણે ઉદ્ભવે ખરા.

૧ શું આવી અનેકાંતદૃષ્ટિ માત્ર જૈન પરંપરાના પ્રવર્તકો અને અનુયાયીઓમાં જ હતી અને છે કે મનુષ્યજાતિમાં અસ્તિત્વ ધરાવતા બીજા સંપ્રદાયોના પ્રવર્તકો અને અનુયાયીઓમાં પણ એ પ્રવર્તી છે અગર પ્રવર્તી શકે?

૨ પરિભાષા, વ્યાખ્યા અને ઉપયોગનો ગમે તેટલો ભેદ હોવા છતાં જો વસ્તુગતે અનેકાંતવિચાર અને અનેકાંતવર્તન બીજા કોઈ જૈનેતર ગણાતા સંપ્રદાયના પ્રવર્તકો કે અનુયાયીઓમાં હોય અને તે આપણને પ્રમાણથી સાચું લાગે, તો તેનો તેટલા જ આદરથી સ્વીકાર કરવો કે સાંપ્રદાયિક અભિનિવેશથી આંખ બંધ કરવી?

૩ અનેકાંતના પાયા ઉપર સ્થપાયેલ ને પોષાયેલ જૈન સંપ્રદાયમાં પણ અનેકાંત જીવનમાં બીજા સંપ્રદાયો કરતાં વધારે પ્રમાણમાં ઉતર્યો ન હોય, તો જૈન લોકોને અનેકાંત વિષે ગૌરવ લેવાને કાંઇ કારણ છે? અથવા અનેકાંત વિષે ગૌરવ લેવું એટલે શું?

બીજા અને ત્રીજા પ્રશ્નને પ્રથમ લઇએ. હું ધારું છું ‘ગમે તેવો સાંપ્રદાયિક મનનો જૈન હશે તોય એમ તો ભાગ્યે જ કહેશે કે જૈન સિવાયના કોઈ પણ સંપ્રદાયના પ્રવર્તક કે અનુયાયીમાં સાચે જ અનેકાંત વિચાર કે વર્તન હોય, તો તેનો સ્વીકાર કરતાં, તેનો આદર કરતાં અચકાવું. એવો પણ કોઇ

જૈન ભાગ્યે જ નીકળશે કે બીજા સંપ્રદાયના પ્રવર્તક કે અનુયાયીના જીવનમાં ઊતરેલ હોય, તેટલો પણ અનેકાન્ત પોતાના જીવનમાં ન હોવા છતાં માત્ર સાંપ્રદાયિક માન્યતાને કારણે પોતાના જીવનમાં ગૌરવ લે.' ત્યારે હવે પ્રથમ પ્રશ્નને અંગે જ કાંઈક વિચારવું ઘટે છે. હું મારા વાચન અને ચિંતનને પરિણામે તદ્દન સ્પષ્ટપણે જોઈ શકયો છું કે પરિભાષા, શૈલી અને ઉપયોગની પદ્ધતિ ગમે તેટલી જુદી હોય, છતાંય પ્રસિદ્ધ બધા જ જૈનેતર સંપ્રદાયના પ્રવર્તકો અને કેટલાક તેના અનુયાયીઓ સુદ્ધાં અનેકાંતને અવલંબીને જ પોતપોતાની ઢબે વિચાર પ્રગટ કરી ગયા છે અને હું એમ સ્પષ્ટપણે જોઈ શકું છું કે અનેકાંત દૃષ્ટિએ વિચાર કરવાની શકયતા જે જૈન સંપ્રદાયના પ્રવર્તકો ને અનુયાયીઓમાં સંભવિત છે, તો તેટલી જ શકયતા બીજા કોઈ પણ જુદા નામથી ઓળખાતા સંપ્રદાયના અનુયાયીઓમાં પણ સંભવિત છે. એટલું જ નહિ પણ ઘણી વાર તો વ્યવહારમાં જૈન કરતાં જૈનેતર સંસ્કારી અને શિક્ષિત વ્યક્તિઓમાં એ શકયતા વધારે પ્રમાણમાં દૃગ્ગોચર થાય છે. મારા આ અભિપ્રાયની યથાર્થતા આંકવા ઇચ્છનારને હું થોડીક સૂચનાઓ કરવા ઇચ્છું છું. જો તેઓ એ સૂચના પ્રમાણે વર્તીં જોશે, તો તેમને પોતાને પોતાની જ આંખે એ સત્ય દીવા જેવું દેખાશે. સહેલામાં સહેલી ને સૌથી પ્રથમ અમલમાં મૂકાય એવી સૂચના એ છે કે જે જૈનો હોય તે ઉત્તરાધ્યયન મૂળ અગર તેનું ભાષાંતર વાંચે. તેની સાથે જ બૌદ્ધ સંપ્રદાયનું માન્ય ધર્મપદ ને વૈદિક સંપ્રદાયોની માન્ય ગીતા વાંચે. વાંચતાં કેવળ એટલી જ દૃષ્ટિ રહે કે દરેક સંપ્રદાયના તે તે શાસ્ત્રોમાં ચિત્તશુદ્ધિ, સંયમ, અહિંસા આદિ સદ્ગુણોની પુષ્ટિ કેવી એક સરખી રીતે કરવામાં આવી છે ! એથી આગળ વધી વધારે જોવા ઇચ્છનારને હું સૂચના કરવા ઇચ્છું છું કે ખુદ તથાગત બુદ્ધે પોતે કેવા અર્થમાં ક્રિયાવાદી છે અને કયા અર્થમાં અક્રિયાવાદી છે એનો જે ખુલાસો કર્યો છે અને જે રીતે અનેકાંતદૃષ્ટિ જીવનમાં હોવાની સાબિતી આપી છે, તેને જૈન અનેકાંત સાથે સરખાવવી. તે જ રીતે પાતંજલ યોગશાસ્ત્ર કે તેના કરતાંય બહુ જૂના ઉપનિષદોમાં જે અધિકારપરત્વે અનેકવિધ આધ્યાત્મિક સાધનાઓ બતાવી છે, તેનું જૈન આધ્યાત્મિક સાધનાઓ સાથે તોલન કરવું, જેવું કે આચાર્ય હરિભદ્ર અને યશોવિજયજીએ કર્યું છે. જરથોસ્ત્રિયન, ક્રિશ્ચિયન અને ઇસ્લામી ધાર્મિક આજ્ઞાઓ સુધી ન જાય, તોય ઉપર કહેલ બૌદ્ધ અને વૈદિક શાસ્ત્રોના જૈન શાસ્ત્રો સાથેના તોલનથી દરેકને એ ખાત્રી થઈ જશે કે સત્ય અને તેની વિચારદૃષ્ટિ કોઈ એક જ પંથમાં બંધાઈ રહેતી નથી. આ મુદ્દાની વધારે સ્પષ્ટતા કરવા ઇચ્છનારને હું એક બીજી પણ સૂચના કરવા ઇચ્છું છું અને તે એ છે કે તેણે સમાન દરજ્જાના અમુક માણસો સરખી સંખ્યામાં દરેક સંપ્રદાયના અનુયાયીઓમાંથી પસંદ કરવા, પછી તેણે એ પસંદ કરેલ વ્યક્તિઓની જીવનચર્યા ને વિચારસરણી તટસ્થપણે નોંધવી. પસંદ કરાયેલ સરખા દરજ્જાના વ્યાપારીઓ હોય કે વકીલો, ડોકટરો હોય કે શિક્ષકો, ખેડુતો હોય કે નોકરો, આ બધાના પરિચયથી પરીક્ષક જોઈ શકશે કે વારસામાં અનેકાંતદૃષ્ટિ મળવાનો દાવો કરનારને તે બાબત વધારે ગૌરવ લેનાર જૈનો કરતાં જૈનેતરો કેટલે અંશે ઊતરતા છે, ચડિયાતા છે, કે લગભગ બરાબર છે. જીવતો અનેકાંત આપણને જાગતા રહેવા, પોતાની જાતને કે બીજાને અન્યાય ન કરવા ફરમાવે છે. એટલે આપણે માત્ર સાંપ્રદાયિક અભિનિવેશને લીધે પોતાના સંપ્રદાય વિષે તેમજ બીજા સંપ્રદાયો વિષે જે અઘટિત વિધાનો કર્યાં કરીએ છીએ, તેથી બચતા રહેવું એ આપણો પ્રથમ ધર્મ છે.

હવે આપણે તપાસવાનો છેલ્લો મુદ્દો બાકી છે કે જીવતો અનેકાંત સામુદાયિક દૃષ્ટિએ જૈનપરંપરામાં કયારેય હતો ને આજે પણ છે? આ પ્રશ્નનો જવાબ લાગે છે તેવો અઘરો નથી. એમ તો દરેક જૈન માને અને કહે જ છે કે અનેકાંત એ મુખ્ય જૈન સિદ્ધાંત માત્ર તાત્ત્વિક જ નહિ, પણ વ્યાવહારિક સુદ્ધાં છે. એનો અર્થ એ થયો કે તત્ત્વજ્ઞાનના વિચાર પ્રદેશમાં અગર જીવનના પ્રત્યેક કાર્યક્ષેત્રમાં જો અનેકાંતનો ઉપયોગ થાય, તો તે બીજી કોઈ પણ દૃષ્ટિ કરતાં વધારે સલામત તેમજ ઉપયોગ કરનારને

વધારેમાં વધારે સમાધાનકારક નીવડે છે. આપણે જૈન પરંપરાનાં બધાં જ ક્ષેત્રોમાં આ કસોટી લાગુ પાડી જોવું જોઈએ કે અનેકાંત દૃષ્ટિએ તેમાં કેટલો જીવંત ફાળો આપ્યો છે ને અત્યારે કેટલો ફાળો આપે છે.

જીવનના ધર્મ, કર્મ, સાહિત્ય, સમાજ અને રાષ્ટ્ર એટલા વિભાગો કરી વિચાર કરીએ. પ્રથમ આપણે જોઈએ કે જૈન પરંપરાના ધાર્મિક જીવનમાં અનેકાંતનું સ્થાન શું રહ્યું છે ને અત્યારે શું છે? ભગવાન મહાવીર પહેલાના સમયની વાત જતી કરીએ. માત્ર તેમના પછીનો આજ સુધીનો ધાર્મિક ઇતિહાસ તપાસીએ તો સ્પષ્ટ જણાશે કે અનેકાંતને પોતાના સર્વશ્રેષ્ઠ સિદ્ધાન્ત તરીકે સ્થાપનાર આચાર્યો કે વિદ્વાનો પોતાના જીવનમાં અનેકાંત ભાગ્યે જ ઉતારી શકયા છે. એના પુરાવા વાસ્તે બહુ દૂર જવું પડે તેમ નથી. દિગંબર અને શ્વેતાંબર બે મુખ્ય ફિરકા તરફ પ્રથમ નજર કરો. શ્વેતાંબર ફિરકામાં એવું કયું તત્ત્વ છે કે જેને લીધે દિગંબરોને જુદું જ રહેવું પડે? અગર દિગંબરોમાં એવી કઈ બાબત છે કે જે શ્વેતાંબરોને અલગ રાખે? કોઈ ઉત્કટ ત્યાગી દિગંબર ફિરકામાં થયો હોય, તો શું તેવો ત્યાગી શ્વેતાંબર ફિરકાએ નથી જન્માવ્યો? શ્વેતાંબર ફિરકાના વસ્ત્રધારણથી શિથિલતા આવતી જ હોય, તો દિગંબર ફિરકામાં શિથિલતાનું નામ પણ હોવું ન જ જોઇએ. દિગંબર શાસ્ત્રો અને શ્વેતાંબર શાસ્ત્રો વચ્ચે ઓળંગી ન શકાય એવી ખાઈ તો શું? એક લીંટી પણ નથી કે જે બન્નેને મળતાં, એક રસ થતાં રોકે. જે બન્ને ફિરકાઓ આખા જગતને સુખ અને શાંતિ પૂરાં પાડનાર તરીકે અનેકાંતનો ઉપદેશ કરવા નીકળ્યા છે ને પહેલેથી જ બન્ને ફિરકાના વિદ્વાનો શાસ્ત્રોમાં અનેકાંતનું નગારું વગાડતા આવ્યા છે, તે બન્ને કયારે પણ મળ્યા છે ખરા? અનેકાંતે તેમને અરસપરસ ભેટાવ્યા છે ખરા? તેમના તીર્થકલહો અનેકાંતે પતાવ્યા છે ખરા? જે ફિરકાઓ કે જે ફિરકાના અગ્રેસર વિદ્વાનો અને આચાર્યો પોતાની અંદરના તદ્દન સામાન્ય જેવા મતભેદોને શમાવી ન શકે, તેઓમાં અનેકાંતનું તત્ત્વજ્ઞાન કે અનેકાંતમય ધર્મ છે એમ કોણ કહેશે? ઠીક ભલા, એથી આગળ ચાલો જોઇએ. થોડી વાર એમ માનો કે અનેકાંતદૃષ્ટિ માત્ર કોઈ એક જ જૈન ફિરકાને વરી છે, તો પછી તે ફિરકાના અનુયાયીઓને આપણે જરૂર પૂછીશું કે ભાઈઓ! તમારા શ્વેતાંબર કે દિગંબર કોઇ એક જ ફિરકામાં પહેલેથી આજ લગી ગણ-ગચ્છના નાના નાના અનેક વાડાઓ કેમ પડ્યા કે જે વાડાઓ એક બીજાથી દૂર રહેવામાં જ મહત્ત્વ માનતા આવ્યા છે? શું અનેકાંત એ સાંધનાર છે કે ભાગલા પડાવનાર છે? જો ભાગલા જ પડાવનાર હોય, તો તમારું સ્થાન દુનિયાના બીજા કોઈપણ ઊતરતામાં ઊતરતા પંથ કરતાં ચડિયાતું નથી. સાંધનાર હોય, તો તમે પોતાના ફિરકામાં પડતા નાના નાના ભાગલાઓને પણ સાંધી ન શકવાને કારણે જીવનમાં અનેકાંત ઉતારી શકયા નથી, અનેકાંતને જીવતો રાખી શકયા નથી. બહુ જૂના વખતની વાત જતી કરીએ અને છેલ્લા પાંચસો વર્ષના નવા ફાંટાનો જ વિચાર કરીએ; તોય જૈન પરંપરામાં ધાર્મિક જીવન અનેકાંત વિનાનું જ જણાશે. સ્થાનકવાસી ફિરકાને પૂછીએ કે તમે પ્રથમના બે ફિરકાથી જુદા પડી અનેકાંત સિદ્ધાન્ત જીવતો રાખ્યો છે કે તેની ચૂંથાયેલી કાયાના વધારે કટકા કર્યા છે? જો સ્થાનકવાસી ફિરકાએ પોતાનાં નાનાં મોટાં ટોળાંને સાંધવા પૂરતો અને ઓધાની દશીઓ આમ બાંધવી કે તેમ બાંધવી તેના એક નિર્ણય પૂરતો પણ અનેકાંત જીવી બતાવ્યો હોત, તો એટલો તો સંતોષ થાત કે જીવનમાં અનેકાંતની હત્યા કરનાર પ્રથમના બે ફિરકાઓ કરતાં આ નવા ફિરકાએ કાંઇક અનેકાંતનું જીવન બચાવ્યું; પણ આપણે તો ભૂતકાળના ઇતિહાસ અને વર્તમાન જીવનમાં જોઇએ છીએ કે છ કોટી, આઠ કોટીના બોલની સંખ્યાપૂરતા અગર અમુક પાઠો બોલવા ન બોલવાના ભેદ પૂરતા, અગર કેળાં ખાઈ શકાય કે નહિ તે પૂરતા, અગર પર્યુષણ પર્વ અમુક તિથિએ કરવા ન કરવા પૂરતા અનંત ઝઘડાઓ વધારી અનેકાંતના અનેક અંત કરી નાખ્યા છે. ટૂંકમાં જૈન પરંપરાના ધાર્મિક

ઇતિહાસમાં અનેકાંત જીવતો તો નજરે જ પડતો નથી. હા, કલ્પનામાં તેણે અનેકાંત એટલે લગી વિસ્તાર્યો છે કે અનેકાંતનું પોષણ કરનાર એક ખાસું સ્વતંત્ર સાહિત્ય સર્જાયું છે. પરંતુ આ સ્થળે એ વાત ખાસ ભારપૂર્વક નોંધવા જેવી છે કે અનેકાંતની વ્યાખ્યા કરતાં આચાર્યોએ ને વિદ્વાનોએ જે ઉદાહરણો દાખલાઓ આપ્યા છે ને હજુયે આપે છે, તે ઉદાહરણો વાળના અગ્ર ઉપર નાચી શકાય કે નહિ એ પ્રશ્નના મનોરંજક જવાબ જેવા છે. આકાશને ફુલ છે પણ–એ સાબિતી સુધી અનેકાંત ગયો છે, પણ મંદિરો જુદા હોવા છતાં એક જ તીર્થમાં શ્વેતાંબર દિગંબરો સલાહ સંપ અને પૂર્ણ સમાધાનીથી રહી શકે કે નહિ અને રહી શકે તો કેવી રીતે તેમજ ન રહી શકે તો કેવી રીતે એનો નિર્ણયકારી ખુલાસો આટલા ઝઘડાશાસ્ત્રના અનુભવને પરિણામે પણ અનેકાંતના મહારથીઓએ હજુ લગી આપ્યો નથી. ધાર્મિક જીવનમાં છેક જ છિન્નભિન્ન થયેલા અને નજીવી બાબતમાં પણ શ્વાન કે મહિષ યુદ્ધ કરનારા ધર્મવિદ્વાનો જો પોતાની પરંપરામાં અનેકાંતદૃષ્ટિ કે અનેકાંતજીવનનો દાવો કરે, તો એમણે આંખ આડા પાટા બાંધ્યા છે, જે બીજાને ને પોતાને જોવા ના પાડે છે એમ જ કહી શકાય.

કર્મપ્રદેશ એટલે ધંધાનું ક્ષેત્ર. ધંધામાં અનેકાંત લાગુ પડી શકે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર જૈનો કદી નકારમાં તો ન જ આપે. હવે આપણે જોઇએ કે તેમણે ધંધાના ક્ષેત્રમાં અનેકાંત ક્યાં લગી પોષ્યો છે? જીવન જીવવા અનેક વસ્તુઓ જોઇએ, કામ પણ અનેક જાતનાં કરવાં પડે. આપણે જૈન પરંપરાને પૂછીએ કે તારે નભવું હોય તો કઈ ચીજ વિના અને કયા કામ વિના ચાલશે? અને તેમ છતાં આપણે જોઇએ છીએ કે જૈનો એકજ ધંધો શીખ્યા છે ને એકજ ધંધા તરફ ધસ્યે જાય છે. તે ધંધો છે વ્યાપાર કે નોકરીનો. શું જૈનોને ખેતીની જરૂર નથી? શું વહાણવટા કે વિમાની સાહસોની જરૂર નથી? શું આત્મ અને પર રક્ષણ માટે કવાયતી તાલીમની જરૂર નથી? શું તેમને પોતાની સ્વચ્છતા માટે ને પોતાના આરોગ્ય માટે બીજાઓની સ્વચ્છતા અને આરોગ્યનો જ ભોગ લેવો ઘટે? આપણે જૈન લોકોનો ધંધો અને તેને પરિણામે તેમની કચરાતી જતી શારીરિક, માનસિક શક્તિનો વિચાર કરીશું, તો આપણને સ્પષ્ટ જણાશે કે જૈનો ધંધાના ક્ષેત્રની બાબતમાં એકાંતી થઇ ગયા છે. એમણે સારું અનાજ, સારાં ફળો અને સ્વચ્છ દૂધ, ઘી જોઇએ, પણ એના ઉત્પાદક ધંધાઓ એ ન કરી શકે! તેઓને ચામડાની એકે એક ચીજ જોઇએ પણ તે ચામડા કમાવવા આદિના કામમાં પડી ન શકે! એટલે અનેકાંતનો વિચાર માત્ર વિદ્વાનો ને ધર્મગુરુઓ પૂરતો જ છે એમ એમણે માની લીધેલું હોવાથી તે પ્રત્યક્ષ જીવનમાંથી સરી ગયો છે.

સાહિત્યનો પ્રદેશ લઈએ. જૈનોનો દાવો છે કે અનેકાંત જેવી વિશાળ અને ઉદાર દૃષ્ટિ બીજી એકેય નથી અને છતાંય આપણે હમેશાં માત્ર ગૃહસ્થ જૈનોને જ નહિ, પણ ત્યાગી અને વિદ્વાન જૈનો સુદ્ધાંને સાહિત્યની એક એક શાખામાં બીજાને હાથે પાણી પીતાં ને બીજાના પ્રમાણપત્રથી ફુલાતાં તેમજ બીજા સંપ્રદાયના વિદ્વાનોનું ન છૂટકે અનુસરણ કરતાં જોઇએ છીએ. જે અનેકાંત દૃષ્ટિ અનેક બાજુઓથી અનેક વસ્તુઓનું અનેક રીતે જૂનું નવું જ્ઞાન સંચિત કરવા પ્રેરી શકે, તે જ અનેકાંતદૃષ્ટિની હિમાયત કરનાર વર્ગમાં જ્યારે સાહિત્ય ઉપાસના અને વિદ્યા ઉપાસનાની બાબતમાં આટલું બધું પામરપણું દેખાય, ત્યારે એમ કયો માણસ માની શકે કે જૈન પરંપરામાં અનેકાંતદૃષ્ટિ જીવતી છે?

હવે સમાજક્ષેત્ર લઈ વિચારીએ. સમાજનો મૂળ પાયો લગ્નસંસ્થા છે. એનો અસલી ઉદ્દેશ એ છે કે માણસ પોતાની શક્તિના નિરંકુશ આવેગોને મર્યાદિત અને વિવેકી નિયમન દ્વારા કાબૂમાં લઈ તેનો એવી રીતે વિનિયોગ કરે કે જેથી સમાજતંતુ ચાલુ રહે અને તે ઉત્તરોત્તર વધારે અભ્યુદયવાન્ બને. આ ઉદ્દેશની દૃષ્ટિએ લગ્નસંસ્થા માંગલિક જ નહિ, પણ પવિત્ર તેમ જ આશિર્વાદરૂપ પણ છે. જો એથી

વિપરીત માત્ર દેહવાસનાપ્રેરિત લગ્નસંસ્થા ચાલે, તો એ નથી માંગલિક કે નથી પવિત્ર, ઊલટી શાપરૂપ છે. જ્યાં લગી આવો વિવેક જાગરુક રહે છે અને તેનું જ પોષણ વિચારકો દ્વારા કરવામાં આવે છે, ત્યાં લગી અનેકાંત એ સંસ્થા પરત્વે જીવતો છે એમ કહી શકાય. આપણે ભૂતકાળનો ઇતિહાસ અને વર્તમાન આપણા સમાજનું માનસ જોઈએ, તો આપણને જણાશે કે આ બાબતમાં અનેકાંત જીવિત રહ્યો નથી. જૈન સમાજમાં વિચારકોનું મુખ્ય સ્થાન ત્યાગીઓ ભોગવતા આવ્યા છે. ત્યાગીઓની આ સંસ્થા માત્ર એક જ આશ્રમ ઉપર ભાર આપતી આવી છે અને અત્યારે પણ એ રીતે જ ભાર આપે છે. તેથી એ લખાણમાં કે ઉપદેશમાં જ્યાં અને ત્યાં કે જ્યારે અને ત્યારે એક જ વાત કહેતી આવી છે કે લગ્ન એ તો નકામી ઉપાધિ અને બંધન છે તેમ જ એ અપવિત્ર પણ છે. આવો સતત ઉપદેશ અને પ્રચાર હોવા છતાં પ્રકૃતિથી જ જે સંસ્થા સમાજ સાથે સંકલિત, છે તે નાબૂદ થઈ નથી અને થવાની પણ નથી. પરંતુ એવા ઐકાન્તિક ઉપદેશનું સમાજમાનસ ઉપર એક પરિણામ એ આવ્યું છે કે તે લગ્ન સંસ્થા નભાવ્યે જાય છે, પણ જાણે પરાણે ગળે ઢોલ બાંધ્યો હોય તે રીતે જ તે તેને બજાવે છે. એક બાજુ આવેગો અને ફરજો ઉત્સાહભેર વ્યક્તિઓને લગ્ન તરફ પ્રેરે છે અને બીજી બાજુ તેના મનમાં ઊંડે ઊંડે વારસાગત લગ્નની અપવિત્રતાના વિવેકશૂન્ય સંસ્કારો પોષાતા જાય છે. પરિણામે કૌટુંબિક જીવનમાં જ્યારે અનેક જાતની જવાબદારીના પ્રસંગો આવે છે ત્યારે માણસ વિવેકદૃષ્ટિ ન હોવાથી મોટે ભાગે કંટાળી યોગ્ય રસ્તો કાઢવાને બદલે લગ્ન સંસ્થાની અપવિત્રતાને સ્મરણે કૌટુંબિક જીવનને નિંદે છે અને ભારરૂપ ગણે છે. જો એવો માણસ કુટુંબમાં રહે છે, તોય તે તેનું કાંઈ લીલું નથી કરતો. જો તે કુટુંબ છોડી યોગ લે છે, તોય તે ઘણી વાર એ યોગને ભોગથી ખરડે છે. એણે અપવિત્રતા કે પવિત્રતા ક્યાં રહે છે એ પ્રથમથી જ જાણ્યું ન હતું. એણે તો માની લીધેલું કે કુટુંબબંધન એ અપવિત્ર છે અને કુટુંબથી છૂટાછેડા એ પવિત્ર છે. જો એનામાં જીવંત અનેકાંતના સંસ્કારો પ્રથમથી જ સીંચાયા હોત, તો તે એમ માનત કે પવિત્રતા કે અપવિત્રતા એ બન્ને મનોગત જ છે અને તેથી તે મનના પવિત્રપણા ઉપર ભાર આપી તેને સાચવવા અને પોષવાનો પ્રયત્ન કરત અને પરિણામે તે લગ્નસંસ્થાના ઉદ્દેશને જીવનમાં ઉતારી શકત અને પોતાની નબળાઈ લગ્નસંસ્થા ઉપર ન લાદત. આજે તો ભોગવાસનાની પ્રબળતા, જે મનોગત એક અપવિત્રતા અને ભારે નબળાઈ છે, તે જ લગ્નસંસ્થા ઉપર લાદવામાં આવે છે અને પરિણામે આખો સમાજ મોટે ભાગે લગ્નસંસ્થાની જવાબદારીઓની દૃષ્ટિએ કે ત્યાગી સંસ્થાની જવાબદારીઓની દૃષ્ટિએ છેક જ નબળો પડ્યો છે.

બીજો પ્રશ્ન ઊંચનીચની ભાવનાનો છે. જ્યારે જન્મ, સત્તા અને સંપત્તિ આદિની બાહ્ય દૃષ્ટિએ ઊંચનીચતા માનવા-મનાવવાનો સનાતન ધર્મ પૂર જોશમાં હતો, ત્યારે ભગવાન મહાવીર અને તથાગત જેવાએ ચડતા-ઉતરતાપણાની કસોટી સદ્ગુણનું તારતમ્ય છે એ વાત પોતાના વ્યવહારથી સમાજ સામે મૂકી. આ વિષે જીવંત અનેકાંતનું જે દૃષ્ટિબિન્દુ હતું તે વીરના વારસદારો આપણે ન સમજી શક્યા કે ન તેને વ્યવહારમાં સાચવવા મથ્યા. બન્યું એમ કે માત્ર ધર્મક્ષેત્રે જ નહીં, પણ કર્મ અને સમાજક્ષેત્રે પણ આપણે પાછા પુરાણા સનાતન ધર્મની ઊંચનીચની ભાવનામાં જ સંડોવાયા. યોગ્યતાને વધારવા અને ફેલાવવાના પ્રયત્ન દ્વારા જે દલિત અને પતિત જાતિઓનો ઉદ્ધાર કરવાનું કામ મહાવીરે વારસદારોને સોંપ્યું હતું, તે કામ કરવાને બદલે વારસદારો પાછા, અમે ચડિયાતા ને તમે ઊતરતા, એ જ ભાવનાના વમળમાં પડી ગયા. એમણે બ્રાહ્મણોને વળતો જવાબ આપ્યો કે બ્રાહ્મણ જાતિ ઉચ્ચ નથી. બ્રાહ્મણ જાતિના સદ્ગુણોને અપનાવ્યા સિવાય એને ઊતરતી માનવા–મનાવવાનું કામ એક બાજુ ચાલુ રહ્યું અને બીજી બાજુ પ્રથમના દલિત અને પતિતોને વ્યવહારમાં નીચ માનવા–મનાવવાનું પણ ચાલુ રહ્યું. સ્થિતિ ત્યાં લગી આવી કે જૈન સમાજ માત્ર સ્થાનભેદે ઉત્પન્ન થયેલા ઓસવાલ, પોરવાલ, શ્રીમાલ

આદિ અનેક જાતિ–ઉપજાતિઓના ભાગલામાં વહેંચાઈ ગયો અને નાના નાના ગોળમાં વહેંચાઈ ક્ષીણવીર્ય થવા લાગ્યો. વીસા, દસાને ઊતરતા ગણે, તો દસા, પાંચાને અને પાંચા, અઢાઈયાને. સંસ્કાર, ઉમર અને બીજી બધી યોગ્યતા હોવા છતાં એક જાતનો બીજી જાત સાથે અને એક ગોળનો બીજા ગોળ સાથે લગ્નવ્યવહાર ટૂંકાયો. લગ્ન અને બીજી જરૂરી બાબતોમાં જૈન સમાજ બીજા સમાજો સાથે છૂટાછેડા કર્યે જ જતો હતો. અને વધારામાં તે અંદરોઅંદર પણ સંબંધ પોષવાને બદલે તોડવા લાગ્યો. સંકુચિતપણાનું ઝેર માત્ર લગ્ન સંબંધના વિચ્છેદ સુધી જ ન અટક્યું, પણ તેણે ધર્મક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો. શ્વેતાંબર અને દિગંબરોના લગ્ન સંબંધો વિચ્છિન્ન થયા અને દિગંબર ફિરકામાં તો આ વિષે એટલે સુધી અસર કરી છે કે તે સમાજનો પ્રતિષ્ઠિત પંડિત વર્ગ દિગંબર દસા ભાઈઓનો પૂજનનો અધિકાર પણ કબૂલતો નથી. દસા કોમનો દિગંબર ગમે તેવો સંસ્કારી કે વિદ્વાન હોય, પણ તે સર્વસામાન્ય મંદિરોમાં પૂજા અધિકાર મેળવી શકતો નથી; એટલું જ નહિ પણ જો તેણે કર્યાય એવે સ્થાને પૂજા કરી, તો તેને બીજા વર્ગ દ્વારા કોર્ટે ધસડવાના દાખલાઓ પણ આજે બને છે. જે અનેકાંતે સદ્ગુણોને જ એક માત્ર નિરભિમાન ઉચ્ચતાની કસોટી કહેલ, તે જ અનેકાંત નિષ્પ્રાણ થતાં આજે ભાઈભાઈઓમાં ન સંધાય એવા ભાગલા પાડી રહ્યો છે.

છેલ્લે રાષ્ટ્રીયતાનો પ્રદેશ ઉપસ્થિત થાય છે. જૈન સમાજનો ત્યાગી વર્ગ આપમેળે દીર્ઘદૃષ્ટિપૂર્વક કયારે પણ રાષ્ટ્રભાવના પોષતો રહ્યો હોય એમ ઇતિહાસ જોતાં જણાતું નથી. અલબત્ત કોઈ પરાક્રમી અને સમજદાર નરરત્નો સમાજમાં પાકે અને તેઓ મુખ્યપણે પોતાની સૂઝથી રાષ્ટ્રોદ્ધારનું કામ કરે ને તેમાં જશ મેળવે, તો પાછળથી જૈન ત્યાગી અને વિદ્વાનવર્ગ પણ તેના રાષ્ટ્રકાર્યની યશોગાથા ગાય અને પ્રશસ્તિ રચે. ભામાશાહ પ્રતાપને મદદ કરે ત્યાર બાદ તેની યશોગાથા આજ સુધી પણ ગવાતી આપણે સાંભળીએ છીએ. જોવાનું એ છે કે આ રાષ્ટ્રકાર્યની પ્રશંસા સ્વયં વિચારપ્રેરિત છે કે તે લોકપ્રવાહનું અનુસરણ છે? જો વસ્તુપાલ, ભામાશાહ કે બીજા કોઈ પણ તેવા વીરના રાષ્ટ્રોદ્ધારકાર્યને અનેકાંતના વિવેકમાં ધરમૂળથી જ સ્થાન રહ્યું હોત, તો તે વિવેક જૈનસમાજમાં એવું કાર્ય સતત ચાલુ રાખવાની અને પોષવાની પ્રેરણા આપત; પણ આપણે એથી ઊલટું જોઇએ છીએ. કોઈ પણ ત્યાગી કે ધર્મશાસ્ત્રી પંડિત રાષ્ટ્રકથાને વિકથા કહીને ઉતારી પાડે છે અને રાષ્ટ્રીય પ્રવૃત્તિને રાજ્યવિરુદ્ધાતિક્રમ અતિચાર કહીને તેમાં જોડાતા ઉત્સાહી યુવકોને હતોત્સાહ કરે છે. એક યુગ એવો હતો કે જ્યારે રાષ્ટ્રકાર્ય અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ એ શબ્દ સાંભળતાં જ કાનમાં શસ્ત્રનો ખણખણાટ સંભળાતો, તે વખતે અહિંસાના ઉપાસકો એવું પ્રતિપાદન કરતા કે જૈન ધર્મ અહિંસામૂલક હોવાથી, હિંસા સાથે સંકલિત રાષ્ટ્રકાર્ય કે રાષ્ટ્રક્રાંતિમાં સાચો જૈન કેવી રીતે જોડાઈ શકે? તરતજ બીજો યુગ એવો આવ્યો કે રાષ્ટ્રોત્થાનની પ્રત્યેક પ્રવૃત્તિ અહિંસા ઉપર ગોઠવાઈ અને તે દૃષ્ટિએ ચલાવવામાં આવી. આ વખતે અહિંસા સિદ્ધાન્તનો અનન્ય દાવો કરનાર કેટલાક ત્યાગીઓ અને પંડિતો કહેવા લાગ્યા છે કે રાજકીય પ્રવૃત્તિ યા રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં અહિંસાનું પાલન શક્ય નથી. અહીં પ્રશ્ન એ છે કે અહિંસાનું પાલન કયાં અને કેવી રીતે શક્ય છે, એ તે પક્ષકારોએ જણાવવું જોઈએ. જો રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં એમને અહિંસાની શક્યતા ન જણાતી હોય તો સામાજિક અને કૌટુમ્બિક પ્રવૃત્તિમાં એની શક્યતા કઈ રીતે સંભવે? છેવટે તો એવા વિચારકોને મતે અહિંસાની શક્યતા એક માત્ર મુનિમાર્ગ અને મુનિઆચારો સિવાય અન્યત્ર સંભવવાનું ભાગ્યે જ ફલિત થશે અને મુનિમાર્ગ કે મુનિઆચાર એટલે છેવટે ઐકાંતિક નિવૃત્તિ કે નિષ્ક્રિયતા એવો જ અર્થ ફલિત થશે, જેનું મૂલ્ય તેરાપંથની નિવૃત્તિ કરતાં જરા પણ વધારે સિદ્ધ નહીં થાય. દાનનો નિષેધ, સાર્વજનિક હિતપ્રવૃત્તિનો નિષેધ, એટલું જ નહીં પણ જીવદયાપાલન સુદ્ધાંનો નિષેધ, એ

તેરાપંથની નિવૃત્તિ; અને બીજી બાજુ આવી નિવૃત્તિના સંસ્કાર સેવતો ગૃહસ્થવર્ગ અને તેટલું વધારેમાં વધારે ધન વગરમહેનતે કે ઓછામાં ઓછી મહેનતે સંઘરવાની વૃત્તિવાળો રહે. આ અહિંસા કેટલી સુંદર? બીજાઓની સુખસગવડને ભોગે સંગ્રહાતા ધન ઉપર ગુરુવર્ગ નભે, પણ તે જ ધનનો સમુચિત વિનિયોગ કરવાનો ઉપદેશ સુદ્ધાં આપવામાં તે પાપ માને–આવી અહિંસાની વિડંબના અહિંસાનું સ્વરૂપ ન સમજવાને લીધે ઓછે વધતે અંશે આખા સમાજમાં પ્રવર્તે છે.

રાષ્ટ્રીય પ્રવૃત્તિ, જે અત્યારે અહિંસામૂલક શરૂ થઈ છે, તેમાં ખાદીનું સ્થાન છે. કપડાં પહેરવાં જ છે, તો પછી યન્ત્રનિષ્પન્ન અને પરદેશી કપડાં ખરીદી તે વાટે ધનના દુરુપયોગનો માર્ગ ખુલ્લો કરવો એમાં અહિંસા છે કે ખાદી અંગીકારી નિરુદ્યોગીઓને બે કોળિયા અન્ન પૂરું પાડવાની સમજ દાખવવી એમાં અહિંસા છે? એ જ રીતે રાષ્ટ્રીય પ્રવૃત્તિનું બીજું અંગ દલિત જાતિઓનો ઉદ્ધાર છે. કોણ એવો સમજદાર અહિંસાવાદી હશે, જે આ પ્રવૃત્તિને સર્વથા અહિંસામૂલક નહીં માને? અને છતાં આપણે જોઇએ છીએ કે જૈન સમાજના અહિંસોપાસકોએ આ પ્રવૃત્તિને છેક જ અવગણી છે. જે દેશમાં જન્મવું, રહેવું અને નભવું, જે વર્ગના ખંભા અને પીઠ ઉપર બેસવું ને જીવન ટકાવવું, તે દેશ અને તે વર્ગની સુખસગવડનો પ્રશ્ન આવે અને તે પરત્વે પોતાનું રૂઢ વર્તન બદલવાનો પ્રશ્ન આવે, ત્યાં નિવૃત્તિની વાતોકરી કે બીજો તર્કવાદ ઉપસ્થિત કરી પોતાની જાતને બચાવી લેવી એ આચારમય અનેકાંતનો મૃત્યુઘંટ નહીં તો શું છે?

જૈન સમાજને બીજા સમાજોની પેઠે નિર્જીવિષા છે. તે જીવતો આવ્યો છે અને હજી પણ જીવશે. જીવન એ છેવટે પરાણે પણ સમન્વય કે સમાધાની વિના શક્ય જ નથી. એટલે જૈન સમાજમાં એ સમજાય કે સમાધાનરૂપ અનેકાંતને સ્થાન ન જ હતું કે આગળ સ્થાન નહિ રહે એમ તો ન જ કહી શકાય. આ સ્થળે જે કહેવાનો આશય છે, તે એટલો જ છે કે પરાણે, અણસમજે કે બીજાની દેખાદેખીએ આચરવામાં આવેલ અનેકાંત એ નથી હોતો તેજસ્વી કે નથી બનતો પ્રાણપદ. જૈન પરંપરાએ જો લાંબા કાળ લગી અનેકાંતના વિચારો સેવ્યા હોય અને તે વિષેનું ઢગલાબંધ સાહિત્ય રચ્યું તેમજ પોષ્યું હોય, તો બીજા બધા સમાજો કરતાં તેની પાસેથી વધારેમાં વધારે જીવંત અનેકાન્તના પાલનની કોઈ આશા સેવે, તો એ ભાગ્યે જ અજુગતું કહેવાય. એમાંય જ્યારે દેશમાં કોઈ એવો પ્રાજ્ઞ મનુષ્ય પાકે કે જેની સમગ્ર વિચારસરણી અને કાર્યપદ્ધતિ જીવતી અનેકાંતદૃષ્ટિ ઉપર જ રચાઈ અને ઘડાઈ હોય અને તે આપણી સામે હોય, ત્યારે એને ઓળખતાં અને અપનાવતાં અનેકાંત-વાદીઓ સહેજે પણ પાછા પડે, તો એમ કેમ કહી શકાય કે અનેકાંતવાદના અનુયાયીઓમાં તે વાદ જીવે છે?

અનેકાંતાત્મક વસ્તુ જ બધા જ્ઞાનનો વિષય બને છે. —જૈન–ન્યાયાવતાર—

જે ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશશીલ છે, તે વસ્તુ છે. —તત્વાર્થસૂત્ર—

દ્રવ્ય, અપેક્ષાથી સામાન્ય અને વિશેષ ઉભયરૂપ છે. —વૈશેષિક સૂત્ર—

(૧) બ્રહ્મ જગતથી ભિન્નાભિન્ન છે, કારણ કે તે પ્રમાણસિદ્ધ છે. —બ્રહ્મસૂત્રભાષ્ય—

(૨) માયા, તુચ્છ, અનિર્વચનીય અને વાસ્તવિકરૂપે ત્રણ પ્રકારની છે; શ્રુતિની અપેક્ષાએ તુચ્છ છે, યુક્તિથી એ અનિ-વચનીય છે અને લૌકિક વ્યવહારની અપેક્ષાએ તે સત્ય છે. —વેદાંત–પંચદશી—

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલીન (મણકારૂપ) ધર્મો-પર્યાયોમાં જે (સૂત્રરૂપે સળંગ) ચાલતો આવે છે, તે ધર્મી છે. —સાંખ્યયોગ–પાતંજલયોગદર્શન—

(૧) વસ્તુ ઉત્પાદ, વિનાશ અને સ્થિતિરૂપે ત્રયાત્મક છે. (૨) અવયવોથી અવયવી અત્યંત ભિન્ન નથી, પણ ભિન્નાભિન્ન છે. મીમાંસાદર્શન–શ્લોકવાર્તિક—

પ્રાચીન સમાજવ્યવસ્થા–એક દૃષ્ટિ

લેખક: હર્ષદરાય દેસાઈ

ભિન્નભિન્ન સ્મૃતિગ્રંથોમાં જે સમાજને અનુલક્ષીને એની વ્યવસ્થા અને આદર્શોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે, તે પ્રાચીન કાળના સમાજના મુખ્ય અંગો જેવા કે ચાર વર્ણો, ચાર આશ્રમો, ગૃહમાં ગૃહિણીની સર્વોપરિ સત્તા વગેરે સુપરિચિત છે.

પરંતુ રાજકીય ઊથલપાથલોનું પ્રમાણ તે કાળે વિશેષ હોવા છતાં તેમજ વર્ણપરિવર્તનનાં વિરલ દૃષ્ટાંતો બાજુએ મૂકતાં એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે સમસ્ત ભારતીય સમાજ, ત્યારે એક અવિભક્ત ને સુસંગઠિત હતો. જો કે જન્મથી વર્ણનિર્ણય કરવાની પ્રથા તો આર્યોએ આ દેશમાં કાયમી વસવાટ કર્યો તે અગાઉ સેંકડો વર્ષોથી પ્રચલિત હશે, નહીં, તો બ્રાહ્મણ જન્મથી નહીં, પણ કર્મથી ગણાવો જોઈએ, એ પ્રકારનું વિધાન બુદ્ધ ભગવાનને કરવાની આવશ્યકતા ન રહેત. વળી, મનુસ્મૃતિ તો એ વસ્તુ પર ભાર મૂકવા ઉપરાંત સન્ધ્યાવન્દનાદિ નિત્યકર્મ ન કરનાર બ્રાહ્મણને શૂદ્રવત્ દ્વિજકર્મથી બહિષ્કૃત કરવાની પણ આજ્ઞા આપે છે.

એ ચારે વર્ણોમાં, બ્રાહ્મણનો અધિકાર કે પ્રભુત્વ જેમ વિશેષ હતું, તેમ એની શિક્ષાની કઠિનતા પણ કપરી હતી. મનુસ્મૃતિમાંથી જીવહત્યા માટે બ્રાહ્મણને દેશવટો આપવાનો ઉલ્લેખ મળી આવે છે. એ સિવાય બ્રાહ્મણનું સ્થાન સર્વોચ્ચ હતું. પોતાના વર્ણ ઉપરાંત બીજા વર્ણની કન્યા સાથે એ લગ્ન કરી શકતો. યુદ્ધ કરવું અને યુદ્ધનું આહ્વાન ઝીલવું એ ક્ષત્રિયનો પરમ ધર્મ હતો. દાસત્વની પ્રથા પણ ત્યારે પ્રચલિત હતી અને દાસ નાસી ન જાય એ માટે વિવિધ ઉપાયો યોજવામાં આવતા. ચંડાળ જેવી હલકી કોમનો પણ એક પાંચમો વર્ણ ગણાતો અને એમના કેવળ સ્પર્શને જ નહીં પણ દર્શનનેયે પાપ ગણવામાં આવતું (સુત્તનિપાત—માતંગની કથા). એ પાંચમા વર્ણ સીવાય બીજા ચારે વર્ણોમાં અસ્પૃશ્યતા કે ખાવાપીવા સંબંધી જરા પણ ભેદ કે સંકોચ રાખવામાં આવતો નહીં. એક ઋષિએ મહાવતનું અજીઠું અન્ન ખાધાની હકીકત છાંદોગ્યોપનિષદ્માંથી મળી આવે છે અને ઉપરના વિધાનને પુષ્ટિ આપે છે.

વાનપ્રસ્થ અને સંન્યસ્થાશ્રમને મુકાબલે બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમનું પરિપાલન વિશેષ કાળજીથી અને વિધિપુરઃસર કરવામાં આવતું. માત્ર ભિક્ષાથી જ ઉદરનિર્વાહ કરીને અલમસ્ત થઈ ફરતા મુંડકાઓનું, જટાધારીઓનું, નાગડાઓનું અને અખંડ ધુણી ધખતા બાવાઓનું જે વર્ણન બૌદ્ધગ્રંથોમાંથી મળી આવે છે તે ઉપરથી સમજાય છે કે તે સમયે દેશની આર્થિક સ્થિતિ ઘણી જ સારી હશે અને લોક વિશેષ ઉદારવૃત્તિવાળા હશે. સાથે સાથે એ પણ સંભવિત છે કે કોઈ પણ પ્રકારના ભેદભાવરહિત સર્વ સંપ્રદાયના ભિક્ષુ પરિવ્રાજકોનું એ રીતે પરિપાલન કરવામાં કદાચ અમુક પ્રકારની ભીતિનું પણ કારણ હોય.

સામાન્ય રીતે, સ્ત્રીકેળવણીનો વિકાસ ત્યારે સારો હતો અને કવિયત્રીઓની પણ સંખ્યા ઠીકઠીક હતી. છતાં તે સમયનાં નાટકોમાં પુરુષપાત્રોને માટે વપરાયેલી સંસ્કૃત ભાષા અને સ્ત્રીપાત્રોને માટે વપરાયેલી પ્રાકૃત ભાષા પરથી સામુદાયિક સ્ત્રીકેળવણીનું પ્રમાણ ઓછું હશે એમ માનવાને કારણ મળે છે.

વિવાહવિધિમાં કન્યાદાનનો રિવાજ હતો, જેનો અર્થ એવોજ થાય કે લગ્નસંબંધમાં કન્યાની સ્વયં-પસંદગીને સ્થાન ન હોતું. કેવળ ગાંધર્વ લગ્ન સિવાયની બાકીની સાતે વિવાહ પદ્ધતિઓમાં લગ્નસંબંધ યોજવાનો ભાર વર અને કન્યાના માતાપિતાને શિર હતો. સવર્ણલગ્નથી ઉત્પન્ન થયેલી સંતતિને સમાજ-માં જે સ્થાન અને દરજ્જો મળતાં, તે અસવર્ણલગ્નની સંતતિને મળતાં નહીં તેમજ સ્ત્રીઓનો સંપત્તિ પરનો અધિકાર પણ પરિમિત હતો.

સામાન્ય જનસમાજમાં પડદાનો રિવાજ ન હોવાને કારણે સ્ત્રીપુરુષો સંપૂર્ણ સ્વતંત્રતાથી પરસ્પર હળીમળી શકતાં. ફક્ત રાજમહારાજાઓના કુટુંબોમાં જ સ્ત્રીઓને કંઈક અંતરાય કે બંધન જેવું રહેલું. असूर्यंपश्या राजदाराः એ ભગવાન ભાષ્યકારના સૂત્રપ્રયોગથી સમજાય છે કે જનપદ-વધૂઓને જે સ્વાતંત્ર્ય કે છૂટછાટ મળતાં, તેથી રણવાસની રાણીઓ વંચિત હશે. દુષ્યન્ત મહારાજની રાજસભામાં આવેલી શકુન્તલાને મહાકવિ કાલિદાસે अवगुंठनवती વર્ણવી છે. એના વિરોધાભાસ રૂપે વૈદિક કાળમાં, રાજસૂય યજ્ઞ ઇત્યાદિ ધર્મકાર્યોમાં રાજાની સાથે જ બેઠેલી રાણીના અનેક ઉલ્લેખો મળી આવે છે. વળી, તે સમયનાં નાટકો ઉપરથી પણ એવું માનવાને કારણ મળે છે કે એમને રાજસભામાં આવતાં લેશ માત્ર સંકોચનું કારણ ન હોય. છતાં, 'अवरोध' અને 'अन्तःपुर' જેવા શબ્દપ્રયોગોથી એટલું તો જરૂર કહી શકાય કે તે કાળની સ્ત્રીઓ બહુધા અલગ ને સુરક્ષિત સ્થાનમાં રહેલી હશે.

વિદ્યોપાર્જન માટે પણ તે કાળે સુંદર વ્યવસ્થા હતી. શહેરોમાં મોટાં વિદ્યાલયો સિવાય નાનાં ગામડાંઓમાં પણ શાળાઓ, પાઠશાળાઓ હતી અને ત્યાગવૃત્તિવાળા, તપસ્વી બ્રાહ્મણો અધ્યાપકનું કાર્ય કરતા. રાજાઓ એમને યથાશક્તિ સહાય કરતા અને બ્રહ્મચારીઓએ માગી આણેલી ભિક્ષામાંથી એમનો નિર્વાહ થતો. ઉપનિષદ્કાળમાં તો એક-બે રાજાઓ પણ બ્રહ્મવિદ્યાના સારા જાણકાર હતા અને એમની પાસે જ્ઞાનસંપાદનાર્થ સારા સારા બ્રાહ્મણોયે આવતા. એ ઉપરથી પ્રતીત થાય છે કે વિદ્યોપાર્જનાર્થે વર્ણભેદને સ્થાન નહોતું.

ખાવાપીવાની ચીજોમાં, દરેક પ્રકારનાં મિષ્ટાન્ન, ખીર, ફળ, કંદમૂળ, શાક ઇત્યાદિનો સર્વત્ર ઉલ્લેખ મળી આવે છે. પાલિસાહિત્યમાંથી ખાદ્યપદાર્થના બે પ્રકાર મળી આવે છે. ખાદ્ય, ભોજ્ય અર્થાત પ્રવાહી અને કઠણ. જૈનગ્રંથો વળી ચાર પ્રકાર બતાવે છે. અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય. સુંદર સુગંધવાળાં અત્તરો, શરબતો અને શરીરે મર્દન કરવાનાં તેલનો પણ ઉલ્લેખ મળી આવે છે. બાણભટ્ટના હર્ષચરિતમાં તો એક સ્થળે ધૂમ્રપાનનો પણ ઉલ્લેખ છે. વિવિધ પ્રકારની રચના અને બાંધણી વાળાં દેવમંદિરો અને ઘરોસંબંધી વાસ્તુશાસ્ત્રમાં વિસ્તારપૂર્વક કહેવામાં આવ્યું છે. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે પ્રત્યેક ગામ કે શહેરમાં એક સભાભવન હતું અને અતિથિઓ ત્યાં રહેતા. સુત્તનિપાતની ટીકામાં એક ભિક્ષુ વિષે 'सभीय' શબ્દ વાપરવામાં આવ્યો છે, તે ઉપરથી કલ્પનાને વેગ મળે છે કે એની માતા એવા સભાભવનમાં રહેલી હશે, ત્યારે એનો જન્મ થયો હશે. વર્તમાન સમયની આપણી કલબો જેવાં એ સભાભવનોમાં દ્યૂત અને મનોરંજનના વિવિધ પ્રયોગો થતા પરંતુ એમાં અતિથિશાળાનો પણ સમાવેશ થતો એટલી એમની વિશિષ્ટતા. જ્ઞાતિ કે વર્ણભેદને લીધે આજે દેશની જે વિષમ પરિસ્થિતિ છે, તે સમ્રાટ્ હર્ષના શાસનકાળ (૬૦૬–૬૪૮) માં નહોતી એમ કહીએ તો અનુચિત નથી. પરસ્પર વર્ણાંતરલગ્નનાં દૃષ્ટાંતો તો છેક દશમી સદી સુધીમાં મળી આવે છે. કર્પૂરમંજરીનો સુપ્રસિદ્ધ કર્તા રાજશેખર પોતે બ્રાહ્મણ હોવા છતાં ચૌહાણ કુલની કન્યા સાથે એણે લગ્ન કીધું હતું. માનવ માત્રની વર્ણનો નહીં પણ જાતિનો નિર્ણય એના ધંધા પર અવલંબતો અને એથી જ ધાંચી, મોચી, દરજી, સુતાર, લુહાર, કુંભાર, ચમાર ઇત્યાદિ ધંધો સૂચવતા શબ્દો અસ્તિત્વમાં આવ્યા હશે.

મુસલમાનો પહેલાં જે જે વિદેશી જાતિઓ હિંદમાં આવી, તેમનો સૌનો યથાયોગ્ય સમન્વય ભારતીય હિંદુ સમાજે કરી લીધેલો હોવાથી આજે મૂળ બ્રાહ્મણ કોણ, ક્ષત્રિય કોણ, આર્ય કોણ, દ્રવિડ કોણ, હુણ, શક કે યવન કોણ એ કહેવું અસંભવિત છે. એ રીતે રોટી અને બેટી વ્યવહારમાં કોઈ પણ રીતનો અંતરાય કે સંકોચ ન હતો, અને તેથી જ આપણો પ્રાચીન સમાજ એક જાગતો–જીવતો અને કર્મપ્રધાન સમાજ રહી શકયો હતો. પરંતુ મુસલમાનોના આક્રમણ સમયે આપણી કલાનો ક્ષય થતો હતો, એટલે કોઈ વિચક્ષણ અને દીર્ઘદર્શી પુરુષે, આક્રમણ કરનાર પ્રજા સાથે સમગ્ર સમાજ વિલીન ન થાય એ ઉદ્દેશથી સમાજ ને નાના નાના સ્વરૂપમાં વહેંચી નાખ્યો હશે.

પરંતુ હવે એ સમય ગયો છે. અને ભારતીય હિંદુસમાજ સ્વસ્થ અને જાગ્રત બની આત્મવાન્ થવા પ્રેરાયો છે, એટલે આશા પડે છે કે પરસ્પરનાં વિરોધી તત્વોને શમાવી એક અને અવિભક્ત દેહધારી હિંદુસમાજ એમાંથી સત્વર ઉપસ્થિત થશે.

મનુષ્યજાતિએ જીવન સંસ્કારી બનાવવાના અનેક અખતરાઓ કર્યા છે અને હજીયે કરે છે. હવે આખી મનુષ્યજાતિનો વિચાર કરી બધે ફેલાયેલી અશુદ્ધિનો નાશ પ્રથમ કરવો જોઈએ. જીવનમાં અદ્યતન શાસ્ત્રીયતા આણવી જોઈએ. ધાર્મિક સંસ્કરણ સાધી સર્વ ધર્મોનો સમન્વય સિદ્ધ કરવો જોઈએ. તમામ રાજકીય હાડમારીઓ દૂર કરી કેળવણીને જોરે આદર્શ સામાજિક વ્યવસ્થા અને ઇષ્ટતમ આર્થિક સંઘઠન સાધવાં જોઈએ. અને સર્વોચ્ચ સંસ્કારિતા કાયદાના કે વિવેકના જોરે ન ચલાવતાં લોકોના જીવનમાં જ એ સ્વાભાવિક થાય એમ કરવું જોઈએ.

તેમ કરતાં અગ્રેસર તેમ જ પછાત બધા જ સમાજોનો કૌટુમ્બિક ભાવથી વિચાર થવો જોઈએ એટલું જ નહિ પણ ગાય, ઘોડા, ઊંટ, બકરાં, ઘેટાં, મધમાખો અને પક્ષીઓ આદિ આપણાં ભાંડુઓનો પણ સમભાવપૂર્વક એમાં વિચાર થવો જોઈએ. અને અંતે દૈવી સંપતના વિકાસને જોરે માણસમાંથી અહિંસાપરાયણ દેવોની સૃષ્ટિ થવી જોઈએ.

આ બધું સિદ્ધ કરવા માટે પ્રથમ એક સમગ્ર આદર્શનું ધ્યાન ધરવું જોઈએ. એની સાથે એને માટે ઉગ્ર સાધના સાધવી જોઈએ. જ્ઞાનપ્રચાર અને સેવા દ્વારા એની ઝાંખી અખિલ માનવસમાજને કરાવવી જોઈએ. અને સર્વોચ્ચ આદર્શોને વ્યવહારમાં આણવાનું જે એકમાત્ર સાધન ગણાય એ બલિદાન માટે શ્રેષ્ઠ લોકોએ તૈયાર થવું જોઈએ. —કાકા કાલેલકર

આપણું ધ્યેય—સુખ, શાંતિ, આનંદ

ડા. અમીચંદ છગનલાલ શાહ, એમ. બી. બી. એસ.

આ વસ્તુઓ પ્રાપ્ત કરવાની દરેકને ઇચ્છા સ્વાભાવિક હોય છે, પણ ઘણી વખત આપણા આચાર, વિચાર, વર્તણુક અને કરણી એવાં હોય છે કે એ વસ્તુઓ આપણાથી દૂર જાય, છતાં આપણે તો તેની ઇચ્છા જ રાખ્યા કરીએ છીએ. માટે જે ભાઇ અગર બહેનની ઇચ્છા સુખ, શાંતિ અને આનંદ અનુભવવાની હોય, તેઓએ તે વસ્તુ મેળવવાને સારુ ધ્યાનપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. આપણું ધ્યેય હોય ઉત્તરમાં અને આપણે દક્ષિણ તરફ ચાલ્યાજ કરીએ, તો આપણે આપણા ધ્યેયથી દૂર અને દૂર જતા જઇએ. માટે ધ્યેયની પ્રાપ્તિ ઇચ્છનાર દરેક વ્યક્તિએ વિચારપૂર્વક નિરીક્ષણ કરવું જોઇએ અને પછી તે પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરી વર્તવાનું શરૂ કરી દેવું જોઇએ.

કેટલાક લોકો હાલની દુનિયાને અને ખાસ કરીને આપણો દેશ જે સ્થિતિમાં મુકાયેલો છે, તેને જ બધા દુઃખનું કારણ માની વખતો વખત નાસીપાસીના ઉદ્‌ગારો કાઢી, ઠંડા થઇને બેસી રહે છે અને જીવનમાંના ઘણાખરા આનંદને નષ્ટ કરી, માત્ર માખીઓ જેમ ફોલ્લાને શોધતી ફરે છે, તેમ પોતાને શું આપદા છે, શું દુઃખ છે, શું, શું, દુઃખ આવવાનો સંભવ છે અને તે દુઃખોનું શું પરિણામ આવશે, એવા નિરાશાજનક વિચારભ્રમણમાં પડી પોતાના કલ્પેલા દુઃખના ડુંગરોમાં પોતે દટાઈ જાય છે અને એક કચડાતો માણસ જેમ નીસાસા નાખી પોતાનું જીવન વ્યતીત કરે છે, તેમ હરહમેશ પોતાને દુઃખી માની સુંદર, આનંદમય અને આત્માનો વિકાસ કરવાને સરજાયેલા જીવનને એક સુંદર અને મધુર બગીચાની મુસાફરી ગણવાને બદલે સ્મશાનયાત્રા બનાવી દે છે અને પોતાના દુઃખોની કલ્પનાના વમળમાં અટવાયા કરે છે. ભવિષ્યમાં શું શું સુખ, આનંદ અને શાંતિ મળવાનાં છે, મળશે, તેને કેવી રીતે ઝીલશું અને કેટલો આનંદ મેળવીશું તેનો વિચાર ભાગ્યે જ કરે છે; આમ સુખના હવાઈ કિલ્લા બાંધવાને બદલે દુઃખના હવાઈ ભોંયરા ખોદવા માંડે છે, અને તે ભોંયરામાં પોતાને કેદ પકડાયેલા ગણે છે. એટલે એવા માણસનું દુઃખ, ખરું હોવા કરતાં હજારગણું માનસિક હોય છે. અને મનોબળ દબાએલું હોવાથી, જે સેજસાજ દુઃખ હોય છે, તે દશગણું લાગે છે, એટલું જ નહીં, પણ તે દૂર કરવાને માટે, જે પ્રયત્ન કરવા જોઇએ, તે પણ એટલા શિથિલ અને નહીં જેવા હોય છે, કે તેનાથી દુઃખ જતું નથી. દુઃખ એ મનની સ્થિતિ છે. આનંદી માણસો ગમે તેવા દુઃખના સમયમાં પણ મનની શાંતિ ગુમાવતા નથી અને દ્રઢતાપૂર્વક પ્રયત્ન કરવાથી ઘણું મોટું મનાતું દુઃખ પણ ઘણા થોડા વખતમાં નહીં જેવું બની જાય છે, અને અણધારેલા ઠેકાણેથી મદદ મળે છે, અને તે જ દુઃખ મોટા સુખના સાધનમાં ફેરવાઈ જાય છે. એ બધો આધાર મન ઉપર છે. હવે અત્રે સહેજ પ્રશ્ન થશે કે, એ મનનું શું કરવું ?

આ સંસારમાં ઘણાં દુઃખો આપણાં કર્તવ્યનાં અને વગર વિચાર્યે કરેલાં આપણાં આચરણોનાં ફળરૂપે હોય છે; એટલે હવે આપણે આપણા આચાર અને વિચાર એવા રાખવા કે જેથી દુઃખ આપણાથી દૂર જાય અને સુખના ધોધ આપણા તરફ વહ્યે જાય. જો આટલું કરવાથી દુઃખ જતું હોય અને સુખ આવતું હોય, તો ઘણા માણસો તે કરવા તત્પર થાય એમ લાગે, પણ વાત જ એ છે કે ઘણા માણસો તેમ કરવાને તૈયાર નથી અને તેમ કરતા નથી. આપણે આપણા દરેક આચાર, વિચાર તથા કર્તવ્યો એટલા વિવેકપૂર્વક અને તેનાં પરિણામનો પૂર્ણ વિચાર કરીને કરવાં કે જેથી દુઃખ આવી શકેજ નહીં,

અને તેમાં એક જ વાત મુખ્ય મુદ્દાની છે કે આપણે મનથી જેવી ઇચ્છા રાખીએ અને આપણી કલ્પનામાં રમીએ એવી દુનિયા થતી નથી, પણ આપણે જ દુનિયાને અનુકૂળ થવું એમાંજ મોટા સુખ અને શાંતિની છુપી ચાવી સમાયેલી છે. દરેક ધર્મ અને દરેક આધ્યાત્મિક ફીલોસોફી મનુષ્યના આત્માને શાંતિ અને સુખ આપવા રચવામાં આવ્યાં છે અને તેના નિયમો, ધોરણો અને ક્રિયાઓ તે સમયના મનુષ્યોને સુખ અને શાંતિ પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી રચવામાં આવેલાં હોય છે, તેમજ આપણા સાંસારિક રિવાજો, રૂઢિઓ, અને વહેવારિક નિયમો પણ તે હેતુથી રચવામાં આવેલાં હોય છે. પણ દેશ, કાળ અને સંજોગોમાં ઘણા ભારી પરિવર્તનો થતાં આવે છે અને થયા કરે છે, એટલે અમુક સંજોગોમાં જે વસ્તુ સારી અને ઉત્તમ હોય, તે બીજા સંજોગોમાં પ્રતિકૂળ થાય, એટલું જ નહીં પણ કેટલીક વાર મહા અનર્થનું મૂળ થાય. અમુક હેતુસારુ અમુક વસ્તુ સ્વીકારવામાં આવી હોય અને તે હેતુનો નાશ થયા છતાં, તે વસ્તુ ચાલુ રાખવી, એ શક્તિનો અને દ્રવ્યનો ખોટો વ્યય છે. ધર્મ અને રૂઢિઓમાં કેટલીક વાત સિદ્ધાંતની હોય છે, તેમાં ફેરફાર થતો નથી અને કરવાની જરૂર હોતી નથી, પણ તે સિદ્ધાંતને અમલમાં મૂકવા સારુ અગર તેને અનુલક્ષીને જે કેટલીક ક્રિયાઓ અને રૂઢિઓ દાખલ કરેલી હોય, તેમાં સંજોગ વશાત વખતોવખત ફેરફાર કરવાની જરૂર છે અને જે સમાજ અગર પ્રજા આવા ફેરફાર સમજીને તાત્કાલિક કરે છે અને તે ઉપરાંત ભવિષ્યનો પણ વિચાર કરી ફેરફાર આગળથી પણ કરે છે, તે સમાજ જીવતો જાગતો ગણાય છે અને સમયના પ્રવાહ સાથે તે પોતાની હયાતી અને સુખસમૃદ્ધિ રાખી શકે છે. પણ જે સમાજ અગર પ્રજા અગર વર્ગ જડ છે અને વગર સમજ્યે જૂની રૂઢિઓને પકડી રાખે છે, તેમની પડતી અને અધોગતિ થાય છે. આ સત્ય જ્યારે બરોબર સમજવામાં આવે અને સમાજમાં, ધર્મના રીતરિવાજોમાં અને અનેક પ્રકારના વહેવાર અને રૂઢિઓમાં સમયપ્રમાણે દીર્ઘદૃષ્ટિથી ફેરફાર કરી વર્તવામાં આવે, તો દુઃખ, સંતાપ અને પસ્તાવો, એ બધું ઓછું થઈ જાય છે અને નવચેતન, સુખ, શાંતિ અને આનંદ પ્રગટ થાય છે; એટલે આપણે એ નિયમ સ્વીકારીએ કે સૈદ્ધાંતિક બાબત, જે ત્રણ કાળમાં અબાધિત સત્ય છે, તેને લક્ષમાં રાખીને, જે કાંઈ ફેરફારો કરવા જરૂરના હોય, તે એક સદા સાવધ મનુષ્યની માફક સમાજ પણ ફેરફાર કરી લે, તો તે જ જીવન છે, તે જ ચેતન છે અને તેનું જ નામ ઉન્નત સમાજ હોઈ શકે.

હવે આપણે આપણા અનેક ક્ષેત્રોમાં વગર સમજ્યે નુકશાનકારક રૂઢિઓને પોષતા આવ્યા છીએ અને તેમાં ફેરફાર કરવાની હિમ્મત અને વૃત્તિ ધરાવતા નથી, ત્યાંસુધી આપણે દુઃખ અને પશ્ચાત્તાપ જ રહેવાનાં, માટે જેને (Adaptability) સુધારકવૃત્તિ કહેવામાં આવે છે, તે વગર કોઈ સમાજ ઉન્નત દશામાં રહી શકે નહીં. જેમ સમાજમાં અજ્ઞાનતા વધારે તેમ સમયાનુસારની સુધારકવૃત્તિ સામે વધારે વિરોધ રહે છે અને તે એટલો બધો કોઈ કોઈ સંજોગોમાં હોય છે કે તે જાણી, જરૂર એ પામરતા ઉપર ઘૃણા અને ક્રોધ થવાને બદલે દયા જ આવે. અમુક જાતનાં કપડાં પહેરવાં, અમુક જ રીતે અમુક ક્રિયા કરવાની, મૂછ અને માથાના વાળ પણ અમુક રીતે અને અમુક સમયે રૂઢિ મુજબ રાખવા અને કઢાવવા, તે ઉપરાંત લગ્ન, વિવાહ, ત્યાં જમવું, જમાડવું તે બધામાં એવી રૂઢિઓને આંધળિયા કરી, માન આપી વર્તવાનું હોય છે કે જેના પરિણામે માણસની સ્વતંત્ર વિચારશક્તિ કુંઠિત થઈ જાય છે અને તે આગળ ચાલતો જ નથી. આ બધાનું એક મોટું કારણ એ પણ છે કે બીજા દેશો અને ત્યાંની પ્રજાઓ સાથે આપણો સંપર્ક ઘણો ઓછો છે, દરિયાપારના દેશોમાં મુસાફરી ઘણા ઓછા લોકો કરે છે અથવા કરી શકે છે અને કેળવણીનો પણ અભાવ હોય છે, જેથી માણસો નજરે જોઇને અથવા વાંચી, વિચારીને પણ પોતાના આચારવિચારનો સમય પ્રમાણે બુદ્ધિપૂર્વક ફેરફાર કરી પોતાનું જીવન સુખી બનાવી શકતા નથી.

આપણામાં રૂઢિચુસ્તતા એટલી પ્રબળ હોય છે કે જેને આપણે વિચારવાન, ભણેલા અને કેળવાયેલા કહીએ છીએ અને ગણીએ છીએ, તેઓમાંનો પણ મોટો ભાગ આવા પ્રવાહમાં વગર વિચાર્યે હિંમત અને મક્કમપણાના અભાવથી અગર અપ્રિયતાના ભયથી ખેંચાયે જાય છે અને જ્યારે આવા માણસોને પણ રૂઢિબંધનોના ચોગઠાને વધુ મજબુત બનાવવામાં પોતાનો બીલો જોરથી ઠોકતા જોઈએ છીએ, ત્યારે ખરેખર ગ્લાનિ થયા વગર રહેતી નથી અને ઘણીવાર એમ જ લાગે છે કે આપણી જે કેળવણી છે, તે પણ માત્ર ઉપર ઉપરની હોય છે અને મનુષ્યના અંતરમાં જે વિવેક, વિચારશક્તિ તથા તે પ્રમાણે વર્તવાનું બળ કેળવાવું જોઈએ, તેમાંનું ઘણું થોડું દેખાય છે અને ગતાનુગતિકની માફક તેઓ પણ બીજાઓની પેઠે વગર સમજથી દુઃખના ભોગ બનતા જોવામાં આવે છે.

ટુંકામાં આ લેખનો હેતુ એક જ છે, કે માણસે પોતાના દરેક આચારને વિચારપૂર્વક વિચારી જોવો જોઈએ અને પોતાનું જે સુખ, શાંતિ અને આનંદનું ધ્યેય છે, તે તરફ પોતાના આચાર તથા વિચાર દોરી જાય છે કે નહીં, તેનું ખૂબ અધ્યયન કરી, તેને અનુકૂળ વર્તવાની હિંમત અને મક્કમતા કેળવવી જોઈએ, તે સિવાય આપણાં દુઃખ અને મુશ્કેલીનો બીજો ઉપાય નથી.

આપણો ખોરાક, કપડાં, લગ્નવહેવાર, શારીરિક તથા માનસિક કેળવણી તથા ધાર્મિક રીતરિવાજો અને રહેણીકરણી વગેરે તમામ આ દૃષ્ટિથી અવલોકન માગે છે અને અપણા ધ્યેયને ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તવાની હિંમત કેળવવી જોઈએ.

જ્યાં સુધી દરરોજ આમ ફેરફાર થતી અને બદલાતી દુનિયામાં તેવી હિંમત કેળવીશું નહીં, ત્યાંસુધી કદી પણ એક પ્રજા તરીકે આપણે આગળ આવી શકવાના નથી. બીજા કોઈ આપણને આગળ લાવશે અને આપણો ઉદ્ધાર કરશે, અવી વ્યર્થ આશાઓ સેવવાથી કાંઈ વળવાનું નથી.

આપણે આપણા ખોરાકમાં પૌષ્ટિક તત્ત્વોનો ઘણો નાશ કરીએ છીએ, ઘણા પૈસા ખર્ચી થોડામાં થોડું તત્વ મેળવીએ છીએ અને પાચનશક્તિ ઉપર નકામો ભાર લાદી, તેને બગાડી નાંખી, આખરે તંદુરસ્તીનો નાશ કરીએ છીએ. ફેશનમાં આપણે ઘણાં પૌષ્ટિક તત્ત્વો ખાતાજ નથી, અગર ફેંકી દઇએ છીએ, તેજ પ્રમાણે આપણે કપડાંમાં પણ ઘણું વગર વિચાર્યું ખર્ચ કરી નાંખીને, શરીરને જે દરેક ઋતુમાં રક્ષણનો હેતુ છે, તેની તરફ નહીં જોતાં, બાહ્ય દૃષ્ટિ કેળવીએ છીએ.

આપણા કુટુંબની વ્યવસ્થામાં જે સારા તત્ત્વો હતાં, તે ઘણાંખરાં નાશ પામતાં જાય છે અને ઘણે ઠેકાણે એકત્ર કુટુંબ એક આશીર્વાદ થવાને બદલે મહા દુઃખ અને સંતાપનું કારણ થઈ જાય છે; વળી આપણે જુદા થઇએ છીએ, ત્યારે પણ સમૂહમાં એકદીલથી અને પ્રામાણિકપણે અને સેવાભાવથી કામ કરતાં ભૂલી ગયા છીએ અને તેથી જ આપણું સંઘબળ કેળવાતું નથી, અને છિન્ન ભિન્ન દશામાં વ્યક્તિ તરીકે તથા સમાજ તરીકે ઘણું સહન કરીએ છીએ. સમસ્તિમાં વ્યક્તિને સમાવી દેતાં વ્યક્તિ સમસ્ત માટે છે એ વિચાર ભૂલી જઇએ છીએ, તેમ સમસ્તિ વ્યક્તિ માટે છે, તે પણ ભૂલી રાગ દ્વેષ કેળવીએ છીએ. આપણો લગ્નવહેવાર પણ, સુખી અને સંતોષી જોડાં જેમ બને તેમ ઓછાં થાય અને ભવિષ્યમાં ઉત્તરોત્તર નિર્બળ પ્રજા થાય, તેવી રીતે ઘણીવાર ચાલે છે અને લગ્નનું ધ્યેય પણ ગૌણ ગણી, બીજી સગવડ તથા સુખનો વિચાર રાખી એ વહેવાર ચલાવીએ છીએ; કેળવણીમાં પણ નાહક ઘણી મહેનત, પૈસા અને વખત બરબાદ કરવામાં આવે છે, તેમજ ધાર્મિક કેળવણી પણ માત્ર મૌખિક અને હૃદયની શૂન્યતામાં પરિણમે એવી ચાલે છે.

આપણા ધર્મમાં તપ અને સંયમ કેળવવાને ઘણી ઘણી જાતના તપ અને સંયમોના પ્રયોગો છે, પણ તેના શુભ હેતુઓને ઉથલાવી નાંખી તેને પણ દંભ, અહંકાર, અને માનને પોષવાના સાધનમાં ફેરવી

નાંખી, જે વસ્તુઓને અટકાવવાને તેમનું નિર્માણ થએલું છે, તે જ વસ્તુઓને પોષવાના સાધનમાં તેમને ઘણીવાર ફેરવી નાંખવામાં આવે છે, અને તે પ્રયોગોના હેતુઓનો નાશ થાય છે.

ધ્યાન ધરવાના આદર્શ અને સાધન તરીકે નિર્માયેલી તેમજ ત્યાગ અને નીરાગતાને પોષવાને અને કાયમ કરવાને સારુ યોજાએલી વસ્તુઓને પણ પાર્થીવ વસ્તુઓ તરફ પ્રેમ, મમતા અને મોહ ઉત્પન્ન કરવાના સાધનમાં ફેરવી નાંખી, તેમનેજ કંકાસ અને કજિઆનું મૂળ બનાવીએ છીએ અને શ્રીમંતાઇનું પ્રદર્શન કરવાનું તથા ઐહિક સમૃદ્ધિ તરફ મોહ વધારવાનું સાધન બનાવીએ છીએ. આપણી ધ્યાન ધરવાની જગ્યાઓ પણ સંયમ અને ત્યાગ તથા આધ્યાત્મિક શક્તિના વિકાસનાં સાધનો થવાને બદલે, સંકુચિતતા, સ્વાર્થીપણા, દંભ, છળ, કપટના તથા લડાઈ ઝઘડાના અખાડા બનાવી દઇએ છીએ, અને એમ કરી દિન પ્રતિદિન આધ્યાત્મિક રીતે ઊંચે ચઢવાને બદલે ઘણી શક્તિ અને પૈસાના ભોગે પણ નીચે પ્રયાણ કરીએ છીએ.

આ બધી વસ્તુઓ ખૂબ ખૂબ વિચારણા અને ફેરફારો માંગે છે અને તેને અનુકૂળ જેમ બને તેમ જલ્દી ફેરફાર કરવાની શક્તિ અને તેમ કરતાં જો કાંઈ અનિષ્ટ જણાય, તો તુરત તે અનિષ્ટ દૂર કરવાની શક્તિ કેળવવાની જરૂર છે. આ જ શક્તિ, જેને સંપૂર્ણ વિચારપૂર્વકના આચાર તથા વિચારમાં ફેરફાર કરવાની ગતિ અથવા (Adaptability) કહેલી છે, તેના ઉપરજ આપણો બધો આધાર છે.

આ લેખનો હેતુ માત્ર એટલો જ છે કે આપણા સમાજનો મોટો ભાગ દરેક આચાર, વિચાર માટે પુષ્કળ વિચાર કરતો થઈ જાય અને દુનિયામાં જ્યાં જ્યાં કાંઇપણ સારું જણાય, તે પોતાનામાં જલ્દી દાખલ કરવાની શક્તિ કેળવે અને જે જે અનિષ્ટ ઘુસી ગયું છે અને ઘણા વરસોથી આપણને ચોટી ગયું છે, તેને ઝટ ઉખેડી નાંખવાની શક્તિ મેળવે.

આટલું કરવામાં જો વાંચનારને આ લેખ કાંઇપણ સહાયભૂત થાય, તો લેખક પોતાને કૃતાર્થ સમજશે; આપણું વ્યક્તિસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્ય ખૂબ કેળવવાની જરૂર છે, પણ તેની સાથે આખા સમાજને તે લાભ કરતા થાય, એવી રીતે તેનો અમલ કરવાની જરૂર છે. આપણને સુધારાની જરૂર છે, નહીં કે વગરવિચારી ક્રાન્તિની; એટલું જ નહિ આપણે સંયમ પૂર્વક સમસ્ત હિતને આગળ ગણી, વ્યક્તિત્વને અંદર સમાવવાની પણ જરૂર છે. જે વ્યક્તિત્વ સમાજનો દ્રોહ કરે અગર પાછળ પાડે, તેવા વ્યક્તિત્વની જરૂર નથી. ટુંકામાં ખુલ્લી આંખે, શુદ્ધ અંતઃકરણે અને નિષ્પપક્ષપાતપણે દરેક વસ્તુ વિચારો, જુઓ અને પ્રતિક્ષણે સારું ગ્રહણ કરો અને નુકસાનકારક હોય, તેનો તરત જ ત્યાગ કરો અને તે ત્યાગ કરવાની શક્તિ કેળવો, એવી સર્વ ભાઇઓ તથા બહેનોને મારી પ્રાર્થના છે.

માણસ પરિસ્થિતિનો ગુલામ નથી, તેમ દેવોની અંધ રમતનું સોગઠું યે નથી. આખા વિશ્વમાં સંપૂર્ણતાએ પહોંચવાની જે પ્રેરણા કામ કરી રહી છે, તે માણસમાં સચેત બની છે. મનુષ્યની નીચેની સૃષ્ટિમાં પ્રગતિ થઈ હતી : પણ મનુષ્યસૃષ્ટિમાં એ ઇચ્છાપૂર્વક સાધેલી હોય છે.

અજાણતાં થઈ જતા ફેરફારોને બદલે માણસ જાણી જોઈને હેતુપૂર્વક પરિવર્તન કરે છે. માણસ જેવો છે, અને જેવો એ થઈ શકે એમ છે, એ બે સ્થિતિના વિરોધમાંથી ઉદ્ભવતો અજંપો તો કેવળ માણસને જ અનુભવવો પડે છે. માણસ જીવનનો નિયમ, પ્રગતિનો સિદ્ધાંત ખોળવા મથે છે, એ રીતે એ બીજાં પ્રાણીઓથી જુદો પડે છે.

આપણા પોતામાં આપણે પરિવર્તન કરીશું તો જ આપણે વિશ્વમાં પરિવર્તન કરવાના છીએ. આત્મસુધારણા એ જ સાચી સુધારણા છે, એ વચન સાચું છે. —સર સર્વપલ્લી રાધાકૃષ્ણન

વિદ્યાવ્યાસંગ

લેખક: **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,**
બી. એ., એલએલ. બી., સોલિસિટર.

જીવનને કૃતેહમંદ બનાવવાની એક ઘણી મજાની ચાવી વગર ખરચે પ્રાપ્ત થાય તેમ છે, તે ચાવી નાના બાળક, માધ્યમિક અભ્યાસી, ઉચ્ચ શિક્ષણમાં પડેલા, તેમજ વ્યાપાર નોકરી કે ધંધામાં પડેલા સર્વને એક સરખી રીતે ઉપયોગી થઈ પડે તેવી છે. એ ચાવી પ્રાપ્ત કરવામાં પૈસાનો વ્યય કરવો પડે તેમ નથી, અભ્યાસ કે વ્યવસાયમાં વિઘ્ન થાય તેમ નથી. તે ચાવી સંપત્તિમાં મોજ કરાવે તેવી છે, વિપત્તિમાં આત્મહત્યાથી દૂર રાખે તેવી છે, ઓછી બુદ્ધિશક્તિવાળાને મસ્ત રાખે તેવી છે, વિશિષ્ટ શક્તિવાળાને અગ્રપદ અપાવે તેવી છે, ગામડામાં રહેનારને નૂતન ચમત્કાર બતાવી એકલતા દૂર કરાવે તેવી છે, શહેરમાં વસનારને સામાન્યતઃ દુર્લભ એકાગ્રતા કરાવનાર છે, ગરીબ અવસ્થામાં આવી પડેલાને સંયોગને આધીન થવાની શક્તિ અપાવનાર છે, લક્ષ્મીના પતિઓને મોજશોખમાં સમય ગાળવાની લોલુપતાથી દૂર રાખી ઉચ્ચ આત્મભાન કરાવનાર છે, સ્ત્રીવર્ગને સ્વાતંત્ર્ય આપવા સાથે સ્વચ્છંદતાથી દૂર રખાવનાર છે અને બાર વર્ષના શિશુને ભવિષ્યની જિંદગી માટે તૈયારી કરવાની સાધનસામગ્રીનું ભાથું તૈયાર કરાવી આપનાર છે.

આવી રીતે સર્વ અવસ્થામાં અને સર્વ સંયોગોમાં એકાંત લાભ કરનાર અને અનેક પ્રકારની ગૂંચવણવાળા જીવનમાં મુશ્કેલીમાં માર્ગ બતાવનાર, જીવનપંથને ઉજાળનાર અને આખા પંથને સાફ તેમજ સરળ કરનાર કોઈ ચાવી પ્રાપ્ત થઈ જાય, તો તો જરૂર ઠીક પડે. અત્યારે તો જીવન એટલું સંકીર્ણ થતું જાય છે કે નવ સાંધીએ ત્યાં તેર તૂટે, એક પ્રસંગમાં આવી પડતી ગૂંચવણને કાઢવા પ્રયત્ન કરીએ, ત્યાં ચાર વધારે મોટી અગવડો આવી પડે અને જીવન એવું અકારું થઈ જાય કે એમાંથી ક્યારે છૂટીએ તેવા તુચ્છ વિચારો આવ્યા કરે અને કોઈ કોઈ વાર તો ભવિષ્ય ક્યાં જવાનું છે અને ત્યાં પોતાને માટે શું તૈયાર છે, તેનો કાંઈ સ્પષ્ટ ખ્યાલ કર્યા વગર અહીંનું જીવન પૂર્ણ કરવાના ફાંફા પણ મારીએ.

આ ચાવી ઘણી સાદી સીધી અને સરળ છે. એનું નામ **વિદ્યાવ્યાસંગ** છે. એ બહુ ભારે જણાતો સંસ્કૃત શબ્દ સાદી ભાષામાં બહુ સ્પષ્ટ સમજાય તેવો છે. એમાં વિદ્યા સાથેનો પરિચય, વિદ્યાનું ખેડાણ, વિદ્યાના વાતાવરણમાં રમણ, વિદ્યાની વાત, વિદ્યાસંબંધી સંભાષણ, વિદ્યાનું ચિંતવન, વિદ્યાનું વાંચન અને વિદ્યા સાથેની એકાગ્રતાની વાત છે. ઘણા માણસો એમ ધારે છે કે એક વિદ્યાર્થી ગ્રેજ્યુએટ કે ડબલ ગ્રેજ્યુએટ થયો અથવા એણે આચાર્યની પદવી પ્રાપ્ત કરી એટલે એનો અભ્યાસકાળ પૂરો થાય છે. પછી તો ધન કમાવાની, વ્યવહાર ચલાવવાની અને પટેલાઈ કરવાની વાતો જ એને માટે બાકી રહે છે અને એના જીવનની કૃતેહની તુલના કે ગણતરી એ કેટલું ધન પેદા કરે છે, એ સગાસંબંધીના વેધ વિવેક કેટલા જાળવે છે, એ એની નાત જાતમાં કેવું સ્થાન ભોગવે છે, એ રાજદરબાર કે કચેરી અદાલતમાં કેવો મોભો ધરાવે છે તે પર થાય છે. બહારના લોકોની વ્યવહારુ નજરે આ વાત ગમે તેટલી સાચી હોય, પણ જે વ્યક્તિને અંગે આપણે વિચાર કરીએ છીએ, તેને અંગે (એટલે વસ્તુતઃ આપણે પોતાને અંગે) ઊંડો અભ્યાસ કરતાં જણાશે. કે એ વાતમાં આભ્યંતર સંતોષ નથી, આંતર આનંદ નથી, વિશિષ્ટ શાંતિ નથી કે કૃતકૃત્યતાનો ઓડકાર નથી. બાહ્ય વ્યવહાર અને આંતર તોષ વચ્ચે ઘણો મોટો આંતરો છે અને તે અહીં બરાબર વ્યક્ત થાય છે.

પોતાની જરૂરિયાત પૂરતું ધન પેદા કરવાના કાર્યમાં જરૂરી સમય તો ગાળવો જ રહ્યો. સંસાર દશાથી મુક્ત થઈ સાધુ સંન્યાસીના જીવનમાં ઓતપ્રોત થયેલાની વાત જુદી છે. તે તો આખો વખત વિદ્યાવ્યાસંગમાં ગાળી શકે, એનું જીવન તો સરસ્વતીની સેવામય થઈ જાય અને એની પાસે તો ચર્ચા, વાર્તા કે વિચારણા અભ્યાસમય હોય. આવી વિશિષ્ટ વ્યક્તિની વાત બાજૂએ રાખીએ, પણ સંસારમાં ચાલુ રહી પોતાના જીવનનિર્વાહ પૂરતું કામ કરી વિદ્યાવ્યાસંગી રહી શકાય છે અને એવા જીવનની સુવાસ પણ ઓર રહે છે. એ પોતાના કામથી ફારેગ થાય કે એ પોતાનો પ્રિય વિનોદ હાથમાં લે: એને પ્રયોગોનો શોખ હોય તો એ પ્રયોગશાળામાં પેસે, સાહિત્યનો શોખ હોય તો રામાયણ મહાભારતથી માંડીને નવયુગના સાહિત્યમાં પેસી જાય, કાવ્યનો શોખ હોય, તો તે વાંચે. અને શોખના પ્રકારોનો પાર નથી: ગણિત, ન્યાય, તર્ક, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સ્તવન, સ્વાધ્યાય, ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, લલિતકળા, રાસવાંચન કે એવા અનેક વિષયો છે. જે વિષયને માટે પોતાનું વલણ હોય, જે તરફ પોતાનો નૈસર્ગિક પ્રેમ હોય, તેમાં પ્રવેશ કરવો, એમાં કોઈ જાતના બદલાની અપેક્ષા રાખવી નહિ. એમ કરવામાં જે આનંદ આવે છે, તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. અંતરના ઉમળકાની વાત જ જુદી છે. અને પોતાના શોખના વિષયમાં ઓતપ્રોત થઈ જતાં જે મોજ આવે છે તે તદ્દન અનોખી જ છે. એની કિંમત રૂપીઆ, આના, પાઈમાં થઈ શકે તેમ નથી અને એનું મુલ્ય મોટા બેંક બેલેંસથી કે જાગીરદારીની હકુરાઈથી તોળી શકાય તેમ નથી.

એક બાજૂએ હજારોની આવકવાળા શેઠીઆ કે રાજા મહારાજાનું આંતર જીવન જોઇએ અને બીજી બાજૂ ઉદરનિર્વાહ પૂરતો વ્યવસાય કરી બાકીના વખતમાં પોતાના પ્રિય વિષયનાં ચર્ચા વાંચન કે પ્રયોગ કરનારનાં મનોરાજ્યો જોઇએ. ખૂબ ઊંડા ઊતરી તપાસીએ, તો તેમાં જમીન આસમાનનો તફાવત લાગશે. જમીનદાર કે શેઠીઆને પોતાનું સ્થાન જાળવી રાખવા જે ખટપટો, ધમાલો અને દંભો સેવવાં પડે છે, માથાપરના જોખમે ઊંધમાંથી સફાળા ઊઠી જે વિમાસણો કરવી પડે છે, નાણાની જોગવાઈ કરવા જે ઉજાગરા અને આતાપનાઓ ખમવી પડે છે, તે એક બાજૂએ રાખીએ અને બીજી બાજૂએ મહાવીરચરિત્રનો એક કાંડ વાંચી, અથવા ગણિતનું એક મનોયત્ન પૂરું કરી અથવા આનંદઘનજી કે ચિદાનંદજીના બેચાર પદો અખંડ શાંતિમાં લલકારી સૂઈ જનારની ભવ્ય શાંત નિદ્રાનો વિચાર કરીએ ત્યારે આવા વિદ્યાવ્યાસંગી જીવોની શાંતિ અને આંતર આનંદની સરખામણી મગજમાં ઊતરે એમ લાગે છે.

થોડી ધનની સગવડ હોય તેની સાથે ઉપાધિ પણ ઘણી હોય છે. ધન, સાધનસંપત્તિ હોય અને વિદ્યાવ્યાસંગી જીવન હોય, તો ખૂબ મજા આવે છે. ધન કમાવાની ચિંતા ન હોય અને ઉચ્ચ ઉડ્ડયન કરવાની કળા પ્રાપ્ત થઈ હોય, અને એની સાથે વિદ્યાના સંબંધમાં રહેવાની આવડત સાંપડી હોય તો ઘણું સારું. જોકે સોનામાં સુંગધ સાંપડવી ઘણી મુશ્કેલ છે અને ધનની ધમાલ સાથે વિદ્યાનો વ્યાસંગ રહેવો મુશ્કિલ છે, પણ અશકય નથી. ધનસંપત્તિ પ્રાપ્ત કરવા અને જાળવવાને અંગે આનુષંગિક ખટપટો એટલી બધી હોય છે, કરવી પડે છે, કે તેના સંબંધમાં વિદ્યાનું વાતાવરણ જરા મુશ્કેલ બનતું જાય છે અને વધતી જતી ફતેહ માણસને વિદ્યાથી દૂર ખસેડતી જાય છે; છતાં એવો સંબંધ ન જ હોય એવું કાંઈ નથી. પણ એવા ભાગ્યવાનની વાતો બાજૂએ રાખીએ, તો પણ દરેક માણસે પોતાના વ્યવહાર કે ધંધા ઉપરાંત આવો છંદ કેળવવાની જરૂર છે. પોતાને એક પ્રિય વસ્તુ હોવી જોઇએ, એ વાતનો એને છંદ લાગવો જોઇએ, એ વસ્તુમાં જ્યારે પોતાની જાતને એ ઓતપ્રોત કરે, ત્યારે જાણે એ પોતાના ઘરમાં હોય એવી એની મનોદશા થવી જોઇએ, એ શોખની વસ્તુના પ્રયોગમાં એને માત્ર સ્વાત્મ આનંદ અને પરિપૂર્ણ સંતોષ થવો જોઇએ અને એમાં બદલાની કોઈ પ્રકારની આશા ઇચ્છા કે ગણતરી ન હોવી જોઈએ. આવા નિર્બંધ કે

છંદને અંગ્રેજી ભાષામાં hobby (હોબ્બી) કહે છે. એવા પ્રકારનો છંદ કેમ કેળવવો, કેવા પ્રકારનો કેળવવો અને એથી કેવા લાભ થાય તે અત્ર વિચારણીય છે.

સમય કેમ પસાર કરવો એ અતિ મહત્ત્વનો અને મુશ્કેલ વિષય છે. સવારની સાંજ કેમ પાડવી અને રાત્રિના ઊંઘના સમય સુધી શું કરવું એ દેખીતો સાદો વિષય ઘણી મુસીબતો ઊભી કરે છે. બૈરાંઓમાં કલેશ, પાડોશીમાં વેરઝેર અને ગામડાંઓમાં અનેક ખટપટો ઊભી થાય છે તેનું મૂળ આ સવારથી સાંજ પાડવાના પ્રશ્નના નિરાકરણમાં છે. દા. ત. હાલમાં ગુમાસ્તા ધારો થતાં મુંબઈ શહેરમાં રવિવારની છૂટી થવાની શરૂઆત થઈ, ત્યારથી નવરાશના વખતમાં શેઠીઆઓએ કે નોકરોએ તે દિવસે શું કરવું એ ભારે મોટી અગવડનો સવાલ થઈ પડ્યો છે. રિક્રેએશન પર સેંકડો નહિ, પણ હજારોની સંખ્યામાં ફરવાની બાબતની પાછળ મોટા જીવનના પ્રશ્નો રહેલા છે. જુહુ કે માહિમના કિનારા પર હજારોની સંખ્યા રવિવારે લટાર મારતી દેખાય છે, તે આવા પ્રિય વિષયના પ્રશ્નનો નિકાલ નહિ કરેલા અવ્યવસ્થિત જીવનવાળાની મેદની સૂચવે છે અને મુંબઈમાં લગભગ પચાસ સિનેમા હોવા છતાં રવિવારે કોઈ સિનેમામાં ટીકીટ મળે નહિ એ જીવનસમય પસાર કરવાના વિચારણીય ધોરણની ગેરહાજરી બતાવે છે. એવી રીતે સમય પસાર કરવાની યોગ્યાયોગ્યતા કે તેની તંદુરસ્તી કે આંતર પ્રગતિ પર થતી અસરના અગત્યના વિષય પર અત્ર ચર્ચા કરવાનો પ્રસંગ નથી, જો કે તે વિષય પણ અતિ મહત્ત્વનો અને ઉપયોગી છે. અત્રે વાત એ છે કે સમયનો ઉપયોગ કરવાની વ્યવસ્થિત ગોઠવણ ન હોય, પ્રિય વિષયનો શોખ કેળવ્યો ન હોય, એ શોખને અનુરૂપ સાધન સામગ્રી વસાવ્યાં ન હોય, તો પછી ગમે તેટલા ગણી ફી આપી વખત તો જરૂર પસાર કરવો જ પડે છે અને જો ચાલી શકતું હોત તો બજારની અંદર બઠ્ઠા બેઠા લીયા દીયા કે નામા કરનારને આ રીતે વખત પસાર કરવાનાં પ્રસંગો ઊભાં કરવાં પડે છે.

નાનાં ગામડાંની અંદર નાતજાતની એક નાની ખટપટ કેવું આકરૂં રૂપ લઈ લે છે, માલ વગરની વાતમાં કેવા પક્ષો પડી જાય છે, અર્થ વગરની વાતો કરવામાં કલાકના કલાક કેવી રીતે પસાર થઈ જાય છે, એક ગંદી વાત મૂળમાં સાચી હોય કે ન હોય, તેનો પસાર કરવામાં કેટલો રસ લેવામાં આવે છે, 'સાંભળ્યું કે ?' એમ શરૂઆત કરી પારકી નિંદા કરવામાં કેટલો સમય વાપરી નાખવામાં આવે છે, જ્ઞાતિઓની પટેલાઈ મેળવવા અને જાળવવા પાછળ કેટલી ખટપટો કરવી પડે છે, સમાજનાં સાજનાં, નાત સંધના મેળાવડા કે પંચના જલસામાં કેવો સમય નિરર્થક પસાર થાય છે, તેનો ખ્યાલ કરવામાં આવે, તો તેની પાછળ હેતુ કે ધોરણ વગરનું અને પ્રિય વસ્તુના આદર્શવિહોણું જીવન તરવરતું માલૂમ પડશે. આને સ્થાને જીવનમાં કાંઈ રસ હોય, પુસ્તક વાંચનનો શોખ કેળવ્યો હોય, ન્યાયતર્કની ચર્ચાઓ કરવાની કળા જમાવી હોય, પ્રયોગશાળામાં પ્રયોગ કરવાનો રસ જમાવ્યો હોય, ગણિત કે ભૂમિતિના દાખલાઓ ઉદ્દેશકો (problem) નો નિકાલ કરવામાં રસ ઉત્પન્ન કર્યો હોય કે ઇતિહાસ ભૂગોળ લેખન વાંચનમાં રસ તૈયાર કરી રાખ્યો હોય અને એવી તદ્દન નિરાળી પ્રવૃત્તિ જમાવી રાખી હોય, તો રવિવારે સિનેમા સિનેમાએ ભટકવું ન પડે, દુકાને દુકાને જઈ ઠંડા પહોરનાં ગપ્પાં મારી સવારની સાંજ પાડવી ન પડે, પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ એવી સાધ્ય કે ધોરણ વગરની જિંદગી ગાળવા ન પડે, કલેશ કંકાસ, તડાં વિભાગ અને ખટપટનો આશ્રય લેવો ન પડે.

અને એમાં પણ વિદ્યાનો રસ કેળવ્યો હોય, એની તો બલિહારી છે. વિલાયતની હાઈ કોર્ટના જજજ સર ફ્લેચર મોલ્ટન બપોરે ચાર વાગે કોર્ટમાંથી છૂટે કે સીધા જાય પોતાની ખાનગી લેબોરેટરી (પ્રયોગશાળા) માં અને રસવિદ્યા (Chemistry) ના પ્રયોગ ત્રણ કલાક કરે. મહાવિગ્રહ થતાં ૧૯૧૫ માં ઇંગ્લાંડની સરકારે એમને શસ્ત્રાસ્ત્રખાતાના વડા નીમ્યા. હાઇકોર્ટનો જજજ શસ્ત્રખાતામાં ! (Head of muni-

tions) પણ એણે પૂર્ણ ન્યાય આપ્યો. અહીં મુદ્દાની વાત એ છે કે પોતાના ધંધા ઉપરાંત કે નોકરી ઉપરાંત એક જાતનો શોખ કેળવવો જોઈએ. એવા શોખ પાના રમવાં, જુગાર ખેલવો, ભટકવું, નાટકો જોવાં કે નાતજાતની ખટપટો ચકાવવી વગેરે અનેક અધમકોટિના પણ હોય છે, ક્લબમાં બેસી ગંજીપાનાં જુગાર કે બજાર ભાવના ગપ્પાં મારવાનાં પણ હોય છે, પણ એને બદલે જો વિદ્યાવ્યાસંગનો શોખ કેળવ્યો હોય, તો એમાં જીવનરસની જમાવટ થાય છે અને માણસને એમાં અંતરના ઉમળકા આવે છે.

વિદ્યાવ્યાસંગી જીવનનો શોખ જગાવવો હોય, જમાવવો હોય અને તેનો વિકાસ કરવો હોય, તો તેની શરૂઆત અભ્યાસકાળથી કરી દેવી જોઈએ. એ વિદ્યાનો શોખ કે આધ્યાત્મિક સંસ્કારિતા મોટી ઉમરે કેળવવાં ઘણાં મુશ્કેલ બને છે. વાંચનનો શોખ હોય તેની શરૂઆત પણ નાનપણથી જ થાય છે અને લલિતકળાનો શોખ પણ અભ્યાસકાળથી ઘર ઘાલે છે. પછવાડેની વયમાં એનો વિકાસ ઘણો વધે છે, પણ એનું મૂળ બાળકાળથી હોય છે અને બાળકાળથી જે વાત અંદર જામી હોય, તેની આસપાસ કલ્પનાચિત્રોનું બાહુલ્ય હોય છે. એ કલ્પનાચિત્રની ભારે મોટી મહત્તા છે અને માનસશાસ્ત્રનો એ અતિ મહત્વનો કોયડો છે. મોટી વયે પ્રિયવસ્તુના શોખનો વિસ્તાર અશક્ય નથી, પણ મુશ્કેલ તો છે.

આ પ્રિય વસ્તુના શોખ તુચ્છ હોય, તો જીવનને વિરૂપ કે કદરૂપું બનાવે છે. જેને વિદ્યાનો રસ થઈ જાય, તેને ભારે મજા આવે છે. એ ફુરસદના વખતમાં એકાદ ગ્રંથ હાથમાં લે, લેખન કરે, પુસ્તકો પ્રકટ કરે કે કવિતા કે પદ લલકારે, ત્યારે એ પોતાના જીવનની આસપાસ કે અંદર રહેતો નથી, એનાં મનોરાજ્યો અનેરાંજ હોય છે, એનાં ઉડ્યનો ભવ્ય હોય છે, એની સૌરભ ભારે આકર્ષક હોય છે.

તેથી પોતાને ગમે તેવા વિષયનો શોખ જમાવવો. વાંચન કે લેખન, શ્રવણ કે ચિંતવન, ગાયન કે વાદન, નર્તન કે ભાષણ, પ્રયોગ કે ધ્યાન–ગમે તે બાબત લેવી, ઇતિહાસ કે ભૂમિતિ, પૂર્વકાળ કે વર્તમાન, ધર્મ કે વ્યવહાર, નીતિ કે રાજનીતિ કોઈ પણ વિષય પર શોખ જમાવવો, એની ચર્ચા કે પ્રયોગમાં આનંદ માણવો, એમાં વિહાર થતો હોય, ત્યારે આત્મવિભૂતિ મળી છે એમ માણવું અને બની શકે ત્યારે એમ. પડી જવાની તમન્ના કે ભાવના રાખવી એ પ્રિયવસ્તુપ્રાપ્તિનું અંકદર્શન છે અને એ પસંદગીમાં વિવેક રાખવો એ ભારે મહત્વનો વિષય છે. નકામી પ્રિયવસ્તુમાં પડી જવાય તો જીવન ઝેરમય બની જાય છે. વિદ્યાવ્યાસંગ તદ્દન નિર્મળ વિષય છે, એની કોઈ પણ શાખા, પ્રશાખા ઊજળી છે, એમાં પ્રવેશ રસમય છે, એમાં પ્રગતિ પ્રેરક છે અને એમાં આગળ વધારો સુશક્ય હોઈ અનેક શક્યતાથી ભરપૂર છે.

વિદ્યાવ્યાસંગથી જીવન ભવ્ય બને છે, રસમય બને છે, હેતુસરનું બને છે અને સીધે રસ્તે પ્રગત થતું જાય છે. વિદ્યાવ્યાસંગ જેમ કેળવાતો જાય તેમ તેમાંથી ભારે નૂતનતા સાંપડે છે અને એના પ્રત્યેક વિષય કે ઉપવિષયમાં એટલો મોટો થર હોય છે કે આખું જીવન એમાં પૂરું થાય, તો પણ એનો રસ પૂરો થતો નથી અને એને નકામી બાબતમાં માથું મારવું પડતું નથી. શારદામંદિરના ઉપાસકની વાત જ જુદી છે, એની સૃષ્ટિ અનેરી છે, એની જીવનકથા અનોખી છે અને એનાં રાહઘાટ અનુકરણીય છે.

મોટે શોખ કેળવવો જરૂરી છે, તેની સાથે તેની પસંદગી ઉપર આખા જીવનનો આધાર રહે છે. તુચ્છ બાબતોનો પણ શોખ હોઈ શકે છે: ગપ્પાં મારવાથી માંડીને, ભોજનની વાતો કરવાનો, સમાચારો ફેલાવવાનો, પોતાની નાની વાતને મોટી કરી બતાવવાનો વગેરે અનેક પ્રિય વિષયો હોઈ શકે. એ સર્વ વિષયમાં વિદ્યા-જ્ઞાનના કોઈ પણ પ્રકારનો શોખ કેળવાય, લખવામાં કે વાંચવામાં મોજ આવે, ઇતિહાસ કે ગણિતમાં આનંદ જામે, ત્યારે જીવનના લહાવા લેવાય છે અને પરિણામે જીવન ઓછે વધતે અંશે સરળ

થાય તેવો ઝોક મળતો રહે છે. આ વિષય તરફ ધ્યાન આપવાથી શોખ કેળવી પણ શકાય છે અને પસંદગી સારી થાય તો ખૂબ આનંદ આવે છે.

જેમ બ્રાહ્મણનો કુદરતી શોખ વિદ્યા તરફ હોય છે, તેમ જૈનને માટે નૈસર્ગિક રીતે એવું થોડું બને છે. બ્રાહ્મણનો દીકરો બાળપણથી થોડું ઘણું જરૂર ભણશે, એના ઘરમાં કેટલાંક પુસ્તકો હશે, એને ત્યાં વ્યાકરણ, કાવ્ય, ન્યાયની કે ક્રિયાકાંડની વાતો થતી હશે, ત્યારે જૈન કોમનું વાતાવરણ વ્યાપારનું હોઈ એમને ત્યાં વિદ્યાનું વાતાવરણ જમાવવું પડે છે. એનો મૂળ ઝોક હિસાબ અને ગણતરી, અર્થશાસ્ત્ર અને લીયાદીયાની વાત. એને ત્યાં પૈસા સંબંધી વાતો એટલી હદ સુધી હોય છે કે એ તાવને પણ આઠ આના દશ આનાની ગણતરીએ ગણશે અને એને ત્યાં જાપાન, આફ્રિકા, મલબાર કે મદ્રાસની સફરનાં સોણલાં આવશે. આ વાતના ગુણદોષ પર અત્ર ચર્ચા કરવાની નથી, પણ અહીં જણાવી તે નક્કર હકીકત હોઈ, એણે વિદ્યાવ્યાસંગ કેળવવો રહ્યો, એના સંયોગ, એનો જીવનનો ઝોક અને એનું વાતાવરણ બદ્દર હોઈ એને નાટક, કાવ્ય કે નવલકથા લખવામાં કે વાંચવામાં કે તન્મય થવામાં જરા વધારે પ્રયત્ન કરવો પડે તેમ છે. વિદ્યાવ્યાસંગ નૈસર્ગિક હોય તો ખૂબ મોજ આપે છે અને ભારે જમાવટ કરે છે, છતાં એ પ્રિય વિષય તરીકે પ્રયત્નસિદ્ધ પણ છે એટલે આપણે એને ખાસ કેળવવો જોઇએ. ઘરમાં આપણાં પ્રિય વિષયના ગ્રંથોનું નાનકડું પુસ્તકાલય રાખવું જોઇએ, ગામ કે શહેરના જાહેર પુસ્તકાલયનો પૂરતો લાભ લેવો જોઇએ અને એ રીતે વિદ્યાવ્યાસંગ વધારવો જોઇએ.

એમાં કોઈ પ્રકારના બદલાની આશા ન હોય, તો વિદ્યાવ્યાસંગ ખૂબ આનંદ ઉપજાવે છે. લેખના પુરસ્કાર, લેખક તરીકે આબરૂની જમાવટ કે ગ્રંથ વેચીને તેમાં ઉદરનિર્વાહ થાય એટલે એમાં શોખ બદ્દરુ આકાર લે છે. એની યોગ્યાયોગ્યતાનો વિષય ઘણો મહત્વનો, પણ અત્ર અપ્રસ્તુત છે. અહીં તો વિદ્યાનો કોઈ પણ વિષયનો શોખ જમાવવો, વિદ્યા ખાતર જ જમાવવો, તેમાં જ્યારે પડાય, ત્યારે ખૂબ આનંદ થાય એવું વલણ કરી નાખવું અને એ શોખમાંથી કોઈ જાતના દુન્યવી કે બદ્દરુ લાભની આશા ન રાખવી. આવા પ્રકારના વિદ્યાવ્યાસંગ માટે પ્રેરણા કરવાની છે અને એમાં જ આનંદ આવે તે જીવનને ધન્ય બનાવે છે, આદર્શને સ્પષ્ટ બનાવે છે અને આંતર મલિનતાને ઓછી કરી ધીમે ધીમે એને સાફ કરે છે. નાનપણથી આ શોખ કેળવી શકાય છે, લગભગ વીશ વર્ષની આસપાસ એ ઠરી ઠામ થતો જાય છે અને ત્રીશ વર્ષની આસપાસ એ જામી જાય છે. ત્યાર પછીની વયે એ જાગે અને જામે ખરો, પણ એની આસપાસ કલ્પનાના થર જામતા નથી, તેથી એનો ભર (intensity) અલ્પ રહે છે. માટે અભ્યાસ-કાળમાં આવો કોઈ પ્રકારનો વ્યાસંગ જમાવી જીવન સફળ કરવા યોગ્ય છે. 'લધુ વૃક્ષ વાળ્યું વળે જેમ વાળો' એ ઉક્તિનું રહસ્ય જાણી તેનો લાભ લેવા યોગ્ય છે.

૦૦

દરેક પ્રાકૃત મનુષ્યે પોતાના નિત્યવ્યવસાયમાંથી વખત કાઢી રોજ અથવા નિયમિત વખતે પોત પોતાનાં મૂળ જીવનસૂત્રોનું સ્મરણ કરવું જોઈએ. આ સ્મરણ–સ્વાધ્યાયથી માણસ પોતાનાં જીવનસૂત્રો પરનો કાટ ખંખેરી શકે છે.

—કાકા કાલેલકર

સંસ્કૃતિ અને ધર્મશાસ્ત્ર—એક વિચારણા

લેખક : **પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી,**
બી. એ.; બી. એસ સી.; બેરીસ્ટર-એટ-લૉ.

૧. ઘણીવાર એમ વિચાર આવે છે કે આ જગત્ પરાપૂર્વથી ચાલતું આવ્યું છે. અને અનેક મહાપુરૂષોએ અનેક પ્રકારના વિચારો જગતને અર્પણ કરી કોઈ પણ વિષય ઉપર કંઈ કહેવા પણું રાખ્યું નથી એટલે લેખરૂપે નવીન શું આપી શકાય? પણ વધુ વિચારતાં જહોન સ્ટુઅર્ટ મીલનું એક વાક્ય યાદ આવે છે કે "On all great subjects, there is much to be said"—"દરેક મહાન્ વિષય ઉપર ઘણું કહેવાનું હોય છે." વિષય કે વિચાર ભલે નવીન ન હોય પરંતુ જે વિષય કે વિચાર હોય તેને પોતાની શૈલીમાં, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ નવીન રૂપે જરૂર મુકી શકાય—અને એજ વિચારે આ લેખ ઉપસ્થિત થઈ શકયો છે.

૨. "સંસ્કૃતિ" એ શબ્દનો, શબ્દકોષના અન્વયે અર્થ વિચારીએ તો "સુધરેલી કે અલંકારને પ્રાપ્ત થયેલી જે સ્થિતિ" એવો જ અર્થ કરી શકાય. ભાષાની દૃષ્ટિએ સંસ્કૃત ભાષાને એવી જ સુધરેલી અથવા અલંકારવાળી ગણવામાં આવી છે.[૧] પણ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ "સંસ્કૃતિ" શબ્દનો એવો વિશિષ્ટ પ્રકારનો અર્થ કરવામાં આવતો નથી. સમાજશાસ્ત્રની દૃષ્ટિએ તો "સમષ્ટિજીવનના અંગરૂપ દરેક વ્યક્તિએ પ્રાપ્ત કરેલી માન્યતાઓ, જ્ઞાન, કળા, ધર્મ, નીતિ અને બીજી અનેક લબ્ધિ અને પ્રણાલિકાઓમાંથી ઉદ્ભવતા મનુષ્ય જીવનના મન વચન અને કાયાના વર્તનનું સમુહરૂપે જે વ્યવસ્થિત સંકલન અને સંવેદન" તેને જ "સંસ્કૃતિ" ગણવામાં આવી છે.[૨] તે વર્તન અમુક એક દૃષ્ટિએ ભલે પછી સંસ્કૃત હોય કે વિકૃત હોય તો પણ, જો તે વ્યવસ્થિત રૂપે હશે તો તેને સંસ્કૃતિ જ કહેવામાં આવશે. તેથી જ આપણે પૂર્વકાલીન સંસ્કૃતિ અને અર્વાચીન સંસ્કૃતિ, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પૌર્વાત્ય સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિ એ પ્રકારના શબ્દપ્રયોગો કરીએ છીએ અને આજના વિશ્વસંહારક સર્વભક્ષી યુદ્ધમાં ઝંપલાવતી પાશ્ચાત્ય પ્રજાના વર્તનને પણ એક પ્રકારની સંસ્કૃતિ જ સમજીએ છીએ.

૩. સંસ્કૃતિ શબ્દનો આ અર્થ ધ્યાનમાં રાખી આપણે ધર્મશાસ્ત્ર ઉપર વિચાર કરીશું. અહીં એટલું સમજી લેવું જરૂરનું છે કે "ધર્મશાસ્ત્ર" એ શબ્દ આર્યોએ પોતાના કાયદા અને કાનુનોને–ધારાશાસ્ત્રને–, ધર્મશાસ્ત્ર તરીકે સંબોધી જે અર્થમાં યોજ્યો છે તે અર્થમાં જ અહીં ગ્રહણ કરવામાં આવ્યો છે. અને ધર્મશાસ્ત્રને મહાન્ મનુષ્યશાસ્ત્ર (anthropology) ના અંગભૂત સમાજશાસ્ત્ર (sociology) ના એક વિભાગ રૂપેજ લેખવામાં આવ્યો છે. આ વિષયમાં સ્વાભાવિક રીતે એ પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે ધર્મશાસ્ત્ર એટલે શું? એનું ધ્યેય શું હોવું જોઈએ? એની ઉપયોગિતા શી? અને સંસ્કૃતિ સાથે એનો શો સંબંધ હોઈ શકે? આ બધા પ્રશ્નો તલસ્પર્શી છે. અને આજનાં સંશોધનાત્મક વૈજ્ઞાનિક યુગની દૃષ્ટિએ પૃથક્કરણ માંગે છે. અહિં તો ફક્ત રેખાસૂચન જ કરી શકાયું છે.

---

૧. Cf. वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते ।—भर्तृहरि नीतिशतक १९.

2. Cf. the Neo.-Hegelian conception of culture according to which "Culture is a symbolic term used to signify all the knowledge, powers—material and intellectual—and other capacities and possessions of a society as a whole by which it adopts itself to conditions of life."

૪. પ્રથમ ત્યારે ધર્મશાસ્ત્ર શું એ આપણે વિચારીએ. જેમ રાષ્ટ્ર એ પંચરંગી જનતાના સમૂહ કરતાં કંઈક વિશેષ પ્રકારે અસ્તિત્વ ધરાવતી એક સંસ્થા છે તેમ ધર્મશાસ્ત્ર પણ મનુષ્ય યોજીત કાનુનો, રાજકીય શાસનો, અને ન્યાયમૂર્તિના નિર્ણયોના સમૂહ કરતાં કંઈક વધુ વિશિષ્ટતા ધરાવતું એક તત્ત્વ છે. આ તત્ત્વ સમાજની દરેક વ્યક્તિને પોતાના હકો અર્પે છે, દરેક વ્યક્તિ પાસે સમાજ પરત્વેની ફરજો અદા કરાવવામાં શાસક રૂપે પ્રવર્તે છે અને તેમ હોઈ સમાજ વ્યવસ્થાનું નિયમન અને સંગઠન કરી વ્યક્તિ અને સમાજના અંતિમ ધ્યેયને સાધનાર એક મહાન્ તત્ત્વ છે. એ વાત ખરી છે કે ધર્મશાસ્ત્ર એ કંઈ સુખ અને શાંતિ ઉપજાવી ન શકે, પરંતુ સમાજને માટે અને તેમાં આવતી દરેક વ્યક્તિને માટે, સુખ અને શાંતિ વિશેષ સુલભ થાય એવું વાતાવરણ અને સંજોગો તો જરૂર ઉભા કરી શકે.

૫. જો ધર્મશાસ્ત્રનું આવા પ્રકારનું અસ્તિત્વ અને કાર્યક્ષેત્ર છે તેનું ધ્યેય કેવા પ્રકારનું હોવું જોઇએ? પૂર્વકાલીન ધર્મશાસ્ત્ર અને અર્વાચીન ધારાશાસ્ત્ર એ એક દૃષ્ટિએ જોઇએ તો મનુષ્યને પાલન કરવાના નિયમ રૂપે તો સરખાંજ છે. અને બન્નેનું ધ્યેય વ્યક્તિ અને સમાજનું પરમ સુખ એજ છે. છતાં એ બન્નેમાં બીજી દૃષ્ટિએ ભેદ છે. પૂર્વકાલીન ધર્મશાસ્ત્રની રચનામાં આત્માની ઉન્નતિના ધ્યેયને—પરમ નિઃશ્રેયસને—પ્રધાન પદે રાખી તેને અનુકૂળ સમાજ વ્યવસ્થાને માટે નિયમો ઘડવામાં આવતા ધર્મશાસ્ત્રી-ઓનું[3] અંતિમ ધ્યેય આત્મોન્નતિનું જ રહેતું અને તેથીજ આર્યો પોતાના કાયદા કાનુનોને–ધારાશાસ્ત્રને–ધર્મશાસ્ત્ર એ નામથી ઓળખાવતા. આજના ધારાશાસ્ત્રના નિયમો પણ સમાજના સુખ અને વ્યવસ્થા માટેજ ઘડવામાં આવે છે પરંતુ ધ્યેય બદલાયું છે. અધ્યાત્મિક અને આત્મોન્નતિના ધ્યેયને બદલે આર્થિક સુખ અને ઉન્નતિનેજ પરમધ્યેય લેખવામાં આવ્યું છે, અને દરેક વ્યક્તિએ એ નિયમોને પ્રતિકૂળ ન થવાય એ રીતે પોતાને માટે પોતાના આત્મિક સુખ અને ઉન્નતિનો માર્ગ ખોળી લેવાનો રહે છે. આજે સંસ્કૃતિ વિષેનું આપણું મન્તવ્ય બદલાયું છે. પૂર્વકાળમાં આત્મિક સુખને પરમધ્યેય તરીકે સ્વીકારાયું હતું અને આર્થિક સુખ એ આ પરમધ્યેયના સહાયક રૂપે લેખાતું. આજે આર્થિક સુખ એજ પરમ ધ્યેય બન્યું છે અને આત્મા વિષેની વિચારણા એ ધર્મશાસ્ત્રના વિષયની બહારની વસ્તુ લેખવામાં આવી છેઃ

૬. આવી પરિસ્થિતિનું કારણ આપણને મનુષ્યના જીવનવ્યવહારના ઇતિહાસમાંથી પ્રાપ્ત થાય છે. પૂર્વકાળમાં આર્યાવર્તમાં મનુષ્યને પોતાના ખાન પાન વસનરૂપ દૈનિક વ્યવહારના સાધનોની એનેક પ્રકારની પ્રચુરતાં હતી. દેશ વિશેષ સમૃદ્ધ હતો અને જીવનના સાધનો માટે આજના જેવા સંગ્રામ કે ચિંતા ન હતાં આવા સંજોગોમાં સ્વાભાવિક રીતે મનુષ્યની માનસિક વૃત્તિ અધ્યાત્મ અને આત્મોન્નતિના માર્ગ તરફ વિશેષ રહેતી, આત્મિક સુખ એની મનુષ્યજીવનનું સર્વોન્નત ધ્યેય બની રહેતું, જીવન સાદું પણ ઉચ્ચ લક્ષી બનતું અને "Plain living and high thinking" એ સ્વભાવ સુલભ થઈ પડતું. આજે સર્વત્ર જીવનનિર્વાહના સાધનોની દુર્લભતા નજરે પડે છે, સમૃદ્ધિ ક્યાંઈ પણ દેખાતી નથી. ખાન, પાન અને વસનાદિક દૈનિક જરૂરીઆતો પણ પુરી પાડી શકાતી નથી અને તેને લીધે એક પ્રકારની માનસિક દરિદ્રતા ઉદ્ભવી છે. પરીણામે દૈનિક જરૂરીઆતો મેળવવી એજ આપણું અંતિમ ધ્યેય બન્યું છે, આર્થિક સુખ એજ પરમ લક્ષ્ય બન્યું છે, એથી આગળ બીજું શું હોઈ શકે એ વિષેનો વિચાર પણ અસંસ્કૃત લેખાય છે અને " જડજીવન"ના સાધનના અભાવે "જીવજીવન"ની ભાવના પણ નષ્ટ

3. " All the numberless writers and works were actuated by the most landable motives.....of securing for the members of the society, ***happiness for this world and the next***"—P. V. Kane's History of Dharmashastra Vol. I, p. 466.

થઈ ગઈ છે. આ પ્રમાણે પૂર્વકાલીન અને અર્વાચીન સંસ્કૃતિમાં જ ફેર પડવાથી બન્નેના અંતિમ ધ્યેયમાં સુખની ભાવના રૂપ સામ્ય હોવાં છતાં એકમાં આત્મિક અને બીજામાં આર્થિક દૃષ્ટિ પ્રધાન હોઈ–એક પ્રકારની વિષમતા ઉદ્ભવી છે અને જે ધાર્મિક ધગસથી પૂર્વકાલીન ધર્મશાસ્ત્રનું પાલન કરવામાં આવતું તે ધગસનો અર્વાચીન ધર્મશાસ્ત્રના પાલનમાં અભાવ રહે છે. પૂર્વકાળમાં આત્મોન્નતિ માટેની પરમ આકાંક્ષા એજ બહુશઃ ધર્મશાસ્ત્રના પાલનમાં હેતુભૂત હતું, આજે શાસકના દંડની ભીતિ એજ મુખ્યત્વે કાયદા અને કાનુનના પાલનનું કારણ બને છે.

૭. આમ ધર્મશાસ્ત્રનું ધ્યેય આજે સંકુચિત બન્યું છે. અને ફક્ત " જડજીવન "ની દૃષ્ટિને આત્મ-સન્મુખ રાખી પ્રગતિ સાધી રહ્યું છે. વિસ્તૃત દૃષ્ટિએ વિચારતાં એ ધ્યેયને આપણે અંતિમ ધ્યેય તરીકે તો નજ સ્વીકારી શકીએ. છતાં અંતિમ ધ્યેયના સાધન રૂપે means to an end તરીકે આજના આર્થિક સુખના ધ્યેયને ગ્રહણ કરીએ તો કોઈ પ્રકારનો વિરોધ ન હોઈ શકે. ઉપર વર્ણવ્યા પ્રમાણે પૂર્વકાલીન ધર્મશાસ્ત્રનું આત્મિક સુખ માટેનું ધ્યેય તે તત્કાલીન આર્થિક સુખના અસ્તિત્વને આભારી હતું એ વિચારતાં, અને આર્થિક સુખ " ઇષ્ટફલ સિદ્ધિ " વિના આત્મિક સુખ વિષે વિચારણા થવી દુર્લભ થઈ પડી છે એ જોતાં, આજના ધર્મશાસ્ત્રનું આર્થિક સુખ માટેનું ધ્યેય પણ હેય નથી, ઉપાદેય છે. છતાં ધ્યેયને વિસ્તારવાની જરૂર છે. એ વાત ખરી કે પહેલે પગથીએ ગયા વગર બીજે ન જઈ શકાય અને તેથી પહેલે પગથીએ જવું જરૂરી છે. પરંતુ પહેલે પગથીએ જ બેસી રહેવું અને બીજાની સંભાવના સરખી પણ ન કરવી એમાં કંઈ કાર્યદક્ષતા ન લેખાય. માટે આજનું ધ્યેય તો આપણે જરૂર ફેરવવું ઘટે અને એમ કરીશું તોજ આપણી સંસ્કૃતિ સંસ્કૃત રહેશે નહિ તો વિકૃત સંસ્કૃતિ રૂપેજ અંતે પરીણમશે.

૮. કેટલાક ધર્મશાસ્ત્રને નૈસર્ગિક નિયમોની સાથે સરખાવે છે પણ વિસ્તૃત દૃષ્ટિએ જોતાં એ બે વચ્ચે કેટલીક વિષમતા છે એ સમજી શકાશે. નૈસર્ગિક નિયમો જુદા જુદા સમયોના વિજ્ઞાનવેત્તા અને ફિલસુફોના તદ્વિષયી ભિન્ન ભિન્ન વિચારો હોવાં છતાં, હંમેશ ત્રિકાલાબાધિતપણે વર્તે છે. સૂર્ય, ચંદ્ર, અન્ય ગ્રહો અને તારાગણો વરાહમિહિર અને ભદ્રબાહુના સમયમાં જે નિયમાનુસાર આકાશમાં પ્રગતિ કરી રહ્યા હતા તે તેજ નિયમાનુસાર આજે પણ વિહાર કરી રહ્યા છે અને તે દરમ્યાન મનુષ્યની માન્યતાએ તે વિષે અનેકવિધ રૂપ ગ્રહણ કરેલું વિદીત છે, છતાં એ માન્યતાઓ નૈસર્ગિક નિયમોને લેશ માત્ર પણ અસર, કે તેમાં ફેરફાર કરવા શક્તિમાન થઈ શકી નથી અને જે વસ્તુ સ્વરૂપે એ વિદ્યમાન હતી તેજ વસ્તુ સ્વરૂપે ત્રણે કાળમાં રહી શકી છે. જ્યારે, દરેક રાષ્ટ્રનું ધર્મશાસ્ત્ર તો તે તે કાલની વ્યક્તિ અને સમાજના મન્તવ્યરૂપ હોઈ હંમેશ પરિવર્તનશીલ છે. અને તે તે કાલના મનુષ્યના વાણી, વિચાર, અને વર્તનના પ્રતીક રૂપે ઉપસ્થિત થાય છે. જે વ્યક્તિ અથવા સમાજ એ વિચાર, વાણી અને વર્તન ઉપર અસર કરી શકે છે તે તે કાલના ધર્મશાસ્ત્રમાં પણ પરિવર્તન કરી શકે છે અને તે દ્વારા તે કાળની સંસ્કૃતિના ઘડતરમાં અમુલ્ય ફાળો અર્પણ કરી શકે છે.[૪]

૯. ધર્મશાસ્ત્રના આ પરિવર્તન શીલપણામાં જ એની મહત્તા છે. અને એથી જ મનુષ્યને નૈસર્ગિક નિયમો કરતાં પણ વિશેષ ઉપયોગી થઈ પડે છે. આમ ધર્મશાસ્ત્રને મનુષ્ય પોતાના ધ્યેયના સાધનરૂપ બનાવી શકે છે અને જેમ ધ્યેય વિશેષ અને વિશેષ સાધ્ય બને એમ એમાં ફેરફાર કરી શકે છે. આમાં જ એની ઉપયોગિતા રહેલી છે. અનેક પ્રકારના ભૂતકાલીન અનુભવો અને પ્રયોગોનો વિચાર કરી દેશ અને કાળને લક્ષ્યમાં રાખી, એમાં અંતિમ આત્મિક સુખ રૂપી ધ્યેયને અનુકુળ ફેરફાર થાય તો

૪ અત્રે મહાત્મા ગાંધીજી અને તેમની મદ્યનિષેધપ્રવૃત્તિ તરફ ખાસ લક્ષ્ય ખેચવામાં આવે છે.

અવશ્ય આજ ધર્મશાસ્ત્ર જે આજે ફક્ત આપણી આર્થિક ઉન્નતિ માટે પ્રયાસ સેવી રહ્યું છે તેનાથી આગળ વધી આપણા આત્મિક સુખને અનુકૂળ સંજોગો ઉત્પન્ન કરી શકે ખરું.

૧૦. અને ખરેખર ધર્મશાસ્ત્રની ઉપયોગિતા અને શક્તિ પણ અદ્‌ભુત છે. મહાન્ નેપોલીઅન હંમેશા કહેતો કે "વિશ્વમાં મ્હારી નામના મેં લડેલા યુદ્ધોથી નહિ પરંતુ ફ્રાન્સને મેં આપેલા ધર્મશાસ્ત્રથી જ રહેશે."[૫] આજે પણ આર્યોની સંસ્કૃતિના મૂળ આર્યોના ધર્મશાસ્ત્રથી જ ટકી રહ્યા છે: અને જેટલે અંશે એ આજે પણ વ્યક્તિ અને સમષ્ટિના સુખને માટે અસ્તિત્વ ધરાવે છે, તેટલે અંશે તેની ઉપયોગિતા આપણે સ્વીકારીએ છીએ.

૧૧. વ્યક્તિજીવન અને સમષ્ટિજીવન એટલાં ઓતપ્રોત થયેલાં હોય છે કે દરેક વ્યક્તિને વ્યક્તિરૂપે અને સમષ્ટિના અંગરૂપે એમ બન્ને પ્રકારે જીવન જીવવાનું હોય છે. તેમાં અનેક પ્રસંગો એવા આવે છે કે જેમાં વ્યક્તિસુખ અને સમષ્ટિના સુખનો પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય છે. આ પ્રકારનો વિરોધ ઉપસ્થિત ન થાય અથવા તો બની શકે એટલો ઓછો થાય એવા નિયમોનું સર્જન એ ધર્મશાસ્ત્રનું એક મુખ્ય કર્તવ્ય છે અને એમાં પણ એની ઉપયોગિતા સમાયલી છે.

૧૨. આ પ્રમાણે આત્મિક સુખને ધર્મશાસ્ત્રના અને તેથી જ સંસ્કૃતિના પરમ ધ્યેય તરીકે સ્વીકારી, તાત્વિક દૃષ્ટિએ આપણે કહી શકીએ કે.

> " સમાજવ્યવસ્થા વગર સંસ્કૃતિ નથી;
> ધર્મશાસ્ત્ર વગર સમાજવ્યવસ્થા નથી. "[૬]

કારણ કે, ધર્મશાસ્ત્રના અભાવે જ અંધાધુંધી અને અરાજકતાનું વાતાવરણ જન્મે છે, સુવ્યવસ્થિત સંસ્કૃતિ નાશ પામે છે, દુઃખ અને ગભરાટનું અસ્તિત્વ નજરે પડે છે અને એમાંથી એક પ્રકારની વિકૃત સંસ્કૃતિ પરીણમે છે.

માટેજ, ધર્મ શાસ્ત્ર એ સંસ્કૃતિના પરમ ધ્યેયનું મૂળ હોઈ, સમાજની દરેક વ્યક્તિને આશરો આપતું, સુરાજ્યની સુરાજકતાના કીર્તિસ્તંભ રૂપે છે. અને જે સમાજ આ સૂત્રનું સત્ય, સહૃદય સ્વીકારે છે તે સમાજ જગત્‌ની સંસ્કૃતિમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરે છે.

૫. " I shall go down to posterity not by the battles I have fought, but by the codes I have given to France."

૬. " There can be no civilization without order;
There can be no order without law."

અનેકાન્તવાદનું સ્વરૂપ

લેખક : રસિકલાલ છોટાલાલ પરીખ

અધ્યક્ષ : ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ : ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

(૧)

જૈન દર્શનનું અપરનામ જૈન આચાર્યો અનેકાન્ત દર્શન કહે છે; આ અપર નામ શાસ્ત્રીય વ્યવસ્થામાંથી નિષ્પન્ન થયું હોય એમ લાગે છે. શ્રમણ ભગવાન મહાવીરે જે અનેક પદાર્થોનો ઉપદેશ કર્યો તેનું અંતિમ તાત્પર્ય મોક્ષમાં છે એ ગૃહીત કરીને જ આગળ ચાલીએ–વર્તમાન યુગની વ્યવહારવ્યગ્રતા આપણને આ ધ્યેયને સંતાડવા ગમે તેટલું લલચાવો છતાં ઉમાસ્વાતિનું સૂત્ર सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः સ્મરી એ ગૃહીત કરવું જ જોઇએ–તો પ્રશ્ન એમ થાય કે આ 'સિયા' કે 'સ્યાત્' નો પદાર્થ એટલું બધું મહત્ત્વ શાથી પામ્યો કે તે લગભગ જૈન દર્શનનું અપર નામ થઈ ગયો ? આ પ્રશ્નનો ઐતિહાસિક અને તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરવા જેવો છે.

જૈન દર્શનને આપણે જો બીજાં ભારતીય દર્શનોથી અલગ રાખીને આ પ્રશ્નનો વિચાર કરીશું તો ખુલાસો મળવો અશકય છે એમ મને લાગે છે, કારણ કે તાત્ત્વિક દૃષ્ટિએ આવું 'અલગપણું' અસંભવિત છે. અને ઇતિહાસ આપણને પુરાવો આપે છે કે જૈન દર્શન એમ અલગ રહ્યું નથી; રહ્યું હોત તો એની દર્શનસમૃદ્ધિ કંગાલ દેખાત–કદાપિ અનેકાન્ત નામ ધારણ કરવાનું પણ ન બનત !

આગમોથી પ્રારંભ કરી દિગમ્બર અને શ્વેતામ્બર આચાર્યોની-યશોવિજયજી સુધીનાની-કૃતિઓમાંથી 'અનેકાન્ત'નો વિષય તારવી તેને ઇતિહાસનો ક્રમ આપી તાત્ત્વિક સંગતિથી તપાસવામાં આવે તો જણાશે કે તેમાં જે નવા પદાર્થો અને નવો પરિષ્કાર આવતો દેખાય છે તે ઇતર દર્શનો જે જે પદાર્થો અને પદ્ધતિઓ ઉત્પન્ન કરતાં હતાં તેના ઊહાપોહમાંથી નિષ્પન્ન થતા માલૂમ પડશે; અને એ જ રીતે પ્રત્યેક દર્શનનો અભ્યાસ કરવામાં આવે તો તેમાં જૈન અને બીજાં દર્શનોનું દ્યાણ દેખાશે.

(૨)

પ્રથમ વિચારે 'આમ પણ હોય અને આમ પણ હોય' એવા મતમાં વિચારની કાયરતા દેખાય છે. સંશયથી પ્રેરાતો વિચાર નિર્ણય માગે છે તેને આવો જવાબ આપવો એમાં વિચારની વ્યર્થતા છે, કારણ કે પોતે સંશયમાં જ રહે છે. એટલે 'સ્યાદ્વાદ' એ કશું નિશ્ચિત જ્ઞાન આપતો નથી, સંશયને જ રૂપાન્તર આપ્યા કરે છે એવો પ્રથમ આક્ષેપ આ મત ઉપર આવે અને બીજાં દર્શનોએ આ રીતે ખણ્ડન કરવા પ્રયત્ન કર્યો છે એ દાર્શનિકો જાણે છે. આના જવાબમાં પ્રથમ તો એમ કહેવું જ પડે કે આ મત સંશયકોટિનો નથી પણ નિશ્ચયકોટિનો છે; આમાં સત્યનો અસત્ય સાથે સમાધાન કરવાનો ઉદ્દેશ નથી. પણ સત્યની આકાંક્ષા જ આમ કહેવાની ફરજ પાડે છે. આ વિધાનનું સમર્થન કરવા પોતાના યુગકાળમાં ચાલ્યા આવતા સત્યનો દાવો કરતા મતોની સમાલોચના કરવાની પ્રાપ્ત થાય છે. આ સમાલોચનામાંથી બે પરિણામ આવે છે:–(૧) દર્શનો એક બીજાનું જે 'યુક્તિ'ઓથી ખણ્ડન કરે છે તે ખણ્ડનાત્મક યુક્તિઓ ઉપર જ ધ્યાન આપવામાં આવે તો બધાં દર્શનો ખોટાં છે–કોઈ દર્શનને સત્ય મળ્યું નથી એવો અભિપ્રાય થાય છે; (૨) અથવા દર્શનો પોતે કઈ ઉપપત્તિઓથી પોતાનાં મત ઘટાવે છે તે મણ્ડનાત્મક ઉપપત્તિઓ ઉપર ધ્યાન આપવામાં આવે તો દરેક મત ક્યાંસુધી સાચો

છે તેનું ભાન થાય છે, અને કયાંથી આગળ જતાં ખણ્ડન યુક્તિને પાત્ર બને છે તે વિષે વિચાર કરવામાં આવે તો સત્યશોધક મતની મર્યાદા સમજાય છે; અને એ મર્યાદાનું ભાન એમ ફલિત કરાવે છે કે તેનાથી આગળ જવામાં સત્યનું ખણ્ડન થાય છે. એટલે મનુષ્યની બુદ્ધિને ગોચર એવું સત્ય કોઈ એકાન્તમાંથી મળતું નથી એવો અભિપ્રાય થાય છે; અને સત્ય મળતું જ નથી એવો તત્ત્વોપપ્લવકારનો મત ગ્રાહ્ય થતો ન હોય તો મનુષ્યની બુદ્ધિને સત્યનું ભાન એકાન્તવિચારપદ્ધતિથી નહિ થાય, પણ અનેક 'અન્તો'થી વિચાર કરવાથી થશે એમ સ્વીકારવું પ્રાપ્ત થાય છે.

આના ઉપર એમ આક્ષેપ પણ આવે કે આમ અનેક મતોનો સરવાળો કરવાથી શું સત્ય સમજાશે ? અને શું અનેકાન્ત મત કેવળ જુદા જુદા મતોનો સરવાળો છે ? આના જવાબમાં એમ કહી શકાય કે પ્રથમ તો દરેક મત જે રજૂ થાય છે તે શક્ય તેટલી ઉપપત્તિથી રજૂ થયો હોય ત્યારે જ આદર યોગ્ય થાય છે. એટલે કે પોતાના 'અન્ત' પૂરતી તેની રજૂઆત પ્રમાણોપપન્ન હોવી જોઈએ; અને બીજું એમ કહી શકાય કે જે મતો પરસ્પર વિરુદ્ધ દેખાય છે તેમનો વિરોધપરિહાર શક્ય છે; કારણ કે વિરોધમાં જે 'સહ-અનવસ્થાન' માની લેવામાં આવે છે તે વધારે ઊંડું દર્શન થતાં દૂર થાય છે; અને સત્‌નું સ્વરૂપ જ 'અનેકાન્તાત્મક' માનવું પ્રાપ્ત થાય છે. 'સત્'નું જે નિશ્ચયરૂપે દર્શન થાય છે અને જે 'અવક્તવ્ય' રહે છે તે બુદ્ધિ અને વાણીના વ્યવહારમાં અનેકાન્તરૂપે સ્વીકારવાથી જ તત્ત્વજિજ્ઞાસાનો વિવિધ રીતે પરિણામ પામતો પરિપાક ઘટે છે. અર્થાત્ વિવિધ વિચારકોની સત્યશોધક બુદ્ધિએ નિષ્પન્ન કરેલા પદાર્થોનું તે તે 'અન્ત' સુધીનું સત્ય જે સ્વીકારવાની બુદ્ધિને ફરજ પડતી હોય અને તેનો ત્યાગ કરવામાં બુદ્ધિના પોતાના સ્વરૂપનો આઘાત થતો હોય તો બુદ્ધિને 'અનેકાન્તાત્મક સત્' સુધી પહોંચવાની ફરજ પડે છે. અને એક વાર એવો સ્વીકાર થઈ જાય એટલે તે સ્વીકારને સંગત રહીને જ બુદ્ધિનો 'પ્રામાણિક વ્યવહાર' ચાલે છે; અને એ વ્યવહાર તદનુકૂલ 'વર્તન વ્યવહાર' પણ ઘડી આપે છે. આ રીતે પરસ્પરાશ્રયના દોષનો પરિહાર કરી એમ કહેવાય કે અનેકાન્ત મત સત્યના અનેકાન્તાત્મક સ્વરૂપ ઉપર અવલંબતો સિદ્ધ થાય છે. આ ઉપરથી એમ ફલિત થાય કે અનેકાન્ત મત એ મતોનો સરવાળો નથી પણ અનુભવોની પ્રતીત થતી વિવિધ પ્રામાણિકતામાં અન્તર્ગત અનેકાન્તાત્મકરૂપ સત્‌નેપ્રકટ કરી તેની સાથે સંગતિ શોધતો વાદ છે.

અનેકાન્તવાદનું આ તાત્ત્વિક સ્વરૂપ દર્શનોની શાસ્ત્રીય ચર્ચામાં જૈન દર્શનના પ્રત્યાઘાતમાંથી ક્રમે ક્રમે વ્યક્ત થતું દેખાશે. આનો સળંગ ઇતિહાસ શોધવામાં આવે તો ભારતીય દર્શનોમાં તત્ત્વ-જિજ્ઞાસા કેવી રીતે પ્રવર્તમાન થાય છે તેના ઉપર ઘણો પ્રકાશ પડે; અને આ દૃષ્ટિએ પશ્ચિમની ફિલ્સુફીના પોતાના ઇતિહાસને જોવામાં આવે તો તેમાં ઘણી સમાન વીથિઓ વ્યક્ત થશે;* અને નવા ભારતીય દર્શનમાં અનેકાન્તવાદ કેવા રૂપમાં વ્યક્ત થાય તેની પ્રેરણા મળે. અનેકાન્તવાદનું રહસ્ય કોઈ પણ પ્રતીત થતા સત્યને નહિ ફેંકી દેવામાં છે, અને તેનો પ્રયત્ન આ વિવિધ સત્યોની સંગતિ 'અનેકાન્તાત્મક 'સત્'માં સમજવામાં હોય છે.

(૩)

દર્શનોની શાસ્ત્રીયતા જેમ જેમ નવા પદાર્થો જાણતી જાય છે તેમ તેમ અનેકાન્તમાં તે તે પદાર્થોની સંગતિ શોધવાનો પ્રયત્ન વારંવાર થતો દેખાય છે. આનાં અનેક ઉદાહરણોમાંથી એક લઈએ. ઉપનિષદોના યુગમાં અને તે પછી જગતના મૂળ તત્ત્વ વિષે બહુ પ્રબળ મનોમંથન ચાલતું; અને એમાંથી વિવિધ મતો ઉત્પન્ન થતા. આમાંથી ગણનાયોગ્ય પદાર્થો એક કારિકામાં ગ્રથિત થઈ ગયા. શ્વેતાશ્વતર ઉપનિષદમાં પૂર્વપક્ષ તરીકે આ કારિકા આવે છે:

* જુઓ આગળ: બ્રેહ્યેનું મન્તવ્ય.

कालः स्वभावो नियतिर्यदृच्छा भूतानि योनिः पुरुष इति चिन्त्यम्। संयोग एषां न त्वात्मभावादात्माऽप्यनीशः सुखदुःखहेतोः ॥

કાલ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા, ભૂત, પુરુષ આમાંથી કયું એક મૂળ કારણ? આમાંનું પ્રત્યેક કે સમુદાયે કારણ ઘટતું નથી એવો અભિપ્રાય છે. આને વિષે શંકરાનંદ કહે છે કે अत्र षट् पक्षाः पूर्वपूर्वस्य दौर्बल्यात् प्रादुर्भवन्ति। અર્થાત્ પછીનો પક્ષ પૂર્વ કરતા વધારે સબળ છે, જેમ કે કાલ કરતાં સ્વભાવ, સ્વભાવ કરતાં નિયતિ ઇત્યાદિ. આ કેવી રીતે છે તે શંકરાનન્દ પોતાની ટીકામાં સમઝાવે છે. આમાં ઉદ્દેશ એકના ખણ્ડન ઉપર બીજાના મણ્ડનનો છે.*

પ્રાકૃત રૂપાન્તરે આવા મતલબની ગાથા સન્મતિતર્કમાં આવે છે.

कालो सहावणियई पुव्वकयं पुरिस कारणे गंता। मिच्छत्तं ते चेवा(व) समासओ होंति सम्मत्तं ॥ † ૫૩

આ ગાથામાં ' यदृच्छा ' ને સ્થાને ' पूर्वकृत ' છે, અને ' भूतानि ' છોડી દીધું છે. તેનું તાત્પર્ય એ છે કે આ બધાં કારણો એકાન્તરૂપે સમજવાં એ મિથ્યાત્વ છે, અને તેમને જ ' समासओ ' ' समासतः ' " परस्पर सापेक्षपणे" સમજવાં એ સમ્યક્ત્વ છે.

આ કારિકા અને ગાથાનો ઐતિહાસિક સંબંધ વિચારતાં એમ લાગે છે કે ભારતીય સંસ્કૃતિમાં જે અનેક સર્વ સાધારણ ઉક્તિઓ રૂઢ થઈ છે તેવી આ એક ઉક્તિ છે. ઉપર કહ્યું તેમ જગતના મૂળ કારણ તરીકે પ્રચલિત વિચારણીય મતો કયા છે તેનો આમાં સંગ્રહ છે. આ મતો પ્રચલિત થયા એટલે જૈન દર્શનને પોતાની અનેકાન્ત દૃષ્ટિથી એની સમાલોચના કરવાનું પ્રાપ્ત થાય; એ પ્રત્યેકનું બીજાથી ખણ્ડન કરવા પ્રવૃત્ત નહિ થાય; ફક્ત તેના ઐકાન્તિક આગ્રહમાં તેને મિથ્યાત્વ દેખાય; પણ તે બધાને ' समासतः ' ' એકઠા રાખીને ' " परस्पर सापेक्षपणे " સમઝવામાં સમ્યક્ત્વ–સાચી સમજ–માને.

આ જ પ્રમાણે સાંખ્ય–યોગ, ન્યાય–વૈશેષિક, મીમાંસા, વેદાન્ત અને બૌદ્ધ દર્શન પ્રમાણ અને યુક્તિ બલથી જે જે મતો રજૂ કરે છે તેને જૈન દર્શન પોતાના વિવિધ નયોમાં ઘટાવે છે; આનાં પણ અનેક ઉદાહરણો છે પણ તેમાંથી " न्यायवतार " ઉપરની સિદ્ધર્ષિકૃત વિવૃતિનું અવતરણ લઇએ :

तदेवमनेकधर्मपरीतार्थग्राहिका बुद्धिः प्रमाणम्। तद्द्वारायातः पुनरेकधर्मनिष्ठार्थसमर्थनप्रवणः परामर्शः शेषधर्मस्वीकारतिरस्कारपरीहारद्वारेण वर्तमानो नयः। स च धर्माणामानन्त्यादनन्तभेदस्तथापि सर्वसङ्ग्राहकाभिप्रायपरिकल्पनमुखेनैव सप्तभेदो दर्शितः। अयमेव च स्वाभिप्रेतधर्मावधारणात्मकतया शेषधर्मतिरस्कारद्वारेण प्रवर्तमानः परामर्शो दुर्नयसंज्ञामश्नुते। तद्बलप्रभावितसत्ताका हि खल्वेते परप्रवादाः। तथा हि नैगमनयदर्शनानुसारिणौ नैयायिकवैशेषिकौ। सङ्ग्रहाभिप्रायप्रवृत्ताः सर्वेऽप्यद्वैतवादाः, सांख्यदर्शनं च। व्यवहारनयानुपाति प्रायश्चार्वाकदर्शनम्। ऋजुसूत्राकूतप्रवृत्तबुद्धयस्ताथागताः। शब्दादिनयमतावलम्बिनो वैयाकरणादय इति।

[पृ. १२८. न्यायावतार हे. ग्रन्थावली.]

આ અવતરણમાં અનેકાન્તનું સ્વરૂપ વિશદ રૂપે રજૂ થાય છે. અનેક ધર્મોથી ' परीत ' ઓતપ્રોત અથવા શબ્દલ એવા અર્થનું ગ્રહણ કરનારી બુદ્ધિ તે પ્રમાણ. તે દ્વારા આવેલો પરામર્શ–પણ એક ધર્મનિષ્ઠ એવા અર્થનું સમર્થન કરવામાં રોકાયેલો એવો પરામર્શ–તે નય; પણ તે નય ત્યારે જ કે જ્યારે બાકીના ધર્મોના સ્વીકારતિરસ્કારની વાત છોડી દઈ પ્રવર્તે; પણ આ જ જ્યારે બાકીના ધર્મોના તિરસ્કાર દ્વારા પ્રવર્તે ત્યારે દુર્નય.

* શ્વે. ઉ. દીપિકા પૃ. ૨ આ. સં. ગ્ર. † का. ३. ८. ७१०. गू. पु. म. ग्रं.

ધર્મો અનન્ત છે એટલે નય પણ અનન્ત પ્રકારનો થાય. પણ બધાનો સંગ્રહ કરે એવા અભિપ્રાયે સાત પ્રકારનો કહ્યો છે. પર પ્રવાદો અર્થાત્ જૈનેતર મતો એકાન્ત આગ્રહી છે એમ માની લઈ-તુલનાત્મક અભ્યાસ એમ બતાવે છે કે આ ઐતિહાસિક હકીકત નથી *-એવા એકાન્ત આગ્રહી મતને તે તે નયમાં ઘટાવવા પ્રયત્ન કરે છે. જેમકે નૈગમમાં ન્યાય વૈશેષિક, સંગ્રહમાં સર્વ અદ્વૈતવાદો અને સાંખ્યદર્શન (કારણ કે તે બધા સત્કાર્યવાદી છે), વ્યવહાર નયમાં મોટે ભાગે ચાર્વાક દર્શન (આ બહુ વેધક દૃષ્ટિ છે), ઋજુસૂત્રમાં બૌદ્ધ મતો અને શબ્દાદિ નયમાં વૈયાકરણાદિ.

જેમ સિદ્ધસેન દિવાકરે સન્મતિની ગાથામાં જુદા જુદા મતોને તેના એકાન્ત આગ્રહને કારણે મિથ્યા કહ્યા અને સમસ્તપણે સાચા કહ્યા એવો જ પ્રયત્ન સિદ્ધર્ષિનો પોતાને જાણીતાં દર્શનોને ઘટાવવાનો છે. ઉપર કહ્યું તેમ આ એક ઉદાહરણ છે. પણ અનેકાન્ત દર્શનના ક્રમિક આવિષ્કારમાં તત્ત્વજિજ્ઞાસાનો જે પ્રયત્ન વ્યક્ત થતો દેખાશે તે-જિજ્ઞાસા જે વિવિધ ધર્મોનું પ્રતિપાદન કરે છે તેમાંનો કોઇનો પણ ત્યાગ કર્યા વિના તેમની સંગતિ શોધવામાં છે. અનેકાન્તાત્મક વસ્તુ તેના પૂર્ણ રૂપે તો સર્વજ્ઞનો વિષય છે-તેમને ગોચર છે. સિદ્ધસેન દિવાકર ન્યાયાવતારમાં કહે છે તેમ-**अनेकान्तात्मकं वस्तु गोचरः सर्वसंविदाम्।**- અર્થાત્ સર્વજ્ઞ નથી એવા માણસની તત્ત્વજિજ્ઞાસાનો પ્રયત્ન જેમ જેમ નવા ધર્મોનું પ્રતિપાદન થતું જાય તેમ તેમ તેમને અનેકાન્તની દૃષ્ટિએ સમન્વય કરવાનો દેખાય છે; જૈન આચાર્યોને આ અનેકાન્ત દૃષ્ટિ ઉપર સવિશેષ ભાર મૂકવો ગમ્યો એટલે તેમણે શાસ્ત્રીય યુગમાં જૈનદર્શનનું અપર નામ 'અનેકાન્ત દર્શન' રાખ્યું. આચાર્ય હેમચન્દ્ર તેમના વ્યાકરણમાં 'सिद्धिः स्याद्वादात्' એ સૂત્ર ઉપર સ્વોપજ્ઞ વૃત્તિમાં જે એમ કહે છે કે **स्यादित्यव्ययमनेकान्तद्योतकम्। ततः स्याद्वादोऽनेकान्तवादः नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत्।.....सर्वपार्षदत्वाच्च शब्दानुशासनस्य सकलदर्शनसमूहात्मकस्याद्वादसमाश्रयणमतिरमणीयम्**— (પૃ. ૧-૨)—તેમાં પણ આ દૃષ્ટિ હોય એમ લાગે છે.

(૪)

અનેકાન્ત વાદ ઉપરથી સાંપ્રદાયિક એકાન્તતાનો આગ્રહ ઉઠાવી લઈ તેને તત્ત્વજિજ્ઞાસાના એક પ્રયત્ન તરીકે જોવામાં આવે તો એક રીતે તે સમસ્ત ભારતીય સંસ્કૃતિના પ્રતીકરૂપે સમજાય છે. ઉપર કહ્યું તેમ ભારતવર્ષમાં દર્શનોનો વિકાસ 'પરસ્પર દૃષ્ટાણ'ને લઇને થયેલો છે. સમપ્રદેશ, સમયુગ અને સમપ્રજ્ઞામાં ફેલાતાં 'વિચાર સંતાન' કેમ અલગ રહી શકે? ભેદની દૃષ્ટિએ જોઇએ ત્યારે જ આ બધા જુદા દેખાય છે. પણ કોઈ પણ પ્રતીત થતા સત્યને ન છોડી દેવાની દૃષ્ટિથી સમસ્ત ભારતવર્ષના બૌદ્ધિક વારસાનો વિચાર કરવામાં આવે તો એક જ 'અનેકાન્ત સંસ્કૃતિ' ઉત્તરોત્તર ઘડાતી દેખાય છે; જેનું સ્પષ્ટ ભાન કરવું એ વર્તમાન 'યુગધર્મ' તરીકે સમજાય છે. આ 'અનેકાન્ત સંસ્કૃતિ' સત્યપ્રતીતિમાં ભૌગોલિક મર્યાદાઓ ન જ સ્વીકારે એટલે પશ્ચિમાદિ દેશોમાં વૈજ્ઞાનિક અને તાત્ત્વિક બુદ્ધિએ જે અનેક 'ધર્મો'નું પ્રતિપાદન કર્યું હોય અને જેમની સત્યપ્રતીતિ થતી હોય તેમની સંગતિ કરે તો જ 'અનેકાન્તાત્મક વસ્તુ'નું ભાન ઉત્તરોત્તર સમૃદ્ધ થતું જાય! †

આ અનેકાન્ત દર્શન ભૌગોલિક મર્યાદા નહિ સ્વીકારે, પણ તે જે પ્રયોજનથી પ્રેરિત થયું છે તેની મર્યાદા તો સ્વીકારશે; અને તે પ્રયોજન તે આત્મદર્શન. શ્રીમદ્‌રાજચંદ્રના શબ્દમાં :

---

* જુઓ દર્શન ઔર અનેકાન્તવાદ, લેખકઃ પં. હંસરાજજી. શર્મા, આત્માનન્દ જૈન પુસ્તકપ્રચારક મંડલ, આગરા.

† અંગ્રેજી ફિલ્સુફીમાં અદ્વૈત Absolute નો સ્થાપક Bradley પણ સમાન વિચારસરણી કેવી રીતે સ્વીકારે છે તે વિચારવા જેવું છે:

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષડ્દર્શન પણ તેહ
સમજાવા પરમાર્થને કહ્યાં જ્ઞાનિયે એહ
અને તે પદની સર્વાંગતા મોક્ષમાર્ગ નિર્ધાર.

અને આત્માર્થી અને જિજ્ઞાસુનું લક્ષણ પણ તેમના શબ્દમાં :

કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ
ભવે ખેદ અંતર દયા ત્યાં આત્માર્થ નિવાસ
તે કહિયે જિજ્ઞાસ.

જે અનેકાન્તવાદ આ પ્રયોજનથી પ્રેરિત ન હોય અને તેમાં કૃતાર્થ ન થાય તો જૈન દર્શન એવા અનેકાન્તવાદને નહિ સંધરે; એને મિથ્યા જ કહેશે.

A truth so true that it has no other side, and an error so false that it contains no truth, I have condemned as idols. They are to me no better than the truths which are never at all born in time, or again the truths whose life does not pass beyond that which is made and unmade by chance and change. And, just as there is no utter error, so again in the end there can be no mere ideas. Every idea, no matter, how imaginary, qualifies by its content the Universe, and thus is real; and ideas float never absolutely but always in relation to some limited ground. But these many spheres, owned all by the reality, are one and all in the end abstractions, differing in concreteness and worth, but in no case self-existent. My so-called 'real world' of solid fact like the airy realm and imagination, is but a single subordinate appearance of the Universe. The independent standing, whether of a physical nature or of a past which pre-exists for history, once again is not ultimate. These facts are ideal constructions most legitimate and necessary, and yet their separate life begins and ends with a selection and sundering made in the undivided whole.

On the one side the creations of the intellect everywhere are real. The substantiated terms and relations, into which analysis breaks up the continuity of the given, are no mere errors or simple instruments. They cannot fall somewhere outside or fail positively to qualify the Universe. And the idea that by discarding these figmements of the understanding we are to gain reality, is a mistake now long since refuted; for it is only through such distinction and discretion that it is possible to reach knowledge progressively more living and individual. On the other side these constructions, however, inclusive, are not independent truths. They are real only so far as subordinate and as relative to individual totality. And even in life it is only when I forget higher experience that I can anywhere accept for all purposes as final the partial and abstracted products whether of a science or of a presumptuous 'common sense.'

On the one hand it is the entire Reality alone which matters. On the other hand every single thing, so far as it matters is so far real, real in its own place and degree, and according as more or less it contains and carries out the in-dwelling character of the concrete whole. But there is nothing anywhere in the world which, taken barely in its own right and unconditionally, has importance and is real. And one main work of philosophy is to show that, where there is isolation and abstraction, there is everywhere, so far as this abstraction forgets itself, unreality and error.

pp. 472-73, Essays on *Truth and Reality*—by F. H. BRADLEY.

આપણે શું ગુમાવ્યું છે?

લેખક: **રવિશંકર મહાશંકર રાવળ**

આ સવાલનો જવાબ પ્રત્યેક ભારતવાસી જુદી જુદી મતિથી આપશે. કોઈ કહેશે આપણે રાજકીય સ્વાધીનતા ગુમાવી છે, કોઈ કહેશે આપણે આર્થિક સ્વાતંત્ર્ય ગુમાવ્યું છે, કોઈ કહેશે આપણે પરદેશના સંબંધો ગુમાવ્યા છે. પરંતુ ભાગ્યે જ કોઈ કબૂલ કરશે કે આપણે ભારતીય તત્વો જ સમૂળગાં ગુમાવ્યાં છે. છતાં એ વાત ખરી છે કે, આપણે જીવનના પ્રત્યેક અંગમાં, પ્રત્યેક સ્વરૂપમાં પારકી દોરવણી અને પારકા અભિપ્રાયોની છાયામાં જ જીવી રહ્યા છીએ અને એ સ્થિતિનો ઈન્કાર કરવાની લેશપણ વૃત્તિ ગુમાવી બેઠા છીએ.

રાજકીય સ્વાધીનતા તો દૂર રહી, પણ આપણાં પોતાનાં બાળકોને, ખિસ્સાનાં ખર્ચો આપતાંય ભારતની સંસ્કૃતિનું દર્શન કરાવી શકીએ તેમ નથી. એમનાં પુસ્તકો, એમની નિશાળો, એમના મેળાવડા, રમતો અને છેવટ આનંદોની યોજના અને ઉપક્રમ એવાં જ છે કે, તેને ઉત્તમ સંગીત, સ્થાપત્ય કે પ્રાચીન સાહિત્યનો પરિચય કરવાની તક યા તાલીમ ન જ મળી શકે; કારણ કે મૂંગે મોઢે આ સ્થિતિ નભાવી લેનારા વિદ્વાનો, અધ્યાપકો અને માતાપિતાઓથી વસતિપત્રક ભરપૂર બની ગયું છે. યુનિવર્સિટીની સંસ્કાર આપવાની, અને જ્ઞાન પ્રસારવાની ગમે તેટલી ઊંડી ધગશ અને પ્રયત્નો હશે, છતાં એકલાં પુસ્તકો પાછળ જ મચ્યા રહેવાથી આપણે મનુષ્યકૃત સંસ્કાર, પ્રેરક દશ્ય, કળાઓ દ્વારા મળતો પ્રકાશ અને આનંદ ગુમાવી બેઠા છીએ.

કેળવણીનો વ્યાપક અર્થ સંસ્કાર અને સૌંદર્યબુદ્ધિની જાગૃતિ, એમ જેઓ સ્વીકારી શકે તેઓ શિલ્પ, ચિત્રકળા, મહાલયો અને કુશળ હાથે રચાએલી વિવિધ સૂચન કરતી ચિત્રભાતો કે ચિન્હોને અવગણવા અસમર્થ બનશે. માનવજાતિની મહાપ્રેરણાદાયી કૃતિઓમાંથી અરધોઅરધ તો રૂપ, રંગ કે રેખાઓનાં મંડળોમાં, આકૃતિઓના મહાભંડારમાં કવિતા સમી લહેરાતી પડી છે તેનો અભ્યાસ, આદર કે ચિંતન આપણી તરુણ પ્રજાના જીવનમાંથી સમૂળગાં દૂર રાખી, વર્ષો સુધી વાંચેલા જ્ઞાનની ગોખણપટ્ટી ઉપર જ સંસ્કારછાપ આપનાર સમાજે શું કશું યે ગુમાવ્યું નથી?

બારમા સૈકામાં પંડિતવર્ય હેમચંદ્રાચાર્યે પાટણના રાજાધિરાજ પાસે રહી મહાન રૂપસુંદર મહાલયો, ઉપાશ્રયો અને મંદિરો કરાવ્યાં હતાં. આજે કયા વિદ્વાને, પ્રિન્સિપાલે કે પ્રધાને પોતાના દેશમાં અમર બને એવું નિર્માણ કરાવ્યું? મહાલયના દર્શનમાં ભાવનાઓનું દર્શન વ્યક્ત થાય છે. આપણી આજની કઈ કૉલેજનું મહાલય એકાદ ભાવસ્વરૂપનું માન લઈ જાય એમ છે?

ગુજરાતને શ્રીમંતો અને શ્રીમંતાઈની કદી ખોટ નથી પડી, પણ પાટણના મંત્રીશ્વરોએ આબુ દેલવાડામાં જે સંસ્કારસમૃદ્ધિના નમૂનાનો વારસો આપ્યો છે, તેવું આજની શ્રીમંતાઈ નહિ કરી શકે તો, કાળની ધૂળ તો જગતના સમ્રાટોને પણ છાવરી દઈ શકે છે. શ્રીમંતાઈ કેમ અમર થાય એ શીખવાડનાર સાધુઓ કે અધ્યાપકો આજે નથી એટલે આજની શ્રીમંતાઈ કેવળ ભાડુતી ઠાઠ અને નકલી સાજ ઉપર જીવનના ભોગ ભોગવામાં જ લીન બની છે.

એ સાજ અને ભોગમાં નથી પોતાની ઊર્મિ કે નથી પસંદગી, નથી પરીક્ષક આંખ કે નથી ભોગવવાની કળા. યુરોપની સ્ટીમરો લાંગરે, અને જે કૈં નવું તૂત લેતી આવે તેને આ શ્રીમંતાઈ આવકારે એ જ તેનું ગૌરવ.

હિંદુસ્તાનના માનવીઓને આંગળે આંગળે સર્જના હતી, કામ કરી બતાવવાની શક્તિ હતી. મુગલ સમયનાં ભરતકામ, રાજપુત યુગનાં વસ્ત્રોની કળા, પાધડીઓ, બેઠકો, જડતર કામો, લોટા, પ્યાલા તેમજ વિવિધ પાત્રોમાં દેખાતી લાવણ્યમયી રેખાઓ અને રંગાટની કવિતાભરી ચુંદડીઓ તથા સાડીઓ, એ બધાં મ્યૂઝિયમના નમૂના માત્ર બનાવવાનું પાપ કોને શિરે જાય છે?

પ્રાતઃકાળે ઇશસ્મરણનાં સ્તોત્ર કે ગાનવૈતાલિકો ઘરઘરથી ગાજતાં અને માણસમનને સ્વસ્થ કરી, તનની સ્વચ્છતા અને વસ્ત્રની સફાઈ કરવામાં પરિશ્રમને તંદુરસ્તીનું સાધન માનતો તેને સ્થાને આજે તે કેમ સૂર્યોદય પછી ઊડતાં જૂલ્ફાં, સૂજેલી આંખો અને ઘોઘરા સાદે જગતમાં વ્યાકુળતા અને વિરોધ જોતો જ ઊભો છે? એના જીવનનો તાલ બેઠો નથી, એને મનની કે સ્વરની સુરાવટ મેળવતાં આવડી નથી, તે કુટુંબ કે સમાજમાં શી રીતે આદર અને આનંદનો અવતાર બની શકે?

એનું જીવન-શિક્ષણ જ એવું છે. સ્વરના આંદોલનો કે અનુકંપનો તેના પાઠ્યપુસ્તકમાં કે શાળામાં નથી. મનોરમ ચિત્રાવલિથી પ્રત્યક્ષ થતી માનવકથાઓ કે દૃશ્યો તેને જોવાને મળ્યાં નથી. ઘર આગળ કે શાળાના આંગણે કે સુરચિત શોભાયમાન દ્વારદેશો કે શિલ્પસ્વરૂપોથી તેને વંચિત રાખ્યો છે. અક્ષરોના ચિરપરિચયથી તેણે દૂર નજર ફેંકવાની શક્તિ ગુમાવી છે. અને કુદરતની પળેપળ બદલાતી નવીનતાઓ તે અવલોકી શકયો નથી. આજના માનવીનું જ્ઞાન તેના કબાટમાં ભરેલાં પુસ્તકોમાં છે. તેણે તો એનો ફૂંચી ઝૂડો સાચવી, ખોરાક, કપડાં અને આરામ પૂરતું ભાડું લઈ સંતોષ માન્યો છે.

તેણે શું ગમાવ્યું? તેનો કોઈ ભારતીય પૂર્વજ અંગત નિત્યકર્મથી પરવારી કોઈ સુંદર દેવમંદિર કે આશ્રમ તરફ આંટો મારી આવે છે, તેને રોજના પરિચિત જનોનો રસ્તામાં ભેટો થાય છે. સામસામા વિનયવ્યવહારથી સમાજનો પરિચય દૃઢ કરે છે. તેની આંખ નરનારીઓના વિવિધ સ્વરૂપો અને હલન-ચલનનું માધુર્ય પામે છે. કાન ચારે પાસનાં ગીતો કે વાદ્યોથી તૃપ્તિ અનુભવે છે. ઝરખા અને તોરણો, ભીંતચિત્રો અને ભૂમિચિત્રો નીરખતો એ નિત્ય જીવનમાં ઉલ્લાસ અનુભવે છે. એમ ચોપાસની સૃષ્ટિથી ઉલ્લાસિત, પ્રેરિત એ ધીર પ્રકૃતિવાળો એ નાગરિક પોતાના ધંધાનું કામ કરતો જતો, છતાં જન્મસંસ્કાર જેવાં કે દયા, દાન ને પરોપકારનાં કામ કરતો જ જાય છે. કુટુંબ અને વ્યવહારથી તે વિમુખ બનતો નથી. પોતાનાં સુખદુઃખના લહાવા પણ તે ઊર્મિના રંગથી ભોગવે છે. તેનું અંતર આસપાસના સમાજસંબંધો અને વ્યવહારમાં બહોળું જીવન ખેલી રહે છે. ચડતી પડતી, સ્પર્ધાઓ, આપત્તિઓ કે ઉત્સવો તેને મન જીવન સાગરની લહેરો લાગે છે. દુનિયા પાર કીર્તિ કરવાનો લોભ તેને હોય તે કરતાં દુનિયા પાર વહેવાર બાંધવાનો તે વધુ ઇતેજાર જણાય છે. તેની મહત્ત્વાકાંક્ષા, શાંત, સ્વસ્થ મૃત્યુ મેળવવાની હોય છે.

મનુષ્યની પ્રકૃતિ ઉપર આવી અસર કરનારાં એ કાળના વ્યવહારો કે બળોનો વિચાર કરીશું તો લાગશે કે જીવનને એક લયમાં ઉતારવા, તાલબદ્ધ ગતિ આપવા, શ્રુતિ, સ્મૃતિ અને દર્શન દ્વારા સૌંદર્ય-બુદ્ધિ જગાડનારાં તત્ત્વોનો આદર સમાજના પ્રત્યેક કાર્યમાં અને પ્રવૃત્તિમાં વ્યાપક હતો. એ આપણે સ્વીકારીએ તો આજે આપણે શું ગુમાવ્યું છે તે સમજતાં વાર નહિ લાગે. આપણે દૃષ્ટિનો, શ્રુતિનો અને વાણીનો સૌંદર્ય પ્રદેશ ગુમાવ્યો છે. રૂપસાગરની લીલાઓ, સ્વર જગતનાં ધ્વનિકંપનો અને અનેકવિધ કલાઓ વગર આપણી શિક્ષા જીવનને શું આપી શકશે? જીવનનો અર્થ કયાંથી પ્રકટશે?

શેખચલ્લીની નિંદા ન કરો.

લેખક : **ચુનીલાલ વર્ધમાન શાહ.**

મનના ઘોડા દોડાવનાર શેખચલ્લીની મૂર્ખતા ઉપર લોકો હસે છે, છોકરાંને હસાવે છે અને શિખામણ આપે છે કે તેની પેઠે હવાઈ કિલ્લા બાંધવા નહિ; જો એની પેઠે કરીએ, તો ગાંઠે હોય તે પણ ગુમાવીએ !

પણ શેખચલ્લીની વાત વાસ્તવિક અને પરિણામકારક છે ખરી ? મનોરથ ઘડનાર અને મનોરાજ્ય ઊભાં કરનાર શેખચલ્લી પોતાની વર્તમાન પરિસ્થિતિને ભૂલી ગયો અને તેને નુકસાન વેઠવું પડ્યું, એ જાણવા છતાં માણસે મનોરથ ઘડવાનું છોડી દીધું નથી. અને એક રીતે એ જ સારું છે, નહિ તો મોટો અનર્થ થવા પામત. આપણે પણ કોઈ ને કોઈ વાર મનોરથો ઘડતાં જ હોઈએ છીએ અને એ મનોરથો વાસ્તવિક સૃષ્ટિ રચવામાં કાંઈ ઓછો ભાગ ભજવતા નથી.

એ, બી, સી શીખનાર બાળુ મેટ્રિકમાં ભણતા મોટા ભાઈની પેઠે કડકડાટ અંગ્રેજી વાંચવાનાં સ્વપ્નો જોતો હોય છે અને મેટ્રિકમાં ભણતો રંજનકુમાર પોતાના હેડ માસ્તરની પેઠે બી. એ., બી. ટી. થઈ ને વિદ્યાર્થીઓને ભણાવતો હોવાનાં ભાવિ દૃશ્યો જોતો હોય છે. પચીસ રૂપિયાનો પગાર મેળવનાર કારકુન 'સાહેબ' નો શિરસ્તેદાર બનવાનાં સ્વપ્નાં સેવતો હોય છે અને શિરસ્તેદાર મામલતદાર બનીને ખેડૂતોનો 'બાપા' બનવાના મનોરથ ઘડતો હોય છે. એજ રીતે સાધારણ વેપારી ઉદ્યોગપતિ બનવાનાં કોડ રાખતો હોય છે અને ફૂટપાથ પર રઝળતો ભિખારી દુકાનદાર વેપારી બનવાના ઘોડા દોડાવતો હોય છે. આવાં મનોરાજ્યો ઊભાં કરવાનું પરિણામ જો હમેશાં શેખચલ્લીના જેવું જ આવ્યું હોત, તો જગતમાં કેવા અનર્થો થયા હોત, તેની કલ્પના કરી શકાય તેમ છે. એ જ રીતે જો દરેક મનોરાજ્ય ઘડનાર શેખચલ્લી જ હોત, તો પણ વિચિત્ર અનર્થો થયા હોત. તાત્પર્ય એ છે કે મનોરાજ્યો કેવળ હવાઈ કિલ્લા જ હોતા નથી, તે જ સાચા કિલ્લાના પાયારૂપ પણ હોય છે અને તેથી જ શેખચલ્લીની વાત શીખવા છતાં કોઈ મનોરાજ્યોની રચના કરતા બંધ થયા નથી. એજ રીતે દરેક મનોરથ કરનાર શેખચલ્લી નથી, નહિ તો મીલમજૂર સાંચા પર કામ કરવાને બદલે સીધો મીલ એજંટની ખુરસી ઉપર જ જઈ બેઠો હોત. મનોરથ ઘડવા છતાં માણસ પોતાની ખરી પરિસ્થિતિને નથી ભૂલતો અને તેથી જ મનોરથો ઘડવા એ હમેશાં શેખચલ્લીપણું હોય છે એમ માનીને તેની નિંદા કરવી જોઇતી નથી.

મનોરથ ઘડવા એ મનુષ્યના મનની એક નૈસર્ગિક પ્રવૃત્તિ જ છે. પ્રાપ્ત પરિસ્થિતિ કરતાં વધારે સુંદર, વધારે આશાવાદી અને વધારે ઉદાત્ત કલ્પના નિર્મિત પરિસ્થિતિમાં કલ્પનાના જ બળે કરવામાં આવેલું ભ્રમણ એ જ મનોરાજ્ય અથવા મનોરથ. મનોરથ ઘડવાની જે શક્તિ મનુષ્યને કુદરતી રીતે મળેલી છે, તે એક દૈવી બક્ષીસ છે. કોઇવાર સુખદ સ્વપ્ન જોયા પછી આનંદ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સારા સ્વપ્નનો અર્થ કોઈ સ્વપ્નફલાદર્શ સમા પુસ્તકમાં અનિષ્ટકારક જણાવ્યો હોય, તોપણ સારા સ્વપ્નથી મન તો પ્રસન્ન જ રહે છે. મનોરાજ્યમાં લીન બની જવું એ પણ એક જાગ્રત સ્વપ્ન જ છે. પોતે પોતાની જાતને ભૂલી જવી એ ઘણીવાર મનુષ્યજીવનની એક આવશ્યકતા બને છે. એ ભૂલી જવાનું કામ, જો મનને મનોરથમાં ગૂંથીને કરી શકાતું હોય તો માણસને તે ઇષ્ટ હોય છે.

સંસારમાં માણસને અનેક કષ્ટો વેઠવાના પ્રસંગો આવે છે. કામનો બોજો માથાપર ચઢ્યો હોય છે, શેઠનો ઠપકો સાંભળવો પડતો હોય છે, પૈસાની તાણ પડતી હોય છે, નોકરી તૂટી ગઈ હોય છે કે વેપારમાં

ખોટ ગઈ હોય છે, ઘરમાં કોઈ માંદું હોય છે કે નજીકનું સગું મરી ગયું હોય છેઃ મનપર આઘાત કરનારા આવા બનાવો જ્યારે માણસને ચોમેરથી ઘેરી વળતા હોય છે, ત્યારે આસપાસની પરિસ્થિતિ થોડો વખત ભૂલી જવાય તો સારું તેવીજ તેની ઝંખના જાગે છે. તેને ભૂલી જવા તે પ્રયત્ન પણ કરે છે. કોઈ બગીચામાં જઈ બેસે છે, કોઈ નાટક સીનેમામાં જઈને દુઃખ ભુલવા યત્ન કરે છે, કોઈ દારૂના કેફ હેઠળ ગમગીનીને દાટવા મથે છે તો કોઈ દારૂ અને ગાનતાન બેઉમાં પોતાની જાતને ભૂલવા ફાંફાં મારે છે. તાત્પર્ય એ છે કે સર્વ કોઇને કયારે ને કયારે પોતાની અનિષ્ટ પરિસ્થિતિને ભૂલી જવાની જરૂર આવી પડે છે, પણ તે ભૂલવા માટેના બધાના માર્ગો એકસરખા હોતા નથી.

સંગીતશ્રવણમાં, મદ્યપાનમાં, કે ઇતર કોઈ વ્યસનમાં આત્મવિસ્મૃતિ કરવી, તે બાહ્ય સાધનની સહાય ઉપર અવલંબે છે. એવાં કૃત્રિમ સાધનો પૂરી રીતે સફળ નીવડતાં નથી. નાટક સીનેમા જોવાથી મનોભાવ ઉલ્લસિત થાય છે, પરન્તુ બુદ્ધિગામી મન સંતુષ્ટ થતું નથી. દુઃખને વિસરવા માટે આંખો સમીપે એક રમ્ય ભાવિ કાળનું આલેખન કરીને તેમાં રમમાણ રહેવું એ જ માર્ગ સહજસાધ્ય છે. તેને માટે કોઈ સાધનની અપેક્ષા રહેતી નથી એમ કાંઈ નથી. સુંદર મનોરાજ્ય ઊભું કરવા માટે પણ મનની એક વિશિષ્ટ પ્રકારની કલાની આવશ્યકતા હોય છે. આશાવાદ અને થોડી વિસ્મરણ ક્ષમતા એ બે વસ્તુઓ જે મનની પાસે હોય છે, તેનાથી એ વસ્તુ સિદ્ધ કરી શકાય છે. એ વસ્તુઓ થોડાજ શ્રમથી, થોડા અભ્યાસથી–ટેવ પાડવાથી મેળવી શકાય છે. આનંદને પ્રસંગે તેવા જ ભૂતકાળના આનંદના પ્રસંગનું સ્મરણ કરવા માટે જેટલી તીવ્ર સ્મરણશક્તિ જરૂરી હોય છે, તેટલી જ તીવ્ર વિસ્મરણશક્તિ ખેદના પ્રસંગે હિતાવહ હોય છે; હમેશાં જ વિસ્મરણશક્તિ હિતાવહ હોય છે એમ સમજવાનું નથી.

ખેદ પ્રસંગે વિસ્મરણ અને ભવિષ્ય માટે આશાવાદ એ બેઉના સમાગમથી મનોરથનો જન્મ થાય છે. એ મનોરાજ્યને કોઈ ભલે શેખચલ્લીપણું કહે, કોઈ ભલે મનોયોગે કરીને થતો વ્રતભંગ લેખે, કોઈ ભલે માનસિક પરિગ્રહનો વધતો જતો ભાર માને, પરન્તુ એ મનોરથો જ દુઃખી મનનું સમાધાન કરીને તેને શાંતિની પ્રાપ્તિ કરાવે છે.

એક અતિ સામાન્ય સ્થિતિ ધરાવતા મિત્રનું ઉદાહરણ આપું. તેના કરતાં વધારે સારી સાંપત્તિક ઇતર સ્થિતિવાળા બીજા મિત્રો કરતાં એ ચિત્રની સ્થિતિ ઘણી ઊતરતી હતી, પરંતુ તેની સમાધાનવૃત્તિ મને ખૂબ જ આકર્ષક લાગી છે.

મેં તેને એકવાર કહ્યું: " જ્યારે હું તમને જોઉં છું ત્યારે તમે ખૂબ આનંદી લાગો છો, તમારા કરતાં વધારે સુખી મિત્રોને હું તમારા જેટલા આનંદી જોતો નથી અને તેથી મને આશ્ચર્ય થાય છે. મારા હિસાબે તો તમારો આનંદ મને એક પ્રકારની નફકરાઈ લાગે છે."

તેણે કહ્યું: " ખરી વાત કહું? મારી અત્યારની સ્થિતિ મને ગમે છે એમ શું તમે માનો છો? દુનિયામાં કોઈ એવો માણસ નહિ હોય કે જેને પોતાની વર્તમાન સ્થિતિથી સર્વથા સંતોષ થતો હોય, તો પછી હું સંતુષ્ટ કેવી રીતે હોઈ શકું? પરંતુ મારી સ્થિતિ ઉપર હું રાતદિવસ નિસાસા નાંખ્યા કરું, તો હું એકદમ લક્ષાધિપતિ થઈ જઉં એમ હું માનતો નથી. તો પછી બબડાટ કર્યે વળવાનું શું હતું? મારી વર્તમાન સ્થિતિથી જો હું અસંતુષ્ટ બનું, તો મને કયાંય આનંદ કે મીઠાશનો અનુભવ થાય તેમ નથી. તેથી મારું શરીર બગડે અને તેથી પત્ની અને પુત્રની તબિયત ઉપર પણ ખરાબ અસર થાય. ઘરમાં એક જ માણસ હમેશાં જો ઉદાસ રહેતું હોય છે, તો તેની માઠી અસર આખા ઘરના વાતાવરણ પર થાય છે, તે તો તમે સમજો છો. અને જો ઘરમાં મારા જેવો મુખ્ય માણસ લમણે હાથ મૂકીને રડવા બેસે, તો પછી શું થાય? તો ઘરમાંનાં બધાંયની કેવી દશા થાય? તેની કલ્પના કરી જુઓ. એટલે આપણે તો હમેશાં આનંદીવૃત્તિ જ પકડી બેઠા છીએ. અને રાત વીતે છે એટલે દિવસ કાંઈ

ઊગ્યા વિના રહેતો નથી એ હું બરાબર સમજું છું. પછી અત્યારની દરિદ્રાવસ્થાનો અંત નહિ જ આવે એમ શામાટે માનું ? દરિદ્રતા ડોળા ધુરકાવતી હોય, ત્યારે આનંદી રહેવું બહુ કઠણ કાર્ય છે. પરન્તુ જેને મનના ઘોડા દોડાવતાં આવડે છે, તેને માટે એ કઠણ નથી. 'મનના ઘોડા'ની મારી વાત સાંભળીને તમે હસશો, મને શેખચલ્લીના જેવો ગાંડો કહેશો, તે બધા મારા હવાઈ કિલ્લા છે એમ તમે માનશો, પરન્તુ હું તો માનું છું કે ભવિષ્યમાં તૈયાર થનારા ખરેખરા કિલ્લાનો પાયો જ મારા મનોરથો છે.

" મારો છોકરો અંગ્રેજી છઠ્ઠી ચોપડી ભણે છે તે તમે જાણો છો. તેના ઉપર અમે ખૂબ આશા બાંધી બેઠાં છીએ. તે ચોથી ચોપડી ભણતો હતો ત્યાં સુધી તે સીધી રીતે બધા વિષયમાં પાસ થતો નહોતો, પણ તેની ઉપર અમે કેવા મનોરથ ઘડતાં હતાં, એ વાત એકવાર તેની બાએ તેને આસ્તેથી કહી. બિચારો બહુજ નરમ દિલનો છોકરો છે. પાંચમી ચોપડીમાં તે આવ્યો અને પહેલે નંબરે પસાર થયો, વળી સ્કોલરશીપ પણ મેળવી. હવે તેની ઉપર અમે વધુ મોટાં મનોરાજ્યો ઉઠાવીએ, તો તેમાં કાંઈ નવાઈ નથી."

એ મિત્રની સમાધાની વૃત્તિની પાછળ કેટલું મોટું તત્ત્વજ્ઞાન હતું તેની મને જરા પણ કલ્પના નહોતી, પણ તેણે ત્યાર પછી જે કહ્યું તે વધારે મહત્ત્વનું છે. આંખોમાં આંસુ આણીને તેણે કહ્યું : " એકવાર મેં છાની રીતે મારા છોકરાની નોંધપોથીનાં બે પાનાં વાંચ્યાં. પોતાનાં માબાપ પોતા પર કેવી આશા બાંધી બેઠાં છે અને તેમના મનોરથ સફળ કરવાને પોતે કેટલી મહેનત કરવી જોઈએ તે વિષે તેણે નોંધપોથીમાં લખ્યું હતું. મને તે વાંચીને કેવું લાગ્યું હશે ? એટલી નાની વયના છોકરા ઉપર હું બોજો લાદી રહ્યો છું એમ મને લાગ્યું અને મને મારી જાત પર ગુસ્સો આવ્યો, તે સાથે આનંદ પણ થયો કે છોકરો કેટલો માતૃ-પિતૃ ભક્ત છે ! હવે હું મારાં ભાવિ સુખી જીવનનાં ચિત્રો જોઉં છું અને મને આનંદ તથા સંતોષનો અનુભવ થાય છે. મનના ઘોડા દોડાવનારો હું શેખચલ્લી જ છું ને ?"

જો એ મિત્રને શેખચલ્લી કહીએ, તો જગતનાં બધાં માતાપિતાને શેખચલ્લી જ કહેવાં પડે. પોતાનાં બાળકો માટે મોટી આશાઓ બાંધીને આનંદમાં દિવસો ન ગાળનારાં માબાપો હોય છે ખરાં ?

મનોરથો ઘડવા નહિ, મનોરાજ્ય એ હવાઈ કિલ્લો છે, તે નિષ્ફળ છે, નિરુપયોગી છે એમ કહેનારાઓ ભલે કહ્યા કરે, પણ તે નિષ્ફળ નથી, નિષ્ફળ થાય તો પણ નિરુપયોગી નથી. મનોરથની અંદર જ તેજસ્વી ભવિષ્યનો પાયો રહેલો હોય છે. પ્રજ્ઞનાં ભાવિનો આધાર તરુણો ઉપર રહેલો છે એમ મનાય છે. કારણ કે મનોરથો તરુણસુલભ હોય છે, તેમનાં મનોરાજ્યોમાં આશાનાં બીજ હોય છે અને એ બીજમાં ખરેખરાં ભાવિ રાજ્યોના અંકુર છુપાઈ રહેલાં હોય છે. જીજાબાઈ બાલશિવાજીનું હાલરડું ગાતી હતી ત્યારે તે ભવિષ્યના ગોબ્રાહ્મણપ્રતિપાળ શિવાજી મહારાજને જ પોતાના મનોરથદ્વારા જોઈ રહી હતી; પત્નીની અવગણના કરીને તેને ત્યજી દેનાર તેનો પતિ તેના મનોરથો જાણતો હોત તો કદાચ તેને શેખચલ્લી કહીને હસ્યો પણ હોત; પણ આપણે જાણીએ છીએ કે જીજાબાઇનું મનોરાજ્ય જ પલટાઇને શિવાજીની સાચી પાદશાહીરૂપ બન્યું હતું.

તાત્પર્ય એ છે કે મનોરાજ્ય ઘડતાં આવડ્યા વિના ખરું કાર્ય થઈ શકતું નથી; સૌ કોઈ રાજા-મહારાજા થતા નથી, સર્વની આશા-ઇચ્છા પાર પડતી નથી; એટલે જ કેટલીક વસ્તુઓ કેવળ કલ્પનાથી જ પ્રાપ્ત કરી લેવાની હોય છે. જેને સુંદર મનોરથો પણ ઘડતાં આવડતું નથી, તેના જેવો કોઈ દરિદ્ર નથી અને શેખચલ્લીની હમેશાં નિંદા કરનારના જેવો કોઈ મૂર્ખ નથી.

ભાષાશુદ્ધિ

લેખક: **પ્રો. મનસુખલાલ ઝવેરી,** એમ. એ.

એક પ્રતિષ્ઠિત સામાહિકના તાજા આવેલા દીપોત્સવી અંકને હું જોતો હતો; ત્યાં મારી દૃષ્ટિ એક રાષ્ટ્રવાદી, ભાષાપ્રેમી વિદ્વાનના લેખ પર પડી. એ વિદ્વાને ગુજરાતી ભાષામાં અત્યારે જે વર્ણસંકરતા દેખાઇ રહી છે તેની આવેશભરી ચર્ચા કરી હતી; અને આપણા દૈનિક વ્યવહારમાં અને મકાનો અને દુકાનોનાં નામમાં પણ અંગ્રેજી ભાષાનું જે આધિપત્ય સ્થપાઈ રહ્યું છે, તેનો વિરોધ કર્યો હતો. સ્વભાષાની સાચી ઉપાસના વિના આપણી ખાદી, સ્વદેશીવ્રત અને રેંટિયાની પ્રવૃત્તિ પણ નિષ્ફળ જવાની છે એમ એ વિદ્વાન્ માને છે અને તેથી સ્વભાષાનો આગ્રહ રાખવો એ આપણા જ હિતની વાત છે એમ કહે છે.

એમના આ વક્તવ્યની વિરુદ્ધ કોઈને કશું જ કહેવાનું હોઈ ન શકે. ગુજરાતી ભાષાની અત્યારની સ્થિતિ ખૂબ ખેદજનક છે એ કહેવાની પણ જરુર નથી. સમાજમાં, શાળાઓમાં અને વિદ્યાપીઠમાં ગુજરાતી ભાષાનું અને સાહિત્યનું સ્થાન વધારે માનભર્યું અને વધારે મહત્વનું થવાની જરુર છે એ સ્પષ્ટ છે. એ સ્થાન, મહાત્માજીના આગમન પછી અને ગૂજરાત વિદ્યાપીઠ અને નવજીવન પ્રકાશન મન્દિરની પ્રવૃત્તિ પછી, કયારનું યે માનભર્યું થઈ જવું જોઈતું હતું; પણ એમ થયું નથી એ હકીકત છે.

અત્યારે તો ગુજરાતી ભાષાની સ્થિતિ ઓરમાયા બાળક જેવી થઈ પડી છે. વિદ્યાપીઠે રહી રહીને છેક હમણાં ગુજરાતીને પોતાના અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું છે ખરું; પણ હજી એ સ્થાન ગૌણ રહ્યું છે. ગુજરાતીને હજી સ્વતંત્ર, સ્વપર્યાપ્ત અને આવશ્યક વિષયનું સ્થાન હજી મળ્યું નથી. હજી સુધી તેને માત્ર ઐચ્છિક વિષય તરીકે સ્વીકારવામાં આવે છે; અને તેમાં પણ આનુષંગી શિષ્ટ ભાષામાં જો કોઈ વિદ્યાર્થી વધારે પ્રવીણ હોય, તો ગુજરાતીને તે ઉવેખે, તો પણ ચાલે એવી સ્થિતિ છે.

આ બધું કેમ થઈ રહ્યું છે તેની ચર્ચા રસભરી અવશ્ય છે, પણ તે અહીં ઉદ્દિષ્ટ નથી. બીજું કંઈ નહિ તો પણ અંગ્રેજી ઉચ્ચારશુદ્ધિ અને લેખનશુદ્ધિ માટે આપણા વિદ્યાર્થીઓ જેટલો આગ્રહ રાખે છે—અથવા, વધારે સાચી રીતે કહીએ તો આપણા શિક્ષકો અને પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓ પાસે જેટલો આગ્રહ રખાવી રહ્યા છે—તેટલો આગ્રહ ગુજરાતી ઉચ્ચારશુદ્ધિ અને લેખનશુદ્ધિ માટે રખાય, તો પણ ઘણું થઈ શકે.

પણ એ આગ્રહ રખાતો નથી; અને તેને પરિણામે અંગ્રેજી ભાષાનું આધિપત્ય આપણા નિત્યના વ્યવહારમાં પણ એટલું બધું સ્થપાતું જાય છે કે "કુસુમ-કૉટેજ" અને "સુમન-વિલા" જેવાં મકાનોનાં નામો આપણને અસ્વાભાવિક લાગતાં નથી. અનેક કુટુમ્બોમાં તો બાળકને પ્રારંભથી જ અંગ્રેજી ભાષા ભણાવવામાં આવે છે; અને આજે પણ અનેક વ્યક્તિઓ પોતાને ગુજરાતીમાં બોલવાનું કે લખવાનું બરાબર ફાવતું નથી એ હકીકતમાં શરમ નહિ, પણ ગર્વ અનુભવે છે.

આ જાતની અતિભક્તિ સામે જેટલો વિરોધ ઊઠે તેટલો ઓછો છે અને એ વિરોધની અતિશયતાએ જઈને આપણે અંગ્રેજી ભાષાનો બહિષ્કાર પોકારી ઊઠીએ તે પણ બનવાજોગ છે. તેમાં જ્યારે પરાધીન પ્રજામાં સ્વત્વનો પહેલો સળવળાટ મચી રહ્યો હોય, ત્યારે એ જાતની અતિશયતા આવી જાય

એ સ્વાભાવિક છે. પણ શુદ્ધ સિદ્ધાન્તની દૃષ્ટિએ જોઈએ તો, મને લાગે છે કે, આપણને આપણા વિરોધને હળવો બનાવ્યા વિના નહિ ચાલે.

અત્યારની સંકુલ અને પરસ્પરાવલંબી સમાજરચનામાં માત્ર એકાંગી વિકાસ સાધ્યે ચાલવાનું નથી. એ હકીકત એટલી બધી સાદી છે કે તેનો ઉલ્લેખ કરવાનું પણ આવશ્યક નથી. અત્યારના જીવનમાં કૂપમંડૂકતા નભી શકે તેમ નથી. જીવનનો સર્વદેશીય વિકાસ જ અત્યારના જગતમાં ટકી શકે તેમ છે.

આ હકીકત જો સાચી હોય—અને તે સાચી છે એમાં મને શંકા નથી—તો સર્વદેશીય વિકાસને પથ્ય અને પોષક એવી પરિસ્થિતિ આપણા જીવનધુરીણોએ, આપણા સાહિત્યકારોએ અને સમાજ-નેતાઓએ રચવી પડશે; અને એ પરિસ્થિતિના એક મહત્વના અંગ તરીકે સર્વદેશીય વિકાસપ્રદ સાહિત્યનું—રસાત્મક અને શાસ્ત્રીય સાહિત્યનું—સર્જન આપણે કરવું પડશે. અંગ્રેજી ભાષાના ગ્રંથો દ્વારા જીવનના બહુવિધ પ્રશ્નોની જે છણાવટ થઈ રહી છે, તે આપણી ગુજરાતી ભાષા દ્વારા પણ થવી જોઇશે. અને સ્વભાષામાં થયેલી એ છણાવટ જ્યારે આપણા વાચકવર્ગને સુલભ બનશે; ત્યારે પરભાષાનો આપણો મોહ આપોઆપ નષ્ટ થશે.

પરંતુ અત્યારે આપણી એવી સ્થિતિ છે ખરી? રસાત્મક સાહિત્યનાં કાવ્ય, નવલિકા અને નવલ-કથાનાં ક્ષેત્રોને બાદ કરીએ, તો અવૈતનિક નટસમૂહોએ, શાળાના વિદ્યાર્થીઓએ અને વિદ્યાપીઠના સુશિ-ક્ષિત યુવકયુવતીઓએ ભજવવા લાયક શિષ્ટ નાટકો આપણી પાસે કેટલાં છે? મુંબઈ, અમદાવાદ જેવાં શહેરોમાં વારંવાર ભજવાતાં અમુક લેખકોનાં કેટલાંક નાટકો મારા ધ્યાન બહાર નથી. પણ એ નાટકો માટે થયેલા પ્રચારનું અને એ પ્રચાર દ્વારા એમને મળી ગયેલા સ્થાનનું તત્વ ગાળી નાખીએ, તો શુદ્ધ રંગભૂમિની દૃષ્ટિએ એ નાટકોની કિંમત કેટલી? અને એ નાટકોની કંઈ પણ કિંમત ખરેખર હોય, તો પણ એવાં નાટકોની સંખ્યા કેટલી અલ્પ છે?

અને રસાત્મક સાહિત્યમાં પણ આપણો વિકાસ સર્વાંગીણ ન હોય ત્યાં શાસ્ત્રીય સાહિત્યમાં—જે ક્ષેત્રમાં તલસ્પર્શી અભ્યાસ અને નિરંતર ઉદ્યોગ દ્વારા થયેલી એકનિષ્ઠ ઉપાસના જ ફળી શકે તે ક્ષેત્રમાં–તો આપણી શી સ્થિતિ હોય? ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજકારણ, વિજ્ઞાન અને તેના અનેકવિધ ઉપાંગો, વૈદ્યક, તત્વજ્ઞાન અને ધર્મ: આવા વિષયોમાં નિષ્ણાતો માટેનાં પુસ્તકો પણ ઘણાં જ થોડાં છે; તો સામાન્ય જનસમુદાય માટે સુલભ અને સરળ પુસ્તકો ક્યાંથી હોય?

અને એ પુસ્તકો ન હોય તો આપણો જિજ્ઞાસુ વર્ગ અંગ્રેજી તરફ વળે એમાં નવાઈ ખરી?

મને લાગે છે કે આપણી અંગ્રેજીની અતિભક્તિ આમાંથી જન્મે છે. જીવનમાં ટકવા માટે અથવા તો જીવનની વિષમતાઓને ઘડીભર ભૂલી જવા માટે વાંચ્યા વિના આપણને ચાલે તેમ નથી. અંગ્રેજી ભાષાના ગ્રન્થો દ્વારા આપણને જે વૈવિધ્ય અને જે નૂતનતા મળી શકે છે, તે સ્વભાષાનાં પુસ્તકો દ્વારા આપણને હજી મળી શકતી નથી. એટલે આપણો શિક્ષિત અને જિજ્ઞાસુ વાચકસમૂહ સામાન્ય રીતે અંગ્રેજી તરફ વળે છે * અને અંગ્રેજી તરફ વળે છે એટલે તેનું ચિત્તતંત્ર પણ અમુક અંશે અંગ્રેજી-પક્ષી બની જાય છે. આ બધાંને પરિણામે અસંખ્ય અંગ્રેજી શબ્દો વ્યવહારની ભાષામાં પ્રવેશ પામીને પોતાનાં મૂળ જમાવી બેસે છે.

---

* આપણો શિક્ષિત વાચકસમૂહ અંગ્રેજી વાચન તરફ વળે છે એટલે ગુજરાતીમાં પુસ્તકો લખાય તો તેને માટે વાચકો મળવાનો સંભવ નથી રહેતો; અને વાચકો મળવાનો સંભવ નથી રહેતો એટલે એવાં પુસ્તકો લખાતાં નથી. આમ અનવસ્થા દોષ જન્મે છે.

ઉદાહરણ તરીકે ' સ્ટેશન ' અને ' પેન્સીલ ' જેવા શબ્દોની વાત જતી કરીએ; પણ ' રન, ' ' એલ. બી. ડબલ્યુ,' ' વિકેટ,' ' નોટ આઉટ,' ' બેટ,' ' બોલ,' ' સબમરીન,' ' રપીટફાયર,' ' હરીકિન,' ' ફાઈટર,' ' બોમ્બર,' ' બલુનબેરેજ,' ' રેડિયો,' ' જંકશન,' ' કેમ્પ ': આવા આવા અસંખ્ય શબ્દો આપણે ત્યાં દાખલ થઈ ગયા છે અને થતા જાય છે. હિન્દી અને મરાઠી ભાષામાં આવા કેટલાક શબ્દોના પર્યાયો દાખલ થઈ ગયા છે, પણ આપણે ત્યાં એ સ્થિતિ નથી.

અને અહીં જ આપણને આપણે ત્યાં દેખાતી વર્ણસંકરતાનું મૂળ મળી આવે છે. પરભાષાના શબ્દોના યોગ્ય અને લોકગમ્ય થાય તેવા પર્યાયો શોધવાનું કામ સામાન્ય જનસમુદાય કદી કરવાનો નથી. એની દૃષ્ટિ તો " ભાષાને શું વળગે ભૂર ? જે રણમાં જીતે તે શૂર " એના પર જ રહેવાની. ભાષાનો ઉપયોગ એ તો પોતાના વિચારો વ્યક્ત કરવાના સાધન પૂરતો જ કરવાનો. અને વિચારવ્યક્તિ માટે જો તેને એક શબ્દથી ચાલતું હશે, તો બે શબ્દો તે કદી પણ વાપરવાનો નહિ. " રેડિયો " કહેવાથી એનું કામ સરતું હશે તો તે " આકાશવાણી " કે " આકાશગોષ્ટિ " નહિ બોલે. એટલું જ નહિ, પણ " એગ્રીમેન્ટ " નો ઉચ્ચાર કરવો એને અઘરો પડતો હશે તો તેનું તે " ગિરમીટ " કરી નાખશે, " કબૂલાતનામું " નહિ.

હકીકત આ છે, એટલે સામાન્ય જનસમુદાય પાસે ભાષાશુદ્ધિ કે ભાષાભક્તિનો આગ્રહ રાખવો તે જરા વધારે પડતું છે. ભાષાશુદ્ધિ અને ભાષાભક્તિ કરવાનું કામ સાહિત્યકારો અને ભાષાશાસ્ત્રીઓનું છે અને પોતે સાહિત્યકાર કે ભાષાશાસ્ત્રી ન હોય તો પણ વર્તમાનપત્રકાર એ કામ કરી શકે તેમ છે.

અને આપણો એ વર્ગ, જૂજ અપવાદ સિવાય, ભાષાશુદ્ધિનો ખાસ આગ્રહ રાખતો હોય તેમ દેખાતું નથી. અને તેથી જ પરભાષાના અસંખ્ય શબ્દો આપણે ત્યાં ઘૂસતા જાય છે.

ત્યારે આનો ઉપાય શો ?

" તુલસીદાસ-મેન્સન્સ " કે " પ્રીતમ-પાર્ક " જેવા વર્ણસંકર પ્રયોગો તો, અલબત્ત ટળવા જ જોઈએ. એ તો આપણી ગુલામ મનોદશાનાં જ ચિન્હો છે. પણ આનો સાચો ઉપાય તો આપણા વિદ્વાનો અને વર્તમાન પત્રકારોના હાથમાં છે. એ વર્ગ જો સ્વભાષાનો અને ભાષાશુદ્ધિનો આગ્રહ રાખે અને અંગ્રેજી શબ્દોના સરળ, લોકગમ્ય, અર્થવાહી પર્યાયોનો જ પ્રચાર કરે તો, મને લાગે છે કે, થોડા જ વખતમાં " કુમુદ-કૉટેજ " કે " વસન્ત-વિલા "ને બદલે " કુમુદ-કુટીર " કે " વસન્ત નિકેતન "ની તકતીઓ નજરે પડવા લાગે. આમ સાચો ઉપાય સ્વભાષાની ભક્તિ વધારવાનો છે, અંગ્રેજી ભાષા તરફ તિરસ્કાર કેળવવાનો નહિ. અંગ્રેજી ભાષાનું આપણે ત્યાં આટલું બધું આધિપત્ય સ્થપાયું તેને માટે જવાબદારી આપણી પોતાની નિર્બળતાની અને આપણા સમાજધુરીણોએ સેવેલા દુર્લક્ષની છે. અંગ્રેજી ભાષાની કે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાના ગૂઢ હેતુથી અંગ્રેજી નિશાળો ચલાવતા પાદરીઓની નહિ.

આ હકીકત આપણે સમજી જઈએ, તો આપણે પાડાને વાંકે પખાલીને ડામ દેવાને બદલે આપણી પોતાની ક્ષતિઓને દૂર કરવાને મથી શકીશું.

નવી કેળવણીને સમાજોપયોગી કેવી રીતે બતાવી શકાય તેનું માર્ગસૂચન—

આર્દ્રકુમાર—નેમુચન્દનેઝાર

લેખક: **ચીમનલાલ અમુલખ સંઘવી**

તંત્રી, "સુવાસ", વડોદરા.

આજના આપણા કેળવાયેલ વર્ગ સામે મુખ્ય દલીલ એ રજૂ કરવામાં આવે છે કે, "તમે શ્રદ્ધાવાદને ફટકો લગાવ્યો છે, અને બુદ્ધિવાદને સમાજોપયોગી બનાવી શકયા નથી." આ દલીલ સાચી છે કે કેમ તેની ચર્ચામાં ઊતર્યા વિના હું અહીં આપણો કેળવાયેલ વર્ગ સમાજને વિશેષ ઉપયોગી શી રીતે નીવડી શકે તેજ સૂચવીશ.

આધુનિક બૌદ્ધિક કેળવણી મુખ્યત્વે વકીલો, દાકતરો, રાજદ્વારીઓ, સાહિત્યકારો, સંશોધકો, ઇતિહાસકારો, ભાષાશાસ્ત્રીઓ, કલાકારો, વૈજ્ઞાનિકો, એન્જીનિયરો, અર્થશાસ્ત્રીઓ વગેરેને પેદા કરે છે. આમાંથી દાકતરો, વકીલો, રાજદ્વારીઓ વગેરે પાસે તો સમાજને ઉપયોગી નીવડવાનો સીધો વ્યવસાય છે. ખ્રિસ્તી મીશનના દાકતરો પોતાના ધર્મના પ્રચાર માટે કેટલી સેવાઓ આપે છે તે આપણાથી અજાણ નથી. એ જ રીતે આપણા દાકતરો, વકીલો વગેરે સમાજને ઉપયોગી થઈ શકે છે. પણ અહીં એ બધા વિષયોને ન સ્પર્શતાં હું કેવળ મારા ક્ષેત્રને જ મર્યાદિત રહી, સંશોધકો, ઇતિહાસકારો, સાહિત્યકારો ને ભાષાશાસ્ત્રીઓનો બનેલો બૌદ્ધિક વર્ગ સમાજને વધારે ઉપયોગી શી રીતે બની શકે, તે જ સૂચવીશ.

જગમશહૂર ખ્રિસ્તી સંશોધકો ખ્રિસ્તીજગતના બુદ્ધિવાદી વર્ગની બાઈબલમાંની શ્રદ્ધા વધારવાને, જૂના કરાર (Old Testament) માંની પૌરાણિક હકીકતો પર પણ ઇતિહાસનો પ્રકાશ પાથરવાનો વર્ષો થયાં તનતોડ પ્રયાસ કરી રહ્યા છે. તે માટે પશ્ચિમ એશિયામાં વર્ષોના ખોદકામ અને શોધકામ પછી તેમણે જૂના કરારમાં રજૂ થયેલી અતિ પ્રાચીન રાજવંશાવલિઓને સમાંતર ઐતિહાસિક વંશાવલિઓ તૈયાર કરી છે અને તેવા રાજાઓના વિષયમાં બાઈબલમાં વર્ણવાએલા સંખ્યાબંધ પ્રસંગોને ઇતિહાસના ક્ષેત્રમાં સમાવ્યા છે. આપણે કદાચ આવી જવાબદારીમાંથી તો એમ કહીને છૂટી જઈ શકીએ કે, 'અમારા પાસે એમના જેટલી નાણાકીય અને રાજકીય સગવડ નથી; પરંતુ એટલું તો કબૂલવું જ પડશે કે આ વિષયમાં આપણે લગભગ કશું જ નથી કર્યું, એટલું જ નહિ, પણ શકય પ્રસંગોમાં પણ ઉપેક્ષા સેવી છે.

ગ્રીસ, મિસર ને ઇરાનના પ્રાચીન લેખકોની કૃતિઓમાં, બેબીલોન, ચંપા (ફ્રેન્ચ હિંદી ચીન), કંબોજ (કમ્બોડિયા) નાં ખોદકામોમાં ને મધ્ય અમેરિકા ને મધ્ય આફ્રિકાના અવશેષોમાં પથરાએલી જૈન સંસ્કૃતિ પર પ્રકાશ ફેંકવાને આપણે શ્રમ નથી ઉઠાવ્યો. સંપ્રતિનો વિશ્વવ્યાપી ધર્મપ્રચાર, આપણા ચક્રવર્તીઓના વિજયમાર્ગો ઇત્યાદિને ઐતિહાસિક રૂપ આપવાને આપણે આપણા અભ્યાસનો ઉપયોગ નથી કર્યો. અતિ પ્રાચીન પ્રસંગોને બાદ કરીએ તો પણ અભયકુમારની પ્રેરણાથી પ્રતિબોધ પામી ભગવાન મહાવીરના ચરણે આવનાર અનાર્ય ભૂમિનો રાજકુમાર આર્દ્રકુમાર કોણ હતો, તે જાણવાનો પણ આપણે પ્રયત્ન નથી કર્યો. થોડાંક વર્ષ પહેલાં ડૉ. પ્રાણનાથે પ્રભાસપાટણનું તામ્રપત્ર ઉકેલી જણાવ્યું કે,* 'બેબીલોનના નૃપતિ નેમુચન્દનેઝારે રૈવતગિરિના નાથ નેમિના મંદિરનો જીર્ણોદ્ધાર

* The Times of India, 19-3-35.

કરાવ્યો હતો ' ત્યારે આપણા હાથમાં સંશોધનનો એક વિષય આવેલ હોવા છતાં તેના પ્રત્યે જોઇતું ધ્યાન ન અપાયું. એ પછી નેબુચન્દનેઝારના જીવનચરિત્રનો ને બેબીલોનના ઇતિહાસનો અભ્યાસ કરતાં જે અનુમાનો તારવી શકયો છું તે અહીં રજૂ કરી એવા વિષયોને બુદ્ધિમાન વર્ગ કઈ રીતે સમાજોપયોગી બનાવી શકે તે સૂચવીશ.

આર્દ્રદેશ કે આર્દ્રનગર કયાં આવેલ છે તે સંબંધમાં જૈન સંશોધકોએ અભ્યાસમાં ઊતરવાની જરૂર જોઈ નથી. કેટલાકે પ્રસંગોપાત જરૂર પડતાં એડનને આર્દ્રનગર તરીકે ઓળખાવ્યું. પરંતુ એડનની ખીલવણી તો ઈ. સ. પૂર્વે ૨૪ ના રોમન-વિજય પછી થઈ છે, ને ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં તો ત્યાં માછીમારોનાં ઝૂંપડાં સિવાય કંઈ જ ન હોતું. ઉચ્ચાર ગણતરીએ પણ એડન શબ્દ આર્દ્રને સમાંતર નથી. એટલે આર્દ્રનગર માટે બીજે જ નજર દોડાવવી જોઇએ.

પશ્ચિમ એશિયામાં આવેલો મેસોપોટેમિયા દેશ અતિ પ્રાચીન કાળમાં ઉત્તર, મધ્ય ને દક્ષિણ એમ ત્રણ વિભાગમાં વહેંચાયલો હતો. ઉત્તર-વિભાગ પોતાના પાટનગર અસુરના નામ પરથી એસીરિયાના નામે ઓળખાતો, મધ્ય ભાગની પ્રાચીન રાજધાની કીશ હતી, પણ હમુરાબીના સમયમાં (ઈ. સ. પૂર્વે ૨૧૨૩ થી ૨૦૮૧) બેબીલોનની વિશેષ ખીલવણી થતાં મધ્ય ભાગનું પાટનગર બેબીલોન બન્યું ને સમય જતાં મધ્ય વિભાગ પણ બેબીલોનના નામે ઓળખાવા લાગ્યો. સાગર કાંઠે આવેલા દક્ષિણ ભાગનું પ્રાચીન પાટનગર ઐદ્ધ (Erdiu) બંદર હતું પણ તે ધીમે ધીમે પુરાવા માંડતાં રાજધાની ઉરમાં ફેરવાણી. સમય જતાં બેબીલોનના સમર્થ રાજવીઓએ ત્રણે ભાગ પર પોતાની સત્તા વિસ્તારીને બેબીલોનને સંયુક્ત પ્રદેશોનું પાટનગર બનાવ્યું.

જૈન સાહિત્યમાં વર્ણવાયલ આર્દ્ર નગર આ ઐદ્ધ નગર હોવાનો પૂરતો સંભવ છે. પ્રાચીન કાળમાં જાહોજલાલી ભોગવતાં નગરોમાં આર્દ્રને સમાંતર આ સિવાય બીજું એક પણ નગર નથી.

ઐદ્ધ બંદરની જાહોજલાલી ઈ. સ. પૂર્વે ૫૦૦૦ માં શરૂ થાય છે. જલપ્રલય પૂર્વેનાં જગતનાં ચાર મુખ્ય બંદરોમાંનું એ એક હતું. સાગર કાંઠે યુફ્રેટીસ નદીના મુખ પર વસેલું હોઈ તેનો દેખાવ બેટ સમો લાગતો. હિંદ સાથે એ બંદરને સીધા જળમાર્ગનો સંબંધ હતો.

ધીમે ધીમે નદીના કાંપને લીધે બંદર પુરાવા લાગ્યું ને તેનું મહત્ત્વ ઘટવા લાગ્યું. આજે એ નગરનાં ખંડિયેરો ઉરથી બાર માઇલ દક્ષિણ–પશ્ચિમે પથરાયલાં પડ્યાં છે. બસરાથી ઈરિક દોડતી રેલવે તે ખંડિયેરોની તેર માઇલ પૂર્વેથી પસાર થાય છે.

ઇ. સ. પૂર્વે ૬૦૪ માં બેબીલોનની ગાદીએ જગમશહૂર સમ્રાટ નેબુચન્દનેઝાર વિરાજ્યો. તેના પિતા નેબોપોલશારે તેને વિશાળ રાજ્યનો વારસો સોંપ્યો હતો, પણ નેબુચન્દનેઝારને ભવ્ય સામ્રાજ્ય સર્જવવું હતું. પિતાની હયાતી દરમ્યાન જ (ઇ. સ. પૂર્વે ૬૦૫ માં) તેણે એસીરિયાને હરાવીને તે પ્રદેશ તો બેબીલોનમાં ભેળવી જ દીધો હતો. હવે તે દિગ્વિજયે નીકળ્યો. નેકોને હરાવી તેણે એશિયામાંથી યુરોપ અને આફ્રિકાનો પગ કાઢ્યો. ને પછી બેબીલોનની નબળી દશામાં જેણે જેણે તેને નુકશાન પહોંચાડ્યું હતું તે બધાં રાજ્યોને તેણે જીતવા માંડ્યાં.

જુડાના યહૂદીઓએ બેબીલોનની સમૃદ્ધિ લૂટીને પોતાના પાટનગર જેરૂસલેમમાં પોતાના પ્રભુના નામે મંદિર બંધાવરાવેલું. નેબુચન્દનેઝારે એ દેશ જીતી લઈ મહેરબાનીની રાહે ત્યાંના રાજાને તે પાછો સોંપ્યો. એ રાજાએ યોગ્ય વ્યવસ્થા ન જાળવતાં તેણે રાજા બદલાવ્યો, પણ બીજા રાજાએ બળવો કર્યો. નેબુચન્દનેઝાર જંગી સૈન્ય સાથે એ દેશ પર ધસી ગયો ને તેણે રાજાને પદભ્રષ્ટ કરી જેરૂસલેમ લૂટ્યું.

યહુદીઓના મંદિરમાંની અઢળક સંપત્તિ અને સોનાચાંદીનાં વાસણો તે બેબીલોન ઉપાડી ગયો. ટાયરના બળવાને પણ તેણે સખત હાથે દાબી દીધો. ને એ રીતે તે પશ્ચિમ એશિયાનો યશસ્વી સમ્રાટ બની રહ્યો.

બેબીલોનમાં તેણે અનેક દેવમંદિરો બંધાવ્યાં. નગરના રક્ષણ માટે તેણે બંધાવેલી ભવ્ય દીવાલ જોઈ પરદેશી મુસાફરો મુગ્ધ બની ગયેલા. હીરોડોટસના કહેવા પ્રમાણે નગરનો ઘેરાવો ૫૬ માઈલનો હતો અને એ દીવાલ તે નગરનું ચારે બાજુથી લોખંડી ઢાલની જેમ રક્ષણ કરતી. ચીનની જે દીવાલ પર આજનું જગત અચંબો વર્ષાવી રહ્યું છે તે નેબુચન્દનેઝારની એ દીવાલના આધારે બંધાએલી છે. બેબીલોનમાં તેણે એના સ્વર્ગીય મહેલો બંધાવેલા કે પછીના યુગે મોહ પામી એમને ઝૂલતા બાગો (Hanging gardens)ની ઉપમાં આપેલી. તેણે પોતાના નિવાસ માટે ઈ. સ. પૂર્વે ૫૬૧ માં બંધાવેલો અદ્વિતીય મહેલ તો અવર્ણ્ય લેખાયો છે. તે મહેલ પંદર દિવસની અંદર જ બાંધવામાં આવેલો છતાં સૈકાઓ સુધી એની જાહોજલાલી એટલી જ અનુપમ રહેલી. ઈ. સ. પૂર્વે ૩૨૬ માં હિંદથી પાછા ફરેલ સીકંદરે એ મહેલ પર મુગ્ધ બની ત્યાં જ પોતાનો વાસો રાખ્યો. ત્યાં તેણે દિવસો સુધી રંગરાગ ઉડાવેલ અને એ જ મહેલમાં તેનું ખૂન થયેલું. એકંદરે શિલ્પ, સ્થાપત્ય, કલા અને સંસ્કારની ખીલવણીમાં નેબુચન્દનેઝારે નોંધાવેલો ફાળો જગતના પ્રાચીન ઇતિહાસમાં જ નહિ, અર્વાચીન ઇતિહાસમાં પણ અજોડ છે.

નેબુચન્દનેઝાર સમસ્ત મેસોપોટેમિયાનો સમ્રાટ હોઈને સ્વાભાવિક રીતે જ તે ઐર્દ્રનો પણ સ્વામી હતો. અને બેબીલોનના ખોદકામમાં મળી આવેલા જૂના અવશેષોમાં બેબીલોન નામ મળી આવતું નથી તે જોતાં એ શહેનશાહત પ્રાચીન નગર ઐર્દ્રના નામે ઓળખાતી હોય તે સંભવિત છે. આ પુરવાર કરી શકાય તો આપણો આર્દ્રપતિ નેબુચન્દનેઝાર ઠરે છે. અને તેમ હોવાનાં બીજાં પણ અનેક પ્રમાણ છે.

તે ભગવાન્ મહાવીર અને મગધપતિ શ્રેણિકનો સમકાલિક ઐર્દ્રપતિ છે.

મગધપતિ શ્રેણિક આર્દ્રરાજને પ્રથમ ભેટ મોકલાવે છે. અને તે સમયના જગતનો ઇતિહાસ તપાસતાં હિંદની બહાર બેબીલોન સિવાય એવું એક પણ મહારાજ્ય નથી કે જેને મગધપતિ ભેટ મોકલાવે.

પ્રભાસપાટણના તામ્રપત્રથી એ પુરવાર થયું છે કે તેણે ભગવાન નેમિનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. એટલે એ સંભવિત છે કે જ્યારે આર્દ્રકુમાર હિંદ ચાલી આવ્યો અને તેની પાછળ તેના પર દેખરેખ રાખવાને નીમેલા ૫૦૦ સામંતો પણ ભાગી આવ્યા, ત્યારે નેબુચન્દનેઝાર પુત્રની શોધમાં તેની પાછળ કાઠિયાવાડમાં આવ્યો હોય અને તેના પર જૈન ધર્મનો પ્રભાવ પડતાં તેણે તે ધર્મ અપનાવ્યો હોય.

ઉત્તરાવસ્થામાં નેબુચન્દનેઝાર કયો ધર્મ પાળતો હતો, તેનો હજી નિર્ણય થયો નથી. કેમકે, સાયરસના શિલાલેખોથી એ તો પુરવાર થયું છે કે બેબીલોનમાં વંશપરંપરાગત ચાલી આવતી મર્દુકની પૂજા અને બલિદાન આપવાની પ્રથા તેણે બંધ કરી હતી. ઉત્તરાવસ્થાના તેના પોતાના શિલાલેખોમાં તે પ્રજાને ઉદ્દેશીને જે ઢંઢેરો બહાર પાડે છે, તેમાં મર્દુક ઇત્યાદિને ' તમારા દેવો ' તરીકે ઓળખાવે છે. તેમજ બાઈબલના જૂના કરારમાં નેબુચન્દનેઝારની રાજકીય પ્રભુતાનો સ્વીકાર થયા છતાં તેને અને તેના વારસોને ભયંકર નાસ્તિક તરીકે ઓળખાવવામાં આવેલ છે તથા નેબુચન્દનેઝારે પોતે પણ જેરૂસલેમમાં લૂટ ચલાવેલી છે તે જોતાં તે યહૂદી ધર્મનો પણ ન હોતો. શરૂઆતમાં મર્દુકના તેણે બંધાવેલા ભવ્ય મંદિરથી એ તો નિશ્ચિત છે કે પુર્વાવસ્થામાં તે મર્દુકનો પૂજારી હતો; પણ ઉત્તરાવસ્થામાં પુત્રની દીક્ષા પછી તેણે જૈન ધર્મ સ્વીકારેલ હોવાનો વિશેષ સંભવ છે.

ઉત્તર વયમાં તેણે બેબીલોનમાં નવ ફુટ ઊંચી અને નવ ફુટ પહોળી એક સુવર્ણની પ્રતિમા બનાવરાવેલી. તે જ અરસામાં તેણે બંધાવરાવેલા પોતાના મુખ્ય પૂજન-મંદિરમાં એક મૂર્તિની સમીપ સાપનું અને બીજીની સમીપ સિંહનું બિંબ હતું. નેબુચન્દનેઝારે બંધાવેલા ઈસ્ટારના દરવાજાનો કેટલોક ભાગ તૂટી જવાથી તે ટૂકડાઓ બર્લીન અને કોન્સ્ટેંટીનોપાલનાં મ્યુઝિયમોમાં ઉપાડી જવાયા છે, પણ જે ભાગ હજી ત્યાં જળવાઈ રહ્યો છે, તેના પર વૃષભ, ગેંડો, ભુંડ, સાપ, સિંહ ઇત્યાદિ કોતરાયેલાં નજરે ચડે છે. બાઝ નગરના મંદિરમાંની મૂર્તિઓ બેબીલોનનાં પુરાણોમાં કે જૂના બાઇબિલમાં વર્ણવાએલ દેવોમાંથી કોઇને મળતી આવતી નથી. એટલે તેની પરખ ખોદકામના સંશોધકો હજી પણ કરી શકયા નથી. આ વસ્તુસ્થિતિ નેબુચન્દનેઝારે જૈન ધર્મ અપનાવ્યો હોય એ દલીલમાં ટેકારૂપ બનવા સાથે જ જૈન સંશોધકો માટે અભ્યાસનું ક્ષેત્ર ખુલ્લું કરે છે.

બેબીલોનના મહાકાવ્ય ' Epic of creation ' માં બેબીલોનનો એક રાજકુમાર પોતાના એક મિત્રની મદદથી સ્વર્ગમાં પહોંચવાનો પ્રયાસ કરે છે પરંતુ તે અધવચથીજ સરકી પડે છે એનું સૂચન છે– જે રૂપક અભયકુમારની પ્રેરણાથી આર્યાવર્ત પહોંચીને દીક્ષા લેવાની આર્દ્રકુમારની તમન્ના અને પાછળથી તેણે કરેલા દીક્ષાત્યાગને સમાંતર છે.

બેબીલોન હિંદ સાથે સાંસ્કારિક સંબંધથી તો ઈ. સ. પૂર્વે પચીશસોથી સંકળાએલ હોવાનું ઇતિહાસકારો કબૂલ રાખે છે. હમુરાબીના કાનુની ગ્રન્થ પર ભારતીય ન્યાયપ્રથાની સંપૂર્ણ અસર છે. સ્ત્રી પર વ્યભિચારનો આરોપ આવે ને સ્ત્રી તે આરોપને અદાલતમાં ખોટો ન ઠરાવી શકે, તો તેને યુફ્રેટીસ નદીમાં ડુબાડી દેવી અને છતાં એ પવિત્ર નદી એ સ્ત્રીને જીવતી બહાર કાઢે તો માનવું કે સ્ત્રી પવિત્ર છે, એ પ્રથા સ્ત્રીની પવિત્રતા, કડક સજા અને કુદરતી ચમત્કારથી નિર્દોષતા સિદ્ધ કરવાની ભરતીય ન્યાયશાસ્ત્રની પ્રણાલિકાને આભારી છે. તે ઉપરાંત પ્રાચીન પ્રવાસીઓની નોંધોના આધારે જાણી શકાય છે કે, ભરૂચ, ખંભાત ને સોપારાનાં બંદરો મારફત બેબીલોન ભારતવર્ષ સાથે ધમધોકાર વ્યાપાર પણ ચલાવતું હતું. બેબીલોનના શિલ્પ-સ્થાપત્ય પર પણ ભારતીય શિલ્પ-સ્થાપત્યની અસર છે.

આ રીતે આર્દ્રદેશ, આર્દ્રરાજ અને આર્દ્રકુમારનું ઐતિહાસિક સ્વરૂપ વિચારવાની સામગ્રી પૂરતા પ્રમાણમાં પડેલી છે. એ જ રીતે બીજાં પણ જૈન સાહિત્ય ગ્રન્થોનાં અનેક વિધાનો પર ઐતિહાસિક દૃષ્ટિએ પ્રકાશ ફેંકી શકીએ એવી સામગ્રી આપણે શોધી શકીએ છીએ. અને બીજા ધર્મોની જેમ જૈન ધર્મને પણ જગતવ્યાપી મહિમા અપાવવામાં આપણે આપણા અભ્યાસ અને બુદ્ધિનો ઉપયોગ કરી શકીએ છીએ. જો બુદ્ધિમાન વર્ગ એ રીતે ઉપયોગી થતો જણાશે, તો સમાજ એના પ્રત્યે જરા પણ ઉપેક્ષા દાખવી શકશે નહિ. *

❋

* આ લેખનો મુખ્ય ભાગ વાક્યે વાક્યે પ્રમાણો માગે છે, અને તેમ કરવા જતાં લેખ વધારે મોટો થવાનો ભય હોઇ, એ ભાગની તૈયારીમાં જે ગ્રન્થોનો કે પત્રોનો મુખ્ય આધાર લીધો છે તેની જ નોંધ અહીં રજુ કરેલ છે.

1. A History of Sumer and Akkad. 2. A History cf Babylon. 3. A History of Assyria—By L. W. King. 4. Seven Great Monarchy of the East-By Rawlinson. 5. Historians History of the World-માંનો બેબીલોન-વિભાગ. 6. Ur of the Chaldees-By Leonard Woolley. 7. Cambridge Ancient History. Vol. I. 8. Ancient Geography. 9. Jews & Jerusalam. 10. Encyclopaedia Britannica—માંથી આ લેખમાં વપરાએલ શબ્દોનો ભાગ. 11. ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર-પર્વ ૧૦. 12. The Times of India. 19-3-35. 13. Old Testament.

સિદ્ધ હેમચન્દ્રના અપભ્રંશ દૂહાઓ[1] ઉપર દૃષ્ટિપાત

લેખક : પ્રો. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ, એમ. એ., એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચન્દ્ર સૂરિની પ્રતિભા વ્યાકરણ, છંદ, અલંકાર, કોષ, મહાકાવ્ય, યોગશાસ્ત્ર વગેરે વાઙ્મયના સર્વ પ્રદેશોમાં સમાન સામર્થ્યથી વિહરી છે. એ સર્વમાં એમનું અર્પણ એટલું બધું મૂલ્યવાન છે કે એમના યુગે એમને કલિકાલસર્વજ્ઞના અપૂર્વ બિરુદથી વધાવ્યા હતા. એ સર્વ અંગો ઉપર દૃષ્ટિક્ષેપ કરવાનું અહીં પ્રસ્તુત નથી. હેમચન્દ્રાચાર્યની કૃતિઓની સવિસ્તર સમાલોચના વિદ્વાનોએ કરી છે તેમાંથી જિજ્ઞાસુને આચાર્યશ્રીની કૃતિઓ સંબંધી સંપૂર્ણ માહિતી મળશે.[2] આ લેખમાં તો હેમચન્દ્રાચાર્યના મહાન વ્યાકરણગ્રંથ[3] 'સિદ્ધ હેમચન્દ્ર'ના આઠમા અધ્યાયના ચોથા પાદમાં હેમચન્દ્રાચાર્યે સંગ્રહેલાં અપભ્રંશ પદ્યોનું[4] અછડતું અવલોકન કરવાનો પ્રયત્ન કર્યો છે.

આચાર્ય હેમચન્દ્રે પોતે જ આ અપભ્રંશ પદ્યો રચ્યાં હોવાનો સંભવ નથી. પ્રથમ તો એ બધાં પદ્યો છૂટાં મુક્તકરૂપનાં છે. આચાર્યશ્રીએ પોતે જ એ લખ્યાં હોત તો કદાચ એ કુમારપાલચરિતની માફક એકજ વિષયનું એમાં નિરૂપણ કરત. એની ભાષાની સરળતા અને વેધકતા પણ લોકકર્તૃત્વનું જ સૂચન કરે છે. એમાં વૈષ્ણવાદિ અન્ય ધર્મની પ્રશંસારૂપનાં[5] કેટલાંક પદ્યો છે, જે હેમચન્દ્રાચાર્યના કર્તૃત્વની સંભવિતતા ઓછી કરે છે. ત્રીજું અને સૌથી સબળ કારણ તો એ છે કે એમાં અમર્યાદ શૃંગારનાં એટલાં બધાં પદ્યો છે, અને એમાનાં થોડાંક તો એવાં ગ્રામ્ય પણ છે[6] કે એ હેમચન્દ્રાચાર્ય જેવા તપસ્વી યોગીજનની રચના ન જ હોઈ શકે.

---

૧ સિદ્ધ હેમચન્દ્રનાં અપભ્રંશ પદ્યો બધાં દૂહારૂપનાં નથી. એમાંનાં ઘણાં દૂહારૂપના છે અને એમની સંસ્કૃત છાયાને ઘણા જૂના સમયથી દ્વોધકવૃત્તિ એ નામ આપવામાં આવ્યું છે, તેથી લાક્ષણિક અર્થમાં આ પદ્યોને અહીં દૂહા નામ આપ્યું છે.

૨ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિની કૃતિઓની સર્વાંગીણ સમીક્ષા માટે જુઓ—

'હેમચન્દ્રાચાર્યની કૃતિઓ'–શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ–પ્રસ્થાન, ૧૯૯૫.

Kāvyānushasana–edited by Rasiklal Parikh and Prof. Athavale—Introduction.

૩ 'સિદ્ધ હેમચન્દ્ર' પૂરું થયું ત્યારે હાથીની અંબાડી ઉપર ફેરવીને રાજગ્રંથાલયમાં એની સ્થાપના કરવામાં આવી હતી. એના અધ્યયન માટે પાટણમાં એક મોટી અધ્યયનશાળા ખોલવામાં આવી હતી. ત્રણસો લહીઆઓ એની નકલો કરવાને રોકવામાં આવ્યા હતા. પરવર્તી વૈયાકરણોએ એ મહાગ્રંથનું અનુકરણ કર્યું છે. એની પુષ્કળ ટીકાઓ અને વૃત્તિઓ થઈ છે. એક સમકાલીન જૈન ઉદ્ધિત એને પાણિનિ કરતાં પણ ઊંચું સ્થાન અર્પે છે. આ સર્વ ઉપરથી સિદ્ધ હેમચન્દ્રની સમકાલીન પ્રસિદ્ધિનો કાંઈક ખ્યાલ આવશે.

૪ પૂર્વના અધ્યાયોમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ આપ્યું છે. આઠમા અધ્યાયમાં એમણે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રચ્યું છે, તે સર્વ પ્રાકૃત વ્યાકરણોમાં શ્રેષ્ઠ અને પ્રમાણભૂત મનાય છે. આઠમા અધ્યાયના ચોથા પાદમાં ૨૬૦ મા સૂત્રથી એમણે શૌરસેની, માગધી, પૈશાચી, ચુલિકાપૈશાચી અને અપભ્રંશ એ પ્રાકૃતના પ્રભેદોની–dialects ની વિશેષતાઓ દર્શાવી છે. એમાં અપભ્રંશની વિસ્તારથી–સૂત્ર ૩૨૯ થી ૪૪૩ સુધી–પરીક્ષા કરી છે, અને એના ઉદાહરણરૂપે એમણે અપભ્રંશ પદ્યો આપ્યાં છે.

૫ ત્રાસુ મહારિસિ એઉ મણઈ જઇ સુઇ-સત્થુ પમાણુ । માયહઁ ચલણ નવન્તાહં દિવિ દિવિ ગઙ્গા-ન્હાણુ ॥ (ચતુર્થ પાદ સૂત્ર ૩૯૯)

હરિ નચ્ચાવિઉ પઙ્ગણઇ વિમ્હઇ પાડિઉ લોઉ । એમ્વહિં રાહ-પઓહરહં જં ભાવઇ તં હોઉ ॥ (સૂત્ર ૪૨૦)

તોવિ દેહિ જાહિં કહિં વિ રાહી । કો સક્કઇ સંવરેવિ દૃઢ્ઢ-નયણા નેહિં પલુટ્ઠા ॥ (સૂત્ર ૪૨૨)

ગઙ્ગ ગમેપ્પિણુ જો મુઅઇ જો સિવ-તિત્થ ગમેપ્પિ । કીલદિ તિદસાવાસ-ગઉ સો જમ-લોઉ જિણોપ્પિ ॥ (સૂત્ર ૪૪૨)

૬ અમ્મિ પઓહર વજ્જમા નિચ્ચુ જે સંમુહ થન્તિ । મહુ કન્તહો સમરઙ્ગ-ણઇ ગય-ઘડ ભજ્જિઉ જન્તિ ॥ (સૂત્ર ૩૯૫)

સોણ્વા પર વારિઆ પુપ્ફવઈહિં સમાણુ । જગ્ગેવા પુણુ કો ધરઇ જઇ સો વેઉ પમાણુ ॥ (સૂત્ર ૪૩૮)

આ સર્વ કારણો લક્ષમાં લેતાં એમ લાગે છે કે હેમચન્દ્રાચાર્યે એમના યુગમાં લોકજિહ્વાએ વસી રહેલાં પદ્યો એકઠાં કરીને અહીં ઉદાહરણરૂપે મૂક્યાં છે.

આ પદ્યોમાં હૈમયુગની મનોરમ લોકકવિતા જળવાઈ રહી છે. એ કવિતાનું સ્વરૂપ કેટલીક રીતે વિલક્ષણ છે. આ બધાં પદ્યો લોકકવિતાની માફક મુક્તક રૂપનાં છે.[૧] એ મુક્તકોમાંથી ઘણાં બોધલક્ષી છે. અર્થાન્તરન્યાસ, દૃષ્ટાન્ત કે અન્યોક્તિરૂપે એમાં વ્યવહારજ્ઞાન સમાયેલું છે. છતાં એવી સચોટ, અર્થગર્ભ ઉક્તિવડે બોધ પ્રગટ કરાયો હોય છે કે એથી લેશમાત્ર રસક્ષતિ થતી નથી. લોકસુભાષિતોનું આ રહસ્ય છે.

આ મુક્તકોમાં પ્રધાનપણે શૃંગાર વીર અને શાંત રસ વિલસી રહે છે. શૃંગારનાં કાવ્યો તો પ્રત્યેક યુગના સાહિત્યમાં મળે છે—મધ્યકાલીન ગૂજરાતી કવિતામાં એ વિપુલ પ્રમાણમાં છે. છતાં આ અપભ્રંશ પદ્યોમાં જે શૃંગાર છે તેની અભિનવતા અને ચારુતા ખૂબ આકર્ષક લાગે છે. પણ આ પદ્યોમાં જે વીરરસનો બોધ ઊછળી રહ્યો છે એનો જુસ્સો, પ્રભાવ, આવેગ તો ખરેખર ભવ્ય છે. વીરરસનાં મુક્તકો તો આ પદ્યમાળાના મેર જેવાં છે. શાંતરસનાં થોડાંક મુક્તકો છે, પરંતુ તે શૃંગાર કે વીરરસનાં મુક્તકો પાસે ફીક્કાં લાગે છે.

આ સર્વ મુક્તકોનું એક ખાસ ધ્યાન ખેંચતું લક્ષણ એમની નરી સાહજિકતા, પારદર્શકતા, નિખાલસતા છે. શૃંગારનાં મુક્તકોમાં કોઈ સ્થળે શિષ્ટતાનો આડંબર નથી, સર્વત્ર મુક્ત શૃંગારશોભા વિસ્તરી રહે છે, છતાં અપવાદરૂપ એક બે પદ્યો સિવાય ભાગ્યેજ કોઈ પદ્યમાં ગ્રામ્યતા પ્રવેશી છે. વીરરસનાં પદ્યોમાં ઓજસભરી શબ્દઝડી વરસાવી નથી, છતાંય એની નિખાલસ ઉક્તિઓમાં એ યુગના શુરાતનનું જે ભવ્ય ચિત્ર સ્ફુરે છે એ સર્વથા વિરલ છે. અપભ્રંશ ભાષામાં પણ વીરરસનો પ્રભાવ અને તેજ અને શૃંગારનું કોમલ માર્દવ પ્રગટાવવાનું સામર્થ્ય છે એમ આ દૂહાઓ દર્શાવી આપે છે.

હવે એક પછી એક આ દૂહાઓનાં લક્ષણો વિસ્તારથી જોઈ એ.

સંસ્કૃત સુભાષિતોની માફક આમાંથી કેટલાંય પદ્યો અન્યોક્તિરૂપનાં કે દૃષ્ટાન્તગર્ભ છે, અને એમાંથી રમણીય વ્યવહારબોધ નિતરી રહે છે.[૨] થોડાંક ઉદાહરણો લઈ એ.

> गुणहिँ न संपइ कित्ति पर फल लिहिआ भुञ्जन्ति ।
> केसरि न लहइ कोड्डिअ वि गय लक्खेहिं घेप्पन्ति ॥ (ચોથો પાદ સૂત્ર ૩૩૫)

'ગુણોથી સંપત્તિ મળતી નથી, પરંતુ કીર્તિ જ મળે છે. ફળ તો (લોકો) નશીબમાં લખેલાંજ ભોગવે છે. સિંહની એક કોડીએ ઉપજતી નથી, ત્યારે હાથીઓ લાખેથી લેવાય છે.'

કોઈ વિદ્વાનને અનુલક્ષીને આ અન્યોક્તિ કહે છે કે વિદ્યા તો કીર્તિ જ મેળવી આપે છે, વિદ્યાથી સંપત્તિ પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખવી અયોગ્ય છે.

> साहु वि लोउ तडप्फडइ वड्डत्तणहो तणेण ।
> वड्डप्पणु परिपाविअइ हत्थिं मोक्कलडेण ॥ (ચોથો પાદ સૂત્ર ૩૬૬)

'સર્વ લોક મોટાઈને માટે ફાંફાં મારે છે; પણ, મોટાઈ તો મોકળા હાથથી (દાન કરવાથી) મળે છે.'

---

૧ કોઈકોઈવાર બે મુક્તકોનું યુગ્મ કે બેથી વધારે મુક્તકોનું ગુચ્છ પણ હોય છે.

૨ આવાં બોધગર્ભ સુભાષિતોને અનુલક્ષીને જ મમ્મટે કાવ્યનાં પ્રયોજનોમાં–ફલમાં વ્યવહારજ્ઞાનને ગણાવ્યું હશે એમ લાગે છે.

'મહત્તા તો ઉદારતાથી જ મળે સત્તાદિકથી નહીં એમ કોઈ શ્રીમંત કે સત્તાધીશને અહીં કહેવામાં આવ્યું છે.'

बप्पीहा कइं बोल्लिएण निग्घिण वार इ वार ।
सायरि भरिअइ विमलजलि लहहि न एक्कइ धार ॥ (સૂત્ર ૩૮૩)

'હે નિર્ઘૃણ—નિર્લજ્જ બપૈયા! તને વારેવારે કહેવાથી શું? વિમલજલથી ભરેલા સાગરે તને એકેય જલધારા મળવાની નથી.'

કોઈ યાચકને આ અન્યોક્તિમાં જણાવ્યું છે કે આ શ્રીમંત માણસ, જેની પાસે તું યાચે છે તે કંજુસ છે; તેની પાસેથી તારી યાચના સફળ થવાની નથી.

तिलहं तिलत्तणु ताउँ पर जाउँ न नेह गलन्ति ।
नेहि पणट्ठइ ते ज्जि तिल तिल फिट्टवि खल होन्ति ॥ (સૂત્ર ૪૦૬)

'તલનું તલપણું ત્યાં સુધીજ જ્યાં સુધી સ્નેહ-તેલ ન નીકળી જાય. સ્નેહ (તેલ; પ્રેમ) દૂર થતાં તેજ તલ તલ મટીને ખલ (ખોલ, દુર્જન) બની જાય છે.'

અહીં શ્લેષછાયાથી મૈત્રિમાં સ્નેહનું મહત્ત્વ દર્શાવ્યું છે. સ્નેહ જતાં મનુષ્ય ખલ બની રહે છે.

एत्तहे मेह पिअन्ति जलु एत्तहे वडवानल आवट्टइ ।
पेक्खु गहीरिम सायरहो एक्क वि कणिअ नाहीं ओहट्टइ ॥ (સૂત્ર ૪૧૯)

'અહીં મેઘ જલ પીએ છે, આ બાજુ વડવાનલ પ્રસરે છે; છતાં સાગરની ગંભીરતા તો જુઓ! એમાંથી જલની એક કણિકા પણ ઘટતી નથી.'

આ અન્યોક્તિમાં કોઈ ઉદાર દાનવીરનું કે શીળા સત્તાધીશનું વર્ણન કર્યું છે.

कहिँ ससहरु कहिँ मयरहरु कहिँ बरिहिणु कहिँ मेहु ।
दूर-ठिआहँ वि सज्जणहं होइ असड्ढलु नेहु ॥ (સૂત્ર ૪૨૨)

'ક્યાં ચંદ્ર અને ક્યાં સાગર, ક્યાં મોર અને ક્યાં મેઘ! સજ્જનો દૂર પડેલા હોય તો પણ એમની વચ્ચે અસાધારણ પ્રેમ હોય છે.'

આ અર્થાન્તરન્યાસમાં સજ્જનોના અકારણ અસાધારણ સ્નેહનું વર્ણન કર્યું છે.

सरिहिँ न सरेहिँ न सरवरेहिँ नवि उज्जाण-वणेहिं ।
देस रवण्णा होन्ति वढ निवसन्तेहिँ सुअणेहिं ॥ (સૂત્ર ૪૨૨)

'સરિતાઓથી, તળાવોથી, સરોવરોથી કે ઉદ્યાનવનોથી નહીં, પણ સુજ્જનોના નિવાસથી જ દેશ રમણીય બને છે, મૂર્ખ!' પાસાદાર રત્નશકલ જેવું મનોહર આ સુભાષિત છે.

આ મુક્તકોમાં શૃંગારનાં પદ્યોની સંખ્યા ઘણી છે. એમાં પણ સંયોગશૃંગાર કરતાં વિપ્રલંભનાં પદ્યો વધારે હૃદયંગમ છે. બંનેનાં થોડાંક ઉદાહરણો લઈએ.

अङ्गहिँ अङ्गु न मिलिउ हलि अहरे अहरु न पत्तु ।
पिअ जोअन्तिहे मुहकमलु एम्वइ सुरउ समत्तु ॥ (સૂત્ર ૩૨૨)

'હે સખિ, અંગથી અંગ ન મળ્યું, અધરે અધર ન મળ્યો; પ્રિયનું મુખકમલ જોતાં જોતાંજ સુરત સમાપ્ત થયું.' આ મુગ્ધા નાયિકાના મુગ્ધશૃંગારનો આ દાખલો છે.

અમ્મીએ સત્થાવત્થેહિં સુધિં ચિન્તિજ્જઇ માણુ ।
પિઅ દિટ્ઠે હલ્લોહલેણ કો ચેઅઇ અપ્પાણુ ॥ (સૂત્ર ૩૯૬)

'માતા, સ્વસ્થ અવસ્થામાં સુખથી માનનો–રીસાવાનો વિચાર કરી શકાય. (અહીંતો) પ્રિયને જોતાં તનમનાટમાં પોતાનો વિચાર જ કોણ કરી શકે છે?'

પતિરકતા મુગ્ધા પ્રિયમીલન સમયના પોતાના નિઃસીમ આનંદનું માતા પાસે આમ વર્ણન કરે છે.

બિમ્બાહરિ તણુ રયણ-વણુ કિહ ઠિઉ સિરિઆણન્દ ।
નિરુવમ-રસુ પિએં પિઅવિ જણુ સેસહો દિણ્ણી મુદ્દ ॥ (સૂત્ર ૪૦૧)

'બિમ્બાધરા સુંદરીનો ઓષ્ઠવ્રણ કેવો શોભે છે? જાણે પ્રિયતમે અધરનો નિરુપમ રસ પીને બાકીના ઉપર પોતાની મુદ્રા લગાવી છે.'

આ સુંદર ઉપમાથી સંયોગશૃંગારનું રમ્ય ચિત્ર રચ્યું છે.

મણ સહિ નિહુઅઉં તેવઁ મઇ જઇ પિઉ દિટ્ઠુ સદોસુ ।
જેવઁ ન જાણઇ મજ્ઝુ મણુ પક્ખાવડિઅં તાસુ ॥ (સૂત્ર ૪૦૧)

'હે સખિ, જો પ્રિયને દોષિત જોયો હોય તો મને (એવી) ગુપ્ત રીતે કહે કે જેથી એનામાં પક્ષપાતવાળું મારું મન એ ન જાણે.'

અમરુશતકની नीचैः शंस हृदि स्थितो हि ननु मे प्राणेश्वरः श्रोष्यति એ પંક્તિનું અહીં સ્મરણ થયા વગર રહેશે નહિ.

સાવ-સલોણી ગોરડી નવખી કવિ વિસ-ગણ્ઠિ ।
ભડુ પચ્ચલિઓ સો મરઇ જાસુ ન લગ્ગઇ કણ્ઠિ ॥ (સૂત્ર ૪૨૦)

'(આ) સર્વાંગસુંદર ગોરી તો કોઈ અનોખી વિષગ્રંથિ છે. (વિષગ્રંથિ જેને કંઠે લાગે તે મરે છે ત્યારે) ઊલટું આ જેને કંઠે લાગતી–વળગતી નથી તે વીર (વિરહથી) મરે છે.'

અહીં વક્રોક્તિથી મુક્તક આકર્ષક બન્યું છે. અહીં સુધી આપણે સંયોગશૃંગારનાં મુક્તકો જોયાં; હવે વિપ્રલંભનાં મુક્તકો જોઇએ. નાયિકાની વિરહાવસ્થા વર્ણવતા નીચેના દૂહાઓ ખૂબ હૃદયંગમ છે.

ચૂડુલ્લઉ ચુણ્ણીહોઇ સઇ મુદ્ધિ કવોલિ નિહિત્તઉ ।
સાસાનલજાલઝલક્કિઅઉ વાહસલિલસંસિત્તઉ ॥ (સૂત્ર ૩૯૫)

'હે મુગ્ધા, કપોલે રાખેલો તારો ચૂડો શ્વાસાગ્નિની જ્વાળાથી તપીને જલથી ભીંજાતાં જાતેજ તૂટી જશે.'

આ મુક્તકમાં વિરહિણીનું વિષાદપૂર્ણ ચિત્ર ખડું થાય છે.

વલયાવલિ-નિવડણ-ભએણ ધણ ઉદ્ધમ્મુઅ જાઇ ।
વલ્લહવિરહમહાદહહો થાહ ગવેસઇ નાઇ ॥ (સૂત્ર ૪૪૪)

'વલયો-કંકણ પડી જવાના ભયથી નાયિકા ઊંચે હાથ રાખીને જાય છે. જાણે એ પ્રિયતમના વિરહરૂપી મહાસરોવરનો તાગ લે છે!

જે મહુ દિણ્ણા દિઅહડા દઇએં પવસન્તેણ ।
તાણ ગણન્તિએ અઙ્ગુલિઉ જજ્જરિઆઉ નહેણ ॥ (સૂત્ર ૩૩૩)

'પ્રવાસે જતાં પ્રિયતમે મને જે દિવસો (ની અવધિ) આપ્યા હતા તે ગણતાં ગણતાં નખથી આંગળીઓ જર્જરિત થઈ ગઈ.'

પ્રવાસે ગએલા પતિની પ્રતીક્ષા કરીને થાકી ગએલી સ્ત્રીની આ ઉક્તિ છે.

जाइज्जइ तहिं देसडइ लब्भइ पियहो पमाणु ।
जइ आवइ तो आणिअइ अहवा तंजि निवाणु ॥ (સૂત્ર ૪૧૯)

'એ દેશમાં જઇએ જ્યાં પ્રિયતમનું પ્રમાણ–અભિજ્ઞાન મળે. જો એ આવે તો લઈ આવીએ, નહીં તો ત્યાંજ અવસાન પામીએ.'

વર્ષો પર્યંત પતિ ઘેર ન આવવાથી એને શોધવા જવાને ઇચ્છતી વિરહોત્કંઠિતા નાયિકાની આ ઉક્તિ છે.

जइ केवँइ पावीसु पिउ अकिआ कुड्ड करीसु ।
पाणिउ नवइ सरावि जिवँ सव्वङ्गे पइसीसु ॥ (સૂત્ર ૩૯૬)

'જો કેમેય પ્રિયને પામીશું, તો નહીં કરેલાં કૌતુક કરીશું : નવા માટીના પાત્રમાં જેમ પાણી પ્રવેશે છે તેમ પિયુના સર્વાંગમાં પ્રવેશીશું.'

પ્રવાસી પતિ ઘેર પાછો આવે તો એની સાથે વિવિધ પ્રેમકેલિ કરવાના મનોરથો એની પ્રિયતમા સેવી રહી છે.

वायसु उड्डावन्तिअए पिउ दिट्ठउ सहस त्ति ।
अद्धा वलया महिहि गय अद्धा फुट्ट तड त्ति ॥ (સૂત્ર ૩૫૨)

'વાયસ ઉડાવતી વિરહિણીએ પતિને એકદમ (પ્રવાસોથી પાછો) આવેલો જોયો. એનાં અર્ધાં કંકણ (પિયુને જોયા પહેલાં) હાથમાંથી સરીને જમીન ઉપર પડ્યાં, જ્યારે અર્ધાં (પતિના દર્શનના હર્ષાવેગથી શરીર પુષ્ટ થવાથી) તડ દઈને ફૂટી ગયાં.' વિરહિણીના પતિદર્શનનો આ પ્રસંગ છે.

હવે શાન્તરસનાં થોડાંક મુક્તકો ઉપર દૃષ્ટિપાત કરીએ. શાન્તરસનાં મુક્તકો સંખ્યામાં ઓછાં છે અને શૃંગાર અને વીરરસનાં મુક્તકોની સરખામણીમાં એ ફીક્કાં લાગે છે. થોડાંક ઉદાહરણો જોઇએ.

गिरिहे सिलायलु तरुहे फलु घेप्पइ नीसावन्नु ।
घरु मेल्लेप्पिणु माणुसहं तोवि न रुच्चइ रन्नु ॥ (સૂત્ર ૩૪૧)

'ગિરિ પાસેથી (સૂવાને માટે) શિલાતલ, અને તરુઓ પાસેથી (ખાવાને માટે) ફળો કોઈ ભેદભાવ વિના મળી શકે છે. છતાં મનુષ્યોને ઘર છોડીને અરણ્ય (માં નિવાસ કરવો એ) રુચતું નથી.'

અહીં વાનપ્રસ્થ જીવનનું સમર્થન કર્યું છે.

आयहो दड्ढकलेवरहो जं वाहिउ तं सारु ।
जइ उड्डब्भइ तो कुहइ अह डज्झइ तो छारु ॥ (સૂત્ર ૩૬૫)

'આ દુષ્ટ શરીરને તો જેમ કરયું હોય તેમ સારુ. જો ઢાંકી રાખીએ તો એ કોહી જશે, અને જો બાળીશું તો રાખ થઈ જશે.'

અહીં શરીર પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરીને વૈરાગ્યભાવના જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે.

एक्क कुडुल्ली पञ्चहिँ रुद्धी तहँ पञ्चहँवि जुअंजुअ बुद्धी ।
बहिणुए तं घरु कहि किँव नन्दउ जेत्थु कुडुम्बउँ अप्पणछन्दउँ ॥ (સૂત્ર ૪૨૨)

'એક કુટિર પાંચે રોકી છે, અને એ પાંચની પણ જુદી જુદી મતિ છે. હે બહેન, એ ઘર કહે કેમ સુખી થાય, જ્યાં બધું કુટુમ્બ સ્વચ્છંદી છે.'

અહીં પંચેન્દ્રિયવાળા શરીરને પાંચ જણથી વસેલી કુટિરનું રૂપક આપ્યું છે.

जिब्भिन्दिउ नायगु वसि करहु जसु अधिन्नइँ अन्नइँ ।
मूलि विणट्ठइ तुंबिणिहे अवसें सुक्कहिँ पण्णइं ॥ (સૂત્ર ૪૨૭)

'જિહ્વેન્દ્રિય, જે (સર્વની) નાયક છે અને જેને અન્ય ઇન્દ્રિયો અધીન છે તેને વશ કરો. તુંબીના વેલાનું મૂળ નાશ પામતાં પાંદડાં અવશ્ય સૂકાઈ જાય છે.'

અહીં નિદર્શના વડે સ્વાદજયનું મહત્ત્વ વર્ણવ્યું છે.

एक्कसि सील-कलंकिअहं देज्जहिं पच्छित्ताइं ।
जो पुणु खण्डइ अणुदिअहु तसु पच्छित्तें काइं ॥ (સૂત્ર ૪૨૮)

'એકવાર જેનું શીલ ખંડિત થયું છે તેને પ્રાયશ્ચિત દઈએ; પણ જે રોજરોજ શીલ ખંડિત કરે છે તેને પ્રાયશ્ચિત્તથી શું ?'

जेप्पि चएप्पिणु सयल धर लेविणु तवु पालेवि ।
विणु सन्तें तित्थेसरेण को सक्कइ भुवणे वि ॥ (સૂત્ર ૪૪૧)

'સકલ પૃથ્વી જીતીને ત્યાગવાને અને તપ લઈને પાળવાને શાન્તિનાથ તીર્થંકર સિવાય જગતમાં (બીજું) કોણ સમર્થ છે ?'

આ સર્વ પદ્યોમાં નિખાલસતા અને પારદર્શક સચ્ચાઈ છે કારણ કે એ લોકના હૃદયમાંથી સ્વયંભૂ પ્રગટેલી કવિતા છે. શૃંગારમાં એ મર્યાદા સ્વીકારતી નથી, કે વીરમાં એ આડંબર કરતી નથી, અને તેથીજ એ આપણાં હૃદયમાં સોંસરી ઊતરી જાય છે. બે ત્રણ ઉદાહરણોથી આ વિધાનની પ્રતીતિ થશે.

फोडेन्ति जे हियडउँ अप्पणउँ ताहँ पराई कवण घण ।
रक्खेज्जहु लोअहो अप्पणा बालहे जाया विसम थण[1] ॥ (સૂત્ર ૩૫૦)
अम्मि पओहर वज्जमा निच्चु जे संमुह थन्ति ।
महु कन्तहो समरङ्गणइ गय-घड भज्जिउ जन्ति[2] ॥ (સૂત્ર ૩૬૫)
सोएवा पर वारिआ पुप्फवईहिँ समाणु ।
जग्गेवा पुणु को धरइ जइ सो वेउ पमाणु ॥[3] (સૂત્ર ૪૩૮)

હવે છેલ્લા વીરરસનાં પદ્યો જોઇએ. વીરરસનાં મુક્તકો આ સર્વ પદ્યોમાં સહુથી આકર્ષક છે. એનો જુસ્સો, આવેશ આજે પણ પ્રેરણા આપે તેવાં છે. થોડાંક વીરરસનાં મુક્તકો જોઇએ.

संगरसएहिँ जु वण्णिअइ देक्खु अम्हारा कन्तु ।
अइमत्तहं चत्तंकुसहं गय कुम्भइं दारन्तु ॥ (સૂત્ર ૩૪૫)

'સેંકડો રણસંગ્રામોથી વર્ણવાય એવા અમારા કંથને અતિ પ્રમત્ત, નિરંકુશ બનેલા હાથીઓનાં કુંભ-સ્થળ વિદારતા જુઓ.'

અહીં કોઈ નાયિકા સખીને પોતાના સ્વામીના શૌર્યનો પરિચય કરાવે છે.

भल्ला हुआ जु मारिआ बहिणि महारा कन्तु ।
लज्जेज्जन्तु वयंसिअहु जइ भग्गा घरु एन्तु ॥ (સૂત્ર ૩૫૧)

૧આ પદ્યોમાં ઊંધાડો શૃંગાર હોવાથી એનું સંપૂર્ણ ભાષાન્તર ન આપતાં માત્ર કઠિન શબ્દોના જ અર્થ આપ્યા છે. ताहँ-તેમને, कवण-શી, घण-ઘ્યા, रक्खेज्जहु-રક્ષો, लोअहो-હે લોકો, अप्पणा-પોતાની જાતને, थण-સ્તન.

૨ अम्मि-હે માતા, पओहर-પયોધર, સ્તન, निच्चु-નિત્ય, संमुह-સંમુખ, સામે, कन्तहो-કંથની, गय-घड-ગજઘટા.

૩ पुप्फवईहिं-રજસ્વલાની, धरई-અટકાવે છે.

'બહેન, સારૂં થયું કે મારા કંથ મરાયા. જો એ ભાગીને ઘેર આવત તો હું સખીઓમાં લાજી મરત.'

આ વચનોમાં કેટલું ક્ષાત્રતેજ ઝળકી રહે છે ! શૂરી ક્ષત્રિયાણીના મુખમાંથી જ આવાં વચનો નીકળી શકે.

भग्गउँ देक्खिवि निअय-बलु बलु पसरिअउँ परस्सु ।
उम्मिल्लइ ससि-रेह जिवँ करि करवालु पियस्सु ॥ (સૂત્ર ૩૫૪)

'પોતાના સૈન્યને ભાગતું જોઇએ અને શત્રુના સૈન્યને આગળ વધતું જોઇએ પ્રિયતમના હાથમાં બીજની ચંદ્રલેખા જેવી તરવાર ઝળકી રહે છે.'

जइ भग्गा पारक्कडा तो सहि मज्झु पिएण ।
अह भग्गा अम्हहं तणा तो तें मारिअडेण ॥ (સૂત્ર ૩૧૯)

'જો પારકા-શત્રુઓ ભાગતા હોય તો તે હે સખિ, મારા પ્રિયતમના શૌર્ય વડેજ; અને જો અમારા સૈનિકો ભાગતા હોય તો તે એના મરાયાથીજ.'

અહીં પણ કોઈ સ્ત્રી સખી પાસે પોતાના સ્વામીના શૌર્યનું વર્ણન કરે છે.

आयहिँ जम्महिँ अन्नहिँ वि गोरि सु दिज्जहि कन्तु ।
गय मत्तहँ चत्तङ्कुसहं जो अब्भिडइ हसन्तु ॥ (સૂત્ર ૩૮૩)

'આ જન્મમાં અને બીજા જન્મમાં હે ગૌરીદેવી એવો કંથ આપો, જે ત્યક્તાંકુશ પ્રમત્ત હાથીઓની સામે હસતો હસતો જઇને આથડે છે-લડે છે.'

सामिपसाउ सलज्जु पिउ सीमासंधिहिँ वासु ।
पेक्खिवि बाहु-बलुल्लडा धण मेल्लइ नीसासु ॥ (સૂત્ર ૪૩૦)

'માલીકની મહેરબાની, (માલીક પાસે) શરમાળ સ્વામી, એમનો સીમાડાના પ્રદેશોમાં વાસ, અને એમનું બાહુબળ—એ સર્વ જોઇને પ્રિયા નીસાસો મૂકે છે.'

કોઈ યુદ્ધરત સ્વામીની વિરહિણી સ્ત્રી આમ અમંગલ ભાવિની કલ્પનાથી નીસાસો મૂકે છે.

पाइ विलग्गी अन्त्रडी सिरु ल्हसिउं खन्धस्सु ।
तो वि कटारइ हत्थडउ बलि किज्जउँ कन्तस्सु ॥ (સૂત્ર ૪૪૫)

'પગે આંતરડાં આવી ગયાં છે ને શિર કપાઇને ખભા ઉપર ઢળી પડ્યું છે તોપણ કટાર ઉપર જ જેનો હાથ છે એવા સ્વામી ઉપર હું વારી જાઉં છું.'

આ સર્વ ઉક્તિઓમાં સ્ત્રીઓ પોતાના પ્રિયતમના શૌર્યની સખી પાસે ગૌરવથી ઊભળકાભેર પ્રશંસા કરે છે. આથી આ પદ્યોમાં વીરની સાથે શૃંગારની છાયા ભળી છે, તેમની સાથે કોમલતા મળી છે. કોઈ કોઈ સ્થળે તો શૌર્યનું વર્ણન એવું લોકોત્તર છે કે એમાં વીરતા જેટલો જ અદ્‌ભુત પણ વિલસી રહે છે.

હવે પુરુષોની ક્ષેત્રણ ઉક્તિઓ જોઇએ.

अम्हे थोवा रिउ बहुअ कायर एम्व भणन्ति ।
मुद्धि निहालहि गयण-यलु कइ जण जोण्ह करन्ति ॥ (સૂત્ર ૩૭૬)

'અમે થોડા છીએ અને દુશ્મનો ઘણા છે એમ તો કાયરો કહે. મુગ્ધા, ગગનતલમાં જો કેટલા જ્યોત્સ્ના આપે છે ?'

અહીં ઘણા શત્રુઓ સાથે યુદ્ધ કરવાને તત્પર થયેલા વીર પુરુષને તેની સ્ત્રી રોકે છે તેનો એ ઉત્તર આપે છે.

खग्ग विसाहिउ जहिं लहहुं पिय तहिं देसहिं जाहुं ।
रण दुब्भिक्खे भग्गाइं विणु जुज्झें न वलाहुं ॥ (સૂત્ર ૩૮૩)

'જ્યાં તરવારનું કામ મળે એ દેશમાં પ્રિય જોઇએ. યુદ્ધના દુકાળથી હતાશ થયેલા આપણને યુદ્ધ વિના શાતા વળશે નહીં.'

અહીં કોઈ પુરુષ પોતાની સ્ત્રીને યુદ્ધ જ્યાં મળે એવા પ્રદેશમાં જઈને રહેવાની વાત કરે છે.

पुत्तें जाएँ कवणु गुणु अवगुणु कवणु मुएण ।
जा बप्पीकी भुंहडी चम्पिज्जइ अवरेण ॥ (સૂત્ર ૩૯૫)

'જો બાપદાદાની ભૂમિ પારકાઓ દબાવી બેઠા હોય તો પછી પુત્રના જન્મથી ગુણ શો અને એના મરણથી અવગુણ પણ શો ?'

આ દૂહામાં કેટલું વીરત્વ પ્રગટ થાય છે ? એ વીરત્વભર્યા પ્રાચીન કાળની સ્વાતંત્ર્યઝંખના આ મુક્તકમાં વ્યક્ત થાય છે.

हिअडा जइ वेरिअ घणा तो किं अम्बि चडाहुं ।
अम्हाहिं बे हत्थडा जइ पुणु मारि मराहुं ॥ (સૂત્ર ૪૩૯)

'હૃદય, જો આપણા વેરીઓ ઘણા છે તો શું આપણે આકાશમાં ચડવું ? આપણને પણ બે હાથ છે તો મારીને મરીશું.'

આવાં તો સંખ્યાબંધ મુક્તકો આ સંગ્રહમાં છે, જેમાં પદેપદે શુરાતન ઝળકી રહે છે. એમાંથી થોડાં જ આપણે ઉપર જોઈ શકયા છીએ.

આમ આપણે શ્રી હેમચંદ્રાચાર્યે સંગ્રહેલાં અપભ્રંશ પદ્યોમાંથી થોડીક વાનગી જોઈ ગયા, અને એના સ્વરૂપની અછડતી પરીક્ષા કરી. એ ઉપરથી એ યુગની વ્યવહારબુદ્ધિનો, શૃંગારભાવનાનો અને ઊછળતા શૌર્યોદ્રેકનો સારો પરિચય થાય છે. આ અપભ્રંશ દોધકોમાં સમકાલીન લોકજીવનનું જે સુરેખ પ્રતિબિંબ પડ્યું છે, લોકજીવનનો પ્રાણ એમાં જે સ્વરૂપે ધબકી રહ્યો છે, તે તો એ યુગના અન્ય કોઇપણ ગ્રંથમાં નહીં મળે—મહાકાવ્યોમાં યે નહીં અને પ્રબંધરાસાઓમાં પણ નહીં. એ દૃષ્ટિએ-લોકજીવનની ભાવનાઓના નિદર્શન તરીકે આ અપભ્રંશ પદ્યો અતીવ મૂલ્યવાન છે.

હેમચંદ્ર પોતાના સમયના પ્રતિષ્ઠિત સંસ્કૃત પંડિત હતા, શ્રમણગ્રામના અગ્રણી હતા અને એક શિષ્ટ લોકનેતા પણ હતા, તેથી એમણે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશરૂપ ત્રિવેણીનું સંગમસ્થાન બનાવ્યું છે. અપભ્રંશના ભાગમાં જે પદ્યભાગ આવ્યો છે, તે ભાષાશાસ્ત્રના ઇતિહાસમાં ખાસ સ્થાન લે એવો છે, અને એથી જ આપણે હેમચંદ્રના સમયની શિષ્ટ સાહિત્યભાષાને મેળવી શકીએ છીએ. હેમચંદ્રની પૂર્વે કેટલાય સૈકાથી સાહિત્યમાં શિષ્ટ લોકભાષા તરીકે અપભ્રંશભાષા જામી ગએલી હતી, છતાં ય એ પહેલાના કોઈ પણ વૈયાકરણે અપભ્રંશનું આવું સંપૂર્ણ અનુશાસન કર્યું જણાતું નથી. સંભવ એ છે કે આમ થવામાં શ્રમણપરંપરાની અને બ્રાહ્મણપરંપરાની વિશેષતા જ હેતુરૂપ હોય—બ્રાહ્મણ પંડિતો લોકોમાં સર્વદા અગ્નિની જેમ વંદ્ય રહ્યા છે અને શ્રમણગુરુઓ જીવનપ્રદ જલધરના જલની પેઠે સર્વત્ર મળી ગયા છે—આથી જ કદાચ બ્રાહ્મણ પંડિતોને સંસ્કૃત ભાષાનો આગ્રહ હોય અને શ્રમણગુરુઓને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ વગેરે ભાષાઓ પ્રત્યે સમભાવ હોય. —પંડિત બેચરદાસ.

યુદ્ધ : એક અચિરસ્થાયી જીવનતત્ત્વ

લેખક : **પરમાનંદ કુંવરજી કાપડીઆ,** બી. એ., એલએલ. બી.

તા. ૪–૮–૪૦ ના 'હરિજન'નાં ' War: a stage long outgrown ' એ મથાળા નીચે શ્રી. મહાદેવ હરિભાઈ દેસાઈનો એક અંગ્રેજી લેખ પ્રગટ થયો હતો. આ લેખમાં ડૉ. નિકોલાઈ નામના એક જર્મન વિજ્ઞાનશાસ્ત્રીએ લખેલા ' Biology of War ' 'પ્રાણીવિજ્ઞાનની દૃષ્ટિએ યુદ્ધ' એ નામના પુસ્તકનો સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો હતો.

ડૉ. નિકોલાઈની જીવનકથા એવી છે કે તેઓ ૧૯૧૪ ની સાલમાં બર્લીન યુનીવર્સીટીના અધ્યાપક હતા અને જર્મન કૈસરના કુટુંબના રાજવૈદ્ય હતા. તેમણે ૧૯૧૫માં લડાઇ ઉપર કેટલાંક વ્યાખ્યાનો આપેલાં. તેમાં તેમણે જર્મનીની યુદ્ધનીતિ ઉપર ખૂબ ટીકાઓ કરેલી. તેના પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને જેલવાસી બનાવવામાં આવ્યા. જેલમાં એહાં એહાં તેમણે ' Biology of War ' લખ્યું અને તે લખાણની નકલ જેલમાંથી વટાવીને તેમણે સ્વીટ્ઝર્લેન્ડ મોકલી આપી, જ્યાં તે પ્રસિદ્ધ કરવામાં આવ્યું. ત્યાર બાદ જેલમાંથી તેઓ છૂટ્યા; વળી પાછા ૧૯૧૭ માં પકડાયા અને તેમને પાંચ માસની શિક્ષા થઈ. મો. રોમાં રોલાં ડૉ. નિકોલાઇના ઉપર જણાવેલા ગ્રંથ ઉપર ખૂબ મુગ્ધ બન્યા અને એ ગ્રંથમાં રજુ કરવામાં આવેલા યુદ્ધવિરોધી કેટલાક મૌલિક વિચારો તરફ યુરોપની દુનિયાનું ખાસ ધ્યાન ખેંચ્યું. ડૉ. નિકોલાઈ માત્ર ડૉકટર કે વિજ્ઞાનશાસ્ત્રી ન હોતા પણ એક નામી તત્વવેત્તા પણ હતા. તેવી જ રીતે સાહિત્ય અને સમાજશાસ્ત્રના પણ તેઓ ભારે જાણકર હતા. ડૉ. નિકોલાઈનું માનવું હતું કે છેલ્લા યુરોપીય વિગ્રહની જવાબદારી સર્વ પ્રજાઓને ભાગે પડતી જાય છે; પણ તેમનો સંબંધ તો જર્મની સાથે જ હતો અને તેમણે જે કાંઈ લખ્યું હતું તે પણ પોતાની પ્રજાને ઉદ્દેશીને જ લખેલું હતું. તેથી છેલ્લો વિગ્રહ નોતરવામાં જર્મનીની કેટલી મોટી જવાબદારી હતી તે બાબત ઉપર તેમણે ખૂબ ભાર મુકયો હતો. જર્મની બોલે છે એક વાત; કરે છે બીજી વાત; સિદ્ધાન્તમાં આકાશ સુધી ઊડે છે, વ્યવહારમાં કેવળ ભૌતિક બની બેસે છે. તત્વચિન્તનના પ્રદેશમાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપે છે, રાજ્યકારણના વ્યવહારક્ષેત્રમાં એ આખું વાણીસ્વાતંત્ર્ય ઝુંટવી લે છે. જર્મનીની આવી શોચનીય પરસ્પરવિરોધી પરિસ્થિતિ તરફ જર્મન પ્રજાનું તેમણે ખૂબ ધ્યાન ખેંચ્યું. પરિણામે તેમને વર્ષો સુધી જેલવાસ ભોગવવો પડ્યો.

તેમના ઉપર જણાવેલા ગ્રંથનો સાર ભાગ મૉ. રોમાં રોલાંએ પોતાના 'Forerunners' નામના પુસ્તકમાં પ્રગટ કર્યો હતો. એ લેખ ઉપરથી શ્રી. મહાદેવભાઇએ હિન્દુસ્થાનનો વર્તમાન યુદ્ધ સાથે કેવા પ્રકારનો સંબંધ હોઈ શકે તે પ્રશ્નને ઉદ્દેશીને અને ખાસ કરીને અંગ્રેજ સરકારને અમુક શરતો ઉપર આજના યુદ્ધમાં સહકાર આપવાને લગતા મહાસભા સમિતિના પુનાના ઠરાવને લક્ષમાં રાખીને પ્રસ્તુત લેખ–' War: a stage outgrown '—લખ્યો હતો. એ લેખ ઉપરથી ડૉ. નિકોલાઇના સૈદ્ધાન્તિક વિચારોનું સળંગ નિરૂપણ તારવીને નીચેનો લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

*　　*　　*

અનેક માનવીઓના કશા પણ મેળ વિનાના અથવા તો પરસ્પર સંબંધ વિનાના સમુહને આપણે માનવજાતિ તરીકે ઓળખીએ છીએ. પણ આપણી આ માન્યતા ખોટી છે,

આખી જનતા એક સળંગ વ્યક્તિત્વ ધરાવતી સંસ્થા છે. એક જીવન્ત વિરાટ શરીર છે અને તે આખામાં એક સર્વસાધારણ ચેતના વ્યાપેલી છે. તે સદા પરિવર્તનશીલ અને પ્રગતિશીલ છે. એક માનવીના જીવનની માફક જુદી જુદી કાળકોટિ દરમિયાન તે વિરાટ શરીરમાં ચોક્કસ ચોક્કસ પ્રકારનાં વળણો ઉદ્ભવ પામે છે, માનવજાતિના વિકાસમાં ચોક્કસ ભાગ ભજવે છે અને નિયત ભાગ સિદ્ધ થતાં તે વળણો ધીમે ધીમે શીખી જાય છે અને વિકાસક્રમની કોટિને સહાયક નવાં વળણો પાછાં જન્મ પામે છે.

યુદ્ધ પણ આવું જ એક સમગ્ર માનવજાતિના માનસમાં વ્યાપી રહેલું પ્રકૃતિગત વળણ છે. યુદ્ધ માનવજાતિના બંધારણમાં રહેલી એક પ્રકારની સંજ્ઞા (Instinct) છે. પણ યુદ્ધ સંજ્ઞા છે એટલા કારણે તે સારી છે અથવા તો પ્રગતિ તરફ લઈ જનારી છે એમ ન જ કહી શકાય. પતંગિયું દીવાની ઝાળમાં સ્વભાવગત સંજ્ઞાથી પ્રેરાઈને જ પડે છે. પણ એ સ્વભાવગત સંજ્ઞા તેના વિનાશનું નિમિત્ત બને છે અને તેથી જ તે સંજ્ઞા તેના માટે વિપથગામિની બને છે. જ્યાં સુધી સૂર્ય એકલો જ જગતને ગરમી અને પ્રકાશ આપનાર ગોળો હતો અને અન્ય પ્રકારના અગ્નિનો પરિચય જીવન્ત સૃષ્ટિને નહોતો થયો ત્યાં સુધી એ સંજ્ઞા પતંગિયા માટે પ્રાણદાયિની અને કલ્યાણકારિણી હતી, પણ ત્યાર પછી તો અગ્નિનો ઉપયોગ શરૂ થયો અને રાત્રિના વખતે ઘરઘરમાં દીવાઓ પેટાયા. આમ છતાં પતંગિયાઓને દીવાઓના અસ્તિત્વ સાથે પોતામાં રહેલી પ્રકાશ તરફ સદા ખેંચાતા રહેવાની સંજ્ઞાને અનુકૂળ ક્રમ બનાવવી તે કદી ન સૂઝયું; આસપાસની પરિસ્થિતિ પલટાણી અને વિકસી, પણ પતંગિયાની સંજ્ઞા મૂળ સ્વરૂપમાં જ કાયમ રહી. પરિણામે એજ પ્રાણદાયિની સંજ્ઞા આજે તેના વિનાશનું જ નિમિત્ત બની રહી છે. એ આપણે જરૂર કબુલ કરવું જોઈએ કે જ્યારે કોઈ પણ જીવયોનિમાં અમુક પ્રકારની ચોક્કસ સંજ્ઞાનો જન્મ થાય છે, ત્યારે તો તે સંજ્ઞાની તેના જીવનવિકાસ અર્થે ચોક્કસ ઉપયોગિતા હોય જ છે. લડવાની વૃત્તિ વિષે પણ આ જ અનુમાન બરોબર હોવા સંભવ છે, પણ તે ઉપરથી આપણે એમ ન જ કહી શકીએ કે આમ પરસ્પર લડવાની વૃત્તિ આજે પણ માનવીને ઉપયોગી છે. સંજ્ઞા, વૃત્તિ, પ્રકૃતિમાં ઊભી થયેલી ખાસિયત ભારે ચીકણી હોય છે અને જે સંયોગોએ તેને ઉત્પન્ન કરી હોય તે સર્વ સંયોગો બદલાઈ જાય તો પણ તે સંજ્ઞા, વૃત્તિ કે ખાસિયત એના એજ સ્વરૂપે જીવતી અને જાગતી રહે છે. દાખલા તરીકે શિયાળ તેની વિષ્ટા ઉપરથી તેને કોઈ શોધી ન કાઢે તે હેતુથી પ્રેરાઇને પોતે કરેલા વિષ્ટાને હમેશાં ધુળથી ઢાંકી દે છે. આ તેની એક ખાસિયત છે. કુતરો શિયાળની જાતિમાંનું જ પ્રાણી છે. ફરક એટલો કે શિયાળ જંગલમાં રહે છે; કુતરો માનવીઓના વસવાટમાં જ વસે છે. આમ છતાં પણ તેની પ્રકૃતિગત ખાસિયત અનુસાર કુતરો પણ જ્યારે જ્યારે વિષ્ટા કરે છે ત્યારે ત્યારે જમીન ખોદીને તેને ઢાંકવાનો પ્રયત્ન કરે છે. કુતરાની બાબતમાં એ અભ્યાસ અર્થ વિનાનો–હેતુ વિનાનો–હોય છે. સંયોગો બદલાય તે મુજબ પોતાનાં પ્રાકૃતિક વળણો નહિ બદલવાના કારણે નીચેની કોટિની અનેક જીવયોનિઓ આજે લુપ્ત થઈ ગઈ છે. માણસજાતિ પણ શું પોતાને સદીઓથી વારસામાં મળેલાં વળણો બદલવાની ઇચ્છાશક્તિના અભાવે આત્મવિનાશને નોતરશે ? તે પોતાનાં વળણો બદલી શકે છે–જો ઇચ્છે અને નિશ્ચય કરે તો જરૂર ફેરવી શકે છે. માત્ર માણસજાતમાં જ ઇચ્છાશક્તિ રહેલી છે અને તેથી જ તે હંમેશાં ભૂલોને પાત્ર રહેલ છે. પણ આ ભૂલો કરવાની શક્યતારૂપી શ્રાપ માણસજાતની સ્વાધીનતા–સ્વતંત્રતાનું જ પરિણામ છે અને તેમાંથી જ પ્રત્યેક માનવીને પ્રાપ્ત થયેલી શિખવાની, સુધરવાની અને પોતાની આખી જાતનું પરિવર્તન કરવાની કલ્યાણકારી શક્તિનો જન્મ થાય છે.

લડવાની વૃત્તિ માનવીમાનસની વિકૃતિ છે, તે કોઈ તેની ખાસ વિશેષતા નથી. માણસને નહોર નથી, પંજા નથી, શીંગડાં નથી. ખરી નથી. આ રીતે માણસ પોતાનું રક્ષણ કરવા માટે સર્વ પ્રાણીઓથી

ઓછું શારીરિક સામર્થ્ય ધરાવે છે. પશુઓને જમીન ઉપર પોતાની જાતને ટેકાવવાને ચાર પગની જરૂર પડે છે. માણસ બે પગથી જમીન ઉપર ઊભો રહેતો થયો એટલે તેના બે હાથ નવરા પડ્યા અને તેથી બીજી વસ્તુઓ પકડવા તરફ દોરાયા. પરિણામે તેણે જાત જાતના ઓજારોનો ઉપયોગ શરૂ કર્યો અને તે રીતે માનવીના હાથ તેની ભાવી પ્રગતિ અને મહત્તાનાં પ્રતીક બન્યા.

વિગ્રહ, મીલકત અને ગુલામી સાથે સાથે ચાલનારાં તત્ત્વો છે, કારણ કે તે ત્રણેનો ઉપાયોગ અન્ય માનવીના શ્રમનો પોતાના કાજે લાભ ઉઠાવવામાં અથવા તો અન્ય માનવીના શ્રમફળને લૂટી લેવામાં જ રહેલો છે. યુદ્ધમાં જે કોઈ પ્રજા હારે તેના માથે અમુક રકમ આપવાની અથવા તો અમુક દ્રવ્યસામગ્રી પૂરી પાડવાની ફરજ પાડવામાં આવે છે તે પરાજિત શત્રુપક્ષના શ્રમફળનો જ અમુક ભાગ લૂંટવા બરોબર છે. જ્યારે આપણે લડાઈ નો બચાવ કરતા હોઈએ ત્યારે આપણે કબુલ કરવું જોઈએ અને જાહેર કરવું જોઇએ કે આપણે ગુલામી પ્રથાનું જ સમર્થન કરી રહ્યા છીએ.

આજ કાલ એક એવો વાદ ચાલી રહ્યો છે કે આ દુનિઆની ખાદ્યખોરાકીની સામગ્રી તો પરિમિત છે અને માણસોની વસ્તી વધતી જાય છે. આ કારણે માણસનો જીવનકલહ દિન પ્રતિ દિન વધતો જાય છે અને તેમાં બળિયો નિર્બળને ધક્કા મારીને પોતાનો માર્ગ કરતો જાય છે. આ દુનિયામાં જે જાતિ જીવવાની સૌથી વધારે લાયકાત ધરાવે છે, તે જાતિ ટકે છે અને નિર્બળ અને અસમર્થ જાતિઓ લુપ્ત થતી જાય છે. આ વાદનો મૂળ સંચાલક ડાર્વીન છે. તેના મતે આ દુનિયામાં અવારનવાર ઉપસ્થિત થતા માનવવિગ્રહો પણ ચોતરફ વ્યાપી રહેલા જીવનકલહનું જ સ્વાભાવિક પરિણામ છે અને એ જ રીતે કુદરત નિર્બળનું ઉચ્છેદન અને સબળનું સ્થાપન કરે છે. આ આખી વિચારસરણી ભારે ભૂલભરેલી છે. જીવનકલહના ભિન્ન ભિન્ન પ્રકારોમાં યુદ્ધ અર્થ વિનાનો, બેવકુફી ભરેલો, અને સૌથી વધારે ઘાતક પ્રકાર છે. આપણી દુનિયાને કેટલી સૂર્ય-શક્તિ (solar energy) લભ્ય છે તેનો અડસટ્ટો કાઢતાં આધુનિક વિજ્ઞાન જણાવે છે કે આજની આખી સજીવ સૃષ્ટિ લભ્ય સૂર્યશક્તિના વીશ હજારમા ભાગનો પણ ઉપયોગ કરતી નથી. આ તો આપણી તરફ રોટલાના ઢગના ઢગ પડ્યા હોય અને એક રોટલાના ટુકડા ખાતર આપણે કોઈ ભિક્ષુકને મારી નાખીએ તેના જેવી જ કોઈ વિચિત્ર ઘટના છે. માણસજાતને ખેડવાને પાર વિનાનાં ક્ષેત્રો છે અને માણસે ખરું યુદ્ધ તો કુદરત સાથે કરવાનું છે. બીજાં બધાં યુદ્ધો આપણા મુખ્ય ધ્યેયથી આપણને દૂર લઈ જાય છે અને દારિદ્રય અને વિનાશને નોતરે છે. જો માણસ કુદરતમાં ભરેલી અખૂટ સામગ્રીનો ઉપયોગ કરવા પાછળ યુદ્ધવૃત્તિને પોષક પોતાની સર્વ શક્તિઓ ખરચે તો તે પોતે તો આ દુનિયામાં સુખ-પૂર્વક રહી શકે, એટલું જ નહિ પણ અન્ય કરોડો આદમીઓને પણ આ દુનિયામાં સુખે રહેવા જીવવાનો અવકાશ મળે. યુદ્ધ–સંગ્રામ–જરૂરી છે, પણ તે માણસ માણસ વચ્ચેનો નહિ. કુદરતની પાછળ પડીને તેનાં અનેકવિધ બળો અને શક્તિઓને જનતાના સુખ, સ્વાસ્થ્ય અને કલ્યાણ વધારવા તરફ વાળવામાં રહેલો સંગ્રામ જ ખરો જરૂરી છે. આ સર્જક સંગ્રામ તો હજુ બહુ જ અલ્પાંશે લડાયો છે. આ સંગ્રામમાંથી આજ સુધી કદી કલ્પનામાં આવેલ ન હોય એવા વિજયની અને સુન્દર પરિણામોની આશા રાખી શકાય છે.

કુદરત સાથેના યુદ્ધમાંથી નીપજતી વૈજ્ઞાનિક શોધો બે પ્રકારની હોય છે. એક વિનાશક, બીજી સર્જક. જે શોધ માણસની સંહારશક્તિ વધારે તે વિનાશક શોધ કહેવાય. જે શોધ વડે માણસનાં સુખ સગવડ અને સ્વાસ્થ્ય વધે તે સર્જક શોધ કહેવાય. દાખલા તરીકે પ્રોફેસર હેબ્રે વિનાશક બોંબ શોધવા પાછળ જ પોતાની સર્વ જ્ઞાનશક્તિનો ખર્ચ કર્યો અને એમીલ ફીશર નામના રસાયણશાસ્ત્રીએ યાંત્રિક

યોજના વડે સાકર બનાવવાની રીત શોધી કાઢી. એક માનવીએ સંહારને ઉત્તેજન આપ્યું. બીજાએ માનવી જીવનની મધુરતામાં વધારો કર્યો.

વિજ્ઞાનની શોધો વડે આજનાં યુદ્ધોએ ભારે વ્યાપક અને અઘોર સંહારક સ્વરૂપ પકડ્યું છે પણ એથી કોઈએ હતાશ બનવાનું કારણ નથી. પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરતાં એક એવો નિયમ આપણી જાણમાં આવે છે કે પશુવર્ગની કેટલીયે જાતિઓ સૈકાઓ દરમિયાન ઉત્તરોત્તર વિપુલ દેહ અને શરીર સામર્થ્યવાળી બનતાં બનતાં એકાએક જ્યારે હંમેશાને માટે લુપ્ત થાય છે ત્યારે તે જાતિના પ્રાણીઓએ અસાધારણ કદ અને શરીરબળ પ્રાપ્ત કર્યાં હોય છે. આવું જ લડાઈને વિષે છે. પૂર્વ કાળની લડાઈઓમાં જે સુન્દર, મોહક અને વીરતાપ્રેરક વિશેષતાઓ હતી તે બધી આજે અદૃષ્ય થઈ ગઈ છે. તે વખતનું આનંદભર્યું તંદુજીવન આજે ગયું છે. તે સમયના ભવ્ય લશ્કરી પોષાકો આજે જોવામાં આવતા નથી. દ્વંદ્વ યુદ્ધો પણ ભૂતકાળમાં સમાઈ ગયા છે. યુદ્ધને લગતાં આકર્ષક સર્વ તત્ત્વો આજે લુપ્ત થયાં છે. જુના વખતનો પ્રાણપ્રેરક સંગ્રામ આજે મૃતપ્રાય બની ગયો છે. સંભવ છે કે યુદ્ધ હજુ પૂરતા વિરાટ સ્વરૂપને પહોંચી ચુકયું ન હોય. આજના (૧૯૧૪થી ૧૯૧૮ સુધીના) યુરોપીય વિગ્રહમાં હજુ તટસ્થ રાજ્યો ઊભાં છે અને સંભવ છે કે હવે પછી એક એવું યુદ્ધ આવે કે જેમાં એક પણ દેશ, એક પણ પ્રજા યુદ્ધથી તટસ્થ રહી ન શકે અને આખી દુનિયાએ યુદ્ધમાં એક સાથે ઝંપલાવ્યું હોય. જો એમ બને તો એ ખરેખર છેલ્લું જ યુદ્ધ હશે. જેવી રીતે છેલ્લામાં છેલ્લું સોરીઅન (આ દુનિયામાંથી લુપ્ત થયેલી એક પશુ જાતિનું હાથી કરતાં પણ ઘણા વધારે મોટા કદવાળું પ્રાણી) આ દુનિયાનું મોટામાં મોટું પ્રાણી હતું, તેવી જ રીતે આ દુનિયાનું આગામી આખરી યુદ્ધ ખરેખર સૌથી મોટું અને ભયાનકમાં ભયાનક હશે. આજની સંહારક વૈજ્ઞાનિક શક્તિ અને રચનાઓ વડે યુદ્ધ શક્ય તેટલા વિરાટ સ્વરૂપને પહોંચી ચુકયું છે. હવે તો એ શક્તિ અને રચનાએ યુદ્ધને જ મારી નાખવાનું રહે છે.

લડાઇને લીધે આ દુનિયામાં પોતાનું અસ્તિત્ત્વ ચાલુ રાખવાની લાયકાત ધરાવતી પ્રજાઓનો માર્ગ મોકળો થાય છે–લડાઈ આક્રમણકારી હોય છે તેમ આત્મરક્ષણને અર્થે પણ પ્રજાને લડવાની ફરજ પડે છે–લડાઈમાં માનવતાનું તત્વ દાખલ કરી શકાય તેમ છે લડાઈ જાતીય નિર્ભેળપણું–Racial Purity ટકાવી રાખવા માટે ઉપયોગી છે–આ બધી ભ્રમણાઓ છે–અને એમાં છેવટની ભ્રમણા તો ભારે ભયાનક અને અનર્થકારક છે. આજે એક પણ શુદ્ધ નિર્ભેળ–જાતિ છે અથવા તો ' શુદ્ધ યુરોપિયન ' એવી કોઈ જાતિ છે એમ માનવાને કશું જ કારણ કે સાબિતી નથી.

વળી આજે રાષ્ટ્રીયતાનો કે સ્વદેશાભિમાનનો પણ ભારે અનર્થ થઈ રહ્યો છે. ખરી રીતે એ માણસ જ સાચો દેશભક્ત ગણાય કે જે પોતાના દેશનાં સારાં તત્વોને ચાહે અને જે ખોટું હોય તેનો સામનો કરે. આજની કલ્પનામાં તો એજ દેશભક્ત ગણાય છે કે જે પોતાની પ્રજાની સારી નરસી સર્વ વિશેષતાઓ વિષે પક્ષપાત ધરાવે છે. જેમ માણસનું ચારિત્ર નબળું તેમ તેનું સ્વદેશાભિમાન વધારે ઉત્કટ અને આવેશમય હોય છે. જો કોઈ પણ એક બેવકુફ માણસ તેની જેવા બીજા લાખો માણસો એકઠા કરીને દેશમાં પોતાની બહુમતી ઊભી કરી શકે છે, તો તે માણસ ગજ ગજ ઉછળે છે. પ્રજામાં સ્વતંત્ર રીતે વિચાર અને વર્તન કરતી વ્યક્તિઓ જેમ ઓછી તેમ તે પ્રજાનું દેશાભિમાન વધારે ઉગ્ર જોવામાં આવે છે પણ દેશ દેશની આવી પરસ્પર વિરૂદ્ધ પરિસ્થિતિ દેશાભિમાનનો છેલ્લો ભડકો છે એમ આપણે સમજી લેવું જોઇએ. સંકુચિત દેશાભિમાનના દિવસો ગયા છે. દુનિયાની બદલાયેલી પરિસ્થિતિ નવી સમસ્યાઓ અને નવાં દૃષ્ટિકોણ ઊભાં કરે છે. સમગ્ર માનવજાતના જીવન્ત એકીકરણ પ્રત્યે આપણે સૌ ખેંચાઈ રહ્યા

છીએ. આજના વાવંટોળ અને તોફાનની ઝાડીઓ પાછળ એક મહાન માનવસંસ્થાના સ્વાસ્થ્ય, એકતા અને શાન્તિ ભર્યા ઊગમનું આછું દર્શન થઈ રહ્યું છે.

આવી વ્યાપક માનવતાનો–વિશ્વબંધુત્વનો–અનુભવ કરાવવો એ બૌદ્ધધર્મનું ધ્યેય હતું, ખ્રીસ્તી ધર્મનું પણ ધ્યેય હતું. પણ બૌદ્ધધર્મ કાલાન્તરે સંકુચિત બનતો ગયો અને પોતાનું ધ્યેય પાર પાડવામાં નિષ્ફળ નીવડ્યો. ખ્રીસ્તી ધર્મને પણ જ્યારથી રાજકારણ સાથે જોડવામાં આવ્યો ત્યારથી તેની મહત્તા–વિશાળતા–લોપાવા માંડી. જે જીવનદર્શન એ બન્ને ધર્મના પ્રણેતાઓને હતું, તે જીવનદર્શનને આજે આપણે પુનઃ માનવજાતના હૃદયમાં વિકસાવવું રહ્યું અને વસુધાવ્યાપી એકતાનું દુનિયાની ભિન્ન ભિન્ન પ્રજાઓને સાચું ભાન કરાવવું રહ્યું.

આ એકરૂપતા કેવળ ખ્યાલી કે કલ્પનાની વસ્તુ નથી. તે નક્કર સત્ય છે. આપણે સૌ જાણીએ અને માનીએ છીએ કે માબાપમાં રહેલું ચોક્કસ જીવનતત્ત્વ બાળકોમાં ઊતરે છે અને તે બાળકોમાં ઊતરેલું જીવનતત્ત્વ તેમની પ્રજામાં નીતરતું ચાલે છે. આ રીતે ચોક્કસ જીવનતત્ત્વો પેઢી દર પેઢી ફેલાયા જ કરે છે. આ રીતે વિચારતાં આપણને લાગ્યા વિના નહિ રહે કે દુનિયાના સર્વે માનવીઓ કોઈ એક સમાન અને સર્વસાધારણ જીવનતત્ત્વથી નિકટપણે જોડાયેલા અને સંકળાયેલા છે. એમ ગણતરી કરવામાં આવે છે કે ધારો કે એક માનવી યુગલને ત્રણ બાળકો હોય તો એકવીશમી પેઢીએ પાંચસો વર્ષના ગાળામાં આ મૂળ માનવી યુગલનો સંતતિવિસ્તાર આખી દુનિયાની માનવસંખ્યા જેટલો વિપુલ બની જાય. આ ઉપરથી આપણે એમ કહી શકીએ કે એ પાંચસો વર્ષના ગાળામાં થઈ ગયેલા માનવીઓમાં અને આપણામાં એક સમાન જીવનતત્ત્વ રહેલું છે. તેથી કોઈ એક વ્યક્તિને ચોક્કસ પ્રજા કે જાતિમાં મર્યાદિત કરવી એ કેવળ બેવકુફી છે.

જેવી રીતે જીવનતત્ત્વનો વિચાર કર્યો તેવી જ રીતે વિચારતત્ત્વ પેઢી દર પેઢી ઊતરતું, નીતરતું અને ફેલાતું જાય છે. આ દૃષ્ટિબિન્દુથી વિચારતાં સ્પષ્ટ થશે કે માનવજાતિ સ્થૂળરૂપે કે સૂક્ષ્મરૂપે સળંગ વ્યક્તિત્વને ધારણ કરતું એક વિરાટ શરીર છે એ હકીકત સ્વીકાર્યે જ આપણો છૂટકો છે.

આજ સુધીનો અનુભવ આપણને શીખવે છે કે કોઈ પણ નવો વિચાર કે નવી ભાવનાનો ખ્યાલ દુનિયાના જુદા જુદા ભાગોમાં વસતા ભિન્ન ભિન્ન વિચારકોને એક જ સમયે સ્ફુરતો જોવામાં આવે છે. કોઈ પણ વસ્તુની શોધ કોઈ એક જ શોધકના મગજમાં એકાએક ઉપજી આવતી નથી. એજ સમયે બીજા અનેક શોધકો આ જ શોધના ખ્યાલની આસપાસ ઘુમી રહ્યા હોય છે અને એ શોધનો સ્પર્શ કરવાની લગભગ તૈયારીમાં હોય છે. આવામાં એક શોધક તે શોધની પૂરી પ્રતીતિ મેળવીને વૈજ્ઞાનિક સત્ય તરીકે રજૂ કરે છે. આવી જ રીતે નવા વિચારનો જન્મ થાય છે. જે વિચાર તત્કાલીન અનેક વિચારકોના મગજમાં ઘોળાયા કરતો હોય, તેને એક વધારે આગળ પડતો વિચારક મૂર્ત સ્વરૂપ આપે છે અને દુનિયા તેને ઝીલવા લાગે છે. આવી રીતે દુનિયાનું મહાન પરિવર્તન નીપજાવતા કોઈ પણ નવા વિચાર કે ભાવનાની પહેલાં પૂર્વવર્તી અનેક મનોમન્થનો અને સદૃશ ચિત્રવિચિત્ર તરંગો વાતાવરણમાં વહી રહેલા નજરે પડે છે.

આવી રીતે આપણે ત્યાં યુદ્ધબહિષ્કારની ભાવના મૂર્તસ્વરૂપ ધારણ કરી રહી છે. દુનિયા યુદ્ધવૃત્તિને સદાને માટે તિલાંજલિ આપે એવો સમય નજીક આવી રહ્યો છે. આજની દુનિયાની બાહ્ય પરિસ્થિતિની ઘટના પણ આ પ્રકારના માનસિક પરિવર્તનને વધારેને વધારે અનુકૂળ બની રહી છે. પ્રત્યેક દિવસે માનવી માનવીની વધારેને વધારે નજીક આવી રહ્યો છે. ટપાલ, તાર, રેડીઓ માનવીઓ વચ્ચેના વધતા જતા સમાગમને નવા નવા આકારે વધારેને વધારે પુષ્ટ કરી રહેલ છે. રાષ્ટ્રરાષ્ટ્રની શાખાઓ તૂટતી જાય છે.

માત્ર બાહ્ય કારણોસર પણ આ દુનિયા ઉપર એક સર્વસાધારણ રાજ્યતંત્રની સ્થાપના થાય એ દિવસો આપણી સમીપ આવી રહ્યા હોય એમ ભાસે છે. માનવીઐક્ય એક કાળે કલ્પનાનો વિષય હતો. આજે એક નક્કર સત્યના આકારમાં આપણી સામે તે રજૂ થઈ રહેલ છે.

આ બધી સમાલોચનાના સારરૂપે આપણે આટલું તારવી શકીએ છીએ કે.

(૧) આ પૃથ્વી ઉપર વિશ્વબંધુત્વ એ જ એક દિવ્ય તત્ત્વ છે અને સમગ્ર નીતિવ્યવહારનો પાયો છે.

(૨) માનવી બનવું એટલે એક અવ્યાહત જનતાનો વાસ્તવિકપણે અનુભવ કરવો.

(૩) પડોશી પ્રત્યેનો પ્રેમ માનસિક આરોગ્યની નિશાની છે; સમસ્ત જનતા માટેનો સર્વસાધારણ પ્રેમ એ જનતાના આરોગ્યનું વ્યક્તિના માનસમાં પડતું પ્રતિબિંબ છે, તેથી આપણે સમગ્ર જનતાને તેમજ ઉદ્યમ, સત્ય, સારાં અને સંગીન વળણો–આવાં જે જે તત્ત્વો વડે જનતાનું જીવન પોષાતું આવ્યું છે અને સુરક્ષિત રહ્યું છે, તે તે તત્ત્વોને ચાહતા અને તે વિષે આદર ચિન્તવતા શીખવું જોઈએ.

(૪) આ માનવ–સંગઠનને હાનિ પહોંચાડે તેવી દરેક બાબતનો સામનો કરવો જોઇએ. ખાસ કરીને અનિષ્ટ રૂઢિપરંપરાઓનો–નકામાં અથવા તો નુકસાનકારક માનસિક વળણોનો–ઉચ્છેદ કરવો જોઇએ.

આ સિદ્ધાન્તો ઉપર ચાલતાં એવો એક ઉજ્વલ દિવસ આવશે કે જ્યારે જાણીતો જર્મન તત્ત્વવેત્તા નીશે (Neitzche) કહે છે તે મુજબ " વિગ્રહ અને વિજયપ્રાપ્તિના ક્ષેત્રમાં ખૂબ ખ્યાતિ પામેલી, યુદ્ધકળામાં પૂર્ણતાને પહોંચેલી, અને યુદ્ધ ખાતર ગમે તેટલો ભોગ આપવાને ટેવાયેલી પ્રજા સ્વેચ્છાથી જાહેર કરશે કે ' અમે અમારી તરવારના ટુકડા કરી નાંખીએ છીએ અને આખી લશ્કરી રચનાનો ઉચ્છેદ કરીએ છીએ. પૂર્ણ રીતે શસ્ત્રસજ્જ હોવા છતાં ઉદાત્ત હેતુથી પ્રેરાઇને અમારી જાતને સ્વેચ્છાપૂર્વક નિઃશસ્ત્ર કરીએ છીએ; કારણ કે નિઃશસ્ત્રતા જ સારી અને સ્થાયી શાન્તિ સ્થાપવાનો ખરો માર્ગ છે.' આજે સર્વ શસ્ત્રસજ્જ દેશોમાં જે કહેવાતી શાંતિ પ્રસરેલી જોવામાં આવે છે, તે પાછળ તો કેવળ યુદ્ધનું માનસ જ ભરેલું છે. આ માનસ નથી પોતાનો કે નથી પાડોશીનો વિશ્વાસ કરતું અને અમુક અંશે દ્વેષમત્સરથી અને અમુક અંશે ભયથી પ્રેરાઇને અસ્ત્રશસ્ત્રોનો ત્યાગ કરવાની ચોખ્ખી ના પડે છે. કોઇનો તિરસ્કાર કરવો કે કોઇથી બીતા રહેવું એ કરતાં મૃત્યુ સ્વીકારવું બહેતર છે અને કોઇથી તિરસ્કૃત બનવું કે કોઇને ભયાક્રાન્ત બનાવવું એ કરતાં મૃત્યુને ભેટવું બમણું બહેતર છે."

દેશના સાચા તારણહારો તો કઠણ અને સાદું જીવન ગાળે, એશઆરામપર પાણી મૂકે, દોલતમંદ થવાના એકેકએક માર્ગમાંથી પાછા વળે, પ્રતિષ્ઠા અને નેતૃત્વની બધી તૃષ્ણાઓને તિલાંજલિ આપે, લુખો સૂકો રોટલો ખાય, ભોંયપથારી કરે, જાડામાં જાડી ખાદીનાં ઓછામાં ઓછાં વસ્ત્રોથી ચલાવી લે, પોતાનાં કામમાં અવિચળ શ્રદ્ધા રાખે અને ભવિષ્યની આશા ઉપર જીવે. —લાલા લજપતરાય—

જગતની જીભે ચડેલાં ત્રણ નામ

લેખક: **શ્રી હરિલાલ ભરૂચા,** બી. એ.

આજે જગતની જીભે ત્રણ નામ સૌથી વિશેષ ચઢ્યાં છે. હીટલર, સ્ટેલીન અને ગાંધીજી. સરખામણીને આપણે ઇચ્છવાયોગ્ય માનતા નથી છતાં, માનવસ્વભાવ સરખામણીના મોહપાશમાંથી છૂટ્યો નથી ને છૂટવાનો પણ નથી એટલે આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોયે આ ત્રણ પુરુષો વચ્ચે અનેક સરખામણીઓ થઈ છે, થયાં કરશે અને માનવસમાજ પોતપોતાની બુદ્ધિપ્રમાણે અનુમાનો બાંધ્યાં કરશે.

આ ત્રણે વ્યક્તિઓ સમકાલીન છે એટલે તેમની ઘણી હકીકતો પ્રસિદ્ધિમાં આવી ચુકી છે. વળી આ ત્રણેયે પોતપોતાનાં જીવન ચરિત્રો અને જીવન સિદ્ધાંતો સ્વહસ્તે લખી પ્રગટ કર્યાં છે તેથી સરખામણીનું કામ એક રીતે સરળ બને છે.

રાજકીય કીમિયો

આજનો યુગ રાજકીય જીવનની સિદ્ધિમાં જ માનવીની મહત્તાનાં મૂલ્ય આંકે છે. સત્તાનાં સૂત્રો ધારણ કરનાર પુરુષ એકદમ અનુપમ બની જાય છે. એક કોડીનો માનવી રાજકીય સત્તાનો કીમિયો હાથ લાગતાં વામન મટી વિરાટ બની બેસે છે. રાજકીય જીવનમાં ચમકી જનાર વ્યક્તિઓની આ એક સર્વસામાન્ય કથા છે; પણ ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે રાજકીય ચમકારા પાછળ ચિતાના ભડકા સળગતા હોય છે. એમાં પડેલાં માનવીઓ ઘણીવાર માનવતા ગુમાવી બેસે છે. એ ડાકણને વશ કરવા જનાર અનેકે ખત્તા ખાધી છે, છતાં એના જાદુએ સૌને ઘુણાવ્યા છે. ઇંગ્લાંડના એક પ્રખર લેખક અને રાજપુરુષે જીવનને આરે ઊભા રહીને ઉચ્ચાર્યું કે "રાજકારણ એ લુચ્ચા અને બદમાશોનો છેલ્લો દાવ છે." ઇતિહાસ પ્રસિદ્ધ વ્યક્તિની આ ચેતવણી છતાં યુગેયુગે રાજકીય જીવને સૌને આકર્ષ્યા છે. એના રંગે રંગાયા વિનાનો આદમી આજે શોધ્યો જડે તેમ નથી કારણ કે તેમાં સત્તાની સાથે સેવા કરવાની તકપણ અપાર છે. રાજકારણમાં સત્તા ચલાવનાર વ્યક્તિઓની દ્રષ્ટિ સત્તા કરતાં સેવાની હોય તે જ તે માનવસમુદાયને માટે કલ્યાણકારી નીવડે છે. ગમે તે સિદ્ધાંતો જગતમાં પ્રવર્તતા હોય છતાં રાજદ્વારી આગેવાનોની કસોટી કરવાની આ એકજ પારાશીશી છે. પણ આ યુગનું રાજકારણ એટલું ગુંચવાડા ભર્યું બની ગયું છે અગર બનાવી દેવામાં આવ્યું છે કે આ સેવાની પારાશીશીના પ્રવાહીને કૃત્રિમ રીતે ઊંચો નીચો કરવાની અનેક તરકીબો વાપરવામાં આવે છે. અને તેથીજ રાજકારણને મહાન વિચારકોએ નિંદ્યું છે. રાજકારણ એટલે ખટપટ, યુક્તિપ્રયુક્તિ, છળ, કપટ, અને સાચાં ખોટાંનો સરવાળો. રાજકારણની આ વ્યાખ્યામાં આજે પણ ફેરફાર કરવાની જરૂર દેખાતી નથી પછી તે રાજકારણ પ્રજાવાદી હોય, સામ્યવાદી હોય, મૂડીવાદી હોય કે નાઝીવાદી હોય. રાજકારણની કેટલીક ગંદી રીત રસમો તો દરેક સાથે જકડાયલી છે, પછી એને પ્રજાવાદ કે સામ્યવાદનું સોહામણું નામ આપવાથી તેનું કલેવર બદલાતું હશે પણ આત્મા તો તેજ રહે છે. રાજકારણનો ધંધો જ એવો છે છતાં એ એવાં મોહક આવરણોથી મઢાયો છે કે જાણવા છતાં સૌ તેને જ ઝંખે છે ને તેની જ પાછળ દોડે છે.

ગાંધીજીનું રાજકારણ

તો પછી ગાંધીજી જેવા વીતરાગી મહાત્મા આવા કીચડમાં કેમ પડ્યા ? આ પ્રશ્ન ઘણાના મનમાં સ્વાભાવિક રીતે જ ઊઠે છે. ગાંધીજીએ પોતે જ અનેકવાર આનો જવાબ આપ્યો છે. બીજાઓ કરતાં મહાત્માજી રાજકારણને જુદી જ દૃષ્ટિએ જુએ છે. સત્ય ને અહિંસા વિનાનું રાજકારણ તેઓ કલ્પી શકતા નથી. સત્તા પ્રાપ્ત કરવા નહિ પણ સક્રિય માનવ સેવા થઈ શકે છે તે માટે તેઓ રાજકારણમાં પડ્યા છે. જે રાજકારણ નૈતિક બંધનો સ્વીકારતું નથી તે રાજકારણ તેમને ખપતું નથી અને તેથી જ હિંદી રાજકારણમાં શુદ્ધિકરણ, સેવા, સાદાઈ અને ત્યાગનાં તત્ત્વો તેમણે દાખલ કર્યાં છે અને તેમ કરવા જતાં અનેક મિત્રોનો સહકાર પણ ગુમાવ્યો છે. અંતર્મુખ બનેલા યોગીની નિર્વિકાર દૃષ્ટિએ તે રાજકારણને જુવે છે. બીજાઓની માફક વિજયમાં એમને મદ ચડતો નથી કે પરાજયમાં ક્ષોભ થતો નથી. લડતમાં કે પારાવાર શોકમાં તેઓ હૃદય અને ચિત્તની અખંડ શાંતિ જાળવી શકે છે. રાજદ્વારીઓના જંજાળી શહેરી જીવનને બદલે તેમણે સેવાગ્રામનું એકાકી જીવન પસંદ કર્યું છે. એમની જીવન પ્રત્યેની દૃષ્ટિ એમના ધાર્મિક વિચારો, એમની સાદાઈ અને એમની પ્રેમભાવના જોઈને પરદેશીઓ એમને રાજકીય આગેવાન તરીકે કલ્પી શકતા નથી. કારણ કે અત્યાર સુધીની રાજદ્વારી આગેવાનની એમની ભાવના જ જુદા પ્રકારની હતી. ગાંધીજીએ એ આખી ભાવના બદલી નાખી. રાજકારણ એટલે માનવસેવા. જેમાં એ સેવા નથી તે રાજકારણ નથી. ગાંધીજીના રાજકારણની આવી વ્યાખ્યા આપી શકાય અને રાજકારણને આ દૃષ્ટિએ વીસમી સદીમાં જોનાર પહેલવહેલા પુરુષ ગાંધીજી જ છે.

હિટલર અને સ્ટેલીનનું રાજકારણ

આવા પુરુષની સરખામણી હીટલર કે સ્ટેલીન સાથે કેમ થઈ શકે ? પોતપોતાની પ્રજાના નેતૃત્વ સિવાય આ ત્રિપુટીમાં કાંઇ જ સામ્ય નથી. એકે એક વિષયમાં વિષમતા જ દેખાય છે. સામ્ય હોય તો હીટલરને સ્ટેલીન વચ્ચે છે. બન્ને એક બીજાના ભયંકર દુશ્મન, એકવર્ષની તકલાદી અને બનાવટી મિત્રાચારી પછી ફરી પાછા એક બીજાનો ટોટો પીસવા તથા નિકંદન કાઢવા ખુનખાર જંગ ખેલી રહ્યા છે. સત્તાજ જેની આરાધ્ય દેવી છે એવા રાજકારણના આ બે પૂજારી સત્તાને કાયમ કરવા તથા વધારવા ગમે તેવા ઉપાયો યોજતાં અચકાય તેમ નથી. પ્રેમ અને યુદ્ધમાં કશું જ અયોગ્ય કે અઘટિત નથી એ રાજસૂત્રના બેઉ પૂજારી છે. બેઉ સરમુખત્યાર લોખંડી લશ્કરવાદ અને લોહીનીગળતી હિંસા બોલે છે ને આચરે છે. સત્ય, અહિંસા અને ન્યાયની બેમાંથી કોઇને પડી નથી. આ ડીક્ટેટરોની દુનિઆમાં નીતિવાદને સ્થાન નથી. State એટલે કે એમના રાષ્ટ્રને જે પગલાં અને જે રસ્તા મજબુત અને સમૃદ્ધ બનાવે તે હંમેશાં નીતિમાન જ છે એવી માન્યતામાં જ ડીક્ટેટરો રાચે છે અને એજ માન્યતાનો પ્રચાર તેઓ પ્રજામાં કરે છે. પ્રજાની ગણતરી પણ તેઓ પોતાની અને સ્ટેટની સત્તા વધારવાના એક માત્ર સાધન તરીકે જ કરે છે. સ્વતંત્ર વ્યક્તિઓના સમૂહ તરીકે તેઓ પ્રજાને કદી સ્વીકારતા નથી. વ્યક્તિસ્વાતંત્ર્યને જે સ્થાન democracy માં છે તે હીટલર, સ્ટેલીન કે મુસોલીનીના દેશમાં નથી. સ્ટેટ અથવા રાષ્ટ્ર એકલું જ સ્વતંત્રતાનું એકમ છે. વ્યક્તિઓની અલગ સ્વતંત્રતા હોઈ શકે જ નહિ એ સિદ્ધાંત ઉપર ડીક્ટેટરોના રાષ્ટ્રની ઇમારત ચણાય છે. સ્વાતંત્ર્યના એકમ સ્ટેટ અને તેના પ્રતિનિધિ એકમ તરીકે ડીક્ટેટરમાં સર્વ સત્તા કેંદ્રિત થાય છે, જો કે સ્ટેલીનના રશીઆમાં state ની theory તો આ જ છે પણ ત્યાં ડીક્ટેટર તરીકે જે સર્વ સત્તા સ્ટેલીન ભોગવે છે તે ખેડુતો અને કામદારોના (Soviets) સંઘોની આપેલી છે. આ સંઘો ઘણી મોટી લાગવગ ધરાવે છે. જ્યારે હીટલરના નાઝીવાદમાં અને મુસોલીનીના ફાસીઝમમાં આવા સંઘોને આવી જાતની સત્તા કે લાગવગ નથી. રશીયા

જર્મની અને ઇટલીના રાજ્યતંત્ર વચ્ચે આ એક અતિમહત્વનો ભેદ નોંધવા જેવો છે. આ ભેદને લીધે રશીયાનો સામ્યવાદ આંતરરાષ્ટ્રીય બની શક્યો અને સમસ્ત દુનિયાના કામદારો અને ખેડુતોને આકર્ષી શક્યો, જ્યારે નાઝીવાદ કે ફાસીઝમ જગતમાં ખૂબ નિંદાને પાત્ર બન્યાં છે. મુસોલીની પોતાના જીવનચરિત્રમાં એક ઠેકાણે લખે છે કે "વ્યક્તિ જેટલે અંશે સ્ટેટને માટે જેટલું ઉત્પાદન કરે છે તેટલે જ અંશે તેની કીંમત છે. તે સિવાય વ્યક્તિની વ્યક્તિ તરીકે કાંઈ જ કીંમત નથી." હીટલર My Struggle (Kemf) નામના પોતાના પુસ્તકમાં ડીક્ટેટરના સમર્થનમાં લખે છે કે "હજારો મૂર્ખ માણસોના નિર્ણય કરતાં એક ડાહ્યા માણસનો નિર્ણય વધારે ઉપયોગી હોય છે" આમ ડીક્ટેટરો પોતાના નિર્ણયને અને પોતાની જાતને બીજી વ્યક્તિઓ કરતાં વધારે ન્યાયી, પવિત્ર અને ખામી વગરનો મનાવવાના બળજબરીથી પ્રયાસો કરે છે. જે આ નિર્ણયની સામે થાય છે તેને જીવવાનો અધિકાર રહેતો નથી. દાખલા તરીકે સ્ટેલીને, હીટલરે અને મુસોલીનીએ પોતાને મદદ કરનાર સાથીદારોને પણ ગર્દન માર્યા છે કારણ કે તેમણે ડીક્ટેટરોની હામાં હા ભણવાની ના પાડી. આમ ડીક્ટેટરોના દેશમાં વાણીસ્વાતંત્ર્ય કે વ્યક્તિસ્વાતંત્ર્યને જરા પણ સ્થાન નથી. મહાત્માજીની માફક માનવતાની તેમને કાંઈ જ કીંમત નથી. હીટલરને આખા જગતનો સંહાર કરીને પોતાના જર્મનીને જીવાડવાની રાક્ષસી આકાંક્ષા જાગી છે. પોતાનું રાષ્ટ્ર અને પોતાની પ્રજા સિવાય બીજા સૌને તિરસ્કારની નજરે જોવાનું તેઓ પોતાની પ્રજાને શીખવી રહ્યા છે. માનવતા, પ્રેમ અને ભ્રાતૃભાવ એ ડીક્ટેટરોની દુનિઆમાં દેશવટો ભોગવે છે.

કોણ મહાન ?

હવે બીજું ચિત્ર જુઓ ! મહાત્માજીને પણ દુનિયાએ હિંદના સરમુખત્યાર તરીકે જ ઓળખ્યા છે; પણ આ સરમુખત્યારી જુદાજ પ્રકારની છે. કાનુની રીતે તો કૉંગ્રેસમાં મહાત્માજી કાંઈ જ ઓહ્દા ધરાવતા નથી. તેઓ ચાર આનાના સભ્ય પણ નથી છતાં તેમના વિનાની કોંગ્રેસ કલ્પી શકાતી નથી. બ્રીટીશ સરકાર જે ઓહ્દા વિનાના માનવીની સામે પણ ન જુએ તે મહાત્માને મળવા બોલાવે છે અને તેમની સાથે હિંદના પ્રશ્નોની વાટાઘાટ કરે છે, કારણ કે તેઓ કરોડોની બનેલી મુંગી જનતાના એકલા પ્રતિનિધિ છે. તે સિવાય બીજી કોઇપણ લાયકાત તેમણે આગળ કરી નથી. અને તેમના સિવાય આવી લાયકાતનો દાવો બીજા કોઇથી થઈ શકે તેમ પણ નથી. હીટલર, સ્ટેલીન કે મુસોલીનીની માફક ગાંધીજીની સરમુખત્યારી વીમાનો કે બખ્તરિયા ગાડીપર નિર્ભર નથી, પણ તેથી યે વિશેષ બળવત્તર પ્રજાના પ્રેમ પર નિર્ભર છે. સત્તાના એક પણ ચિન્હવિના તેઓ સર્વત્ર વિચરે છે. અજાતશત્રુની માફક તેઓ જ્યાં જાય છે, ત્યાં મિત્રો અને સ્વજનો જ જુએ છે. એમની આંખે કોઈ દુશ્મન દેખાતો જ નથી. રક્ષણ માટે એમને અંગરક્ષકોની જરૂર પડતી નથી. હીટલર કે સ્ટેલીનની માફક પોતાના જેવાજ ચહેરાના માણસોનો કાફલો રાખવાની તેમને જરૂર નથી. સ્ટેલીન અને હીટલર ઈશ્વરથી નથી ડરતા તેટલા મૃત્યુથી ડરે છે. મૃત્યુંજય જેવા મહાત્માજીને ઈશ્વર સિવાય બીજા કશાનો ડર નથી. સરમુખત્યારની સત્તા ટકાવી રાખવા હીટલર અને સ્ટેલીનને ભગીરથ પ્રયાસો કરવા પડે છે. મહાત્માજીએ સરમુખત્યારીની મળેલી સત્તા મુંબઈની કૉંગ્રેસ વખતે પાછી સોંપી. પૈસો ને સત્તા છોડવાં કોઇને ગમતાં નથી. મહાત્માજીએ બન્ને છોડ્યાં છે. કોણ મહાન ? સત્તા સાચવી જાણનાર કે સત્તા ત્યાગનાર ? આનો ઉત્તર આજનો નહિ, ભવિષ્યનો ઇતિહાસકાર આપશે.

લગ્ન : આદર્શ અને વ્યવહાર

લેખક: **ચીમનલાલ ચકુભાઈ શાહ,** એમ. એ., એલએલ. બી., સોલિસિટર.

લગ્ન વિષે એટલું બધું લખાયું છે અને લખાય છે કે તેના વિષે વિશેષ કાંઈ લખતાં સંકોચ રહે. છતાં એ વિષય સમાજ અને વ્યક્તિને એટલો બધો સ્પર્શે છે કે લગભગ દરેક વ્યક્તિ તે વિષે ચોક્કસ વિચારો ધરાવતી હોવાનો દાવો કરે છે અને તેમાં ઘણો મતાગ્રહ સેવે છે. વળી એ વિષય એવો છે કે જેમાં ગમે તેવા વિચારો ધરાવી, તેને વિષે પ્રગતિશીલતા અથવા નવીનતાનો દાવો કરી શકાય છે. લગ્નના કોઈ પણ સ્વરૂપ માટે ઓછોવત્તો અસંતોષ હોય છે જ અને તેનાં સ્વરૂપોમાં ફેરફારની માગણી સતત ચાલુ જ રહે છે. કોઇને એમ લાગે છે કે લગ્નની સાથે સમાજને કાંઈ લેવા દેવા નથી અને વ્યક્તિ પોતાના સુખની દૃષ્ટિએ ગમે તેમ વર્તવા સ્વતંત્ર હોવી જોઇએ. કેટલાકને એમ લાગે છે કે લગ્ન એ સામાજિક સંસ્થા છે અને વ્યક્તિનાં સુખનો વિચાર કરવાનો તેમાં કોઈ અવકાશ નથી. વળી કેટલાકને એમ લાગે છે કે લગ્નનાં સ્વરૂપમાં જરા પણ ફેરફાર થાય તો ધર્મ અને નીતિનો નાશ થાય. જ્યારે કેટલાકને મન લગ્નમાં ધર્મ અથવા નીતિ જેવું કાંઈ છે જ નહિ.

આ લેખમાં લગ્નનો ધ્યેય શું છે અને વ્યવહારમાં તે ધ્યેય કેવી રીતે અમલમાં મૂકાય છે તથા તે ધ્યેયને પહોંચી વળવા, લગ્નના સ્વરૂપમાં ફેરફાર કરવા હોય તો કયા ધોરણે થાય તે વિષે હું લખવા ઇચ્છું છું.

લગ્ન એ ધર્મ નથી. ધર્મ તો બ્રહ્મચર્ય જ હોય. લગ્નની છૂટ હોય, લગ્ન કરવાની ફરજ ન હોય. જેમ હિંસા એ ધર્મ ન હોય, ધર્મ તો અહિંસા જ હોય. પણ કેટલાક સંજોગોમાં હિંસાની છૂટ હોય, હિંસા કરવાની ફરજ ન હોય.

નરનારીનું આકર્ષણ સનાતન છે. કામવાસના અતિ પ્રબળ છે. તેને સંપૂર્ણપણે જીતવી અતિ વિકટ છે, પણ તેના ઉપર ધીમે ધીમે કાબૂ મેળવી શકાય. તેથી સ્ત્રીપુરુષવ્યવહાર માટે ચોક્કસ ધોરણ હોવું જોઇએ. એવું કોઈ ધોરણ ન હોય ત્યાં અનિયંત્રિત સ્ત્રીપુરુષવ્યવહાર રહે, જે વ્યક્તિ અથવા સમાજ માટે ઇષ્ટ નથી. કામવાસનાનું પ્રાબલ્ય જોતાં તે સંયમમાં ન હોય, તો મન હમેશાં ભ્રમિત રહે અને જીવનના બીજા વ્યવહારને ખલેલ પહોંચાડે. દરેક સ્ત્રી અથવા પુરુષે વખતોવખત એમ વિચારવાનું હોય કે હવે પછી કયા પુરુષ અથવા સ્ત્રી સાથે તે રહેશે, તો તે વિચારમાં ઘણો સમય અને શક્તિ જાય. તેથી દરેક સ્ત્રી અને પુરુષે, જો અન્ય જાતિની વ્યક્તિ સાથે સહજીવન સ્વીકારવું હોય તો, એક સમયે તો નક્કી કરવું જ પડે કે અમુક વ્યક્તિ સાથે જ તે રહેશે. આમાં વ્યક્તિનું પોતાનું જ હિત રહેલું છે. આવા વર્તનનો પાયો જ સંયમ છે. એટલે કે એક સ્ત્રી અથવા પુરુષ, બીજા પુરુષ અથવા સ્ત્રીને પોતાના પતિ અથવા પત્ની તરીકે સ્વીકારે તેમાં, તે તેના પ્રત્યે વફાદાર રહેવાને બંધાય છે તેમજ બીજાઓ તરફથી પોતાનું મન વાળી લેવા બંધાય છે. એક તરફ નરનારીનું આકર્ષણ અને તેમાંથી સુખોપભોગની આશા અને બીજી તરફ કામવાસનાનું પ્રાબલ્ય અને તેના નિયમનની આવશ્યકતા, આ બે, લગ્નના બે છેડાઓ છે. બન્ને એક દૃષ્ટિએ એક બીજાના વિરોધી છે. એક ઉદ્દામ, બંધનરહિત છે, બીજું બંધન છે. લગ્નજીવન પ્રત્યેનું આકર્ષણ અને અસંતોષ બન્ને આમાંથી ઉદ્ભવે છે. લગ્ન એ સંયમ છે છતાં સુખનું સાધન છે અને બનાવવું છે.

લગ્નમાં બીજા ઘણા ઉદ્દેશો સમાએલા છે. ઉપરનો વિચાર મેં માત્ર વ્યક્તિની દૃષ્ટિએ કર્યો છે. પણ લગ્ન એક સામાજિક સંસ્થા છે. પ્રજોત્પત્તિ એ લગ્નનો મુખ્ય ઉદ્દેશ ગણાય છે. પ્રજાનો ઉછેર, તેની કેળવણી, ગૃહજીવન, સમાજજીવનમાં ગૃહજીવનનું સાચું સ્થાન, આર્થિક વ્યવસ્થા, વારસાહકો વગેરે ઘણા જટિલ પ્રશ્નો લગ્ન સાથે સંકળાએલા છે. તેથી લગ્ન માત્ર વ્યક્તિઓનો જ પ્રશ્ન નથી, પણ તે સમાજજીવનનું અતિ અગત્યનું અંગ છે.

વ્યક્તિને માટે પણ લગ્નજીવનનાં બીજાં ઘણાં પરિણામો છે. સહજીવનમાં સહિષ્ણુતા કેળવવી, સ્ત્રી અને સંતાન માટે પોતાનો સ્વાર્થ જતો કરતાં શીખવું, અને બીજાના સુખનો વિચાર કરતાં થવું, તેમના ભાવિ જીવનની જવાબદારી સ્વીકારવી, તેમાંથી ઉત્પન્ન થતા સામાજિક સંબંધોમાં ગૂંથાવું, આ બધું વ્યક્તિના જીવનને અને તેના માનસ વિકાસને સહસ્ર રીતે ચારે તરફથી સ્પર્શે છે. લગ્નજીવન જેમ કેટલેક દરજ્જે માણસને નિઃસ્વાર્થ અને સહિષ્ણુ બનાવે છે, તેમ પોતાના જ કુટુંબ માટે સ્વાર્થી અને અસહિષ્ણુ પણ બનાવે છે અને તેની દૃષ્ટિ સંકુચિત કરે છે.

આદર્શ લગ્ન તો એ છે કે જેમાં એક સ્ત્રી અને એક પુરુષ, જેમની વચ્ચે વય, ગુણ, સંસ્કાર વગેરેનું વધારે પડતું અંતર ન હોય તેવા, સ્વેચ્છાએ લગ્નગ્રંથિથી જોડાય અને આજીવન એક બીજાને વફાદાર રહી પોતાના સહજીવન સાથે પોતાની સામાજિક ફરજો અદા કરે. આવાં આદર્શ લગ્નો સમાજમાં વિરલ હોય છે.

લગ્નનાં સ્વરૂપો ઘણાં છે, જેમાં સામાજિક અને આર્થિક પરિસ્થિતિ તથા વ્યક્તિગત કારણે અનેક અપૂર્ણતાઓ રહે છે. લગ્નનાં જુદાં જુદાં વ્યવહારિક સ્વરૂપો જોતાં લગ્નની વ્યાખ્યા આપવી હોય તો કાંઈક આવી રીતે આપી શકાય–એક અથવા અનેક પુરુષ, એક અથવા અનેક સ્ત્રી સાથે, ચોક્કસ સમય માટે, સહજીવન સ્વીકારે, તેનું નામ લગ્ન. આમાં લગ્નની દૃષ્ટિએ અગત્યની વસ્તુ 'ચોક્કસ સમય' છે. જ્યાં સ્ત્રીપુરુષસંબંધ ક્ષણિક હોય અથવા તેનું કાંઈ બંધન ન હોય તો એવા સંબંધને લગ્ન ન કહેવાય. ઉપરની વ્યાખ્યામાં એક સ્ત્રી અને એક પુરુષ (Monogamy), એક પુરુષ અને અનેક સ્ત્રી (Polygamy), એક સ્ત્રી અને અનેક પુરુષ (Polyandry) અને અનેક પુરુષ અને અનેક સ્ત્રી (Group marriage) આવાં બધાં લગ્નનાં સ્વરૂપોનો સમાવેશ થાય છે. વળી 'ચોક્કસ સમય' આજીવન હોય અથવા લગ્નવિચ્છેદની છૂટ હોય તેવાં લગ્નોનો પણ સમાવેશ થાય છે.

વ્યક્તિ અને સમાજના હિતની દૃષ્ટિએ આદર્શ લગ્ન એટલે આજીવન એક સ્ત્રી અને એક પુરુષનો સહચાર—આર્ય સંસ્કૃતિમાં જે રામ સીતાનો આદર્શ છે. છતાં લગ્નનાં બીજાં ઘણાં સ્વરૂપો સમાજે સ્વીકાર્યાં છે. તે સ્વરૂપો તે તે સમયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થયાં હોય છે અને તે, પરિસ્થિતિ પલટાતાં, પલટાય છે, પલટાવાં જોઈએ. એ સ્વરૂપોનું નિયમન અને બંધારણ ધર્મનીતિ, જાહેરમત અને કાયદો આ ત્રણ તત્ત્વોથી થાય છે.

મેં શરૂઆતમાં કહ્યું છે કે લગ્ન ધર્મ નથી, છતાં બ્રાહ્મણ સંસ્કૃતિમાં લગ્નને ધર્મ માનેલ છે તે કઈ દૃષ્ટિએ ? શ્રમણ સંસ્કૃતિમાં અને જૈન ધર્મમાં લગ્નને ધર્મ માનેલ હોય તેવું હું જાણતો નથી. લગ્નને બે રીતે ધર્મ કહી શકાય. એક તો અનિયંત્રિત સ્ત્રીપુરુષવ્યવહાર હોય, તેના કરતાં તેમાં કાબૂ હોય અને સંયમ હોય તે ઇષ્ટ છે, તેથી તે ધર્મ છે. બ્રાહ્મણોની વિશેષતા એ હતી કે સામાજિક દૃષ્ટિએ જરૂરનું હોય અને જનસમાજ પાસે તેમને જે કરાવવું હોય, તેને તેઓ ધર્મરૂપે ઠસાવતા. ગૃહજીવન અને ગૃહસ્થાશ્રમ સમાજજીવનનો પાયો છે. અને તેનો આધાર લગ્ન ઉપર છે, તેથી લગ્ન એ ધર્મ છે એમ ઠરાવ્યું. વળી

આર્યો હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે તેમની સંખ્યા બહુ ઓછી હતી અને સંખ્યાબળ વધારવાની એટલે પ્રજોત્પત્તિની જરૂર હતી તેથી લગ્ન એ ધર્મ થયો અને તેનો મુખ્ય ઉદ્દેશ પ્રજોત્પત્તિ કહ્યો. લગ્નમાં ધર્મ અથવા નીતિનું સાચું તત્ત્વ તો તેમાં રહેલ સંયમ છે. લગ્નનું કારણ સ્ત્રીપુરુષઆકર્ષણ છે. પણ તેનું પરિણામ અને ધ્યેય સંયમ છે.

લગ્નનું વ્યાવહારિક સ્વરૂપ નક્કી કરનારું મુખ્ય તત્ત્વ સામાજિક અને આર્થિક પરિસ્થિતિ છે. અત્યારનાં હિન્દુ લગ્નનાં મુખ્ય લક્ષણો; અનેકપત્નીત્વ, બાળલગ્ન, વૃદ્ધલગ્ન, વિધવાવિવાહ કાયદેસર હોવા છતાં જાહેરમતનો વિરોધ, લગ્ન વિચ્છેદનો નિષેધ, અનુલોમ (કહેવાતી ઉચ્ચ કોમનો પુરુષ અને ઊતરતી કોમની સ્ત્રીનું લગ્ન; દા. ત. બ્રાહ્મણ પુરુષ, વણિક સ્ત્રી) લગ્ન કાયદેસર, પ્રતિલોમ (અનુલોમથી વિરુદ્ધનું) ગેરકાયદેસર, વગેરે છે. હિંદુઓની કહેવાતી ઊતરતી કોમોમાં આનાથી કેટલાંક વિરોધી લક્ષણો છે.

હવે હિન્દુઓમાં લગ્નનું આવું સ્વરૂપ કઈ સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થયું એ વિચારીએ.

આર્યો હિન્દુસ્તાનમાં આવ્યા, ત્યારે દરેક વિજેતા જાતિમાં બને છે તેમ, પુરુષોની સંખ્યા કરતાં સ્ત્રીની સંખ્યા ઘણી ઓછી હતી. આર્યોને પોતાની સંસ્કૃતિ અને લોહીનું અભિમાન હતું. વીર આર્યો અપરિણિત રહેવા તો તૈયાર નહોતા જ. અનાર્યોની કન્યાઓ ઉપાડી લાવતાં તેમને અટકાવી શકાય તેમ હતું નહિ. તેમની સ્ત્રીસંખ્યા ઓછી હતી તેથી અનુલોમ લગ્ન સ્વીકારાયું અને પ્રતિલોમનો નિષેધ થયો. અનાર્યો આર્યોની કન્યાઓ લઈ જાય તે કેમ સહન થાય ? તેને માટે દેહાંત દંડની જ સજા. પોતાના લોહીનું અભિમાન હતું, છતાં અનુલોમ લગ્નની છૂટ આપ્યા વિના રસ્તો ન હતો. તો પછી શું કરવું ? અનુલોમ લગ્નની પ્રજાની જ્ઞાતિ જુદી થઈ. જેમ અનુલોમ લગ્ન વધ્યાં, તેમ વચગાળાની જ્ઞાતિઓ વધતી ગઈ. વિજેતાઓની પુરુષસંખ્યા પ્રમાણમાં અનાર્યો કરતાં તો ઘણી ઓછી હતી, તેથી સંખ્યાબળ વધારવા અનેકપત્નીત્વની છૂટ અપાઈ. તે સાથે શતપુત્રવતી ભવ એ આશીર્વાદ અપાયો. જ્યાં કન્યાની અછત હોય, ત્યાં બાળલગ્ન અને વૃદ્ધલગ્ન તો હોય જ ક્યાંથી ? તે સમયમાં નહોતાં જ. વિધવાવિવાહનો પણ નિષેધ ન હતો. સ્ત્રીઓની સંખ્યા ઓછી હોય, ત્યાં વિધવાઓને અપરિણિત રહેવા કેમ દેવાય ? સ્ત્રી-સંખ્યા ઓછી હોય, ત્યાં સ્ત્રીઓને પ્રમાણમાં સ્વતંત્રતા હોય જ. આર્ય લગ્નનું સ્વરૂપ આવી રીતે નક્કી થયું. ધીમેધીમે સ્ત્રીપુરુષસંખ્યાની અસમાનતા ગઈ, એટલું જ નહિ પણ અનુલોમ લગ્નની છૂટ અને પ્રતિ-લોમનો નિષેધ હોવાથી એક સમય એવો આવ્યો કે જ્યારે ઉચ્ચ ગણાતી હિન્દુ કોમોમાં સ્ત્રીસંખ્યા વધી પડી અને ઊતરતી કોમોમાં ઘટી પડી. કારણ કે ઉપલી કોમો ઊતરતી કોમોમાંથી સ્ત્રીઓ ખેંચે અને તેમની સ્ત્રીઓને બીજી કોમમાં પરણવાની છૂટ નહિ. શરૂઆતમાં હતી તે કરતાં વિપરીત પરિસ્થિતિ ઊભી થઈ. હવે શું કરવું ? અનેકપત્નીત્વ વધ્યું, બાળલગ્ન અને વૃદ્ધલગ્ન દાખલ થયાં, વિધવાવિવાહ અને લગ્ન વિચ્છેદનો નિષેધ થયો, સ્ત્રીની સ્વતંત્રતા ગઈ, કન્યા સાપના ભારારૂપ થઈ. પછી તો બ્રાહ્મણોએ બાળલગ્નમાં પણ ધર્મ શોધી કાઢ્યો. 'अष्टवर्षा भवेद् गौरी' માબાપ કન્યાને ઋતુમતી જુએ તો નરકમાં જાય. વિધવાએ તો સતી જ થવું રહ્યું. કુંવારી કન્યાને વર ન મળે ત્યાં વિધવાને પરણવા ક્યાંથી દેવાય ? ઊતરતી કોમોમાં આનાથી બરાબર વિપરીત પરિણામ આવ્યું. તેમની સ્ત્રીસંખ્યા ઓછી થઈ. તેથી તેમને અનેકપત્નીત્વ ન ચાલે, બાળલગ્ન, વૃદ્ધલગ્ન ન હોય, વિધવાવિવાહ કે લગ્નવિચ્છેદનો નિષેધ ન હોય, તેમની સ્ત્રીઓ ઘર રાખી બેસી રહેતી ગુલામ ન હોય. છતાં બ્રાહ્મણોએ એવી છાપ પાડી હતી કે તેઓ જ સંસ્કારસ્વામી છે, અને તે કરે તે જ ધર્મ છે. તેથી ઊતરતી કોમોમાં પણ પોતાને ખાનદાન કહેવડાવતા કુટુંબો બાળલગ્ન કરે, અનેકપત્નીત્વ કરે, વિધવા વિવાહ થવા ન દે, અને પરિણામે વધારે દુઃખ ભોગવે. મધ્યયુગમાં મુસલમાનોનાં

આક્રમણ સમયે હિન્દુ ધર્મે પોતાના રક્ષણ માટે પોતાનાં બધાં બારણાં બંધ કર્યાં, ત્યારે સ્ત્રીઓને પણ ઘરમાં પૂરી, પડદામાં નાખી અને બાળલગ્ન વધ્યાં.

આવી જ રીતે હિન્દુ લગ્નનું સ્વરૂપ ઘડાયું છે. સામાજિક રીતરિવાજોની એ વિશેષતા છે કે જે પરિસ્થિતિમાંથી એ ઉત્પન્ન થયા હોય, તે પરિસ્થિતિ સમૂળગી પલટાઈ જાય, તો પણ એ તો એવાને એવા જ કાયમ રહે છે. તેની આસપાસ ધર્મ અને નીતિનાં કુંડાળાંઓ રક્ષણ કરતાં ઊભાં હોય છે. મનુષ્ય-સ્વભાવની સામાન્ય સ્થિતિસ્થુસ્તતા તેને ટકાવે છે અને તેમાં ફેરફાર ઇચ્છનારાઓ સ્વચ્છંદી અથવા ધર્મભ્રષ્ટ કહેવાય છે. આવા રીતરિવાજો કાયદાનું સ્વરૂપ લે છે, ત્યારે સ્થિતિસ્થુસ્તતા વધે છે. કાયદો જાહેર મતનું પ્રતિબિંબ છે પણ તેની અને જાહેરમત વચ્ચે હંમેશા અંતર રહે છે. આજે દાખલા તરીકે, જાહેરમત અનેકપત્નીત્વની વિરુદ્ધ છે છતાં કાયદામાં તેની છૂટ છે, જાહેરમત કદાચ અમુક સંજોગોમાં લગ્નવિચ્છેદની તરફેણમાં છે, જ્યારે કાયદામાં તેની મનાઈ છે, કાયદાથી વિધવાવિવાહ માન્ય છે જ્યારે જાહેરમત હજુ તેની વિરુદ્ધ જણાય છે. વસ્તુતઃ વિધવાવિવાહમાં "પાપ" નથી કે લગ્નવિચ્છેદમાં પણ "પાપ" નથી; પ્રતિલોમ લગ્નમાં "પાપ" નથી કે અનુલોમ લગ્નમાં "પુણ્ય" નથી.

લગ્નનું સ્વરૂપ નક્કી કરવામાં ત્રણ તત્ત્વો મુખ્ય છે:—(૧) વ્યક્તિનું સુખ, (૨) સ્વચ્છંદી વૃત્તિઓનું નિયમન અને સંયમનું પોષણ, (૩) સમાજહિત. આ ત્રણ તત્ત્વો કેટલેક દરજ્જે એક બીજાનાં વિરોધી છે. સમાજહિત લક્ષ્યમાં લેતાં વ્યક્તિના સુખને કેટલેક દરજ્જે અવગણવું પડે છે, છતાં છેવટ તો સમાજ વ્યક્તિઓનો જ બનેલો છે અને તેમનું સુખ લક્ષ્યમાં ન લેવાય તો સામાજિક નિયમો શેને માટે છે? વળી વ્યક્તિના સુખને નામે તેનામાં સ્વચ્છંદ વધવા ન જ દેવાય, તેમાં તેનું જ હિત નથી. અંતે તો સ્ત્રીપુરુષસંબંધ એ જીવનનું એક અંગ માત્ર છે. જીવનમાં તેથી વિશેષ ઘણું છે અને તે એકને જ માટે સમગ્ર જીવનનો વિનાશ થવા ન જ દેવાય. છતાં એ અતિ પ્રબળ અને વેગવાન સંબંધ છે જેને અવગણી પણ ન જ શકાય. એટલે લગ્નસ્વરૂપ ગમે તેવું હોય, તો પણ તેમાં રહેલ વિરોધી તત્ત્વોનો વિચાર કરતાં, તેનાથી અસંતોષ તો સદાય રહેવાનો. છતાં સમયે સમયે તે સ્વરૂપ, ઉપરનાં તત્ત્વો લક્ષ્યમાં રાખી, પલટાવી શકાય, પલટાવાં જોઈએ. આજે દાખલા તરીકે, પ્રતિલોમ લગ્નના નિષેધનો કાંઈ અર્થ નથી, અનેકપત્નીત્વની કાયદેથી પણ છૂટ ન હોવી જોઈએ. બાળલગ્ન, વૃદ્ધલગ્ન, સંમતિ વિનાનાં લગ્ન, અસમાન વયનાં લગ્ન વગેરેને તો કોઈ સ્થાન જ નથી. વ્યવહારમાં તે બધાં અટકાવવામાં થોડી મુશ્કેલી જણાય ત્યાં પણ, તે અનિષ્ટ છે, તે તો સ્વીકારવું જોઈએ અને તેને અટકાવવા દરેક પ્રયત્ન કરવો જોઈએ. લગ્નવિચ્છેદની કેટલાક સંજોગોમાં છૂટ આપીએ, તો પાપ નથી. પણ કાયદેથી છૂટ હોય તો પણ જાહેરમત એટલો જાગ્રત હોય કે તેનો સ્વચ્છંદી ઉપયોગ ન થાય. વિધવાવિવાહ પ્રત્યેનો અણગમો દૂર થવો જોઈએ. આદર્શ તો આજીવન એક પતિ-પત્નીત્વનો જ હોય. આર્યોએ પરિસ્થિતિ અનુસાર ઘણી જાતનાં લગ્નો અને પુત્રોને કાયદેસર ઠરાવ્યાં, છતાં આદર્શ તો રામ-સીતાનો જ આપ્યો અને આર્ય સમાજે અને સંસ્કૃતિએ પાંચ હજાર વર્ષથી તે આદર્શને પોતાનો કર્યો છે.

બાકી તો કાલિદાસે કહ્યું છે તેમ દરેક લગ્ન વખતે (અથવા પછી) પ્રજાપતિને ગાળ સાંભળવાની રહેશે જ.

"समानयंस्तुल्यगुणं वधूवरं ।
चिरस्य वाच्यं न गतः प्रजापतिः" ॥ એવું તો કયારેક જ બને.

અભિજ્ઞાનશાકુંતલ, અંક ૫.

∴

વિચારપ્રવાહો અને વિશ્વપરિવર્તન

લેખક:–**નાનાલાલ ખીમચંદ દોશી,** બી. કોમ.

" Liberty of thought, speech and action " આ થોડા શબ્દોમાં વિશાળ જગતની સઘળીએ પ્રવૃત્તિનું લક્ષ્યબિન્દુ કેન્દ્રિત થાય છે. રાષ્ટ્રીય અગર આંતરરાષ્ટ્રીય પુનર્ઘટનાની વિચારણા કરનાર, પછી તે રાજપુરુષો હોય કે અર્થનિષ્ણાતો હોય પરંતુ તે સર્વ વિચારણા પાછળ સ્વતંત્ર વિચાર, વાણી અને કર્તવ્યનું સ્વાતંત્ર્ય નહીં હોય, તો તે કોઇને નહીં ખપે. કારણ કે, આ જીવન-મંત્રની પાછળ કેટલીએ શોણિત સરિતાઓ વહી છે, આત્મબળિદાન અપાયાં છે.

જગતની મહાવ્યક્તિઓ આપણને કહે છે કે " તમારાં મગજનાં દ્વાર ખુલ્લાં રાખો " અને જગત આટલું સમજે તો પૃથ્વી પર આજે પ્રલયકાળનાં મોજાં રૂપી ઝંઝાવાત વાઈ રહ્યો છે તે ભસ્મીભુત થતાં કશીએ વાર લાગે ખરી ? પરંતુ બને છે એ કે કોઈ રાજકીય કહો કે ધાર્મિક કહો તેવા જીવનનાં વિધ વિધ કાર્યોમાં આપણે વહેંચાઇએ છીએ, ત્યાર પછી આપણે આપણો જ કક્કો સાચો તેવું મમત્વ છોડી શકતા નથી. જે શુભ કામ માટે આગળ આત્મભોગ આપ્યો હોય છે તે આપણે વીસરી જઇએ છીએ; જગત એક પ્રવાહની જેમ હંમેશ આગળ વધતું હોવું જોઇએ તે આપણાથી ભૂલી જવાય છે અને તેને ઠેકાણે આપણું માનસ અને જીવનકાર્ય એક વર્તુળમાં જ આપણે હોમી દઇએ છીએ અને આમ વાડાઓથી, સમૂહગત લાઇનદોરીથી અને માન્યતાઓની શૃંખલામાં સપડાઇને આપણે આપણા જ ભાઇઓને, આપણા જેવા જ પવિત્ર માનવદેહોને ઘૃણા દૃષ્ટિથી, ભેદભાવથી જોઇએ છીએ. સેંકડો કે હજારો વર્ષ પહેલાંના કથનોમાં ફેરફાર ન થઈ શકે તેવાં કથનોથી સ્થિત થઈ જઇએ છીએ. વિશ્વના હિતેચ્છકને આ નિહાળતાં કેવો માનસિક ઉપદ્રવ ઉપજતો હશે ! વિચારપ્રવાહની કુંઠિત દશાથી પ્રગતિ કેટલી રુંધાતી હશે !

એક વસ્તુનો તો આજે કોઇપણ સ્વીકાર કરે છે કે વિશ્વમાં ત્રણ વર્ગ પાડી શકાએ તેવી વિચાર-શ્રેણી ધરાવનાર માનવસમૂહો તરી આવે છે, તે સૃષ્ટિજૂનાં છે, તેઓ વચ્ચે ઘર્ષણ થાય છે, સમાધાન થાય છે, આ બધું આજે ચાલ્યું આવે છે; પરંતુ આ મતભેદો ધટ્ટ થઈ ઝેરનાં બી વાવે તેવું કોઈ ન ઇચ્છે. જગતની સંસ્કૃતિ આ વિચારશ્રેણીની મર્યાદા સૂચવે છે, અવગણના નહીં. પરંતુ આ ત્રણ વિચાર-શ્રેણી કઈ ?

એક તો ચાલુ દુનિયાથી આગળ ચાલ્યો જતો તે ઉદ્દામ વિચાર ધરાવનારો વર્ગ, બીજો વર્ગ દુનિ-યાની પાછળ ખેંચાતો આવે છે તે રૂઢિચૂસ્ત અને સનાતની, જ્યારે આ બેમાં મેળ સાધે તેવો વર્ગ છે, તે વિનીત નામે સંબોધાય છે. ઉદ્દામ વાદીઓ જ્યારે ફેરફાર લાવે છે ત્યારે તેમને આપણે ક્રાંતિ Revo-lution કહીએ છીએ. જ્યારે વિનીતોના હાથમાં લગામ હોય છે, ત્યારે દુનિયા Evolution ક્રમિક-ગતિથી આગળ વધે છે. આ ત્રણે વિચારશ્રેણી જગતના દરેક પ્રવૃત્તિક્ષેત્રમાં હોય છે અને તેમની વચ્ચે ખેંચતાણ–Tug of war ચાલ્યા કરે છે; આ કથા જ એક મનુષ્યજાતિનો ઇતિહાસ રચે છે, અનુભવ-પોથીનાં પાનાં ભરે છે.

પરંતુ જેમ જળઘોધ સ્થળમર્યાદા સાચવતો નથી, તેમ જ્યારે વિચારનાં મોજાંઓ ઉગ્ર સ્વરૂપ લે છે, ત્યારે આપ્પીએ સમાજરચનાને અને માનવજાતને હચમચાવી નાખે છે, કોઇવાર પાયામાંથી તેને નિર્મૂળ કરે છે. ગઈ સદીમાં ફ્રેંચ પ્રજાએ શરૂ કરેલ (વૉલ્ટેઅર અને રૂઝો પ્રેરિત) ક્રાંતિ અને ગત મહાયુદ્ધ બાદની રશિયન સંસ્કૃતિ (કાર્લમાર્ક્સ પ્રેરિત) આ સંબંધમાં જવલંત દૃષ્ટાંતો છે. આપણે દૂર ન

જતાં આપણા જ દેશનો બે દશકાનો ઇતિહાસ જોઈએ. આજથી પા સદી પહેલાં કહેવાય છે કે વંદેમાતરમ્ કહેવામાં દેશદ્રોહ ગણાતો. સંપૂર્ણ સ્વાતંત્ર્ય એ એક આદર્શવાદનું ફક્ત એક અંતિમ ધ્યેય હતું. રાજકારણમાં અહિંસાને એક અણુ જેવુંએ સ્થાન ન હતું પરંતુ એક જ વ્યક્તિની પ્રતિભાએ, ધુને અને તપસ્યાએ આખાયે દેશની સૂરત ફેરવી નાખી છે.

આપણા ગુજરાતના પા સદી પહેલાના સંસાર સુધારામાં એક અગ્રણી વિચાર ધરાવનાર સ્વ. સર રમણભાઈનું ' ભદ્રંભદ્ર ' તમે વાંચ્યું હોય તો તમને સમજાશે કે આપણા સામાજિક વિચારોમાં આપણે કેટલું આગળ વધ્યા છીએ.

સ્પર્શાસ્પર્શ, પરદેશગમન, આંતરકોમીય સંબંધો, આપણી લગ્નવ્યવસ્થા, વારસાહક્ક બાબતમાં કહો કે વ્યક્તિત્વ અંગે કહો તે બાબતોમાં સ્ત્રીવર્ગનું બદલાએલું સ્થાન, કેળવણી બાબતમાં આપણું બદલાતું–પ્રગતિ તરફ–વલણ અને વધુ મુશ્કેલ તેવા વિધવાવિવાહ કે છૂટાછેડા જેવા પ્રશ્નોમાં પણ વધુ સ્પષ્ટ થતું વલણ આ બધું એક જ સૂચવે છે કે " મગજનાં દ્વાર " ખુલ્લાં રાખી આપણે પ્રગતિપંથે આપણી યાત્રા ચાલુ રાખી છે.

આપણે–વધુ સંકુચિત વર્તુળ–જે અંગત વર્તુળ કહી શકીએ, તેવા આપણા જૈન સમાજ પ્રતિ જરા જુઓ. આપણી કોમ મુખ્યત્વે વ્યાપારવ્યવસાયી હોઈ તે જો કે સ્થૂળ ગતિએ ચાલે છે છતાં આપણે પણ એક મહાપ્રજાનું અંગ જ છીએને ? આપણે આજે ત્રણે ફીરકાના સંગઠનનો વિચાર કરીએ છીએ. આપણે જો કે મહદ્અંશે નહીં તો કંઇક જરૂરી ગણીને આપણો ધનપ્રવાહ કેળવણીના કેંદ્રો–શ્રી મહાવીર વિદ્યાલય જેવાં–પાછળ વાળીએ છીએ અને આપણે " કોમીવાદ " ને ન ઉત્તેજતાં દેશહિતનો પ્રથમ વિચાર કરીએ છીએ.

આટલું સંતોષકારક સરવૈયું છતાં સંપ્રદાયવાદમાંથી જન્મતી સામાન્ય વિચારો ન સમજવાની અસહિષ્ણુતાને લીધે આપણે ઘણાએ પછાત છીએ. ચતુર્વિધ સંઘના ચાર વિભાગોમાં દરેક વિભાગનું શું સ્થાન છે તે બાબતમાં ઘણી ચડસાચડસી છે. તદુપરાંત મને તો એમ પણ લાગે છે કે આજે આપણે કંઇક નિર્નાયક કે માર્ગદર્શક વિહોણાં છીએ એટલે આપણું નાવ સીધે પંથે ન ચાલતાં ખૂણે ખાંચરે વચમાં વચમાં લંગરાતું આગળ ચાલે છે.

પરંતુ વિશ્વપરિવર્તનની વચમાં આ અતિ મહત્ત્વની છતાં ગૌણ બાબતો છે. અંગે અંગનો વિકાસ મહત્ત્વનો છતાં સર્વદેશીય વિકાસની મહત્વાકાંક્ષા આગળ આ પૃથક્કરણ એક વિભાગી અહેવાલ જેવો છે. મહા ધોધ આગળ તે ઝીણાં ઝીણાં ઝરણાં છે. આજે માનવજાતનું એક મહાભારત રચાઈ રહ્યું છે. કારણ કે શાહીવાદ કહો, વ્યાપારી બજારોની ભૂખ કહો કે વિશ્વસ્વામિત્વની મહત્વાકાંક્ષા કહો, આવાં આવાં કારણોને લઈને દુનિયાની પ્રજાઓ માંહોમાંહે આથડી રહી છે. પ્રત્યેક રાષ્ટ્રને લાગે છે કે આજે બીજાનો તો કાલે આપણો વારો, ભલે પછી ' ભક્ષ ' થવાનાં તિથિ કે મુહૂર્ત અચોક્કસ હોય પરંતુ આ પરિસ્થિતિનું પૃથક્કરણ કરતાં પણ તેના ગર્ભમાં તો અમુક આદર્શવાદ કે વિચારશ્રેણીની ઉગ્ર અથડામણ જ જડે છે.

આ અથડામણો કેમ અટકી શકે ? તેનો ઈલાજ શો ? છે કોઈ એવો ધુરંધર વૈદ્ય આ મહારોગની ચિકિત્સા કરે તેમ ? જૈનશાસ્ત્ર જેને ' પરિગ્રહપરિણામ ' કહે છે, તેમ મહાત્માજી કહે છે કે ' live and let live ' પરંતુ દુનિયાના રાજપુરુષો આ સિદ્ધાંત પ્રણેતાઓને " આદર્શ ઘેલડા " કહે છે. આ સિદ્ધાંતો પાછળ ભલે નક્કર સત્ય હોય, પરંતુ તેનો અમલ કોણ કરાવશે તેમ તેઓ પૂછે છે. આમ છતાં મને લાગે છે કે માનવસમાજ આ સર્વભક્ષી પુનરાવર્તનોથી થાકયો છે. શસ્ત્રમર્યાદાની વાતો ફરી થવા

માંડી છે "ન્યાયી વહેંચણી" કરવાનાં સૂત્રો પાછાં વર્તમાનપત્રોને પાને ચડવા માંડ્યાં છે એટલે કંઈ નહીં તો થોડે અંશે પણ 'પ્રજ્ઞમત' રૂપી sanctions મળતાં આપણે ઉપર કહેલાં ઉદ્દેશો ફલિત થવાની સંભવિતતા સેવીએ. અલબત્ત આપણે સૌએ આપણા વ્યક્તિગત પ્રયાસોથી અને શુદ્ધ વિચાર સેવનથી આપણો ન્હાનો શો ફાળો તેમાં આપવાનો રહે છે તે ન જ ભૂલાવું જોઈએ.

અને અંતે પુનરોક્તિ દોષ કરીને પણ કહું તો આ શા માટે ? એનો એક જ જવાબ છે કે "For Liberty of thought, speech and action." જે માનવજાતની સ્વાધીનતા માટેનું જન્મસ્થાન છે.

આજકાલ સ્વતંત્રતા અને બંધન એ બન્ને શબ્દો જુદી જુદી પરિસ્થિતિમાં અને જુદા જુદા સંદર્ભમાં ગમે તેમ વપરાતા આપણે સાંભળીએ છીએ. ઘણાખરા માણસો પોતાને અણગમતી સ્થિતિને બંધન અને ગમતી સ્થિતિને સ્વતંત્રતા માની બેસે છે. પણ વ્યક્તિગત વાતને કોરાણે મૂકી સ્વતંત્રતા અને બંધનના સાચા અર્થનો વિચાર કરવાની ખૂબ જરૂર છે.

દરેક શબ્દના બે અર્થ થાય છે: એક નિરપેક્ષ અને બીજો સાપેક્ષ. સાપેક્ષ અર્થને અનુબંધ (Correlative) ની જરૂર રહે છે. સાપેક્ષ સ્વતંત્રતાની એક વ્યાખ્યા એવી બાંધી શકાય કે, મારા વિકાસની સાધનાની આડે બીજા ન આવે અને બીજાના વિકાસની સાધનાની આડે હું ન આવું. આ વ્યાખ્યાના પહેલા ભાગમાં જ સમગ્ર અર્થ સમાઈ ગયેલો આપણે માનીએ છીએ અને બીજા ભાગની અવગણના કરીએ છીએ. આથી બુદ્ધિભ્રમ પેદા થાય છે અને સ્વાર્થી માન્યતાઓને સ્વતંત્રતાને નામે પુષ્ટિ મળે છે.

સાપેક્ષ અર્થની રીતે જોતાં બંધન અને સ્વતંત્રતા બન્ને પરસ્પર વિરોધી શબ્દો છે એ માન્યતા ભૂલભરેલી છે. કોઈ પણ પ્રકારના બંધન વિના સાચી સ્વતંત્રતા સંભવતી જ નથી, કારણ કે આપણા વિકાસની આડે કોઈ ન આવે એ સૂત્ર આચારમાં મૂકી શકાય, તો પણ બીજાના વિકાસની આડે આપણે ન આવીએ એ સૂત્ર તો કોઈ પણ બંધન સ્વીકાર્યા વિના આચારમાં ન જ મૂકી શકાય. પણ અહીં જે બંધન હોય છે તેનો પ્રકાર કેવો છે એ જ અતિ મહત્વનો પ્રશ્ન છે. તેમાં બે ગુણ તો હોવા જ જોઈએ: (૧) દરેક બંધન વિકાસના પગથિયારૂપ છે, એટલે આપણે ત્યાં જ થોભી જવાનું નથી. એને વટાવી નિરપેક્ષ સ્વતંત્રતાના ધ્યેયને પહોંચી શકાય એવો ગુણ તેમાં હોવો જ જોઈએ. (૨) દેશ, કાળ, ધર્મને અનુસરી સાધકના શ્રેયને અર્થે જ એ બંધન હોય. —આચાર્ય કિપલાણી—

ગ્રામોદ્યોગ શા માટે ?

લેખક : **વૈકુંઠભાઈ લલુભાઈ મહેતા**

મેનેજિંગ ડીરેક્ટર, ધી બૉમ્બે પ્રોવિન્સિયલ કોઓપરેટીવ બેંક લીમીટેડ, મુંબઈ.

આજે વીસ વર્ષથી ખાદી પ્રવૃત્તિની શરૂઆત થઈ છે અને સાત વર્ષથી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિનો આરંભ થયો છતાં એ નિઃસંશય છે કે યુવકવર્ગમાં એ બન્ને પ્રવૃત્તિને જોઈએ તેવો વેગ મળ્યો નથી. ખાદી એ રાષ્ટ્રીય પોષાક છે. મહાસભા તે માટે આગ્રહ રાખે છે એટલું જ સહુ કોઈ સમજે છે. ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ જેનું એક અંગ ખાદી છે, તે આપણા દેશની આર્થિક સ્થિતિ શી રીતે અનુકૂલ થઈ પડે છે અને તેનું સમાજરચનામાં શું સ્થાન છે, તે જ્યાંસુધી આપણે બરોબર સમજીશું નહીં, ત્યાં સુધી એ પ્રવૃત્તિને જોઇએ તેવો વેગ મળશે નહિ. વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ સારા પ્રમાણમાં કરે છે. આ અર્થશાસ્ત્રના અભ્યાસનો પાયો પશ્ચિમ દેશોના અનુભવ ઉપર ચોજાયેલો છે. આ અનુભવ હિન્દુસ્થાનની પરિસ્થિતિને કેટલે અંશે લાગુ પડી શકે એ અભ્યાસ કરનારાઓએ જોઈ લેવાનું છે.

હિન્દની સંસ્કૃતિ બીજા દેશોની સંસ્કૃતિથી જુદી જ છે. એ સંસ્કૃતિમાં પ્રેમ, સત્ય અને અહિંસા સર્વોપરી સ્થાન ભોગવે છે. આ સિદ્ધાન્તો ફક્ત આધ્યાત્મિક કલ્યાણને માટે જ સ્વીકારીએ, તો તે ખરી સંસ્કૃતિ ન લેખાય. તે સિદ્ધાન્તો આપણા રોજના જીવનમાં ઉતારવાં જોઈએ. તેનું પાલન આપણી સમાજરચનામાં થવું જોઈએ. અગાઉ જેટલે અંશે સમાજરચના આ સિદ્ધાન્તો ઉપર ઘડાઈ, તેટલે અંશે જ તે ટકી શકી છે. આ સિદ્ધાન્તોને અનુસરીએ, તો નફાખાજી, સ્પર્ધા, હરીફાઈ, ધનનો સંચય, એ સર્વને આજે આપણા આર્થિક જીવનમાં જે સ્થાન મળ્યું છે, તે ન મળી શકે; ઉત્પાદન નફા માટે નહિ પણ ઉપયોગ માટે એ સાદું સૂત્ર કદી આપણા લક્ષની બહાર જાય નહિ; દેશની ઉત્પત્તિ વધતાં એ ગરીબાઈ વધે તે દેખાવ આપણે જોવો પડે નહિ; વર્ગ વિગ્રહનાં બીજ આપણી પ્રજામાં રોપાય નહીં. અંગત આધ્યાત્મિક હિત માટે આ તત્ત્વો સ્વીકારી આપણે સંતોષ પામીશું અને તેનું આચરણ સામાજિક જીવનમાં કરીશું નહિ, તો જે ભયંકર દાવાનળનો ભોગ પશ્ચિમ દેશની પ્રજા થઈ પડી છે, તેવો જ ભોગ આપણે થઈ શું.

એકનું હિત સર્વના હિતમાં અને સર્વનું હિત એકના હિતમાં સમાયેલું છે એ સિદ્ધાન્ત પહેલો સ્વીકારવો રહે છે. આનો સ્વીકાર થાય તો આપણે જોઇશું કે મોટા પાયાઉપર ચાલતા ઉદ્યોગોથી એકનું આર્થિક હિત સધાતું હશે પણ સર્વનું આર્થિક હિત તેમાં સમાયેલું નથી. ઉલટું તેવા ઉદ્યોગોના વિકાસથી જ્યારે એક વ્યક્તિની કમાણી ઘણા પ્રમાણમાં વધે છે ત્યારે તેટલા જ પ્રમાણમાં અનેક વ્યક્તિઓની કમાણી અટકે છે. આવી રીતે ધનના સંચયને પ્રોત્સાહન મળે છે તે કારણસર હાલની પદ્ધતિએ ચાલતા નવીન ઢબના ઉદ્યોગો નાપસંદ કરવા લાયક છે; નહિ કે તેમાં યંત્ર વપરાય છે એટલે. યાંત્રિક બળ મનુષ્યના સાથી તરીકે રહે ત્યાંસુધી સ્વીકારી શકાય. તેથી કામ સરળ થઈ શકે એમ હોય તો. પણ જે યાંત્રિક બળ સર્વોપરીપણું ભોગવે અને મનુષ્યનાં કમાણીનાં સાધનો છીનવી લે, તો તેવા યાંત્રિક બળનો નિષેધ કરવો એ યોગ્ય છે. તેવા ઉદ્યોગોથી પ્રજાના હિતનું સંરક્ષણ થવાને બદલે પ્રજાના ઉદરનિર્વાહનાં સાધનો નાશ પામે છે. અહિંસાની કે પ્રેમની દૃષ્ટિથી જોઇએ, તો આ પરિણામ અનિષ્ટ છે.

મૂડીવાદને લીધે જ આ માઠાં પરિણામો આવે છે. પરંતુ મૂડીવાદ નાશ થાય, તો યાંત્રિક બળ મનુષ્યનું ગુલામ થઈ રહે એમ કદી સૂચવવામાં આવે છે. આ મન્તવ્ય સહુ કોઈ સ્વીકારશે નહીં. પણ એ દલીલ સ્વીકારીએ તો એ આપણા દેશની પરિસ્થિતિને લાગુ કેમ પાડી શકીએ તે વિચારવું જોઇએ. આર્થિક પુનર્ઘટનામાં એ ધ્યેય તો સતત આપણી નજર આગળ રાખવું પડશે કે હિન્દુસ્થાનનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. અને હિન્દુસ્થાનની પ્રજાનો મોટો ભાગ ગામડાંઓમાં વસે છે. યાંત્રિક બળવડે ચાલતા ઉદ્યોગો આ સંજોગોમાં કેટલે અંશે આવકારદાયક થઈ પડશે, તે તપાસી તેની મર્યાદા ઠરાવવાની છે. અત્યાર સુધી જે રીતે નવા ધોરણ ઉપર ઔદ્યોગિક વિકાસ થયો છે તેને અંગે દેશમાં બેકારી ઘટવાને બદલે વધી છે એ આંકડાઓ સિદ્ધ કરી આપે છે. આ વિકાસથી ગામડાંની પ્રજાને તો હાનિ જ થઈ છે.

તે પ્રજાનું કલ્યાણ સાધવાની દૃષ્ટિએ તો આર્થિક ઘટના બીજી જાતની હોવી જોઇએ એમ છેલ્લી અડધી સદીનો અનુભવ આપણને દેખાડી આપે છે. આપણા ઉદ્યોગો તો એવા હોવા જોઇએ કે જે જુદે જુદે સ્થળે પેદા થતા કાચા માલને સ્થાનિક મેહનતથી પાકા બનાવે. આપણા દેશમાં હાથમજુરી માટે માણસો ભરપૂર મળી શકે છે અને તેમને કમાણીનાં સાધનો પૂરાં પાડવાં એ સમાજનું હિત ચિન્તવનારાઓની ફરજ છે. બીજી બાજુ મૂડીની છૂટ નથી બલકે અન્ય દેશોની સરખામણીમાં નવા ઉદ્યોગો માટે મૂડી ઓછા પ્રમાણમાં છે. એટલે ઉદ્યોગોની ઘટના એવી ન હોવી જોઇએ કે જેની અન્દર મૂડીનું સારી પેઠે રોકાણ કરવું પડે. તે ઉપરાન્ત ગામડામાં વસતી પ્રજાનાં કમાણીનાં સાધન વધારવાં હોય, તો ઉદ્યોગ કે દુષ્યમ ધંધો એવો હોવો જોઈએ કે જે સગવડે હાથમાં લઈ શકાય અને સગવડે છોડી શકાય. મધ્યસ્થ જગ્યાએ કારખાનાં કાઢ્યેથી આ ગરજ સરતી નથી. વળી ઉદ્યોગો એ પ્રકારના ન હોઈ શકે કે તે શીખવા પાછળ ઘણો વખત ખર્ચવો જોઇએ. ગામડાંની પ્રજા તે ઉદ્યોગો સહેલાઈથી શીખી શકે એમ હોવું જોઈએ. છેવટે તૈયાર થએલો માલ વેચવા માટે દેશ પરદેશ ફાંફાં મારવાની જરૂર ન રહેવી જોઈએ. એ માલની માંગણી સ્થાનિક મોટા પ્રમાણમાં હોય, તો વ્યવહાર વધારે સુગમ થઈ શકે. આ બધી જરૂરિયાતને પહોંચી વળી શકે તે પ્રકારના ઔદ્યોગિક વિકાસની આપણા દેશમાં પૂરી ખોટ આજે છે. બહુજન સમાજની એ આર્થિક ગરજો ગ્રામોદ્યોગો પૂરી પાડે છે, તેથી જ એ પ્રવૃત્તિ પૂજ્ય ગાંધીજીએ રાષ્ટ્રને સૂચવી છે. ખાદી આ પ્રવૃત્તિનું એક આવશ્યક અંગ છે. તે પ્રવૃત્તિનાં બીજાંયે અંગો તેટલાં જ મહત્ત્વનાં છે. આર્થિક સમતોલપણું જાળવી રાખવા માટે અને સામાજિક સ્વાસ્થ્ય સ્થાપિત કરવા માટે આ પ્રવૃત્તિનું ઘણું મહત્ત્વ છે. તેથી તેનો અભ્યાસકરી યુવક વર્ગ તેમાં રસ લેતો થાય, તે ઇરાદાથી એ પ્રવૃત્તિની રૂપરેખા રજુ કરવાનો આ લેખનો હેતુ છે.

હિંદુસ્થાનના ઉદ્યોગો ખીલવવાના શક પડતા લાભોની ખાતર ગરીબોને ઘરબાર વગરના કરી મૂકવામાં રહેલાં દુષ્પરિણામ કલ્પીકલ્પીને હું થરથરું છું, છતાં મારી શ્રદ્ધા છે કે આ એક ઊડતો ચેપ માત્ર છે.

મુંબઇની મીલોમાં જે મજુરો કામ કરે છે તે ગુલામ બન્યા છે. જે બૈરાંઓ તેમાં કામ કરે છે તેની દશા જોઇને હરકોઈને કમકમાટી આવશે. આ સંચાનો વાયરો વધે તો હિંદુસ્થાનની બહુ દુઃખી દશા થશે.

હિન્દને જે જરૂરી છે તે તેનું ધન થોડાક મૂડીવાળાઓના હાથમાં એકઠું થાય એ નથી, પણ એ ધન હિન્દુસ્થાનનાં સાડા સાત લાખ ગામડાંમાં વહેંચાઇ જાય અને ૧૯૦૦ માઇલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા આ ભરતખંડમાં કોઇ ભૂખ્યું ન સૂવે એ છે. —ગાંધીજી—

અહિંસા

લેખક : વજેચંદ લક્ષ્મીચંદ શાહ

અહિંસા એટલે વિશ્વપ્રેમ मित्ती मे सव्व भूएसु वेरं मज्झं न केणइ અર્થાત જીવમાત્ર સાથે મારે મૈત્રીભાવ છે, મારે કોઈ સાથે વેર નથી, એવો વિશ્વપ્રેમનો અમૂલ્ય સંદેશ ભગવાન મહાવીરે જગતને આપ્યો છે.

મહાત્મા ઈશુનો પ્રેમ તે જ ભગવાન મહાવીરની અહિંસા, તથા તે જ શ્રીકૃષ્ણનો અનાસક્તિ યોગ. દરેક ધર્મના પયગમ્બરોએ એક જ વાત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવને અનુસરીને જુદી જુદી રીતે કહી છે. અહિંસાના વિશાળ અર્થમાં બધુંજ આવી જાય છે. તેથી જ જૈનધર્મ એ વિશ્વધર્મ છે. અહિંસા એ માત્ર જૈનોનો જ વારસો છે એમ નથી. જે ધર્મ ઈશ્વરપ્રાપ્તિનું સાધન હોવાનો દાવો કરે છે, તે દરેક ધર્મમાં અહિંસા અનિવાર્ય છે. પરમાત્મપદની પ્રાપ્તિ અર્થે રાગ દ્વેષરૂપી શત્રુઓનો જય કર્યા વિના સાચો પ્રેમ, સાચો ત્યાગ, સાચી અહિંસા સિદ્ધ થતાં નથી.

મહાત્મા ગાંધીજીના શબ્દોમાં " અહિંસા એ પ્રેમનો સાગર છે. તેનું માપ કોઈ જગતમાં કાઢી શકયું નથી. એ પ્રેમસાગરથી આપણે ઉભરાઈ જઈએ, તો આપણામાં એવી ઉદારતા આવે કે તેમાં આખા જગતને આપણે સંકેલી શકીએ છીએ એ કઠણ વસ્તુ છે ખરી, છતાં સાધ્ય છે. "

અહિંસા એ જગત કલ્યાણનો માર્ગ છે. જગતને માટે સુખ શાન્તિનાં જેટલાં સાધનો યોજવામાં આવે છે, તેટલાં જગતને દુઃખદાયક થઈ પડ્યાં છે. વિજ્ઞાનની શોધો જગતને કાળના મુખમાં હડસેલી રહી છે. મનુષ્યે પોતે ઉપજાવેલો વિજ્ઞાનરૂપી રાક્ષસ મનુષ્યોનો જ સંહાર કરવા લાગી ગયો છે. હિંસાને માર્ગે જગતને સુખી કરવાનો–જગતમાં શાન્તિ સ્થાપવાનો પ્રયાસ કરનાર ભીંત ભૂલ્યા છે.

વૃત્તિઓના સદુપયોગથી મનુષ્ય જગતનું જેટલું કલ્યાણ કરી શકવા સમર્થ છે, તેટલું જ વૃત્તિઓના દુરુપયોગથી મનુષ્ય પોતાના કરોડો માનવ બાંધવોનો સંહાર પણ કરી શકે છે. અશાન્તિ તથા યુદ્ધો એ મનુષ્યમાં રહેલી હિંસકવૃત્તિની પાશવ લીલા છે.

કોઇને કોઈનો જીવ લેવાનો અધિકાર નથી. જીવન જેટલું આપણને પ્રિય છે, તેટલું જ બીજાને છે. જેને જંતુ મારવાની ઈચ્છા થાય તેને પશુપક્ષી મારવાની ઈચ્છા પણ થઈ શકે. એવી જ ઇચ્છામાંથી હરકોઈ પ્રકારની હિંસા ઉદ્ભવે છે.

અહિંસાથી વેરવૃત્તિ શાન્ત થાય છે. હિંસક પ્રાણીઓ પોતાની હિંસા છોડે છે. દુશ્મન વેરભાવનો ત્યાગ કરે છે. કઠોર હૃદય પીગળી જાય છે. ક્રોધ, ક્રૂરતાનો નાશ થાય છે તથા જગતના જીવો પ્રત્યે બંધુભાવ જાગે છે.

મન, વચન, કાયાએ કરીને કોઈ જીવને હણવો નહીં, હણાવવો નહિ તથા હણતા પ્રત્યે અનુમોદન કરવું નહિ એટલામાં જ અહિંસાની સમાપ્તિ થતી નથી. અહિંસા ચિત્તવૃત્તિના નિરોધથી સિદ્ધ થઈ શકે છે. વૃત્તિઓનો નિરોધ એટલે કર્મના દ્વાર બંધ કરવા, તે નિરોધ એટલે સંવર. વાસના કહો કે વૃત્તિ, રાગ કહો કે રતિ, કર્મ કહો કે હિંસા એ બધું સરખું જ છે. સંવર એટલે વાસનાઓને ઉત્પન્ન થતી રોકવી તે.

જીવોને જીવાડવા અગર અભયદાન આપવા ખાતર જ આપણે ઉપવાસ કરીએ છીએ એટલું જ સમજવું બસ નથી. એ તો માત્ર વ્યવહારદ્રષ્ટિ થઈ. ઉપવાસથી આપણે મુખ્યત્વે ખાવા પીવા વિગેરે વૃત્તિઓનો નિરોધ કરીએ છીએ. વળી પોતાનું શુદ્ધ સ્વરૂપ પાછું પામવા આપણે પ્રતિક્રમણ કરીએ છીએ. પ્રતિક્રમણ એટલે સાચો પશ્ચાત્તાપ. સાચો પશ્ચાત્તાપ તેજ હોઈ શકે, જે કરવાથી ફરીથી પાપ કરવાની વૃત્તિ ન થાય. આપણે સામાયિક કરીએ તેમાં પણ વિષયોથી અલિપ્ત થઈ સ્વસ્થતા–શાન્તિ પ્રાપ્ત કરવાની છે. બહિરવૃત્તિમાંથી ચિત્તને ખેંચી અંતરવૃત્તિ કરતાં કરતાં સમતા યાને ઉદાસીનતા ધારણ કરવી એ જ સાચો ઉપવાસ, એ જ સાચું પ્રતિક્રમણ તથા એ જ સાચું સામાયિક છે. ઉપવાસ, પ્રતિક્રમણ, સામાયિક વિગેરે તપથી આપણે ગુમાવેલો પ્રદેશ જીતવાનો છે. રાગદ્વેષ રૂપી શત્રુ તથા વૃત્તિઓ રૂપી લશ્કરને પાછું હટાવવાનું છે, પાછાં પગલાં ભરવાનાં નથી. ઉપવાસ, પ્રતિક્રમણ, સામાયિકથી જો આપણા વિચાર–માન્યતા કે ભાવનામાં ફેર ન પડે તો આપણે જે પ્રદેશ જીતીએ, તે ગુમાવેલો ગણાય. રોજ જીતવું અને રોજ ગુમાવવું એવું કાયમનું યુદ્ધ ચાલતું રહે તો આપણે માટે ઘાણીના બળદની પેઠે ફર્યા કરવાનું જ રહે.

જેટલે અંશે આપણે પ્રવૃત્તિમાંથી પાછા ફરીએ તેટલે અંશે આપણે અહિંસા સિદ્ધ કરી ગણી શકાય. જૈન એટલે જીતનાર. રાગદ્વેષનો પ્રદેશ જે કોઈ જીતે તે જૈન. જે રાગદ્વેષરૂપી સર્વ શત્રુઓનો જય કરી શકે, તે જ અહિંસાને પામી શકે. તે જ શત્રુજય પર પહોંચી શકે તથા પરમાત્મપદને પામી શકે. પરમાત્મપદની પ્રાપ્તિ એટલે જ સત્યનો સાક્ષાત્કાર.

જીવન ટકાવવા આપણે અનેક પ્રવૃત્તિઓ કરીએ છીએ. પ્રવૃત્તિમાત્રથી હિંસા થાય છે. પ્રવૃત્તિના માર્ગે લેવું, પરિણમાવવું તથા પોતાનું બનાવવું એ વિકાસ ગણાય છે; જ્યારે નિવૃત્તિને માર્ગે ત્યાગ કરતાં આગળ વધવાનું છે. મહત્ત્વ તથા તેની સાથે વળગેલી વાસનાઓનો ભોગ આપ્યા વિના નિવૃત્તિ સિદ્ધ થતી નથી. જ્ઞાનરૂપ અગ્નિમાં વાસનાઓ અર્થાત્ કર્મોની આહૂતિ આપવાની છે. તે જ ખરો યજ્ઞ છે. મેળવેલી ધનદોલત, માલખજાના, શરીર તથા મારું કરીને માનેલું સર્વસ્વ મરણ વખતે અનિચ્છાએ છોડવું પડે છે. ત્યાં જ પ્રવૃત્તિ માર્ગનો અંત આવે છે. જ્યારે નિવૃત્તિ માર્ગે મારું કરીને માનેલું સર્વસ્વ જેમાં મારું કાંઈ નથી એમ સમજી સ્વેચ્છાપૂર્વક છોડતાં છોડતાં અનંતતામાં લીન થવાનું છે. નિવૃત્તિની સિદ્ધિ એટલે મુક્તિ યાને મોક્ષ.

વાસનાથી ચિત્તમાં સંકલ્પ વિકલ્પો ઉત્પન્ન થયા કરે છે. જ્યાંસુધી વૃત્તિ (ક્રિયા) ઓમાં વાસનાનું બીજ હોય છે ત્યાંસુધી વૃત્તિઓ સારાં માઠાં ફળ આપે છે. શુભ વૃત્તિ તે પુણ્ય, અશુભ વૃત્તિ તે પાપ. બંને બંધન છે. પ્રવૃતિના માર્ગે વાસનાના બીજને પોષણ મળવાથી વાસનાનું વૃક્ષ ફાલેફુલે તથા ફળે છે. જ્યારે નિવૃત્તિને માર્ગે ચિત્તવૃત્તિઓના નિરોધથી વાસનાના વૃક્ષને—પોષણ મળતું અટકે છે જેના પરિણામે વૃક્ષનો તેના બીજ સહિત ક્રમે ક્રમે નાશ થાય છે. વાસનાનો નાશ એટલે સર્વ કર્મોનો ક્ષય અર્થાત્ અહિંસાની સિદ્ધિ.

મન વચન તથા કાયાની સ્થિરતાથી જે અનુભવ થાય, તે મહાત્મા કબીર જણાવે છે:—

તનથીર, મનથીર, બચનથીર, સુરત નિરત થીર હોય.

કહે કબીર ઈસિ પલક કો, કલપ ન પાવે કોય.

અર્થાત–જ્યારે મન, વચન, કાયાના વ્યાપારો શાન્ત થાય અને જીવની પરમાત્મભાવમાં સ્થિરતા થાય, ત્યારે કબીરજી કહે છે કે જે અનુભવ થાય છે તેની કોઇને કલ્પના આવવી મુશ્કેલ છે અર્થાત જે અનુભવે તે જ જાણે.

હવે આપણે દયા અને અહિંસા વચ્ચે રહેલા તફાવતનો વિચાર કરીએ. દયા એટલે અનુકંપા. આમાંનું દુઃખ જોઈ કંપી જવું તે. દયા એ કાંઈ આત્માનો સ્વભાવ નથી પણ શક્તિ છે, હૃદયનો ભાવ છે, દિવ્ય શક્તિ Psychic Power છે, ઊર્ધ્વગામિની વૃત્તિ છે. જેના હૃદયમાં દયા નથી તે અહિંસાને માર્ગે આગળ વધી શકતો નથી, પ્રભુને પામી શકતો નથી, દયા એ હૃદયની કોમલતા છે. દયાની શક્તિ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં જતા જીવને ગતિ આપે છે. તેથી જ દયા ધર્મનું મૂળ છે, એવું તુલસીદાસજીનું કથન છે. જેમ જેમ દયાની તીવ્રતા, તેમ તેમ આધ્યાત્મિક વિકાસ વધુને વધુ ત્વરિત. દયાનો અભાવ એટલે જડતા–કઠોરતા જડતા એ શક્તિ નથી પણ સ્થિતિ છે. અધર્મનું મૂળ છે. જડતાથી જીવ આગળ વધી શકતો નથી. જડતા એ જીવની ગતિ અવરોધે છે.

સત્ય સહેલું છે, જ્યારે જુઠ્ઠા માટે ગોઠવણી કરવી પડે છે. ફેંકી દેવું, છોડવું સહેલું છે, જ્યારે મેળવવું મુશ્કેલ છે. કોઇને મારવા કરતાં ન મારવામાં જીવને શાન્તિ રહે છે. સંતોષમાં સુખ છે જ્યારે અસંતોષ દુઃખદાયક છે. વેરવિરોધ કે ક્રોધમાં ઉકળાટ છે જ્યારે ક્ષમામાં શાન્તિ છે. તેથી જ સત્યસ્વરૂપ યાને પરમાત્મદશા એ જીવની સ્વાભાવિક દશા છે.

સવાલ. જો પરમાત્મપદ એ જીવની સ્વાભાવિક દશા હોય, તો સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ વગેરે તપસંયમ કર્યા છતાં શા માટે જીવો ભવાટવીમાં ભમ્યા કરે છે ?

જવાબ. આનું કારણ માત્ર અજ્ઞાન છે. જેમ કોઇએ અંધારામાં ઝાડનું થડ પકડી લીધું અને ભૂમો મારવા લાગ્યો કે ભૂતે મને પકડ્યો છે, છોડતો નથી. પરંતુ વાસ્તવિક રીતે એણે પોતે પકડેલું ઝાડનું થડ એ પોતે જ છોડતો નથી. તેમ અજ્ઞાન દશામાં, જીવ આ મારું અને તે મારું એમ માની આસક્તિથી પોતે જ બંધાઈ રહેલો છે. કોઇએ એને બાંધ્યો નથી કે પકડ્યો નથી.

સવાલ. જો આમ છે તો અહિંસાનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો કઠણ છે એમ શા માટે કહેવામાં આવે છે ?

જવાબ. વાસનાઓની પ્રબળતાથી અર્થાત્ કર્મોની તીવ્રતાથી જીવ પ્રવૃત્તિને માર્ગે ખેંચાતો જાય છે. પોતે કોણ છે તે એને અજ્ઞાન અંધકારમાં સૂઝતું નથી; જેમ ઘેટાના ટોળામાં રહેલું સિંહનું બચ્ચું પોતાને ઘેટું માનવા લાગે છે તેમ. જ્યારે કોઈ શુભ કર્મની તીવ્રતાથી જીવ પોતાની સ્વાભાવિક દશા તરફ જાગ્રત થાય છે, ત્યારે નિવૃત્તિનો માર્ગ પકડે છે; પરંતુ જ્યાં સુધી ધ્યેય નક્કી થતું નથી, ત્યાં સુધી ઘડીકમાં નિવૃત્તિ તરફ તો ઘડીકમાં પ્રવૃત્તિ તરફ એમ બંને બાજુ ખેંચતાણ થયા કરે છે. ભસવું અને આટો ફાકવો એ બંને એક સાથે થતાં નથી, તેમ તૃષ્ણાને પોષવી છે અને પ્રભુને પામવા છે એ બંને કામ એક સાથે થઈ શકતાં નથી. આવી સ્થિતિમાં રહેલા મનુષ્યો માટે અહિંસાનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો કઠણ છે.

સવાલ. જો પ્રવૃત્તિ (ક્રિયા) માત્રથી હિંસા થતી હોય તો અહિંસા ધર્મનું પાલન દેહધારી માટે શું સર્વથા અશક્ય છે ?

જવાબ. જેમ લોખંડથી લોખંડ કપાય તેમ વૃત્તિથી વૃત્તિને હણી શકાય. ક્રિયા કરતાં કરતાં ક્રિયા-રહિત થવાનું છે. આ ઠેકાણે પ્રવૃત્તિ એટલે નિવૃત્તિને માર્ગે જવાની પ્રવૃત્તિ એવો અર્થ લેવાનો છે. તેથી જ અમુક હદ સુધી જ્ઞાન સહિત ક્રિયાનો પણ સ્વીકાર કરેલો છે. ક્રિયા

પ્રથમથી જ સર્વથા ત્યાજ્ય નથી. ધીરે ધીરે આગળ વધવાનું છે. ધ્યેયને પહોંચવા માર્ગ કાપવાની ક્રિયા કર્યા વિના છૂટકો નથી. સામે પાર પહોંચવા હોડીમાં બેસી હલેસાં મારવાની ક્રિયા કરવી પડે છે. પાર પામ્યા પછી હોડીમાં બેસી હલેસાં મારવાની જરૂર રહેતી નથી. પણ હોડીને છોડી જવાની જરૂર પડે છે.

આવીજ જાતનો પ્રશ્ન દશવૈકાલિક સૂત્ર ના સૂત્રકારે ઉપસ્થિત કરી ઉત્તર આપ્યો છે; તે જાણવા યોગ્ય છે.

कहं चरे कहं चिट्ठे कहमासे कहं सए ।
कहं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥

અર્થાત કેમ ચાલીએ, કેમ રહીએ, કેમ બેસીએ, કેમ સૂઇએ, કેમ ખાઇએ અને કેમ બોલીએ તો પાપકર્મ ન બંધાય ?

તેના ઉત્તરમાં કહે છે કે: जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥
सव्वभूयप्पभूअस्स सम्मं भूयाइं पासओ ।
पिहिआसवस्स दंतस्स पावं कम्मं न बंधइ ॥

એટલે કે સંયમપૂર્વક ચાલવું, સંયમપૂર્વક રહેવું અને જે કંઈ બીજી પણ બેસવાની, સુવાની, ખાવાની, કે બોલવા વિગેરેની પ્રવૃત્તિ સંયમપૂર્વક થતી હોય તો પ્રવૃત્તિ કરનારને પાપકર્મનો સંબંધ લાગી શકતો નથી. વળી જે સર્વ ભૂતોને પોતાની પેઠે સમજે છે, કુપ્રવૃત્તિ માટે જેનાં બધાં દ્વારો બંધ છે અને જે દમનશીલ છે તેને પાપકર્મનો સંબંધ લાગી શકતો નથી. (દશવૈકાલિકસૂત્ર, ચોથું અધ્યયન, ગાથા. ૭-૮-૯) મતલબ કે: સંયમપૂર્વકની પ્રવૃત્તિ એટલે પરમાત્મદશાને પહોંચાડનારી ઊર્ધ્વગામિની પ્રવૃત્તિ જેમાં કુપ્રવૃત્તિ માટેના બધાં દ્વારો બંધ હોય છે, જેમાં પાપકર્મનો સંબંધ છોડતો છોડતો જીવ નિવૃત્તિના અનંત માર્ગે આગળ વધતો જાય છે. જીવ હલકો થતો થતો પરમાત્મદશાને પામે છે. એવી ઊર્ધ્વગામિની પ્રવૃત્તિમાં જીવને પાપકર્મનો સંબંધ લાગી શકતો નથી પણ ઉલટો છૂટતો જાય છે, તેથી " પ્રવૃત્તિ કરનારને પાપકર્મ લાગી શકતું નથી " એવું સૂત્રકારનું કથન યથાર્થ છે.

વિરતિ એટલે રતિમાંથી વિરામવું અર્થાત્ વૈરાગ્ય. તેને અર્થે જે કાંઈ કરવામાં આવે તે વ્રત. વૃત્તિઓને સહેલાઈથી જીતી શકાય તેથી શાસ્ત્રકારોએ તેના નીચે મુજબ પાંચ મુખ્ય વિભાગ પાડેલા છે જેને પંચ મહાવ્રત કહેવામાં આવે છે:

(૧) પ્રાણાતિપાતવિરમણવ્રત અર્થાત અહિંસા.
(૨) મૃષાવાદવિરમણવ્રત અર્થાત સત્ય.
(૩) અદત્તાદાનવિરમણવ્રત અર્થાત અસ્તેય.
(૪) મૈથુનવિરમણવ્રત અર્થાત બ્રહ્મચર્ય.
(૫) પરિગ્રહવિરમણવ્રત અર્થાત અપરિગ્રહ.

તાત્વિક દૃષ્ટિએ ઉપરના વ્રતોનું એકીકરણ થઈ શકે છે. આત્મા શુદ્ધ સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ સત્ય છે. સત્ય એટલે જે હતું, છે અને રહેશે તે અર્થાત જે ત્રણે કાળમાં એક જ છે તે. આત્મા સ્વભાવે સત્ય છે. સ્વસ્વરૂપમાં આત્માની સ્થિરતા એટલે અહિંસા, સ્વભાવમાંથી આત્માનું

પરભાવમાં જવું એ જ હિંસા એ જ અસત્ય. પોતાના અનંત જ્ઞાન પ્રદેશમાંથી અર્થાત સ્વભાવમાંથી આત્માનું પરભાવમાં—સાંત (અંતવાળા) પ્રદેશમાં જવું તે અર્થાત પોતાના શુદ્ધ સ્વરૂપમાંથી પોતાનું નથી એવા પૌદ્ગલિક દ્રવ્યોમાં જવું એનું નામ ચોરી. શુદ્ધ સ્વભાવે આત્મા બ્રહ્મ છે. પોતાના સ્વરૂપમાં રમણતા તેજ બ્રહ્મચર્ય. તેમાંથી પરભાવમાં અર્થાત પૌદ્ગલિક દ્રવ્યોમાં જવું તે અબ્રહ્મચર્ય. પરિગ્રહ એટલે પરભાવ. જેની, આત્માને જરૂર નથી તેનો અર્થાત મમત્વનો ત્યાગ એ જ અપરિગ્રહ અથવા સ્વસ્વરૂપમાં સ્થિરતા. ટુંકમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ જ્યાં સુધી વ્રતો છે, ત્યાં સુધી સાધન છે. તથા તાત્વિક દૃષ્ટિએ એ સર્વે નિરંજન નિરાકાર નિર્ગુણ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ હોવાથી સાધ્ય છે. વહેવારદૃષ્ટિએ ભેદ પાડેલા છે. જ્યારે નિશ્ચય દૃષ્ટિએ સર્વ એક જ છે.

આપણે આજે નામર્દ છીએ, તેનું કારણ આપણને પ્રહાર કરતાં આવડતું નથી એ નથી, પરંતુ આપણે મરતા ડરીએ છીએ એ છે. જે મરણની ભીતિથી ખરો કે ખોટો ભય આવતા નાસી જાય છે, છતાં જે હરઘડી એમ ઇચ્છે છે કે બીજો કોઈ પુરુષ જ ડરાવનાર પુરુષનો નાશ કરી ભયને દૂર કરે, તે જૈન ધર્મના પ્રચારક મહાવીરનો કે બુદ્ધનો કે વેદનો અનુયાયી હોઈ ન શકે. જે માણસ વ્યાપારમાં બીજાને છેતરીને તેનું ટીપે ટીપે લોહી ચૂસી તેનો પ્રાણ હરે છે; અથવા જે થોડીક ગાયોનું હથિયારથી રક્ષણ કરે છે, પરંતુ ખાટકીનો જીવ લે છે; અથવા જે સ્વદેશનું માની લીધેલું ભલું કરવા વાસ્તે કેટલાક અમલદારોનું ખન કરતાં અચકાતો નથી, તે અહિંસાનો અનુયાયી હોઈ શકે નહિ. આ બધાં કાર્યો દ્વેષથી, ભીરુતાથી કે ડરથી પ્રેરાયલાં હોય છે. ગાય કે દેશ માટેનો પ્રેમ તો નામનો જ હોય છે, પરંતુ આવી પ્રવૃત્તિ ડંખીલા સ્વભાવને અથવા પોતાના ગર્વને તૃપ્ત કરવા માટે જ યોજાએલી હોય છે.

અહિંસા, મારા મત પ્રમાણે, રીતસર સમજવામાં આવે, તો તે ઐહિક તેમજ પારલૌકિક સર્વ દુઃખો મટાડવા માટે ચિંતામણિરૂપ છે. તેનું અતિશય સેવન કરવું અશક્ય નથી. અત્યારે તો આપણે તેનું જરા પણ સેવન કરતા નથી. અહિંસાનું પ્રાથમિક રૂપે પણ સેવન થઈ શકે, તે પૂર્વે બીજા ગુણોનું સેવન આવશ્યક છે. મહાવીર અને બુદ્ધ સૈનિકો હતા, તેમજ ટોલ્સ્ટોય પણ હતા, તેઓને જ પોતાની પ્રવૃત્તિનું ગંભીર સ્વરૂપ યથાર્થ રીતે ખ્યાલમાં આવ્યું હતું. તેઓ જ યોગ્ય, સુખી, ઉદાત્ત અને દૈવી જીવનનું રહસ્ય મેળવી શક્યા હતા. આપણે આ ઉપદેશકોના સહયાત્રી બનીશું, તો આપણો દેશ ફરીથી પાછો દેવોનું નિવાસસ્થાન બનશે.

— ગાંધીજી —

માનવ ધર્મ

લેખક : **રતિલાલ હરજીવનદાસ માવાણી,** બી. એ., એલએલ. બી.

મનુષ્યજાતિમાં ભિન્ન ભિન્ન ધર્મો પ્રવર્તે છે. કોઈ જૈન, કોઈ વૈષ્ણવ, કોઈ મુસલમાન, કોઈ ખ્રિસ્તી વગેરે ધર્મ પાળે છે. જગતના આ જુદા જુદા ધર્મોનું ધ્યેય માનવજાતિના કલ્યાણનું, આત્માની ઉન્નતિનું અને પરસ્પર પવિત્ર બંધુતા પેદા કરવાનું છે. પરંતુ તીર્થંકરો, ધર્મગુરુ અને પેગંબરોનો આ આદેશ ધીમે ધીમે ભૂલાતો જાય છે. અમારો ધર્મ જ સાચો છે અને બીજા ધર્મો ખોટા છે. અમારા ધર્મશાસ્ત્રો આધારભૂત છે, અને બીજાં નકામાં છે તેમ કેટલાક માને છે. અને તેના પરિણામે વ્હેમ, ધર્માંધતા અને પોતાના જ ધર્મપ્રત્યેનો આંધળો પક્ષપાત પેદા થાય છે. અને ધર્મ સંસ્થાપકોનો આદેશ ક્યાંયે ગૂમ થઈ જાય છે.

ખરી રીતે ધર્મો જુદા જુદા નથી. પરંતુ ધર્મોના વાડા છે. ધર્મ તો એક જ છે. મનુષ્યો બધા સરખા હોઈ તેમનો ધર્મ પણ એક સરખો હોવો જોઈએ. જેવી રીતે દરેક સ્થળે અને દરેક કાળે અગ્નિ કે પાણીનો ધર્મ એક જ છે. તેવી જ રીતે મનુષ્યનો મનુષ્ય તરીકેનો ધર્મ એક હોવો જોઈએ. અને તે ધર્મ તે માનવધર્મ. જે માણસમાં મનુષ્યત્વ હોય તે માનવધર્મ ભૂલે જ નહીં.

ત્યારે માનવધર્મ શું છે? જેવી રીતે આપણને સુખ ગમે છે, કોઈ આપણને ગાળ આપે કે પરાણે આપણું લઈ લે તે આપણને ગમતું નથી પણ દુઃખ થાય છે, તેવી જ રીતે આપણે બીજા બાબત ધારવું તથા વર્તવું જોઈએ; ટુંકમાં, જેવી રીતે બીજા આપણી તરફ વર્તે તેમ આપણે ઇચ્છીએ છીએ, તેવી જ રીતે આપણે બીજાઓ તરફ વર્તવું જોઈએ. કોઈને ગાળ ન દેવાય, કોઈનું પરાણે ન લેવાય તેમ જ કોઈને દુઃખ થાય તેવું કૃત્ય ન કરાય. ખરી રીતે જોતાં માનવધર્મ તો દરેક ધર્મના સંપ્રદાયોનો પાયો છે. જ્યાંસુધી મનુષ્ય માનવધર્મ આચરતો નથી, ત્યાંસુધી તે ગમે તેટલા ક્રિયાકાન્ડ કરે તે નકામા છે, ગમે તેટલા જપ જપે કે તપ કરે, નિરર્થક છે. ટીલાં ટપકાં કરવામાં કે માળા ફેરવવામાં, સફેદ, પીળાં, કે લીલાં અગર ભગવાં કપડાં પહેરવામાં કે અમુક પ્રકારે અને અમુક વખતે નમસ્કાર, સંધ્યા કે નમાજ પઢવામાં ધર્મ સમાતો નથી. મનુષ્ય બાહ્યાડંબર કરે, તો તે પોતાની જાતને તથા પારકાને છેતરે છે. એકલાં પૂજન, અર્ચન કે આરાધના નિરુપયોગી છે. મંદિરમાં, મસીદમાં કે દેરાસરમાં જઈ ફોનોગ્રાફ માફક ધર્મનાં સૂત્રો બોલી જવાં અને બહાર નીકળ્યા પછી તે વિસરી જવાં તથા તે પ્રમાણે આચરણ ન કરવું તેનો કાંઈ જ અર્થ નથી. મંદિરમાં, મસીદમાં કે દેરાસરમાં ધર્મ નથી. ધર્મ તો છે મનુષ્યના હૃદયમાં. મંદિરમાં, મસીદમાં કે દેરાસરમાં જઈ આવ્યા એટલે ધર્મ કરી આવ્યા તેવી ખોટી ભ્રમણા રાખવાથી શું ફાયદો છે? ધર્મ મંદિરમાં, મસીદમાં કે દેરાસરમાં જ થાય અને ત્યાં કામ ખલાસ થયું તેમ ગણાય નહીં. જેમ વેપારની એક દુકાન હોય, તેમ મંદિર, મસીદ કે દેરાસર પણ ધર્મ કરવાની દુકાન છે તેમ ગણાય નહીં. જો તેમ ગણવામાં આવે તો તે ચોકખી દાંભિકતા છે જ. ધર્મ તો આચરણમાં જ જણાઈ આવે છે. સૌને સરખા ગણો, પોતાના જેવા ગણો તેમ બોલવાથી ધર્મી થઈ જવાતું નથી. તે પ્રમાણે આચરણ કરવું જોઈએ.

વળી, ગાડરિયા પ્રવાહની પેઠે અમુક ક્રિયાઓ કર્યા કરવી અને તે શા માટે કરવામાં આવે છે તે બાબત લેશમાત્ર વિચાર ન કરવો તેનો શો અર્થ છે? શા માટે ટીલાં કરવાં કે ઘંટ વગાડવો, કે અમુક રંગનાં કપડાં પહેરવાં તેનો વિચાર કરનારા ઘણા જ જૂજ છે. તેઓ તો સમજે છે કે અગાઉથી

ચાલ્યું આવે છે તેથી તે પ્રમાણે જ થાય. તેમાં પૂછવાપણું હોય જ નહિ. ખરેખર આ બુદ્ધિનું દેવાળું બતાવે છે. પ્રતિમાપૂજન અને તીર્થયાત્રા એ ધર્મના અતિ આવશ્યક અંગો છે. પરંતુ તેની પાછળ કાંઈ ભાવના કે સમજણ ન હોય, તો તેનું પરિણામ અંધતા કે દાંભિકતામાં જ આવે.

દરેક ધર્મમાં માનવધર્મ તો માળાના દોરાની માફક સળંગ પરોવાયેલો છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અનિંદા વિગેરે તો દરેક ધર્મના સર્વ સામાન્ય સિદ્ધાંતો છે. સિદ્ધાંતોમાં ફેર હોઇ શકે જ નહિ. તેના પાલનમાં ફેરફારવાળી રીતો હોઈ શકે. આ સર્વસામાન્ય ધર્મ તે મનુષ્યધર્મ કે માનવધર્મ. બધા ધર્મોનું આ પહેલું પગથિયું છે. તે સિવાય આગળ વધી શકાય નહિ. આગળ વધવાની આશા રાખનાર ખરેખર મૂર્ખ ગણાય. માટે જ માનવધર્મની આવશ્યકતા આ જીવનમાં ખાસ છે. મનુષ્ય સમજણપૂર્વક ધર્મ આચરે, તો દુનિયામાં અશાંતિ, અસંતોષ અને દુઃખ ઘણાં ઓછાં થઈ જાય.

ધર્મની ભિન્નતાને ઘણીવાર ઝઘડાનું નિમિત્ત બનાવવામાં આવે છે અને આખી માનવજાત માટે એક સર્વસામાન્ય ધર્મ ઊભો કરવાના પ્રયત્નોએ પણ જગતમાં ઓછી અશાંતિ અને દુઃખ પેદા નથી કર્યાં. પોતાનો મત બીજા ઉપર લાદવાની લત સ્વાર્થી પ્રકૃતિને સ્વાભાવિક હોય છે. આપણને જ સત્યનો ઈજારો મળેલો છે અને વિશ્વના હેતુને આપણે જે રીતે સમજ્યા છીએ એ જ ખરી છે, એ માનવું એ અહંકારમાંથી જન્મેલો ભ્રમ છે. પ્રત્યેક ધર્મ તે તે પ્રજાના આત્માને, તેના અસ્તિત્વના આંતર નિયમોને અને તેની મહત્વાકાંક્ષાને વ્યક્ત કરે છે. (વળી) ધર્મ એ કાંઈ વિશ્વાતીત વસ્તુ વિષેનો સિદ્ધાંત નથી પણ એ તો અંતરાત્માની વૃત્તિ અને મનનો સ્વભાવ છે.

આપણી શાસ્ત્રીય માન્યતાઓ અને સિદ્ધાંતો ઉપરથી નહિ, પણ આપણાં જીવન અને ચારિત્ર્ય ઉપરથી જ આપણું મૂલ્ય અંકાવાનું છે. ગમે તે ધર્મના હોય પણ ધર્મપ્રાણ માણસોની દૃષ્ટિ અને વૃત્તિ એક જ હોય છે. ભાવિના આઘાતોથી ચળી ન જાય એવી શાંતિ તેઓમાં હોય છે. ભારેમાં ભારે આપત્તિમાં પણ અજેય રહી શકે એવી આત્માની મહાનુભાવતા એ જ આધ્યાત્મિકતાનો સાર છે. જેઓનો આત્મા બળવાન હોય છે તેઓ પોતે જીતેલા વિશ્વ કરતાં ઉચ્ચતર હોય છે. ગોળીઓની ઝડી નીચે ઊભા રહીને પણ તેઓ સત્ય ઉચ્ચારી શકે છે અને તેઓને શબ્દશઃ ક્રૂસ ઉપર ચડાવવામાં આવે, તો પણ તેઓ વેર વાળવા ઝંખતા નથી. તેઓની દૃષ્ટિ એટલી ઉદાર હોય છે કે બધીય જાતની મમતા કે સ્વાર્થ તેમને નકામાં કે મૂઢતાભર્યાં લાગે છે, બેહિસાબ ત્યાગ અને બદલાની આશા વિનાનું આત્મસમર્પણ એ જ તેમનું રોજનું જીવન બની જાય છે.

—સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્—

—ભારત જૈન સેવા સંઘ—એક યોજના

લેખક : કુલચંદ હરીચંદ દોશી

ગૃહપતિ, શેઠ ચિમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર; અમદાવાદ

જૈન ધર્મ એક વખત વિશ્વધર્મ ગણાતો. જૈન તત્ત્વજ્ઞાન આજે પણ અદ્વિતીય મનાય છે. જૈન સાહિત્ય જગતના સાહિત્યમાં સમૃદ્ધ અને વિશિષ્ટ ગણાય છે. જૈન ધર્મે જગતને અહિંસાનો ગગનભેદી સંદેશ આપ્યો છે. જૈન જ્ઞાનભંડારોના ખજાનામાંથી જગતના ચોકમાં હજી બહુ થોડાંજ રત્નો આવી શક્યાં છે. જૈન સિદ્ધાંતોનું જીવનવિકાસમાં ઉચ્ચ સ્થાન છે. જૈન દર્શન ઘણીજ ઊંચી પંક્તિનું છે. એના મુખ્ય તત્ત્વો વિજ્ઞાનશાસ્ત્રના આધાર પર રચાએલાં છે. ભૂખ, દુઃખ અને દર્દથી પીડાતી, અશાન્તિ ને વિનાશક લડાઇઓથી થાકી ગયેલી દુનિયાની મહાપ્રજાઓ જૈન ધર્મનો 'અહિંસા'નો સંદેશ આજે પણ સાંભળીને આશ્ચર્યચકિત થઈ રહી છે. કાલે તે પંથે વિચરે તો નવાઈ નહિ.

જૈન ધર્મની આ બધી વિશિષ્ટતા હોવા છતાં આજે જૈન સમાજ ઉન્નત નથી, તેમ સ્પષ્ટતાથી કહ્યા વિના રહી શકાય તેમ નથી. સંખ્યા એકદમ ઘટતી જાય છે. કેળવણીમાં પણ આગળ નથી. મરણ-પ્રમાણ ભયંકર છે. વિધવાઓની સંખ્યા પાર વિનાની છે. લોહીપીતા સામાજિક રિવાજો અને અજ્ઞાનરૂપી અંધકાર, અંધશ્રદ્ધા અને વ્હેમો, બેકારી અને ગરીબાઈ સમાજને જકડી રહ્યાં છે. નાની નાની જ્ઞાતિઓ, ઘોળો ને વાડાઓ, ગચ્છો અને મતમતાંતરો સમાજના પ્રાણને ગુંગળાવી રહ્યા છે. રૂઢિઓ, ખોટી માન્યતાઓ સમાજને કોરી રહ્યાં છે.

એક વખત સમૃદ્ધ, સંપત્તિશાળી, પ્રતિષ્ઠિત અને ઉન્નત સમાજની આ દશા દરેક સહૃદયી જૈનને સાલે છે.

એક વખતે જૈનોના હાથમાં જ દેશપરદેશનો વેપાર હતો. વેપારી તરીકે, પરદેશ વેહનારા તરીકે, દરિયો ખેડનારા તરીકે, વેપારનું શસ્ત્ર જાણનાર તરીકે, દાનવીર, શૂરવીર અને ધર્મવીર તેમજ મહા ત્યાગી તરીકે જૈનો પ્રસિદ્ધ હતા. હજુ હમણાં સુધી હિંદનું અર્ધું નાણું જૈનોના હાથમાંથી પસાર થતું. મોટા મોટા રાજ્યો, રાજાઓ, અરે! શહેનશાહતોને જૈનો આશ્રય આપતા એ ઇતિહાસપ્રસિદ્ધ સત્ય છે. આજે તો વેપાર જૈનોના હાથમાંથી જવા લાગ્યો છે અને પરિસ્થિતિ વિષમ થતી જોવાય છે.

સમાજહિતેચ્છુ, વિચારક અને કાર્યકુશળ દરેક યુવકહૃદય આ પરિસ્થિતિ જોઈ સમસમી રહ્યું છે. ઉન્નતિ, જાગૃતિ, અને કલ્યાણના માર્ગની પ્રતીક્ષા થઈ રહી છે. પણ માત્ર જોઈ રહેવાથી, વિચાર કે વાતો કરવાથી કાંઈ પણ સંગીન કાર્ય થઈ શકતું નથી. કામ ઢગલાબંધ પડ્યું છે. સેવાના ક્ષેત્ર ખુલ્લાં પડ્યાં છે. ભાવનાશાળી, ચારિત્રવાન, સેવાભાવી અને કાર્યદક્ષ કાર્યકર્તાને માટે સામાજિક, ધાર્મિક, કે શિક્ષણ-વિષયક પ્રચારકાર્ય એટલું તો છે કે આજીવન પહોંચે.

સમાજના અંગે અંગ જ્યાં છિન્નભિન્ન થઈ રહ્યાં છે, સંગઠન સો કોસ દૂર છે, બેકારી ભૂખમરો ને ગરીબાઈ સમાજને ઘેરી રહ્યાં છે; નિરક્ષરતા, અજ્ઞાન, જડતા અને વ્હેમ ફરી વળ્યાં છે; કલેશનાં વાવાઝોડાં સમાજને સત્યાનાશને આરે ધસડી રહ્યાં છે, ત્યારે સાચા કામની, સેવાની, ધગશની ભારે જરૂર છે. તેમજ દીર્ઘદૃષ્ટિથી સમાજની ડૂબતી નૌકાને બચાવી લેવાનો, તેને તોફાની ભરદરિયેથી સહીસલામત પાર લઈ જવાનો ભાર યુવકહૃદયનો છે.

આજ સુધીમાં નાના મોટા અનેક પ્રયત્નો, કાર્યપ્રચાર અને વિચાર થયા છે. ગામે ગામ અને શહેરે શહેર કાંઇને કાંઈ નાની મોટી સંસ્થાઓને મંડળો દ્વારા યથાશક્તિ કાર્યો થતાં જાય છે, થયાં કરશે પણ ખરા. પણ જૈન ધર્મની વિશિષ્ટતા, જૈન સાહિત્યની વિપુલતા અને જૈન સિદ્ધાંતોની મહત્તા જોતાં તેમજ આજની વિસંવાદી પરિસ્થિતિ જોતાં એક 'કેન્દ્રમંડળ'ની અતિ આવશ્યકતા જણાય છે.

કેન્દ્રમંડળનો ઉદ્દેશ સેંકડો જીવતી અને મરતી સંસ્થાઓમાં એક નામનો ઉમેરો કરવાનો નથી, પણ આજે સમાજની પરિસ્થિતિ આવી એક સંસ્થા માગી રહી છે.

એ કેન્દ્રમંડળ શ્રી. ગોખલેજીના હિન્દસેવકસમાજ કે શ્રી. લાલાજીના લોકસેવાસમાજની રચનાએ અને પદ્ધતિએ રચાય, માત્ર ચારિત્ર્યશીલ, સેવાભાવી, કાર્યદક્ષ, વિચારક અને સમાજહિતૈષી આજીવન સભ્યોનું એ મંડળ બને.

સમસ્ત જૈન સમાજના પ્રશ્નોનો વિચાર કરી એ કાર્યદિશા નક્કી કરે, સેવકો ઇતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન-પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર કે પ્રકાશનકાર્યનો અભ્યાસ કરતા કરતા અનેકવિધ દિશામાં સમાજની સાચી ઉન્નતિ અને કલ્યાણભાવનાથી કાર્ય, કાર્ય ને કાર્ય જ કરે!

શિક્ષણપ્રચાર, સાહિત્યપ્રકાશન, શોધખોળ, પથ્ય અને પચતા, આવશ્યક ને ઉપયોગી સુધારા, સંસ્થાઓનું નિરીક્ષણ વગેરે કાર્યો રચનાત્મક શૈલીએ નિષ્પક્ષ, નીડર અને શુદ્ધ દૃષ્ટિએ કરે.

બે કે પાંચ આજીવન સભ્યો મળ્યે કાર્યની શરૂઆત થઈ શકે, સ્થાન પણ કેન્દ્રસ્થાન હોવું જરૂરી છે, જ્યાંની જનતા, યુવકહૃદયો તેને અપનાવવા તૈયાર હોય. પ્રેસ, પત્ર, ગ્રન્થભાળા અને નિવેદન-કાર્યાલય, પ્રચાર પ્રકાશન, અભ્યાસ અને શિક્ષણ કાર્યથી શરૂઆત કરીને કેન્દ્રમંડળ સમાજના હિતનાં આવી પડતાં કાર્યો ઉપાડી લ્યે.

આ 'ભારત જૈન સેવા સંઘ' અમુક ગામ કે શહેર, ગુજરાત, પંજાબ, વીશા કે દશા, ગરીબ કે તવંગર, અમુક પક્ષ કે તમુક પક્ષની સેવા કે હથિયાર માટે હર્ગીં જ ન થાય. સમસ્ત જૈન સમાજની સેવા કરવાની દ્રષ્ટીએ જ રચાય.

જૈન સમાજ આજે પણ દર વર્ષે હજારો રૂપીઆ ખર્ચે છે. અનેક દાનવીરો સમાજને શોભાવી રહ્યા છે. આજે પણ અનેક ધર્મકાર્યો, શિક્ષણસંસ્થાઓ અને નાનાં મોટાં દાનો થઈ રહ્યાં છે. ત્યારે આ અતિ આવશ્યક, આ સમયે જરૂરી ઉપયોગી સંસ્થા માટે શું કોઈ દાનવીર નહીં મળી રહે?

જૈન સમાજ કે દેશમાં સાચું કાર્ય પૈસા માટે અટક્યું નથી.

આ તો એક યોજનાની રૂપરેખા માત્ર છે, કદાચ અપૂર્ણ પણ હોય. પરંતુ વિદ્વાન્ મિત્રો અને અનુભવી સેવકોની સલાહથી તેમાં યથાયોગ્ય ફેરફાર થઈ શકશે.

સમાજના યુવકહૃદયો અને હિતેચ્છુઓ પાસે એ રજૂ કરવાનું કર્તવ્ય હું ચૂકી શકતો નથી.

આજે તો આવી એક કેન્દ્રસંસ્થાની, સમાજ માટે બેસી જનાર બે પાંચ આજીવન સેવકોની, રચનાત્મક કાર્ય ઝડપથી શરૂ કરી દેવાની અને સમાજને ઉન્નતિના પંથે લઈ જવાની ખાસ આવશ્યકતા જણાય છે.

સમાજને નવચેતન આપવા, સાહિત્યનો પ્રચાર કરવા, તત્ત્વજ્ઞાનનો ફેલાવો કરવા, જગતને અહિંસાનો સંદેશ સંભળાવવા, જૈન ધર્મનો ઉદ્યોત કરવા, સમાજની રગેરગમાં પ્રાણ પૂરવા આવી સંસ્થાની સત્વર જરૂર છે.

આ સંઘનો ઉદેશ જૈન સમાજની જાગૃતિ અને પુનર્વિધાન રહેશે. સમાજના ઉત્કર્ષ માટે નવલોહિયા–સેવાભાવી ચારિત્રશીલ અને વિચારક કાર્યકર્તાઓ જ્યાં હોય ત્યાંથી નિમંત્રી તેમના દ્વારા

સમાજના રચનાત્મક કાર્યોની યોજના થશે. યોગ્યતા અને આવશ્યકતા પ્રમાણે વેતન આપવામાં આવશે અને આજીવન સેવા આપનાર સેવકને વીમાનો પ્રબંધ કરી આપવાની યોજના કરવામાં આવશે. અને બધા સેવકો એક જ સ્થાનમાં રહી કૌટુંબિક ભાવના કેળવે અને આખો વખત સંઘના કાર્યમાં રોકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

આ ઉપરાંત જૈન સમાજની સેવા કરી રહેલા પ્રતિષ્ઠિત વિદ્વાન અને વિચારક વર્ગના ૨૫–૩૦ કાર્યકર્તાઓ આ સંઘના માનદ સભ્ય રહેશે; તે સંઘને વર્ષમાં પંદર દિવસ સક્રિય સેવા સંઘના મુખ્ય કેન્દ્ર-સ્થળે આવીને આપશે અને તે ઉપરાંત સંઘની પ્રબંધક સમિતિના સભ્યો રહીને સંઘને માર્ગદર્શન કરશે અને સંઘના કાર્યની તપાસ રાખશે.

આજે તો સંઘ ગુજરાતમાં કાયમ થશે પણ બહુ થોડા સમયમાં સંઘ પોતાની શાખા, પંજાબ, મારવાડ, દક્ષિણ અને બંગાળમાં પણ ખોલશે અને પાંચ કેન્દ્રોમાં સમાજના કલ્યાણ માટેનું રચનાત્મક કાર્ય ચાલશે.

સંઘ નીચે પ્રમાણે કાર્યો ધીમે ધીમે હાથ ધરશે અને એક એક કામ વ્યવસ્થિત થયા પછી જરૂરી બધાં કામોને પહોંચી વળવા પ્રયત્ન કરશે.

પ્રચાર કાર્ય

સામાહિક પત્ર, સમાજના સમાચારો, માસિક પત્ર, સાહિત્ય, ઇતિહાસ-પુરાતત્ત્વ, તત્ત્વજ્ઞાન, ચરિત્ર-શિક્ષણપત્રિકા, સંસ્થાઓને માર્ગદર્શન.

આ ઉપરાંત લોકમત કેળવવા માટે એક બે સેવકો વ્યવસ્થિત રીતે જુદા જુદા શહેરો અને ગામોમાં ફરશે અને સમાજની ઉન્નતિ માટે વ્યાખ્યાનો આપશે, યોજનાઓ ઘડશે ને સંસ્થાઓનું નિરીક્ષણ કરશે.

શિક્ષણ કાર્ય

જૈન સમાજની શિક્ષણ વિષયક પરિસ્થિતિના આંકડા મેળવશે તથા તે પ્રસિદ્ધ કરશે. સંસ્થાઓનું નિરીક્ષણ કરશે.

સંસ્થાઓને માર્ગદર્શન આપશે.

સ્કોલરશીપ ફંડોની વ્યવસ્થાની તપાસ રાખશે.

અજમાયશ દૃષ્ટિએ જરૂર પડ્યે એકાદ સંસ્થા પણ ચલાવશે. સ્ત્રીશિક્ષણ માટે પણ બનતા પ્રયાસો કરશે. ધર્મશિક્ષણને શાસ્ત્રીય બનાવવા તાલીમવર્ગની યોજના કરશે, સંસ્થાઓને કાર્યકર્તાઓ પૂરા પાડશે, ઔદ્યોગિક અને વ્યાપારી શિક્ષણની વ્યવસ્થા માટે પ્રયત્ન કરશે.

સાહિત્ય પ્રકાશન

જૈન સમાજમાં સાહિત્યનો પ્રચાર કરવો–વિદ્યાર્થીઓને ઉપયોગી જૈન સાહિત્ય પ્રકાશિત કરવું. સાહિત્ય સસ્તી કિંમતે મળે તેની વ્યવસ્થા કરવી. સસ્તી ગ્રંથમાળાઓ શરૂ કરવી અને નાની પત્રિકાઓ, પુસ્તિકાઓ દ્વારા સમાજમાં જરૂરી જ્ઞાન ફેલાવવાનો પ્રયાસ કરવો.

સામુદાયિક ઉત્સવો અને વ્યાખ્યાનમાળાઓની યોજના

સમાજનું માનસ કેળવવા માટે ઉત્સવો યોજવા, જયંતિઓ ઊજવવી, પરિષદો ભરવી, વ્યાખ્યાન-માળાઓની યોજના કરવી અને જે જે પ્રાંતમાં આવા ઉત્સવો યોજાતા હશે ત્યાં સક્રિય સાથ આપવો. વિદ્યાર્થી પરિષદ, શિક્ષણ સંમેલન, મહિલા પરિષદ, વ્યાખ્યાન શ્રેણી વગેરેનો પ્રબંધ કરવો.

રોજગાર સાહાયક સમિતિ

જૈન સમાજના કોઈ પણ બેરોજગાર ભાઈને કામ શોધી આપવા પ્રયત્નો કરવા. બની શકે તો નાના નાના ઉદ્યોગો માટે તાલીમવર્ગ ગોઠવવા અને જરૂર પડતાં નવીન કાર્યની શરૂઆત માટે લોન મેળવી આપવી.

સમાજ કલ્યાણ

સમાજના ઉત્થાન માટે સમાજના કલ્યાણની સક્રિય યોજનાઓ યોજવી, સમાજમાં ઐકય, જાગૃતિ લાવવા પ્રયત્નો કરવા, સમાજનું પુનર્વિધાન કરવા સંશોધનપૂર્વક રચનાત્મક દૃષ્ટિએ શકય અને પથ્ય સુધારા રજૂ કરવા અને તે આવશ્યક સુધારા શહેરેશહેરના સંઘો શી રીતે પોતાના સંઘમાં દાખલ કરી શકે, તે માટે બધા શકય પ્રયત્નો કરવા.

સ્ત્રીઓનો કાર્યપ્રદેશ

બહેનો જાગ્રત થતી જાય છે. બહેનોમાં કાર્ય કરવાની પણ ઘણી શકિત હોય છે, બહેનોમાં બહેનો કાર્ય કરે તે બધી રીતે ઇષ્ટ છે. તો તે માટે સંઘમાં બહેનો કાર્ય કરે તેવી યોજના થશે.

ધર્મ અને જીવન

ધર્મ અને જીવનને આજે સંવાદિતા નથી. ધર્મ એ જ જીવન અને જીવન એજ ધર્મ એ આપણો આદર્શ આજે આપણે ભૂલ્યા છીએ. સંઘ, ધર્મ, જીવન, સમાજ, રાષ્ટ્ર અને દેશ બધાને ઉપકારક હોય તે રીતે કાર્ય કરવા પ્રયત્ન કરશે. પ્રત્યેક સભ્ય સમાજના કલ્યાણનો વાંચ્છુ હશે. સંઘના આદર્શમાં અટલ શ્રદ્ધા અને જીવનધ્યેય સમાજ સેવા અને સેવા જ હશે.

આવો સંઘ જેટલો વહેલો શરૂ કરી શકાય તેટલું સારું. આવા ઉપયોગી રચનાત્મક કાર્ય માટે જૈન સમાજ અત્યારે નહિ જાગે તો કયારે જાગશે? રચનાત્મક કાર્યમાં દટાઈ જનારા સમાજ સેંકડોની જમાત ઊભી કરવા આ યોજના સમાજને ધરાય છે. સમાજના ધડવૈયા પચ્ચીસેક માનદ સભ્યોની વર્ષમાં પંદર દિવસની સક્રિય સેવા ને માર્ગદર્શન મળવાને વિલંબ નથી. સમાજસેવાના કાર્યને જીવનકાર્ય બનાવનાર ચારિત્રશીલ અને કાર્યકુશળ સેવકો પણ તૈયાર છે. તો પછી સમાજના આર્થિક પ્રશ્નનો ઉકેલ શું જૈન સમાજના દાનવીરો નહિ કરે?

પાંચેક વર્ષમાં તો સંઘનું કામ બોલશે. પૈસા પણ કામ થશે તો મળી રહેશે. પાંચ વર્ષની જવાબદારી કોણ ઉપાડવા તૈયાર છે?

ઘણાં કામો તમે કર્યાં છે. સમાજનાં ઘણાં કામો થયાં જ કરે છે. આ એક અતિ મહત્ત્વના કાર્યક્રમને પણ સમાજે અપનાવી લેવો જોઈએ.

એ પાંચ ભાઇઓ આ જવાબદારી માટે બસ છે, અરે! એક જ ગૃહસ્થ આટલું તો સુખેથી કરી શકે.

'સેવા કે ભણતર? સેવા કે ભણતર?' એવા જપ જપતા વિદ્યાર્થીઓ બુદ્ધિથી તો ભણતરને જ પ્રધાનપદ આપે છે, પણ પ્રસંગ નજીક આવ્યે એમનું જ હૃદય એમને સેવા તરફ ખેંચી જાય છે. એ સ્થિતિની દયા ખાનાર ભલે દયા ખાઓ. અમને તો એમાં યુવકજીવનની ભવ્યતા અને સાર્થકતા દેખાય છે. હિંદમૈયાની મુકિત અને કીર્તિ અમને એમાં જ દેખાય છે.

—કાકા કાલેલકર—

આપણાં ગુરુકુળો

લેખક : **શાન્તીદાસ આશકરણ શાહ,** એમ. એલ. સી. (મધ્યસ્થ)

આજે દેશમાં કેળવણીનો પ્રશ્ન ખૂબ રસથી ચર્ચાઈ રહ્યો છે. જાતજાતના નવા અખતરાઓ થાય છે. અને આપણી કેળવણી વ્યવહારુ કેમ બને તે જોવા પ્રયત્નો થઈ રહ્યા છે. નવી જાતની કેળવણીની પ્રથા પણ દાખલ કરવાના પ્રયોગો થાય છે. પણ આ બધા લોકો એક વાત ભૂલી જાય છે. આપણો દેશ ઘણો જ ગરીબ છે. બીજા ધનવાન દેશોમાં જે જાતની કેળવણી આપી શકાય તેવી જાતની કેળવણી આપણને ન પોષાય. આપણે તો કોઈ એવી પદ્ધતિ દાખલ કરવી જોઇએ કે જેથી ઓછામાં ઓછા ખર્ચે આપણે વિદ્યાર્થીઓને વધારેમાં વધારે બુદ્ધિવિષયક તેમજ વ્યવહારુ જ્ઞાન આપી શકીએ, જેથી જ્યારે તેઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે ત્યારે પોતાના કુટુંબને પોષી શકે, ત્યાં સારા સંસ્કારો જગાડી શકે અને દેશની પણ સાચી સેવા કરી શકે. વળી આ જાતની કેળવણીમાં ખર્ચ પણ ઓછામાં ઓછો થવો જોઈએ જેથી સાધારણ સ્થિતિના અને ગરીબ વર્ગના લોકો પણ કેળવણીનો લાભ ઉઠાવી શકે.

આ દૃષ્ટિએ આપણા પ્રાચીન ગુરુકુળની પદ્ધતિ વિચારવા જેવી છે. આ ગુરુકુળોમાં કોઈપણ જાતની ફી લેવામાં આવતી નહિ. માત્ર એક મુઠ્ઠી અનાજ લઈ વિદ્યાર્થી ગુરુને ઘેર ભણવા જતા અને જ્યારે એમનો અભ્યાસ પૂરો થતો ત્યારે યથાશક્તિ ગુરુદક્ષિણા આપતા. અને જે કાંઈ મળતું તેથી ગુરુ સંતોષ માનતા, આથી ગરીબમાં ગરીબ માણસો પણ શિક્ષણનો લાભ ઉઠાવી શકતા. અને આથી જ દેશ સંસ્કારી અને સમૃદ્ધ રહેતો. શ્રી કૃષ્ણ જેવા રાજાના પુત્ર જ્યાં વિદ્યાભ્યાસ કરતા ત્યાં જ સુદામા જેવો એક ગરીબનો છોકરો પણ અભ્યાસ કરી શકતો એટલે ગરીબમાં ગરીબ માણસો પણ રાજાના છોકરાઓ લઈ શકે એવું ઊંચી જાતનું શિક્ષણ કેટલી સહેલાઈથી લઈ શકતા તે સહેજે સમજી શકાય એવું છે.

સાધારણ પ્રશ્ન એ ઊઠે છે કે આટલા હજારો વિદ્યાર્થીઓનો ખર્ચ ગુરુઓ કેવી રીતે ઉઠાવી શકતા હશે, તેનો જવાબ એક તો એ કે આવા આશ્રમોને રાજાઓ તરફથી ઘણી જમીન દાનમાં મળતી અને એમાંથી મળતી ઉપજમાંથી આશ્રમોનો ખર્ચ નભતો. વળી વિદ્યાર્થીઓને એટલું સાદું જીવન ગાળવાનું શીખવવામાં આવતું કે તેમનો બહુ ખર્ચ પણ આવતો નહિ. સાદો ખોરાક, સાદાં કપડાં, સાદી રહેણી-કરણી જ તેમને શીખવવામાં આવતી. કેળવણીનો ખર્ચ પણ નહિ જેવો જ હતો. ઘણો ખરો અભ્યાસ તો મોઢેથી જ થતો; આથી સ્મરણશક્તિ ખીલતી અને હાલ જે કાગળો અને પેન્સીલો પાછળ પુષ્કળ ખોટો ખર્ચ થાય છે તેવો કોઈપણ જાતનો ખર્ચ તેઓને કરવો પડતો નહિ. જે થોડું ઘણું લખવું પડતું તે પત્થર ઉપરજ લખાતું, બાકી જે યાદ રાખવાનું હોય તે તો મોઢેથી બોલાવીને જ મોઢે કરાવી દેવામાં આવતું.

આટલું છતાંય કદાચ આટલા હજારો વિદ્યાર્થીઓનો ખર્ચ ગુરુને ભારે પડત, પણ તેમણે એક એવી સુંદર પ્રથા દાખલ કરી હતી કે જેથી આશ્રમને નભાવવામાં પણ મદદ થાય અને વિદ્યાર્થીઓને પણ પુષ્કળ લાભ થાય. આ પ્રથા તે જાતમહેનતની પ્રથા. જ્યાં સુધી વિદ્યાર્થી ગુરુને ઘેર હોય ત્યાં સુધી ગુરુની સેવા કરવા એ બંધાયલો રહેતો અને કોઈપણ શારીરિક કામ એ હલકું ગણતો નહિ. રાય અને રંક બધા વિદ્યાર્થીઓ આશ્રમના શ્રમમાં સરખો હિસ્સો લેતા. કોઈ લાકડાં કાપવા જતું, કોઈ ખેતરમાં અનાજ વીણવા જતું, કેટલાક આશ્રમને સાફ રાખવામાં મદદ કરતા વ૦ વ૦. આથી વિદ્યાર્થીઓને પુસ્તકજ્ઞાન સાથે વ્યવહારુ જ્ઞાન પણ મળતું. એમનાં શરીર કાંતિવાન થતાં અને જ્ઞાન સાથે ડહાપણ

આવતાં એમની વિદ્યા દીપી ઊઠતી. સંસારમાં કોઈપણ જાતના પ્રસંગોને પહોંચી વળવા તેઓ સમર્થ બનતા. અને ધનવાન માણસોના પુત્રોને પણ કોઈપણ જાતનું કામ કરવામાં નાનમ ન લાગતી. આપણા આશ્રમના અભ્યાસનો આ મોટામાં મોટો લાભ હતો. તેઓ ભણતા અને સાથે ગણતા પણ ખરા. આશ્રમો પણ થોડામાં થોડા ખર્ચે વધારેમાં વધારે વિદ્યા આપી શકતા. આથી જ અભ્યાસનાં સાધનો ઓછાં હોવા છતાં પણ આપણા દેશમાં આવા પ્રખર વિદ્વાનો થઈ ગયા છે, કે જેમના ગ્રંથો વાંચી આજે પણ આખી દુનિયા આશ્ચર્ય પામે છે.

આપણા દેશમાં જો કેળવણીનો પ્રચાર કરવો હોય તો આવી જાતની પ્રથા સમય પ્રમાણે ફેરફારો કરીને વળી પાછી આપણે દાખલ કરવી જોઇએ. માત્ર છોકરાઓને રહેવા ખાવાની સગવડ આપીએ અને ભણવા માટે તેમને બીજે મોકલીએ, તો તેથી ઘણો ખરો વખત તો છોકરાઓ આપણી સારી અસર તળેથી દૂર રહે અને જે જાતના સંસ્કાર આપણે પાડવા માગતા હોઈએ તે જાતના સંસ્કાર આપણે બરાબર પાડી શકીએ નહિ. વળી છોકરાઓ લાંબો વખત આશ્રમની બહાર રહેતા હોવાથી આપણે શારીરિક શ્રમની તાલીમ પણ બરાબર ન આપી શકીએ. અને તેથી આપણો આખો મુદ્દો માર્યો જાય.

આ દૃષ્ટિએ બનારસ યુનિવર્સિટી બહુ સારું કામ કરી રહી છે. પંડિત માલવીયાજીએ ખૂબ શ્રમ ઉઠાવીને ઘણો પૈસો ભેગો કર્યો છે. અને હાલના જમાનાને અનુરૂપ બધી જાતની કેળવણી ત્યાં આપવામાં આવે છે. દરેક કોમના માણસો માટે આવી જુદી યુનિવર્સિટી સ્થાપવા જઇએ તો તો ખર્ચ ઘણો થાય, અને આપણે જે સોંઘામાં સોંઘી કેળવણી આપવી છે તે મુદ્દો સરે નહિ. એટલે આવી એકાદ યુનિવર્સિટી જ રાખી હોય અને ત્યાં જ બાળકોને પહેલેથી જ આપણી જૂની પદ્ધતિ ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવામાં આવે તો જ આપણું કામ સહેલું બને, દેશમાં કેળવણીનો પ્રચાર થાય, આપણા બાળકોને જ્ઞાન આવે, ડહાપણ મળે, તેઓ આદર્શ શહેરી બને, કુટુંબ નિર્વાહ કરી શકે અને દેશને પણ આબાદ બનાવી શકે. એટલે આવી વાતની કોઈ યોજના થાય તેમાં જ આપણા દેશનું ભલું મને તો દેખાય છે.

આપણો જૂનો સામાજિક આદર્શ, વિદ્યા અને કળાનો આદર્શ શુદ્ધ હતો, આપણી કેળવણી જીવન વ્યાપી હતી. પણ આજે તેનું નવું સંસ્કરણ કર્યે જ છુટકો.

કેવળ ઉપનિષદો જ વાંચવા બેસીએ, તોયે તે વખતની કેળવણીનો આબેહુબ ચિતાર નજર આગળ ઊભો કરવા જેટલો મસાલો એમાં છે. મહાભારતમાં તો ડગલેને પગલે કેળવણી અને એનાં પરિણામોનું વાતાવરણ જોઈ શકીએ છીએ. સુથાર, લુહાર, સોની, વૈદ્ય, સ્થપતિ વગેરે વર્ણનોના જે કંઈ ગ્રંથો મળે છે, એમાં પણ કેળવણીનું વાતાવરણ જોવામાં આવે છે. ચાણક્યનું અર્થશાસ્ત્ર, શુક્રનીતિ, કામંદકી નીતિસાર એવા એવા ગ્રંથો પરથી પણ આપણે તે વખતની કેળવણી વિષે ઘણી માહિતી મેળવી શકીએ છીએ. આપણી સ્મૃતિઓ તો આખા સમાજને કેળવવા માટે જ રચાયેલી અને લખાયેલી છે. અને સંન્યાસની દીક્ષા સંસ્કૃતિની સર્વોચ્ચકોટિ કેળવવા માટે કલ્પેલી છે. પતંજલિના યોગદર્શનમાંથી પણ આપણે આપણું કેળવણીનું શાસ્ત્ર તારવી કાઢી શકીએ.

હાલનું કેળવણીનું શાસ્ત્ર પૂરેપૂરું તપાસ્યા પછી જો ફરીવાર આપણે આપણું જૂનું સાહિત્ય અને જૂનો જીવનક્રમ તપાસીએ તો આપણે એ પ્રાચીન કેળવણીમાંથી આપણી જાતિને અનુકૂળ, આપણા આદર્શને પોષક એવી ભવિષ્યની શિક્ષણપદ્ધતિ અને શિક્ષણક્રમ ઘડી શકીએ એમ છીએ. — કાકા કાલેલકર —

વર્તમાન જૈન સમાજ

લેખક : **વીરચંદ પાનાચંદ શાહ,** બી. એ.

જનરલ સેક્રેટરી, શ્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

સામાન્ય રીતે દરેક સમાજના માણસોની એવી માન્યતા બંધાઈ ગયેલી હોય છે કે ભૂતકાળમાં આપણી સ્થિતિ હાલના કરતાં વધારે સારી હતી. હિંદ અને ચીનના સમાજોમાં આ માન્યતા વિશેષ પ્રચલિત છે કારણ કે બંને બહુ પુરાણ ઇતિહાસ ધરાવનારા દેશો છે.

આપણા ઇતિહાસમાંથી પણ એટલું તો જરૂર ફલિત થાય છે કે આપણે પ્રભુ મહાવીરના સમય સુધી ન જઈએ તો પણ ચાવડા અને સોલંકી વંશના રાજાઓ રાજ્ય કરતા ત્યારે જૈન સમાજ રાજકારણ, વ્યાપાર અને જીવનના અન્ય ક્ષેત્રોમાં મોખરે હતો. સંખ્યાબળ પણ વિશેષ હતું.

શંકરાચાર્યના દિગ્વિજય પછી હિંદમાંથી બૌદ્ધ ધર્મ લુપ્ત થયો અને જૈનોની સંખ્યા પણ થોડી ઘટી ગઈ. એક કાળે જૈનોની અમુક પ્રકારની વિશિષ્ટતાઓ જુદી ઓળખાઇ આવતી. આજે આપણો સમાજ આપણા અન્ય હિંદુ સમાજો સાથે એટલો ઓતપ્રોત થઈ ગયો છે કે આપણા જ દેશમાં રહેતા મુસલમાનો કે ખ્રીસ્તીઓ આપણને હિંદુઓથી જુદા નહિ ઓળખી શકે.

આપણા જૈનસમાજમાં અંદર અંદરના સાંપ્રદાયિક ભેદો તથા થોડાક પ્રાંતિક ભેદો પણ હશે છતાં જૈન તરીકેની સમાનતા વિશેષ છે. અમેરીકામાં આજે પણ પ્યુરીટન ખ્રીસ્તીઓ ઓળખાઈ આવે છે તેમ આજે પણ જૈન સમાજ અમુક પ્રકારની વિશિષ્ટતાથી ઓળખાઈ આવે છે.

કોઈ વ્યક્તિ કે સમાજના ગુણદોષની પ્રશંસાત્મક કે નિંદાત્મક ટીકાથી તે સુધરી જાય છે તેમ તો જગતમાં બનતું નથી પરંતુ વિવેક સાથે નમ્રતાપૂર્વક સાચી હકીકત શુભ નિષ્ટાપૂર્વક રજુ કરવામાં આવે તો અને તે દિશામાં સતત પ્રયાસ ચાલુ રહે તો લાંબે કાલે પણ તેની થોડી ઘણી અસર થાય છે.

જૈન સમાજના એક અંગ તરીકે તેમજ એક તટસ્થ દ્રષ્ટા તરીકે મને જે વિશિષ્ટતા દેખાય છે અને જે એકાદ બે ખામી દેખાય છે તે મેં સરળ ભાવે બતાવવા પ્રયાસ કર્યો છે. અનેક પેઢીઓના વારસામાં કેટલીક વસ્તુઓ તો આપણા લોહીના કણો સાથે વણાઈ ગઈ છે. બીજાઓને જે કષ્ટસાધ્ય છે તે આપણને સહજસુલભ છે.

(૧) તિતિક્ષા :

અન્ય સમાજોમાં ધાર્મિક પર્વના દિવસોમાં મોટી વયનાં સ્ત્રીપુરુષો ખાનપાનમાં જે વ્રતનિયમો પાળી શકતાં નથી તે આપણાં દશ-અગિયાર વર્ષનાં બાળકોને સહજ વસ્તુ છે. નાનાં બાળકોને ઉપાશ્રયમાં પોષધ લઇને બેઠેલાં જોઇને અન્ય ધર્મના માણસોને જરૂર આશ્ચર્ય થાય. એકાસણું, આયંબીલ, એકાદ ઉપવાસ કે ચઉવિહાર એ જૈનોને સામાન્ય લાગે છે ત્યારે બીજાઓને ઘણું જ ભારે લાગે તેવું છે.

(૨) નિર્વ્યસનીપણું :

જૈન એટલે સ્વભાવથી જ મદ્ય એટલે દારૂ કે અફીણ, ચરસ, ભાંગ, ગાંજો, કોકેન વિગેરે કેફી વસ્તુઓથી દૂર છે એટલું જ નહિ પણ શુદ્ધ ખોરાક ઉપર એટલો જ ભાર મૂકવામાં આવ્યો છે એટલે

ખાનપાનશુદ્ધિ ઉપર હમેશાં તેનું ધ્યાન રહે છે. ચહા, તમાકુ, બીડી એ ગંભીર વ્યસનો ગણાતાં નથી છતાં પણ જૈનોમાં બીજા સમાજોને મુકાબલે તમાકુનો ઉપયોગ પ્રમાણમાં ઓછો છે.

(૩) અહિંસા-પ્રેમ-દયા :

સદ્‌ગુણ એ કોઈ વ્યક્તિ કે સમાજનો ઈજારો નજ હોઈ શકે. ફરજ જે બજાવે તેની છે. જવાબદારી જે ઉપાડે તેની છે. તેમજ વ્રતનિયમ જે પાળે તેનાં છે.

અહિંસા-પ્રેમ-દયા એ ગુણ જૈનોમાં સામાન્ય છે તેથી અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં તેના દીલમાં સુગ નથી કે કોમી એકતાના પ્રશ્નમાં તેના દીલમાં રોષ, ઉગ્રતા કે ધિક્કારની લાગણી જોર કરી જતી નથી.

અવાચક પ્રાણીઓ જેવાં કે ઘોડા કે બળદ પાસે તેમને શક્તિથી વધારે ભાર ન ખેંચાવવાને કે તેઓ બીમાર હોય, કાંધ છોલાયેલા હોય તો તેની પાસેથી કામ ન લેવું એવા સ્પષ્ટ નિયમો હોવા છતાં તેનું બરોબર પાલન થતું નથી ત્યારે જૈનો પોતાના દયાધર્મ ખાતર પોતાની શક્તિ અને સાધનોની મર્યાદાની પણ ઘણીવાર બ્હાર જઈ પાંજરાપોળ જેવી સંસ્થાઓ બહુ મોટે ખર્ચે ચલાવે છે. આ ધર્મ ઘણીવાર ચીલાચટ્ટ થઈ ગયો છે પણ જૈનો જે સમય, શક્તિ અને સાધનનો ભોગ આપે છે તેની કોઈ ના કહી શકશે નહિ.

જ્યાં જ્યાં દુષ્કાળ કે બીજી જાતનું માનવસંકટ આવી પડે છે ત્યાંનો સ્થાનિક જૈન દયાર્દ્ર હૃદયો બહાર નીકળી પડે છે અને દુઃખનિવારણના કાર્યમાં યથાશક્તિ પોતે મદદરૂપ થાય ત્યારે જ જંપે છે.

જૈનોમાં દાનવૃત્તિ પણ સવિશેષ પ્રમાણમાં છે. સૌ કોઈ પોતાને ગમતા ક્ષેત્રમાં દ્રવ્યવ્યય કરે છે પણ જીવનકાળ દરમ્યાન તેને અનુકૂળતા મળી ગઈ તો સન્માર્ગે પોતાનું દ્રવ્ય વાપરે છે. આપણા સમાજના જેટલા વિદ્યાર્થીઓને આપણા સમાજ તરફથી જે કાંઈ સગવડ મળે છે તેટલી બીજી સમાજે તેમની સ્થિતિના પ્રમાણમાં તેમના વિદ્યાર્થીઓને આપતા દેખાતા નથી.

આપણામાં તિતિક્ષા, નિર્વ્યસનીપણું, માનવ માત્ર પ્રત્યે પ્રેમની ભાવના વગેરે સ્વાભાવિક ગુણો છે. આપણે ત્યાં યુરોપના ભયંકર વિગ્રહની દારુણ યાતનાઓ જેવી કે રાત્રે ભોંયરાનું જીવન... વગેરે આવવાનો સંભવ નથી પરંતુ એવી યાતનાઓ કે ખાનપાનનાં કેટલાંક નિયંત્રણો આવી પડે તો પણ આપણાં ભાઇબહેનો ધૈર્ય અને શાંતિપૂર્વક તેનો સામનો કરી શકે તેમ છે.

વ્યાપાર અને ઉદ્યોગનાં ક્ષેત્રોમાં, સાહિત્ય, શિલ્પ અને કલાના વિષયમાં, રાજકારણ અને દેશસેવાનાં કાર્યોમાં જૈનો હવે અન્ય મિત્રસમાજોથી પાછળ નથી પણ આપણા સમાજની એક બે નબળી કડીઓ દેખાય છે તે પણ સમાજ પાસે મૂકવી જોઇએ.

(૧) શરીરસ્વાસ્થ્ય :

માત્ર છેલ્લા પંદર-વીશ વર્ષમાં આપણા સમાજમાં દાક્તરોની સારી સંખ્યા ઊભી થઈ છે. તેઓએ સારી સેવા આપી છે અને આપણાં ભાઈબહેનો જે વ્યાયામ પ્રત્યે ઓછું લક્ષ આપતાં હતાં તે વિશેષ આપતાં થયાં છે. અને આજે પંદર વર્ષ પહેલાં જૈનોનું જે મરણપ્રમાણ હતું તે ઘણું ઘટ્યું છે છતાં શરીરસ્વાસ્થ્યની દિશામાં વધારે પ્રયાસ સેવવાની આવશ્યકતા છે.

(૨) લાગણીવશ સ્વભાવ :

આ કોઈ ખાસ કોમનો સ્વભાવ હોઈ શકે નહિ. આપણે છેલ્લા ૪૦ વર્ષથી જૈન સમાજના પ્રશ્નોમાં અને છેલ્લાં ૨૦ વર્ષથી સમગ્ર દેશના પ્રશ્નોમાં રસ લેવાનું શરુ કર્યું છે. આ સમય ઓછો ન ગણાય. આટલા સમયમાં કોઈની સાચીખોટી નિંદા કે ટીકા સામે ટકવાનું બળ મળી જવું જોઈએ, પણ આપણો સમાજ હજુ એટલો લાગણીવશ છે કે સામાન્ય બાબતોને હજુ તે વધારે પડતું મહત્ત્વ આપે છે, કદાચ આપણા શરીરસ્વાસ્થ્યની જે થોડી ઉણપ દેખાય છે તેનું આ પરોક્ષ પરિણામ હોય,

બીજી વસ્તુ વાયદાનો વેપાર

દેશ પરદેશમાં અને વતનમાં જૈનોના હાથમાં પ્રમાણમાં સારો વેપાર છે. પરંતુ મોટાં શહેરોમાં તેમ જ નાનાં ગામોમાં જૈનો વાયદાના વેપાર તરફ વિશેષ વળતા જાય છે. તે કોઈ રીતે ઇષ્ટ નથી. આપણો દેશ જ્યાંસુધી સ્વતંત્ર નથી અને આપણા વેપાર રોજગારની લગામ આપણા હાથમાં નથી ત્યાં સુધી આપણી લાચાર દશા કોઈ ગણે છતાં પણ આપણા યુવાનોને શેરબજાર તથા વાયદાના બજારોથી રોકી શકાય તો રોકવા એ તેમના જીવનની દૃષ્ટિએ તેમજ દેશ દૃષ્ટિએ હિતાવહ છે. જે મહેનતની પાછળ ચિંતા અને ઉજાગરો કર્યા હોય, તે મહેનત જો અનુત્પાદક હોય તો શા કામની ?

વિગ્રહને અંતે સમગ્ર જગતનાં ઉત્પાદન, ફેલાવો અને વપરાશનાં સાધનોમાં અજબ પલટો આવવાનો છે તે દિશામાં આપણે આજથી જાગ્રત હશું તો આપણા દેશની તેમજ સમગ્ર જગતની સેવામાં જરૂર કાંઇક નક્ર ફાળો નોંધાવી શકીશું.

જેઓ અન્યને માટે જીવી જાણશે તેઓ જ વધારે સારું જીવી જાણશે.

*
* *

એક શ્રાવકને પેટ ભરવા પૂરું અન્ન ન મળે અને એક શ્રાવક હાથીને હોદ્દે બેસીને પૂજા કરવા જાય એ વિષમ પ્રવૃત્તિ ચલાવ્યે રાખવી એમાં સાધર્મિક વાત્સલ્યનો મોટો દ્રોહ છે.

ઘરગથ્થુ ધંધા તો શ્રાવક અને શ્રાવિકા બન્નેને શીખવાડવા જોઈએ. દેશદેશાંતરમાં મોકલીને આપણા વિદ્યાર્થીઓને ઊંચું અને વ્યવહારુ જ્ઞાન આપવું જોઈએ.

શ્રાવક વેપારીઓ પોતાના ધંધામાં પહેલું સ્થાન શ્રાવકશ્રાવિકાઓને જ આપે; જો તે ધંધા માટે યોગ્ય ન દેખાય તો યોગ્ય બનાવે, પણ પહેલી પસંદગી એની કરે. આમ કરવામાં કાંઈ ખોટ જાય તો વિચારક શ્રાવકો સહી લે તે એમનો ધર્મ છે. આનું નામ જ ખરું સાધર્મિક વાત્સલ્ય છે.

વીસ વીસ કે પચ્ચીસ પચ્ચીસ વર્ષના જુવાન યોદ્ધાઓ કપાળે ચાંદલો કરીને આજે સટ્ટા બજારે ઘુમે છે તે જોઈને સોનાની જનોઈ ખભે રાખીને પૂજા કરનારા શ્રાવકોનું રુંવાડું પણ ફરકતું નથી. જ્યાં શ્રાવકભાઈઓ આવો સફેદ જુગાર રમી રહ્યા છે, છતાં તેની ઉપેક્ષા કરવામાં આવે છે એથી શ્રાવકક્ષેત્રની બીજી કઇ અધોગતિ કહેવાય ? —પં. બેચરદાસ—

આપણો પંથ

લેખક: **સુંદરજી કલ્યાણજી ખુશાલ**

કેળવણીના ભિન્નભિન્ન પ્રકારોના પ્રશ્નને બાજુપર રાખી તેના મૂળભૂત અંગનો વિચાર કરતાં આજની કેળવણીની સાર્થકતા વિષે જ આપણે વિચારીશું. જૈન સમાજને લાગેવળગે છે ત્યાંસુધી કેળવણીના પ્રકાર વિષે આપણે બહુ જ ઓછું વિચાર્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ધાર્મિક અને વ્યાવહારિક કેળવણીનો અર્થ આપણે આપણી મનફાવતી રીતેજ કર્યો છે. "सा विद्या या विमुक्तये"નું સૂત્ર હવે તો તદ્દન જ વિસરાઈ ગયું છે. પ્રત્યેક શિક્ષણને આપણે એકાંગી બનાવી દીધું છે. એક તરફ ધાર્મિક શિક્ષણ શુષ્ક અને ગોખણિયું બનાવી આજના બુદ્ધિશાળી યુવાનવર્ગને આપણે નાસ્તિકતાને પંથે દોરી રહ્યા છીએ જ્યારે બીજી બાજુ વ્યાવહારિક શિક્ષણની નિરર્થકતા અને નિષ્ફળતા તેને કંગાલિયત નિરાશા અને ગુલામીની ઊંડી ઊંડી ખાઈમાં ધકેલી રહી છે. "બાળકનું શિક્ષણ માતાના ગર્ભમાંથી શરૂ થાય છે" એ સૂત્ર જરાયે ખોટું નથી. કુમળાં બાળકોને ઘરમાં આપણે કયા પ્રકારનું શિક્ષણ આપીએ છીએ! બાળક સમજતું થયું ન થયું ત્યાં તો તેને નિશાળે–ગમે તેવી નિશાળે–મૂકી આપણે તેની ઉપાધિમાંથી છૂટકારો મેળવવા ઈચ્છીએ છીએ. બાળક નિશાળે કે પાઠશાળાએ જતું થયું એટલે તેના શિક્ષણને લગતી સઘળી જવાબદારીઓમાંથી આપણે આપણને મુક્ત થયેલા માનીએ છીએ. પછી તો આપણે એ જ જોવાનું કે બાળક સ્કૂલ કે શાળાની કહેવાતી પરીક્ષામાં પાસ થાય છે કે નહિ. આપણી આ સ્થિતિ ખરેખર દયાજનક છે. આજનાં બાળકોનો દોષ કાઢતાં પહેલાં આપણે પોતે જ તેમાં કેટલા દોષપાત્ર છીએ તે જોવાનું ભૂલી જઈએ છીએ. બાળકને ગળથૂથીમાંથી ભીરુતાનું અને ગુલામીનું પાન કરાવનાર જૈન સમાજે હવે સમજવું ઘટે. પૂર્વજોની યશગાથાઓ તેમની વીરતા, તેમની બુદ્ધિમત્તા, તેમનું ઓજસ તેમની ધર્મભાવના એ બધુંયે આજે એક પરીકથા જેવું થઈ ગયું છે. જગતના ઇતિહાસમાંયે શોધ્યા ન જડે એવા જગડુશા અને ભામાશાના વંશજો આજે માત્ર "સ્વાર્થી"ઓ જ ગણાય છે.

આપણું સ્વમાન, આપણું ગૌરવ, આપણો બંધુભાવ વ આપણી વીરતા, આપણું ઓજસ એ સર્વે આજે આપણને છોડી ગયાં છે. "હું" અને "મારા"થી આપણી દૃષ્ટિ આગળ વધતી નથી આવા વાતાવરણ વચ્ચે ભાવિપ્રજાને આપણે કયું શિક્ષણ આપવાના હતા? વીરપ્રભુએ આપેલી શૌર્યભરી અહિંસાની ભેટને આપણે ભીરુતાના રૂપમાં ફેરવી નાખી છે. અને વર્તમાન પ્રજાને ભીરુ બનાવવાનું મહાન પાપ આપણે કર્યું છે. ધાર્મિક શિક્ષણમાં અહિંસાને મુખ્ય સ્થાન આપણે આપ્યું પણ તદ્દન વિપરીત રૂપે જ જગતને "મા માર"ની વીરઘોષણા સંભળાવનાર વીરપ્રભુના જીવનચરિત્ર તરફ આપણે કદી જોયું નથી. તેમનો બાળપણનો વ્યાયામ તેમની અંગકસરત એ બધું યે શાસ્ત્રોમાં બતાવ્યા છતાંય આપણે તે જાણતા નથી. ધર્મોપદેશક પૂજ્ય મુનિમહારાજો વીરપ્રભુના જીવન ચરિત્રના વાંચન સમયે, તેમના જીવનના આ ભાગને તદ્દન ઓછું મહત્ત્વ આપી ખૂબ જ ટુંકાવી નાખે છે. પરિણામે આપણે તેમના જીવનનો એક મહત્ત્વનો ભાગ જોઈએ તેટલો જાણવા પામતા નથી. વીર પ્રભુએ સહન કરેલા પરીષહો જ તેમની અપૂર્વ શારીરિક શક્તિના પુરાવાઓ છે. અહિંસાનો વિપરીત અર્થ કરી આપણે આજે ભીરુ તરીકે જીવીએ છીએ. ભૂતકાળનો આપણો પૂર્વજોનો જવલંત ઇતિહાસ જોવાની આપણને પડી નથી. આપણી શાંતિપ્રિયતા આજે ભીરુતાના રૂપમાં ફેરવાઈ ગઈ છે. અહિંસા અને હિંસાના પાઠો આપણે આપણી દૃષ્ટિએ જ શીખ્યા છીએ અને તેનો મનફાવતો અર્થ કરી લીધો છે. "क्षमा वीरस्य भूषणम्" અહિંસા વીરનું શસ્ત્ર

છે. કાયરનું બચાવનું સાધન નથી. સ્વરક્ષણ જેટલીયે જેનામાં તાકાત નથી તેણે પોતાને અહિંસક કહેવડાવતાં જરૂર શરમાવું ઘટે. અખાડાઓને આપણે હિંસાનું સ્થાન માનીએ છીએ; વ્યાયામ આપણને પાપ લાગે છે; આપણી એ અધોગતિ છે. સ્વરક્ષણની તાલીમ લેવાનો કે સ્વરક્ષણ કરવાનો નિષેધ કયા શાસ્ત્રોમાં છે એ આપણે જાણતા નથી છતાં એક યા બીજી રીતે આપણે આપણી ભીરુતાને ઢાંકવા શાસ્ત્રોની ઢાલ આગળ ધરીએ છીએ. આ બધાનું પરિણામ એ આવ્યું છે કે આપણાં ધર્મસ્થાનકો આપણાં ઘરો અને આપણે પોતે પણ બીજાની દયા ઉપરજ જીવીએ છીએ. મારામારીના નામ માત્રથી આપણે ત્રાસી જઈએ છીએ. આપણા પોતાના અને આપણા ધર્મસ્થાનકોના રક્ષણાર્થે આપણે ગુરખા અને શીખોને જ રોકવા પડે છે. જૈન સમાજનું એ એક મહાન કલંક છે અને એ માટે આપણે જરૂર શરમાવું ઘટે ભાવિ પ્રજાને વ્યાયામપ્રિય બનાવી એક વીર પ્રજા ઘડવાનું કાર્ય જ્યાંસુધી હાથ ધરવામાં નહિ આવે ત્યાંસુધી જૈન સમાજનો કે જૈનધર્મનો ઉદ્ધાર શક્ય નથી.

આપણી સામે બીજો પ્રશ્ન સામાજિક આર્થિક ઉન્નતિનો છે. આપણો બંધુત્વભાવ આજે નામ પૂરતોયે રહ્યો નથી. આપણી માત્ર જગત સામે નહિ પણ આપણા ઘરમાં યે અને આપણી પોતાની સામે યે "સ્વાર્થી" તરીકે જ વર્તી રહ્યા છીએ. ભૂતકાળની મહાન્ વ્યાવહારકુશળ અને અજોડ ઉદાર પ્રજાને માટે આ એક કલંક છે. જેની નસેનસમાં વ્યાપારી લોહી વહે છે, જેના શરીરના અણુ યે અણુ સ્વાતંત્ર્યની ભાવનાથી રંગે રંગાયેલું છે એવી વ્યાપારી પ્રજા શું ગુલામ થવાને સરજાઈ છે! સામાજિક સંગઠ્ઠનનો અભાવ અને આપણી સ્વાર્થાંધતાએ આપણા જ ઘરમાં આગ લગાવી છે. આપણો વ્યાપાર આજે આપણી પાસે નથી રહ્યો. આપણી વ્યાવહારિક બુદ્ધિ આપણે ગુમાવી બેઠા છીએ. ધાર્મિક પ્રસંગોએ સ્વામીવાત્સલ્યને નામે હજારો રૂપીયા ખર્ચ કરનાર વ્યવહારમાં સ્વામીવાત્સલ્યને અમલમાં મૂકે તો જૈન સમાજની આ દશા આવતી કાલે જુદાજ સ્વરૂપમાં ફેરવાઈ જાય. પરંતુ અફસોસ છે કે આપણી ધર્મભાવના દહેરા ઉપાશ્રયથી આગળ વધતી નથી. પરિણામે આપણે આપણું સર્વસ્વ ગુમાવી બેઠા છીએ. આપણે આપણા સ્વાર્થને આત્મસંતોષ માની બેઠા છીએ. આપણામાં જ્ઞાતિઅભિમાન નથી, બંધુભાવ નથી, સ્વમાન નથી, આપણી દૃષ્ટિ આપણાથી આગળ નથી પહોંચતી એવા આપણે જૈનો છીએ.

દિવસે દિવસે આપણે અવનતિની ઉંડી ખાઇમાં ધસડાઈ રહ્યા છીએ. આપણા સામાજિક સંગઠ્ઠનની સાંકળના એકે એક અંકોડો તૂટી ગયો છે. આપણું સમૂહબળ નામશેષ પણ રહ્યું નથી. વાડાઓ અને મતમતાંતરોના ઝેરી કીડાઓએ સમાજ દેહને કોરી કોરીને ખોખું કરી નાખ્યો છે. સંખ્યાબળમાં જૈનોની સંખ્યા શોચનીય છે. મુઠ્ઠીભરની આ સંખ્યાપણ હવે એકતા નહિ સાધે તો આવતી કાલ કેવી ઊગશે તેની કલ્પના કરવી ઘટે. આવતી કાલ આપણે જીવવાનેયે લાયક હોઇશું કે કેમ એ એક શંકા છે. ધાર્મિક અને સામાજિક એકતા સાધવાનો સમય હજીયે વહી નથી ગયો. મૃત્યુશય્યા ઉપર હોવા છતાંયે સમાજદેહના આત્માની જ્યોત હજી હોલવાઈ નથી, વ્યાવહારિક કુનેહ અને બુદ્ધિનાં તેજ હજીયે વિલીન થયાં નથી, પ્રતાપી પૂર્વજોની કીર્તિનાં કિરણો અસ્તાચળે બેઠેલા સૂર્યની જેમ પણ હજીયે કંઈ કંઈ પથરાયેલાં છે, આત્માભિમાનનો ઝરો સૂકાયો સૂકાયો પણ હજીયે ભીનો છે. આત્માભિમાનની જ્યોત બુઝાઈ જવાને વાંકે પણ હજીયે પ્રકાશે છે, સમાજના આત્માએ હજીયે પોતાની પ્રભા છોડી નથી; પ્રતાપી પૂર્વજોને વરેલી લક્ષ્મી સૂકાયેલી સરિતાની જેમ પણ હજીયે સમાજને તજ્યો નથી. સમાજના એ વિરાટ માનવદેહની સુષુપ્તિ જગાડવાનું કાર્ય સારાયે સમાજનું છે, એકાકી વ્યક્તિનું નથી. સામાજિક ઉન્નતિ જ ધાર્મિક ઉન્નતિને લાવશે. અંધારા ઉલેચી પ્રકાશપૂંજ પાથરવાનું કાર્ય હવે સમાજને કર્યે જ આરો છે. એ પ્રખર કાર્ય માટે સમાજે લોખંડી સેના ઘડવાની છે, અવિરત પ્રરિશ્રમ કરનારા અને સમાજને ખાતર પ્રાણ આપી પ્રાણ

પૂરનારા ભેખધારીઓની અજેય સેના સમાજે ઊભી કરવાની છે. સમાજને ખાતર આત્મબલિદાન આપનારા વીરો જૈન સમાજને દુર્લભ નથી. પરંતુ આ માટે સમાજે પોતાનું સક્રિય પ્રોત્સાહન આપવું પડશે. જીવતું જાગતું પીઠબળ દેવું પડશે. સમાજને ચેતવાનો આ અવસર છેલ્લો છે. ઘેરાતાં વાદળોને વધુ ગાઢ બનતાં પહેલાં જ વિખરવાના છે. પુનરોદ્ધાર નહિ થશે તો પુનરૂચ્ચના કરવી પડશે જ અશક્ય નહિ તો કપરી તો હશે જ. સમાજની સુષુપ્તિ જીવલેણ નિદ્રા નીવડશે. સામાજિક સંગઠ્ઠન માટેના એકેએક દ્વાર સમાજે હવે ખોલવાં ઘટે અને સમાજ દેહમાં શક્તિનો પ્રાણ પૂરવા સ્થળે સ્થળે વ્યાયામમંદિરો ખોલવાં ઘટે, આર્થિક ઉદ્ધાર માટે વ્યાવહારિક કેળવણીની દિશા પણ પલટાવવી જ પડશે. સમાજને સ્વતંત્ર અને પગભર થવા માટે સંખ્યાબંધ કેન્દ્રોએ ઉદ્યોગશાળાઓની સ્થાપના કરવી પડશે. સમાજના ધાર્મિક અને સામાજિક સંગઠ્ઠનના આ બે ધોરી માર્ગો સમાજે વિનાવિલંબે ખોલવા ઘટે.

જૈનો ! જાગો, આપણા બીજા બંધુઓની જે દશા થઈ છે, તેવી કાલે આપણી નહિ થાય તેની શી ખાત્રી છે ? માટે, મોડું થાય તે પહેલાં ચેતો ! આપણામાંથી કુસંપ, અસહકાર નાબુદ કરો ! અને મારાથી મારી કોમની, સમાજની કેટલી અને કેવી રીતે સેવા બની શકે તેનો વિચાર કરવા મંડી જાવ અને પછી, દશ વર્ષ પ્રભુ જીવતા રાખે તો પરિણામ જુઓ, જો જૈન સમાજના ઉદ્ધારની સાથે, ધર્મની ઉન્નતિ ચાહતા હો તો, ઉપર કહ્યા પ્રમાણે વેરઝેર છોડી દઈ એક એકની સાથે ખભેખભો લગાડીને કામે લાગી જાઓ ! એટલું તો ચોકસ યાદ રાખજો કે, જો ધર્મની ઉન્નતિ ચાહતા હો, સમાજનાં ગૌરવમાં માનતાં હો તો, જરૂર સમાજને જીવતો રાખવા પ્રયત્ન કરો !—**શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના ચૌદમા અધિવેશનના સ્વાગતપ્રમુખસ્થાનેથી—**

જૈન સાહસ

લેખક: ડુંગરશી ધરમશી સંપટ

જૈનો એ ગુજરાતના મહાજનોંધા પુત્રો છે. એ મુખ્યત્વે વેપારી કોમ છે. પરંતુ સાહસિક હોવાથી એઓ આખાં હિંદમાં પ્રસર્યા છે. એમનામાં શક્તિ, ધીરજ, શાંતિ, સરલતા અને ગૃહસ્થાઈ છે. એમનામાં ધન પણ બીજી કોમોના મુકાબલે ઠીક ગણાય. પરદેશગમનનો સવાલ પણ એમને મુંઝવતો નથી. ગમે તે દેશમાં જઈ પોતાના ધર્મના રિતરિવાજો પાળે છે. ગમે તેવો વિદ્વાન જૈન હોય, તો પણ એની પોતાના ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા રહે છે. એ વિધર્મીઓનાં દર્શનો પણ જ્ઞાન અને કુતૂહલતાથી વાંચે છે. પરંતુ એની ધર્મશ્રદ્ધા શિથિલ થયેલી જોઈ નથી. ઘણાં વિદ્વાન જૈનગૃહસ્થોની વિદ્વત્તા માટે મને માન છે, તેટલું જ તેમની ધર્મશ્રદ્ધા માટે માન છે. શ્રી મહાવીર સ્વામીના ઉપદેશને એ બરાબર માને છે, શ્રદ્ધાળુ છે. જૈન દર્શન તરફ એને હૃદયની ભક્તિ રહે છે.

જૈનધર્મ એક સમયે આખા હિંદના બધા ભાગોમાં હશે એવા પ્રમાણ આપણને પુષ્કળ મળે છે. મેં આખા હિંદનો પ્રવાસ કર્યો છે. ઘણા ખરા ભાગમાં જૈન અવશેષો મેં જોયાં છે. મંદિરો, મૂર્તિઓ કયાં પૂજ્ય છે, કયાં અપૂજ્ય છે. બંગાળમાં હમણાં જૈનો થોડા છે, પરંતુ કોઈ સમયે વિશેષ પ્રમાણમાં હશે. પંજાબમાં જૈનો થોડા પણ છે. સિંધમાં પણ જૂનાં દેરાસરનાં અવશેષો જોયાં છે. કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં એની વ્યાપક અસર હમણાં છે, તેવીજ રીતે રાજપુતાનામાં પણ એની અસર છે. સંયુક્ત પ્રાંત અને બીહારમાં તો એનાં જૂનાં મૂળો છે. મહારાષ્ટ્રમાં પણ જૈન મંદિરો છે. નિઝામ અને માઇસોરના રાજ્યોમાં પણ જૈન મંદિરો છે. મલબારમાં શ્રી કલીકટમાં છસો વરસોના જૂના જૈન મંદિરો સરસ સ્થાપત્ય તરીકે શોભે છે. શ્વેતાંબર જૈનો (દેરાવાસીઓ) ના મંદિર વધારે પ્રમાણે હોવાની કલ્પના છે.

જૈન ધર્મમાં (દેરાવાસીઓ) ઘણાં પ્રાંતના માણસો છે. પરંતુ તેમાં એકેય મેં નિરક્ષર જોયો નહિ. સ્ત્રીઓમાં તો નિરક્ષરતા જરૂર છે. પરંતુ હાલમાં ઘણી ખરી યુવતિઓમાં તો અક્ષરજ્ઞાન આવી ગયું છે. યુવકો હવે અંગ્રેજી ભણે છે. લગભગ ૪૦ ટકા યુવકોઓ અંગ્રેજી જાણે છે. ૫૦ ટકા લગભગની સ્ત્રીઓને અક્ષરજ્ઞાન છે. ૧૦ ટકા યુવતિઓ અંગ્રેજી થોડું ઘણું જાણે છે. જૈનો વ્યાપારી હોય છે એટલે એઓ વિશેષ પ્રમાણમાં ઉચ્ચશિક્ષણ લેતા નથી. નાગર અને બીજી ઉચ્ચ કોમોમાં જેટલા ગ્રેજ્યુએટો છે તેના પ્રમાણમાં જૈનોમાં થોડા છે. વકીલો, ડૉકટરો, એંજીનિયરો પ્રમાણમાં થોડા છતાં પણ હવે પ્રમાણ વધતું જાય છે. ભણેલો વિદ્વાન જૈન પોતાના ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળો હોય છે. અલબત્ત જૈનો વિજ્ઞાનની કેળવણી ઓછી લે છે. આ વિષયમાં યુવાનો રસ વિશેષ પ્રમાણમાં લે તો ઉત્તમ કહેવાય. વિદ્યુત્‌શાસ્ત્ર, રસાયનશાસ્ત્ર એ આ જમાનાનાં જીવતાં, જાગતાં શાસ્ત્રો છે. એમના પ્રત્યે ભાવ રાખવો જ જોઈશે. જૈનો હજી વધારે વિદ્યા સેવન કરે એવું હું ઇચ્છું છું.

વેપારમાં તો જૈનો સ્વાભાવિક રીતે આગળ વધેલા છે જ. દરેક મોટાં બંદરો, નાનાં મોટાં શહેર, કસ્બા અને જીલ્લામાં જૈનો પોતાનો વેપાર જમાવીને બેઠા જ હોય છે. નાના દુકાનદારથી મોટા વેપારી સુધી એઓ વ્યાપક છે. હિંદનો કોઈપણ વેપાર–અનાજ, તેલબીયાં જવાહિર, કાપડ વગેરેનો–નો કરે છે. નાની દુકાનદારીથી મોટાં વેપારી સુધી સર્વે જૈનો કાંઈ ને કાંઈ ગ્રહણ કરી બેઠાં હોય છે. ઉદ્યોગોમાં પણ એમનો

વિકાસ છે. કાપડની મીલો, કપાસના જીનપ્રેસો, તેલની મીલો, ચોખાની મીલો વગેરે ઉદ્યોગોમાં એમનો પ્રવેશ છે, પરંતુ મારી સમજણ પ્રમાણે એમનો આથી વધારે વિકાસ ઉદ્યોગોમાં થવો જોઇએ. આ કરતાં વધારે પ્રમાણમાં સંયુક્ત થઇને મોટી કંપનીઓ કાઢી ઉદ્યોગોમાં વધવું જોઈએ. નવા નવા ઉદ્યોગો વસાવવાં જોઇએ.

જૈન ભાઇઓનું એક કર્મક્ષેત્ર ઠીક ઠીક મોળું બન્યું છે. આગળ ઘણાં ખરાં રાજ્યોમાં વંશપરંપરાના દિવાનો જૈન ભાઇઓ થતા હતા. ભામાશા, વસ્તુપાળ, તેજપાળ, મુંજાલ મહેતા, શાન્તુ મહેતાના વંશજો એ દેશી રાજ્યોમાં મોટી જોખમદારી અને અધિકારની પદવીઓ સેંકડો વર્ષો સુધી ભોગવવી ચાલુ રાખી હતી. હમણાં એ અધિકારોની એમણે લાલસા મૂકી દીધી લાગે છે. કચ્છ, કાઠિઆવાડ, રાજપુતાનામાં એકેય જૈન દિવાન નહિ ? શું મોળાશ આવી છે રાજ્યદ્વારી બાબતોમાં? નેશનલ કોંગ્રેસના ભડવીરોની પહેલી અને બીજી હરોળમાં એકેય જૈન મહારથી નહિ ? જૈનો તમને રાજ્યદ્વારી બાબતમાં કેમ ભ્રમજનક થકાવટ લાગી છે ? તમારું સ્થાન જૂના કાળમાં હરોળમાં હતું. હમણાં પાછલી હારોમાં પણ મારા દુર્બિનમાં તમારાં મોઢાં દેખતો નથી. કેટલું પછાત પડવું છે ?

જૈન ભાઇઓ તમારી કેટલીક બાબતો મારી સાદી સમજમાં બિલકુલ ઊતરતી નથી. તે માટે કદાચ મારો જૈનેતર જન્મ જવાબદાર હશે. કદાચ હું તમને સમજી નહિ શકયો હોઉં. પરંતુ મારા ખરા અંતઃકરણથી એ વાતો મારી બુદ્ધિમાં ઊતરી શકતી નથી. મને ત્યારે સાફ સાફ કહેવા માટે ક્ષમા આપો. પરંતુ જે સમજાતું નથી તે તો જરૂર કહેવું જોઇએ. હજી સુધી મને ઘણાંને પૂછતાં મનને સંતોષ થાય તેવા જવાબો મળ્યાં નથી.

૧. ગચ્છગચ્છના ભેદો હું સમજી શકતો નથી. મેં એ સમજવા પ્રયત્નો કર્યા. પરંતુ તુચ્છ બાબતો ઉપર વાડા બાંધી જુદા થઇ પોતાની શક્તિને વેડફી નાંખવી એ તો જૈનો જેવા ડાહ્યા માણસો કેમ અનુમોદતા હશે ? હું તો એટલે સુધી કહું છું કે સ્થાનકવાસી અને દેરાવાસીના પૂજાના ભેદો જુદા રાખી બાકી ભેગા થઈ જાઓ. એક સમાજ સ્થાપો. અરે ભોજન વ્યવહાર, જ્ઞાતિ વ્યવહાર, કન્યા વ્યવહાર છતાં તમે એક સમાજ સ્થાપી સંગઠન કરી શકતા નથી. ખરેખર ખેદનો વિષય છે. શ્વેતામ્બર, દિગમ્બર હોવા છતાં તમે જૈનો છો તે દૃષ્ટિબિંદુ તમારી નજર સામેથી ખસવું ન જોઇએ. તેરાપંથી અને બીજા કેટલાક વિચિત્ર પંથો તમને શું જરૂરના છે ? હોય તો રાખો. પરંતુ સોળ લાખ જૈનોને એક જ સમાજ, એક જ છત્રછાયા (શ્રી મહાવીર સ્વામીની) હોવી જોઇએ. ટુંકામાં તમારા સમાજમાં જે સંગઠન નથી તે મને ખેદ ઉપજાવે છે. ક્ષુલ્લક ભેદોને શા માટે તમે અગત્યતા આપો છો ? સંપ એ તમારું મુખ્ય સૂત્ર હોવું જોઇએ. આવા ભેદો, તેમાં પણ ક્ષુલ્લક ભેદો દૂર કાઢી નાખો એ તમારી પ્રગતિના બાધક છે. બધાં જૈનોની એકજ પરિષદ ભરાવવી જોઇએ.

૨. તમે જે આ સંઘો કાઢી લાખો રૂપિયા તે પાછળ ખર્ચો છો, તે પણ મને સમજાતું નથી. સ્વામિવત્સલો વગેરે મોટા ભોજનો અને સમારંભો કરો છો. વિવાહાદિકમાં મોટાં ઉત્સવો અને ભોજનો કરી પુષ્કળ મિષ્ટાન્ન ખવરાવી જમનારાઓનાં ઉદરો બગાડો છો, તે પણ મને સમજાતું નથી. જૈનો દરવરસે લાખો રૂપિયા–અને લગભગ એક કરોડ રૂપિયા જેટલી રકમ આમ વેડફી નાંખે તે કરતાં વિદ્યાવૃદ્ધિ સ્કોલરશીપો, અને વિજ્ઞાનના શિક્ષણમાં ન વાપરે ? આ તો સારી વાત છે. બીજા નુકસાનને સારી રીતે સમજનાર જૈન ભાઈઓ આ વિષયમાં વિચાર કરે એવું હું માગી લઉં છું. હું તો માનું છું કે નવા દેરાસરજીનો ખર્ચ કરતા પહેલાં જુનાં દેરાસરોજીનાં જીર્ણોદ્ધાર વધારે હિતાવહ છે.

૩. જૈન ભાઇઓની શારીરિક અશક્તિ પણ મને સમજાઈ નથી. એઓ કસરત, વ્યાયામ, મહેનત, મજુરી, શ્રમના નામે શા માટે દુષિત થાય? તમારા યુવાનો તમે ધારી ધારીને જોયા છે? મેં જોયા છે હો! તેમનામાં મેં યૌવનનું તેજ જોયું નથી. હું સ્કુલોમાં જઈ પુછગાછ કરું છું. બહુ થોડાં જૈન યુવાનો કસરત કરે છે. કોઈ કહે છે તો ભૂલી જાય છે. ઘણાં જૈન બંધુઓને પૂછ્યું છે–કસરત કરો છો? કાંઈ શ્રમ લાગે એવું નિયમિત કામ કરો છો? કયાંયે મને મીઠો જવાબ મળ્યો નથી. જો કે તમારાં વડીલો હથિયારોનો ઉપયોગ જાણતાં અને કરતાય હતા. તમે હથિયારો વાપરવા અને સૈન્યમાં જોડાવાનું નાપસંદ કરો તો ઠીક છે. પરંતુ તમારા શરીરોને સુધારવા વ્યાયામ શા માટે ન કરો? શા માટે ખાટાં, મીઠાં, મસાલાદાર પદાર્થો ખાઈ ઉદર બગાડો? જરા મનમાં લાગે છે તેથી કડવું કહું છું.

જૈન સમાજ સામાજિક દૃષ્ટિએ નબળો ગણાય છે. રાષ્ટ્રિય અને રાજકીય બાબતોમાં પણ પછાત છે. કારણ શું? એવો પ્રશ્ન જો કરીએ અને તેના ઉત્તર માટે ઊંડા ઉતરીએ તો જણાશે કે તેનું મુખ્ય કારણ સંગઠન નો અભાવ છે. જ્યાં ધાર્મિક ધ્યેય હોય ત્યાં સંગઠન સંભવે જ નહિ. જે ધાર્મિક ધ્યેયનું પરિણામ માત્ર સ્થાનક, મંદિર, ગુરુવર્ગ અને પંડિત ઉપદેશક વર્ગ સુધી જ રહ્યું હોત તો કદાચ ચલાવી પણ લેવાત. પણ એ વિષ બીજા વિષોની પેઠે ચેપ ફેલાવે એ સ્વભાવિક જ હતું, એટલે બધાજ ક્ષેત્રોમાં એ વિષ ફેલાયું. આજે ન છૂટકે ને લાચારીથી જ ત્રણે ફીરકાવાળા મળે છે. અને એ લાચારી એટલે કયાંઈક વ્યાપારિક સંબંધ, કયાંઇક લગ્નસંબંધ અને કયાંઇક રાજકીયસંબંધ. પરંતુ એ સંમેલન નથી તો વ્યાપક અને નથી તો બુદ્ધિપૂર્વકનું, તેમજ નથી હાર્દિક. આ દેખાતું વિરલ સંમેલન પણ ગૃહસ્થોમાં જ છે. કારણકે પેલી લાચારી ગૃહસ્થોને જ મળવાની ફરજ પાડે છે. પરંતુ ગુરુવર્ગ અને પંડિત ઉપદેશકવર્ગમાં તો એ લાચારીજન્ય વિરલ સંમેલન પણ નથી. ગુરુઓને કે પંડિત ઉપદેશકોને નથી જરૂર વ્યાપાર ખેડવાની કે નથી પ્રસંગ લગ્નાદિનો. એ વર્ગને રાષ્ટ્ર અને રાજકીય બાબતોનું તો સ્વપ્ન પણ નથી. એટલે તેમનામાં પારસ્પરિક સંમેલન કે સંગઠનના સંભવનું વ્યવહારિક કારણ એકેય નથી. અને જે ધર્મ તેમને અરસપરસ મેળવવામાં સૌથી વધારે અને સૌથી પહેલો કારણભૂત થવો જોઇએ અને થઇ શકે તેજ ધર્મે તેમને ઉલટા હમેશ ને માટે દૂર કર્યા છે.

— પં. સુખલાલજી —

પંગુ ને પરવશ

લેખક : ગોકુળભાઈ ભટ્ટ

"ઝાઝું ભણીને શું કરવું છે! આખરે તો નોકરી ને?" એક નવજુવાને પ્રશ્ન પૂછ્યા. આ મુંઝ-પણ માત્ર એકની નથી પણ લગભગ બધાય ભણેલાઓની છે. કરજ માથે ચઢાવીને મોટી મોટી ઉપાધિઓ પ્રાપ્ત કર્યા પછી વર્તમાનપત્રોની જાહેરખબરોનો અભ્યાસ કરવો પડે છે અને ઠેકઠેકાણે નમ્ર, વિનમ્ર, અતિનમ્ર ભાવે અરજીઓ લખવી પડે છે. કયાંક ધડ બેસી જાય અને પચાસ પોણોસોનો પગાર થઈ જાય તો આ ઉપાધિધારી વિદ્વાન પોતાનાં ભાગ્ય ઊઘડ્યાં માને છે. મુંબઈ જેવાં શહેરોમાં નોકરી કરનાર પદવી-ધરનો કમાણી કરતાં ખર્ચ વધારે હોય છે.

આજના ભણતરે આપણને કેટલી બધી હદે નિર્માલ્ય બનાવ્યા છે?

વિમુક્તિ અપાવે તે સાચી વિદ્યા. પેલા નવજુવાનને મેં કહ્યું કે ભણ્યા પછી નોકરી જ શા સારુ કરવી? ભણવું તો સંસ્કારધન સંધરવા માટે. એ નવજુવાનને મારો ઉત્તર ગળે ઊતરે એમ ન હતું કારણ કે એની આસપાસનું વાતાવરણ નિર્માલ્ય બન્યું છે. ભણેલો હાથપગ હલાવતો મરી જાય છે; શરીરે પરસેવો ઊતરે એવું કામ ભણેલો કરી શકે નહિ, કારણ કે એથી એનું ભણતર લજવાય એમ તે માને છે. પાંચ શેર વજન ઊંચકીને રસ્તે ચાલવું ભણેલા નવજુવાનને માથાનો ઘા જાઈ પડે છે. એની શારીરિક સ્થિતિ ખરાબ હોય છે એ એક કારણ, ને બીજું કારણ વજન ઊંચકવામાં એ નાનમ સમજે છે. પાઈ પૈસાનો બચાવ કરવાની વૃત્તિ હોતી નથી. જે પદવીધરે સ્વચ્છતા, સુઘડતા વિષે ઘણું વાંચ્યું હોય તે જુવાનને ઘેર ઘાટી એક દિવસ ન આવ્યો હોય તો એનું ઘર જોવાજેવું બની જાય છે. સુઘડતા એના જીવનમાં ઊતરી હોતી નથી, નહિ તો પોતાના ઘરને સ્વચ્છ રાખવામાં એને કશીય નડતર હોતી નથી. ઝાડુ ઘરમાં હોય છે, નળ ઘરમાં હોય છે પણ આ ભાઈ ઝાડુ કેમ કાઢે? વાસણ કેમ અજવાળે? શરમ આવતી હોય તો બારીબારણાં બંધ કરીને આ સર્વ કામો કરી શકાય પરંતુ જુવાનના હાથપગ ભાંગી ગયા હોય તેનું શું? કેટલાય જુવાનો કસરતશાળામાં જઈ ઘણો શ્રમ કરી આવતા હોય છે પણ ઘેર થોડોક શારીરિક શ્રમ કરવો પડે ત્યારે કાયર બની જાય છે.

માત્ર હાથપગ જ અપંગ થઈ ગયા હોતા નથી, શરીર કૃશ બની ગયું હોતું નથી પણ બુદ્ધિ પણ કુંઠિત થઈ ગઈ હોય છે. અનેક પુસ્તકો ગોખીને પરીક્ષા પસાર કરનારની વિચારશક્તિ ક્ષુદ્ર બની ગઈ હોય છે અને મન નબળું પડ્યું હોય છે. આત્મવિશ્વાસનો લોપ થયો હોય છે. આ રીતે આજના ભણતરે વિચારક્રિયા અને સર્જન શક્તિઓનો હ્રાસ કરી નાખ્યો છે.

વિદ્યા પ્રાપ્તિને પરિણામે સંસ્કારિતા, તેજસ્વિતા ને પુરુષાર્થ વિકસવાં જોઇએ તેને બદલે અધોગતિએ આપણે જઈ રહ્યા છીએ. સમય, શક્તિ અને સંપત્તિ ત્રણેનો મોટે ભાગે દુર્વ્યય થાય છે. આવાં દુષ્પરિ-ણામોને દેખતાં છતાં, વિપરિત પરિસ્થિતિમાં આપણે સપડાતા જઇએ છીએ એ અનુભવવા અને જાણવા છતાં, પરવશતાની ધુંસરી કાંધેથી ફગાવી દેવાની વૃત્તિને બદલે સોનેરી પાંજરું વહાલું ગણવાના ભાવો આપ-ણામાં ઘર કરી બેસે છે, છતાં આપણે મોહવશ બની હજી એ જ શિક્ષણની પાછળ પતંગિયા પેઠે દોડી રહ્યાં છીએ. સત્ય જાણવા છતાં સત્યપથે ચાલવાની આપણામાં હિંમત નથી, અન્યાય દેખવા છતાં તેનો સામનો કરવાનું મન થતું નથી, અધઃપતન તરફ ધસડાતા જઇએ છીએ છતાં, તેના તાત્કાલિક ઉલાજની

ખબર હોવા છતાં તે ઉપચાર કરવાનું આપણને સૂઝતું નથી, આનાં કરતાં આપણી હીણ તથા દયનીય દશા કઈ હોઈ શકે ?

વગરભણેલો એક પૈસાના સોદામાંથી મોટો સોદાગર બની જાય છે; પાઈ પાઈ રખનાર, જાતમહેનત કરનાર, મહત્ત્વાકાંક્ષી, દૃષ્ટિને તીવ્ર ને તેજસ્વી બનાવનાર સાહસી ઓછું ભણેલો પદવીઓના મોહથી વંચિત રહેલો જ્યારે પૈસેટકે આગળ વધે છે ત્યારે આપણી આંખો સાવ ઊઘડવી જોઈએ અને આપણે આજની શિક્ષણપદ્ધતિમાં સુધારો કરવાની યોજના તુર્ત જ અમલમાં મૂકવી જોઈએ. હિંદુસ્થાનમાં કારકૂનો ઉત્પન્ન કરવાની જે શિક્ષણપ્રણાલી ચાલુ કરવામાં આવી છે, લગભગ તે જ ધરેડમાં આપણે ચાલી રહ્યા છીએ અને આપણી જાતને નપુંસક બનાવી રહ્યા છીએ. અને આવું દૃશ્ય ઠેર ઠેર નજરે પડે છે, ત્યારે આજના ભણતરનો કંટાળો આવે છે.

દૂષણો, તે નિવારવાનો ઈલાજ જાણવા છતાં આપણે વધારે ને વધારે દૂષિત થતા જઈએ ત્યારે આપણા કરતાં વધારે ડાહ્યા (!) કોણ કહેવાય ! આપણા સમર્થ વિચારકોએ, દેશનેતાઓએ, શિક્ષણ-શાસ્ત્રીઓએ આજના ભણતરની ઊણપો પ્રત્યે આપણું ધ્યાન દોર્યું છે, માર્ગો બતાવ્યા છે પણ આપણે એ સન્માર્ગે જતા નથી. હમણાં હમણાં મહાત્મા ગાંધીજીએ એક પ્રાણવાન યોજના–ક્રિયાત્મક શિક્ષણ પ્રથાની–રજૂ કરી છે ને તે દ્વારા આપણા ભણતરની ભૂમિકા બદલવાની હિમાયત કરી છે તે પાયાની કેળવણીને આપણે વધારે ને વધારે સમજવી પડશે; આપણો ઉદ્ધાર એવી યોજનાઓમાં છે. આ યોજના સામાન્ય રીતે સેગાંવપદ્ધતિને નામે ઓળખાય છે. આ પદ્ધતિમાં માત્ર હાથપગ હલાવવાના નથી, માત્ર રટણ નથી, મગજમાં માત્ર દેશપ્રેમનાં ગીતડાંનો પવન ભરવાનો નથી પરંતુ નાનું બાળક કે જે સર્જનશક્તિથી ભરપૂર છે તે બાળક સર્જન વાટે ભણવા લાગે છે ને નવી દૃષ્ટિને પામે છે. આ પદ્ધતિમાં નૈસર્ગિકતા છે; એમાં બાળમાનસનો અભ્યાસ છે; એ પદ્ધતિમાં પ્રજ્ઞાવિકાસનાં બીજ વવાયાં છે. આ ક્રિયાત્મક શિક્ષણપ્રથાની વિગતોમાં ઊતરવાની નેમ આ લેખની નથી; આપણે પોતાનાં સંતાનોને સાચા બનાવવા માગતા હોઈએ, નિર્ભીત્ય ને કંગાલ ન રાખવા માગતા હોઈએ, પંગુ ને પરાધીન ન રહેવા દેવા માગતા હોઈએ, તો પુરુષાર્થ-દાયક, આત્મવિકાસક ને મુક્તિપ્રદાયક કેળવણીનો આશરો લેવો જોઈશે. આજની શિક્ષણપ્રથા ધરમૂળથી બદલવી જોઈશે.

બાળકને કાંઇક અનુકૂળ પ્રકારના ઉત્પાદક કામ માટે કેળવણી આપવી જોઇએ. એ વિચારની ભલામણ કરવામાં આધુનિક કેળવણીકારો લગભગ એકમત છે. અખંડ સર્વાંગી કેળવણી આપવાના પ્રશ્નનો સૌથી અસરકારક ઉકેલ આ પદ્ધતિમાં રહેલો છે એમ માનવામાં આવે છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ એ ઈષ્ટ છે, કેમકે કેવળ સાક્ષરી અને તાત્વિક કેળવણીના જુલમમાંથી તે બાળકને રાહત આપે છે. ઉદ્યોગ અનુભવનાં બૌદ્ધિક અને વ્યવહારિક તત્ત્વોની વચ્ચે સમતોલપણું આણે છે; વળી એને શરીર તથા મનની કેળવણીનો મેળ સાધવાનું એક સાધન બનાવી શકાય. એથી બાળકને ઉપરછલ્લું અક્ષરજ્ઞાન નથી મળતું, પણ હાથ અને બુદ્ધિ કંઈક રચનાત્મક કામ માટે વાપરવાની, અક્ષરજ્ઞાનના કરતાં ઘણી વધારે અગત્યની, શક્તિ મળે છે. આને સમગ્ર વ્યક્તિત્વનું અક્ષરજ્ઞાન (જો એવો શબ્દપ્રયોગ થઈ શકે તો) કહી શકાય. —ઝાકીર હુસેન સમિતિ, વર્ધા શિક્ષણ યોજના રિપોર્ટ —

છાત્રદૃષ્ટિ

લેખક : **ગૌતમલાલ અ. શાહ,** એડવોકેટ

આજના વાણીસ્વાતંત્ર્યના યુગમાં દરેકને નિરંકુશ જીવન જીવવું ગમે છે. ઉચ્ચ સિદ્ધાંતપર રચાયેલો એ ગુણ આવકારદાયક છે; પણ નિરંકુશતામાંથી જે અનિષ્ટ અંકુરો જન્મે છે તે આવકારદાયક નથી. નિરંકુશતામાં ઇષ્ટ અને અનિષ્ટ બેઉ તત્વો સમાએલાં છે પણ જેમ કુશળ બાગવાન બગીચામાંથી નકામા છોડોને ચૂંટી નાખે છે અને સારા છોડોને પોષણ આપે છે તેમ નિરંકુશતામાં વિહરનાર ઇષ્ટ અને અનિષ્ટ તત્વોને ખ્યાલમાં રાખી અનિષ્ટને ફગાવી દઈ ઇષ્ટનું આરોપણ કરે તો મનુષ્ય જીવનની સાર્થકતા ઘણી સહેલાઇથી થઈ શકે.

ઇષ્ટાનિષ્ટ તત્વોથી ભરેલી એ નિરંકુશતાએ છાત્રજીવનમાં પણ પ્રવેશ કર્યો છે. પણ વિદ્યાર્થીવર્ગ એ ઇષ્ટાનિષ્ટ તત્વને ઓળખી શકયો નથી, એ છાત્રજીવનનું દુર્ભાગ્ય છે. વિદ્યાર્થીનું ધ્યેય જ્ઞાન વધારવાનું, સંસ્કારને ખીલવવાનું અને આદર્શને અપનાવવાનું હોય છે. એ ધ્યેયને આગળ રાખીને જ વિદ્યાર્થી સ્કૂલ, કૉલેજ કે છાત્રાલયમાં દાખલ થાય છે. ત્યાં તો તેના જીવનમાં ધીમું પરિવર્તન શરૂ થઈ જાય છે. જે ધ્યેયથી વિદ્યાર્થી ત્યાં દાખલ થયો હોય છે, તે ધ્યેય તેના હૃદયમાંથી અદૃશ્ય થતું જાય છે. આજની કેળવણીનો પચરંગી રંગ તેને રંગી નાખે છે અને તેના હૃદયમાં આદર્શવિહોણાં તત્વો વહેવાં શરૂ થાય છે. વિકાસની ભાવના સેવતો વિદ્યાર્થી વિલાસપંથની સુંવાળી બાજુપર ઢળી પડે છે. જ્ઞાનની ભૂખ જગવાને બદલે તેને સીગારેટ, નાટક અને સીનેમાની ભૂખ જાગે છે. સંયમ અને સત્યની ઉપાસના સતેજ કરવાને બદલે ટોળ, ટપ્પાં કે નિરર્થક વાતો કરવામાં પોતાનો કિંમતી સમય વેડફી નાખે છે. તેને મળતી કેળવણીના ગર્ભમાંથી સ્વાધીનતાની તમન્ના જગવવાને બદલે તે શિસ્ત (Discipline) ને ગુલામી માનતો થઈ જાય છે. શિક્ષક, પ્રોફેસર કે ગૃહપતિને માનવજંતુ તરીકે ગણવા લાગે છે. મર્યાદા, વિનય અને વિવેક જાળવવાને બદલે ઠઠ્ઠા, મશ્કરી અને જુઠ્ઠાણાં વાપરવામાં પોતાની બહાદુરી માને છે. સુંદર, સાત્વીક અને સંસ્કારને પ્રેરે તેવું વાચન વાંચવાને બદલે તે જાતીયવિજ્ઞાન અને સીનેમાના ચોપાનિયાં વધારે વાંચે છે. એની દૃષ્ટિમાં વિશાળતાને બદલે તીરસ્કાર દેખાય છે અને વર્તનમાં કાળજીને બદલે બેપરવાઈ દેખાય છે. તે આત્મલક્ષી યોદ્ધો બની ગયો હોય તેવું લાગે છે.

આ ચિત્ર માત્ર એક કલ્પના નથી. પરંતુ આપણી શાળા, મહાશાળા અને છાત્રાલયોમાં અવારનવાર બનતા બનાવોની એક દુઃખદ પણ સત્યકથા છે કે આજનો વિદ્યાર્થી ભાવનાશૂન્ય બન્યો છે. વિદ્યાર્થી પોતાનો ધર્મ ચૂકયો છે અને એટલે જ શિક્ષક પણ પોતાનો ધર્મ ભૂલી ગયો છે. અને તેથી જ વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના પુરાણકાળની પ્રેમભાવના નષ્ટ પામી છે. શિક્ષક વિદ્યા વેચે છે અને શિષ્ય એ વિદ્યા ખરીદે છે. શિક્ષક ડીગ્રી અપાવવા મદદ કરે છે અને શિષ્ય પોતાની જાતને ડીગ્રીઓનાં પૂછડાથી નવાજે છે. પરિણામે શિક્ષક મજુરિઓ બન્યો છે અને શિષ્ય બેપરવા બન્યો છે.

આ પરિણામને લાવનાર કોણ? એનો જરા ઊંડો વિચાર કરીશું તો ત્રીજી જ વસ્તુ મળી આવશે. એ છે આજની કેળવણી. પરદેશી હાથો વડે પ્રચલિત થયેલી આજની કેળવણીએ વિદ્યાર્થીવર્ગને વધારે પાંગળો બનાવ્યો છે. કારણ કે મૅકોલેની યોજનામાંથી ભારતવર્ષને જે કેળવણી પ્રાપ્ત થઈ છે તે દેશના યુવાનોનું ખરું ઘડતર કરનારી કેળવણી નથી. વફાદારોની હિન્દી જમાત ઇંગ્લૅન્ડને જોઇતી હતી ને એ જમાત આધુનિક કેળવણીએ ઉત્પન્ન કરી. ટૂંકા પગારવાળા કારકુનો ઇંગ્લૅન્ડને જોઇતા હતા

અને કેળવણીના કારખાનાઓએ એ કારકુનોને ઉપજાવી કાઢ્યા. હિન્દુસ્તાનની યુનિવર્સિટીઓના સેનેટરો એ કેળવણીને વફાદાર રહ્યા અને સ્વમાનહીન માનવ જંતુઓની પેદાશ પાંગરતી રહી. આ રીતે યુનિવર્સિટીમાંથી બહાર પડતા છાત્રો જ્યારે પોતાની સામેની દુનિયામાં પ્રવેશ કરે છે, ત્યારે તેઓ સંસારજીવનનું નાવ પાર પાડી શકતા નથી. લગ્ન-જીવન સુખે ચલાવવાની તાકાત તેમનામાં આવી શકતી નથી. આર્થિક પ્રશ્નોનો નિકાલ લાવવામાં તેમની બુદ્ધિ બુટ્ટી થઈ જાય છે. જીવનની ચડતી-પડતી ને જીવનની શક્તિ તેનામાં હોતી નથી.

આમ છાત્ર-જીવનને કલુષિત કરવાને માટે એક સાથે અનેક મુદ્દાઓ અરસપરસ સંકળાયેલા છે. જો વિદ્યાર્થીજીવનમાં સંપૂર્ણ વિકાસ સાધવો હોય તો ચાર વ્યક્તિનો સહકાર હોવો જોઇએ. શિષ્ય, શિક્ષક, માબાપ અને સમાજ. શિષ્યે પોતાને મળતી નિરંકુશતામાંથી ઇષ્ટ તત્વોને તારવવાં જોઇએ. અને વિચાર-પૂર્વક તેનું ગ્રહણ કરવું જોઈએ. શિષ્ય અને શિક્ષક વચ્ચેનો પુરાણકાળનો પ્રેમ અને ભક્તિભાવ પુનઃ પ્રગટ થવાં જોઈએ. છાત્ર અને ગૃહપતિનો મીઠો ભાવ સ્થપાવો જોઇએ. માબાપોએ પોતાનાં પુત્રપુત્રીઓને શિક્ષણ આપવાનું સઘળું કાર્ય શિક્ષણશાસ્ત્રીઓ પર ન છોડવું જોઈએ. કારણ કે શિક્ષણ અને સંસ્કાર એ બજારુ વસ્તુઓ નથી કે જે શિક્ષણશાસ્ત્રીઓ ખરીદી લાવી શિષ્યોને પારંગત પંડિત બનાવી શકે. સમાજે પણ છાત્રદૃષ્ટિને વિશાળરીતે કેળવવી જોઈએ. અને કેળવણીનું સાચું સ્વરૂપ સમજવું જોઇએ. વિદ્યાર્થી-જીવનના સંપૂર્ણ વિકાસ માટે આ રીતે ચારે પ્રકારોનો સહકાર હોવો જોઇએ. નહિતર વિદ્યાર્થીજીવન અધૂરું રહેશે. અને વિદ્યાર્થીવર્ગ કેળવણીનો આદર્શ પૂર્ણ કર્યાનો સંતોષ માની બેકારોની જમાતમાં વધારો કરશે અને છાત્રદૃષ્ટિ અનેક વિસંવાદોથી ભરપૂર થઈ જશે.

❋

છાત્રાલયોની તમામ રચના શાળા-કૉલેજને અનુસરીને કરવામાં આવી હોય છે. બીજી કોઇપણ ખાસ વિશિષ્ટતા હોય તેવાં છાત્રાલયો તો બહુ થોડાં. છાત્રાલયોની આ સ્થિતિમાંથી છાત્રાલયોએ છૂટી જવું જોઇએ. તેમનું અસ્તિત્વ ભલે શાળા-કૉલેજોને આભારી હોય; પરંતુ અસ્તિત્વમાં આવ્યા પછી તેમણે પોતાનું અસ્તિત્વ સાર્થક કરવું જોઇએ; એટલે કે એક સ્વતંત્ર કેળવણીની સંસ્થા તરીકે જીવનના પ્રયત્નો કરવા જોઇએ. આદર્શ પરિસ્થિતિ તો એ હોઈ શકે કે છાત્રાલય અને શાળા અથવા તો છાત્રાલય અને કૉલેજ એ બન્ને વિદ્યાર્થીના વિકાસ માટે એક બીજાની પૂરક સંસ્થાઓ બની રહે. વિદ્યાર્થી ઊઠે ત્યારથી તે ઊંઘે ત્યાંસુધી તેના જીવનની દેરરેખ, કાળજી, વિકાસ માટેની ચિંતા વગેરે છાત્રાલય તથા શાળા-કૉલેજ ઉપર જ હોય. છાત્રાલય અને શાળા-કૉલેજનું વિદ્યાર્થીજીવન એક સળંગ સૂત્ર જીવન હોય તો જ વિદ્યાર્થીની કેળવણીમાં તેનો હિસ્સો ગણાય. પરંતુ ધારો કે આવી આદર્શ સ્થિતિને આવવાને હજી વાર હોય તો પણ છાત્રાલયે સ્વતંત્ર કેળવણીની સંસ્થા તરીકે હવે આગળ આવવું જ જોઇએ. શાળા કૉલેજ જોતાં તો વિદ્યાર્થીને કેવળ બુદ્ધિનું શિક્ષણ મળે છે અને બુદ્ધિ એ તો વિદ્યાર્થી જીવનનો એક નાનકડો વિભાગ છે. વિદ્યાર્થીને શરીર છે, હૃદય છે, આત્મા છે અને તે બધાયનો યોગ્ય વિકાસ પણ આવશ્યક છે. આ કામ છાત્રાલયોએ પોતાના શીરે લઈ લેવાનો સમય હવે આવી લાગ્યો ગણાય. એટલે આજે છે તે પ્રમાણે છાત્રાલયો કેવળ શાળા અને કૉલેજો માટે જીવે તે સ્થિતિ ટળવી જોઇએ; અને પોતાની સ્વતંત્ર કેળવણીવિષયક પ્રવૃત્તિઓ ઊભી કરીને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ સ્થાપન કરવું જોઇએ. સાર્વજનિક છાત્રાલયો તેમજ શાળા-કૉલેજો માટે ઊભાં થયેલાં છાત્રાલયોએ આ દિશામાં પ્રયત્ન આદરી ચુક્યા એ તેમનું કર્તવ્ય બને છે.

—હરભાઇ ત્રિવેદી—

બાલમાનસનું આરોગ્ય

લેખક : **ચંપકલાલ લક્ષ્મીચંદ શાહ,** બી. એ.

આરોગ્યની વાત થાય છે ત્યારે આપણે શરીરનુંજ આરોગ્ય સમજીયે છીએ, અને શરીરના આરોગ્ય પાછળ ખર્ચ કરવામાં જરાય કચાશ રાખતા નથી. આમાં કશું ખોટું નથી. પણ સાથોસાથ મન ઉપર બિલકુલ ધ્યાન આપતા જ નથી. ખરી રીતે જેટલું ધ્યાન આપણા કે બાળકના શરીર ઉપર આપીએ છીએ તેથી વધારે નહિ તો તેટલું જ ધ્યાન મનના આરોગ્ય ઉપર આપવાની ખાસ જરૂર છે. એટલું સાબિત થયું છે કે અમુક રોગો જેવા કે ગાંડપણ, હિસ્ટીરિયા, ખોટી ભ્રમણા શારીરિક નહિ પણ માનસિક છે. અને આ રોગો આકસ્મિક નથી આવતા પણ ઘણા વર્ષો સુધી મન ઉપર ખરાબ અસર થયા પછી જ આવે છે. આ અસરની શરૂઆત ખૂબજ દાખલાઓમાં બાલ્યાવસ્થાથી જ શરૂ થઈ ગઈ હોય છે. તેથી આવા રોગોને સુધારવા કે થતા અટકાવવા બાલપણથી જ ખાસ તકેદારી રાખવાની આવશ્યકતા છે.

બાળક વિષેનો આપણો ખ્યાલ ઘણીવાર ભૂલભરેલો હોય છે. બાળકના મનને સાફ સ્લેટ સમાન સમજી માની લઇએ છીએ કે બાળકમાં જે ગુણો લાવવા માગતા હોઇએ તેનો ઉપદેશ કરવો; ખરાબ માર્ગે જાય, ત્યારે મારવું વ૦ વ૦. આ રીતે બાળકને ડાહ્યું બનાવવા જતાં ગાંડું જ બનાવીએ છીએ. આવા ઉછેરવાળું બાળક બહારથી ડાહ્યું જરૂર લાગે છે, પણ તેનું મન વિકૃત થઈ ગયું હોય છે. ખરી રીતે બાળકમાં સર્વ શક્તિ હાજર છે, પણ બીજ રૂપે રહેલી છે. એક તદ્દન નાજુક વૃક્ષની અંદર જેમ એ જાતના વૃક્ષના સર્વ ગુણો રહેલા હોય છે, તેમ બાળકમાં એક મહાન પુરુષના સર્વ ગુણો રહેલા છે. જરૂર માત્ર એ બીજરૂપે રહેલા સર્વ ગુણોને વિકસાવવાની જ છે, જેમ માખી બગીચામાં વૃક્ષોને ઉછેરે છે તેમ. બાળકમાં નવો ગુણ મૂકવાની કોઈ જરૂર નથી, બહારે મૂકી શકાતો નથી. ફકત બીજરૂપે રહેલા સર્વગુણોનો કોઈ કુશળ માનસશાસ્ત્રી દ્વારા આરોગ્યપૂર્વક વિકાસ થવો જોઇએ.

બાળક તોફાન કરે, રમે, અવાજ કરે ત્યારે માબાપ દિલગીર થાય છે કે તેમનું બાળક બગડ્યું. જો કોઈ બાળક શાંત બેસી રહે, જે આપે તે ખાઈ લે, લશ્કરી સિપાહીની માફક આજ્ઞા ઉઠાવે તો માતા-પિતા આવા બાળકના યશોગાન ગાતા ધરાતા જ નથી. આ દશા માબાપનું દયાજનક અજ્ઞાન પ્રદર્શિત કરે છે. બાળક એ શક્તિનો ઝરો છે. બાળકમાં શક્તિ ચોવીસે કલાક વહ્યા જ કરે છે, તેથી એ શક્તિ રમત-ગમતદ્વારા બાળક ખર્ચે છે. અહિં જ્યારે માતાપિતા બાળકને ઠપકો આપે છે ત્યારથી બાળમાનસની વિકૃતિના ગણેશ મંડાય છે. બાળક પ્રેમનું ભૂખ્યું છે. બાળકને લાગે છે કે તે કામ કરવા શક્તિમાન છે, અને જ્યારે નાનું એવું કામ એ કરે છે ત્યારે બાળકને ખૂબ આનંદ થાય છે. પણ તેમના તોફાન આપણને કામમાં નડતરરૂપ થાય છે એટલે તેમને તેમનીજ પ્રેરણા અનુસાર વર્તવા નથી દેતા, અને ડાહ્યું થઈ બેસવા કહીએ, છીયે બેસી રહે, ઘોંઘાટ કરમા; અડીશ નહિ એમ કહીએ છીએ ત્યારે આપણે તેના મનની પ્રેરણાને આડે આવીએ છીએ.

આપણે સમજવું જોઈએ કે બાળક પણ થોડી સ્વતંત્રતાનું અધિકારી છે. ફકત આપણા કામમાં એ વિક્ષેપ નાખે છે તેથી બાળકને તેની રમતમાંથી અટકાવવાનો આપણને જરાય હક નથી. આવી અટ-કાયત બાળકમાં આત્મલઘુતા (Sense of Inferiority) લાવે છે. અને સાથી આત્મશ્રદ્ધા (Sense of Confidence) કેળવાતી નથી, જ્યારે તેની ખાસ જરૂર છે. કારણ કે એ સિવાય, આનંદપૂર્વક, સંજોગોને અનુકૂળ થવાની શક્તિ તેનામાં નથી આવતી. માબાપથી હજારવાર ટોકાયેલા બાળકો મોટા

થાય છે ત્યારે બીકણ, ટીકા સાંભાળવામાં અશક્ત, શરમાળ, અતડા, અને જોખમ ખેડવામાં નકામા નીવડે છે; અથવા બળવાખોર, કોઈની સત્તા નહિ માનનાર, અને કદાચ મોટા ગુન્હેગાર થાય છે.

બાલમાનસને જાણનાર બાળકની શક્તિઓને અને લાગણીઓને કુંઠિત થઈ વિકૃત થવા નહિ દેતાં, તે જ શક્તિ અને લાગણીઓનો બાલમાનસના વિકાસમાં જ સુંદર ઉપયોગ કરે છે. બાળકની ઇંદ્રિયો બહુ ચપળ અને ચકોર હોય છે. વળી, બાળક તેની આસપાસ વિશાળ જગત જોઇને તેમાં રહેલી સર્વ ચીજો જાણવા બહુજ ઉત્સાહ બતાવે છે. પણ બાળક ચીજો અને તેના કામને જ ઓળખે છે; શબ્દોને નથી જાણતું. બાળક નિર્દોષ પણ મનસ્વી છે. બાળકને કંઈ જાણવાનું, જોવાનું કે સાંભળવાનું મન થાય, ત્યારે કહો કે બતાવો, તો બાળક બધું જ ગ્રહણ કરશે. પણ તેની ઇચ્છા વિરુદ્ધ કશું જ થઈ શકશે નહિ. આપણી પદ્ધતિથી શીખવા બાળક કદી તૈયાર નહિ થાય. બાળકને રમત પ્રિય હોય છે, અને તેથી રમતમાં જેટલું શીખાય તેટલું બાળક શીખે છે.

આમ છે તો બાળક સમક્ષ સાધનો મૂકવાં જોઇએ અને તેની આસપાસ કામનું સુંદર વાતાવરણ ઉત્પન્ન કરવું જોઇએ. બાળકમાં સંશોધન-શક્તિ રહેલી હોય છે તેથી નવા સાધનોનો ઉપયોગ વગેરે સંપૂર્ણ જાણવા તે ઇચ્છા બતાવે છે. પણ બાળક પોતાની જાતે જ બધું કરવા તૈયાર હોય છે. તેથી બાળકને માર્ગદર્શન કરવું, ભૂલ પડે ત્યારે સીધે રસ્તે મૂકવું, પણ તેને બધું જ કહી ન દેવું. આમ શોધ કરીને કે શીખીને બાળકને અનહદ આનંદ થાય છે. આ આનંદ બાલમાનસને પૌષ્ટિક ખોરાક સમાન છે. આ રીતે, બાળકને દોરવામાં આપણી ધીરજની પણ કસોટી છે. બીજું, બાળક ઉપર વાતાવરણ એકદમ અસર કરે છે. ગંદા વાતાવરણમાં બાળક ગંદુ બને છે; પવિત્ર વાતાવરણમાં બાળક પવિત્ર રહે છે. થોડી મહેનતે અને થોડા સમયમાં, વિકૃત માનસ થયા વિના બાળક પવિત્ર વાતાવરણમાં શીખે છે.

બાળકની કેળવણી ઘરથી જ શરૂ થાય છે, અને બાળક શાળાએ જતું થાય તો પણ ઘરની કેળવણી ચાલુ જ હોય છે. ટૂંકામાં, ઘરની કેળવણી જન્મથી મરણ સુધી ચાલુ જ હોય છે. ઘરની કેળવણી એટલે ઘરના વાતાવરણની બાળક ઉપર અસર. તદુપરાંત, માતા, પિતા, મોટા ભાઈબહેનનું બાળક અનુકરણ કરે છે. આ ઉપરાંત, બાળકનો માનસિક વિકાર પણ ઘરમાંથી જ શરૂ થાય છે. બાળકને બગાડનાર, બાળકના મન પર ખોટી છાપ પાડનાર બાળકના સ્વજનો જ છે.

સામાન્ય રીતે કુટુંબમાં માતા વત્સલ હોય છે, જ્યારે પિતા કડક સ્વભાવના હોય છે. બાળકોના મન પર આની ખરાબ અસર થાય છે. ખાસ કરીને જ્યારે પિતા બાળક તરફ કઠોર બને છે, ત્યારે બાળક પિતા તરફ તિરસ્કાર અને ધિક્કારની દૃષ્ટિથી જુએ છે. અને તેની માતા જેવી વત્સલ સ્ત્રીપર આવો માણસ સ્વામિત્વ ધરાવે છે તેની તેને ઇર્ષા થાય છે. બેશક, બાળક આ લાગણી વ્યક્ત કરી શકતું નથી, પણ તેથી તે દબાયેલી રહે છે. બાળકના મનમાં બે પરસ્પર વિરોધી લાગણીઓનું ઘર્ષણ થાય છે. પાલક તરીકે માન અને ભક્તિની લાગણી, અને જુલમગાર તરીકે ધિક્કારની લાગણી. એક વખત એક બાળકને અનાથાશ્રમ દેખાડવા લઈ જવામાં આવેલું. બાળકે પૂછ્યું: " અનાથાશ્રમ એટલે શું ? "

" અનાથ બાળકોને રહેવાનું ઘર. "

" અનાથ એટલે શું ? " બાળકે ફરી પ્રશ્ન કર્યો.

" જેને માતા કે પિતા ન હોય તે અનાથ બાળક કહેવાય."

" તો તે પોતાની મરજી પ્રમાણે વર્તી શકે ? " બાળકથી એકદમ પૂછાઈ ગયું. બાળક કેટલું પ્રેમ અને સ્વાતંત્ર્યપ્રિય હોય છે તેનો આ ઉપરથી સહેજે ખ્યાલ આવી શકશે. બાળકના પ્રિય સ્વાતંત્ર્ય ઉપર

ધા પડે ત્યારે તેને કેવો સજ્જડ આઘાત લાગતો હશે ? આવા બાળકની માનસિક વિકૃતિ એવા પ્રકારની થાય છે કે તે તેની ઉપરના દરજ્જાના સર્વને જુલ્મી તરીકે જ ઓળખે છે. જે ઘરમાં સ્નેહ નથી, પ્રેમ નથી, મમતા નથી, લાગણી નથી, તે ઘરના બાળકો વિકૃત માનસવાળા જ બને છે.

માતાનો અતિશય પ્રેમ બીજા પ્રકારની વિકૃતિ લાવે છે. અનહદ પ્રેમથી માતા પોતે જ બાળકની સર્વ જરૂરિયાતો પૂરી પાડે છે. આથી બાળકને મહેનત નહિ કરવાની અને આળસુ થઈ પડી રહેવાની ટેવ પડે છે. ભવિષ્યમાં, તે સર્વ બાબતમાં–વિચારમાં કે કાર્યમાં–પરાધીન રહેશે. સ્વતંત્ર વિચાર કે કાર્ય કરવાની શક્તિ તેનામાં કદી જાગશે જ નહિ.

માતાપિતા વચ્ચેનો કલહ બાલમાનસને અસ્થિર બનાવી મૂકે છે. જે માતાપિતા તરફ બાળક પ્રેમની લાગણીથી જુએ છે, તેમને પરસ્પર ક્રોધ કરતા, ગાળો ભાંડતા અને લડતા જુએ છે ત્યારે બાળક અતિશય ગભરાઈ રડી ઊઠે છે. ધરતી તેના પગ નીચેથી ખસી જતી લાગે છે. અને પ્રગતિના મૂળ કારણ સમાન શાંતિ અને સ્થિરતાની ભાવનાના મૂળ ખવાઈ જાય છે. પરિણામે, બાળકમાં ભય, વેદના, અને નિરાધારપણાની લાગણી જન્મે છે. આથી બાળક હિંમત અને શક્તિ ખોઈ બેસે છે. મોટી વયે પણ આ ત્રુટી દૂર કરવા બાળક અશક્તજ રહે છે.

સ્નેહાળ ભાઇબ્હેનો વચ્ચે મોટું થનારું બાળક પ્રેમની લાગણી કેળવે છે, અને કજિયાળાં ભાઇબ્હેનો વચ્ચે મોટું થનારું બાળક વિકૃત માનસવાળું, કજિયાળું થાય છે. પોતાના વઢકણા ભાઈબ્હેનો પ્રત્યે બાળક તિરસ્કારની લાગણી રાખે છે. અને પોતાની બધી શક્ય રીતે વેર લેવા પ્રયત્ન કરે છે. ઢીંગલીને પોતાનો વઢકણો ભાઈ કે વઢકણી બ્હેન માનીને તેના તરફ આંખો કાઢે છે, દાંતિયા કરે છે, અને મારે છે. વિકૃત માનસનાં આ લક્ષણ. આવાં બાળકો મોટાં થાય છે ત્યારે તેમનાથી મોટી વયના માણસો પ્રત્યે શરમાળ બીકણ અને કડવા સ્વભાવનાં થાય છે, અને તેમનાથી નાની વયના માણસો પ્રત્યે કડક, ક્રોધી અને ક્રૂર થાય છે.

ઘણીવાર અને સમાનવયના બાળકો સમક્ષ અપમાનિત થવાથી બાળક આત્મલઘુતાની વિકૃત લાગણી અનુભવે છે. તદુપરાંત, પોતાનો કદરૂપો દેખાવ, શારીરિક ખોડ, ઓછી બુદ્ધિ, માતાપિતાની ગરીબી, પિતાની ખરાબ આબરુ વગેરે કારણોથી પણ બાળકમાં આત્મલઘુતાની વિકૃત લાગણી જન્મે છે. આવું બાળક પોતાના મિત્રો સાથે આનંદ લઈ શકતું નથી. તેનું મન બહુ શંકાશીલ રહે છે, અને માનસિક સ્વાસ્થ્ય અનુભવી શકતું નથી.

આવા વિકૃત માનસવાળા બાળકો પોતાની દબાયેલી ઇચ્છા પાર પાડવા પોતાની કલ્પનાસૃષ્ટિમાં વિહરે છે, અને તેમાં અનેક પ્રસંગો ઉપસ્થિત કરી અપૂર્ણ ઇચ્છાઓ પૂર્ણ કરવા પ્રયાસ કરે છે. રાત્રે સ્વપ્નમાં પણ આ ક્રિયા ચાલુ જ રહે છે. આથી કોઈ બાળકનો કોયડો ઉકેલવો હોય તો તેના સ્વપ્નાંઓનું વાચન અતિશય ઉપયોગી થઈ પડે છે. બેશક, એ સ્વપ્નાઓનું વાચન કોઈ કુશળ માનસશાસ્ત્રી પાસેજ કરાવવું જોઇએ.

બાળકનું મન એટલું નાજુક હોય છે કે એક જ આઘાતજનક બનાવ તેનામાં અમુક વ્યક્તિ કે બનાવ પ્રત્યે અભાવની લાગણી પેદા કરાવે છે. માટે બાળકને આઘાત લાગે તેવું કહી બોલવું નહિ તેમજ આચરવું નહિ. ગમે તેવી બાબત હોય તોપણ બાળક ઉપર કદી, જાણતા કે અજાણતા ક્રોધ કરવો નહિ. ક્રોધ કરવાથી બાળક મન ચોરી લે છે; સ્પષ્ટ કહેતું નથી અને તેટલી બાળકમાં વિકૃતિ થવાની. બાળક પ્રત્યે જેટલા પ્રેમથી વર્તશું તેટલું તે ભોળા દિલનું થઈ વાત કરશે અને આપણી કોઈપણ ત્રુટી નિભાવી લેશે.

આ સિવાય બાળકમાં બીજી વિકૃતિઓ પણ એક વા બીજા કારણે આવે છે. દા. ત. પ્રસંગાનુસાર શક્તિ અને હિંમત એકઠી કરવાની અશક્તિ; અયુક્ત કાર્ય કરવાની હૃદયની ઊંડી તમન્ના; અમુક જાતની કેળવણી પ્રત્યે તદ્દન અભાવ; મોટી વયે પણ બાલીશ વર્તન. આવા કિસ્સા એવા ગુંચવણ ભરેલા હોય છે કે તેનો ઉપાય કુશળ માનસશાસ્ત્રીઓનેજ પૂછવો જોઇએ. આપણી સંસ્થાઓમાં માનસશાસ્ત્રના અભ્યાસીઓ ગૃહપતિ તરીકે રાખવામાં આવે તો જ મોટા દાનોનો સદુપયોગ થઈ શકે.

લેખને વધારે લાંબો નહિ કરવા વિકૃત માનસના વધારે પ્રકારો અને દૃષ્ટાંતો નહિ આપું. પણ હું એટલું જરૂર કહીશ કે જો માતાપિતા અને શિક્ષકો તેમના બાળકોમાં વિકૃતિ લાવવા માગતા ન હોય તો માબાપો અને શિક્ષકોએ પોતે પોતાના મનના આરોગ્ય ઉપર ખૂબજ ધ્યાન દેવું જોઇએ. વિકૃત અને તેથી અસ્થિર માનસવાળી વ્યકિત બાળકના મનને જરૂર વિકૃત બનાવશે. મૂંઝાયેલા બાળકની પાછળ ઘણીવાર મૂંઝાયેલા માતાપિતા હોય છે. ફકત પોતાના જ સ્વાર્થ ખાતર નહિ પણ બાળકના હિતાર્થે માતાપિતા અને શિક્ષકોએ સુંદર જીવન જીવવું જોઇશે. ફકત ખોરાક, કપડાં અને શાળાની ફી આપવામાં માતાપિતાની ફરજ સમાપ્ત નથી થતી. મોટી વયે, મનમાં પ્રસન્નતા, અને સમાજમાં પ્રતિષ્ઠા જાળવી શકે તેવી કેળવણી બાળકને આપવાની પવિત્ર અને મહાન ફરજ માતાપિતા અને શિક્ષકોની છે.

બાળકો આપણાં ઘરોના રોપાઓ અગર ફુલઝાડો છે; તેઓ આપણે તૈયાર કરેલાં વાતાવરણમાં ને ખાનપાનમાં મોટાં થઈ રહ્યાં છે; તેઓ આપણી દૃષ્ટિ તળે જીવી રહ્યા છે. આપણી દૃષ્ટિ જેવી કડવી મીઠી હશે તેવાં બાળકો થશે. આપણે બાળકોની વચ્ચે કેવળ તેમની હાજરતો પરત્વે બેદરકાર રહીએ, તેમને જડસા જેમ ગમે તેમ હડદોલાવીએ કે ધક્કેલીએ, તેમની ફૂણી ફૂણી લાગણીઓનો વિચાર જ ન કરીએ, તેમને અભિમુખ ન રહેતાં આપણાંમાં જ પડયાં રહીએ, તો બાળકો ચીમળાશે. તેમને આપણી અમીદૃષ્ટિનું પોષણ નહિ મળે.

આપણે બાળકોને અમીદૃષ્ટિથી ઉછેરીએ અને આપણી પાસેથી, આપણા ઘરોમાંથી, ને આપણી આસપાસમાંથી આપણાં બાળકોનું જીવન મીઠું કરવા કડવી દૃષ્ટિ હોય તે હાંકી કાઢી અમીદૃષ્ટિ પાથરીએ. —ગિજુભાઈ—

જૈનધર્મની તાત્વિકતા

લેખક: **શાંતિચંદ્ર કે. ઝવેરી,** બી. એ., એલએલ. બી., ઍડવોકેટ.

જગતબંધુત્વ અને જગત આત્મકલ્યાણમાં સદૈવ તત્પર રહે એવો જૈન ધર્મ પ્રત્યેક મનુષ્યને દુર્ગતિમાં પડતા અટકાવીને સદ્ગતિને રસ્તે દોરે છે. ધર્મ શબ્દનો સાધારણ અર્થ ફરજ કે સ્વભાવ ગણાય છે. પરંતુ અહીં ધર્મ એટલે જિનભાષિત ધર્મ અથવા વીરપ્રણીત સિદ્ધાંતમાં સમાએલા આત્મિક ધર્મના અર્થમાં ગણાએલો છે. જૈન ધર્મ છએ કાયના જીવને સરખા માને છે. એ સમસ્ત જીવોને અભય આપે અથવા તો માનસિક કે શારિરિક દુઃખ ન ઉપજાવે તેનું નામ ધર્મ. ધર્મ એ આત્મિક, આધ્યાત્મિક તત્વ છે. તેને મનુષ્ય પોતે તર્ક, દલીલ વગેરે બુદ્ધિનો સમજણપૂર્વક ઉપયોગ કરી બરાબર ઓળખે અને ગ્રહણ કરે તો જ તેમાં તેનું આત્મકલ્યાણ સમાએલું છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતને સૂક્ષ્મરીતે સમજે નહિ ત્યાં સુધી તેની પુરી કિંમત સમજાય નહિ. જૈનધર્મ પાંચે તત્વોનું બારીકમાં બારીક પૃથક્કરણ કરે છે અને સાધુ અને શ્રાવકના રાહ સીધા બતલાવે છે. જૈનધર્મ ત્યાગવૃત્તિમાં ધર્મ બતાવે છે; સુખ દુઃખ સમભાવે સહન કરવાનો ઉપદેશ આપે છે. બળજબરીથી નહિ પરંતુ સમજાવીને, હૃદય પલટો કરાવીને ઉપદેશ આપવામાં ધર્મ માને છે. પરિગ્રહને અનર્થનું મૂળ સમજે છે તથા તેનાથી દૂર રહેવા જૈન ધર્મ પોકારીને કહે છે. દેહદમન, ઈંદ્રિયગ્રામના મહાવેગને રોકવાનું અને શારીરિક કષ્ટો સમતાભાવે સહન કરવાનું જૈન ધર્મ ઉપદેશે છે. સંસારિક પ્રવૃત્તિમાં તથા સંસારમાં રહેવા માટે આપણને અમુક કાર્યો કરવા પડે, પરંતુ તેમાં ધર્મ—આત્મિક ધર્મ—સમાએલો છે એવું જૈન ધર્મ કહેતો નથી. જૈન ધર્મ તો પ્રભુના ગુણોનો પૂજક છે. ઉત્તરોત્તર ભાવના જગવતા પ્રભુના ગુણોને સ્મરી સ્મરી આપણને જૈન ધર્મ પ્રભુના ગુણને અનુસરવા પ્રેરણા આપે છે, વીતરાગ એટલે રાગ અને દ્વેષ રહિત બનવાની આપણામાં પ્રેરણા જગવે છે. ત્રણ કરણ અને ત્રણ યોગથી પાંચ મહાવ્રત શુદ્ધપણે પાળતા હોય તેવા સર્વવ્રતી સાધુને દોષરહિત સુપાત્ર દાન દેવાની જૈન ધર્મ ઘોષણા કરે છે. જૈનધર્મ સાવધ એટલે હિંસામય અને ભગવંતે નિષેધેલી અનુકંપાને, અવ્રતને, સર્વ પ્રકારની હિંસાને, દ્રવ્યને, મોહને, મિથ્યાત્વ અથવા ખોટી માન્યતાને ખોટા અને ખરાબ સમજે છે; તેને દૂર કરવાના પ્રયત્નો કરાવે છે અને એ અનિષ્ટોને દૂર કરવાના રસ્તાઓ બતાવે છે.

સંસારની માયા આપણને બાંધી રહી છે. એની છાયા આપણી કાયાથી જુદી પડતી નથી. પરંતુ એ તો સંધ્યાના રંગ જેવી છે, પળવારમાં વિખરાઈ જશે. માટે એવી માયાથી ચેતે તે જ વીરલો. જૈનધર્મ પૂર્વજન્મમાં માને છે એ હિસાબે આપણે આ ભવમાં જે કાંઈ આનંદ મજા કરીએ છીએ તે આપણી ભૂતકાળની કમાઇનો પ્રતાપ છે. પરંતુ જો આપણે ભવિષ્યની મજલનો વિચાર નહિ કરતાં પ્રમાદમાં રહી જઇશું, તો આગળનું સ્વર્ગ આપણ કરી શકીશું નહિ. આપણામાં તીવ્ર ઇચ્છા હોય તો આપણું ભવિષ્ય આપણે જ સુધારી શકાએ છીએ. માટે મનુષ્ય જો ધર્મ-ભાવના જાગ્રત રાખે તો ઘણા દુઃખનો અંત આવે અને સુખ છેવટ ભાગ્યમાં રહેશે. માણસના કાર્યો જ એની સાથે જાય છે. સુકાર્યો કરશે તે સુવાસ ભોગવશે, દુષ્કાર્યો કરશે તે દુર્ગંધ ભોગવશે. એ સ્પષ્ટ વાત હોવાં છતાં આપણે આપણી જાતને કુકર્મો કરતાં રોકી શકતાં નથી. માટે જ મનુષ્યે સુધ્યાન, સુકર્મમાં મન લગાવવાની આવશ્યકતા છે. જીવન ક્ષણ-ભંગુર છે, જેટલા વહેલા ચેતી જવાય એટલું જીવની પ્રગતિ માટે ઉત્તમ છે.

પોતાના આત્મા ઉપર અનુકંપા પ્રગટ્યા સિવાય બીજાના આત્મા ઉપર સાચી અનુકંપા પ્રગટવી એ શકય જ નથી. એ અનુસાર જે પોતાના આત્માને પીછાનતો નથી તે પોતાના આત્માને અધર્મમાંથી

બચાવી શકતો નથી. તો પછી તે બીજા પ્રાણીઓને શી રીતે બચાવી શકવાનો હતો? મતલબ કે આત્માને પ્રથમ બરાબર ઓળખવો જોઇએ અને પછી જ દયા, અનુકંપા શકય થઈ શકે, અન્યથા નહિ. સાચો દયાળુ તે છે જે પોતાના આત્મા પ્રત્યે દયાળુ છે. પોતાના આત્માની દયા જેનામાં પ્રગટી નથી તેનામાં બીજાઓ પ્રત્યે સાચો દયાભાવ પ્રગટવાનો જ નથી. સ્વદયા એટલે આત્મદયા હોય તો જ પરદયા થઈ શકે.

જૈન ધર્મમાં ચારિત્રધર્મ એટલે કે સાધુધર્મને પ્રધાનપદ આપ્યું છે. એ ચારિત્રધર્મ જ જૈન જગતનો પાયો છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ તેર પદાર્થનું રૂડી રીતે આરાધન કરવું એનું નામ ચારિત્રધર્મ છે. ધર્મનું આરાધન કરવાથી જ આત્માને વળગેલાં કર્મોની નિર્જરા થાય છે, આત્મા નિર્મળ થાય છે, આત્મા સર્વાંગસંપૂર્ણ કર્મમળ રહિત થાય છે અને મોક્ષ કે નિર્વાણપદને પામે છે. એવી જાતના ચારિત્રધર્મનું આરાધન કરવું એનું નામ જ આત્મચિંતન છે. એનું નામ જ આત્મમાં આત્માની શોધ કરવી એ છે. એનું નામજ આત્મ-સમાધિ છે. આત્મામાં રમણતા એજ ચારિત્રધર્મનું મુખ્ય લક્ષણ છે. ચારિત્ર ધર્મપાળવાથી જ આત્માનો અખંડ સાક્ષાત્કાર થાય છે આત્માનો અનુભવ થાય છે, કેવળ જ્ઞાન પ્રગટે છે અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. ચારિત્રધર્મની આરાધનામાંજ પ્રભુપદની પ્રાપ્તિ સમાએલી છે.

જૈન ધર્મ જીવ અને કર્મનો અનાદિ કાળથી સંયોગ થયેલો માને છે તેને છૂટા કરવા એ જૈનત્વનું મુખ્ય કામ છે. સુકર્મ એ સોનાની જંજીર, કુકર્મ એ લોખંડની જંજીર છે. એ જંજીરોમાંથી કેમ અને કેવી રીતે મુકત થવું એ જૈનધર્મ બતાવે છે. જ્યારે જીવ એ પુણ્યપાપરૂપી જંજીરોમાંથી મુકત થાય છે ત્યારે તે સચ્ચિદાનંદસ્વરૂપ મોક્ષપદને પામે છે અને જન્મમરણના કષ્ટોમાંથી સદાયને માટે મુકિત મેળવે છે.

ધર્મના ચાર પ્રકાર ગણાવ્યા છે. સુપાત્રદાન, નિષ્કલંક ચારિત્ર, નિર્મળ તપ અને શુદ્ધ ભાવના ભાવવાથી જીવ ધર્મ કરે છે. આત્મા પોતે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન-સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા-એટલે કે દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ અને કેવળી ભગવાને પ્રરૂપ્યો તે ધર્મ સાચો-એ માન્યતામાં વૃત્તિ અને પ્રવૃત્તિ રાખવાથી આત્મા પોતે ખરો ધનસંચય કરે છે, અને એ ધનપ્રાપ્તિ વડેજ જીવ ઊંચી ગતિએ જાય છે. પરંતુ જૈનધર્મનું મૂળતત્વ તે આજ્ઞા એટલે પ્રભુ મહાવીરે જે કરવાની આજ્ઞા આપી છે તેમાં જ ધર્મ સમાએલો છે એ માન્યતા જ ખરી અગત્યની છે. પ્રભુની સર્વજ્ઞતામાં વિશ્વાસ તથા તેમણે જણાવેલા સ્યાદ્વાદમાં માન્યતા જીવની પ્રગતિનું કારણ છે. આ પ્રમાણે આજ્ઞાને પ્રધાનપદ આપેલું છે. ॥ આણાએ ધમ્મો ॥ એ સુત્રમાં જ જૈનધર્મની તાત્વિકતા સમાએલી છે.

ધર્મનીતિને માર્ગે ચાલવામાં જ આત્માનું શ્રેય છે. એ નીતિ બે પ્રકારની છે. સર્વવ્રતી અને દેશવ્રતી. સંપૂર્ણ અથવા સર્વવ્રતી ધર્મનીતિ સાધુ મુનિરાજ જ કરી શકે, બીજી નીતિ ગૃહસ્થ કરે એટલેકે સત્ય અને પ્રમાણિકપણે પોતે સંસારમાં રહે. દયા ધર્મનું મૂળ ગણાય છે. પરંતુ જ્ઞાન વગર દયા સંભવે જ નહિ ॥ પઢમં નાણં તઓ દયા ॥ સાચું આત્મિક જ્ઞાન પ્રાપ્ત થયા વગર દયાની સમજણ પડે નહિ. ધર્મ અમૂલ્ય છે. તેની કિંમત પૈસામાં અંકાય નહિ. જૈનધર્મ એટલે ત્યાગની મીમાંસા, ત્યાગ અને વ્રત એ જ ધર્મનો સાર છે. કારણ કે જૈન ધર્મ એટલે અહિંસા. અહિંસા એટલે છયે કાયના જીવને અભયદાન. અભય એટલે દયા. જીવને મારે, મારી નાખે, દુઃખ દે કે અંતરાય નાખે તે હિંસા; તેમાંથી મનુષ્ય દૂર રહે તે દયા. પોતે ત્યાગવૃત્તિ વધારે તથા પોતાની જરૂરિઆતો ઘટાડે તે વ્રત. કોઈ પણ જીવ પ્રત્યે સ્નેહ, લાગણી થાય તે રાગ; ધિક્કાર, વૈર ઉત્પન્ન થાય તે દ્વેષ. એ બન્ને લાગણીમાંથી મુક્ત થાય તે

વીતરાગી, કે જે હંમેશા દરેક જીવનું આ સંસારરૂપી સમુદ્રમાંથી તરી જવું જ ઇચ્છે છે. સંપૂર્ણ ત્યાગવૃત્તિ એટલે વીતરાગીપણું અને ત્યારે જ મુક્તિ—મોક્ષ—કે જે જૈન ધર્મનો આદર્શ છે. આ જ છે જૈન ધર્મની તાત્વિકતા, તત્વજ્ઞાન કે ફીલ્સુફી.

આ પ્રમાણે જો જીવ જૈનત્વને બરાબર ઓળખે, સંસારની માયાથી ચેતે, આત્માનું પતન અટકાવી ઊંચે પ્રગતિ કરે, ચારિત્રની વિશુદ્ધિ પ્રગટાવે, સંસારની જંજીરમાંથી મુક્ત થાય, ભગવંતની આજ્ઞા પ્રમાણે ચાલે, સાચું જ્ઞાન મેળવી વીતરાગી બને અને હંસ બનીને દૂધ અને પાણી, ધર્મ અને અધર્મને બરાબર સમજતો થઈ જાય તો તેને સાચું જ્ઞાન–સમ્યક્ત્વ–અને જૈનત્વ મળ્યું કહેવાય અને તેને અસુખ જોવાનો પ્રસંગ આવે નહિ.

પુણ્ય-પાપની પ્રત્યક્ષ કળાતી લીલાઓને ધ્યાનમાં લઈ, જગતની વિચિત્રતા, સંસારની નિઃસારતા અને વિષયોની વિષમતા સમજી મોહમળને દૂર કરવા યત્નશીલ થવું જોઇએ. આત્મકલ્યાણનો મહાન આદર્શ ધ્યાન પર લઈ જીવનની મંગળ સાધનાના સાચા માર્ગ પર પોતાનો પ્રવાસ સદા વ્યવસ્થિત રીતે ચાલુ રાખવો જોઇએ. ધીરે ધીરે પણ સાચા માર્ગ ઉપર ગતિ કરતો પ્રાણી સીદ્યાતો નથી અને ક્રમશઃ આગળ વધતો જાય છે, છેવટે સાધ્યને પહોંચી વળે છે. સાધ્યને લક્ષમાં નહિ લીધેલા ધનુર્ધરની બાણ ફેંકવાની ચેષ્ટા જેમ નિષ્ફળ જાય છે, તેમ સાધ્યને સ્થિર કર્યા વગર કોઈ પણ ક્રિયા ફળીભુત થતી નથી એ ધ્યાનમાં રાખવું જોઇએ. મોક્ષ એ ખરું સાધ્ય, સાધુ કે ગૃહસ્થ દરેકે પોતાના દૃષ્ટિબિંદુ ઉપર સ્થાપિત કરવું જોઇએ. એ સાધ્યને સિદ્ધ કરી આપનાર માર્ગની શોધ કરવી જોઇએ. દુરાગ્રહનો ત્યાગ કરી, ગુણાનુરાગી બની શાસ્ત્રોનો ગર્ભ તપાસવો જોઇએ. શુદ્ધ જિજ્ઞાસુ બુદ્ધિએ અને આત્મકલ્યાણની તીવ્ર ઉત્કંઠાથી અવલોકતાં શાસ્ત્રોમાંથી મોક્ષ મેળવવાનો નિષ્કલંક માર્ગ જાણી શકાય છે. જાણ્યા પછી ક્રિયામાં મૂકવાની જરૂર છે. ક્રિયા વગરનું જ્ઞાન ફલસાધક થઈ શકતું નથી એ વાત દરેક સમજી શકે છે. પાણીમાં તરવાની ક્રિયા જાણવા છતાં પણ તે ક્રિયા કરવામાં ન આવે તો પાણીમાં તરી શકાતું નથી; માટે જ શાસ્ત્રકારો "सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः" એ સૂત્રથી, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયા એ બન્નેનો યોગ થાય ત્યારે જ મોક્ષસાધન શક્ય થાય એમ પ્રરૂપે છે.

— શ્રી ન્યાયવિજયજી —

ગુજરાતની કેટલીક પ્રાચીન જિનમૂર્તિઓ

લેખક : સારાભાઈ મણિલાલ નવાબ

ભારતીય વિદ્યાભવન અંધેરીના "ભારતીય વિદ્યા" નામના ત્રૈમાસિક મુખપત્રના વર્ષ ૧ ના અંક ૨ માં પૃ. ૧૭૯ થી ૧૯૪ માં "ગુજરાતની પ્રાચીનતમ જિનમૂર્તિઓ" નામનો એક સચિત્ર લેખ મેં લખેલો પ્રસિદ્ધ થઈ ગએલો છે. આ લેખ પ્રસિદ્ધ થયા પછી તાજેતરમાં જ અમદાવાદ શહેરમાં માંડવીની પોળમાં, નાગજીભૂદરની પોળના જૈન દેશસરમાં મારા જોવામાં આવેલી વિક્રમના બારમા સૈકાની અને કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્ર સૂરિની વિદ્યમાનતાના સમયની તથા તેઓશ્રીની વિદ્યમાનતાના સમય પહેલાંની ધાતુની ત્રણ પ્રતિમાઓની જૈનમૂર્તિવિધાનશાસ્ત્રના અભ્યાસમાં રસ લેનાર વિદ્વાનોને તથા જૈન બંધુઓને ઓળખાણ કરવાનું આ ટુંક લેખમાં મેં યોગ્ય ધાર્યું છે. સમયના અભાવે આ અંકની સાથે આ ત્રણ મૂર્તિઓના ચિત્રો આપી શકાયા નથી.*

મૂળ ગભારામાં મૂળનાયક શ્રીસંભવનાથજીની જમણી બાજુએ આરસની ઓટલી ઉપર આ સંવત ૧૧૦૨ ની જિનમૂર્તિ ઓવેલી છે:

મૂર્તિ ૧:—આ જિનમૂર્તિના પરિકરનો ઘણોખરો ભાગ (ઉપરનો બધો ભાગ તથા ડાબી બાજુના ચામર ધરનારની આખી આકૃતિ) નાશ પામેલ છે. આ જિનમૂર્તિની નીચે કોઈ પણ જાતનું લંછન નહિ હોવાથી ચોવીશ તીર્થંકરો પૈકીના કયા તીર્થંકરની આ મૂર્તિ છે તે શોધી કાઢવું અશક્ય છે. આ જિનમૂર્તિના કપાળમાં 'U' આ જાતનું (હાલમાં વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓએ સ્વીકારેલું) તિલક સ્પષ્ટ દેખાય છે. મધ્યમાં પદ્માસનની બેઠકે બેઠેલી આ જિનમૂર્તિની મુખાકૃતિ બહુ જ સુંદર છે. મૂળ મૂર્તિની જમણી બાજુએ એક ચામર ધરનાર પરિચારકની ઊભી સુંદર આકૃતિ છે, પરિચારકના ડાબા હાથમાં ચામર પકડેલો છે અને તેનો જમણો હાથ પગ ઉપર ટેકવેલો છે.

પદ્માસનની નીચેના ભાગમાં જમણી બાજુએ બે હાથવાળા યક્ષરાજની સુંદર મૂર્તિ છે; અંબિકા યક્ષિનીના જમણા હાથમાં આંબાની લૂંબ સ્પષ્ટ દેખાય છે, તથા ડાબા હાથથી પકડેલું બાળક બોળા ઉપર બેસાડેલું છે; બાળકના શરીરનો ઉપરનો અડધો ભાગ ખંડિત થએલો છે. પદ્માસનની નીચેના ભાગમાં નવગ્રહોની નાની નાની નવ આકૃતિઓ કોતરેલી છે. એકંદરે આ સુંદર શિલ્પ જૈનાશ્રિત શિલ્પકલાના ખૂટતા અંકોડાઓ મેળવવા માટે વધારે મહત્ત્વનું છે. આ મૂર્તિના પાછળના ભાગમાં ત્રણ લીટીનો લેખ કોતરેલો છે, જે આ પ્રમાણે છે:—

(1) ब्रह्माण (ग) च्छे.....
(2) सिवैश्चेच्छुम्न कारयामास जैडी
(3) प्रियं विम्रये ॥ संवत ११०२

ઉપરોક્ત ત્રણ લીટીના લેખ પરથી આ પ્રતિમા બ્રહ્માણ ગચ્છીય કોઈ જૈન ગૃહસ્થે મોક્ષ મેળવવાની અભિલાષાથી સંવત ૧૧૦૨ માં બનાવરાવી.

મૂળ ગભારામાં ડાબી બાજુની આરસની ઓટલી ઉપર આ સંવત ૧૧૯૨ ની શ્રીપાર્શ્વનાથજીની મૂર્તિ આવેલી છે.

---

* આ ત્રણે મૂર્તિઓના ચિત્રો માટે "જૈન સત્ય પ્રકાશ" માસિકના દીપોત્સવી અંકમાં પ્રસિદ્ધ થએલ "બારમા સૈકા પહેલાંની પ્રાચીન ધાતુપ્રતિમાઓ" નામના મારા લેખની સાથેનાં છપાએલાં ચિત્રો જુઓ.

મૂર્તિ ૨ :—આ જિનમૂર્તિના મુખારવિંદનો ભાગ તથા પરિકરની બધી આકૃતિઓ ઘણી ઘસાઈ ગએલી છે. મૂળ મૂર્તિના મસ્તકના ઉપર ભાગમાં સાત ફણાઓ દેખાઈ આવે છે; અને તેથી આ મૂર્તિ શ્રીપાર્શ્વનાથજીની છે એમ સાબિત થાય છે. શ્રીપાર્શ્વનાથજીની બંને બાજુ એકેક ચામર ધરનાર પરિચારકની આકૃતિ છે, તથા પદ્માસનની નીચેના ભાગમાં જમણી બાજુએ બે હાથવાળા યક્ષરાજની તથા ડાબી બાજુએ બે હાથવાળા અંબિકા યક્ષિણીની આકૃતિ શિલ્પીએ રજૂ કરેલી છે, આ બંને આકૃતિઓ પણ ઘસાઈ ગએલી છે. આ મૂર્તિની પાછળના ભાગમાં પરિકર પર ફરતો કોતરેલો લેખ છે, જેનો ઘણો ખરો ભાગ વાંચી શકાય છે. જે આ પ્રમાણે છે :–

સં. ૧૧૯૨.....काशहृदगच्छे श्रीसिंहलभार्या.....भार्यया सोहण्या कारिता

ઉપરોક્ત લેખ પરથી આ પ્રતિમા કાશહૃદગચ્છના શ્રાવક શ્રીસિંહલની સ્ત્રી [ના પુત્ર.....ની] સ્ત્રી સોહણિએ કરાવેલી છે, એમ સાબિત થાય છે.

નાગજીભૂદરની પોળના જ દેરાસરના મેડા ઉપરના ગભારામાં મૂળનાયક શ્રીધર્મનાથજીની જમણી બાજુની આરસની ઓટલી પર અગિયારમા સૈકાની શ્રીઋષભદેવ ભગવાનની મૂર્તિ આવેલી છે.

મૂર્તિ ૩ :—શ્રીઋષભદેવ. આ મૂર્તિનું શિલ્પ પણ સુંદર છે. મધ્યમાં જિનમૂર્તિના મસ્તક પર યોગીની માફક વાળના છ ગુંચળાં શિલ્પી એ સુંદર રીતે કોતરેલાં છે. જૈનોના ચોવીશ તીર્થંકરો પૈકીના પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ ભગવાનની પ્રાચીન મૂર્તિઓ પૈકીની ઘણી ખરી મૂર્તિઓના બંને ખભા પર વાળની લટો કોતરેલી મળી આવે છે (જુઓ ભારતીય વિદ્યા વર્ષ ૧, અંક ૨ ના પૃષ્ઠ ૧૮૫ની સામેનાં ચિત્ર નંબર ૬ અને ૭ તથા તે જ અંકના પૃષ્ઠ ૧૮૦ ની સામેનું ચિત્ર નંબર ૨ અને પૃષ્ઠ ૧૯૧ ની સામેનું ચિત્ર નંબર ૮) વળી કોઇકિ દાખલામાં પ્રતિમાના મસ્તકની પાછળના ભાગમાં પણ વાળ કોતરેલા મળી આવે છે (જુઓ હવે પછી પ્રસિદ્ધ થનાર "ભારતનાં જૈન તીર્થો અને તેમનું શિલ્પ સ્થાપત્ય" નામના ગ્રંથમાં ચિત્ર નંબર ૪૧) પરંતુ મારા આજસુધીનાં નિરીક્ષણ દરમ્યાન મસ્તક પર વાળની લટોના ગુંચળાવાળી શ્રીઋષભદેવ પ્રભુની પ્રતિમા જોવામાં આવી નથી, તેટલી આ પ્રતિમાની ખાસ વિશિષ્ટતા છે. શ્રીઋષભદેવ પ્રભુની મૂર્તિઓમાં વાળની લટો મળી આવે છે, તેનાં કારણો હું મારા " ભારતીય વિદ્યા "ના ઉપરોક્ત લેખમાં દર્શાવી ગએલો છું, તેથી તેના ઉલ્લેખો અહીંયાં ફરી આપવા યોગ્ય લાગતા નથી.

આ મૂર્તિના પરિકરના પાછળના ભાગમાં કેટલાક અક્ષરો કોતરેલા છે, જેમાંનો મોટો ભાગ કાટથી દબાએલો હોવાથી સ્પષ્ટ વાંચી શકાયો નથી; પરંતુ તેની લિપિ લખવાની રીતથી અભ્યાસીઓને જણાઈ આવે તેમ છે કે આ મૂર્તિ અગિયારમાં સૈકા પછીની તો નથીજ.

આ વિષયમાં વધારે જાણવાની ઇચ્છાવાળા જિજ્ઞાસુઓને તાજેતરમાં પ્રસિદ્ધ થએલ 'જૈન સત્યપ્રકાશ' માસિકના દીપોત્સવી અંકમાંનો " બારમા સૈકા પહેલાંની પ્રાચીન ધાતુપ્રતિમાઓ " નામનો મારો સચિત્ર લેખ તથા ટુંક વખતમાં મારા તરફથી પ્રસિદ્ધ થનાર " ભારતનાં જૈન તીર્થો અને તેમનું શિલ્પસ્થાપત્ય " ભાગ ૧ લો જોઈ જવા મારી ભલામણ છે.

મારા આ ટુંકા લેખથી જૈનમૂર્તિવિધાનશાસ્ત્રના અભ્યાસીઓને તથા જૈન શિલ્પકળામાં રસ લેનાર રસજ્ઞોને અને મારા જૈન બંધુઓને પોતાના પૂર્વજોએ સંધરેલ મૂર્તિવિધાનના અભ્યાસ તથા તેના સંરક્ષણ તરફ થોડી પણ દોરવણી મળશે તો મારો આ લેખ લખવાનો પ્રયાસ હું સફળ માનીશ.'

ooo

સિદ્ધસારસ્વતાચાર્ય અમરચંદ્ર સૂરિ

(એક સ્વાધ્યાય)

લેખક : કનૈયાલાલ ભાઈશંકર દવે

ઉપક્રમ

સંસ્કૃત પ્રાકૃત સાહિત્યના વિકાસમાં, ભારતીય અન્ય પ્રાંતોના મુકાબલે, ગુજરાતે પણ સુંદર ફાળો નોંધાવ્યો છે. તેટલું જ નહીં પણ બીજા પ્રાંતોમાં નહીં રચાયેલા, એવા અભિનવ ગ્રંથો ગુજરાતે ભારત-માતાના ચરણે સાદર કર્યા છે. માઘનું શિશુપાલવધ, અને ભટ્ટીનું ભટ્ટીકાવ્ય, હરિભદ્રસૂરિની સમરાદિત્યકથા અને સિદ્ધર્ષિનું ઉપમિતિભવપ્રપંચકથાનક, અને તેવા બીજા અનેક ગ્રંથો ગુજરાતે સાધેલ ઉત્કૃષ્ટ સાહિત્ય વિકાસનો પરિચય કરાવે છે. પણ આ બધા કરતાં ગુજરાતને વધુ પ્રતિષ્ઠા અને ગૌરવ અપાવનાર ગુજરાતની અસ્મિતામાં વધારો કરનારા, આચાર્ય હેમચંદ્રે રચેલ વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, યોગશાસ્ત્ર અને કથાસાહિત્યના અપૂર્વ ગ્રંથો છે. જેની કીર્તિ અને સુવાસ ગુજરાતમાં જ નહીં પણ સમસ્ત ભારતમાં ફેલાઈ છે. આ સિવાય પણ બીજા અનેક ગ્રંથો, બ્રાહ્મણ અને જૈન વિદ્વાનોએ રચ્યા છે, જેની નોંધ માત્ર લેતાં કેટલાંયે પાનાં ભરી શકાય તેમ છે.

ગુજરાતની સાહિત્યિક અસ્મિતા ફેલાવવામાં અનેક વિદ્વાનો અને કવિઓનો હાથ હતો. તેમાં જૈન સાહિત્યસ્વામીઓનો નાનોસૂનો ફાળો નથી. બ્રાહ્મણ વિદ્વાનોની માફક જૈન પંડિતો પણ અનેક થઈ ગયા છે, જેમણે સંસ્કૃત, પ્રાકૃતના ભવ્ય ગ્રંથો લખી, ગુજરાતની જ નહીં પણ સમસ્ત ભારતવર્ષની અપૂર્વ સેવા બજાવી છે. તેવા પંડિતપ્રવર સર્વશ્રેષ્ઠ સાહિત્યકારોમાંથી, એક મહાન્ વિદ્વાન્ કવિવર્યનો પરિચય, આપની સમક્ષ રજૂ કરવાનો અહીં પ્રયત્ન છે.

ગુજરાતની સાહિત્યપ્રિયતા

કવિ બીલ્હણે ગુજરાતને ભલે અસંસ્કૃત માન્યું, પણ સોલંકીયુગની ઇતિહાસગાથાઓ વિચારતાં, દસમા સૈકાથી ચૌદમા સૈકાના અંતસુધી શ્રીની સાથે સરસ્વતીનો સુમેળ ગુજરાતભરમાં પ્રસર્યો હોવાનું માલમ પડે છે. ભીમની વિદ્વત્સભા ભોજ જેવા સરસ્વતીપુત્રને પણ આકર્ષતી, કર્ણ અને સિદ્ધરાજની વિદ્વત્-સભાની ખ્યાતિ સાંભળી દેશ વિદેશથી પંડિતો પાટણમાં આવતા. રાજકાર્ય ઉપરાંત રાજસભામાં સાહિત્ય-વિનોદ, અને વાદચર્ચાઓ ચાલતી. અવંતિના સાહિત્ય ભંડારથી, ગુર્જરેશ્વર સિદ્ધરાજને પણ પોતાના આંગણે સ્ત્રોતસ્વિની સરસ્વતીની સાથે, વાગ્વાદિની શારદાને મૂર્તિમંત કરવાની પ્રેરણા થઈ. હેમચંદ્ર જેવા ધીર, ગંભીર, અને સર્વશાસ્ત્રના પારંગત વિદ્વાને તે સ્વપ્ન સિદ્ધ કરી બતાવતાં, ગુજરાતને પોતાનું સ્વતંત્ર વ્યાકરણ, કોશ, અલંકાર, છંદશાસ્ત્ર વગેરેના ગ્રંથો ભેટ ધર્યા. સિદ્ધરાજની વિદ્વત્સભામાં વિદ્વાન્ પંડિતો બેસતા, જ્યાં સામાન્ય પંડિતોનો પ્રવેશ પણ દુર્લભ હતો. કુમારપાળનો રાજ્યકાળ પણ સાહિત્ય દૃષ્ટિએ ઊતરતો ન હતો. ત્યાર પછીના સમયમાં સોલંકીઓની વીરશ્રી ઓસરતાં, અજયપાળ અને ભીમદેવના શાસનકાળમાં, સાહિ-ત્યનો પ્રવાહ સહેજ મોળો લાગે છે. પણ વસ્તુપાળની વિદ્વત્તા, તેનું આશ્રિત કવિમંડળ, અને વિસલદેવની રાજસભાનાં ઐતિહાસિક વર્ણનો વિચારતાં, સિદ્ધરાજ ને કુમારપાળની માફક વીરધવળ અને વીસવદેવના કાળમાં, સરસ્વતીનો પ્રવાહ અસ્ખલિત વહેતો હતો એમ જણાય છે.

વીસળદેવની રાજસભા, એટલે સમર્થ વિદ્વાનોની વિદ્વત્સભા. ગ્રામાર્ધમાં ગ્રંથસર્જન કરે તેવી અદ્‌ભુત શક્તિ ધરાવનાર સોમેશ્વર જેવા કવિઓ તેમાં વિરાજતા હતા. આ સિવાય હરિહર, નાનાક, અરિસિંહ અને

અમરચંદ્ર સૂરિ જેવા પ્રકાંડ પંડિતોને વસ્તુપાલ અને વીસળદેવે બહુમાનપુરઃસર આમંત્ર્યા હતા. આ બધા વિદ્વાનો એ વિદ્વત્તાપ્રચુર ગ્રંથો લખી ગુજરાતને અપ્રતીમ ગૌરવ બક્ષ્યું છે. તેવા સમર્થ વિદ્વાનો પૈકી, કવિરાજ અમરચંદ્ર સૂરિનો સામાન્ય પરિચય આપની સમક્ષ રજુ કરવાનો અહીં વિચાર છે.

જીવનચર્યા

આ મહાપુરુષની જીવનકથા વ્યવસ્થિત રીતે, તેમના જન્મકાળથી કાલધર્મ કરી ગયા ત્યાં સુધીની, સીલસીલાબંધ કોઈ ગ્રંથમાંથી મળતી નથી. પરંતુ કેટલાક પ્રબંધાત્મક ગ્રંથો, અને ઇતિર પુસ્તકોમાંથી તેમના જીવન માટે થોડી ઘણી વિગતો પ્રાપ્ત થાય છે. આવા ગ્રંથોમાં પ્રબંધકોશ, પ્રબંધચિંતામણિ વિવેકવિલાસ, ઉપદેશ તરંગિણી વ. મુખ્ય છે. આ સિવાય રંભામંજરીનાટિકા, હમ્મીરમહાકાવ્ય અને તેમના રચેલા ગ્રંથોની પ્રશસ્તિઓમાંથી પણ કેટલીક વિગતો મળે છે.

અણહીલપુર પાટણથી ઉત્તરે, આઠ ગાઉ દૂર વાયડ નામક (ગામ) મહાસ્થાન આવેલું છે. આ ગામ મધ્યકાળમાં મોટું શહેર હતું. ત્યાં બ્રાહ્મણો અને જૈનોની સારી એવી વસ્તી હતી, એમ પદ્માનંદમહાકાવ્યમાં કરેલ વર્ણન ઉપરથી જણાય છે.[૧] આજે તો તે એક નાનું, ઠાકરડાઓની મુખ્ય વસ્તીવાળું ગામડું છે. પૂર્વકાળમાં તે મોટું શહેર હશે, એમ તેની પરિસ્થિતિ ઉપરથી દેખાય છે. ત્યાં જૈનમંદિરો હતાં, અને જૈનોની વસ્તી પ્રાચીનકાળમાં ખૂબ હતી. આ મહાસ્થાનમાં જીવદેવ સૂરિ નામક આચાર્ય હતા, જેઓ પરકાયા પ્રવેશ જેવી યૌગિક વિદ્યાના પારંગત હતા. અર્થાત્ યોગમાર્ગમાં તેઓ પ્રવૃત્ત હતા. તેમના શિષ્ય જિનદત્ત સૂરિ થયા, જેઓ વિદ્વાન્ હતા, તેટલું જ નહીં પણ ધર્મશાસ્ત્રના સારા વિચારક હતા. તેમણે અનેક ગ્રંથો લખ્યા છે.[૨] આ જ મહર્ષિ આપણા ચરિત્રનાયક અમરચંદ્ર સૂરિના ગુરુ હતા.

અમરચંદ્રના પૂર્વાશ્રમની હકીકત હજુ સુધી મળી નથી, તેમ જ તેમણે કેટલી ઉમરે દીક્ષા ધારણ કરી તે પણ જાણવામાં આવ્યું નથી. ફક્ત એટલું જ માલમ પડે છે કે, જિનદત્ત સૂરિ તેમના ગુરુ હતા, એટલે તેમને જિનદત્ત સૂરિ પાસેથી દીક્ષાગ્રહણ કરી હશે એમ સમજાય છે. પણ જીવનને ઉચ્ચમાર્ગે લઈ જવાના પ્રયત્નોમાં, તેમને કવિવર અરિસિંહની સારી એવી મદદ હશે એમ લાગે છે. સારસ્વત મંત્ર અમરચંદ્રે અરિસિંહ પાસેથી લીધો હતો, અને કોષ્ઠાગારિક પદ્મ મંત્રોના વિશાળ મહાલયમાં, એકવીસ દિવસસુધી તેમને તે મંત્રનું પુરશ્ચરણ કરી મંત્રને સિદ્ધ કર્યો હતો. ચતુર્વિંશતિ પ્રબંધમાં તે માટે જણાવ્યું છે કે, પુરશ્ચરણાંગહોમકાર્યના અંતે ભગવતી સરસ્વતીએ પ્રત્યક્ષ થઈ વર આપ્યો કે "त्वं सिद्धकविर्भव" ત્યારથી અમરચંદ્રના હૃદયમાં અદ્‌ભુત શક્તિનો સંચાર થયો, અને ધીમેધીમે તેમણે વિદ્વાનોને પણ મુગ્ધ બનાવે તેવા, કાવ્ય, છંદ, અલંકાર અને કથાસાહિત્યના અભિનવ ગ્રંથો લખી, પોતાની વિદ્વત્તાને જનસમાજના ઉપયોગ માટે વહેતી કરી.

તેમણે પોતાની વિદ્વત્તાને એક જ સંપ્રદાય પુરતી અનામત નહીં રાખતાં, સર્વ કોઈને ઉપયુક્ત થાય તેવા વિવિધ વિષયોના ગહન ગ્રંથો લખી, પોતાના જ્ઞાનનો લાભ દરેક માટે ખુલ્લો રાખ્યો હતો.

---

૧ श्रीमद्वायरनाम्नि सारसुकृतश्रीधाम्नि पुण्ये महा–
स्थाने मानिनि दानमानसरसाः श्री वाग्वरीया द्वीजाः ॥
सोमस्तोमसमुत्थधूमनिवहैर्मालिन्य मालप्वया
मासुर्द्यां वणिजो जिनार्चनघनोषद्धूपधूमोत्करैः ॥ १ ॥

पद्मानंदमहाकाव्य, सर्ग १९.

२ श्री विवेकविलासाद्यै–र्यत्प्रबंधैः सहस्रशः ॥
हतमोहतमोकारि करैरिव रवेर्जगत् ॥ ३७ ॥

पद्मानंदमहाकाव्य, सर्ग १९.

वेणीकृपाणोऽमरः આવી પ્રસિદ્ધ ઉક્તિ તેમના માટે વિદ્વાન કવિવરોએ વારંવાર વાપરી છે. તેમને વેણીકૃપાણનું બિરદ આપવામાં આવ્યું હતું. જેમ દીપિકા કાલિદાસ, અને ઘંટા માઘનાં બિરદો, કાલિદાસ અને માઘ માટે હતાં, તેમ અમરચંદ્ર માટે ઉપરોક્ત બિરદ વપરાતું. બાલભારતના આદિપર્વમાં, પ્રભાત વર્ણનની અંદર તેમણે "વેણી–અંબોડો, કૃપાણ, તરવાર"=અંબોડારૂપી તરવારવાળો કામદેવ સાથે, રૂપકયુક્ત અલંકારિક રીતે સરખામણી કરતાં, વિદ્વાનોએ તેમને આ બિરદ આપ્યું હતું.[૧] હમ્મીરમહાકાવ્યમાં પણ તેમના માટે આ બીરદ વપરાયું છે.[૨]

રાજસન્માનિત કવિ અમરચંદ્ર સૂરિ

તેમની સુંદર શ્લેષાત્મક કાવ્યચાતુરી, અને અગાધ વિદ્વત્તાથી આકર્ષાઈ, રાજા વીસલદેવે પોતાના પ્રધાન વઈજલને મોકલી, તેમને આમંત્ર્યા હતા. રાજસભામાં પધારતાં જ રાજાએ સામા જઈ તેમનું સુંદર સ્વાગત કર્યું, અને સન્માનપુરઃસર આસન ઉપર બેસાર્યા. કવિરાજ અમરચંદ્ર ખૂરિએ પણ તેના સ્વાગતનો યોગ્ય જવાબ વાળતાં, વીસલદેવ નૃપેન્દ્ર, અને તેની વિદ્યાવિલાસી ભાવનાનું અદ્‌ભુત વર્ણન કરતાં, રાજા અને રાજસભાને ખૂબ આનંદ થયો.

વીસલનૃપને વિદ્વાનોનો વાગ્વિલાસ ખૂબ પ્રિય હતો. તેથી તેની સૂચના થતાં નાનાક પંડિતે "गीतं न गायतितरां युवतिर्निशासु" આ ચરણથી સમસ્યા પૂરવાનું આહ્વાન કર્યું. આથી તુરતજ તે માટેની સમસ્યાપૂર્તિ કરતાં અમરચંદ્રે કહ્યું કે—

श्रुत्वा ध्वनेर्मधुरतां सहसावतीर्ण भूमौ मृगे विगतलांछन एव चन्द्रः
मागान् मदीयवदनस्य तुलामतीव गीतं न गायतितरां युवतिर्निशासु ॥ १ ॥

ભાવાર્થ. "હું ગાઈશ તો આ ચંદ્રમાનો મૃગ તે સાંભળવા નીચે ઊતરી આવશે અને આમ મૃગલાંછનથી મુક્ત થઇને ચન્દ્ર મારા મુખની બરોબરી કરી શકશે તેથી એ સ્ત્રી રાત્રે ગાતી નથી."

આવી ૧૦૮ સમસ્યાઓ સોમેશ્વરાદિ કવિઓ તરફથી પૂછવામાં આવતાં તેમણે તેની ચમત્કારિક રીતે પૂર્તિઓ કરી આપી હતી. આથી પ્રસન્ન થઈ વીસલદેવે તેમને કવિ સાર્વભૌમ તરીકે જાહેર કર્યા હતા.

અરિસિંહનો વીસલદેવની રાજસભામાં પ્રવેશ, અમરચંદ્ર સૂરિને જ આભારી છે. પ્રબંધકાર અરિસિંહ અમરચંદ્ર સૂરિના કલાગુરુ હોવાનું નોંધે છે, પણ તે વાતમાં વધુ વિશ્વાસ મૂકવા જેટલું વજન નથી. કારણ તેવો કોઈપણ ઉલ્લેખ તેમણે ગ્રંથપ્રશસ્તિઓમાં, કે પોતાના ગ્રંથનું વર્ણન કરતાં સ્વગુરુના નિર્દેશમાં, તેમનું નામ નોંધ્યું નથી. કદાચ બને વચ્ચે સારો પ્રેમ હશે, બને એક બીજાને પરસ્પર મદદ કરતા હશે. તેમણે જ અરિસિંહનો પરિચય વીસલદેવને કરાવ્યો હતો, જેથી તે વિદ્યાવિલાસી નૃપતિએ તેમને શાસન

---

१ दधिमथनविलोलल्लोलद्रग्वेणिदम्भा– ।
दयमदयमनङ्गो विश्वविश्वैकजेता ॥
भवपरिभवकोपत्यक्तबाणः कृपाणः– ।
श्रममिव दिवसादौ व्यक्तशक्तिर्व्यनक्ति ॥ ६ ॥
बालभारत आदीपर्व, सर्ग ११

२ वाणीनामधिदेवता स्वयमसौ ख्याता कुमारी ततः ।
प्रायो ब्रह्मवतां स्फुरन्ति सरसा वाचां विलासादधुवम् ॥
कुक्कोकः सुवृत्तिजितेन्द्रियचयो हर्षः स वात्स्यायनो ।
ब्रह्मज्ञ प्रवरो महाव्रतधरो **वेणीकृपाणोऽमरः** ॥ ३१ ॥

બાંધી આપ્યું હતું. આથી સમજાય છે કે, કવિવર અમરચંદ્ર સૂરિનું, વીસલદેવ પાસે વજનદાર વ્યક્તિત્વ ગણાતું તેમાં શક નથી.

સમયાનુકૂળ શબ્દપ્રયોગોથી, સામા મનુષ્યનું મનરંજન કરવાની અજબ કળા, આ મહાપુરુષે સાધ્ય કરી હતી. રત્નમંદિર ગણી ઉપદેશતરંગિણીમાં તેવો એક પ્રસંગ ટાંકતાં કહે છે કે, એક વખત અમરચંદ્ર સૂરિ સભાસમક્ષ વ્યાખ્યાન આપતા હતા, ત્યારે તેમણે પ્રસંગોપાત અસ્મિન્નસારે સંસારે સારં સારંગલોચના એ શ્લોકાર્ધ સભાસમક્ષ ઉચ્ચાર્યો. ત્યાગીસાધુના મુખમાંથી આવું શૃંગારિક વાક્ય નીકળતાં, ત્યાં વંદન માટે આવેલ વસ્તુપાલ મહામાત્યને પણ આશ્ચર્ય સાથે ખેદ થયો. પરંતુ સામા મનુષ્યના ભાવ ઉપરથી તેનું હૃદય વાંચી લેનાર આ મહાનુભાવે તેનો ઉત્તરાર્ધ બોલતાં કહ્યું કે યત્કુક્ષીપ્રભવા એતે વસ્તુપાલ ! ભવાદૃશઃ આવા અદ્‌ભુત અને પોતાને લાગુ પડતા ઉત્તરાર્ધથી, વસ્તુપાલની શંકા દૂર થઈ. તેટલું જ નહીં પણ જે પૂર્વાર્ધથી તેણે સાધુપુરુષમાં શૃંગારિક ભાવના કલ્પી હતી, તેનો નાશ થયો.

જીવનકાળ

અમરચંદ્ર માટે કોઈપણ ગ્રંથમાંથી તેમના જન્મ સમયની નોંધ મળતી નથી. તેથી તેમના જીવનકાળ માટે અમુક વર્ષોનો ગાળો કલ્પવામાં આવ્યો છે. તેમના જીવનની બીજી નાની નાની વિગતોને છોડી દઈએ તો પણ, તે મહારાજા વીસલદેવના પ્રીતિપાત્ર કવિવર હતા, તે વસ્તુને વિચારતાં અમરચંદ્ર વિસલદેવના સમકાલીન હોવાનું નિશ્ચિત થાય છે. વીસલદેવનો રાજ્યકાલ લાંબો છે. તેની શરૂઆતની કારકિર્દીમાં પાટણનો મંડલેશ્વર હતો. લગભગ સંવત ૧૨૯૪ થી સં. ૧૩૦૨ સુધી તે મંડલેશ્વર જ હતો, પણ ત્રિભુવનપાલના મરણ પછી ગુજરાતની ગાદી ખાલી પડતાં, વિસલદેવ ગુર્જર મહારાજ્યનો મહારાજાધિરાજ બન્યો હતો. તેણે સં. ૧૩૧૮ સુધી રાજ્ય કર્યું હોવાનું ઐતિહાસિક રીતે માનવામાં આવે છે. કારણ સં. ૧૩૧૭ ના તેના મંડલેશ્વર સામંતસિંહે આપેલ દાન-પત્રથી, તેનું અસ્તિત્વ તે કાળ સુધી હોવાનું જાહેર થાય છે.[૧] ત્યાર પછીના વેરાવળના સં. ૧૩૨૦ ના હરસિદ્ધમાતાના મંદિરવાળા લેખમાં, અર્જુનદેવનું નામ છે.[૨] એટલે સં. ૧૩૧૭ પછી, અને સં ૧૩૨૦ પહેલાં અર્જુનદેવ ગાદીએ આવ્યો હતો; અર્થાત્ તે ગાળામાં વીસલદેવ દિવંગત થયો હતો, અથવા તો ત્રિપુરાંતક પ્રશસ્તિ પ્રમાણે અર્જુનદેવને રાજ્યારૂઢ બનાવી, નિવૃત્ત થયો હતો તેમાં શક નહીં.[૩]

અમરચંદ્રે વસ્તુપાલ માટે કોઈ સ્વતંત્ર ગ્રંથ લખ્યો નથી, પણ અરિસિંહના સુકૃતસંકીર્તનમાં દરેક સર્ગના પ્રાંતભાગે પાંચ પાંચ શ્લોકો તેના બનાવેલા મુકયા છે. આથી વસ્તુપાલના સમયમાં આ મહાકવિ પ્રતિષ્ઠિત વિદ્વાન્ મનાતા હતા એમ માલમ પડે છે. તેમણે પદ્મ મંત્રીની પ્રાર્થનાથી, પદ્માનંદ મહાકાવ્ય રચ્યું હતું, જેની પ્રાચીનપ્રત સં. ૧૨૭૭ માં લખાયેલી. ખંભાતના ભંડારમાં વિદ્યમાન છે.[૪] આ કાવ્યના લેખન સમયે, કવિવરની ઉંમર વીસ વર્ષની માનીએ તો, તેમનો જન્મકાળ સં. ૧૨૫૦–૫૫ માં આવે છે. આ સં. ૧૨૫૦ થી, સં. ૧૩૧૮ સુધી એટલે આ શકે ૬૦–૬૫ વર્ષ સુધીનો તેમનો જીવનકાલ નિશ્ચિત થાય છે.

શ્રી. હીરાલાલ ર. કાપડીઆએ પદ્માનંદ મહાકાવ્યની સંસ્કૃત પ્રસ્તાવનામાં, સં. ૧૩૫૦ નો સારંગદેવના રાજ્યકાળમાં લખયેલો, આબુ ઉપરની વિમળવિસહીનો શિલાલેખ રજૂ કર્યો છે. આ લેખનો લખા-

---

૧ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પા. ૪૦૩

૨ ઇંડિયન એન્ટીક્વેરી ૧૧, પૃ. ૨૪૧.

૩ પ્રાચીન લેખમાલા લેખાંક ૪૭, શ્લો. ૯.

૪ પીટર્સનનો રીપોર્ટ, પા. ૫૮.

વનાર વીસલદેવ નામક કોઈ મંડલેશ્વર છે. પરંતુ આ વીસલ, વાઘેલા વીસલથી અન્ય હોય તેમ લાગે છે. કારણ વીસલદેવ સ્વયં ગુજરાતનો મહારાજા હતો, જ્યારે આ લેખમાંના ઉલ્લેખ પ્રમાણે સારંગદેવના રાજ્યકાળમાં, કોઈ મંડલેશ્વર વીસલદેવે આ દાનપત્ર આપેલું છે. જેથી અમરચંદ્રનો જીવનકાળ નિશ્ચિત કરવામાં, આ લેખથી કાંઈ પ્રકાશ પડતો નથી.

તેમનું મૃત્યુ ક્યારે થયું, તેની પણ ચોક્કસ નોંધ કોઈ ગ્રંથમાં લેવાઈ નથી. પાટણમાં અષ્ટાપદજીના જિનાલયમાં, આ મહાપુરુષની પ્રતિમા મૂકેલી છે, જે પં. મહેન્દ્રના શિષ્ય મદનચંદ્રે, સં. ૧૩૪૯ માં કરાવી એમ તેની નીચેના પ્રતિમાલેખથી જ્ઞાત થાય છે.[૧] આ વખતે તેઓ હયાત નહીં હોય, એવું અનુમાન અયોગ્ય તો નહીં જ ગણાય. અને તે પ્રમાણે તેની બે ચાર વર્ષ અગાઉ તેમનું મૃત્યુ થયાનું કલ્પીએ તો તેમનો અવસાન કાળ સં. ૧૩૪૫-૪૭ સુધીમાં આવે છે. પણ આગળની કલ્પના પ્રમાણે તેમનું જીવન ૬૦-૬૫ વર્ષનું નહીં પણ લગભગ ૮૦-૮૫ વર્ષ સુધીનું લાંબું હશે એવું અનુમાન થાય છે. આ બધા અનુમાનો સાચા પુરાવાઓના અભાવે કલ્પવાં પડ્યાં છે. કોઇ વિદ્વાન્ તે માટે સાચા પુરાવાઓ શોધી કાઢશે તો, તેમના જીવનકાળ ઉપર મોટો પ્રકાશ પડશે.

તેમના ગ્રંથો

કવિ અમરચંદ્ર સૂરિના ઝાંખા ઘેરા પરિચયમાં, તેમની સાહિત્યસમીક્ષાને સ્થાન આપવામાં ન આવે, તો તેટલાપૂરતું તે અપૂર્ણ લેખાય તેથી તેમણે સર્જેલા વિવિધ ગ્રંથોની ટૂંક સમીક્ષા અત્રે રજૂ કરવામાં આવી છે. કવિવર અમરચંદ્રની મહત્તા, તેમની અગાધ વિદ્વત્તા અને ગૂઢ ગાંભીર્ય ધરાવતા અદ્વિતીય ગ્રંથોને આભારી છે. તેમના ગ્રંથોનું ઊંડું અવગાહન કરી સંપૂર્ણ પરિચય આપવા માટે તો, એક સ્વતંત્ર નિબંધની આવશ્યકતા છે. એટલે અહીં તો તે ગ્રંથોની રૂપરેખા દર્શાવવાનો સામાન્ય પ્રયત્ન છે. આચાર્ય હેમચંદ્રની માફક તેમણે પણ વિવિધ વિષયો ઉપર કલમ ચલાવી છે.

૧. ચતુર્વિંશતિજિનેન્દ્રચરિત્ર—ચોવીસ તીર્થંકરોનાં ચરિત્રોને આ ગ્રંથમાં સંક્ષેપ કરી સમાવ્યાં છે, છતાં ચરિત્રની કોઈ પણ હકીકતનો ત્યાગ કરી તેમાં ક્ષતિ આવવા દીધી નથી.

૨ પદ્માનંદ મહાકાવ્ય—પદ્મમંત્રીની પ્રાર્થનાથી આ ધર્મગ્રંથની રચના તેમણે કરી હતી. તેમાં જિનેન્દ્રોનાં ચરિત્રો સુમધુર અને અલંકારિક ભાષામાં, મહાકાવ્યની પદ્ધતિએ ગ્રથિત કર્યાં છે. આ ગ્રંથના પ્રશસ્તિ સર્ગમાં, વાયટીયગચ્છ અને પદ્મમંત્રીની હકીકત આપેલી છે.

૩. કાવ્યકલ્પલતા—આ અલંકાર અને કાવ્ય શાસ્ત્રનો ગ્રંથ છે, તેમાં ચાર પ્રતાનો અને ૨૧ સ્તબકો છે. મમ્મટનો કાવ્ય પ્રકાશ, રાજશેખરની કાવ્ય મિમાંસા વની માફક આપણા કાવ્યશાસ્ત્રનો એક અપૂર્વ ગ્રંથ છે.

૪. બાલભારત—રાજશેખરે જેમ બાલ રામાયણ લખ્યું, તેમ આ કવિવરે મહાભારત ઉપરથી બાલ-ભારતની રચના કરી છે. બ્રાહ્મણો પોતાના ધર્મસાહિત્ય ઉપર તેવા ગ્રંથો લખે, એ તો સ્વાભાવિક છે. પણ એક જૈન કવિ બ્રાહ્મણોના ધર્મગ્રંથ ઉપર કલમ ચલાવે તે ગૌરવની વાત છે, તેટલું જ નહીં પણ પરસ્પરના ધર્મ પ્રત્યે કેવો સુંદર આદર સેવતા હતા. તેનો સાચો પુરાવો રજૂ કરે છે. તેમાં એકંદર ૧૯ પર્વ અને બધા મળી ૪૩ સર્ગો છે.

૫. સ્યાદિશબ્દસમુચ્ચય—આ વ્યાકરણ ગ્રંથ ચાર ઉલ્લાસમાં વહેંચાયેલો હોઈ તેમાં બધા મળી ૫૪ શ્લોકો છે.

---

૧ સંવત્ ૧૩૪૯ ચૈત્ર વદિ ૬ શનૌ શ્રી વાયટીયગચ્છે શ્રીજિનદત્તસૂરિશિષ્ય પણ્ડિત શ્રી અમરચન્દ્રમૂર્તિઃ પં. મહેન્દ્રશિષ્ય મદનચન્દ્રાખ્યેન કારિતા। શિવમસ્તુ ॥ અમરચંદ્રની મૂર્તિ નીચેનો લેખ.

૬. છંદોરત્નાવલી–આ ગ્રન્થ છંદશાસ્ત્ર ઉપર રચાયો છે, જેમાં છંદરચના અને તેના પ્રકારો ઉદાહરણ સહીત નોંધ્યા છે. તેને બધા મળી નવ અધ્યાયો છે, જેમાં છેલ્લા બે પ્રાકૃતને અનુલક્ષી લખાયા છે.

૭. પરિમલ–પોતાના સર્જેલા કાવ્યકલ્પલતા નામક કાવ્યશાસ્ત્ર ઉપર આ નામની વૃત્તિ છે. તેના વિભાગોને પ્રસર નામ આપવામાં આવ્યું હોઈ, તેવા પ્રસરોની એકંદર સંખ્યા ૧૭ ની છે.

૮. અલંકાર પ્રબોધ–અલંકાર શાસ્ત્રનો આ સુંદર ગ્રન્થ હોઈ, તેમાં અલંકારો અને તેના ઉદાહરણો, પોતાના તથા અન્ય વિદ્વાનોના ગ્રન્થોમાંથી રજૂ કરવામાં આવ્યાં છે. આ સિવાય પણ તેમના અનેક બીજા અપ્રકટ ગ્રન્થો હશે, જે હજુ સુધી બહાર આવ્યા નથી.

આ બધા ગ્રન્થો ઉપરથી કવિની અદ્વિતીય વિદ્વત્તા, અને અગાધ જ્ઞાનનો પરિચય થાય છે. તેટલું જ નહીં પણ ગુજરાતને સાહિત્યસંસ્કૃતિમાં ઉચ્ચસ્થાન અપાવનાર, આ મહાપુરુષ પ્રત્યે અનન્ય આદર પ્રકટે છે.

ઉપસંહાર

આ સમગ્ર નિબંધ ઉપરથી, આ મહાકવિ અને વિદ્વાન્ પુરુષે સંસ્કૃત સાહિત્યમાં સુંદર ફાળો આપ્યો હતો, એમ ચોકકસ જણાય છે. ગુજરાતે શ્રીની સાથે સરસ્વતીની પણ ભક્તિપુરઃસર ઉપાસના કરી હતી, એમ આવા વિદ્વાનોના ગ્રન્થો ઉપરથી સિદ્ધ થાય છે. આ સ્વાધ્યાય તૈયાર કરવામાં નીચેના ગ્રન્થોની મદદ લેવામાં આવી હોઈ તેના વિદ્વાન લેખકોનો આભાર માનવાનું ભૂલી શકતો નથી.[૧]

૧–૧ પદ્માનંદ મહાકાવ્ય. સંસ્કૃત પ્રસ્તાવના. શ્રી. હીરાલાલ ર. કાપડીઆ.
૨ ,, ઇંગ્લીશ પ્રસ્તાવના. ,,
૩ ,, પ્રશસ્તિ સર્ગ ૧૩
૪ પ્રબંધ ચિંતામણિ.
૫ ચતુર્વિંશતિ પ્રબંધ.
૬ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. શ્રી. મોહનલાલ દ. દેસાઈ.
૭ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ. ખં. ૨. શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રી.
૮ ઉપદેશતરંગિણી.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્ર સૂરિ

લેખક : **ચીમનલાલ ભાઈલાલ શેઠ**, એમ. એ., એલએલ. બી.

છેલ્લાં એક હજાર વર્ષોમાં ગુજરાતે જે નરરત્નો પેદા કર્યાં છે તેમાં હેમચન્દ્ર સૂરિનું સ્થાન ઘણું ઉંચું છે. ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી તેમને મધ્ય યુગના મોટામાં મોટા વિદ્વાન્ ગણે છે. આજે પણ સાહિત્યપ્રેમી સજ્જનો અને સન્નારીઓ તેમને સિદ્ધહેમના કર્તા તરીકે ઓળખે છે.

જન્મ, માતાપિતા–આ મહાન પુરુષનો જન્મ અમદાવાદ જીલ્લામાં આવેલા ધંધુકા ગામમાં વિ. સંવત ૧૧૪૫ (ઈ. સ. ૧૦૮૮–૮૯) ના કારતક સુદ પુનમની રાત્રે થયો હતો. તેમના પિતાનું નામ ચચ્ચ (અથવા ચાચીગ) હતું અને માતાનું નામ પાહીની (અથવા ચાહીની) હતું. તેઓ જ્ઞાતે મોઢ વાણિયા હતા. એમ કહેવાય છે કે જ્યારે તે ગર્ભમાં હતા ત્યારે તેમની માતાએ ઉત્તમ સ્વપ્ન જોયું હતું. આ વિષે પ્રબંધ કર્તાઓમાં બે મત છે. એક મત પ્રમાણે હેમસૂરિની માતાએ ચિંતામણિ રત્ન જોયું હતું. બીજા મત પ્રમાણે તેમની માતાએ કલ્પવૃક્ષ જોયું હતું. આ બંને મત દેખીતી રીતે જુદા લાગે છે પણ તેમના કહેવાનું તાત્પર્ય તો એટલું જ છે કે જેવી રીતે ચિંતામણિ રત્ન અથવા કલ્પવૃક્ષ કંઈપણ બદલાની આશા રાખ્યા સિવાય બીજા ઉપર ઉપકાર કરે છે તે પ્રમાણે હેમસૂરિ પણ જગત્ ઉપર ઉપકાર કરશે.

દીક્ષા આચાર્યપદ–હેમસૂરિનું મૂળ નામ ચંગદેવ હતું. નાનપણથી જ તેમને સંસાર તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો અને તેથી તેમણે નવ વર્ષની નાની ઉમરે જૈનાચાર્ય દેવચન્દ્રસૂરિ પાસે વિ. સંવત ૧૧૪૫ (ઈ. સ. ૧૦૯૭–૮)માં ખંભાતમાં દીક્ષા લીધી હતી. પ્રથા પ્રમાણે ચંગદેવનું નામ બદલી સોમદેવ રાખવામાં આવ્યું હતું. સોમદેવ ઘણા બુદ્ધિશાળી હતા તેથી તેમણે ટુંક સમયમાં જ સર્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. જૈન સંઘે તેમની કદર કરી વિ. સં. ૧૧૬૬ (ઈ. સ. ૧૧૦૯–૧૦) માં આચાર્ય પદવી આપી. આ સમયે તેમનું સોમદેવ નામ બદલી હેમચન્દ્ર રાખવામાં આવ્યું.

સિદ્ધરાજ સાથે પરિચય–હેમચંદ્ર સૂરિ ગુજરાતના બે મોટા રાજાઓ–સિદ્ધરાજ (ઇ. સ. ૧૦૯૪–૧૧૪૩) અને કુમારપાળ (ઇ. સ. ૧૧૪૩–૭૪)–ના સમકાલીન હતા, તેથી તેમનો આ રાજાઓ સાથે કેવો સંબંધ હતો તે જાણવું અગત્યનું છે. હેમસૂરિનો સિદ્ધરાજ સાથે કયારે અને કેવી રીતે પરિચય થયો તે ચોક્કસ કહી શકાય એમ નથી. એક પ્રબંધકર્તા એમ જણાવે છે કે એક વખત સિદ્ધરાજ હાથી ઉપર બેસી નગરચર્યા જોવા નીકળ્યો હતો ત્યારે સામેથી આવતા હેમસૂરિને જોયા. તેના દરબારમાં ઘણા જૈન સાધુઓ જ્ઞાનગોષ્ટિ કરવા આવતા હતા અને તેને તેમના જ્ઞાનનો સારો પરિચય હતો. તેથી તેણે હેમચન્દ્રને કંઈક બોલવાનું કહ્યું. આ સમયે હેમચન્દ્ર એક શ્લોક બોલ્યા જે સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો. અને તેમને દરબારમાં હંમેશા આવવા વિનંતિ કરી. આ પ્રસંગ પછી તેમનો સંબંધ દિવસે દિવસે વધતો ગયો. બીજો પ્રબંધકર્તા એમ જણાવે છે કે સિદ્ધરાજ માળવા જીતી પાટણ આવ્યો ત્યારે હેમચંદ્રસૂરિ તેને આશીર્વાદ આપવા દરબારમાં ગયા હતા. તે વખતે સૂરિ એક શ્લોક બોલ્યા જે સાંભળી સિદ્ધરાજ ઘણો પ્રસન્ન થયો અને ત્યારથી તેમનો પરિચય દિવસે દિવસે વધવા લાગ્યો.

સૂરિ અને સિદ્ધરાજની ઓળખાણ રસ્તામાં થઈ હોય એમ માનવું ઠીક નથી. વળી એટલું પણ નક્કી છે કે તે બન્નેનો પરિચય માળવાની જીત (વિ. સંવત ૧૧૯૩–ઇ. સ. ૧૧૩૬–૩૭) પછી થયો નથી પણ વિ. સંવત ૧૧૮૧ (ઇ. સ. ૧૧૨૪–૨૫) પહેલો થયો છે, કારણ કે બધા લેખકો જણાવે છે કે જ્યારે શ્વેતાંબર દેવચંદ્ર અને દિગંબર કુમુદચંદ્ર વચ્ચે વિ. સંવત ૧૧૮૧ (ઇ. ૧૧૨૪–૨૫) ના વૈશાખ સુદ પુનમને દિવસે વાદ થયો હતો ત્યારે હેમચંદ્રે તેમાં ભાગ લીધો હતો.

સિદ્ધહેમ–હેમચન્દ્ર અને સિદ્ધરાજના સંબંધ વિષે કેટલીક કથાઓ છે પણ આ લેખ બહુ મોટો ન થઈ જાય એ ભીતિથી તેમનો અત્રે ઉલ્લેખ કરતો નથી. અત્રે તો માત્ર તેમની અગત્યની સાહિત્યકૃતિ વિષે બે શબ્દો કહેવા માગું છું. જ્યારે સિદ્ધરાજ માળવા જીતી પાટણ આવ્યો ત્યારે ભોજરાજાના ભંડારમાંથી કેટલાક સારાં સારાં પુસ્તકો લાવ્યો હતો. આ બધામાં ભોજરાજનો લખેલો એક ભાષાનો ગ્રન્થ હતો. આ જોઈ સિદ્ધરાજને ઘણો ખેદ થયો, કારણ કે તેના દરબારના કોઈ પંડિતે એવો ગ્રન્થ લખ્યો ન હતો. રાજાએ પંડિતોને પૂછ્યું કે તેમનામાં કોઈ એવો ગ્રન્થ રચી શકે એમ છે ત્યારે બધાએ હેમચન્દ્ર સામું જોઇ એમ સૂચવ્યું કે તેઓ એ કામ કરી શકે એમ છે. પછી રાજાએ હેમચન્દ્રસૂરિને અરજ કરી એટલે તેમણે પ્રાકૃત ભાષાનું એક વ્યાકરણ રચ્યું તેનું નામ સિદ્ધરાજ–હેમચન્દ્ર અથવા ટૂંકમાં સિદ્ધહેમ રાખવામાં આવ્યું, કારણ કે તે હેમચન્દ્રે લખ્યું હતું અને સિદ્ધરાજને અર્પણ કરવામાં આવ્યું હતું. સિદ્ધરાજને આ વ્યાકરણ ઘણું ગમ્યું હતું તેથી તેણે એક વરઘોડો કાઢી, હાથી ઉપર વ્યાકરણ મૂકી આખા નગરમાં ફેરવ્યું. પોતાના રાજ્યમાં વ્યાકરણ શીખવવાની શાળાઓ ખોલી આ પુસ્તકને પાઠ્યપુસ્તક તરીકે રાખ્યું. આ ગ્રન્થમાં ચૌલુક્ય રાજાઓની પ્રશસ્તિના ૩૨ શ્લોકો છે.

દ્વ્યાશ્રય મહાકાવ્ય–હેમચન્દ્રસૂરિએ સિદ્ધરાજના સમયમાં ઘણા ગ્રન્થો લખ્યા છે. તેમાં અગત્યનો ગ્રન્થ દ્વ્યાશ્રય મહાકાવ્ય છે. આ પુસ્તકમાં મૂળરાજ સોલંકીથી કુમારપાળ સુધીનો ઇતિહાસ છે. તે એક ગુજરાતના ઇતિહાસ માટે ઘણુંજ અગત્યનું સાધન છે.

હેમસૂરિ અને કુમારપાળ–હવે આપણે હેમચન્દ્રસૂરિ અને કુમારપાળનો પરિચય ક્યારે અને કેવી રીતે થયો તે જોઇએ. હેમચન્દ્રસૂરિને સિદ્ધરાજના દરબારમાં ઘણું માન હતું એટલે કુમારપાળ તેમને ગાદીએ આવતા પહેલાં ન ઓળખતા હોય એ સંભવિત નથી. પણ તે બન્નેનો ગાઢ પરિચય તો રાજાના જૈન મંત્રી બાહડને લીધે જ થયો હતો. કુમારપાળ ૫૦ વર્ષની ઉમરે ગાદીએ આવ્યા હતા. શરૂઆતના દશેક વર્ષ લડાઇઓમાં અને રાજ્યમાં સુલેહ, શાન્તિ અને સુવ્યવસ્થા રાખવામાં ગાળ્યાં. ત્યાર પછી રાજાને ધર્મ જાણવાની જિજ્ઞાસા થઈ તેથી જુદા જુદા ધર્મના ગુરુઓને પોતાની પાસે બોલાવી ઉપદેશ સાંભળવા લાગ્યો પણ કોઇથી તેને સંતોષ થયો નહિ. આમ રાજા જ્યારે નિરાશ થયો હતો ત્યારે બાહડ મંત્રીએ તેને કહ્યું: "હેમચન્દ્ર નામના જૈનાચાર્ય ઘણા વિદ્વાન્ છે. સિદ્ધરાજ પણ તેમને ઘણું માન આપતો હતો, અને તેમનો ઉપદેશ સાંભળતો હતો. આપની આજ્ઞા હોય તો હું તેમને અત્રે બોલાવું."

પછી કુમારપાળની આજ્ઞાથી હેમચન્દ્રને બોલાવવામાં આવ્યા. હેમસૂરિનો ઉપદેશ રાજાને બહુ જ પસંદ પડ્યો. રાજાએ જાહેરમાં જૈનધર્મનો અંગીકાર કર્યો. પોતાના તાબાના ૧૮ દેશોમાં જીવવધ કરવાની મનાઈ કરી. ખાટકીઓને તેમનો ધંધો છોડી દેવાની ફરજ પાડી અને તેમને આર્થિક નુકસાન ન થાય તેટલા માટે દરેકેદરેક ને ત્રણ ત્રણ વર્ષની ઉપજ આપી બીજો અહિંસક ધંધો શોધી લેવાનું કહ્યું. શિકાર, જુગાર અને દારૂની બંધી કરી. કુમારપાળે શ્રાવકના બાર વ્રત લીધાં, સંઘ કાઢ્યા, જીનાલયો બંધાવ્યાં, જૈનોનો ઉદ્ધાર કર્યો અને વિધવિધ રીતે શાસનની સેવા કરી. આમ હેમસૂરિને પોતાના કામમાં સંપૂર્ણ સફળતા મળી.

કુમારપાળ હેમસૂરિના પડતા બોલ ઝીલી લેતા અને તેમને પૂછ્યા વગર પાણી પણ પીતા નહિ. તેમની પ્રશંસા કરનારને ઇનામ આપતા અને નિન્દા કરનારને શિક્ષા કરતા. કુમારપાળના રાજ્યમાં હેમચન્દ્ર સૂરિ સત્તાના શિખરે હતા. કુમારપાળના વખતમાં હેમસૂરિનો ઘણો સમય રાજાને ઉપદેશ આપવામાં અને તેના મનનું સમાધાન કરવામાં જતો તેમ છતાં તેમણે સાહિત્ય સેવા છોડી ન હતી. આ સમયે પણ તેમણે ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્ર, યોગશાસ્ત્ર અને બીજા અનેક ગ્રન્થો લખ્યા છે.

હેમસૂરિ વિ. સંવત ૧૨૨૯ (ઈ. સ. ૧૧૭૨–૭૩) માં ૮૪ વર્ષની લાંબી ઉમરે કાળધર્મ પામ્યા. આજના જૈન સમાજને હેમચન્દ્રસૂરિઓની ઘણી જરૂર છે. શાસનદેવતાઓ એ ખોટ પૂરી પાડો એજ ઇચ્છા !!!

કેળવણી પરત્વે એક દૃષ્ટિ

લેખક : **કાન્તાબેન ખાંડવાળા**, સેક્રેટરી, વનિતા વિશ્રામ, મુંબઈ.

No person who wishes to have and is capable of receiving education should go uneducated.

સંસ્થાનો ઉદ્દેશ જૈન કોમ અને ધર્મની ઉન્નતિ કરવા માટે કેળવણીને લગતી અગત્યની સંસ્થાઓ ખોલવી એ મૂખ્ય છે અને તે ઉદ્દેશ અનુસાર આ સંસ્થા સ્થપાઈ અને જોતજોતામાં વિકાસ પામી આજે રજત્ મહોત્સવ ઉજવવાનો શુભ દિન જોવા પહોંચી છે.

સંસ્થા વ્યક્તિગત ન થાય અથવા એક વ્યક્તિને આધારે અને શ્રમથી જ ન ચાલે, પણ હંમેશને માટે સ્થાયી રહે તે માટે બંધારણ ઘડાયું.

આ દેશમાં કેળવણીની આ પદ્ધતિ સ્થાપાયાને બહુ વર્ષો થયા નથી. એટલામાં આ કેળવણીની જરૂરિયાત સમજનાર વર્ગ જાગ્રત થયો અને ટુંક સમયમાં ઉચ્ચ કેળવણી લેવાવાળો વર્ગ ઊભો થયો. આ વર્ગ પૈસાના અભાવે આગળ અભ્યાસ ન કરી શકે એ વિચારે આ સંસ્થા મહાવીર જૈન વિદ્યાલયને નામે સ્થાપાઈ. આ સંસ્થા જાતીય ભાવનાથી સ્થાપાઈ અને સારી સંખ્યામાં છોકરાઓને વીવીંગ, સેનેટરી, સિવિલ, ઇલેકટ્રિકલ ટેકનીકલ લાઈન, અકાઉન્ટન્સી, એગ્રીકલ્ચરલ, ડૉકટરી, ઇજનેરી, વકીલાત વગેરેની કેળવણી ઇચ્છા પ્રમાણે લેવાનો પ્રબંધ કરી આપ્યો. છોકરાઓ માટે આ હોસ્ટેલ સ્થપાઈ અને છોકરીઓને પણ આગળ અભ્યાસ માટે મદદ કરવાનો પ્રબંધ કર્યો.

હાલ આ સંસ્થા એક ઉદ્દેશ પાર પાડવામાં કંઈક અંશે સફળ થઈ છે અને કેટલાક દાકટર, ઇજનેર, ગ્રેજ્યુએટ આ સંસ્થામાંથી બહાર પડ્યા છે.

આ સંસ્થાનો એક સ્તુત્ય પ્રયાસ વિદ્યાર્થીઓને લોન આપી ભણાવવાનો છે. આ ભાવના બહુ ઉત્તમ છે કારણ કે માણસમાત્ર સ્વમાન સમજે એ જરૂરનું છે અને દુઃખ કે ગરીબાઇને કારણે એ ભાવના દબાઈ જાય તો આવી રીતે સંસ્થા લોન આપી તેમનું ભાન તેમને કરાવી શકે. મિલ્કતનું વ્યાજ જેમ અનેક માણસને મદદરૂપ છે તેટલુંજ લોન રિફન્ડ એ બધા વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા ઉપયોગી થાય છે. લોન રિફન્ડથી તેમની ફરજ અટકી નથી જતી. પોતે દાતા થઈ શકે છે, દાતા ન થઈ શકે મદદનીશ થઈ શકે છે.

કેળવણીને અંગે જૂના પુસ્તકોનું સંશોધન કરવું અને તેમાં વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન તેમજ સાહિત્યની શોધખોળ કરવી એ ઇચ્છવા યોગ્ય છે. જૈનેતર સાહિત્યની શોધખોળ કરવી પણ જરૂરી છે.

હાલનું શિક્ષણ જીવવાના નિર્વાહ માટેનું જ લગભગ છે, પણ તે કેટલે અંશે સફળ થયું છે ? હાલની કેળવણી જીવનને અનુરૂપ છે ? જે કેળવણી હાલમાં અપાય છે તે કેળવણીમાં મનુષ્યત્વ નાશ નહિ પામતું હોય તો પણ વિકાસ નથીજ પામતું. જરૂર બી. એ. ને આગળનું શિક્ષણ લેનારના વિચારો ઘણા પ્રમાણમાં બહોળા થયા હોય છે. દેશ પરદેશના ઇતિહાસ અને સ્થિતિનું જ્ઞાન વધે છે પણ આવી કેળવણી એ અંતિમ ધ્યેય છે ને તેથી તે મેળવવામાં સમય ગાળવાનો છે, જીવન વિતાવવાનું છે એવો ભાવ હાલ દેખાય છે અને એની પાછળ તન મન, ધન હાલ તો નિરર્થક ખર્ચાય છે.

કેળવણી એ જીવન રચવા માટે સાધન છે એ પ્રધાન સૂત્ર ભૂલાઈ ગયું છે. કેળવણી બાળપણમાંથી ચારિત્ર્ય ઘડનાર હોવી જોઈએ તેને બદલે બહુ નાનપણમાંથી શિક્ષણ શરૂ કરી તેને બોજારૂપ બનાવી દેવાય છે અને છોકરાંઓ જ્યારે અભ્યાસ પરત્વે પ્રેમ કેળવે ને વિષયો રસપૂર્વક સમજે તે ઉમ્મરે એ વિષય બહુ

ગહન બનાવી દેવામાં આવે છે અને અર્ધયુવાની અભ્યાસ અને નિરૂપયોગી પરીક્ષાઓ પાછળ વેડફાઈ જાય છે. નથી ઉદ્યમ આવડતો કે પેટનો ખાડો પૂરાય; સ્વમાનથી નથી ચારિત્ર્ય બંધાતું કે સમાજ કે ગામના જૂના ચીલામાંથી છૂટાય; નથી સમાજની શૃંખલાઓ તોડવાનું ભાન આવતું કે નથી દેશ માટેની ધગશ કેળવાતી. આવા યુવાન યુવતીઓ કુટુંબને ઉપયોગી થતાં નથી અને દેશને પણ ભારરૂપ થાય છે. હતાશ થયેલો નથી મજુરી કરી શકતો કે નથી તેને માટે ધંધો રહ્યો. મરવા માટે જીવતો ભવાટવીમાં ભમે છે.

મારું આથી એમ નથી કહેવું કે આ સંસ્થાની મદદથી પાસ થયેલા યુવકો રખડી જાય છે, માત્ર સામાન્ય અસર આ કેળવણીની શી થઈ છે તે જોતાં આવી સંસ્થાઓ વિચાર કરી કેળવણીનું દૃષ્ટિબિન્દુ સુધારવામાં પોતાના અનુભવથી મદદ કરે.

જે વિદ્યાર્થીઓ આટલી હોંશથી સંસ્થામાંથી મદદ મેળવીને પણ અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવે છે તે વિદ્યાર્થીઓની તમન્ના જરૂર ઘણી હોવી જોઇએ. સંસ્થાની દોરવણીથી ડાકટરો થયા હોય તે પોતાના ગામમાં અથવા બીજા નાના ગામમાં જઈ ત્યાંનું આરોગ્ય સુધારે અને પોતાની કમાણી ઉપરાંત થોડો વખત પોતાનાં ભાઇબ્હેનો માટે આપે તો જરૂર આ સંસ્થાનું ઋણ ફેડ્યું ગણાય. આ દેશના ખોરાક, દવા, જીવનતત્ત્વો પરદેશી ભૂમિના વિચારો પર છેલ્લી પા સદીથી રચાતાં જાય છે, તે આ દેશને અનુરૂપ કરે તો આરોગ્ય અને સંપત્તિ બન્ને વધે.

વકીલો, ઈજનેરો, ઇલેકટ્રીશિઅનોનું પણ તેમજ છે અને જેઓ અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા ગયા હોય તેની ફરજ તો ઘણી મોટી છે. માણસને જન્મ્યા પછી અન્ન અને પછી વસ્ત્રની જરૂરિયાત અનિવાર્ય છે અને એ માટે નાણાંની વહેંચણી કઈ રીતે સરખી થાય તેની ગૂંચ તેઓ ઉકેલી શકે. એકાદ એવો વિદ્યાર્થી દેશ પરદેશની સ્થિતિનો અભ્યાસ કરી "માણસ માત્ર ખાઈ પહેરી શકે પછીજ સંપત્તિનો સંચય કરી શકે" એ સૂત્રને આધારે નવું અર્થશાસ્ત્ર રચી શકે તો કેટલું સદ્‌ભાગ્ય કહેવાય !

આ ઉપરાંત મોટામાં મોટો પ્રશ્ન તો વ્યાપાર ઉદ્યોગનો છે. હાલમાં ઘણાં ધંધાઓ પાયમાલ થઈ ગયા. નવી શોધોને લીધે ઝવેરાત જેવા કિમ્મતી ધંધાઓ નુકસાનીમાં આવી પડ્યા છે તો તેને સ્થાને લોકો માટે નવા ઉદ્યોગો તો જોઇએ જ ને ? આપણી સામે આજે દેશનો મહાન અર્થશાસ્ત્રી ઊભો છે જેણે મનુષ્યજીવન રાક્ષસી યંત્રોમાં કેવું પિસાઈ રહ્યું છે તે ખુલ્લું પાડી સમજાવી દીધું છે અને ગૃહઉદ્યોગોનું જીવનમાં અને ખાસ કરીને ગ્રામ્યજીવનમાં સ્થાન ઊભું કરવા માંડ્યું છે. સંસ્થાના વિદ્યાર્થીઓ તેવા બીજા અનેક ઉદ્યોગોને સજીવન કરવા માટે મદદ કરવા, research કરવા અને માણસ માત્રને ધંધો મળે (પૈસા જ માત્ર નહિ) એવું આખું જીવન ઊભું કરવામાં મદદરૂપ થાય, નવી પ્રણાલિકા શોધવામાં ફળીભૂત થાય દેશને આબાદ કરવામાં પોતાનો ફાળો આપે તો કેટલું સરસ !

આ વિચારો લખવાની પ્રેરણા આ સંસ્થાના ઉદ્દેશો અને સબળ કાર્યશક્તિથી જ થઈ છે. આવી સંસ્થાના અધિકારી પૂર્વકાળની સંસ્કૃતિના સમયના મહાધિપતિઓની જેમ સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓની બુદ્ધિ, શક્તિ પ્રમાણે કેળવણીમાં દોરવનાર થઈ શકે. તેના ભવિષ્યના માર્ગદર્શક પણ તે જ થઈ શકે અને કુટુંબ અને દેશ તરફની ફરજનું પણ તેજ ભાન કરાવી શકે. આને માટે બહુ ઉચ્ચ કક્ષાના માનવીની આવા જવાબદાર સ્થાન પર નિમણુક કરવી જોઇએ અને જરૂર થતી જ હશે એમ સંસ્થાના વિકાસ પરથી માનું છું. માત્ર આદર્શ રાખીને જ આવા અધિકારીઓ કામ કરે તો વિદ્યાર્થીઓનો વિકાસ ઘણો થાય.

આ સંસ્થા અનેક સંસ્થાઓને પ્રેરણા આપનારી, દોરવનારી, તેમને અસ્તિત્વમાં લાવનારી થાય અને દુનિયાના એક અગ્રગણ્ય ગણાતા મુંબઈ શહેરમાં તક્ષશિલા સજીવન કરી નાલન્દા જેવી ઐતિહાસિક યુનિવર્સિટીઓ ઊભી કરવાનું માન મેળવે એજ શુભેચ્છા.

❖

ગાલિપ્રદાન : એક કલા

લેખક : જ્યોતીન્દ્ર હ. દ્વવે, એમ. એ.

વ્યવહારોપયોગી કે લલિત કલાઓમાં ગાલિપ્રદાનને સ્થાન કલાકોવિદોએ નથી આપ્યું એ બહુ નવાઇભર્યું છે. અથવા એમ પણ હોય કે એ તો સૌ કોઈ જાણે છે, એમાં કહેવાનું જ શું છે, એમ ધારીને એની ગણના કરાવવી જરૂરની નહિ ધારી હોય. એ ગમે તે હોય, પણ ઉપયુક્ત તેમજ લલિત બન્ને પ્રકારની કલાઓમાં ગાલિપ્રદાનની કલાનું સ્થાન મોખરે છે.

એ એક જ એવી કલા છે, જેને લલિત કલા પણ ગણી શકાય અને વ્યવહારમાં પણ જે ઉપયુક્ત થઈ પડે. કાવ્ય, સંગીત, ચિત્ર કે શિલ્પની પેઠે એ કલામાં લાલિત્ય સધાય છે છતાં વ્યવહાર જીવનમાં એ નિરુપયોગી નથી. ખરી રીતે જોતાં એના સિવાય જીવનનો વ્યવહાર ચાલી શકે એમ જ નથી.

અત્યારે ઉચ્ચ પ્રકારની કલાઓ કેવળ વિદ્વદ્‌ભોગ્ય રહી છે, સામાન્ય જનસમૂહ એનાથી વંચિત રહ્યો છે એવી ફરિયાદ કરવામાં આવે છે. સાહિત્યકારો ને ચિત્રકારો પોતપોતાની કલાકૃતિ વડે ભલે કીર્તિ પ્રાપ્ત કરતા હશે પણ એથી કોશ હાંકનારા ને બીડી વાળનારાઓને કશો ફાયદો નથી. આપણાં સર્વ કાર્ય સમાજની દૃષ્ટિએ થવાં જોઇએ. જે કલાકૃતિનો આસ્વાદ પ્રજાવર્ગનો મોટો ભાગ લઈ શકતો નથી, એડૂત, કારીગર ને દલિત વર્ગ જેનો ઉપયોગ કરી શકતો નથી તે વ્યર્થ પરિશ્રમ માત્ર છે એમ આજે અનેક વિચારકો કહી રહ્યા છે.

ગાલિપ્રદાનની કલા એ આમાં એક માત્ર અપવાદ છે. ખરેખરા અર્થમાં એ કલા છે. કોશ હાંકનાર કોશ હાંકતા હાંકતા ગાલિપ્રદાન વડે શબ્દકોશને સમૃદ્ધ કરે છે. શાક વેચતા પરતાગિયાથી માંડી વિદ્વત્તા-ભર્યા ચર્ચાપત્રો લખનારા વિદ્વાનો એજ કલાનો આશ્રય શોધે છે. બાબુ સોની ને બર્નાર્ડ શૉ આ કલામાં પારંગત થવા એક સરખો યત્ન કરે છે. દિક્કાલના બંધન એને નડતાં નથી. ધર્મના અન્તરાય એનો અવરોધ કરતા નથી. જ્ઞાન કે અજ્ઞાન એને અટકાવી શકતાં નથી.

દુનિયાની કોઇપણ ભાષાનો ભંડોળ એના સિવાય વધી શકે એમ નથી. જાતજાતના અર્થ સૂચવનારાં વિશેષણો ગાળ દેવાની વૃત્તિમાંથી જન્મ્યાં છે એ સ્પષ્ટ છે. કોઇને ગાળ દેવા બેસીએ છીએ ત્યારે ભાષાનો પ્રવાહ એની મેળે અસ્ખલિત રીતે વહેવા માંડે છે. બીજે કોઈ ભાવ દર્શાવવો હોય છે ત્યારે યોગ્ય શબ્દો શોધ્યા જડતા નથી. પ્રેમ, માન કે ભક્તિ જેવા ભાવનું દર્શન કરાવતાં કેટલીયે વાર મૌનનો આશ્રય લેવો પડે છે. પરંતુ ભાષા પર ઓછામાં ઓછો કાબૂ હોય એવો માણસ પણ જ્યારે ગાળ દેવા માંડે છે ત્યારે એને મૂંઝવણ થાય છે તે શબ્દો શોધવાની નહિ, પણ કયો શબ્દ છોડી દેવો તે વિષેની. પાંચ સાત વર્ષ સુધી તો આ માણસ મૂંગો નહિ થાય એમ સાંભળનારાઓને લાગે છે અને એ મૂંગો થાય છે તે પણ શબ્દોને અભાવે નહિ, પરંતુ કંઠ બેસી જવાને કારણે. રસ્તે જતા નિરક્ષર જેવા જણાતા કોઈ મનુષ્યને તમે એકાએક ધાપ્પો મારી જુઓ, એના કંઠમાંથી સરસ્વતીની અસ્ખલિત ધારા વહી તમને નવડાવી નાખશે.

જ્ઞાનની પેઠે ગાળ પણ વાપરવાથી વધે છે. દુનિયામાં સૌથી સારામાં સારો પાક એનો જ નીપજે છે. એને ખાતરની જરૂર નથી. એને પાણીની આવશ્યકતા નથી. આંબાની પેઠે એને ફળતાં પણ વાર નથી લાગતી. એક ગાળ વાવી કે એમાંથી હજાર ગાળ તરતજ ઉત્પન્ન થવાની. પૈસો પૈસા મેળવી આપે છે, અગ્નિવા દીવો દીવાને ચેતાવે છે તેમ એક ગાળ અનેક ગાળોને ઉત્પન્ન કરી શકે છે.

ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રણેને એ માપે છે. ભૂતકાળની ૧૮ કોતેર પેઢી સુધી એ પ્રવાસ કરે છે. ગાળ દેનાર માણસ જેને ગાળ દેવાની હોય છે તેનાં વડવાઓની ખબર લઈ નાંખે છે. એટલુંજ નહિ, પણ એના સન્તાનોનાં સન્તાનોને પણ એ સંભારે છે.

ટ્રામની ટિકિટની પેઠે એ માત્ર 'લેનારને જ ખપની' નથી. દેનાર તેમજ લેનાર બન્નેને એ કામ લાગે છે. શિખામણની પેઠે એ આપવી ગમે છે, લેવી ગમતી નથી. પરંતુ શિખામણ તો લેનાર કે દેનાર કોઈના ખપમાં આવતી નથી, ત્યારે આ તો બન્નેને માટે કાર્યસાધક નીવડે છે. સામાન્ય રીતે દેનાર કરતાં લેનાર પર એની અસર વધારે થતી હોય એમ જણાય છે. પણ ઘણી વાર તો એમાં લેનાર દેનાર બને છે ને દેનાર લેનાર બની જાય છે. શાહુકાર ને દેવાદાર જેવા ભેદ એમાં લાંબો વખત રહેતા નથી. ધન આદિના વિષયમાં દાન કરવું એ જ બ્રાહ્મણેતરો માટે વિહિત છે, માત્ર બ્રાહ્મણોને જ દાન આપવાનો તેમજ લેવાનો એમ અધિકારભેદ છે. પણ ગાલિપ્રદાનના વિષયમાં તો સૌને દાન આપવાનો જેટલો અધિકાર છે તેટલોજ લેવાનો પણ છે. જેણે કોઈ પણ દિવસ કોઇને પણ ગાળ નહિ દીધી હોય અથવા કોઇની પણ ગાળ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાંભળી નહિ હોય એવો એકે મનુષ્ય દુનિયામાં નહિ હોય.

ભૂતકાળનો જે ભવ્ય વારસો આપણને મળ્યો છે તે જો આપણે કોઈ પણ વિષયમાં સાચવી રાખ્યો હોય–માત્ર સાચવી રાખ્યો નહિ, પણ વધાર્યો પણ હોય–તો તે ગાલિપ્રદાનના વિષયમાં જ. આપણે દેશ ખોયો, વેશ ખોયો, પૈસો ખોયો; શરીરે પાંગળાં બન્યા, વિદ્યા ને શાસ્ત્રથી વંચિત થયા, એ બધું ખરું; પરંતુ આપણા પૂર્વજો કરતાં ગાલિપ્રદાનની કલા આપણો વધારે વિશાળ, વધારે ઊંડી ને વધારે સચોટ બનાવી છે એની કોઇથી ના પાડી શકાય એમ નથી. અસલ ન્યાત મળતી તે વેળા જે ગાળોની આપ-લે થતી તે કરતાં વધારે સુન્દર, વધારે સંખ્યામાં ને વધારે શિષ્ટ ને વધારે કલામય રીતે ધારાસભાઓમાં, ચુંટણી માટેની સભાઓમાં, મેળાવડાઓમાં ને વર્તમાનપત્રોમાં ગાલિપ્રદાનનો ઉપયોગ થઈ રહ્યો છે એ વિષે મતભેદનો સંભવ નથી. જેમ જીવનને પોષે એવાં સાધનો શોધવા કરતાં જીવનનો વિનાશ કરે એવાં સાધનો શોધવામાં આપણે વધારે ને અચૂક પ્રગતિ કરી છે, તે જ રીતે સ્નેહ, આદર આદિ ભાવના સુકોમલ શબ્દો કરતાં દ્વેષ ને તિરસ્કારથી પ્રેરાએલો ગાલિપ્રદાનના કઠોર શબ્દો વડે આપણો શબ્દકોશ દિવસે દિવસે વધારે ને વધારે સમૃદ્ધ થતો જાય છે. ગુજરાતી ભાષામાં ગાળોનો કોશ રચવો હોય તો એ કામ એટલું મુશ્કેલ છે કે સાહિત્ય પરિષદ જેવી સંસ્થા, બીજી અનેક સંસ્થાઓના સહકાર વડે, એ કામ પચાસ વર્ષે પણ પૂરું કરી શકે કે કેમ એ સંદેહાસ્પદ છે. એવો કોશ રચનાર પોતેજ, કોશનું કામ કરતાં કરતાં થાકી જઇને નવીન ગાળો બનાવતો થઈ જાય ને એ રીતે પોતાનું કામ મુશ્કેલ બનાવી મૂકે એવો સંભવ છે.

અને ગાળ દેવી એ કોઈ રીતે ખોટું નથી. દોઢડાહ્યાઓ ગમે તે કહે પણ મનુષ્યના હૃદયમાં જન્મથી જ કે તે કરતાં યે પહેલાંથી લડાઈની વૃત્તિ છે તેનો પ્રતિકાર ગાળ દીધા વિના થઈ શકતો નથી. દબાવેલી વૃત્તિ વિકૃત સ્વરૂપ લઇને મનુષ્યને પશુથી યે અધમ બનાવી મૂકે છે, એમ માનસશાસ્ત્રીઓએ સિદ્ધ કર્યું છે. ગાળ દીધાથી ઓછાંમાં ઓછી હાનિએ મનુષ્ય પોતાની યુયુત્સાને સંતોષી શકે છે. ક્રોધને જીતવો એ અશક્ય છે. ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે સામા માણસને મારી નાખવા કે મારવા કરતાં તેને ફક્ત ગાળ દેવાથી બહુ જ ઓછું નુકસાન થાય છે, એ વિષે તો કોઇને પણ સંદેહ ન હોઈ શકે. તેમજ ક્રોધને દબાવી રાખી પોતે ગાંડા થઇ જવા કરતાં સામા માણસને પંદર વીસ ગાળ દઇને એ વૃત્તિને માર્ગ આપવો એ વધારે શ્રેયસ્કર છે એ પણ સહેજે સમજાય એવું છે.

અને આપણા દેશમાં તો ગાલિપ્રદાન સિવાય બીજો માર્ગ દૃષ્ટિ હોય તોયે, લેવાય એમ નથી. આપણી પાસે શસ્ત્રાસ્ત્ર નથી. સમરાંગણમાં જઇને લડવાનો આપણને અભ્યાસ નથી. એ સ્થિતિમાં

આપણામાં રહેલી વીરરસની ભાવનાને વાણી સિવાય બીજો માર્ગ નથી. ગાલિપ્રદાન પણ આપણે છોડી દઈએ તો શીંગડાં ઉતારી લીધેલા બળદ જેવી આપણી સ્થિતિ થાય. આથી જ વ્યક્તિ સામે, સમાજ સામે, ધર્મ સામે, અધર્મ સામે, અન્યાય સામે, આપણામાં કેટલીક વાર પુણ્ય પ્રકોપ ઉભરાઈ આવે છે ત્યારે ભાષણ, લેખ, ચર્ચાપત્રાદિ દ્વારા ગાલિપ્રદાનનો ઉપયોગ કરી આપણે સંતુષ્ટ થઇએ છીએ.

અને ગાલિપ્રદાન હંમેશાં દ્વેષમૂલક જ હોય છે એમ પણ નથી. પ્રેમની યે ગાળો હોય છે. સરસ્વતીનો સમર્થ સેવક કાલિદાસ સરસ્વતીને અહં રંડે, અહં રંડે કરીને સંબોધે છે, તેની પાછળ સરસ્વતી પ્રત્યેનો એનો પ્રેમ જ છૂપાયો છે. પ્રેમીઓનાં પ્રણયકલહમાં પણ ગાલિપ્રદાનનો આશ્રય લેવાય છે, માતા શિશુને લાડથી ગાળ દઈ નાંખે છે અને ઘણી વાર આપણે પોતાની જાતને પણ ગાળ દઇને આત્મરતિને વ્યક્ત કરીએ છીએ.

પરંતુ આ બધા છતાં કલા લેખે ગાલિપ્રદાનની ઉપાસના કરનારા ઓછા છે. એ કલા છે, અને કાવ્યની પેઠે વ્યંજના એનું પ્રાણપ્રદ તત્ત્વ છે એ હજી ઘણાને શીખવાનું બાકી છે. સીધેસીધી ગાળ દઈ દેવાથી હૈયાંને નીરાંત થાય છે, એ ખરું, પણ એથી એનું કલાતત્ત્વ માર્યું જાય છે. કેટલાક માત્ર ટેવને લીધે જ, એનો પ્રયોગ કર્યે જાય છે. કોઈ કહે કે તમે ગાળ બહુ બોલો તો ને અસે નબાઈ લાગે ને જવાવમાં જણાવે, " હું સસરો ગાળ બહુ બોલું છું એમ કયા—એ તમને કહ્યું? જે એમ કહેતો હોય તેને—." તમે અહીં છાપી ન શકાય એવા એણે ઉચ્ચારેલા શબ્દો તરફ એનું ધ્યાન ખેંચી કહો કે " જુઓ હમણાં જ તમે ગાળ બોલ્યા " તો જરા વિચારમાં પડી જઈ એ કહેશે, " હવે જે ગાળ બોલે તેને—!" આવા નિરુદ્દેશ ગાલિપ્રદાનને કલાકૃતિ તરીકે ગણી શકાય નહિ.

સાહિત્ય અને કલા ઉદ્દેશપ્રધાન હોવાં જોઇએ કે નહિ એ વિષે ચર્ચા કરવી નકામી છે. પરંતુ ગાલિપ્રદાન પાછળ કોઈ ઉદ્દેશ રહ્યો ન હોય તો એનું કલાતત્ત્વ સચવાતું નથી, એ ખરું છે. એનું કારણ એટલું જ છે કે સાહિત્યની અન્ય કૃતિઓની પેઠે એનો જન્મ ચિત્તના સંક્ષોભમાંથી થાય છે. અને સામાજે અસર કરવા ખાતર એનો પ્રયોગ કરવામાં આવે છે. બીજી કલાની પેઠે લોકોત્તર આનંદ કદાચ એ નહિ આપી શકતી હોય, પણ એમાં વાંક કલાકારનો નથી, ભોકતાનો છે. ગાલિપ્રદાન પણ કલાનો વિષય છે ને એનો ઉદ્દેશ સર્જક તેમજ ભોકતા બંનેને લોકોત્તર આનંદ આપવાનો છે, એટલું જો બધા સમજી જાય તો પછી અવનિમાં સ્વર્ગ ઊતર્યા વિના ન રહે. અને કદાચ ન ઊતરે તો સ્વર્ગને ગાળ દઈને સંતોષ ને સુખનો અનુભવ તો આપણે કરી શકીએ.

***

એક જણાએ વળી મને ભાંડણકલા વિષે પુછાવ્યું છે કે એ કેટલી પ્રાચીન છે, ક્યારથી શરૂ થઇ ને ક્યારે એનો અંત આવશે? એ કેટલી પ્રાચીન છે તે તો રામાયણ વાંચનાર સૌને ખબર છે. ઘોબીઘોબણ એ રીતે અમર થઈ ગયાં. અને વધુમાં એનો ઉપયોગ તો એ કે જો ભાંડણકલા ન હોય તો દુનિયાના બે અદ્વિતીય ગ્રંથો પણ ન હોય–વાલ્મિકી રામાયણ ને ' ઉત્તર-રામચરિત.' એટલે દરેક સારા લેખકે જો અદ્વિતીય ગ્રંથ લખવો હોય તો ભાંડણકલા વિષે કાંઈક તો જાણી લેવું ઘટે. મુદ્રિત કુમુદચંદ્રમાં દેવસૂરિ–અસમર્થા एव वयं कलहकर्मणि—એમ કહીને કલહના સામર્થ્યનો સ્વીકાર કરે છે. બીજું કાંઈ ન આવડે એને પણ ભાંડણકલા તો આવડે જ. ને એ એટલી સહેલી છતાં, જે એ વાપરે, એ મહાન ગણાય એવી એની ખૂબી છે.

જુઓને, હિટલરે કહ્યું કે અંગ્રેજો આ વખતે એવી રીતે બહાદુરીથી લડવાના છે—કે એક પણ ફ્રેંચ બચ્ચો જીવતો ન જાય! એણે આ ભાંડણકલા વાપરી અને તુરત અંગ્રેજોએ લશ્કર ન મોકલ્યું? હવે એ બીજી ભાંડણકલા વાપરી શકે કે તમને—ફ્રેંચોને મદદ કરવા અંગ્રેજો કેમ આવ્યા? કારણ કે મારી સુરંગો જોઇને મારે ત્યાં આવે તેમ નથી, એટલે તમારે ત્યાં આવ્યા. હવે એ તમારી છેલ્લી રોટી ખૂટશે ત્યાં સુધી પડયા રહેશે–કારણ કે તેમને ત્યાં ખાવા નથી!

આવી રીતે આ ભાંડણકલા મારફત તમે ધારો તે સિદ્ધ કરી શકો. એમાં તમે વસ્તુ સિદ્ધ કરી શકો છો–ને છતાં તે સિદ્ધ કરવા માટે તમારે કોઈ વસ્તુનો ખપ પડતો નથી એ એની ખૂબી છે. —' ધૂમકેતુ '—

નોંધપોથી અહીં કરાવે છે—

પત્રકારના જીવનમાં ડોકિયું

લેખક: શ્રી. "**સંત્રી**".

૧૫ મી મે, ૧૯૩૮
રાતના નવ.

દિનચર્યા લખવા તો બેઠો છું, પરંતુ તેમાં દિલ ચોંટતું નથી. એમાં એનો વાંક પણ શો? અત્યારે કૉંગ્રેસી પ્રધાન મંડળોની હુંફ તળે નિરક્ષરતા-નિવારણની લડત ધમધોકાર ચાલી રહી છે. વિદ્યાર્થીસંઘો તરફથી પણ ગ્રામપ્રવાસો, ગ્રિષ્મશાળાઓ વગેરેના થનગનતા કાર્યક્રમો યોજાયા છે. અને એટલે "કંઈક કરું, કંઈક કરું" નો ઊંડો ઊંડો ખટકો અનુભવતા ઘણાબધા યુવક-યુવતીઓને બેસવા માટે મનફાવતી ડાળ સાંપડી ગઈ છે. મેં પણ મારા મનગમતા ક્ષેત્રમાં પેસવા પ્રયત્ન કર્યો. ગુજરાતના આગળ પડતા ને અંગાર વેરતા દૈનિક વર્તમાનપત્રના શ્રી. "ય" અને ગઝનવીને સારો સંબંધ છે. એમના પત્રમાં બિનવેતને મને તાલીમ મળે તેવો પ્રબંધ કરવાની ગઝનવીએ "ય" ને ભલામણ કરી. શ્રી. "ય" એ તેનો બંધો જવાબ વાળ્યો :

"પત્રકારિત્વમાં પડવા એમણે શું કામ તલપાપડ બનવું જોઇએ? ધન કે કીર્તિ કમાવાની એમની મુરાદ હોય તો તે નિષ્ફળ જવાની છે. ને જો જનતાની સેવા જ કરવી હોય તો બીજા કયાં ઓછા ક્ષેત્રો છે? યુવાનો માટે તો નિરક્ષરતા નિવારણની પ્રચંડ લડત અત્યારે ચાલી રહી છે. એમાં જ જોડાઈ જાય તે ઇષ્ટ છે....."

સાંભાળીને મને થયું, "કપાળ તમારું. તમેજ ડબ્બે પુરાયા ઢોરની જેમ પત્રકારિત્વમાં ઘૂસી ગયા છો, ત્યારે પછી રાષ્ટ્રીય રાજકારણનું અમલ પીને પત્રકાર બનવા તલસતા યુવાન લોહીની નાડ પરખવાનું તમારું તે શું ગજું?"

* * * *

૮ મી નવેમ્બર, ૧૯૩૯
રાતના સવાદશ.

હમણાં હમણાં તાલકું તેજ કરવા માંડ્યું છે કે શું? પરંતુ કદાચ આગલી શરૂઆત જ ખોટી નહોતી? પત્રકારિત્વને સીધી approach કરવાને બદલે, કેટલાક રાજદ્વારી નેતાઓએ અને પત્રકારોએ કર્યું છે તેમ રાજકારણદ્વારા જ પત્રકારિત્વમાં પેસવાનો મારે પ્રયત્ન કરવો જોઇતો હતો. વિદ્યાર્થીઓના રાજકારણમાં ઝંપલાવ્યું તો અખિલ હિંદ વિદ્યાર્થી ફેડરેશનના મુખપત્ર "Students' Call" માં સ્વતંત્ર ક્ષેત્ર મળ્યું. સાથેસાથે ઉદ્દામ કાર્યકરો અને પત્રકારોનો સંસર્ગ પણ થયો. મારા લખાણો માટે, "હિંદુસ્તાન-પ્રજામિત્ર" માં મર્યાદિત સ્થાન તો સર પણ થઈ ચૂકયું છે.

અત્યારે જો કોઈ દેવી રિઝાઇને મને કહે. "માગ, માગ," તો હું માગું, માત્ર એટલુંજ કે, "ભલા થઇને આ કૂચ અટકી ન પડે એટલું જોતા રહેજો!"

* * * *

૧૨ મી માર્ચ, ૧૯૪૦
સાંજના સાડાસાત.

હા.....શ! અભિનંદન! હવે તો ઠેકાણે પડી ગયો. પણ તોય, આ દાંત વડે ખીલા ખેંચવાના પ્રયત્નોમાં લહેર તો પડી! પણ હવે એ બધું પતી ગયું. આજે શ્રી. " ૨ " ની મહેનતથી બધું સાંગોપાંગ ઊતરી ગયું. ગુજરાતની કલા, સંસ્કારિતા અને વિચારકતાની ત્રિવિધ મૂર્તિના પ્રતિનિધિ ગણાતા..... પત્રમાં હું ગોઠવાઈ ગયો. આંગળીના વેઢે ગણી શકાય તેવા ગુજરાતના અભ્યાસી પત્રકારોમાં તેના તંત્રીનું સ્થાન મોખરે છે. સંસ્કૃત સાહિત્યનો તેમણે પ્રખર અભ્યાસ કર્યો છે. " સમાજશાસ્ત્રી "ના તખલ્લુસ તળે લખાએલી તેમની લેખમાળાએ ગુજરાતના વિચારકોને અને સેંકડો આદર્શઘેલા યુવાન-યુવતીઓને આકર્ષ્યા હતા. અને માનસશાસ્ત્ર, જાતીયવિજ્ઞાન અને રાજનીતિ તથા માર્કસવાદના તો તેઓ અચ્છા અભ્યાસક ગણાય છે. તેમણે સહાનુભૂતિપૂર્વક બધી ગોઠવણ કરી આપી. રાત્રે સૂવાનું પણ પ્રેસ ઉપરની કલબમાંજ ઠર્યું. " ૨ " એ પથારી-પાગરણ લાવવાની સૂચના મને આપી, પરંતુ " નીચે સૂવાની મને ટેવ છે, એટલે હરકત નહિ " એવો જવાબ મેં વાળી દીધો. તેમણે પણ હસતાં હસતાં કહ્યું, " ઓહો! ત્યારે તો સરસ. પાથરવા માટે રફ કાગળો લઇને, આપણા આ લાંબા ઓફીસટેબલ પર સુઈ રહેજો. જયસિંહને કહેજો એટલે ટેબલ પરથી બધું ખસેડી લેશે. ને ઓઢવાનું અહીં શાંતિ પાસેથી માગી લેજો."

* * * *

૧૪ મી માર્ચ, ૧૯૪૦
સવારના સાડાદશ.

કાલે માણી જીંદગીની પહેલી સોહાગ રાત!—પત્ની સાથે શયનગૃહમાં નહિ, પરંતુ કલમ ને કાગળ સાથે પ્રેસમાં! ઓફીસનું આખુંયે વાતાવરણ કેટલું ખીચોખીચ ને ભરચક લાગતું હતું! જિંદગીમાં યુવાનને ખાલીખમતા જ સાલે છેને! અને એટલે તો તે જિંદગીમાં ભરચકતાને ઝંખે છે. એક ખીલે બંધાઇને બેસી રહેવાનું યુવાનને ભાગ્યેજ ગોઠતું હશે.

શ્રી. " ૨ " એ પહેલવહેલો " યુ. પી. "નો તાર મને આપ્યો. એમણે તો વિગતવાર સમજ પાડીને આખી રૂપરેખા દોરી આપી. પ્રથમ હું " યુ. પી." અને " એ. પી. "ના તાર પર હાથ અજમાવું. હાથ બેસી ગયો લાગે એટલે રૂટરના તાર કરવા. ને પછી પત્રિકા-પુસ્તિકાઓની સ્વીકાર-નોંધ લખતાં મારે જાણી લેવાનું. આટલી મજલ કાપ્યા પછી મારે સભા–સરઘસો વિ. જાહેર કાર્યક્રમોનું રિપોર્ટીંગ હાથ ધરવાનું. એ પછી હું " Free-Lance Reporting " develop કરીશ. તેના પર હથોટી બેસી ગયા પછી Dispatches ઘડવાની તાલીમ લેવી. અને છેવટે પ્રેસમાં જઇને " પેજ બંધાવતાં " શીખી લેવાનું.

આજે રાત્રે તો મેં ચાર પાંચ તારો જ કર્યા. સવા બે વાગ્યે રૂટરના Tele-printer પર છેલ્લો તાર જોઈ લીધા પછી અમે કાગળ–કલમને સુવાડી દીધાં. પોણા ત્રણ વાગ્યે પ્રૂફ ઉપર આવ્યાં. તંત્રીએ તેના પર દસ્કત લખી આપ્યા એટલે અમે સૂવા ઊઠયાં.

શાંતિના આગ્રહથી મેં તેની ચટાઈ ઉપર જ ઝુકાવ્યું. કલબના રૂમનો દિમાગ કોઈ ધર્મશાળાને છાજે તેવો હતો. ખૂણે ખાંચરે ને આડેઅવળે, દાબડાઓ, ટંકડીઓ અને પથારીના વીંટા પડ્યા છે. બધા સૂત છે, પણ જાણે કે વિચિત્ર અંગભંગનો પોઝ આપતાં આપતાં!!

ઊંઘવા પ્રયત્નો ખૂબ કર્યા પરંતુ ઊંઘ શાની આવે? નીચે પ્રેસ ધમધમી રહ્યું હતું ને ઉપર માંકડનો મારો ઝીલવાનો હતો. વચ્ચે વચ્ચે બીબાં સાથે આંખો ફોડીને ઊંઘને શરણે ગએલા કંપોઝીટરોના બક-

વાદ્યના શબ્દો પણ કાને અથડાતા હતા. અને કામદારોની અવરજવરના કારણે બત્તીની ઉઘાડબંધ તો સતત ચાલુ જ હતી.

* * * *

૧૫ મી માર્ચ, ૧૯૪૦
રાતના સાડાનવ

રટરના તારો પર હાથ બેસી ગયો છે એટલું જ નહિ પરંતુ રિપોર્ટીંગ પણ શરૂ કરી દીધું છે. ગઈ કાલે એક વિરલ તક ઝડપી લીધી. મજૂરનેતાઓની ધરપકડો અને વિગ્રહની મોંઘવારીથી ઉકળી ઊઠેલા મજદૂરોના પ્રતિનિધિઓ સેંકડોની સંખ્યામાં અ. હિં. ટ્રે. યુ. કોંગ્રેસના ખાસ સંમેલનમાં ઊતરી પડ્યા હતા. તંત્રીએ મારી શક્તિનો કયાસ કાઢતા હોય તેમ મીટ માંડતાં પૂછ્યું, " હિંમત છે? કરી શકશો? "

મેં પુલકિત બનીને જવાબ દીધો. " હા. હા. "

" ઉપડો. "

" જઉં છું. "

દોઢ તો વાગી ચુક્યો હતો. અને અઢી વાગે ખુલ્લી બેઠક શરૂ થવાની હતી. પડદા પાછળની મંત્રણાઓ તો વહેલી સવારથી શરૂ થઈ ગઈ હતી. પેડ ને પેન્સીલ લઈને હું બસમાં કૂદી પડ્યો.

એક ઉડતી નજરે જ સંમેલનમાં ઉછળતી ઉત્સાહની છોળોમાં છબછબિયાં કરવાનું મન થઈ જાય તેવું હતું. હિંદના પીઢ મજૂરનેતા શ્રી. એન. એમ. જોષીથી માંડીને કોઈ ચર્મોદ્યોગના મંજૂરમંડળ, કોઈ ઝાડુવાળામંડળ અને કોઇ ઘાણીના મજૂરમંડળના અદના પ્રતિનિધિઓ સુદ્ધાં અહીં જમા થયા હતા. એ લોકો ચુનંદા ભાષણકારો નહોતા પરંતુ દમબદમ ધગશીલા હતા. બંગાલે તો એક મોટી ટુકડી મોકલી હતી. અધિવેશનના પ્રમુખ ડૉ. સુરેશચંદ્ર બેનરજી, મૃણાલકાન્તિ બોઝ (ઉપતંત્રી, અ. બઝાર પત્રિકા) આફતાબઅલી (હિંદી નાવિકમંડળના મહામંત્રી) ડૉ. ચારુચંદ્ર બેનરજી, ભૂપેન્દ્ર સન્યાલ વ. મુખ્ય હતા. શરીરે સુકલકડી, પરંતુ ચહેરા પર શોષકોને કાચા ને કાચા ખાઈ જવાની કરડાકીવાળા ગોપાલ હલ્દર અને જોગેશ ચેટરજીને યુક્તપ્રાંતે મોકલ્યા હતા. મધ્યપ્રાંતમાંથી રઈકિર આવ્યા હતા. દિલ્હીવાળા ચંદ્રોળીબી ભી યહાં તશરીફ લાયી થી. પંજાબના ઉદ્દામ કાર્યકરોમાંના ઘણાખરા તો સરકારી સાફસુફીમાં ઝડપાઇને જેલમાં ધકેલાઈ ગયા હતા. અને મુંબઈના માંડવા પક્ષે, નિંબકર, કણીંક, મણીબ્હેન, ગોદાવરી ગોખલે, એસ. સી. જોશી, જુલ્મીરામ ચૌધરી વ. મુખ્ય હતા. મદ્રાસમાંથી ગુરુસ્વામી અને ગિરિ (માજી મહાસભાવાદી પ્રધાન) આવ્યા હતા. આ બધી તો Big Guns. બાકી ભાષણ કરતાં જેને આવડે નહીં એવા પોતડી–પંચિયા જેવું ધોતિયું કે ઊભા ચીરાવાળા લેંઘા ચડાવેલા સેંકડો મજદૂર–પ્રતિનિધિઓ જોરશોરથી એમનું દુઃખ ગાવા અહિં ઉપસ્થિત થયા હતા. સતત પાંચ કલાક સુધી બેઠકનું કામકાજ ભર્યાભર્યા વાતાવરણ વચ્ચે ચાલુ રહ્યું.

ગંભીર જવાબદારીવાળું આ પહેલવહેલુંજ " Function " મેં " cover " કર્યું હતું. એ પાર પાડ્યાનો આનંદ " Ful-page" અહેવાલ છપાયેલો વાંચતાં, અને તંત્રીના અભિનંદન સ્વીકારતાં, ખરેખર અવર્ણનીય જ બની ગયો હતો. ને ઓફિસ તરફથી વેતન દાખલ મળેલી નોટો પર મેં અક્ષરો પાડ્યા, " પત્રકારિત્વની પહેલી પ્રસાદી."

* * * *

૧૭ મી માર્ચ, ૧૯૪૦
રાતના દશ.

ટ્રે. યુ. કોંગ્રેસના અધિવેશનના સંસ્મરણો તાજા જ છે. એટલે એના અજવાળામાં ગુજરાતી પત્રકારિત્વની છબી કેવી ઊઠે છે તેનું નિરીક્ષણ કરવાનું મન સ્વાભાવિક રીતે જ થઈ જાય છે.

એને ગુજરાતી પત્રકારોનું એદીપણું–હા, એદીપણું નહીં તો બીજું શું કહી શકાય? પ્રજામતના ઘડતરમાં જબ્બર ને સંગીન ફાળો પુરાવવાનો વ્યાજબી દાવો કરનારા, આધુનિક યુગમાં વર્ગીય હિતની રક્ષા માટે સર્વત્ર સ્વીકાર પામેલી સંગઠ્ઠન વ. ની નીતિઓથી અજાણ હોવાનું બહાનું તો કેમ કાઢી શકે? આજે મુંબઈના હોટેલના પોરીયાઓ પોતાનું મંડળ સ્થાપીને અવસર આવ્યે માલીકો પાસે પણ નીચી મુંડીએ અંગૂઠા પકડાવી શકે છે. કાલાં ફોલવાની રોજીમાં ધરખમ કાપ મુકાતાં, વિરમગામની પછાત મજૂરણો–ગુજરાતી બરીઓ! પણ સંગઠ્ઠન સાધીને હડતાલ પર ઊતરી શકે છે. પણે લાહોરમાં વળી ટાંગાવાળાઓ પોતાનું યુનીઅન જમાવીને સંતોષકારક દરો ન મળતાં, શહેરી બાવાઓને ગુડીયાવેલમાં મુસાફરી કરવાની ફરજ પાડી શકે છે. કલકત્તામાં હજામો પોતાની પરિષદ ભરીને સેફ્ટી રેઝરને પોતાનો જની, કટ્ટર દુશ્મન જાહેર કરે છે. તો વળી ત્યાંનાજ ઝાડુવાળાઓ એક "બેગમ"ની સરદારી નીચે વીસવીસ હજારની જંગી સંખ્યામાં અંકોડાબંધ હડતાલ પાડીને સંગઠ્ઠનનો પરચો બતાવી શકે છે. ને મુલતાનના ખાટકીઓ પણ મનમાન્યાં મૂલ ન ચુકવાતાં માંસાહારીઓને ઉપવાસ પર ઊતરવાની ફરજ પાડી શકે છે !!!

પરંતુ ગુજરાતના પત્રકારો આ દોડતી દુનિયા સામે આંખ મીંચીને બેસી રહ્યા છે. ગુજરાતના પત્રકારો વેંતિયા છે? ના, ના, હજારવાર, ના. પ્રજાજીવનમાં ઊંચા આસને વિરાજતી વ્યક્તિઓને પણ અસહ્ય સંજોગો ઊભા થતાં, ગબડાવી પાડવાની શક્તિ ગુજરાતના પત્રકારે પુરવાર કરી આપી છે. પરંતુ એ જ પત્રકાર આજે એકંદરે સામાન્ય કારકુન–મહેતાજી જેટલો ૩૦–૩૫ ના ગાળામાં અથડાતો પગાર મેળવે છે. આ નગદ સત્ય છે, બોજૂદું સત્ય છે. ગુજરાતનો પત્રકાર, પોતાના વર્ગીય હિતો પ્રત્યે, મજૂરોથી પણ બેચ બનીને, ગામડી બેદુ જેટલીજ ઉપેક્ષા સેવે છે. "ગુજરાત પત્રકાર સંઘ" જેવી કોઈ સંસ્થાની જનતાને જાણ નથી. એવું કોઈ સડેકલું જીવતું હશે તો તેના પર છવાએલું નિષ્ક્રિયતાનું કફન એને મડું માની લેવા આગ્રહ કરે છે.....

* * * *

૧૯ મી માર્ચ, ૧૯૪૦
રાતના નવ.

છેલ્લી નોંધ આજે ફરીવાર વાંચ્યા પછી ઘડીભર એવું લાગ્યું કે હું ગુજરાતી પત્રકારો પર વિના કારણ ઊતરી પડ્યો હતો. પણ ના, એવું નથી.

આ યુગ જ પીડિતોના આર્તનાદનો છે, એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. રાજકારણમાં નજર નાખીશું તો કિસાન–મજદૂરોનાં શોષણ અને મૂડીવાદીઓ–જમીનદારો–રાજવીઓની ત્રિપુટીનાં દમન સામેની કારમી કિકિયારીઓ જ આંખ સામે અફળાશે. સામાજિક સેવાના ક્ષેત્રમાં દૃષ્ટિપાત કરીએ તો તેમાં પણ રૂઢિ અને કુરિવાજોના ભોગ બનેલાઓનીજ વકીલાત આગળ તરી આવશે. વિધવાઓ, બાળલગ્ન, પુનર્લગ્ન, લગ્નસંસ્થાની કાયાપલટ વ. પ્રશ્નોની ખૂબ ગરમાગરમ ચર્ચા દ્વારા પણ અંતે તો પીડિતોનો જ પક્ષ ખેંચવામાં આવે છે. સાહિત્ય પણ આ યુગવર્તી લડતમાં હકારનો સૂર પૂરાવે છે. બલકે પીડિતોના શોષણ અને શોષકોનાં દમનનું ચિતરામણજ આજના સાહિત્યની પ્રધાન લાક્ષણિકતા બની ગઈ છે. સઈ, સુતાર ને વાંઝા–વણકર જેવા વસવાયા વર્ગથી માંડીને, મોતી બીડીવાળી, લાખો વણકર, રૂડકી વાઘરણ ને

જાજરૂનું જતન કરનારી માલી ભંગીયણ સુધીનાં શોષિત પાત્રોપર રચાએલી કૃતિઓ સાહિત્યમાં સવિશેષ આદર પામે છે.

પરંતુ સરતચૂક કે ચસંપોષી–ગમે તેને લઇને, પણ અથડાતો, ખરડાતો ને ચૂસાતો રહેતો એક દૂઝણી ગાય જેવો વર્ગ, ગુજરાતની આંખે ચડવો રહી ગયો છે. ખૂબી તો એ છે કે જીવન સાથે સંકળાએલી વિરાટ ને વામણી સઘળીયે વાતો અને દુનિયાની રોજબરોજની પ્રવૃત્તિઓ પર પ્રકાશ ફેંકીને પ્રજામત ઘડવાનો જેનો ધંધો છે તે પત્રકાર પોતાનેજ એવફા નીવડ્યો છે. ઇસપની નીતિકથાનો પેલો આરબ, જેમ ગધેડાં ગણતાં ગણતાં પોતાની સવારીનાં ગધેડાને ગણવાનુંજ ભૂલી જતો એવોજ કંઈક ખોટકો ગુજરાતના પત્રકારોના મગજમાં થયો લાગે છે.

પરંતુ એનો અર્થ એમ પણ નથી કે પત્રકારોનાં મીંડાની બહાર વસતા ગુજરાતના Intelligenstia એ આ વસ્તુસ્થિતિ પ્રત્યે આંખમીંચામણાં કરવા જોઈએ. It is a conspiracy of silence on their part. હજારો હાથમાંથી પસાર થઈ જતા આઠ-દશ પાનાના મામુલી છાપાની સજાવટ પાછળ કેટકેટલા કંપોઝીટરોની ઊંડે ઊંડે તગતગતી ડરામણી આંખોનો, કેટકેટલા ઉપતંત્રીઓની યાંત્રિક તાલબદ્ધતાથી દોડતી આંગળીઓનો અને ખેંચાઈ ખેંચાઇને તૂટું તૂટું થઈ રહેતી મગજની નાડોનો ભોગ પડ્યો છે–તેની પાછળ કેટલી કાળી જહેમત Bloody strain નો ખર્ચો થયો છે તેનું જનસમુદાયને ભાન હોતું નથી. મધમાખીઓ સારાયે વનમાં ભમીને પ્રકૃતિના અર્ક જેવા મધનો સંચય કરીને અતિ પરિશ્રમ પછી રૂડો–રૂપાળો સુંદર નકશીવાળો મધપૂડો બાંધે છે. પરંતુ બ્રહ્માને શું સૂઝયું તે મનુષ્યના મગજમાં ભમરો મૂક્યો, અને મનુષ્યને તેથી આ મધપૂડો તટકાવી જતાં જાજી વાર નથી લાગતી. પત્રકારોની એક જંગી પલટણે પણ પૃથ્વીના પડ પર ઠેકઠેકાણે રઝળી-રવડીને એકઠો કરેલો માહિતી સંચય, શેરી–પેઢીનો આદમી બેચાર ફદિયાંની થપાટ મારીને ઝૂંટવી લે છે. અને શ્વાસની ધમણ ધમતાં પત્રકારનો પરસેવો સૂકાઈ જાય તે પહેલાં તો ઘડી પહેલાનું તાજું છાપું વાસી બની જાય છે!

કારણ કે વાચક જનતાને ખ્યાલ નથી હોતો કે રૂટર, ડી. એન. બી., ટાસ, ડોમઈ, એ. પી., રૉઇની વિગેરે ડઝનબંધ ન્યુઝ એજન્સીઓની પ્રતિનિધિ સેના દુનિયાનો ખૂણેખૂણો ખૂદીને Bales of news stuff–સમાચારની ગાંસડીઓ પત્રની ઓફિસમાં ઠાલવે છે. રિશ્ટાગ સમક્ષ હિટલરના ભાષણથી માંડીને કોઈ ગામડામાં થએલા લાલ માછલીના વરસાદ સુધીના સમાચારો તેમાં ભેળસેળ થયેલા હોય છે. તંત્રીમંડળના સભ્યો તેમાંથી ટપોટપ ખપના સમાચારો તારવવા લાગી જાય છે. સેન્સરની ચાળણીમાંથી ચળાઈ ગયું હોવા છતાં તેમાંથી કેટલું સરકાર–માબાપને આકરું લાગશે, કેટલું પત્રના સંચાલકોની નાખુશી વહોરી લેશે ને કેટલું વાચકોની ધરાકી મેળવી આપનારું છે એ બધા નિર્ણયો વિજળી વેગે કરવા પડે છે. પાછળ વધેલું વીણામણ કચરા–ટોપલીને સ્વાધીન થાય છે. તંત્રી પોતે તંત્રીનોંધ અને તંત્રી લેખના શિકારની તલાશમાં નીકળી પડે છે. ઠીકઠીક વાર સુધી ભેજું કસ્યા પછી એ પોતાના દિમાગને કેટલીક વખત તો કૃત્રિમ ગરમી આપીને, ઊર્મિના ઉફાળા લાવવા પ્રયત્ન કરે છે. ને અંતે એની કલમમાંથી જોઇતો મસાલો વેરાતો આવે છે.

બીજી બાજુ ચબરાક વૃત્તતંત્રી (News Editor) પણ કામે લાગી જાય છે. જુદા જુદા સમાચારોને એમના જોગ સ્થાનમાં ગોઠવવાની વ્યવસ્થા તેને જ કરવાની રહે છે. સાથે સાથે પત્રની નીતિની આછેરી ટકોર લગાવી જતા પેટા–મથાળાઓ પસંદ કરવામાં પણ તે પોતાના મગજને સારી કસરત આપે છે. સ્થાનિક પ્રતિનિધિઓ પણ શહેરની હવામાંથી ઊંચકી લેવા જેવું ઉઠાવી લાવીને હાજર થઈ ગયા હોય છે. રજનીની ગોદમાં ભરાએલા દંપતીમાંના પતિ જ્યારે પત્નીના ઉમળકા ભર્યા શબ્દો ચગળી રહ્યા

હોય, ઉન્હા રોમાંચ અનુભવતી પત્નીના અધર જ્યારે પતિ ચૂમી રહ્યા હોય, ત્યારે, એવી મધરાતે, પેલો પત્રકાર અહીં લાડીલા શબ્દોને બદલે પાંદડા ચાવીને, પ્રિયાના અધર પામવાને બદલે સિગાર ઉપર સિગાર ચૂસ્યે રાખીને, રૂટરની "કોપી" ઉપર "કોપી" આગળ ધકેલતો જાય છે. નીચે પ્રેસ-વિભાગમાં, બગલાની ડોક માફક આંખો તાણી તાણીને કંપાઝીટરો પોતાની તડફડતી આંગળીઓ વડે છાપાનું માળખું ઊભું કરવા લાગી પડ્યા હોય છે. આ ઘોડદોડમાં પાછળ પડ્યા વગર પ્રુફ-રીડરો પણ ઊંધું ઘાલીને "ગેલી" પછી "ગેલી" ઉપર પુરપાટ નજર દોડાવતા જાય છે. કયાંક એકને બદલે બીજો રેઢિયાળ શબ્દ ઘુસી ગયો હોય કે કાના, માત્ર જેવા "ખેપાનીઓ" કયાંક રખડવા ચાલી નીકળ્યા હોય કે પછી બેચાર શબ્દોની આખી ટોળકીજ સહેલગાહે ઉપડી ગઈ હોય તો એ બધા સામે પ્રુફ-રીડર "સમન્સ" (summons) કાઢે છે !

ભૂમિકા રચાઈ ગઈ છે. વૃત્તતંત્રી "પેઇજ બંધાવવા" નીચે ઊતરે છે. ને આખા પ્રેસમાં અદ્‌ભનું વાતાવરણ પથરાઈ જાય છે. કાપકૂપી પછી સુધડ બનેલા સમાચારો પર પણ ફરી છેલ્લી વાર જરૂર જોગાં નસ્તરો મૂકાય છે. તંત્રીખાતાની જવાબદારી અહિં પૂરી થાય છે. પેઇજ પછી પેઇજ મશીન પર ચડે છે. ને રોટરી ધમધમી ઊઠે છે. આ બધી લોહીનું પાણી કરનારી વિધિઓને અંતે ચાર દોઢિયાનું છાપું બહાર પડે છે !

* * * *

૨૦ મી મે, ૧૯૪૦
રાતના સાડાનવ.

હવે તો ગાડી પાટે ચડી ગઈ છે ને મંડી છે દોડવા વાજોવાજ. ટ્રે. યુ. કોંગ્રેસ પછી બીજું મહત્ત્વનું Function હમણાંજ કર્યું. રાષ્ટ્રીય મહાસભાની કારોબારીના મહારથીઓ ગંભીર મસલત ચલાવવા ભૂલાભાઈના "હસમન મહાલ"માં એકઠા થયા હતા. સાંજના ચોપાટી પર જંગી સભા ભરાઈ. મૌ. આઝાદ તો આવી ન શકયા, પરંતુ એમના અમીરી ઓજસ ને લડાયક જુસ્સાની ખોટ સરહદ પ્રાંતિક મહાસભા સમિતિના સરનશીન ખાન અલ્લી ગુલખાને તથા કેળવણી પ્રધાન ભંજુરામ ગાંધીએ કળાવા ન દીધી. ગોવિંદ વલ્લભ પંતના જેવું પડછંદ કાઠું અને ફાટફાટ થતો સીનો ધરાવતા ભંજુરામ ગાંધીએ તો તેમની તલવારની પીંછી જેવી તેજીલી ને ધાટીલી ઉર્દુ જબાનમાં સરકારનાં પોતિયાં આંચકી લીધાં. એમના લફ્‌ઝોમાં દર્દ હતું; એમના આવાજમાં ડણકતા વનરાજની ત્રાડ વસી ગઈ હતી. ખાન અલ્લી ગુલખાન તો ઉદ્દામવાદી રહ્યા એટલે તે તો ભંજુરામથી ચાર ચાસણી ચડે તેવા નીકળ્યા. અને અસફઅલ્લીનું ભાષણ ધારાશાસ્ત્રીય વળાંકવાળું હોવાથી ઊર્મિને ઉશ્કેરવાને બદલે વિચાર કરતા કરી મૂકવામાં વધારે કાર્ય-સાધક નીવડે તેવું હતું.

ચોપાટીની સભા વિખેરાઈ કે તરતજ માર માર કરતો હું દાણાબંદર પર જવાહરની સભા કરવા ઊપડ્યો. હું પહોંચ્યો કે થોડી જ વારમાં મૂર્તિમંત ચેતનસમા જવાહર, ધસમસતા એન્જીનની ગતિથી ટોળા-માંથી માર્ગ કાપતા આવતા દેખાયા. કુશળ તરવૈયાને પાણીના વ્હેણ પણ માર્ગ કરી આપે તેમ આ લાડીલા નેતાને, અહીં ઉમટેલો માનવસાગર રસ્તો કરી આપતો હતો. જવાહરની સાથે ડો. અતલ અને એક ચુનંદા સ્ત્રી કાર્યકર્તા હતા. દોઢ કલાક પર્યંત એકધારી ગતિએ ભાષણની રેલ રેલાવીને જવાહરે સર્વે ને મંત્રમુગ્ધ કરી મૂક્યા. જવાહરના શબ્દોની સાથે સાથે પેલા સ્ત્રી કાર્યકરના મુખ પર પલટાતી તેજછાયાની રેખાઓ પ્રશ્ન ઊપજાવતી હતી કે બન્ને એકબીજાને હુંફરૂપ થઈ પડ્યા છે એવી પ્રજાની મીઠી માન્યતા શું સાચી હશે ?

* * * *

૨૭ મી મે, ૧૯૪૦
રાતના નવ.

પ્રેસની ભીતરની દુનિયાનો ગણગણાટ કાને અથડાવા લાગ્યો ખરો. ગઈ કાલે કાને વાત આવી કે કેટલાક કંપોઝીટરોમાં સજાતીય વ્યભિચાર સારી રીતે પોષાઈ રહ્યો છે. ઘોર માનસિક ને શારીરિક અંધકારમાં ભટકતાં, તેઓ આવી ભેખડે ભરાઈ જાય તેમાં નવાઈ જેવું કંઈ નથી. ને પ્રશ્ન પણ એવો નાજુક છે કે તેમાં દરમિયાનગીરી કરવામાં ભારોભાર જોખમ સમાએલું છે.

જાણીતા ગ્રામ્ય કાર્યકાર શ્રી "લા" નો પત્ર હતો. તેમણે કાગળમાં ટાંકણીને બદલે બાવળની શુળ ખોસી હતી ! એ પણ એક idea છે ને ! તે લખે છે : "લાંબા અનુભવે મેં એ પણ જોયું છે કે આમ જનતાને સ્પર્શતાં નૂતન કેળવણીને ખૂબ સમય લાગશે. જ્યારે રેંટિયો તુરત સંપર્ક સાધે છે ખરો... ગઈ કાલે બે ગાઉ દૂર મુંઝીયાસરની ત્રણ બહેનો રેંટિયા લેવા આવેલી. "ગાંધી કાંતણું આપે છે" આટલો માત્ર એમને ખ્યાલ હતો. કાંતવાનો એમને જાજો મહાવરો નહિ. પરંતુ એ તો કહે, "તયેં અમે બેઠાં બેઠાં શું કરીએ ?" એ બહેનો તો કેટલીએ ઓળખાણો ને સિફારસો કરવા લાગી. મારા બાપાના બાપાને પણ યાદ કરીને કહ્યું કે તેમની માનું મોસાળ અમારા માવઝીંઝવે છે, અને તેને તમે રેંટિયા નહીં આપો ? આ બધી લાચારી જોઇને હું દુઃખમાં ગરકાવ થઈ જાઉ છું.....પુરુષો ચોરે ડાયરામાં બેસીને હૂકકો ગગડાવે છે. કાલે મારે ગામડે જવાનું થયેલું. ડાયરાને મેં કહ્યું. "કપાસ બે રૂપીએ મણ છે. તમારા લુગડાં પણ ફાટી ગયા છે. સાવ નવરા બેસવા કરતાં....."

તેઓ કહે, "રાંડોને એ જ કહીએ છીએ પણ કાંતે કોણ ?"

નડીઆદથી પણ.....ના પત્રમાં એવું જ રુદન ભર્યું છે. "ટાઇમ્સ"ની ત્રીશેક જાહેરખબરોમાં અરજીઓ કરી પણ ક્યાંય પત્તો બાધો નહિ. છેવટે લશ્કરી ખાતાને Royal Indian Navy માટે અરજી કરી, તો તે તરત પાસ થઇને આવી ! પણ સગાવહાલાં મને એમ લડાઈમાં હોમાવા દેવા તૈયાર નથી. મામીને ઘેર ચારપાંચ મહિનાથી આમ બેસી રહેવાથી હું બળખામણો બન્યો છું. બૈરાંઓ કહે છે, "સગાઈ કરી એટલેજ નપાસ થયો. અત્યાર સુધી કેમ પાસ થતો આવતો હતો ?" વિલ્સન કોલેજના પ્રોફેસરને જઇને જરા પૂછી આવે તો એ લોકો ?.....સૌને અકારો થઈ પડયો છું ને સાંજના લાયબ્રેરીનો બાંકડો ઘસીને ઘરભણી વળતાં પગ પણ પાછા પડે છે. રોજેરોજ, "બાયલો," "મુંજી" "બૈરીશૂરો" ને એવા તો કંઈક વિશેષણો ઉમેરાતા જાય છે. Wife જોડે પત્રવ્યવહારની ખાસ જરૂર છે ત્યારે એ પણ નથી થઈ શકતો.....હમણાં હમણાં તબીયત પણ ઠીક નથી રહેતી. આખે શરીરે ગરમી ફૂટી નીકળી છે. દાક્તરને શરીર બતાવ્યું તો કહે પંદર-વીસ ઇન્જેક્શન લેવા પડશે ! એને મારા ખાલી ખિસ્સાની જાણ ક્યાંથી હોય !.....ટૂંકામાં Inter સુધીના અભ્યાસે ઘડેલી સ્વમાનની લાગણી સાથે જીવવું મુશ્કેલ બન્યું છે. હવે તો એમ થઈ જાય છે કે આ બધી જંજાળ શાને માટે ? એમાંથી છૂટવાનો, ઘર છોડીને ચાલ્યા જવાનો એકજ માર્ગ દેખાય છે. પરંતુ વળી થાય છે કે ભવિષ્યની ગોઠવણ વગર ચાલી નીકળવું વ્યાજબી નથી... અત્યારે તો કંઈજ સૂઝ પ...ડ...તી...ન...થી...

* * * *

૨ જી જુન ૧૯૪૦
રાતના સાડાનવ.

મહાસમિતિની કટોકટીની બેઠક પુનામાં મળનારી છે. રાષ્ટ્રીય સરકારની સ્થાપનાની શર્તે હિંદના સંરક્ષણમાં સહકાર આપવાની તરફેણ મહાસભાનો એક વર્ગ કરે છે. રોયે તો બિનશર્તી સહકારના ઠરાવની

મહાસમિતિમાં નોટીસ આપી છે. એ સમાચાર વાંચીને મેં રોયની તકસાધુતા પર પ્રહાર કરતો, "કાકી-ડારંગી રોય" નામનો એક Dispatch તાબડતોબ લખી નાખ્યો. ગુજરાતી પત્રકારિત્વમાં ભેખધારી તપસ્વી જેવું સ્થાન ધરાવતા "હિંદુસ્તાન પ્રજામિત્ર"ની ઓફિસમાં હું જઈ પહોંચ્યો. ગાંધીજી, સરદાર, સુભાષ, જવાહર ને રોય એ સઘળાને આ પત્રે આવકાર્યા, ને જરૂર પડ્યે ફિટકાર્યા. એવું દૈનિક "હિંદુસ્થાન પ્રજામિત્ર" એના અંતકાળ સુધી ઠેઠ કોઈની શેહમાં તણાયા વગર, સમાજવાદના અણનમ પ્રચાર–વાજિંત્ર તરીકે જીવી ગયું. ઓફીસમાં આવીને મારા પરિચિત શ્રી. "લ" ને Dispatch બતાવ્યો. શિષ્ટાચાર ખાતર એકાદ મિનિટ આંખ ફેરવીને, કાગળિયાં ટેબલના ખાનામાં ધકેલી દેતાં તેમણે કહ્યું, "એટલા ઊંડા પાણીમાં ઊતરવાને તમે હજુ ઘણા નાના છો." એ સાભળ્યું ત્યારેજ મારી આંખ ઊઘડી કે પેધી ગએલા પત્રકારોના દુર્ગમાં માથું મારીને ગાબડું પાડ્યે બધું પતી નથી જતું. અંદર પેસવા પામ્યા પછી પણ પોતાના લખાણના પ્રકાશન માટે "નામ કમાવા" સારુ એટલી જ ઉગ્ર તપશ્ચર્યા કરવી પડે છે.

ધીમેધીમે પણ સંગીન રીતે હવે પત્રકારિત્વના ધમાલિયા જીવનમાં એકલતા સાલવા લાગી છે. ભાભીનો પત્ર સૂચક છે. "...તમને હમણાં ચેન નથી પડતું ખરૂં? પ્રેરણાત્મક મૈત્રીની ઉણપ રહેતી હોય તો પછી શા માટે બેસી રહ્યા છો ને મોણ ખાઈ રહ્યા છો?..."

* * * *

૪ થી જુન, ૧૯૪૦
રાતના અગિઆર.

મુંબઈના ગુમાસ્તા મંડળોના આશ્રય નીચેની સભાઓમાં હમણાં હમણાં એક ભેદી વ્યક્તિ આગળ તરી આવે છે. પોતાને બેંગલોરી લેખાવતો, શુટમાં સજ્જ થએલો એ યુવાન સભામાં ગાયનો ગાય છે. શંકા કરવાને કારણો મળ્યા છે કે એ યુવાન છૂપી પોલીસખાતામાં બાતમી આપતો હોવો જોઇએ.

એવી એક સભામાં સી. આઈ. ડી. રિપોર્ટર પંજાબના સિંધ સાથે લાંબી વાતો કરી. ઉપરથી તો એ ખુશનુમા અને સાફદિલ લાગતો હતો. સરકાર પાસેથી એ અઢીસોનો પગાર પડાવે છે. એની ઓળખાણ માગતાં મેં પૂછ્યું Hallow, friend, which Press do you represent? હોઠ મરકાવતાં તેણે ઉત્તર આપ્યો, "His Majesty's representative, friend!" એણે તો છૂટથી કહી દીધું કે આખરે તો આપણે બધાએ પત્રકારો છીએ. હું સી. આઈ. ડી. નો હોઉં તેથી શું થઈ ગયું? આપણા વચ્ચે ગાઢ મૈત્રી શું કામ ન જમી શકે?"

હવે વધારે વિસ્તૃત ક્ષેત્રમાં પડવાની ઇચ્છા થાય છે એટલે "સમી સાંજના અખબાર"ના તંત્રીને એક વગસીલા પત્રકાર મારફત મળ્યો. સ્વેચ્છાપૂર્વક બિનવેતને કામ કરવાની મારી તૈયારીનો એમણે ગળચટ્ટો જવાબ આપ્યો, "ગુજરાતને આજે તમારા જેવા નવલોહિયા પત્રકારોની જ જરૂર છે. પરંતુ અમે વેતન વગર કામ કરાવવા માગતા નથી. એવા શોષણ સામે તો અમારું પત્ર હંમેશાં જેહાદ જગાવતું આવ્યું છે. ને દિલગીર છું કે અમારા પત્રમાં અત્યારે વેતનવાળી જગ્યા ખાલી નથી." આનું નામ નરી ખંધાઈ જ કે પછી ખંધાઇને માથે શીંગડા ઊગતાં હશે?

* * * *

૭ મી જુન, ૧૯૪૦
રાતના સાડા આઠ.

નિતિન વિષેની શંકા સાચી પડી. એમની ન્યાત, જીવનની સુઘડતા અને જૂના બરની સંસ્કારિતા માટે જાણીતી છે. પરંતુ કુટુંબની નબળી આર્થિક સ્થિતિ અને પિતરાઇઓની અદાવતને કારણે આજ

બત્રીસ વર્ષે પણ એ વાંદ્રો રહ્યો છે ! કુટુંબના એવા સજ્જડ ચોકઠામાં એ પૂરાઈ ગયો છે કે ઉદ્દામ પગલું ભરવાની તેનામાં તાકાત રહી નથી. સમાજમાં નજરે ચડતા જાતીય પ્રલોભનોએ પ્રગટાવેલી ઉગ્ર વૃત્તિથી એનું જીવન બળીને ખાક થઈ રહ્યું છે. "I am dying inch by inch". એના સફેદ બનેલા બાલ, એના બેસી ગએલા ગાલ અને એના ચડતા રહેલા ચશ્માના નંબર પરથી તેણે તો ગણત્રી પણ કરી રાખી છે કે સુંવાળા સહચર માટે તડફડીઆં મારતાં મારતાં તે આ રીતે અઢી વર્ષથી લાંબુ નહિ જીવી શકે. એના દિલમાં જાતીય કામુકતા એટલી ભભૂકી ઊઠી છે કે દાદરના લોકલ સ્ટેશનેથી ગાડી પકડતાં પહેલાં પહેલેથી છેલ્લા ડબ્બા સુધી આંટો મારી આવીને જે ડબ્બાની દેખાવડી સ્ત્રી એના હૈયે વસશે તેજ ડબ્બામાં તે પોતાની બેઠક લેશે ! આજે કેટલાએ વખતથી નિતિન આ વ્રત અખંડ રીતે પાળી રહ્યો છે. કહો કે એને આદત જ પડી ગઈ છે. કારણ, એમ કર્યા વગર, "બીડી ફૂંકયા કરે પણ રસ્તો ખૂટતો નથી."

ગઈ કાલથી નિતિન.....કોર્ટ રિપોર્ટર બન્યો છે. એ જગ્યાનો મૂળ પગાર તો ત્રણ આંકડાનો છે પરંતુ નિતિનના તો પંચાવનના પંચાવનજ રહ્યા છે ! છતાંયે નિતિનને તેનો અફસોસ નથી. એક તો... કોર્ટ રિપોર્ટરને અગત્યના કેઇસજ કરવાના હોય એટલે ઓફિસમાં સૌ કરતાં વધારે આરામ મળે.

ને એક બીજી ખાનગી વાત. સારો કેઇસ હાથમાં આવી જાય તો બાર મહિનાના રોટલા પણ એક તડાકે નીકળી જાય ! !

* * * *

૧૦ મી જુન ૧૯૪૦
રાતના નવ.

કંપોઝીટર ચમનની કથની પણ જાણવા જેવી છે. માબાપ સાથે મેળ ન રહ્યો હોવાથી, પોતાની જ્ઞાતમાંથી સામેથી ચાલીને કન્યાની ઓફર આવવાની તેને આશા નથી. તેમજ કન્યા ખરીદી લાવવા જેટલી મૂડી બંધાવાની તેને આશા નથી. એટલે એણે એક વચલો માર્ગ ખોળી કાઢ્યો છે. જ્યારે જ્યારે પોતાની જાતીય વાસના સતેજ બને છે ત્યારે ત્યારે એ ગોવાનીઝ અને ક્રિશ્ચિયન Night clubs માં જઈ પહોંચે છે. અહીં તેને ચકચૂર બનાવનાર સુરા ને સાકી મળી રહે છે.

* * * *

૨૨ મી નવેમ્બર ૧૯૪૦
રાતના દસ.

એના જેટલું કરુણ બીજું શું હોઈ શકે ? આખી જિંદગી ઝઝુમવામાં ગાળીને ગુજરાતનું એક ધ્યેયલક્ષી દૈનિકપત્ર બંધ પડ્યું ત્યારે સંખ્યાબંધ પત્રકારો બેકાર બન્યા. તેમાંના કેટલાક નવા શરૂ થએલા પત્રમાં જોડાઈ ગયા, પરંતુ ઊંચી પાયરીના બેત્રણ પત્રકારો રહી ગયા. તેમાંના એક બિરાદર, એક નમતા પહોરના ટાણે, પોતાના જૂના શાગીર્દ અને હાલના તંત્રીને કહે છે,

"બીજું બધું તો ઠીક,...ભાઈ, પણ મારે તો પાંચ-છ છોકરાંના પેટ ભરવાના છે. બાયડી એકલી હોત તો તો તેને પિયર વળાવી દેત. પરંતુ છોકરાંની શરમ નડે છે. તમારા ધ્યાનમાં કોઈ Job હોય તો..." એક વખતે વૃત્તતંત્રીપદ અને તંત્રીપદ ભોગવી ચુકનાર અને ગુજરાતી પ્રચાર-વડાની જગ્યા માટે સિમલાની યાત્રા કરી આવનાર આ કસાએલા પત્રકારનાં લાચારી ભર્યા વેણ જેવી નામોશી ભરી લ્યાનત ગુજરાતી પત્રકારિત્વને બીજી કઈ હોઈ શકે ?

આજે એક સરસ Scoop પાર પડી ગયો. જે. જે. હોસ્પીટલમાં ભમતાં બાતમી મળી કે જય-પ્રકાશ નારાયણને તેની બિમારી વધતાં પોલીસના બાપ્તા તળે આર્થર રોડ જેલમાંથી જે. જે. હોસ્પીટલમાં બ્રસેડવામાં આવ્યા છે. આ વાતને ગુપ્ત રાખવા અથાગ પ્રયત્નો થયા હતા. પરંતુ આખરે વાત ફૂટી ગઈ! બાતમી મેં યોગ્ય સ્થાને રવાના કરી દીધી. અને બીજે દિવસે એ સમાચાર વર્તમાનપત્રોમાં પ્રથમ પાને ઝળકયા! હું ભૂલતો ન હોઉં તો મુંબઇના અખબારોની કચેરીમાં પહેલવહેલાં મારી મારફત જ આ સમાચાર પહોંચતા કરવામાં આવ્યા હતા. Free-lance Journalism નો આ એક અચ્છો scoop હતો. સરકાર પર પ્રશ્નોની ઝડી વરસી ગઈ. છેવટે નાક દબાતાં સરકારને મોઢું ઉઘાડવું પડ્યું અને જયપ્રકાશની તબિયત વિષેની ચૂપકીદી તોડીને યાદીઓ બહાર પાડવી પડી.

ધનુષ તકલીના શોધક ને ગાંધીજીના આશ્રમવાસી પોલીશ એન્જીનીયરને પણ હોસ્પીટલમાં તેમના બાટલામાં મળ્યો. ટુંકી વાતચીત દરમિઆન પણ તેમનું મધુર હૈયું બહાર ઉછળી આવ્યા વગર રહેતું નહોતું.

* * *

૨૪ મી નવેમ્બર ૧૯૪૦
રાતના નવ.

ધબકતા ઉર, હુંફાળી પત્ની અને કુમળાં બાલકોની પત્રકારને પણ સર્વ કોઈ જેટલી બેવના છે.

પરંતુ પત્રકારનું જીવનજ એવું છે કે પત્નીને તે બહુ ઓછું જીવન-સખ્ય આપી શકે છે જ્યારે ખૂબ વધારે મેળવવા ઇતેજ્જર રહે છે. એટલે તો પત્રકાર-પતિના જીવનમાં સમતુલા જાળવી રાખવાનું ગૃહિણી માટે ખૂબ કપરું બની જાય છે. વિશિષ્ટ માટીમાંથી પાકેલી પત્નીજ પત્રકારને નિભાવી શકે. એવી "જોડ" મેળવવાનું કામ ઘણી વખત વર્ષોની સાધના માગી લે છે.

એ દરમિઆન મારું "મોતી વીંધવા" માટે પણ સગાસંબંધીઓનાં બંકોડા ભીડાવા લાગ્યા છે. એક વડીલના પત્રની કંડિકા આવા પ્રયાસોની સૂચક છે. "...ભાઇને એના જોગ જેલમહેલમાં નાખીને સોના-રૂપાની બેડી નાખવા પૂરતું કામ બાકી છે. પરંતુ એ હાપુસની કાચી કેરી જેવો છે. આપણે હાપુસની કાચી કેરી ઉતારતા નથી કારણકે નથી તો એ અથાણામાં વપરાતી કે નથી ખાવામાં કામ આવતી. તેને સમજાવી કામ લેવા જેવું છે. ઉતાવળ કરવા જેવું નથી. પરંતુ હથેળીમાં ભગવાન દેખાડશું તો જ ઠેકાણે આવશે..."

* * * *

૧૦ મી ફેબ્રુઆરી ૧૯૪૧
રાતના સાડાનવ.

એક બીજો scoop કર્યો. અમદાવાદના રમખાણ અંગે પકડાએલા સંખ્યાબંધ મવાલીઓ માટે જેલમાં જગ્યાની તંગી પડી. એ તંગી ટાળવા માટે દોઢસો સોજા સત્યાગ્રહીઓના કાફલાને સાબરમતી જેલ-માંથી વિસાપુર કે યરવડાની જેલમાં બ્રસેડવામાં આવતા હતા. એ કાફલાથી ભરેલા ત્રણ રેલવે ડબ્બા પોલીસ પહેરા તળે પરેલ પાસે લાઇન ઉપર પડયા હતા. મુંબઈ પ્રાંતિક મ. સમિતિના એક સત્તાવાર નિવેદક (Official Spokesman) પાસેથી સાંપડેલી આ માહિતી સાંજના એક અગ્રગણ્ય દૈનિકના શ્રી.....ના હાથમાં મેં મૂકી. તુરત વૃત્તતંત્રોને બોલાવવામાં આવ્યા. ઝડપી વાતચીત થઈ; ટેલીફોનના ડાયલે એક ટુકડી મારી અને Star-reporter ને રવાના કરવામાં આવ્યા. ત્રણ કલાક બાદ તો સાંજની આવૃત્તિમાં આ સમાચાર Flash થયા હતા.

* * * *

૧૨ મી એપ્રીલ ૧૯૪૧
રાતના પોણાદશ.

ગઈ કાલે ખડા સત્યાગ્રહીઓની એક બંધબારણેની સભામાં, સત્યાગ્રહ માટે થયેલા દંડ ભરી દેવાની ગાંધીજીની સલાહ અંગે એવા અકળામણા પ્રશ્નો પૂછાયા હતા કે તેને ઉડાવી દેવા માટે આચાર્ય કિપલાનીને પોતાની લાક્ષણિક ટોળની ગોલંદાજી કરવી પડી હતી.

*　　*　　*　　*

૧૫ મી એપ્રીલ ૧૯૪૧
રાતના દસ.

પત્રકારના ગૃહજીવનની વિષમતાઓ, આસપાસના નિરીક્ષણમાંથી, વધુને વધુ કાલિમા ભરી છતી થતી જાય છે. એ પરથી લાગે છે કે પત્રકારનું દંપતીજીવન એ ભારોભાર વિચારણા માગી લેતો એક સળગતો પ્રશ્ન છે. "લગ્નની સમશ્યા" પર પુસ્તક આપનાર લેખકનું જીવન સજાતીય કામુકતાથી કલુષિત બનેલું કહેવાય છે. જાણીતા રાજદ્વારી કાર્યકર-પત્રકારને એવા માથાના પત્ની મળ્યા છે કે એ પત્ની, મહેમાનોની હાજરીમાં, સંડાસ ગએલા બાબાને પતિ પાસે સાફ કરાવવાની કે બધી રસોઈ પોતે કરીને એક માત્ર દાળ પતિ પાસે કરાવવાની હઠ પૂરી કરી શકે છે!! ગુજરાતી અખબારી આલમના સફળ Columnist શ્રી...કહે છે, "મેં તો મારી સરોજની છીપમાં બે મોતી પકવી આપ્યાં છે. છતાંએ મને તો સદા લાગ્યા જ કર્યું છે કે સમાજમાં એક એવો નાનકડો વર્ગ-ખાસ કરીને પત્રકારોનો વર્ગ-રહેવાનો જ જેને લગ્નની છેડાછેડીમાં ગુંગળામણ જ લાગશે; ને જેને મુક્ત સહચાર જ હુલાવીપુલાવી રાખશે"...

પેલા અંગ્રેજી અખબારનો ચુનંદો પત્રકાર રઘુવીર એની જાતીય પ્યાસને કેનેડી બ્રીજની હજાર મોઢે બોટાએલી ભરમાંગનાના પલંગ પર છિપાવે છે. ને "સમી સાંજના અખબાર" વાળા શ્રી...ચોપાટી પરની વિદ્યાર્થીઓની સભા કરીને, "કાફે આઇડીયલ"ના ટેબલ પર મને પૂછે છે કે કઈ છોકરી મને ગમી? સભાના અહેવાલમાં, એ શ્રીમાન, તે છોકરીના ગુણગાન લખવા માગે છે! અને પેલો બિરાદર "ચા," પત્ની વસાવીને તેને નિભાવવાની પૂંજી પત્રકારિત્વમાંથી ન મળતાં, લોહીનો વેપાર ખેડતી ઉજળી વોરીઓ અને બોજણો સાથે હળ્યો કહેવાય છે...!!

પત્રકારિત્વના ફળિયામાં પા પા પગલી પાડનારને આ ઝંઝાવાત કયાં ધસડી જશે? "Be on your guard, Boy!" "જાગતો રે'જે, માટી."

*　　*　　*　　*

૧૬ મી સપ્ટેમ્બર ૧૯૪૧
રાતના સવાદશ.

એક જબરા Scandal-ષડ્યંત્ર-ની બાતમી મળી છે. જાપાનની ઈસ્કામતોને જપ્ત કરવાના-Freezing Order-પછી પોલા અંકુશને કારણે જાપાન હજુએ હિંદમાંથી રૂ ઊપાડ્યે જાય છે એવા સમાચાર ફેલાવીને, રૂ બજારના એક ખેલાડી બજારમાં ખેલો કરવા માગે છે. મુંબઈની પત્રકારી દુનિયામાં અગત્યનું સ્થાન ભોગવી જનાર એક Star reporter ને આ કામમાટે ૮૦૦-૧૦૦૦ ના કોલથી સાધવામાં આવેલ છે. એમાંથી થોડી થોડી સુખડી બીજા પત્રોના વગવાળા સહયોગીઓને પણ મળવાની છે. યોજના મુજબના ખાસ સમાચારો પ્રસિદ્ધ પણ થઈ ચૂકયા છે.

બુદ્ધિવિજય

લેખક—દ્વિરેફ

વ્યાખ્યાન પૂરું થયું. આચાર્ય તપોવિજયજી ઠવણી પરથી બાકીનાં પાનાં ધીરે હાથે લઈ, પોથી બાંધી ઊભા થઈ, પોતાના ખંડ તરફ ધીમે પગલે ચાલવા માંડ્યા. રસ્તામાં હમેશ માફક દ્વાર આગળ ઊભા રહી બધા જતા માણસોને 'ધર્મલાભ' કહેવા લાગ્યા. હમેશની પેઠે મહારાજને અંદરના ખંડ સુધી મૂકવા જવા નગરના ભાવિક શેઠ વિમલ શીલ દ્વાર આગળ ઊભા હતા, તેમને પણ તેમણે છેવટે અહીં જ 'ધર્મલાભ' કહ્યો ત્યારે તેમણે વિનયથી કહ્યું: "આવું છું ને?"

"મેં જાણ્યું, આજે તમારે જવાની ઉતાવળ હશે." વ્યાખ્યાન દરમ્યાન કશા પણ સંદેશા કે કે વેપાર રોજગારની કે સંસારની કશી પણ વાતના ખબર કદી પણ ન આવે એવો શેઠનો નિયમ હતો, તેમાં આજે અપવાદ થયો હતો. શેઠનો મોટો ભાણેજ આવીને કાનમાં કંઈક કહી ગયો હતો, અને તેને તરત પાછાં જવાનું કહેતાં શેઠનું મોં જરા મરકયું હતું, એ આ વિચક્ષણ આચાર્યની નજર બહાર રહ્યું નહોતું. પણ શેઠની ઇચ્છા હમેશ માફક પાછળ આવવાની જોતાં આચાર્યે ચાલવા માંડ્યું. શેઠ તેમની પાછળ પાછળ જવા લાગ્યા. અંદર પેસતાં આચાર્યે જ જરા સ્મિતથી કહ્યું, "પુત્ર આવ્યો?"

"જી, હા મહારાજ! મેં કોઇને આવવા કહ્યું નહોતું પણ એ આવ્યો, એટલી આશાતના[1] થઈ ગઈ તે ક્ષમા કરશો."

આચાર્યે પ્રસન્ન મુખે એ જ સ્મિતથી કહ્યું, 'તો તેનું આલોયણ[2] કરવું પડશે.'

"ફરમાવો હું સાંભળવાને યોગ્ય છું."

"એ છોકરો અમને આપી દેજો, એ આલોયણ." અને પછી એના પર ભાષ્ય કરતા હોય તેમ કહ્યું, "મેં ધારેલું લગ્ન ખરું હોય તો એને મહાન દીક્ષાયોગ છે, જોકે એક ગ્રહની વક્રદૃષ્ટિ છે તે જોવાનું રહે છે. મારું ગણિત ખરું હોય તો એનો વર્ણ તપાવેલા સોના જેવો હોય. तप्तकांचनवर्णाभः मनस्वी प्रमदाप्रियः। તપ્તકાંચન જેવી તેની કાયા હોય, તે મનસ્વી હોય અને સ્ત્રીઓનો પ્રિય હોય. જ્યોતિષને ઘણા માને છે, મને પણ તેનો અભ્યાસ છે, પણ જિનાગમે તેને મિથ્યાશ્રુત કહેલ છે તે યથાર્થ છે એવો મારો અનુભવ છે. આપણી તો એટલી ફરજ કે આપણે એને અનુકૂળ સંસ્કારો આપવા. નિર્ણય તો જીવ પોતે પોતાને માટે કરે એ જ ખરો. આપણે ઉતાવળા થઈ નિર્ણય પણ ન કરાવવો. માત્ર દેહનું સૌંદર્ય કે માત્ર બુદ્ધિની પ્રતિભાનું અભિમાન પણ મહાન બંધન છે, તો આ તો બન્નેનો યોગ છે.

"જી, મહારાજ, આપ કહેશો તેવા સંસ્કાર પાડીશ."

"પ્રથમ તો હવે તમારે ચોથું વ્રત[3] લઈ લેવું, અને એને સારી રીતે વિદ્યા આપવી. એની મેળે વેપારમાં પડે તો ભલે, નહિતર એની શક્તિ પહોંચે ત્યાં સુધી એને વિદ્યા આપવી, અલબત જિનાગમને અનુકૂળ રીતે."

"જી મહારાજ!"

---

૧. નિષિદ્ધ કરેલો આચાર ૨. પ્રાયશ્ચિત્ત ૩. બ્રહ્મચર્ય.

આચાર્ય શેઠના મુખ સામું જોઈ રહ્યા. હજી શેઠની ઉંમર કાંઈ મોટી નહોતી. ચોથું વ્રત લેવાની તેમની તત્પરતા કેટલી સાચી હતી તે જોવા તેમણે તેમની આંખ સામે દૃષ્ટિ કરી, અને તેમાં અક્ષોભ દૃઢતા અને શ્રદ્ધા જોઈ બોલ્યા, " આજ સારો સંસાર તમને વધામણી આપશે ત્યારે અમે તમારો આખો સંસાર અને તેનું ફળ લઈ લીધું ! ગૃહી અગૃહી વચ્ચેનો એ ફરક ! " આચાર્યે ગંભીર સ્મિત કર્યું.

" આપ કહો છો ત્યારે કહું છું. અંધારિયાં અમે વર્જેલાં જ હતાં, અને પુત્ર આવે તો જાવજીવ[૪] ચોથું વ્રત લેવા અમારો પહેલેથી જ સંકેત હતો. આપની એ જ આજ્ઞા થઈ એ તો હું સદ્‌ભાગ્ય સમજું છું. આપ દર વરસ પધારતા નથી પણ અનુકૂળતાએ પધારતા રહેશો અને આઠમે વરસે જરૂર પધારશો."

" ધર્મલાભ."

વિમલશીલ વંદીને ચાલ્યો ગયો. નગરના વંશપરંપરાના નગરશેઠનું પદ નીકળી જઈ પોતાને ન મળે તે માટે તે કદી પણ કોટિપતિ થતો નહોતો, એ તો આચાર્યે માત્ર સાંભળેલું હતું. આજે, ગૃહસ્થ હોવા છતાં, મુનિઓને પણ દુષ્કર એવું બ્રહ્મચર્યવ્રત તેણે લીધું તે પ્રત્યક્ષ જોઈ તે ચકિત થઈ ગયો. શેઠના ગયા પછી ઘણા વખત સુધી જ્યોતિષ, વિમલશીલના પુત્રનું ભવિષ્ય, તેની જન્મકુંડલીના ગ્રહો, જિનશાસનનું ખરું હિત, મોક્ષ, પોતાનું કર્તવ્યાકર્તવ્ય વગેરે અનેક વિચારોનાં વમળોમાં ફરતો તે કેટલીય વાર આસન ઉપર સ્તબ્ધ બેસી રહ્યો.

વિમલશીલે પુત્રનું નામ જિનદાસ રાખ્યું. તેને નાનપણથી જિનશાસનના સંસ્કારો પાડવા, જિનધર્મને અનુકૂળ શાસ્ત્રોનું અધ્યયન કરાવવું એ સહેલું હતું. પણ તેને માટે આવતાં કન્યાનાં માગાં પાછાં વાળવાં એ એટલું સહેલું નહોતું. તેણે વિનયથી બધાં માગાં પાછાં વાળ્યાં. તેની પત્નીએ આમાં તેને અદ્‌ભુત સાથ આપ્યો.

જિનદાસની ઉંમર આઠ વરસની થઈ ત્યારે તપોવિજય સૂરિ પાછા આવ્યા. તેમણે જિનદાસને જોયો, સંતોષ બતાવ્યો અને પાંચ વરસ પછી ફરી આવવા કહી પાછા વિહારે ચાલ્યા ગયા. પાંચ વરસ પછી ફરી જિનદાસને જોયો, તેની સાથે વાતચીત કરી, પણ તેને મોટો થવા દેવો જોઈએ કહી ફરી વિહારે ગયા.

અત્યાર સુધી વિમલશીલ સાધારણ જવાબોથી માગાં કરનારાને પાછા વાળી શક્યો હતો. પણ નગરશેઠના ઘરનું માગું એટલી સહેલી રીતે પાછું વળાય એમ નહોતું. ગામ આખામાં વાત થતી હતી કે વિમલશીલ માગાં પાછાં વાળે છે તેનું કારણ એ હતું કે તેમને નગરશેઠનું કહેણ છે. અને તેમાં લોકોનો દોષ પણ ન હોતો. નગર શેઠની એકની એક દીકરી, જિનદાસથી ચારેક વરસ નાની હતી, જિનદાસની જ નિશાળે જતી, કોઈની પણ યોજના વિના, બન્નેની વચ્ચે સ્વાભાવિક બાલોચિત પ્રીતિ થઈ હતી, અને બન્નેને જોઈ હરકોઈ કહી શકે કે ભગવાને સુંદર જોડું નિર્મ્યું છે. જિનદાસની પણ એવડી ઉંમર થઈ હતી કે તે લોકોની વાયકાનો અર્થ મભમ પણ સમજી શકે અને તેનું કૌતુક અનુભવે. અને તેથી એ વાત ચોક્કસ કરવાની જરૂર હતી.

નગરશેઠ પોતે વિમલશીલને ત્યાં આવ્યા. પોતે અત્યાર સુધી પોતાની પદવી માટે વિમલશીલના આભારી હતા. બન્ને બાળકો એક બીજાને લાયક હતાં, તો ના પાડવાનું કારણ જાણવા જેટલો પોતાને હક છે અને જાણ્યા વિના નહિ ખસું એવો મીઠો હઠ કરી બેઠા. વિમલશેઠે જીનદાસને બહાર જવા નિશાની કરી અને પછી તપોવિજયજીએ કહેલ બધી વાત કરી. જિનદાસનો વર્ણ તપ્ત કાંચન

---

૪ યાવજ્જીવ–જીવન પર્યંતનું

જેવો હશે એ આચાર્યજીએ જોયા વિના જ ભાખેલું હતું. જિનદાસના ગ્રહો એવા છે કે જો તે દીક્ષા ગ્રહણ કરે તો જિનશાસનનો પ્રતાપી ધારક થાય, જોકે એક ગ્રહની વક્ર દૃષ્ટિ છે તેથી રાહ જોવાની જરૂર છે. નગરશેઠ સમજ્યા. તેમણે કહ્યું: "જો દીક્ષાની ના કહે તો મારો જ રૂપિયો સ્વીકારજો" અને વિમલશીલે કહ્યું: "એ કબૂલ. અને તેમ છતાં તે પહેલાં સારો મૂરતિયો મળે તો સંબંધ કરવાને તમે છૂટા. દીકરીનાં ભાવતરથી ક્યાં સુધી રાહ જોવાય?"

જિનદાસને વાતચીત માટે ઓરડા બહાર કાઢેલો પણ તેણે નજીકમાં સંતાઈને બધું સાંભળ્યું. તેને ખાત્રી હતી કે નગરશેઠની દીકરી સાથે પોતાના સગપણની વાત થવાની હતી. અને એ જ વાત નીકળતી ગઈ તેમ તેમ તે વધારે આતુરતાથી સાંભળવા માંડ્યો. ત્યાં તેણે તપોવિજયની વાત સાંભળી અને તેને ઘણું જ આશ્ચર્ય થયું. ત્યારથી તેનાંમાં બે પ્રબળ સંકલ્પો જાગ્યા. માણસનું મન એવું વિચિત્ર છે કે બે તદ્દન વિરોધી સંકલ્પો એક સાથે પોષાવા માંડે, પ્રબળ થવા માંડે! એક બાજુથી તેનામાં સ્ત્રીઓને પણ આકર્ષી શકે એવા પોતાના તપ્ત કાંચન વર્ણનું અભિમાન થયું, અને બીજી બાજુથી સંન્યાસ લેવાની અને જૈન શાસનના ધારક થવાની મહેચ્છા જાગી. અનેક વૃત્તિઓના વંટોળથી તેનું મન ખોટી ઊંચાઈએ ચઢ્યું, અને વધારે દુર્લભ અને વધારે દુષ્કર માટે જ સંન્યાસજીવન લેવાનો તેણે નિર્ણય કર્યો. તેને સોળમું વરસ બેઠું ત્યારે તપોવિજયજી આવ્યા. તેમને હવે વાર્ધક્યનાં ચિહ્નો જરાજરા દેખાવા લાગ્યાં હતાં અને તેઓ પોતાની વિદ્યાઓનું કોઈ સત્પાત્ર શોધતા જ હતા. તેમણે ઘણી જ મમતાથી જિનદાસને બોલાવ્યો, અને દીક્ષા લેવાની તેની પોતાની ઇચ્છા છે કે નહિ તે પૂછ્યું. તેને સ્પષ્ટ સમજાવ્યું કે જો સંસારની જરા પણ ઇચ્છા હોય તો સંસારમાં જ જવું, અને સાચા સંસ્કાર હશે તો એની મેળે ભવિષ્યમાં દીક્ષા મળી રહેશે. જિનદાસે સામો પ્રશ્ન કર્યો: "આપે સંસારમાં ગયા પછી દીક્ષા લીધેલી કે ગયા વિના જ?"

સર્વ પ્રસન્ન થઈ ગયા. તપોવિજયજીએ કહ્યું: "સંસારમાં ગયા વિના જ."

"ત્યારે હમણાં દીક્ષા લેવાથી આપના જેવું જ્યોતિષજ્ઞાન મને મળશે?"

જીવનમાં કદી નહિ લાગેલો એવો તપોવિજયજીને મહાન આઘાત લાગ્યો. પોતે જ વિમલશીલને જ્યોતિષ ઉપરથી વાત કરી તે ભૂલ જણાઈ, તેનો પશ્ચાત્તાપ તેમને થયો. બધો આઘાત અને બધું દુઃખ ગળી જઈને માત્ર એક નિઃશ્વાસ નાંખીને તેમણે ધીમેથી કહ્યું "જિનદાસ, બે વરસ વધારે વિચાર કર. દીક્ષા તપને માટે લેવાની હોય છે. વિદ્યા તો આવવી હોય તો આવે, અને જ્યોતિષ તો મિથ્યાશ્રુત છે. એના લોભથી દીક્ષા લેવાય નહિ."

બે એક દિવસ પછી વિમલશેઠે ફરી દીક્ષાનો પ્રશ્ન કાઢ્યો. ત્યારે ફરી નિઃશ્વાસ નાંખી એ એટલું જ બોલ્યા કે "હજી ઉંમર થવા દો."

વિમલશીલે કહ્યું કે શાસ્ત્ર પ્રમાણે એ વ્યક્ત [૫] થયેલ છે. ત્યારે સુરિએ કહ્યું: "ઉંમરે તો થયેલ છે, પણ અમે તો કાવ્યશાસ્ત્રકારોનો મત અહીં ઇષ્ટ ગણીએ છીએ. સંસારના ભાવોને વ્યક્તરૂપે સમજી શકે પછી દીક્ષા માગશે તો વિચારીશું."

જિનદાસ ચતુર હતો. તેને લાગ્યું કે બોલવામાં તેની કંઈક ભૂલ થઈ છે. તેણે નિયમિત વ્યાખ્યાનોમાં જવા માંડ્યું. શાસ્ત્રાધ્યયન કરવા માંડ્યું. પોતાની શી ભુલ થઈ હતી તે તે સમજ્યો, અને એવી ઐહિક વાસના કાઢી નાંખવા તેણે તપપૂર્વક અથાગ પ્રયત્ન કર્યો. બે વરસ પછી તપોવિજયજી પાછા આવ્યા અને પૂછ્યું, "કેમ, દીક્ષા લેવી છે?"

---

૫ દીક્ષાયોગ્ય ઉંમરને માટે એ પારિભાષિક શબ્દ છે.

" જી હા. "

" શા માટે ? "

" કર્મ ખપાવવા માટે. "

" સંસારની વાસના નથી ? "

" બિલકુલ નથી એમ તો કેમ કહેવાય ? પણ તપ વડે અને ગુરુના પ્રતાપે તે ટાળી શક્યો. "

તપોવિજયજી અને આખો સંઘ રાજી થઈ ગયો. જિનદાસને દીક્ષા આપી બુદ્ધિવિજય કર્યો. જૈન સંઘે અને ખાસ કરીને નગરશેઠે મોટો ઉત્સવ કર્યો.

જૂના કુટુંબ-સંસ્કારોથી દૂર કરવા અને સંન્યાસના સંસ્કારો દૃઢ કરવા તપોવિજયજી તેને દૂરના રાજ્યમાં લઈ ગયા, જ્યાંનો રાજા જિનશાસનને માનનારો હતો અને તપોવિજયજીનો ભક્ત હતો.

તપોવિજયજીએ આજ સુધી શિષ્ય નહિ કરેલો અને આ વખતે આવા તેજસ્વી સ્વરૂપવાન શિષ્યને લઈને આવ્યા તેથી લોકોમાં બન્નેનો મહિમા વધ્યો અને બુદ્ધિવિજય તરફ સૌને કૌતુક થયું. બુદ્ધિવિજયે અભ્યાસમાં સારી પ્રગતિ કરવા માંડી અને તેથી તેની કીર્તિ વધતી ગઈ. તે સાથે તે જુવાન થવા લાગ્યો તેમ તેની કાંતિ પણ વધતી ગઈ, અને અર્ધું સમજતી અર્ધું નહિ સમજતી લોકજનતાએ સહસ્ર જીભે અને સહસ્ર નયને તેને રૂંવેરૂંવે સભાન કરી નાંખ્યો. તેની એકએક ક્રિયામાં કોઈ અદ્‌ભુત છટા દેખાવા લાગી. જીવનની કોઈપણ રીતભાત એટલી સાદી નથી કે જેમાં માણસ છટા ન આણી શકે !

ગુરુ આ સર્વ માયા સમજતા હતા, અને શિષ્ય માટેની તેમની ચિંતા વધતી જતી હતી. તે વારંવાર સંન્યાસધર્મ, વાસનાપ્રાબલ્ય, વાસનાની છેતરપીંડી ઉપર શિષ્યને કહેતા, શિષ્ય બુદ્ધિથી સમજતો જણાતો પણ તેનાં મનનાં ઉંડાણોમાં બુદ્ધિનું અભિમાન, શરીરની તેજસ્વિતાનું અભિમાન, સ્ત્રીઓને અને લોકોને ચકિત કરી આકર્ષવાની વાસના વધતી જતી જણાતી હતી. પણ એક દિવસ તો એવો બનાવ બન્યો કે ચિંતાને બદલે તેમનું આખું મન ઉકળી ઊઠ્યું. બુદ્ધિવિજય પોતાની સર્વ સંપત્તિ અને શક્તિના પ્રદર્શન-પૂર્વક ગોચરીએ ગયેલો, અને ત્યાં નગરના કોટિપતિની દીકરી એના પર એટલી મોહિત થઈ ગઈ કે તેના હાથમાંથી વહોરાવવાનું વાસણ પડી ગયું ! તપોવિજયજીના દુઃખનો અને ઘૃણાનો પાર ન રહ્યો. " આઠ-આઠલા દિવસથી તને કહું છું કે તારો મેલ સમજ, ને તેને ક્ષીણ કર. તેને બદલે, તારા જ નહિ પણ મારા સંયમજીવન ઉપર પર પાણી ફેરવવા બેઠો છે ! "

બુદ્ધિવિજય ગુરુનો તાપ જીરવી શક્યો નહિ. તે ગભરાઈ ગયો ને બોલી ઊઠ્યો: " મહારાજ, બૂબ સમજવા પ્રયત્ન કરું છું. કંઇક સમજુંય છું. પણ... "

" શું સમજે છે ? "

" મહારાજ, મારો દોષ નથી. મારા જન્મસંસ્કારો ખરાબ છે. આપે તે દિવસે વ્યાખ્યાનમાં કહેલું તેમ, મારાં માબાપે જે સંયમ પાળેલો, તેની વકરેલી વાસનાના સંસ્કારો મારામાં ઊતર્યા છે. પ્રયત્ન છતાં... " થોડા દિવસ પહેલાં તપોવિમલજીએ ગૃહસ્થજીવન અને સંન્યાસજીવનનો ભેદ સમજાવતાં કહેલું કે કેટલાકની વાસના માત્ર દમનથી અને ચિંતનથી શમી શકતી નથી, દમનથી ઊલટી વકરે છે. તેમને માટે ગૃહસ્થજીવન છે. એવાઓએ ગૃહસ્થજીવનના સંયમનિયમથી વાસનાને વશ કરવી જોઈએ —જેમ ભડકતા ઘોડાને ઘણી પંપાળતો પંપાળતો ચણે ઘાસ ચારો આપતો આપતો વશ કરે તેમ.

આ ખુલાસો સાંભળતાં તપોવિજયજીનો ક્રોધ હાથમાં ન રહ્યો. તેમનાથી બોલી જવાયું: " કેટલું પાપ ! મારા વ્યાખ્યાનનો કેટલો દુરુપયોગ ! પોતાના પાપને માટે બીજાને માથે દોષ ચડાવવાનું કેવું

ચાપલ્ય ! અને તે પણ માબાપને માથે ! તારા પર મોટામાં મોટો ઉપકાર કરનારને તું આવો બદલો આપે છે, તો તું જેના પર ઉપકાર કરીશ તેનાથી જ તારો સર્વનાશ થશે એ નક્કી જાણજે—જો કે તું તો કોઈ ઉપર ઉપકાર જ કરવાનો નથી !"

તે દિવસ ગુરુએ ભોજન લીધું નહિ. બીજે દિવસ બુદ્ધિવિજયે ક્ષમાયાચના સાથે આલોયણ માગ્યું. ગુરુએ કહ્યું, સૌએ પોતપોતાનું આલોયણ કરી લેવું જોઈએ. કોઇ કોઇને સલાહ આપી શકતું નથી.

બુદ્ધિવિજયે આઠ દિવસના ઉપવાસ કર્યા. પોતાની મેળે તપ કરે છે એ વાતથી સહાધ્યાયીઓમાં અને રાજદરબારમાં પણ તેની કીર્તિ વધી. એક દિવસ રાજાએ પોતે આવી ગુરુને મોઢે શિષ્યનાં, તેની બુદ્ધિનાં, તેની તેજસ્વિતાનાં, તેના ત્યાગનાં, સંયમનાં વખાણ કર્યાં, ત્યારે તપોવિજયજીએ કહ્યું, "જે માણસને સામે ગામ જવું છે, તે તો ચાલવાનું કેટલું બાકી રહ્યું એ જ વિચારે. થાકે તે પાછો ફરીને કેટલું ચાલ્યો તે જોવા ઊભો રહે ! તેમ ત્યાગ કરનારે કેટલું છોડ્યું તે ન વિચારવું જોઈએ, કયાં જવું છે ને તે કેટલું દૂર છે તે વિચારવું જોઈએ. જે માણસને તરીને સામે કાંઠે જવું છે, તેની નીચે એક માથોડું પાણી હોય તેય સરખું અને પાંચ માથોડાં હોય તે પણ સરખું, તેને તો સામે કાંઠે જવું છે. જેને ડુબકીનું કૌશલ્ય દેખાડવું છે તેને માટે ફરક ખરો ! પણ જેને સામા કાંઠે પહોંચવાની તાલાવેલી છે તેને એ કૌશલ્ય દેખાડવાની તથા નથી હોતી. અને ડુબકી મારનાર કૌશલ દેખાડી શકે પણ તેને ડુબવાનો ભો ખરો. સાચો સાધુ આવો વિચાર નથી કરતો. અને દેહની કાન્તિનું અભિમાન શું ? દેહ તો ભૌતિક વસ્તુ છે. ભૌતિક ઉપાયોથી પણ દેહ એવો કરી શકાય !"

રાજાએ પૂછ્યું : " બાહ્યોપચારથી દેહનો વર્ણ બદલાવી શકાય ખરો ?"

" હા, એવા ઉપચારો હોય છે. કેટલાક ગુરુઓ ધર્મમાં શ્રદ્ધા બેસાડવા એવાં કામમાં પડે છે, પણ એ સર્વ અવળા રસ્તા છે."

બુદ્ધિવિજયે બહુ જ ધ્યાનથી આ બધું સાંભળ્યું. જ્યોતિષના ઘણાએ ગ્રંથો ભંડારમાં હતા, પણ ગુરુએ તે ભણાવવાની ના પાડી હતી. પણ આ બાહ્યોપચારનો એક જ નુસખો મળી જાય તો ઘણો ચમત્કાર કરી બતાવાય ! તેનો જિનશાસનનો પ્રચાર કરવામાં ઉપયોગ કરી શકાય ! અનેક રાજ્યો ઉપર સત્તા બેસાડી શકાય !

બુદ્ધિવિજયની બધી સ્વાર્થી મહેચ્છાઓએ જિનશાસનના પ્રચારનું રૂપ લીધું. ઉપવાસ દરમ્યાન પોતાના જીવનધ્યેયને અનુકૂળ જીવન ઘડવા તેણે મહાન નિશ્ચય કર્યો. ઉપવાસ પછી પંદરેક દિવસે ગુરુ, બુદ્ધિવિજય અને પોતા પાસે ભણતા બીજા કેટલાક સાધુઓ સાથે વિહાર કરી ગયા. કીર્તિના પ્રદેશથી દૂર લઈ જવાથી શિષ્યને ફાયદો થશે એમ તેમણે માન્યું. અને બુદ્ધિવિજયના વર્તનમાં તેમને ખરેખર ફેર દેખાયો. હવે તેણે ટાપટીપ છોડી દીધી હતી અને શાસ્ત્રાધ્યયન ઉપર તે વધારે ધ્યાન આપતો હતો. ગુરુની સેવા પણ તે વધારે નિષ્ઠાથી કરવા લાગ્યો હતો. એક દિવસ બુદ્ધિવિજય ગુરુની ઉપચર્યા કરતાં કંઈક વિચારમાં પડી ગયો દેખાયો ત્યારે ગુરુએ પૂછ્યું : "કેમ શા વિચારમાં પડી ગયા છો ?"

" જી, આપનાં વચનોનું મનન કરું છું."

" કયાં વચનો ?"

" નહિ, આપે તે દિવસે મહારાજની સાથેની વાતચીતમાં કહેલાં ! આપે તો વાતચીતમાં કહેલાં પણ સંયમધર્મનો બધો ઉપદેશ એટલામાં આવી જાય છે. આપે કુબડી મારવાની અને તરવાની વાત કરી તે બરાબર છે ! કેવું સુંદર દૃષ્ટાંત ! "

અહિત કરનાર તરફ ક્રોધ ન કરવો એ દુષ્કર છે, પણ ક્રોધ પણ જીતી શકાય છે. ખુશામત જીતી શકાતી નથી ! ગુરુ બુદ્ધિવિજય ઉપર પ્રસન્ન થઈ ગયા. ધીમે ધીમે તેના તરફ મમતા વધી. ધીમે ધીમે બુદ્ધિવિજયને તેમણે સર્વ છૂટ આપી. આખો પુસ્તકભંડાર હવે તેને માટે ખુલ્લો હતો. ગુરુએ વાંચેલી જ પોથીઓ વાંચવા તેણે લાડથી માગણી કરી અને ગુરુએ પોતે વાંચેલી પોથીઓ ભંડારમાં કયાં છે તે બતાવી. તે એકે એક પોથી ખોલી જોઈ ગયો. તેમાંથી એકમાંથી તેને સુવર્ણવર્ણપ્રયોગનાં ચાર પાનાં મળ્યાં. એ એ જ પ્રયોગ હતો. તે છાનોમાનો એ પ્રયોગ અનેક વાર વાંચી ગયો. અનેક ગ્રંથો અને કોષોના આધારે તે બધું સમજી ગયો, માત્ર એક શબ્દ તેને ન સમજાયો. ' આ આટવિક એટલે શું ? ' સાધારણ અર્થ તો જંગલનો માણસ, પણ એ અર્થ અહીં બેસતો ન હોતો જ ! તેણે ગુરુપાસે કોષગ્રંથનું અધ્યયન શરૂ કર્યું. થોડા જ દિવસમાં આટવિક શબ્દ આવ્યો. ગુરુને પૂછ્યો. ગુરુએ કહ્યું આટવિક એટલે જંગલમાં રહેનારા—જંગલના રાજા, ઠાકરડા એ અર્થ પણ થાય. પણ એ અર્થ પ્રસિદ્ધ હતો, અને એ પેલા નુસખામાં બેસતો નહોતો. તેણે પ્રશ્ન કર્યો: " કોઈ જગાએ એક રાજાના પ્રતાપના વર્ણનમાં વાંચ્યું છે કે તેણે આટવિકોને આટવિકોની પેઠે બાળ્યા ! ત્યાં બીજા આટવિકનો અર્થ શો ? "

" સાહિત્યમાં આવો શબ્દ પહેલી જ વાર હું સાંભળું છું. પણ અર્થ સ્પષ્ટ છે. બીજા આટવિકનો અર્થ જેને અડાયું છાણું કહીએ છીએ તે. ત્યાં ગોમય શબ્દ ઉમેરી લેવાનો છે. રસના ગ્રંથોમાં ગોપન માટે આ પ્રમાણે નામ અનુક્ત રાખે છે."

" રસ એટલે ?

" રસાયન શાસ્ત્ર, વૈદકનો રસાયનવિભાગ. "

બુદ્ધિવિજયનો ચહેરો એકદમ પ્રફુલ્લિત થઈ ગયો. તપોવિજય તે જોઈ ગયા. તેમણે તરત પૂછ્યું: " કયા ગ્રંથમાં આટવિકનો આવો પ્રયોગ તમે જોયેલો ?

" મહારાજ, યાદ નથી. કદાચ મહાભારતમાં વાંચ્યો હશે કે કોઈ બીજા પુરાણમાં."

પુરાણોનું નામ દીધું એટલે હવે બતાવો જોઇએ એમ કહેવાપણું રહ્યું નહિ.

ગુરુ તત્ક્ષણ દૃઢ પગલે ઊઠ્યા. બુદ્ધિવિજયને ત્યાં જ રાખી બીજા બે શિષ્યોને સાથે લઈ ગ્રંથ-ભંડારમાં ગયા. જેટલાં જેટલાં જ્યોતિષનાં અને વૈદક ચમત્કારનાં પુસ્તકો હતાં તે બધાં હાથે કાઢી કાઢી તેનો એક ખડકલો કર્યો. પોતાના જ અંગ ઉપરનું વસ્ત્ર કાઢી તેમાં બધાં બાંધ્યાં ને શિષ્ય પાસે ઉપડાવી બહાર લઈ ગયા. વહોરાઈ ગયેલા અગ્રાહ્ય પદાર્થની પેઠે એ બધા ગ્રંથોને દૂર જમીનમાં ઊંડો ખાડો ખોદી ભંડારાવ્યા. બુદ્ધિવિજયે શોક અને પશ્ચાત્તાપની મુદ્રા ધારણ કરી છતાં તેની આંખમાં ગુરુ એક પ્રકારનો વિજય પારખી ગયા, [–બુદ્ધિવિજયને આખો નુસખો મોઢે હતો !–] પણ કાંઈ બોલ્યા નહિ.

તે દિવસથી તપોવિજયની પ્રકૃતિ લથડવા માંડી. તેમને એકદમ વાર્ધક્ય આવ્યું. તેમને કશામાં રસ ન રહ્યો. જાણે, ન સુધરી શકે એવી કોઈ મહાન ભૂલ થઈ હોય, આખું જીવન હારી બેઠા હોય તેવી નિરાશામાં તેઓ કળતા ગયા. બુદ્ધિવિજયે તેમની અદ્‌ભુત સેવા કરી. તેની સેવા શહેરમાં, રાજકુલમાં જ નહિ પણ આખા જૈન સંઘમાં વખણાવા માંડી. સૌને લાગ્યું કે તપોવિજય પોતાની પછી તેને જ આચાર્ય પદે સ્થાપશે. પણ એ આશા ફળીભૂત થવાનાં કાંઈ ચિહ્નો દેખાયાં નહિ. ધીમેધીમે લોકોએ તેનું કારણ

તપોવિજયનું વાર્ધક્ય અને તજ્જન્ય બુદ્ધિમંદતા માની, અને બુદ્ધિવિજય તરફનો સર્વનો પક્ષપાત તેથી વધતો ગયો.

ગુરુનો અંત પાસે આવતો દેખાયો. તપોવિજયજી તદ્દન ક્ષીણ થઈ ગયા. તેમનું આખું શરીર તદ્દન નિસ્તેજ થઈ ગયું—માત્ર આંખોમાં જૂનો ચમકારો અને તે સાથે અગાધ તિરસ્કાર, ઘૃણા અને નિરાશા દેખાતાં હતાં.

છેલ્લા દિવસોમાં તેઓ અવાચક થઈ ગયા. બુદ્ધિવિજયે આજસુધી ગુરુની સેવા કરવામાં કશી કચાશ રાખી નહોતી. એ સેવાથી ગુરુ પ્રસન્ન થઈ કોઈ નુસખો કહેતા જશે, છેવટે પોતાની પછી આચાર્ય-પદવી માટે ભલામણ કરતા જશે એવી તો આશા હતી જ, પણ ગુરુ તો અવાચક થઈ ગયા! જોકે શુદ્ધિમાં હતા. અનેક વાસનાઓની મહમ તૃપ્તિની આશાએ બુદ્ધિવિજયે રાજવૈદ્યની માત્રા આપી ગુરુને બોલતા કરવા પોતાના સહાધ્યાયીઓને કહ્યું, પણ બધાઓએ આવા નિઃસ્પૃહ અને વીતરાગ ગુરુને કંઈ કહેવાનું હોય જ નહિ એમ કહી નકામો ત્રાસ આપવા ના કહી. પણ બુદ્ધિવિજયે માન્યું નહિ. એણે બધાના દેખતાં છેવટે ગુરુને જગતના કલ્યાણ અર્થે અને શિષ્યોના આશીર્વાદ માટે કંઇક વચન કહી શકાય માટે માત્રા લેવા ગુરુને વીનવ્યા. બધાઓને નવાઈ લાગી કે ગુરુએ હા કહી. માત્રા મગાવી. આથી ઉત્સાહમાં આવી બુદ્ધિવિજયે ફરી પૂછ્યું કે બધાને કંઇ કહેવાનું છે કે માત્ર પોતાને જ; અને ગુરુએ નિશાની કરી કે માત્ર તેને જ કંઈ કહેવાનું છે. શિષ્યોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, અને બુદ્ધિવિજય માટે તેમનો આદર ઘણો વધી ગયો. એકાન્તમાં બુદ્ધિવિજય માત્રા આપી, ગુરુનું વાક્ય સાંભળવા હાથ જોડી ઊભો રહ્યો. ગુરુએ માત્ર એક જ વાક્ય કહી પ્રાણ છોડ્યા. "પેલો આટવિક પ્રયોગ કદી ન કરતો."

બુદ્ધિવિજય માથે વજ્ર પડ્યું હોય એવો સ્તબ્ધ થઈ ગયો. આટલી સેવા છતાં કેટલો દ્વેષ! કેટલી ઈર્ષા! સુવર્ણવર્ણપ્રયોગને બદલે આટવિક કહી તેણે કેવું મહેણું માર્યું! મરતાં મરતાં પણ કેવો ઘા મારતો ગયો! અને બુદ્ધિવિજયને એટલો કાળ ચઢ્યો કે એ મરણ પામેલા માણસનું પણ તેણે મનના અંધારા ખૂણામાં એક સાથે સોવાર ખૂન કર્યું. પણ તે ગમ ખાઈ ગયો. ગુરુ નીચે આટલાં વરસ રહી, તેણે બીજી નહિ તો સ્વસ્થ મુદ્રા ધારણ કરવાની સાધના કરી લીધી હતી, અને એવી સ્થિતિમાં પણ તેની બુદ્ધિએ એક મોહચ્છાના વિનાશમાંથી બીજીનું સાધન મેળવી લીધું. ગુરુ પાસેથી બહાર આવતાં સહાધ્યાયીઓએ ગુરુએ શું કહ્યું તે પૂછતાં, તેણે ઘણી આનાકાની કરી, છેવટે કહ્યું: "જો બધાઓ આચાર્યપદ આપવા ઇચ્છા બતાવે તો ના ન પાડતો."

"તે તમે ના પાડેલી હતી?"

"તેમણે અનેકવાર કહેલું અને મેં દર વખત ના કહેલી."

બુદ્ધિવિજયને આચાર્યપદ મળતાં વાર ન લાગી. હવે તેણે બધા રાજાઓના દરબારમાં પોતાનું ગુરુપદ સ્થાપન કરવા અને જિનશાસન પ્રસારવા અનેક પ્રયત્નો કરવા માંડ્યા. જ્યોતિષના ગ્રંથો મંગાવી શાસ્ત્રીઓ રાખી તે શીખી ગયો અને ફલજ્યોતિષથી સર્વને ચકિત કરવા લાગ્યો. અનેક રાજ્યોમાં તેણે પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. માત્ર છેવટનો પેલો નુસખો કોઈ જગાએ કરવાની તે રાહ જોતો હતો. તેની પણ તેને તક મળી ગઈ. દક્ષિણનું એક મહાન રાજ્ય ચુસ્ત શિવમાર્ગી હતું, અને જૈનોને ત્યાં સોસવું પડતું. તેનો એકનો એક કુંવર અતિશય કાળો હતો. તેણે ત્યાં ચાતુર્માસ નિવાસ કર્યો. તે દરમ્યાન, પોતાની ચમત્કારક શક્તિઓનો કુશળતાથી પ્રચાર કરાવ્યો, અને છેવટે રાજાને પોતાના ષડ્યંત્રમાં લીધો. પાટવી કુંવરનો

વર્ણ તપ્તસુવર્ણ જેવો થાય તો રાજાએ જૈન ધર્મ સ્વીકારવો, એમ નક્કી થયું. આ વિજય કરીને બુદ્ધિ-વિજયની યોજના ઉજ્જયિનીમાં જિનશાસન સ્થાપવાની હતી. ચાતુર્માસ કરીને તે ઉપડે, ઉજ્જયિની પહોંચે, ત્યાંનું મહારાજન સામૈયું કરી તેને લઈ જાય, ત્યાં એક બે દિવસમાં દક્ષિણના મહારાજ્યના દીવાન અને અન્ય દરબારીઓ, ઉજ્જયિનીના રાજાના મહેમાન થઈ પોતાને ખબર કરવા આવે, એ પ્રમાણે તેણે પ્રયોગનો દિવસ જ્યોતિષ જોઇને ગોઠવ્યો. પ્રયોગ તેને મોઢે હતો જ. એકે એક હકીકત તેણે રાજાને બરાબર લખાવી, દીવાનને સમજાવી, કુંવરને હિંમત આપી, કહે તે પ્રમાણે કરવા સમજાવ્યું, અને નિયત દિવસે પ્રયોગ શરૂ કરવાનું, અને પછી તેના ખબર ઉજ્જયિની મોકલવાનું ફરી કહી ચાતુર્માસ પૂરા થયે તેણે ઉજ્જયિની તરફ પ્રસ્થાન કર્યું.

નિયત કરેલે દિવસે રાજા અને દીવાને મહેલમાં કુંવરના પ્રયોગ માટે સ્થાન નક્કી કર્યું. નાહવાનું પાણી તૈયાર કરવાની એક જગા નક્કી કરી, તેમાં પાણી ગરમ થાય એટલે તેમાં નાખવાની પડીકી કુંવરને સોંપી. એ પાણીથી નવસ્ત્રાં થઈ કુંવરે નાહવાનું હતું. નાહતાં જરા પણ જગા કોરી ન રહી જાય. પડીકી નાંખવાનું અને નાહવાનું કુંવરે જાતે જ કરવાનું હતું, કારણકે નાહતાં અને નાહ્યા પછી બે પ્રહર સુધી એ નાહવાની જગાથી હજાર વામ સુધી કોઈ માણસે ત્યાં રહેવાનું નહોતું. પ્રયોગની વિચિત્રતા એ હતી કે નાહવાની જગાની પાસે જ એક પુરુષપુર લાંબો અડાયાં છાણાંનો આટ કરી, સળગાવી, તેની રાખ માંડમાંડ સહન કરી શકાય એટલી ગરમગરમ હોય કે તરત નાહવાનું શરૂ કરવાનું હતું. કુંવરે પોતે જ એ આટમાં ત્રણ જગાએ આંગળી ખોસી પછી નાહવા બેસવાનું હતું.

ફરતી હજાર વામ દૂર સીપાઇઓની ચોકી ગોઠવાઈ ગઈ. એટલા ભાગમાં કોઈએ હાજર રહેવાનું નહોતું, મહારાજાએ પણ હાજર રહેવાનું નહોતું, પણ એકનો એક દીકરો, બાપનો જીવ કેમ રહે? બુદ્ધિ-વિજય ત્યાં હોત તો તેના પ્રભાવથી કદાચ રાજા દૂર રહેત, પણ અત્યારે તો એ એક વાત તે માની શકયો નહિ. કુંવરથી પણ છાનો તે કુંવરને દેખી શકે તેમ નજીકમાં સંતાઈ રહ્યો, અને પ્રયોગ જોવા લાગ્યો.

કુંવરે કહ્યા પ્રમાણે વસ્ત્રો ઉતાર્યાં, પેલા અડાયાં છાણાંના આટમાં ત્રણ જગાએ આંગળી ખોસી જોઈ, પાણીમાં પડીકી નાંખી, પાણી હલાવી અંદર મેળવી દીધી. બધું પાણી ઘડીકમાં લીલું બની ગયું. કુંવર જરા ડર્યો પણ પછી નાહવા લાગ્યો. કયાંઈ કોરો ન રહી જાય એવી સૂચના મહારાજાને બોલવાનું મન થઈ ગયું, પણ કુંવર બરાબર આખે શરીરે નાહતો હતો. બધે પાણીએ નાહી રહ્યા પછી ખૂલ્લાં બેસી રહી કોરા થવાનું હતું. ધીમેધીમે બધેથી જરાજરા પાણી સૂકાયું, અને કુંવરે કાળી ચીસ નાંખી! તે એકદમ શરીર ખંજેળવા લાગ્યો, અને ચેળ સહન ન થતાં, તેણે પેલી ગરમગરમ અડાયાંની રાખમાં પડી આળોટવા માંડ્યું. ઘડીમાં તે બેભાન થઈ ગયો.

રાજા એકદમ દોડતો આવ્યો. તેણે કુંવરને બૂમ ઉપર બૂમ પાડી બોલાવવા માંડ્યો, પણ કુંવર મરેલા જેવો પડ્યો હતો. તેણે કુંવરના શરીરને હાથ અડાડી જોયે તો તેનો હાથ ખૂબ ચચરવા લાગ્યો. ભયમાં ને ભયમાં તેણે ચોકીદારોને બૂમ પાડી, પણ કોઇએ તેનો અવાજ સાંભળ્યો નહિ. ચોકીદારો તરફ દોડી જઈ તેણે રાજવૈદ્યને બોલાવવા કહ્યું. તે ફરી કુંવર પાસે દોડી ગયો. ફરી તેણે અડી જોયું તો કુંવરનું શરીર તેને ટાઢું પડતું લાગ્યું. તે ફરી ચોકિયાતો તરફ દોડ્યો. રાજવૈદ્ય માટે પૂછયું તો જવાબ મળ્યો કે તે બહારગામ ગયેલા છે. તેણે ત્યાંને ત્યાં ત્રણ સૌથી સારા ઘોડાવાળા સવારોને બોલવવા કહ્યું. ચોકિયાતો-માંથી કોઈ બોલાવવા ગયા અને બાકીનાનું ટોળું કુંવરની આસપાસ જમા થયું.

રાજા ભયથી ગાંડો થઈ બૂમો મારતો હતો, અને પેલા ત્રણ ઘોડેસવારો આવ્યા તેમને દડમજલ દોડતાં જઈ, બુદ્ધિવિજયનું માથું કાપી લઈ આવવા હુકમ કર્યો. રાજવૈદ્યને આવતાં એકાદ પ્રહર થઈ

ગયો. તેણે આવીને આશ્વાસન આપ્યું. બધી હકીકત જાણી લીધી. વૈદ્યે કુંવરને શરીરે હાથ ફેરવ્યો. કુંવરને પસીનો વળતો હતો તેને લીધે શરીર ઠંડું લાગતું હતું. તેની નાડ બરાબર ચાલતી હતી. તેને અડતાં હવે હાથ પણ ચચરતો નહોતો. થોડી વારે કુંવર શુદ્ધિમાં આવતો હોય એમ લાગ્યું. તેને ધીમે રહીને મહેલમાં સૂવાર્યો. બે પ્રહરે તે શુદ્ધિમાં આવ્યો અને તેણે ઊંઘી જવા કહ્યું. રાજવૈદ્યે હેમક્ષેમનો અભિપ્રાય આપ્યો અને સૌ વિખરાવા લાગ્યું. ત્યારે રાજાને પેલા ત્રણ સવારો મોકલ્યાનું યાદ આપ્યું. તેણે દીવાનને વાત કરી. પણ હવે રાત પડવા આવી હતી. બીજા કોઈ સવારો પહેલાને પકડી પાડી શકે એમ હતું નહિ. માત્ર રાજસાંઢણી જ હવે તેને પહોંચી શકે, પણ તેના પર રાજા સિવાય કોઇથી બેસાય નહિ! રાજાએ તરત જાતે નીકળી ઘોડેસવારોને પહોંચી જવા ઇચ્છા દર્શાવી, પણ બધા દરબારીઓએ રાત પડી હતી માટે સવારે જવા, સવાર સુધીમાં કેમ રહે છે તે જોવા સલાહ આપી, અને ગુરુના આયુષ્યની ચિંતાનું, સાંઢણીનાં વખાણ કરી, પહોંચી જવાની ખાત્રી આપી, નિવારણ કર્યું.

રાત્રે બધા જોઈ શક્યા કે કુંવર તદ્દન હોશમાં હતો, અને ધીમે ધીમે તેની ઉપરની ચામડી ઉતરતી જતી હતી અને નીચેથી નવી સારી ચામડી આવતી જતી હતી. સવારે રાજા પોતાની સાંઢણી ઉપર એક હોશિયાર સવાર લઈ એકલો નીકળી પડ્યો.

બુદ્ધિવિજયને ઉજ્જયિની એકાદ મજલ દૂર હતું, ત્યાં તેણે દક્ષિણ રાજ્યના ત્રણ સવારોને મારતે ઘોડે આવતા જોયા. હજી આ સવારો એક બે દિવસ વહેલા કેમ આવ્યા, એમ વિચાર કરે છે ત્યાં તો તેને સવારોએ પડકારી ઊભો રાખ્યો. ઘોડા ઉપરથી ઊતરી બધા તલવાર તાણી ઊભા રહ્યા. બુદ્ધિવિજય હામ હાર્યો નહિ, તેણે કુંવરના, રાજ્યના ખબર પૂછવા માંડ્યા, અને મહારાજાએ શા માટે દેહાન્તની શિક્ષા કરી તેનું કારણ એટલી કુનેહ અને નમ્રતાથી પૂછ્યું કે સવારો પોતે એને શા માટે મારવો તેના વિચારમાં પડી ગયા. આ રીતે એક બે પ્રહરો તે વાત લંબાવી શક્યો, પોતે નાસવાનો નથી, મરવાથી ડરતો નથી એમ બતાવી, રાહ જોવા સવારોને લલચાવી શક્યો. પણ ત્રીજા જ પહોરે સવારોએ દૂરથી સાંઢણી જોઈ, સાંઢણી અને રાજાને ઓળખ્યો. રાજા પોતે હુકમના અમલની ખાત્રી કરવા આવે છે એ વિચારથી બહેબાકળા થઈ, તેઓએ એક સાથે અનેક ઘા મારી બુદ્ધિવિજયને પૂરો કર્યો.

અનેક મહત્ત્વાકાંક્ષાઓ, વિજયની યોજનાઓ, તર્કો, લોહી સાથે તેના દેહમાંથી નીકળી, ધૂળમાં ભળી ગયાં અને તેનું કશું ચિન્હ રહ્યું નહિ!

એવું એક પણ કાર્ય નહિ હોઈ શકે કે જેમાં કોઇને જ આઘાત પહોંચતો ન હોય, પણ આ આઘાત દયાથી થયેલો હોવો જોઇએ. આ આઘાતની બે શરતો છે:—

(૧) સામાને આઘાત પહોંચે તેના કરતાં આપણને વધારે પહોંચે, તો જ આપણે તેવું કાર્ય કરીએ.

(૨) આપણો હેતુ શુભમાં શુભ હોય, તેમાં સામાનું કલ્યાણ જ આપણા મનમાં હોવું જોઇએ.

આપણે માની લઇએ કે મારો દીકરો દારૂ પીએ છે, બીડી પીએ છે, વ્યભિચારી છે. તે મારી પાસે પૈસા માગે છે. આજ-સુધી તો તેણે માગ્યા તેમ મેં આપ્યા, કારણ હું આંધળો બાપ હતો, પણ મારે પોતાને તો દારૂ-બીડી ન જ પીવાં જોઇએ, વ્યભિચાર ન જ કરવો જોઇએ, વળી બીજાને યે તેમાંથી ઉગારી લેવા જોઇએ. એટલે મારો ધર્મ છે કે હું મારા દીકરાને પૈસા ન આપું. તેના હાથમાં દારૂની પ્યાલી જોઉં, તો મારે તે ઝુંટવી લેવી જોઇએ. મને ખબર પડે કે અમુક પેટીમાં તે દારૂ રાખે છે, તો મારે તે પેટી બાળી નાખવી જોઇએ. એમ કરવાથી છોકરાને તો જરૂર આઘાત પહોંચશે. મને એ ક્રૂર બાપ માનશે. દયાધર્મ સમ-જનાર બાપ પુત્રને આઘાત પહોંચે તેથી ડરતો નથી, પુત્રના શાપથી ગભરાતો નથી. દયાધર્મ-પરોપકાર ધર્મ-એવા પ્રસંગમાં સૂચવે છે કે તેના હાથમાંથી દારૂની બાટલી છીનવી લેવી. બળાત્કાર કરીને તેના હાથમાંથી હું તે પડાવી ન લઉં, પણ મને ખબર પડે કે ઘરમાં અમૂક ઠેકાણે તે દારૂ રાખે છે, તો ત્યાંથી લઈને હું તેને જરૂર ફેંકી નાખું. —ગાંધીજી—

પ્રાચીન ગુજરાતી સાહિત્ય સંબંધમાં કેટલાએક ભ્રમો.

લેખક : **અંબાલાલ મુ. જાની,** બી. એ.

૧. નરસિંહ–નાકરયુગની જૂની ગુજરાતી :

અપભ્રંશ, પ્રાચીન (જૂની ગુજરાતી), અને અર્વાચીન, એમ ત્રણ વિભાગોમાં પરંપરાથી ગુજરાતી સાહિત્ય વહેંચાવા પામ્યું છે. ૧, વિ. સં. ૧૨મા સૈકાથી સં. ૧૪૬૦ સુધીનો અપભ્રંશયુગ; ત્યારથી ૧૬ મા સૈકા સુધીનો; ૨, ભગવદીય દયારામ પર્યંતનો પ્રાચીન સાહિત્યયુગ; અને ૩, ત્યાર પછીનો અર્વાચીન સાહિત્યયુગ છે. તેમાં નરસિંહ મહેતાથી તે નાકરવિષ્ણુદાસ (સં. ૧૪૭૦ થી ૧૭૦૦) સુધીનું નરસિંહ-નાકરયુગનું સાહિત્ય, એ મિશ્ર ગુજરાતી સાહિત્ય છે. કારણ તેમાં અપભ્રંશયુગની ભાષાની છાંટ ક્રિયાપદોનાં રૂપોમાં, તેમ જ વિભક્તિના પ્રત્યયોમાં, વિશેષણોના પ્રયોગોમાં તથા વાક્યરચનામાં પણ ચાલુ રહેલી સ્પષ્ટ જણાય છે. રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈના " જૈન ગુર્જર કવિઓ " ભાગ ૧લા નો સમર્પક અને સમર્થ ઉપોદ્ઘાત, તેમજ તેમાં કવિઓના ગ્રંથોનાં ઉતારેલાં અવતરણો જોવાથી તેની પ્રતીતિ થશે જ. એટલું જ નથી. નરસિંહ, ભાલણ, પદ્મનાભ, ભીમ, કેશવદાસ, જનાર્દન, કર્મણમંત્રી, વીરસિંહ, નાકર, અને વિષ્ણુદાસ વગેરેનાં પદો, પ્રબંધો તથા આખ્યાનોમાં પણ, તેની પ્રાપ્ત થતી જૂનામાં જૂની, તેમના સમય નજીકની, સંસ્કારી સમજુ લહિઆઓને હાથે લખાયેલી, પ્રતિઓ જોતાં અપભ્રંશયુગની ભાષાની છાંટ ઠીક ઠીક પ્રમાણમાં અવશ્યે મળે છે.

અલબત્ત આ કવિઓના જે કેટલાક છપાયેલા ગ્રંથો આપણને મળે છે, તેમાં એ છાંટ લગભગ બીલકુલ જણાતી નથી. કારણ ? કારણ એ જ કે એ છપાયલા ગ્રંથો બહુધા વિ. સં. ૧૮ થી ૧૯ મા સૈકામાં લખાયેલી અને કેટલીક વાર તો અલ્પસંસ્કારી લહિઆઓને હાથે લખાયેલી, પ્રતિઓ ઉપરથી, એટલે કે એ સમયના વાચકો અને લહિઆઓએ પોતાની સમજમુજબ કરેલા, રૂપાખ્યાનો અને પ્રત્યયો આદિના ફેરફારોવાળી પ્રતિઓ પરથી છપાયેલા છે. ઉપરાંત તે તે ગ્રંથોના પ્રકાશકોએ પણ સાંપ્રત સમયની વાચન-રસિક ગુજરાતી જનતાને જૂની ભાષાનાં લક્ષણો દુર્બોધ્ય થશે, એ કારણે, તેમ જ જૂની ભાષા પ્રત્યેના પોતાના ચિત્રવિચિત્ર ખ્યાલોથી પણ, વળી એ ગ્રન્થો પૂરી રસિકતાથી નહીં ગવાય તેમજ નહીં સત્કારાય એ કારણે તેમજ અણસમજથી પણ ઘણાએક ફેરફારો કર્યા છે; અને તેમાં કેટલીક વખત તો અર્ધસમજથી કિંવા અણસમજથી ઘણાક છબરડા વાળ્યા છે, અને ૮૯ અર્થોના અનર્થો અને ગેરસમજો નીપજાવી તે ગ્રન્થોને અવિશદ કર્યા છે. અખાના છપ્પા તેમ જ તેના બીજા ગ્રન્થોના અર્થ-રહસ્ય સમજવામાં એ કારણે ઘણી જ કિલષ્ટતા અને દુર્બોધતા પ્રવેશી લાગે છે. અને તેથી જૂનામાં જૂની, આખ્યાતાના સમય નજીકની પ્રતિઓ જે હવે સદ્ભાગ્યે આપણને ઉપલબ્ધ થાય છે, જે શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ગુ. વ. સોસાયટી, આદિ સંરક્ષક સંસ્થાઓમાં પ્રાપ્ત થાય છે, તેને આધારે આ સહુ સાહિત્ય નવીન સંસ્કરણ સવેળા જરૂર માગી લે છે. તેમ થતાં ભાષાની વિકૃતિનો ભ્રમ તેમ જ પ્રાચીન સાહિત્યની અગમતાનો ભ્રમેય સાચે જ સત્વર દૂર થશે, એ નિર્વિવાદ છે.

૨. જૈની, મારવાડી વા ચારણી ભાષાનો ભ્રમ :

નરસિંહ-નાકર સુધીનું જૈન તેમ જ બ્રાહ્મણી સાહિત્ય ઉપર કહ્યું તેમ મિશ્રભાષાન્વિત છે; અને તે સ્વાભાવિક જ છે, કારણ હંમેશાં એક કોટિ કે એક યુગમાંથી બીજી કોટિ વા બીજા યુગમાં સંક્રાન્તિ પામતું સાહિત્ય મિશ્રભાષાન્વિત હોઈ શકે; ન તે પ્રાચીન ભાષાના સંસ્કારો તજી શકે તેમ ન તે નવીન, પરિવર્તનના ભાષાસંસ્કારો

સંપૂર્ણતઃ સજી, સંગ્રહી, વા અપનાવી શકે. સંસ્કૃત, વ્રજ હિંદી, ફારસી, અંગ્રેજી આદિ સાહિત્યોના સંસ્કારો પામતુંઝીલતું દલપત-નર્મદયુગનું સાહિત્ય પણ તેનું જ્વલંત દૃષ્ટાન્ત છે. છતાં નરસિંહ-નાકરયુગનું એ સાહિત્ય પ્રાચીન (જૂની ગુજરાતી) સાહિત્યમાં ગણાય છે. આને અંગે ભાષાની અવિકૃતિવિષયક એક ભ્રમ ઊભો થયો વા કરાયો છે. કવીશ્વર દલપતરામે (સં. ૧૯૩૦–૪૦) કાવ્યદોહન ભાગ ૧ લામાં એવો પૂર્વપક્ષ મૂક્યો કે " ચારસેં વર્ષ ઉપર બોલાતી ભાષા અને હાલ બોલાતી ભાષામાં કશો ફેર પડતો નથી." તેમના પક્ષકાર, રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાએ આ પક્ષ સ્થાપતાં સવિસ્તૃત જણાવ્યું કે, (પહેલી સાહિત્ય-પરિષદઃ રા. હરગોવિંદદાસનું ભાષણ, સં. ૧૯૬૧ વ્યા. ઇ. સ. ૧૯૦૫)

" આદિકવિ નરસિંહ મહેતાની ભાષામાં અને હાલ ચાલતી ભાષામાં ઘણો થોડો તફાવત જણાય છે. (?) કાન્હડદે પ્રબન્ધ વગેરે ગ્રન્થો જોઇને તેના વખતમાં જૂની ગુજરાતી ભાષા ચાલતી હતી, એવું જે અનુમાન કરવામાં આવે છે, તે આ કારણથી ભૂલભરેલું લાગે છે. (?) કાન્હડ દેવે (પદ્મનાભે) મારવાડી ગુજરાતીમાં અથવા ચારણી ગુજરાતીમાં કવિતા કરી હોય એમ જણાય છે. જે ભાષામાં સેંકડો વર્ષ થયાં થોડો જ ફેરફાર થયો છે, તે ભાષામાં એક બે સૈકાની અંદર પુષ્કળ તફાવત પડે, એ માનવાજોગ નથી. (???) ભાટ-ચારણોની કવિતા અને તેનું અનુસરણ ને જૈન લોકનું પ્રાકૃત ને પડિમાત્રામાં લખાણ, એ જૂની ગુજરાતીનું અનુમાન કરવામાં કારણભૂત થાય છે."

આ ઉપરાંત રા. બ. હરગોવિંદદાસ પડિમાત્રા, ગ્વાલિયરી, તેમજ જૈની, મારવાડી, લહિયાલિપિને પણ આમ થવામાં કારણભૂત લેખે–લેખાવે છે.

આ પ્રકારનો પૂર્વપક્ષ ખરેખર ભ્રમભર્યો છે. નરાતાર અવાસ્તવિક છે. આની સામેનો ઉત્તરપક્ષ, સ્વ. ભાષાવિદ્ શાસ્ત્રી વ્રજલાલ, સ્વ. ભાષાભક્ત કવિ નર્મદ, સા. દિ. બ. કેશવ હ. ધ્રુવ, સા. નરસિંહરાવ દિવેટીયા, સ્વ. રમણભાઈ નીલકંઠ, આદિએ પોતાના નિબંધો કે લેખોમાં સપ્રમાણ સ્થાપેલો છે. આ ઉત્તરપક્ષનો મથિતાર્થ એ છે કે :—

" નરસિંહ મહેતા, મીરાં, ભાલણ, ભીમ આદિ કવિઓની મૂળભાષા લહિઆઓએ એટલી બધી બદલી નાખી છે કે તેમનાં લખાણ આ ભાષાનિર્ણયમાં કામ આવે તેમ નથી."

સ્વ. કવિ નર્મદ સ્પષ્ટ કહે છે અને તે ખરું જ કહે છે કે " નરસિંહ મહેતાની કવિતા તેના જ કાળમાં મળવી દુર્લભ છે."

દિ.બ. કેશવલાલભાઈ પણ કહે છે કે :—

" પહેલાં પાંચ શતકની (૧૦ થી ૧૪) ભાષા ગુજરાતી છે...એ પાંચ શતકના સાહિત્યને ગેરઇન્સાફ થયો છે; કેમકે મધ્યકાલીન ગુજરાતીને જ પ્રાચીન કાવ્ય ' ત્રૈમાસિક ' અને 'પ્રાચીન કાવ્યમાળા'ના અભિમત તંત્રી રા. બ. હરગોવિંદદાસભાઈ ગુજરાતી ગણવા ના પાડે છે, ત્યાં પ્રાચીન ગુજરાતીનો તો ધડો જ કેવો ! આંધળે બહેરું કૂટાય છે ને ગુજરાત અને ગુજરાતીની યોગ્યતા તપાસ્યા વગર અવળું વેતરાઈ જાય છે." (જુઓ ઈ. સ. ૧૯૦૧; બીજી મુંબઈ ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખપદનું તેમનું ભાષણ)

આ વિધાન યાને ઉત્તરપક્ષ હવે તો સપ્રમાણ–સદૃષ્ટાન્ત સિદ્ધ થએલ છે. તે તે કવિઓના નજીકના સમયની પ્રાચીન પ્રતિઓ ઉપરથી થએલ પ્રસિદ્ધિઓએ તે દીવા પેરે દર્શાવ્યું છે, અને તે સર્વસ્વીકૃત પણ થએલ છે. એટલે તેની હવે માર્મિક ચર્ચામાં અહીં ઉતરવું અનુચિત જણાય છે, છતાં બૃહદ્ કાવ્યદોહનના ૮મા ભાગમાં નાકરની ભાષા વિષે ચર્ચા કરતાં, ૫૨ થી ૫૬ પાનાં સુધીમાં મેં પોતે (સને ૧૯૧૩ માં) તેની જે સદૃષ્ટાન્ત વિસ્તૃત ચર્ચા કરેલી છે, તે જોવા અભ્યાસીઓને નમ્ર વિનંતિ છે.

૩. આદિકવિ એટલે ? અને કોણ ? :

બીજો ભ્રમ—નરસિંહ મહેતાને આદિકવિ કહેવામાં આવે છે, એટલે એ કથન પ્રાચીન ગુજરાતી કવિતાનો પહેલવહેલો નિર્માતા કહેવામાં આવે છે, તે છે. પણ જે અર્થમાં મહેતાને આદિકવિ કહેવામાં આવે છે તે અર્થમાં એ કથન ભ્રામક છે. પ્રકટ, અપ્રકટ પ્રાચીન સાહિત્ય જોનાર વિચારનારને જણાય છે જ કે નરસિંહ મહેતાની (સં. ૧૪૭૦–૧૫૩૦) અગાઉ જૈન અને જૈનેતર બ્રાહ્મણ કવિઓ એ ઘણુંક અને વિવિધ જાતિભાતિનું સાહિત્ય લખ્યું છે. નરસિંહથી જ તે સર્જાવા માંડ્યું છે, એવું વિધાન થતું–કરાવાતું હોય, તો તે અવાસ્તવિક જ છે. એ સાહિત્યોની પૂરી પરખ તેમ જાણ પણ નરસિંહ આદિનાં કાવ્યો પ્રકટ થયાં ત્યારે તેના પ્રકાશકો તેમ વાચક પરીક્ષકોને ન હતી, ને તેથી એ ભ્રમ પ્રસરવા પામ્યો હતો. છતાં એ સમયના સાહિત્યના સર્જકોના પ્રતીક તરીકે નરસિંહ મહેતાને મૂકવામાં આવે, એ અર્થમાં તેને આદિકવિ માનવા–મનાવવામાં આવે તો તેમાં કાંઈ ખોટું નથી. એથી કાંઈ નરસિંહની પૂર્વે જૈન વા જૈનેતર કવિઓ થયા નથી જ, એમ સિદ્ધ થતું નથી જ. સાહિત્યવાંછા નરસિંહના સમય અગાઉની હતી જ, એ નિર્વિવાદ છે. રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈના "જૈન ગુર્જર કવિઓ ભાગ ૧" એ ગ્રન્થમાં નોંધાએલા, કવિઓ અને તેમની કૃતિઓ જોવાથી આ વસ્તુસ્થિતિનું સમાધાન મળી રહેશે. જૈનોએ દેશી ગુજરાતી ભાષાનું વાઙ્મય સર્જવામાં, અને તેનાં પ્રમાણરૂપ પુસ્તકો રચવામાં બેશક પુષ્કળ અને તેય સંમાન્ય ફાળો આપ્યો છે. તેમણે સાહિત્યને સૌન્દર્યવન્તું, રસવન્તું, ને સમૃદ્ધિવન્તું કર્યું છે, એટલું જ નહીં પણ માતૃભાષા ગુજરાતીને સનાથ, સગર્વ કરી છે. તેમજ નેમી વિજય, ઉદયરત્ન, આદિ કવિઓ તો ધરગથ્થુ કવિઓ થઈ પડ્યા હતા. આ પણ હવે વિવિધ પ્રકાશનોથી સિદ્ધ થઈ ચૂકેલું હોવાથી આ મુદ્દો આથી વિશેષ વિસ્તૃત ચર્ચા અને ઊહાપોહ માગી લેતો નથી.

૪. જૈની અને બ્રાહ્મણી સાહિત્યના સંપર્કો :

ત્રીજો ભ્રમ જૈનો અને બ્રાહ્મણોનાં સાહિત્યો જુદાં જુદાં પૃથક્ પૃથક્ માર્ગે અન્યોન્યની અસરથી રહિત રહીને ખીલ્યાં હતાં, એમ જે કહેવાયું છે, તે છે; જાણે જૈન અને બ્રાહ્મણી કવિઓના કાવ્ય-વિષયો તેમ જ તેના ઝીલનારા વાચકોની રુચિઓ નિરાળાં હોય, જાણે તેમના જીવનના ઉદ્દેશો અને લક્ષ્ય વિદિશાવંતા હોય, જાણે તેમના સંસાર વ્યવહારો ભિન્નપ્રવાહવાળા હોય, જાણે તેઓના પરસ્પરના સંબંધો, સંસર્ગો અને સહવાસ અસ્પૃશ્ય હોય. પરંતુ આ એક નપાયો, નબોદો ભ્રમ જ છે. વેદના વારાથી જનતા તેનાં ગૂઢ રહસ્યો સમજવા અને જીવનમાં તે ઉતરવા વિવેચક કથા તથા વાર્તા માગી લે છે. વેદાદિના ગહન સિદ્ધાન્તોનાં રૂપકાદિ દ્વારા સ્ફોટનો, સંવાદોના તથા કથાસંવાદના રૂપમાં બ્રાહ્મણો અને ઉપનિષદોથી પ્રાપ્ત થાય છે. પુરાણો પણ એ જ મુદ્દો સિદ્ધ કરે છે ને પ્રબંધો તથા કથાઓ વાર્તાસાહિત્યનો ઇતિહાસ પ્રવર્તાવે છે. જૈનો પણ મુદ્દામે આર્યો હોઇને, ઉપર જણાવેલી સાહિત્ય-પ્રથાના ચાહક અને ગ્રાહક છે. અપભ્રંશયુગથી કથાવાર્તાદિ ગુર્જર સાહિત્ય વિકાસ પામતું જણાયેલું છે, ને તેમાં આ સૌ પુરાણા સાહિત્યથી સર્વાંશે સજ્ઞાન જૈન સાહિત્યસર્જકોનો ફાળો કાંઇ ઓછો નથી. તેમનો એ ફાળો બેશક વિશાળ અને સમૃદ્ધ છે. જૈનો અને જૈનેતરો–(બ્રાહ્મણાદિ)નાં સાહિત્યોનાં મૂળ પોષણો અને ધાવણો વેદાદિ તેમજ પુરાણાદિ અવશ્યે છે અને હરેક સમયે તે બન્ને નિકટ સંસર્ગમાં રહેતાં, તેમજ અન્યોન્યને આધારે વિકસતાં, રસવંતાં થતાં પ્રફુલ્લતાં રહેલાં જણાયાં છે જ. બન્ને જનદળોની ચારિત્ર્યની તથા પુરુષાર્થની, નીતિવ્યવહારની ભાવના સમાન છે. અને તેથી વેદાદિના ઉપબૃંહણરૂપ મહાભારત અને રામાયણના કથાપ્રસંગો, પુરાણોનાં આખ્યાનો અને ઉપાખ્યાનો, તેમ જ પ્રચલિત દંતકથાસાહિત્યો, અને પ્રબંધો ઉપરથી જેમ બ્રાહ્મણસાહિત્ય ખીલ્યું છે તે જ ધાટિએ જૈને જૈન સાહિત્ય એવું નામ ખસુસ આપવામાં આવે છે તે પણ ખીલ્યું છે. જૈન સાધુઓ અને સાહિત્યસર્જ-

કેાના શિક્ષકેા બ્રાહ્મણેા ઘણુંખરું હતા. બ્રાહ્મણી સાહિત્યના પાકા અભ્યાસી તેમ જ વિવેચક જ નહીં, પણ તેના અનુસરણના ઉપાસકેા, તેમ નિષ્ણાત નિવેદકેા હતા. ઉપરાંત તેમને તેમજ જૈન રસિક જનસમૂહેાને વ્યવહાર પણ પૂંઠે લાગેલેા હતેા જ, નિત્યના સંસારસમાજબંધનેાના બંધેા વળગેલા હતા જ, એટલે વ્યવહારમાં પણ બન્ને કેામેા વિશેષ નિકટમાં રહેલી હતી. એટલે તદ્દન ભિન્ન પ્રકારનાં, ભિન્નરુચિ અને ભિન્ન ઊર્મિવાળાં સાહિત્ય રચાય, એ સંભવિત વા શક્ય ન હતું. વસ્તુસ્થિતિ પણ તેમ નથી જ. ધર્મવૃત્તિ વા ધર્મપ્રણાલિ બદલાતાં કાંઈ મૂળ લેાકમાનસ અને રુચિતંત્ર સર્વથા પલટાતું નથી. જૈન રામાયણ અને જૈન મહાભારત, જૈન હરિવંશ, જૈન રાસાઓ, જૈન પ્રબંધેા, જૈન કથાસંગ્રહેા, વગેરે જોવાથી આ કથનની સબળ પ્રતીતિ થશે જ. ઉપરાંત વિવિધ કથા-વાર્તા-સાહિત્યનાં સામ્યેા પણ આ વિધાનને ટેકવતું જણાશે જ.

૫. પ્રાચીન કાવ્યેા ભાષાન્તરેા નથી જ:

ચેાથેા ભ્રમ–પ્રાચીન તેમ જ મધ્યકાલીન કવિઓએ મહાભારતાદિનાં કેવળ સાદાં અને નિરસ ભાષાન્તરેા જ, અલબત સારરૂપ ભાષાન્તરેા કરેલાં છે, અને તે થેાડાં જ છે, આવેા એક ભ્રમ સેવાયેા છે, કહેા કે ઊભેા કરાયેા છે. પરંતુ તેમનાં આખ્યાનેા તથા અન્ય સાહિત્યકૃતિઓ જોનારને તેમ વિચારનારને જણાયું છે કે એ કેવળ ભાષાન્તરેા નથી તેમ નિરસ પેાથાં પણ નથી જ. ઠેઠ નરસિંહ મેહતાથી માંડી દયારામ સુધી જે રાસેા, પ્રબંધેા, આખ્યાનેા, વાર્તાઓ લખાયાં છે, જે વિવિધ જાતિભાતિનાં સાહિત્યેા રચાયાં છે, તેની સહૃદયી સમીક્ષા કે મૂળ સાથે સરખામણી કરવાથી જણાયું છે જ કે એ કવિઓએ મહાભારતાદિનાં તેમજ પુરાણાદિનાં પાત્રેાને, એ પાત્રેાના સંસાર તથા જમાનાને પેાતાના જમાનાના રંગેા અને ઓપેા આપ્યા છે, અને જાણે એ સહુ પાત્રેા ઘરગથ્થુ હેાય, તેમ રજૂ કર્યાં છે. પેાતાના સમયના સંસારવ્યવહારમાં ભાગ લેતાં હેાય તેમ આબેહૂબ નિરૂપ્યાં છે, પેાતાના સંસારના ઉલ્લાસેા, રૂસણાં, શેાક આદિમાં વ્યવહારરત નિરૂપ્યાં છે. નરસિંહ મેહતાનું " જોગીન્દ્રપણું શિવજી ! તમારું મેં જાણ્યું જાણ્યું, જટામાં ધાલી ને આ તે કયાં થકી આણ્યું રે ?" એ પદ અન્ય કવિનું " મારા બાપે લંછન લેાહ્યું લાલ, જાદવકુલ કયાં જોયું ?" એ પદ તેમજ કૃષ્ણલીલાનાં પણ કેટલાંક લેાકજીભે ચડેલાં પદેા એનાં દૃષ્ટાંત છે. કેવળ કૃષ્ણ અને શિવસંબંધમાં જ આમ નથી થયું, શક્તિ, રામ અને અન્ય દેવાદિ સંબંધમાં પણ વસ્તુસ્થિતિ તેવી જ છે. એ કવિઓએ તેા આપણા વર્તમાન સંસારમાં ચાલતાં પનિપત્નીનાં રૂસણાં, દેાહદેા, આપણા સારામાઠા સામાજિક સાંસારિક પ્રસંગેાનાં અને ઉત્સવખેલનેાનાં આરેાપણેા કૃષ્ણ, રામ, શિવ, શક્તિ આદિના સંસારમાં જવલંત રીતે પ્રતિબિમ્બિત કર્યાં છે જ. રે ! તે સમયે દેવાર્થે ચિત્ર, સંગીત, નૃત્ય શેાભન આદિ કલાનેા, પાક આદિ સામગ્રીઓનેા વિનિયેાગ સવિશેષ થતેા હતેા.

૬. વિવિધ પ્રકાર અને બરનાં સાહિત્યસર્જનેા:

ઉપરાંત એ સહૃદયી લેાકકવિઓએ અનેક પ્રકારનાં સાહિત્યેા ઉમંગભેર ખેડ્યાં છે; તેમાં જીવનના ઉલ્લાસેાનાયે પડછંદા પાડ્યા છે, આનંદ, પ્રમેાદ, બહલાવ્યા છે. જૂની ગુજરાતીના સાહિત્યનાં બર અને પૂર જોનારને આની ખાત્રી થયા વિના નહીં રહે. ઇતિહાસ, કથાવાર્તા, શૃંગાર, અને કામકલા, આખ્યાનાદિ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મચિન્તન વગેરે વગેરેનાં કવિતાસાહિત્યેા નિરૂપ્યાં છે, જેની યાદી કૈક વિસ્તૃત આ લેખકે શ્રી હરિલીલાષેાડશકલાના ઉપેાદ્ઘાતમાં પાના ૮ થી ૧૩ માં આપેલી છે, તે જોવા વિચારવા સહૃદયી અભ્યાસીઓને નમ્ર વિનંતિ છે.

૭. જૈન સાહિત્ય કેવળ ધર્મમય નથી જ:

પાંચમેા ભ્રમ–જૈન સાહિત્ય કેવળ ધાર્મિક છે, સ્તવનેા, અને સ્તેાત્રેાથી જ સમૃદ્ધ છે એમ કહી, તેની ઉપેક્ષા કરવી, એ પણ તદ્દન અવાસ્તવિક છે, અમુલ્ય વસ્તુની અંધ ઉપેક્ષા કરવા જેવું છે. ફાગુઓ,

નંદ બત્રીસી, સિંહાસન બત્રીસી, સૂડાબહોતેરી, આંબડરાસ, વિદ્યાવિલાસ પવાડો, કામકલા ચોપાઇઓ વગેરે બ્રાહ્મણી સાહિત્યસર્જનની રીતિએ અને ધાટિએ રચાએલા ગ્રન્થો જોનારને આ સત્ય સમજાશે. કેટલુંક જૈની કહેવાતું સાહિત્ય બ્રાહ્મણી સાહિત્યનું પ્રેરક અને દર્શક પણ નિઃશંક નીવડેલું છે.

૮. બ્રાહ્મણી સાહિત્ય કેવળ ભગતડું સાહિત્ય નથી :

છઠ્ઠો ભ્રમ—જૂના કાળમાં કેવળ કૃષ્ણભક્તિ અને તેય શૃંગારિક ભક્તિનાં જ પદો લખાતાં હતાં, એ પણ એક ભ્રમ છે. અલબત્ત નરસિંહ મહેતાએ તેમ ભાલણ આદિએ કૃષ્ણભક્તિને અમુક અંશે શૃંગારિક ભક્તિનાં પદો લખ્યાં છે, એ ખરું. પરંતુ તત્ત્વજ્ઞાન, અધ્યાત્મતત્ત્વ, સંસ્કૃત નાટકો, કાવ્યો, આદિ સાહિત્યોના ખંડો વગેરે પણ તેમજ કેટલાંક સારાં સારાં સુભાષિતો (जह्नानेयं वेणी...) ગુજરાતી ભાષામાં રસભર ઉતાર્યાં છે. ભાલણે તો નળાખ્યાન, મૃગલીસંવાદ, કાદંબરી, ધ્રુવચરિત તેમજ રામલીલા, વિગેરે પોતાના જમાનાના અને સંસારના રંગોથી રંગી આલેખ્યાં છે. ભીમે પ્રબોધચંદ્રોદય નાટક લાક્ષણિક રીતે અવતાર્યું છે. કેશવદાસનો કૃષ્ણક્રીડાપ્રબંધ પણ રસાળ છે. નાકર, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનો તો પ્રસિદ્ધ જ છે. ને તેનું વિશેષ સમાધાન મેં ઉપર જણાવેલા, હરિલીલાના ઉપોદ્‌ઘાતની યાદી જોતાં થઈ શકશે.

૯. પ્રાચીન સાહિત્ય કેવળ પદ્યમય નથી :

સાતમો ભ્રમ–વળી કેવળ પદ્યસાહિત્ય જ લખાયું છે, ને ગદ્ય નથી લખાયું, એ પણ એક ભ્રમ છે. અલબત્ત એ ગદ્યસાહિત્ય સાહિત્યિક નિબંધોનું નથી, પણ ઉપદેશોનું નીતિપ્રતિપાદક કથા–વાર્તાઓનું છે, તેમ જ તેમાં કલા, અલંકાર, ખચિત વાક્યશૈલી, વગેરેનાં આડંબર તેમ શોભાશૃંગારો નથી; પણ સાદું, સરળ અને ઘરગથ્થુ છતાં સચોટ ભાવનાત્મક ગદ્ય તો અવશ્ય છે જ; તે જમાનાના લોકસમૂહોનાં હૃદયને સોંસરવા ભેદતું અને ઊંડો આદર પામેલું સાહિત્ય છે.

૧૦. એ સાહિત્ય માત્ર વૈષ્ણવી નથી :

આઠમો ભ્રમ—પ્રાચીનકાવ્યસાહિત્ય, કેવળ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવી સાહિત્ય રચાયાનું કેટલાક માને છે, એ તેમની વસ્તુસ્થિતિની કેવળ અજ્ઞાનતા વા પૂર્વબદ્ધ વ્હેમભાવના જણાવે છે. તે બેશક સર્વગ્રાહી અર્થમાં વૈષ્ણવી છે. ઉપરનું વિધાન કરનારાઓ એ ભૂલી જાય છે કે પુષ્ટિમાર્ગીઓનો કૃષ્ણ તે ગોપીઓનો કૃષ્ણ, યશોદાના ઉત્સંગમાં રમતો બાળક કૃષ્ણ, જ્યારે કંસનો સંહારક, મહાભારતના યુદ્ધનો ખેલણહાર કૃષ્ણ, લક્ષ્મી, રૂકિમણી, સત્યભામાનો પ્રિયતમ કૃષ્ણ, તે જમાનાના સંસાર અને વ્યવહારના વાતાવરણથી રંગાએલો કૃષ્ણ, ઉદ્ધવાદિને ભાગવત ધર્મ પ્રબોધતો કૃષ્ણ, ગીતાજીનો સંદોહક કૃષ્ણ, પ્રાચીન કવિતામાં સવિશેષ જોવામાં આવે છે. પ્રેમાનન્દાદિનો કૃષ્ણ સાંપ્રદાયિક કૃષ્ણ નહીં પણ પૌરાણિક કૃષ્ણ છે. સંતમાર્ગીઓના રામ અને કૃષ્ણ એથી કૈક જુદા છે. એક રીતે કહીએ તે ચતુર્વિધ વૈષ્ણવ ધર્મ પ્રાચીન સાહિત્યમાં ગવાએલો સાંપડે છે. શિવ અને શક્તિને ઉદ્દેશીને પણ વિવિધ રસોત્પાદક સાહિત્ય રચાયલાં સાંપડે છે. કબીર આદિ સંતોનાં, અખો, ધીરો, બાપુ, આદિ ભક્તોનાં સાહિત્યો કાંઈ ઓછાં ઉત્કૃષ્ટ નથી. ખોજાઓ, પીરાણાઓ અને મતપંથીઓનાં સાહિત્ય પણ વિવિધ રંગી છે. નિરાંત, કુબેર, રાજે, પ્રીતમ આદિનાં સાહિત્ય અન્ય ધર્મીઓના કેટલાક સંસ્કારો અને પરિચયોથી સંસ્કારાએલાં છે.

આ પ્રમાણે જે કેટલાક ભ્રમો પ્રચીન ગુજરાતી સાહિત્યસંબંધમાં પ્રવર્તતા વા પ્રવર્તાયેલા બહુધા જણાયેલા છે, તેનું અવલોકન, અલબત્ત કંઈક અછરતું અને સંક્ષિપ્ત અવલોકન કરી, આટલેથી જ વિર-

મવું યોગ્ય લાગે છે. બાકી પ્રાચીન કવિઓ, જીવન-ઉલ્લાસ શું તે જાણતા-નિરૂપતા જ ન હોતા, માત્ર મૃત્યુના પયગંબરો હતા, રાજીયા ગાનારા રોતલ હતા, ચાલી આવતી ધરેડમાં પડેલા ગળિયા બળદ હતા, સામળે વાર્તાસાહિત્ય કેવળ પોતાના પુરોગામી જૈન આદિ વાર્તાકારોના જ અનુકરણ અને અનુસરણમાં લખ્યું હતું, પ્રેમાનન્દના શિષ્ય વીરજીએ ફારસી સાહિત્યનું અનુસરણ કર્યું છે, પ્રેમાનન્દનાં નાટકો તેનાં નથી, પણ હાલના શિખી રાજા અને દધિચી મુનિનાં લખેલાં છે, ત્રણ ત્રણ પ્રેમાનંદો થઈ ગયા છે; દયારામે શૃંગાર-સાહિત્ય રચી વિલાસમાર્ગની પ્રેરણા પ્રેરી છે, દયારામનું ચારિત્ર્ય શુદ્ધ ન હોતું, નાકર, વિષ્ણુદાસ આદિએ કેવળ થોથાં જ લખ્યાં છે, નાટકાદિ ભજવાતાં જ ન હોતાં, છંદ, વૃત્તાદિ જૂના સાહિત્યમાં મળતાં નથી, કારણ તેમાં એ સાહિત્ય રચાયલું ન હતું. અને માત્ર અર્વાચીન નવવિધાનવિદ કુશળ, કોવિદ, કવિઓનોજ એ ઇજારો છે, સામળ પ્રેમાનન્દનો ઝઘડો, વગેરેવગેરે વિવિધ ભ્રમો વિભ્રમો, વિચારવા અને નિરાકરણ કરવા જેવા છે. છતાં અહીં તો પ્રસંગમર્યાદા તેમજ અવકાશમર્યાદાને અંગે, આટલેથી જ વિરમવું યોગ્ય લાગે છે. इति शम् ।

oo

વાસ્તવિક રીતે ગૂજરાતી ભાષાના ત્રણયુગ છે. ઈસવી સનના દસમાં અગિયારમાં શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ; પંદરમા શતકથી સત્તરમા શતક સુધીનો બીજો અને તે પછીનાં શતકોનો ત્રીજો. પહેલા યુગની ભાષાને અપભ્રંશ કે પ્રાચીન ગૂજરાતી નામ આપવું ઘટે છે. બીજા યુગની ગૂજરાતી જે સામાન્યરીતે હાલમાં જૂની ગૂજરાતીના નામથી ઓળખાય છે, તેને મધ્યકાલીન ગૂજરાતી કહેવી યોગ્ય છે. ત્રીજા યુગની ગૂજરાતીને અર્વાચીન ગૂજરાતી સંજ્ઞા આપવામાં મતભેદ હોય જ નહિ.

ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં ગૂજરાતી સાહિત્યની કાલમર્યાદા હજારેક વર્ષની થવા જાય છે. આટલું જૂનું સાહિત્ય તેની ભગિનીઓના ભંડારમાં મળી આવતું નથી. તેને લીધે એ સવિશેષ મૂલ્યવાન બને છે. પ્રથમયુગનું પ્રાચીન ગૂજરાતી સાહિત્ય નિર્મળ પ્રેમભાવના પોષતું ને ઉજ્જ્વળ દેશભક્તિથી ઉભરાતું ઉત્સાહપૂર્ણ છે. જે કાળમાં જેવી દેશની સ્થિતિ, તેવું તેનું તે કાળનું સાહિત્ય હોય છે. ઈસ્વી સનની અગિયારમી, બારમી અને તેરમી સદી ગૂજરાતના પરમ અભ્યુદયની હતી. ચાંચિયા અને લૂટારાને શાસન થતાં ફરી વ્યાપાર જળમાર્ગે ને સ્થળમાર્ગે ધમધોકાર ચાલી રહ્યો હતો. દેશનો ઉદ્યોગ ખીલાવવાને માટે બહારથી શિલ્પીઓ તેડાવી વસાવ્યા હતા. કુરુક્ષેત્ર, પાંચાલ, શૂરસેન, પ્રયાગ, અયોધ્યા આદિ સ્થળના શ્રોત્રિય બ્રાહ્મણોને આણી દેશમાં જુદે જુદે સ્થાને સ્થાપ્યા હતા. વિદ્વાનોને સંપૂર્ણ આશ્રય મળી રહ્યા હતી; તે એટલે સુધી કે હેમાચાર્યનું વ્યાકરણ હાથની અંબાડીમાં રાજદરબારી સવારીના ઠાઠથી મોટી ધામધુમ સાથે મહારાજા સિદ્ધરાજના સરસ્વતી ભંડારમાં પધરાવવામાં આવ્યું હતું. આવા સમયના સાહિત્યમાં શુરાતની જ્વાળા અને સ્વદેશપ્રીતિની જ્યોતિ ભભૂકી રહે તે સ્વાભાવિક છે. સાહિત્યના ઉત્કર્ષ સાથે દેશનો ઉત્કર્ષ સંધાયલો જ છે.

—દિ. બ. કેશવલાલ હ ધ્રુવ—

॥ जयति श्रीवीरवर्धमानस्य प्रवचम् ॥

છેદસૂત્રકાર અને નિર્યુક્તિકાર

લેખક: મુનિ પુણ્યવિજયજી

જૈન સંપ્રદાયમાં ઘણા પ્રાચીન કાળથી છેદસૂત્ર[1]કાર અને નિર્યુક્તિ[2]કાર તરીકે ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામી જાણીતા છે. આ માન્યતાને કેટલાએ પ્રાચીન ગ્રંથકારોએ તેમના ગ્રંથોમાં જણાવી છે, અને એ જ માન્યતા આજે જૈન સંપ્રદાયમાં સર્વત્ર પ્રચલિત છે. પરંતુ નિર્યુક્તિ, ચૂર્ણિ વગેરે પ્રાચીનતમ ગ્રન્થોનું સૂક્ષ્મ અધ્યયન કરતાં તેમાંના ઉલ્લેખો તરફ ધ્યાન આપતાં ઉપરોક્ત રૂઢ સાંપ્રદાયિક માન્યતા બાધિત થાય છે. એટલે આ લેખમાં ઉપર જણાવેલી ચાલુ સાંપ્રદાયિક માન્યતાની બન્નેય પક્ષનાં સાધકબાધક પ્રમાણો દ્વારા સમીક્ષા કરવામાં આવે છે.

" છેદસૂત્રોના પ્રણેતા ચતુર્દશપૂર્વવિદ્ ભગવાન ભદ્રબાહુસ્વામી છે " એ વિષે કોઈપણ જાતનો વિસંવાદ નથી. જો કે છેદસૂત્રોમાં તેના આરંભમાં, અંતમાં અગર કોઈપણ ઠેકાણે ખુદ ગ્રન્થકારે પોતાના નામ આદિ કશાયનો ઉલ્લેખ કર્યો નથી, તેમ છતાં તેઓશ્રીના પાછળ થએલ ગ્રન્થકારોએ જે ઉલ્લેખો કર્યા છે તે જોતાં સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે—**છેદસૂત્રકાર ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામીજ છે.**

દશાશ્રુતસ્કંધસૂત્રની નિર્યુક્તિના પ્રારંભમાં નિર્યુક્તિકાર જણાવે છે કે—

વંદામિ ભદ્દબાહું, પાઈણં ચરિમસગલસુયનાણિં ।
સુત્તસ્સ કારગમિસિં, દસાસુ કપ્પે ય વવહારે ॥ ૧ ॥

અર્થાત્—" **પ્રાચીન**ગોત્રીય, અંતિમ શ્રુતકેવલી તેમ જ દશાશ્રુતસ્કંધ, કલ્પ અને **વ્યવહાર**સૂત્રના પ્રણેતા, મહર્ષિ **ભદ્ર**બાહુને હું નમસ્કાર કરું છું."

આ જ પ્રમાણેનો ઉલ્લેખ **પંચ**કલ્પની આદિમાં પણ છે. આ બન્નેય ઉલ્લેખો જોતાં તેમજ બીજું કોઈપણ બાધક પ્રમાણ ન હોવાથી સ્પષ્ટ રીતે કહી શકાય કે—' છેદસૂત્રોના નિર્માતા ચતુર્દશપૂર્વધર અંતિમ શ્રુતકેવલી સ્થવિર આર્ય **ભદ્ર**બાહુસ્વામી છે અને તેમણે દશા, કલ્પ અને **વ્યવહાર** એ ત્રણ છેદસૂત્રોની રચના કરી છે.' આ ઉલ્લેખમાં નિર્યુક્તિરચના કરવાને લગતો તેમજ તેઓશ્રી નૈમિત્તિક સ્થવિર હોવાને લગતો કશોય ઉલ્લેખ નથી એ ધ્યાનમાં રાખવા જેવું છે.

ઉપર અમે જે ગાથા ટાંકી છે તેના ઉપર મહાભાષ્યકારે જે **મહા**ભાષ્ય કર્યું છે તેમાં પણ નિર્યુક્તિગ્રન્થોની રચના કર્યાને લગતો કશોય ઉલ્લેખ નથી. **મહા**ભાષ્યની ગાથાઓ આ નીચે આપવામાં આવે છે—

કપ્પં તિ णામણિપ્फણ્ણં, મહત્થં વત્તુકામતો ।
णિજ્જૂહગસ્સ ભત્તીય, મંગલટ્ઠાએ સંથુતિં ॥ ૧ ॥

---

૧. દશાશ્રુતસ્કંધ, કલ્પ (બૃહત્કલ્પસૂત્ર), વ્યવહાર, નિશીથ (આચારપ્રકલ્પ), મહાનિશીથ અને પંચકલ્પ આ ૬ ગ્રન્થોને ' છેદસૂત્ર' તરીકે ઓળખવામાં આવે છે. પ્રસ્તુત લેખમાં છેદસૂત્રકાર સાથે સંબન્ધ ધરાવનાર પ્રથમનાં ચાર સૂત્રો જ સમજવાનાં છે.

૨. આવશ્યકસૂત્ર, દશવૈકાલિકસૂત્ર આદિ શાસ્ત્રો ઉપરની ગાથાબદ્ધ વ્યાખ્યાને નિર્યુક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

तित्थगरणमोक्कारो, सत्थस्स तु आइए समक्खा ओ ।
इह पुण जेणऽज्झयणं, णिज्जूढं तस्स कीरति तु ॥ २ ॥
सत्थाणि मंगलपुरस्सराणि सुहसवणगहण धरणाणि ।
जम्हा भवंति जंति य, सिस्सपसिस्सेहिं पचयं च ॥ ३ ॥
भत्ती य सत्थकत्तरि, तत्तो उगओग गोरवं सत्थे ।
एएण कारणेणं, कीरइ आदी णमोक्कारो ॥ ४ ॥
'वद' अभिवाद थुतीए, सुभसद्दो णेगहा तु परिगीतो ।
वंदण पूयण णमणं, थुणणं सक्कारमेगट्ठा ॥ ५ ॥
भद्दं ति सुंदरं ति य, तुल्लत्थो जत्थ सुंदरा बाहू ।
सो होति **भद्दबाहु**, गोण्णं जेणं तु बालत्ते ॥ ६ ॥
पाएण ण लक्खिज्जइ, पेसलभावो तु बाहुजुयलस्स ।
उववण्णमतो णामं, तस्सेयं **भद्दबाहु** त्ति ॥ ७ ॥
अण्णे वि **भद्दबाहु**, विसेसणं गोण्णगहण **पाईणं** ।
अण्णोसिं पडविसिट्ठे, विसेसणं चरिमसगलसुतं ॥ ८ ॥
चरिमो अपच्छिमो खलु, चोद्दसपुव्वा तु होति सगलसुतं ।
सेसाण वुदासट्ठा, सुत्तकरऽज्झयणमेयस्स ॥ ९ ॥
किं तेण कयं तं तू, जं भण्णति तस्स कारतो सो उ ।
भण्णति गणधारीहिं, सव्वसुयं चेव पुव्वकयं ॥ १० ॥
तत्तो चिय णिज्जूढं, अणुग्गहट्ठाए संपयजतीणं ।
तो **सुत्तकारतो** खलु, स भवति **दशाकप्पववहारे** ॥ ११ ॥

આ ઉલ્લેખમાં મહાભાષ્યકારે ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય **ભદ્રબાહુ**સ્વામીને માત્ર **સૂત્ર**કાર તરીકે જ જણાવ્યા છે એ નવમી ગાથાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ થાય છે.

ઉપર નિર્યુક્તિ, ભાષ્ય અને મહાભાષ્યના ઉલ્લેખમાં ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય **ભદ્રબાહુ**સ્વામીને દશા, કલ્પ અને **વ્યવહાર** એ ત્રણ છેદસૂત્રોના રચયિતા જણાવવામાં આવ્યા છે; પરંતુ **પંચક**લ્પભાષ્યની **ચૂર્ણિ**માં તેઓશ્રીને **નિશીથ**સૂત્રના પ્રણેતા તરીકે પણ જણાવ્યા છે. એ ઉલ્લેખ અહીં આપવામાં આવે છે—

" तेण भगवता **आयारपकप्प-दसाकप्पववहारा** य नवमपुव्वनी संदभूता निज्जूढा । " पंचकल्पचूर्णि पत्र १

અર્થાત્—તે ભગવાને (ભદ્રબાહુસ્વામીએ) નવમા પૂર્વમાંથી સારરૂપે **આ**ચારપ્રકલ્પ, દશા,[1] કલ્પ અને **વ્ય**વહાર એ ચાર સૂત્રો ઉદ્ધાર્યાં છે–રચ્યાં છે.

આ ઉલ્લેખમાં જે આયારપકપ્પ નામ છે એ **નિ**શીથસૂત્રનું નામાન્તર છે. એટલે અત્યારે ગણાતાં છ છેદસૂત્રોપૈકી ચાર મૌલિક છેદસૂત્રોની અર્થાત્ દશા, કલ્પ, **વ્ય**વહાર અને **નિ**શીથસૂત્રની રચના ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય **ભદ્ર**બાહુસ્વામીએ કરી છે.

---

૧. પ્રાચીન માન્યતા મુજબ દશાશ્રુતસ્કંધ અને કલ્પને એક સૂત્ર તરીકે માનવામાં આવે અથવા કલ્પ અને વ્યવહારને એક સૂત્રરૂપે માની લઈએ તો ચારને બદલે ત્રણ સૂત્રો થાય.

तित्थोगालिय प्रकीर्णक,–જેની રચના વિક્રમની પાંચમી શતાબ્દિની શરૂઆતમાં થએલી હોવાનું વિદ્વદ્વર્ય શ્રીમાન્ કલ્યાણવિજયજી "वीरनिर्वाण संवत् और जैन कालगणना" (પૃ૦ ૩૦, ટિ૦ ૨૭) માં સપ્રમાણ જણાવે છે,–તેમાં નીચે પ્રમાણે જણાવ્યું છે—

सत्तमतो थिरबाहू जाणुयसीसुपडिच्छिय सुबाहू ।
नामेण **भद्दबाहू** अविही साधम्म सद्दोत्ति (?) ॥ १४ ॥

सो वि य चोद्दसपुव्वी बारसवासाइं जोगपडिवन्नो ।
सुत्तत्तेण निबंधइ अत्थं अज्झयणबंधस्स ॥ १५ ॥

तीर्थોદ્ગારપ્રકીર્ણકના પ્રસ્તુત ઉલ્લેખમાં ચતુર્દશપૂર્વધર ભગવાન્ **ભદ્રબાહુ**સ્વામીને સૂત્રકાર તરીકે જ વર્ણવ્યા છે, પરંતુ તેથી આગળ વધીને 'તેઓ નિર્યુક્તિકાર' હોવા વિષે કે તેમના નૈમિત્તિક હોવા વિષે સૂચના સરખીયે કરવામાં આવી નથી.

ઉપર ટૂંકમાં જે પ્રમાણો નોંધાયાં છે એ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે–**છેદસૂત્રોના પ્રણેતા, અંતિમ શ્રુતકેવલી સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામી જ છે.** આ માન્યતા વિષે કોઈને કશોય વિરોધ નથી. વિરોધ તો આજે 'નિર્યુક્તિકાર કોણ? અથવા કયા ભદ્રબાહુસ્વામી?' એનો જ છે, એટલે આજના લેખમાં એ વિષે જ ચર્ચા અને સમીક્ષા કરવાની છે.

જૈન સંપ્રદાયમાં આજે એક એવો મહાન્ પક્ષ છે, જે "નિર્યુક્તિઓના પ્રણેતા ચતુર્દશ પૂર્વવિદ્ છેદસૂત્રકાર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામી જ છે" એ પરંપરાને માન્ય રાખે છે અને પોષે છે. એ પક્ષની માન્યતાને લગતાં અર્વાચીન પ્રમાણોને—નિરર્થક લેખનું સ્વરૂપ મોટું થઈ ન જાય એ માટે—જતાં કરી, એ વિષેના જે પ્રાચીન ઉલ્લેખો મળે છે એ સૌનો ઉલ્લેખ કર્યા પછી અમે "નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામી, ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામી નથી પણ તે કરતાં કોઈ જુદા જ સ્થવિર છે." એ અમારી પ્રામાણિક માન્યતાને લગતાં પ્રમાણો અને વિચારસરણી રજૂ કરીશું.

અમે અહીં અમારી નવીન છતાં પ્રામાણિક માન્યતાને અંગે જે પ્રમાણો અને વિચારો રજૂ કરીએ છીએ તેને વિદ્વાનો ધ્યાનપૂર્વક વિચારે અને તેની સાધક-બાધકતાને લગતા વિચારો તેમજ પ્રમાણોને સૌમ્યતાથી પ્રગટ કરે. અહીં નોંધવામાં આવતી નવીન વિચારસરણીને અંગે કોઈપણ મહાશય પ્રામાણિક દલીલો તેમજ ઐતિહાસિક પ્રમાણો દ્વારા ઊહાપોહ કરશે તો અમે તેના ઉપર જરૂર વિચાર કરીશું. અમારી માન્યતા વિદ્વદ્વર્ગમાં ચર્ચાઈને તેનો વાસ્તવિક નિર્ણય ન આવે ત્યાંસુધી અમે એના ઉપર નિર્ભર રહેવા નથી ઇચ્છતા. અને એ જ કારણથી 'છેદસૂત્રકાર ભદ્રબાહુસ્વામી' કરતાં નિર્યુક્તિકાર આચાર્ય તદ્દન ભિન્ન હોવાની અમારી દૃઢ માન્યતા હોવા છતાં અમે અમારા તરફથી પ્રકાશન પામેલા **બૃહત્કલ્પ**સૂત્ર ગ્રન્થનાં શીર્ષકોમાં લાંબા વખતથી ચાલી આવતી રૂઢ માન્યતા મુજબ **पूज्यश्रीभद्रबाहुस्वामिविनिर्मितस्वोपज्ञनिर्युक्त्युपेतं बृहत्कल्पसूत्रं** એ પ્રમાણે જ લખ્યું છે.

૧

હવે અમે અમારી પ્રતિજ્ઞા અનુસાર પ્રારંભમાં "નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુ-સ્વામી છે" એ માન્યતાને લગતા પ્રાચીન **ઉલ્લેખો** આપીએ છીએ.

૧. "अनुयोगदायिनः–सुधर्मस्वामिप्रभृतयः यावदस्य भगवतो **निर्युक्तिकारस्य भद्रबाहुस्वामिनश्च-तुर्दशपूर्वधरस्या**चार्योऽतस्तान् सर्वानिति ।" आचाराङ्गसूत्र शीलाङ्काचार्यकृत टीका-पत्र ४.

૨. " न च केषाञ्चिदिहोदाहरणानां **निर्युक्ति**कालादर्वाक्कालभाविता इत्यन्योक्तत्वमाशङ्कनीयम्, स हि **भगवाँश्चतुर्दशपूर्ववित् श्रुतकेवली** कालत्रयविषयं वस्तु पश्यत्येवेति कथमन्यकृतत्वाशङ्का ? इति । " उत्तराध्ययन शान्तिसूरिकृता पाइयटीका-पत्र १३९.

३. " गुणाधिकस्य वन्दनं कर्त्तव्यम् न त्वधमस्य, यत उक्तम्—गुणाहिए वंदणयं " । **भद्रबाहुस्वामिनश्चतुर्दशपूर्वधरत्वाद्** दशपूर्वधरादीनां च न्यूनत्वात् किं तेषां नमस्कारमसौ करोति ? इति । अत्रोच्यते गुणाधिका एव ते, अव्यवच्छित्तिगुणाधिक्यात्, अतो न दोष इति । " ओघनिर्युक्ति द्रोणाचार्यकृतटीका-पत्र ३.

४. " इह चरणकरणक्रियाकलापतरुमूलकल्पं सामायिकादिषडध्ययनात्मकश्रुतस्कन्धरूपमावश्यकं तावदर्थतस्तीर्थकरैः सूत्रतस्तुगणधरैर्विरचितम् । अस्य चातीव गम्भीरार्थतां सकलसाधु-श्रावकवर्गस्य नित्योपयोगितां च विज्ञाय **चतुर्दशपूर्वधरेण श्रीमद्भद्रबाहुनैतद्व्याख्यानरूपा " आभिणि बोहियनाणं० " इत्यादि प्रसिद्धग्रन्थरूपा निर्युक्तिः कृता ।** " विशेषावश्यक मलधारिहेमचन्द्रसूरिकृत टीका-पत्र १.

५. " साधूनामनुग्रहाय **चतुर्दशपूर्वधरेण भगवता भद्रबाहुस्वामिना कल्पसूत्रं व्यवहारसूत्रं चाकारि, उभयोरपि च सूत्रस्पर्शिकनिर्युक्तिः** । " बृहत्कल्पपीठिका मलयागिरिकृत टीका-पत्र २.

६. " इह श्रीमदावश्यकादिसिद्धान्तप्रतिबद्धनिर्युक्तिशास्त्रसंसूत्रणसूत्रधारः.....**श्रीभद्रबाहुस्वामी**..... **कल्पनामधेयमध्ययनं निर्युक्तियुक्तं निर्यूढवान्** ।" बृहत्कल्पपीठिका श्रीक्षेमकीर्तिसूरिअनुसन्धिता टीका-पत्र १७७ ।

અહીં જે છ શાસ્ત્રીય ઉલ્લેખો આપવામાં આવ્યા છે એ બધાય પ્રાચીન માન્ય આચાર્યવરોના છે. અને એ " નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વવિદ્ ભગવાન્ ભદ્રબાહુસ્વામી છે " એ માન્યતાને ટેકો આપે છે. આ ઉલ્લેખોમાં સૌથી પ્રાચીન ઉલ્લેખ આચાર્ય શ્રી શીલાંકનો છે. જે વિક્રમની આઠમી શતાબ્દિના ઉત્તરાર્ધનો અથવા નવમી શતાબ્દિના આરંભનો છે. આ કરતાં પ્રાચીન ઉલ્લેખ ખંતપૂર્વક તપાસ કરવા છતાં અમારી નજરે આવી શક્યો નથી.

ઉપર નોંધેલ છ ઉલ્લેખો પૈકી આચાર્ય શ્રી શાન્તિસૂરિનો ઉલ્લેખ બાદ કરતાં બાકીના બધાય ઉલ્લેખોમાં સામાન્ય રીતે એટલી જ હકીકત છે કે–" નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામી છે–હતા" પણ શ્રી શાન્ત્યાચાર્યના ઉલ્લેખમાં એટલી વિશેષ હકીકત છે કે–" પ્રસ્તુત (ઉત્તરાધ્યયનસૂત્રની) નિર્યુક્તિમાં કેટલાંક ઉદાહરણો અર્વાચીન અર્થાત્ ચતુર્દશપૂર્વધર નિર્યુક્તિકાર ભગવાન્ ભદ્રબાહુસ્વામી કરતાં પાછળના સમયમાં થએલા મહાપુરુષોને લગતાં છે, માટે ' એ કોઈ બીજાનાં કહેલાં–ઉમેરેલાં છે ' એવી શંકા ન લાવવી. કારણ કે–ભગવાન્ ભદ્રબાહુસ્વામી ચતુર્દશપૂર્વવિદ્ શ્રુતકેવળી હોઈ ત્રણે કાળના પદાર્થોને સાક્ષાત્ જાણી શકે છે. એટલે એ ઉદાહરણો કોઈ બીજાનાં ઉમેરેલાં છે એવી શંકા કેમ થઈ શકે ?"

નિર્યુક્તિ આદિમાં આવતી વિરોધાસ્પદ બાબતોનો રદિયો આપવા માટેની જે કોઈ મજબૂતમાં મજબૂત દલીલ કહો કે શાસ્ત્રીય પ્રમાણ કહો તો તે આ એક શ્રી શાન્ત્યાચાર્યે આપેલ સમાધાન છે. અત્યારે મોટે ભાગે દરેક જણ માત્ર આ એક દલીલને અનુસરીને જ સંતોષ માની લે છે. પરંતુ ઉપરોક્ત સમાધાન આપનાર પૂજ્ય શ્રી શાન્તિસૂરિ પોતે જ ખરે પ્રસંગે ઊંડા વિચારમાં પડી ઘડીભર કેવા થોભી જાય છે ? અને પોતે આપેલ સમાધાન ખામીવાળું ભાસતાં કેવા વિકલ્પો કરે છે, એ આપણે આગળ ઉપર જોઈશું.

ઉપર છ વિભાગમાં આપેલ ઉલ્લેખોને અંગે અમારે અહીં આ કરતાં વિશેષ કાંઈ જ ચર્ચવાનું નથી. જે કાંઈ કહેવાનું છે તે આગળ ઉપર પ્રસંગે પ્રસંગે કહેવામાં આવશે.

૨

હવે અમે ઉપરોક્ત અર્થાત્ "નિર્યુક્તિકા૨ ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામી છે" એ માન્યતાને બાધિત ક૨નાર પ્રમાણોનો ઉલ્લેખ ક૨ી તે પછી તેને લગતી યોગ્ય ચર્ચા ૨જૂ ક૨ીશું.

૧. (ક) મૂઢણઇયં સુયં કાલિયં તુણ णया समोयरंति इहं ।
अपुहुत्ते समोयारो, नत्थि **पुहुत्ते** समोयारो ॥ ७६२ ॥
जावंति **अज्जवइरा**, अपुहुत्तं कालियाणुओगे य ।
तेणारेण पुहुत्तं, कालियसुय दिट्ठिवाए य ॥ ७६३ ॥

* * *

(ख) तुंबवणसन्निवेसाओ, निग्गयं पिउसगासमल्लीणं ।
छम्मासियं छसु जयं, **माऊयसमन्नियं वंदे** ॥ ७६४ ॥
जो गुज्झएहिं बालो, निमंतिओ भोयणेण वासंते ।
णेच्छइ विणीयविणओ, **तं वइररिसिं णमंसामि** ॥ ७६५ ॥
उज्जेणीए जो जंभगेहिं, आणक्खिऊण थुयमहिओ ।
अक्खीणमहाणसियं, **सीहगिरिपसंसियं वंदे** ॥ ७६६ ॥
जस्स अणुण्णाए वायगत्तणे दसपुरम्मि णयरम्मि ।
देवेहिं कया महिमा, **पयाणुसारिं णमंसामि** ॥ ७६७ ॥
जो कन्नाइ धणेण य, णिमंतिओ जुव्वणम्मि गिहवइणा ।
नयरम्मि कुसुमनामे, **तं वइररिसिं णमंसामि** ॥ ७६८ ॥
जेणुद्धरिआविज्जा, आगासगमा महापरिण्णाओ ।
वंदामि अज्जवइरं, अपच्छिमो जो सुयहराणं ॥ ७६९ ॥

* * * *

(ग) **अपुहुत्ते** अणुओगो, चत्तारि दुवार भासई एगो ।
पुहुत्ताणुओगकरणे, ते अत्थ तओ उ वोच्छिन्ना ॥ ७७३ ॥
देविंदवंदिएहिं, महाणुभागेहिं रक्खिअज्जेहिं ।
जुगमासज्ज विभत्तो, अणुओगो तो कओ चउहा ॥ ७७४ ॥
माया य **रुद्दसोमा**, पिया य नामेण **सोमदेव**, त्ति ।
भाया य **फग्गुरक्खिय, तोसलिपुत्ता** य आयरिआ ॥ ७७६ ॥
निज्जवणभद्दगुत्ते, वीसुं पढणं च तस्स पुव्वगय ।
पव्वाविओ य भाया, **रक्खिअखमणेहिं** जणओ य ॥ ७७६ ॥

* * *

(घ) बहुरय पएस अव्वत्त समुच्छ दुग तिग अबद्धिगा चेव ।
सत्तेए णिण्हगा खलु, तित्थम्मि उ वद्धमाणस्स ॥ ७७८ ॥
बहुरयजमालिपभवा, जीवपएसा य तीसगुत्ताओ ।
अव्वत्ताऽऽसाढाओ, सामुच्छेयाऽऽसमित्ताओ ॥ ७७९ ॥

गंगाओ दो किरिया, छलुगा तेरासियाण उप्पत्ती ।
थेरा य गोट्ठमाहिल, पुट्ठमबद्धं परूविंति ॥ ७८० ॥
सावत्थी उसभपुरं, सेयविया मिहिल उल्लुगातीरं ।
पुरिमंतरंजि दसपुर, रहवीरपुरं च णयराइं ॥ ७८१ ॥
चोद्दस सोलस वासा, चोद्दस वीसुत्तरा य दोण्णि सया ।
अट्ठावीसा य दुवे, पंचेव सया उ चोयाला ॥ ७८२ ॥
पंचसया चुलसीया, छ च्चेव सया णवोत्तरा हुंति ।
णाणुप्पत्ती य दुवे, उप्पण्णा णिव्वुए सेसा ॥ ७८३ ॥

* * *

मिच्छादिट्ठीयाणं, जं तेसिं कारियं जहिं जत्थ ।
सव्वंपि तयं सुद्धं, मूले तह उत्तरगुणे य ॥ ७८८ ॥

* * *

पाडलिपुत्त महागिरि, अज्ज सुहत्थी य सेि वसुभूती ।
वइदिस उज्जेणीए, जियपडिमा एलकच्छं च ॥ १२८३ ॥

आवश्यक–निर्युक्ति ।

२. अरहंते वंदित्ता, चउदसपुव्वी तहेव दसपुव्वी ।
एक्कारसंगसुत्तत्थधारए सव्वसाहू य ॥ १ ॥
ओहेण उ णिज्जत्तिं, वुच्छं **चरणकरणाणुओगाओ** ।
अप्पक्खरं महत्थं, अणुग्गहत्थं सुविहियाणं ॥ २ ॥

ओघनिर्युक्ति ।

३. **अपुहुत्त-पुहुत्ताइं**, निद्दिसिउं एत्थ होइ अहिगारो ।
चरणकरणाणुओगेण तस्स दारा इमे हुंति ॥ १ ॥

दशवैकालिकनिर्युक्ति ॥

४. जह जह पएसिणी जाणुगम्मि **पालित्तओ** भमाडेइ ।
तह तह सीसे वियणा, पणस्सइ मुरुंडरायस्स ॥ ४९८७ ॥
नइ कण्हबिन्न दीवे, पंचसया तावसाण णिवसंति ।
पव्वदिवसेसु कुलवइ, पालेवुत्तार सक्कारे ॥ ५०३ ॥
जण सावगाण खिंसण, समियक्खण माइठाण लेवेण ।
सावय पयत्तकरणं, अविणय लोए चलण धोए ॥ ५०४ ॥
पडिलाभिय वच्चंता, निबुड्डनइकूलमिलण**समिया**ओ ।
विम्हिय पंच सया **तावसाण पव्वज्ज साहा** य ॥ ५०५ ॥

पिण्डनिर्युक्ति ।

५. (क) **भगवं पि थूलभद्दो**, तिक्खे चंकम्मिओ न उण छिन्नो ।
अग्गिसिहाए वुत्थो, चाउम्मासे न उण जट्ठो ॥ १०४ ॥

उज्जेणि **कालखमणा, सागर**खमणा सुवण्णभूमीए ।
इंदो आउयसेसं, पुच्छइ सादिव्वकरणं च ॥ १२० ॥

* * * *

(ख) उत्तराध्ययनसूत्रना चातुरंगीय अध्ययनमां बहुरय पएस अव्वत्त समुच्छ० इत्यादि (निर्युक्ति गाथा १६४ थी गाथा १७८ सुधी) मां सात निन्हवो अने दिगंबरमतनुं,–आवश्यक-निर्युक्ति गाथा. ७७८ थी ७८३ मां छे ते करतां,–विस्तृत वर्णन छे.

(ग) रहवीरपुरं नयरं, दीवगमुज्जाण अज्जकण्हे य ।
सिवभूइस्सुवहिम्मि पुच्छा थेराण कहणा य ॥ १७८ ॥

उत्तराध्ययनसूत्रनिर्युक्ति ।

६ एगभविए य बद्धाउए य अभिमुहियनामगोए य ।
एते तिन्नि वि देसा, दव्वम्मि य पोंडरीयस्स ॥ १४६ ॥

वृत्ति :—' एगे ' त्यादि । एकेन भवेन गतेन अनन्तरभव एव यः पौण्डरीकेषु उत्पत्स्यते स एकभविकः । तथा तदा सन्नत्तरः पौण्डरीकेषु बद्धायुष्कः । ततोऽप्यासन्नतमः ' अभिमुखनामगोत्रः ' अनन्तरसमयेषु यः पौण्डरीकेषु उत्पद्यते । ' एते ' अनन्तरोक्ताः **त्रयोऽप्यादेश**विशेषा द्रव्यपौण्डरीकेऽवगन्तव्या इति ॥ सूत्रकृतांगनिर्युक्ति श्रुत० २, अध्य० १, पत्र २६७–६८

આ વિભાગમાં આપેલ આધારો નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામી હોવાની માન્યતાનો વિરોધ કરનારા છે. જે ખુદ નિર્યુક્તિ અને ચૂર્ણિગ્રન્થોમાંના છે એટલું જ નહિ પણ નિર્યુક્તિકાર ' ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી ' હોવાની માન્યતાને લગતા પ્રથમ વિભાગમાં આપેલ પુરાવાઓ કરતાં વધારે પ્રાચીન તેમજ વિચારણીય છે. હવે અમો આ પ્રમાણોની ચર્ચા કરતી વિચારસરણી રજૂ કરીએ છીએ.

નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી એ જો ચતુર્દશપૂર્વવિદ્ ભાદ્રબાહુ સ્વામી જ હોય તો તેમણે રચેલા નિર્યુક્તિગ્રંથોમાં નીચેની બાબતો ન જ હોવી જોઇએ, જે અત્યારે નિર્યુક્તિગ્રંથોમાં પ્રત્યક્ષપણે જોવામાં આવે છે.—

૧. (ક) આવશ્યકનિર્યુક્તિ ગાથા. ૭૬૪ થી ૭૭૬ સુધીમાં સ્થવિર ભદ્રગુપ્ત- (શ્રીવજ્રસ્વામીના વિદ્યાગુરુ, આર્ય સિંહગિરિ, શ્રીવજ્રસ્વામી, તોસલિપુત્રાચાર્ય, આર્યરક્ષિત, ફલ્ગુરક્ષિત આદિ અર્વાચીન આચાર્યોને લગતા પ્રસંગોનું વર્ણન. (જુઓ. ઉલ્લેખ ૧ ખ).

(ખ) પિંડનિર્યુક્તિ ગાથા. ૪૯૮ માં પાદલિપ્તાચાર્યનો પ્રસંગ અને ગાથા ૫૦૩ થી ૫૦૫ માં વજ્ર-સ્વામીના મામા આર્ય સમિતસૂરિનો સંબંધ, બ્રહ્મદ્વીપિક તાપસોની પ્રવ્રજ્યા અને બ્રહ્મદ્વીપિક શાખાની ઉત્પત્તિનું વર્ણન (જુઓ ઉલ્લેખ ૪)

(ગ) ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ગાથા. ૧૨૦ માં કાલિકાચાર્યની કથા (જુઓ ઉલ્લેખ ૫ ક)

૨. ઓઘનિર્યુક્તિ ગાથા. ૧ માં ચૌદ પૂર્વધર, દશપૂર્વધર અને અગિઆરઅંગજ્ઞાતાઓને સામાન્ય નમસ્કાર કર્યો છે. એ પૂજ્ય શ્રી દ્રોણાચાર્યે જણાવ્યું છે તેમ અણઘટતો નથી પણ આવ૦ નિ૦ ગાથા ૭૬૪ થી ૭૬૯ સુધીમાં દશપૂર્વધર શ્રી વજ્રસ્વામીને નામ લઇને નમસ્કાર કરવામાં આવ્યો છે તે ઉચિત નથી. (જુઓ ઉલ્લેખ ૧ તથા ૨ ખ)

૩. (ક) આવ૦ નિ૦ ગાથા ૭૬૩ અને ૭૭૪ માં જણાવ્યું છે કે આર્ય વજ્રસ્વામીના જમાના સુધી કાલિકસૂત્રાદિની જુદા જુદા અનુયોગરૂપે વહેંચણી થઈ ન હતી પણ તે બાદ એ વહેંચણી થઈ છે,

અને એ દેવેંદ્રવંદિત ભગવાન્ આર્યરક્ષિતે કાળ અને પોતાના દુર્બલિકા પુષ્યમિત્ર નામના વિદ્વાન શિષ્યની સ્મરણ શક્તિના હ્રાસને જોઈને કરી છે. (જુઓ ઉલ્લેખ. ૧ ક અને ગ)

(ખ) દશવૈકાલિકનિર્યુક્તિ ગાથા. ૪માં અનુયોગના પૃથક્ત્વ અપૃથક્ત્વનો ઉલ્લેખ છે. અને જણાવ્યું છે કે આ શાસ્ત્રનો ચરણકરણાનુયોગમાં સમાવેશ થાય છે. (જુઓ ઉલ્લેખ ૩)

(ગ) ઓધનિર્યુક્તિ ગાથા. ૨ માં એનો સમાવેશ ચરણકરણાનુયોગમાં હોવાનું જણાવ્યું છે. (ઉલ્લેખ ૨)

૪. આવ૦ નિ૦ ગાથા. ૭૭૮ થી ૭૮૩ માં અને ઉત્ત૦ નિ૦ ગાથા ૧૬૪ થી ૧૭૮ સુધીમાં સાત નિહ્નવો અને આઠમા દિગંબરમતની ઉત્પત્તિ અને તેમની માન્યતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાંના ઘણાખરા ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી પછી થએલા છે. અર્થાત્ એકંદર શ્રમણ ભગવાન્ મહાવીરના નિર્વાણ પછીના સાત સૈકા સુધીમાં બનેલ પ્રસંગો આ બન્ને નિર્યુક્તિગ્રંથમાં નોંધાએલા છે (જુઓ ઉલ્લેખ ૧ ઘ તથા ૫ ખ)

૫. સૂત્રકૃતાંગનિર્યુક્તિ ગાથા ૧૪૬ માં દ્રવ્યનિક્ષેપને લગતા ત્રણ આદેશો અર્થાત્ ત્રણ માન્યતાઓનો ઉલ્લેખ છે, જે ચતુર્દશપૂર્વધર ભગવાન્ ભદ્રબાહુ પછી થએલ સ્થવિર આર્ય સુહસ્તી આદિ અર્વાચીન સ્થવિરોની માન્યતારૂપ હોઈ તેનો ઉલ્લેખ નિર્યુક્તિગ્રન્થમાં સંગત ન હોઈ શકે. (ઉલ્લેખ ૬)

ઉપર જણાવેલ બાબતો ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુકૃત નિર્યુક્તિગ્રન્થોમાં હોય એ કોઈપણ રીતે ઘટમાન ન કહેવાય. પૂજ્ય શ્રી શાંત્યાચાર્યના કહેવા પ્રમાણે ' નિર્યુક્તિકાર ત્રિકાળજ્ઞાની હતા એટલે નિર્યુક્તિમાં એ બાબતોનો ઉલ્લેખ હોવો અયોગ્ય નથી ' એ વાતને આપણે ઘડીભર માની લઈ એ તેમ છતાં નિર્યુક્તિગ્રન્થોમાં નામ લઈને શ્રી વજ્રસ્વામીને નમસ્કાર, અનુયોગની પૃથક્તા, નિહ્નવાદિની ઉત્પત્તિ, પોતાના પછી ઉત્પન્ન થએલ આચાર્યોની માન્યતાઓનો સંગ્રહ આદિ બાબતોનો ઉલ્લેખ કોઈપણ રીતે સંગત માની શકાય નહિ. કારણ કે—

(ક) કોઈપણ મહાન્ વ્યક્તિ " **नमो तित्थस्स, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्व साहूणं** " ઇત્યાદિ વાક્યો દ્વારા ધર્મપ્રત્યેનો અથવા ગુણો પ્રત્યેનો આદર પ્રગટ કરવા માટે સામાન્ય નમસ્કાર કરે એ અયોગ્ય નથી, પણ એ જ વ્યક્તિ પોતા કરતાં લઘુ દરજ્જે રહેલ વ્યક્તિને નામ લઈને નમસ્કાર કરે એ તો કોઈપણ રીતે ઉચિત ન ગણાય અને એમ બની શકે પણ નહિ. ચૌદ પૂર્વધર ભગવાન્ ભદ્રબાહુસ્વામી ઓધનિર્યુક્તિના મંગલાચરણમાં કર્યું છે તેમ ગુણો પ્રત્યે બહુમાન દર્શાવવા ખાતર દશપૂર્વધર આદિને કે સામાન્યતયા સાધુસમુદાયને નમસ્કાર કરે એમાં અણઘટતું કશું જ નથી, પણ તેઓશ્રી સ્થવિર આર્ય વજ્રસ્વામીને " **तं वइररिसिं नमंसामि, वंदामि अज्जवइरं** " એ રીતે સાક્ષાત્ નામ લઈ નમસ્કાર કરે અથવા પોતાના શિષ્યને " **भगवं पि थूलभद्दो** " એમ વ્યક્તિગત નામ લઈ " **भगवं** " તરીકે લખે એ કયારે પણ બની ન શકે અને એ પદ્ધતિ વિનયધર્મની રક્ષા ખાતર કોઈપણ શાસ્ત્રકારને કે શ્રુતધરને માન્ય ન જ હોઈ શકે.

(ખ) ચતુર્દશપૂર્વવિદ્ ભગવાન્ ભદ્રબાહુસ્વામી, જેમણે અનુયોગની અપૃથક્ દશામાં નિર્યુક્તિગ્રંથોની રચના કર્યાનું કહેવામાં આવે છે તેઓશ્રી ૧. પોતા પછી લગભગ ચાર સૈકા બાદ બનનાર અનુયોગપૃથક્ત્વની ઘટનાનો ઉલ્લેખ કરે, ૨. તેમના પોતાના પછી થનાર સ્થવિરોની જીવનકથા અને માન્યતાઓની નોંધ લે અને ૩. કેટલાક નિહ્નવો અને દિગંબરમત, જે તેમના પોતાનાથી કેટલેય કાળાંતરે ઉત્પન્ન થએલા છે તેમની ઉત્પત્તિ અને માન્યતાઓને નિર્યુક્તિગ્રંથોમાં વર્ણવે એ કોઈપણ પ્રકારે સ્વીકારી કે

કલ્પી શકાય તેમ નથી. જો ઉપર્યુક્ત ઘટનાઓ બન્યા અગાઉ જ તેનો ઉલ્લેખ નિર્યુક્તિગ્રંથોમાં કરી દેવામાં આવે તો તે તે માન્યતા કે મત અમુક પુરુષથી રૂઢ થયાનું કહેવામાં આવે છે એ શી રીતે કહી શકાય?

(ગ) જે દશ આગમો ઉપર નિર્યુક્તિઓ રચાયાનો ઉલ્લેખ આવશ્યકનિર્યુક્તિમાં[૧] છે, એ પૈકીનાં આચારાંગ અને સૂત્રકૃતાંગ એ બે અંગઆગમો ચૌદપૂર્વધર આર્ય ભદ્રબાહુસ્વામીના જમાનામાં જૈન સામ્પ્રદાયિક માન્યતાનુસાર અતિમહાન્ અને પરિપૂર્ણ હતાં, તેમજ એના પ્રત્યેક સૂત્ર પર એકી સાથે ચાર અનુયોગ પ્રવૃત્ત હતા, એ સ્થિતિમાં ઉપરોક્ત અંગઆગમો ઉપર ગૂંથાએલ નિર્યુક્તિગ્રન્થો અતિ વિશાળ અને ચાર અનુયોગમય હોવા જોઈએ, તેમજ બીજા આગમ ગ્રન્થો ઉપર નિર્માણ કરેલ નિર્યુક્તિગ્રન્થો પણ ચાર અનુયોગમય અને વિસ્તૃત હોવા જોઇએ, અને તે ઉપરાંત એમાં ઉપર નિર્દેશ કરેલ અનુયોગની પૃથક્તાનો કે અર્વાચીન સ્થવિરોની જીવનકથા સાથે સંબંધ ધરાવતી કોઈપણ બાબતનો ઉલ્લેખ સદંતર ન હોવો જોઇએ.

આ કથન સામે 'નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામી હોવા'ની માન્યતા તરફ વલણ ધરાવનારા વિદ્વાનોનું કહેવું છે કે-" નિર્યુક્તિકાર, ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામી જ છે. તેઓશ્રીએ જ્યારે નિર્યુક્તિગ્રંથોની રચના કરી ત્યારે એ નિર્યુક્તિગ્રંથો ચાર અનુયોગમય અને વિશાળ ન હતા; પણ જ્યારે સ્થવિર આર્યરક્ષિતે પોતાના દુર્બલિકા પુષ્યમિત્ર નામના વિદ્વાન્ શિષ્યની વિસ્મૃતિને તેમજ તેમની પાછળ ભાવિમાં થનાર શિષ્ય-પ્રશિષ્યાદિ સંતતિની અત્યન્ત મંદબુદ્ધિને ધ્યાનમાં લઈ અનુયોગને પૃથક્ કર્યા ત્યારે ઉપરોક્ત ચાર અનુયોગમય નિર્યુક્તિગ્રન્થોને પણ પૃથગ્અનુયોગરૂપે વ્યવસ્થિત કરી લીધા."

જોકે, જેમ સ્થાવર આર્યરક્ષિત ભગવાને અનુયોગને પૃથક્ કર્યાના તેમજ આર્યસ્કંદિલ આદિ સ્થવિરોએ માથુરી પ્રમુખ ભિન્ન ભિન્ન વાચનાઓ દ્વારા આગમોની પુનર્વ્યવસ્થા કર્યાના અથવા એ આગમોની વાચના ચાલુ કર્યા આદિને લગતા વિવિધ ઉલ્લેખો મળે છે, તેમ નિર્યુક્તિગ્રન્થોને વ્યવસ્થિત કરવાને લગતો એક પણ ઉલ્લેખ મળતો નથી; તેમ છતાં ઉપરોક્ત સમાધાનને થોડી વારને માટે કબૂલ કરી લઈએ તો પણ એ સમાધાન સામે એક વિરોધ તો ઊભો જ છે કે—

સ્થવિર આર્યરક્ષિતના જમાનામાં આચારાંગ અને સૂત્રકૃતાંગ એ બે અંગઆગમોનું પ્રમાણ તે જ હતું જે ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામીના જમાનામાં હતું, એટલે એ નિર્યુક્તિગ્રંથો ચાર અનુયોગમય હોવાને બદલે ભલે એક અનુયોગાનુસારી હો, પરંતુ એ નિર્યુક્તિગ્રંથોનું પ્રમાણ તો સૂત્રગ્રંથોની વિશાળતાની માફક વિશાળ જ હોવું જોઇએ; પણ તેમ ન હોતાં આજના આપણા સામે વિદ્યમાન નિર્યુક્તિગ્રન્થો માથુરી આદિ વાચનાઓ દ્વારા અતિસંસ્કાર પામેલ અને જૈન સામ્પ્રદાયિક માન્યતાનુસાર અતિ ટુંકાઈ ગએલ અંતિમ સૂત્રસંકલનાને જ આભારી અનુસરે છે.

અનુયોગની પૃથક્તા આદિને લગતી બાબતો વિષે કદાચ એમ કહેવામાં આવે કે—" એ ઉલ્લેખો સ્થવિર આર્ય રક્ષિતે નિર્યુક્તિગ્રંથોની પુનર્વ્યવસ્થા કરી ત્યારે ઉમેરેલ છે" તો પણ નિર્યુક્તિગ્રન્થોમાં ગોષ્ઠામાહિલ નિહ્નવ અને દિગંબરમતની ઉત્પત્તિને લગતી હકીકત નિર્યુક્તિગ્રન્થમાં ક્યાંથી આવી? કે જે

---

१ आवस्सयस्स दसकालियस्स तह उत्तरज्झमायारे ।
सूयगडे णिज्जुत्तिं तहा दसाणं च ॥ ९४ ॥
कप्पस्स य णिज्जुत्तिं, ववहारस्सेव परमनिउणस्स ।
सूरियपण्णत्तीए, वुच्छ इसिभासिआणं च ॥ ९५ ॥

બન્નેયની ઉત્પત્તિ સ્થવિર શ્રી આર્યરક્ષિત ભગવાનના સ્વર્ગવાસ પછી થએલ છે. આ બાબતને ઉમેરનાર કોઈ ત્રીજા જ સ્થવિરને શોધવા જવું પડે એવું છે.

વસ્તુતઃ વિચાર કરવામાં આવે તો કોઈપણ સ્થવિર મહર્ષિ પ્રાચીન આચાર્યના ગ્રંથને અનિવાર્ય રીતે વ્યવસ્થિત કરવાની આવશ્યકતા ઊભી થતાં તેમાં સંબંધ જોડવા પુરતો ઘટતો ઉમેરો કે સહજ ફેરફાર કરે એ સહ્ય હોઈ શકે, પણ તેને બદલે તે મૂળ ગ્રંથકારના જમાનાઓ પછી બનેલી ઘટનાઓને કે તેવી કોઈ બીજી બાબતોને મૂળ ગ્રંથમાં નવેસર ઘુસેડી દે એથી એ ગ્રંથનું મૌલિકપણું, ગૌરવ કે પ્રામાણિકતા જળવાય ખરાં? આપણે નિર્વિવાદપણે કબૂલ કરવું જોઈએ કે મૂળ ગ્રંથમાં એવો નવો ઉમેરો કયારેય પણ વાસ્તવિક તેમજ માન્ય ન કરી શકાય. કોઈપણ સ્થવિર મહર્ષિ એવો અણઘટતો ઉમેરો મૂળ ગ્રંથમાં ન જ કરે અને જો કોઈ કરે તો તેવા ઉમેરાને તે જ જમાનાના સ્થવિરો મંજૂર ન જ રાખે. અને તેમ બને તો તેની મૌલિકતામાં જરૂર ઊણપ આવે.

અહીં પ્રસંગવશાત્ અમે એક વાત સ્પષ્ટ કરી લઈએ છીએ કે ચતુર્દશપૂર્વધર ભગવાન્ ભદ્રબાહુના જમાનાના નિર્યુક્તિગ્રંથોને આર્યરક્ષિતના યુગમાં વ્યવસ્થિત કરાય અને આર્યરક્ષિતના યુગમાં વ્યવસ્થિત કરાએલ નિર્યુક્તિગ્રંથોને તે પછીના જમાનામાં વ્યવસ્થિત કરવામાં આવે, એટલું જ નહિ પણ એ નિર્યુક્તિગ્રંથોમાં ઉત્તરોત્તર ગાડાંને ગાડાં ભરીને વધારો ઘટાડો કરવામાં આવે, આ જાતની કલ્પનાઓ અમને જરાય યુક્તિસંગત લાગતી નથી. કોઈપણ મૌલિક ગ્રંથમાં આવા ફેરફારો કર્યા પછી એ ગ્રંથને મૂળ પુરુષના નામથી પ્રસિદ્ધ કરવામાં ખરે જ એના પ્રણેતા મૂળ પુરુષની તેમજ તે પછીના સ્થવિરોની પ્રામાણિકતા દૂષિત જ થાય છે.

ઉપર જણાવવામાં આવ્યું તે સિવાય નિર્યુક્તિગ્રન્થોમાં ત્રણ બાબતો એવી છે કે જે નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર હોવાની માન્યતા ધરાવતાં આપણને અટકાવે છે.

૧ ઉત્તરાધ્યયનસૂત્રમાં અકામમરણીય નામના અધ્યયનમાં નીચે પ્રમાણેની નિર્યુક્તિ ગાથા છે:—

> **सव्वे एए दारा, मरणविभत्तीइ वण्णिया कमसो ।**
> **सगलणिउणे पयत्थे, जिण चउदसपुव्वि भासंति ॥ २३३ ॥**

અર્થાત્—મરણવિભક્તિને લગતાં બધાં દ્વારોને અનુક્રમે વર્ણવ્યાં. (પરંતુ) પદાર્થોને સંપૂર્ણ અને વિશદ રીતે જિન એટલે કેવળજ્ઞાની અને ચતુર્દશપૂર્વી (જ) કહે છે—કહી શકે છે.

આ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે—"પદાર્થોને સંપૂર્ણ અને વિશદરીતે કેવળજ્ઞાની અને ચૌદપૂર્વધર જ કહે છે" જો નિર્યુક્તિકાર પોતે ચૌદપૂર્વી હોય તો ગાથામાં "चउदसपुव्वी" એમ ન લખે.

શ્રીમાન્ શાન્ત્યાચાર્યે પરીષહાધ્યયનના અંતમાં જણાવ્યું છે કે—"ભગવાન્ ભદ્રબાહુસ્વામી ચતુર્દશપૂર્વવિદ્ શ્રુતકેવલી હોઈ ત્રણે કાળના પદાર્થોને સાક્ષાત્ જાણી શકે છે માટે અર્વાચીન ઉદાહરણો જોઈ એને માટે બીજાનાં કરેલાં હશે એમ શંકા ન કરવી" પરંતુ આ પ્રમાણે સમાધાન આપનાર પૂજ્યશ્રી શાન્ત્યાચાર્યને ઉપરોક્ત ગાથાની ટીકા કરતાં ઘડીભર વિચારમગ્ન થવા સાથે કેવું મૂંઝાવું પડ્યું છે એ આપણે નીચે આપેલા એમની ટીકાના અંશને ધ્યાનમાં લેતાં સમજી શકીએ છીએ—

सम्प्रत्यतिगम्भीरतामागमस्य दर्शयन्नात्मौद्धत्यपरिहारायाह भगवान् निर्युक्तिकारः—

सव्वे एए दारा० गाथाव्याख्या—'सर्वाणि' अशेषाणि 'एतानि' अनन्तरमुपदर्शितानि 'द्वाराणि' अर्थप्रतिपादनमुखानि 'मरणविभक्तेः' मरणविभक्त्यपरनाम्नोऽस्यैवाध्ययनस्य 'वर्णितानि' प्ररूपितानि, मयेति शेषः, 'कमसो' त्ति प्राग्वत् क्रमतः। आह एवं सकलाऽपि मरणवक्तव्यता उक्ता उत न? इत्याह—सकलाश्च-समस्ता

निपुणाश्च–अशेषविशेषकलिताः सकलनिपुणाः तान् पदार्थान् इह प्रशस्तमरणादीन् जिनाश्च–केवलिनः चतुर्दशपूर्विणश्च–प्रभवादयो जिनचतुर्दशपूर्विणो 'भाषन्ते' व्यक्तमभिदधति, अहं तु मन्दमतित्वान्न तथा वर्णयितुं क्षम इत्यभिप्रायः। **स्वयं चतुर्दशपूर्वित्वेऽपि यच्चतुर्दशपूर्व्युपादानं तत् तेषामपि षट्स्थानपतितत्वेन शेषमाहात्म्यख्यापनपरमदुष्टमेव, भाष्यगाथा वा द्वारगाथाद्वयादारभ्य लक्ष्यन्त इति प्रेर्यानवकाश एवेति** गाथार्थः ॥ २३३ ॥ —उत्तराध्ययन पाइयटीका-पत्र. २४०.

ઉપરોક્ત ટીકામાં શ્રીમાન્ શાન્ત્યાચાર્યે બે રીતે સમાધાન કરવા પ્રયત્ન કર્યો છે—"૧. નિર્યુક્તિકાર પોતે ચૌદપૂર્વી હોવા છતાં "चउदसपुव्वी" એમ લખ્યું છે તે ચૌદપૂર્વધરો આપસ આપસમાં અર્થજ્ઞાનની અપેક્ષાએ ષટ્સ્થાનપતિત અર્થાત્ ઓછાવત્તી સમજવાળા હોવાથી પોતાથી અધિકનું માહાત્મ્ય સૂચવવા માટે છે. ૨. અથવા દ્વારગાથાથી લઇને અહીંસુધીની બધીયે ભાષ્યગાથા હોવી જોઇએ એટલે શંકાને સ્થાન નથી."

આવું વૈકલ્પિક અને નિરાધાર સમાધાન એ કયારેય પણ વાસ્તવિક ન ગણાય. તેમજ આ સમાધાનને ચૂર્ણિકારનો ટેકો પણ નથી. જ્યારે કોઈપણ સ્થળે વિરોધ જેવું આવે ત્યારે તેને સ્વેચ્છાથી "ભાષ્યગાથા છે" ઇત્યાદિ કહી નિરાધાર સમાધાન આપવાથી કામ ચાલી શકે નહિ, એટલે પૂજ્યશ્રી શાન્તિસૂરિજીના ઉપરોક્ત નિરાધાર અને વૈકલ્પિક સમાધાનને,—જેના માટે ખુદ પોતે પણ શંકિત છે,—અમે માન્ય રાખી શકતા નથી. તેમ એ સાથે સમ્મત પણ થઈ શકતા નથી.

૨. સૂત્રકૃતાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના પહેલા પુંડરીકાધ્યયનમાં 'પુંડરીક' પદના નિક્ષેપોનું નિરૂપણ કરતાં દ્રવ્યનિક્ષેપના જે ત્રણ આદેશોનો નિર્યુક્તિકારે સંગ્રહ કર્યો છે એ **બૃહત્કલ્પસૂત્રચૂર્ણિકારના** કહેવા પ્રમાણે સ્થવિર **આર્યમંગુ**, સ્થવિર **આર્યસમુદ્ર** અને સ્થવિર આર્યસુહસ્તી એ ત્રણ સ્થવિરોની જુદી જુદી ત્રણ માન્યતારૂપ છે. ચૂર્ણિકારે જણાવેલ વાત સાચી હોય,—બાધિત હોવા માટેનું કોઈ પ્રમાણ નથી,—તો આપણે એમ માનવું જોઇએ કે ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુકૃત નિર્યુક્તિગ્રંથોમાં તેમના પછી થએલ સ્થવિરોના આદેશોનો અર્થાત્ એમની માન્યતાઓનો ઉલ્લેખ હોઈ જ ન શકે. અને જો એ સ્થવિરોના મતોનો સંગ્રહ નિર્યુક્તિગ્રંથોમાં હોય તો 'એ કૃતિ ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુની નથી પણ કોઇ બીજા જ સ્થવિરની છે' એમ કહેવું જોઇએ. જો પાછળ થએલ સ્થવિરોની કહેવાતી માન્યતાઓનો સંગ્રહ ચતુર્દશપૂર્વધરની કૃતિમાં હોય તો એ માન્યતાઓ આર્યમંગુ આદિ સ્થવિરોની કહેવાય જ નહિ. જો કોઈ આ પ્રમાણે કહેવા પ્રયત્ન કરે તો એ સામે વિરોધ જ ઊભો થાય. અસ્તુ, નિર્યુક્તિમાં પાછળના સ્થવિરોના ઉપરોક્ત દ્રવ્યનિક્ષેપના ત્રણ આદેશો[1] જોતાં નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી હોવાની માન્યતા પાયાદાર ઠરતી નથી.

૩. ઉપર અમે જે બે પ્રમાણ ટાંકી આવ્યા તે કરતાં ત્રીજું પ્રમાણ વધારે સબળ છે અને એ **દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિનું** છે. દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિના પ્રારંભમાં નીચે પ્રમાણે ગાથા છે—

> वंदामि भद्दबाहुं, पाईणं चरिमसगलसुयनाणिं ।
> सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे य ववहारे ॥ १ ॥

---

१. गणहरथेरकयं वा, **आएसा** मुक्कवागरणतो वा ।
ध्रुवचलविसेसतो वा, अंगाऽणंगेसु णाणत्तं ॥ १४४ ॥

चूर्णिः—किं च **आएसा** जहा **अज्जमंगू** तिविहं संखं इच्छति–एगभवियं बद्धाउयं अभिमुहनामगोत्तं च। **अज्जसमुद्दा** दुविहं—बद्धाउयं अभिमुहनामगोत्तं च। **अज्जसुहत्थी** एगं—अभिमुहनामगोयं इच्छति ॥

कल्पभाष्यगाथा अने चूर्णि (लिखित प्रति)

દશાશ્રુતસ્કંધનિર્યુક્તિનાં આરંભમાં છેદસૂત્રકાર ચતુર્દશપૂર્વધર સ્થવિર ભદ્રબાહુને ઉપર પ્રમાણે નમસ્કાર કરવામાં આવે એ ઉપરથી સૌ કોઈ સમજી શકે તેમ છે કે–" નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી હોય તો પોતે પોતાને આ રીતે નમસ્કાર ન જ કરે." એટલે આ ઉપરથી અર્થાત જ એમ સિદ્ધ થાય છે કે–નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી નથી પણ કોઈ બીજી જ વ્યક્તિ છે.

અહીં કોઈએ એમ કહેવાની હિમ્મત ન કરવી કે–" આ ગાથા ભાષ્યકારની અથવા પ્રક્ષિપ્ત ગાથા હશે " કારણ કે–ખુદ ચૂર્ણિકારે જ આ ગાથાને નિર્યુક્તિગાથા તરીકે જણાવી છે. આ સ્થળે સૌની જાણખાતર અમે ચૂર્ણિના એ પાઠને આપીએ છીએ—

ચૂર્ણિ :—तं पुण मंगलं नामादिचतुर्विधं आवस्सगाणुक्कमेण परूवेयव्वं । तत्थ भावमंगलं **निज्जुत्तिकारो** आह—वंदामि भद्दबाहुं, पाईणं चरिमसगलसुयणाणिं । सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे य ववहारे ॥ १ ॥

ચૂર્ણિ :—भद्दबाहू नामेणं । पाईणो गोत्तेणं । चरिमो अपच्छिमो । सगलाइं चोद्दसपुव्वाइं । किं निमित्तं नमोक्कारो तस्स कज्जति ? उच्यते–जेण सुत्तस्स कारओ ण अत्थस्स, अत्थो तित्थगरातो पसूतो, जेण भण्णति–अत्थं भासति अरहा० गाथा । कतरं सुत्तं ? दसाओ कप्पो ववहारो य। कतरातो उद्धृतम् ? उच्यते–पच्चक्खाण-पुव्वातो ॥ अहवा भावमंगलं नन्दी, सा तहेव चउव्विहा ॥

—दशाश्रुतस्कंधनिर्युक्ति अने चूर्णि (लिखित प्रति)—

અહીં અમે ચુર્ણિનો જે પાઠ આપ્યો છે એમાં ચુર્ણિકારે " ભાવમંગલ નિર્યુક્તિકાર કહે છે " એમ લખીને જ " वंदामि भद्दबाहुं०" એ મંગલગાથા આપી છે એટલે કોઈને બીજી ત્રીજી કલ્પના કરવાને અવકાશ રહેતો નથી.

ભગવાન ભદ્રબાહુની કૃતિરૂપે છેદસૂત્રોમાં દશાશ્રુતસ્કંધસૂત્ર સૌથી પહેલું હોઈ તેની નિર્યુક્તિના પ્રારંભમાં તેમને નમસ્કાર કરવામાં આવ્યો છે એ છેદસૂત્રોના પ્રણેતા તરીકે અત્યંત ઔચિત્યપાત્ર જ છે.

જો ચૂર્ણિકાર, નિર્યુક્તિકાર તરીકે ચતુર્દશપુર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુને માનતા હોત, તો તેઓશ્રીને આ ગાથાને ' નિર્યુક્તિગાથા ' તરીકે જણાવવા પહેલાં મનમાં અનેક વિકલ્પો ઊઠ્યા હોત. એટલે એ વાત નિર્વિવાદપણે સ્પષ્ટ થાય છે કે–" ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી નિર્યુક્તિકાર નથી "

અમને તો લાગે છે કે નિર્યુક્તિકારના વિષયમાં ઉદ્ભવેલો ગોટાળો ચૂર્ણિકારના જમાના પછીનો છે.

ઉપર અમે પ્રમાણપુરઃસર ચર્ચા કરી આવ્યા તે કારણસર અમારી એ દૃઢ માન્યતા છે કે–આજના નિર્યુક્તિગ્રંથો નથી ચતુર્દશપુર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામીના રચેલા કે નથી એ અનુયોગપૃથક્ત્વકાર સ્થવિર આર્યરક્ષિતના યુગમાં વ્યવસ્થિત કરાએલ; પરંતુ આજના આપણા નિર્યુક્તિગ્રંથો ઉપરા ઉપરી પડતા ભયંકર દુકાળો અને શ્રમણવર્ગની યાદશક્તિની ખામીને કારણે ખંડિત થએલ આગમોની સ્થવિર આર્યસ્કંદિલ, સ્થવિર નાગાર્જુન આદિ સ્થવિરોએ પુનઃસંકલના અથવા વ્યવસ્થા કરી તેને અનુસરતા હોઈ અર્વાચીન છે.

ઉપર અમે જણાવી આવ્યા તે મુજબ આજના આપણા નિર્યુક્તિગ્રન્થો ચતુર્દશપૂર્વવિદ્ સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામીકૃત નથી—ન હોય, તો એક પ્રશ્ન સહેજે જ ઉપસ્થિત થાય છે કે ત્યારે એ નિર્યુક્તિ-ગ્રન્થો કોણે રચેલા છે ? અને એનો રચનાસમય કયો હોવો જોઇએ ? આ પ્રશ્નને લગતાં લભ્ય પ્રમાણો અને અનુમાનો અમે આ નીચે રજૂ કરીએ છીએ—

'છેદસૂત્રકાર ચતુર્દશપૂર્વધર ભગવાન શ્રીભદ્રબાહુસ્વામી એ જ નિર્યુક્તિકાર છે' એ ભ્રાન્ત માન્યતા જે સમાન નામમાંથી જન્મી હોય, અને તેવો સંભવ જ વધારે છે, તો એમ અનુમાન કરવું અયોગ્ય નહિ મનાય કે—છેદસૂત્રકાર કરતાં કોઈ બીજા જ ભદ્રબાહુ નામના સ્થવિર નિર્યુક્તિકાર હોવા જોઈએ—છે.

આ અનુમાનના સમર્થનમાં અમે એક બીજું અનુમાન રજૂ કરીએ છીએ—દશા, કલ્પ, વ્યવહાર અને નિશીથ એ ચાર છેદસૂત્રો, આવશ્યકાદિ દશશાસ્ત્ર ઉપરની નિર્યુક્તિઓ, ઉવસગ્ગહરસ્તોત્ર અને ભદ્રબાહુસંહિતા મળી એકંદર સોળ[1] ગ્રન્થો શ્રી ભદ્રબાહુસ્વામીની કૃતિ તરીકે શ્વેતાંબર સંપ્રદાયમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. આમાંનાં ચાર છેદસૂત્રો ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુકૃત તરીકે સર્વમાન્ય છે, એ અમે પહેલાં કહી આવ્યા છીએ. નિર્યુક્તિગ્રન્થો અમે ઉપર અનુમાન કર્યું છે તે મુજબ 'છેદસૂત્રકાર શ્રીભદ્રબાહુસ્વામી કરતાં જુદા જ ભદ્રબાહુસ્વામીએ રચેલા છે.' એ અમારું કથન જો વિદ્વન્માન્ય હોય તો એમ કહી શકાય કે—દશ નિર્યુક્તિગ્રન્થો, ઉપસર્ગહરસ્તોત્ર અને ભદ્રબાહુ[2] સંહિતા એ બારે ગ્રંથો એક જ ભદ્રબાહુકૃત હોવા જોઈએ. આ ભદ્રબાહુ બીજા કોઈ નહિ પણ જેઓ વારાહી સંહિતાના પ્રણેતા જ્યોતિર્વિદ્ વરાહમિહિરના પૂર્વાશ્રમના સહોદર તરીકે જૈન સંપ્રદાયમાં જાણીતા છે અને જેમને અષ્ટાંગનિમિત્ત અને મંત્રવિદ્યાના પારગામી અર્થાત્ નૈમિત્તિક[3] તરીકે ઓળખવામાં આવે છે, તે છે. એમણે ભાઈ સાથે ધાર્મિક સ્પર્ધામાં આવતાં ભદ્રબાહુસંહિતા અને ઉપસર્ગહરસ્તોત્ર જેવા માન્ય ગ્રંથોની રચના કરી હતી અથવા એ ગ્રંથો રચવાની એમને અનિવાર્ય રીતે આવશ્યકતા જણાઈ હતી. ભિન્ન ભિન્ન સંપ્રદાયના ઉપાસક ભાઈ-ઓમાં સંહિતા પદાલંકૃત ગ્રંથ રચવાની ભાવના જન્મે એ પારસ્પરિક સ્પર્ધા સિવાય ભાગ્યે જ સંભવે.

નિર્યુક્તિકાર અને ઉપસર્ગહરસ્તોત્રાદિના રચયિતા એક જ ભદ્રબાહુ અને તે પણ નૈમિત્તિક ભદ્રબાહુ હોવાનું અનુમાન અમે એટલા ઉપરથી કરીએ છીએ કે—આવશ્યકનિર્યુક્તિમાં ગાથા[4] ૧૨૫૨ થી ૧૨૭૦

---

૧. ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ અને પંચકલ્પનિર્યુક્તિ આ ત્રણ નિર્યુક્તિરૂપ ગ્રંથો અનુક્રમે આવશ્યકનિર્યુક્તિ, દશવૈકાલિક નિર્યુક્તિ અને કલ્પનિર્યુક્તિના અંશરૂપ હોઈ તેની ગણતરી અમે આ ઠેકાણે જુદા ગ્રંથ તરીકે આપી નથી. સંસક્તનિર્યુક્તિ, ગ્રહશાન્તિસ્તોત્ર, સપાદલક્ષવસુદેવહિંડી આદિ ગ્રંથો ભદ્રબાહુસ્વામિકૃત હોવા સામે અનેક વિરોધો હોઈ એ ગ્રંથોનાં નામની નોંધ પણ અહીં લીધી નથી.

૨. ભદ્રબાહુસંહિતા ગ્રંથ આજે લભ્ય નથી. આજે મળતો ભદ્રબાહુસંહિતા ગ્રંથ કૃત્રિમ છે.

૩. પાવયણી ૧ ધમ્મકહી ૨ વાઈ ૩ **णेमित्तिओ** ૪ तवस्सी ૫ य ।
विज्जा ૬ सिद्धो ૭ य कई ૮ अट्ठेव पभावगा भणिया ॥ ૧ ॥
अजरक्ख ૧ नंदिसेणो ૨ सिरिगुत्तविणेय ૩ **भद्दबाहू** ૪ य ।
खवग ૫ ऽज्जखवुड ૬ सामिया ૭ दिवायरो ૮ वा इहाऽऽहरणा ॥ ૨ ॥

૪. गंधव्वनागदत्तो, इच्छइ सप्पेहिं खिलिउं इहयं ।
तं जइ कहंचि खज्जइ, इत्थ हु दोसो न कायवो ॥ ૧૨૫૨ ॥
एए ते पावाही, चत्तारि वि कोहमाणमायलोभा ।
जे हि सया संसत्तं जरियमिव जयं कलकलेइ ॥ ૧૨૬૨ ॥
एएहिं अहं खइओ, चउहि वि आसीविसेहिं पावेहिं ।
विसनिग्घायणहेउं, चरामि विविहं तवोकम्मं ॥ ૧૨૬૪ ॥

* * * *

सिद्धे नमंसिऊणं, संसारत्था य जे महाविज्जा ।
वोच्छामि दंडकिरियं, सव्वविसनिवारणिं विज्जं ॥ ૧૨૬૯ ॥
सव्वं पाणइवायं, पच्चक्खाई मि अलियवयणं च ।
सव्वमदत्तादाणं, अब्बंभ परिग्गहं **स्वाहा** ॥ ૧૨૭૦ ॥

મુધીમાં ગંધર્વ નાગદત્તનું કથાનક આપવામાં આવ્યું છે તેમાં નાગનું વિષ ઉતારવા માટે ક્રિયા કરવામાં આવી છે અને ઉપસર્ગહરસ્તોત્રમાં પણ વિસહર ફુલિંગમંતં ઇત્યાદિ દ્વારા નાગનો વિષોત્તાર જ વર્ણવવામાં આવ્યો છે. એ સમાનતા એક કર્તૃમૂલક હોય એમ માનવાને અમે સ્વાભાવિક રીતે જ પ્રેરાઇએ છીએ. નિર્યુક્તિગ્રન્થમાં મંત્રક્રિયાના પ્રયોગ સાથે 'स्वाहा' પદનો નિર્દેશ એ તેના રચયિતાના એ વસ્તુ પ્રત્યેના પ્રેમને અથવા એની જાણકારીને સૂચવે છે. અને એવા અષ્ટાંગનિમિત્ત અને મંત્રવિદ્યાના પારગામી નૈમિત્તિક ભદ્રબાહુ જ્યોતિર્વિદ વરાહ મિહિરના ભાઈ સિવાય બીજા કોઈ જાણીતા નથી એટલે એમ અનુમાન કરવાનું કારણ મળે છે કે—ઉપસર્ગહરસ્તોત્રાદિના પ્રણેતા અને નિર્યુક્તિકાર ભદ્રબાહુ એ એક જ વ્યક્તિ હોવી જોઇએ.

નિર્યુક્તિકાર ભદ્રબાહુ નૈમિત્તિક હોવા માટે એ પણ એક સૂચક વસ્તુ છે કે—તેમણે આવશ્યકસૂત્ર આદિ જે મુખ્ય દશ શાસ્ત્રો ઉપર નિર્યુક્તિઓ રચી છે તેમાં સૂર્યપ્રજ્ઞપ્તિ શાસ્ત્રને સામેલ રાખેલ છે. આ ઉપરથી આપણે નિર્યુક્તિકારની એ વિદ્યા વિષેની કુશળતા અને પ્રેમને જોઈ શકીએ છીએ. અને તેમના નૈમિત્તિક હોવાનું અનુમાન કરી શકીએ છીએ.

આ કરતાં ય નિર્યુક્તિકાર આચાર્ય નૈમિત્તિક હોવાનું સબળ પ્રમાણ આચારાંગનિર્યુક્તિમાંથી આપણને મળી આવે છે. આચારાંગનિર્યુક્તિમાં 'દિક્' પદના ભેદો અને એ ભેદોનું વ્યાખ્યાન કરતાં નિર્યુક્તિકાર 'પ્રજ્ઞાપકદિશા'ની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે—

जत्थ य जो पण्णवओ, कस्स वि साहइ दिसासु य **णिमित्तं** ।
जत्तोमुहो य ठाई, सा पुच्छओ अवरा ॥ ५१ ॥

અર્થાત્—જ્યાં રહીને જે પ્રજ્ઞાપક વ્યાખ્યાતા જે દિશામાં મુખરાખીને કોઇને "**નિમિત્ત**" કહે તે તેની પૂર્વે દિશા અને પાછળની બાજુમાં પશ્ચિમદિશા જાણવી.

આ ગાથામાં નિર્યુક્તિકારે "साहइ दिसासु य णिमित्तं" એમ જણાવ્યું છે એ ઉપરથી આપણે એમ ચોક્કસ માની શકીએ છીએ કે તેના પ્રણેતાને નિમિત્તના વિષયમાં ભારે શોખ હતો. નહિતર આવા આચારાંગસૂત્ર જેવા ચરણકરણાનુયોગના તાત્વિક ગ્રન્થનું વ્યાખ્યાન કરતાં બીજા કોઈ તાત્વિક પદાર્થનો નિર્દેશ ન કરતાં **નિમિત્ત**નો નિર્દેશ કરવા તરફ તેના પ્રણેતાનું ધ્યાન જાય જ નહિ.

કેટલાક પ્રાચીન વિદ્વાનો છેદસૂત્ર, નિર્યુક્તિ, ભદ્રબાહુસંહિતા, ઉપસર્ગહરસ્તોત્ર એ બધાયના પ્રણેતા ચૌદપૂર્વધર ભદ્રબાહુસ્વામી છે એ કહેવા સાથે એમ પણ માને છે કે એઓશ્રી વારાહીસંહિતા આદિના પ્રણેતા જ્યોતિર્વિદ વરાહમિહિરના સહોદર હતા. પરંતુ આ કથન કોઈ રીતે સંગત નથી. કારણ કે વરાહમિહિરનો સમય **पंचसिद्धान्तिकाना**[1] અંતમાં પોતે નિર્દેશ કરે છે તે પ્રમાણે શક સંવત ૪૨૭ અર્થાત વિક્રમ સંવત ૫૬૨ છઠ્ઠી શતાબ્દિ ઉત્તરાર્ધ-નિર્ણીત છે. એટલે છેદ સૂત્રકાર ચતુર્દશ પૂર્વજ્ઞ ભદ્રબાહુ અને ઉપસર્ગહરસ્તોત્રાદિના રચયિતા તેમજ જ્યોતિર્વિદ વરાહમિહિરના સહોદર ભદ્રબાહુ તદ્દન ભિન્ન જ નક્કી થાય છે.

ઉપસર્ગહરસ્તોત્રકાર ભદ્રબાહુ અને જ્યોતિર્વિદ્ વરાહમિહિરની પરસ્પર સંકળાએલી જે કથા ચૌદમી શતાબ્દિમાં નોંધપોથીને પાને ચઢેલી છે એમાં સત્યાંશ હોય અને હોય તેમ લાગે છે એટલે ઉપસર્ગહરસ્તોત્રકાર ભદ્રબાહુસ્વામીને ચતુર્દશપૂર્વધર તરીકે ઓળખાવવામાં આવે છે એ બીનપાયાદાર જ ઠરે

---

१. सप्ताश्विवेदसंख्यं, शककालमपास्य चैत्र शुक्लादौ ।
अर्धास्तमिते मानौ, यवनपुरे सौम्यदिवसाद्ये ॥ ८ ॥

છે. તેમ જ ભદ્રબાહુસંહિતાના પ્રણેતા તરીકે એ જ ચતુર્દશપૂર્વધરને કહેવામાં આવે છે એ પણ વજૂદવાર નથી રહેતું. કારણકે ભદ્રબાહુસંહિતા અને વારાહીસંહિતા એ સમાનનામક ગ્રન્થો પારસ્પરિક વિશિષ્ટ સ્પર્ધાના સૂચક હોઈ બન્નેયના સમકાલભાવી હોવાની વાતને જ વધારે ટેકો આપે છે. આ રીતે એ ભદ્રબાહુ થયાનું ફલિત થાય છે. એક છેદસૂત્રકાર ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુ અને બીજા દશ નિર્યુક્તિઓ, ભદ્રબાહુસંહિતા અને ઉપસર્ગહરસ્તોત્રના પ્રણેતા ભદ્રબાહુ; જેઓ જૈન સંપ્રદાયમાં **નૈમિત્તિક** તરીકે જાણીતા છે.

આ બન્નેય સમર્થ ગ્રંથકારો ભિન્ન હોવાનું એ ઉપરથી પણ કહી શકાય કે–તિત્થોગાલિપ્રકીર્ણક, આવશ્યકચૂર્ણિ, આવશ્યક હારિભદ્રીયા ટીકા, પરિશિષ્ટપર્વ આદિ પ્રાચીન માન્યગ્રન્થોમાં જ્યાં ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુનું ચરિત્ર વર્ણવવામાં આવ્યું છે ત્યાં બાર વરસી દુકાળ, તેઓશ્રીનું નેપાળ દેશમાં વસવું, મહાપ્રાણ ધ્યાનનું આરાધન, સ્થૂલભદ્ર આદિ મુનિઓને વાચના આપવી, છેદસૂત્રોની રચના કરવી ઇત્યાદિ હકીકત આવે છે પણ વરાહમિહિરના ભાઈ હોવાનો, નિર્યુક્તિગ્રન્થો, ઉપસર્ગહરસ્તોત્ર–ભદ્રબાહુસંહિતા આદિની રચના કરવી આદિને લગતો તેમજ તેઓ નૈમિત્તિક હોવાને લગતો કશો ય ઉલ્લેખ નથી. આથી એમ સહેજે જ લાગે કે–છેદસૂત્રકાર ભદ્રબાહુસ્વામી અને નિર્યુક્તિ આદિના પ્રણેતા ભદ્રબાહુસ્વામી બન્ને ય જુદી જુદી વ્યક્તિઓ છે.

નિર્યુક્તિકાર ભદ્રબાહુ એ વિક્રમની છઠ્ઠી સદીમાં થએલ જ્યોતિર્વિદ વરાહમિહિરના સહોદર હોઈ નિર્યુક્તિગ્રંથોની રચના વિક્રમના છઠ્ઠા સૈકામાં થઈ છે એ નિર્ણય કર્યા પછી અમારા સામે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે–પાક્ષિકસૂત્રમાં સૂત્રકીર્ત્તનના પ્રત્યેક આલાપકમાં અને નંદીસૂત્રમાં અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનના નિરૂપણમાં નીચે પ્રમાણેના પાઠો છે—

" ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए " પાક્ષિકસૂત્ર.
" संखेज्जाओ निज्जुत्तीओ संखेज्जाओ संगहणीओ " નંદીસૂત્ર.

અહીં આ બન્ને ય સૂત્રપાઠો આપવાનો આશય એ છે કે–આ બન્ને ય સૂત્રો, જેની રચના વિક્રમના છઠ્ઠા સૈકાના આરંભમાં જ અથવા પાંચમી શતાબ્દિના ઉત્તરાર્ધમાં થઈ ચૂકવાનો સંભવ વધારે છે, તેમાં નિર્યુક્તિનો ઉલ્લેખ થએલો છે. ઉપર જણાવવામાં આવ્યું છે તેમ જો નિર્યુક્તિકાર વિક્રમના છઠ્ઠા સૈકાના બીજા ચરણ લગભગ થયા હોય તો તે પહેલાં ગૂંથાએલ આ બન્ને ય સૂત્રોમાં નિર્યુક્તિનો ઉલ્લેખ કેમ થયો છે ? એ પ્રશ્નનું સમાધાન નીચે પ્રમાણે થઈ શકે છે—

પાક્ષિકસૂત્ર અને નંદીસૂત્રમાં નિર્યુક્તિનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ અત્યારે આપણા સામે વર્તમાન દશશાસ્ત્રની નિર્યુક્તિને લક્ષીને નહિ કિન્તુ **ગોવિંદનિર્યુક્તિને** ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો **છે.**

નિર્યુક્તિકાર સ્થવિર ભદ્રબાહુસ્વામી થયાની વાત સર્વત્ર પ્રસિદ્ધ છે પરંતુ એમના સિવાય બીજા કોઈ નિર્યુક્તિકાર થયાની વાતને કોઈ વિરલ વ્યક્તિઓ જ જાણતી હશે. નિશીથચૂર્ણિના ૧૧ મા ઉદ્દેશામાં ' જ્ઞાનસ્તેન ' નું સ્વરૂપ દર્શાવતાં ભાષ્યકારે જણાવ્યું છે કે–" **गोविंदज्जो नाणे** અર્થાત્ જ્ઞાનની ચોરી કરનાર ગોવિંદાચાર્ય જાણવા " આ ગાથાની ચૂર્ણિમાં ચૂર્ણિકારે ગોવિંદાચાર્યને લગતા એક વિશિષ્ટ પ્રસંગની ટૂંક નોંધ કરી છે ત્યાં લખ્યું છે કે–" તેમણે એકેંદ્રિય જીવને સિદ્ધ કરનાર ગોવિંદ નિર્યુક્તિની રચના કરી હતી." આ ઉલ્લેખને આધારે સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે–એક વખતના બૌદ્ધ ભિક્ષુ અને પાછળથી પ્રતિબોધ પામી જૈન દીક્ષા સ્વીકારનાર **ગોવિંદાચાર્ય નામના સ્થવિર નિર્યુક્તિકાર થઈ ગયા છે.** તેઓશ્રીએ કયા આગમ ઉપર નિર્યુક્તિની રચના કરી હશે એ જાણવા માટેનું આપણા

સામે કશુંય પ્રમાણ કે સાધન વિદ્યમાન નથી; તેમ છતાં ચૂર્ણિકારના ઉલ્લેખના ઔચિત્યને ધ્યાનમાં લેતાં શ્રીમાન્ ગોવિંદાચાર્યે બીજા કોઈ આગમ ગ્રંથ ઉપર નિર્યુક્તિની રચના કરી હોય યા ગમે તેમ હોય, તે છતાં આચારાંગસૂત્ર ઉપર ખાસ કરી તેના શસ્ત્રપરિજ્ઞાનામક પ્રથમ અધ્યયન ઉપર તેમણે નિર્યુક્તિ રચી હોવી જોઈએ. શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં મુખ્યતયા પાંચ સ્થાવરોનું—એકેંદ્રિય જીવોનું અને ત્રસ જીવોનું જ નિરૂપણ છે. અત્યારે આપણા સમક્ષ ગોવિંદાચાર્યકૃત ગોવિંદનિર્યુક્તિ ગ્રંથ નથી તેમજ નિશીથ ભાષ્ય, નિશીથ ચૂર્ણિ, કલ્પચૂર્ણિ આદિમાં આવતા **गोविंदनिज्जुत्ति** એટલા નામનિર્દેશ સિવાય કોઈપણ ચૂર્ણિ આદિ પ્રાચીન ગ્રંથોમાં એ નિર્યુક્તિમાંની ગાથાદિનો પ્રમાણ તરીકે ઉલ્લેખ થએલો જોવામાં નથી આવ્યો; એટલે અમે માત્ર ઉપરોક્ત અનુમાન કરીને જ અટકીએ છીએ. અહીં અમે સૌની જાણ ખાતર ઉપરોક્ત નિશીથચૂર્ણિનો પાઠ આપીએ છીએ.

गोविंदज्जो णाणे, दंसणे सुत्तत्थ हेउ अट्ठा वा ।
पावंचियउवचरगा, उदायिवधगादिगा चरणे ॥

गोविंद० गाहा—**गोविंदो** नाम भिक्खू । सो य एगेण आयरिएण वादे जितो आद्दारसवारा । ततो तेण चिंतितं—**सिद्धंतसरूवं जाव एतेसिं नो लब्भति तावेते जेतुं ण सक्केंति । ताहे** सो **नामहरणट्ठा तस्सेवाऽऽयरियस्स** सगासे निक्खंतो । तस्स य सामायियादि पढंतस्स सुद्धं सम्मत्तं । ततो गुरुं वंदित्ता भणाति–देहि मे वते । आयरिओ भणाति–नणु दत्ताणि ते वताणि । तेण सब्भावो कहिओ । ताहे गुरुणा दत्ताणि से वताणि । **पच्छा तेण एगिंदियजीवसाहणं गोविंदनिज्जुत्ती** कया ॥ एस नाणतेणो ॥

निशीथचूर्णि उद्देश ११ द्वितीय खंड पत्र–८–९.—पाटण संघवीना पाडानी ताडपत्रीय प्रति ॥

ભાવાર્થ–ગોવિંદનામે બૌદ્ધ ભિક્ષુ હતો. તે એક જૈનાચાર્ય સાથે અઢાર વખત વાદમાં હાર્યો. તેણે વિચાર્યું કે–જ્યાંસુધી આમના સિદ્ધાંતના રહસ્યને જાણ્યું નથી ત્યાંસુધી આમને જીતી શકાશે નહિ. તે ભિક્ષુએ જ્ઞાનની ચોરી કરવા માટે તે જ આચાર્ય પાસે દીક્ષા લીધી. સામાયિકાદિ સૂત્રોનો અભ્યાસ કરતાં તેને શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. તેણે ગુરુને કહ્યું કે–મને વ્રતોનો સ્વીકાર કરાવો. આચાર્યે કહ્યું કે–ભાઈ! તને વ્રતોનો સ્વીકાર કરાવ્યો જ છે. તેણે પોતાનો આશય જણાવ્યો. ગુરુએ તેને પુનઃ વ્રતો આપ્યા. **તેણે એકેંદ્રિય જીવોને સાધિત કરનાર ગોવિંદનિર્યુક્તિની રચના કરી.**"

ગોવિંદનિર્યુક્તિને નિશીથચૂર્ણિ આદિમાં દર્શનપ્રભાવકશાસ્ત્ર તરીકે જણાવવામાં આવેલ છે—

णाणट्ठ० गाथा—आयारादी णाणं, **गोविंदणिज्जत्तिमादी दंसणं,** जत्थ विसए चरित्तं ण सुज्झति ततो निग्गमणं चरित्तट्ठा ॥ निशीथचूर्णि उ० ११ द्वितीयखंड पत्र १९०.—पाटण संघना भंडारनी ताडपत्रीय प्रति ॥

सगुरु–कुल–सदेसे वा, नाणे गहिए सई य सामत्थे ।
वच्चइ उ अन्नदेसे, दंसणजुत्ताइ अत्थो वा ॥ २८८० ॥

चूर्णि:—सगुरु० गाहा । अप्पणो आयरियस्स जत्तिओ आगमो तम्मि सव्वम्मि गहिए स्वदेशे योऽन्येषामाचार्याणामागमस्तस्मिन्नपि गृहीते दंसणजुत्तादि अत्थो उत्ति **गोविंदनिर्युक्त्याद्यर्थ**हेतोरन्यदेशं व्रजति ॥ कल्पचूर्णि पत्र. ११६.—पाटण संघना भंडारनी ताडपत्रीय प्रति ॥

'दंसणजुत्ताइ अत्थोवत्ति दर्शनविशुद्धिकारणीया **गोविन्दनिर्युक्तिः,** आदिशब्दात् सम्मतितत्वार्थप्रभृतीनि च शास्त्राणि तदर्थः तत्प्रयोजनः प्रमाणशास्त्रकुशलानामाचार्याणां समीपे गच्छेत् ॥ कल्पटीकापत्र ८१६.

ગોવિંદનિર્યુક્તિપ્રણેતા ગોવિંદાચાર્ય અમારી સમજ પ્રમાણે બીજા કોઈ નહિ પણ જેમને નંદીસૂત્રમાં અનુયોગધર તરીકે વર્ણવવામાં આવ્યા છે અને જેઓ માથુરી યુગપ્રધાનપટ્ટાવલીમાં અઠ્ઠાવીશમા યુગપ્રધાન

હોવા સાથે જેઓ માથુરી વાચનાના પ્રવર્તક સ્થવિર આર્ય સ્કંદિલથી ચોથા યુગપ્રધાન છે તે જ હોવા જોઈએ. એઓશ્રી વિક્રમના પાંચમા સૈકાના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા. એમણે રચેલ ગોવિંદનિર્યુક્તિને લક્ષીને જ પાક્ષિકસૂત્ર તથા નંદીસૂત્રમાં નિર્યુક્તિનો ઉલ્લેખ કરાયો છે એમ માનવું અમને વધારે સંગત લાગે છે. અમારું આ વક્તવ્ય જો વાસ્તવિક હોય તો પાક્ષિકસૂત્ર અને નંદીસૂત્રમાં થએલ નિર્યુક્તિના ઉલ્લેખને લગતા પ્રશ્નનું સમાધાન સ્વયમેવ થઈ જાય છે.

અંતમાં અમે અમારો પ્રસ્તુત લેખ સમાપ્ત કરવા પહેલાં ટૂંકમાં એટલું જ જણાવીએ છીએ કે છેદસૂત્રકાર અને નિર્યુક્તિકાર સ્થવિરો ભિન્ન હોવા માટેના તેમજ ભદ્રબાહુસ્વામી અનેક થવા માટેના સ્પષ્ટ ઉલ્લેખો ભલે ન મળતા હો, તે છતાં આજે આપણા સામે જે પ્રાચીન પ્રમાણો અને ઉલ્લેખો વિદ્યમાન છે તે ઉપરથી એટલું ચોક્કસ જણાય છે કે—છેદસૂત્રકાર સ્થવિર અને નિર્યુક્તિકાર સ્થવિર એક નથી પણ જુદા જુદા જ છે. આ વાત નિર્ણીત છતાં છેદસૂત્રકાર અને નિર્યુક્તિકાર એ બન્નેયના એકકર્તૃત્વની ભ્રાન્તિ સમાનનામમાંથી જન્મી હોય, અને એવો સંભવ પણ વધારે છે એટલે આજે અનેકાનેક વિદ્વાનો આ અનુમાન અને માન્યતા તરફ સહેજે જ દોરાય છે કે—છેદસૂત્રકાર પણ ભદ્રબાહુસ્વામી છે અને નિર્યુક્તિકાર પણ ભદ્રબાહુસ્વામી છે. છેદસૂત્રકાર ભદ્રબાહુ ચતુર્દશપૂર્વધર છે અને નિર્યુક્તિકાર ભદ્રબાહુ નૈમિત્તિક આચાર્ય છે. અને અમે પણ અમારા પ્રસ્તુત લેખમાં આ જ માન્યતાને સપ્રમાણ પુરવાર કરવા સવિશેષ પ્રયત્ન કર્યો છે.

ઇતિહાસના વિદ્વાનોએ કેવળ સત્ય હકીકતની જ દરકાર રાખવી જોઈએ; કોઇ તરેહના રાગદ્વેષ કે રાજકીય દુરાગ્રહને એમના પવિત્ર કાર્યમાં સ્થાન નથી.

ઇતિહાસના સંશોધનમાં ઇતિહાસનાં સાધનોની શોધ મુખ્ય છે, પણ એટલું જ આપણું કાર્ય નથી. ઇતિહાસનાં સાધનોની મદદથી ઇતિહાસનો અર્થ કરવો, વસ્તુ ઉપજાવવું એ જરૂરનું કાર્ય છે.　　—ડો. સર શફાત અહમદખાન—

(સાહિત્યવિચારમાંથી)

અધ્યાત્મી શ્રીઆનંદઘન અને શ્રીયશોવિજય

લેખક—મોહનલાલ દલીચંદ દેશાઈ, B. A., LL. B.,Advocate.,

આનંદઘનકો આનંદ, **સુજશ** હી ગાવત, રહત **આનંદ** સુમતિ સંગ—
સુમતિ સખિકે સંગ નિતનિત દોરત, કબહુ ન હોતહી દૂર
જશવિજય કહે સુનો હો **આનંદઘન** !, હમ તુમ મિલે હજૂર.

—યશોવિજયની આનંદઘન–અષ્ટપદી પદ ૧ ને ૨.

બંને હતા સંસારથી વિરક્ત સાધુઓ–એક ફક્કડ–' અવધૂ '–અવધૂત એટલે મસ્ત, આત્મલક્ષી, આત્માની ધૂનવાળા, અથવા આત્મધૂત એટલે આધ્યાત્મિક દૃષ્ટિએ સંયમી ત્યાગી, ઉગ્ર આત્મલક્ષી અધ્યાત્મી ' મર્મી ' (mystic), જ્યારે બીજા મહાન તાર્કિક ' ન્યાયવિશારદ ' અને ' ન્યાયાચાર્ય ' એ પદોથી વિભૂષિત પંડિત. બંને હતા કવિઓ. એક તીવ્ર સિદ્ધાંતબોધ, ઊંડી માર્મિક શાસ્ત્રદૃષ્ટિ અને અનુભવયોગથી ભરેલાં જિનસ્તવનો તથા ભક્તિ-વૈરાગ્યપ્રેરિત રહસ્યપૂર્ણ ગીતો–પદોમાં પોતાના અંતરનિગૂઢ ભાવોને (mysticism ને) ' વેદ ન જાનું કિતાબ ન જાનું, જાનું ન લચ્છન છંદા, તર્કવાદ વિવાદ ન જાનું, ન જાનું કવિ-ફંદા (' પદ ૨૬ મું ') એમ નમ્રપણે કહેતા જાણતા છતાં પ્રેરણામય ઉલ્લાસથી ભરેલી સમર્થ ભાવવાહી વાણીમાં લોકભાષાદ્વારા વ્યક્ત કરનાર અધ્યાત્મી કવિ, અને બીજા ન્યાય, અધ્યાત્મ, યોગ, કથા આદિ વિષયોને સંસ્કૃત, પ્રાકૃત અને લોક-ભાષાદ્વારા પદ્યમાં ગૂંથનાર તથા ' વાણી વાચક **જશ** તણી, કોઈ નયે ન અધૂરી રે (**શ્રી**પાલરાસ ૪–૧૨ ની છેલ્લી પંક્તિ) એવો હિંમતથી દાવો કરતા વિદ્વાન કવિ. બંનેના નિંદક છિદ્રાન્વેષી અને વગોવનારા તેમના સમયમાં અનેક હતા–બન્નેને યથાસ્થિત પ્રીછનારા 'પરીખ' ભાગ્યેજ હતા. સંતજનોની દશા તેમના સમયમાં પ્રાયઃ એવી હોય છે, છતાં તેઓ તો ' આત્મજ્ઞાની, સમદર્શી ને વિચરે ઉદયપ્રયોગ ' એ પ્રમાણે રહી ' પોતાની અપૂર્વ વાણી ' કથ્યે જાય છે. આ બંને મહાપુરુષોનું સુખદ મિલન થયેલું, પરિણામે જે નર્યા પંડિત અને પ્રતિભાશાલી વિદ્વાન અધ્યાત્મરસિક હતા તે વધુ આત્મસ્થિત અધ્યાત્મી બન્યા.

આનંદઘન એ તખલ્લુસ છે. તેમનું મૂળ નામ **લા**ભાનંદ હતું. એનું પ્રમાણ **જ્ઞા**નવિમલસૂરિએ એમનાં બાવીસ સ્તવનોનો બાલાવબોધ કર્યો તેમાં તે સ્તવનો ' **લા**ભાનંદજીકૃત ' છે તે સ્પષ્ટ જણાવ્યું છે. અને **દે**વચંદ્રજીના **વિ**ચારરત્નસારમાં ' પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન ' એ **આ**નંદઘનના ધર્મનાથ જિનસ્તવનનું ચરણ ટાંકી એવું શ્રી**લા**ભાનંદજીએ કહ્યું છે એમ તે ગ્રંથમાં છે; વિશેષમાં એકજ સ્થળે–પોતાના ભાવનમા પદમાં ' નામ આનંદઘન લાભ આનંદઘન ' એ પરથી ખુદ પોતે સૂચિત કર્યું છે. તેમનાં ગામ, માતાપિતા, જ્ઞાતિ, ગચ્છ વગેરેનાં નામ તેમજ જન્મ–દીક્ષા–અવસાન આદિના નિશ્ચિત સંવત મળતાં નથી તેમ પોતાની કૃતિની રચનાના સંવત પણ પોતે આપેલ નથી એટલે બને તેટલું બીજાં સાધનથી શોધવાનું રહ્યું. તેમનાં સ્તવનોમાં જે દેશીઓ વાપરી છે તે પરથી કંઇક કાલનિર્ણય અનુમનાયઃ દા૦ ત. બીજા જિન સ્તવનની અને આઠમા સ્તવનની દેશીઓ ' કર્મપરીક્ષા-કરણ કુમર ચલ્યો રે ' ને ' કુમરી રોવે આક્રંદ કરે મને કોઈ મુકાવે ' એ સં. ૧૬૭૨ માં (ખ.) **સ**મયસુન્દરે **મે**ડતામાં રચેલી **મિ**યમેલક ચોપઇની ત્રીજી અને બીજી ઢાલ છે; છઠ્ઠા સ્ત૦ ની ' ચાંદલીયા સંદેશો કહે માહરા કંતને રે ' એ તે (ખ.) **સ**મયસુન્દરના સં. ૧૬૭૩ માં **મે**ડતામાંજ રચેલા **ન**લદવદંતીના રાસના ખંડ ૩ ની ચોથી ઢાલ છે; ચોથા ને આઠમા સ્ત૦ ની ' આજ નિહેજો રે દીસે નાહલો ' ને ' હમ ધનો ધણને પરચાવે ' એ અનુક્રમે (ખ.) જિનરાજસૂરિના સં.૧૬૭૮ માં

રચેલા શાલિભદ્ર રાસની ૧૬ મી અને ૨૧ મી ઢાલ છે; ચૌદમા અને બારમા સ્ત૦ની 'વિમલકુલ-કમલના હંસ તું' અને 'તુંગિયા ગિરિ શિરવરિ સોહઇ' એ અનુક્રમે (ત૦) સકલચંદ્ર કૃત બારભાવનામાં પેહેલી ભાવનાની સઝાયની, તથા બલદેવ સઝાયની છે સં. ૧૬૪૦ આસપાસ અને 'ગુણહ વિશાલા મંગલિકમાલા' એ દશમા સ્ત૦ની દેશી તે (ત૦) પ્રીતિવિમલના ગોડીપાર્શ્વનાથસ્તવનની (સં. ૧૬૭૧ આસપાસ) છે. આ પરથી એ સ્તવનો સં. ૧૬૭૮ પછી યા તે આસપાસ રચાયાં છે. યશોવિજયકે જેમની દીક્ષા સં. ૧૬૮૮ માં ને સ્વર્ગવાસ સં. ૧૭૪૩ માં થયેલો નિશ્ચિત છે, તેમનું મિલન આનંદઘનજી સાથે અવશ્ય થયું હતું. તે યશોવિજયે સં. ૧૬૯૯ માં કાશી પ્રત્યે વિદ્યાઅર્થે વિહાર કરી ત્યાં ત્રણ અને આગ્રે જઈ ત્યાં અભ્યાસાર્થે ચાર વર્ષ ગાળી ગુજરાત પ્રત્યે વિહાર કરતાં અમદાવાદ સં ૧૭૧૮ લગભગ આવ્યા તે દરમ્યાન થયું હોય એમ અનુમાન થાય છે. તેઓશ્રી સં ૧૬૫૦ થી સં. ૧૭૧૦ સુધી વિદ્યમાન અવશ્ય હશે.

એમ કહેવાય છે કે તેમણે ૨૪ જિન પૈકી ૨૨ જિનનાં સ્તવનો રચ્યાં, અને તે ૨૨ સ્તવનપર ખુદ યશોવિજયે, સં. ૧૭૬૯ માં જ્ઞાનવિમલસૂરિએ અને જ્ઞાનસારે સં. ૧૮૬૬ માં બાલાવબોધ રચ્યા છે. યશોવિજયકૃત બાલાવબોધનો તેમની કરેલી કૃતિઓની એક પત્ર પર મળેલી ટીપમાં ઉલ્લેખ છે, પણ તે ઉપલબ્ધ નથી. જ્ઞાનવિમલે અને જ્ઞાનસારે ખૂટતાં છેલ્લાં બે સ્તવન પોતે રચી ઉમેરી તેનો બાલાવબોધ પણ પોતે ઉમેરેલ છે, જ્ઞાનવિમલે એમ જણાવ્યું: 'શ્રી લાભાનંદજીકૃત સ્તવન એતલા ૨૨ દિસે છે. યદ્યપિ (બીજા) હસ્યે તોહી આપણે હાથે નથી આવ્યા' ને તેમનો બાલાવબોધ સામાન્ય છે. જ્ઞાનસાર પોતે અધ્યાત્મી હતા તેથી તેમણે રચેલો બાલાવબોધ મૂલ નિગૂઢ આશયને સ્પર્શે છે, છતાં પોતે યથાર્થ સ્થિતિ સમજીને છે કે:—

આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર, બાલક બાંહ પસાર જિમ, કહૈ ઉદધિ-વિસ્તાર,
તેમ મનોરથ મુઝ મનેં, પિણ બુધિ વિણુ કિમ થાય, ગુરુકિરપાથી ગહન નગ, પંગુર પાર લંઘાય.
કર્તા-આશય અતિ કઠિન, કેમેહી ન લખાય, પિણ જેહવી મુઝ ધારણા, અરથ તેહવો થાય,
ઇક ગતિ મતિ આદર્શની, જેહવી મતિ મુખ હોય, તેહવા મતિ-આદર્શમાં, આનન-અર્થઉ જોય.
કિહ મારી મતિ કિહ અરથ, અંતર દિન નિસ હોય, આશય દિન તે અતિ ઉજલ, મતિ અમાવાસ મોહિ,
બાલક બાંહ પસાર જિમ, કહિ હૈ નભ-વિસ્તાર, જ્ઞાનસાર તિમહિ લિખ્યો, અર્થ વિચાર વિચાર.
પિણ આતમ-અનુભવ વિના, આનંદઘન-પદ-અર્થ, કરવો તે ગતિ આંખને, જેહવા અંજન વ્યર્થ.

બાવીસીના અર્થ પૂરા કરી વળી જ્ઞાનસાર કહે છે કે:—

મુઝ પદ આનંદઘન-પદેં, પદ ન અર્થ આમેજ, તારિનમેં કબહુ ન હુવે, ચંદ્રકિરણસો તેજ
પિણ બાવીસે જિન નમી, તવના કરી બાવીસ, આગેં તવના ના કરી, આનંદઘન કવિ-ઈશ.
પૈં આશય કવિકો કઠિન, અતિ ગંભીર ઉદાર, વજ્ર ઉદધિ આકાશ પર, ઉપમેયોપમ ધાર
પર (પખ) વિન ઉડન કઠિન તિરન, વિન તેરુ જલરાશિ, તેસેં બુદ્ધિ વિના અરથ, કરણેં મહા પ્રયાસ.
પૈં ઉમંગ અતિવ રસતે, હુતો વચન મનવૃત્તિ, આશય ગિરિ મુઝ પંગુ મતિ, ન કરે ચઢન-પ્રયત્ન.
રાજ દુસહ જિનવર કહે, આનેં કર્યો પ્રયાસ, કે ગુરુકિરપાને કર્યો, સફલ અરથ આયાસ.
ભાષાકી ભાષા કરી, મેરી મતિ અનુસાર, વિબુધ અશુદ્ધ લખિ સોધસી, કરસી મુઝ ઉપગાર.

અને ગદ્યમાં ત્રીજા જિન સ્તવનના બાલાવબોધ અંતે કહે છે કે:—'આનંદઘનનાં વચન છે તો સ્યાદ્વાદ-ટંકશાલી, પણ આશયનું દુર્લભપણું, થોડે અક્ષરે અર્થનું બાહુલ્ય, એહની યોજનાનું એ પ્રમાણીપણું છે.' વળી પોતે કહે છે કે 'મેં જ્ઞાનસારે મારી બુદ્ધિ અનુસાર સં. ૧૮૨૯ થી વિચારતે વિચારતે સં. ૧૮૬૬ શ્રીકૃષ્ણગઢ મધ્યે ટબો લિખ્યો, પર મેં ઇતરાં વરસાં વિચારતાં વિચારતાં હી ઇસી સિદ્ધિ થઈ.' આમ ૩૮ વર્ષના ખૂબ વિચારને અંતે કરેલા બાલાવબોધથી પોતાને સંતોષ થયો નહોતો.

આનંદઘનનાં બાવીસ સ્તવનોમાં મૂકેલા વિષયો એક એકથી ચડે છે અને તેમાં કોઈએ નહિ કહેલું એવું અપૂર્વ વસ્તુ આવે છે. (૧) નિરૂપાધિક પ્રીત (૨) સત્યમાર્ગની વિરલતા અને 'કાલલબ્ધિ-લહ પંથ નિહાલશું રે, એ આશા અવલંબ' એ આશાવાદ (૩) પ્રભુસેવારહસ્ય, (૪) દર્શન-દુર્લભતા (૫) પ્રભુનાં ગુણવાચી નામો (૬) પરમાત્મામાં આત્માર્પણ (૭) કર્મવિચ્છેદ-પરમાત્મત્વપ્રાપ્તિ (૮) પૂર્વ જન્મે ન થયેલ એવા પ્રભુદર્શનની પ્રબલ ઇચ્છા (૯) પ્રભુપૂજા (૧૦) પ્રભુમાં ત્રિભંગીઓ (૧૧) અધ્યાત્મ (૧૨) પ્રભુનું શુદ્ધ સ્વરૂપ (૧૩) પ્રભુમૂર્તિ-દર્શનથી વાંછિતસિદ્ધિ (૧૪) પ્રભુસેવા ખાંડાની ધાર (૧૫) ધર્મનો મર્મ (૧૬) સમભાવ-શાન્તિનું સ્વરૂપ (૧૭) ચંચલ મન (૧૮) પ્રભુનો પ્રરૂપેલ ધર્મ (૧૯) સેવક તરીકે વિનંતિ (૨૦) પ્રભુપ્રાર્થના (૨૧) છ દર્શનનો જૈન દર્શનમાં સમન્વય (૨૨) રાજુલની વિનંતિ.

૨૩ મા ને ૨૪ મા જિનનાં સ્તવનો કેમ સાંપડતાં નથી?-(૧) શું તે મહાપુરુષનો તે રચે તે પહેલાં દેહ પડી ગયો હશે? (૨) તેમનાં રચેલાં લુપ્ત થયાં હશે? (૩) તે લોક પાસે મૂકવા યોગ્ય નહિ ગણી જાણી જોઈને મુકાયાં નહિ હોય?-ત્રીજો વિકલ્પ વધુ સંભવિત હોય એમ કોઈ તર્ક કરે છે, કારણ કે તે જૈનયુગ માસિકના સં. ૧૯૮૨ ના ભાદ્રપદ આશ્વિનના અંકમાં પૃ. ૬૬ માં મેં પ્રસિદ્ધ કરેલા તેમનાજ રચેલાં હોય તો તેમાં ૨૩ મા પાર્શ્વજિનસ્તવનમાં નિશ્ચય માર્ગ છે અને ૨૪ મા વીર જિનસ્તવનમાં 'અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કરી જાણે રે ભેદ, સહજ વિશુદ્ધયે રે અનુભવ-વયણ જે, શાસ્ત્ર તે સયલા રે ખેદ; દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત, કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત' એમ જણાવી શાસ્ત્ર કરતાં અનુભવની વિશેષતા બતાવી છે; સઘળાં શાસ્ત્રને 'ખેદ' શબ્દ વાપરી તેમને ઉતારી પાડવા જેવું વચન લોકો માની લે અને તેથી અર્થવિપર્યાસ કરે-એ કારણે તે ગૌપ્ય રખાયાં હોય. બીજા ઘણા કવિઓએ જિનસ્તવનો રચ્યાં છે. તે સર્વમાં આનંદઘનનાં સર્વોપરિપદ લે છે. કવિ ને મર્મી (mystic) તરીકેનું તેનું સ્થાન સર્વોત્તમ છે. જૈનેતર ગૂજરાતી કવિઓમાં પણ એમનું પદ કોઈ લઇ શકે તેમ નથી. તેઓ સત્યશોધક, આત્મગવેષણા કરનાર અને આત્મજ્ઞાની હતા એ, તેમાંથી વિચારકને સહજ જણાય તેમ છે.

સ્તવનો ઉપરાંત હિંદી ભાષામાં એમણે બહોતેર પદો રચ્યાંજ છે અને તે 'આનંદઘન બહોત્તરી' તરીકે પ્રસિદ્ધ છે. ૭૨ ઉપરાંત બીજાં તેમના નામે ચઢ્યાં છે, ને કુલ તેમનાં તરીકે ૧૦૭ પદો છપાયાં છે, તેમાં બીજા કવિઓનાં પણ મિશ્રિત થયાં લાગે છે. છપાયેલાંમાં દ્વા. ત. પદ ૫૩, ૬૩ તે 'બંસીવાળા' 'વ્રજનાથ' સંબંધી છે તે આપણા આ આનંદઘનનાં લાગતાં નથી, તે જ અગર તેવા નામના કવિઓ અન્ય ધર્મના થયા છે,[૧] તેમનાં પદો પણ આનંદઘન બહોત્તરીમાં નામસામ્યના કારણે અસાવધાની અને અણસમ-જથી તેના સંગ્રહકારે પ્રથમ શ્રી ભીમશી માણેકથી છપાઈ પ્રસિદ્ધ થયેલા સંગ્રહમાં મૂકી દીધેલાં લાગે છે. ઉક્ત બહોત્તરીની હસ્તલેખિત પ્રતો મેં અનેક જોઈ છે. પણ તે દરેકમાં ૭૨ થી ઓછાં, ક્વચિત્ ૭૨ અને ભાગ્યેજ તેથી વધુ મળે છે ને તે પણ ચારપાંચથી વધુ નહી જ.

આ સંબંધી જાંચ-સંશોધન હજુ સુધી કોઈએ કરવાનો પરિશ્રમ લીધો નથી. તે પદોપર વિદ્વાન વિવેચકોને શંકા તો થઈ જ હશે, પણ તે માટેની હસ્તલિખિત પ્રતો એકત્રિત કરી તે સાધનદ્વારા સમાધાન કે નિર્ણય કરવા પ્રત્યે તેમની ઉદાસીનતા વર્તી છે. મારા અલ્પ સંશોધનથી હાલ એટલું કહી

---

૧. જુઓ 'घनानन्दका एक अध्ययन' એ નામનો લેખ પ્ર૦ નાગરી પ્રચારિણી પત્રિકા વર્ષ ૪૬, અંક ૨, શ્રાવણ હિંદી ૧૯૯૮ પૃ. ૧૪૩ તેમાં ઘનાનંદ, આનંદઘન, આનંદ એ ત્રણે નામના કેટલાક કવિઓનો અને આપણાં આનંદઘનનો ઉલ્લેખ કરી તે વિષયે ઘણી માહિતી આપવામાં આવી છે.

શકું કે એક સારી હસ્તપ્રતમાં ઉપલબ્ધ થતાં ૭૨ પદો પ્રસ્તુત મહાપુરુષનાં રચેલાં હોય એ સંભવિત છે. તે બહોંતેરેય ગણાવવા કરતાં તે સિવાયનાં જે પાંત્રીસ છપાયેલ બહોત્તરીમાં વધુ પ્રગટ્યાં છે તેની સંખ્યાના આંક આપવાથી ટૂંકામાં પતશે. તે આંક એ છે કે:–૧૨ ની સાખી, ૧૭, ૧૯, ૨૦, ૨૭, ૩૧, ૩૬, ૩૭, ૪૨, ૪૮, ૫૩, ૫૫, ૫૬, ૫૮ થી ૬૧, ૬૩, ૬૪, ૬૫ ની સાખી, ૬૬, ૭૪ થી ૭૬, ૮૦ થી ૮૧ કે જેમાં કવિ-નામ 'આનંદ' આપેલ છે, ૮૨, ૮૪, ૯૪, ૯૬ થી ૧૦૩ અને ૧૦૫ થી ૧૦૭. આ પાંત્રીશમાં કદાચ બે ચાર નામ આનંદઘનજીના સ્વતઃરચિત હોય, પણ તેથી વિશેષ તેમનાં નહિ હોય. આની પુષ્ટિમાં મીરાં, કબીર વગેરે તેમજ ઘનાનંદ આદિ જૈનેતર તેમજ જૈન હિંદી કવિઓના પદસંગ્રહ ભેગા કરી ખોજ કરવામાં આવે તો આધાર મળી રહે. મેં દિગંબર જૈન હિંદી કવિઓ નામે બનારસીદાસ, ભૂધર અને દ્યાનતરાયનાં પદોનો સંગ્રહ તપાસી જોયો તો માલૂમ પડ્યું કે તેમનાં કોઈ પદો આનંદઘનજીના નામે ચડી ગયાં છે અને સાથે પરિવર્તન પણ પામ્યાં છે; દા. ત. બનારસીદાસ કે જેનો જન્મ સં. ૧૬૪૩ માં થયો તેની નાની કૃતિઓનો સંગ્રહ–બનારસીવિલાસ સં. ૧૭૦૧ માં થયો હતો, તેઓ આગ્રામાં બહુ રહ્યા. તેઓ પ્રથમ શ્વેતાંબર સંપ્રદાયના અનુયાયી હતા અને પછી દિગમ્બર સંપ્રદાયના થયા હતા. તેઓ એક પ્રતિભાશાળી કવિ ઉપરાંત અધ્યાત્મી અને વેદાન્તી હતા. ક્રિયાકાંડ પર ઘણું મહત્ત્વ આપતા નહિ. સમયસાર નાટક એ તેમનો પ્રસિદ્ધ ગ્રંથ છે. તેમના બનારસીવિલાસમાં છેવટે આપેલાં પદોમાંનું પદ કે જે આનંદઘન–બહોત્તરીમાં ૧૦૫ મા પદ તરીકે ફેરફાર પામી છપાયું છે તે તેની સાથે સરખાવીએ.

મૂલન બેટા જાયો રે સાધો, મૂલન૦
જાને ખોજ કુટુંબ સબ ખાયો રે, સાધો૦ મૂલન૦
જન્મત માતા મમતા ખાઇ, મોહ લોભ દોઈ ભાઈ
કામ ક્રોધ દોઇ કાકા ખાયે, ખાઈ તૃષના દાઇ.–
પાપી પાપ પરોસી ખાયો, અશુભ કરમ દોઈ મામા
માન નગરકો રાજા ખાયો, ફૈલ પરો સબ ગામા–
દુરમતિ દાસી (મત્સર) દાદા, મુખ દેખતહી મૂઓ
મંગલાચાર વધાયે બાજે, જબ યો બાલક હુઓ–
નામ ધર્યો બાલકકો સૂધો, રૂપ વરન કછુ નાહીં
નામ ધરંતે પાંડે ખાયે. કહત બનારસી ભાઈ–
(મૂલન-મૂલ નક્ષત્રમાં જન્મેલો, એના જન્મથી આખા કુટુંબનો નાશ થાય છે. તેવો અપશુકનીયો જીવ હોય તો તેવું થાય.)

અબધૂ વૈરાગ બેટા જાયા, યાને ખોજ કુટુંબ સબ ખાયા અવધૂ
જૈસે મમતા માયા ખાઈ, સુખ દુઃખ દોનો ભાઈ
કામ ક્રોધ દોનોકું' ખાઈ, ખાઈ તૃષ્ણા બાઇ–
દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખતહી મુઆ
મંગલરૂપી બધાઈ વાંચી, એ જબ બેટા હુવા–
પુણ્ય પાપ પડોશી ખાયે, માન લોભ દોઉ મામા
મોહનગરકા રાજા ખાયા, પીછે હી પ્રેમતે ગામા–
ભાવ નામ ધર્યો બેટાકો, મહિમા વરણ્યો ન જાઈ
આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટઘટ રહ્યો સમાઈ–

ભૂધરદાસ તે આગ્રામાં રહેનાર ખંડેલવાલ જાતિના ૧૮ મી સદીના અંતે વિદ્યમાન હતા. તેમણે સં. ૧૭૮૩ માં જૈનશતક, સં. ૧૭૮૯ માં પાર્શ્વપુરાણ હિંદીમાં રચ્યાં, ઉપરાંત પદો રચ્યાં. તેમાંનું એક ૧૦મું પદ આનંદઘનજીના પદ તરીકે નં. ૯૭ જે રીતે ટૂંકાઇને છપાયેલ છે તે અત્ર દર્શાવીએ.

વે કોઈ અજબ તમાસા

દેખ્યા બીચ જહા નવે, તમાસા સુપનેકા સા—
એકોં કે ઘર મંગલ ગાવૈ, પૂગી મનકી આસા
એક વિયોગ ભરે બહુ રોવૈ, ભરી ભરી નૈન નિરાસા—
તેજ તુરંગનિપૈ ચઢિ ચલતે, પહિરૈ મલમલ ખાસા
રંક ભયે નાગે અતિ ડોલે, ના કોઈ દેય દિલાસા—
તરકેં રાજ તખત પર બૈઠા, થા ખુશ વખ્ત ખુલાસા
ઠીક દુપહરી મુદ્દત આઈ, મંગલ કીના વાસા
તન ધન અથિર નિહાયત જગમેં, પાની માંહિ પતાસા
ભૂધર ધનકા ગરબ કરૈ જે, ફિટ તિનકા જનમાસા—

(તરકેં-સવારમાં, તખત-સિંહાસન, નિહાયત-સર્વથા, જનમાસા—મનુષ્ય જન્મ.)

યા પુદ્ગલકા કયા વિસવાસા, હે સુપનેકા વાસારે—
ચમત્કાર વિજલી કે જૈસા, પાની બીચ પતાસા
યા દેહીકા ગર્વ ન કરના, જંગલ હોયગા વાસા—
જૂઠે તનધન જૂઠે જોબન, જૂઠે હૈ ઘરવાસા
આનંદઘન કહે સબહી જૂઠે, સાચા શિવસુખવાસા—

ધ્યાનતરાય પણ આગ્રાના વાસી હતા. જાતિ અગ્રવાલ, જન્મ સં. ૧૭૩૩, સં. ૧૭૪૬ માં જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધાલુ થયા. ધર્મવિલાસ–ધ્યાનતવિલાસ સં. ૧૭૮૦ માં રચી સમાપ્ત કર્યો; તેમાં પોતાની તમામ રચનાઓનો સંગ્રહ છે. તે સારા કવિ હતા. તેમનાં નં. ૭૩ અને ૮૦ બે પદ આનંદઘન–બહોત્તરીમાં નં. ૧૦૭ અને ૪૨ એમ મળી આવે છે. તે સરખાવીએ.

તુમ જ્ઞાનવિભવ ફૂલી વસન્ત,	તુમ જ્ઞાનવિભો ફૂલી વસન્ત—
યહ મન મધુકર સુખસોં રમન્ત–ટેક	મનમધુકરહી સુખસોં રસન્ત—
દિન અડે ભયે વૈરાગ ભાવ, મિથ્યામત રજનીકો ઘટાવ—	દિન અડે ભયે વૈરાગભાવ, મિથ્યામતિ રજનીકો ઘટાવ—
બહુ ફૂલી ફૈલી સુરુચિ વેલિ, જ્ઞાતાજન સમતાસંગ કેલિ	બહુફૂલી ફલી સુરુચિ વેલ, જ્ઞાતાજન સમતાસંગ કેલ
ધ્યાનત વાની પિક મધુરરૂપ, સુરનર પશુ આનંદઘનસુરૂપ	ધ્યાનત બાની પિક મધુરરૂપ, સુરનર પશુ આનંદઘનસરૂપ

આમાં ધ્યાનત એ શબ્દથી કવિનું નામ નીકળે છે, પણ તેમાં ' આનંદઘન ' શબ્દ પણ આવ્યો એટલે આનંદઘનજીના નામે ચડાવી દીધું જણાય છે. હવે બીજુ અતિ પ્રસિદ્ધ પદ લઈએ :—

અબ હમ અમર ભયે ન મરેંગે–ટેક	અબ હમ અમર ભયે ન મરેંગે—
તન-કારન મિથ્યાત દિયો તજ, ક્યોં કરિ દેહ ધરેંગે—	યા કારણ મિથ્યાત દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે—
ઉપજે મૈર કાલતૈં પ્રાની, તાતૈં કાલ હરેંગે	રાગ દ્વેસ જગ બંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે
રાગ દ્વેષ જગ બંધ કરત હૈં, ઇનકો નાશ કરેંગે—	મર્યો અનંત કાલતૈં પ્રાણી, સો હમ કાલ હરેંગે—
દેર વિનાશી મૈં અવિનાશી, ભેદજ્ઞાન પકરેંગે	દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે
નાસી જાસી હમ થિરવાસી, ચોખે હ્વૈ નિખરેંગે—	નાસી જાસી હમ થીરવાસી, ચોખે હ્વૈ નિખરેંગે—
મરે અનન્ત વાર બિન સમઝે, અબ સુખ દુખ વિસરેંગે	મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે
ધ્યાનત નિપટ નિકટ દો અક્ષર, બિન સુમરૈં સુમરેંગે—	આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે–
(ચોખે–શુદ્ધ ચિદાનંદ, દો અક્ષર–આત્મા)	

આમાં ' ધ્યાનત ' ને બદલે ' આનંદઘન ' મૂકવાથી છંદોભંગ સ્પષ્ટ રીતે થાય છે.

કબીરનું એક પદ એક જૂના હસ્તપત્રમાંથી મેં ઉતાર્યું છે તેની સાથે આનંદઘન બહોત્તરીનું ૧૦૬ મું પદ આબાદ મળે છે:—

કબીરનું પદ રાગ સારંગ	આનંદઘનનું ગણાતું ૧૦૬ મું પદ રાગ નટ
ભમરા ! કિત ગુંન ભયોરે ઉદાસી	કિન ગુન ભયો રે ઉદાસી, ભમરા ! કિન.
તન તેરો કારો મુખ તેરો પીરો, સબહૈં કુલનકો સુવાસી—	પંખ તેરી કારી. મુખ તેરા પીરા, સબ કુલનકો વાસી–ભમરા
જ્યા કલિ બેઠહી સુવાસહી લીની, સો કલી ગઈ રે નિરાસી—	સબ કલિયનકો રસ તુમ લીના, સો ક્યું જય નિરાસી—
કહેત કબીરા સુનો ભાઈ સાધો !, જઈ કરવત લ્યો કાસી—	આનંદઘન પ્રભુ તુમારે મિલનકું, જય કરવત લ્યૂ કાસી—

આમ શોધ કરતાં જરૂર કાંઇને કાંઈ મળે છે અને મળી આવશે, 'અવળીવાણી'નાં બે પદ 'આનંદઘન બહોત્તરી' માં નં. ૬૮ ને ૬૯ છે તે પણ બીજા સ્થળેથી સાંપડશે. આનંદઘનજીએ પદો શુદ્ધ હિન્દી–વ્રજભાષામાં રચ્યાં છે પણ ગુજરાતી લહીઆ અને પ્રકાશકોએ તેમને લખવા છપાવવાથી તેમાં ગુજરાતીપણું આવી ગયું છે અને હિન્દી નહિ સમજવાથી ઘણી અશુદ્ધિઓ રહી ગઈ છે. આથી તે પદોનું શુદ્ધ સંસ્કરણ કોઈ હિન્દી મર્મજ્ઞ વિદ્વાન્ પાસે કરાવી તે પ્રકટ કરવાની ખાસ જરૂર છે.

બીજા કવિઓનાં પદો ઘુસવાથી અને તે જૈન મર્મી આનદઘનનાં ગણાઈ જવાથી તેમના સંબંધી તે પરકીય પદો ઉપરથી જે વિધાનો કરવામાં આવે તે મિથ્યારોપિત નીવડે–તેથી તેમને ખરેખર અન્યાય થાય. દા. ત. આચાર્ય ક્ષિતિમોહન સેને ' જૈનમરમી આનંદઘન ' એ નામનો હિંદીમાં મર્મગ્રાહી લેખ*

* ઇંદોર હિંદી સાહિત્ય સંમેલનની સંમેલન-પત્રિકામાં પ્રથમ છપાયો હતો અને પછી હિંદી માસિક ' વીણા ' સને ૧૯૩૮ ના નવેંબરના અંકમાં પ્રકાશિત થયો હતો. વળી અંગ્રેજી ' વિશ્વભારતી ' ત્રૈમાસિક પત્રિકામાં પણ તેમણે આનંદઘન સંબંધી લખ્યું હતું. લેખકને આ લેખો વાંચવા મળી શક્યા નથી.

લખ્યો. હું ધારું છું કે તેમના તે લેખના મૂળબંગાલી (બંગ સંવત્ ૧૩૮૮ ના કાર્તિક માસના 'પ્રવાસી' નામના સુપ્રસિદ્ધ માસિકના અંકમાંના) લેખ પરથી રા. સુશીલે ૧ અને ૮ નવેંબર ૧૯૩૧ ના 'જૈન'ના અનુક્રમે બે મનનીય અગ્રલેખો લખ્યા છે. તેમાં જણાવ્યું છે કે "ઘોર અંધારી રાતે નિર્જન અટવીમાં આથડતા મુસાફર કરતાં પણ સત્યશોધકની વિહ્વળતા અનેકગણી તીવ્ર અને જાજરમાન હોય છે. 'પ્રકાશ! વધુ પ્રકાશ!' એ મૌન અહાલેક જગવતો તે ઠેકઠેકાણે ભમે છે, કયાંઇ ઘડીક બેસે છે અને કળ વળી–ન વળી ત્યાં તો ઊઠીને આગળ ચાલે છે. શ્રી આનંદઘનજી મહારાજની સત્યશોધકતા પણ લગભગ આવી જ હશે અને શ્રી ક્ષિતિબાબુએ જે સમીક્ષા કરી છે તેમાં પણ સત્ય–જિજ્ઞાસુ આત્માની ઉત્કટ વેદના કેવી હોય તેની આપણને ઝાંખી થાય છે. તેઓ માને છે કે યોગાદિની પ્રક્રિયામાં પણ આ સત્યના આશકનું મન ન માન્યું. 'બંસીવાળા' અને 'વ્રજનાથ' તરફ તેમની દૃષ્ટિ ગઇ, પદ ૫૩, ૬૩ અને ૯૪માં એનું આછું ગુંજન સંભળાય છે:—'સારાદિલ લગા હૈ બંસીવારાસુ...' અને 'વ્રજનાથસેં સુનાથ બિન, હાથોહાથ બિકાયો' એટલુંજ નહિ, પણ અંતરની દ્વિધાને ઉખેડી નાખતા હોય તેમ તે ઉચ્ચારે છે–'ઔરોંકા ઉપાસક હું, કૈસે કોઇ ઉધારું, દુવિધા યહ રાખો મત, યા વરી વિચારું'–આ ઉદ્ગારો ગમે એને ઉદ્દેશીને બહાર આવ્યા હોય, પણ આત્માને મનાવવાના વ્યર્થ પ્રયત્ન હોય એમ નથી લાગતું? ખરું જોતાં તો એમના અંતરાત્માનો ઝોક વીતરાગ તરફજ વળતો હતો, પણ એ વિષેની સ્પષ્ટ ઉપલબ્ધિ એમને કદાચ એ વખતે ન થઈ હોય. 'શ્યામ'ની ભક્તિ પણ આખરે વિપ્લવ જગાડે છે. ચિત્તને જેવી જોઇએ તેવી શાન્તિ નથી મળતી, કંટાળીને વ્યથિત હૃદયે ગાય છે:—'શ્યામ!, મને નિરાધાર કેમ મૂકી, કોઇ નહી હું કોનથું બોલું, સહુ આલંબન ટૂકી, શ્યામ! મને નિરાધાર કેમ મૂકી' (પદ ૯૪ મું)—આ પદનો અર્થ કરતાં શ્રી ક્ષિતિબાબુ, જાણે રાધિકા, કૃષ્ણવિરહને અંગે આ પદ ગાતી હોય એમ ઘટાવે છે. આધ્યાત્મિક અર્થમાં સુમતિ ચેતનને વિનવતી હોય એવો અર્થપણ ઘટાવી શકાય, પરંતુ એ ઉપર–ઉપરની ચર્ચા જવા દઇએ તો શ્રી આનંદઘન જેવા સાધકની દર્દભરી દશા સમજવામાં એ પદ ઘણી સહાય કરે એ નિર્વિવાદ છે. એમના જમાનાના પક્ષાગ્રહથી છૂટવા એ મથે છે, કોઇનો રોષ પણ વહોરી લે છે, નજર કયાંઇ ઠરતી નથી કારણ કે પ્રાણ જેવી વસ્તુ એમને કયાંઇ દેખાતી નથી.

"એમના સમયની પરિસ્થિતિ જોતાં, એક તરફથી યશોવિજયજી મહારાજની વિદ્વત્તાનો પ્રખર પ્રકાશ ભલભલા પંડિતોને નિસ્તેજ બનાવી રહ્યો છે, બીજી તરફ પન્યાસ સત્યવિજયજીનો ક્રિયોદ્ધાર પોતાનો પ્રતાપ પાથરે છે અને એ જ વખતે ગચ્છનાયક વિજયસિંહ (? વિજયદેવ) સૂરિની આણ વર્તે છે. સૌ 'લાભાનંદ' અર્થાત્ આનંદઘનને ચાહે છે, છતાં એ અધ્યાત્મયોગી જાણે પાંજરામાં પૂરાણો હોય એમ પુકારે છે. શ્રી ક્ષિતિમોહન સેન કહે છે:—'આનંદઘન મનની વ્યાકુળતા ટાળવા બહાર પડ્યા, વિવિધ સાધનાની અંદર થઇને તેમણે માર્ગ કાપવા માંડ્યો. એમની મુંઝવણ જોઇને–લાગ મળ્યો છે એમ સમજીને કેટલાય સંપ્રદાયવાળાઓ તેમને પોતાની તરફ તાણવા લાગ્યા. જબરદસ્તી પણ વાપરી જોઈ. આનંદઘન પણ શું કરે? તેઓ નિરૂપાય હતા–અશક્ત હતા. એમણે સંપ્રદાયના બધા જુલમો સહી લીધા. એક પક્ષવાળા આવે, ધમકાવીને પોતાનો કક્કો ખરો કરાવી જાય. વળી બીજો પક્ષ આવે, તે પણ બળ બતાવી જાય! આ સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. જાણે કે કોઈ એક કુળવધૂ, વખાની મારી બહાર રડવડતી હોય અને સ્વાર્થીઓ વખત વરતીને તેની ઉપર પોતાનો દોર ચલાવે એવી દશા આનંદઘનજી અનુભવી રહ્યા. આ દુઃખની મર્મભેદી કહાણી ઘણી મૂખીથી એમણે પોતાના પદમાં ઉતારી છે. × × × 'માયડી! મુને નિરપખ કિણહી ન મૂકી, નિરપખ રહેવા ઘણું હી ઝૂરી, ધીમે નિજમત મૂકી (ફૂકી), માયડી!૦' (જુઓ પદ ૪૮ મું) ગુજરાતી વાચકોને સારુ આ આખા પદનો અર્થ આપવાની જરૂર નથી. શ્રીયુત સેન મહાશય આને 'પોતાના સમસ્ત જીવનના દુઃખની ચમત્કારિક કહાણી' કહે છે. ખરું જોતાં

એ પદમાં એક નિરાધાર સત્યશોધકનું આક્રંદ અને તેની સાથે નિર્ભયતાનું કરુણ સુકુમાર સંગીત ભર્યું છે. આનંદઘનજીની સાધના જો સીધી–સહજ ગતિએ ચાલી હોત તો કદાચ વિશ્વ આ માર્મિક વેદનાના સુર ન સાંભળત. અંતે એ વિકટ માર્ગ પણ કપાય છે અને અંધારી અટવીમાં આથડતો પ્રવાસી, ઉષાનો ઉદય નિહાળી ઉલ્લાસ અનુભવે તેમ આ સત્યશોધકના 'ઘટમંદિરમાં દીપક પ્રકટે છે, સહજ જ્યોતિ રેલાય છે, અજ્ઞાનતાની નિંદ તૂટે છે અને અનુભવપ્રીત જાગે છે,' એમ જાણે કોઇ જોગી જગતના ચોકમાં ઊભા રહી આલમને ઉદ્બોધતો હોય તેમ આનંદઘનજી ઉચ્ચારે છે:– 'રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રી; પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી' જુઓ પદ ૬૭ મું. શ્રીયુત ક્ષિતિમોહન સેન, આ બધા ઉદ્ગારો સાથે કબીર, દાદૂ અને રજજબજીની વાણીની તુલના કરે છે અને સાધકોના આધ્યાત્મિક અનુભવ, દેશકાળના ભેદ વગર કેવા એકરૂપ બને છે તેનો થોડો ખ્યાલ આપે છે. એ પછી પણ મધ્યયુગમાં જે વખતે નિરર્થક આચાર અને વિધિ–નિષેધની ધડભાંજમાં લગભગ બધા સંપ્રદાયો ડૂબ્યા હતા, તે વખતે જૈન સમાજ ક્યાં હતો અને આનંદઘનજી જેવા પુરુષો, એમની કોટીના બીજા પુરુષોથી જુદા કેમ ઝળકી ઊઠ્યા એ રહસ્ય ઉપર પણ શ્રીયુત ક્ષિતિમોહન સેન થોડો પ્રકાશ નાખે છે અને અમે માનીએ છીએ કે એ પ્રકાશ આજે પણ આપણને થોડે ઘણે અંશે ઉપયોગી થઈ પડશે."

ઉપર ટાંકેલાં પદ ૫૩, ૬૩ અને ૯૪ જો શ્રી આનંદઘનજીનાં હોય, તો તેના મદાર પર ઊભી કરેલા સિદ્ધાંત (theories) અને વિચારશ્રેણીની ઈમારત શ્રીક્ષિતિ બાબુની તર્કશુદ્ધ છે. પરન્તુ ખરું જોતાં તે પદો જ તે અધ્યાત્મયોગીનાં નથી લાગતાં તેથી તેમ હોય તો તે ઇમારત પડી ભાંગે છે. શ્રી સુશીલે તેપર વિચાર કરી એક જૈન તરીકે સમન્વયપૂર્વક વિચારશ્રેણીને છણીને જૈન દૃષ્ટિબિંદુ પણ પ્રાયઃ ક્ષતિ ન આવે એ રીતે રજૂ કર્યું છે. સમસ્ત રીતે એક અભ્યાસી તરીકે વિચારતાં મને સ્પષ્ટ લાગે છે કે આનંદઘનજી સત્યશોધક–સત્યના આશક હોઈ તેમણે 'પ્રકાશ–મહાપ્રકાશ' મેળવી લીધો હતો. નિરાશા, નિરાધારતા, નિવારી દીધી હતી; વીતરાગ જિન અને તેનાં દર્શન–આગમો પ્રત્યે અવિચલ સજ્ઞાન શ્રદ્ધા અને વિશ્વાસ હતાં–છયે દર્શનો અનેકાન્ત જૈન દર્શનનાં સાપેક્ષ અંગ છે એ ભાર દઇને તેમણે શ્રીનમિનાથ સ્તવનમાં બતાવ્યું છે (ઉક્ત સેન મહાશયે આનંદઘન–બાવીશીનો મર્મસ્પર્શી અભ્યાસ કર્યો જણાતો નથી), એમનાં જિન-સ્તવનો અને પદોમાં એ અટલ શ્રદ્ધા તેમજ અધ્યાત્મ–યોગ ઓતપ્રોત દેખાય છે, એમના અંતરાત્માનો સંપૂર્ણ ઝોક વીતરાગ જ પ્રત્યે વળ્યો હતો એટલું જ નહિ પણ તેની સ્પષ્ટ ઉપલબ્ધિ પણ થઇ હતી, એટલે યોગાદિ પ્રક્રિયામાં તેમનું મન ન માન્યું ને 'બંસીવાલા'—શ્રીકૃષ્ણ પ્રત્યે દૃષ્ટિ કરી, પછી એ 'શ્યામ'ની ભક્તિએ પણ વિપ્લવ જગાડ્યો, જુદી જુદી સાધનાવાળા તેના પર અસર કરવા લાગ્યા અને તે બાબતની 'ચમત્કારિક કહાણી' ૪૮ મા પદમાં બતાવી,–એ સર્વ વાત નિરાધાર બને છે. તેમને તો અચ્છી રીતે વિદિત હતું કે 'મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ' (૪ થું સ્ત.), છતાં મસ્ત બની પોતાનો માર્ગ પોતે કાપ્યે જતા હતા 'ધીઠાઈ કરી મારગ સંચરું, સેગૂં કોઈ ન સાથ.' શ્રદ્ધા તો અચલ ને અચલિત હતી 'શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો' (૧૪ મું સ્ત.) ગુરુ કેવા જોઇએ અને તેની જરૂર છે એ સંબંધી કહે છે કે 'આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સારરે, સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધાર રે; શુદ્ધ આલંબન આદરે તજી અવર જંજાલ રે, તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલ રે,' (૧૬ મું સ્ત.) તથા જુઓ પદ ૬૮ મું અને 'શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે' (૨૧ મું સ્ત.), છતાં જે પવિત્ર અનુભવનો આધાર ગુરુપર પોતે રાખે છે, જે 'અનુભવના વિશ્રામ કે-વિરામ' ગુરુને પોતે માને છે તે અનુભવ—શુદ્ધ આત્માનુભવ–આત્મપ્રતીતિ પોતાને થયેલ છે–આત્માની ભેટ થઈ છે; અને 'અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે

એવા' પોતાને તે 'અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે, અમિત-ફલદાન-દાતારની, જેહની ભેટ થઈ તુજ રે' (૧૬ મું સ્ત.) એમ કહી નમન કરે છે. જુઓ 'સુહાગણ જાગી અનુભવ પ્રીત' (પદ ૪ થું), મેરે ઘટ જ્ઞાન-ભાનુ ભયો ભોર (પદ ૧૫ મું), અવધુ ! અનુભવ-કલિકા જાગી (પદ ૨૩ મું) વગેરે, અને પદ ૭૮ માં કહેલું છે કે 'જગત ગુરુ મેરા મેં જગતકા ચેરા, મિટ ગયા વાદવિવાદકા ઘેરા,×× ગુરુકે ઘરકા મરમ મેં પાયા, અકથ કહાની **આ**નંદઘન ભાયા.'

તેઓ યોગી હતા–(જુઓ પદ ૬ મું) વળી, સર્વ ધર્મ પ્રત્યે નિષ્પક્ષભાવે સમભાવ રાખતા, એ તેમનું ૬૧ મું પદ 'રામ કહો રહેમાન કહો' એ સ્પષ્ટ કરે છે. 'ભારતીય સમાજ ભેદ-બહુલ છે, ત્યાં વિધવિધ ભાષા, ધર્મ, જાતિઓ છે, એ કારણે ભારતના મર્મની વાણી જ ઐકયની વાણી છે. એ કારણે ભારતના જે યથાર્થ શ્રેષ્ઠ મહાપુરુષ થયા છે તેમણે મનુષ્યના આત્મા–આત્મામાં સેતુ–નિર્માણ કરવાનું ઇચ્છયું છે, બાહ્યાચારોએ ભારતમાં વિવિધ પ્રકારના ભેદને મજબૂત કરી રાખ્યા છે, તેથી ભારતની શ્રેષ્ઠ સાધના એ છે કે બાહ્યાચારોનો વ્યતિક્રમ કરી અંદરના સત્યનો સ્વીકાર કરવો. પરંપરાક્રમથી ભારતવર્ષના મહાપુરુષોનો આશ્રય લઈને આ જ સાધનાની ધારા ચિરકાલથી ચાલી આવી છે'–એ સ્વ૦ રવિબાબુનું મંતવ્ય **આ**નંદઘનજીને યથાર્થ લાગુ પડે છે. તેઓ 'ફક્કડ' હતા, લોકસંજ્ઞાની દરકાર ન કરતાં ધર્મ સમાજમાં વિપરીત સ્થિતિ વર્તે છે એમ સ્પષ્ટપણે સૂચવતા:—દા. ત. 'ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે, ઉદર ભરણાદિ નિજકાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાળ-રાજે' (૧૪ મું સ્ત.) 'પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય, વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણધરણ નહીં ઠાય; અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.' (બીજું સ્ત.) 'મત મત ભેદે રે જો જઈ પુછીએ, સહુ થાપે અહમેવ' (૪ થું સ્ત.) 'દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે, જોગ સામર્થ્ય ચિત્તભાવ જે, 'ધરે મુગતિ નિદાન રે,' (૧૬ મું સ્ત.) 'એમ અનેક વાદિ–મત–વિભ્રમ, સંકટ પડિયો ન લહે, ચિત્ત સમાધિ માટે પુછું, તમ (પ્રભુ) વિણ તત્ત્વ કોઈ ન કહે' (સ્ત..૨૦ મું) વગેરે. આથી તેઓ લોકપ્રિય કે ગચ્છપ્રિય કે સાધુપ્રિય નહિ થયા, એટલું જ નહિ પણ પોતાનો નિર્ધારેલો માર્ગ અપૂર્વ ને અટૂલો હોઈ લૌકિક અને સાંપ્રદાયિક માર્ગને ઘણા કાળથી વરેલા બીજાઓથી વગોવાયા. લોકોમાં તેમને 'ભંગડભૂતો' નામ અપાયું. શ્રી**મ**હાવીર પ્રભુનો સત્ય ઉપાસક પોતાને પડતા ઉપસર્ગોને **આ**નંદ–**પ્ર**સન્નતાથી નિર્વેદ કે ખેદ વગર સમભાવે સહે, તેને પોતાના મનપર કોઈપણ જાતની વિષમ અસર કરવા ન દે અને પોતાની આત્મમસ્તીમાં ગુલતાન–તલ્લીન રહી આત્મજ્ઞાન અને ચિત્ત સમાધિથી ધ્યેયપ્રત્યે પ્રતિક્ષણ દૃષ્ટિ રાખી તે વીરત્વથી સાધવા સમસ્ત પ્રકારે સાવધાન અને પ્રયત્નશીલ રહે. આત્મજ્ઞ હોય તે જ શોકની પાર જઈ શકે છે–**त**રતિ શોકમાત્મવિત્–આત્મવિદ્યા જ ખરું સુખ અને સાચી શાંતિ આપી શકે છે.

એ એકલ-વિહારી હતા. પાછલી અવસ્થામાં **ગુ**જરાતને તજીને **મા**રવાડના **મી**રાંબાઈના પીયર ગામ **મે**ડતામાં રહેતા, એમ કહેવાય છે. તેમના સંબંધમાં સંતોવિષે બને છે તેમ અનેક કથાઓ અને વાતો પ્રચલિત થઈ છે. એ સર્વમાં ઉતરવું એ વિસ્તારભયને લીધે અત્ર યોગ્ય નથી. તેમાંથી મુખ્ય સ્વર તે સંતની મહત્તાનો જ નીકળે છે.

મહાત્મા ગાંધીજી કહે છે કે 'મી**રાં**ના ઉદ્ગારમાં કૃત્રિમતાનું નામ સુદ્ધાં નથી. **મી**રાં ગીત ગાઈ ગઈ છે તેનાથી ગાયાવિના રહેવાયું નહિ માટે; સીધું હૃદયમાંથી નીકળ્યું છે કુદરતી ઝરણાની પેઠે, જાણે ફૂટી નીકળ્યું ન હોય. યશનો મોહ અથવા લોકોની વાહવાહ મેળવવાનો કંઈ એ પદનો હેતુ થોડો જ હતો? જેમ ઘણા ચારણ ચારણીઓનાં, ગીતનો હોય છે. આ જ એની અપીલ છે જે કદી વાસી થવાની નથી' (**પ્ર**બુદ્ધ જૈન ૧–૧૧–૪૧ પૃ. ૧૨૪) **મી**રાંના પદોની એ વાત **આ**નંદઘનનાં પદોને બરાબર લાગુ પડે છે.

એટલું નિશ્ચિત છે કે મીરાંબાઈ, નરસિંહ, તેમજ કબીર, દાદૂ, સુરદાસ વગેરે જૈનેતર સંતોનાં પદોનું સાહિત્ય અમર છે, તે પ્રમાણે આનંદઘનનાં સ્તવનો અને પદોનું સાહિત્ય માત્ર જૈનસાહિત્યમાં જ નહિ, પણ સમસ્ત ભારત-સાહિત્યમાં સારું સ્થાન લે તેમ છે. તે સમજવા માટે જૈનધર્મની પરિભાષા તો અલબત્ત થોડી ઘણી જાણવી પડશે.

ધર્મસમાજની વિષમસ્થિતિની વચમાં રહીને-રા. સુશીલ શ્રીક્ષિતિ બાબુના લેખ ઉપરથી કહે છે તેમ-' જે વખતે વાગ્વૈભવ અને વિધિ-નિષેધની ધડભાંજમાં જ વિદ્વાનો અને સંપ્રદાયના મહારથીઓનો ઘણો ખરો સમય ખર્ચાઈ જતો હતો (શ્રીયશોવિજયે પૂર્વાર્ધ જીવનમાં કર્યું તેમ), તે વખતે અધ્યાત્મ-યોગી આનંદઘનજીની સાધનાએ મધ્યયુગમાં એક જુદી ભાત પાડી. પ્રખર પંડિતો અને વાદવિવાદમાં વાચસ્પતિ જેવા ગણતા પુરુષોની વચ્ચે તેમણે પોતાની સાધના ચાલુ રાખી. તેમણે આ પ્રેરણા શી રીતે મેળવી અને દેખીતી નિરાશા વચ્ચે પણ તેઓ કેમ અડગ રહી શકયા એ એક વિચારવા જેવો વિષય છે.' શ્રીયુત ક્ષિતિ બાબુનું એ કહેવું લક્ષમાં રાખવાનું છે કે ' બહારના બધા પ્રભાવથી પોતાને સર્વથા અલગ અને વિશુદ્ધ રાખવામાં જૈનો ખૂબ જ સાવચેત રહે છે, એટલું છતાં આનંદઘનજીના આધ્યાત્મિક તરંગોએ પેલી કૃત્રિમ દિવાલોની પરવા ન કરી. જૈનસમાજે અતિ સાવધાનપ્રિયતામાંથી ઉપજાવેલાં અસંખ્ય અર્થહીન વજ્રબંધનો પણ એ વિદ્રોહના હેતુરૂપ હોય. જૈનધર્મે પ્રકટાવેલી (અધ્યાત્મ જ્ઞાનની) મશાલોનાં તેજ ધીમે ધીમે બુઝાતાં હતાં-નવું દીવેલ પૂરનાર પુરુષ કયાંઈ દેખાતો ન હતો અને વધુ આશ્ચર્યની વાત તો એ છે કે મશાલ બુઝાવા છતાં મશાલના હાથા એ જણ્યે સળગતી મશાલ હોય એમ માની તેઓ માર્ગ કાપ્યે જતા. આનંદઘનજીએ એમાં થોડું જીવન પૂર્યું. જગતે જૈનધર્મનો પ્રકાશ એકવાર ફરીથી નીરખ્યો. પણ એની અવધ મર્યાદિત હતી. વિદ્રોહની પ્રતિક્રિયા તો કયારનીયે શરૂ થઈ ચુકી હતી.' એટલું છતાં તે વિદ્વાને પ્રકારાંતરે સૂચવ્યું છે કે જૈન સંઘના ખમીરમાં વિપ્લવવાદ ભર્યો છે. આત્મકલ્યાણ કે જનકલ્યાણની કામના-વાળો કોઈપણ જૈન વહેલો યા મોડો બળવાખોર બન્યા વિના ન રહે. શ્રી મહાવીર પ્રભુ પણ મોટી ક્રાંતિ કરનાર હતા. આ દૃષ્ટિએ આનંદઘનજી અને તેમના સરખા અધ્યાત્મયોગીઓનું સ્થાન ઘણું ઉચ્ચ છે. એવા પુરુષો જ બુઝાતી મશાલોમાં નવું તેજ પૂરે છે અને જૈનશાસનની ઉપકારકતા સિદ્ધ કરે છે.

શ્રીયશોવિજય શ્રીઆનંદઘનજીને મળ્યા હતા તે વાત પર આવીએ તે પહેલાં જેના સંબંધી મેં ઘણુંયે એકત્ર કરી લખી રાખ્યું છે અને જેના સંબંધી મારી સંપાદિત કરેલ 'સુજસવેલી ભાસ'માં તેમજ પં. સુખ-લાલ આદિ અનેક વિદ્વાનોએ લખ્યું છે અને ઘણું લખશે તેથી વધુ ન કહેતાં તે યશોવિજયના અત્યારે સ્થાના-ભાવને લીધે અતિ ટુંક પરિચયથી સંતોષ લઇશું. ગાયકવાડ રાજ્યના ગુજરાતના ધીણોજ ગામપાસે લગભગ નૈઋત્ય ખૂણામાં કનોડા નામના ગામમાં વણિક નારાયણના પત્ની સૌભાગદેથી પુત્ર નામે જસવંતે નાનાભાઇ પદ્મસિંહ સહિત તપાગચ્છના નયવિજય મુનિપાસે સં. ૧૬૮૮ માં પાટણમાં દીક્ષા લીધી, તેમનું નામ યશોવિજય, જ્યારે અનુજનું નામ પદ્મવિજય રખાયું. સં. ૧૬૯૯ માં અમદાવાદમાં આઠ અવધાન કર્યાં. ત્યાંના શેઠ ધનજી સૂરાની આર્થિક સહાયના વચને ગુરુસહિત કાશીપ્રત્યે વિહાર કરી ત્યાં ત્રણ વર્ષ એક તાર્કિક બ્રાહ્મણ વિદ્વાન પાસે ન્યાયનો અભ્યાસ કરી એક સંન્યાસી વાદીને જીતી ત્યાં ' ન્યાયવિશારદ ' પદ મેળવ્યું, પછી ગુરુસહિત આગ્રા જઈ ત્યાંના ન્યાયાચાર્ય પાસે ચાર વર્ષ અભ્યાસ કરી ન્યાયાચાર્ય થયા. ગુજરાત પ્રત્યે વિહાર કરી અમદાવાદ સૂબા મહબતખાન પાસે અઢાર અવધાન કર્યાં. ગચ્છનાયકને આ વિદ્વાનને યોગ્ય ' ઉપાધ્યાય ' પદવી આપવા વિનતિ થઈ પણ તે અમલમાં ન આવી. પછી વિજયપ્રભ સૂરિ તરફથી સં. ૧૭૧૮ માં ઉપાધ્યાય પદ મળ્યું. સં. ૧૭૪૩ માં ડભોઇમાં સ્વર્ગસ્થ થયા ને દેહસંસ્કારસ્થળે સમાધિ-સ્તૂપ કરવામાં આવ્યો. આટલી નિશ્ચિત હકીકત સુજસવેલીના કર્ત્તા સમકાલીન કાંતિવિજયે આપી છે. આ સ્તૂપનાં દર્શન આ કાર્તિક માસમાંજ હું ડભોઈ જઈ કરી આવ્યો. ત્યાં પાદુકા અને તે પર સં. ૧૭૪૩ નો

કોતરેલ લેખ છે, ને હાલમાં વીસાશ્રીમાળીઓની વાડીમાં એક નવી દેહરીમાં તે વિરાજમાન છે ને સાથે મોટી રંગીન છબી તાજી કલ્પનાપરથી કરાવી રાખેલી છે.

તેઓ પ્રખર પ્રકાંડ તાર્કિક હતા ને તેમણે અનેક ખંડનાત્મક કૃતિઓ રચી. પ્રતિભા અને વિપુલ બુદ્ધિવૈભવથી ચિંતામણી જેવા ગહન ન્યાયગ્રંથને અભ્યાસી–અવગાહી પછી દર્શનગ્રંથો અને પૂર્વાચાર્યોના યોગ, અધ્યાત્મ આદિ વિષયનાં પુસ્તકોનું સૂક્ષ્મ અધ્યયન કરી ઘણા ગ્રંથોની રચના કરી. આવા ઉપાધ્યાયના ઉપાધ્યાય એવા, ગચ્છનાયક અને આચાર્યપદને શોભાવે એવા, બલકે વણિકપુત્ર મહાન 'જ્યોતિર્ધર હેમચંદ્રાચાર્યની કોટિમાં આવે એવા આ બીજા વણિકપુત્ર યશોવિજયને 'ઉપાધ્યાય' જેવું પદ આપવું એ તપાગચ્છના નાયક શ્રીવિજયદેવ સૂરિને અને તેમના સં. ૧૭૧૩ માં સ્વર્ગવાસ પછી વિજયપ્રભસૂરિને ઠીક ન લાગ્યું. અન્યના તેજના દ્વેષ ઘણા સહન કરી શકતા નથી; છતાં તેજસ્વી તે તેજસ્વી રહે છે. યશોવિજયને શાસ્ત્રાગમના પ્રમાણથી ગચ્છનાયકની ઘણી પ્રવૃત્તિઓ અનિષ્ટ લાગી હતી, તે માટે સામાન્યપણે પણ સ્પષ્ટ કથન કરવામાં× તેમણે હિંમત બતાવી હતી. પણ પરંપરાગત સાધુસંઘવ્યવસ્થાના બલ અને લોકમાં વસેલા ગચ્છનાયક પ્રત્યેના પ્રબલ આદરભાવને કારણે આખરે આ તેજસ્વી યશોવિજયને પણ તેજહીન થવું પડ્યું. વિદ્વત્તાની દૃષ્ટિએ નહિ, પણ પોતા પ્રત્યેની અનન્ય ભક્તિથી પ્રેરાઇને વિજયદેવ સૂરિએ પોતાની પાટ પર બેસવા નિયુક્ત કરેલા અને પછી પટ્ટધર થયેલા વિજયપ્રભસૂરિ સામાન્ય કોટિના હતા. તેમના પ્રત્યે યશોવિજય જેવાને અતિ આદરભાવ ન હોય તે સ્વાભાવિક છે. વળી દુર્ભાગ્યે ગચ્છાચાર્ય થવા યોગ્ય અને જેમના પ્રત્યે પોતાનો બહુ પૂજ્યભાવ હતો તે વિજયસિંહસૂરિ સં. ૧૭૦૯ માં સ્વર્ગસ્થ થયા. તેમજ બીજી અનેક ગણી વિષમ પરિસ્થિતિ હતી કે જેમાં અત્ર સ્થાનાભાવે ઉતરવું યોગ્ય નથી. યશોવિજયજીને નીચેના શબ્દોમાં તેમની આત્મપ્રતિષ્ઠા ધવાય તે રીતે માફી માગવી પડી.

"ૐ નત્વા સં. ૧૭૧૭ વર્ષે ભ૦ શ્રી વિજયપ્રભસૂરીશ્વર ચરણાન્ શિશુલેશઃ પં. નયવિજય ગણિશિષ્ય જસવિજયો વિજ્ઞપયતિ, અપરં આજ પહિલાં જે મઇ અવજ્ઞા કીધી તે માપ, હવિં આજપછી શ્રીપૂજ્યજી થકી કરયું વિપરીતપણું કરું, તથા શ્રીપૂજ્યજી થકી જે વિપરીત હોઈ તે સાથિં મિલું તો, તથા મણિચંદ્રાદિકનિં તથા તેહોના કહિણુથીં જે શ્રાવકનિં શ્રીપૂજ્યજી ઉપરિં, ગચ્છવાસી યતિ ઉપરિં, અનાસ્થા આવી છઇ તે અનાસ્થા ટાલવાનો અનૈ તેહોનિં શ્રીપૂજ્યજી ઉપરિં રાગ વૃદ્ધિવંતો થાઈ તેમ ઉપાય યથાશક્તિં ન કરું તો, શ્રીપૂજ્યજીની આજ્ઞારુચિમાહિં ન પ્રવર્તું તો, માહરિ માથઇ શ્રી શત્રુંજય તીર્થ લોપ્યાનું, શ્રી જિનશાસન ઉથાપ્યાનું, ચૌદ રાજલોકનઇ વિષઇ વર્તઇ તે પાપ."

—પૂજ્ય પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી પાસે ૪–૫ ઇંચ લાંબા પહોળા, કાગળના કકડા ઉપર લખેલું છે તેની અક્ષરશઃ નકલ.

સં. ૧૭૧૮ માં–ઉપરની માફી પછી પ્રાયઃ એક વર્ષે વિજયપ્રભસૂરિએ યશોવિજયજીને 'ઉપાધ્યાય' પદ આપવાની કૃપા બતાવી.

× વિષયરસમાં ગૃહી માચિયા નાચિયા કુગુરુ મદ-ભરપૂર રે
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે,
કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એ જગ સૂલ રે.
અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથ રે
પરમપદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથ રે ?–સીમંધર સ્ત. ૧ લી ઢાળ,
જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત, બહુલ શિષ્યનો શોઠો.
તિમ તિમ જિનશાસનનો વૈરી, જો નવિ અનુભવ નોઠો રે–શ્રીપાલરાસ ૪ થા ખંડઅંતે.

વિદ્વાન, પંડિત, કવિ ને ગ્રંથકાર યશોવિજય અધ્યાત્મરસિક હતા એ તેમના અનેક ગ્રંથો પરથી સ્પષ્ટ ભાસે છે, તેથી તે અધ્યાત્મ-જ્ઞાની આત્મસ્થિત અધ્યાત્મયોગી **આ**નંદઘનજીને મળવા ઇચ્છે અને મળે એ સ્વાભાવિક છે. વળી **આ**નંદઘનજી-બાવીશીપર પોતે બાલાવબોધ રચ્યો હતો. તે બાવીશ સ્તવને લોકપ્રચલિત થયાં હતાં તે તો તેની દેશી પોતાની કૃતિમાં લીધી છે તે પરથી જણાય છે (દા૦ ત૦ ચાર ઢાલના નિશ્ચયવ્યવહાર ગર્ભિત સીમંધર સ્ત. ઢાલ ત્રીજીની દેશી 'અભિનંદન જિન! દરિશન તરસીયે' એ **આ**નંદઘનના ૪ થા સ્તવનની પ્રથમ પંક્તિ) પોતે **આ**નંદઘનજીના મિલન પછી કેટલા પ્રસન્ન અને આનંદમય બન્યા હતા તેનું તાદૃશ સ્વરૂપ '**આ**નંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી' એટલે આઠપદ રચેલ છે તેમાં આપ્યું છે. દા૦ ત૦

'મારગ ચલત ચલત ગાત, **આ**નંદઘન પ્યારે, રહત આનંદ ભરપૂર,
જશવિજય કહે સુનો હો **આ**નંદઘન! હમ તુમ મિલે હજૂર. (૧ લું પદ)
કોઉ **આ**નંદઘન છિદ્ર હિ પેખત, **જ**સરાય સંગ ચડી આયા
આનંદઘન આનંદ રસ ઝીલત, દેખત હી જસ ગુણ ગાયા (૪ થું પદ)
એરી આજ આનંદ ભયો.
મેરે તેરો મુખ નિરખ નિરખ, રોમ રોમ શીતલ ભયો અંગોઅંગ–એરી. (૭ મું પદ)
આનંદઘનકે સંગ **સુ**જસ હી મિલે જબ, તબ **આ**નંદ સમ ભયો **સુ**જસ
પારસ સંગ લોહા જ્યું ફરસત, કંચન હોત હી તાકે કસ. (પદ ૮ મું.) પૃ. ૨૯૫ થી ૨૯૮

આ પરથી ચોકખું પ્રતીત થાય છે કે **ય**શોવિજયે કરેલા મેળાપથી આધ્યાત્મિક લાભ હૃદયને સંતોષ આપે તેવો પોતાને થયો હતો ને તેનો આનંદ જીવનપર્યંત રહ્યો હતો, તેથી **આ**નંદઘનની સ્મૃતિમાં **આ**નંદઘન, આનંદ, ચિદાનંદ, ચિદાનંદઘન પરમાનંદ, સહજાનંદ, ચિદ્રૂપાનંદ.' એવા શબ્દો પોતાની કૃતિઓમાં ખૂબ વાપર્યા છે. દા૦ ત૦ **સ**મતાશતકમાં

અનાસંગ મતિ વિષયમેં, રાગદ્વેષકો છેદ, સહજ ભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ. ૬
તાકો કારણ અમમતા, તામેં મન વિશરામ, કરે સાધુ **આનંદઘન** હોવત આતમરામ ૭
પરમેં રાચે પરરુચિ, નિજરુચિ નિજ ગુણમાંહિ, ખેલે પ્રભુ **આનંદઘન** ધરિ સમતા ગલે બાંહિ. ૭૭

આનંદઘન જેવા પારસમણિ મળવાથી પોતે લોહ તે કંચન થયેલ છે, યા **આ**નંદઘન સમાન થયેલ છે એમ યશોવિજયે કહેલ છે એટલે અધ્યાત્મરસિકમાંથી અનુભવી-અધ્યાત્મજ્ઞાની બનેલ છે. આ બંનેને લોકોએ પૂરા પિછાન્યા ન હોતા. 'કોઉ **આ**નંદઘન છિદ્રહી પેખત' એવું **આ**નંદઘન માટે **ય**શોવિજયે કહેલ છે, તેમ પોતાને માટે તે **ય**શોવિજય ઘણે સ્થળે નિંદક દુર્જનો સામે પોકાર વ્યક્ત કરે છે. દા. ત.

"પ્રભુ! મેરે અયસી આપ બની, મનકી વ્યથા કુનપેં કહીએ? જનો આપ ધની. પ્રભુ!
ચિત્ત તુ ભઈ દુરજનકે બચના, જૈસે અર અગની
સજ્જન કોઉ નહિ જાકે આગે, બાત કહું અપની. પ્રભુ! (પૃ. ૧૧૯)
અબ મેરી ઐસી આય બની
કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની
નામ જપું જલધાર તિહાં તુ જ, ધારૂં દુઃખહરની–અબ૦
મિથ્યામતિ બહુ જન હે જગમેં, પદ ન ધરત ધરની
ઉનતેં અબ તુજ ભક્તિપ્રભાવેં, ભય નહિ એક કની–અબ. (પૃ. ૧૦૦–૧૦૧)
મુજ તુજ-શાસન-અનુભવકો રસ, કયું કરી જાણે લોગ?
અપરિણીત કન્યા નવિ જાણે, જ્યું સુખ દયિત–સંયોગ. (પૃ. ૮૭)
દુરજનશું કરી જે હુઓ દૂષણ, હુએ તસ શોષણ દહા
એહવા સાહિબના ગુણ ગાઈ, પવિત્ર કરું હું જીહા (પૃ. ૭૦)
— જુઓ મારો સંપાદિત ... શ્રી યશોવિજયરચિત–ગૂર્જરસાહિત્યસંગ્રહ–૧.

આવાં ખલ અને દુર્જન તરફથી થયેલા આક્ષેપો, વગોણાં વગેરે બતાવતાં અનેક અવતરણો યશોવિજયજીની ગુજરાતી તેમજ સંસ્કૃત કૃતિઓમાંથી મળે છે, કે જે હું અત્ર સ્થાનાભાવે ઉતારતો નથી. ઉપરનાં થોડા ઉતારા પરથી જણાશે કે એ નિન્દાથી પોતાને બહુ લાગી આવતું, તેનું શોષણ–નિરાકરણ–નિવારણ કરવાની ઇચ્છા રહેતી, ક્રોધ ઉપજતો પણ પ્રભુની ભક્તિ અને ગુણગાન કરીને આશ્વાસન લેતા અને હૃદયનો ક્રોધ ને ખેદ નિવારતા. શ્રી **આ**નંદઘન એટલા મરત અને ઉચ્ચ કોટિના હતા કે તેમને કોપ થાય નહિ અને નિંદાની કે માનની પરવા હોય નહિ. આટલો બન્નેમાં અંતર લાગે છે. છતાં **ય**શોવિજયની આત્મદશા ઉત્તરોત્તર ચડતી ગઇ છે.

એમની આત્મસ્થિતિ એમના જ શબ્દમાં જોઇશું. સમ્યગ્દૃષ્ટિ–દ્વાત્રિંશકામાં કહેલું છે કે:–

मिथ्यादृष्टिगृहीतं हि मिथ्या सम्यगपि श्रुतम् ।
सम्यग्दृष्टिगृहीतं तु सम्यग् मिथ्येति नः स्थितिः ॥

—મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યગ્શ્રુત હોય તો પણ મિથ્યા થાય છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યાશ્રુત હોય તો પણ સમ્યક્ થાય છે, અને તેવી અમારી સ્થિતિ છે. એટલે પોતે મિથ્યાશ્રુતો અવગાહેલાં તે પોતે સમ્યગ્દૃષ્ટિ હોઇ પોતાને સમ્યક્પણે થયાં છે–પરિણમ્યાં છે.

શાસ્ત્રના સમ્યક્ પરિચયથી, ધીમાનોના સંપ્રદાયને અનુસરી અને પોતાના અનુભવયોગથી રચેલા પોતાના **અ**ધ્યાત્મસાર નામના સદ્ગ્રંથમાં નીચેના (પ્રબંધ ૩, શ્લોક ૪૦) પરથી જણાય છે કે તેમને સમભાવ હતો ને તેનું સુખ પોતે જોએલું હતું.

दूरे स्वर्गसुखं मुक्ति-पदवी सा दवीयसी ।
मनः संनिहितं दृष्टं स्पष्टं तु समतासुखम् ॥

—સ્વર્ગનું સુખ તો દૂર છે અને મોક્ષપદવી તો વળી અતિ દૂર છે, પરંતુ મનની સમીપે જ રહેલું સમતાનું સુખતો (**અમે**) સ્પષ્ટ રીતે જ જોયેલું છે.

शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि ।
क्षीयन्ते शान्तहृदामनुभव एवात्र साक्षी नः ॥

—શાન્ત હૃદયવાળાના–શમયુક્ત ચિત્તવાળાના શોક, મદ, કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈર એ (સર્વે) ક્ષીણ થાય છે; એ બાબતનો સાક્ષી અહો **અમારો** અનુભવ જ છે. (પ્રબંધ ૭ શ્લોક ૧૮)

ब्रह्मस्थो ब्रह्मज्ञो ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।
ब्रह्मविदां वचसाऽपि ब्रह्मविलासा ननु भवामः ॥

—બ્રહ્મ એટલે પરમાત્મા વિષે (જ્ઞાનના ઉપયોગે) રહેલો બ્રહ્મજ્ઞાની એટલે શુદ્ધ ચૈતન્યને જાણનારો બ્રહ્મને–શુદ્ધ ચૈતન્યને પામે તેમાં શું આશ્ચર્ય? પણ બ્રહ્મજ્ઞાનીના–આત્મજ્ઞાનીના (**આ**નંદઘનજીના) વચનથી પણ **અમે** બ્રહ્મના વિલાસને–ચિદાનંદને અનુભવીએ છીએ. (પ્રબંધ ૭ શ્લોક ૧૯)

અનુભવ–આત્મદર્શનનું સ્વરૂપ દાખવી તે પોતાને ગુરુકૃપાથી (**આ**નંદઘનની કૃપાથી) પ્રાપ્ત થયો, સમ્યક્ત્વ જળહળીત થયું, મોહને અનુભવથી નિર્બળ કર્યો–એ વાત સં. ૧૭૩૮ પછી રચેલા **શ્રી**પાળ રાસના ચોથા ખંડના છેવટના ભાગમાં પોતે જણાવે છે. તેમાંથી થોડી કડીઓ લઈએ:—

માહરે તો ગુરુચરણ પસાયેં, અનુભવ દિલમાં પેઠો
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમ–રતિ હુઈ બેઠો.

ઉગ્યો સમકિત–રવિ જલહલતો, ભરમ–તિમિર સવિ નાઠો
તગતગતા દુર્નય જે તારા, તેહનો બળ પણ થાઠો. × ×
હરખ્યો અનુભવ–જોર હતો જે, મોહમલ્લ જગ–લૂંઠો
પરિપરિ તેહના મર્મ દેખાવી, ભારે કીધો ભૂંઠો.
અનુભવ–ગુણ આવ્યો **નિજ** અંગે, મિટયો રૂપ **નિજ** માઠો
સાહિબ સન્મુખ સુનજર કરતાં, કોણ થાયે ઉપરાંઠો ? × ×

શ્રી **આ**નંદઘન પેઠે **ય**શોવિજયે પણ અનેક પદો રચ્યાં છે અને તે '**જ**શવિલાસ' એ નામે પ્રકટ થયાં છે. (વિશેષમાં જુઓ મારી સંપાદિત ય. કૃત ગૂર્જરકાવ્યસંગ્રહના પહેલા ભાગની આવૃત્તિ પૃ. ૧૪૧ થી ૧૭૮, ૨૯૫ થી ૨૯૮.)

જૈનોમાં સંતો–સંત સાહિત્ય જેવું છે કે નહિ એની પુછપાછ થાય છે. તેનો ઉત્તર છે કે જૈનોમાં અનેક સંતો થયા છે અને પોતાની 'વાણી' (મધ્યયુગમાં 'વાણી' શબ્દ સંતોની રચનાઓ માટે વપરાતો) હૃદયના સહજ ઉદ્‌ગારરૂપે ગાઈ મૂકી ગયા છે. દા. ત. શ્વે૦ સંપ્રદાયમાં ઉક્ત શ્રી **આ**નંદઘન, **ય**શોવિજય, **વિ**નયવિજય (સ્વ૦ સં. ૧૭૩૮ તેમનો '**વિ**નયવિલાસ' નામનો પદસંગ્રહ) **જ્ઞા**નસાર (કવિકાલ સં. ૧૮૫૨ થી ૧૮૮૮–તેમનો સુંદર પદસંગ્રહ છે ને દુર્ભાગ્યે અપ્રકટ છે. તે મેં એકત્રિત કરી રાખ્યો છે ને છપાવનારને વાંકે અમુદ્રિત રહ્યો છે), **ચ**રિત્રનંદિ–ને કવિતામાં **જ્ઞા**નાનંદ (સં. ૧૮૮૯ થી ૧૯૦૯–જુઓ તેમના 'જ્ઞાનવિલાસ' અને 'સયમ તરંગ' નામે પ્રકટ થયેલા સંગ્રહ) 'કર્પૂરવિજય તે **ચિ**દાનંદ (૨૦ મી સદીના આરંભે; '**ચિ**દાનંદ બહોતરી' વગેરે તેનો સંગ્રહ છપાયેલ છે), **ખો**ડાજી અને **રા**યચંદ કવિ (૨૦ મી સદીના મધ્યમાં; તેમનો સંગ્રહ છપાયો છે). દિગમ્બર સંપ્રદાયમાં **બ**નારસીદાસ, **ભૂ**ધરદાસ, **ઘા**નતરાય, **દો**લતરામ, **ભા**ગચંદ આદિ થયા છે કે જેમનાં પદો '**બ**નારસીવિલાસ'માં અને 'જૈન પદ સંગ્રહ'ના પાંચ ભાગમાં ત્રીશેક વર્ષ પહેલાં સાક્ષર **ના**થુરામ પ્રેમીજીથી સંપાદિત થઇને જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલય તરફથી છપાયેલ હતાં. તેનો ઉદ્ભાવ આવાં પવિત્ર અને ઊંચી કક્ષાનાં પુસ્તકો પ્રત્યેની જૈનોની ઉપેક્ષા અને જડતાના કારણે વિશેષ ન થઈ શકયો તેથી તેની બીજી આવૃત્તિ થઈ શકી નથી.

આ સર્વનાં પદોની રસમય ચુંટણી કરી–કરાવી એક સામાજિક ગ્રન્થાવૃત્તિ કોઈ પ્રકાશક બહાર પાડે તો જૈનોમાં પણ સાચા સાહિત્યને ગૌરવ આપે એવું ચિરકાલીન 'સંત-વાણી-સાહિત્ય' ભર્યું છે એની પ્રતીતિ જૈનેતર બહુસંખ્યાવાળી પ્રજાને કરાવી શકાશે. અત્યારસુધી જૈન કવિઓનું ગીતસાહિત્ય અજૈનોના દૃષ્ટિપથે આવ્યું નથી, મૂકાયું નથી એમાં આપણે જૈનો જ નિમિત્ત ભૂત છીએ. કેટલાક જૈન અને જૈનેતર–બંને સમાજમાં થયેલા કવિઓનાં ચુંટેલાં પદોને એકત્રિત આપવાનો સંપાદક પં૦ **બે**ચરદાસે શુભ પ્રયાસ કર્યો છે તે હમણાં 'ધર્મામૃત' નામે ગ્રન્થાકારે બહાર પડ્યો છે એ નોંધવા યોગ્ય બીના છે. આવા સંગ્રહથી તુલનાત્મક દૃષ્ટિથી એકબીજાની સમાનતા જોવાની–સર્વપ્રત્યે આદરમાન ઉત્પન્ન કરવાની અને સંત કવિઓના અનુભવથી ભરેલાં વચનોમાં કેટલું બધું સામ્ય ભરેલું છે તે પારખવાની તક મળે છે. ઊંચાં પદોને, આપણાં આવાં સુંદર ગીતોને આપણા શિક્ષણમાં સંસ્કૃતિમાં આજ સુધી કેટલું ઓછું સ્થાન મળ્યું છે ? તેના ઉત્તરમાં મહાત્મા **ગાં**ધી કહે છે કે:–"એ વાત સાચી છે; અને એ કંઇ ઓછા દુઃખની વાત નથી. હવે જાગવાનો સમય આવ્યો છે. કારણ જો લોકોના અનાદર અને ઔદાસિન્યના પરિણામે આ ગીતો મરવા પામે તો તે ભારે દુઃખની વાત થઈ પડશે. આ વાત મેં વારંવાર કહી છે." (**પ્ર**બુદ્ધ જૈન ૧–૧૧–૪૧ પૃ. ૧૨૪)

અધ્યાત્મ-ગીતો સમજીએ તે પહેલાં આધ્યાત્મિકનો સ્પષ્ટ અને વિશેષ અર્થ આપણી જૈન પરિભાષાના 'સમ્યગ્ જ્ઞાન' અને 'સમ્યક્ ચારિત્ર' એ રીતે ગ્રહણ કરીશું તો સમજાશે કે

'વીતરાગત્વમાં પરિણામ પામનાર આત્મલક્ષી જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન. આજકાલ વપરાતા 'વિદ્યા' શબ્દનો અર્થ કોઈપણ વિષયનું માત્ર શાસ્ત્રીય જ્ઞાન છે જેમકે રસાયણવિદ્યા વગેરે. એ રીતે સમ્યક્ ચારિત્ર એટલે આત્મશુદ્ધિ અને ક્રિયાકાંડ એટલે દેખીતાં બાહ્યલક્ષી વિધિવિધાનો. 'વિદ્યા' એ પોતે 'સમ્યગ્જ્ઞાન' નથી. પણ સમ્યગ્ જ્ઞાન હોય તો એ વિદ્યા આધ્યાત્મિક કહેવાય. એ જ રીતે બાહ્ય 'ક્રિયાકલાપ' કે બાહ્ય 'આચાર' એ પોતે સમ્યક્ ચારિત્ર નથી, પણ જો તે 'સમ્યક્ ચારિત્ર'ની ભાવનામાંથી, ફુલમાંથી સુવાસની પેઠે પ્રયત્ન વિના જ જન્મેલ હોય તો તે આધ્યાત્મિક છે' (શ્રી જિનવિજય)

આનંદઘનજી સાધ્ય સિદ્ધ કરવામાં અપ્રમત્ત પ્રયત્નશીલ રહેતા થકા આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવામાં ઘણે અંશે સફળ થયેલા સાધક અને કવિ હતા. સાથે શુદ્ધ મર્મી હતા. જેવી તેમની વાણી ઉદાર છે, તેવીજ તેમા ગંભીરતા છે અને તેવુંજ તેનું સૌંદર્ય તથા તેની રસસમૃદ્ધિ છે, **ય**શોવિજયજી પણ સાધક અને કવિ હતા, પણ પ્રમાણમાં ફેર; **આ**નંદઘનજીમાં જેટલી ને જેવી ઉદારતા અને ગંભિરતા પોતાના શુદ્ધ મર્મીપણા (mysticism) ને લઇને સતત વહેતી રહી હતી, તેટલી અને તેવી **ય**શોવિજયજીમાં સતત દશ્યમાન ન થાય, તો તે તેમનામાં તેટલા પ્રમાણમાં મર્મીપણું ન હોવાને કારણે સમજવું.

અંતે શ્રી**આ**નંદઘન અને શ્રી**ય**શોવિજય બંનેના એક બે કાવ્ય-ટુકડાનું સ્મરણ કરી તેમની અધ્યાત્મકૃતિઓનાં શુદ્ધ સંસ્કરણ ભાવાર્થ-ટીકા અને માર્મિક વિવેચન સહિત પ્રકટ કરવા કરાવવાની જરૂર છે એ પર સમાજનું ધ્યાન ખેંચી અત્યારે અત્ર વિરામ લેવો યોગ્ય છે.

'અધ્યાત્મી જે વસ્તુ વિચારે × ×
વસ્તુગતે જે વસ્તુપ્રકાશે, **આ**નંદઘન-મત-વાસી રે (**આ.** નું ૧૧ મા જિનનું સ્ત.)
'આતમજ્ઞાની શ્રમણ કહાવે, × ×
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, **આ**નંદઘન-પદ-સંગી રે (**આ.** નું ૧૨ મા જિનનું સ્ત.)
'આતમ અનુભવ રસભરી, યામેં ઓર ન માવે
આનંદઘન અવિચલ કલા, વિરલા કોઇ પાવે. (**આ.** નું બીજું પદ)
'ચેતન ! જ્ઞાનકી દૃષ્ટિ નિહાલો
જ્ઞાનદૃષ્ટિમાં દોષ ન એતે, કરો જ્ઞાન-અજુઆલો
ચિદાનંદઘન સુજસવચનરસ, સજ્જન હૃદય પખાલો-ચેતન. (**ય.** નું એક પદ)

ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં જૈન ધર્મનો ફાળો

લેખક : ખુશાલદાસ જગજીવનદાસ

દરેક દેશ કે પ્રજાને પોતપોતાની સંસ્કૃતિ હોય છે અને એ સંસ્કૃતિને ઘડવામાં ત્યાંની પ્રત્યેક વ્યક્તિનો, ભૌગોલિક પરિસ્થિતિનો, બાહ્ય આક્રમણોનો, તેમની સાથેના વ્યાપારિક સંબંધોનો ઇત્યાદિનો ઓછોવત્તો હિસ્સો હોય છે. તે બધામાં ધર્મોનો સૌથી વિશેષ મહત્વનો હિસ્સો હોય છે.

આર્યાવર્તને આંગણે જે સંસ્કૃતિ ફળી ફાલી છે, તેના ઘડતરમાં અનેક પ્રજા અને ધર્મોએ યથામતિ પોતપોતાની કળા અને કુશળતા અજમાવી છે. વેદવ્યાસ, વાલ્મિકી, હેમચંદ્ર કે રવીંદ્ર જેવા ઋષિરાજોએ તેને પોતાની કલ્પનાપીછી દ્વારા વિવિધ રંગે રંગીને સુશોભિત કરી છે; રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર કે મોહનદાસ જેવા મહાત્માઓએ પોતપોતાની વિશિષ્ટ શક્તિદ્વારા તેને સર્વાંગ સુંદર બનાવેલ છે, પાણિનિ પતંજલિ, કણાદ, કપિલ, યાજ્ઞવલ્કય, મનુ કે ભદ્રબાહુ જેવાઓએ સંસ્કૃતિના વૃક્ષને જલસિંચન કર્યું છે; સિદ્ધસેન, સમંતભદ્ર, શંકરાચાર્ય, કુમારિલ, નાગાર્જુન કે હરિભદ્ર જેવાઓએ તેને પોતાની વિલક્ષણ તાર્કિક બુદ્ધિની એરણ પર ચડાવીને કસી જોઈ છે; અશોક, સંપ્રતિ, ખારવેલ, વિક્રમાદિત્ય, હર્ષવર્ધન કે કુમારપાળ જેવા ચક્રવર્તીસમા રાજાઓએ તેને ફેલાવી છે; તુલસીદાસ કે તુકારામ, કબીર કે મીરાં આનંદઘન કે યશોવિજય, રાજચંદ્ર કે રામકૃષ્ણ જેવા સંત હૃદયોએ તેને સંસ્કારીને સમૃદ્ધ કરેલ છે. દ્રાવિડીપ્રજા, આર્યપ્રજા, હુણ, શક કે મુસ્લિમ ટોળાંઓએ તેને પોતપોતાની અસરદ્વારા ઓપ આપેલ છે તથા તેને પોતાની બનાવવા કોશીષ પણ કરેલ છે; આર્યાવર્તના આદિ કવિથી તે કવિસમ્રાટ કાલિદાસ અને આજ સુધીના કવિઓએ તેને મુક્તકંઠે ગાઈ છે, એટલું જ નહિ પણ નિત્યનૂતન કલ્પનાઓ દ્વારા તેને શણગારતા રહ્યા છે. એ રીતે પોતાનું અર્ઘ્ય તેને ચરણે ધરેલ છે. આમ સંસ્કૃતિના ઘડતરમાં, તેના પોષણમાં, વિકાસમાં, વિસ્તારમાં તથા તેને સદૈવ લાવણ્યમયી રાખવામાં આર્યાવર્તના પ્રત્યેક પ્રાણનો હિસ્સો જણાઈ આવે છે.

આર્ય આદર્શ—

સંસ્કૃતિની વિશેષતા જ એ છે કે તે સર્વ શિષ્ટ અને સંસ્કારી વિચારોને અપનાવી પોતાના કરી લે છે અને પોતાની ગોદમાં સૂનાર સૌને તેવા બનાવવાની કોશીષ કરે છે; વિવિધ વૃત્તિ અને વ્યવસાયના માણસોને પણ તે એક સૂત્રમાં નાથે છે; સૌને માટે તે આદર્શરૂપ રહે છે. એ આદર્શને જાણવો હોય તો આપણે જીવનના વિવિધ ક્ષેત્રે વિચરી રહેલા ભારતીય આત્માઓના આદર્શને જોવો અને જાણવો પડશે.

ભારતવર્ષપર પર નજર ફેંકતા જ આપણને જણાય છે કે પોતાની વિત્તેષણાને તૃપ્ત કરવા મથતો વેપારી અર્થના ત્યાગમાં જ સંતોષ માને છે. યુદ્ધઘોલો યોદ્ધો અન્યના સંરક્ષણમાં જ પોતાને કૃતકૃત્ય માને છે. કવિ કે કલાવિદ્ પોતાના શ્રેષ્ઠ પાત્રોની શ્રેષ્ઠતા તેમની સદાચાર, સંયમ, ત્યાગ, તપસ્યા, દયા, દાન, ન્યાય, નીતિ કે પરોપકાર જેવી વૃત્તિની વિશિષ્ટતામાં જ જુએ છે, કુટુંબવત્સલ ગૃહપતિ આખરે કુટુંબના ત્યાગમાં જ આત્મશ્રેય દેખે છે. સર્વસ્વનો ત્યાગ કરનાર સંતપુરુષો આત્મધર્મની ઓળખને જ શ્રેષ્ઠ ગણે છે. આ બધા ઉપરથી એમ કહી શકાય કે સત્ય, સદાચાર, સંયમ, ત્યાગ, પરોપકાર, પ્રેમ અને પરીષહદ્વારા આત્મધર્મનો સાક્ષાત્કાર કરી શાશ્વત સુખ મેળવવું એ જ આર્ય આદર્શ છે. એ આદર્શને દરેક માણસ પોતાના ક્ષેત્રમાં નજર સમક્ષ રાખે છે અને પોતાનો

જીવનક્રમ ધરે છે. વિવિધક્ષેત્રે દેખાતા જીવનના વિધવિધ ક્રમોમાં રહેલી આ એકરાગતા જ આર્યસંસ્કૃતિ છે.

લેખનો ઉદ્દેશ્ય—

આ નાના લેખમાં જૈન ધર્મ, તેના પ્રવર્તક, પ્રચારક અને સંરક્ષક મહાપુરુષોએ આજની આર્યાવર્તની સંસ્કૃતિ ઘડવામાં પોતાનો જે ફાળો આપ્યો છે, તેનો સંક્ષેપમાં નિર્દેશ કરવો એ જ ઉદ્દિષ્ટ છે.

આદિ તીર્થંકર ઋષભદેવથી ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ પહેલાના સમયને આપણે અનૈતિહાસિક માની લઇએ તો પણ પાર્શ્વનાથ અને મહાવીરનાં અનુપમ ચરિત્રો, એમનો આદર્શ ઉપદેશ અને એમના અનુયાયીઓનાં ધાર્મિક જીવન આપણને ખાત્રી કરાવે છે કે તે મહાપુરુષોએ માનવી જીવનનું ધ્યેય નક્કી કરીને અને ધ્યેયસિદ્ધિના ઉપાયોને વ્યવસ્થિત રીતે સુધારી તેમાં ઉમેરો કરીને આર્યસંસ્કૃતિને વિશુદ્ધ અને વિસ્તૃત બનાવી છે.

મહાવીરના સમયની પરિસ્થિતિ—

એ તો સર્વવિદિત છે કે બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા, તે સમયે વૈદિકધર્મ પ્રચલિત હતો. એ બન્ને મહાપુરુષોના ઉપદેશભર્યા આગમોમાં અને પિટકગ્રંથોમાં તત્કાલીન પરિસ્થિતિનો પરિચય આપતા અનેક પ્રસંગો નોંધાયા છે. તે પરથી તેમજ વૈદિક વાઙ્મય ઉપરથી આપણે વૈદિક માન્યતાઓનો અને તે વખતની પરિસ્થિતિનો અભ્યાસ કરી શકીએ છીએ.

યજ્ઞયાગ અને વર્ણાશ્રમવ્યવસ્થા વૈદિક ધર્મની વિશેષતા છે. કોઇપણ ધર્મનો ઉદય તેની પ્રજાના ઐહિક અને આત્મિક સુખશાંતિના વિકાસ અર્થે જ થાય છે. યજ્ઞયાગ કે વર્ણાશ્રમવ્યવસ્થા આર્યાવર્તના અભ્યુદય અર્થે જ હતાં, પણ ભગવાન મહાવીર અને બુદ્ધના સમયે ધર્મનાં તે સુંદર તત્ત્વો સડી ગયાં હતાં. જૈન અને બૌદ્ધ મૂળ ધર્મગ્રંથોમાં આવતાં યજ્ઞયાગનાં દિલ કંપાવનારાં વર્ણનો ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે દેશમાં દાનવૃત્તિની અને સુખશાંતિની વૃદ્ધિ અર્થે થતા યજ્ઞો પ્રજાની સર્વશ્રેષ્ઠ સંપત્તિરૂપ પશુઓની 'સ્વાહા' બોલાવતા. પ્રજાનાં હજારો પશુઓનો થતો વધ સુખશાંતિ અર્પવાને બદલે, સંતાપ અને વિલાપ જ અર્પી જતો. પ્રજા પાસેથી પરાણે લેવાતાં પશુઓ અને નજરાણાંઓએ તેનામાં ભયની અને તિરસ્કારની લાગણી પૂરતા પ્રમાણમાં પ્રવર્તાવી હતી.

પરંતુ માત્ર યજ્ઞયાગ સંબંધે અસંતોષ કે તિરસ્કાર ન હતો, વર્ણાશ્રમવ્યવસ્થામાં પણ જન્મગત ઊચનીચના ભેદભાવોએ એટલું જ તીવ્રરૂપ લીધેલું હતું. બ્રાહ્મણો પોતાને જ સર્વત્ર શ્રેષ્ઠ સમજતા હતા. હલકા કુળના લોકોને અસ્પૃશ્ય અને ત્યાજ્ય ગણતા. સ્પર્શની બાબતમાં તેમનો સામાજિક બહિષ્કાર હતો. તેમની પાસેથી ગુલામોની માફક કામ લેવાતું, જ્યારે તેમને વળતર અતિ અલ્પ અપાતું. તેમને ધર્મશાસ્ત્રો ભણવાનો કે ત્યાગી બનવાનો અધિકાર નહિ, સમાજમાં ભળવાની કે સમાજની સેવા મેળવવાની તેમણે કલ્પના સરખી પણ કરાય નહિ. વર્ણવ્યવસ્થા સંબંધે આવી માન્યતા કે ભાવના, માનવ આત્માની એકતાની દૃષ્ટિએ કે તેનાં હૃદય તથા બુદ્ધિની સમાનતાની દૃષ્ટિએ અમાન્ય અને ત્યાજ્ય જ કહેવાય.

આશ્રમવ્યવસ્થા ગમે તેટલી સારી હશે પણ મહાવીર વખતે તે વિકૃતિને વરી ચૂકી હતી. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ–એ ચાર આશ્રમોમાંથી પ્રત્યેક માણસે–ખાસ કરીને ઉચ્ચ ગણાતી બ્રાહ્મણ જાતિએ–પસાર થવું જ પડતું. બ્રહ્મચારી રહેવા ઇચ્છતા કોઇને બ્રહ્મચર્યનો ત્યાગ ન કરવો હોય તો તે સાધારણતયા તેમ કરી શકતો નહિ. તેની સામે વેદો, ઉપનિષદો કે સ્મૃતિગ્રંથો આવીને લાલબત્તી ધરી દેતા કે 'પુત્ર વિના મરણ પામનારની સદ્ગતિ થતી નથી, પણ અવગતિ થાય છે, જો વંશવૃક્ષનો વિચ્છેદ કરવામાં આવે તો પિતૃઓનું તર્પણ કોણ કરશે?' ઇત્યાદિ.

આ તો દેશના દૈનિક જીવનમાં દેખાતી અસંગતતાનો વિચાર થયો. પરંતુ ગૃહોનો ત્યાગ કરી, જંગલમાં જઈ દેહદમન કરનારા જટાધારી સાધુઓનો મોટો ભાગ જન્મ, જરા અને મરણનો પરિતાપ ટાળવા રૂપ આર્યઆદર્શને ભૂલ્યો હતો. માત્ર સ્વર્ગ, કે ચક્રવર્તીપણું, અમુક સિદ્ધિઓ કે અમુક અભિલાષાઓ જ આદર્શરૂપે દેખાતાં. તેમને માટે તે તપતા અને તેમને મેળવતા પણ. એથી જ કેટલાય ત્યાગીઓ તામસી વૃત્તિના જણાતા. તપશ્ચરણવિધિમાં અંતરાય પાડનાર પશુ, પક્ષીઓ કે માનવીઓ તેમની તેજઃશક્તિનો ભોગ થયાનું આપણે સાંભળ્યું છે. આત્મજ્ઞાનના સાધનભૂત યોગવિદ્યામાં પણ હઠયોગ પ્રધાનતા ભોગવતો હતો અને હઠયોગથી સધાતી સિદ્ધિઓમાં તેઓ અટવાઈ જતા હતા. આમ સાત્ત્વિક વૃત્તિના સંવર્ધન માટે સાદું અને સંયમી જીવન સ્વીકારનાર સાધુઓ વાસ્તવિક રીતે તામસી કે રાજસી વૃત્તિમાં જ વીંટળાઈ રહેતા. આ ઉપરાંત દીર્ઘનિકાયાદિ બૌદ્ધ ગ્રંથોમાં અને સૂર્યગડાંગાદિ જૈનગ્રંથોમાં ભિન્ન ભિન્ન મતવાળાઓનાં વર્ણનો ખૂબ મળે છે. તે ઉપરથી જણાય છે કે તે દરેકનો અભિપ્રાય અલગ અલગ રહેતો. 'नासौ मुनिर्यस्य मतं न भिन्नम्' આવી રીતે સૌ પોતપોતાની ચોકાબાજીમાં ફસાએલા નજરે પડતા હતા. ટૂંકમાં સમાજજીવનના અને ધર્મજીવનના નાના મોટા પ્રત્યેક અંગમાં વિકૃતિનો વિલાસ વર્તી રહ્યો હતો.

ભગવાન પાર્શ્વનાથ અને મહાવીરે આ વિકૃતિ સામે વિરોધ નોંધાવ્યો. એ વિરોધ દર્શાવતાં તેમણે જે જે સનાતન સત્યો જગતસમક્ષ રજૂ કર્યાં, તે સત્યો જ ભારતવર્ષને, ભારતીય સંસ્કૃતિને જૈન ધર્મની, તેના પ્રવર્તકોની અને પોષકોની ભેટ છે. એમાંનાં કેટલાકનું અતિ સંક્ષિપ્ત નિરૂપણ નીચે પ્રમાણે છે—

૧. અહિંસાના પરિપૂર્ણપાલનનો આદર્શ—

અહિંસાના પરિપૂર્ણ પાલન માટે જૈન ધર્મે અસાધારણ આગ્રહ સેવ્યો છે. તે માને છે કે દરેક પ્રાણ, ભૂત, જીવ કે સત્વનો આત્મા સમાન છે, દરેકને જિજીવિષા સરખી છે, સૌને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે તેથી આ મહા નિયમ જેટલો સામાન્ય અને સર્વવ્યાપી છે તેટલું જ સર્વવ્યાપી અહિંસાનું પાલન હોવું જોઈએ. તેના પાલનમાં કોઈપણ પ્રકારનો અપવાદ ધર્મરૂપ નથી અહિંસા એ જ ધર્મ અને ધર્મ એ જ અહિંસા. સંયમ અને તપ તેને સર્વાંગ સંપૂર્ણ બનાવવા માટે જ છે. સૂયગડાંગસૂત્રમાં કહ્યું છે 'જ્ઞાનમાત્રનો સાર અહિંસાનું આચરણ છે.' દશવૈકાલિકમાં ગાયું છે 'અહિંસા, સંયમ અને તપ એ જ ધર્મ છે.' એકેંદ્રિયથી લઇને પંચેંદ્રિય સુધીના સર્વ જીવોનું વ્યવસ્થિત અને સૂક્ષ્મ વિભાજન અન્યત્ર ક્યાંય દેખવામાં આવ્યું નથી. સાધુઓની કાયિક, વાચિક કે માનસિક કોઈપણ નાનીમોટી પ્રવૃત્તિને અહિંસાની એરણે ચડાવી જોવાની અને તે સંબંધી સતત જાગૃતિ રાખવાની આગમોમાં ઠેકઠેકાણે આજ્ઞા કરવામાં આવી છે. આજ સુધીનો જૈન ધર્મનો અને ભારતનો ઇતિહાસ કહે છે કે જ્યાં જ્યાં જૈનો ફેલાયા, ત્યાં ત્યાં તેમણે અહિંસાના આચરણ ઉપર અસાધારણ ભાર મૂકેલ છે; ત્યાં સુધી કે તે તે પ્રદેશના લોકોને માંસભક્ષણ કે યજ્ઞયાગ જેવા હિંસક ધાર્મિક ક્રિયાકાંડોને સદાને માટે છોડવા પડ્યા છે. ખરેખર ભારતવર્ષનો સાંસ્કૃતિક આદર્શ એક હોવાને કારણે જે જે ઉત્તમ હોય તેને તે તરત નિઃસંકોચ અપનાવી લે છે અને એ જ એની વિશેષતા છે.

૨. વિરોધી પ્રત્યે પણ સમભાવ કે કરુણાભાવ—

અહિંસાના પરિપૂર્ણ પાલનના આગ્રહમાંથી જ 'शठं प्रति शाठ्यं कुर्यात्' જેવી રાજસી વૃત્તિને સ્થાને 'शठं प्रत्यपि सत्यं कुर्यात् वा शिवं कुर्यात्' નો સાત્વિક આદર્શ આગળ આવ્યો. વિરોધી પ્રત્યે પણ સમભાવ! કલ્યાણની કે કરુણાની બુદ્ધિ! પાર્શ્વ અને મહાવીરનાં દૃષ્ટાંતો તેની સાબિતી માટે જ્વલંત દૃષ્ટાંત છે કામઠ તાપસે આપેલ ભરીષહો પાર્શ્વનાથે વેર લેવાની ભાવના વિના જ સમભાવપૂર્વક સહ્યા. 'કોઈપણ દૈવી, માનુષી કે પાશવી પરીષહો વા દુઃખો આવી પડે, તો

તે સર્વેને બદલો લેવાની ઇચ્છા વિના, કે તેમને દૂર કરવા બીજાની મદદ લીધા વિના સમભાવપૂર્વક સહન કરીશ' એવી ભીષણ પ્રતિજ્ઞાનું અક્ષરશઃ પાલન કરનાર વર્ધમાન જ અહિંસાનો સંપૂર્ણ આદર્શ રજૂ કરી શકે કારણ કે અહિંસક આત્માની વૃત્તિમાં સમભાવ અને પ્રેમ–નિષ્કામ પ્રેમ–પ્રધાન સ્થાન ભોગવે છે. તે એમ માને છે કે આત્મશાંતિ અને વિશ્વશાંતિ માટે અહિંસાનો અમલ જો ઉત્તમ ઉપાય હોય, તો પોતા પ્રત્યે અન્યના અહિંસક વર્તનની અપેક્ષા અસ્થાને છે. આત્મગુણના વિકાસ માટે આંધળું અનુકરણ કેમ કરાય? ભૂલેલાની ભૂલ સુધારવા આપણે ભૂલ કેમ કરાય? તેની નજર સમક્ષ ફક્ત એટલું જ હોય કે હિંસા આત્માનું અને પરનું અહિત કરનારું તત્ત્વ છે.

૩. સંયમ તથા તપનો આદર્શ—

સંયમ અને તપ રાગદ્વેષ ઉપરના વિજય માટે છે, આત્માની ઓળખ માટે છે, વિવેકજ્ઞાન પ્રગટાવવા માટે છે એ હકીકત પાર્શ્વે અને મહાવીરે પોતાના આચરણ દ્વારા પ્રત્યક્ષ કરાવી. તેમણે બાળતપ સામે પોકાર ઉઠાવ્યો. હઠયોગની પ્રક્રિયાને અલ્પસાર વાળી કહી, અને તપનું તેમજ યોગનું કે ધ્યાનનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે સમજાવ્યું. તપના અર્થને અને હેતુને વધારે વિકસાવ્યા અને ઉદાત્ત બનાવ્યા. તેમણે એ સ્પષ્ટ સમજાવ્યું કે આત્મજ્ઞાનની ઓળખ વિનાનું તપ માત્ર દેહદમન છે. તે ઐહિક સુખપ્રાપ્તિ કે વિશિષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ માટે છે એમ સમજવું એ મહાભ્રમ છે. માત્ર આત્મસાક્ષાત્કાર જ તેનો હેતુ હોઈ શકે. પાર્શ્વનાથને પરીષહો આપનાર કામઠ તાપસનું વર્ણન કદાચ રૂપકાત્મક હોય, તો પણ બાળતપ સામેના પાર્શ્વના વિરોધની તે સાક્ષી પૂરે છે. આત્માને ઓળખ્યા વિનાના કાયકલેશની નિઃસારતા બતાવવા માટે એ જ્વલંત દૃષ્ટાંત છે. દરેક પ્રવૃત્તિ વખતે વિવેક જાળવવાનો અને અહિંસા પ્રત્યે વિશેષ આદર કેળવવાનો મૂક બોધપાઠ છે. માટે જ મહાવીરે કહ્યું પ્રત્યેક ધર્મકાર્ય યોગ છે. તેની સાધના માટે વિશિષ્ટ પ્રક્રિયામાંથી પસાર થવાની જરાય જરૂર નથી.

૪. સર્વ જીવોની સમાનતા-કર્મસિદ્ધાંતની વૈજ્ઞાનિકતા—

એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિય સુધીના જે કોઈ જીવ આ જગત ઉપર જોવામાં આવે છે, તે સર્વે સમાન છે, તેમનું આત્મસ્વરૂપ એક છે, વિવિધતા દેખાય છે તે તો કર્માધીન છે. જે જીવ આજે એકેંદ્રિય કે બે ઇંદ્રિયવાળો છે તે પહેલાં પંચેંદ્રિય વાળો હતો અને હવે પછી પણ થઈ શકશે, તથા જે આજે પંચેંદ્રિયવાળો છે તે પહેલાં એકેંદ્રિય વાળો હતો અને હવે પછી પણ થઈ શકશે. માટે આજના પંચેંદ્રિય જીવે એકેંદ્રિયને પણ પોતાના સમાન સમજવા જોઇએ તો પંચેંદ્રિયની તો વાત જ શી કે જે વર્તમાનમાં વિકાસની દૃષ્ટિએ સમાન ઇન્દ્રિયવાળો છે?

મહાવીરના આ કર્મસિદ્ધાંતે ચાર વર્ણોમાં વિદ્યમાન જન્મગત ઊચનીચભાવનાનો પ્રબળ વિરોધ કર્યો. તેમણે એ જાહેર કર્યું કે ચંડાળકર્મ કરનારો બ્રાહ્મણ ચંડાળ જ કહેવાય, બ્રાહ્મણ નહિ. સાત્વિક-વૃત્તિવાળો, ધર્મકર્મ કરનારો શૂદ્ર બ્રાહ્મણ કહેવાય, શૂદ્ર નહિ. જો બ્રાહ્મણને અને ચંડાળને ઇન્દ્રિયો સરખી છે, ભૂખ, તરસની સંવેદના સરખી છે, ક્રોધાદિકષાયોને વશ થવાની પામરતા કે નહિ વશ થવાની વીરતા સરખી છે, તો તે લોકો ધર્મકર્મથી, સંન્યસ્ત જીવનથી કે સમાજ તરફના સદ્વ્યવહારથી શા માટે વંચિત રહેવા જોઇએ? ગોરા અને કાળા વચ્ચેના ઊચનીચભાવની આજે આપણે જે રીતે નિંદા અને વિરોધ કરીએ છીએ તે રીતે પ્રભુ મહાવીરે ચારે વર્ણો અને બીજી જાતિઓ વચ્ચેના ઊચનીચભાવ સામે પોકાર ઉઠાવ્યો હતો. માણસને યોગ્યતાનુસાર સારો કે નરસો, બ્રાહ્મણ કે ચંડાળ, ભક્ત કે ભોગી કહી શકાય પણ જન્મથી તેમ કહેવો એ તો આત્માને નહિ ઓળખનાર અજ્ઞાની અને અભિમાની આત્મા જ કહી શકે, આત્મજ્ઞાનનો ઇચ્છુક કદી નહિ.

૫. નિવૃત્તિનો આદર્શ—

સર્વસ્વનો ત્યાગ એ સંપૂર્ણ અહિંસકનું અનિવાર્ય આચરણ છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં પ્રમાદ છે, હિંસા છે, પાપ છે. મુમુક્ષુમાં મમત્વપ્રેમ એ પરસ્પર વિરોધી છે. તેથી જૈન ધર્મે ધર્માર્થી કે આત્માર્થી માટે સર્વસ્વનો ત્યાગ એક અનિવાર્ય શરત તરીકે રજૂ કર્યો. પરંતુ એ ત્યાગ સંપૂર્ણ બ્રહ્મચર્ય વિના ન જ સંભવે તેથી સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન પણ તેમને માટે અનિવાર્ય બન્યું.

આ તરફથી વેદવિશારદ બ્રાહ્મણોને તે ખટકયું. તેઓ ગૃહસ્થાશ્રમી પણ હતા અને પરિગ્રહી પણ. તેમને આશ્રમવ્યવસ્થા સામે ઉપરનો આદર્શ એક ફટકા સમાન લાગ્યો; પણ મહાવીરના વિવેકે તો જાહેર કર્યું કે જો બ્રહ્મચર્યાશ્રમ શ્રેષ્ઠ હોય અને છે જ તો પછી માણસ શરૂઆતથી જ એટલેકે બ્રહ્મચર્યાશ્રમથી જ જીવનપર્યંત બ્રહ્મચારી અને ત્યાગી રહે તો શું ખોટું ? તેથી તો તેના આત્માનું અને સમાજનું ઉભયનું કલ્યાણ જ છે. જેની ઓછામાં ઓછી હાજતો હોય છે તે જ આત્મહિત અને પરિણામે જગતહિત વધારેમાં વધારે સાધી શકે છે. વચલા કે પછીના આશ્રમોની અનિવાર્યતાનો ત્યાગ કરીને અને માત્ર પહેલા આશ્રમમાં રહેનારાની ઉત્તમતાનો પ્રચાર કરીને તેમણે શ્રમણસંસ્કૃતિની વિશેષતા જનતા સમક્ષ રજૂ કરી. તેમણે જાહેર કર્યું કે કામગુણો સંસારનાં મૂળ છે કુટુંબકબિલામાં કે બીજે કયાંય આસકત રહેનારા માણસથી આત્મસાક્ષાત્કાર અનેક ગાઉ આઘો રહે છે.

૬. અનેકાંતદૃષ્ટિ—

જૈન ધર્મની મહત્ત્વની વિશેષતા અનેકાંતદૃષ્ટિના તેના સ્વીકાર અને નિરૂપણમાં છે. કોઈ પણ એક વસ્તુને એક જ બાજુથી કે એક જ અપેક્ષાથી ન નિહાળતાં તેની બધી બાજુએથી જોવી વિચારવી અને પછી તે વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવો એ અનેકાંતદૃષ્ટિ છે. એનું બીજું નામ છે સ્યાદ્વાદ. અનેકાંતવાદનું અપર નામ વિવેકવાદ કહી શકાય. એ એક મહાશકિત છે, જેના આશ્રય લેનારને તે સ્થિર ગવેષક બનાવે છે, અત્યંત જાગ્રત અને વિવેકશીલ રહેવા પ્રેરે છે. એની મદદથી ચાલનાર માણસ આચારક્ષેત્રે કે વિચારક્ષેત્રે, દાર્શનિકોની વચ્ચે કે આધ્યાત્મિકોની વચ્ચે, પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં સાધુ અવસ્થામાં કે ગૃહસ્થાશ્રમમાં જ્યાં કયાંય હોય ત્યાં પોતાનો વિવેક વાપરીને આત્મકલ્યાણને ઓળખી કાઢે છે, તેને માટે તે દીપક સમાન છે. દરેક વિચારને કે વર્તનને ચકાસવા માટે એ એક કસોટી સમાન છે. કેટલાક લોકો એને 'સંશયવાદ' કહીને નિંદે છે, પણ તેમ કરનારા માત્ર તેમનું અજ્ઞાન જાહેરમાં મૂકવા સિવાય બીજું કશું વિશેષ નથી કરતા. એ તો અનેકાંશુ આદિત્ય છે. તેની સામે ધૂળ ઉડાડનારા, વાસ્તવિક રીતે પોતા પ્રત્યે જ ઉડાડે છે. ટૂંકામાં એ તો સંતોની સંતદૃષ્ટિ છે, જ્ઞાનીઓની જ્ઞાનદૃષ્ટિ છે, સાચા કર્મયોગીઓની કર્મદૃષ્ટિ છે.

છેવટે આ વિચારણા ઉપરથી એટલું સમજી શકાયું હશે કે જૈન ધર્મે ભારતીય સંસ્કૃતિને માનવી સંસ્કૃતિ બનાવવા કેટલી કીમતી ભેટ આપેલ છે. પરંતુ એ ભેટ ભારતવર્ષને ચરણે જતાં હવે તે જૈની નથી રહી પણ ભારતીય બની ગઈ છે. આજનો આપણો ભારતવર્ષનો ધાર્મિક આદર્શ પુરુષ અહિંસાના પરિપૂર્ણ અમલમાં જ સત્યનો સાક્ષાત્કાર જુએ છે. હિંદુધર્મને પૂર્ણ બનાવવા માટે વર્ણાશ્રમવ્યવસ્થાની અંદર રહેલા જે દોષોને કાઢવા તેઓ કહી રહ્યા છે અને પ્રયત્નો કરી રહ્યા છે, તે જ દોષોને દૂર કરવાનું કામ મહાવીરે કરેલું હતું. વળી તેઓ જે વિવેક, સમભાવ અને સ્થિરતાથી વસ્તુતત્ત્વને નિહાળે છે, તે ઉપરથી જણાય છે કે તેઓ અનેકાંતદૃષ્ટિનું જ અનુશીલન કરે છે. તેથી કહેવું જોઇએ કે જૈન ધર્મની વિશેષતાઓ હવે ભારતવર્ષની સાંસ્કૃતિક વિશેષતાઓ બની ગઈ છે.

આપણી–અજોડ સંસ્થા.

લેખક: મોહનલાલ દીપચંદ ચોકસી.

રમણીય જહાજ અને એમાં સફર કરનાર આનંદી ચહેરાના મુસાફરો માંડ કિનારાની મોજ ચાખી સાગરના ઊંડા પાણીમાં પ્રવેશ્યા; ત્યાં તો એકાએક આકાશ વાદળાથી ઘેરાવા માંડયું! શ્યામ અભ્રાના જબ્બરા ઘસારા હેઠળ અંશુમાલિના સ્ફુર્તિદાયક ને ઉષ્મા પ્રગટાવતાં કિરણો અવરાઇ ચૂકયા! સાગરના પાણી હીલોળે ચઢ્યા! ભયંકર મોજાંઓ નાવ સાથે અથડાવા માંડ્યાં! એથી વિશાળ એવું એ જહાજ રબ્બરના દડાની માફક ઉછળવા લાગ્યું! પ્રચંડ વાયુનું તોફાન શરૂ થયું! સાથોસાથ વિજળીના કડાકા અને મેઘરાજાનો ગર્જારવ પણ આરંભાયો! ચારે દિશાએથી આફતના પૂર ઉભરાયા નિરખી, ઘડીભર સુકાની પણ કિંકર્તવ્યમૂઢ બન્યો! વિધિની અકળ કળાના વિચારમાં લીન થયો! 'સુકાની, સુકાની, સાવધ થા'ના અવાજો ઊઠવા લાગ્યા. વિપત્તિનો વેગ વધવા માંડ્યો હતો. મુસીબતોનો પાર ન હોતો રહ્યો. નિરાશા તો સામે ડાચું ફાડી ઊભી હતી. એ સમય જેના હાથમાં સુકાન હતું તેને માટે ન હોતો વિચારવશ બની લમણે હાથ દેવાનો કે ન હોતો ધૈર્ય ગુમાવી નબળાઈ દાખવવાનો. સુકાનીનો ચહેરો નિસ્તેજ જણાય તો ખેલ ખલાસ હતો. મુસાફરોની જીવા દોરીનો અંત એ વિષણ્ણ ચહેરામાં છુપાયો હતો.

'God helps them, who help themselves' એ સૂત્રનો સધિયારો લઈ, નાવિકે હૈયું કઠણ કર્યું. અનુપમ હામ ભીડી નાવનું સંચાલન ચાલુ રાખ્યું. ઝંઝાવાતના કપરા નાદ કે વરસાદની સખત ઝડીઓની જરાપણ પરવા ન કરી. જાણે એ ભયંકર સંકટ સામે આંખો બંધ કરી, કોઈપણ હિસાબે નાવને સહીસલામત રીતે નિશ્ચિત સ્થળે લઈ જવાના નિશ્ચય પર ચિત્ત સ્થિર કરી, ભરદરિયે નાવ હંકાર્યે રાખ્યું.

'कार्यं साधयामि, वा देहं पातयामि' એવો જાણે દૃઢ નિર્ધાર! આ ચિત્ર સાથે વિદ્યાલયની પૂરી થતી પચ્ચીશીને સરખાવવાનું મન સહેજે થાય તેમ છે. જૈન સમાજ જેવા શ્રદ્ધાપ્રધાન સમૂહમાં 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' જેવા પવિત્ર નામાભિધાનવાળી સંસ્થા અને શિક્ષણ જેવું ઉચ્ચ ધ્યેય છતાં એ સામે એક કાળે જેવો તેવો ખળભળાટ ન હોતો જન્મ્યો. સુન્દર એવાં નામ ને કામ ચર્ચાનો વિષય બન્યાં હતાં! એ દેડકાપ્રકરણની સ્મૃતિ આજે પણ ગ્લાનિ પ્રગટાવે છે! એક વર્ગના ગાડરિયા ઉલ્કાપાતની આંધિ દીર્ઘદૃષ્ટિથી ન અવરોધાઈ હતે તો કેવું દુઃખદ પરિણામ આવતે એ વિચારતાં આજે પણ ક્ષોભ થાય છે. એ કપરી વેળાયે સંસ્થાના સ્થાપકે ધીરજ ધરી કામ ન લીધું હતે–અરે સુકાનીઓએ લાંબી નજર દોડાવી ઘટતાં પગલાં ન ભર્યાં હતે–તો આજે રજત–મહોત્સવ ઉજવવાનો પ્રસંગ લાભી શકત ખરો? વાતાવરણ એટલી હદે કલુષિત કરી મેલવામાં આવેલ કે જાણે સંસ્થાનું મકાન એટલે અધર્મનું ધામ અને ડાકટરી લાઇન એટલે ઘોર પાપનો ધંધો! ગણ્યા ગાંઠ્યા વિદ્યાર્થીની સ્ખલના કે એકાદ બેનો અવિનય એટલે સારીયે સંસ્થા અધર્મ ને પાપથી ભરેલી! અને સારોયે વિદ્યાર્થીવર્ગ 'અંગારાનો પાક'!

આ જાતના વિપરીત પ્રચારે સંસ્થા સામે ભયંકર રોષ પ્રગટાવ્યો! દાતાઓમાં સંક્ષોભ પેદા કર્યો! સંસ્થાના ચાહકોમાં વણમાગ્યો વિસંવાદ નોતર્યો! આળસ મરડી માંડ ટટાર થતી–બાલ્યભાવ ત્યજી માંડ તરુણાવસ્થામાં પ્રવેશ પામતી–સંસ્થા એકાએક ચીમળાઈ–કરમાઈ અને હતી ન હતી થવાના ઢોલ ગગડી રહ્યા! એક પલકારામાં વર્ષોની મહેનતપર પાણી ફરી વળવાની ઘડીઓ ગણાવા લાગી!!

સમાજના સદ્ભાગ્યે અસુયા પ્રગટાવેલી હુતાશના ભભૂકી છતાં ભરખી શકી નહીં. 'રામ રાખે એને કોણ ચાખે?' એ ઉક્તિ સાચી પડી 'अघटितानि घटयति, सुघटितानि जर्जरी कुरुते' એવો જેનો સ્વભાવ છે–એ વિલક્ષણ વિધિએ જુદી રીતેજ કાંટો ફેરવ્યો. વાદળાં વીખરાયાં અને સંસ્થા વધુ ઝળકી ઊઠી. જરાપણ ઉત્તેજના ધારણ કર્યા વગર, દિ'ઊગ્યે ઊઠતી હવાઓ સામે સંચાલકોએ પરિસ્થિતિનું સાચું ભાન કરાવે તેવા દલીલ પુરસ્સરના રદિયારૂપ વારિછાંટણા ચાલુ રાખ્યા. न्यायात् पथः प्रविचलंति पदं न धीराः એ નીતિકારના વચનનું અવલંબન ગ્રહી સમભાવ–સમતા અને એકાગ્રતાથી સંસ્થાનું ચક્ર ચલાવ્યે રાખ્યું. 'ધીરજનાં ફળ મીઠાં છે' એ કહેવત ફળી. એકાએક ઉદયની ઉષા પ્રગટી. અણધાર્યે ખૂણેથી સંસ્થાને સારી રકમની ભેટ ધરનારા, પોષણના કાર્યને વેગ આપનારા મળી આવ્યા. ચર્ચાના ચર્વણમાં કચરો સાફ થઈ ગયો અને જનતાને સાચી પરિસ્થિતિનાં નિર્મળ દર્શન લાધ્યાં. આકર્ષણ વધી પડ્યું. મુંબઈ ઇલાકામાં આ સંસ્થા પ્રગતિશીલ અને અગ્રેડ ગણાવા લાગી. સંચાલકોને એ માટે સાચે જ ધન્યવાદ ઘટે.

વર્તમાનકાળ એ લીલીસૂકીમાં વાગોળવાની ના પાડે છે. એનો નાદ યુગબળને પિછાનવાનો છે. જ્યાં વિશ્વના ચક્રો વિદ્યુત્વેગે ફરી રહ્યાં હોય, ત્યાં ગોકળગાયની ગતિ શા કામની? મોહમયીમાં જ્યાં ચોતરફ પ્રગતિના ને પ્રફુલ્લ દશાના ગુંજારવ થઈ રહ્યા હોય ત્યાં સંસ્થાની આજની કાર્યવાહી ઠીંગુ સમી જ જણાય. વિદ્યાલય નામ યથાર્થ કરવા સારુ તો હજુ ઘણું કરવાનું બાકી રહ્યું. કાર્યવાહકોના શબ્દોમાં કહીએ તો—

હજુ નથી થયું–વિશ્વવિદ્યાલય તેમજ નથી થયું—

પુરાતત્વમંદિર, સાહિત્યમંદિર, સંભાષણગૃહ, વિશિષ્ટ પુસ્તકાલય કે ઇતિહાસરચનાગૃહ....

આ સંસ્થા તો હજુ માત્ર નવયુગનો સળવળાટ છે એમાં બાલ્યકાળની ઉદાત્ત આશા છે. એમાં સ્વપ્ન સૃષ્ટિનાં સર્જનો છે.

જરૂર છે–ખૂબ સમૃદ્ધ બનાવવાની–અખંડ પોષણ આપવાની અને ધન સમૃદ્ધિથી ભરી દેવાની....

ભણેલાની ટીકા કરવાને બદલે સુધારો, ઘરના છોકરાની જેમ તેનું જતન કરો.

એમ કરતાં જરૂર જણાય ત્યાં તેને ઠપકારો, સહાનુભૂતિ–સૌહાર્દ અને પ્રેમને જગાવો.

સમાજને સાચે માર્ગે લઈ જવાનું આ કેંદ્ર છે.

એને અપનાવવામાં આપણી સંતતિનું સંરક્ષણ છે.

ટૂંકમાં કહીએ તો—

'અમે' અને 'તમે' એવી વાત જવા દો.

'આપણે–સર્વે' એવી વાતને વિચારો.

આ પ્રકારના નિખાલસ ઉદ્ગારો સાંભળ્યા પછી અને પ્રતિવર્ષ પ્રગટ થતા રિપોર્ટમાં વિગતવાર હેવાલ જોયા પછી–આપણી ફરજ શું હોઈ શકે? દૂર ઊભા રહી તટસ્થભાવે નિરખવાની કે એમાં આવી જઈ, ઉમંગપૂર્વક ખાંધ દેવાની?

પ્રશ્નનો ઉત્તર સરળ છે અને તે એ જ કે સંસ્થા માટે યથાશક્તિ અર્ઘ્ય ધરવાનો. રજત મહોત્સવ-ટાણે કનક મહોત્સવની આશા સત્વર ફળે એમ કહેવું એ અયુક્ત નથી જ પણ ફળવાનો આધાર જૈનસમાજના હાર્દિક સહકારપર અવલંબે છે. શ્રીમંતની લક્ષ્મી–ધીમંતની પ્રજ્ઞા અને સેવાભાવીની શુશ્રૂષારૂપ ત્રિવેણીના સંગમ વિના એ બર આવે તેમ નથી. આમ જનસમૂહ ઉપેક્ષાવૃત્તિ ત્યજી દઇ, સંસ્થાની

કાર્યવાહીમાં ઓતપ્રોત થાય તો કાર્યવાહકોના અભિલાષ અધૂરા રહેવા ન પામે. સ્થાપક સૂરિજીનું ધ્યેય પણ સિદ્ધ થાય.

સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીબંધુઓમાં ત્રુટિઓ છે અને ભણીને વ્યવસાયમાં પડેલા ભાઈ-ઓની ઉપેક્ષા છે એ ધ્યાન બાહર નથી જ. તેમ સ્થાપનકાળના મૂળ સૂત્રો સામે સમિતિના ખૂણેથી વારંવાર ઊઠતો વંટોળ પણ ધ્યાન બાહર નથી જ. એ સાંભળીને સંસ્થાના પોષક ને વાહક વર્ગમાં કેટલું દુઃખ જન્મે છે એ કથવાનો આ સમય ન ગણાય. હર્ષની આ પળે એટલો ઈશારો કરીએ કે બંધારણ અને શિસ્તપાલન એ અતિ મહત્ત્વની વસ્તુઓ છે. પ્રમાણિકતા ને સભ્યતા એના પાલનમાં છે. એ વેળા ધરાદ્રાપૂર્વક સ્ખલન કરવું કે દંભનું સેવન કરવું એ ઇષ્ટ ન લેખાય. જે કાર્યો દ્વારા સંસ્થાની અપકીર્તિ થાય કે સમાજનું વાતાવરણ ડહોળાય, તે કરવાનો આગ્રહ રાખવો એ શોભારૂપ ન જ લેખાય. સુજ્ઞેષુ કિં બહુના ?

જૈન સમાજમાં પૈસાની ઉણપ છે એમ કહેવું એ સાચી સ્થિતિનો અપલાપ કરવા જેવું છે. શ્રીમંતો ધન ખરચતાં જ નથી એ કથન તો પ્રત્યક્ષ વાતનો વિરોધ કરવા રૂપ છે. ટૂંકમાં કહીએ તો જૈન સમાજમાં ધનિકો છે અને ધન ખરચાય છે પણ સારું. તો પછી વિદ્યાલય જેવી સંસ્થાની ટેલ અણપૂરી શાથી રહે ? કાં તો એમાં આકર્ષણની ઉણપ કે દાતાસમીપ પહોંચવાની અશક્તિ જ સંભવે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ખરચાતી પ્રત્યેક પાઈ એ જૈનધર્મ અને જૈન સમાજના ગૌરવની વૃદ્ધિ માટે જ છે એટલું પુરવાર કરી આપીએ એટલે આકર્ષણનો પ્રશ્ન ઉકલી જાય. આમ જનસમૂહના અંતર સંસ્થા પ્રતિ વળ્યા કે સંગીનતાના શ્રીગણેશ મંડાયા સમજવા.

દાતા સમીપ પહોંચવામાં ક્ષોભ કેવો ? સંસ્થા માટે જોળી ફેરવનાર તો બડભાગી ગણાય છે. સંચાલકોએ અને વિદ્યાર્થીવર્ગે આમ જનસમૂહમાં વધુને વધુ પ્રમાણમાં ઓતપ્રોત થવાની જરૂર છે. એ માટે વિચાર-પૂર્વક પ્રસંગો યોજવા ઘટે છે. એવા ટાણે સંસ્થામાં વિકસી રહેલી નવનવી કાર્યવાહીઓનો ખ્યાલ આપી શકાય છે. શિક્ષણદ્વારા બદલાએલા જીવનરાહનાં દર્શન કરાવી શકાય છે. એ દિશામાં પ્રયાણ કરવાની તક હાથ ધરવામાં આવશે અને ચીવટાઇથી એને વળગી રહેવાશે તો વિજય અચૂક છે.

'जलबिंदुनिपातेन क्रमशः पूर्यते घटः' એ તો અનુભવપૂર્ણ વચન છે. એનો સધિયારો લઈ મહા-રાષ્ટ્રવાસીઓએ કેડ બાંધી—મામૂલી ફાળામાંથી સંખ્યાબંધ નમૂનેદાર સંસ્થાઓ ઊભી કરી છે. જૈન સમાજનાં સંસ્કાર પ્રતિ મીટ માંડતાં એટલી હદે કમર કસવાપણું નથી જ. સામાન્ય રીતે પ્રયાસ કરવા માત્રથી જ ફળ બેસવા માંડે છે. ફકત જરૂર છે સાચી દિશામાં પ્રયત્નની અને અગત્ય છે માન્યતાના વિચિત્ર વમળમાંથી સંસ્થાને અલિપ્ત રાખવાની.

નામ ને કામ ઉજ્વળ છે તો ભવિષ્ય ઉજ્વળ હોય એમાં શી નવાઈ ! જય હો વિદ્યાલયનો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને તેના ભવ્ય આદર્શો ને પાર પાડવા સાધનસંપન્ન ભાઇઓની જવાબદારી

લેખક–**ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલ,** બી. એ., એલએલ. બી.

જે અદ્વિતીય સંસ્થા કૂલીફાલી ને હીંદુસ્તાનની સમસ્ત જૈન પ્રજાના ગૌરવ અને પ્રગતિમાં અસાધારણ વધારો કરી રહી છે અને જૈન પ્રજાની ધાર્મિક અને અન્ય સર્વ પ્રકારની ઉચ્ચ કેળવણી. નું કેન્દ્રસ્થાન ધરાવે છે, જેણે છવીશ વર્ષમાં લાખો રૂપીઆનો સદ્વ્યય કરી, આર્ટ, લૉ, મેડીસીન વિજ્ઞાન, એન્જીનિયરીંગ વગેરે જુદા જુદા ખાતાઓના ૨૪૯ જેટલા પદવીધારકો તથા ૨૬૧ ડીગ્રી લીધા સિવાયના વિદ્યાર્થીઓ બહાર પાડી, ધંધે વળગાડ્યા અને પોતાના હસ્તકના અનેક ટ્રસ્ટ ફંડોમાંથી ૧૪૭ જેટલા વિદ્યાર્થીઓને લોન આપી અભ્યાસમાં આગળ વધાર્યા અને તેમ કરી જૈન સમાજને ભારે બોજારૂપ અને વિચારણીય થઈ પડેલ કેળવણી અને બેકારીના પ્રશ્નોને એની સાથે ઘણી રીતે હળવા કર્યા છે, તેનાથી લોન સીસ્ટમના ધોરણે કાર્યવાહી ચલાવવામાં આવતા, વિદ્યાર્થીભાઇઓનાં સ્વમાન અને કુળ-ગૌરવ જળવાઈ રહ્યાં છે, જેના મૂળમાં સંકુચિત દૃષ્ટિના ઉપદેશકોના અનિષ્ટ પ્રચારથી સખ્ત કુઠાર પ્રહારો થયા છતાં પણ જેના સંચાલન અને નિભાવ માટે વિશાળ દૃષ્ટિના–ધર્મ પ્રેમી ઉપદેશકોના સતત પ્રયાસના પરિણામે સાધનસંપન્ન વિદ્યાપ્રેમી ભાઇઓનો દાનપ્રવાહ અસ્ખલિત રીતે ચાલુ રહ્યો છે અને રહેશે એવી સંભાવના છે, તેનાં બંધારણ ધારાધોરણ, વ્યવસ્થિત કાર્યવાહી સંપૂર્ણ વ્યવહારદક્ષતાથી ચલાવવામાં આવતાં હોઈ તે અન્ય સંસ્થાઓ માટે અનુકરણીય આદર્શરૂપ અને આકર્ષક થઈ પડ્યાં છે, તે સંસ્થાની સ્થાપના માટેના પૂજ્ય ઉપદેશકોને તેમજ મૂળ ઉત્પાદકોને તથા આશ્રયદાતાઓને, સતત ઉદ્યમશીલ, સેવાભાવી મંત્રીઓ અને કાર્યવાહકોને, સદર સંસ્થાના આ મહાન્ રજત મહોત્સવ પ્રસંગે, ખરા જીગરનાં પ્રોત્સાહન અને અભિનંદન, હૃદયના સંપૂર્ણ ઉલ્લાસ અને પ્રેમપૂર્વક પાઠવાવાની તક હાથ ધરતાં અપૂર્વ આનંદ અને હર્ષોદ્રિક થાય છે.

જે વિદ્યાવ્યાસંગી ઉત્સાહી ભાઇઓએ, આ સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તે અદ્યાપિ પર્યંત, તેના નિભાવમાં, સંચાલનમાં, વ્યવસ્થામાં તેમજ ઝંઝાવાતના પ્રસંગે પણ તેને અડગ રીતે ટકાવી રાખવામાં, પોતાના દ્રવ્યનો, મગજશકિતનો, કાર્યશકિતનો, બુદ્ધિ–વૈભવનો અને વાક્-ચાતુર્યનો, કેવળ સેવાભાવ અને સ્વાર્પણવૃત્તિથી અનહદ ભોગ સતત આપેલ છે અને આપી રહ્યા છે તેમના હર્ષ, ગૌરવ અને આનંદ, આ પ્રસંગે કેવળ કલ્પનાનો જ વિષય થઈ પડે તેમ છે. તેઓ સંપૂર્ણ ગર્વ સાથે પોતાની છાતી ફુલાવતા હોય અને હર્ષોન્માદ અનુભવતા હોય તો તે દરેક રીતે ક્ષન્તવ્ય છે. સામાન્ય કાર્યની સિદ્ધિમાં કાર્યસાધકોને અપૂર્વ સંતોષ અને તૃપ્તિ અનુભવતા આપણે જોઇએ છીએ તો પછી આવા મહાભારત કાર્યની સિધ્ધિમાં તેમને સંતોષ તૃપ્તિ અને નિર્દોષ આનંદ અનુભવતા જોઇએ તેમાં કંઈ નવાઈ જેવું નથી પરંતુ, ખરી નવાઈ જેવું અને તેમને સવિશેષ અભિનંદન આપવા જેવું તો એ છે કે હજુ તો તોઓ તેમના છવીશમા રીપોર્ટનાં છેલ્લા પૃષ્ઠોમાં, અનેક દૃષ્ટિબિંદુથી સંસ્થાના ઉત્તમોત્તમ આદર્શો આગળ કરી, ઘણું ઘણું કરવાનું બાકી છે અને તે માટે પોતાની અતૃપ્તિ જાહેર કરતા, જૈનસમાજ પાસે સંસ્થાને સંપૂર્ણ રીતે અપનાવવાનું ધનસમૃદ્ધિથી બજેટમાં પડતા ખાડા પૂરા કરવાનું, અનેક વિદ્યાર્થીઓને અને તેમના માબાપોને નિરાશ કરવાનો પ્રસંગ ન આવે તેવી સ્થિતિ ઊભી કરવાનું, સાધનના અભાવે એક પણ જૈન ભાઈ ઉચ્ચ કેળવણીથી બેનસીબ ન રહે તેવું સૌભાગ્ય પ્રાપ્ત કરવાનું, વિશ્વવિદ્યાલય, સાહિત્ય મંદિર, પુરાતત્ત્વમંદિર

સંભાષણગૃહ, વિશિષ્ટ પુસ્તકાલય, ઇતિહાસરચનાગૃહ, વગેરે ઊભાં કરવા માટે કટિબધ્ધ થઈ હરેક-પ્રકારની તનની, મનની અને ધનની સાહાય્ય આપવાનું માગી રહ્યા છે. તેઓ પોતાના ઊંચા પ્રકારના અભિલાષો અને મનોરથો આગળ કરી સમાજને અપૂર્વ પ્રેરણાનું પાન કરાવી રહ્યા છે. જે કંઈ થોડું થઈ શકયું છે તેનાથી સંતોષ માની અટકી નહીં જતાં જૈન સમાજની સમૃધ્ધિને અનુરૂપ જૈન સમાજ પોતાનું ઔદાર્ય દાખવે અને "આપણે સર્વે"ના સીધ્ધાંતને ધ્યાનમાં રાખી, નવયુગને અનુરૂપ પોતાની કાર્યપ્રણાલીને નક્કી કરી, દાનના પ્રવાહને દેશકાળનો ખ્યાલ કરી, ખરા ઉત્પાદક માર્ગે ઉત્તરોત્તર શ્રેણીબધ્ધ લાભની પરંપરા ઊભી થાય અને ચાલતી રહે તે રીતે, ખડાપગે સમાજના પરમ ઉત્કર્ષ માટે કમર કસી, "देहं पातयामि वा कार्यं साधयामि"ની ભાવનાથી પ્રેરાઈ તેમની સાથે કામમાં જોડાય અને કાંધ મેળવે એવી વિનિત ભાવે માગણી કરી રહેલ છે.

સંસ્થાના કાર્યવાહકોની આવી માગણી જૈન સમાજ હવે કેવી રીતે–કેટલે અંશે પૂરી પાડવા તૈયાર છે તે જોવાનું રહે છે. આ વિષયના અભ્યાસીને આજ સુધીનો જૈન સમાજનો ઇતિહાસ કેળવણીની પ્રગતિની બાબતમાં ઘણો જ નિરાશાજનક છે. ખાસ કરીને આ વિષયમાં અન્ય ભાઇબંધ કોમોને મુકાબલે આપણે ઘણા જ મોડા જાગ્યા છીએ અને મોડા જાગીને પણ તેમના પ્રમાણમાં આપણે ઘણું ઓછું કરી શકયા છીએ. આજથી ચાલીશપીસ્તાલીશ વર્ષ પૂર્વે મુંબઈ–અમદાવાદ જેવા જૈનપુરી ગણાતા મ્હોટાં શહેરોમાં એક પણ જૈન શ્વેતામ્બર-મૂર્તિપૂજક સમાજનું બોર્ડીંગ, વિદ્યાલય કે ગુરુકુળ ન્હોતું ત્યારે આપણા સ્વધર્મી બંધુઓને–અન્ય સંસ્થાઓમાં આશ્રય લેવો પડતો હતો અને તેમાં કેટલીક મુસીબતો વેઠવી પડતી હતી. શ્રીયુત દાનવીર શેઠ માણેકચંદ હીરાચંદભાઇએ જ્યારે એકલે હાથે–પોતાના જ પગ ઉપર ઊભા રહી મુંબઈ, અમદાવાદ, કોલ્હાપુર, સોલાપુર વગેરે અનેક સ્થળોએ પદરના ખર્ચથી દિગમ્બર જૈન બોર્ડીંગોની સ્થાપના કરી અને તેના નિભાવ માટેના ચાલુ ખર્ચ બદલ પણ પ્રબંધ કર્યો ત્યારે આપણે એક પણ સ્થળે આપણી બોર્ડીંગ ધરાવતા ન્હોતા. સદ્‌ભાગ્યે આ સૈકાની શરૂઆતમાં મુંબઈમાં ડગુમગુ સ્થિતિમાં લાલબાગ જૈન બોર્ડીંગની શરૂઆત થઈ અને તે પછી શેઠ ગોકુળભાઇ મુળચંદની જૈન બોર્ડીંગની ભાડાના મકાનમાં શરૂઆત થઈ અને ટૂંક મુદતમાં તે માટે ભવ્ય–વિશાળ મકાન તૈયાર થયું. આ અરસામાં અમદાવાદમાં શેઠ લલુભાઈ રાયચંદ તરફથી બોર્ડીંગની સ્થાપના થઈ પરંતુ સદર બોર્ડીંગને, અમદાવાદમાં સેંકડો લખપતી જૈન ભાઇઓ છતાં, પોતાના ભાવ માટે બ્હારના જૈન ભાઈઓની મદદ ઉપર આધાર રાખવો પડતો હતો અને ભાડાના મકાનથી ચલાવી લેવું પડતું હતું. થોડા વરસો બાદ એલીસ બ્રીજની બીજી બાજુ સારા હવાપાણીવાળા સ્થળે સુપ્રસિદ્ધ શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ તેને માટે ભવ્ય મકાન બંધાવી આપ્યું. બીજા કેટલાક શહેરોમાં પણ બોર્ડીંગો, ગુરુકુળો છાત્રાલયો અને બાળાશ્રમોની શરૂઆત થઈ તેમાં અત્યારે શેઠ ચીમનભાઈ નગીનદાસ છાત્રાલય ખાસ કરીને આપણું ધ્યાન ખેંચે રહેલ છે. પુના, વરકાણા–ઉમેદપુર–પાલીતાણા કે ભાવનગર–જુનાગઢ–લીંબડી–સુરત–પાટણ વગેરે સ્થળોએ આ બાબતમાં આગળ ડગલાં ભર્યો પરંતુ આમાંની ઘણી ખરી સંસ્થાઓને પોતાના નિભાવ માટે કાયમી ફંડના અભાવે ઘણો ખરો આધાર વાર્ષિક મદદ ઉપર રાખવો પડે છે અને કોઈ કોઈ કિસ્સામાં તો શરૂઆતમાં મોટી રકમોનાં વચનો અપાયાં છતાં સદર રકમો પોતાને ચોપડે જમા કરી થોડા વરસો સુધી ફકત તેનું વ્યાજ આપવાનું જરી રાખ્યું અને પાછળથી વ્યાજ આપવાનું પણ બંધ કરી સંસ્થાને કફોડી સ્થિતિમાં મૂકી દેવામાં આવી. આવી પરિસ્થિતિ ખરેખર ઘૃણાજનક અને દયાપાત્ર છે.

જે જૈન સમાજની અતુલ સમૃદ્ધિની, વ્યાપારવિષયક બાહોશીની, ધાર્મિક બાબતોમાં અઢળક ખર્ચોની, લોર્ડ કર્ઝન જેવા વાયસરોય સ્તુતિ કરી ગયેલ, તે જૈન સમાજ કેળવણીની સંસ્થાઓને પગભર

કરવાની બાબતમાં ઘણો જ પછાત રહેલ છે. જૈન સમાજ ઘણી સારી સંખ્યામાં સૂરિ સમ્રાટો—આચાર્ય મહારાજાઓ, વિદ્વાન્ સાધુ મુનિરાજો તેમજ અન્ય ઉપદેશકો ધરાવે છે છતાં તેમાંના ઘણા ખરાની ઉપદેશપ્રણાલિકા એકજ દિશામાં વહન કરી રહેલ છે અને તેને પરિણામે દાનપ્રવાહ પણ ઘણો ખરો અનુત્પાદક કાર્યોમાં અને ખાલી દેખાવો અને આડંબરપૂર્ણ ધામધુમો તરફ ગતિ કરી રહ્યો છે જૂનાં તીર્થો પૈકી કેટલાક હજુ અધૂરા અને અપૂર્ણ છે અને કેટલાક લાખો રૂપીઆના ખર્ચે જીર્ણોદ્ધાર માગી રહેલ છે તેવા આ નવયુગના જમાનામાં હજુ પણ નવા તીર્થો ઉત્પન્ન કરવાની ભાવના સતેજ થતી જણાય અને તે પુરી કરનાર પણ, તેની ખાસ કરીને વિશિષ્ટ જરૂરિયાત નહિ છતાં, મળી રહે અને તેની જાળવણી માટે ભવિષ્યની સમાજની જવાબદારીમાં—અયોગ્ય વધારો કરવામાં આવે અને અનિવાર્ય જરૂરિયાતના કાર્યોમાં સમાજની ખર્ચ કરવાની શક્તિ ને ક્ષતિ પહોંચાડવામાં આવે તેવી સ્થિતિ અનેક દૃષ્ટિબિંદુથી સુજ્ઞ-જનોની વિચારણા માગી રહેલ છે. વળી સંગીન, ઉપકારક તેમજ ઉત્તરોત્તર મોક્ષમાર્ગ તરફ લઈ જતી પવિત્ર ધાર્મિક ક્રિયાઓ તરફના પૂરતા સન્માન સાથે જણાવવું જોઇએ કે ઉપધાન, અઠાઇમહોત્સવો વગેરે ધર્મ-કાર્યોમાં સાધારણ સ્થિતિના અને ગરીબ જૈન ભાઇઓ અને બેહનો સહેલાઇથી જોડાઈ શકે તેવો પ્રબંધ કરવાને બદલે, સાદાઈ અને મૂળ વસ્તુ તરફ ધ્યાન નહિ આપતાં મોટી રકમનો નકરો ઠરાવવામાં આવે અને મનસ્વીરીતે પોતાના જ હસ્તકના જુદાજુદા દ્રવ્યભંડોળ હસ્તગત કરવામાં આવે તેમજ હજારોના ખર્ચે મ્હોટા મ્હોટા વરઘોડા અને ધામધૂમો કરવામાં આવે તેથી શાસનની ઉન્નતિ થતી માની લેવામાં આવે તો તે ખરેખરી ભ્રમણા જ છે. લોકસમુહના માનસના સાચા અભ્યાસી અને અનુભવી કાર્યદક્ષ પુરુષોને તો આવા આડંબર-પૂર્ણ દેખાવોથી એવા જ ખ્યાલ આવે કે તેથી મુઠીભર મુગ્ધ અને ભોળા મનુષ્યો કદાચ જૈન સમાજની વાહવાહ પોકારશે પરંતુ સુજ્ઞ અને વિચારક ભાઇઓ તો તે તરફ ટીકાની ઝડીઓ જ વરસાવતા જણાશે અને પરિણામે લખલૂટ ખર્ચના ભોગે થતા દેખાવોથી સમાજને યત્કિંચિત્ લાભ થવાને બદલે ઉલટી હાની થશે.

આ નવયુગના જમાનામાં, ઉપર મુજબની શોચનીય દશામાંથી આપણે હવે મુક્ત થવાની—જાગ્રત થવાની જરૂર છે અને સ્વધર્મી બંધુના ઉદ્ધાર અને ઉત્કર્ષ માટે, તન, મન અને ધનની અનેક પ્રકારની શક્તિઓને નહિ ગોપવતાં કંઈ ને કંઈ કરી છૂટવાની જરૂર છે. સમાજને હાલની પરિસ્થિતિમાં ખરેખરી અને અને તાત્કાલિક કઈ વસ્તુની જરૂર છે તેની સર્વગ્રાહી નજરથી અને વિશાળ દૃષ્ટિથી સંપૂર્ણ રીતે ઉહાપોહ કરવાની જરૂર છે અને હાલ તુરત કેળવણીના એક જ પ્રશ્નને મુખ્ય પ્રાધાન્ય આપી સાધનસંપન્ન ભાઇઓએ પોતાનો પુરુષાર્થ સર્વાંશે ફોરવવાનો છે. હજુ પણ બહુ મોડું થઇ ગયા પહેલાં—સમાજ સુધારણાની સ્થિતિ અસાધ્ય કોટીમાં જઈ પોંચે તે પહેલાં આપણે સૌ ભાઇઓએ જાગ્રત થવાની જરૂર છે અને તે માટે જ આ સંસ્થાનો રજતોત્સવ આવી પહોંચ્યો છે એમ માની લઈ આવી ઉત્તમોત્તમ—એકની એક સંસ્થાને સંપૂર્ણ રીતે પગભર કરવા માટે, તેના વાર્ષિક બજેટમાં ભવિષ્યમાં કદીપણ ખાડો ન પડે, સંસ્થાને વિદ્યાર્થીવર્ગની મોટી સંખ્યાને નિરાશ કરવાનો પ્રસંગ કદીપણ ઉપસ્થિત ન થાય અને તેના સર્વ આદર્શો પાર પાડવા માટે ધીમી પણ મકકમ ગતિ કર્યે જાય તે ખાતર, ઉદાર ભાવથી, પોતાની સુકૃતની કમાણીમાંથી બને તેટલી મદદ કરવાની જરૂર છે. કેળવણી પામેલ ભાઇઓની કેળવણીના પ્રસાદથી સુખી જીવન ગુજારતા ભાઇઓની જવાબદારી આ વિષયમાં કંઇક વિશેષ છે અને તેથી પણ અધિક જવાબદારી આ સંસ્થામાંથી જ બહાર પડેલા—ધંધે વળગેલા અને સારી કમાઈ કરતા જૈનભાઇઓની છે. આ પ્રસંગે જણાવવું જોઈએ કે સંસ્થાની લોન રિફંડ કમીટીના સતત પ્રયાસ છતાં પણ સંસ્થામાંથી લોન લઇને આગળ વધેલા વિદ્યાર્થીબંધુઓ, પોતાના ધંધામાં પગભર થયા છતાં—યથાશક્તિ મદદ આપવાની વાત એક બાજુ ઉપર રાખીએ તો

પણ લીધેલ લોન હપ્તાથી પણ પાછી આપવાના આખાડા કરે—વળી પ્રોમીસરી નોટ ન કરી આપે અને છેવટે તેમની સામે દાવો કરવાનો વખત આવે તે તેમને માટે ઘણું જ શરમજનક અને તિરસ્કાર પાત્ર ગણાવું જોઇએ. આ રજતોત્સવ પ્રસંગ તેમને માટે પણ ઘણો જ પ્રોત્સાહનરૂપ નીવડે એવી આશા રાખવામાં આવે છે.

सा विद्या या विमुक्तये એ સૂત્રનો ભાવાર્થ સામાન્યરીતે કેટલાક સંકુચિત દૃષ્ટિવાળાઓ કરે છે તે રીતે નહીં કરતાં વિશાળ દૃષ્ટિથી તેને તેના ખરા સ્વરૂપમાં સમજવાનું છે અને જુદા જુદા અનેક ખાતાઓમાં તેમજ વ્યાપાર ઉદ્યોગમાં હજુ પણ વધારે મોટા પ્રમાણમાં જૈન ભાઇઓને પોતાનું ભાગ્ય આજમાવવા માટે તૈયાર કરવાની એક પણ તક જતી નહિ કરતાં આવી એક નહીં પણ અનેક સંસ્થાઓ સ્થાપવા માટે તૈયાર થવું જોઇએ. આવી ઉદાત્ત ભાવના સફળ કરવા માટે દેશ–કાળને અનુસરી સુવિચારક ઉપદેશકોએ તેમજ દાનવીર ધર્મ બંધુઓએ આ નવયુગના જમાનામાં ઉપદેશપ્રવાહ તેમજ દાનપ્રવાહની દિશાને ખાસ પલટો આપવાની આવશ્યકતા ખડી થાયછે. આવા દિશા–પલટાથી આપણે કેળવણી જેવા અટપટા પ્રશ્નની છણાવટ કરી ઉત્પાદક કાર્યપદ્ધતિમાં અને ઉત્તરોત્તર શ્રેણીબદ્ધ લાભ થતો આવે તેવા ઉચ્ચ કેળવણીના ઉત્તેજનના કાર્યમાં આપણા દ્રવ્યભંડોળને રોકતાં થઇએ તો તેનો પ્રત્યક્ષ લાભ ટૂંક મુદતમાં જ આપણી નજર સન્મુખ ખડો થશે અને ભવિષ્યનો જૈન સમાજ પોતાની તમામ પ્રકારની જવાબદારી સંપૂર્ણ રીતે અદા કરવા ભાગ્યશાળી થશે એટલું જ નહીં પણ કેળવણી ઉપરાંત અન્ય ધાર્મિક તેમજ વ્યાવહારિક બાબતોમાં પણ પોતાનો ઉદાર હાથ લંબાવવાની અણમોલી શકિત પ્રાપ્ત કરશે અને અન્ય ભાઇબંધ કોમોની હરોળમાં આપણું સ્થાન કોઈ અનેરું જ હોઇ શકશે.

પ્રાન્તે આપણી આ, અદ્વિતીય સંસ્થા પોતાના તમામ આદર્શો પાર પાડવા માટેનું યોગ્ય બળ, ધનસમૃદ્ધિ, બુદ્ધિશકિત અને વિરાટ સામર્થ્ય મેળવવા શાસન દેવની કૃપાથી ટૂંક મુદતમાં જ ભાગ્યશાલી થાય અને સંપૂર્ણ તંદુરસ્તી જાળવી દીર્ઘાયુષી થાય એવી પ્રાર્થના સાથે વિરમું છું. સુજ્ઞેષુ કિં બહુના ?

રજત મહોત્સવે–આશિર્વચન.

(અનુષ્ટુપ—વૃત્ત)

ઝંઝાવાતો ઝઝુમ્યા ને પ્રહારો અણુચિન્તવ્યા.
વીર યોદ્ધો છતાં આંધિ મુંઝાવે વજ્રદેહિને.
ભૂમિ શુદ્ધિ હજી થાતી–ભંડાતા પગથારને.
પુરાયા ના હજી પાયા, ત્યાં વંટોળ વિરોધનો.
મૂકે જ્યાં ઈંટ ચણુનારા, દિવ્ય ધામ રમે ઉરે,
અદ્દીઠા હસ્ત ઉખેડે, ત્હોય ચણુનારા હસે.
ખંત ને સ્વાશ્રયે વિશ્વે શ્રમસાધ્ય સહુ ફળે.
શુભાશિષે શુભેચ્છાએ, મહામન્દિર ઉદ્ભવે.
વળી વંટોળ વિક્ષેપો, જગાવે શુભચિન્તકો (!)
ડગે ડોલે ડરે ના ના શાન્ત વિરલ વિધાયકો.
"જશો ના મન્દિર ત્યાંતો–દેવ છે બસ દંભના"
"ધર્મ ખોશો વળો પાછા, છે સુધારક પંથ ત્યાં"
છતાં મન્દિરની જ્યોતિ–જરાયે ઝંખવાય ના.
પ્રતિષ્ઠા પ્રાણ ચેતનની, વિશ્વ ચૉક વીરાલયે.
પૂજારી કૈંક શ્રધ્ધાળુ–મીટ મન્દિર માંડતા.
પ્રાણના પ્રાણ માનીને–વન્દે પરમ પ્રકાશને.
આજ એ મન્દિરે દિવડા–અનેકાનેક જાગતા.
પ્રભુને ધર્મ માનવતા, પેગામો વિશ્વ આપતા.
સરિતા સંસ્કૃતિ વહેતી–રાષ્ટ્રને ઇતિહાસની.
બન્ધુતા ઉન્નતિ, ક્રાન્તિ–સાધ્ય જૈન સમાજની.
યુવાનો કૈંક મેધાવી, પંડિતો સુવિચારકો.
વિદેશે મીટ માંડીને, ધૂમે ધર્મ પ્રચારકો.
પા સદીની પ્રભાકીર્તિ–નિર્મળી નભ વિસ્તરી.
ફળી ફાલી ફુલી વિશ્વે–વાટિકા મહાવીરની.
અનેકાનેક અન્તરિયાં મૌક્તિકાશિષ ઉચ્ચરે
ચીરાયુ હો મણિમય હો–વિશ્વ વિદ્યાલય બની.

—પાદરાકર.

મહાવીર

પૃથ્વીછંદ (સોનેટ)

ધરા ફૂળ ફૂલે લચે લલિત દેહ નીલાંબરે!
કથે કથન લોક કે 'પરમ આત્મ કો જન્મશે!'

ઝુલે કનક પારણે મધુર ગાય મા ત્રીશલા
ઢળે ચરણ ઇન્દ્ર જ્યાં પુનિત ભાગ્ય શા ભોમના!

વહે જીવન લગ્નનું જનક માત આજ્ઞા શિરે,
છતાં સમય ધ્યાનમાં અનુપ ધ્યેય ના વિસ્મરે;

તજી સકળ દાનમાં વસન એક દિક્ષા સમે,
અહો! પણ ન તે રહ્યું વન ગયા દિવ્યાંબરે;

તપોબળ અમાપ છે સબળ સંયમી શૂરની—
ફળી સતત સાધના અગમ પ્રાપ્તિ કૈવલ્યની

ડુબી અગમ ચિંતને મધ જલે લહે મૌક્તિકો
ધરે જગત સમ્મુખે ગણધરો મહા તત્ત્વ કો

"ન કો અધમ ઉચ્ચ છે, નિયમ કર્મનો જીવને
મળે પરમ સિદ્ધિ, જો મનુજ ઓળખે આત્મને."

—મગનલાલ હલીચંદ દેસાઇ

મહાવીર અને અહિંસા

જગમાં જ્યારે હીંસા કેરાં મહાન રાજ્યો જામ્યાં
લોહી તણી વહેતી ગંગાઓ, સાગર જળ રંગાયાં
ધર્મ-અધર્મ ત્યાં કોઈ ન સમજે, ભાઈ ભાઈને કાપે
અહિંસાનો પયગમ્બર પ્રગટ્યો, ભારત પુણ્ય-પ્રતાપે
મહાવીર તું વીર સાચો
તુજ મારગ જગથી ન્યારો!

તુજ સામર્થ્યે મહાન્ ગીરિવર મેરુ શીખર કુંચ્યો
તુજ સામર્થ્યે સળગેલો સંસાર શાંતિથી જંપ્યો.
તેં જોયું કે, જગતમહીં સહુ, અજ્ઞાને અથડાતાં
તેં જોયું કે, અંધ બની સહુ પાપમહીં પટકાતાં.
તેં જોયું કે, ધર્મગુરુઓ, હિંસા-ધર્મ પ્રસારે
દેવ-દેવીનાં મંદિરમાં નિર્દોષ પશુ સંહારે!
જીવદયા પ્રતિપાળ તું સાચો
તુજ મારગ છે જગથા ન્યારો

જોઈ જગતનાં દુઃખ અનેરાં, રાજવૈભવ તેં ત્યાગ્યાં
દીક્ષા લેઈ ચાલ્યો વનવન અન્ન અને જળ ત્યાગ્યાં
ઘોર તપસ્યા સાધી જગને, પ્રેમમંત્ર સુણાવ્યો
હિંસા :શસ્ત્ર સજેલાં સહુને, અહિંસામંત્ર પઢાવ્યો.
અહિંસા કેરા મારગ ઉપર, બુદ્ધ-ઈશુ પણ ચાલ્યાં
અહિંસા કેરા મારગમાં, ગાંધીએ પગલાં પાડ્યાં.
અહિંસા પરમો ધર્મ છે સાચો
તુજ મારગ છે જગથી ન્યારો

આજ અહિંસા સહુ ધર્મોમાં, પરમ ધર્મ પંકાયે
આજ અહિંસા સહુ શસ્ત્રોમાં, કાતીલ શસ્ત્ર મનાયે
આજ અહિંસા આગળ જગનો દારૂગોળો ઠરશે
આજ અહિંસાથી તો જગને સાચી શાંતિ મળશે.
વિશ્વધર્મ છે એક જ સાચો
તુજ મારગ છે જગથી ન્યારો

મહાવીરનો સંદેશ જગતને ખૂણે ખૂણે કહેજો
"અહિંસા કેરી વિજય-પતાકા, ઊંચે ગગને ઉડજો."

—શાંતિલાલ બા. શાહ

શેની હવે વાર ?

શેની હવે વાર ત્યારે ?
જાગે છે સવાર જ્યારે ?
લઈ લે ઝોળી ને ચાલ બ્હાર ?
તારે શેની હવે વાર ?

મનમાની લેને કેડી,
બ્હટ મીઠાં ફળ લે વેડી,
ન મળે તેનો ન બ્હેતો ભાર !
તારે શેની હવે વાર ?

ફૂલો દેખી શે મ્હોવું ?
કંટક દેખી શે રોવું !
નોખાં ન ગુલ ને એના બ્હાર
તારે શેની હવે વાર ?

ભરાય વા રે'તી બ્હાલી,
લુંટાવી ઝોળી રે મ્હાલી—
રાખીશ ના નિજને યે કહીં ઉધાર !
તારે શેની હવે વાર !

દુનિયા બ્હાર બ્હડી આખી,
ટે'લ રહી તારી નાખી—
પડતો પડ છો પેલે પાર
તારે શેની હવે વાર ?

—સ્નેહરશ્મિ.

એ શું હશે ?

આષાઢ આભ ભરી જીવનમાં ઝુકયો'તો,
ને ખિન્ન હું ચહુદિશે તલસી રહ્યો'તો
આછોતરી ય કરવા નયનોથી ઝાંખી
પેલી વસન્ત તણી—જેહની અંગુલિએ
સંધુમ આ હૃદયની જગવી સતારી,
ને સ્વપ્નની મદભરી રમણા મચાવી.

હું રિદ્ધિ એ હૃદયની, દિલની ખુમારી
સર્વત્ર ઢૂંઢી અવિરામ યદા રહ્યો'તો;
સૂકાં, અહીંતહીં રહ્યાં ઉડી પાંદડાંમાં
નિસ્તેજ નેત્ર મુજ હું થકવી રહ્યો'તો,
ત્યાં કોકિલા કયંહિથી કૂજી ઉઠી અચિન્તી;
આષાઢમાં ય ઘડી પાથરતી વસન્ત

એ શું હશે ? ઉર વસન્ત વિદાયબોલ ?
વા કોલ કો નવલ ભાવિ વસન્ત કેરો ?

—મનસુખલાલ ઝવેરી.

વિરલ વિદ્યાલય

(કવિ ન્હાનાલાલના પરમપ્રેમ પરબ્રહ્મ-ચાલ)

પરમપુણ્ય ધામ. ૐ
જીવનના સંસ્કાર, અંતરાત્મતત્વસાર.
ધર્મપ્રેમ શુદ્ધાચારના પ્રકાશપારાવાર—પરમ
આત્મજ્ઞાન અજ્ઞતાર, ભવોદધિ તારનાર
ઇતિહાસને સમાજ કેરા ગુંજતા સિતાર—પરમ
વિશ્વનાં નૂતન વિધાન, સંસ્કૃતિનાં સત્યજ્ઞાન.
ગુરુકુળવાસ ભાન-કરાવણુહાર દ્વાર—પરમ
માનવસેવા સંભાર, તપ ત્યાગના સંચાર,
વીરઆજ્ઞા શિરોધાર્ય, જૈનત્વના જયકાર-પરમ
શિસ્તને સિદ્ધાંત સાધ્ય, સાધવા પુનિત ધામ
રાષ્ટ્રધર્મ, રસાયણ આશા ને સ્વાર્પણનાંજ—પરમ
પ્રકટાવે નવ પ્રાણ, મર્દ સાચા વીર બાળ.
મેધાવી યુવાન ભાણ, અહિંસાના પ્રતિપાળ—પરમ
જીવન ચૈતન્ય જ્વાલ—માનવતા મણિમાળ
વીરનું વીરલ દ્વાર મહાવીર વિદ્યાલય-પરમ

પાદરાકર.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

રજત મહોત્સવ ગ્રંથ

અંગ્રેજી વિભાગ

JAINS AND PRACTICAL RESEARCH

By

P. G. SHAH, M.A., B.SC.
ACCOUNTANT GENERAL, BOMBAY

The authorities of Shri Mahavira Jaina Vidyalaya deserve to be congratulated on the occasion of the celebration of the Silver Jubilee of the Institution. The publication of a *souvenir* volume is an innovation worthy of the spirit of sincerity and service behind this institution and gives me great pleasure to join in the effort and to offer my tribute to the workers and to wish them greater success in their efforts.

संवत् १९५२ की शरद ऋतुमें न्यायांभोनिधि जैनाचार्य १००८ श्रीमद्विजयानन्द सूरि–प्रसिद्धनाम श्री आत्मारामजी महाराज अंबाला शहरमें श्रीसुपार्श्वनाथजीकी मार्ग शुक्ला पूर्णमासीको प्रतिष्ठा करा कर लुधीआना शहरमें पधारे, यहां अभीतक श्री जिनमंदिरजीका कोई काम नहीं हुआ था इसलिए श्रद्धालु श्रावकवर्गने व्याख्यानप्रसंगमें श्री जिनमंदिरजीका प्रसंग छेड दिया. श्रीगुरुदेवजीने भी समयानुसार योग्य उपदेश दिया. इसवक्त एक क्षत्रिय जातीय **थापर** महाशय बोल उठे कि, महाराज साहिब आप देवमंदिर तो नये नये बनवाते जाते हैं परंतु इनके पुजारियोंको पंदा करने वाले सरस्वतीमंदिर–पाठशाला भी तो होनी चाहिये ! श्रीगुरुदेवजीने कहा थापरजी तुमारा कहना ठीक है, हमारा भी यह ख्याल है, परंतु सम्यक्त्व–शुद्ध श्रद्धानको कायम रखनेके लिए सबसे पहले श्री जिनमंदिरजीका होना आवश्यक समझा गया है जो प्रायः बहुत स्थानोंमें बन गये हैं कहीं कहीं बन रहे हैं और बनते रहेंगे ! अब हमारा यही ख्याल है कि, पंजाबमें सबसे अधिक श्रावक परिवार **गुजरांवाला** शहरमें है और हम उधर ही जा रहे हैं, यदि ज्ञानी महाराजने देखा होगा तो इस चौमासेमें यही उपदेश दिया जायगा कि, धर्मकी जानकारीके लिए ज्ञानकी जरूरत है. उसके लिए प्रबंध होना चाहिये. जिसमें उपर लिखे काव्यकी दश वस्तुएं श्रीगुरुदेवने फरमाई कि–विद्याकी प्राप्तिमें पांच कारण अंतरंग हैं और पांच ही कारण बाह्य हैं.

अभ्यन्तर

१ आरोग्य–पठन करनेवाला विद्यार्थी नीरोग होवे.

२ बुद्धि–बुद्धिमान् होवे.

३ विनय–विनयी–विनयवान् होवे.

४ उद्यम–उद्यमी–मेहनतु होवे.

५ शास्त्रराग–शास्त्रोंपर रागवाला श्रद्धालु होवे.

बाह्य

१ आचार्य–पढानेवाला गुरु–अध्यापक–पंडित–मास्तर–उस्ताद.

२ पुस्तक–ग्रंथ–किताबें.

३ निवास–स्थान–मकान–आश्रय.

४ सहाय–मददगार–सहायता देनेवाला.

५ भिक्षा–भोजन–खानपानसामग्री.

इनमें प्रथमके पांच कारण पठन–पढनेकी सिद्धि करनेवाले हैं और बाह्य पांच कारण पाठको बढानेवाले अर्थात् पठन–पढनेमें वृद्धि करनेवाले हैं. जहां तक हमारा अनुभव है गुजरांवाला शहरका श्रीसंघ अग्रगामी–अगुआ बने और पंजाबके श्रीसंघ उनको साथ देवें तो श्रीसरस्वती मंदिरका प्रारंभ हो सकता है, बादमें गुजरात–मारवाड–बंगालादि देश और बम्बई, सुरत, अमदाबाद, कलकत्ता आदि शहरोंकी मददसे उस कार्यकी वृद्धि-तरक्की हो सकती है, इत्यादि श्री गुरु महाराजके जवाब को सुनकर खुश होते हुए थापरजीने कहा, इसमें शक नहीं आप प्रभावशाली पुरुष हैं जब चाहेंगे वह कर सकेंगे!

श्रीगुरुदेव लुधीआनासे विहार कर जालंधर, जंडियालागुरु, अमृतसर, नारोवालादि शहरोंमें विचरते हुए सनखतरा शहरमें पधारे, वहां श्रीधर्मनाथ स्वामीकी प्रतिष्ठा और पौनेदोसौ (१७५) नूतन श्रीजिनबिंबोंकी अंजनशलाका वैशाख सुदि पूर्णिमा को कराके क्रमसे विहार करते हुए ज्येष्ठ शुक्ला द्वितीयाको शहर गुजरांवालामें पधारे.

इस वक्त श्रीसंघमें और शहर गुजरांवालामें जो आनंद उत्साह हो रहा था जिव्हामें वर्णन करनेकी और लिखनेकी कलममें ताकत नहीं है! परंतु थोडे ही रोजमें वह आनंद उत्साह एकदम ही कपूरकी तरह ऊड गया और सबके सब निरानंद निरुत्साह हो गये! सब मनोरथ मन ही मनमें विरला गये!! बात यह बनी कि, ज्येष्ठ शुक्ला सप्तमी मंगळवार अर्द्धरात्रि के समय अमंगल हो गया, जैन सूर्य अस्त हो गया; पूज्यपाद आचार्य देव न्यायांभोनिधि जैनाचार्य १००८ श्रीमद्विजयानंद सूरीश्वरजी श्री आत्मारामजी महराज इस मृत्यु लोकको छोडकर स्वर्गलोकमें जा पधारे!!! बस फिर क्या था? सरस्वती मंदिर बनवानेकी भावना उनके साथ ही चली गई! परंतु जिन सेवकोंने लुधी-आनामें आपका व्याख्यान सुना था उनके हृदयमें उसकी गूंज रह गई! उन सेवकोंमेंसे मैं भी एक तुच्छ सेवक हूं! श्रीगुरुदेवके शरीरके अग्निसंस्कारके समय प्रायः पंजाबका कुल श्रीजैनसंघ इकट्ठा हुआ था, उनके सामने श्रीगुरुमहाराजकी अंतिम इच्छा सुनाई, श्रीसंघने सादर स्वीकार कर ली! परंतु कार्यरूपमें परिणत होनेका तात्कालिक समय न होनेसे फूलनहीं फूल की पांखडी समझकर पाई फंडकी योजना शुरू की गई!

यदि यह योजना आजतक कायम रही होती तो ४६ वर्ष में कितनी रकम हो जाती. वाचक वृंद स्वयं हिसाब लगा लेवें ! भावि भाव दो चार वर्ष में यह योजनाभी निष्फलसी होगई ! ! ! ज्यों ज्यों श्रीआचार्य देवके वियोगको समय वीतता चला, लोगोंके दिलोंमेंसे बात विस्मृत होती गई. दैवयोग १९६४–६५ ई. सन १९०९–में शहर गुजरांवालामें पंडितोंकी जरूरत पडी उस वक्त, पाई फंडकी जो थोडीसी रकम जमा हुई थी, आग्रावाले बाबू दयालचंदजीकी मारफत पंडित वृजलालजी आदि विद्यार्थियोंको मदतमें दी गई थी. उस के फलस्वरूप, पंडित वृजलालजीने श्रीसंघ पंजाबके दिलमें अच्छा प्रभाव पैदा किया जिससे श्रीसंघ पंजाबकी फिरसे आंखें खुलीं, जिससे कइ एक शहरोंमें छोटे छोटे पायेपर "श्रीआत्मानंद जैन पाठशाला" कायम हो गई. जिनमें आजतक वृद्धि होती हुई उच्चस्थानमें एक अंबालाकी ही पाठशाला नजर आ रही है, जो मिडलसे हाई और हाईसे कालेज तक पहुंची है ! या श्रीगुजरांवालामें श्रीआत्मानंद जैन गुरुकुल ! यह भी एक निश्चित बात है, **फरसना जोरावर होती है** जो कार्य जिस निमित्तसे होना होता है वह निमित्त अवश्य मिल जाता है. मेरा इरादा श्री सिद्धाचलजी तीर्थकी यात्राका हो गया. १९६४–६५ का चौमासा सद्गत आचार्य महाराज १००८ श्रीविजयकमलसूरीश्वरजी तथा १००८ उपाध्यायजी महाराज श्री वीरविजयजीके साथ गुजरांवाला शहरमें करके चौमासे बाद श्री सिद्धाचलजीकी यात्रार्थ विहार किया. पालनपूर पहोंचकर वहां ही चौमासा किया. चौमासेके बाद राधनपुरनिवासी शेठ मोतीलाल मूलजीकी विनतीसे उनके श्रीसिद्धाचलजीके संघमें जानेके लिए राधनपुर जाना हुआ. राधनपुरमें मेरी दीक्षाके समयसे सेठ मोतीलालका मेरे साथ धर्मस्नेह था. मैंने उनसे आचार्य भगवान् न्यायांभोनिधि जैनाचार्य १००८ श्रीमद् विजयानंद सूरीश्वरजी श्री आत्मारामजी महाराजजीकी अंतिम इच्छा प्रकट की. शेठजीने जवाब दिया आप कभी बम्बई पधारें तो सब कुछ हो सकेगा !

इसी धूनमें १९६९ विक्रममें मेरा बम्बईमें जाना हुआ, श्रीसंघने योग्य स्वागत किया, लालबागके उपाश्रयमें उतारा दिया, चौमासाकी विनती हुई, सानंद चौमासा वीत गया. चौमासा पूर्ण होनेपर विहारकी तैयारी की, श्रीसंघने, थोडासा समय और बिराजनेकी कृपा होवे तो अच्छी बात है, विनती की, जवाब में कहा गया साधु को चौमासा बाद रहने की शास्त्राज्ञा नहीं है, हां–यदि कोई अधिक लाभ होता दिखाई देवे तो रह भी सकते हैं ! श्रीसंघने कहा आप हमारे लायक कोई ऐसा काम फरमावें जिसमें आपको भी शास्त्राज्ञा का बाध न आवे और श्रीसंघकी इच्छा पूर्ण होने पर श्रीसंघको भी लाभ होवे.

श्री संघका उत्साह देख कर मैंने स्वर्गवासी गुरुदेव आचार्य भगवान्का अंतिम संदेशारूप अंतिम भावना श्रीसंघ के आगे प्रकट कर दी ! श्रीसंघने सादर स्वीकार कर ली ! जिसका फलस्वरूप **श्रीमहावीर जैन विद्यालय** कायम हुआ, जो फूलेफले बम्बई शहरमें जैनोंके लिए एक गौरवका सूचक है !

श्री महावीर जैन विद्यालय, मुंबई.

इस हेडिंगसे श्री श्वे. स्था. कोन्फरन्सका मुखपत्र **जैनप्रकाश** अपने साप्ताहिकपत्रके ता. १ नवेम्बर १९४१ के अंक में लिखता है कि—

"रीपोर्ट उपर सामान्य नजर फेरवतां ज आ संस्थानी प्रवृत्तिओनी विशालता नजरे पडी. आ संस्थानुं कार्यक्षेत्र मुख्य ८ विभागोमां वहेंचायेलुं छे—जे नीचे मुजब छे.

(१) शेठ वाडीलाल साराभाई विद्यार्थिगृह आ संस्थानो मुख्य विभाग छे, जेमां आसरे ११५ विद्यार्थीओ विद्यापीठनी जुदी जुदी शाखाओनो उच्च अभ्यास करी रह्या छे. आ संस्थामां रही अनेक विद्यार्थिओए सारो विकास साध्यो छे. विद्यार्थिओनी प्रगतिमां आर्थिक संकडामणो अडचण उभी न करे ए दृष्टीए संस्था तरफथी लोननी सुंदर अने संगीन व्यवस्था छे. (२) आ संस्था बहारगामना विद्यार्थिओने अभ्यास माटे सगवड आपे छे. (३) दूर देशमां अभ्यास माटे जवा इच्छता विद्यार्थिओने लोनरूपे मदद आपे छे. (४) माध्यमिक शिक्षण माटे पण लोनरूपे सहाय करे छे. ए उपरांत (५) युनिवर्सिटीने योग्य साहित्य तैयार करवानुं कार्य, धार्मिक शिक्षण माटे गोठवण अने पुस्तक योजना तथा सुंदर पुस्तकालयनी जाळवणी अने वृद्धि, आवी नानी मोटी अनेकविध प्रवृत्तिओ आ संस्था तरफथी आदरवामां आवेल छे. आ रीते आ संस्था **मूर्तिपूजक विद्यार्थिओना विकास अर्थे संगीन अने सुव्यवस्थित कार्य करी रही छे. आवी संस्थानी आपणा स्थानकवासी समाजमां भारे खोट छे. आपणो समाज ज्ञानवृद्धिनी आवश्यकता समजी आवी ज्ञाननदीओने वेगे वहेती बनावी मूके ए ज अभ्यर्थना."**

यह एक प्रकारका निष्पक्ष सच्चा सर्टिफिकेट कहा जाता है ! अपने आप अपनी संस्थाकी बढाई करनी, गुण गाने, उससे दूसरे लोग बढाई करें, गुण गावें इतनाही नहीं बलकि वह प्रस्तुत संस्थाका अनुकरण करनेको अपने समाजको प्रेरणा करें, उत्तेजित करें, बस यही इस संस्थाकी प्रगति और साफल्यता कही जा सकती है !

संस्थाकी सफलताका यश, श्रीसंघ बम्बई, सभासद, मदद पहुंचाने वाले दानी सद्गृहस्थ, कार्यवाहक और उपदेशकर्ता साधु मुनिराज सबको है.

इसमें संदेह नहीं यदि इस संस्थाको सारा ही समाज अपना लेता तो आज यह जैन युनिवर्सिटीके रूपमें नजर आ जाती, जैसा कि संस्थाकी शुरूआतमें सद्गत सेठ हेमचंद अमरचंद मांगरोलवालेका विचार था !

श्रीसंघ जयवंता है ! यदि अब भी श्री संघका ख्याल हो जावे तो युनिवर्सिटी बननेमें बडी बात नहीं ! बम्बई, अहमदाबाद, कलकत्ता तीनों ही शहरका प्रत्येक संघ धारे तो एक एक शहरमें एक एक युनिवर्सिटी बना सकता है ! श्रीयुत दानवीर सेठ कीकाभाई प्रेमचंद अकेले ही धारे तो

बंबई शहरमें युनिवर्सिटी बनानेकी शक्ति रखते हैं ! यदि इनके साथ और भी दानवीर सेठ बाबू पन्नालाल पूनमचंद, सेठ शांतिदास आसकरण, सेठ माणेकलाल चूनीलाल, सेठ कांतिलाल ईश्वरलाल आदि मिल जावें फिर तो कहना ही क्या ? सोना और सुगंध वाला हिसाब हो जावे ! ! इसमें शक नहीं आजकलके समयानुसार वर्तमान परिस्थितिको ध्यानमें लेते हुए जैन संस्कृतिको कायम रखनेके लिए जैन युनिवर्सिटीकी अत्यावश्यकता है ! क्योंकि नीचेके क्लासोंमें जबतक विद्यार्थी होते हैं मातापिताके संस्कारोंके कारण थोडीसी भी धार्मिक भावना उन विद्यार्थियों में दिखलाई देती है, परंतु जब वह विद्यार्थी ऊपरके क्लासों में–कोलेज आदि स्थलों में जाते हैं, मातापिताकी वहां किसी किसमकी भी देखरेख न रहनेसे, स्वच्छंदवृत्तिके कारण, अन्य विद्यार्थियोंकी संगतिके कारण, धार्मिक अभ्यास या प्रवृत्तिके अभावसे, नयी धार्मिक भावना आनी तो दूर रही, पुराणी भी कमती होती जाती है ! यहां तक कि, कितनेक विद्यार्थी तो धर्मके नामसे ही हांसी करने लग जाते हैं ! यह बात प्रायः सब के देखने में आती है–आ रही है. यद्यपि इस खामी को हटाने केलिए–श्रीमहावीर जैन विद्यालय आदि अनेक संस्था बोर्डिंगके रूपमें चल रही हैं, परंतु जैसा लाभ होना चाहिये होता नजर नहीं आता, इस लिए जैन युनिवर्सिटीकी अनिवार्य आवश्यकता प्रतीत होती है जिसमें व्यावहारिक शिक्षणके साथ साथ धार्मिक शिक्षण भी आखिर तक मिलता रहे। जब कभी भी ऐसी संस्था जैन समाजमें होगी तभी ही स्वर्गवासी गुरुदेव न्यायांभोनिधि जैनाचार्य १००८ श्रीमद्विजयानंदसूरि–श्रीआत्मारामजी महाराजकी अंतिम शुभ भावना "सरस्वती मंदिर"की पूर्णरूपमें हो सकती है ऐसा मेरा अपना विचार है !!!

महावीर के नाम का, विद्यालय सुप्रसिद्ध ।
युनिवर्सिटी रूपमें, होवे इच्छा सिद्ध ॥ १ ॥
श्रीगुरुदेव प्रतापसे, वल्लभ इच्छा एह ।
पूरण होवे संघमें, आनंद धर्म सनेह ॥ २ ॥

१४–११–१९४१, स्यालकोट.

વીરસ્તુતિ

-નંદીસૂત્ર-

જયઇ જગજીવજોણિવિયાણઓ જગગરૂ જગાણંદો
જગણાહો જગબંધૂ જયઇ જગપિયામહો ભગવં ।
જયઇ સુયાણં પભવો તિત્થયરાણં અપચ્છિમો જયઇ
જયઇ ગુરૂ લોયાણં જયઇ મહપ્પા મહાવીરો ॥

જાણે જે જગજીવઉદ્ભવસ્થળો, જે છે જનોનો ગુરુ,
વિશ્વાનંદ, જગેશ, બંધુ સઉનો, જે છે પિતા સર્વનો;
શાસ્ત્રોના રચનાર, અંતિમ બધા તીર્થંકરોમાં પ્રભુ,
એવા વીર સુધીરમાનસ સદા વિશ્વે વિજેતા રહો.

ભદ્દં સવ્વજગુજ્જોયગસ્સ ભદ્દં જિણસ્સ વીરસ્સ ।
ભદ્દં સુરાસુરનમંસિયસ્સ ભદ્દં ધૂયરયસ્સ ॥

જેણે પ્રકાશિત કીધું સઘળા જગતને,
દેવો અને નર બધા પ્રણમેલ જેને,
કર્મો તણો મળ અનંત સમગ્ર ધોયો,
એવા મહાવીર સદા જયવંત હોજો.

-સૂયગડાંગસૂત્ર-

खेयन्नअे से कुसले महेसी
अणंतनाणी य अणंतदंसी ।
जसंसिणो चक्खुपहे ठियस्स
जाणाहि धम्मं च धिइं च पेहि ॥ ३ ॥

નિપુણ, કુશળ અને મહર્ષિ એવા મહાવીર અનંતજ્ઞાની અને અનંતદર્શની છે. આપણી સામે રહેલા એ યશસ્વી મહાવીરના ધર્મ અને ધૈર્યને જાણો અને વિચારો.

सुदंसणस्सेव जसो गिरिस्स
पवुच्चइ महओ पव्वयस्स ।
अेओवमे समणे नायपुत्ते
जाइजसोदंसणनाणसीले ॥ १४ ॥

બધા પર્વતોમાં મોટા સુદર્શન મેરુપર્વતનો જેવો મહિમા છે, તેવો મહિમા જ્ઞાતૃપુત્ર શ્રમણ મહાવીરનો જાતિ, યશ, જ્ઞાન, દર્શન અને શીલ પરત્વે છે.

ॐ सर्वज्ञाय नमः

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

રજત મહોત્સવ

સંસ્થાની કાર્યવાહીનો સંક્ષિપ્ત અહેવાલ

સને ૧૯૧૫-૧૯૪૦ સંવત ૧૯૭૧-૧૯૯૬ વીરાત્ ૨૪૪૧-૨૪૬૬.

****

પૂર્વ ઇતિહાસ. નામાભિધાન. સ્થાપના.

સંસ્થા સ્થાપનાની ભૂમિકા

સંવત ૧૯૬૯ ના વૈશાખ માસમાં પૂજ્યપાદ મુનિશ્રી વલ્લભવિજયજી (ત્યાર પછી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ) મહારાજ મુંબઈમાં ચાતુર્માસ કરવા સારુ શ્રી સંઘના આગ્રહથી ભૂલેશ્વર લાલબાગમાં પધાર્યા. તે વખતે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો સૂર્ય મધ્યાન્હ વીતાવી ગયો હતો, એણે સમસ્ત જૈન કોમમાં અનેક નવીન આશાઓ ઉત્પન્ન કરી હતી, વિચાર વાતાવરણમાં મહાન પરિવર્તન કરી નાખ્યું હતું અને સામાજિક ઉન્નતિની ભવ્ય તમન્ના ઉત્પન્ન કરી હતી. નવપ્રકાશ માટે જનતા તૈયાર થઈ ગઈ હતી અને યોગ્ય શબ્દોમાં મધ્યમસરના દલીલપુરઃસરના વિચારો ઝીલવાને માટે આતુર બની ગઈ હતી.

આવી પરિસ્થિતિમાં શ્રી વિજયાનંદસૂરિ મહારાજના પ્રખર વિચારોને ઝીલનાર, એને અમલમાં મૂકવા માટે બનતા પ્રયાસ કરનાર અને દેશપરદેશની અનેક સંસ્થાનો અભ્યાસ કરનાર, વર્તમાન યુગની નાડ પારખનાર અને સમયધર્મના અવિચલિત સિદ્ધાંતને હસ્તગત કરી વ્યવહાર નિશ્ચયનો સમન્વય કરનાર પૂજ્ય મુનિમહારાજશ્રીનું મુંબઈમાં આગમન થયું. તેમણે ચાતુર્માસમાં 'સાત ક્ષેત્ર' પર ખૂબ વિચારણાઓ કરી અને ખાસ કરીને શ્રાવક શ્રાવિકા ક્ષેત્રની પ્રગતિપર સમસ્ત ક્ષેત્રોનો આધાર રહેલો છે તે વાતને પુષ્ટિ આપતાં તેમણે આર્યસમાજ વિગેરે સંસ્થાઓ ઉત્તરમાં કેવાં કાર્યો કરી રહી છે તેની અનેક હકીકતો જુદા જુદા સ્વરૂપમાં રજૂ કરી અને કેળવણી વગર સામાજિક ઉન્નતિ માટે વધારે સારો બીજો કોઈ માર્ગ નથી એમ જણાવતાં, જૈન સમાજના આર્થિક, નૈતિક, સાંસારિક અને સામુદાયિક પ્રશ્નોનો નિકાલ કેળવણીના પ્રશ્નના નિકાલ સાથે ખૂબ અવલંબી રહ્યો છે એ વાત અનેક સ્વરૂપે રજૂ કરતાં, જૈન જનતામાં વિચાર આંદોલનોનો પ્રવાહ શરૂ થયો.

ત્યાર પછી તેમણે ગુરુકુળની યોજના રજૂ કરી. શ્રી સંઘના વિચારક અને ધનવાન આગેવાનોએ આ ચર્ચાને ખૂબ અપનાવી, તે પર વિચારવિનિમય કર્યા, અનેક યોજનાઓ પર વિચારણા થઈ અને એવી કોઈ વિશિષ્ટ યોજના બહાર લાવવા બીજું ચાતુર્માસ મુંબઈમાં કરવા વિજ્ઞપ્તિ થતાં તેનો સ્વીકાર થયો. મુંબઈ શહેરના સ્થાનિક સંયોગો, બહારગામથી વિદ્યાભ્યાસ

માટે મુંબઈ આવનારની અગવડો અને બીજી આનુષંગિક હકીકતો પર વિચારણાને પરિણામે મુંબઈમાં એક વિદ્યાલય સ્થાપવાની યોજનાનો સાર્વત્રિક સ્વીકાર થયો. મહારાજશ્રીએ આ યોજના પર વિચાર કર્યો, શ્રી સંઘે એ યોજના તરફ પસંદગી બતાવી, ધનવાનોએ એને ટેકો આપ્યો, કેળવાએલા વર્ગે એમાં કાર્યદ્વારા સાથ આપવાનો ઉમંગ બતાવ્યો અને મધ્યમ જનતાએ એના વિકાસ માટે બનતો ફાળો અને તનમનધનનો ભોગ આપવા અભિલાષા દર્શાવી. આ સર્વ ચર્ચાને પરિણામે સં.. ૧૯૭૦ ના ફાગણ સુદ ૫ ને રોજ મહારાજશ્રીની હાજરીમાં **શ્રી મહાવીર જૈન વિદ્યાલયની** સ્થાપના કરવાનો મુંબઈના શ્રીસંઘે એકમતે નિર્ણય કર્યો. અને નવીન પદ્ધતિની ઊંચી કેળવણી લઈને ધર્મના દૃઢ સંસ્કાર સાથે સમાજનું હિત હૃદયમાં રાખીને કાર્ય કરનારા યુવકોનો મોટો સમૂહ ઉત્પન્ન કરવાનો આદર્શ સ્વીકારી તેનું કામ હાથ ધરવા અને તે માટે યોજનાઓ ઘડવા તથા જરૂરી ફાળો ઉઘરાવવા વ્યવસ્થા કરવામાં આવી. આ રીતે સં. ૧૯૭૦ ના ફાગણ સુદ ૫ ને રોજ સંસ્થા સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો અને ભૂમિકા તૈયાર થઈ.

નામાભિધાન.

અનેક નામો સંસ્થા માટે સૂચવવામાં આવ્યાં. અન્તે આપણા આસન્નઉપકારી શ્રી વીર-પરમાત્માના નામને સંસ્થા સાથે જોડવાની યોજના સર્વને ફાવતી લાગી અને એ નામાભિધાનનો નિર્ણય પણ સદર તારીખે કરવામાં આવ્યો. વિશાળ નામ રાખવામાં સમસ્ત જૈન સમાજનું એના તરફ લક્ષ્ય રહેવાની અભિલાષા સ્પષ્ટ હતી અને તે ભાવના આદર્શ રીતિએ સફળ થઈ છે તે સંસ્થાનો ઇતિહાસ બતાવશે.

કાર્યવિસ્તાર.

નામપ્રમાણે એનો કાર્યવિસ્તાર સમસ્ત જૈનસમાજ પર્યંત રાખવો જોઈએ, છતાં ફંડની મર્યાદા, નવીન ક્ષેત્રને અપનાવવાની જૈન સમાજની તે વખતની પરિસ્થિતિ અને ખાસ કરીને ઝવેરાતના ધંધાની તે વખતે થયેલી મંદતાને કારણે કાર્યવિસ્તાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ સુધીનો રાખ્યો, તે માત્ર આપણી કોમને પહોંચી વળવાની મર્યાદાને લઈને હતું. એમાં કોઈ તરફ અભાવ કે અરુચિ કારણરૂપે નહોતાં અને તે હકીકત સંસ્થાના પ્રથમ વાર્ષિક નિવેદનમાં સ્પષ્ટ કરી છે એ હકીકત તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. સંસ્થા શરૂ કરી ત્યારે એનો વિસ્તાર કેટલો થશે તેનો ખ્યાલ નહોતો, તે વખત નવીન અભ્યાસ માટે જોઈતી મદદ ચાલુ મળ્યા કરશે એ માટે સંદેહ હતો અને નવીન વિચારોનો જે પ્રવાહ અત્યારે ચાલે છે અને વિચારસ્વચ્છતા ચોતરફ દેખાય છે તે તે વખતે બહુ અલ્પ પ્રમાણમાં હતા.

ફંડ.

સં. ૧૯૭૦ ની સાલ મુંબઈ શહેર માટે ભારે આકરી હતી. મહાવિગ્રહ શરૂ થઈ ગયો હતો, લોકોમાં અસ્થિરતા હતી, વ્યાપાર ધંધાની પાયમાલી હતી અને નવા મોટા કરો તૂટી પડ-વાની ચિંતા હતી. એવા વખતમાં સંસ્થા માટે મોટી રકમ ફંડ તરીકે એકઠી થવાનો સંભવ ઓછો હતો. એટલે નાના પાયા ઉપર દર વર્ષે ઓછામાં ઓછા રૂા. ૫૧) એકાવન દશવર્ષ સુધી આપનારને સંસ્થાના આજીવન સભ્ય તરીકે સ્વીકારવાની યોજના કરવામાં આવી અને તેની સાથે નાની

રજત મહોત્સવ મેળાવડાના પ્રમુખ

સર મણીલાલ બાલાભાઈ નાણાવટી
એમ. એ., એલએલ. બી.
રિઝર્વ બેંક ઓફ ઈન્ડીઆના ડેપ્યુટિ ગવર્નર

મોટી જે રકમ ભેટ મળે તેને ચાલુ ખાતામાં સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું. આ કાર્ય પાર પાડવા માટે નવ[1] સભ્યોની એક હંગામી સમિતિ નીમવામાં આવી અને તેના મંત્રી તરીકે શ્રીયુત મુળચંદ હીરજીભાઇએ કામ કર્યું. આ પ્રાથમિક પરિસ્થિતિમાં સંસ્થાને મોટો ટેકો આપનાર શેઠ હેમચંદ અમરચંદ, શેઠ દેવકરણ મુળજી અને શેઠ મોતીલાલ મુળજીભાઈ હતા અને કેળવાયલા વર્ગમાંથી શ્રીયુત મકનજીભાઈ મ્હેતા, બાર-એટ-લૉ., મોહનલાલ દલીચંદ દેસાઈ, સારાભાઈ મગનભાઈ મોદી, મોતીચંદ કાપડીઆ વગેરે હતા.

આ સમિતિએ પૈસા કેટલા એકઠા કરી શકાશે તે માટે વચન મેળવવા માંડ્યા અને આઠ માસના પ્રયાસને પરિણામે વસૂલ થઈ શકે તેવી વાર્ષિક રૂા. ૮૯૯૬ ની રકમ દશ વર્ષ માટે મળવાનાં વચન મેળવ્યાં.

વચનને ભરોસે.

આવી રીતે દશ વર્ષ સુધી લગભગ નવ હજારની રકમ દર વર્ષે મળ્યા કરશે અને નાની મોટી સહાય મળ્યા કરશે એ વિશ્વાસે તા. ૨૭ સપ્ટેંબર ૧૯૧૪ ને રોજ લાલબાગમાં મળેલ સામાન્ય સભાએ અખતરા રૂપે ત્યાર પછીના જુન માસમાં સંસ્થા ચાલુ કરવાનો ઠરાવ કર્યો અને શ્રી વલ્લભસૂરિ મહારાજ સંસ્થા સ્થાપવાની પાકી ભલામણ વિદ્યારસિક ધનવાનોને અને કેળવાએલાઓને કરી ચાતુર્માસ પૂરૂં થયે વિહાર કરી ગયા. તેઓશ્રીએ તે વખતે જે બીજની વાવણી કરવા ઉપદેશ આપ્યો અને તેઓને જે વિશ્વાસ કાર્યવાહકોમાં હતો તે વિદ્યાપ્રેમીઓએ સાચો કરી બતાવ્યો.

વ્યવસ્થાપક સમિતિની સ્થાપના.

તા. ૯ માર્ચ ૧૯૧૫ ને રોજ પંદર સભ્યોની વ્યવસ્થાપક સમિતિની સ્થાપના કરવામાં આવી. શરૂઆતની વ્યવસ્થાપક સમિતિ શરૂઆતનાં ઘણું વર્ષ સુધી એની એજ ચાલુ રહી હોઈ, તેનાં નામ અત્ર રજૂ કરવા પ્રાસંગિક ગણાશે.

૧.	શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.	ઓ૦ સેક્રેટરી.
૨.	શ્રીયુત શેઠ દેવકરણભાઈ મુળજી	ખજાનચી.
૩.	,, ,, મુળચંદ હીરજી	આસી. સેક્રેટરી.
૪.	,, ,, હેમચંદ અમરચંદ	સભ્ય
૫.	,, ,, મોતીલાલ મુળજી	,,
૬.	,, મકનજીભાઈ જુઠાભાઈ મ્હેતા	,,
૭.	,, મોહનલાલ દલીચંદ દેસાઈ	,,
૮.	,, ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી	,,

૧. નવ સભ્યોનાં નામો (૧) શેઠ રતનચંદ તલકચંદ મારતર. (૨) શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા, એમ. એ., (૩) શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, (૪) શેઠ હેમચંદ અમરચંદ, (૫) શ્રી. મકનજીભાઈ મ્હેતા, (૬) શેઠ જમનાદાસ મોરારજી, (૭) શેઠ ચુનીલાલ વીરચંદ, (૮) શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ અને (૯) શેઠ મુળચંદ હીરજીભાઈ. તે વખતે ખજાનચી તરીકે શેઠ દેવકરણ મુળજીભાઈ અને શેઠ નગીનદાસ મંછુભાઈ ઝવેરીને નીમવામાં આવ્યા.

૯.	શ્રીયુત	શેઠ	ચુનીલાલ વીરચંદ	સભ્ય
૧૦.	,,	,,	મણીલાલ સુરજમલ ઝવેરી	,,
૧૧.	,,	,,	ફકીરચંદ નગીનચંદ ઝવેરી	,,
૧૨.	,,	,,	લલ્લુભાઈ દીપચંદ ઝવેરી	,,
૧૩.	,,	,,	અમરચંદ ઘેલાભાઈ ગાંધી	,,
૧૪.	,,	,,	નરોત્તમદાસ ભાણજી કાપડીઆ	,,
૧૫.	,,	,,	સારાભાઈ મગનભાઈ મોદી	,,

ધારાધોરણ અને બંધારણ.

સદર વ્યવસ્થાપક સમિતિને ધારાધોરણ તૈયાર કરવાનું કામ ખાસ આવશ્યક લાગ્યું. સમિતિએ બંધારણ અને ધારાધોરણનો ખરડો તૈયાર કર્યો. છ મીટિંગમાં તે પર પુષ્કળ ચર્ચા પછી સુધારા વધારા કર્યા અને સંસ્થાનું બંધારણ, ઉદ્દેશ, નિયમો અને પૈસાની હેરવણી ફેરવણી વિગેરે અગત્યની બાબતનો ૧૦૨ કલમનો ખરડો તૈયાર કર્યો. સમિતિએ એટલી વિસ્તૃત ચર્ચા કરી અને તે માટે વારંવાર વિચારવિનિમય કરી સુંદર ભૂમિકા તૈયાર કરી અને તે આખું બંધારણ અને વહીવટી ધારાધોરણ બહુ થોડા ફેરફાર સાથે લગભગ અસલ સ્થિતિમાં આજપર્યંત ચાલુ રહ્યા છે. એ વખતનો ધનવાન અને કેળવાયેલ સભ્યોનો સહકાર અને અરસપરસના પ્રેમ અને વિશ્વાસ ખરેખર અનુકરણીય હોઈ પરિણામ ઉપજાવનાર નીવડ્યા. એ વખતે ટ્રસ્ટડીડ તૈયાર કરવાનું હતું નહિ, કારણકે વગર પૈસે ટ્રસ્ટ ડીડ થાય નહિ, પણ ઉદ્દેશની સ્પષ્ટતા, વહીવટની સરળતા, વિદ્યાર્થીની જરૂરીઆતો અને ભેટ કે લવાજમની રકમના વિનિયોગની રચના એવી સ્પષ્ટ કરવામાં આવી કે એ બંધારણ આખું અનુકરણીય માલૂમ પડ્યું છે.

બંધારણમાં નવીનતા.

આ બંધારણમાં સંસ્થાના ઉદ્દેશ, સામાન્ય સમિતિ, વ્યવસ્થાપક સમિતિની કાર્યમર્યાદા અને વિદ્યાર્થીસંબંધી નિયમો તથા પૈસાની વ્યવસ્થિત ગોઠવણ, ટ્રસ્ટના ધોરણ પર નામાની રીત ઉપરાંત વિદ્યાર્થી પાસેથી લોનની કબૂલાત લેવાનું ધોરણ સ્વીકારવામાં આવ્યું. વિદ્યાર્થી માટે સંસ્થામાં વસવાટ દરમ્યાન જે ખર્ચ થાય તેની લોન લખાવી લેવી અને વિદ્યાર્થી કમાવા માંડે ત્યારે તે રકમ વગર વ્યાજે અમુક શરતે પાછી આપતો જાય એ નવીનતા દાખલ કરી. એથી વિદ્યાર્થીને સખાવતપર આધાર રાખવાનો ખ્યાલ ન થાય અને પોતાની કુમક પર ઊભા રહેવાની ભાવના તેના મગજપર રહે તેની માનસ વિકાસને અંગે જે અસર થાય છે તેનો ખ્યાલ કરવામાં આવ્યો અને આ આખી યોજના તદ્દન નવીન હોવા સાથે ભવિષ્યમાં સંસ્થાને કેટલી સહાયરૂપ નીકળી પડી તે આગળ જતાં જણાશે. આખા બંધારણમાં આ ખાસ નવીનતા હોવાથી તે પર ખૂબ ચર્ચા થઈ અને આખરે સંસ્થામાં દાખલ થનાર લોન વિદ્યાર્થી પાસેથી રકમ પાછી વાળવાની રીતસર કાયદેસરની કબૂલાત લખાવી લેવાનું ઠરાવવામાં આવ્યું. આ આખી યોજના કેટલી ફતેહમંદ વ્યવહારુ અને કાર્યસાધક થઈ છે તે પર આગળ જતાં વિવેચન કરવામાં આવશે. અત્ર ઉલ્લેખનીય વાત એ છે કે આ યોજના સંસ્થા શરૂ કરવા પહેલાં વિચારવામાં આવી હતી અને સંસ્થાના મૂળ બંધારણમાં દાખલ થયેલી હતી. આ સિવાય

વિદ્યાર્થીની ધાર્મિક ભાવના સતત જાગૃત રહે તે માટે તેમને રાત્રિભોજન ન કરવાના, દરરોજ દેવપૂજન કરવાના અને ધાર્મિક અભ્યાસ કરવાના નિયમ પ્રથમથી દાખલ કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં લોનની વાર્ષિક રકમ રૂા. ૩૬૦) રાખવામાં આવી હતી. કોલેજમાં ફીનો મોટો વધારો થતાં ફ્રીની રકમ અને પુસ્તકખર્ચ થાય તે અને તે ઉપરાંત ભોજનાદિ માટે વાર્ષિક રૂા. ૨૦૦) અને પછી રૂા. ૧૭૫)ની રકમ મુકરર કરવામાં આવી હતી. સંસ્થાનો મુખ્ય ઝોક મધ્યમ વર્ગ પર હોઇ સંસ્થામાં દશ વર્ષ સુધી દર વર્ષે રૂા. ૫૧) આપનારને આજીવન સભ્ય ગણવાનો નિયમ સ્વીકારવામાં આવ્યો હતો અને એ રીતે મધ્યમ વર્ગના જૈન બંધુઓ આ સંસ્થાના કાર્યમાં રસ લઈ શકે અને પોતાની વતી વ્યવસ્થાપક સમિતિમાં પંદર સભ્યો ચૂંટી મોકલે એવી યોજના રાખવામાં આવી હતી. આ રીતે મધ્યમ વર્ગ પર આધાર રાખનારી અને જાહેર મતબળપર ઝઝુમનારી આ સંસ્થાનું આખું બંધારણ જનમતના વિશિષ્ટ ધોરણ પર રચાયું અને તેને સામાન્ય સમિતિએ તા. ૨૬-૫-૧૯૧૫ ને રોજ સંમત કર્યું. જનતાના ધ્યાનમાં રહે કે આ આખી ચર્ચા દરમ્યાન સંસ્થાના હાથમાં એક પાઈ નહોતી, એને રહેવાનું સ્થળ નહોતું, એની સેવામાં એક સિપાઈ ન હતો કે ધારાધોરણને સાફ દસ્કતે લખી આપે તેવો એક મહેતો કે નોકર પણ નહોતો.

તારાબાગ-લવલેન.

આવા સંયોગોમાં તા. ૧૮ જૂન ૧૯૧૫ને રોજ ભાયખાળા લવલેન-તારાબાગમાં જગ્યા ભાડે લઈ પ્રાચીન વિધિએ સંસ્થાની શરૂઆત કરવામાં આવી. આ જગ્યા ભાડે લીધી હતી. ત્યાં શેઠ મોતીશાનું ભાયખાળાનું જૈનમંદિર પાસે હોવાથી અને મેડિકલ કોલેજ નજીક હોવાથી એ સ્થાન પસંદ કરવામાં આવ્યું. કુંભસ્થાપન, નવસ્મરણ વિગેરે વિધિ કરવામાં આવી અને ૧૫ વિદ્યાર્થીથી શરૂઆત કરવામાં આવી. આવી રીતે તદ્દન નાના પાયા પર સંસ્થાની શરૂઆત કરી દીધી અને અનેક સ્વપ્નાંઓ સેવતી આ નવીન સંસ્થાનો ઉદ્ભવ થયો. તેનો ઉષાકાળ ઘણો વિકટ હતો, સંસ્થાનું સ્થાન આપણા સામાન્ય વસવાટથી બહુ દૂર હતું અને કોઈ પ્રકારના ભંડોળ વગર સંસ્થા શરૂ કરી દેવાની છૂટ લેવામાં આવી હતી.

કાર્યવાહી અને વિકાસ.

તે વખતે ધનિક વર્ગમાં શેઠ દેવકરણભાઈ મુળજી અને શેઠ મોતીલાલ મુળજીભાઈનો જબરો ટેકો હતો, સંસ્થાની યોજનાને મજબૂત ટેકો આપનાર માંગરોળવાસી શેઠ હેમચંદ અમરચંદ તલકચંદ તો આ સંસ્થાની શરૂઆત થયા પહેલાં ચાલી ગયા, પણ તેમના સુપુત્રોએ પિતાએ વાવેલ બીજને જલસિંચન કર્યું. આ ધનવાન વર્ગ સાથે કેળવાયલા વર્ગનો સારો સહકાર રહ્યો અને નાના પાયા પર શરૂ કરેલ સંસ્થાના કાર્યવાહકોનો ઉત્સાહ સતત જાગૃત રહ્યો અને એને પોષણ મળે તેવા ઉત્તરોત્તર પ્રસંગો બનતા ગયા.

કાર્યવાહીના તે વખતના ઉત્સાહને અંગે એક બાબત જરૂર જણાવવા યોગ્ય છે. પ્રથમ વર્ષમાં વ્યવસ્થાપક સમિતીની ૩૦ (ત્રીશ) સભાઓ મળી. એક વર્ષમાં ૩૦ સભા થાય અને તેમાંની દરેક સભામાં પૂરતી હાજરી રહે એ કોઈપણ સંસ્થાને મગરૂર કરે તેવી બીના છે. ધારાધોરણ, અરજીનું ફૉર્મ, રસોડા ભોજનના નિયમ, આંતર શિસ્તના નિયમો, સ્વચ્છતાના નિયમો વગેરે અનેક બાબતો કરવાની હતી અને તેને માટે વારંવાર સભાઓ ભરવામાં આવતી હતી.

નવીન પદ્ધતિએ સંસ્થાની શરૂઆત.

સંસ્થાના તારાબાગના મકાનનું વાસ્તુ ઉપર પ્રમાણે તા. ૧૮-૬-૧૯૧૫ ને રોજ કર્યું. ત્યાર બાદ બરાબર એક માસે તા. ૧૮-૭-૧૯૧૫ ને શુભ દિવસે નવીન પદ્ધતિ પ્રમાણે મેળાવડો કરી શેઠશ્રી સર વસનજી ત્રીકમજીને શુભ હસ્તે સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવાનો મેળાવડો કરવામાં આવ્યો. તે પ્રસંગે સરસ ભાષણો થયાં, કેળવણીની બાબતમાં જૈન કોમ કેટલી પછાત છે તેપર વિવેચનો થયાં અને વક્તાઓએ અને પ્રમુખશ્રીએ સંસ્થાને શુભ આશીર્વાદ આપ્યા. તે પ્રસંગે શેઠ સર વસનજીએ સંસ્થા પોતાનું મકાન કરે તે પ્રસંગે રૂા. ૧૧૦૦૦ ની રકમ તેમના તરફથી આપવાનું લેખિત વચન આપ્યું. સંસ્થાના ત્યાર પછીના વિકાસને અંગે અત્યારે એ રકમ સામાન્ય લાગે, પણ વગર મૂડીની તે વખતની સંસ્થાને અને તેના કાર્યવાહકોને એ રકમ ઘણી આવકારદાયક અને ઉત્તેજન આપનાર નીવડી હતી. જો કે ત્યાર પછી સદર શેઠશ્રી વ્યાપાર ધંધાની અગવડે સદર રકમ આપી ન શક્યા, પણ તેમણે આપેલ પ્રેરણા તો સદૈવ જાગ્રત રહી અને ખૂબ કાર્યસાધક નીવડી.

સુપરિન્ટેન્ડેન્ટ.

સંસ્થાની શરૂઆતમાં શ્રી છોટાલાલ વમળચંદ શ્રોફ, બી. એ. જેવા માનદ સુપરિન્ટેન્ડેન્ટ મળી ગયા. એ ધનવાન સેવાભાવીએ સંસ્થાની શરૂઆતના ત્રણ વર્ષ સુધી સંસ્થા સાથે જોડાયલા રહી, સંસ્થાના આંતર વહીવટની અને ખાસ કરીને વિદ્યાર્થીના શિસ્તની બાબતમાં અતિ સુંદર દોરવણી કરી. તેમનો વિદ્યાર્થી તરફનો પ્રેમ, કામ લેવાની સરળતા, શિસ્તનું નિયમન અને કેળવણી તરફ અગાધ લાગણી ખૂબ સ્મરણીય રહ્યા અને સંસ્થાએ આંતર વ્યવસ્થાને અંગે જે નામના ત્યાર પછી મેળવી તેમાં તેમણે મોટો ફાળો આપ્યો. તેઓએ વગર વેતને કામ કરી શરૂઆતમાં સંસ્થા ઉપર જરા પણ બોજો પડવા ન દીધો એ તેમની લાગણી ખૂબ ધ્યાન ખેંચે તેવી હોઈ વક્તવ્યને પાત્ર બને છે અને સંસ્થાની તે વખતની ટગમગ સ્થિતિમાં સ્થિતિસ્થાપત્ય કરનાર અનેક વ્યક્તિઓની શુભ ગણનામાં તેમને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવે છે.

વાંડેકર બીલ્ડીંગ-લેમીંગ્ટન રોડ.

પણ લવલેન-તારાબાગવાળું મકાન વિસ્તૃત હોવા છતાં વિદ્યાર્થીની નજરે સગવડવાળું ન નીવડ્યું. વસવાટ દૂર અને લતો અપરિચિત હોવાને કારણે અને લગભગ સર્વ કોલેજો ત્યાંથી દૂર હોવાને કારણે વ્યવસ્થાપક સમિતિએ જગ્યા શોધવા માંડી. અંતે સહ્યેાનું ધ્યાન લેમીંગ્ટન રોડ પર આવેલા વાંડેકર બીલ્ડીંગ પર પડ્યું. તેનો બીજો માળ ભાડે રાખી લીધો અને ત્યાં પ્રથમ વર્ષમાંજ નવેંબર ૧૯૧૫ માં કાર્તક શુદ ૬ સં. ૧૯૭૨ ને રોજ સંસ્થાને ફેરવવામાં આવી.

આ નવા મકાનમાં હવા પ્રકાશ પૂરતાં હતાં, પણ તારાબાગની પેઠે નજીકમાં દેરાસર ન હતું, એટલે ત્યાં જવાની સાથેજ મંદિરની ગોઠવણ કરવાની જરૂર પડી. મહારાજ શ્રી વલ્લભવિજયજીના ઉપદેશથી સુંદર ધાતુના પ્રતિમાજી સુરતથી વગર નકરે મળી ગયા અને સંસ્થાનું મકાન ફેરવ્યું તેજ દિવસે (સં. ૧૯૭૨ કા. સુ. ૬) પૂજ્યશ્રી લલિતવિજયજીની હાજરીમાં ગૃહમંદિરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો. આ સ્થાન જાહેર ભાષણનાં સ્થાનોની નજીક હોવાને કારણે,

વિદ્યાલય ભવન

મકાનમાં જ દેરાસરની સગવડ હોવાને કારણે અને જૈનોનો વસવાટ ગિરગામ ચોપાટી બાજૂએ વધતો જતો હોવાને કારણ વધારે લોકપ્રિય થઈ પડ્યું. માસિક ભાડું રૂા. ૧૬૫) ઠરાવ્યું અને ૧૮ વિદ્યાર્થીઓ સાથે આ રીતે પ્રથમ વર્ષમાં ઠામપાટલો કરવામાં આવ્યો.

ભવનનો ઇતિહાસ

મકાનનો પ્રશ્ન.

સંસ્થાના મકાનની વાત ચાલે છે તો મકાન સંબંધી વાત આદિથી અંત સુધી જણાવી દેવી ઠીક થઈ પડશે. કોઈપણ સંસ્થાની સ્થિરતા એના સ્થાયી મકાન પર છે એમ આ સંસ્થાના કાર્યવાહકોનો વિચાર હોવાથી સંસ્થાના બીજા વર્ષમાં શ્રીમાન વિજયવલ્લભસૂરિની મુંબઈમાં હાજરીની તક લઈ મકાનફંડ માટે શરૂઆત કરી અને તે વખતના શ્રી વલ્લભવિજયજીના સદુપદેશથી તે વખતે સારું ફંડ થયું. સંસ્થાના ત્રીજા વર્ષમાં રૂા. ૯૯૪૭૪-૪-૦ અને ચોથા વર્ષમાં રૂા. ૨૪૧૫૭ વસુલ થયા, એટલે ચોથા વર્ષની આખરે (૧૯૧૮-૧૯) સંસ્થા પાસે મકાન ખાતાના ફંડના રૂા. ૧૨૩૬૩૧-૪-૦ ની રકમ થઈ. આ સવા લાખ જેટલી રકમ થતાં ગોવાળિઆ ટેંક રોડ હાલ જ્યાં સંસ્થાનું મકાન છે ત્યાં ચાર મકાનો શેઠ જહાંગીર બનાજી પાસેથી રૂા. ૧૪૮૦૦૦ ની કિંમતે વેચાતાં લીધાં.

આવી રીતે ગજા ઉપરવટનું કામ શરૂ કર્યું અને તેજ અરસામાં મી. પટેલવાળું નં. ૫નું મકાન રૂા. ૪૨૦૦૦ ની કિંમતે ખરીદ કર્યું. આ રીતે મકાનો ખરીદાયાં, પણ બાંધવા માટે પૈસા ન મળે અને અસલનાં ચાર મકાનો નવાં કરાવ્યાં સિવાય ચાલે તેમ ન હોતું. છતાં ચોથા વર્ષમાં આ ખરીદેલાં મકાનમાં સંસ્થા ફેરવી લાવ્યા અને તે વખતે મકાન ભાડા પર જે અંકુશનો કાયદો હતો તેનો અનુભવ કર્યો.

દરમ્યાન છઠ્ઠા વર્ષમાં (૧૯૨૦-૨૧) માં. નં. ૫ ના મકાનની બાજુમાં નં. ૬ વાળું મકાન ખરીદ્યું અને તેની ખરીદીના રૂા. ૩૧૦૦૦ આપ્યા અને આ બે મકાનના રીપેર ખર્ચમાં રૂા. ૧૧૭૯૩-૮-૯ થયા. આ રીતે મકાન ફંડ ખાતે ત્યાં સુધીમાં રૂા. ૧૩૭૯૮૬-૪-૦ વસુલ થયા હતા, ત્યારે મકાન ખરીદીમાં રૂા. ૨૩૨૭૯૩-૮-૯ ખરચ્યા. સંસ્થાના ગજા ઉપરવટનું આ કામ હતું, પણ જૈન કોમની ઉદારતા ઉપર ભરોસો રાખી કાર્યવાહકોએ જોખમ ખેડ્યું અને નં. ૫ નું મકાન ખાલી કરાવી ત્યાં વિદ્યાર્થીઓને લાવી રાખ્યા.

આ રીતે વાંડેકર બીલ્ડીંગમાંથી પ્રથમ ગોવાળિઆ ટેંક રોડના બનાજી બીલ્ડીંગમાં અને ત્યાર બાદ પટેલ બીલ્ડીંગ નં. ૫ માં રહેવા આવ્યા. દરમ્યાન જ્યાં જ્યાં સંસ્થા ફેરવવામાં આવી ત્યાં ત્યાં દેવપૂજન માટે ગૃહચૈત્ય તો જરૂર રાખવામાં આવતું હતું, તે પ્રમાણે આ નં. ૫ વાળા મકાનને ઉપરને માળે એક વિશાળ ઓરડામાં દેરાસરની વ્યવસ્થા કરવામાં આવી.

પણ આખો વખત સંસ્થા માટે મકાન કરવાની તીવ્ર ઇચ્છા વધતીજ ચાલી, એટલે ૧૯૨૧-૨૨ દરમ્યાન સાતમા વર્ષમાં સંસ્થાના બનાજીવાળાં ત્રણ મકાનો ઉતારી નાંખ્યાં અને ત્યાં તા. ૧૩-૧૨-૧૯૨૨ ને રોજ શેઠ દેવકરણ મુળજીભાઈના વરદ હસ્તે બડા આડંબરથી નવા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. તે વખતે ભવ્ય મેળાવડો થયો, વિદ્યાર્થીઓએ રંજનનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો અને ખાસ નોંધવા જેવી બાબત એ છે કે એક માંગરોળવાસી બંધુ શેઠ ગોવીંદજી માધવજી કરમચંદે ૨૬ તોલાની સોનાની લગડી સંસ્થાના પાયામાં નાખવાની શરતે લગભગ

પાંચ વર્ષ પહેલાં સંસ્થાની શરૂઆતમાં આપી હતી, તેની વૈજ્ઞાનિક પદ્ધતિએ તેજમતુરી કરાવી એને પાયામાં નાખી. આ રીતે સોનાને પાયે સંસ્થાનું ખાત કર્યું અને તે વખતે જે ઉત્સાહ જોવામાં આવ્યો હતો તેને અનુરૂપ મકાન બાંધવાની શરૂઆત કરવામાં આવી.

પણ નાણાની જે રેલમછેલ મહાવિગ્રહ પૂરો થયા પછી મુંબઈમાં ચાલી હતી તે જુવાળ ઊતરી ગયો, વેપારીઓ મોટી નુકસાનીમાં આવી ગયા, મકાન ફંડનાં મોટાં સ્વપ્નાં દ્વિગંતમાં અથડાઈ ભૂક્કા બોલી ગયા અને થોડી બચત રકમ હતી તે તો પાયામાં ખલાસ થઈ ગઈ. આથી સર્વ ગણતરીઓ ઊંધીવળી ગઈ. મોટર શોરૂમના રૂા. ૧૨૦૦) માસિક ભાડું આપવાનું લખાણ કરી આપનાર ધંધામાંથી ખલાસ થઈ ગયા અને મહામુસીબતે ધીમુંધીમું મકાન બાંધવાનું કામ ચલાવવા માંડ્યું. શેઠ દેવકરણભાઈ મુળજીએ રૂા. ૨૫૦૦૦), શેઠ મોતીલાલ મુળજીભાઇએ રૂા. ૧૨૫૦૦) અને શેઠ હીરાલાલ બકોરદાસે રૂા. ૧૨૫૦૦) ધીર્યા, પણ એથી મકાનના પહેલા મજલા સુધી કામ આવ્યું.

દરમ્યાન પૂજ્ય વિજયવલ્લભસૂરિની પ્રેરણાથી મુનિરાજશ્રી લલિતવિજયજી મુંબઈ પધાર્યા, તેમણે મારવાડીભાઇઓને પ્રેરણા કરી મકાન ફંડમાં રૂા. ૬૦૦૦૦) મારવાડી તથા અન્ય ભાઇઓ પાસેથી ઉઘરાવી આપ્યા. અને તે ઉપરાંત લગભગ રૂા. ૬૦૦૦૦) નું દેવું કરી મકાન બંધાવ્યું.

સંસ્થા માટેના મકાન બાંધણીમાં લગભગ રૂપીયા બે લાખનો ખર્ચ થયો. દુકાનોના ભાડાની ગણતરી કરી હતી તે સાચી ન નીવડી. આ મકાનમાં લેકચર હોલ (મધ્યગૃહ) નું માપ ૪૨૬૦ ચોરસ ફૂટનું છે. એટલે એમાં ૪૭૩ ચોરસ વાર જગ્યા રોકાય છે. એમાં ૧૨૦૦ ભાઈ બહેનોનો મેળાવડો થઈ શકે તેટલી વચ્ચેની ખાલી જગ્યા છે. આ રીતે દેવું કરીને મકાન બાંધ્યું. તેના ઉદ્‌ઘાટનની ક્રિયા સર પ્રભાશંકર દલપતરામ પટણી (મુખ્ય દિવાન, ભાવનગર સ્ટેટ) ના શુભ હસ્તે તા. ૩ જી ઓકટોબર ૧૯૨૫ ને રોજ થઈ. તે પ્રસંગે સુંદર કાર્યક્રમ અને સંભાષણો થયાં અને સંસ્થા તરફથી દશ વર્ષની કાર્યવાહીનો મુખ્તેસર અહેવાલ જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

આ રીતે દશ વર્ષની આખરે જૈન કોમની ઉદારતાથી સંસ્થા સુંદર મકાનવાળી થઈ, એમાં સો વિદ્યાર્થીઓ પૂરતી સગવડ સાથે રહી શકે તેવી વ્યવસ્થા થઈ, વિદ્યાર્થીઓ માટે પલંગ, ટેબલ, બુરશી વિગેરે જરૂરી ઉપસ્કર તૈયાર કરવામાં આવ્યા અને એક સુંદર દેરાસર મકાન સાથે પણ મકાનથી અલગ બંધાવવામાં આવ્યું અને તેને ભોંય પર તેમજ આજુબાજૂએ સંગેમરમર આરસથી શોભતું કરવામાં આવ્યું. આ દેરાસરમાં હાલ તુરત તો ગૃહમંદિરમાં ધાતુનાં બિંબ હતા તે જ પધરાવવામાં આવ્યાં. સંસ્થાના મકાનનો પાયો નાખી તેને પૂરું કરવામાં લગભગ ત્રણ વર્ષ થયા તેનું મુખ્ય કારણ પૈસાની જે રેલમછેલ મહાવિગ્રહ પછી થઈ હતી તે અટકી ગઈ તે હતું, છતાં કાર્યવાહકોની ચીવટથી અને જૈન જનતાના સહકારથી દેવું કરીને પણ આખરે મકાનનું કામ પાર પડ્યું તેથી વિદ્યારસિક સર્વ સજ્જનોને ખૂબ આનંદ થયો.

સંસ્થા માટે ખરીદેલાં બાકીનાં બે મકાનો અને બનાજીવાળું નં. ૪ નું મકાન ભાડાની આવક માટે અલગ રાખવામાં આવ્યાં અને તેની ઉત્પન્ન સંસ્થાની આવકમાં દર વર્ષે લઈ જવાનો ઠરાવ કરવામાં આવ્યો.

પેટ્રન

શેઠ દેવકરણ મુળજી

ટ્રસ્ટીઓ.

સંસ્થાના ઉપરનાં મકાનો ખરીદાયાં કે તુરત જ સંસ્થાના છઠ્ઠા વર્ષમાં તા. ૧૦ નવેંબર ૧૯૨૧ ને રોજ સંસ્થાનું ટ્રસ્ટડીડ કરી લેવામાં આવ્યું, તેને રજીસ્ટર કરવામાં આવ્યું અને તેમાં સંસ્થાના બંધારણને સ્થાન આપવામાં આવ્યું. સંસ્થાના પ્રથમ ટ્રસ્ટીઓ (૧) શેઠ દેવકરણ મુળજી સંઘવી, (૨) શેઠ મોતીલાલ મુળજી, (૩) શેઠ ફકીરચંદ નગીનચંદ કપૂરચંદ ઝવેરી, (૪) શેઠ ગોવીંદજીભાઈ ખુશાલ (વેરાવળવાળા) અને (૫) શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆની પસંદગી સામાન્ય સમિતિએ કરી અને દર પાંચ વર્ષે ટ્રસ્ટીની પસંદગી ચુંટણીના ધોરણે સામાન્ય સમિતિ કરે એવો ઠરાવ કરવામાં આવ્યો.

સંસ્થાની જામીનગીરીઓ ટ્રસ્ટીઓના નામ પર રહે છે, ટ્રસ્ટીઓ ઉત્પન્ન થતી રકમને વ્યવસ્થા માટે વ્યવસ્થાપક સમિતિને સોંપી દે છે. અને ધારાધોરણ અનુસાર વખતો વખત ખાલી પડતી જગ્યા વ્યવસ્થાપક સમિતિ પૂરે છે અને પાંચ વર્ષની આખરે ટ્રસ્ટીઓની સામાન્ય ચુંટણી થાય છે.

તા. ૮ એપ્રીલ ૧૯૪૦ ને રોજ દસ્તાવેજ કરી ટ્રસ્ટીઓની નિમણુકનો છેલ્લો દાખલો રજીસ્ટર કર્યો છે તે પ્રમાણે પચીશમા વર્ષની આખરે સંસ્થાના નીચે પ્રમાણે ટ્રસ્ટીઓ હાલ ચાલુ છે.

(૧) શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
(૨) ,, ચંદુલાલ સારાભાઈ મોદી.
(૩) ,, કકલભાઈ બુદ્ધરદાસ વકીલ.
(૪) ,, સાકરચંદ મોતીલાલ મુળજી.
(૫) ,, અમૃતલાલ કાળીદાસ શેઠ.

વચ્ચેના ૧૮ વર્ષમાં ટ્રસ્ટીઓની નવી નિમણુક અને ફેરબદલી થઈ છે તે વાર્ષિક રિપોર્ટમાં બતાવી છે. આ સાથે વખતો વખત થયેલ નિમણુક અને ફેરબદલીની વિગત પરિશિષ્ટમાં બતાવી છે. એ પ્રત્યેક નામ સંસ્થાની અને નાણાની સલામતી માટે પૂરતા હોઈ તે પર ખાસ ધ્યાન ખેંચવાનું આવશ્યક ધારવામાં આવ્યું છે.

રજીસ્ટર.

આ ઉપરાંત ૧૮૬૦ ના ૨૧ મા કાયદા પ્રમાણે સંસ્થાને 'સોસાયટી' તરીકે સરકારમાં તા. ૪ મે ૧૯૩૪ ને રોજ રજીસ્ટર કરાવવામાં આવી છે અને સંસ્થાના કાર્યવાહક મંડળ (વ્યવસ્થાપક સમિતિ) માં થતા ફેરફારો વખતો વખત રજીસ્ટ્રારને મોકલી આપવામાં આવે છે. સંસ્થા રજીસ્ટ્રેશનનું સર્ટીફીકેટ (પ્રમાણપત્ર) આ સાથે પરિશિષ્ટમાં રજૂ કર્યું છે.

આ સર્વ હકીકત સંસ્થાના મકાનનો ઇતિહાસ બતાવતાં રજૂ કરી. મકાન બનાવવામાં મહેનત ઘણી પડી, ફંડ ઉઘરાવવામાં અનેક વ્યક્તિઓએ મદદ કરી, દેવું પણ થયું, પણ છેવટે સંસ્થા ઘરબારવાળી થઈ અને તેમ થયું ત્યાર પછી મકાનફંડ લગભગ બંધ થયું છે. પચીશમા

વર્ષની આખરે મકાન ખાતામાં રૂા. ૪૩૦૩૨૫-૧૩-૬ ખેંચાય છે, તેમાં ખુદ સંસ્થાના મકાનને અંગે જમીન અને બાંધકામના ખર્ચના રૂા. ૩૧૩૫૮૧-૫-૩ થયા તેનો સમાવેશ થાય છે, જ્યારે મકાન ફંડ ખાતે કુલ રકમ રૂા. ૨૬૨૬૯૮-૧૦-૧૧ જમે થયા છે. પચીશ વર્ષની આખરે સંસ્થાના મકાનો-સ્થાવર મિલકતને અંગે આ પરિસ્થિતિ છે. સંસ્થાના મુખ્ય મકાનની નીચે દુકાનોનું ભાડું ઉપજે છે અને બાકીના ત્રણે વસવાટના મકાનો ભાડે આપવામાં આવ્યા છે.

મ્યુનિસિપલ બીલ આપી દેતાં મકાન ભાડામાં સરેરાશ રૂા. ૬૦૦૦) આસપાસનો ભાડાનો વધારો રહે છે. એમાં વિદ્યાલયના મુખ્ય મકાનને અંગે અપાતાં મ્યુનિસિપલ બીલને પણ બાદ કરવામાં આવતાં વધતી બચતની રકમ ગણવામાં આવી છે.

વિદ્યાર્થી સંબંધી ઇતિહાસ

વિદ્યાર્થીઓના પ્રકારનો વિકાસક્રમ.

વિદ્યાર્થીઓના પ્રકારમાં વખતો વખત ફેરફાર થતો રહ્યો છે, તેનો આખો વિકાસક્રમ ધ્યાનમાં લઈ લઈ એ. શરૂઆતમાં સંસ્થામાં દાખલ કરવાના વિદ્યાર્થીના બે વિભાગ પાડવામાં આવતા હતાઃ પેઈંગ અને ફ્રીઃ પેઈંગ વિદ્યાર્થી સંસ્થાને દરેક ટર્મના રૂા. ૧૮૦ એટલે વર્ષ આખાના રૂપીઆ ૩૬૦ આપે અને ફ્રી વિદ્યાર્થીને નામે રૂા. ૩૬૦ લોનના લખાય. એમને કોલેજ ફી, પુસ્તક, ભોજન, ફરનીચર અને કપડાં સંસ્થા તરફથી પૂરાં પાડવાનો ઠરાવ હતો. અંદરના વહીવટમાં ફ્રી અને પેઈંગ વિદ્યાર્થીને સમાન કક્ષા પર ગણવામાં આવે અને બન્ને વચ્ચે કોઈપણ પ્રકારનો તફાવત રાખવો નહિ એવો ધારાધોરણમાં ઠરાવ હતો.

ચોથા વર્ષમાં પેઈંગ વિદ્યાર્થીના બે વિભાગ પાડવામાં આવ્યાઃ પેઈંગ એ. અને પેઈંગ બી. પેઈંગ એ. પાસેથી રૂા. ૩૬૦ વર્ષ આખાના લેવાનું ધોરણ રાખવામાં આવ્યું અને પેઈંગ બી. વર્ગના વિદ્યાર્થી પાસેથી સંસ્થામાં ભોજન લેવા તથા બીજી સર્વ સગવડો પૂરી પાડવા બદલ વર્ષ એકના રૂા. ૨૦૦ લેવા અને ફી, પુસ્તક તથા કપડાંનું ખર્ચ તેમને માથે રાખવું, આવી ગોઠવણ અમલમાં આવી. આ ગોઠવણ વ્યવસ્થાની સગવડ માટે વ્યવસ્થાપક સમિતિએ કરી હતી, પણ ધારાધોરણ તો અસલ પ્રમાણે ચાલુ હતા.

દરમ્યાન કોલેજોમાં ફી વધતી ચાલી. મેડિકલ વિદ્યાર્થીઓને રૂા. ૩૬૦ વર્ષ એકના લઈ દાખલ તો કર્યા અને શરૂઆતના ઘણાં વર્ષ એમ ચલાવ્યું, પણ તેમનો ખર્ચ ઘણો વધારે આવવા લાગ્યો. સંસ્થાના તેરમા વર્ષ (૧૯૨૭-૨૮)માં ઠરાવ કર્યો કે સંસ્થામાં ત્યાર પછીના વર્ષમાં જોડાનાર નવા વિદ્યાર્થીપાસે પેઈંગ તરીકે લેવાની અને લોન વિદ્યાર્થીને ખાતે માંડવાની વાર્ષિક રકમમાં નીચે પ્રમાણે ફેરફાર કરવો. આ ઠરાવ તા. ૬-૧૧-૧૯૨૭ ને રોજ સામાન્ય સમિતિએ કર્યો.

આર્ટસ લાઇન વાર્ષિક રૂા. ૩૬૦
સાયન્સ લાઇન વાર્ષિક રૂા. ૩૬૦
કોમર્સ લાઇન વાર્ષિક રૂા. ૪૦૦
નેશનલ મેડિકલ કોલેજ વાર્ષિક રૂા. ૪૦૦
મેડિકલ લાઇન વાર્ષિક રૂા. ૪૮૦

અને બહારગામમાં રહી અભ્યાસ કરનાર વિદ્યાર્થીને જે રકમ આપવામાં આવે તે આખી રકમ તેને ખાતે લોન તરીકે લખવાનો પણ તે જ વખતે ઠરાવ થયો.

પેટ્રન

શેઠ હેમચંદ અમરચંદ

આ તેરમા વર્ષના ઠરાવ પછી વિદ્યાર્થીઓની કોલેજ ફી ઘણી વધતી ચાલી, મેડિકલ લાઈનમાં દરવર્ષે ત્રણ ટર્મ (સત્ર) થયાં અને ખાતે મંડાતી અથવા રોકડ લેવાતી રકમ કરતાં ઘણો વધારે ખર્ચ થવા માંડયો એટલે સંસ્થાના સોળમા વર્ષ (૧૯૩૦-૩૧) માં આ આખા ધોરણમાં મોટો ફેરફાર કર્યો. વિદ્યાર્થીના ચાર પ્રકાર પાડવામાં આવ્યાઃ લોન, હાફપેઈંગ, પેઈંગ અને ટ્રસ્ટ: સર્વ વિદ્યાર્થીઓને ભોજન, ઉપસ્કર, (ફરનીચર,) દિવાબત્તી, રહેવા તથા સુવા માટે બિછાનાં વિગેરે સંસ્થા તરફથી એકસરખાં પૂરા પાડવાનો ઠરાવ ચાલુ રહ્યો. તદ્દન નબળી સ્થિતિવાળા વિદ્યાર્થીને લોન વિદ્યાર્થી તરીકે દાખલ કરવાનો ઠરાવ થયો. સંસ્થાના ધારાધોરણમાંથી 'ફ્રી' શબ્દ રદ્દ કરવામાં આવ્યો. કારણ કે દલીલ એમ થઈ કે આગળ જતાં જ્યારે ધીરવામાં આવતી રકમ પાછી લેવાની છે તો પછી વિદ્યાર્થીના મગજપર ફ્રી એવા શબ્દનો બોજો પણ શા માટે આવવા દેવો જોઈએ. આ માનસિક વિદ્યાનો પ્રશ્ન હોઈ તે પર ખૂબ ચર્ચા થઈ અને અંતે 'ફ્રી' શબ્દ મૂકી દેવામાં આવ્યો અને બંધારણ તથા ધારાધોરણમાં એને બદલે 'લોન' શબ્દ વાપરવાનો ઠરાવ થયો.

જે વિદ્યાર્થીની મધ્યમ સ્થિતિ હોય તેને 'હાફપેઈંગ' તરીકે દાખલ કરવા, તેને નામે લોન તરીકે અરધી રકમ ઉધારવી અને અરધી તેની પાસેથી રોકડી લેવી.

લોન વિદ્યાર્થીઓએ કરારનામું કરી આપવાની વાર્ષિક રકમ નીચે પ્રમાણે મુકરર કરવામાં આવી.

આર્ટસ વી. જે. ટી વેટરનરી સાયન્સ	રૂા. ૩૬૦	એલ. સી. પી. એસ. કોમર્સ એમ. બી. બી. એસ.	રૂા. ૪૦૦ રૂા. ૪૫૦ રૂા. ૪૮૦

સને ૧૯૩૦-૩૧ ના સોળમા વર્ષમાં પેઈંગ વિદ્યાર્થીના બે પ્રકાર બંધારણમાં દાખલ કર્યા: પેઈંગ-એ. અને પેઈંગ-બી. પેઈંગ-એ વિદ્યાર્થીએ ઉપર પ્રમાણેની રકમ આખી રોકડી આપવી અને તેમને લોન વિદ્યાર્થી પેઠે સર્વ સગવડ સંસ્થા તરફથી મળે. પેઈંગ-બી. વિદ્યાર્થીને ભોજન, ઉપસ્કર અને દિવાબત્તી તથા રહેવા બદલ દરવર્ષ રૂા. ૨૦૦) આપવાના અને કોલેજ ફી, પુસ્તક ખર્ચ, પરીક્ષા ફી અને સ્ટેશનરીનો સર્વ ખર્ચ તે પોતાના પદરથી કરે એવી ગોઠવણ કરવામાં આવી.

આ ઉપરાંત ત્યાં સુધીમાં ટ્રસ્ટ વિદ્યાર્થીઓનો વર્ગ થયો હતો. તેમને સર્વ સામાન્ય અને વિશેષ સગવડ આપવાનો ઠરાવ થયો, માત્ર તેમની પાસે પાછી વાળવાની રકમ માટેનું કરારનામું કરાવવું કે નહિ અને કરાવવું તો કેટલી રકમનું કરાવવું તેનો આધાર પ્રત્યેક ટ્રસ્ટની શરતો પર રાખવાનું ઠરાવવામાં આવ્યું. અને સંસ્થામાં રહી કોલેજમાં ન જતાં વિશિષ્ટ અભ્યાસ કરનારને રૂા. ૨૦૦ રોકડા અથવા આખી કે અરધી રકમનું કરારનામું કરવાનો ઠરાવ થયો.

આ રીતે સંસ્થામાં રહેવાનો ખર્ચ રૂા. ૨૦૦) વાર્ષિક ઠરાવવામાં આવ્યો. એમાં ભાડું, ભોજન, વહીવટી ખર્ચ, ધાર્મિક શિક્ષણ આદિ સર્વ બાબતોનો સમાવેશ થઈ જાય છે તે પર ધ્યાન ખેંચવામાં આવે છે. મુંબઈની કોઈ પણ હોસ્ટેલમાં રહેવા જાય તો ભાડાના વાર્ષિક રૂા. ૭૨ અને ભોજનના દશ માસના રૂા. ૨૫૦-૩૦૦ થાય છે તેની સાથે આ ખર્ચ સરખાવવા યોગ્ય છે.

આ રીતે ફેરફાર થયા પછી અંતે ઓગણીશમા વર્ષમાં તા. ૨૭-૫-૧૯૩૪ ને રોજ સામાન્ય સમિતિએ આ રકમના ફેરફારો રદ કરી એકસરખું ધોરણ કર્યું. તે પચીશમા વર્ષની આખર સુધી બરાબર ચાલે છે તેથી તેને વિગતવાર જોઈ લઈએ. એ વિકાસક્રમનો ચોથો અને છેલ્લો ભાગ બતાવે છે.

વિદ્યાર્થીના ચાર વર્ગ કાયમ રહ્યા: લોન, પેઈંગ, હાફપેઈંગ, અને ટ્રસ્ટ વિદ્યાર્થીઓ. સામાન્ય સગવડો: ભોજન, ઉપસ્કર, દિવાબત્તી અને બિછાના વિગેરે સગવડ કાયમ રહી. વિશેષ સગવડમાં કોલેજ ફી, પાઠ્યપુસ્તક, સ્ટેશનરી અને પરીક્ષાની ફી કાયમ રહ્યા. સામાન્ય સગવડ માટે વાર્ષિક રકમ રૂા. ૨૦૦) ઉપરથી ઘટાડીને રૂા. ૧૭૫) કરવામાં આવી અને અન્ય સગવડોને અંગે જે ખર્ચ થાય તે આખી રકમ લોન વિદ્યાર્થીને ખાતે લખવાનો અને પેઈંગ પાસેથી આખી રકમ લેવાનો અને હાફપેઈંગને ખાતે બન્ને રકમમાંથી અરધી રોકડી વસૂલ કરવાનો અને અરધી તેના લોન ખાતે માંડવાનો ઠરાવ થયો. આ રીતે જુદી જુદી લાઈનની ગૂંચવણો દૂર કરી નાખવામાં આવી. ફીના જૂદી જૂદી કોલેજના હિસાબ રાખવાની કડાકૂટ દૂર કરી અને બહાર ભોજન લેવું પડે તેના તેમજ પુસ્તક ખર્ચ તથા પરીક્ષા ફીની જે રકમ અપાય તે વિદ્યાર્થીને ખાતે ઉધરે અથવા આખી કે અરધી રોકડી લેવાય તેવું ઠરાવવામાં આવ્યું.

આ રીતે વિદ્યાર્થીના પ્રકારમાં વધતા ઓછા સુધારાવધારા વખતો વખત થતા રહ્યા અને ઉપરના સાદા સીધા અને સરલ ઠરાવનો અમલ ઓગણીશમા વર્ષથી ચાલુ કર્યો તે પચીશ વર્ષની આખર પછી ચાલુ અમલમાં છે. ટ્રસ્ટ વિદ્યાર્થીની બાબત ખાસ ધ્યાન ખેંચનારી છે તેની વિગત સંસ્થા સંબંધી ટ્રસ્ટોની વિગત આગળ જતાં આવશે ત્યાંથી ધ્યાન પર લેવા જેવી છે. એમાં દરેક ટ્રસ્ટની શરતો પ્રમાણે તેનો અમલ થાય છે, પણ એમાં એક મુદ્દો સર્વ ટ્રસ્ટોને લાગુ પડે તેવો છે અને તે એ છે કે કોઇ પણ ટ્રસ્ટ વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષામાં નાપાસ થાય તો તેને ટ્રસ્ટ વિદ્યાર્થી તરીકે ચાલુ રાખવામાં આવતો નથી. કોઈ અકસ્માત કારણે તે નાપાસ થયેલ હોય તો વ્યવસ્થાપક સમિતિ તેને 'લોન' વિદ્યાર્થી તરીકે ચાલુ રાખે એમ બન્યું છે, પણ ટ્રસ્ટ વિદ્યાર્થી તરીકે એ ચાલુ રહી શકતો નથી. આનું કારણ એ છે કે ટ્રસ્ટ વિદ્યાર્થીને કોઈ રકમ પાછી વાળવાની હોતી નથી અને તેથી તેણે વધારે સાવધાન રહેવું જ જોઇએ, છતાં તે તેમ ન કરે તો ટ્રસ્ટ વિદ્યાર્થી તરીકે તે બંધ થાય તે વાત સુયોગ્ય અને સમીચીન જણાય છે.

વિદ્યાર્થી સંખ્યા.

વિદ્યાર્થીની સંખ્યાની બાબતમાં ધીમો પણ મક્કમ સુધારો પ્રગતિ માર્ગે થતો રહ્યો છે.

૧૯૧૫ માં સંસ્થા શરૂ કરી ત્યારે ૧૫ વિદ્યાર્થી ને દાખલ કર્યા હતા અને પ્રથમ વર્ષની આખરે ૧૮ થયા હતા. તે સંખ્યા પચીશમા વર્ષની આખરે ૧૧૮ સુધી જવા પામી છે. એટલે દરવર્ષ આ સંખ્યામાં ધીમો પણ મક્કમ વધારો થતો રહ્યો છે.

દરેક વર્ષની શરૂઆતમાં લોન, હાફ પેઈંગ, ટ્રસ્ટ અને પેઈંગ વિદ્યાર્થીની સંખ્યા કેટલી રહી તેનું પત્રક પરિશિષ્ટમાં બતાવ્યું છે. શરૂઆતમાં ટ્રસ્ટ વિદ્યાર્થીઓ કે હાફ પેઈંગની સંખ્યા

જોવામાં નહિ આવે, તેનું કારણ એ છે કે શરૂઆતમાં સંસ્થા પાસે ટ્રસ્ટો હતા નહિ, અને ટ્રસ્ટ વગર ટ્રસ્ટ વિદ્યાર્થી હોય નહિ. એ ટ્રસ્ટો જેમ જેમ મળતા ગયા, તેમ તેમ ટ્રસ્ટ વિદ્યાર્થી થતા ગયા એ ટ્રસ્ટના ઈતિહાસથી જોવામાં આવશે. દશમા વર્ષ (૧૯૨૪-૨૫) માં સંસ્થામાં રહી અભ્યાસ કરનારની સંખ્યા ૪૮ ની ઉપરના પત્રકમાં જોવામાં આવશે. તેમાં ૩૭ લોન (તે વખતે તેને ફ્રી વિદ્યાર્થી કહેતા હતા) અને ૧૧ પેઈંગ હતા. એ આંકડા ઉપરથી જણાય છે કે વિદ્યાર્થી સંખ્યામાં વધારો દશમા વર્ષ પછી મક્કમ થતો ગયો છે. સંસ્થાના ધારાધોરણમાં શરૂઆતથી એક નિયમ રાખવામાં આવ્યો છે કે 'વ્યવસ્થાપક સમિતિ પેઈંગ વિદ્યાર્થીની સંખ્યા એવી રીતે મુકરર કરશે કે તે વધારેમાં વધારે લોન વિદ્યાર્થીઓ કરતાં એક તૃતીયાંશ ભાગથી વધારે નહિ હોય.' આનો અર્થ એ થયો કે ત્રણ લોન વિદ્યાર્થી સંસ્થામાં દાખલ કરવામાં આવે ત્યારે એક પેઈંગ વિદ્યાર્થી રાખી શકાય.

આ પ્રમાણ બહુ વિચાર કરીને શરૂઆતથી જ સ્વીકારવામાં આવ્યું છે. સંસ્થાના ચોથા વર્ષમાં આ પ્રમાણ પર અપવાદ કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિને આપવાની બાબત જનરલ સભામાં વિચાર માટે રજૂ કરવામાં આવી હતી. કારણ કે તે વખતે પેઈંગ વિદ્યાર્થીઓ સંસ્થામાં મોટી સંખ્યામાં આવવા ઈચ્છા ધરાવતા હતા અને દર વર્ષે ઉપરનું પ્રમાણ જાળવવામાં ભારે મુશ્કેલી પડતી હતી. અરજીઓ પસાર કરવામાં આવે અને વિદ્યાર્થી મુંબઈ આવે નહિ, મુંબઈ આવે અને તેને કોલેજમાં દાખલ કરે નહિ, એડમીશન મળે નહિ, હવાની પ્રતિકૂળતા કે શારીરિક અસ્વસ્થતાથી મુંબઈ આવી પાંચ સાત દિવસમાં પાછા ચાલ્યા જાય-આવા અનેક કારણથી ત્રણ લોન વિદ્યાર્થીએ એક પેઈંગ વિદ્યાર્થી રાખવાનું બનતું નહોતું અથવા અણધારી રીતે એ ઠરાવનો અમલ થઈ શકતો નહોતો.

મુંબઈના લાલબાગમાં સંઘની મોટી મેદની જામી હતી. તે વખતે પેઈંગ અને લોન વિદ્યાર્થીના ઉપર જણાવેલા પ્રમાણોમાં ફેરફાર કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિને આપવાની જરૂરીઆત પર મંત્રીએ વિવેચન કર્યું, યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામોની તારીખો અને દાખલ કરવાની તારીખમાં રહેતું બહુજ થોડું અંતર અને અરજી પસાર થયેલા વિદ્યાર્થીને કોલેજમાં દાખલ ન કરવામાં આવે વિગેરે અનેક અગવડોને કારણે પેઈંગ અને લોન વિદ્યાર્થીના પ્રમાણમાં ફેરફાર કરવાની વ્યવસ્થાપક સમિતિને સત્તા આપવાનાં અનેક કારણો મંત્રીએ રજૂ કર્યા, તે પર કેટલાંક વિવેચનો થયાં અને દરખાસ્ત પસાર થવાની લગભગ અણી ઉપર હતી.

તે વખતે શેઠ મોતીલાલ મુળજી ખડા થઈ ગયા. તેમણે ખરેખર ભાષણ કર્યું. તેમના કહેવાનો સાર એ હતો કે આપણે આ વિદ્યાલય ખાસ મધ્યમ વર્ગ અને ગરીબ સાધર્મી ભાઈઓના હિત માટે કાઢ્યું છે, ધનવાન પેઈંગ વિદ્યાર્થી તો ગમે ત્યાં સગવડ કરી લઈ ભણશે, પણ ખૂબ વિચાર કરી પેઈંગ અને લોન વિદ્યાર્થીના પ્રમાણનું જે ધોરણ આપણે સ્વીકાર્યું છે તેમાં જરા પણ ફેરફાર કરવાની જરૂર નથી. એમણે પોતાની દલીલના ટેકામાં કેટલાક દાખલાઓ આપ્યા અને સર્વના આશ્ચર્ય વચ્ચે વ્યવસ્થાપક સમિતિએ ભલામણ કરેલી અને મંત્રીએ રજૂ કરેલી પેઈંગ અને લોન વિદ્યાર્થીના પ્રમાણમાં અપવાદ કરવાની વ્યવસ્થાપક સમિતિને છૂટ

આપવાની દરખાસ્ત સર્વાનુમતે રદ્ થઈ ગઈ. આ દાખલો અત્રે રજૂ કરવાનું બીજું પણ કારણ છે. અતિ મહત્ત્વના પ્રશ્નોમાં મુરબ્બી ધનવાન વર્ગ પણ ખૂબ રસ લેતો હતો અને તેમણે સંસ્થાના વિકાસમાં પોતાની ધનની સહાય ઉપરાંત સક્રિય સલાહ અને માર્ગદર્શક ચર્ચાથી ઘણો મોટો ફાળો આપ્યો છે અને સંસ્થાના દફ્તરમાં તે માટેની એક કરતાં વધારે નોંધો માલૂમ પડી આવે છે.

ઉપરના ધોરણે સંસ્થામાં વિદ્યાર્થીને દાખલ કરવાનો નિયમ ચાલુ રહ્યો છે. સત્તરમા વર્ષે હાફ્પેઇંગ વિદ્યાર્થી દાખલ કરવાનો ઉપર જણાવ્યો છે તે ઠરાવ કરવામાં આવ્યો ત્યારે લોન અને પેઇંગ વિદ્યાર્થીના પ્રમાણની ગણનામાં હાફ્પેઇંગની ગણનામાં સંખ્યાનો અરધો ભાગ પેઇંગની ગણનામાં મૂકવો અને અરધો ભાગ લોન વિદ્યાર્થીની ગણનામાં મૂકવો એમ ઠરાવ થયો.[૧]

વિદ્યાર્થીને સંસ્થામાં દાખલ કરતી વખતે તેમના વય, કૌટુંબિક સ્થિતિ અને યુનિવર્સિટીનાં પરિણામ વિગેરે અનેક બાબતપર ધ્યાન આપવામાં આવે છે અને તે ઉત્તરોત્તર પરીક્ષામાં પાસ થઈ ૨૩ વર્ષની ગ્રેજ્યુએટ થઈ શકે તેમ હોય, ઈજનેરી ગ્રેજ્યુએટ ૨૪ વર્ષની વયે થઈ શકે તેમ હોય અને દાક્તરી ગ્રેજ્યુએટ ૨૫ વર્ષની વયે થઈ શકે તેમ હોય તેને દાખલ કરવાનો ઠરાવ છે. મેટ્રીકયુલેશનની પરીક્ષા પછી વધારે ઓછાં વર્ષો જૂદી જૂદી લાઇનમાં ગ્રેજ્યુએટ થતાં થાય છે તેને લઈ ને આ વર્ષોની ગણનામાં વધારે ઓછી વયનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ બાબત મુદ્દામ કારણસર અપવાદ કરવામાં આવે તો તેનાં કારણોની નોંધ સંસ્થાને દફ્તરે રાખવાનો ઠરાવ છે.[૨]

વિદ્યાર્થી સંખ્યાને અંગે અહીં જણાવવાની જરૂર છે કે શરૂઆતના દશ વર્ષમાં તો સંસ્થામાં વધારેમાં વધારે ૪૮ વિદ્યાર્થીઓ રાખવામાં આવતા હતા, તેમાં ત્રીજા વર્ષથી જ ઈજનેરી લાઇનમાં બે ત્રણ અથવા ચાર વિદ્યાર્થીને પુના અભ્યાસ માટે મોકલવામાં આવતા હતા, એટલે સંસ્થામાં વધારેમાં વધારે સંખ્યા ૪૪ ની રહી થઈ.

પણ દશમા વર્ષના ઓકટોબર માસમાં સંસ્થાનું નવું મકાન તૈયાર થયું, તેમાં લગભગ ૧૦૦ વિદ્યાર્થી રહી શકે તેટલી સગવડ થઈ, જૂના મકાનનાં મેલેરિયાના સંસ્મરણો આછાં થતાં ગયાં એટલે ત્યાર પછી સંખ્યામાં દર વર્ષે ક્રમસર વધારો થતો ચાલ્યો. અને સત્તરમા વર્ષમાં તેની સંખ્યા ૧૧૩ ની કરવામાં આવી. તે પૈકી મુંબઈમાં ૧૦૪ અને કરાંચી બનારસ તથા પુનામાં ૯ રહ્યા. ત્યાર પછીના વર્ષોમાં આ સંખ્યા લગભગ કાયમ રહી છે. આ આંકડાઓ ઉપરથી સંસ્થાનો નાનો વિસ્તાર ઉત્તરોત્તર કેટલો પ્રગત થયો છે તેનો ખ્યાલ આવશે.

દરેક વર્ષે યુનિવર્સિટીની પરીક્ષાઓ લેવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થી જુનિયર વર્ગમાં હોય તેને પરીક્ષા હોતી નથી. પરિશિષ્ટ પરથી પચ્ચીશે વર્ષમાં કુલ વિદ્યાર્થીઓ પૈકી કેટલાને

---

૧ જુઓ. બંધારણની સુધારેલી કલમ ૮૮

૨ જુઓ કલમ ૬૫.

પરીક્ષા નહોતી, હતી તેમાં કેટલા બેઠા, તેનાં પરિણામ કેવાં આવ્યાં તેના કોઠા આપવામાં આવ્યા છે. તેનો બારીકીથી અભ્યાસ કરતાં જોવામાં આવશે કે છેલ્લા પાંચ વર્ષોમાં પરીક્ષાના પરિણામો ઉત્તરોત્તર સારાં આવવા લાગ્યાં છે. એનું કારણ એ છે કે શરૂઆતમાં વિદ્યાર્થીની અરજીઓ મધ્યમ સંખ્યામાં આવતી હતી, પણ સંસ્થાની ખ્યાતિ જેમ વધતી ગઈ, તેમ અરજીઓની સંખ્યા ઘણી વધતી ચાલી. એટલે છેલ્લાં પાંચ વર્ષોમાં અરજી દાખલ કરવાના ધોરણમાં ફેરફાર કરવામાં આવ્યો. આવેલ અરજીઓ પર રિપોર્ટ કરવા વ્યવસ્થાપક સમિતિના સભ્યોમાંથી એક નાની પેટા-સમિતિ નીમવાની પ્રથા શરૂ કરી. તે સમિતિ અરજીઓના વિભાગ પાડી તે પર નિવેદન કરે.

આ રિપોર્ટપર આખી વ્યવસ્થાપક સમિતિ એક દિવસ ચર્ચા કરે અને પ્રથમ વર્ગના તથા ઉંચા બીજા વર્ગના તો તુરત દાખલ કરે. ત્યારબાદ ગરીબાઈ, સંસ્થાઓ અને આનુષંગિક બાબતો પર વિચાર કરે. એટલે દાખલ કરવાનું ધોરણ ઘણું કડક થઈ જવાને પરિણામે છેલ્લા વર્ષોમાં બીજા વર્ગ ઉપરના થરને જ સંસ્થામાં અવકાશ મળે છે. એમાં ટ્રસ્ટની ચોક્કસ શરતોને લઇને ફરજિયાત દાખલ કરવા પડતા વિદ્યાર્થીની હકીકત બાદ કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં મોટે ભાગે બીજા વર્ગની અંદરનો કોઇક જ વિદ્યાર્થી દાખલ થવા પામ્યો છે. આને લઇને પરિણામ ઉત્તરોત્તર સારાં આવતાં જાય છે અને એ જ ધોરણે કામ ચાલે તો ભવિષ્યમાં સો એ સો ટકા પરિણામ બતાવવાની શક્યતા રહે છે.

દરેક વર્ષે અરજીઓ ઘણી મોટી સંખ્યામાં આવે છે. આવતી અરજીઓની સંખ્યા દર વર્ષે વધતી જાય છે. ઘણી અરજીને નામંજુર કરવી પડે છે, તેમને પોતાને, તેમના સગાસ્નેહીઓને અને તેમની ભલામણ કરનારને એથી કેટલી નાસીપાસી થતી હશે એનો ખ્યાલ કરતાં ત્રાસ થાય છે અને તેનો ઉપાય બતાવવાની હકીકતને સંસ્થાના આ પચીશ વર્ષના ઇતિહાસમાં સ્થાન ન હોઈ શકે, તેથી તે વાત જૈન કોમના સુજ્ઞ વિચારકોના ધ્યાનપર લાવવાની ફરજની અત્ર નોંધ લેવાનો પ્રસંગ હાથ ધરવામાં આવે છે.

પચીશમા વર્ષની શરૂઆતમાં સંસ્થામાં ૧૧૮ વિદ્યાર્થી લાભ લેતા હતા એ વર્ષમાં ૯૭ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની પરીક્ષા આપી તેમાં ૯૧ પસાર થયા, એટલે પરિણામ લગભગ ૯૪ ટકા આવ્યું. આવી રીતે પચીશ વર્ષમાં વિદ્યાલયમાં વિદ્યાર્થી સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે.

ગ્રેજ્યુએટ

સંસ્થામાંથી દર વર્ષે કેટલા ગ્રેજ્યુએટ થયા, તે પૈકી કેટલા પેઇંગ, હાફપેઇંગ, લોન કે ટ્રસ્ટ વિદ્યાર્થી હતા તેના કોઠા પરિશિષ્ટમાં આપ્યા છે. તે ઉપરથી જોવામાં આવશે કે સંસ્થામાં રહી ૫૧ પેઇંગ વિદ્યાર્થી અને ૧૦ હાફ પેઇંગ વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થયા છે. જ્યારે ૧૮૦ લોન અને ૮ ટ્રસ્ટ વિદ્યાર્થી પસાર થયા છે. અકસ્માત હો કે ગમે તેમ હો, પણ એ સંખ્યામાં પણ એક અને ત્રણનું પ્રમાણ જળવાયું છે.

આવી રીતે સંસ્થાની શરૂઆતથી પચીશ વર્ષની આખર સુધીમાં ૨૪૯ ગ્રેજ્યુએટ સંસ્થામાં રહી અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થયા. વિદ્યાલયનો એક નિયમ એવો છે કે કોઈપણ

પરીક્ષામાં બે વખત નિષ્ફળ થાય તે વિદ્યાર્થીને ચાલુ રાખવો નહિ. કોઈ અસાધારણ બાબતમાં ધારા ધોરણની રૂઈએ અપવાદ કરવાની વ્ય. સ. ને સત્તા છે. એવી રીતે કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરવા પહેલાં સંસ્થા છોડી જાય છે. એ ઉપરાંત તબિયત અથવા કૌટુંબિક કારણે ગ્રેજ્યુએટ થયા પહેલાં સંસ્થા છોડી જાય, પેઇંગ વિદ્યાર્થી દરવર્ષે ચાલુ રહેવા અરજી ન કરે વગેરે કારણે અધુરે અભ્યાસે સંસ્થા છોડી જનારા વિદ્યાર્થીઓ પૈકી લોન વિદ્યાર્થીની સંખ્યા ૧૬૧ ની છે, અને પેઇંગ વિદ્યાર્થીની સંખ્યા ૧૦૦ ની છે. આ રીતે સંસ્થામાં લાભ લેનાર વિદ્યાર્થીની સંખ્યા પચીશ વર્ષમાં નીચે પ્રમાણે થાય છે.

ગ્રેજ્યુએટ			અધુરા અભ્યાસે મુકત વિદ્યાર્થી		
ટ્રસ્ટ	,,	૮			
લોન	,,	૧૮૦	લોન	,,	૧૬૧
પેઇંગ	,,	૫૧	પેઇંગ	,,	૧૦૦
હાફપેઇંગ	,,	૧૦			૨૬૧
		૨૪૯			

આ રીતે પચીશ વર્ષમાં સંસ્થામાં રહી ઓછોવત્તો લાભ લેનારની સંખ્યા ૫૧૦ થાય છે અને ગ્રેજ્યુએટ થનારની સંખ્યા ૨૪૯ છે. આ ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ પૈકી કઈ કઈ લાઇનમાં કેટલા ગ્રેજ્યુએટો થયા તેની વિગત પરિશિષ્ટમાં બતાવી છે. ગ્રેજ્યુએટ થનારની નામાવળી પરિશિષ્ટમાં આપી છે. તે આપણું ધન હોવાથી, આપણી નગદ કમાણી હોવાથી, તેમની સાથે વિદ્યાલયને પરિપૂર્ણ થયેલો સંબંધ હોવાથી તેમનાં નામ આ પચીશ વર્ષના અહેવાલમાં આપવા એ વાતને સમુચિત ધારવામાં આવી છે.

અધુરા અભ્યાસવાળામાં કેટલાક તો ચાર પાંચ અને છ વર્ષ સંસ્થામાં રહેલ છે. તેઓ ત્યાર પછી છ માસ કે બાર માસમાં ગ્રેજ્યુએટ થયા છે અને તેમની સંખ્યા પણ સારી છે. સંસ્થાના ધોરણસર તેઓ ચાલુ રહી શક્યા ન હોઈ તેમને સંસ્થાના ગ્રેજ્યુએટ ગણ્યા નથી. અધૂરા અભ્યાસે મુકત થનાર વિદ્યાર્થીઓની નામાવળી પરિશિષ્ટમાં રજૂ છે.

આ રીતે વિદ્યાલયના વિદ્યાર્થીની સંખ્યાગણુના થાય છે. દર વર્ષની સરેરાશ ગણીએ તો ગ્રેજ્યુએટ સંખ્યા દર વર્ષે લગભગ ૧૦ ની આવે, પણ શરૂઆતના દશ વર્ષમાં માત્ર ૪૬ ગ્રેજ્યુએટ થયા છે, તેને બાદ કરીએ તો પછવાડેના ૧૫ વર્ષમાં તેની સંખ્યા ૨૦૩ ની થાય, છેલ્લા પચીશમા વર્ષમાં ૨૭ ગ્રેજ્યુએટ થયા છે. એટલે ઉત્તરોત્તર ગ્રેજ્યુએટની સંખ્યામાં વર્ષોના વધવા સાથે વધારો થતો રહ્યો છે.

સંસ્થામાં દાક્તરી લાઇનનો મોટા ભાગે અભ્યાસ કરી સંસ્થામાંથી છૂટા થયેલા અને પછી દાક્તર થયેલાની સંખ્યા ૨૯ છે. આ હકીકત પર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. દાક્તરી લાઇનની મોંઘી કેળવણી લોનપદ્ધતિ પર આપવાની સગવડ કરી આપનાર આપણી સંસ્થા એક જ છે. અત્યાર સુધીમાં એણે ૪૭ દાક્તરો બનાવ્યા, અધૂરે અભ્યાસે છૂટા થઈ ૨૯ દાક્તર થયા અને અત્યારે દરવર્ષે સરેરાશ ૫ દાક્તર થવાનાં પગરણો દેખાય છે એ વાત ધ્યાન આપવા યોગ્ય છે.

એ ઉપરાંત આપણા ગ્રેજ્યુએટો કેવા કેવા સ્થાનપર ગયા છે તે વાત ખાસ ધ્યાન ખેંચે તેવી છે અને સંસ્થાના ગૌરવમાં વધારો કરે તેવી છે.

દરેક ગ્રેજ્યુએટની વિગત સાથે તેઓ હાલ શું કરે છે તેની વિગત વાંચશો તો જણાશે કે એમાંના કઇક હાઇકોર્ટમાં બારિસ્ટરોનાં સ્થાન ભોગવે છે, કોઈ મોટી વીમા કંપનીના મેનેજરનું પદ પ્રાપ્ત કરી શક્યા છે, કોઈ ઇસ્ટ ઇંડિયા કોટન એસોસિએશનના સેક્રેટરીના જવાબદાર હોદ્દા સુધી પહોંચી ગયા છે, એમાં મોટી કંપની અને રેલવેના મેનેજરો છે, મોટી મહેલાતો ઊભી કરનાર ઇજનેરો છે, મોટા સ્ટેટમાં અને મુંબઈ જેવા શહેરોમાં ધીકતો ધંધો કરનાર દાક્તરો છે, મોટા કારખાનાં ચલાવનાર ઇજનેરો છે, વ્યાપારમાં નામના મેળવનાર હીરા, મોતી, કાપડના વેપારીઓ છે, કોર્ટને ગજાવનાર વકીલો છે, ન્યાયાસનને દીપાવનાર ન્યાયાધીશો છે, પરદેશમાં રૂની મોટી કંપનીના મેનેજર છે, હાઇસ્કૂલના હેડમાસ્તર અને શિક્ષકો છે, મોટા સ્ટેટના મેડિકલ ઓફિસરો છે, મ્યુનિસિપાલિટિમાં ઉચ્ચ હોદ્દા ધરાવનાર કરવૈયા છે, શુગર ટેકનોલોજીસ્ટ વગેરે અનેક છે. જવાબદાર ધંધા વેપાર કે નોકરીમાં અત્યારે આપણા વર્ગનો પ્રસાર થતો જાય છે અને અત્યારે મુંબઈ ઇલાકાના કોઇપણ ગામમાં કે શહેરમાં જાઓ તો ત્યાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વિદ્યાર્થી મળ્યા વગર રહે તેમ નથી. આપણા એ ગૌરવનો વિષય છે અને તેમાં જો કે પરિપૂર્ણતા માનવાની નથી, પણ પચ્ચીશી અહેવાલ લખવા બેઠા હોઇએ ત્યારે નોંધમાં તરવરે તેવી રીતે એ બાબત બતાવવા યોગ્ય તો જરૂર છે. જેમ થઈ ગયું તેમાં ખોટો ગૌરવ લેવા જઇએ તો ધારેલ પ્રગતિ અટકી જાય, તેમજ થયેલ વાત તરફ ઉપેક્ષા રાખી કાર્યની ગણના ઓછી કરીએ તો સાચી વાત મારી પણ જાય. એટલે આટલી હકીકત અહીં ખાસ નોંધવા યોગ્ય ધારીએ કે પચીશ વર્ષની આખરે વિદ્યાલયે પોતાના પાયા ઠામ ઠામ નાખી દીધા છે, પોતાનો સંદેશો ગામે ગામ મોકલ્યો છે અને પોતાના પુત્રો તરફની એની વાત્સલ્ય ભાવનાએ એના પુત્રોને માતા સન્મુખ રાખ્યા છે.

એના પુત્રોની માતા તરફ કેવી ભક્તિ છે તે બતાવવા માટે જો એમનો સંસ્થા સાથેનો પત્રવ્યવહાર રજૂ કરવામાં આવે, તો એમની ભક્તિનો ભર ખ્યાલમાં આવે. આખો પત્રવ્યવહાર રજૂ કરવાનું અશકય છે, પણ એ પત્રવ્યવહાર વાંચનાર તરીકે અત્યંત ગૌરવ સાથે આપની સમક્ષ કહી શકાય તેમ છે કે અત્યાર સુધીના આખા ઇતિહાસમાં સંસ્થા તરફ અવફાદાર થનાર એક અપવાદ સિવાય એક પણ વિદ્યાર્થી એ પોતાનો હિસાબ જરા પણ મોળો આપ્યો નથી. કોઈ વિદ્યાર્થી લોન ભરપાઈ કરી શક્યા નથી, તો તે માટે પોતાની અશક્તિ, અલ્પશક્તિ, કૌટુંબિક જવાબદારી કે ધંધા યા નોકરી ન મળવાનું કે મોડું મળવાનું કારણ આપે એવા અનેક કિસ્સા બન્યા છે, પણ કોઈએ સંસ્થા તરફ અસદ્ભાવ બતાવ્યો હોય, એના તરફ તિરસ્કાર બતાવ્યો હોય એવું (એક અપવાદ સિવાય) બન્યું નથી. સંસ્થાનો એ મહાન વિજય છે, એના કાર્યકરોનો એ મહા ગૌરવાસ્પદ વિષય છે અને દોરવણી અને દાન આપનારનો એમાં સફળ પ્રસંગ છે. કોઈ વખત કરેલ કાર્ય કે આપેલ દાનનું અણધાર્યું ખોટું પરિણામ આવતાં મનમાં ખેદ થઈ આવે છે અને તેમ થવું તે મનુષ્યસ્વભાવને અનુરૂપ છે, પણ આ સંસ્થાની કારકિર્દીમાં એવી શંકાને પણ સ્થાન મળ્યું નથી એ ખૂબ આનંદનો વિષય હોઈ ખાસ નોંધને પાત્ર બને છે.

સંસ્થાના સંબંધમાં આવ્યા પછી પોતાનું નામ બગાડે તેવા વિદ્યાર્થી નો અથવા તે દ્વારા સંસ્થાનું નામ બગાડે તેવો એક પણ મોટો બનાવ નોંધાયો નથી તે બીજો ગૌરવનો વિષય છે. સંસ્થા અને વિદ્યાર્થીઓ વચ્ચેનો અને સંસ્થાનો તેમની દ્વારા જગત સાથેનો સંબંધ વિકાસ પામતો રહ્યો છે તે આનંદનો વિષય છે.

સંસ્થામાં દાખલ થવા માટે પચીશ વર્ષમાં ૧૪૮૩ અરજીઓ થઈ છે તે પૈકી ૫૧૦ વિદ્યાર્થીઓએ ઓછોવત્તો સંસ્થામાં લાભ લીધો છે. એ ઉપરાંત સંસ્થામાં દાખલ થવાની અરજી કર્યા પછી જેમને મુંબઈની કોલેજમાં સ્થાન ન મળવાને કારણે અથવા હવા તબિયતની પ્રતિકૂળતાથી તુરતજ મુંબઈ છોડી જવું પડ્યું હોય તેવાની સંખ્યા લગભગ ૧૦૦ ની ગણીએ તો અરજીની મોટી સંખ્યા બાકી રહે છે તેમને તો પ્રથમથી જ સંસ્થામાં સ્થાન આપી શકાયું નથી. દાખલા તરીકે છેલ્લા પચીશમાં વર્ષમાં દાખલ થવા માટે ૧૧૩ અરજીઓ આ હતી તે પૈકી માત્ર ૩૮ વિદ્યાર્થીને સંસ્થામાં સ્થાન અપાઈ શકયું હતું. આથી કેટલા વિદ્યાર્થીઓને દર વર્ષે નાસીપાસ કરવા પડે છે તેનો સહજ ખ્યાલ આવશે.

અને ધ્યાનમાં રાખવાનું એ છે કે આ બાકીના અરજી કરનારા પણ મેટ્રીકયુલેશન પસાર થયેલા વિદ્યાર્થી જ છે એટલે એમની અભ્યાસ કરવાની યોગ્યતા સંબંધમાં વાંધો ન હોય. પણ ફંડ અને સ્થાનની મર્યાદાને કારણે અનેક સારી અરજીઓને જતી કરવી પડી છે તે તરફ લાગતાવળગતાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે.

વિદ્યાર્થીઓ પૈકી કેટલાક રાષ્ટ્ર સેવાના કાર્યમાં જોડાયા છે, કેટલાક સારી સ્કૂલો તથા હાઇ-સ્કૂલના શિક્ષકો થયા છે. આ રીતે સાહિત્ય અને સામાજિક ક્ષેત્રમાં ઉન્નતિ કરવાનો સંસ્થાનો ઉદ્દેશ મક્કમપણે પાર પડ્યો છે. સંસ્થાનો ઉદ્દેશ જૈન કોમ અને ધર્મની ઉન્નતિ કરવાનો છે. કોમ એટલે અત્ર સમાજ સમજવો. બાકી વસ્તુતઃ જૈન એ કોમ નથી. જે પ્રભુના શાસનમાં માને, જે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મનો સ્વીકાર કરે, જેનું સાધ્ય મોક્ષ હોય તે જૈન. એ સમાજમાં રહેનાર જૈન કહેવાય. એમાં કોમ શબ્દનો પ્રયોગ થયો છે તે માત્ર અકસ્માત છે. આવા જૈનો જનસમાજમાં યોગ્ય સ્થાન મેળવે અને તેમને કાંઇ નહીં તો પોતાની વૃત્તિ માટે કોઇની પાસે હાથ લંબાવવો ન પડે અને તેમાંથી બને તેટલા આગલી હરોળમાં રહી સમાજના વિકાસમાં સહાય કરે એ આ સંસ્થાનો ઉદ્દેશ છે. એ કેટલે અંશે પાર પડ્યો છે તેના પર ફેંસલો કરવાનું કામ જનતાનું છે. પણ તે માટેની સમુચ્ચય હકીકત અત્ર રજૂ કરવાથી તે માટેનાં સાધનો જરૂર પ્રાપ્ત થશે.

આ અતિ ધ્યાન ખેંચનારા વિષયપર પચ્ચીશીના અહેવાલ છેડે ધ્યાન ખેંચવાનું હોઈ, હાલ તો તેમાંના પ્રાસંગિક આંકડાપર લક્ષ્ય દોરવામાં આવે છે. જૈન જનતામાં કેળવણીની ભૂખ કેવી જાગી છે, અરજીઓ નામંજૂર થતાં વિદ્યાર્થીની કેવી માનસિક સ્થિતિ થાય છે અને નામંજૂર કરનાર સમિતિને કેટલો ખેદ થાય છે તે પર પ્રેરણારૂપે અને સાધનો પૂરાં પાડવાની વિજ્ઞપ્તિ રૂપે આ બાજૂપરની વાતપર સહજ નુકતેચીની કરવામાં આવી છે. આવેલી અરજીઓ અને નામંજૂર થયેલી અરજીના આંકડા ઘણા અર્થસૂચક છે.

પ્રાંતવાર અને કોમવાર આંકડાઓ દરેક વર્ષના રિપોર્ટમાં આપવામાં આવ્યા છે તે પરથી જણાય છે કે જૈન વસ્તીવાળા દરેક પ્રાંત અને દરેક કોમને તેમની વસ્તીના પ્રમાણમાં સ્થાન

પેટ્રન



શેઠ મોતીલાલ મુળજી

મળ્યું છે. એમાં નોંધવા જેવી ઘણી બાબતો છે. મારવાડ અને મેવાડ, રતલામ અને સીતામઉ જેવા દૂરનાં સ્થાનોને પણ પ્રમાણમાં પૂરતી જગ્યા મળી છે, અને પટેલ તથા ભાવસાર, નીમા અને લાડવા શ્રીમાળી જૈનોને સ્થાન જરૂર મળ્યાં છે, એમાં મહારાષ્ટ્ર, નિઝામસ્ટેટ અને વરાડને પણ સ્થાન મળ્યું છે અને અત્યાર સુધીમાં ૧૪ ઉપરાંત કચ્છી ભાઇઓ સંસ્થાનો લાભ લઈ ચૂક્યા છે. એટલે આ સંસ્થા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની પૂરતી સંખ્યાને દેશના જુદાજુદા ભાગથી આકર્ષી શકી છે અને અભ્યાસને અંતે અનેક વિભાગને કેળવણી અને જ્ઞાનની સૌરભ પ્રસરાવવા એના પુત્રોને હિંદ તથા આફ્રિકા, બર્મા અને જાપાન સુધી મોકલી શકી છે.

આ હકીકત પર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. સંસ્થાનો વહીવટ અમુક પ્રદેશ કે જ્ઞાતિને માટે થતો નથી, પણ તેનો લાભ દરેક પ્રાંત, જ્ઞાતિ અને વિભાગને આપવામાં આવ્યો છે અને તેના સંબંધમાં દાખલ કરતી વખતે તે સ્થાન કે જ્ઞાતિ કે કોમ તરફથી સંસ્થાને મદદ મળી છે કે નહિ તેનો વિચાર કે ચર્ચા કદી કરવામાં આવી નથી.

પરદેશમાં વિશિષ્ટ અભ્યાસ સહાય.

આ સંસ્થાના ઉદ્દેશમાં એક ઉદ્દેશ 'સંસ્થાના ફંડ અનુસાર ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પરદેશ મોકલવા પ્રબંધ કરવો' એ છે. સંસ્થાની ઇચ્છા તો શરૂઆતથી આ કાર્ય તરફ સવિશેષ લક્ષ્ય આપવાની હતી, પણ 'ફંડ અનુસાર' શબ્દો દરેક વખતે આડા આવ્યા છે અને અનેક પૃચ્છાઓ અને અરજીઓને નકારવી પડી છે. છતાં એ સંબંધમાં થોડું થોડું કાર્ય થઈ શકયું છે તે નીચેના ઇતિહાસ પરથી જોવામાં આવશે.

જૈન સમાજ વ્યાપારી છે. એના બાળકો ધંધાદારી કેળવણી ગમે તેટલી લે, એના બાળકો દાક્તર, વકીલ, ઇજનેર થાય કે બીજા ધંધા (professions) માં લાગી જાય, છતાં એનું મુખ્ય ધ્યેય તો વ્યાપારનું જ રહેવાનું એટલે ઉચ્ચ શિક્ષણ જો વ્યાપારવૃદ્ધિને પોષણ આપે તેવું આપવામાં આવે તો અભ્યાસ કરનારને લાભ થાય અને વ્યાપારવૃદ્ધિની સામાજિક જરૂરિયાત પૂરી પડે. આ દિશાએ ઘણું કાર્ય કરવા જેવું છે, થઈ શકે તેવું છે અને કરવાથી સમાજનું વ્યાપારમાં જે સ્થાન હતું તે બની રહે અને તેમાં વધારો થાય એવી સ્થિતિ દેખાય છે. આ સંસ્થાની પૈસા સંબંધી સ્થિતિ તંગ રહેવાને કારણે તેમાં બહુ વધારો થઈ શકયો નથી, અથવા જીવ જેવું પરિણામ બતાવવાની પરિસ્થિતિ રહી શકી નથી, પણ જે સામાન્ય કાર્ય થઈ શકયું છે તે પણ નોંધવા લાયક છે. આ વીશમી સદી ઔદ્યોગિક યુગનાં દ્વાર ઉઘાડે છે અને તેને માટે વિલાયતમાં પોલી-ટેકનીક સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. ત્યાં એક વિષયનું પૂર્ણ જ્ઞાન આપવામાં આવે છે. દા. ત. ગ્લાસ બનાવવાનું, વીજળીની બત્તીના બલ્બ બનાવવાનું, શરીરમાં લગાડવાની રસીઓનું, ધાતુના પદાર્થો બનાવવાનું વિગેરે અનેક બાબતો શીખવવામાં આવે છે અને તેનો અભ્યાસક્રમ નવથી બાર માસનો હોય છે.

આ સંસ્થામાં હિંદવાસી ઘણા ગયા છે અને અભ્યાસ કરીને આવ્યા છે, પણ પાછા આવ્યા પછી દરેક ઉદ્યોગ મોટી રકમનું રોકાણ માગે છે અને તે જો ન મળી આવે તો અભ્યાસ નકામો અથવા બિનઉપયોગી થાય છે. જૈનોમાં એ સ્થિતિ નથી, કારણ વેપાર ખેડનાર એ

પ્રજા છે અને પરિણામે નફો દેખાતો હોય અને કામ કરનાર પ્રમાણિક હોય તો ધનના ઢગલા થાય તેવું છે. બેકારીનિવારણની આ યોજના વ્યવસ્થાપક સમિતિના ધ્યાનમાં જ હતી, પણ ફંડને અભાવે તેને અંગે ઘણું ઓછું કામ થઈ શક્યું છે.

આ વિષયની ઉપયુક્તતા પર સંસ્થાના પાંચમા વર્ષના રિપોર્ટ (૧૯૧૯-૨૦) માં વિવેચન કરવામાં આવ્યું તે વાંચીને બાબુસાહેબ જીવનલાલ પન્નાલાલે 'શ્રી મહાવીર લોન ફંડ' ઉઘાડવા માટે ત્રણ વર્ષે રૂા. ૭૫૦૦) આપવા વચન આપ્યું (૧૯૨૦-૨૧). તેમની ઇચ્છાથી આ ફંડને 'શ્રી મહાવીર લોન ફંડ' નામ આપવામાં આવ્યું. તેની વિગત ટ્રસ્ટોનાં વર્ણનમાં જોવામાં આવશે. ઇંગ્લંડ અમેરિકા આદિ દૂર દેશમાં જનારને તે રકમ ધીરવી અને તે પર વ્યાજ ન લેવું અને રીતસર એગ્રીમેન્ટ કરાવી લેવું. આ રીતે તેમણે રૂા. ૭૫૦૦) ટ્રસ્ટ કરીને આપ્યા તે રકમ પ્રથમ વર્ષમાં વધારી રૂા. ૩૦૦૦ ની કરી અને તે રીતે સંસ્થાને આ ફંડમાં રૂા. ૯૦૦૦) મળ્યા. શેઠ મણીભાઈ ગોકળભાઈ મૂલચંદે તેમાં રૂા. ૨૦૦૦) નો વધારો કર્યો. આ રીતે સંસ્થાના આ ફંડમાં અગીઆરમા વર્ષની આખરે રૂા. ૧૧૦૦૦) થયા. ત્યાં એ ફંડ અટકી ગયું. એની ઉપયોગિતાનો સ્વીકાર સાર્વત્રિક થયેલો હોઈ તેમાં વધારો થવો જોઈતો હતો. ચોપડામાં એ ખાતે ઉધાર રકમ આવી નથી, પણ જેને સહાય કરી તે એ રકમમાંથી કરી છે, એટલે અત્યારે સંસ્થાના વહીવટમાં એ રકમ જમે દેખાય તેની સામે નામવાર ખેંચાતી રકમ સમજી લેવાની છે.

હવે આ પરદેશમાં અભ્યાસને અંગે સંસ્થાએ શું કર્યું છે તેની વિગત સંક્ષેપમાં જરૂર કરીએ:—

૧. શ્રી પ્યારેલાલ જૈન.

સંસ્થાના ત્રીજા વર્ષમાં હુશીઆરપુર (પંજાબ) ના વતની લાલા પ્યારેલાલ જૈને ઇંગ્લંડ જઈ જંગલખાતા (ફોરેસ્ટ્રી) ના અભ્યાસ માટે દશ હજારની લોનની માગણી કરી. બજેટમાં એને માટે ગોઠવણ ન હોવાથી ચતુર્થ વાર્ષિક સાધારણ સભા તા. ૧૭-૮-૧૯૧૯ માં સંમતિ માટે એને રજૂ કરવામાં આવી. સંસ્થાની નજરે મારવાડ ગુજરાત પંજાબ કે કાઠિયાવાડ સર્વ સરખાં હતાં અને ભાઈ પ્યારેલાલે સારાં પ્રમાણપત્રો રજૂ કર્યાં હતાં તેથી તેને દશ હજારની રકમ જરૂરી એગ્રીમેન્ટ કરી વીમા માટેની ગોઠવણ રાખી વગર વ્યાજે ધીરવાની પરવાનગી આપી. આ રકમની જે વખતે સહાય્ય કરી તે વખતે સંસ્થાને ઘર નહોતું, વિદ્યાર્થી સંખ્યા ૩૮ થી આગળ વધી ન હોતી અને મહાવીર લોન ફંડ હયાતીમાં આવ્યું નહોતું. સંસ્થા તો જૈન કોમના વિશ્વાસે આવા અનેક જોખમો શરૂઆતથી ખેડતી આવી છે અને તેને એકમાં ફતેહ મળે એટલે એણે આગળ પગલાં ભર્યાં છે. આ ઠરાવ કર્યા પછી તુરતમાં પ્યારેલાલ ઇંગ્લંડ ગયા, ત્યાં તેમને રકમ ઓછી પડી, સમિતિએ તેમને માટે રૂા. ૫૦૦૦ ની વધારે રકમ મંજૂર કરી. તેમના વીમાની રકમ પણ બે વખત ભરવી પડી. તેમની પાસે રૂા. ૧૬૧૪૫-૧૨-૮ ની રકમ લેણી પડી. દ્વિલગીરીની વાત એ થઈ કે ભાઈ પ્યારેલાલ ઇંગ્લંડમાં ચાર વર્ષ રહ્યા પછી તેની તબિયત બગડી ગઈ, તેને અભ્યાસ છોડી હિંદ પાછું આવવું પડ્યું અને તેણે લીધેલ મહેનત અને કરેલ ખર્ચ નિષ્ફળ થયા. એને પોતાને પણ આઘાત થયો. એને ધીરેલ રકમ પાછી આપવામાં

રખલના કરી અને જરૂરી પત્ર વ્યવહાર પછી વ્યવસ્થાપક સમિતિને તેના પર ધીરેલ રકમ પાછી આપવાનો દાવો કરવાની ફરજ પડી. અન્તે એ દાવાનો નિકાલ ઘરમેળે થયો. શ્રી. પ્યારેલાલે ત્રણ વર્ષમાં રૂા. ૭૪૪૫-૧૨-૯ રકમ રોકડી આપવાની અને બાકીની રૂા. ૮૭૦૦) ની રકમ તેની લાઇફ પોલિસિ પર લેણી રાખવાનું કબૂલ કર્યું અને તે પ્રમાણે તા. ૧૨-૬-૧૯૩૯ને રોજ સંમતિથી હુકમનામું લેવામાં આવ્યું. પચીશમા વર્ષની આખરે તેની પાસે રૂા. ૧૪૩૦૦) ની રકમ લેણી રહી છે. આ રીતે પરદેશ અભ્યાસ માટે આપવાની લોન સંબંધમાં પ્રથમ કડવો અનુભવ થયો. બીજા અનુભવો સારા થયા છે તે સંબંધી હવે હકીકત રજૂ કરવામાં આવે છે.

૨. શ્રી. નગીનદાસ જગજીવનદાસ શાહ.

સંસ્થાના પાંચમા વર્ષ (૧૯૧૯-૨૦) માં આ વિદ્યાર્થી બી. એ., માં ઓનર્સ સાથે બીજા વર્ગમાં પસાર થતાં તેણે અર્થશાસ્ત્ર (ઇકોનોમીકસ) ના વિશેષ અભ્યાસ માટે લંડન અભ્યાસ કરવા સારુ બહારથી રૂપીઆ ૧૧૦૦૦) ની સહાય મેળવી. તેને ખૂટતી રકમ માટે રૂા. ૫૦૦૦) પાંચ હજાર સુધી લોન રૂપે આપવાનો ઠરાવ સંસ્થાએ કર્યો. ત્યારપછીના વર્ષમાં એ રકમ તેમને કકડે કકડે મોકલવામાં આવી. લંડનમાં તેમને એમ. એસસી., અને પછી ટેરીફના વિષય ઉપર સુંદર નિબંધ (thesis) લખવા માટે પી. એચ્‌ડીની ડીગ્રી મળી. તેમની ઝળહળતી કારકિર્દીપર શિખર ચઢાવવા જ્યારે તેમના માનમાં મેલાવડો કરવામાં આવ્યો ત્યારે તે પ્રસંગે તેમનો સદર નિબંધ સંસ્થાને ખરચે છપાવવાનું ફંડ કરવામાં આવ્યું અને ગ્રંથ-સંસ્થા તરફથી બહાર પાડવામાં આવ્યો. અગીઆરમા વર્ષ (૧૯૨૫-૨૬) ના બીજા સત્રમાં તેઓ લંડનથી મુંબઈ આવ્યા. મુંબઈ આવતાંજ તેને પહેલાં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અને તે પછી મુંબઈની સીડનહામ કૉલેજ ઓફ કોમર્સમાં પ્રોફેસરનો માનવંત હોદ્દો મળ્યો છતાં એ સંસ્થા તરફનું ઋણ ભૂલ્યા નહિ. જે સંસ્થાએ એને બી. એ. ગ્રેજ્યુએટ બનાવ્યા હતા અને ઉચ્ચ અભ્યાસ કરવામાં લોન રૂપે સહાયકારી હતી, તેના એ માનવંત સુપરિન્ટેન્ડેન્ટ અગીઆરમાં વર્ષના બીજા ટર્મથી થયા અને તે હોદ્દાપર તેઓ પોતાના અવસાન સુધી ચાલુ રહ્યા. એમના સમયમાં વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં કોઈ જાતનો કચવાટ ભૂતકાલમાં હતો તે પણ દૂર થઈ ગયો અને તેમણે સુપરિન્ટેન્ડેન્ટનું સ્થાન બહુ યોગ્યતાથી, ધગશથી અને કુનેહથી ચલાવ્યું. પંદરમા વર્ષસુધી (૧૯૨૯-૩૦) તેમણે માનાધિકારી તરીકે આ પદ શોભાવ્યું. પછવાડેના ભાગમાં એ માંદા પડી ગયા અને અંતે ક્ષીણ થતાં કુદરતને આધીન થયા. તેમનું રાજીનામું સ્વીકારતાં વ્યવસ્થાપક સમિતિએ અતિ વિશિષ્ટ શબ્દોમાં તેમની સેવાની નોંધ લીધી છે. તેઓ સંસ્થાના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે માનાધિકારીજ હતા અને ત્યારથી અને ત્યારપછી સંસ્થાનું દફ્તરી તેમજ વહીવટી કામ એટલું વધી ગયું કે કુલટાઇમ સુપરિન્ટેન્ડેન્ટની જરૂર પડી. આ હકીકત સુપરિન્ટેન્ડેન્ટ વાળા ઇતિહાસ વિભાગમાં જોવામાં આવશે. તેમને પરદેશ અભ્યાસ કરવા માટે ધીરેલી રકમ તેમના વીમાની પોલિસિમાંથી વસુલ થઈ ગઈ છે. આ સુયોગ્ય પાત્રને કરેલ મદદ ઊગી તો નીકળી પણ ફાલીફૂલી નહિ એમાં દૈવનેજ દોષ દેવાનો રહે છે.

૩. શ્રી. ચંદુલાલ નાનચંદ શાહ.

સંસ્થાના છઠ્ઠા વર્ષ (૧૯૨૦-૨૧) માં શ્રી ચંદુલાલ નાનચંદ શાહ (સરભોણ-સુરત જીલ્લો) એપ્લાઇડ કેમીસ્ટ્રીના અભ્યાસ માટે અમેરિકા જવાની ઇચ્છા બતાવતાં તેના અભ્યાસ તથા

શરીરની તપાસ કરાવીને તેને ખૂટતી રૂા. ૫૦૦૭ ની રકમ લોન રૂપે ધીરવા ઠરાવ કરવામાં આવ્યો. આ યુવાન ભાઈ અમેરિકા ગયા, ત્યાં ચાર વર્ષ ભણી બી. એસસી.,ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી થયા, ત્યાં એને પ્રોફેસર તરીકે જગ્યા મળી, પણ રોગનો ભોગ થતાં ત્યાંજ અવસાન પામ્યા અને આ રીતે ઝમકતી કારકિર્દીનો અંત આવ્યો. આવી રીતે ત્રીજા દાખલામાં પણ એકંદરે સંતોષને સ્થાન ન મળ્યું. ડીગ્રી મેળવી એનો લાભ લેવા જીવન ન લંબાય તો લાગતા વળગતા અને સહાય કરનારને ખેદ જરૂર થાય જ. એમને ધીરેલ પાંચ હજાર રૂપીઆની રકમ તેમના વીમામાંથી ત્યાર પછી વસૂલ થઈ ગઈ છે.

૪. શ્રી. જેઠાલાલ માનસીંગ દામાણી.

સંસ્થાના આઠમા વર્ષ (૧૯૨૨-૨૩) માં ભાઈ જેઠાલાલ માનસીંગ દામાણી (રાજકોટ) એમ. બી. બી. એસ., થયા અને વિશેષ અભ્યાસ માટે લંડન જવાની ઇચ્છા બતાવતાં શ્રી મહાવીર લોન ફંડના સ્થાપક બાબુસાહેબ જીવણલાલજીની ઇચ્છાને અનુસરીને શ્રી. દામાણીને રૂા. ૫૦૦૭ ની ઘટતી રકમ લોન રૂપે આપવાનો ઠરાવ કરવામાં આવ્યો અને તે રકમ કકડે કકડે તેમને રોકડી આપી અને પાછળથી મોકલી આપી. ડો. દામાણી, એફ. આર. સી. એસ., (એડિનબરો) થયા, તેમજ ગળાં નાક કાનની વ્યાધિનો તેમણે ખાસ અભ્યાસ કર્યો અને હાલ મુંબઈમાં પોતાનો ધંધો સારી રીતે ચલાવે છે. તેમને ધીરેલ રકમ તેમણે કેટલાંક વર્ષ પછી પાછી આપવા માંડી છે. પચીશમા વર્ષની આખરે તેની પાસે રૂા. ૧૪૦૦૭ બાકી લેણા રહ્યા છે તે રકમ ત્યારપછી ધીમેધીમે વસૂલ થતી જાય છે. અકસ્માતની વાત મનપર લાવીએ તો ફૂતેહમંદ વિશિષ્ટ અભ્યાસનો આ પ્રથમ દીર્ઘકાલીન વિપાક કહેવાય અને સેવા અને અભ્યાસની નજરે તો ડો. નગીનદાસ તથા ભાઈ ચંદુલાલના દાખલા પણ એજ કક્ષામાં આવે.

૫. શ્રી. જસવંતસિંહજી લોઢા (ઇંદોર) બી. કોમ., એલએલ. બી.

આ સંસ્થાની બહારના વિદ્યાર્થીએ હાયર ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના અભ્યાસ માટે ખૂટતી રકમ રૂા. ૩૦૦૦ ની માગણી કરી. તેને ત્રણે વર્ષે થઈને રૂા. ૩૦૦૭ આપવાનો ઠરાવ સંસ્થાના એકવીશમા વર્ષ (૧૯૩૫-૩૬) માં કર્યો તેને ત્રણ વિભાગમાં લોન રૂપે સદર રકમ આપી દેવામાં આવી. પણ તેને લંડનમાં ધાર્યા કરતાં વધારે વખત થયો, એટલે ખાસ ઠરાવ કરી શ્રી મહાવીર લોન ફંડમાંથી ચોથી રકમ એક હજારની આપવામાં આવી અને લડાઈને અંગે એ ધુંચવાઈ જતાં એને તારથી વધુ રકમ રૂા. ૬૫૧૭ મોકલી આપ્યા. પચીશમા વર્ષની આખરે તેની પાસે લોનરૂપે રૂા. ૪૬૫૧૭ ની રકમ લેણી પડે છે. ત્યારપછી શ્રીયુત લોઢા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા અને હિંદુસ્તાન પાછા આવી ગયા છે. એમની ધીરેલ રકમ સફળ થઈ છે. તેમની વીમાની પોલિસિ ઉતરાવેલ છે. તેઓ પોતાના ધંધામાં સારી ફતેહ મેળવશે એવી પૂર્ણ આશા તેઓની અભ્યાસમાં પ્રગતિને અંગે દેખાય છે.

આ રીતે પરદેશમાં અભ્યાસ કરનારને પૂરવણી રૂપે સંસ્થાએ મદદ કરી છે. કેટલીક વખત પૂરતો જવાબ મળ્યો નથી, પણ ઘણી વાર મદદની લોન યોગ્ય સહાયક નીવડી છે.

પેટ્રન

શેઠ વાડીલાલ સારાભાઈ

અને પરિણામે ફળવતી થઈ છે. સર્વથી વધારે ઝળહળતી કારકિર્દી પ્રો. નગીનદાસ જ. શાહની ગણાય અને એની સંસ્થા તરફની લાગણી અતિ આકર્ષક ગણાય. આ ઉપરાંત સંસ્થામાં રહી અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થયેલા અગર અધુરા અભ્યાસે મુક્ત થએલ કેટલાક વિદ્યાર્થીઓ ઉત્તર પદવી પરદેશથી લઈ આવી અત્યારે સારા સ્થાને આવ્યા છે તેની વિગત પરિશિષ્ટમાં રજૂ છે.

મુંબઈ બહાર અભ્યાસ

પુના, કરાંચી, બનારસ.

એન્જીનિયરીંગ લાઇનની તથા ખેતીવાડી લાઇનની કોલેજ મુંબઇમાં નથી, તેથી સંસ્થાની શરૂઆતથી ઇજનેરી તથા ખેતીવાડીના અભ્યાસ માટે સંસ્થાએ વિદ્યાર્થીઓને પુના મોકલવા માંડ્યા. શરૂઆતમાં તેમને પણ રૂા. ૩૬૦) ના વિભાગમાં ગણવામાં આવતા હતા, ત્યાર પછી તે રકમ રૂા. ૪૦૦ ની કરવામાં આવી. ધીમે ધીમે પુના એન્જીનિયરીંગ કોલેજમાં પ્રવેશ બહુ સખ્ત થવા માંડ્યો એટલે કોઈ કોઈ વિદ્યાર્થીને કરાંચી એન્જીનિયરીંગ કોલેજમાં મોકલવાની શરૂઆત કરી. ત્યાં પ્રો. જુન્નરકર જે શરૂઆતમાં પ્રોફેસર હતા, અને પછી પ્રીન્સિપાલ થયા તેમણે સંસ્થાના વિદ્યાર્થીઓને ખૂબ સહાય કરી. દરેક વિદ્યાર્થીની જરૂરિયાજ વિચારી વાર્ષિક રકમ મુકરર કરવાનો અને જે રકમ આપવામાં આવે તે તેને ખાતે ઉધારવાનો ઠરાવ કરવામાં આવ્યો.

દરમ્યાન **બનારસ** હિંદુ યુનિવર્સિટી એ એન્જીનિયરીંગ કોલેજ બહુ સારી તૈયાર કરી. ત્યાં સિવિલ એન્જીનિઅરીંગ ઉપરાંત મીકેનીકલ એન્જીનિયરીંગ અને ઇલેકટ્રીકલ એન્જીનિયરીંગનો અભ્યાસ પણ ચાલતો હતો. તે ઉપરાંત ત્યાં માઇનીંગ (ખાણુ-ખનીજ વિદ્યા) અને મેટલર્જી (ધાતુ વિદ્યા) જે બન્ને ભૂસ્તર વિદ્યાના વિભાગ છે તેનો પણ અભ્યાસ થતો હોવાથી અને વિજ્ઞાનની નાની નાની ચીજો (દા. ત. નીઓનબોર્ડ, દવાબનાવટ વિ.) પણ ત્યાં બાજૂના અભ્યાસ તરીકે શીખવાતી હોવાથી બનારસ પણ એ અભ્યાસ માટે સંસ્થા તરફના વિદ્યાર્થીઓ મોકલવા માંડ્યા. પ્રો. ગાંધી એ આપણા વિદ્યાર્થીઓને દાખલ થવાની બાબતમાં તથા અભ્યાસને અંગે સલાહ સહાય આપવાના કાર્યમાં મદદ કરવાથી આપણા વિદ્યાર્થીઓને ખૂબ ઉત્તેજન મળ્યું. બનારસમાં દરેક વિદ્યાર્થીને ફી તથા રહેવા વગેરેનો ખર્ચ ઘણો મોટો આવે છે, તેમાં વાર્ષિક રૂા. ૪૦૦–૫૦૦ ખાતે માંડીને આપવા માંડ્યા. જરૂરિઆત અને સંયોગ પ્રમાણે એ રકમમાં કોઈ કોઈ વાર વધારો પણ કરવામાં આવતો હતો. છેલ્લા વર્ષમાં વિદ્યાર્થીઓને વહેવારુ (પ્રેક્ટીકલ) અનુભવ લેવો પડે છે અને તે માટે જી. આઇ. પી. કે બેસ્ટ કું., કે એવા કોઈ ખાતામાં કામ કરવું પડે છે તે વખતે રકમમાં વધારો કરી આપવામાં આવે છે.

બનારસ જવા પહેલાં ઘણાખરા વિદ્યાર્થીઓ બે વર્ષ ઈન્ટર સાયન્સના અભ્યાસ સુધી મુંબઈમાં રહે છે, એટલે એમની અભ્યાસશક્તિ અને લાયકાત કેવી રહે છે તે જાણવાની તક મળે છે. ત્યાંના અભ્યાસ માટે ઘટતી રકમ મેળવવાની વ્યવસ્થા વિદ્યાર્થી કરી લે છે. બનારસમાં ઇજનેર થયેલા સર્વ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં આવ્યા છે અને તેમનો અભ્યાસ ઘણો સંતોષકારક માલૂમ પડ્યો છે. પુનામાં પ્રવેશ આકરો છે, ત્યાં પ્રથમ વર્ગના વિદ્યાર્થીને જ ઘણો ભાગે લેવામાં આવે છે અને કરાંચીમાં તો સિંધના વતનીનેજ ૯૫ ટકા દાખલ કરે છે, એટલે બનારસ તરફ ગતિ વધારે થવા સંભવ છે.

પુના, કરાંચી અને બનારસમાં દરેક વર્ષે એન્જીનિયરીંગ લાઇનમાં કેટલા વિદ્યાર્થી રહ્યા, કેટલા ઇજનેર થયા અને પરિણામ કેવાં આવ્યાં તેવી વિગત પરિશિષ્ટપરથી જોવામાં આવશે.

એ ઉપરાંત ખેતીવાડી (એગ્રિકલ્ચર) કોલેજ પણ પુનામાંજ છે. તેમાં પણ વિદ્યાર્થીને મોકલી તેમને ખેતીવાડીના ગ્રેજ્યુએટ (બી. એજી.) બનાવ્યા છે. તેની વિગત સદર પરિશિષ્ટની નીચે આપવામાં આવી છે.

અને ઘોડાના ડોક્તર (વેટરનરી) સર્જનની લાઇનમાં પણ આપણે એક વિદ્યાર્થીને મોકલ્યો છે. તેણે પણ ડીગ્રી મેળવી છે અને હાલ તે સારા સ્થાનપર માનવંતો હોદ્દો ધરાવે છે.

હજુ વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ થયા પછી પોસ્ટગ્રેજ્યુએટના અભ્યાસ માટે બેંગલોર મોકલવાની જરૂર છે. ફંડની છૂટ પ્રમાણે આ કાર્ય ભવિષ્યમાં હાથ ધરવા યોગ્ય છે. પચીશ વર્ષમાં એ બાબતમાં કાંઈ થયું નથી એટલુંજ જણાવવું અત્ર તો પ્રસ્તુત છે.

વિદ્યાર્થીઓનું સંસ્થામાં વર્તન

આ સંબંધમાં પચીશ વર્ષનો મુખ્તેસર હેવાલ આપવો મુશ્કેલ છે. સમુચ્ચયે કેટલીક હકીકત કહી શકાય તેમ છે. સંસ્થાની શરૂઆતમાં શ્રી. છોટાલાલ શ્રોફ સુપરિન્ટેન્ડેન્ટ હતા. એનું શિસ્ત ઘણું સખ્ત હતું અને એણે જે ધોરણ માનદ મંત્રીના સહકારથી નક્કી કર્યા તે થોડા ફેરફાર સાથે ચાલુ રહ્યા છે. અકંદરે સંસ્થામાં શિસ્ત ઠીક જળવાયું છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. શિસ્તની હકીકત પર વિચાર કરતાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. આપણી સંસ્થા મહાવિગ્રહ દરમ્યાન સને ૧૯૧૫ માં શરૂ થઈ. શિસ્તસંબંધી વિચારમાં લડાઈ પછી ઘણો મોટો ફેરફાર થયો છે. સત્યાગ્રહની ચળવળે એના સંબંધમાં એક પ્રકારની છાપ બેસાડી છે, તો રશિયાના સામ્યવાદી સાહિત્યે એના પ્રવાહ પર જુદા પ્રકારની છાપ પાડી છે. સ્થિતિ એવી થઈ છે કે ઓગણીશમી સદીના ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધમાં કે કોલેજના અધ્યાપક અને અધ્યેતૃ વચ્ચેના સંબંધમાં કે વિદ્યાર્થી જીવનમાં રહેતા અભ્યાસીઓ અને તેનાપર દેખરેખ રાખનાર સુપરિન્ટેન્ડેન્ટના સંબંધમાં મહાન પરિવર્તન થઈ ગયું છે. એ પરિવર્તન ઠીક થયું છે કે એના પરિણામ સારાં આવશે કે વિપરીત એનો નિર્ણય કરવા માટે હજુ થોડો સમય જશે. અત્યારે સ્વાતંત્ર્યના ખ્યાલ જુદા પ્રકારના છે, વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમૂહહિત વચ્ચેના સંબંધના ખ્યાલમાં અવ્યવસ્થા થતી દેખાય છે અને વિદ્યાર્થીવર્ગનો માનસિક ઝોક જેમ બને તેમ નિયંત્રણાથી દૂર રહેવું અને મનની મોજ પ્રમાણે વર્તવું એમાં જાણે પોતાનું હિત હોય એવું વાતાવરણ થઈ રહ્યું છે અને થતું જાય છે.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે. પોતાના સ્વાતંત્ર્યને વાંધો ન આવવો જોઇએ એ ધારણામાં દરેક વિદ્યાર્થી એ રીતે વર્તે તો આખા સમૂહની શી દશા થાય તેનો ખ્યાલ કરવામાં આવતો નથી. મોટી સંસ્થાઓમાં આવી અનવસ્થા કે અવ્યવસ્થા નભે નહિ. દરેક વિદ્યાર્થી પોતાની મરજીમાં આવે તે વખતે જમવાનો આગ્રહ રાખે તો રસોડું કેટલા કલાક ચલાવવું પડે, રસોયાની શી સ્થિતિ થાય અને બીજા ટંકની રસોઈની ગોઠવણ કરવા પહેલાં એને જરા આરામ ન મળે તો એનું કામ અટકી જાય એનો ખ્યાલ કરવામાં આવે તો અમુક સમયે જ

ભોજન લેવાના નિયમની મહત્તા સમજાય. તેવીજ રીતે સમૂહ પ્રાર્થના, હાજરી, સ્વચ્છતા વગેરે અનેક બાબતમાં વ્યક્તિસ્વાતંત્ર્ય પાલવે નહિ. આ હકીકત દાખલા તરીકે લખી છે. હજુ આ બાબતો અનિર્ણીત સ્થિતિમાંજ છે. પાશ્ચાત્ય દેશોમાંથી આ સ્વતંત્રતાની ભાવના આળી છે ત્યાં શિસ્તપાલન એક ધર્મ તરીકે સ્વીકારવામાં આવે છે. ત્યાં હારમાં ઊભા રહેવું, પોતાને સોંપાયેલું કાર્ય કરવું, બીજાનાં કામમાં માથું મારવું નહિ વિગેરે નિયમો બરાબર પાળવામાં આવે છે અને તેના પાલનમાં વ્યક્તિસ્વાતંત્ર્યનો નાશ થતો હોય એમ કોઈને લાગતું નથી. સ્વતંત્રતામાં પરસ્પરાવલંબન ભાવ બરાબર જમાવવો જોઈએ.

આ સર્વ સામાન્ય વાત થઈ. વિદ્યાલયમાં શિસ્ત ઠીક જળવાયું છે. એકંદરે સંસ્થાના નામને બરાબ લાગે એવો શિસ્તભંગ થયો નથી એ આનંદની વાત છે. નાની નાની બાબતો વિદ્યાર્થીઓ અંદર અંદર સમજી લે છે, તેમને આંતરવ્યવસ્થાને અંગે લગભગ સ્વરાજ્ય આપ્યું છે અને સુપરિન્ટેન્ડેન્ટ દરેક સૌહાર્દવાળા મળ્યા છે એટલે વ્યવસ્થાની ગૂંચવણ પડી નથી અને દરેક કાર્ય ઘડિયાળની માફક યંત્રવત્ ચાલ્યા કરે છે. વિદ્યાર્થીનો પરસ્પર સંબંધ બહુ સારો રહેતો હોય એવું અનેક પ્રસંગે જોવામાં આવ્યું છે. કોઈ વિદ્યાર્થીને માંદગીને પ્રસંગે કે દુઃખદ પ્રસંગે સર્વની સહાનુભૂતિ અને સેવાભાવના જોવામાં આવે છે.

વિદ્યાર્થીના કેટલાક વર્ગ પડી શકે તેવું જોવામાં આવ્યું છે. કેટલાક તો માત્ર ભણવા જ આવે છે, એને ખાવાનું શું મળ્યું, કેટલું મળ્યું, ક્યારે મળ્યું તેનો વિચાર કરવાની ફુરસદ કે દરકાર હોતી નથી, એ તો પોતે ભલો કે પોતાનાં પુસ્તકો ભલાં. એ કોલેજના ટાઇમે કોલેજમાં જાય, સાંજે ફરવા જાય અને બાકીનો વખત પોતાનાં પુસ્તકોની સાથે નિમકહલાલ રીતે ગેલ કરે. એને તમે ખાધા પછી અરધા કલાકે પૂછો કે આજે શેનું શાક બનાવ્યું હતું તો તેનો તેને ખ્યાલ નહિ હોય. કારણકે એનું ધ્યાન અભ્યાસ પર જ છે. બીજો વર્ગ આજે રોટલી ગરમ નહોતી, કાચી હતી, શાકમાં મરચાં વધારે હતાં, મીઠું નાખવું રહી ગયું હતું. એ પર મિનિટો ગાળશે. ખાનગી ઘરમાં કે પોતાને ઘેર પણ કેટલીક અગવડો અનિવાર્ય છે એનો એને ખ્યાલ નહિ રહે. કેટલાક વિદ્યાર્થીને સમૂહમાં એકઠા થઈ બળવો ઉઠાવવો એમાં પોતાનું શૌર્ય લાગે છે અને નાની વાતને મોટું રૂપ આપતાં એને અચકાટ થતો નથી. બીજા કેટલાક માત્ર સેવાભાવી આવે છે. એ કોઈને સગવડ કરી આપવી, પોતે અગવડે ચલાવી લેવું એમાં માનનારા હોય છે. કોઈ વખતસર હાજરી આપવામાં નાનમ સમજે છે, જ્યારે કોઈ બે મિનિટ પહેલાં હાજર રહેવામાં ગૌરવ માને છે.

આવી રીતે પ્રત્યેક વિદ્યાર્થીના માનસિક વલણમાં ઘણો ફેરફાર હોય છે. આ સર્વ વાત ધ્યાનમાં રાખતાં વિદ્યાલયમાં શિસ્તપાલન ઘણું સારું રહ્યું છે અને થોડાક અપવાદ સિવાય એ સંબંધી બાબત વ્યવસ્થાપક સમિતિ સમક્ષ લઈ જવી પડી નથી. પૂજાસંબંધી ફરિયાદો થઈ છે, પણ જ્યારથી તે સંબંધી નિયમો કર્યા ત્યારથી એનું પાલન સારું થાય છે.

વિદ્યાલયમાં છેલ્લા દશ વર્ષથી દાખલ કરવાનું ધોરણ ઘણું કડક કરવામાં આવ્યું છે. ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ આવે છે, મોટો ભાગ તો માત્ર ભણવા જ આવે છે અને સંસ્થાના

ધારાધોરણને માન આપનારો આવે છે, શિસ્તપાલન લગભગ સ્વાભાવિક થઈ ગયું છે અને માત્ર અભ્યાસી વિદ્યાર્થીઓને તોફાન કરવાનો સમય મળતો નથી કે ઇચ્છા થતી નથી. આ રીતે શિસ્તપાલન ઉત્તરોત્તર પદ્ધતિસરનું અને નૈસર્ગિક થતું જાય છે. પચીશ વર્ષના અરસામાં નવયુગના વિદ્યાર્થીઓએ એક પણ બળવો કર્યો નથી કે શાસકને ગૂંચવણમાં નાખ્યા નથી એ શિસ્તનો સુંદર દાખલો છે. બાકી તો ઘર હોય તો તેમાં પણ નાની મોટી ફરિયાદ તો જરૂર રહે છે, નજીવી બાબતમાં મતભેદ થઈ જાય છે, પણ અંતે ભાઈ છે કે કાકા છે એમ ગણી નાખતી કરવામાં આવે છે. અહીં તો બાર બાપની વેજા છે, પ્રાંતપ્રાંતના વિદ્યાર્થી છે ત્યાં આટલું સૌજન્ય રહે, પ્રેમ રહે, સહકાર રહે અને એક પણ અનીચ્છવાજોગ પ્રસંગ ન બને તે સુયોગ્ય કહેવાય.

વિદ્યાલયના શિસ્તસંબંધમાં જનતામાં ઘણીવાર ગુલબાંગો ઉડાડવામાં આવે છે: કોઈ વાર વિદ્યાર્થી પૂજા કરતા નથી અને કોઈ વાર સંવત્સરીને દિવસે ખાય છે એવી વાતો ફેલાવવામાં આવે છે. આ વાતો ફેલાવવા પહેલાં જાતે તપાસ કરવી, સુપરિન્ટેન્ડેન્ટ કે મંત્રીનું ધ્યાન ખેંચવું અને પછી જ તે વાત પર અભિપ્રાય આપવો ઉચિત ગણાય. વિદ્યાલયના સર્વ વિદ્યાર્થી સંતના દીકરા છે એવો દાવો કરાય નહિ અને કરવામાં આવે તો ટકે પણ નહિ, પણ તેઓ સમાજના પુત્રો છે, તેમને વાત્સલ્યભાવે પણ સમજાવાય અને તેમને દંડ કરીને કે કાઢી મૂકીને પરાઙ્મુખ પણ કરી શકાય, પણ વગર તપાસે કેસ માર્યો જાય અને જનતાની આ સંસ્થા તરફ અભિરુચિ ઓછી થાય તે રીતે કામ લેવાવું જ જોઈએ. કાર્યવાહકો વાત છુપાવવામાં માનતા નથી અને ઢાંકપિછોડો કરવાની નીતિથી દૂર રહે છે, પણ તેમની સમક્ષ આવો કેસ રજૂ થવો જોઇએ અને ત્યારપછી તેના સંબંધમાં રીતસર કામ લેવાની પદ્ધતિનો શિષ્ટાચાર જનતાએ સમજવો જોઇએ. આ પ્રમાણે ન થાય તો ઘણી દુઃખદ સ્થિતિ થાય, સાચી વાત મારી જાય અને સંસ્થા પર લોકરુચિ નબળી પડતી જાય અને જે સંસ્થા લોકરુચિ પર રચાયલી અને નભતી હોય તેનાપર વગર સમજણનો કુઠારાઘાત થાય.

એકંદરે વિદ્યાલયના દરેક ખાતામાં શિસ્ત જળવાય છે. વાચનાલય, ભોજનાલય, સ્વચ્છતા, ન્યુસપેપર વિગેરે સર્વ ખાતાંઓ વિદ્યાર્થીઓજ ચલાવે છે. સામાન્ય મંદવાડના પ્રસંગે સીનીયર મેડિકલ વિદ્યાર્થીઓ કામ સંભાળી લે છે અને દવા આપે છે, મેડિકલ ઓફિસર જાતે દેખરેખ રાખે છે, અગત્યના કેસમાં સભ્ય દાક્તરોને બોલાવવામાં આવે છે. વર્ષો સુધી ડૉ. નાનચંદભાઈ કસ્તુરચંદ મોદી, એલ. એમ. એન્ડ એસ. એ સેવા કરી છે અને તેમના અવસાન બાદ ડૉ. મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી. બી. એસ. જે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમણે એ સેવા ચાલુ રાખી છે. ખાસ જરૂરી બાબતમાં વિદ્યાર્થીને હોસ્પીટલમાં મોકલી આપવામાં આવે છે. ત્યાંપણ આપણા વિદ્યાર્થીઓ પૂરતી સંખ્યામાં હાજર રહીને વિદ્યાર્થીબંધુની સેવાસુશ્રૂષા કરી તેની વ્યાધીની પીડા ઓછી કરવામાં બનતી સહાય કરે છે.

વિદ્યાર્થી ઘણાખરા બહાર ગામના હોઈ તેમની તબિયત પાછળ ધ્યાન આપવાની ફરજ વિદ્યાલયને માથે સ્વાભાવિક રીતે આવે છે અને તે કાર્ય ગમે તેટલા ખરચે વિદ્યાલય ઉપાડી લે છે. એવા પ્રસંગે જરૂરી ફ્રૂટ્સ, દૂધ વિગેરે વિના સંકોચે આપવામાં આવે છે અને દવા કે ઉપરની બાબતનો કોઈ પ્રકારનો ચાર્જ વિદ્યાર્થીપાસેથી લેવામાં આવતો નથી.

બાકી વિદ્યાલયના શિસ્તનો અભ્યાસ તો રાત્રે આરતી થાય છે ત્યારે અથવા મોટા મેળાવડા પ્રસંગે કે પ્રીતિભોજન પ્રસંગે જોઈ શકાય અથવા તો ધાર્મિક વર્ગમાં તેમને અભ્યાસ કરતાં કે પોતપોતાના રૂમમાં અભ્યાસ કરતાં કે પરસ્પર સગવડ જાળવતાં જોવામાં આવે ત્યારે તેનો અનુભવ કરી શકાય. લગભગ સો વિદ્યાર્થીને એક સાથે એક સ્થાને રાખવા એ આ યુગમાં કેટલું કપરું કામ છે એ તો અનુભવ વગર ખબર પડે તેવું નથી. એકંદરે આ સર્વ દૃષ્ટિથી જોતાં વિદ્યાર્થીનું વર્તન પચીશે વર્ષમાં ઘણું સંતોષકારક રહ્યું ગણાય અને છેલ્લા પાંચ વર્ષમાં તે વધારેને વધારે આનંદદાયક થતું ચાલ્યું છે એમ વગર સંકોચે કહી શકાય.

વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટેજ મુંબઈ આવે છે, તેઓની ફરજ અભ્યાસ તરફજ છે એ તેઓ સારી રીતે સમજે છે અને કોઈ વાર કોઈ મસ્તીએ ચઢી જાય તો अयं न क्रीडति, वयः क्रीडति એ સૂત્ર ધ્યાનમાં રાખવાનું રહે છે. બાર અંગ ઘોડિયામાં ભણી જનાર વજસ્વામી સ્થંડિલે જાય ત્યારે પાણીમાં કાછલી તરતી મૂકે તે વાતમાં ઘણું રહસ્ય છે અને કાર્યવાહકો તે વાત પણ ધ્યાનમાં લે છે, છતાં એ મુદ્દાપર નાખતી કરતા નથી. પણ વિદ્યાર્થીમાનસ, વિદ્યાર્થીની વય અને નવયુગનું વાતાવરણ ધ્યાનમાં રાખી યોગ્ય પ્રબંધ સૂચના અને જરૂર પડે ત્યાં ઓછી વધતી સજા પણ કરે છે.

સંસ્થાના આ પચીશ વર્ષના ઇતિહાસમાં શિસ્તભંગનો એક પ્રકાર કાર્યવાહકોની જાણપર આવતાં બે વિદ્યાર્થીને સંસ્થામાંથી રદ્દ કરવાની જરૂર પડી હતી અને એક વિદ્યાર્થીની વર્તણુક જૈનને યોગ્ય માલૂમ ન પડતાં તેને સંસ્થામાંથી રદ્દ કરવો પડ્યો હતો. આ બે બનાવ બાદ કરીએ તો સંસ્થામાં શિસ્તભંગનો મોટો કે નોંધવાલાયક એક પણ બનાવ બન્યો નથી. સદર વિદ્યાર્થીનાં નામો સકારણ આપ્યાં નથી. બાકી ઠામ ઘણું હોય ત્યાં ખડખડાટ તો અવશ્ય થાય, પણ એ સમષ્ટિ શરીરને અસર કરતા નથી અને કાંઈ પણ બનાવ વગરનું સીધું, એકધારૂં જીવન અશકય હોઈ ઇચ્છીએ તો પણ પ્રાપ્તવ્ય નથી.

સંસ્થાપર અભિપ્રાય આપવા પહેલાં પોતાની બાળવય યાદ કરવી, પોતે કઈ બાબતમાં આનંદ લેતા હતા એ સંભારવું એટલે ઘડ બેસી જશે. વિદ્યાર્થીના બચાવ માટે આ લખ્યું નથી અને પ્રસંગ પડ્યે ખોટો બચાવ કરવાની નીતિ વ્યવસ્થાપક સમિતિએ કદી સ્વીકારી નથી, પણ માનસવિદ્યાની અને વાતાવરણની વાત કાઢી નાખવા જેવી નથી. એકંદરે વિદ્યાર્થીઓ સંબંધમાં ફરિયાદ કરવા જેવું બહુ નથી અને તેમનાં પરિણામોના ટકા એ વાતની સાક્ષી પૂરશે.

લોન રિફંડ.

સંસ્થાની શરૂઆતથી ખૂબ ચર્ચાને પરિણામે વિદ્યાર્થીને અંગે થતા રોકડ અને વહીવટી તથા ભોજન ખર્ચને અંગે લોનનું ધોરણ સ્વીકારવામાં આવ્યું છે.

(૧) આપણા વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવા ખાતર તથા (૨) તેમનાં મન પર ધર્માદા કે ચેરિટિના દ્રવ્યનો ઉપયોગ તેમના પર થતો હોવાની વિચારણાને પરિણામે આવતી

દીનવૃત્તિનો ભાવ અટકાવવા માટે શરૂઆતથી વિદ્યાર્થી પાસે રીતસરનું લખાણ લેવાની પ્રથા સ્વીકારવામાં આવી છે. શરૂઆતના ધારાધોરણમાં ૭૭ મી કલમમાં જણાવવામાં આવ્યું હતું કે 'ઉપર પ્રમાણે બોન્ડ કરાવી લેવાનો હેતુ વિદ્યાર્થીને પોતાની જાત ઉપર આધાર રાખવાનું શીખવવાનો, પોતે જાહેર ખાતાની સખાવત પર આધાર રાખનાર છે એવો ખ્યાલ અભ્યાસ દરમ્યાન ન આવવાનો અને આ સંસ્થા પોતાના જોર ઉપર ભવિષ્યમાં નભી શકે એવી રીતે તેને પગભર કરવાનો છે. એ નિયમને અમલમાં મૂકતાં વિદ્યાર્થીની કમાણી, તેને પાળવાના કુટુંબીઓ અને બીજી જરૂરી બાબત પર તે વખતના સેક્રેટરી યોગ્ય ધ્યાન આપશે અને એ નિયમને અમલ બોજા રૂપ ન થઈ પડે તેમજ નરમાશનો ગેરલાભ ન લેવાય એ બાબતપર યોગ્ય લક્ષ્ય રાખી બોન્ડની રકમ વસુલ કરવામાં આવશે.'

આ ખુલાસો કરનાર કલમની આવશ્યકતા ત્યાર પછી ન રહેતાં ઓગણીશમા વર્ષમાં જ્યારે આખા બંધારણને પુનઃ વિચારવામાં આવ્યું ત્યારે આ કલમની આવશ્યકતા ન જણાવાથી તે કલમ બાકાત કરવામાં આવી છે, પણ તે કલમમાં બતાવેલ ધોરણનો મુદ્દો અત્યાર સુધી બરાબર લક્ષ્યમાં રાખવામાં આવ્યો છે. ઉપર લોન પદ્ધતિ દાખલ કરવાનાં બે મુદ્દા જણાવ્યા તે ઉપરાંત (૩) સંસ્થાને કાયમ કરવામાં એ રીતે મોટો લાભ થશે એ વાત પણ પ્રથમથી ધ્યાનમાં રાખવામાં આવી હતી તે વાત પણ અત્ર જણાવવી ઉચિત છે.

લોનની રકમની આવક શરૂઆતનાં વર્ષોમાં તો ઘણી નાની થઈ તે આ સાથે બતાવેલ **પરિશિષ્ટ** પરથી જોવામાં આવશે. પ્રથમના છ વર્ષ સુધીમાં તે રકમ રૂા. ૧૦૬૪-૯-૦ થઈ, એટલે દર વર્ષે એ રકમ પોણાબસોની સરેરાશ થઈ અને દશમા વર્ષની આખરે એ રકમ વધીને કુલ રૂા. ૭૧૫૫-૯-૦ થઈ. એટલે એ રીતે પ્રથમના દશ વર્ષમાં સરેરાશ એ રકમ ૭૧૫ ની આસપાસ થઈ. પણ ધીમે ધીમે એ રકમમાં વધારો થતો ગયો છે. છેલ્લા પચીશમા વર્ષમાં એક જ વર્ષમાં એ રકમ રૂા. ૧૩,૫૭૦-૪-૩ થઈ. આ રીતે સંસ્થાના ખર્ચમાં એ રકમનો મોટો ટેકો થઈ પડ્યો.

ગ્રેજ્યુએટ થયેલા અધુરા અભ્યાસે સંસ્થા છોડી ગયેલા અને સંસ્થામાં ચાલુ અભ્યાસ કરનાર પાસે પચીશમાં વર્ષની આખરે રૂા. ૫,૩૬,૯૨૫-૮-૫ લેણા પડ્યા. એટલે ઉપર જે વિદ્યાર્થી સંખ્યા બતાવી તેમના ખર્ચને અંગે એટલી રકમ અને તે ઉપરાંત પેઈંગ વિદ્યાર્થી પાસેથી આવેલી રકમ ખરચાઈ.

અગાઉના ચોવીશ વર્ષોમાં લોન રિફંડ ખાતે રૂા. ૧,૧૯,૫૨૦-૧૦-૦ વસૂલ થયા હતા તેમાં પચીશમા વર્ષની ઉપર જણાવેલી રકમ રૂા. ૧૩,૫૭૦-૪-૩ વધારતાં પચીશ વર્ષની આખરે લોન રિફંડની વસૂલાત રૂા. ૧,૩૩,૦૯૦-૧૪-૩ થયા.

એ રીતે પચીશ વર્ષની સરેરાશ કાઢતાં લોન રિફંડ દર વર્ષે સરેરાશ આવક રૂા. ૫૩૨૪ ની થઈ. હવે પછીના વર્ષોમાં એ રકમની સરેરાશ અઢારથી વીસ હજાર થવાનો સંભવ ધારી શકાય. એમાં વધારો થવાનાં કેટલાંક કારણો છે.

પચીશમા વર્ષની આખરે લોન ખાતે વસૂલ ન થયેલી રકમ રૂા. ૪,૦૩,૮૩૪-૧૦-૨ થાય છે અને તેની વિગત પચીશમા વાર્ષિક નિવેદનમાં આપી છે.

લેણી પડતી રકમ વસૂલ કરવા માટેનું કાર્ય છેલ્લા પાંચ વર્ષથી લોન રિફંડ પેટા સમિતિને સોંપવામાં આવ્યું છે. તેમની જાતિ દેખરેખ અને અંગત સમજાવટને કારણે વાર્ષિક વસૂલાતમાં સારો વધારો થવા પામ્યો છે.

આ વસૂલાતથી દાન આપનારને હજારોગણો લાભ થાય છે. વસૂલ આવતી રકમ બીજા વિદ્યાર્થીના કેળવણીનિમિત્ત ખર્ચમાં વપરાય છે અને તે રકમ વસૂલ આપે ત્યારે તેમનો ઉપયોગ ફરીવાર કેળવણી આપવાના કામમાં થાય છે. આ રીતે ' એકગણું દાન આપનારને સહસ્રગણું પુણ્ય ' મળે છે, વિદ્યાર્થીના મનપરથી જાહેર સખાવત પર નિર્વાહનો બોજો ઓછો થાય છે, માતૃદેવી સંસ્થાની આરાધના થાય છે, કરેલા ગુણનો બદલો અપાય છે અને સંસ્થાના મોટા ખરચમાં લગભગ ત્રીજાથી ચોથા ભાગ જેટલી રાહત મળે છે. આ નાનીસૂની વાત નથી અને અત્યારે કૈક સંસ્થાઓ આ લોનપદ્ધતિનું અનુકરણ કરવા તૈયારી કરી રહી છે અને તેને લગતું ધારાધોરણો, કબૂલાતનાં ફોર્મો વગેરે જરૂરી સાહિત્ય અભ્યાસ અને અનુકરણ માટે મંગાવે છે.

લોનની વસૂલાતને અંગે પચીશ વર્ષમાં એક પણ દાવો માંડવામાં આવ્યો નથી. વિદ્યાર્થીઓ પોતાની ફરજ સમજે અને છતે સાધને સંસ્થાનું ઋણ અદા ન કરે એ ચોગ્ય ન કહેવાય, તેથી આ બાબતમાં મૂળ મુદ્દા અને ધોરણપર સમિતિએ લક્ષ્ય રાખ્યું છે અને ત્યાર પછી બહુ જૂજ વ્યક્તિના સંબંધમાં આગળ પગલાં ભરવાં પડ્યાં છે તો તેમાં પણ નાખતી કે પતાવટ કરવાની પદ્ધતિ છોડી નથી.

વિદ્યાલયમાં દાખલ કરેલ લોનપદ્ધતિ એ રીતે સફળ થઈ છે એમ પચીશ વર્ષની આખરે કહી શકાય તેમ છે. તેને અંગે માત્ર વિદ્યાર્થીઓને એકજ વાત કહેવાની રહે છે અને તે એ છે કે તેમણે ધ્યાનમાં રાખવું જોઇએ કે તેમને જીવનના એવા સમયે વિદ્યાલયે સહાય કરી છે કે જે વખતે માત્ર ક્રેડિટ (અંગ ઉધાર) ઉપર કોઈ માણસ તેમને મદદ ન કરે. બીજી વાત એ છે કે તેઓ જે રકમ પાછી વાળે તેનો ઉપયોગ કેળવણીમાંજ થવાનો છે અને કાયદાની વાત બાજૂ ઉપર રાખતાં તેમણે દેવી નીકળતી રકમ તો નૈતિક દૃષ્ટિએ પાછી વાળવી જ જોઇએ. અને તે ઉપરાંત દરેક લાભ લેનાર વિદ્યાર્થીએ ઓછામાં ઓછા પાંચ વિદ્યાર્થીને ગ્રેજ્યુએટ બનાવવા જોઇએ. આ રીતે જ દેવું ફેડવાય અને ઋણમુક્ત થવાય. એને બદલે કેટલાક વિદ્યાર્થી રકમ બને તેટલી મોડી આપવા બ્હાનાં કાઢે છે, કેટલાક બીજાની વ્યાજ આપવી પડે તેવી રકમ પ્રથમ આપે છે અને વિદ્યાલય વ્યાજ લગાડતું નથી તેનો બદલો ખોટી રીતે ઉલટો આપે છે. આટલેથી પતતું નથી, પણ કેટલાક વિદ્યાર્થીઓ પ્રો. નોટ રિન્યુ (ચાલુ) કરવાના અખાડા કરે છે, કોઈ પત્રના જવાબ આપવામાં અખાડા કરે છે, કેટલાક આડા અવળા અથવા ભળતા જવાબ આપે છે. આ સર્વ વાત અનિચ્છનીય ગણાય. સંસ્થાના લાભનો આ રીતનો બદલો અપાય એ કોઇપણ રીતે યોગ્ય લાગે નહિ અને કેળવણીને છાજે નહિ.

છતાં લોન રિફંડને લગતાં પત્રવ્યવહારને અંગે કેટલાક પત્રો તો ખાસ પ્રગટ કરવા જેવા જણાય છે. સંસ્થાનું ઋણ ફેડવાની જવાબદારી સ્વીકારવા ઉપરાંત આજન્મ એના ઉપકારનો

બદલો નહિ વળે એવું બતાવનારા અને સંસ્થા માટે અત્યંત ગૌરવ બતાવનારા અનેક પત્રો આવે છે અને તે વિદ્યાલયને દફ્તરે મોજૂદ છે. વિદ્યાલય તરફ તિરસ્કાર બતાવનાર તો એક જ વિદ્યાર્થી નીકળ્યો છે, દશ વીશ ટકા ઉડાવનારા નીકળ્યા છે, બાકી ઘણો મોટો ભાગ વિદ્યાલય તરફ ખૂબ સદ્ભાવ બતાવનાર, બનતી રીતે ઋણ ફેડણાર, ન બને તો પોતાની અશક્તિ કે અલ્પ શક્તિ માટે અંતઃકરણનો ખેદ બતાવનાર અને સંસ્થા માટે અતિ ઉન્નત વિશિષ્ટ ભાષામાં ગૌરવ બતાવનાર નીકળ્યા છે.

તળાટીએ જમવાનો લાભ લેનાર કોઈ ઘોલ્લા જેવા પણ હોય, કોઈ સાધારણ માણસ હોય, કોઈ યાત્રા કર્યા વગર પણ ખાવા ખાતર ત્યાં આવનાર હોય અને કેટલાક ખરા યાત્રાર્થી, આત્માર્થી અને તીર્થભાવી પણ હોય. આપણો પ્રયાસ હીરા પ્રાપ્ત કરવાની ખાણ ખોદવાનો છે, તેમાં ખોદકામ કરતાં પથરા પણ સાંપડવાના તો ખરા, પણ થોડા વીલંદી હીરા નીકળે અને એકાદ કોહીનૂર કે કુલીઅન નીકળી આવે તો પણ આપણો પ્રયાસ તો સફળ જ છે અને તે દૃષ્ટિએ જોતાં અને અત્યાર સુધીનું રિફંડનું ઉત્તરોત્તર વધતું જતું પરિણામ જોતાં એકંદરે પરિણામ ખૂબ સંતોષ થાય તેવું બતાવાઈ શકાય છે એમાં શંકા નથી. અવારનવાર અનિચ્છનીય પરિણામ આવે તે બનવાજોગ છે, પણ એકંદરે વિદ્યાલયનો કોઈપણ ગ્રેજ્યુએટ વિદ્યાલયને ખરાબ લાગે કે બટ્ટો લાગે તેવો નીકળ્યો નથી એ હકીકત પ્રેરક હોઈ સંતોષકારક છે અને શરૂઆતના પચીશ વર્ષમાં આટલાં સારાં રત્નો પકાવી શકાયાં તો બીજા પચીશ વર્ષમાં કેવું પરિણામ લાવી શકાશે તે કલ્પના કરવાનું કામ વિચારકોની માનસિક સૃષ્ટિ પર છોડવામાં આવે છે.

લોન રિફંડની પદ્ધતિ અન્ય આવા પ્રકારની સંસ્થાઓને અનુકરણીય લાગી છે એ જ એની કૃતેહનો પુરાવો છે, એના વિસ્તારમાં ઉત્તરોત્તર સીધો વધારો થતો આવ્યો છે એ એની લોકપ્રિયતા બતાવે છે અને કેટલાક વિદ્યાર્થીઓ અગવડે પણ પોતાના ઋણપ્રદાનની ફરજ ચૂકતા નથી એ આખી યોજનાને ગૌરવ અપાવે છે.

વ્યવસ્થાપક સમિતિ.

આ સંસ્થા વ્યવસ્થાપક સમિતિના સંબંધમાં બહુ નસીબવંતી નીવડી છે તે નીચેની હકીકત પરથી જણાશે. સંસ્થાની સામાન્ય સમિતિના કુલ સભ્યોને મતપત્રક (વોટીંગ પેપર) વાર્ષિક સામાન્ય સમિતિ મળવાની તારિખ પહેલાં મોકલી આપવામાં આવે છે. સભ્યો પોતાનામાંથી પંદર સભ્યોને વ્યવસ્થાપક સમિતિ તરીકે એક વર્ષ માટે કાર્ય કરવા નીમે છે. સંસ્થાનું વર્ષ મે માસની આખરે પૂરું થાય છે. હિસાબ અન્વેષણ પામી પ્રસિદ્ધ કરતાં બે ત્રણ માસ થાય છે. લગભગ ઓગસ્ટ કે સપ્ટેંબર માસમાં વાર્ષિક સામાન્ય સભા મળે છે તે વખતે ભરાઈ આવેલાં મતપત્રકોનું પરિણામ અન્વેષકો (સ્કુટિનિયર્સ) રજૂ કરે છે.

શરૂઆતમાં એક મંત્રી અને કોશાધ્યક્ષની નિમણુક આ રીતે કરવામાં આવતી હતી. તેમનો સમાવેશ પણ પંદરની સંખ્યામાં થાય છે. શરૂઆતના પંદર વર્ષ સુધી એક મંત્રીએ ચલાવ્યું. ત્યારબાદ સોળમા વર્ષથી (૧૫-૧૧-૧૯૩૧ થી) બે મંત્રીની નિમણુક કરવામાં આવી અને ત્યાર પછીના દશ વર્ષમાં બે મંત્રીની નીમણુક ચુંટણીથી કરવામાં આવે છે. એટલે

વ્યવસ્થાપક સમિતિ ૧૯૪૧-૪૨



બેઠેલા : શેઠ ભોગીલાલ હીરાલાલ; શેઠ પ્રવીણચંદ હેમચંદ અમરચંદ; શેઠ મોહોલાલ મગનલાલ; શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરી; શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી; શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ; શેઠ કકલભાઈ ભુદરદાસ વકીલ; શેઠ રામજીભાઈ રવજીભાઈ; શેઠ હીરાલાલ અમૃતલાલ.

ઉભેલા (પ્રથમ હાર) : શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી; શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી; ડો. મોહનલાલ હેમચંદ શાહ; શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ; શ્રી મકનજી જુઠાભાઈ મ્હેતા; શ્રી પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી; ડો. ચીમનલાલ નેમચંદ શ્રોફ; શ્રી વલ્લભદાસ કુલચંદ મહેતા; શ્રી સુંદરલાલ મુળચંદ; શ્રી હીરાલાલ મંછાચંદ શાહ.

(બીજી હાર) : શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ; શ્રી મણિલાલ મહોકમચંદ શાહ; શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા; શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ; શ્રી બબલચંદ કેશવલાલ મોદી; શ્રી માધવલાલ હીરાલાલ શાહ.

છેલ્લા દશ વર્ષમાં બે મંત્રી અને એક કોશાધ્યક્ષ તથા બાર સભ્યો મળીને પંદરની પસંદગી ચુંટણીના ધોરણુપર થાય છે.

કેટલીક વાર ચુંટણીમાં ભારે રસાકસી થાય છે અને પરિણામની આકાંક્ષાથી રાહ જોવાના પણ પ્રસંગો બનવા પામ્યા છે. આ ધોરણુ પચ્ચીશે વર્ષમાં ચાલુ રહ્યું છે. આ પંદર સભ્યો બે સભ્યોને કો-ઓપ્ટ કરે છે, એટલે સત્તર સભ્યોની વ્યવસ્થાપક સમિતિ બને છે.

એ ઉપરાંત સંવત ૧૯૮૭ (સંસ્થાના સત્તરમા વર્ષ) સુધી સંસ્થામાં દરવર્ષે (૨૫૦ × ૧૦) રૂપીઆ આપવાનું વચન આપનારને અને સંસ્થાના પેટ્રનોને વ્યવસ્થાપક સમિતિમાં ભાગ લેવાનો અને વોટ (મત) આપવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. સત્તરમા વર્ષ સુધી એ રીતે જેમણે અધિકાર પ્રાપ્ત કર્યો હોય તે કાયમ રાખી ત્યારપછીના વર્ષો માટે વગર શરતે દશ હજાર રૂપીઆની એકી સાથે કે છૂટક છૂટક સહાય કરનાર કે તેનું વચન આપનારનો તે હક્ક ચાલુ રાખ્યો છે. આવા હક્કની રૂએ વ્યવસ્થાપક સમિતિમાં ભાગ લેનાર સભ્યોની સંખ્યા પચીશમા વર્ષની આખરે ૩૫ હતી. તેમને વ્યવસ્થાપક સમિતિની દરેક સભાની ખબર ટપાલ દ્વારા આપવામાં આવે છે.

આટલી મોટી સંખ્યાના હક્કદાર સભ્યો પૈકી માત્ર ત્રણ કે ચાર સભ્યોજ મોટે ભાગે પોતાના હકકનો ઉપયોગ કરે છે એ ઘણી અસંતોષની વાત છે. વ્યવસ્થાપક સમિતિ ઉપર સંસ્થાના આંતર વહીવટનો આધાર રહે છે, અતિ સૂક્ષ્મ બાબતો લંબાણુ ચર્ચા પછી નિર્ણય પામે છે અને સંસ્થાની ઝીણુામાં ઝીણી બાબતની વિગતો પર ચીવટથી ધ્યાન આપવાના, અવકાશ આપવાના અને ઝોક આપવાના અનેક પ્રસંગો એને સુપ્રાપ્ય છે અને બંધારણુ પ્રમાણે સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ પરજ સંસ્થાની ફતેહ માટેની જવાબદારી રહે છે. આવી વ્યવસ્થાપક સમિતિમાં ભાગ લેવામાં પ્રમાદ થવો ન ઘટે.

છતાં સંતોષની વાત એટલી છે કે સત્તર સભ્યો (પંદર ચુંટાયલા અને બે કો-ઓપ્ટ થયેલા) તથા ત્રણ ચાર સતત રસ લેતા સભ્યો એટલી ચીવટથી કામ કરે છે કે ઘણી વખત ચર્ચા લંબાણુ સમય લે છે, અને તે ચર્ચા કે નિર્ણયમાં સર્વ સભ્યો ખૂબ રસથી ભાગ લે છે.

પ્રથમ વર્ષમાં વ્યવસ્થાપક સમિતિની ૩૦ સભા થઈ, ત્યાર પછીના વર્ષોમાં કેટલી સભાઓ દર વર્ષે થઈ તેનું પત્રક આ સાથે પરિશિષ્ટમાં જોડ્યું છે, તેની સાથે દરેક મિટિંગમાં હાજરી કેટલી થઈ તેની કુલ વિગત આપી છે. સરેરાશ દર વર્ષમાં ૧૫ સભા થઈ છે.

દરેક વર્ષની કમિટીએ ખૂબ ચીવટ રાખીને, વખતનો પૂરતો ભોગ આપીને અને સંસ્થાના દરેક વિભાગપર પૂરતું લક્ષ્ય આપીને કામ કર્યું છે. એ દર વર્ષે પ્રગટ કરવામાં આવતા વાર્ષિક નિવેદનો (રિપોર્ટ) પરથી જોઈ શકાશે.

આ પ્રમાણે દર વર્ષની વ્યવસ્થાપક સમિતિ અલગ અલગ ગણુતાં પચીશ સમિતિઓ થઈ, છતાં એમાં એક પ્રકારનું સાતત્ય જરૂર જળવાઈ રહ્યું છે. આપ વ્યવસ્થાપક સમિતિના લીસ્ટનો અભ્યાસ કરશો તો તેમાં એક જાતની સમસૂત્રતા જોવામાં આવશે. કોઈ વર્ષે એમાં એવો મોટો ફેરફાર થઈ ગયો નથી કે જેથી એનું સાતત્ય વિઘ્નમાં પડ્યું હોય. એમ ન બની આવે એટલે

હક્કદાર સભ્યોને તેમાં ભાગ લેવાની યોજના શરૂઆતથી જ રાખવામાં આવી હતી, પણ એ પ્રકારના સભ્યોના ઓછા સહકારે પણ સાતત્ય બરાબર જળવાયું છે એ મોટા ગૌરવનો વિષય છે.

એક હકીકત અત્ર નોંધવા જેવી છે અને તે સાતત્ય જળવાયા છતાં પરિસ્થિતિ પર અનોખો પ્રકાશ પાડે તેવી વાત છે. **શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઈ, અને શ્રીયુત મોતીચંદ કાપડીઆ** સંસ્થાની શરૂઆતથી પચીશ વર્ષની આખર સુધી ચાલુ સભ્ય પચ્ચીશે વર્ષમાં રહ્યા છે તે છે. તે ઉપરાંત મૂળ સ્થાપકોમાંથી જેમ જેમ અશક્તિ કે અવસાનને કારણે સભ્યો જતા ગયા તેમ તેમ તેમના સ્થાનકે એવી નિમણુકો થતી આવી છે કે સંસ્થાના મૂળ બંધારણને, બરાબર સમજી, એના સાધ્યને ચોક્કસ લક્ષ્યમાં રાખી અને માત્ર સેવાભાવથી નિઃસ્પૃહ વૃત્તિએ કામ કરનાર કર્મચારીઓ સંસ્થાને સાંપડ્યા છે અને તેમણે શ્રી મહાવીરનો ધ્વજ સતત ફરકતો રાખ્યો છે એટલુંજ નહિ, પણ એને વધારેને વધારે ઊંચો અને દેદીપ્યમાન કર્યો છે, એના ઈન્દ્રધ્વજમાં દરેક વર્ષે નવી નવી ધ્વજાઓ અને તે ઉપર કલગી અને ફૂમતાં ઉમેર્યાં છે અને તેના પ્રકાશના તેજમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે.

વ્યવસ્થાપક સમિતિમાંથી અનેક પેટા-સમિતિઓ નીમાય છે, એમાંથી વિશિષ્ટ સમિતિઓ નીમાય છે, એમાંથી નિરીક્ષણ સમિતિઓ નીમાય છે, એમાંથી બંધારણ, પુસ્તકાલય, ધાર્મિક શિક્ષણ વિગેરે સમિતિઓ નીમાય છે. એ સર્વમાં આ વ્યવસ્થાપક સમિતિના સભ્યો ઉત્સાહથી કામ કરે છે અને સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ તરફ પોતાનાં કાર્યનું નિવેદન (રિપોર્ટ) મોકલી આપે છે.

અને સંસ્થાના આંતર વહીવટના ઠરાવો સર્વાનુમતે હમેશા થયા હોય એવું પણ નથી. પ્રત્યેક મેંબરને ચર્ચા કરવાની પૂરતી તક આપવાનો નિયમ આ સંસ્થાએ પ્રથમથી જ સ્વીકાર્યો છે અને કોઈવાર મતભેદ પડે તો બહુમતે કામ પણ થયું છે. એકંદરે ૯૮ ટકા ઠરાવો તો સર્વાનુમતે જ થયા છે. પણ બે ટકાના મતભેદના ઠરાવોએ પણ આ સંસ્થાના સભ્યોમાં મનભેદ જરા પણ કર્યો નથી, એ જનમતવાદ (ડેમોક્રસી) ની ફતેહ અને સભ્યોની સેવાભાવના તરફ ધ્યાન ખેંચે તેવી બાબત પૂરી પાડે છે.

શરૂઆતનાં વર્ષોમાં વિદ્યાર્થીઓ વ્યવસ્થાપક સમિતિપર પ્રતિનિધિત્વ હોવાની માગણી કરતા હતા. શિસ્તની બાબતમાં અનિચ્છનીય પરિસ્થિતિ ઊભી થવાના ખ્યાલથી અને સંસ્થાના બંધારણમાં એવી કોઈ જાતની ગોઠવણ ન હોવાથી તેઓની એ માગણીનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતો, પણ તે વખતે તેમને જણાવવામાં આવતું હતું કે સંસ્થાનો વહીવટ અંતે વિદ્યાર્થીઓએજ કરવાનો છે. એ વાત તેમને ઉડાવનારી લાગતી હતી, પણ ધીમે ધીમે સાચી થતી જાય છે. અત્યારે પચીશમા વર્ષની આખરે સંસ્થાની વ્યવસ્થાપક સમિતિપર નીચેના સભ્યો છે, તેઓ ભૂતકાળમાં સંસ્થાના વિદ્યાર્થી હતા. તેઓ પૈકી એક શ્રીયુત ચંદુલાલ સારાભાઈ મોદી સંસ્થાના માનદમંત્રી અને ટ્રસ્ટી છે. તે ઉપરાંત શ્રીયુત પ્રસન્નમુખ સુરચંદ્રભાઈ બદામી, બાર-એટ-લૉ., શ્રીયુત હીરાલાલ મંછાચંદ શાહ સોલિસિટર, ડૉ. મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી. બી. એસ., શ્રીયુત ચીમનલાલ મોતીલાલ પરીખ, બી. કોમ. (સેક્રેટરી-ઈસ્ટ ઈંડીયા કોટન એસોસીએશન) અને શ્રીયુત ચંદુલાલ વર્ધમાન શાહ સભ્યો છે. એટલે વિદ્યાર્થીની

અગવડના તેઓ અભ્યાસી હોવા ઉપરાંત વિદ્યાર્થીવર્ગના આદર્શ અને ભાવના તરફ સ્વાભાવિક રીતે વધારે સહાનુભૂતિપૂર્વક જોનારા છે. આ રીતે સંસ્થાનો વહીવટ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ચલાવે અને તેની આવક માટે જરૂરી મહેનત કરે એ દિવસોની જે રાહ સમાજ જોઈ રહી હતી તેનાં સ્વપ્નાં સિદ્ધ થતાં જાય છે અને વ્યવસ્થાપક સમિતિપર જ્યારથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંખ્યા શરૂ થઈ અને ઉત્તરોત્તર તેમાં વધારો થતો ગયો તેમ તેમ વિદ્યાર્થીની શિસ્તપાલન પરત્વે સમિતિની કડકાઈ સંબંધી ફરિયાદ ઘણી ઘટી ગઈ છે. વ્યવસ્થાપક સમિતિના ઇતિહાસમાં આ નોંધવા લાયક બનાવ બન્યો છે અને થોડાં વર્ષોમાં આખી સમિતિ સેવાભાવી વિદ્યાર્થીઓથી ભરાઈ જાય એવી (ભાવનાની) સફળતાનાં આદ્ય ચિહ્નો તરીકે ગણવામાં જરા પણ વાંધો ન આવે એવી એ પરિસ્થિતિ હોઈ સંસ્થાના ઇતિહાસમાં સ્થાન પામે છે.

ધાર્મિક શિક્ષણ

સંસ્થામાં જુદી જુદી કોલેજોમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને સગવડ કરી આપવાની હોઈ તેમના વ્યાવહારિક શિક્ષણ માટે પ્રબંધ કરવાનો નહોતો, પણ સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓ ધર્મ-સંસ્કારી રહે તે માટે જુદા જુદા પ્રબંધો કરવાના હતા. તેમાંનો એક પ્રબંધ તેમને માટે ધાર્મિક શિક્ષણની ગોઠવણ કરવાનો હતો.

આ ગોઠવણ કરવા પહેલાં શિક્ષણ કેવા પ્રકારનું આપવું તે પર વ્યવસ્થાપક સમિતિમાં ખૂબ ચર્ચા થઈ, તે વિષયના નિષ્ણાત મુનિરાજો તથા જૈન વિદ્વાનો સાથે ચર્ચા કરવામાં આવી. તે વખતે ગુજરાત કાઠિયાવાડમાં અનેક પાઠશાળા ચાલતી હતી, તેના અભ્યાસનો ઝોક અને પરિણામો પર ચર્ચા કરવામાં આવી, તેનાં બારિક નિરીક્ષણનાં પરિણામો તપાસવામાં આવ્યાં. ઘણીખરી પાઠશાળાની પદ્ધતિ નવકારથી માંડીને પંચ પ્રતિક્રમણ મુખપાઠ કરાવવાની જોવામાં આવી. નાની વયના વિદ્યાર્થીઓને માટે એ પદ્ધતિ યોગ્ય ગણાય એવો એક મત હતો, પણ અર્થ હેતુના જ્ઞાન વગર એ પદ્ધતિમાં યંત્રવત્ ગતિ જોવામાં આવી. કોઈ વિશિષ્ટ પાઠશાળામાં જીવવિચાર, નવતત્ત્વ, દંડકનો અભ્યાસ જોવામાં આવ્યો, પણ એમાં પણ ગતિ, ભેદ, વિભેદની ગણના કે શરીર, આયુષ્ય, પ્રાણની ગણના માત્ર મુખપાઠરૂપે જોવામાં આવી, પણ એ અભ્યાસના સંસ્કાર જીવન પર રહે, એ અભ્યાસને પરિણામે ચારિત્રબંધારણ પર કોઈપણ અસર થતી હોય એવું જોવામાં ન આવતાં કોઈ નવીન લાઇનદોરી કરવા માટે ચર્ચા ચાલી.

જૈન ધર્મનાં પુસ્તકો-શાસ્ત્રોના ચાર વિભાગમાં દ્રવ્યાનુયોગ ખાસ મહત્ત્વનો છે. જૈન ધર્મને અનોખું સ્વરૂપ આપનાર દ્રવ્યાનુયોગ છે. એમાં એનો તત્ત્વવિભાગ ખાસ લક્ષ્ય ખેંચવા યોગ્ય છે. દ્રવ્યાનુયોગ સાથે ચરણકરણાનુયોગને સાંકળી દેવામાં આવે તો સોનું અને સુગંધ સાથે મળે એ રૂપમાં ચર્ચા થઈ. આ ચર્ચામાં ચાલુ પાઠશાળાના અભ્યાસ તરફ જરા પણ વિરોધદૃષ્ટિ ન હોતી, પણ અવલોકન કરી વિશેષ લાભની શક્યતા પર ગોઠવણ કરવાની દૃષ્ટિ હતી. આ ચર્ચાને પરિણામે સંસ્થામાં રહેતા દરેક વિદ્યાર્થીને દરરોજ એક કલાક તત્ત્વનું જ્ઞાન આપવું અને તે માટે સર્વ જૈનોને સંમત શ્રી ઉમાસ્વાતિ મહારાજનો તત્ત્વાર્થાધિગમ ગ્રંથ પસંદ કરવામાં આવ્યો. જો નવતત્ત્વ, સાત નય, સપ્તભંગી, કર્મનો સિદ્ધાંત, એના ભેદ ઉપભેદ, એના બંધ, ઉદય, ઉદીરણા, સત્તાના પ્રસંગો, ચાર નિક્ષેપ, નિગોદનો સિદ્ધાંત, મોક્ષનું સ્વરૂપ, સાત અથવા નવ તત્ત્વોનું સ્વરૂપ, કાળગણના, જીવ અને અજીવના ભેદ, પુણ્યપાપના પ્રસંગો અને ફળો તથા

આશ્રવ, સંવર અને નિર્જરાના મૂળ ભેદ અને ઉપયુક્તતાને અંગે સમજણપૂર્વકનું જ્ઞાન આપવામાં આવે અને અન્ય દર્શનકારોથી જૈન દર્શનને અલગ પાડનાર સિદ્ધાન્તોને સ્પષ્ટ કરી પૃથક્કરણપૂર્વક સમજાવવામાં આવે તો વિદ્યાર્થી ધર્મબોધમાં નિષ્ણાતો ન થાય, પણ એની પાસે એટલી સાધનસામગ્રી બીજ રૂપે આવે કે જો તેની પશ્ચાદ્ વયમાં અભ્યાસ રૂચિ થાય કે વધે તો એને મૂળગત સિદ્ધાંતના જ્ઞાન માટે ફાંફાં મારવા ન પડે. આની સાથે ચરણકરણાનુયોગનું વૈજ્ઞાનિક પદ્ધતિએ જ્ઞાન થાય તે માટે પણ વ્યવસ્થા કરવાનું સમુચિત ધારવામાં આવ્યું, અને તેટલા માટે પાંચ દિવસ તત્ત્વનું જ્ઞાન આપવું અને છઠ્ઠે દિવસે શનિવારે સર્વ વર્ગો સાથે બેસે અને ત્યાં કોઈ વર્ષ 'આનંદઘનજીની ચોવીશી,' કોઈ વર્ષ શ્રીમાન હેમચંદ્રાચાર્યનું 'યોગશાસ્ત્ર,' કોઈ વર્ષ શ્રીમદ્યશોવિજયજીનો 'જ્ઞાનસાર'-એવા કોઇ પુસ્તકમાંથી એક ગાથા લઈ તે પર વિવેચન એવી રીતે કરવું કે જેમાં ચરણકરણાનુયોગની વાત પ્રસંગોપાત થઈ શકે.

આવી રીતે કેટલુંક સીધી રીતે અને કેટલુંક આડકતરી રીતે વિદ્યાર્થી માનસપર શાસ્ત્રજ્ઞાન ઠસાવવામાં આવે, એને જ્ઞાનના ભેદો, કર્મોનો પ્રભાવ, માર્ગાનુસારીના ગુણો, દ્રવ્યશ્રાવક અને ભાવશ્રાવકના ગુણો, સમ્યક્ત્વના પ્રકાર, એનાં લક્ષણ, એના ૬૭ ભેદ, દ્રવ્ય સાધુ, ભાવ સાધુનાં લક્ષણો, મોક્ષમાર્ગના ગુણસ્થાનના સોપાન, અઢાર પાપસ્થાનક વગેરે બાબતો સમજાવવામાં આવે, શ્રાવકના બાર વ્રત અને સાધુના પાંચ મહાવ્રતના સંકેતો સમજાવવામાં આવે, અને એ સર્વની અંદર રહેલા એક અખંડ અવ્યાબાધિત પ્રવાહનું રહસ્ય સમજાવવામાં આવે તો વિદ્યાર્થી ધર્મસન્મુખ થાય અને બાકીનો અભ્યાસ રૂચિ પ્રમાણે વિદ્યાર્થીકાળમાં અને ત્યાર પછી કરી લે. જૈનધર્મમાં નિષ્ણાત થવાનો આ રસ્તો સમુચિત જણાયો.

એકલી ગોખણપટ્ટી જેમ પૂરતી ઉપયોગી ન લાગી તેમજ ક્રિયારુચિ વગરનો માત્ર તત્ત્વબોધ બહુ કારગત નહિ નીવડે એવો નિર્ણય થતાં ઉપરની યોજના મુજબ ધાર્મિક અભ્યાસ ચાલુ કરવા શરૂઆતથી ગોઠવણ કરવામાં આવી.

શરૂઆતમાં પંડિત વ્રજલાલજી મળી ગયા. એ બાળબ્રહ્મચારી અને જન્મે બ્રાહ્મણ હોવા છતાં જૈન દર્શન તરફ પૂર્ણ રુચિવાળા અને ષડ્દર્શનવેત્તા હોઈ આપણી ધારેલ ઇચ્છા પાર પાડશે એવી પૂજ્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની તેમને માટે ભલામણ થતાં તેઓને શરૂઆતથી સંસ્થાના ધાર્મિક અધ્યાપકને સ્થાને નિયુક્ત કરવામાં આવ્યા તેમણે પહેલાં નવ વર્ષ સુધી એટલો સુંદર રીતે તત્ત્વનો તેમજ ક્રિયામાર્ગનો અભ્યાસ કરાવ્યો કે તે વખતના વિદ્યાર્થીઓ અત્યારે પણ મુક્તકંઠે ધાર્મિક અભ્યાસ કરાવનારના વખાણ કરે છે. પ્રથમનાં પાંચ છ વર્ષમાં ધાર્મિક વર્ગ માટે કોઈ ફરિયાદ પણ નથી થઈ અને કોઈ વિદ્યાર્થીને એ વર્ગમાં બેસવામાં તકલીફ પણ લાગી નથી અને પ્રાયઃ દરેક વિદ્યાર્થીએ રસપૂર્વક ધાર્મિક અભ્યાસ કર્યો છે. એ શરૂઆતના પાંચ વર્ષના પરીક્ષકોએ પણ વિદ્યાર્થીની જ્ઞાનપ્રૌઢતાના વખાણ કર્યા છે અને તેની વિગત સંસ્થાના વાર્ષિક રિપોર્ટમાં પ્રકટ કરવામાં આવી છે. વિદ્યાલયની શરૂઆતના બીજા વર્ષમાં (૧૯૧૬-૧૭) પરીક્ષક તરીકે શ્રીયુત સુરચંદ્રભાઈ પુ. બદામી, બી. એ., એલએલ. બી. સબજજ હતા. તેઓ પોતાનો અભિપ્રાય રિપોર્ટ રૂપે સેક્રેટરી તરફ મોકલતાં તા. ૨૮-૧-૧૯૧૭ ને રોજ જણાવે છે કે " પરીક્ષાનાં પરિણામ બહુ સંતોષકારક છે. બહુ થોડા અપવાદ બાદ કરતાં જે જવાબો આપવામાં આવ્યા છે તે પરથી જણાય છે કે અભ્યાસનો

પેટ્રન

શેઠ મેઘજીભાઈ સોજપાળ

વિષય બહુ સુસંબદ્ધ રીતે શીખાય છે અને શીખવવામાં આવે છે અને અભ્યાસ કરનાર અને કરાવનારના માનમાં વૃદ્ધિ કરે છે." આવીજ રીતે સાતમા વર્ષ (૧૯૨૧-૨૨) એાન. સુપરિન્ટેન્ડેન્ટ શ્રીયુત ગોવીંદજી ઉજમશી પોતાના રિપોર્ટમાં (તા. ૨૪-૯-૨૨) જણાવે છે કે " જ્યારથી સંસ્થાની શરૂઆત થઈ ત્યારથી **શ્રીયુત વૃજલાલ જગન્નાથ પંડિતને** ધાર્મિક શિક્ષક તરીકે રોકવામાં આવ્યા છે. તેમની શીખવવાની ઢબ એવા પ્રકારની છે કે જેથી વિદ્યાર્થીઓને ધાર્મિક વિષય બોજા રૂપે નહિ લાગતાં રસમય લાગે છે એ તેના અત્યાર સુધીના સુંદર પરિણામથી જણાયું હશે." આવી જ રીતે આઠમા વર્ષ (૧૯૨૨-૨૩) ના પરીક્ષક શ્રીયુત ચુનીલાલ મુળચંદ કાપડીઆ, એમ. એ. એલએલ. બી., પોતાના રિપોર્ટમાં (તા. ૨૦-૯-૧૯૨૨) માં જણાવે છે કે " જે પદ્ધતિથી વિદ્યાર્થીવર્ગે પ્રત્યુત્તર આપ્યા છે તે ઉપરથી એમ તો સહજ અનુભવાય છે કે ધાર્મિક વિષયમાં વિદ્યાર્થી વર્ગે સંતોષકારક રીતે સારી પ્રગતિ કીધી છે."

આ રીતે શરૂઆતના દશ વર્ષમાં ધાર્મિક અભ્યાસ પરત્વે સારી પ્રવૃત્તિ રહી અને પ્રગતિ સાધવામાં આવી. દશમા વર્ષથી **પંડિત વૃજલાલજીને** સંગીત તરફ અભિરુચિ જાગૃત થઈ, કાંઇક વય પણ વધી, શરૂઆતનો ઉત્સાહ મંદ થતો ચાલ્યો, તો પણ તેમણે બીજા પાંચ વર્ષ કાર્ય તો ચલાવ્યું, પણ જે મોજ પ્રથમના નવ દશ વર્ષમાં આવી હતી તે ટકી નહિ. એ શરૂઆતના વર્ષોમાં તો એકાદ કલાક ધાર્મિક વર્ગમાં બેસવામાં કે પંડિતજીને અભ્યાસ કરાવતાં કે પ્રવચન કરતાં સાંભળવાં એ એક લ્હાવો લાગતો હતો અને વિદ્યાર્થીવર્ગનો સંતોષ અને રુચિ પણ સદ્દોદિત દેખાતાં હતાં.

સોળમે વર્ષે **પંડિત દરબારીલાલજીએ** અભ્યાસનું કામ હાથ ધર્યું. ત્યારપછી તુરતજ અભ્યાસક્રમમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો. આપણા વિદ્યાર્થીઓ કોલેજના અભ્યાસ સાથે ન્યાયતીર્થ, વ્યાકરણતીર્થ, કાવ્યતીર્થ થાય તે માટે થતો ખર્ચ આપવાની શેઠ મેઘજીભાઈ સોજપાળે ઈચ્છા વ્યકત કરી. આમ થાય તો આપણને જૈન પંડિતો મોટી સંખ્યામાં મળે અને તે પંડિતો પોતાનું ગુજરાન અંગ્રેજી અભ્યાસના જોરથી ચલાવે તો આપણને સેવાભાવી વિદ્વાનો સાંપડે, અને છતાં તેમને જૈન કોમની ઉદારતા પર આધાર રાખવો ન પડે. શેઠ મેઘજીભાઇએ તેટલા માટે દશ વર્ષ સુધીની ધાર્મિક યોજના રજુ કરી. એ યોજના પ્રમાણે ન્યાય પ્રથમા, ન્યાય મધ્યમા અને ન્યાય તીર્થના બે ભાગ પાડી, ચાર વર્ષનો કોર્સ કર્યો. તે પ્રમાણે વ્યાકરણ પ્રથમા, વ્યાકરણ મધ્યમા અને વ્યાકરણતીર્થનો બે વર્ષનો મળી કુલ ચાર વર્ષનો અભ્યાસક્રમ ઠરાવ્યો. અને અર્ધમાગધીના ચાર વર્ષનો કોર્સ કરાવ્યો. અને આ અર્ધમાગધી સાથે ચાર વર્ષમાં આખા તત્ત્વાર્થાધિગમનો અભ્યાસ ગોઠવ્યો (પ્રથમ વર્ષમાં પ્રથમ અધ્યાય, બીજા વર્ષમાં બીજો તથા પાંચમો અધ્યાય, ત્રીજા વર્ષમાં છઠ્ઠો તથા સાતમો અધ્યાય, અને ચોથા છેલ્લા વર્ષમાં આઠમો, નવમો અને દશમો અધ્યાય.)

આ સર્વ પ્રકારના વિદ્યાભ્યાસીને દરવર્ષે શિષ્યવૃત્તિ આ નવા ખાતામાંથી રોકડી આપવાનું ઠરાવ્યું. કોલેજના અભ્યાસી ઉપરાંત બહારના વિદ્યાર્થીને આ અભ્યાસ માટે દાખલ કરવાનું અરજીપત્રક તૈયાર કર્યું અને શેઠ મેઘજીભાઇએ એ ખાતા માટે ઉદાર સહાય આપવાનું વચન આપ્યું. પંડિત દરબારીલાલજી ઉપરાંત વ્યાકરણના અભ્યાસ માટે **પંડિત નાગેશને** આ નવા ખાતાને અંગે ખાસ રોકવામાં આવ્યા. આ ખાતામાં ઓગણીશમા વર્ષમાં રૂા. ૬૩૯૯-૧૩-૦ નો

ખર્ચ થયેા. આ રીતે ધાર્મિક શિક્ષણની સંયુક્ત યેાજનાની શરૂઆત એગણીશમા વર્ષે કરવામાં આવી. (૧૯૩૩-૩૪) વીશમા બીજા વર્ષમાં રૂા. ૫૫૨૧-૧૪-૯ નું ખર્ચ થયું. સંસ્થાના એકવીશમા અને યેાજનાના ત્રીજા વર્ષમાં રૂા. ૫૦૪૫-૧૫-૮ નું ખર્ચ થયું. ચેાથા વર્ષમાં રૂા. ૩૫૨૯-૦-૬ નું ખર્ચ થયું અને ચેાથા વર્ષની આખરે આ યેાજના બંધ કરવામાં આવી. એના પ્રથમ વર્ષમાં વિદ્યાર્થીના ઉત્સાહ હતેા તે આગળ રહ્યો નહિ, પરિણામ સંકુચિત આવવા માંડ્યા અને તીર્થની પરીક્ષા સુધી ધાર્યા કરતા ઘણી ઓછી સંખ્યા પહેાંચતાં એ સંયુક્ત યેાજના બંધ કરવામાં આવી.

ત્રેવીશમા વર્ષથી **પંડિત ભગવાનદાસ હરખચંદને** રોકી તેમની મારફત નવતત્વ, પ્રાકૃત વ્યાકરણ (પ્રથમા શ્રેણી), તત્ત્વાર્થાધિગમ અધ્યાય ૧-૨ (દ્વિતીય શ્રેણી), અને સન્મતિ તર્ક (પંચમ શ્રેણી) નેા અભ્યાસ શરૂ કર્યો અને પાછેા લગભગ અસલ પદ્ધતિપર અભ્યાસ આવી ગયેા અને ચેાવીશમા વર્ષમાં શ્રેણીઓમાં ફેરફાર કરી એજ પંડિતે અભ્યાસ કરાવ્યેા.

પચીશમા વર્ષમાં પંડિત ભગવાનદાસ તબિયતને કારણે નિવૃત્ત થયા. પચીશમા વર્ષથી **પંડિત ખુશાલદાસ જગજીવનદાસ કરગથલા** એ કાર્ય ચલાવે છે. વિદ્યાલયની વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ બેઠા, કેટલા પસાર થયા અને તે પ્રત્યેક વર્ષના પરીક્ષકેા કેાણ હતા અને પરિણામ કેટલા ટકા આવ્યું તેનું તપસીલવારપત્રક પરિશિષ્ટમાં સંખ્યા પૂરતું જોવામાં આવશે.

ધર્મભાવના વૃદ્ધિના પ્રસંગેા.

અભ્યાસમાં તત્ત્વાર્થાધિગમને મુખ્ય સ્થાન ચાલુ છે. સાથે તત્ત્વજ્ઞાન અને ક્રિયારુચિને પેાષણ થાય તેવી યેાજનાઓ ચાલુ રહે છે. ધાર્મિક અભ્યાસ સતત ચાલુ રહે તેમજ વિદ્યાર્થીમાં સ્વતઃ જ્ઞાન મેળવવાની અભિલાષા જાગૃત થાય તેટલા માટે પચીશમા વર્ષની આખરે રજામાં વિદ્યાર્થીઓને **'જિનવાણી'** (હરિસત્યભટ્ટાચાર્યકૃત અને શ્રી. સુશીલે અનુવાદિત) પુસ્તક વાંચવા આપ્યું હતું. તેની પરીક્ષા નવીન વર્ષ શરૂ થતા ઉઘડતા સત્રમાં લેવામાં આવવાની જાહેરાત કરી હતી અને પસાર થનારને રૂા. ૫૦, ૩૦, ૨૦, ૧૫, ૧૦, અને પાંચના પાંચ મળી રૂપીઆ ૧૫૦ રોકડા ઇનામના જાહેર મેળાવડામાં આપવામાં આવ્યા. આ પ્રયેાગ પચીશમા વર્ષને અંતે તદ્દન નવીન કરવામાં આવ્યેા. તેની સફળતાને અનુલક્ષી તે ભવિષ્યમાં ચાલુ રહે તેવેા પૂરતેા સંભવ છે.

આ ઉપરાંત ધર્મભાવના જાગૃત રાખવા માટે દરવર્ષે પ્રીતિભેાજનના પ્રસંગેા યેાજાય છે. એક રવિવાર પસંદ કરવામાં આવે છે. તે દિવસે સવારે ૮-૩૦ કલાકે સ્નાત્ર વિદ્યાર્થીઓ ભણાવે છે. ત્યાર બાદ સર્વ વિદ્યાર્થીઓની વચ્ચે અને વ્યવસ્થાપક સમિતિના સભ્યેા તથા અન્ય આમંત્રિત ગૃહસ્થેાની હાજરીમાં એક સુંદર 'પૂજા' સંગીતના સાજ સાથે ભણાવવામાં આવે છે. પૂજાનેા ભાવાર્થ મંત્રી સમજાવે છે. ત્યારબાદ અવિધિસરનેા મેળાવડેા થાય છે, તેમાં કેટલીક વાર બહારના વકતાઓ અને સભ્યેા વિવેચન કરે છે, કેાઈવાર અંદર અંદર વાતચીત કરવાના પ્રસંગ હાથ ધરવામાં આવે છે. બરાબર મધ્યાહ્ન સમયે સર્વ વિદ્યાર્થી અને સભ્યેા સાથે પ્રીતિભેાજન આરેાગે છે. આવા પ્રસંગથી વિદ્યાર્થી અને સભ્યેા એક બીજાની ઘણા નજીક આવે છે અને સહભેાજનથી સ્વામીવાત્સલ્ય થાય છે; તેથી પ્રેમ અને

પેટ્રન



શેઠ દામોદરદાસ ભીમજી
(વેરાવળવાળા)



શેઠ ગોવિંદજી ખુશાલ

શેઠ અમૃતલાલ પુરૂષોત્તમ
(ભાવનગરવાળા)

શેઠ હિરાલાલ અકોરદાસ

સહકાર સીધા સધાય છે. આ આખા સમારંભનો કુલ ખર્ચ અગાઉથી કરેલી ગોઠવણ અને જાહેરાત પ્રમાણે એક સભ્ય આપે છે અને વિદ્યાલયની વપરાયલી નાનામાં નાની વસ્તુનાં દામ મજરે આપવામાં આવે છે.

સન્મુખવૃત્તિ થવા માટે આ ઉપરાંત દર વર્ષે એક મોટો ધનામી સમારંભ યોજવામાં આવે છે. એમાં વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં પસાર થનાર વિદ્યાર્થીઓને રૂા. ૧૧૨-૮-૦ ના પુસ્તકો પ્રમુખને હાથે ઇનામના અપાય છે. આ મેળાવડામાં વિદ્યાર્થીઓ પોતાના તરફથી નાટક, કોન્સર્ટ કે એવી નૂતનતા પ્રકટ કરે છે, કોઈ વાર એક નાટક બતાવે છે, કોઈ વાર પચરંગી પકવાનની વાનીઓ પીરસે છે અને થોડાં ભાષણો થાય છે. આ વાર્ષિક પ્રસંગ પણ સંસ્થાના દર વર્ષના પ્રસંગમાં મોટો ભાગ ભજવે છે. ધાર્મિક પરીક્ષામાં પસાર થનાર વિદ્યાર્થીને ઇનામ આપવા માટે રૂા. ૨૫૦૦ ની રકમ શેઠ સોમચંદ ઓતમચંદે આપી છે તેનું વ્યાજ રૂા. ૧૧૨-૮-૦ વાપરવામાં આવે છે. આ રીતે ધાર્મિક શિક્ષણ, રજામાં વાંચનનું પુસ્તક, ઇનામી સમારંભ તથા પ્રીતિભોજનના પ્રસંગો દ્વારા ધર્મભાવના જાગતી રહે તેવી યોજના પ્રતિવર્ષ કરવામાં આવે છે. આવા આવા કોઈ કોઈ મેળાવડા તો ઘણા ભવ્ય થયા હતા અને તેની યાદગીરી આજે પણ ઉત્સાહપ્રેરક થઈ પડે છે.

પ્રતિષ્ઠા મહોત્સવ.

આ મેળાવડાના પ્રસંગોની વાત ચાલે છે ત્યારે સંસ્થાના ઇતિહાસમાં એક અદ્વિતીય પ્રસંગ બની ગયો તેની પણ નોંધ લેવી એ આ ઇતિહાસમાં ધર્મભાવનાના શિર્ષક નીચે બરાબર સ્થાન પામે છે. સંસ્થાની ઉપર મહાન ઉપકાર કરનાર આચાર્યશ્રી મુનિમહારાજ વિજયવલ્લભ-સૂરિ સંસ્થાના ઇતિહાસમાં અગાઉ બે વાર મુંબઈ પધારી ગયા તે હકીકત યોગ્ય સ્થળે રજૂ થશે. આ ત્રીજી અને આ પચ્ચીશીના ઇતિહાસમાં છેલ્લી વાર સંસ્થાના ખાસ આમંત્રણથી તેઓશ્રી સંસ્થાના વીશમા વર્ષ (૧૯૩૪-૩૫) માં સંવત ૧૯૯૧ ના મહા માસની શરૂઆતમાં મુંબઈ પધાર્યા.

પ્રસંગ અદ્વિતીય હતો. સંસ્થાના દશમા વર્ષમાં સંસ્થામાટે મકાન-ભવન બાંધ્યું તેની સાથે સંસ્થાથી અલગ, પણ સંસ્થાનો ભાગ બની રહેલ જિનમંદિર બાંધવામાં આવ્યું હતું એનું વિવેચન ઉપર થઈ ગયું છે. એ મંદિરમાં બારોબાર સીધા જઈ શકાય અને ત્યાં જનારઆવનાર વિદ્યાર્થીઓને અભ્યાસ-વાંચનમાં જરા પણ અંતરાય કે વિઘ્ન ન કરે એવી ગોઠવણ છે. એ મંદિરની ભૂમિપર અને ભીંતપર બહાર તેમજ અંદર આરસ જડવામાં આવ્યો છે અને એની ત્રણે બાજુ જમીન ખુલ્લી મૂકી જગ્યાની મોકળાશ અને મંદિરની પવિત્રતાનો પ્રથમથી ખ્યાલ રાખવામાં આવ્યો હતો, પણ એ મંદિરમાં આરસનાં જિનબિંબને સ્થાપવામાં આવ્યા ન હોતા. હવે વીશ વર્ષે સંસ્થાની સ્થિરતા થતાં સભ્યોની ઇચ્છા આરસના બિંબને પ્રવેશ કરાવી તેમને સ્થિર કરવાની થઈ, આચાર્યશ્રીનો તે સંબંધમાં અભિપ્રાય પુછાવતાં તેમણે સંમતિ આપી અને સં. ૧૯૯૧ ના માઘ શુકલ દશમીનું મુહૂર્ત લેવામાં આવ્યું. પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ થયો. પાટણવાસી શેઠ જીવાભાઈ મોકમચંદને નામે તેમના પત્ની ગં. સ્વ. સુભદ્રાબેને તથા તેમના પુત્ર

ભાઈ પ્રવીણચંદ્રે મૂળનાયકજી શ્રીવાસુપૂજ્ય સ્વામીની સ્થાપના કરી, તે મૂળનાયકજીની ડાબી બાજુએ શ્રી સુમતિનાથજીની અને જમણી બાજૂએ શ્રીમહાવીર સ્વામીની સ્થાપના કરી, સંસ્થાના ચાલુ ફંડમાં સારી રકમની ભેટ કરી અને આચાર્યશ્રીની હાજરીને પરિણામે અને જનતાના ઉત્સાહથી પાંચ દિવસના ઉત્સવમાં નવગૃહ દશદિક્પાળ અષ્ટમંગળનાં પૂજન થયાં, રાગ રાગિણી સાથે પૂજાઓ ભણાઈ, રાત્રીએ ભાવના થઈ, શાંતિસ્નાત્ર ભણાવ્યું અને એ આખા કાર્યક્રમમાં જનતાએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો અને સંસ્થાના વિદ્યાર્થીઓએ તેમાં રસપૂર્વક ભાગ-લઈને ક્રિયાઅનુષ્ઠાનને દીપાવ્યાં.

આ મહોત્સવ પ્રસંગે વિદ્યાર્થીઓ ક્રિયાકાંડમાં પણ હર્ષથી ભાગ લે છે અને સંઘભોજનમાં સેવા બરદાસ પ્રેમપૂર્વક કરી બતાવે છે તેનું નિદર્શન થયું. આચાર્યશ્રી પોતે શિષ્યો સાથે સંસ્થાના મકાનમાં પાંચ દિવસ રહ્યા અને વિદ્યાર્થીઓએ તેમની હાજરીનો લાભ લઈ તેમનાં પ્રવચનો સાંભળ્યાં અને અચ્છી રીતે શંકાસમાધાન કર્યો.

સુપરિન્ટેન્ડેન્ટ

સંસ્થામાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના આંતર શિસ્ત અને સંસ્થાની વ્યવસ્થાની કૂતેહનો આધાર સુપરિન્ટેન્ડેન્ટ પર છે. એને વિદ્યાર્થીઓને સ્થાનો આપવા, કોણે કયા રૂમમાં કોની સાથે રહેવું, રસોઈ બરાબર વખતસર તૈયાર કરાવવી, સારી રીતે રંધાવી તૈયાર કરવી, સંસ્થામાં સ્વચ્છતા રખાવવી, વિદ્યાર્થીમાં તકરાર કે મતભેદ થાય તેનો નિકાલ કરવો, વિદ્યાર્થીની ફ્રી આપવી, હાજરી લેવી, દેરાસરપર દેખરેખ રાખવી, વિદ્યાર્થીઓના મેળાવડા કરવા, વિદ્યાર્થી-જીવન ઉચ્ચતર થાય તે માટે ચર્ચા કરવી, વિદ્યાર્થીપ્રતિનિધિ સભાના પ્રમુખ તરીકે કામ કરવું, સંસ્થામાં આવતા દાણા, દૂધ, ઘીની સ્વચ્છતા અને પૌષ્ટિકતાની દેખરેખ રાખવી, વિદ્યાર્થીની અગવડો સેક્રેટરીને જણાવવી, સેક્રેટરી અને વિદ્યાર્થી વચ્ચે રહી કામ કરવું, સંસ્થાના હિસાબ પર દેખરેખ રાખવી, હુન્નરો વાઉચરો પર સહી કરવી, સહી કરવા પહેલાં તેની બાબતમાં અનેક પ્રકારની પૃચ્છા કરવી, વાર્ષિક ધાર્મિક પરીક્ષાનો પ્રબંધ કરવો, વિદ્યાર્થીના ટર્મના રજીસ્ટર રાખવા, વિદ્યાર્થી લોનના હિસાબ રાખવા, લોનની રકમ બરાબર વસુલ થાય તે માટે કાળજી રાખી પત્રવ્યવહાર કરવો, વાર્ષિક હિસાબ ઓડિટ કરાવવો, હિસાબ તૈયાર કરવો, વ્યવસ્થાપક સમિતિની મીટિંગમાં હાજરી આપવી, વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવો અથવા કરવામાં મદદ કરવી વિગેરે અનેક જટિલ બાબતો કરવાની હોય છે. સંસ્થાની કૂતેહનો મોટો આધાર સુપરિન્ટેન્ડેન્ટ પર રહે છે. એનું કામ એટલું કપરું હોય છે કે એ નબળો હોય તો કોલેજના મજબૂત વિદ્યાર્થી એને પી જાય છે, એ બળવાન અને પોતાનું વ્યક્તિત્વ જોસથી સ્થાપનાર હોય તો નવયુગનો વિદ્યાર્થી એની સામો બળવો ઉઠાવે છે અને એ કાચોપોચો હોય તો એને વિદ્યાર્થી ગાંઠતા નથી.

આ સંસ્થા સુપરિન્ટેન્ડેન્ટની બાબતમાં એકંદરે ખૂબ ભાગ્યશાળી નીવડી છે. સંસ્થાની શરૂઆતનાં ત્રણ વર્ષમાં શ્રીયુત છોટાલાલ વમળચંદ શ્રોફ, બી. એ. સંસ્થાના માનાધિકારી સુપરિન્ટેન્ડેન્ટ રહ્યા. એમણે સેક્રેટરીના સહયોગથી આંતર વ્યવસ્થાના નિયમો ઘડ્યા, સંસ્થાને રૂપ આપ્યું, અનેક ચીજો વસાવી અને શિસ્તનું ધોરણ મુકરર કર્યું. એમના વખતમાં વિદ્યાર્થી-

સંખ્યા અલ્પ હતી, પણ એ વખતે જે ધોરણ બંધાય તે કાયમી અસર કરે તેવું હતું. ઉપરાંત સંસ્થાના દફ્તરો કેવા રાખવા, શું શું છપાવવું, કયા ધોરણે કામ લેવું, સત્રના રિપોર્ટો કેવી રીતે તૈયાર કરવા, કોઠારમાં જમે ઉધારનાં દફ્તરો કેવી રીતે અને રાખવાં, માલની આવક ખર્ચના રિપોર્ટ વ્ય. સ. તરફ કેવા આકારમાં રજૂ કરવા, દરરોજ ખોરાક શું આપવો, ખરચ નિયમિત કેવી રીતે રાખવો, વિદ્યાર્થીને પૂરતું પૌષ્ટિક તત્ત્વ મળે અને છતાં ખર્ચ હદમાં કેવી રીતે રહે, સાંજના જમણમાં દરરોજ ફેરફારો કેવી રીતના કરવા, હાજરીપત્રકો કેવા આકારમાં રાખવા, દેરાસરની પવિત્રતા કેવી રીતે જાળવવી વિગેરે અનેક વિગતોની રૂપરેષાઓ દોરવાની હતી. એ વખતથી સંસ્થાનું પુસ્તકાલય પણ શરૂ કરી દીધું હતું. તેનાં પત્રકો તૈયાર કરવાં વિગેરે ઘણી વિગતો કરવાની હતી. તેમણે તે કાર્ય ઘણી સફળતાથી કર્યું. વિદ્યાલયે શરૂઆતમાંજ જનતાનો ચાહ મેળવ્યો અને જનતાની કલ્પના પર ભારે અસર કરી તેમાં તેમણે મોટો ફાળો આપ્યો છે. શરૂઆતમાં મેળાવડા પણ વારંવાર કરવામાં આવતા હતા અને જનતાની ચક્ષુ સન્મુખ સંસ્થાને રાખવા માટે અનેક પ્રસંગો યોજવામાં આવતા હતા, તેમાં તેમણે સારો સહકાર આપ્યો અને વગર બદલે સંસ્થાની અત્યુત્તમ સેવા કરી. ત્યારપછી સંસ્થાના વિદ્યાર્થીમાંથી જે ગ્રેજ્યુએટ થાય તેને એક કે બે વર્ષ વગર વેતને સંસ્થાના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ સોંપવામાં આવ્યું અને દરેક સુપરિન્ટેન્ડેન્ટે એ કાર્ય પોતાની આવડત અને શક્તિ પ્રમાણે સારી રીતે કર્યું.

આ માનવંત (વગર વેતનના) હોદ્દાનું સેવાકાર્ય શ્રીયુત છોટાલાલ શ્રોફે શરૂ કર્યું અને તેના ઉપર છેલ્લું શિખર શ્રીયુત પ્રો. ડૉ. **નગીનદાસ જગજીવનદાસ શાહે** ચઢાવ્યું. એમણે સંસ્થાનો આખો ટોન (બાહ્ય આંતર સ્વરૂપ) ફેરવી નાખ્યો, વિદ્યાર્થીઓનો ભારે ચાહ મેળવ્યો અને સંસ્થાના ગૌરવમાં મોટો વધારો કર્યો. એ વિદ્યાર્થી પણ હતા, દૂર દેશની આવી સંસ્થાનો વહીવટ પણ જોઈ આવ્યા હતા અને મુંબઈમાં પ્રોફેસરનો હોદ્દો ભોગવતા હોઈ વિદ્યાર્થીના સમાગમમાં અનેક રીતે આવતા હતા. એમણે સંસ્થાના નિયામકનું કાર્ય ૧૯૨૫ થી ૧૯૩૦ સુધી બહુ સારી રીતે બજાવી સંસ્થાના કાર્યવાહકોની તથા વિદ્યાર્થીઓની ચાહના મેળવી. તેમના અગાઉ સંસ્થાના દશમા વર્ષમાં ડૉ. **નગીનદાસ દોલતરામ શાહ** અને અગીઆરમા વર્ષમાં શ્રીયુત **વલ્લભદાસ માણેકલાલ પરીખ**ની પગારદાર નીમણુક કરવામાં આવી હતી. સંસ્થાનો વહીવટ ઘણો વધી ગયો એટલે પૂરતા વખતની સેવા વગર આ કાર્ય બને તેવું ન લાગતાં સોળમા વર્ષમાં શ્રીયુત **હરિલાલ શિવલાલ શાહ**, બી. એ. એસ. ટી. સી. જેઓ હાલ ધોરાજી હાઇસ્કૂલના હેડ-માસ્તર છે તેમને પગારથી એ કાર્ય પર નીમ્યા. તેવીશમા વર્ષથી એટલે જુલાઈ ૧૯૩૭ થી હાલના સુપરિન્ટેન્ડેન્ટ શ્રીયુત **કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા**, એમ. એ.ને નીમ્યા અને તેઓ હાલ ચાલુ છે. એમણે કાર્યવાહકો તેમજ વિદ્યાર્થીનો સારો ચાહ મેળવ્યો છે. એમના સમયમાં સંસ્થાનું દફ્તરી કામ ઘણું વધતું ચાલ્યું છે અને તેઓ વ્યવસ્થા ખર્ચ વિદ્યાર્થીની અંદર અંદર વર્તવાની રીત આદિ અનેક બાબતોપર ધ્યાન આપે છે. તેઓની સેવાની ગણના વ્યવસ્થાપક સમિતિ બહુ સારી રીતે કરે છે. સંસ્થાની શરૂઆતથી પચીશમા વર્ષ સુધી દરવર્ષે કયા કયા સુપરિન્ટેન્ડેન્ટ હતા તેની વિગત પરિશિષ્ટમાં આપી છે. સંસ્થાની આંતર વ્યવસ્થાનો આધાર સુપરિન્ટેન્ડેન્ટની ચાલાકી અને બાહોશી પર રહે છે. સેક્રેટરી તો સંસ્થામાં અવારનવાર હાજરી આપે છે. અને વ્યવ-

સ્થાપક સમિતિના ઠરાવોનો અમલ કરાવે છે. પણ સતત ચોવીશે કલાકની જવાબદારી તો સુપરિન્ટેન્ડેન્ટ પર જ રહે છે. સંસ્થાને સેવાભાવી સેવકો મળી ગયા છે એ આનંદદાયક અને અભિનંદન લેવા લાયક હકીકત છે. પચીશ વર્ષ દરમ્યાન સંસ્થાની કૂતેહ ઉત્તરોત્તર વધતી ગઈ છે અને તેની આંતરિક અને બાહ્ય કીર્તિમાં વધારો સતત થયા કર્યો છે તેમાં સુપરિન્ટેન્ડન્ટોનો નાનોસૂનો ફાળો નથી એ વાતપર ખાસ ભાર મૂકવામાં આવે છે.

જુદા જુદા પ્રદેશના, જુદા જુદા સ્વભાવના, જુદા જુદા વિકાસક્રમમાં આવી પહોંચેલા વિદ્યાર્થીઓને સાથે રાખવા, તેમની ઇચ્છાઓને યોગ્ય માન આપવું અને છતાં એક બીજાના હક્કોને વાંધો ન આવે એ જરા મુશ્કેલ કામ છે, પણ સીફત અને સહકારથી કરવામાં આવે તો સાવ સહેલું છે. એકાદ વખત સુપરિન્ટેન્ડેન્ટ સામે નાનું છમકલું સંસ્થામાં થયું હતું તે બાદ કરતાં વિદ્યાલયના આખા ઇતિહાસમાં સુપરિન્ટેન્ડેન્ટ માટે સંપૂર્ણ સંતોષ બતાવી તેમની નામવલીના પરિશિષ્ટ તરફ ધ્યાન ખેંચવા વિનંતિ કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓ અને કસરત

શારીરિક બાબતમાં અનિચ્છનીય બેદરકારી અને પ્રયોગો તથા પ્રયાસોની નિષ્ફળતા

વિદ્યાલયના વિદ્યાર્થીઓને શિક્ષણ તો કોલેજમાં આપવામાં આવે છે અને સંસ્થા તો તેમને જરૂરીઆતો પૂરી પાડે છે, તેમને ફ્રી પુસ્તક અને ખાવાની રહેવાની સગવડ કરી આપે છે, તેમને ધાર્મિક શિક્ષણ મળે તે માટે પ્રબંધ કરી આપે છે અને આત્મોન્નતિ માટે મંદિરની ગોઠવણ અને સામગ્રી પૂરાં પાડે છે. પણ તેમના શરીરનો ખાસ વિચાર કરવાની જરૂર વ્યવસ્થાપક સમિતિને વખતો વખત લાગી છે. તેમને સંસ્થામાં રહી રમતગમત કરવા માટે ટેબલટેનીસ (પીંગપોંગ), મગદળ, વેઈટ લીફ્ટીંગ, ચેસ્ટ એક્સપાન્ડર વગેરે સાધનો પૂરાં પાડવામાં આવે છે. રમત માટે ગોવાળિયા ટેંકની ખાલી જગ્યા પર એક પ્લોટ મ્યુનિસિપાલિટિ પાસેથી નામને ભાડે લઈ આપે છે અને ક્રીકેટનો સર્વ જરૂરી સામાન પૂરો પાડે છે. આ રીતે ગૃહની અંદર અને બહાર પૂરતી સામગ્રી પૂરી પાડવાની ફરજ સમજવામાં આવે છે.

વચ્ચે બે વર્ષ માસિક ચાળીસને ખરચે પ્રો. હરિશ્ચંદ્રને શરીરના પ્રત્યેક અંગની કસરત શીખવવા માટે રાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થી તરફથી માગણી થતાં પાંચમા નંબરના મકાનની એક ડબલ ખોલીમાં અખાડો, તેના ઉપસ્કર, માટી વિગેરે સર્વ સામાન લગભગ ૧૨૦૦ રૂપીઆને ખરચે પૂરાં પાડવામાં આવ્યાં હતાં, પણ આનો પૂરતો લાભ લેવાયો નહિ. પ્રો. હરિશ્ચંદ્રની પાસે શરૂઆતના ચાર મહિના તો હાજરી રહી, પણ પછી ધીમે ધીમે હાજરી ઘટવા માંડી અને અંતે તે નહિવત્ થતાં એમને રજા આપવાની જરૂર પડી.

એવીજ દશા અખાડાની થઇ. શરૂઆતનો ઉત્સાહ લાંબો વખત ટકયો નહિ. અખાડાનો ઉપયોગ એક વર્ષની આખરે બંધ થઈ ગયો, પછી અખાડો ભૈયાઓને ભાડે આપવો પડ્યો અને અંતે બે વર્ષની આખરે સંસ્થાને ખરચે અખાડો પૂરાવવો પડ્યો અને ડબલ રૂમ ભાડુતને ભાડે આપવી પડી.

વચ્ચેના સમયમાં શારીરિક કસરત ફરજિઆત કરવાના વિચારો વ્યવસ્થાપક સમિતિએ અનેકવાર કર્યા, કસરત જેવી ચીજ તો વિદ્યાર્થીએ જાતેજ કરવી જોઇએ અને આપણે આ સંસ્થામાં કાંઇ નાના બચ્ચાઓ સાથે વર્તવાનું ન હોઇ એમની મરજી ઉપર કસરતની વાત છોડવી ઉચિત છે એ વાતને પ્રાધાન્ય મળતાં ફરજિઆત કસરતની વાત ઊડી ગઇ.

એટલે શરીરસંબંધી જે અવ્યવસ્થા ચાલી છે તે ચાલ્યા જ કરે છે. અનેકવાર પ્રવચન કે ભાષણ દ્વારા શરીર મજબૂતીની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યા, જાતિ અનુભવોના દાખલાઓ આપવામાં આવ્યા અને "મેટ્રીક માંદા ન મટે, બી. એ. થયા બે હાલ; એમ. એ. મરણ પથારીએ, એ વિદ્યાના હાલ" એ જાણીતા અર્થાંતરન્યાસ પર ધ્યાન ખેંચવામાં આવ્યું, પણ એની જીવજેવી અસર થઇ હોય તેવું જોવામાં આવતું નથી. પ્રમાણિકપણે એકરાર કર્યા વગર ચાલે તેવું નથી કે વ્યવસ્થાપક સમિતિના કસરતને અંગેના સર્વ પ્રયાસો લગભગ નિષ્ફળ ગયા છે, ખર્ચનો સંકોચ કદી કરવામાં આવ્યો નથી અને કેટલાક વિદ્યાર્થીઓ પીંગપોંગની રમત રસથી રમે છે. પણ એકંદરે આ બાબતમાં સંતોષ બતાવાય તેવી કોઇ પ્રગતિ થઇ નથી.

વિદ્યાર્થીની તબિયત પર ધ્યાન આપવા માટે બહારથી દાક્ટરો અવારનવાર (સહ્યો) આવે છે અને દવાદારુ કરે છે. વિદ્યાલયમાં દવાખાનું રાખવામાં આવ્યું છે, છેલ્લા બે વર્ષથી તો એક એમ. બી. બી. એસ. વિદ્યાર્થી ને આર. એમ. ઓ (મેડિકલ ઓફિસર) નીમવાની અને તેણે વખતોવખત વિદ્યાર્થીની સામાન્ય તબિયત પર રિપોર્ટ કરવાની ગોઠવણ કરવામાં આવી છે, પણ આ સર્વ બાબત તો વ્યાધિ થયા પછીની સુધારણાને અંગે ઉપયોગી ગણાય; શરીર મજબૂત થાય, વ્યાધિ આવતાજ અટકે, વ્યાધિ સામે ટકવાની શક્તિ વધે એવા પ્રયત્નોનો સરખો જવાબ મળ્યો નથી.

દર વર્ષે વ્યાયામની હરીફાઇ થાય છે, થોડા દિવસ ખૂબ ઉત્સાહમય વાતાવરણ દેખાય છે, સર્વથી વધારે નિષ્ણાતને સુવર્ણ ચંદ્રક મળે છે અને પ્રત્યેક પ્રસંગ (એન્ટ્રી) માં કામ કરનારને પારિતોષિકો મળે છે, પણ એ સર્વ ચાર દહાડાનું ચાંદરણું થાય છે અને તે પૂરું થતાં તેની પાછળ કદાચ ઘોર અંધારી રાત ન આવતી હોય તો લગભગ તેના જેવું જ થાય છે. આ સંબંધમાં વિદ્યાર્થીનો સહકાર તેમના પોતાના હિતની નજરે ઇચ્છીએ, પણ તેનો ઉપાય તેમના હાથમાં છે.

છતાં અહીં કહેવું જોઇએ કે સંસ્થાનું મકાન નવા ભવનમાં ફેરવ્યા પછી સામાન્ય તબિયત સારી રહે છે, મેલેરિયાની ચાલુ ફરિયાદ નાબુદ થઇ ગઇ છે, ભાદરવા આસોમાં ૬૦-૭૦ ટકા વિદ્યાર્થીની પથારીઓ જોવાનો અવસર ચાલ્યો ગયો છે અને વિદ્યાર્થીના વજનમાં વધારો થતો જાણ્યો છે. છતાં એ સંબંધમાં વિદ્યાર્થીના સહકારથી વધારો સારાં પરિણામો ઉપજાવવાની શક્યતા છે તે વાત ઇતિહાસમાં નોંધવી જરૂરી લાગી છે.

પુસ્તકાલય (લાઇબ્રેરી)

સંસ્થાની શરૂઆતથી સંસ્થા સાથે ઉત્તમ પુસ્તકાલયની જરૂરિઆત સ્વીકારવામાં આવી છે. વિદ્યાર્થીઓને બહારનું જ્ઞાન મેળવવા માટે પુસ્તકાલય અનિવાર્ય છે અને આવી સંસ્થા સાથે જેમ વિશાળ પુસ્તકાલય હોય તેમ તેની ઉપયોગિતામાં વધારો થાય છે. પુસ્તકોની પસંદગીમાં

બહુ વિવેક રાખવાની જરૂર રહે છે, કારણ કે અત્યારે અંગ્રેજી સાહિત્ય એટલું છપાય છે અને દિન પ્રતિદિન તેમાં એટલો વધારો થાય છે કે પરિપૂર્ણ લાઇબ્રેરી કરવી એ તો અશક્ય છે, પણ વિવેકપૂર્વક ઉપયોગી પુસ્તકોની પસંદગી કરવામાં આવી હોય તો જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં ખૂબ સહાય કરે.

સંસ્થા પાસે તો શરૂઆતથી જ ફંડની મર્યાદા હતી, એટલે એણે નાના પાયાપર પુસ્તક-સંગ્રહ કરવા માંડ્યો અને એક કબાટથી પુસ્તકાલયની શરૂઆત પ્રથમ વર્ષથી જ કરી દીધી.

સંસ્થાને લાઇબ્રેરી ખાતામાં શરૂઆતથી ભેટ મળવા લાગી. એને રકમની ભેટો પણ વારંવાર મળતી રહી અને પુસ્તકોની ભેટ પણ સારી રીતે આજ મળતી રહી. પરિણામે એની પાસે અત્યારે ઘણું સારૂં પુસ્તકાલય તૈયાર થયું છે.

નીચેનું ધોરણ રાખવામાં આવ્યું છે:—

૧ જૈનધર્મના સર્વ ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અર્ધમાગધી પુસ્તકોનો સંગ્રહ કરવો. એમાં પસંદગી કરતાં સંગ્રહની વાત રાખવી અને સ્તવન સઝાય કે પૂજાના પુસ્તકો કે દુહા રાસ કે પદનાં પુસ્તકો પણ એકઠાં કરવાં. જૈનધર્મનું છાપેલ કોઇપણ વિષયનું પુસ્તક આ સંસ્થામાં ઉપલબ્ધ થઈ શકે તેવી ગોઠવણ રાખવી.

૨. સંસ્કૃત ગ્રંથોમાં શાસ્ત્ર, દર્શન અને ક્લાસિકલ (classical) સાહિત્યના પુસ્તકો વસાવવાં. ખાસ કરીને વિદ્યાર્થીને દર્શનનો બોધ થાય તેવા પુસ્તકોનો સંગ્રહ જરૂર કરવો.

૩. અંગ્રેજી પુસ્તકોમાં તત્ત્વજ્ઞાન (ફિલોસોફી), સાહિત્ય, વિજ્ઞાન અને ઇતિહાસ ભૂગોળ અને ક્લાસિકલ લિટરેચર પર સવિશેષ ધ્યાન આપવું અને નોવેલ તથા ફીક્શન સુપ્રસિદ્ધ લેખકોનાં ખરીદવાં.

૪. ગુજરાતી સાહિત્યમાં સારાં લેખકોની કૃતિઓનો ગદ્ય કે પદ્ય સર્વનો સંગ્રહ કરવો.

૫. એન્ટીક્વિટી (પુરાતત્ત્વ) નાં બની શકે તેટલાં બોંઘી કિમતનાં પુસ્તકોનો પણ સંગ્રહ કરવો, કારણ કે સંસ્થાની ભાવના શોધખોળખાતું સ્થાપવાની શરૂઆતથી હોઈ તેને યોગ્ય સંગ્રહ જરૂર તૈયાર કરતા રહેવું.

૬. પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ સારી રીતે કરવો અને તેની વિષયવાર, લેખક વાર અને અકારાનુક્રમથી સૂચિઓ તૈયાર કરાવવી.

આ ધોરણે શરૂઆતથી સંગ્રહ કરવામાં આવ્યો છે અને તેમાં દર વર્ષે સારો વધારો થયા કરે છે. શરૂઆતના દશ વર્ષમાં લાઇબ્રેરી ખાતામાં પુસ્તકો ઉપરાંત રોકડ રકમ રૂા. ૨૨૭૭-૪-૦ ની સહાય મળી હતી, અને ખર્ચ રૂા. ૪૮૬૯-૩-૯ થયો હતો. ત્યારપછી પણ રકમની ભેટો મળી છે. પચીસમા વર્ષની આખરે લાઇબ્રેરી ખાતે રૂા. ૭૯૫૨-૧-૯ લેણી પડે છે તે ભેટની રકમ બાદ કરતાં રહે છે.

સંસ્થાનું પુસ્તકાલય પોણા ઉપરાંત મધ્યગૃહને રોકે છે. એને માટે ખાસ કબાટો કરાવ્યાં છે. પચીશમા વર્ષની આખરે સૂચિઓ વિગતવાર તૈયાર થયેલ છે. પોથીઓના તેવડાં લીસ્ટો

પેટ્રનો



શેઠ નગીનચંદ કપુરચંદ

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ



શેઠ સોજપાળ કાયા



શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલ

થઈ ગયા છે. પચીશમા વર્ષની આખરે નીચે પ્રમાણે પુસ્તકો (પ્રતો સાથે) ની વિગત આશરે લગભગ કિંમત સાથે નીચે પ્રમાણે છે:—

વિભાગ	પુસ્તક સંખ્યા	કિંમત
અંગ્રેજી પુસ્તકો	૨૫૫૨	૮૪૪૯-૧૪-૬
ગુજરાતી ,,	૮૫૬	૧૨૦૩—૮-૬
હિંદી અને મરાઠી પુસ્તકો	૧૯૮	૧૭૨—૮-૦
કોલેજ પુસ્તકો	૨૦૩૩	૩૮૨૧—૪-૦
મેડિકલ ,,	૧૭૬	૭૨૫—૦-૦
સંવાદક (રેફરન્સ)	૪૭૨	૩૨૫૨—૫-૬
માસિકો	૧૧૭	૪૧૩—૪-૦
ધાર્મિક વર્ગનાં પુસ્તકો	૧૮૭૧	૨૬૪૩—૩-૦
જૈન વિભાગ	૩૪૯૫	૧૦૦૧૩—૩-૬
	૧૧૭૭૦	૩૦,૬૯૪—૩-૦

આ રીતે પુરાતત્ત્વ, સાહિત્ય, કળા, ધર્મશાસ્ત્ર આદિ વિવિધ સામગ્રી ભરપૂર પુસ્તકાલય તૈયાર થયું છે. તેમાં ઘણાં પુસ્તકો ભેટ પણ મળ્યાં છે. એની કિંમત પચીશમા વર્ષના રિપોર્ટ પ્રમાણે રૂા. ૩૦૬૯૪-૩-૦ થવા જાય છે. પુસ્તકાલયમાં પાલી સાહિત્યના પુસ્તકોનો મોટો સંગ્રહ છે, તેને રૂા. ૩૫૦૭ ના ખર્ચે એક ગૃહસ્થે ખરીદી વિદ્યાલયને ભેટ આપ્યો હતો, અત્યારે રૂપીઆ બે હજાર આપતાં પણ તે સંગ્રહ ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. એ જ પ્રમાણે ઈંડીઅન એન્ટીકવીટીનાં પુસ્તકો (પ્રથમના છ સિવાય) વિદ્યાલય માટે ખરીદીને વસાવ્યા છે. પુરાતત્વના સાહિત્યનો સારો સંગ્રહ છે. જૈનધર્મની પ્રતિઓ ૧૦૧૩ સંખ્યામાં છે અને કેટલીક તો ઘણી પ્રાચીન અને જોવાલાયક છે. તેનો ઉપયોગ આપણા સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ ખૂબ કર્યો છે. તેમણે પ્રાચીન જૈન ઇતિહાસ અને જૈન ગૂર્જર કવિઓનાં અતિ ઉપયોગી પુસ્તકો લખ્યાં છે. તેમના કામને ઉપયોગી બનાવનાર આ સંગ્રહ થઈ પડ્યો છે અને તેટલે અંશે પ્રાચીન સંશોધન અને પ્રકાશનના કાર્યને આડકતરું ઉત્તેજન આપવાની તક આ સંસ્થાને મળી છે.

કાર્યવાહકો આ પુસ્તકાલયને હજુ પણ ખૂબ ઉપયોગી બનાવવાની હોંસ ધરાવે છે. એ મૂંગું કાર્ય અતિ ઉપયોગી છે. અને સાધનો વસાવ્યાં હોય તો તેનો ઉપયોગ કરનાર જરૂર મળી આવે છે એવો આપણો અભિપ્રાય હોઇને એ ઉપયોગી કાર્યની ઉપયોગિતા વધારવા જેવી છે. ત્રીશ હજારની કિંમતના પુસ્તકો આટલાં વર્ષ પછી એકઠાં થયાં છે તે એટલી ગૌરવવાલી હકીકત છે, તેટલીજ જરૂરી પ્રતોનો સંગ્રહ મોટા પાયાપર કરવાનો છે અને જૈન ધર્મની તો કોઇ પણ પ્રત અહીં મળવીજ જોઇએ અને એકથી વધારે મળવી જોવી જોઇએ એવી ઘટના કરવાની બાબત લક્ષમાં રાખવા યોગ્ય છે. પચીશ વર્ષમાં ધીમે ધીમે આ કાર્ય થયું છે તેટલું આ સંસ્થાના ઇતિહાસમાં જણાવવું સ્થાને છે.

સંસ્થા સાથે શરૂઆતથી વાચનાલય (રીડિંગ રૂમ) રાખવામાં આવેલ છે. ઉપયોગી અને બોધક સામયિકો, સાપ્તાહિકો, માસિકો વગેરે ત્યાં રાખવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તેનો

પૂરતો લાભ લે છે. આ પત્રો તથા માસિકો વગેરેમાં ઘટતો ફેરફાર વખતો વખત થાય છે. એને અંગે સરેરાશ ૨૦૦ રૂપીઆનું વાર્ષિક ખર્ચ આવે છે. પચીશમા વર્ષની આખરે રીડિંગરૂમમાં કયા પત્રો આવતાં હતાં તેનું પત્રક પરિશિષ્ટમાં આપ્યું છે. વાચનાલય પર દેખરેખ વિદ્યાર્થીઓ રાખે છે અને સામાન્ય દેખરેખ સુપરિન્ટેન્ડન્ટની રહે છે.

વાચનાલય માટે આનંદની વાત એ છે કે એમાં આવતા પત્રો માસિકો વગેરેની સ્થિતિ જોતાં એનો ખૂબ ઉપયોગ થતો હોય એમ લાગે છે. એને અંગે શોકની વાત એ છે કે કેટલાક માસિકોમાંથી સારાં ચિત્રો ઘણીવાર ઈરાદાપૂર્વક કપાઈ ગયેલાં જોવામાં આવે છે. કોલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી પાસેથી આથી વધારે સારૂં વર્તન હોવાની આશા રાખવામાં આવે, જો કે કોઈ વિદ્યાર્થી એ રીતે પત્રને ફાડતો કે બગાડતો જોવામાં આવ્યો નથી, કે તેવી બાબતમાં એક પણ રિપોર્ટ થયો નથી. નવીન સુંદર સામયિક કે માસિક પ્રકટ થાય તેને ફંડના પ્રમાણમાં વાચનાલયમાં સ્થાન આપવામાં આવે છે.

મહાવીર સ્ટુડન્ટ્સ યુનિયન.

આ મંડળની સ્થાપના સંસ્થાની શરૂઆતથી જ થઈ છે. વિદ્યાર્થીઓ અંદર અંદર જુદા જુદા વિભાગના મંત્રીઓની ચૂંટણી કરે છે અને આંતર વહિવટમાં પૂરતી સહાય કરે છે. મંડળના મંત્રીઓ સુશિક્ષિત વિદ્વાનોને ભાષણો માટે અવારનવાર બોલાવે છે અને જુદા જુદા વિષયો ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં ચર્ચા ગોઠવે છે. વિદ્યાર્થીઓ વચ્ચે અરસ-પરસનો સંબંધ ખીલે અને તે લાગણી સદંતર રહે તેને માટે નવા નવા પ્રસંગો ઊભા કરી તેનો છૂટથી લાભ લે છે. પ્રવાસ એ કેળવણી તથા જીવનનું એક ઘડતર ગણાય, એ બીનાએ હજુ આપણું જૂજ અંશે ધ્યાન ખેંચ્યું છે. પાશ્ચિમાત્ય દેશોમાં આ વિષય મહત્ત્વનો ગણાય છે. પ્રવાસને જરૂરી ઉત્તેજન આપવું ઘટિત છે. સ્થાનિક જોવાલાયક સ્થળોએ વિદ્યાર્થીઓ અવારનવાર જાય છે અને આવા પર્યટનમાં તેમને ઘણો રસ પડે છે અને ઘણું જાણવાનું મળે છે.

સંસ્થા તરફથી યોજવામાં આવતા મેળાવડાઓમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ પ્રશંસાપાત્ર છે. વકતૃત્વશક્તિની ખીલવણી, પરસ્પર સંગતિમાં સ્વશક્તિની કિંમત, જનસ્વભાવનો અભ્યાસ અને સેવાભાવની એમાં જે લ્હાણ લેવાય છે તે જરૂર સમજવા યોગ્ય છે. વિદ્યાર્થીઓ જાતે આવા પ્રસંગો ઉપસ્થિત કરે એ વધારે આનંદની વાત છે. રાજકીય, સામાજિક, ધાર્મિક વિષયો પર ભાષણશ્રેણીઓ ગોઠવાય છે. દરવર્ષે વકતૃત્વ તેમજ રમતગમતની હરીફાઇઓ ગોઠવવામાં આવે છે.

વિદ્યાર્થીમંડળમાં સદ્‌ગત ડો. નગીનદાસ શાહે નવું ચેતન રેડ્યું હતું અને મંડળની પ્રવૃત્તિઓને વધુ વેગવંત બનાવી સને ૧૯૨૭ થી દર વર્ષે પ્રતિષ્ઠિત ગૃહસ્થને મંડળના પ્રમુખ ચૂંટવાની પ્રથા શરૂ કરી. આવા પ્રમુખોની શુભ નામાવળી નીચે મુજબ છે. ૧૯૩૯ માં વિદ્યાર્થી-મંડળને વધુ પ્રગતિમાન બનાવવા બંધારણ ફરીથી ઘડવામાં આવ્યું. હાલ મંડળના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ, એમ. એ., એલએલ. બી., સોલિસિટર છે.



વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીમંડળના હોદ્દેદારો ૧૯૪૧–૪૨

મંડળના પ્રમુખ

૧૯૨૭-૨૮ શ્રી. સારાભાઈ હાજી, બાર-એટ-લૉ., એમ. એલ. એ.
૧૯૨૮-૨૯ પ્રોફેસર પી. એ. વાડીઆ, એમ. એ.
૧૯૨૯-૩૦ શ્રી. મકનજી જુઠાભાઈ મ્હેતા, બાર-એટ-લૉ.
૧૯૩૦-૩૧ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈશેઠ, એમ. એલ. એ.
૧૯૩૧-૩૨ મી. એમ. સી. ચાગલા, બી. એ. (ઓકસફર્ડ); બાર-એટ-લૉ.
૧૯૩૨-૩૩ રેવરન્ડ જોન મેકેન્ઝી, એમ. એ.
૧૯૩૩-૩૪ ન્યાયમૂર્તિ હર્ષદભાઈ દ્વીવેટીઆ, એમ. એ., એલએલ. બી.
૧૯૩૪-૩૫ શ્રી. કનૈયાલાલ મુનશી, એમ. એ., એલએલ. બી.
૧૯૩૫-૩૬ શ્રી. કે. એફ. નરીમાન, એમ. એલ. એ.
૧૯૩૬-૩૭ શ્રી. સરોજીની નાયડુ.
૧૯૩૭-૩૮ શ્રી. વીઠ્ઠલ નારાયણ ચંદાવરકર.
૧૯૩૮-૩૯ શ્રી. મણીલાલ બાલાભાઈ નાણાવટી, એમ. એ., એલએલ. બી.

ઓલ્ડ બોયઝ યુનીયન.

આ મંડળની સ્થાપના સને ૧૯૨૮ માં નીચેના ઉદ્દેશોથી કરવામાં આવી હતી. (૧) વિદ્યાલયના જૂના અને ચાલુ વિદ્યાર્થીઓ વચ્ચે અરસપરસ મળવાની તક આપીને ભાઈચારો તથા સામાજિક સંબંધ વધારવો. (૨) વિદ્યાલયને સંબંધ ધરાવતી બાબતોમાં રસ કેળવવો અને વધારવો તેમજ, (૩) આખી જૈન કોમના ઐક્ય અને ઉન્નતિમાં વધારો કરવો. તે વખતના મંત્રીઓ શ્રીયુત ચીમનલાલ પરીખ અને શ્રીયુત અમૃતલાલ શાહના પ્રયાસથી આ મંડળે સભ્યો વધારવાનું સારૂં કાર્ય કર્યું હતું અને વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ ઉપર આ મંડળ તરફથી એક પ્રતિનિધિ રહે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. હાલ જૂના વિદ્યાર્થીઓમાંથી છ ભાઈઓ વ્યવસ્થાપક સમિતિ ઉપર છે. કેટલાંક વર્ષોથી આ મંડળની પ્રવૃત્તિ શિથિલ બની હતી. ફરીથી ૧૯૩૯ માં એની પ્રવૃત્તિઓ સજીવન કરતાં હાલ આ મંડળની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી પણ કરવામાં આવી છે. આ સમિતિ સાત સભ્યોની રાખવામાં આવી છે અને પ્રમુખ ડો. જયંતિલાલ સુરચંદ્ર બદ્દામી, પીએચ. ડી. છે. મુંબઈમાં અને મુંબઈ બહાર વસતા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ રૂા. ૧ રાખવામાં આવ્યું છે. આ મંડળ આપણા વિદ્યાર્થી બંધુઓ માટે Unemployment Bureau, Information Bureau જેવી યોજનાઓ હાથ ધરવાની ઉમેદ રાખે છે.

સાહિત્યપ્રવૃત્તિ

આ સંસ્થાનો એક ઉદ્દેશ 'સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી વગેરેનું સાહિત્ય, અભ્યાસ તથા પ્રચારમાટે તૈયાર કરાવવું, પ્રગટ કરવું અને તેનો સંગ્રહ કરવો' હોઈ સંસ્થા પગભર થતાં તેરમા વર્ષમાં આ દિશાએ કામ શરૂ કર્યું. જૈન સ્કોલર શ્રીયુત રસિકલાલ છોટાલાલ પરીખ, બી. એ,

ને સને ૧૯૨૭ માં બે કાર્ય સોંપ્યાં: શ્રી હેમચંદ્રાચાર્યકૃત કાવ્યાનુશાસન ગ્રન્થ જે અલંકાર-શાસ્ત્રમાં અદ્વિતીય સ્થાન ભોગવે છે તેનું મૂળ શુદ્ધ તૈયાર કરવા, તે પરની અલંકાર ચૂડામણિ અને વિવેક ટીકાઓ મૂળ તૈયાર કરવા, તે પર વિવેચનની નોટ લખવા, ગ્રન્થકર્તાના અલંકાર વષયપર ઉપોદ્ઘાત લખવા, તેમને ઠરાવ કરીને કાર્ય સોંપવામાં આવ્યું અને સેવા બદલ તેમને માનવેતન (ઓનરેરિયમ) આપવાનો ઠરાવ કર્યો.

આ રીતે યુનિવર્સિટીમાં ચલાવવા યોગ્ય જૈન સાહિત્ય તૈયાર કરાવવાનો આ સંસ્થાનો ઉદ્દેશ પાર પાડવાની શરૂઆતનાં પગરણ માંડ્યાં. તે જ વખતે કવિ ધનપાળનો **તિલકમંજરી** ગ્રન્થ જે સંસ્કૃત ગદ્યસાહિત્યમાં અપૂર્વ સ્થાન ભોગવે છે, જેની સરખામણી બાણભટ્ટની કાદંબરી સાથે થાય છે અને જેનું શબ્દચાતુર્ય વિદ્વાનોને મુગ્ધ કરે છે. તેને મૂળ નોંધ અને ઉપોદ્ઘાત સાથે તૈયાર કરવાનું કાર્ય પણ તે જ વિદ્વાનને સોંપવામાં આવ્યું. આ પછવાડેના ગ્રન્થનું કાર્ય તો શ્રી. પરીખે હાથમાં લઈ શરૂ કર્યું નહિ. તે કાર્ય હજૂ સુધી અનારંભ સ્થિતિમાં રહ્યું છે.

પણ કાવ્યાનુશાસનનું કાર્ય એમણે પૂર્ણ ગંભીરતાથી આદરી દીધું. અનેક પ્રતો એકઠી કરી મૂળ અને ટીકા તૈયાર કર્યાં, જેમ કરવામાં તેમણે પાંચ વર્ષ લીધાં. ત્યારપછી તેના પર તેમના સહયોગી કાર્યકર્તા પ્રો. આથવલેએ મોટી નોટ અંગ્રેજીમાં લખી અને પોતે ઉપોદ્ઘાત અને ગ્રંથકાર શ્રીમાન્ હેમચંદ્રાચાર્યના જીવન અને લેખન પ્રવૃત્તિ પર ખાસ લેખ લખ્યો અને આ રીતે એક બાજૂએ મુદ્રણનું કાર્ય ત્યાર પછી બે વર્ષે રસ્તે ચઢ્યું. આટલી ઢીલ થવાનાં બે કારણો હતાં. શ્રીયુત રસિકલાલ પરીખની વિવિધ પ્રવૃત્તિ અને શારીરિક ઉપાધિ. છતાં આ ગ્રન્થ મોટો મોટો પણ અદ્વિતીય તૈયાર થયો. એના મૂળ ગ્રન્થનો એક વિભાગ અલગ છાપવામાં આવ્યો. તેનાપર આઠ જાતની અનુક્રમણિકાઓ તૈયાર કરી છપાવવામાં આવી. આ પ્રથમ ભાગના પૃ. ૬૦૬ થયા. બીજા ભાગમાં ગુજરાતનો હેમચંદ્રાચાર્ય સુધીનો ઇતિહાસ છપાવ્યો અને કાવ્યાનુશાસન ગ્રંથ પર અંગ્રેજી નોંધ વિવેચન વગેરે પ્રો. આથવલેએ તૈયાર કર્યા. બીજા ભાગના આ અંગ્રેજી મુદ્રણના પૃ. ૬૦૬ થયા. (ઇતિહાસ વિભાગના પૃ. ૩૩૦ અને નોટ્સ વિભાગના પૃ. ૨૭૬) આવી રીતે બન્ને ભાગો મળીને કાવ્યાનુશાસન ગ્રન્થની પૂર્ણાહુતિ સને ૧૯૩૭ ના સંસ્થાના ત્રેવીશમા વર્ષમાં થઈ. દશ વર્ષે આ કાર્ય થયું, પણ અતિ સુંદર થયું, આશા રાખી હતી તે કરતાં પણ સારું થયું અને વિદ્વન્માન્ય થયું. એના પર અલંકારશાસ્ત્રના નિષ્ણાતોએ બહુ ઊંચો અભિપ્રાય બતાવ્યો છે અને એનાં અવલોકનો (રિવ્યુ) બહુ પ્રશંસાપાત્ર શબ્દોમાં મળતાં રહ્યાં છે. અલંકારનો ખાસ વિષય છે અને તે સંબંધમાં અભ્યાસી હોય તેજ તેના પર અભિપ્રાય આપી શકે છે. તેવા અભિપ્રાયો જ્યારે અનુકૂળ આવે ત્યારે સંસ્થાને આવાં કાર્યો કરવામાં ઉત્તેજન મળે છે અને આવાં કાર્યો ભવિષ્યમાં હાથ ધરવા પ્રેરણા થાય છે. શ્રીયુત રસિકલાલ પરીખે સામાન્ય માનવેતન લઈ સાહિત્યની ભારે સેવા કરી છે અને સંસ્થાના એક ઉદ્દેશનો એક વિભાગ પાર પાડવામાં પોતાનો ફાળો આપ્યો છે.

આવી રીતે યુનિવર્સિટીમાં પ્રવેશ પામેલ અર્ધમાગધી સાહિત્ય મૂળ ટીકા અને નોટ્સ વિવેચન સાથે તૈયાર કરી કરાવી પ્રકટ કરવાની આ સંસ્થાની ભાવના છે. તેમજ ગુજરાતી રાસ

સાહિત્યની સંખ્યા ચારસો ચારસો પૃષ્ઠના લગભગ ૩૦૦ પુસ્તક થાય તેટલો જેનો વિસ્તાર છે તે તૈયાર કરાવી પ્રકટ કરવાની છે. તે આ પ્રથમ પચ્ચીશીમાં તો ભાવનાના સ્થાને જ રહ્યું છે. માનવેતન અને મુદ્રણ ખર્ચને અંગે આ બન્ને ભાગમાં રૂા. ૫૦૧૭-૫-૦ નું ખર્ચ થયું છે. લગભગ લાગત કિંમતે વેચતાં એની ૮૦ નકલ પચીશ વર્ષની આખર સુધીમાં ખપી છે. વિદ્યાવ્યાસંગ જનતામાં કેટલો છે તેનો ખ્યાલ આપે તેવી આ બાબત છે.

શ્રી હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્ર ગ્રંથના પ્રથમના ચાર અધ્યાય જેમાં વ્રત નિયમનો, માર્ગાનુસારીના ગુણોનો અને શ્રાવક ધર્મનો વિસ્તાર છે તેના મૂળ શ્લોકો અને તેનું ગુજરાતી અવતરણ શ્રી ખુશાલદાસ જગજીવનદાસ પાસે તૈયાર કરાવી, પચીશમા વર્ષની આખરે છપાવ્યું. તેના મુદ્રણના પૃષ્ઠ ૨૧૨ થયા છે. વિદ્યાર્થીના પઠન પાઠન માટે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. કુમારપાળ મહારાજા એ ગ્રંથના મૂળનું પઠન દર પ્રભાતે દાતણ કરવા પહેલાં કરતા હતા અને કલિકાળ સર્વજ્ઞે એમના ઉપયોગ માટે આ આખો ગ્રન્થ તૈયાર કર્યો હતો.

શ્રી હરિભદ્રસૂરિના ૩૨ અષ્ટક મૂળ અને તૈયાર કરેલો ગુજરાતી અનુવાદ પણ એજ ઉદ્દેશથી તૈયાર કરાવી પચીશમા વર્ષની આખરે છપાવવામાં-પ્રગટ કરવામાં-આવેલ છે. એમાં ૩૨ અષ્ટકો છે. એનાં પૃષ્ઠ ૧૧૬ થયા છે. આ બન્ને ગ્રંથની કિંમત ૦-૮-૦ અને ૦-૪-૦ રાખવામાં આવી છે. પઠનપાઠન વખતે એ બન્ને ગ્રંથનો ખૂબ ઉપયોગ થાય છે. પંડિતજી એના પર વિવેચન કરે ત્યારે મોટી ટીકાઓ કે મૂલ્યવાળા ગ્રંથો દરેક વિદ્યાર્થીને હાથમાં આપી શકાતાં નથી. તે વખતે આ લઘુ પુસ્તિકા અગત્યની જરૂરિયાત પૂરી પાડે છે.

એજ પ્રમાણે શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયનો 'જ્ઞાનસાર' તૈયાર કરી બહાર પાડવાની સંસ્થાની મુરાદ હતી, પણ સંસ્થાના ભૂતપૂર્વ પંડિત ભગવાનદાસ હરખચંદે જેવા આકારમાં એ ગ્રંથ-મૂળ અને અનુવાદ જોઈએ તે છપાવ્યો અને સાથે ઉપાધ્યાયજીનો પોતાનો ગુજરાતી ટબો પણ છાપ્યો એટલે એ ગ્રંથને તૈયાર કરી પ્રગટ કરવાનું કામ બંધ રાખ્યું છે.

ઉપરની પદ્ધતિએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર મૂળપાઠ અને માત્ર અનુવાદ સાથે તૈયાર કરવાનું પચીશમા વર્ષની આખરે આદરી દીધું છે. ત્યારપછીના સમયમાં એ કાર્ય બહાર પડશે એવી આશા છે.

આટલી સાહિત્યસેવા બની છે. ઘણી બની શકે તેવો સંભવ છે. ખાસ કરીને ગુજરાતી અને અર્ધમાગધીના સાહિત્યનું કામ કરવા જેવું છે. જૈન ગુજરાતી સાહિત્ય ચાલુ પ્રાચીન ગુજરાતી સાહિત્ય કરતા પચાસ ગણું અને મુખ્યતયા વ્યવહારુ હોવા છતાં એને ધાર્મિક સાહિત્ય ગણી એને મોટો અન્યાય ચાલુ જ છે અને તે દૂર કરવાનો ઉપાય એને પ્રકટ કરી એની મહત્તા બતાવવાનો છે. 'આનંદ કાવ્યમહોદધિ'ના માત્ર આઠ ભાગ પ્રકટ થયા તે અત્યારે બી. એ. અને એમ. એ.નાં પાઠ્યપુસ્તક થાય છે. એટલે આપણા સાહિત્યની અવગણનાને અંગે ધોખો કરવા કરતાં એ શું છે અને એનો વિસ્તાર કેટલો મોટો છે એ બતાવવું એ જ એને યોગ્ય સ્થાન અપાવવાનો સાદો અને સીધો ઉપાય છે.

હજારો ગ્રંથ છપાવવાની વિશાળ યોજના આવી સંસ્થા શરૂઆતમાં ન ઉપાડી શકે તે સમજાય તેવું છે, પણ હવે જો એને મદદ મળે અને એનાં ચક્રને તેલ ઊંજવામાં આવે તો એ ઘણી

ગતિથી શીઘ્રયાન કે રેલવેને વેગે ઉપડી આગળ વધી શકે તેમ છે તેટલી ટીકા આ સાહિત્યના ઇતિહાસને અંગે વખતસરની, પ્રેરક અને જરૂરી છે.

આચાર્ય વિજયવલ્લભસૂરિ મહારાજ
અને
પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ

મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી (પછી શ્રી વિજયવલ્લભસૂરિજી) આ સંસ્થા સ્થાપન કરવાની રૂપરેખા દોરવા પ્રથમ સં. ૧૯૬૯ માં મુંબઈ પધાર્યા. બે ચાતુર્માસ ચર્ચા કરી રૂપરેખા દોરી અને સં. ૧૯૭૧ ની શરૂઆતમાં વિહાર કરી ગયા. એ બાળબ્રહ્મચારી નવયુગની જરૂરીઆત સમજનાર અન્ય સમાજોના વિકાસમાર્ગના બારીક અભ્યાસીએ પોતાની તીવ્ર નજરથી સામાજિક ઉન્નતિની અનેક નાડો પકડી લીધી છે અને જ્યાં જાય ત્યાં કેળવણીનાં કાર્યને ખૂબ મહત્ત્વ આપતા રહે છે.

સંસ્થાની સ્થાપના પછી તેઓશ્રી તથા પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ બીજે જ વર્ષે સંવત ૧૯૭૩ માં મુંબઈ ચાતુર્માસ માટે પધાર્યા. તેઓએ સંસ્થાની આંતરિક વ્યવસ્થાનો બારીક અભ્યાસ કર્યો, અનેક સૂચના કરી અને સં. ૧૯૭૩ની મુંબઈની જાહોજલાલીનો પ્રસંગ હાથ ધરી સંસ્થામાટે સ્થાયી મકાન કરવાનો સદુપદેશ કર્યો. તે વખતના કાર્યવાહકોના સુપ્રયાસથી તા. ૧૪-૯-૧૯૧૮ સુધીમાં મકાન ફંડમાં લગભગ રૂા. ૧,૩૦,૦૦૦ની રકમ ભરાણી અને ત્રીજા વર્ષ (૧૯૧૭-૧૮)ની આખર સુધીમાં તે રકમ પૈકી રૂા. ૯૯,૪૭૪ વસૂલ થઈ ગયા. આ રીતે સંસ્થાની સ્થિતિ કાયમી થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. બન્ને પૂજ્ય મુનિવરોની હાજરીથી સંસ્થાને ગતિ મળી. એ પ્રસંગે મુનિશ્રી સોહનવિજયજી (પછીથી ઉપાધ્યાય) અને મુનિ શ્રી લલિતવિજયજીએ પણ સંસ્થાની પ્રગતિમાટે સારો પ્રયાસ કર્યો. મુનિ શ્રી લલિતવિજયજી સંસ્થાના મકાન ઉદ્ઘાટન વખતે હાજર રહ્યા અને સંસ્થાના કાર્યમાં પ્રેરણા કરી. તેઓ તે વખતે મુનિરાજ હતા, પછી આચાર્ય થયા. આચાર્ય વિજયવલ્લભસૂરિજીની ઇચ્છાને માન આપીને તેઓએ પણ સંસ્થામાટે બહુ સેવા ઉપદેશદ્વારા કરી છે અને સંસ્થાના નવમા વર્ષમાં તો પંજાબથી મુંબઈ સુધીનો મોટો વિહાર કર્યો હતો અને સંસ્થાના મકાનની ઉદ્ઘાટન ક્રિયા વખતે મુંબઈમાં હાજર હતા.

પૂજ્યપાદ પ્રવર્તક શ્રી કાંતિવિજયજીનો આ સંસ્થા તરફનો પ્રેમ અનેકવાર વ્યક્ત થયો છે. તેમની વૃદ્ધ ઉમરે તેમનો સંસ્થા માટે ઉત્સાહ વહેવારુ ભાષામાં દાખલા દલીલ સાથે ઉપદેશ અને જનરંજનની અદ્ભુત શૈલી તેમને માટે કોઈને પણ માન ઉપજાવે તેવા હતા અને અત્યારે નેવું વર્ષની આસપાસ વય થવા આવ્યું છે છતાં એ જ ઉત્સાહ અને વેગ ચાલુ છે. એમણે એ બન્ને ચાતુર્માસમાં તો સુંદર ઉપદેશ કર્યો અને સંસ્થામાટે પ્રેરણા કરી, પણ તે ઉપરાંત ત્યાર પછી પણ સંસ્થા માટે અનેક સૂચનાઓ તેઓશ્રી વખતોવખત કરતા રહ્યા છે.

આચાર્યશ્રી સંસ્થાના દશમા વર્ષ (૧૯૨૫-૨૬) માં લાહોરમાં આચાર્ય થયા. ત્યાર પછી સં. ૧૯૮૫ સંસ્થાના પંદરમા વર્ષમાં (સને ૧૯૨૮-૨૯) માં આચાર્યની પદવી સાથે મુંબઈ પધાર્યા. તેમણે સંસ્થાના મધ્યગૃહમાં શ્રી આત્મારામજી મહારાજની જયંતિ પ્રસંગે (જેઠ શુદ ૮) જે અદ્ભુત વ્યાખ્યાન કર્યું તે સાંભળવા ત્રણ હજાર મનુષ્યોની મેદની મળી

હતી અને લોકો તેમની વિચારસ્પષ્ટતા અને કહેવાની શૈલીથી મુગ્ધ થઈ ગયા હતા. આ વખતે તેઓશ્રી સંસ્થાના મકાનમાં ત્રણ દિવસ રહ્યા, વિદ્યાર્થીઓને પોતાની હાજરીનો લાભ આપ્યો અને સંસ્થાના વહીવટનો જાતે અભ્યાસ કરી કેટલીક ઉપયોગી સૂચના કરી. તે પ્રસંગે જેઠ શુદ ૧૦ ને રોજ તેમનું સામૈયું થયું તે મુંબઈના જૈન ઇતિહાસમાં અનોઠ કહેવાય છે અને આટલા વર્ષ પછી પણ જેઓને તેનું સ્મરણ છે તે અતિ અનુમોદના અને આનંદથી તેને યાદ કરે છે. આચાર્યશ્રીના ઉપદેશમાં શાંતિની છાયા ચાલુ હોય છે, તેમના વિવેચનમાં વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય દેખાય છે અને તેમની વિચારશ્રેણી પાછળ અનુભવ અને સમતાની છાયા તરવરતી દેખાય છે. આ ચાતુર્માસમાં અનેક મેળાવડા અને વ્યાખ્યાનો થયા. સંસ્થાના કાર્યવાહકો તથા વિદ્યાર્થીઓએ તેનો પૂરતો લાભ લીધો. તેઓશ્રીની સ્થિરતા તો ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં (પાયધુની) હતી, પણ સંસ્થા પર તેમની અમિદૃષ્ટિ કાયમ હતી. સંસ્થાના જન્મ પછી તેઓશ્રીની મુંબઈની આ બીજી મુલાકાત હતી.

ત્રીજી અને આ ઇતિહાસમાં છેલ્લી મુલાકાત સંસ્થાના મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે સં. ૧૯૯૧ ના સંસ્થાના વીશમા વર્ષમાં થઈ. તે પ્રસંગે તેઓશ્રી માઘ માસમાં મુંબઈ પધાર્યા, પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લીધો અને સંસ્થામાં પાંચ દિવસ રહ્યા એ સંબંધી વિગતવાર અહેવાલ અગાઉના વિભાગમાં આવી ગયો છે. એ વખતનો મુંબઈની જનતાનો ઉત્સાહ ભારે હતો, આકર્ષક હતો અને મનપર છાપ પાડે તેવો હતો.

સં. ૧૯૯૨ ના માગશર માસમાં તેઓશ્રી મુંબઈ છોડી પંજાબ તરફ વિહાર કરી ગયા. હાલ પંજાબમાં વિચરે છે. સંસ્થાની પ્રાથમિક ચર્ચા માટે એકવાર ઉપરા ઉપરી બે વર્ષ મુંબઈમાં ચાતુર્માસ કરવા ઉપરાંત તેઓ સંસ્થાની સ્થાપના પછી આ રીતે ત્રણ વખત મુંબઈ પધાર્યા. હવે તો વૃદ્ધ વય અને વિહારની મુશ્કેલી જોતાં તેઓનું સંસ્થામાં દર્શન થવું મુશ્કેલ ગણાય. તેઓ શુભ આંદોલનો મોકલ્યા કરે છે અને સંસ્થાને અંગે જે પરિસ્થિતિ થાય તેના સમાચારો વાંચી કોઈ વાર સૂચના કરે છે. તેઓને નવયુગના વિકાસ ઉપર ભરોંસો છે, તેઓનો કુદરતી ઝોક કેળવણી અને વિજ્ઞાન તરફ છે અને તેઓની ઉપદેશપદ્ધતિ માર્ગપર લઈ આવનાર, અસરકારક અને માર્મિક હોઈ તેઓ નવા યુગને અને પ્રાચીનોને એક સરખી રીતે રસ્તાપર લાવી શકે છે. સંસ્થાપર તેમનો ઉપકાર ચાલુ છે અને તેઓશ્રીના નામનિર્દેશ અને ગુણાનુવાદ વગર સંસ્થાનો ઇતિહાસ અધુરોજ રહે તેથી આ પ્રકરણમાં એ સંબંધી ખાસ ઉલ્લેખ કર્યો છે.

આ ઉપરાંત મુનિરાજ શ્રી પુણ્યવિજયજી સંસ્થા તરફ ખૂબ મમતા રાખે છે, સૂચના કરે છે અને પ્રેરણા આપે છે. સદ્ગત સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ આ સંસ્થાના વિકાસમાં ખૂબ શ્રદ્ધા રાખતા હતા અને વારંવાર સૂચના કરતા હતા. આ ઉપરાંત અનેક સાધુ મુનિરાજોએ આ સંસ્થાને અપનાવવામાં ઉપદેશદ્વારા ફાળો આપ્યો છે તેની નોંધો લેવાની અશક્યતા જાહેર કરી આ આનંદપ્રદ ઇતિહાસ પૂરો કરી બીજા વિભાગો તરફ પ્રયાણ કરીએ.

પ્રકીર્ણ

સંસ્થાનું દફ્તર.

સંસ્થાનો રેકર્ડ ઘણો વધતો જાય છે. અત્યારે તે મોટો રૂમ રોકે છે. ઠરાવ પ્રમાણે ત્રણ વર્ષના વાઉચર રાખવાના છે, છતાં પચીશે વર્ષના કુલ વાઉચર, રીસીટોનાં કાઉન્ટર, ચેક બુકોનાં

કાઉન્ટરો, ચાલુ રસીદોના કાઉન્ટરો, બેન્કની પાસબુકો અને આવેલ પત્રો અને લખેલની કોપીઓ જાળવી રાખી છે. માત્ર શરૂઆતના પ્રથમ વર્ષના રિપોર્ટની એકજ નકલ સંસ્થાના દફ્તરે રહી શકી છે. ઠરાવ પ્રમાણે તેની પચીશ રાખવી જોઇએ તે બની શકયું નથી. સદર નકલ બરાબર જળવાઈ રહે તેટલા માટે તેને તીજોરીમાં રાખવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીના જનરલ રજીસ્ટર, વર્ષ અને ટર્મવાર રજીસ્ટર, છમાસિક રિપોર્ટ, દરેક વિદ્યાર્થીની નંબરવાર ફાઇલો, મેળ, ખાતાવહી, સરવૈયાં, મેંબરોનાં લીસ્ટો વગેરે સર્વ દફ્તર મોજુદ છે અને એમાંની કોઈ ચીજ કોઈ જોવા માંગે તો સંસ્થામાં રહી તેમને તે વિનાસંકોચે બતાવવામાં આવે છે.

યુગભાવના

સંસ્થાના વિદ્યાર્થીઓએ જ્યારે જ્યારે નવયુગની ભાવના પોષવા કે રાષ્ટ્રીય ભાવનાને સહાય કરવા પરવાનગી માગી છે ત્યારે ત્યારે તેમને વગર સંકોચે રજા આપવામાં આવી છે. સંસ્થાના પંદરમા વર્ષમાં વિદ્યાર્થીઓ પરવાનગી લઈ દેશની ચળવળમાં જોડાયા હતા અને ત્યાર પછી એ ભાવનાને પોષણ મળે તેવા અનેક પ્રસંગે એમને સહાય કરવામાં આવી છે. દેશનેતાઓનાં ભાષણો, રાષ્ટ્રસેવકોનો સંપર્ક અને વિચારવિનિમયના અનેક પ્રસંગો વખતોવખત ચોજવામાં અને પોષવામાં આવ્યા છે. સંસ્થાનો આખો ઝોક રાષ્ટ્રીય ભાવ તરફ બહુ સારી રીતે ચાલુ રહ્યો છે.

મેડિકલ લાઇન

સંસ્થામાં દાકતરી લાઇનનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને પણ લેવામાં આવે છે તેના સંબંધમાં સંસ્થાના અગિયારમા વર્ષમાં (૧૯૨૫-૨૬) માં ચર્ચા ઉત્પન્ન થઈ. કેટલીક તપાસ કરવા માટે (૧) ડો. ટી. ઓ. શાહ, એફ. આર. સી. એસ., (૨) ડો. ચીમનલાલ શ્રોફ, ડી. ઓ. એમ. એસ., (૩) ડો. નાનચંદભાઈ મોદી, એલ. એમ. એન્ડ એસ. અને (૪) શેઠ મણીલાલ મોતીલાલ મુળજીની તપાસ કરી રિપોર્ટ કરવા સમિતિ નીમી. તા. ૨૦-૧૦-૧૯૨૫ને રોજ વ્યવસ્થાપક સમિતિએ સર્વાનુમતે તે રિપોર્ટપર ઠરાવ કર્યો કે 'રિપોર્ટ ઉપર વિચાર કરતાં શ્રી મહાવીર જૈનવિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ દાકતરી લાઇનનો અભ્યાસ કરે તે બાબતમાં કમિટીને કાંઇપણ ફેરફાર કરવાની જરૂર લાગતી નથી.'

આ ચર્ચા ચાલતી હતી તે વખતે સંસ્થાના મકાન બાંધવાનું કામ ચાલતું હતું. ચર્ચા ઉગ્ર સ્વરૂપ કે ખોટો આકાર ન લે તે જોવાનું કાર્ય વ્યવસ્થાપક સમિતિનું હતું. કાંઇક ચિંતા ઉપજાવે તેવો આ પ્રસંગ વ્યવસ્થાપક સમિતિએ પાર પાડ્યો તેની નોંધ આ ઇતિહાસમાં લીધા વગર રહીએ તો ઇતિહાસ અધૂરો રહી જાય. બાકી તે વખતે સંસ્થાને અંગે કેટલીક અટપટી ટીકાઓ થઈ હતી અને સંસ્થાનું વહાણ ડામાડોળ સ્થિતિમાં આવી ગયું હતું. અંતે સર્વ ઠીક થઇ ગયું અને ચાલુ નિર્ણય કરેલી પરિસ્થિતિને તાબે થવામાં સમાજનું હિત અને શ્રેય છે તે વાત કાયમ રહી અને સંસ્થા તરફ ઉલટી લોકરુચિ વધી એ વાત નોંધ કરવા લાયક છે. આ ચર્ચાને અંગે સંસ્થાના રિપોર્ટમાં ઘણી જ ટૂંકી નોંધ લેવામાં આવેલી છે અને દફ્તરે પણ બહુ અલ્પ હકીકત છે, એ વાત ઘણી અર્થસૂચક છે.

પ્રીતિભોજનો

સંસ્થામાં પ્રીતિભોજનો વારંવાર થયા છે. એની શરૂઆત ઘણા વર્ષથી થઈ છે. પૂજા, ભાષણ, ચર્ચા અને એક સભ્યના ખરચે વિદ્યાર્થી, વ્યવસ્થાપક સમિતિ અને આમંત્રિત બંધુ-ઓનું સહ ભોજન ખૂબ આનંદ ઉપજાવે છે અને શારદૃ અને શાસક, વિદ્યાર્થી અને વ્યવસ્થા-પકોને ગાઢા સંબંધમાં લાવે છે. આ અતિસુંદર યોજના આદરણીય નીકળી છે અને તેનો લાભ હજુ વધારે લેવાશે એવાં સ્પષ્ટ ચિહ્નો દેખાય છે.

હિસાબપર સામાન્ય નુકતેચીની

કોઈ પણ સંસ્થાની પૈસા સંબંધી સ્થિતિ તપાસવી બહુ જરૂરી વાત છે. પદ્ધતિસર બહાર પાડેલો વાર્ષિક હિસાબ હોય અને તે વર્ષ આખરનું સરવૈયું હોય તો તે ઉપરથી સંસ્થાની ધન-સંબંધી સ્થિતિનો બરાબર ખ્યાલ આવી શકે.

અને જે સંસ્થાનો હિસાબ પદ્ધતિસર નિયમ પ્રમાણે ઓડિટ થઈ બહાર પાડવામાં આવતો હોય તેને બહુ રીતસર વર્તવું પડે છે. જવાબદાર ઓડિટરો હિસાબ તપાસવાના છે અને તેમની નિમણુક સામાન્ય સમિતિ કરે છે અને તેઓની કાયદેસર આકરી જવાબદારી છે એ હકીકત-થી જ સંસ્થાઓ બહુ નિયમસર વર્તે છે. એના ઠરાવ વિરુદ્ધ વ્યય કરી શકાતો નથી, એની બજે-ટની રકમમાં ઠરાવેલી રકમથી ચાર આનાનો વધારે ખર્ચ થયો હોય તો પણ તે માટે સંમતિ મેળવવી પડે છે અને નિયમસર રોજમેળ ખાતાવહી અને જમે ઉધારના કુલ વાઉચરો રાખવા પડે છે એ હકીકત જ સંસ્થાને નિયમવતી અને મર્યાદાની અંદર વર્તતી રાખે છે.

આ સંસ્થા શરૂઆતથી જ ટ્રસ્ટના ધોરણે હિસાબ રાખતી હોઈ, એના વાઉચરો બરાબર રખાતા હોઈ અને એના ઓડિટરો તદ્દન સ્વતંત્ર હોઈ એના હિસાબ માટે સાર્વત્રિક ઊંચો મત ચાલુ રહ્યો છે. શરૂઆતના ચૌદ વર્ષ સુધીનો એનો મેળ શ્રીયુત મુળચંદભાઈ હીરજી રાખતા હતા અને એ એવા સ્પષ્ટવકતા હતા કે સગા ભાઈની શરમ રાખે નહિ અને એમનું એ વર્ચસ્વ સુપ્રસિદ્ધ હોઈ એમના વખતમાં રાખેલા હિસાબ માટે તો એમના મેળ અને ખાતાવહી એ જ પ્રમાણપત્ર છે. પણ પછી તો સંસ્થાનું કામ ઘણું વધી ગયું, માસિક મેળની પદ્ધતિ વધતા જતા કામને અનનુરૂપ લાગી : એટલે શ્રી મુળચંદભાઈની માસિક મેળની પદ્ધતિ બંધ કરી, આખા સમયનો મહેતો રાખવાનો ઠરાવ થયો અને દરરોજનો મેળ રાખવાની પ્રથા શરૂ કરી. અત્યાર સુધી ત્યાર પછી એ પદ્ધતિ ચાલે છે.

સંસ્થામાંથી કોઈ પણ રકમનો ખર્ચ થાય કે રોકડ રકમ અપાય, ફી અપાય કે પુસ્તક ખરીદવામાં આવે, દાણા લવાય કે ઘી લવાય તે સર્વના વાઉચર શરૂઆતથી જ રાખવામાં આવે છે અને પરચુરણ ખર્ચના વાઉચર બનાવવામાં આવે છે. દરેક વાઉચર પર મંત્રીની નાની સહી (initial) થાય છે, તેના પર વાઉચર નંબર (સંખ્યા) ચઢતા અનુક્રમે મુનિમ લખે છે અને તે વાઉચર પર સહી કરવા પહેલાં તે પર સુપરિન્ટેન્ડેન્ટની સહી સેક્રેટરી પ્રથમ જુએ છે. સુપરિન્ટેન્ડન્ટની સહી વગર સેક્રેટરી કોઈ વાઉચર પર સહી કરતા નથી.

વેપારીના આવેલા કે સંસ્થામાં બનાવવામાં આવેલ વાઉચર આ રીતે ત્રણ હાથમાં પસાર થાય છે. ઓડિટર પ્રત્યેક વાઉચર મેળ સાથે ચેક કરી જાય છે. આ રીતની વાઉચર પદ્ધતિનું ધોરણ સંસ્થામાં શરૂઆતથી જ ચાલે છે. અત્યારે દર વર્ષે લગભગ ૫૦૦૦ વાઉચર થાય છે અને તે સર્વ આ વિધિમાંથી પસાર થાય છે.

એ જ પ્રમાણે સંસ્થાના પેમેન્ટ બની શકે ત્યાં સુધી 'ચેક'થી કરવામાં આવે છે. ચેકના કાઉન્ટર પર મંત્રી અને સુપરિન્ટેન્ડેન્ટની સહી (ઈનીશીઅલ) પ્રથમ કરવામાં આવે છે અને પ્રત્યેક ચેક પર એક મંત્રી અને કોશાધ્યક્ષની સહી કરાવવામાં આવે છે. આ દરેક ચેકના કાઉન્ટર પર ઓડિટર ચેક કરી લીલી પેન્સીલથી નિશાની કરે છે.

આ ઉધાર બાજુના હિસાબની વાત થઈ. જમે બાજુએ સંસ્થામાં કોઈ પણ નાની મોટી રકમનો સ્વીકાર રસીદ વગર થઈ શકતો નથી એવો પ્રબંધ શરૂઆતથી રાખવામાં આવ્યો છે. લવાજમ રસીદબુક ચઢતા નંબરની રહે છે, તેમાં લવાજમનાં બીલપર એક સેક્રેટરી અને ટ્રેઝરર સહી કરે છે અને વસૂલ લેનાર મહેતાજી વસુલ તારીખ ભરી પોતાની સહી કરે છે.

એ જ પ્રમાણે ચાલુ ખાતાની રસીદ બુક ચઢતા નંબર સાથે અલગ રાખવામાં આવે છે અને તેમાં ઉપર પ્રમાણે સહી થાય છે અને વસૂલ ભરાય છે. આ બન્ને પ્રકારની રસીદ બુકોના કાઉન્ટરમાં ઈનીશીઅલ કરવામાં આવે છે અને ત્રણે નાની સહી ઉપરાંત તેને ઓડિટર ચેક કરે છે.

આ ઉપરાંત પરચુરણ ભરણા–લોન રિફંડ, સ્નાત્રપૂજા, કોશન ફી, એપ્લીકેશન મની, છાપાવેચાણ, ભંડાર વસૂલ, વગેરે–માટે રસીદ બુક રાખવામાં આવે છે, તેમાં મહેતાજી તથા સુપરિન્ટેન્ડેન્ટની ટુંકી સહી અને એક સેક્રેટરીની સહી થાય છે અને તે આખી બુકના કાઉન્ટરનું ચેકીંગ ઓડિટર રંગવાળી પેન્સીલથી કરે છે. દરરોજના મેળપર એક મંત્રી અને સુપરિન્ટેન્ડેન્ટ સહી કરે છે અને વર્ષ આખરે ઓડિટ થયેલા હિસાબપર મંત્રીઓ કોશાધ્યક્ષ અને ઓડિટર સહીઓ કરે છે.

સંસ્થાની શરૂઆતથી અત્યાર સુધીના કુલવાઉચરો, ચેકની કાઉન્ટર બુકો, લવાજમ રસીદની કાઉન્ટર બુકો, રસીદના કાઉન્ટરો, બેન્ક પાસબુક, રોજમેળ અને ખાતાવહી સર્વ સંસ્થામાં મોજૂદ છે. હિસાબની ચોખવટને અંગે આટલી હકીકત કહી. એ પદ્ધતિ શરૂઆતથી જ ચાલે છે અને નવયુગની સંસ્થાને અનુકરણીય હોઈ તેનો અત્ર ઉલ્લેખ સકારણ કરવામાં આવ્યો છે.

માસિક કાચો હિસાબ દરમાસે કે બે માસે મંત્રી વ્યવસ્થાપક સમિતિમાં રજૂ કરે છે અને વર્ષને અંતે ઓડિટ થયેલો હિસાબ વ્ય૦ સમિતિમાં પસાર કરાવી ત્યારબાદ સાધારણ વાર્ષિક સામાન્ય સમિતિમાં રજૂ કરવામાં આવે છે. આ ધોરણ પચીશે વર્ષમાં એક સરખી રીતે સ્વીકારવામાં આવ્યું છે અને કોઈ પ્રકારના અપવાદ વગર પૂરતું ઉપયોગી કાર્યકર અને પરિણામદર્શક માલૂમ પડ્યું છે.

આવક.

સંસ્થાની ધનની આવકપર સંસ્થાનો મુખ્ય આધાર છે. એના વગર કોઈ સંસ્થા ચાલી કે નભી શકતી નથી અને જે સંસ્થાના કાર્યકર આવક તરફ બેદરકાર હોય તે ગમે તેટલા પ્રમાણિક કે કર્તવ્યનિષ્ટ હોય તો પણ સંસ્થા ટકી શકતી નથી કે પ્રગતિ કરી શકતી નથી. શરૂઆતમાં જણાવ્યું તેમ આ સંસ્થાને બીલકુલ વગર ફંડે ચાલુ કરવામાં આવી. શરૂ કરી તે વખતે તેની પાસે પાંચ પચીશ હજારનું ફંડ પણ નહોતું, એટલે એને ફંડ માટે તો શરૂઆતથી જ પ્રયાસ કરવાનો રહ્યો. દરવર્ષે દશવર્ષ સુધી ઓછામાં ઓછા રૂપીઆ એકાવન આપે તેને સંસ્થાના આજીવન સભ્ય (લાઈફ મેંબર) ગણવાના ધોરણે સંસ્થા શરૂ કરવામાં આવી.

લવાજમ.

આવી રીતે દરવર્ષે વસૂલ આવતી રકમને લવાજમનું નામ આપ્યું અને તે રીતે તે ખાતામાં પ્રથમ વર્ષમાં રૂા. ૯૩૫૬-૦-૦ ની આવક થઈ. પ્રથમના દશવર્ષ સુધીમાં આ ખાતામાં રૂા. ૧,૪૨,૧૪૬, ની આવક થઈ. એ હિસાબે એની પ્રથમના દશવર્ષમાં સરેરાશ લગભગ ચૌદ હજારની આવક દરવર્ષે થઈ. આમાં કોઈ કોઈ શેઠીઆઓની વાર્ષિક રૂપીઆ એક હજારની આવક પણ હતી. દશમા વર્ષની આખરે આવા દશવર્ષની સહાયનું વચન આપનારની કુલ સંખ્યા ૨૧૫ ની હતી. એટલે આ લવાજમ ખાતાના સભ્યોની પ્રથમના દશવર્ષમાં સરેરાશ આવક વાર્ષિક રૂા. ૬૬ ની થઈ. પ્રથમ દશવર્ષની આખરે સં. ૧૯૭૦ ના પ્રથમ વર્ષથી લવાજમ આપવાનું શરૂ કરનારની મુદત પૂરી થઈ ગઈ, એટલે કેટલાક સભ્યોને ફરીવાર તેમની રકમ ચાલુ કરવા વિજ્ઞપ્તિ કરવામાં આવી અને કેટલાકની અસલ પ્રમાણે અને કોઈ કોઈની ઓછી વધતી રકમ ચાલુ થઈ.

પચીશ વર્ષમાં આ લવાજમ ખાતામાં કેટલી રકમની આવક દર વર્ષે થઈ છે તેની વિગત પરિશિષ્ટમાં બતાવી છે, તે પરથી જોવામાં આવશે કે લવાજમને અંગે પચીશ વર્ષમાં રૂા. ૨,૬૩,૮૬૦ ની આવક થઈ છે. એ રકમનું ઉચ્ચ બિન્દુ (climax) રૂા. ૧૫,૮૩૨-૪-૦ પાંચમા વર્ષ (૧૯૧૯-૨૦) માં આવે છે. અને છેલ્લા પચીશમા વર્ષમાં તે વર્ષના તથા આગલા વર્ષોની વસુલનો સરવાળો રૂા. ૧૧,૧૬૧-૦-૦ થાય છે. એટલે બીજી બાબતોમાં જે ઉત્તરોત્તર પ્રગતિ સંસ્થાની થઈ છે તે લવાજમની બાબતમાં થઇ નથી. એનાં કારણોમાં મુખ્યત્વે કરીને બે માલૂમ પડે છે:— ૧. સંસ્થા ધનવતી થઈ ગઈ છે એવી સામાન્ય ભ્રમણા. ૨. કાર્યકરોની લવાજમ ચાલુ કરાવવાની પ્રેરણા પરત્વે પ્રમાદ.

આ બન્ને બાબતો વિચારવા યોગ્ય છે. સંસ્થા દર વર્ષે વટાવ ખાતે નુકશાન કરતી આવી છે. વટાવ ખાતાની સ્થિતિનો ખ્યાલ બરાબર આવે તેટલા માટે તેની વિગત દરવર્ષની આખરની રકમ અનુસાર તારવીને પરિશિષ્ટમાં મૂકી છે તે પરથી જણાશે કે શરૂઆતના દશ વર્ષો બાદ કરતાં વટાવ ખાતું ખવાતું જાય છે અને પચીશમા વર્ષની આખરે તે ખાતામાં રૂા. ૨૦,૧૭૫-૬-૧૦ લેણા ખેંચાય છે. સંસ્થાની આ સ્થિતિ ખરેખરી છે. એ તો ટ્રસ્ટની રકમ ખર્ચમાં વપરાઈ જાય અથવા કોશન મનીની રકમો ચાલુ ખર્ચમાં વપરાય એટલે સંસ્થા ચાલ્યા કરે છે, પણ એવી

સંસ્થાને ધનવતી નજ કહી શકાય. ઉપરના આંકડાઓ પરથી જણાશે કે દશમા વર્ષ (૧૯૨૫-૬) ને છેડે વટાવ ખાતામાં રૂા. ૭૬,૬૯૦-૦-૪ દેવા હતા અને લોન રિફંડ ખાતામાં રૂા. ૭૧૫૫-૯-૦ જમે હતા, જ્યારે પચીશમા વર્ષની આખરે વટાવ ખાતે લેણું ઉપર જણાવેલ રકમ (૨૦,૧૭૫-૬-૧૦) નું રહે છે અને લોન રિફંડની બધી રકમ (૧,૩૩,૦૯૦-૧૪-૩) ચાલુ ખર્ચમાં વપરાઈ ગઈ છે.

આ સ્થિતિ ધનવતી સંસ્થાની હોય? એ વિચારવાનું કાર્ય હિસાબના જાણકારોને જ સોંપીએ. અને સંસ્થાના સભ્યો પોતાનું લવાજમ ચાલુ રાખે તે માટે જેમ કાર્યકરોએ પ્રયાસ કરવાની જરૂર છે, તેટલીજ જનતાએ તેના કાર્ય તરફ લક્ષ્ય આપવાની અગત્ય છે. કાર્યકરોને ખરચ કરવાની, પત્રવ્યવહાર કરવાની, શિસ્ત જાળવવાની અને આંતર વહીવટની જંજાળમાં રાખીએ અને સાથે તે આમ પૈસા માટે પણ પર્યટણ કરે એ ગમે તેટલું ગમતું કે અણગમતું હોય તે વાત બાજૂએ મૂકતાં તે અનુચિત તો ખરું જ એમ લાગે છે.

આપણે આ ઇતિહાસના પ્રસંગમાં બને ત્યાં સુધી ટીકા ન કરીએ, પણ વસ્તુનિર્દેશ કરી જરૂરી ભ્રમ હોય તે દૂર તો કરાવવો જ રહ્યો. બાકી પ્રયાસ કરવામાં આવે તો આ લવાજમ ખાતું ઘણું વધારી શકાય તેમ છે. એના ઘણા માર્ગો છે. દા. ત. કેળવાએલા વર્ગને અપીલ (વિજ્ઞપ્તિ) કરવી, જેમનાં લવાજમ પૂરાં થઈ ગયાં હોય તેઓને ચાલુ કરવા વિજ્ઞપ્તિ કરવી અને ધનવાન વર્ગને રકમમાં વધારો કરવા વિજ્ઞપ્તિ કરવી. સંસ્થાએ અત્યાર સુધી એટલું વર્ચસ્વ પાડયું છે કે જો એના મેંબર થવા માટે વિજ્ઞપ્તિ કરવામાં આવે તો બની શકશે ત્યાંસુધી કોઈ નવયુગને સમજનાર જૈન તેમાં સહાય કરવામાં પાછી પાની નહિ કરે. સંસ્થાનો લાભ લેનાર મુંબઈ બહારના ૯૫ ટકા ઉપરાંત હોય છે; તેમની પાસે પણ વિજ્ઞપ્તિ કરી શકાય અને કેળવણીના કાર્યમાં સહાય કરવી એ અત્યારે આકરો વિષય નથી કે અપ્રિય વિષય નથી.

દરવર્ષે વટાવ ખાતે માંડી વાળવી પડતી રકમમાં વધારો ન થાય તેટલા માટે હાલ તુરતમાં ૫૦૦ સભ્યો વધારે કરવામાં આવે તો દશવર્ષ સુધી તેમની પાસેથી દરવર્ષે ૨૫૫૦૦ મળે, તો કાંઈ નહિ તો નવી ખોટ તો ન થાય અને વિદ્યાર્થી સંખ્યામાં વધારો ન કરવામાં આવે તો પણ સંસ્થા પોતાના પગપર ઊભી રહી શકે. આ હકીકત ખાસ લક્ષ્યપર રાખવા જેવી હોઈને ઇતિહાસના વિષયમાં તે સહજ અપ્રસ્તુત હોવા છતાં તેને સ્થાન આપવામાં આવ્યું છે. પચીશ વર્ષનાં લવાજમ ખાતાના ચઢતા ઊતરતા આંકડા વિચારવાથી (જુઓ પરિશિષ્ટ) ઘણી બાબત પર પ્રકાશ પડશે અને કાર્યવાહકોને કર્તવ્ય દિશાનું સૂચન થશે એટલું જણાવી સંસ્થાની આવકના બીજા વિભાગ પર ધ્યાન આપીએ.

તદ્દન ધોરણ વિરુદ્ધ કામ થતું નથી તે જણાવવા ખાતર અહીં એક વાતની સ્પષ્ટતા કરવાની જરૂર છે. ચાલુ ખાતા નં. ૨ માં રૂા. ૧,૦૭,૯૧૮-૦-૦ ની રકમ પચીશમા વર્ષમાં જમે છે એ વટાવ ખાતે લઈ જવાની રકમ છે. એ રકમની પાછળ ઇતિહાસ છે તે આગળ રજૂ કરવામાં આવશે. તે રકમ જ્યારે વટાવ ખાતે લઈ જવામાં આવશે ત્યારે વટાવ ખાતે લેણાની રકમ દેવામાં ફેરવાઈ જશે એ ખરું છે, પણ દર વર્ષે વટાવ ખાતે બાદ લાગે છે એ હકીકત તો ઊભી જ રહે છે અને તેમ વધારે થતું અટકે એમ કરવાની તાત્કાલિક જરૂર છે.

સંસ્થામાં વર્ષો સુધી સહાયની મદદ કરવાનું વચન આપવાની બાબતમાં કેટલાક બંધુઓને સંકોચ થાય છે : તેમને મનમાં ભીતિ રહે છે કે ભવિષ્યમાં પોતાની સ્થિતિ સારી રહેશે તેનો ભરોંસો શો અને કદાચ પોતે અવસાન પામે તો દેવાદાર રહી જાય અને એવા પ્રકારના પ્રશ્નો થતા સંસ્થાએ નાણા ભરવાની બાબતમાં ત્રણ નિયમનો સ્વીકાર કર્યો છે અને તે પ્રત્યેક લવાજમ ભરવાના વિજ્ઞપ્તિપત્રમાં દાખલ કર્યા છે તે આ પ્રમાણે છે:

"સંસ્થા બંધ થાય, મારી સ્થિતિમાં મોટો ફેરફાર થાય, અથવા મારું શરીર પડી જાય તો હું સંસ્થાનો દેવાદાર રહેતો નથી એ સંસ્થામાં નાણાં ભરવાનો નિયમ છે તેને આધીન રહીને આ ફારમ ભર્યું છે."

આમાં પૈસા ભરનારની સર્વ ગૂંચવણોનો નિકાલ છે. સંસ્થા કદાચ કોઈ કારણે બંધ થઈ જાય તો પણ દેવું રહેતું નથી, પરભવમાં આપવું પડવાનું નથી અને તે જ નિયમ સ્થિતિમાં ફેરફાર કે ભરનારના અવસાનને લાગુ પડે છે. આ આખો પ્રબંધ ઘણા વિચાર પછી ચોજ્યો છે. સ્થિતિમાં મોટો ફેરફાર તે ખરાબ ફેરફાર સમજવાનો છે, સારા માટે 'મોટો' ફેરફાર થાય તેણે પોતાની રકમ સ્વતઃ વધારવાની છે. એ વાત અહીં એટલા માટે લખી છે કે એથી ઊલટો અર્થ કરવાનો પ્રયાસ એક બંધુએ જરા વિનોદમાં કર્યો હતો. આટલા ખુલાસા પછી કોઇને નૈતિક કે ધાર્મિક વાંધાને અંગે દશ વર્ષ સુધી સહાય આપવાનું વચન આપવામાં સંકોચ કરાવે એવું રહેવા દીધું નથી એમ જણાયા વગર રહેશે નહિ.

ચાલુ ખાતું.

કેટલાક બંધુઓ સંસ્થાને દશે વર્ષની રકમ એકી સાથે આપી દે છે, કોઈ એકજ વખત નાની મોટી રકમ ભેટ આપે છે, કોઈ લગ્ન પ્રસંગે સંસ્થાને ભેટ મોકલે છે અને કોઈ પર્યુષણ પ્રસંગે સંસ્થાને નામે સંસ્થા તરફ રકમ મોકલે છે. આવી નાની મોટી ભેટની રકમ ચાલુ ફંડ ખાતે જમે થાય છે. એમાં ચાર આનાથી માંડીને એક, બે, પાંચસો, હજાર અને તેથી પણ વધારેની રકમ ભેટ મળે છે. પર્યુષણ પર્વમાં સંસ્થા તરફથી ઝોળી ફેરવતાં તેમાં બહેનો ભાઇઓ નાની રકમ આપતા હતા. આ સર્વ રકમ ચાલુ ખાતામાં જમે થાય છે. આ ચાલુ ખાતામાં દર વર્ષે કેટલી રકમ આવી તેનો સરવાળો પરિશિષ્ટમાં રજુ કર્યો છે. પ્રથમના દશ વર્ષમાં આ ખાતે રૂા. ૭૮,૧૦૭-૫-૧ ની આવક આ ચાલુ ખાતામાં થઈ હતી. પચીશ વર્ષનો આ ખાતાનો સરવાળો રૂા. ૧,૨૦,૭૨૦-૧-૦ થાય છે, એટલે પચીશ વર્ષમાં દર વર્ષની સરેરાશ કાઢતાં આ ખાતે રૂા. ૪૮૨૫) પ્રત્યેક વર્ષમાં આવ્યા ગણાય.

આ ખાતામાં પણ ક્રમિક વધારો જોવામાં આવતો નથી. શરૂઆતમાં આ ખાતાની રસીદો પાનાઓ ભરીને વાર્ષિક રિપોર્ટમાં આવતી હતી, હવે તો ભાગ્યે એક પાનું ભરાય છે. એની પાછળ સંસ્થા તરફ ઉપેક્ષા નથી, પણ સંસ્થા ગમે ત્યાંથી નભાવી લેશે અને તે માટે જે પ્રયાસ કરવો જોઇએ તેમાં બેદરકારી કે આળસ કારણભૂત જણાય છે. આવાં ખાતાઓ જન્મે ત્યારથી પાંગળાં હોય છે, એને ઉપાડનાર અને આગળ ધપાવનારમાં જેટલો ઉત્સાહ તેટલું ખાતાનું જોર રહે છે. બાકી આગળપાછળની રકમથી સંસ્થાનું ગાડું ગબડ્યા તો કરે, પણ એનો ક્રમિક વિકાસ થંભાઈ જાય છે. એટલે આ ચાલુ ખાતું પણ ક્રમસર વધતું જાય તે માટે

ચાલુ પ્રયત્ન રાખવાની જરૂર છે. દરેક માણસને સારા માઠા પ્રસંગો જરૂર વખતો વખત આવે છે. સંસ્થાને ચાલુ સહાયની જરૂર છે એ વાત જો જનતાને ઠસાવવામાં આવે અને હવે તો વિદ્યાલયના ભાવુકો ઠામ ઠામ પહોંચી ગયા છે તે આ વાત લક્ષ્યમાં લે, તો ચાલુ ખાતામાં પણ સારી ઉત્પન્ન થાય.

ચાલુ ખાતા નં. ૨.

સંસ્થાના સત્તરમા અને અઢારમા વાર્ષિક રિપોર્ટમાં ઓડિટરોએ સંસ્થાની નાણા સંબંધી સ્થિતિપર નુકતેચીની કરી હતી. તેમણે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે સંસ્થા હસ્તકના ટ્રસ્ટ ફંડોનું રોકાણ જોતાં મૂળ રકમ સામે રોકાણો પૂરતાં નથી. તેમના મત પ્રમાણે ટ્રસ્ટ ફંડોનાં રોકાણ અલગ હોવાં જોઇએ. (સત્તરમો વાર્ષિક રિપોર્ટ પૃ૦ ૩૪ થી). કેટલીક નોંધો ઓછે ભાવે વેચાણી હતી અને સંસ્થાને ચાલુ નુકસાનમાં કામ કરવું પડતું હતું.

આ સૂચના ઉપર વ્યવસ્થાપક સમિતિએ તુરત ધ્યાન આપ્યું. અઢારમા વર્ષમાં ફંડ એકઠું કરવા એક સમિતિ નીમવામાં આવી (તા. ૨-૪-૧૯૩૩). અને ખાસ કરીને શેઠ રણછોડભાઈ રાયચંદ તથા ડો. નાનચંદ કસ્તુરચંદ મોદીના પ્રયાસથી અને રા. સા. શેઠ રવજીભાઈ સોજપાળની ઉદાર શરૂઆતથી આ ફંડ ખૂબ ફાલ્યુંફૂલ્યું. સમિતિએ આ નવા ચાલુ ફંડ (નં. ૨) માં રૂપીઆ એક લાખ એકઠા કરવાની ધારણા રાખી હતી અને આ ખાસ સમિતિના પ્રયાસથી ઓગણીશમા વર્ષ (૧૯૩૩-૩૪) માં રૂા. ૪૩,૯૮૩) વસૂલ થયા, વીસમા વર્ષમાં રૂા. ૩૩,૧૬૪) વસૂલ થયા અને ત્યાર પછીના વર્ષમાં વધીને પચીશમા વર્ષની આખરે એ ફંડની રકમ રૂા. ૧,૦૭,૯૧૮) ની થઈ છે. હજુ એ ફંડ બંધ કરવામાં આવ્યું નથી, એનો હવાલો પાડવામાં આવ્યો નથી, પણ એની રકમ તો ચાલુ વપરાશમાં જ છે. આ રકમનો હવાલો પડતાં વટાવ ખાતે રકમ લેણી પડે છે તેનો તો નિકાલ થઈ જશે, પણ પાછી દર વર્ષે વટાવ ખાતે રકમ માંડવી પડે છે તે બાબત વિચારવાની તો રહેશે.

સમિતિના પ્રયાસથી અને સભ્યો તથા અન્ય બંધુઓના સહકારથી સંસ્થાપર કાયદેસર જે જવાબદારી ટ્રસ્ટફંડોને અંગે હતી તે પૂરી થઈ, સમિતિએ સુંદર કાર્ય કરી સંસ્થાનો પાડ મનાવ્યો અને શેઠ રણછોડભાઈ રાયચંદ આદિ બંધુઓએ એક લાખ મેળવી આપવાની પ્રતિજ્ઞા પૂરી કરી, એટલું જ નહિ પણ એમાં શિખર ચઢાવ્યું એ અતિ અભિનંદનપાત્ર હકીકત છે.

આ ચાલુ ફંડ નં. ૨ માં દરવર્ષ ૧૮ મા વર્ષથી ૨૫ સુધી કેટલી ઉત્પન્ન થઈ તેની વિગત પરિશિષ્ટમાંથી મલશે. પચીશમા વર્ષની આખરે આ ખાતામાં કુલ ઉત્પન્ન કેટલી થઈ તેનો આંકડો ત્યાંથી મળશે અને ઉપર જણાવ્યું તેમ તે રકમ (રૂા. ૧,૦૭,૯૧૮) ની થાય છે.

પરચુરણ ખાતાઓ.

આ સિવાય સંસ્થા હસ્તક નાનાં નાનાં પરચુરણ ખાતાંઓ છે. દા. ત. લાઈબ્રેરી-પુસ્તકાલય, યુનિવર્સિટી સાહિત્ય, હીસ્ટરી ઓફ ટેરીફ પબ્લિકેશન ખાતું, ધાર્મિક શિક્ષણ સહાય ખાતું વગેરે. એવા એવા પ્રત્યેક ખાતામાં વિગતવાર આવક સરવાળે પચ્ચીશે વર્ષમાં કેટલી થઈ તેનો સમુચ્ચય સરવાળો પરિશિષ્ટમાં જોવામાં આવશે, તે પરથી જણાશે કે આવી પરચુરણ સહાયની કુલ-

રકમ પચીશ વર્ષમાં રૂા. ૨૪,૯૧૦-૧૫-૨ થઈ છે. આમાં દેરાસર ખાતું ગણવામાં આવતું નથી. દેરાસર ખાતાનો સર્વ ખર્ચ સંસ્થામાં ખર્ચ ખાતે ઉધારવામાં આવે છે અને આવક દેરાસર માટે, જીર્ણોદ્ધાર માટે અથવા આભૂષણ માટે ખર્ચવામાં આવે છે. આથી દેરાસરની આવક સંસ્થાની આવક સાથે શરૂઆતથીજ ભેળસેળ થવા દેવામાં આવી નથી. આ પરચુરણ ખાતાની સદર રોકડ રકમ ઉપરાંત સંસ્થાને પુસ્તકો તથા વસ્તુઓ ભેટ મળ્યાં છે તેની રોકડમાં ગણના કરવામાં આવી નથી.

મકાન ફંડ.

સંસ્થાના ત્રીજા વર્ષથીજ સંસ્થામાટે પોતાનું મકાન કરવાની જરૂર લાગી, કારણ કે મકાનની સ્થિરતામાંજ સંસ્થાની સ્થિરતા છે એ વાતનો સાર્વત્રિક સ્વીકાર થયો. એટલા માટે સંસ્થાના ત્રીજા વર્ષ (સને ૧૯૧૭-૮) માં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિના આશીર્વાદથી તેઓની હાજરીમાં આ ફંડની શરૂઆત કરી. આ ફંડ માટે બીજો મોટો પ્રયાસ દશમા વર્ષમાં કરવામાં આવ્યો. ત્રીજા વર્ષથી દશમા વર્ષ સુધીમાં આ ફંડ ખાતે કુલ રૂા. ૨,૩૧,૮૪૨-૨-૯ ની આવક થઈ. તેમાં પ્રથમ પ્રયાસમાં રૂા. ૧,૪૧,૪૮૭-૪-૦ થયા અને બીજા પ્રયાસમાં રૂા. ૯૦,૩૫૪-૧૪-૯ થયા. ત્યાર પછી એ ફંડ ચાલુ રાખવામાં આવ્યું છે. પચીશમા વર્ષની આખરે રૂા. ૨,૬૨,૬૯૮-૧૦-૧૧ એ ફંડમાં વસૂલ થયા છે. જ્યારે માલેકીના મકાન ખાતે રૂા. ૪,૩૦,૩૨૫-૧૩-૬ ની રકમ ખેંચાય છે.

પ્રત્યેક વર્ષે મકાન ફંડમાં કેટલી રકમ વસૂલ થઈ છે તેની વિગત પરિશિષ્ટમાં બતાવી છે. મકાનના ભાડા ધાર્યા કરતાં કમતી આવવાને પરિણામે ધારી આવક થઈ નથી, પણ સંસ્થાના વિદ્યાર્થીઓનું આરોગ્ય વધે તેવું મકાન, દેરાસર, ભાષણગૃહ અને સર્વ સામગ્રી સાથે સાંપડ્યુ છે એ ઘણી સંતોષની વાત છે. મકાન ફંડને અંગે જૈન જનતાએ સારો જવાબ આપ્યો છે અને આશા રહે છે કે તે ખાતામાં લગભગ એકલાખ સીત્તેર હજારનું દેવું (ચોક્કસ રકમ બોલીએ તો રૂા. ૧,૬૭,૬૨૭-૨-૭) રહે છે તે કોઈ વખત જનતા વસૂલ કરી આપશે.

ટ્રસ્ટ ખાતાની રકમ આ મકાન બંધાવવાના ખર્ચમાં વપરાઈ છે, તેથી જ્યાં સુધી એ રકમનાં અલગ રોકાણો ન થાય ત્યાંસુધી તે સંસ્થાના મકાનમાં રોકાયલાં છે એમ ગણવાનું છે.

સમુચ્ચય આવક.

આ રીતે લવાજમ ખાતા વિગેરેમાં નીચે પ્રમાણે સમુચ્ચય આવક પચીશ વર્ષમાં થઈ:

લવાજમ	૨,૬૩,૮૯૦—૦—૦
ચાલુ નં. ૧	૧,૨૦,૭૨૦—૧—૦
ચાલુ નં. ૨	૧,૦૭,૯૧૮—૦—૦
મકાન ફંડ	૨,૬૨,૬૯૮-૧૦-૧૧
સ્થાયીફંડ	૧૪,૮૮૧—૦—૨
પરચુરણ	૨૪,૯૧૦—૧૫-૨
	રૂા. ૭,૯૫,૦૧૮—૧૧-૧

એ રીતે જનતાએ સંસ્થાને રૂા. ૭,૯૫,૦૧૮-૧૧-૧ પચીશ વર્ષમાં આપ્યા છે.

એ ઉપરાંત પચીશ વર્ષમાં સંસ્થાને રૂા. ૧,૫૧,૬૬૪-૨-૯ ટ્રસ્ટ ફંડોના મળ્યા છે તેની વિગત આ અહેવાલમાં સંપૂર્ણ ખાતો સાથે આપી છે. ટ્રસ્ટની મૂળ રકમ સંસ્થાને જનતાએ આપી છે એટલે બહારથી રોકડ રકમની મદદ સંસ્થાને પચીશ વર્ષમાં રૂા. ૯,૪૬,૬૮૨-૧૩-૧૦ ની થઈ ગણાય.

પેદા કરેલી આવક.

આ ઉપરાંત પચીશ વર્ષમાં વિદ્યાર્થી લોન રિફંડમાં સંસ્થાને રૂા. ૧,૩૩,૦૬૦-૧૪-૩ પાછા મળ્યા છે. વિગત ઉપર આવી ગઈ છે અને પ્રત્યેક વર્ષની રિફંડની રકમની વિગત પરિશિષ્ટમાં બતાવી છે. આ તો કરેલ ખર્ચ પાછો મળ્યો એટલે એને જનતાએ આપેલ રકમ ન કહેવાય.

ભાડાની આવક :—સંસ્થાના મકાનો થયા પછી દુકાન અને રહેવાસનાં મકાનોના ભાડાની આવક દર વર્ષે કેટલી થઈ છે, તેને અંગે દર વર્ષે મ્યુનિસિપલ બીલ અને રિપેરનો ખર્ચ કેટલો થયો છે તેના આંકડા પરિશિષ્ટમાં બતાવ્યા છે. એની ચોખ્ખી આવક રૂા. ૧,૩૩,૫૮૦-૦-૯ પચીશ વર્ષમાં થઈ છે તે સસ્થાએ ઉત્પન્ન કરેલ આવક છે.

સંસ્થાના નાણા સરકારી જમીનગીરી અથવા મારગેજમાં રોકયા હોય તેના વ્યાજની રકમ દરવર્ષે આવે તેની આવકનો સરવાળો, તેમાંથી ટ્રસ્ટોને મજરે આપેલ વ્યાજની રકમ અને એ પ્રકારની ડીવીડન્ડ કે વ્યાજની આવકની વિગત વર્ષવાર પરિશિષ્ટમાં બતાવી છે. સંસ્થાની પોતાની વ્યાજની આવક કેટલી નાની છે તેનો ખ્યાલ તે ઉપરથી આવશે.

જનતાએ આપેલ અને સંસ્થાએ ઉત્પન્ન કરેલ આવકની વિગત સમુચ્ચયે નીચેપ્રમાણે થાય છે.

લવાજમો (૨૫ વર્ષમાં)	૨,૬૩,૮૯૦—૦—૦	વ્યાજ	૫૫,૨૫૭-૧૨-૧
ચાલુખાતું નં. ૧ ,,	૧,૨૦,૭૨૦—૧—૦	ભાડું	૨,૦૯,૧૪૦-૬-૧
,, નં. ૨ ,,	૧,૦૭,૬૧૮—૦—૦	લોન રિફંડ	૧,૩૩,૦૨૨-૬-૪
શેઠ વાડીલાલ સારાભાઈ	૧,૦૦,૦૦૦—૦—૦	પેઈંગ તથા ટ્રસ્ટ વિદ્યાર્થી ફીઝ	૧,૦૫,૮૪૪-૧-૦
સ્થાયી ફંડ (૨૫ વર્ષમાં)	૧૪,૮૮૧—૦—૦		૫,૦૩,૨૬૪-૯-૬
મકાનફંડ (૨૫ વર્ષમાં)	૨,૬૨,૬૯૮-૧૦-૧૧		
પરચુરણ ,,	૨૪,૬૧૦-૧૫—૨		
	૮,૬૫,૦૧૮-૧૧—૮		

ઉપરની રકમો ઉપરાંત ટ્રસ્ટની રકમો આવી છે, તેનો ઉલ્લેખ અલગ કર્યો છે. તેમાં મૂળ રકમ રૂા. ૧,૫૧,૬૬૪-૨-૯ ની આવી છે, તેનો ઉમેરો ઉપરની રકમમાં કરવાનો છે. ટ્રસ્ટના વહીવટ, દાનની રકમમાં મૂળ ટ્રસ્ટની રકમ વધારતાં સંસ્થાને મળેલી કુલ રકમ રૂા. ૧૦,૪૬,૬૮૨-૧૩-૧૦ની થાય છે.

આવી રીતે જૈન કોમના ઉદાર દીલના બંધુઓએ આ નવયુગની સામાજિક સંસ્થાને લાખો રૂપીઆ આપ્યા છે અને તે રકમોની મદદથી એણે રિફંડ મેળવી, ભાડું ઉપજાવી, વ્યાજ ઉપજાવી એમાં વધારો કર્યો છે. લવાજમ ભેટ અને ફંડોની રકમનો સરવાળો મોટો થાય છે, પણ તે પચીશ વરસનો છે એ રકમ યોગ્ય ગણાય, પણ જૈન સમાજની કેળવણીની ભૂખ જોતાં ઓછી ગણાય.

સંસ્થા માગ્યા કરે છે અને કરશે, છતાં જૈન કોમે તેને જે મદદ કરી છે, વગર સંકોચે હાથ લંબાવ્યો છે તે માટે તેનો આભાર માનવાનો જ રહે છે. પારસી કોમ સિવાય બીજી કોઈ કોમ આવા ઉદારતાના સતત ઝરાની આશા ન રાખે. અમે માગીએ, પ્રેરણામાટે કોઈ વાર ચીમકી પણ લગાવીએ, અને કોઈવાર ગૃહસ્થ વર્ગની ટીકાપણ કરી બેસીએ, પણ છતાં જૈન કોમ ઉદાર છે, કદરદાન છે અને આપવામાં પાછું વાળી જોતી નથી એ તો વગર સંકોચે સ્વીકાર કર્યા વગર રહેવાય તેમ નથી. હજુ ઘણું માગશું અને તમે આપશો તેની ખાતરી છે. કરેલ દાન માટે આભાર માનવાનો છે અને આનંદોર્મિ બતાવવાનો આ પ્રસંગ છે.

ખરચ.

સંસ્થાના ખર્ચના મુખ્ય ત્રણ ભાગ પાડી શકાય :

(૧) **બહારનો ખર્ચ:** કોલેજમાં અભ્યાસની ફી, પુસ્તક ખર્ચ, ધાર્મિક શિક્ષણ.

(૨) **અંદરનો ખર્ચ :** ભોજન ખર્ચ, રીડીંગ રૂમ, ગેમ્સ, દવા, દિવાબત્તી, બિછાના વિગેરે.

(૩) **વહીવટી ખર્ચ :** જેમાં પગાર, પોસ્ટેજ, ઓડિટ, દેરાસર ખર્ચ, છપાપણી, સ્ટેશનરી અને ટેલીફોન વિગેરેના ખર્ચનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત બહારગામ અભ્યાસ કરતા વિદ્યાર્થીને લોન આપી તેની વિગત અલગ છે.

તે ઉપરથી જોવામાં આવશે કે પ્રથમ વર્ષમાં ફીનો ખર્ચ રૂા. ૧૮૮૧-૫-૩ થયો હતો તે પચીશમા વર્ષમાં વધીને રૂા. ૨૭,૬૩૦-૯-૯ થયો છે. આની સામે અંદરનો ખર્ચ સરખાવતાં જણાય છે કે એ પ્રથમના વર્ષમાં રૂા. ૪૬૯૩-૯-૮ હતો તે વધીને પચીશમા વર્ષમાં રૂા. ૧૬,૧૪૪-૧-૧૦ થયો છે. ભોજનખર્ચ પ્રમાણમાં વધ્યો નથી, પણ ફ્રી પુસ્તકનો ખર્ચ, ઘણો વધ્યો છે.

એકંદર ખર્ચ દર વર્ષે વધતોજ જાય છે તે સાથેના આંકડા પરથી જોવામાં આવશે. ઉપર જણાવેલા ત્રણ બાબોને અંગે પચીશ વર્ષમાં કુલ ખર્ચ રૂા. ૭,૮૫,૭૬૪-૧૫-૨ થયો છે. તેમાંથી પેઇંગ અને ટ્રસ્ટ બોરડોની ફીઝના રૂા. ૧,૦૫,૮૪૪-૧-૮ બાદ કરતાં રૂા. ૬,૭૯,૯૨૦-૧૩-૬ કુલ ખર્ચ થયો તેની સામે લોન ખાતામાં રૂા. ૫,૩૬,૯૨૫-૮-૫ મંડાયા છે. એટલે ખર્ચ કરતાં લોન ઓછી રકમની લેવામાં-માંડવામાં આવે છે તે સ્પષ્ટ થશે.

આ ઉપરાંત મકાનોના ખર્ચની હકીકત સામે મકાનભાડાની આવક ગણવાની છે, ટ્રસ્ટ ખાતાને વ્યાજ મજરે અપાય તેમાંથી ભણતા વિદ્યાર્થીઓની આવક પેઈંગ વિદ્યાર્થીની આવકમાં જમે થાય છે એ હકીકત લક્ષ્યમાં લેવાની છે.

આપણે અત્ર પચીશમા વર્ષના ખર્ચનો આંકડો જરા વિગતથી વિચારી જઈએ :

કોલેજ ફી. પુસ્તક વિ. બહારના ખર્ચના.	રૂા. ૨૭,૬૩૦-૯-૯
ભોજન રીડીંગ રૂમ ગેમ્સ અંદરના ખર્ચના	રૂા. ૧૬,૧૪૪-૧-૧૦
વહીવટી ખર્ચના	રૂા. ૬,૫૫૬-૩-૦
ટ્રસ્ટોને વ્યાજ મજરે આપ્યાના	રૂા. ૪,૬૪૯-૪-૦

એ રીતે કુલ ખર્ચ રૂા. ૫૪,૯૮૦-૨-૭ થયો. એટલે આપણને સંસ્થા પચીશમા વર્ષની આખરે હતી તે સ્થિતિમાં ચલાવવા માટે દરવર્ષે ઓછામાં ઓછી રૂા. ૫૫૦૦૦-૬૦૦૦૦ ની આવક તો જરૂર જોઈએ. એમાં મકાનના મોટા રિપેર તથા મ્યુનિસિપલ બીલના ખર્ચના લગભગ રૂા. ૫૬૦૨-૦-૩ વધારે ગણીએ તો સાઠહજારથી વધારેજ આવક જોઈએ. તેની સામે આવકના આંકડા તપાસશો તો જણાશે કે આવકમાં વધારો કરવાની જરૂર છે. બહુ વિચાર કરીને ઓછામાં ઓછા ખરચે, પણ સારામાં સારી રીતે સંસ્થાનો વહીવટ કરવામાં આવે છે. એમાં બચતને સ્થાન નથી. હિસાબ ઓડિટ કરાવવામાં આવે છે અને સંસ્થાના આંતર વહીવટની ફરિયાદો ઉપર સહાનુભૂતિથી તપાસ અને નિકાલ કરવામાં આવે છે.

ખર્ચની દરેક વિગતો વાર્ષિક રિપોર્ટમાં છપાવવામાં આવે છે તેથી તે પર વધારે વિવેચન કરવાની જરૂર લાગતી નથી. કોલેજોમાં ફીની રકમ એટલી વધી ગઈ છે કે જ્યાં સંસ્થાની શરૂઆતની એક ટર્મની ફી રૂા. ૪૨) હતી ત્યાં અત્યારે ૯૬ રૂપિયા થયા છે અને મેડિકલ કોલેજની ફી તો તેથી પણ ઘણી વધારે વધી ગઈ છે. આપણે વિદ્યાર્થીઓને ભણાવેજ છૂટકો છે. આપણા સમાજનું જે સ્થાન હતું તે રાખવા માટે, આપણી તીર્થરક્ષા, સાહિત્ય-પ્રકાશન, જીર્ણ મંદિરોદ્ધાર અને બેકારીનિવારણનો એક જ ઉપાય કેળવણીનો છે. ભણ્યા વગર છૂટકો નથી, જગતને અહિંસાના પાઠ ભણેલા જ આપશે, જગતના પ્રશ્નના નિકાલ અહિંસા જ કરશે અને જગતને ચિલ્લે ચાલવા માટે કેળવણી વગર આપણો અન્યા આરો નથી.

ભણતરની કિંમત પગાર કે બદલાથી કરવાની નથી, ખર્ચ સામું જોવાનું નથી, આખા મધ્યમ વર્ગની પ્રગતિની વાત ન વિચારીએ, પણ તેમની જે સ્થિતિ છે તે કાયમ રહે તે માટે પણ કેળવણીના પ્રશ્નનો નિકાલ એ જ આપણું સાધ્ય હોવું ઘટે.

લાખો રૂપીઆ ખરચી કેળવણી આપી તેનાં પરિણામો જોવાં હોય તો એ ભણેલાના હૃદયો તપાસો, એમના પૂર્વકાળનો અભ્યાસ કરો, એમના સમવયસ્કોની સ્થિતિની વિગતો તપાસો એટલે કેળવણીના ખર્ચને અનિવાર્ય ગણવા ઉપરાંત ખાસ જરૂરી-આવશ્યકીય ગણવો પડશે. તમે બીજા ગમે તે ખર્ચ કરો તે તમારી મરજીની વાત છે, અમારો તેમાં વિરોધ નથી, અમારા અભિપ્રાયને તેમાં સ્થાન નથી, પણ એક વાત તો અમે ભાર મૂકીને કહીએ છીએ કે આ ઈતિહાસ વાંચ્યા પછી તમે કેળવણીનાં કાર્યમાં લાખો ખરચ્યા અને તમારી ઉદારતાથી આ સંસ્થાએ તેનો વ્યય કર્યો તેમાં જો તમે જરા પણ ભૂલ કરી લાગતી હોય

તો વધારે ઝીણવટથી ઊંડા ઉતરો. કેળવણીનો પ્રશ્ન અતિ મહત્ત્વનો છે, એમાં ખરચેલ પાઈએ પાઇનો બદલો મળી શકે તેમ છે એટલું જ નહિ, પણ એનો ભરપટ્ટે અનેકગણો બદલો મળે છે, મળ્યો છે અને મળી રહ્યો છે તેના હવે તો જીવતા દાખલાઓ તમારી પાસે રજૂ કરી શકાય તેમ છે.

આ આવક ખરચનો હિસાબ તમારી પાસે બતાવવાનો મુદ્દો એ જ છે કે આપ એને હજારો કે લાખોના આંકડા ગણશો નહિ. આટલી રકમને એક વર્ષના સરેરાશે ભાંગી નાખશો તો એટલી રકમ તો એક ધનવાન દર વર્ષે પોતાના મોજશોખમાં વાપરી નાખે છે. એ આખો ઇતિહાસ એક રીતે આપણી કમનસીબી બતાવે છે. આટલા નાના ખર્ચમાં આટલું પરિણામ બતાવનાર સંસ્થાને આપણામાંથી કોઈ "જૈનની મહાન સંસ્થા" કહેવા લલચાઈ જાય, તો તેને એક જ જવાબ હોઇ શકે અને તે એ છે કે દીલ્લી હજુ ઘણું દૂર છે. આપણું કર્તવ્ય છે તેના બાહ્ય શરીરને આપણે હજુ સહજ માત્ર સંસ્પર્શી શક્યા છીએ. આપણે તો મોટા વિશ્વવિદ્યાલયો જોશે, આપણે પુરાતત્વનાં ખાતાંઓ જોશે, આપણે નિષ્ણાતોના ચર્ચામંડપો જોશે, આપણે વર્તમાન પદ્ધતિએ આગમ અને શાસ્ત્રોના પ્રકાશન ખાતાંઓ જોશે, આપણે સાહિત્ય પ્રકાશનના થોકડાને થોકડા જોશે અને આપણે વિદ્યામંદિરો ગામે ગામે અને શહેરે શહેરે કરવાં પડશે. આ તો હજુ પાશેરામાં પહેલી પુણી જેવું કામ થયું છે, તેનો ઇતિહાસ માત્ર પ્રેરણા મળે તે કારણે તૈયાર કર્યો છે, તેમાંથી કર્તવ્યભાન થાય એ એનો ઉદ્દેશ છે અને એને શરૂઆત કરવાનું પ્રારંભિક બિંદુ (Starting point) ગણવામાં આવે એ એનું રહસ્ય છે.

ખરચમાં કાપકૂપને સ્થાન નથી, દર વર્ષે જે અરજીઓ પાછી વાળવી પડે છે તે નજરે તેમાં મોટો વધારો કરવાની જરૂર છે, ખરચમાં મોટો વધારો કરવા માટે મોટી આવકની જરૂર છે અને મોટી આવક માટે જાહેર જનતાના સહકાર- વહેવારૂ સહકારની જરૂર છે.

ખરચની વધારે વિગતો આપી આ દળદાર ઇતિહાસને વધારે લાંબો કરવાની જરૂર નથી. એમાં હજારો વાઉચરો અને અનેક બાબતો આવે છે, એમાં ઘી દૂધ શાક દાણાથી માંડીને એ વસ્તુઓ કયાંથી ખરીદવી, એને કેવી રીતે સાફ કરાવવી, ઓછામાં ઓછા ખરચે સારામાં સારી વસ્તુઓ કઈ રીતે પૂરી પાડવી અને શોખ કરતાં આરોગ્ય ઉપર અને મોજ કરતાં તંદુરસ્તી ઉપર કેવી રીતે ધ્યાન આપવું તેની વિગતો આવે છે અને એ તો સંસ્થામાં આવી તેનો બારિક અભ્યાસ કરવામાં આવે તો જ તેની ખૂબી ખામી સમજાય તેવું છે. ધાર્મિક શિક્ષણનો ખર્ચ સરેરાશ રૂા. ૧૫૦૦ દર વર્ષે આવે છે અને તે ઉપરાંત પુસ્તક પ્રકાશન કે ઇનામની રકમ જૂદી થાય છે. દેરાસરજી ખર્ચ રૂા. ૨૫૦-૩૦૦ દર વર્ષે થાય છે અને સ્ટાફ ખર્ચ લગભગ રૂા. ૪૦૦૦ દર વર્ષે થાય છે. આ સર્વ ખરચો મધ્યમસરના છે અને આથી ઓછે ખરચે સંસ્થાનો વહીવટ ચલાવી શકાય નહિ તેમ ધારવામાં આવે છે. જરૂરી ખર્ચનો સંકોચ કરવામાં આવતો નથી અને લાફાલાફથી કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. સરેરાશ ખર્ચ વધતો આવે છે તે માત્ર કોલેજ ફીના વધારાને આભારી છે, બાકી ભોજન કે વહીવટી આંતર ખર્ચની સરેરાસ ઉત્તરોત્તર ઘટતીજ આવી છે. સંખ્યાનો વધારો અને ભાવનો ઘટાડો એ બન્ને કારણે સરેરાશ આંતર ખર્ચ ઘટ્યો છે. સંસ્થા શરૂ કરી ત્યારે જે વસ્તુના ભાવ મહાવિગ્રહને અંતે હતા તેમાં ઘટાડો ચાલુ

રહ્યો અને તેથી અંદરનો ખર્ચ સરેરાશ ઘટ્યો છે. એ ખર્ચનો સરવાળો વિદ્યાર્થી સંખ્યાના વધારાથી વધ્યો છે.

આ પ્રમાણે આવક અને ખર્ચની વિગતો આપની સમક્ષ ઇતિહાસ રૂપે રજૂ કરી છે. આપને એના પરિશિષ્ટોમાંથી ઘણું જાણવા તારવવા જેવું મળશે. એમાંથી વિચારવા લાયક અનેક બાબતો મળશે. આપ તે વિચારશો. સંસ્થાનો આખો ઝોક આ આવકખરચના આંકડાપર છે, એમાં ખોટ આવે તો શું પરિણામ આવે તે આપ સમજો છે. આપ એ સંબંધમાં યોગ્ય કરશો. એટલું જણાવી આ આવક ખરચનો પચીશ વર્ષનો ઇતિહાસ અત્ર પૂર્ણ કરતાં આપને તેને લગતાં પરિશિષ્ટો પર ધ્યાન આપવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

સમારંભો

સંસ્થાને અંગે ઘણા સમારંભો થાય છે. દર વર્ષે અનેક મેળાવડા, ભાષણો, ચર્ચાઓ, બહારના વિદ્વાનોના રસપ્રદ વિવેચનો, વિદ્યાર્થીવર્ગના યુનિયનના સંવાદો, ચર્ચાઓ, ભાષણો, વકતૃત્વની હરીફાઇના મેળાવડાઓ વિગેરે તો ખૂબ થયાં છે અને તે પ્રત્યેકનું વર્ણન ઘણું લંબાણ થઈ જાય અને કેટલાકની તો નોંધ પણ જળવાણી નથી. પણ એ સર્વમાંથી બહુ જ આકર્ષક છાપ પાડનાર અને જનતામાં સન્માન પામેલ મેળાવડાના કેટલાક પ્રસંગોની અત્ર યાદ તાજી કરીએ.

તા. ૧૮-૭-૧૯૧૫.

સંસ્થાની શરૂઆત કરવાનો-ઉદ્ઘાટનનો મેળાવડો. સ્થળ તારાબાગ, લવલેન, ભાયખાળા. પ્રમુખ સર વસનજી ત્રીકમજી. તદ્દન સાદો પણ ચિત્તાકર્ષક મેળાવડો. જમીનપર જાજમની બેઠક. સર વસનજી ત્રિકમજીના હૃદયોદ્ગાર. ડો. પુનશી મૈશરીની ભવ્ય વિચારસરણી અને શ્રીયુત મોહનલાલ દ. દેસાઈનાં કાવ્યગૂંજનો.

'આશા પૂરો શ્રી મહાવીર સ્વામી' નો બિભાસ.

એ આશા કેટલી પૂરાણી તે આ ઇતિહાસ બતાવી રહેલ છે અને પછી 'ઉપકારી મહાવીર અમારા ઉપકારી મહાવીર' ની રમઝટ.

તુજ ગુણનામ હૃદયમાં ધરીશું, રાખીશું તુજ નામ;
વિજય વાવટો જગ ફરકાવી, રચીશું વિદ્યા-ધામ
અમારા ઉપકારી મહાવીર.

સ્યાદ્વાદ નયતત્વ પ્રમાણે, તુજ ફિલસુફી મહાન;
શીખી પઢાવી સંત જનોનાં, ગાશું મંગળગાન.
અમારા ઉપકારી મહાવીર.

એ વખતે કરેલા અનેક મનોરથો કેટલા સિદ્ધ થયા છે તે વિચારવાનું કે તે પર ફૅંસલો આપવાનું કામ જનતાનું છે. પણ તે વખતે કેવાં સ્વપ્નાં સેવ્યાં હતાં તેનો ખ્યાલ તો જરૂર કરવા જેવો છે. ત્યાર પછી તો પચીશ પચીશ વર્ષનાં વહાણાં વાયાં! નજર સન્મુખ આખી ફીલમ ચાલી જાય છે. પણ તારાબાગમાં જે ભાત પાડી તે તો સદૈવ જીવતી જાગતી રહી છે.

નિખાલસ કચ્છી સરનાઈટે આપેલા આશીર્વાદને ધન્યવાદ ઘટે છે અને એ જમીન પરની બેઠકના અને ભાવી રેખાનાં ચિત્રો હજુ પણ અંતરચક્ષુને પવિત્ર કરે છે. તારાબાગની તારલી મોટી ચંદ્રસમી થઈ ગઈ અને તેને માથે ઈંદ્રધ્વજો, કળશો, હાથીઓ, અને સિંહોનાં આરોહણ થયાં. ધન્ય દેવી ! એ સમારંભ જેણે જોયો તે ભલું જીવ્યો.

તા. ૨૩-૪-૧૯૧૬. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનુ દશમું અધિવેશન મુંબઈમાં તા. ૨૧-૨૨-૨૩ એપ્રિલ ૧૯૧૬ ને રોજ થયું અને તેમાં કેળવણીની ગર્જના થઈ. તેના પ્રમુખ શ્રી. ડો. **બાલાભાઈ મગનલાલ નાણાવટી**, એલ. એમ. એન્ડ એસ., ને માન આપવા એક સંયુક્ત ભવ્ય મેળાવડો થયો. આ સંસ્થાની શરૂઆતની યોજનામાં ઉત્સાહથી ભાગ લેનાર રા. ગુલાબચંદજી ઢઢ્ઢા, એમ. એ., એ પ્રમુખસ્થાન સ્વીકાર્યું. કોન્ફરન્સના પ્રમુખ સાહેબે બહુ આશાજનક શબ્દો ઉચ્ચાર્યા. અને આ પ્રસંગે આપણા જાણીતા ઉદાર ગૃહસ્થ શેઠ મોતીલાલ મુળજીએ રૂા. ૫૦૦૧ ની રકમ અર્પણ કરી, અને તે ઉપરાંત બીજી નાની મોટી રકમની ભેટો તે વખતે મળી હતી.

તા. ૧૩-૧૨-૧૯૨૨. સંવત ૧૯૭૯ ના માગશર વદ ૧૦ સંસ્થાના ઘરના મકાનો પૈકી ત્રણ મકાનો તોડી પાડી મેદાન કર્યું. ત્યાં સપાટ જમીન પર વિશાળ ભૂમિમાં મંડપ નાખી **શેઠ દેવકરણ મુળજીભાઈને** શુભ હાથે સંસ્થાના ભવનનો પાયો નાખ્યો. પાયામાં ૨૬ તોલા સોનાની તેજમતુરી નાખી. તે પ્રસંગે આપણા સાક્ષર કવિ (મો. દ. દેસાઈ) એ વિદ્યાર્થીઓ મારફત કવન કર્યું :—

ધન્ય દિન એ જ વીર શાસને જે સમે
વીર વિદ્યાલયની થઈ સ્થાપના.
પલટ્યો જમાનો કહે દાનવૃત્તિ બદલ,
દેવ મૂર્તિ સહિત જ્ઞાનવૃત્તિ પ્રકટ;
દેશભૈયા સપૂત વલ્લભની વાચના,
ધર્મની સાથ તું દેશના સ્તોત્ર ગા.

એહ આદેશ લઈ ગણુ પ્રજાનો મળ્યો,
દેવના કર્ણ સમ પ્રમુખ આવી ભળ્યો;
સખી હૃદયનો ઝરો એકદમ ઉછળ્યો,
ધર્મવીર બાળકો અર્થ એ શ્રમ ફળ્યો.
ધન્ય દીન એ જ વીરશાસને જે સમે,
વીર વિદ્યાલયની થઈ સ્થાપના.

આ વખતનો ઉત્સાહ, બ્હેનભાઈઓનાં દીલને કંપાવનાર વિવેચનો, ઊગતા સૂર્યનાં તેજકિરણો અને ગોવિંદજી માધવજીભાઈના સોનાનો ઉપયોગ. એ સમયે વિદ્યાલયના પાયા સોનાએ પૂરાયા, તેમાં સેંકડો રૂપાના રૂપિયા રોકડા પડ્યા અને તે સમયથી તેની ઉન્નતિ વિશેષ વધતી ચાલી અને એ પાયા હચમચાવવાના કે ઢીલા કરવાના પ્રયાસો નિષ્ફળ ગયા. કુભ-

સ્થાપના શેઠશ્રીની પુત્રી બેન શાંતાએ કરી. આ સમયનો આનંદ જયઘોષ અને કર્તવ્યપરાયણતા હજુ પણ કર્ણમાં ગુંજારવ કરે છે અને દેખાવ નેત્રો નિહાળી રહેલ છે. પ્રયાસ કરનાર, પાયા પૂરનાર, પાયાને પ્રેરનાર અને પાયાને જાળવનાર સર્વનો મહિમા આજે ગાઈએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ કહેવાય તેમ નથી.

તા. ૩-૮-૧૯૨૪. મુઝફરાબાદ હોલમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ શ્રીયુત **મકનજી જે. મહેતા,** બાર-એટ-લોના પ્રમુખપણા નીચે **રાણા પ્રતાપનો** ખેલ ભજવ્યો. તે વખત સંસ્થાનું પોતાનું મકાન બંધાતું હતું. ખેલ બહુ સારો ભજવાયો હતો, અભિનય આબેહુબ હતા અને ખૂબીની વાત એ હતી કે આ આખા મેળાવડા અને સંમેલનની કુલ જવાબદારી વિદ્યાર્થીઓએ પોતે ઉપાડી લીધી હતી અને તેઓએ બતાવેલ આત્મવિશ્વાસ અને વ્યવસ્થાશક્તિએ મોટી સંખ્યામાં જોવા એકઠા થયેલ બંધુઓનો સારો ચાહ મેળવ્યો હતો.

તા. ૩-૧૦-૧૯૨૫. સંસ્થાના વિદ્યાલય ભવનના ઉદ્‌ઘાટનનો મેળાવડો સંસ્થાના નવા ગોવાળિયા ટેકરાઉપરના મકાનના મધ્યગૃહમાં **સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીના** પ્રમુખપણા નીચે થયો. સંસ્થાનો દશ વર્ષના વિકાસનો ઇતિહાસ તે વખતે રજૂ થયો. મેળાવડો ચીકાર હતો, પ્રમુખનું ભાષણ અતિ આકર્ષક હતું, મુરબ્બી કુંવરજીભાઈ આણંદજીનું વિવેચન પ્રસ્તુત હતું અને આખો મેળાવડો હૃદયપર છાપ પાડે તેવો થયો હતો. એ મેળાવડામાં બહેનો તેમજ બંધુઓની જે હાજરી થઈ હતી અને સર્વના મુખપર આનંદની જે છાયા છવાઈ હતી તેનું વર્ણન અશક્ય છે. આ મેળાવડો લગભગ ત્રણ કલાક ચાલ્યો હતો અને જનતાની સંસ્થાપરની સારી પ્રીતિનો પ્રતિઘોષ પાડનાર નીવડ્યો હતો.

તા. ૯-૪-૧૯૨૬. સંસ્થાના અગિયારમા વર્ષની આખરમાં સખાવતી નર શેઠશ્રી વાડીલાલ સારાભાઈએ એક લાખ રૂપીઆ સંસ્થાને આપવા અને વિદ્યાર્થીગૃહ તેમના નામ સાથે જોડવા ઇચ્છા વ્યકત કરી. તેની શરતોની વિગત ટ્રસ્ટોના ઇતિહાસમાં આપી છે તેથી અત્ર તેનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી. તે સખાવતનો સ્વીકાર કરવાનો મેળાવડો સભાના મધ્યગૃહમાં **સર પ્રભાશંકર પટ્ટણીના** પ્રમુખસ્થાને કરવામાં આવ્યો હતો. આખો સભામંડપ શ્રોતાથી ઝળહળી રહ્યો હતો. તે વખતે પ્રમુખશ્રીના ઉદ્‌ગારો ભવ્ય હતા, દાનપ્રવાહની મહત્તા માટે ભારે સરસ શબ્દોમાં વિવેચન કર્યું હતું. આ મેળાવડાની હાજરી તથા શાંતિ અને આનંદમય વાતાવરણ, મોટું દાન આપનારની નમ્રતા અને દાન આપનારને ઉત્તેજન આપવાનું પ્રમુખનું ઓજસ અજબ રીતે તરી આવ્યા હતા અને સંસ્થા ઋણમુકત થવા ઉપરાંત તેની લોકપ્રિયતામાં વધારો થવાની એક સુભગ પળ પ્રાપ્ત થઈ હતી.

તા. ૧૯-૮-૧૯૨૭. ભાંગવાડી નાટકશાળામાં 'ભારતસંધ્યા'નો ખેલ ન્યાયમૂર્તિ શ્રીયુત **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના** પ્રમુખપણા નીચે વિદ્યાર્થીઓએ ભજવ્યો. સાક્ષરવર્ય શ્રી. રમણલાલ દેસાઇના ' સંયુક્તા ' નાટકની વસ્તુઓ ફેરફાર સાથે ભજવી બતાવી. શ્રોતાઓએ તેમાં સારો રસ લીધો અને વિદ્યાર્થીની રસ કેળવવાની વૃત્તિને ઉત્તેજન મળ્યું. ગુજરાતના જળપ્રલયફંડમાં એની ચોકખી ઉત્પન્ન મોકલી આપવામાં આવી. કુલ આવક રૂા. ૪૪૫૮) ની થઈ. ટીકીટો વેચવાનો પ્રયાસ પણ વિદ્યાર્થીઓએ કર્યો હતો. આ હકીકત સંસ્થાના તેરમા વર્ષની શરૂઆતમાં

ટ્રસ્ટીઓ ૧૯૩૯–૪૪



શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ; શેઠ સાકરચંદ મોતીલાલ મુળજી; શેઠ અમૃતલાલ કાળીદાસ;
શેઠ કકલભાઈ ભુદરદાસ વકીલ; શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી.

બની. નાટ્યપ્રયોગ સફળ થયો અને આવક પણ ઘણી સારી થઈ. વિદ્યાર્થી દ્વારા મનુષ્યદયાનું આ સારુ કાર્ય થયું.

તા. ૭-૮-૯ સપ્ટેંબર ૧૯૨૮. સંસ્થાનું સ્નેહસંમેલન પ્રો. એન. જે. શાહની દોરવણી નીચે થયું. ત્રણ દિવસનો કાર્યક્રમ હતો. છેલ્લે દિવસે **શ્રીયુત ભુલાભાઈ જે. દેસાઈનું** પ્રમુખસ્થાન હતું. તેમણે એક કલાક સુધી જે વાણીપ્રવાહ તે પ્રસંગે ચલાવ્યો તેણે શ્રોતાઓને મુગ્ધ કરી દીધા. તેમાં વિદ્યાર્થીજીવન દેશભક્તિ અને આવી સંસ્થાના કર્તવ્યપર તેમણે અસાધારણ પ્રકાશ પાડ્યો.

તા. ૨૩-૯-૧૯૩૧. ભાંગવાડી નાટકશાળામાં **શ્રીયુત એમ. સી. ચાગલા,** બી. એ., (ઓક્સફર્ડ) બારિસ્ટરના પ્રમુખપણા નીચે સંસ્થાના વિદ્યાર્થીઓનો નાટ્યપ્રયોગ ઘણો ફતેહમંદ થયો. સંસ્થાને રૂા. ૨૨૩૭-૬-૦ ની ઉત્પન્ન થઈ. આ પ્રયોગ લગભગ ચાર કલાક ચાલ્યો. શ્રી. ચાગલાએ સંસ્થાની બહુ પ્રશંસા કરી અને આખી યોજનાને વધાવી લીધી. સંસ્થાના સોળમા વર્ષની શરૂઆતમાં આ સંમેલન થયું.

તા. ૨૮-૧-૧૯૩૪. સંસ્થાના મધ્યગૃહમાં ન્યાયમૂર્તિ **જસ્ટીસ હરીલાલ જેકિસનદાસ કણીઆના** પ્રમુખપણા નીચે ધાર્મિક પરીક્ષાના ઇનામનો મેળાવડો થયો હતો. તે વખતે વિદ્યાર્થીઓએ લાક્ષણિક વકતૃત્વના પ્રયોગો કરી બતાવી સભાજનોમાં સારો વિનોદ ઉત્પન્ન કર્યો હતો.

તા. ૨૮-૧૧-૩૭. (ત્રેવીશમું વર્ષ) રોયલ ઓપેરા હાઉસમાં રા. સા. **શેઠ રવજીભાઈ સોજપાળના** પ્રમુખપણા નીચે વિદ્યાર્થીઓએ સુંદર નાટ્યપ્રયોગ કર્યો. સંસ્થાને રૂા. ૨૨૦૦ ની ઉત્પન્ન થઈ. આ પ્રયોગ સફળ થયો.

તા. ૭-૧-૧૯૪૦. (પચીશમા વર્ષને અંતે) સાક્ષરવર્ય **શ્રી કનૈયાલાલ મુનશીના** પ્રમુખપણા નીચે રોયલ ઓપેરા હાઉસ. શ્રી. ચંદ્રવદન મહેતા કૃત 'અખા' નાટકને પ્રયોગ વિદ્યાર્થીઓએ ભજવ્યો. પ્રયોગ ઘણો સફળ થયો.

તા. ૧૪-૧-૧૯૪૦. સંસ્થાના મધ્યગૃહમાં ઇનામનો મેળાવડો **શ્રીયુત મણીલાલ બાલાભાઈ નાણાવટી** (ડે. ગવર્નર રિઝર્વ બેન્ક ઓફ ઇંડીઆ) ના પ્રમુખપણા નીચે થયો. ધાર્મિક શિક્ષણ સંબંધી વિચારણીય વિચારો તે પ્રસંગે બતાવવામાં આવ્યા. પ્રમુખશ્રીએ સંસ્થાની પ્રગતિમાં ખૂબ રસ બતાવ્યો. અને ત્યાર પછી થોડા વખતમાં પોતાના કુટુંબ તરફથી સંસ્થાને દશ હજારની રકમનું ટ્રસ્ટ આપ્યું. આ મેળાવડો શિક્ષણીય અને રમ્ય થયો.

ટ્રસ્ટો

શેઠ દામોદર ભીમજી ટ્રસ્ટ ફંડ.

સંસ્થાના ચોથા વર્ષમાં શેઠ દામોદર ભીમજીના એકઝીકયુટર શા. વલ્લભદાસ ભીમજીએ રૂા. ૧૦,૦૦૦ અંકે દશ હજાર રૂપીઆ નીચેની શરતે સંસ્થાને ટ્રસ્ટ તરીકે સોંપવા જણાવ્યું.

(૧) સદરહુ રકમ અનામત રાખવી.

(૨) તે રકમને દામોદર ભીમજીના ટ્રસ્ટ તરીકે હિસાબમાં બતાવવી.

(૩) વ્યાજના ઉત્પન્નમાંથી બે વિદ્યાર્થી રાખવા. તેને દામોદર ભીમજીનું નામ આપવું. દામોદર ભીમજીના કુટુંબ તરફથી ભલામણ થાય અને તેવો વિદ્યાર્થી દાખલ થઈ શકે તેમ ધારાધોરણ અનુસાર હોય તો તેને દાખલ કરવો. એવી રીતે દાખલ કરેલા વિદ્યાર્થી પાસેથી લોનની રકમનું બોન્ડ કરાવવું નહીં.

(૪) સંસ્થાના ટ્રસ્ટી હોય તે સદરહુ રકમના ટ્રસ્ટી રહે.

વ્યવસ્થાપક સમિતિએ તે પત્રની આભાર સાથે નોંધ લીધી અને બે વિદ્યાર્થીનો ખર્ચ ખૂબ વધારે આવતો હોવાથી રૂા. ૨૦૦૦ વધારવામાં આવે તો સર્વ શરતોનો અમલ બરાબર થઈ શકે તેમ શા. વલ્લભદાસ ભીમજીને જણાવવા મંત્રીને સૂચવ્યું. શા. વલ્લભદાસ ભીમજીએ જણાવ્યું કે "મારા ભાઈ દામોદરદાસ ભીમજીના એસ્ટેટમાંથી તમે વધારે રકમ મહાવીર વિદ્યાલયને આપવા માટે માગણી કરોછો, પરંતુ મારા ભાઈએ પોતાની કુલ મીલ્કતની વ્યવસ્થા કરેલી હોવાથી વધારે રકમ આપી શકાય તેમ નથી. તેથી તમે મૂળ રકમ જાળવી રાખશો અને તેનું વ્યાજ સંસ્થાના ઉપયોગમાં લઈ શકશો." તદનુસાર મૂળ રકમ કાયમ રાખવામાં આવી છે અને વ્યાજ દર વરસે સંસ્થાના ઉપયોગમાં લેવામાં આવે છે.

જે વખતે શેઠ દામોદરદાસ ભીમજીએ સંસ્થાને આ ઉદાર રકમ આપી તે વખતે સંસ્થા તદ્દન બાલ્ય કાળમાં હતી અને તેને અંગે આ સખાવત ખૂબ આકર્ષક ગણાય. આ રકમની દર વર્ષના વાર્ષિક નિવેદનમાં નોંધ લેવામાં આવે છે. જે શુભ શરૂઆત શેઠ દામોદરદાસે દૂર દૂર વેરાવળ નજીકના ગામડામાં કરી તેનું મુલ્ય બહુ મોટું છે અને ખાસ માનને પાત્ર છે.

શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ.

નવમા વર્ષમાં એટલે સન ૧૯૨૩માં ઓકટોબર માસમાં શેઠ સારાભાઈ મગનભાઈ મોદીએ માધ્યમિક અભ્યાસ માટે વિદ્યાર્થીઓને મદદ કરવાની એક યોજના તૈયાર કરી સંસ્થાને સોંપવા ઈચ્છા પ્રદર્શીત કરી. તેમની આ યોજના પર કમિટીએ લંબાણ ઉહાપોહ કર્યો અને તા. ૭-૨-૧૯૨૪ ને રોજ સર્વની સંમતિથી તેમની યોજના અમુક ફેરફાર સાથે સ્વીકારી. સદર યોજનાની મુખ્ય હકીકતોની જ અત્રે નોંધ લીધી છે.

ફંડનો ઉદ્દેશ મુખ્યપણે જૈન શ્વેતાંબર મુર્તિપૂજક કોમમાં માધ્યમિક કેળવણી (અંગ્રેજી ચોથા ધોરણથી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ) ટ્રેઈનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ, મીડવાઈફરી, નર્સીંગ, હિસાબી જ્ઞાન, શોર્ટહેન્ડ, ટાઈપરાઈટીંગ, કળાકૌશલ્ય પેઈન્ટીંગ, ડ્રોઈંગ, ફોટોગ્રાફી, ઈજનેરી, દેશી વૈદક, હોસ્પીટલ આસીસ્ટંટ વિગેરે શીખવા ઈચ્છનાર પુરૂષ અને સ્ત્રીને લોન રૂપે મદદ આપી માધ્યમિક કેળવણીનો પ્રચાર કરવો. લોન લેનારની બીજી ભાષા સંસ્કૃત હોવી જોઈએ, કમીટી ઠરાવે તેટલો ધાર્મિક અભ્યાસ તેણે કરવો જોઈએ, પોતાના અભ્યાસનો છમાસિક રિપોર્ટ તેણે મોકલવો જોઈએ. દર વાર્ષિક પરીક્ષામાં પસાર થવું જોઈએ અને મદદ લોન તરીકે સ્વીકારી છે તે બાબતનું લેખિત એગ્રિમેન્ટ કરી આપવું જોઈએ.

પેટ્રન

શેઠ સારાભાઈ મગનભાઈ મોદી

દર વર્ષે સાત હજાર રૂપીઆ એ પ્રમાણે પાંચ વર્ષ સુધી દર વર્ષે સાતહજાર રૂપીઆ મળે તે પ્રમાણે કુલ રૂા. ૩૫,૦૦૦ નું આ ફંડ કરવામાં આવ્યું. તે માટે જોઇતા રૂા. ૩૧,૦૦૦ શેઠ સારાભાઇએ સંસ્થાને સોંપ્યા. આ રકમ જેમ બને તેમ જલદી ખર્ચી નાખવાની હતી અને વ્યાજ ખાવાની લાલચ રાખવાની નહોતી. પાંચ વર્ષમાં સાત સાત હજાર દર વર્ષના ઉક્ત ઉદ્દેશને અંગે ધીરી દેવાના જ હોવા છતાં મદદ લેનારને અભાવે ઓછી રકમ ખરચાય તો જે કાંઇ વધારો રહે તે તથા આવતા વ્યાજની રકમ તે પછીના વર્ષોમાં આ ચોજના પ્રમાણે જ ખરચવાની હતી અને વસૂલ થતી લોન પણ તે પ્રમાણે ખરચવાની હતી. શેઠ સારાભાઇની હયાતીમાં આ ફંડની રકમમાં રૂા. ૬૫,૦૦૦ અથવા વધારે રકમ આપનાર કોઇ પણ ગૃહસ્થ નીકળી આવે તો મૂળ રકમ વાપરી નાખવાની શરતે આ ફંડના ઉદ્દેશમાં ફેરફાર કર્યા વગર તે સ્વીકારતાં આ ફંડને તેટલું દાન આપનારનું નામ અથવા તે દાન આપનાર સૂચવે તે નામ આ ફંડનું નામ બદલીને આપી શકાશે. શેઠ સારાભાઇએ વિચારશીલ દૃષ્ટિથી કેળવણી માટે અપાતા દાનોની ચાલુ પદ્ધતિમાં ફેરફાર કર્યો. વિદ્યાલયમાં જે લોનપદ્ધતિ દાખલ કરવામાં આવી તે પદ્ધતિ દાખલ કરાવવા માટે તેમણે ખૂબ મહેનત લીધી હતી. તે પદ્ધતિ કેટલી ફળદાયી નીવડી તે આજે આપણે અનુભવી શકીએ છીએ. શેઠ સારાભાઇનો અભ્યાસ આ પ્રકારની વગરવ્યાજે ખાનગી મદદ સ્વર્ગસ્થ શેઠ જમનાભાઇ ભગુભાઇ પાસેથી મળવાથી જ થઇ શકયો હતો અને તે મદદ તેમણે રળવાની શરૂઆત કરતાંજ પાછી ભરી દીધી હતી. પરંતુ લાગવગ વગર આવી મદદ કોઇને પણ મળી શકતી ન હોવાથી સમસ્ત શ્વેતાંબર મૂર્તિ-પૂજક કોમ માટે પોતાની કમાણીનો સારો ભાગ તેમણે સંસ્થાને સોંપ્યો અને કોઇ ગૃહસ્થ પોતાનું અથવા પોતાના સદ્‌ગત સંબંધીનું નામ આપી આ ફંડમાં રૂા. ૬૫,૦૦૦ ઉમેરી એક લાખ રૂપીઆનું ફંડ થાય તો તે માટે ફંડ સાથે સંકળાએલું પોતાનું નામ પોતાની હયાતી દરમ્યાન જતું કરવાની પણ શરત તેમણે પોતે જ મૂકી.

ફંડની વ્યવસ્થા કરવા માટે નવ સભ્યોની સમિતિ નીમવી-તેમાં પાંચ સભ્યો સંસ્થાની સમિતિ નીમે અને શ્રી સારાભાઇ પોતા ઉપરાંત બીજા ત્રણ સભ્યો નીમે. આ પ્રકારે દરવર્ષે નવ સભ્યોની નવી ચૂંટણી કરવામાં આવે. આ સબ કમિટી ફંડને લગતું સર્વ કાર્ય કરે.

સંસ્થાના નવમા વર્ષમાં આ ફંડની ચોજના થઇ એટલે પચીશ વર્ષના ઇતિહાસમાં આ ફંડે સોળ વર્ષ કામ કર્યું. તે દરમ્યાન ૩૮૩ વિદ્યાર્થીઓને (૧૦ બહેનો અને ૩૭૩ ભાઇઓ) રૂા. ૫૪,૦૨૪-૬-૯ ની લોન આપવામાં આવી અને વહીવટી ખર્ચ રૂા. ૨૧૧૬-૨-૧૦ થયો. સરેરાશ વાર્ષિક વહીવટી ખર્ચ રૂા. ૧૩૨-૫-૬ થાય છે. આ ખર્ચમાં છપામણી, સ્ટેશનરી અને પોસ્ટેજ અને શરૂઆતના વર્ષોમાં જૈન, વીરશાસન, જૈનયુગ, સુઘોષા ઇત્યાદિ છાપાઓમાં જાહેર-ખબર આપી તેના ખર્ચના જ છે. ફંડનું સર્વ વહીવટી કાર્ય શેઠ સારાભાઇ જીવ્યા ત્યાં સુધી તેમણે જ કર્યું અને તેમના અવસાન પછી લોન રિફંડના કાર્ય માટે એક કારકુન રાખેલ છે તે ભાઇ હસ્તક વહીવટી કામ મંત્રીની દેખરેખ નીચે સોંપવામાં આવ્યું છે.

શેઠ સારાભાઇએ અસલ ચોજનામાં એક મહત્ત્વનો ફેરફાર ૧૯૨૬-૨૭ માં નીચે મુજબ કર્યો. "સ્ત્રીઓએ લેખિત કરારપત્ર કરી આપવાનું નથી. વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરુષે તેમજ જેઓ સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પૂરેપૂરા નિષ્ણાત થવા માગશે

તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી, એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહીં તે તેમની મુનસફી ઉપર રહેશે."

ફંડનો લાભ પહેલા ત્રણ વર્ષમાં વાર્ષિક રૂા. ૧૫૦૦) લગભગ લેવાયો. ત્યાર પછીના આઠ વર્ષમાં વાર્ષિક સરેરાશ રૂા. ૪૫૦૦) લગભગ લેવાયો અને ત્યાર પછી ફંડ ઓછું થવાના કારણે છેલ્લા પાંચ વર્ષમાં વાર્ષિક સરેરાશ રૂ. ૨૭૦૦) લાભ આપી શકાયો છે. દર વર્ષે વ્યાજની આવક કેટલી થઈ, લોન રિફંડ કેટલું આવ્યું, કેટલા વિદ્યાર્થીઓએ કેટલી લોન લીધી અને ખર્ચ કેટલું થયું તે બધા વિગતવાર આંકડા પરિશિષ્ટમાં આપ્યા છે.

પચીશમા વર્ષની આખરે ફંડમાં પુરાંત રૂા. ૨૯૫૫-૦-૬ છે. લોન રિફંડ છેલ્લા પાંચ વર્ષથી લગભગ રૂા. ૧૪૦૦) આવે છે. હાલ આ ફંડનો મુખ્ય આધાર લોન રિફંડજ છે. કેળવણીપ્રિય, સમાજની ઉન્નતિની ધગશ ધરાવનાર ગૃહસ્થો આ ફંડની કાર્યવાહી ઉપર વિચાર કરશે તો તેમને પોતાની સુકમાઈનો ઉપયોગ આ પ્રકારના દાનમાં કરવા જરૂર પ્રેરણા થશે.

ગરીબ સ્થિતિમાંથી આગળ વધેલા શ્રીયુત સારાભાઈ મોદીએ ગરીબ વર્ગની ખરી મુસીબત જાણી, એમણે ઉદાર દીલથી સારી રકમ કાઢી આપી આ ખાતાનો વહીવાટ દીપાવ્યો અને સમિતિના સહકારથી ખાતાની ઉપર જાતે દેખરેખ રાખી. નાની સહાયથી આ ખાતાએ બહુ સુંદર પરિણામ નીપજાવ્યું છે. આ ખાતાનું તળિયું આવી ગયું છે એટલે એને અપનાવવાની જરૂર છે.

શેઠ વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ.

સંસ્થાના અગિયારમા વર્ષમાં શેઠ મનસુખલાલ છગનલાલે વ્યવસ્થાપક સમિતિના સભ્યો સાથે વાટાઘાટ કરી શરતો પર લંબાણ ચર્ચા કરી નીચેની શરતોએ શેઠ વાડીલાલ સારાભાઈ પાસેથી સંસ્થાને એક લાખ રૂપીઆ અપાવ્યા. આ ડોનેશનનો વ્યવસ્થાપક સમિતિએ સ્વીકાર કર્યો ત્યારે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ કફોડી હતી તે અન્યત્ર જણાવ્યું છે. મુખ્ય શરતોનો સાર નીચે મુજબ છે:—

૧. શેઠ વાડીલાલ સારાભાઈ ને પેટ્રન ગણવા.
૨. તેમનું બસ્ટ સંસ્થાને ખરચે મૂકવું.
૩. વિદ્યાર્થીગૃહ સાથે તેમનું નામ જોડવું.
૪. ગૃહ સંબંધી પત્રવ્યવહારમાં સદર નામ મૂકવું.
૫. વ્યવસ્થાપક સમિતિમાં પોતે તથા ત્રણ સભ્યો બેસે.
૬. ટ્રસ્ટી તરીકે તેમનું નામ દાખલ કરવું.
૭. સંસ્થામાં તેમના નામે બે વિદ્યાર્થીઓ રહે; તેમની પાસેથી બોંડ કરાવી લેવું નહિ એટલે તેમની પાસેથી કાંઈપણ રકમ લેવી નહીં.
૮. અમદાવાદના વીશા ઓશવાલની અરજીને અમુક રીતે અગ્ર હક આપવો.

ઉપરની શરત મુજબ વ્યવસ્થાપક સમિતિમાં નીચેના ચાર સભ્યો દાખલ કરવામાં આવ્યા.

શેઠ વાડીલાલ સારાભાઈ.
„ જેશંગભાઈ સારાભાઈ
„ બાપાલાલ સારાભાઈ
„ મણીલાલ મોહનલાલ હેમચંદ.

શેઠ વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહની જાહેરાતનો મેળાવડો સંસ્થાના મકાનમાં તા. ૯-૪-૧૯૨૬ ને રોજ સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીના પ્રમુખપણા નીચે થયો. આ પ્રસંગે શેઠ વાડીલાલ સારાભાઈને ખૂબ આનંદ થયો. તેમણે મેળાવડામાં હાજરી આપી ત્યારે પણ તેમની તબીયત સારી નહોતી, તેમ છતાં સર્વનો પ્રેમભાવ એમણે ગદ્‌ગદ સ્વરે સ્વીકાર્યો પણ વધારે બોલી શકયા નહિ. એમના પ્રેમના શબ્દો એમના ભાણેજ શ્રી. મણીલાલ મોહનલાલ હેમચંદ બહુ સુંદર રીતે મેળાવડા સમક્ષ બોલ્યા. સંસ્થાના મકાનની ઉદ્‌ઘાટન ક્રિયા પછી છ માસમાં જ આ સુંદર પ્રસંગ મળવાથી સર્વ કોઈને ખૂબજ આનંદ થયો.

સંસ્થાને આ મોટી બાદશાહી રકમ મળી. આ ટ્રસ્ટ કરવામાં શેઠ વાડીલાલ સારાભાઈએ ખૂબ ઔચિત્ય સેવ્યું. એમનો સંસ્થા તરફનો સદ્‌ભાવ અને એમની નમ્રતા આદર્શરૂપ થયા અને એમની ધારણા પ્રમાણે એમના વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી રહ્યા છે. શેઠ વાડીલાલભાઈની સર્વ સખાવતો સફળ નીવડી છે. એમની અમદાવાદની હોસ્પીટલ કે પંચગનીનું સેનિટેરિયમ, એમનું સેન્ડહર્સ્ટ રોડનું મંદિર કે એમનું આ વિદ્યાર્થીગૃહ એમની ઉદાર ભાવનાનાં પ્રદર્શનો છે અને ધનપ્રાપ્તિના લાભને સાચા સ્વરૂપે બતાવનાર હોકાયંત્ર છે.

આ ટ્રસ્ટનો નીચેના વિદ્યાર્થીઓએ લાભ લીધો:—

૧૯૨૬-૨૭	શ્રી બબાભાઈ કસ્તુરચંદ શાહ	—
૧૯૨૭-૨૮	„	શ્રી ચંદુલાલ ઉમેદચંદ શાહ
૧૯૨૮-૨૯	„	શ્રી ખોડીદાસ ડોસાભાઈ કોઠારી
૧૯૩૦-૩૧	શ્રી કાન્તિલાલ હિમતલાલ શાહ,	શ્રી સૌભાગ્યચંદ ભોળાભાઈ શાહ
૧૯૩૧-૩૨	—	„
૧૯૩૨-૩૩ થી ૧૯૩૭	શ્રી. પનાલાલ અમૃતલાલ શાહ	„
૧૯૩૭-૪૦	શ્રી. ભુવનકુમાર બાલુભાઈ વૈદ્ય,	શ્રી હીરાલાલ ભોળાભાઈ ઝવેરી

આ ટ્રસ્ટનો લાભ લઈ નીચેના વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા છે.
શ્રી બબાભાઈ કસ્તુરચંદ શાહ, બી. કોમ.,
શ્રી (ડો.) સૌભાગ્યચંદ ભોળાભાઈ શાહ, એમ. બી., એમ. એસ.
શ્રી (ડો.) પનાલાલ અમૃતલાલ શાહ, એમ. બી., બી. એસ.
શ્રી (ડો.) ભુવનકુમાર બાલુભાઈ વૈદ્ય, એલ. સી. પી. એસ.
શ્રી હીરાલાલ ભોળાભાઈ ઝવેરી, બી. એસસી.

શેઠ ઉત્તમચંદ ત્રીભોનદાસ અને વલ્લભદાસ ટ્રસ્ટ ફંડ.

સંસ્થાના અગિયારમા વર્ષમાં શેઠ ઉત્તમચંદ રણછોડદાસના એકઝીકયુટરો શેઠ દેવીદાસ કાનજી, શ્રી. મુળચંદ હીરજી, શ્રી. ત્રીકમદાસ કુલચંદ અને શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ રૂા. ૨૨,૦૦૦) સંસ્થાને નીચેની શરતે આપવા ઇચ્છા દર્શાવી.

રૂા. ૨૨,૦૦૦ મેસર્સ ઉત્તમચંદ ત્રિભોવનદાસ એન્ડ વલ્લભદાસ ટ્રસ્ટ ખાતે જમા કરવા.

તેનું વ્યાજ સંસ્થાએ પાંચ ટકા લેખે આપવું.

રૂા. ૧૧૦૦) વ્યાજના દર વરસે આવે તેમાંથી માંગરોળના ત્રણ વિદ્યાર્થીને ફ્રી બોરડર તરીકે સંસ્થાના ધારાધોરણ અનુસાર કોલેજની કોઈ પણ લાઇનના અભ્યાસ માટે લેવા અને તેની પાસેથી કાંઇ પણ બોંડ કે એગ્રિમેન્ટ કરાવવું નહી. તેમને મેસર્સ ઉત્તમચંદ રણછોડ એન્ડ સન્સ બોરડર તરીકે રીપોર્ટમાં જણાવવા.

શહેર માંગરોળના જૈન અભ્યાસ કરનાર અરજી ન કરે અથવા ધારાધોરણ પ્રમાણે દાખલ થઈ શકે તેવા ન હોય તો પ્રથમ પાંચ વર્ષ સુધી સદર રકમનું વ્યાજ જમે રાખવું અને મૂળ રકમમાં વધારતા જવું. ત્યાર પછી જ્યારે માંગરોળનો જૈન વિદ્યાર્થી અરજી કરે અને દાખલ થઈ શકે તેવો હોય તેને અગ્ર હક આપવો અને તેવો વિદ્યાર્થી ન હોય તો બીજા ગમે તે જૈન શ્વેતાંબરને દાખલ કરવો અને તેને ઉપરની શરતે મેસર્સ ઉ. ર. એન્ડ સન્સ બોર્ડર ગણવો.

પાંચ વર્ષથી વધારે વર્ષનું વ્યાજ એકઠું કરવું નહિ અને મૂળ રકમ કાયમ રાખવી.

વ્યવસ્થાપક સમિતિએ સદર ડોનેશન પત્રમાં લખેલ શરતે સાભાર સ્વીકાર્યું અને રૂા. ૧૨૦૦૦) અગિયારમા વર્ષમાં અને રૂા. ૧૦,૦૦૦) બારમા વર્ષમાં મળ્યા.

સદર ફંડનો લાભ નીચે મુજબ વિદ્યાર્થીઓએ લીધો.

૧૯૨૬-૩૩. શ્રી અમૃતલાલ દામોદર શાહ.
૧૯૨૭-૩૨. ,, નરોત્તમદાસ જેઠાલાલ પારેખ.
૧૯૨૭-૨૮. ,, શાંતિલાલ છોટાલાલ શાહ.
૧૯૩૨-૩૫. ,, ચીમનલાલ ગુલાબચંદ શાહ.
૧૯૩૨-૩૪. ,, પુનમચંદ પુલચંદ શાહ.
૧૯૩૩-૩૫. ,, કાંતિલાલ છગનલાલ શાહ.
૧૯૩૩-૩૫. ,, પ્રમોદરાય મકનજી મહેતા.
૧૯૩૫-૩૬. ,, વિનયચંદ ગંગાદાસ શાહ.
૧૯૩૮-૪૦. ,, ચીમનલાલ કાનજી શેઠ.
૧૯૩૮-૪૦. ,, પ્રભુદાસ જેઠાલાલ પારેખ.
૧૯૩૯-૪૦. ,, હિંમતલાલ લાલજી શાહ.

આ ટ્રસ્ટનો લાભ લઈ નીચેના વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા.

શ્રી નરોત્તમદાસ જેઠાલાલ પારેખ, બી. એ.
શ્રી અમૃતલાલ દામોદર શાહ, બી. ઈ.

પેટ્રનો

શેઠ ઑતમચંદ રણછોડદાસ

શેઠ પાનાચંદ માવજી

શેઠ રાયચંદ મોતીચંદ



શેઠ કલ્યાણભાઈ ભુદરદાસ વકીલ

શ્રી સરલાદેવી અમૃતલાલ શેઠ મેડલ.

સંસ્થાના પંદરમા વર્ષમાં શેઠ અમૃતલાલ કાળીદાસે પોતાના પત્ની સૌ. સરલાદેવીની યાદગીરી રાખવા રૂા. ૧૦૦૦) એક હજાર રૂપીઆ નીચેની શરતોએ આપવા ઇચ્છા દર્શાવી અને વ્યવસ્થાપક સમિતિએ આભાર સાથે સ્વીકારી.

૧. મેડલનું નામ " શ્રી સરલાદેવી અમૃતલાલ શેઠ મેડલ " રાખવું અને તે મેડલ પર કોતરાવવું.

૨. મૂળ રકમ કાયમ રાખવી.

૩. ટ્રસ્ટીઓના નામપર રાખવી.

૪. સદર રકમનું વ્યાજ આવે તે વાપરવું.

૫. દર વર્ષ બે સોનાના મેડલ કરાવવા. એક મેડલ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સર્વથી સુંદર પરિણામ બતાવનાર આ સંસ્થાના વિદ્યાર્થીને આપવો.

બીજો મેડલ વાર્ષિક રમત ગમતના મેળાવડા પહેલાં સ્પોર્ટસની હરિફાઈમાં સર્વથી સારું પરિણામ લાવનારને આપવો.

બંને મેડલ કોને આપવા તેનો છેવટનો નિર્ણય મેનેજીંગ કમિટી કરે.

બંને મેડલો દર વર્ષે સ્નેહસંમેલનના મેળાવડા વખતે આપવા.

દરવર્ષે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સર્વથી સુંદર પરિણામ મેળવનાર સંસ્થાના વિદ્યાર્થીને આ ચંદ્રક આપવાની શરત મુજબ શરૂઆતના ચાર વર્ષમાં દરેક વર્ષે આ ચંદ્રક બનારસ હિંદુ યુનિવર્સિટીના આપણા વિદ્યાર્થીને આપવામાં આવ્યો. આ પદકના સંબંધમાં પરીક્ષાના ધોરણો સરખા ન હોવાથી એક સરખો ન્યાય થતો નથી એમ લાગવાથી કમીટી ફેરફાર કરે તેમાં સંમતિદર્શક પત્ર શેઠ અમૃતલાલ કાળીદાસે તા. ૧૮-૨-૩૪ ને રોજ લખવાથી વ્યવસ્થાપક સમિતિએ તા. ૨૩-૨-૩૪ ની સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો.

પ્રથમ નંબરે આવવા માટેનું સુવર્ણપદક નીચે પ્રમાણે વર્ષાનુવર્ષ આપવું અને પ્રથમથી તેની જાહેરાત નોટિસથી મંત્રીએ કરવી.—

મેડિકલ લાઈન	૧૯૩૪-૩૫
આર્ટસ ,,	૧૯૩૫-૩૬
સાયન્સ ,,	૧૯૩૬-૩૭
બાકીની સર્વ લાઇનો	૧૯૩૭-૩૮

એ ચંદ્રક પ્રથમ વખતે પરીક્ષામાં બેસનારને જ આપવું અને ઓછામાં ઓછા સેકન્ડ કલાસ માર્કસ મેળવનારને જ આપવામાં આવશે.

આ ચંદ્રકથી વિદ્યાર્થીને ઉત્તેજન મળે છે અને હરિફાઈ સારી થાય છે. ટ્રસ્ટ સુયોગ્ય છે. સુવર્ણચંદ્રક વ્યાજને હિસાબે નાનો થાય છે તેથી રકમમાં વધારો કરવા આપણા ટ્રસ્ટ

શ્રી અમૃતલાલ શેઠને વિજ્ઞપ્તિ કરવી સ્થાને છે, પણ તેમની ઉદાર સખાવતને તો ધન્યવાદ જ ઘટે છે.

આ ચંદ્રક દરવર્ષે કોણે કોણે મેળવ્યા તેની વિગત નીચે મુજબ છે:—

નામો

વર્ષ.	અભ્યાસ અંગે.	અંગમહેનત અંગે.
૧૯૨૯-૩૦	શ્રી ચંદુલાલ જગજીવન શાહ	——
૧૯૩૦-૩૧	શ્રી છોટાલાલ કેશવજી દોશી	શ્રી જંબુભાઈ ઠાકોરલાલ ઘીઆ
૧૯૩૧-૩૨	શ્રી લાલચંદ ભાઈલાલ શાહ	શ્રી સૌભાગ્યચંદ ભોળાભાઈ શાહ
૧૯૩૨-૩૩	શ્રી લાલચંદ ભાઈલાલ શાહ	——
૧૯૩૩-૩૪	શ્રી સૌભાગ્યચંદ ભોળાભાઈ શાહ	——
૧૯૩૪-૩૫	——	——
૧૯૩૫-૩૬	શ્રી નગીનદાસ પોપટલાલ શાહ	શ્રી પ્રમોદરાય મકનજી મહેતા
૧૯૩૬-૩૭	શ્રી ઈંદુલાલ ભોગીલાલ મહેતા	શ્રી ચીમનલાલ કશલચંદ માવાણી અને શ્રી રતીલાલ શંકરલાલ શાહ
૧૯૩૭-૩૮	શ્રી ચતુરદાસ ત્રિકમજી દડીયા	——
૧૯૩૮-૩૯	શ્રી કાંતિલાલ ભગવાનદાસ સંઘવી	——
૧૯૩૯-૪૦	શ્રી રમણિકલાલ અમૃતલાલ કોઠારી	શ્રી જયંતિલાલ જગજીવનદાસ વોરા

મેસર્સ પાનાચંદ માવજી ટ્રસ્ટ ફંડ.

સંસ્થાના પંદરમા વર્ષમાં શેઠ પાનાચંદ માવજી જેતપુરવાળાએ એક ટ્રસ્ટની યોજના કરી નીચેની શરતોએ રૂા. ૨૨,૫૦૦) સંસ્થાને આપ્યા. વ્યવસ્થાપક સમિતિએ સદર ટ્રસ્ટનો તા. ૭-૩-૧૯૩૦ ને રોજ સાભાર સ્વીકાર કર્યો.

શેઠ દેવકરણભાઈ મુળજીના મિત્ર અને આ સંસ્થા તરફ ખૂબ પ્રેમ દર્શાવનાર આ ભાઈએ બહુ સારા સ્નેહથી રકમનું અર્પણ કર્યું અને જીવન રસ મેળવ્યો.

શરતો:—

૧. રૂા. ૨૨,૫૦૦) ની ગવર્નમેન્ટ સિક્યુરીટીઝ લેવી અને તે વિદ્યાલયના ચોપડે " મેસર્સ પાનાચંદ માવજી ટ્રસ્ટ ફંડ " નામે જમા રાખવી.

૨. ઉપલા ખાતાનું વ્યાજ દર વર્ષે વિદ્યાલયમાં ચાલુ ખર્ચ ખાતે જમા લેવું અને તેના બદલામાં તેઓના નામના સ્કોલર તરીકે ત્રણ વિદ્યાર્થીઓ રાખવા. મજકુર સ્કોલર તરીકે તેઓ પોતાની હયાતીમાં જે વિદ્યાર્થીઓ માટે ભલામણ લખી મોકલે તે ત્રણ વિદ્યાર્થીઓને રાખવા અને તેઓની હયાતી બાદ શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગની કાર્યવાહક કમિટી જે વિદ્યાર્થીઓ માટે ભલામણ લખી મોકલાવે તેમાંના ત્રણ વિદ્યાર્થીઓને

રાખવા. ઉપર મુજબ કોઈપણ ભલામણ નહી આવે તો તેવા પ્રસંગે વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ કોઈપણ ત્રણ વિદ્યાર્થીઓને પસંદ કરી તેઓના સ્કોલર તરીકે દાખલ કરવા. પરંતુ તે પંસદગીમાં સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જ્ઞાતિના વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવી અને તેના અભાવે કોઈપણ ભાગના કોઈપણ જ્ઞાતિના વિદ્યાર્થીને પસંદગી આપવી. પરંતુ વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ આ વિદ્યાર્થીઓની પસંદગી એવી શરતે કરવી કે એક વર્ષ પૂરુ થતાં બીજા વર્ષમાં તે વિદ્યાર્થીઓને તે મુજબ ચાલુ રાખવાનું બંધનકર્તા ન ગણાય, કારણ કે શેઠ પાનાચંદ માવજી અગર તેઓની હયાતી બાદ શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગની કાર્યવાહક સમિતિ તે વર્ષ માટે જે વિદ્યાર્થી માટે ભલામણ લખી મોકલે તેમને દાખલ કરી શકાય. દર વર્ષે તેઓના નામના ત્રણ સ્કોલર અવશ્ય કાયમ રહેવા જોઇએ અને તે વિદ્યાલયના નિયમો અનુસાર દાખલ કરવા અને વિદ્યાલયના દરેક નિયમો તે વિદ્યાર્થીએ પાળવા જોઇશે.

૩. તેઓના સ્કોલર તરીકે આર્ટસ, કોમર્સ અને સાયન્સની લાઇનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફ્રી સ્ટુડન્ટ તરીકે વિદ્યાલયમાં રાખવા. એવા વિદ્યાર્થીઓ પાસેથી પૈસા પાછા લેવા સંબંધી કોઈ જાતનું એગ્રિમેન્ટ કરાવી લેવું નહીં. ઉપર દર્શાવેલી ત્રણ લાઇનો સિવાય બીજી કોઈ લાઇનિનો અભ્યાસ કરતા વિદ્યાર્થીને તેઓના સ્કોલર તરીકે દાખલ કરવામાં આવે તો એ વર્ગના બીજા વિદ્યાર્થીઓ પાસેથી ઉપર દર્શાવેલી ત્રણ લાઇનમાં અભ્યાસ કરતા બીજા વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી રકમ કરતાં જે વધુ રકમ લેવાની હોય તેટલી વધારાની રકમ રોકડી લેવી અથવા તેટલી રકમનું લોન એગ્રીમેન્ટ વિદ્યાર્થી પાસે કરાવી લેવું.

૪. સંસ્થાના પેટ્રન વર્ગમાં " મેસર્સ પાનાચંદ માવજી " એ રીતે નામ દાખલ કરવું અને તે મુજબ શેઠ પાનાચંદ માવજી તેઓની હયાતીમાં અને તે બાદ તેઓના વંશજ સભાસદ તરીકે હક ભોગવશે.

૫. સદર રકમની ગવર્નમેન્ટ સિક્યુરીટીઝમાં જરૂરી ફેરફાર કરવાની સત્તા વિદ્યાલયના ટ્રસ્ટીઓને રહેશે, પરંતુ મૂળ રકમ Trust Act માં દર્શાવેલી recognised securities માંજ રાખવી જોઇશે.

સદર ટ્રસ્ટનો લાભ નીચેના વિદ્યાર્થીઓએ લીધો :—

૧૯૩૦-૩૧	શ્રી પોપટલાલ મોનજી મહેતા	શ્રી ચંદુલાલ જગજીવન શાહ	
૧૯૩૧-૩૨	શ્રી ઠાકરશી ખુશાલદાસ વોરા	,,	શ્રી કાંતિલાલ લિલાધર મહેતા
૧૯૩૩-૩૪	શ્રી ન્યાલચંદ ત્રિભોવન શાહ	શ્રી કેશવલાલ રતનશી કુંડલીઆ	,,
૧૯૩૪-૩૬	શ્રી રતીલાલ જગજીવન શાહ	શ્રી છોટાલાલ જગજીવન શાહ	,,
૧૯૩૬-૩૭	શ્રી ચુનીલાલ કપુરચંદ મહેતા	,,	,,
૧૯૩૭-૩૮	શ્રી અમૃતલાલ પ્રેમચંદ સંઘવી	,,	—
૧૯૩૮-૪૦	શ્રી ચુનીલાલ કપુરચંદ મહેતા	,,	શ્રી નવલચંદ મોનજી મહેતા

આ ટ્રસ્ટનો લાભ લઈ નીચે જણાવેલ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા,

૧. શ્રી ચંદુલાલ જગજીવન શાહ, બી. એસસી. (માઇનીંગ)
૨. શ્રી (ડો.) ઠાકરશી ખુશાલદાસ વોરા, એમ. બી. બી. એસ.
૩. શ્રી (ડો.) કાન્તિલાલ લિલાધર મહેતા, એમ. બી. બી. એસ.
૪. શ્રી ચુનીલાલ કપુરચંદ મહેતા, બી. એસસી.
૫. શ્રી (ડો.) છોટાલાલ જગજીવન શાહ, એમ. બી. બી. એસ.

શેઠ દેવીદાસ કાનજી ટ્રસ્ટ ફંડ.

સંસ્થાના સત્તરમા વર્ષમાં મરહુમ શેઠ દેવીદાસ કાનજીના વીલમાં લખ્યા મુજબ રૂા. ૧૦,૬૦૭ ની સાડાચાર ટકાની ૧૯૫૫-૬૦ માં પાકતી લોન તથા રૂા. ૩૦૭ રોકડા આપવા માટે સદ્‌ગતના ટ્રસ્ટી શેઠ છોટાલાલ પ્રાણુલાલે જણાવ્યું અને તેનો વ્યવસ્થાપક સમિતિએ તા. ૨૧-૩-૩૨ ના રોજ સ્વીકાર કર્યો. ટ્રસ્ટની શરતો નીચે મુજબ છે.

રૂા. ૧૦,૬૦૭ ની ટકા ૪॥ ની ૧૯૫૫-૬૦ માં પાકતી લોન તથા રૂા. ૩૦૭ રોકડા શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આપવા.

આ રકમ શેઠ દેવીદાસ કાનજી ટ્રસ્ટ ફંડ તરીકે અનામત રાખવી.

સદરહુ લોનનું જે વ્યાજ આવે તેમાંથી માંગરોળનિવાસી કોઇપણ જૈન સંસ્થામાં રહી બી. એ., એમ. એ., વી. જે. ટી. આઈ., વેટરનરી, સાયન્સ, એલ. સી. પી. એસ., સીવીલ, અથવા મીકેનીકલ અથવા ઇલેકટ્રીકલ એન્જીનિયરીંગ, કોમર્સ અથવા મેડિકલ લાઇનિનો અભ્યાસ કરવા માંગતો હોય અને ઉપલી સંસ્થાના નિયમાનુસાર ચાલવા બંધાતો હોય તેવા વિદ્યાર્થીની અરજી આવ્યેથી તેનો અભ્યાસ પૂરો થાય ત્યાંસુધી સંસ્થામાં મર્હુમના નામથી ફ્રી બોરડર તરીકે રાખવો અને તેની પાસેથી પૈસા પાછા લેવાનું કોઇપણ જાતનું કરારનામું લખાવી લેવું નહીં.

માંગરોળનિવાસી કોઇપણ વિદ્યાર્થીની અરજી ન આવે તો ઉપલી લોનનું વ્યાજ પાંચ વર્ષ સુધી ફંડમાં જમા રાખવું અને મૂળ રકમમાં વધારતા જવું. અને પાંચ વર્ષ પછી પણ તેવી અરજી ન આવે તો આ ફંડનું ત્યાર પછીનું વાર્ષિક વ્યાજ સંસ્થાના ચાલુ ખર્ચમાં વાપરવું.

આ ફંડના ફ્રી બોરડર તરીકે દાખલ થયા પછી કોઇપણ વિદ્યાર્થીને પુના, બનારસ, કરાંચી અથવા બીજે સ્થળે અભ્યાસ માટે જવું પડે તો તેના ખર્ચ માટે ઉપલા ફંડનું જે કંઈ વાર્ષિક વ્યાજ આવે તે આપવું.

સદર ટ્રસ્ટનો લાભ નીચેના વિદ્યાર્થીઓએ લીધો :—

૧૯૩૨-૩૪ શ્રી જયંતીલાલ ગંગાદાસ શાહ
૧૯૩૫-૩૬ શ્રી પ્રમોદરાય મકનજી મહેતા

પેટ્રનો

શેઠ હેમચંદ મોહનલાલ ઝવેરી

શેઠ માણેકલાલ ચુનીલાલ



શેઠ મણીલાલ રીખવચંદ ઝવેરી

શેઠ પ્રાગજીભાઈ ઝવેરચંદ

૧૯૩૮-૩૯ શ્રી તારાચંદ દેવીદાસ શાહ

શ્રી સારાભાઈ ભગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ.

આ ફંડની યોજના વ્યવસ્થાપક સમિતિએ તા. ૬-૩-૧૯૩૨ ના રોજ ફંડના સત્તરમા વર્ષમાં સ્વીકારી હતી. જે વિદ્યાર્થીઓ સંસ્થામાં દાખલ થઈ શકે નહીં અથવા તો નાણાને અભાવે જેમનો ઉચ્ચ અભ્યાસ અટકી પડે તેમ હોય તેવા વિદ્યાર્થીઓને ટુંક વખત માટે વધુમાં વધુ માસિક રૂા. ૨૫) ની શિષ્યવૃત્તિ આપવી.

આ યોજના માટે શેઠ સારાભાઈએ સાત વર્ષ સુધી દર વર્ષે રૂા. ૭૦૦૦) અને ખર્ચના રૂા. ૨૦૦૦) મળી કુલ રૂા. ૫૧,૦૦૦) સાત વર્ષમાં આપવા ઇચ્છા દર્શાવી. સાત વર્ષની આખરે જે રૂપીઆ અને વ્યાજ આવ્યું હોય તે રકમ પૂરી શ્રી સારાભાઈ મોદી તરફથી મળેલી જમે કરવી. આ યોજના માટે શેઠ સારાભાઇએ રૂા. ૭૦૦૦) સંસ્થાને આપ્યા, અને રૂા. ૩૦,૦૦૦) માયસોર મીલમાં ૬॥ ટકાના વ્યાજે સંસ્થાના મંત્રી મકનજી અને પોતાના નામે ડિપોઝીટ મૂક્યા.

કયા વિદ્યાર્થીઓ આ ફંડનો લાભ મેળવી શકે તે સંબંધી અસલ યોજના તથા શરત નીચે મુજબ હતા.

વિદ્યાર્થી માટે નિયમો (પ્રથમ વર્ષ માટે)

અ. તે જૈન શ્વેતાંબર મુર્તિપૂજક હોવો જોઇએ.

આ. તેની શારીરિક સ્થિતિ વિદ્યાભ્યાસને યોગ્ય હોવી જોઇએ.

ઇ. તેની બીજી ભાષા સંસ્કૃત કે અર્ધમાગધી હોવી જોઇએ, અને સંસ્કૃત કે અર્ધમાગધી ભાષામાં પરીક્ષા આપીને તેણે મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ.

ઈ આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતાં તેણે સંસ્કૃત અથવા અર્ધમાગધી ભાષાને કોલેજમાં અભ્યાસ માટે બીજી ભાષા તરીકે ચાલુ રાખવી જોઇએ.

ઉ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં તેણે ૪૫ ટકા ઓછામાં ઓછા માર્કસ સમુચ્ચયે મેળવેલા હોવા જોઇએ.

ઊ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની નીચે જૈન એજ્યુકેશન બોર્ડદ્વારા લેવાતી પુરુષ ધોરણ ૧ લાની પરીક્ષા પુરુષ વિદ્યાર્થીઓએ પસાર કરેલી હોવી જોઇએ અને સ્ત્રી વિદ્યાર્થીઓએ સ્ત્રી ધોરણ ૧ લા ની પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ.

એ. તેણે નક્કી કરેલા નમુના પ્રમાણે લિખિત અરજી કરવી જોઇશે અને ઋણ ભરપાઇ કરી આપવાની શરત પ્રમાણેની કબૂલાત આપવી પડશે.

નિયમો (પ્રથમ વર્ષ પછી આગળ ચાલુ થનાર માટે)

ઐ. તેણે છાત્રવૃત્તિ સ્વીકારના વર્ષમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની પરીક્ષા ઉત્તરોત્તર ચડતા ઉપલા ધોરણની પસાર કરવી જોઇશે.

ઓ. તેણે પોતાના અભ્યાસનો તેમજ સારી ચાલચલગતનો રિપોર્ટ પ્રિન્સિપાલની સહી-સાથે દર છ માસે મોકલી આપવો પડશે અને તેણે દરેક છમાસિક (લેવાતી હોય તો) અને વાર્ષિક પરીક્ષામાં પાસ થવું જોઇશે.

ઔ. જે વર્ષમાં તેણે શિષ્યવૃત્તિનો સ્વીકાર કર્યો હોય તે વર્ષમાં કોલેજની કે યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા હોય તો તે પસાર કરવી જોઇશે.

ઋણ શિષ્યવૃત્તિ પાછી વાળવાની શરત.

વિદ્યાર્થીએ ગ્રેજ્યુએટ થયા પછી અથવા અભ્યાસ છોડી દીધા પછી એક વર્ષમાં લોન પાછી વાળવાની શરૂઆત કરવી જોઇશે અને પાંચ વર્ષની અંદર વગર વ્યાજે કુલ્લે લીધેલી શિષ્ય-વૃત્તિની રકમ ભરપાઈ કરી આપવી જોઇશે અને તેમ નહિ કરનાર માટે તે પાંચ વર્ષ પછી તેની પાસે લેણી પડતી કુલ રકમ ઉપર દર વર્ષે દર સેંકડે છ ટકા પ્રમાણે વ્યાજ લેવામાં આવશે.

ફંડનો વહીવટ કરવા માટે વ્યવસ્થાપક સમિતિ પાંચ સભ્યો નીમશે અને પાંચ સભ્યો શેઠ સારાભાઈ નીમશે. આ રીતે દશ સભ્યોની વિશિષ્ટ સમિતિ સર્વ કાર્ય કરશે. એ વિશિષ્ટ સમિતિને કંઈ ગૂંચવણ જણાય તો શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિની સૂચના સલાહ લઈ તેના ઠરાવ અનુસાર કાર્ય કરશે.

આ યોજનામાં કોઈ વખત ફેરફાર કરવાની આવશ્યકતા શ્રી મ. જૈ. વિ. ની વ્ય. સ. ને જણાય તો તે આ યોજનાનો મૂળ ઉદ્દેશ કાયમ રાખીને અર્થાત્ તેને બાધ ન આવે તે રીતે શેઠ સારાભાઇની લિખિત સંમતિ તેમની હયાતી દરમ્યાન લઇને કરી શકશે.

સંસ્થાની વ્ય. સ. એ આ યોજના ૬-૩-૧૯૩૨ ની મીટીંગમાં સ્વીકારી અને ૨૧-૩-૧૯૩૨ ની મીટીંગમાં વિશિષ્ટ સમિતિ ઉપર પાંચ સભ્યોની નિમણુક કરી અને શેઠ સારાભાઇએ નીમેલા પાંચ સભ્યોની નિમણુકની નોંધ ૧૦-૪-૧૯૩૨ ની મીટીંગમાં લેવામાં આવી. પરંતુ યોજનાની શરૂઆતમાં જ આ યોજનાનો થાંભલો રોપતાની સાથે જ સારાભાઇએ આ દુનિયાનો ત્યાગ કર્યો.

ફંડના પ્રથમવર્ષમાં મદદ માટે ૩૫ અરજીઓ આવી તે પૈકી ફંડના નિયમ મુજબ ફક્ત બે જ અરજી મંજૂર કરવામાં આવી અને તે બેમાંથી પણ એક ભાઈ બી. એ. માં સંસ્કૃત ભાષા રાખી શકે તેમ નથી તેમ જણાવવાથી તેની લોન બંધ કરવામાં આવી હતી. આ પરિસ્થિતિ ઉપર વિચાર કરી વિશિષ્ટ સમિતિએ ૨૩-૪-૩૩ ની મીટીંગમાં વ્યવસ્થાપક સમિતિને નીચે પ્રમાણે ફેરફાર કરવા ભલામણ કરી અને વ્યવસ્થાપક સમિતિએ તેને બહાલી આપી.

કલમ ૪ ઊ—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની નીચે જૈન એજ્યુકેશન બોર્ડદ્વારા લેવાતી પુરુષ ધોરણ ૧ લા ની પરીક્ષા પુરુષ વિદ્યાર્થીઓએ પસાર કરેલી હોવી જોઇએ અને સ્ત્રી વિદ્યાર્થીઓએ સ્ત્રી ધોરણ ૧ લાની પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ, **અને પસાર કરેલી ના હોય તો તેવા વિદ્યાર્થીઓએ લોન મંજૂર થયાની તારીખથી એક વર્ષની અંદર આવી પરીક્ષા પસાર કરવી જોઇએ અને તે પ્રમાણે નહીં કરવામાં આવે તો લોન બંધ કરવામાં આવશે.**

ફંડના બીજા વર્ષમાં મદદ માટે ૮૪ અરજીઓ આવી તે પૈકી ઉપર મુજબ ફંડના ધારા ધોરણમાં ફેરફાર કરવા છતાં ફક્ત બાર ભાઈઓને લાભ આપી શકાયો. આ પરિસ્થિતિ ઉપર વિચાર કરી વિશિષ્ટ સમિતિએ વ્ય. સ. ને ભલામણ કરી કે બે વર્ષ માટે ગુજરાતી લઈને મેટ્રીક પસાર થનાર ભાઈઓને તેમજ મેટ્રીકમાં ૪૫ ટકા કરતાં સહેજ છુટછાટ એક ટકા સુધીની મૂકવી. વ્યવસ્થાપક સમિતિને ઉપર પ્રમાણે ફેરફાર કરવાની સત્તા છે કે નહિ એ વિષય ઉપર કાયદાશાસ્ત્રીઓના અભિપ્રાયોમાં મતભેદ પડવાને કારણે વ્યવસ્થાપક સમિતિએ જુદા જુદા બેરીસ્ટરોના અભિપ્રાય મેળવ્યા અને ઠરાવવામાં આવ્યું કે મૂળ યોજનામાં કંઈ પણ ફેરફાર કરવાની વ્યવસ્થાપક સમિતિને સત્તા નથી. તદનુસાર અસલ યોજના કાયમ રાખવામાં આવી.

ફંડના ત્રીજા વર્ષમાં ૧૯૩૫-૩૬ મદદ માટે ૨૩ અરજીઓ આવી તેમાંથી ધારાધોરણ મુજબ ફક્ત પાંચ અરજીઓ મંજૂર થઈ શકી, તે ઉપર વિચારણા કરી વિશિષ્ટ સમિતિએ વ્ય. સ. ને ભલામણ કરી કે કલમ ૪ ઊ માં ઉપર જણાવેલ ફેરફાર કરવા માટે નામદાર હાઈકોર્ટને અરજી કરી ઘટતું કરવું. હાઈકોર્ટને અરજી કરતાં નીચે મુજબ મંજૂરી મળી.

"અને અરજી કરનાર ઉમેદવારે જો એવી પરીક્ષા પસાર કરી ન હોય તો તેણે જે તારીખથી લોન મંજૂર થઈ હોય તે તારીખથી એક વર્ષમાં પરીક્ષા પસાર કરવી પડશે અને તેમ કરવામાં નિષ્ફળ નીવડશે તો બીજી વધારાની લોન આપવાનું બંધ કરવામાં આવશે અને જે લોન આપવામાં આવી હશે તે દરેક લોન આપ્યાની તારીખથી છ ટકાના વ્યાજ સાથે તેણે તુરત ભરપાઈ કરવી પડશે."

તદનુસાર ૧૯૩૭ માં લોન માટે ૨૨ અરજીઓ આવી તેમાં ૪ મૂળ યોજના મુજબ અને ૬ હાઈકોર્ટે મંજૂર કરેલ ફેરફાર મુજબ મળી કુલ ૧૦ અરજી મંજૂર કરવામાં આવી. ત્યાર પછી ૧૯૩૭-૩૮ માં ૪૮ અરજીઓમાંથી ૯ મૂળ યોજના મુજબ ને ૧૪ હાઈકોર્ટના ફેરફાર મુજબ

૧૯૩૮-૩૯ માં	૬૦	,,	૧૭	,,	,,	૨૬	,,
૧૯૩૯-૪૦ માં	૧૧૩	,,	૨૬	,,	,,	૪૮	,,

પચીશમા વર્ષની આખર સુધીમાં છ વર્ષમાં ૫૫ વિદ્યાર્થીઓએ (૧ બહેન અને ૫૪ ભાઈઓ) આ ફંડનો લાભ લીધો અને પચીશમા વર્ષમાં ૭૪ વિદ્યાર્થીઓએ (૧ બહેન અને ૭૩ ભાઈઓ) આ ફંડનો લાભ લીધો. પચીશમા વર્ષની આખરે ફંડમાં પુરાંત રૂા. ૨૮,૫૭૮-૧૪-૪ હતી પરંતુ ૧૯૪૦-૪૧ માં ૧૫૪ વિદ્યાર્થીઓએ અરજી કરી તેમાંથી ૧૦૫ વિદ્યાર્થીઓને રૂા. ૧૫,૮૯૨) ની લોન આપવામાં આવી અને ૧૯૪૧-૪૨ માં ૨૦૦ અરજીઓ આવી તેમાંથી ૭૫ વિદ્યાર્થીઓને રૂા. ૧૦,૯૧૬) લોન મંજુર કરવામાં આવી અને ૭૯ વિદ્યાર્થીઓની અરજી ફંડના અભાવે નામંજૂર કરવી પડી—૪૬ અરજીઓ ધારા ધોરણ બહારની હતી.

છેલ્લા પાંચ વર્ષમાં ઉચ્ચ કેળવણી માટે મદદની જરૂરિયાત કેટલી બધી વધી છે તે આ વૃત્તાંત ઉપરથી સ્પષ્ટ જોઈ શકાશે, અને સમજી શકાશે. ઉચ્ચ અભ્યાસને માટે મદદ આપવાનું કાર્ય ચાલુ રાખવાના ઉપાયો યોજવાની અત્યંત જરૂર છે. દરવર્ષે વ્યાજની આવક કેટલી થઈ, લોન રિફંડ કેટલું આપ્યું, કેટલા વિદ્યાર્થીઓએ કેટલી લોન લીધી અને ખર્ચ કેટલું થયું તે બધા વિગતવાર આંકડા પરિશિષ્ટમાં આપ્યા છે.

શ્રીયુત સારાભાઈ મોદીની આ બીજી ઉદાર સખાવત છે. એમને ગરીબ કે મધ્યમ વર્ગની સ્થિતિના શક્તિશાળી વિદ્યાર્થીને અભ્યાસમાં પડતી અડચણોનો પૂરતો ખ્યાલ હતો. એમને રકમ આપી દેવા કરતાં લોન રૂપે આપવાનો ખાસ વિચારણીય આગ્રહ હતો અને આ ખાતું તેમણે ખૂબ વિચાર કરી વિદ્યાલયને સોંપ્યું હતું. આ ખાતાએ થોડા વર્ષમાં ખૂબ સેવા બજાવી છે અને એનો લાભ લેનારા એની મુક્તકંઠે પ્રશંસા કરે છે. આ અનુકરણીય ખાતાની પદ્ધતિ વિચારી એને અપનાવવાનો નિર્ણય કરવા યોગ્ય છે.

મેસર્સ પુરુષોત્તમ સુરચંદ ટ્રસ્ટ.

આ સંસ્થાના અઢારમા વર્ષમાં શેઠ પુરુષોત્તમ સુરચંદે નીચેની શરતે રૂા. ૧૦,૦૦૦) દશ હજાર રૂપીઆ આપવા ઇચ્છા દર્શાવી અને વ્યવસ્થાપક સમિતિએ તેનો તા. ૨૦-૬-૩૨ ની મીટીંગમાં સ્વીકાર કર્યો. શરતો નીચે મુજબ છે:—

(૧) રૂા. ૭૫૦૦ અંકે પંચોતેરસો મ્હારા તરફથી રોકડા આપવામાં આવશે. જે રકમ " મેસર્સ પુરુષોત્તમ સુરચંદ ટ્રસ્ટ " તરીકે વિદ્યાલયમાં જમે રાખવી અને તેના બદલામાં દર વર્ષે મ્હારા સ્કોલર તરીકે આર્ટસ્, કોમર્સ અને સાયન્સની લાઇનનો અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને ફ્રી સ્ટુડન્ટ તરીકે વિદ્યાલયમાં રાખવો. એવા વિદ્યાર્થી પાસેથી પૈસા પાછા લેવા સંબંધી કોઈ જાતનું એગ્રિમેંટ કરાવી લેવું નહીં. વિદ્યાલયના ધારા ધોરણ અનુસાર જે વિદ્યાર્થી દાખલ થઈ શકે તેમ હોય તેવા માટે મારા તરફથી ભલામણ કરવામાં આવે તેને પ્રથમ પસંદગી આપવી ઉપર દર્શાવેલી ત્રણ લાઈન સિવાય બીજી કોઈ લાઇનનો અભ્યાસ કરતો વિદ્યાર્થી મ્હારા સ્કોલર તરીકે દાખલ કરવો પડે તો એ વર્ગના બીજા વિદ્યાર્થી પાસેથી જે રકમ વસુલ કરવામાં આવતી હોય તે બે વચ્ચેનો તફાવત તે વિદ્યાર્થી પાસેથી દર વર્ષે રોકડો લેવો યા તેની પાસેથી તેટલી રકમનું લોન એગ્રિમેન્ટ તમારે કરાવી લેવું.

(રૂા. ૨૫૦) દર વર્ષે દશ વર્ષ સુધી વિદ્યાલયને આપવા ઇચ્છા છે અને તે રીતે ધારા મુજબ મ્હારી પેઢીનું નામ વ્યવસ્થાપક સમિતિના એક્સ-ઓફીશીઓ મેંબર તરીકે દાખલ કરવું.

(૩) મારી હયાતી બાદ મારા વંશજોને મારા સ્કોલર માટે ભલામણ કરવાનો અધિકાર રહેશે.

સદર ટ્રસ્ટનો લાભ નીચેના વિદ્યાર્થીઓએ લીધો:—

૧૯૩૨-૩૫ શ્રી કાંતિલાલ વ્રજલાલ વોરા.

૧૯૩૫-૩૯ ,, લીલાધર ફૂલચંદ મહેતા.

શેઠ કેશવલાલ ગોવિંદજી ટ્રસ્ટ.

સંસ્થાના વીશમા વર્ષમાં વલસાડવાળા શેઠ કેશવલાલ ગોવિંદજીના વીલ મુજબ રૂા. ૧૦૦૦ એક હજાર રૂપીઆની નામની કિંમતની સાડાત્રણ ટકાની પ્રોમીસરી નોટ વીલમાં નીચે મુજબ લખાણ સાથે મોકલાવી આપવામાં આવી:—

પેટ્રનો



શેઠ ચુનીલાલ મુળચંદ કાપડીઆ



શેઠ પુરૂષોત્તમભાઈ અમરશીભાઈ

શેઠ જીવણલાલ કેશરીચંદ

શેઠ મોહોલાલ મગનલાલ

"રૂા. એક હજારની લોન શ્રી મહાવીર વિદ્યાલયમાં આપવી અને તેના વ્યાજમાંથી દર વર્ષે ગરીબ વિદ્યાર્થીઓને મારા નામથી (એટલે શેઠ કેશવલાલ ગોવિંદજીના નામથી) સ્કોલરશીપ આપવા હું અધિકાર આપું છું."

આ ડોનેશનનો વ્યવસ્થાપક સમિતિએ તા. ૧૨-૬-૩૫ ના રોજ સ્વીકાર કર્યો અને તેને અંગે તા. ૪-૧૦-૩૫ ની મીટીંગમાં નીચે મુજબ ઠરાવ કર્યો :—

"બીજો ઠરાવ થતાં સુધી દર વર્ષે આ સંસ્થામાં મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરીને લોન વિદ્યાર્થી દાખલ થાય તે પૈકી જેણે મેટ્રીકયુલેશનમાં સંસ્કૃતમાં અથવા અર્ધમાગધીના વિષયમાં સર્વથી વધારે માર્ક મેળવ્યા હોય તેને સદર લોનના વ્યાજના રૂા. ૩૫) પાંત્રીશ સ્કોલરશીપ તરીકે શેઠ કેશવલાલ ગોવિંદજીના નામથી આપવા."

તા. ૩૦-૭-૩૭ ની મીટીંગમાં વ્યવસ્થાપક સમિતિએ નીચે મુજબ ઠરાવ કર્યો :—

"શેઠ કેશવલાલ ગોવિંદજી ટસ્ટની યોજના અનુસાર તા. ૪-૧૦-૧૯૩૫ ની વ્યવસ્થાપક સમિતિ એ કરેલ ઠરાવ પ્રમાણે સદર કેશવલાલ ગોવિંદજી સ્કોલરશીપ સંસ્થામાં દાખલ થનાર લોન વિદ્યાર્થીને છેલ્લી મેટ્રીકની પરીક્ષામાં સંસ્કૃત અથવા અર્ધમાગધીમાં સૌથી વધારે માર્ક મેળવનારને આપવાનો ઠરાવ કર્યો હતો. ચાલુ વર્ષમાં મેટ્રીકમાં બીજી ભાષા તરીકે સંસ્કૃત અથવા અર્ધમાગધી અને વર્નાકયુલર એમ બે ભાષા ફરજિયાત હોવાથી અને તેને એક વિષય ગણવામાં આવતો હોવાથી સંસ્કૃતના જુદા માર્ક વિદ્યાર્થીઓને મળી શકતા નથી, તેથી હવે પછી વ્યવસ્થાપક સમિતિ ઠરાવ કરે ત્યાં સુધી શેઠ કેશવલાલ ગોવિંદજી સ્કોલરશીપ દર વરસે સંસ્થામાં ફર્સ્ટ ઈયરના અભ્યાસ માટે દાખલ કરવામાં આવે તે લોન વિદ્યાર્થીઓ પૈકી મેટ્રીકમાં સૌથી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીને તે સ્કોલરશીપ આપવી તેમ ઠરાવવામાં આવ્યું" આ સ્કોલરશીપ મેળવનાર ભાઈઓના નામ નીચે મુજબ છે :—

૧૯૩૬-૩૭. શ્રી રમણીકલાલ જગજીવનદાસ ગાંધી.
૧૯૩૭-૩૮. ,, ગાંડાલાલ ડાહ્યાભાઈ શાહ.
૧૯૩૮-૩૯. ,, રમણીકલાલ અમૃતલાલ કોઠારી.
૧૯૩૯-૪૦. ,, કંચનલાલ માણેકલાલ શાહ.

જેમણે સંસ્થાનું સ્થાન જોયું નથી એવા કેળવણીપ્રેમી બંધુઓ સંસ્થાને મરણ સન્મુખ વખતે યાદ કરે એ સંસ્થાના ઊંડા મૂળ બતાવે છે અને ઈતિહાસની નજરે સંસ્થાના ગૌરવમાં વધારો કરે છે.

શેઠ દેવકરણ મુળજી પરદેશ અભ્યાસ ટ્રસ્ટ ફંડ.

સંસ્થાના તેવીશમા વર્ષમાં તા. ૧૬-૫-૩૮ ને રોજ શેઠ દેવકરણ મુળજીના એકઝીકયુટરોએ શેઠશ્રીના વીલની કલમ ૨૦ મીની રૂએ રૂા. ૧૦,૦૦૦) આપ્યા. વ્યવસ્થાપક સમિતિએ તા. ૨૧-૫-૩૮ ની મીટીંગમાં સદર ડોનેશનનો સ્વીકાર કર્યો. વીલની કલમ નીચે મુજબ છે.

"(૨૦) ઉપર જણાવેલા રૂપીઆ પચાસ હજાર ઉપરાંત રૂપીઆ દશ હજાર શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટીઓને આપવા અને શરત કરવી જે જ્યારે પણ જુનાગઢવાળા ડૉકટર લીલાધર વાલજી મહેતા વધુ અભ્યાસ માટે જ યુરોપ જતા હોય તો, વિદ્યાલયના નિયમ પ્રમાણે રૂપીઆ દશ હજાર સુધી મજકુર ડૉકટરને લોન તરીકે આપવા. મજકુર ડૉકટર પાસેથી રકમ પાછી મળ્યેથી વિદ્યાલયના ટ્રસ્ટીઓએ પોતાની મરજી મુજબ મારા નામથી એવા જ કામમાં કાઠીઆવાડના વિશાશ્રીમાળી વિદ્યાર્થીને આપવામાં એ રકમનો ઉપયોગ કરવો."

સદર રકમનો ઉપયોગ વીલની શરત મુજબ કરવામાં આવે છે. શેઠ દેવકરણભાઈ મુળજીનો સંસ્થા સાથેનો સંબંધ એવો સુસ્પષ્ટ છે કે તેમના સંબંધમાં વારંવાર લખવું એ પિષ્ટપેષણ ગણાય, પણ સંસ્થાને મરણની નજીકના સમયમાં પણ શેઠ ભૂલ્યા નથી અને આ ઉપરાંત બીજી પણ મોટી નવાજેશ કરી છે તે વાત ધ્યાનમાં લેતાં આનંદમાં વધારો થાય તેમ છે.

ડૉ. નગીનદાસ જે. શાહ સ્મારક ફંડ.

સંસ્થાના તેવીશમા વર્ષમાં **શ્રી મુંબઈ જૈન યુવક સંઘના** મંત્રીઓએ એક યોજના ઘડી ડૉ. નગીનદાસ શાહ સ્મારક ફંડમાં ભેગી થયેલી રકમમાંથી રૂા. ૬૦૦) અંકે છસો રૂપીઆ શરત કરી સંસ્થાને આપવા ઇચ્છા દર્શાવી. વ્યવસ્થાપક સમિતિએ તા. ૪-૫-૩૭ના રોજ નીચે મુજબ ઠરાવ કર્યો અને તે ઠરાવ સદર સંસ્થાની સ્મારક ફંડ સમિતિએ સ્વીકાર્યો:—

"સદર રકમનું વ્યાજ કઈ લાઈનમાં ચંદ્રક કે પારિતોષિક તરીકે વાપરવું તેનો નિર્ણય વ્યવસ્થાપક સમિતિ કરશે. અને સદર તૈલચિત્ર સુપરિન્ટેન્ડન્ટની ઑફીસ રૂમમાં યોગ્ય જગ્યાએ મુકાશે અને તે માટે યોગ્ય મેળાવડો કરી ચિત્ર ખુલ્લું મુકાશે."

સદર ટ્રસ્ટના વહીવટ અંગે વ્યવસ્થાપક સમિતિએ તા. ૩-૮-૧૯૩૯ના રોજ નીચે મુજબ વ્યવસ્થા કરી:—

"દર વર્ષ રૂા. ૨૫) પચીશ રૂપીઆનું પારિતોષિક ઈન્ટર કોમર્સ અથવા બી. કોમ.ની યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધારે ટકા માર્ક મેળવનારને આપવું. આ ઈનામ મેળવનારે ઓછામાં ઓછા પચાસ ટકા માર્ક મેળવેલા હોવા જોઈએ. જે વર્ષમાં લાયક વિદ્યાર્થી ન હોય તે વર્ષમાં ઇનામ ન આપવું અને મૂળ રકમમાં વધારો કરવો. પારિતોષિકમાં પુસ્તકો આપવાં અને તે પુસ્તકો ઉપર "ડૉ. નગીનદાસ જે શાહ સ્મારક"નો સિક્કો મારવો.

સદર યોજના મુજબ ૧૯૩૯-૪૦ નું ઇનામ મુંબઈ યુનિવર્સિટીની બી. કોમ. ની પરીક્ષામાં પહેલાં આવનાર વિદ્યાર્થી **શ્રી કનુભાઈ લલ્લુભાઈ મહેતાને** આપવામાં આવ્યું.

આ ટ્રસ્ટ નાની રકમનું છે, પણ એની સાથે સંસ્થાપર અત્યંત સ્નેહ રાખનાર એના એક સુપુત્રનું નામ જોડાએલું છે અને એનું સ્મરણ સંસ્થામાં હમેશ માટે જળવાઈ રહે એ દૃષ્ટિએ આ ટ્રસ્ટ નોંધવા લાયક છે.

શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ ફંડ.

સંસ્થાના ચોવીશમા વર્ષમાં શેઠ દેવકરણ મુળજીના એકઝીકયુટરોએ શેઠશ્રીના વીલની કલમ ૧૯ મીની રૂએ ટ્રસ્ટ કરી રૂા. ૫૦,૦૦૦) આપ્યા. વીલની કલમ નીચે મુજબ છે:—

"(૧૯)" રૂપીઆ પચાસ હજારની રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટીઓને શરત કરીને આપવી અને તેનું ટ્રસ્ટ કરવું જે જુનાગઢની મારી બોર્ડીંગનો કોઈ વિદ્યાર્થી દાખલ થવા અરજી કરે તો તેને દાખલ કરવો. સોરઠનો કોઇપણ વિશાશ્રીમાળી જૈન દાખલ થવા અરજી કરે અથવા પાલીતાણા બાળાશ્રમનો કોઈ વિદ્યાર્થી દાખલ થવા અરજી કરે અને ધારાધોરણસર તેને દાખલ કરી શકાય તો તેને દાખલ કરવો, અને એ રીતે અથવા એમ ન બને તો અન્ય કોઈ પાંચ વિદ્યાર્થીને મારા નામથી 'દેવકરણ મુળજી સ્કોલર' તરીકે રાખવા."

ટ્રસ્ટડીડ મુજબ રૂા. ૫૦,૦૦૦) સંસ્થાને મળ્યા અને સદર ટ્રસ્ટની શરત મુજબ ૧૯૩૯-૪૦ માં નીચેના પાંચ વિદ્યાર્થીઓ શેઠ દેવકરણ મુળજી સ્કોલર તરીકે દાખલ કરવામાં આવ્યા.

૧ શ્રી મુળચંદ નરશીદાસ નારીચાણીઆ.
૨ ,, શાંતિલાલ રતીલાલ શાહ.
૩ ,, હરિલાલ જગજીવન શાહ.
૪ ,, ઠાકોરલાલ મોહનલાલ શાહ.
૫ ,, પ્રસન્નલાલ મોહનલાલ ડગલી.

શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી વિદ્યાર્થિની જૈન સ્કોલરશીપ ફંડ.

આ ઇતિહાસના છેલ્લા વર્ષમાં આ સંસ્થાના કાર્યમાં શરૂઆતથી રસ લેનાર શ્રી મોહનલાલ હેમચંદભાઈ ઝવેરીએ પોતાની પુત્રવધૂની યાદગીરી નિમિત્તે નીચેની શરતે રૂા. ૨૦૦૦) ની કિંમતના ધી અમદાવાદ એડવાન્સ મીલ્સના પાંચ ટકા વ્યાજના વીસ પ્રેફરન્સ શેર્સ આપવા ઇચ્છા દર્શાવી અને વ્યવસ્થાપક સમિતિએ તેનો સાભાર સ્વીકાર કર્યો. મુખ્ય શરતો નીચે મુજબ છે.

મેટ્રીકયુલેશનની મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષામાં શ્વેતાંબર મુર્તિપૂજક જૈન વિદ્યાર્થિની સર્વથી વિશેષ માર્કર્સ પ્રાપ્ત કરે તેને રૂા. ૨૦૦૦) નું વ્યાજ ઉપજે તે સ્કોલરશીપ તરીકે શ્રી લીલાવતી ભોળાભાઈ ઝવેરીને નામે દર વર્ષે વ્યાજની રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલય આપે.

જે અરજી કરનાર જૈન વિદ્યાર્થિની પોતાનો અભ્યાસ કોલેજમાં આગળ ચલાવવા કબૂલાત આપે અને જેણે મેટ્રીકયુલેશનની સદર પરીક્ષામાં સર્વથી વધારે માર્કર્સ મેળવેલા હોય તેને વ્યાજની રકમ એક સાથે આપવી.

અરજીનું ફોર્મ, દાનના ધારાધોરણો શ્રી. મ. જૈ. વિ. ની વ્ય. સ. મુકરર કરે અને સદર સ્કોલરશીપ કોને આપવી તે બાબતમાં સદર સમિતિનો નિર્ણય છેવટનો ગણાય.

સદર સમિતિએ મૂળ રકમ કાયમ રાખવાની છે. વ્યાજની રકમ વાપરવાની છે. રોકાણમાં ફેરફાર કરવાની સત્તા સદર સંસ્થાના ટ્રસ્ટીઓની છે. સદર મૂળ રકમ અથવા તેનું રોકાણ સંસ્થાના વખતો વખતના ટ્રસ્ટીઓના નામપર રહે.

છવીશમા વર્ષમાં આ ઈનામ મેળવનાર બહેન શ્રી ધૈર્યબાળા છગનલાલ પારેખ મુંબઈ યુનિવર્સિટીની મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ૭૦૦ માંથી ૫૪૦ માર્કર્સ મેળવી સર્વ જૈન

વિદ્યાર્થીઓમાં પ્રથમ આવ્યા. આ બહેનના પિતાશ્રી શ્રી છગનલાલ જીવણલાલ પારેખે સંસ્થામાં પાંચ વર્ષ રહી બી. ઇ. ની ડીગ્રી લીધી હતી અને હાલ ભાવનગર સ્ટેટ રેલ્વેમાં આસીસ્ટંટ એન્જીનિયરનો હોદ્દો ધરાવે છે.

સ્ત્રી વર્ગ માટે–કન્યામાટે કાર્ય કરવાની આ સંસ્થાએ આ ટ્રસ્ટ દ્વારા શુભ શરૂઆત કરી છે. અને તેમાં ઉત્તરોત્તર ઘણો વધારો કરવા યોગ્ય છે અને બનતી સગવડે બહેનો માટે વિદ્યાલય સ્થાપવા યોગ્ય છે એ બાબતપર આ તકે ધ્યાન ખેંચવામાં આવે છે. આ શુભ શરૂઆત કરનાર બેન લીલાવતીના કુટુંબીજનોનો અને ખાસ કરીને શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીનો આભાર માનવાની આ તક લઈ તેમનું અનુકરણ કરી બહેનો માટે વિચારણીય યોજના કેળવણીના ક્ષેત્રમાં કરે એટલું આ સંસ્થાના ઇતિહાસમાં જણાવવું પ્રસ્તુત લાગે છે.

શ્રી મહાવીર લોન ફંડ.

સંસ્થાના છઠ્ઠા વાર્ષિક રિપોર્ટમાં જણાવવા મુજબ **બાબુસાહેબ જીવણલાલ પન્નાલાલ** અને આ ભાઈઓએ ફંડ શરૂ કર્યું. તેનો ઉદ્દેશ ગ્રેજ્યુએટ થયા પછી દૂર દેશમાં અભ્યાસ કરવા જનારને લોન રૂપે સહાય કરવાનો છે અને તે રકમ વસૂલ થતાં તે દ્વારા અન્યને સહાય કરવાનો છે. ફંડની શરતો નીચે પ્રમાણે છે:—

૧. ફંડને **મહાવીર લોન ફંડ** નામ આપવું.

૨. વિશેષ અભ્યાસ માટે વિલાયત કે અમેરિકા આદિ દૂર દેશમાં જનારને તે રકમ ધીરવી, તેનું વ્યાજ ન લેવું. રકમ પાછી મેળવવાનું એગ્રિમેન્ટ કરવું અને જેને લોન અપાય તેના વીમો સંસ્થાના મંત્રી અને કોશાધ્યક્ષ નામપર ઊતરાવવો.

૩. ટ્રસ્ટ ફંડનો વહીવટ સંસ્થાની મેનેજીંગ કમિટી કરે, ફંડની રકમ ટ્રસ્ટીઓના નામપર રહે.

૪. ફંડમાં જે જે રકમોનો વધારો થાય તે આ ફંડ ખાતે ઉપરની શરતે જમે કરવો.

૫. આ ફંડની અલગ રહેતી રકમનું વ્યાજ ઉપજે તો તેનો મૂળ રકમમાં વધારો કરવો.

૬. સદરહુ રકમ લોન તરીકે આપતી વખતે જો કોઇ વિદ્યાર્થી બાબુ પન્નાલાલ હાઇસ્કૂલનો વિદ્યાર્થી હોય તો તેને બીજા સર્વ નિયમો લાગુ પડતા હોય તો અગ્રસ્થાન (પ્રેફરન્સ) આપવું. આ શરત માત્ર સદરહુ રૂા. ૭૫૦૦) ને લાગુ પડે છે.

સદર ફંડમાં બાબુ સાહેબ જીવણલાલજી અને ભાઇઓ તરફથી રૂા. ૯૦૦૦) અને શેઠ **મણીલાલ ગોકુળભાઈ મુળચંદ** તરફથી રૂા. ૨૦૦૦) મળી કુલ રૂા. ૧૧,૦૦૦) મળ્યા છે.

ઇનામ અનામત ફંડ.

છઠ્ઠા વર્ષમાં શેઠ **સોમચંદ ઉત્તમચંદ** રૂા. ૨૫૦૦) ની રકમ સંસ્થાને ભેટ આપી તેને ઇનામી ફંડનું નામ આપવામાં આવ્યું. સંસ્થાની ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર યોગ્ય વિદ્યાર્થીઓને વ્યવસ્થાપક સમિતિ ઠરાવે તે પ્રમાણે સદરહુ રકમનું વ્યાજ આપવાનું છે અને ઇનામ આપતાં આવકનો વધારો રહે તો તેનો વ્યય ઇનામી નિબંધ ધાર્મિક વિષયપર

પેટ્રનો



શેઠ ભોગીલાલ હીરાલાલ
(ભોગીલાલ હીરાલાલની કુંવાળા)



શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી



શેઠ ઐવંતીલાલ હીરાલાલ બકોરદાસ

શ્રી રમણીકલાલ
(મે. રમણીકલાલ મોહનલાલની કુંવાળા)

લખાવવામાં કરવાનો છે. મૂળ રકમ જાળવી રાખવાની છે. આ રકમના વ્યાજમાંથી ધાર્મિક પરીક્ષામાં ઊંચે નંબરે પાસ થનારને ઈનામો અપાય છે.

આભારનો ઇતિહાસ

આ સંસ્થા ઉપર અનેક બંધુઓએ એટલા અને એવા પ્રકારના આભાર કર્યા છે કે એનો પચીશ વર્ષનો ઇતિહાસ રજુ કરતાં જો તેઓને ભૂલી જઈએ તો કૃતઘ્નતાનો દોષ આવે, એની સાથે એની સંખ્યા એટલી મોટી છે કે એ સર્વને ન્યાય આપવાનું અસંભવિત નહિ તો લગભગ અશકય જેવું જ છે.

વસ્તુતઃ તો આ સંસ્થાને જેમણે એક રૂપીઆની સહાય કરી હોય, જેમણે પર્યુષણ જેવા પ્રસંગે ફરતી ઝોળીમાં ચાર આના કે બે આના નાખ્યા હોય તેનો પણ આભાર માનવાનો જ રહ્યો. અને જેમણે દર વર્ષે રૂા. ૫૧) આપવાનું વચન આપી સંસ્થા શરૂ કરાવી, જેઓ તેવી મદદ ચાલુ આપતા રહ્યા તે મધ્યમ વર્ગનો સૌથી વધારે આભાર માનવાનો રહે છે. સંસ્થાને લોકપ્રિય બનાવનાર એ મૂંગો વર્ગ છે, સંસ્થાને પ્રગતિને પંથે પાડનાર એ વર્ગ છે. સંસ્થાને ખરી ઓથ આપનાર એ વર્ગ છે. આ સંસ્થાનો પ્રથમથી દાવો છે કે આ સંસ્થાના મુરબ્બીઓ ધનવાનવર્ગ છે, પણ સંસ્થાનો પ્રાણ તો મધ્યમ વર્ગ છે. એ જનતાની સંસ્થા છે, મધ્યમ વર્ગની સંસ્થા છે, મધ્યમ વર્ગપર એનો મજબૂત આધાર છે અને એને ટકાવી રાખનાર અને પ્રવાહ રૂપે મદદ કરનાર એ વર્ગ છે. જનપદના લોકોએ આ સંસ્થાને ફુલાવી ફુલાવી છે અને એણે કુલ પચીશ વર્ષમાં એને અપનાવી છે. ધનવાને આ સંસ્થાને નિરાશ નથી કરી, પણ એનો આધારસ્તંભ તો મધ્યમ વર્ગ જ છે અને એ વાતનો સ્વીકાર અનેકવાર કર્યો છે.

આ ધોરણપર રચાએલી સંસ્થા કોનો આભાર માને? કેટલાનો આભાર માને? એના પ્રત્યેક વાર્ષિક નિવેદનો આવા આભારનાં પાનાંઓથી ભરેલાં છે. અને એનો સ્વીકાર વારંવાર કરવામાં આવ્યો છે. મધ્યમ વર્ગે તો શું, આમવર્ગે પણ એને ફુલાવી ફુલાવી છે, એની માગણીનો યથાશક્તિ જવાબ વાળ્યો છે, એના તરફ અનેક પ્રકારે સદ્‌ભાવ દાખવ્યો છે અને એના મનોરથો પૂર્યા છે. એટલે આ રીતે તો સદ્‌ગત અને હયાત સર્વ સહાય કરનારનો આભાર માનવાની આ તક હાથ ધરવામાં આવે છે.

તેથી સંસ્થાને પેટ્રન થઈને, સંસ્થાના સભાસદ થઈને, સંસ્થાને ચાલુ ધનની સહાય કરીને, સંસ્થાને ભેટના પુસ્તકો ચીજો આપીને, સંસ્થાને કપડાં આપીને કે એવી બીજી કોઈ પણ રીતે જેમણે ધનની કે વસ્તુઓની નાની કે મોટી સહાય સંસ્થાને કરી છે અને જેમનો વ્યક્તિવાર નામનિર્દેશ સંસ્થાના પચીશ વર્ષના પચીશ નિવેદનમાં સૂચન અને વિગત સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સર્વનો સામાન્ય રીતે અને વ્યક્તિગતે આભાર માનવાની આ તક લઈએ છીએ. એ નામનિર્દેશ અહિં કરવામાં આવે તો આ અહેવાલના પુસ્તકના સો પાનાં ઓછામાં ઓછા ભરાય. એ વાત અશકય હોઈ મૂકી દેવી પડી છે. પણ ઉપકારનું સ્મરણ તો જરૂર કર્તવ્ય છે અને આભારનો સ્વીકાર ફરજ રૂપે હોઈ આવો સમુચ્ચય આભાર દર્શનનો સ્વીકાર કરી હવે બહુ

જરૂરી વ્યક્તિઓનો આભાર માનવાની તક લઇએ. એના બે વિભાગ પાડવા ઉચિત લાગે છે સદ્ગત અને હયાત.

સદ્ગતના આભાર.

આ સંસ્થાપર અનેક જાતનો ઉપકાર કરનાર વ્યક્તિઓની સંખ્યા ઘણી મોટી છે, તેમાંના કોઈને અન્યાય ન થાય તે સારુ સર્વની ક્ષમા યાચના સાથે જેઓ હયાત નથી તેમનાં નામો સાથે બહુ જરૂરી ઇતિહાસ રજૂ કરીએ.

સદ્ગત શુભ આત્માઓ પૈકી આ સંસ્થાપર મોટો ઉપકાર કરનારમાં સર્વથી પ્રથમ નામ શેઠ દેવકરણભાઈ મુળજીનું આવે છે. તેઓ આ સંસ્થાના પ્રાણ હતા, તેમને આ સંસ્થા માટે અદ્ભુત લાગણી અને પ્રેમ હતા, તેમને આ સંસ્થાના વિકાસ માટે અનન્ય વિશ્વાસ હતો અને આ સંસ્થા તરફ તેમની ભક્તિ અવિચલિત રહી ઠેઠ સુધી એક સરખી રહી હતી. સંસ્થાના પંદરમા વર્ષમાં તેમનો દેહવિલય થયો ત્યાં સુધી એમણે સંસ્થાપરનો પોતાનો સ્નેહ અનેક રીતે દાખવ્યો છે. પૈસા ભરી આપવા ઉપરાંત તેમણે અનેકને પ્રેરણા કરી પૈસા ભરાવી આપ્યા છે, રાતદિવસ ગણ્યા વગર એમણે સંસ્થા માટે ઉજાગરા કર્યા છે અને સંસ્થાપર ભયંકર આક્રમણ આવ્યું ત્યારે ખડકની જેમ અડગ ઊભા રહી આડા હાથ દીધા છે. એમની પૈસાની સહાય કરતાં એમનું સંસ્થા તરફનું દીલ, એમણે મરતાં મરતાં સંસ્થાને આપેલ મદદો અને કરેલી યાદો, એમણે અન્ય સભ્યોને ફંડ ભરાવવા માટે કરેલી પ્રેરણાઓ અને સંસ્થાના મકાનનો પાયો નાખતી વખતે કાઢેલા હૃદયના ઉદ્ગારો આજે પણ સ્મરણપંથને ઉજ્જવળ બનાવે છે. એમનું નામ સંસ્થા સાથે જોડાએલું જ રહેશે, એમના ભવ્ય કાર્યોનો અને સેવાનો ઇતિહાસ કોઈ વખતે લખાશે અને એમની ઉચ્ચ હૃદયભાવનાનો ખ્યાલ આપતી યશોગાથા લખાશે.

શેઠ દેવકરણભાઇની સાથે બરાબર પડખે ઊભા રહેનાર અને જાણે એક બાપના દીકરા હોય તેવી રીતે સંસ્થા ઉપર વર્ચસ્વ સ્થાપનાર શેઠ **મોતીલાલ મુળજી** આ સંસ્થાનો પ્રાણ હતા. તેમણે સંસ્થાને પોતાની ઉદારતાથી નવાજી નાખી, તે ઉપરાંત આખા જીવન દરમ્યાન સંસ્થા-માટે કાળજી કરી, મીટીંગોમાં હાજરી આપી અને જ્યારે જ્યારે પૈસાની ભીડ પડી ત્યારે ઊભા રહ્યા. તેમનું હૃદયબળ, બ્રહ્મચર્યતેજ અને સામાજિક કાર્યોનો રસ આ સંસ્થાને પ્રાણપદ નીવડ્યો અને સંસ્થાને વર્તમાન સ્થિતિમાં લઈ આવવામાં તેમણે ઘણો સારો ફાળો આપ્યો. તેમના સંબંધમાં ધનની સહાય ઘણી ઉત્તમ હતી, પણ તે સહાય કરતાં સંસ્થાવિકાસનો તેમનો રસ ઉત્કટ હતો અને તેમણે સંસ્થાને પોતાની ગણી સહાય સલાહ અને કામગરીથી નવાજી નાખી છે. સંસ્થાના દશમા વર્ષમાં સં. ૧૯૮૧ ના માગશર વદ ૪ ને રોજ તેમનો દેહવિલય થયો. તેમણે સંસ્થાની દશ વર્ષ અનેકવિધ સેવા કરી. શેઠ દેવકરણભાઈ તો સંસ્થાના કોશાધ્યક્ષ હતા, પણ મોતીલાલ શેઠ તો સામાન્ય સભ્ય હોવા છતાં સંસ્થાની સેવામાં શેઠ દેવકરણભાઇની સાથે બરાબર સામેલ રહેતા હતા.

શેઠ ગોવીંદજી ખુશાલભાઈ (વેરાવળ) સંસ્થાનું ચિરસ્મરણીય નામ છે. સંસ્થાને શરૂઆતથી અપનાવનાર, સંસ્થામાં બે વર્ષ સુધી કોશાધ્યક્ષનું કામ કરનાર અને મજબૂત મને કેળવણીને

ઉત્તેજન આપનાર આ સખી ગૃહસ્થનું વેરાવળમાં જાહેર રસ્તાપર સંસ્થાના સોળમા વર્ષમાં ખૂન થયું. સંસ્થાપર તેમની ભારે લાગણી હતી. સંસ્થાને તેમણે ભારે રકમથી સંસ્થાના બચપણમાં નવાજી અને એનાપર પોતાના અંત સુધી સદ્‌ભાવ રાખ્યો.

શ્રીયુત સારાભાઈ મગનભાઈ મોદી સંસ્થાના ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. ગરીબાઈમાં જન્મી, પરાવલંબનથી કેળવણી લઈ, જાતમહેનતથી વધેલ આ કેળવાએલા બંધુએ કેળવાએલો વર્ગ કેળવણી માટે શું કરી શકે છે તેનો જવલંત દાખલો બેસાડ્યો. સંસ્થાની શરૂઆતથી એ વ્યવસ્થાપક સમિતિના સભ્ય, દેહાંત સુધી ચાલુ રહ્યા, સંસ્થાની એમણે સત્તર વર્ષ સેવા બજાવી, ભાગ્યેજ વ્ય. સ. ની. કોઈ મીટીંગમાં એ ગેરહાજર હશે. એમણે લોન ફંડમાં રૂા. ૩૧,૦૦૦) ની રકમ આપી માધ્યમિક કેળવણીની કદર કરી, ઉચ્ચ શિક્ષણ સહાય ફંડ માટે રૂા. ૩૭,૦૦૦) આપી મેટ્રીક પછીના વિદ્યાર્થીની સહાયે દોડ્યા અને એ બન્ને ખાતાનો જવલંત ઇતિહાસ આ પચ્ચીશીના ઇતિહાસમાં અન્યત્ર રજૂ કર્યો છે. એ તો પૈસાની વાત થઈ, પણ એમનો સંસ્થા ઉપરનો ભાવ, એમની પ્રત્યેક સવાલની છણાવટ કરવાની પદ્ધતિ અને એમનું સંસ્થા સાથેનું વર્તન અનુકરણીય હોઈ ખાસ નોંધ માગે છે. એમણે કેળવાએલા લોકો પોતાનું જ કામ કરે છે, ધન આપતા નથી એવું કલંક દૂર કર્યું છે અને સક્રિય કાર્યો કરી સંસ્થા સાથે પોતાનું નામ અમર કરીને જોડી ગયા છે.

ડા. નાનચંદભાઈ કસ્તુરચંદ મોદીએ સંસ્થાની શરૂઆતથી તેવીશ વર્ષ સુધી વ્ય. સ. માં બેસી સેવા બજાવી અને વિદ્યાર્થીનાં સ્વાસ્થ્ય અને આરોગ્ય માટે ચિંતા કરી. તેમની સેવાની નોંધ લગભગ પ્રત્યેક વાર્ષિક નિવેદનમાં લેવામાં આવી છે. સંસ્થાને આકાર આપવામાં તેમનો ભાગ નાનોસૂનો નહોતો. તેમણે સન ૧૯૩૨ ફેબ્રુઆરીથી નવેંબર ૧૯૩૩ સુધી સંસ્થાના મંત્રી તરીકે પણ સેવા કરી.

શેઠ હેમચંદ અમરચંદ તલકચંદ આ સર્વથી જૂદી કક્ષામાં આવે છે. એમણે આ સંસ્થા કરવાનો ખ્યાલ જમાવ્યો, આચાર્યશ્રી સાથે ચર્ચાઓ કરી, કેળવાએલા વર્ગની જમાવટ કરી, સંસ્થા ક્યાં કરવી અને કેવી કરવી તેને માટે દીર્ઘ ચિંતવન અને વિચાર વિનિમય કર્યા, પણ દુર્ભાગ્યે સંસ્થાની શરૂઆત તેઓ જોઈ શક્યા નહિ. તેઓ ગામતરે ગયા તે પહેલાં સંસ્થા કરવાનો નિર્ણય થઈ ચૂકયો હતો, તેની રૂપરેખાઓ દોરાઈ ગઇ હતી, પણ કુભસ્થાપના તેઓ જોઈ શક્યા નહિ. છતાં સંસ્થાના આદ્યપ્રેરકોમાંનાં એક તરીકે તેમનું સ્થાન અવિચલ રહ્યું છે. સંસ્થા તરફની તેમની ફરજ તેમના સુપુત્રોએ બજાવી છે તે નોંધવા લાયક છે. પણ સંસ્થાના ઇતિહાસમાં તેમનું સ્થાન શરૂઆતથી જ કાયમ થયેલું છે.

સંસ્થાના શરૂઆતના રસ લેનાર ભાવુકોમાં શેઠ **હિરાલાલ અકોરદાસ** ઉચ્ચ સ્થાન ભોગવતા હતા. એમણે સંસ્થાના મકાન ફંડ અને અન્ય સહાયમાં લગભગ રૂા. ૧૭,૦૦૦) આપ્યા. સંસ્થાના મકાન ઉદ્‌ઘાટન વખતે હર્ષાતિરેકમાં ૧૦૩ ડીગ્રી તાવ છતાં હાજરી આપી (તા. ૨-૧૦-૧૯૨૫) અને મકાનને અંગે અસાધારણ અનુમોદના કરી. એમનો એજ વર્ષમાં બે માસ પછી આસો વદ ૭ (સં. ૧૯૮૧) ને રોજ સ્વર્ગવાસ થયો. સંસ્થાની તરફ એમનો રાગ અસાધારણ હતો અને ભક્તિ પ્રચૂર હતી.

આવા તો કેટકેટલાં નામો લઈએ. **શેઠ નરોત્તમદાસ ભાણજી કાપડીઆ**નો સંસ્થા તરફનો

પક્ષપાત, શ્રીયુત **મણીલાલ સુરજમલ ઝવેરી** (પાલણપુર) ની સંસ્થાનાં નાનાં નાનાં કામ માટેની પણ બારીક ચીવટ, શ્રીયુત **ફકીરચંદ નગીનચંદ ઝવેરી**ની સંસ્થાની ધનવૃદ્ધિની ચીવટ, બાબુસાહેબ **જીવનલાલ પન્નાલાલ** ઝવેરીની સંસ્થાથી દૂર રહ્યા છતાં ગૌરવભરી પૃચ્છાઓ અને શ્રીયુત **અમરચંદ ઘેલાભાઈ ગાંધી**ની દીર્ઘદૃષ્ટિપૂર્વકની સલાહ અને સેવા આજે પણ ગૌરવભરી શાંતિ ઉપજાવેછે અને હર્ષોદ્‌ગાર કઢાવેછે. આવી સેવાની ગણના કરવી મુશ્કેલ છે, કેટલીક વાતનાં સ્મરણ તાજાં કરવાં માટે તો સંસ્થાના દફ્તર ઉખેળવાં પડે તેમ છે. એકંદરે સંસ્થાપર એટલી વ્યક્તિએ આભાર કર્યો છે અને તેને માટે એટલો મોટો ભોગ આપ્યો છે કે તેનું વિવેચન કરવું મુશ્કેલ છે.

હયાત સહાયકો.

અને હયાત સહાયકોના આભાર માનીએ તો આ નિવેદન કે ઇતિહાસને બરાબર બેવડાવવો જોઇએ. એની સંખ્યાનો તો ખરેખર પાર નથી. કેટલાક સેવાભાવી ભાઇઓએ સંસ્થાના સભ્ય ન હોવા છતાં કે એની વ્યવસ્થાપક સમિતિની જવાબદારી એમના પર નાખવામાં આવેલી ન હોવા છતાં સંસ્થા માટે ભારે ચિંતા સેવી છે, એને અનેક પ્રકારે મદદ કરી છે અને એને અપનાવવા ગુપ્ત પ્રયાસો કર્યા છે.

સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ પર બેસીને ચાલુ સેવા કરનાર, સંસ્થાને દ્રવ્ય કે વસ્તુની મદદ કરનાર, સંસ્થાના કાર્યમાં પ્રેરણા કરનાર વગેરે અનેક સેવાભાવી સભ્યોનો સમુચ્ચય આભાર માનવા સિવાય બીજો રસ્તો દેખાતો નથી. બહુજ જરૂરી ટૂંકી નોંધ અત્ર કરવી જરૂરી છે અને તે સંસ્થાના ઇતિહાસમાં નોંધવા લાયક છે.

ડો. **મોહનલાલ હેમચંદ શાહ**, એમ. બી., બી. એસ., સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી અત્યારે સંસ્થાના વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર ધ્યાન આપે છે અને દાખલ કરતી વખત વિદ્યાર્થીને તપાસી આપે છે તેમની સેવા ખાસ નોંધ માગે છે.

શ્રીયુત **મુળચંદ હીરજી**એ સંસ્થાની આસી. સેક્રેટરી તરીકે સેવા કરી હિસાબની રીત ગોઠવી, જાતે હિસાબ રાખ્યો અને સંસ્થાને અપનાવવા શરૂઆતના દશ વર્ષ સુધી સતત પ્રયાસ ચાલુ રાખ્યો એ સેવા વિસરી શકાય તેમ નથી.

શ્રીયુત **ચુનીલાલ વીરચંદ** સંસ્થાના આદ્ય સંસ્થાપકમાંના એક અને વર્ષો સુધી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ પર બેસી સેવા બજાવનારની નોંધ ખાસ લેવા લાયક છે. તેમની સંસ્થા માટેની ધગશ આખો વખત એક સરખી ચાલુ રહી છે. એમણે શરૂઆતનાં સોળ વર્ષ સુધી સંસ્થાની વ્ય. સમિતિપર સેવા કરી. તેમની આદરણીય સેવા ખરેખર અનુકરણીય હોઈ નોંધને લાયક બને છે અને સંસ્થાના ઇતિહાસમાં તેને ખાસ સ્થાન છે.

શેઠ મેઘજીભાઈ સોજપાળનું હૃદય ધર્મમય છે, એમણે ધાર્મિક સંસ્કાર કાયમ રહે તે પાછળ હજારો ખરચ્યા, તેમણે સંસ્થા તરફ ખૂબ પ્રેમ બતાવ્યો તેમણે સંસ્થાના મકાનો પાછળ દેખરેખ રાખી અને એ સર્વની પાછળ અસાધારણ માનસિક પ્રેમ દાખવ્યો–એ સંસ્કારી ધર્મમૂર્તિનાં કાર્યને દિપ્તિવંત કરે છે. એમની ભાવના આદર્શમય, સેવા સુગંધમય અને આદર્શ વૃદ્ધિંગત હોઈ સર્વ યુગના આદમીઓને અનુકરણ યોગ્ય છે. સંસ્થા તેમની સેવા કદી વિસરી શકે નહિ.

બાકી તો પૃષ્ઠા ભરાય તેટલાં સેવાભાવીઓનાં નામ અને કામ છે. એ સર્વની નોંધ કરવાનો પ્રયાસ કર્યો નથી, થઈ શકે તેમ નથી. તેથી 'થોડું લખ્યું ઘણું કરી વાંચજો' ની નીતિ સ્વીકારી આ વિભાગનો ઇતિહાસ ખૂબ આનંદથી અને અંતરના ઉમળકા સાથે મુક્ત-કંઠે પ્રશંસવાની રજા લેવામાં આવે છે અને ખરા સેવાભાવીના અનેકના નામ લખવા રહી ગયા છે તેને માટે ખેદ દર્શાવી, પ્રત્યેકના કાર્યની અત્ર પ્રશંસા કરવામાં આવે છે.

કેટલીક અધૂરી બાબતો

આ ઇતિહાસમાં કેટલીક બાબતો અધૂરી રહી છે:—

૧. દેવકરણ મેન્શનનું ટ્રાન્સફર લેવાની વાતો છેલ્લા પચીશમા વર્ષમાં થઈ હતી, પણ એનું કાર્ય સત્તાવીશમા વર્ષમાં પૂર્ણ થયું. આ ઇતિહાસમાં તો પચીશ વર્ષની જ હકીકત લખવાની હોય, તેથી તે સંબંધમાં અત્ર જરા પણ નિર્દેશ કર્યો નથી. એ પ્રસંગને લગતી અનેક રસમય બાબતો, સંસ્થાના હિતના પ્રશ્નો, દેવાની ગણતરી વગેરે અનેક બાબતો લખવાની છે, ટ્રસ્ટીઓએ લીધેલ તસ્દી અને વ્યવસ્થાપક સમિતિએ બતાવેલ કાર્યદક્ષતા, હાઇકોર્ટના હુકમો અને શેઠ દેવકરણભાઈ મુળજીના એકઝીકયુટરોએ દાખવેલ સૌહાર્દનો વિગતવાર વિસ્તાર, જરૂરી હુકમો તથા દસ્તાવેજોની નકલો વગેરે સત્તાવીશમા વાર્ષિક રિપોર્ટમાં આપવામાં આવશે. અત્રે એટલું જ પ્રસ્તુત છે કે દેવામાંથી સંસ્થાને મુક્ત કરવી એ જનતાનું કામ છે. સંસ્થાએ પોતાનો હેવાલ સંતોષકારક આપ્યો હોય, એના કામથી સંતોષ થયો હોય, એના કામ માટે એણે લાયકાત પુરવાર કરી હોય અને દેવામાંથી મુક્ત કરતાં એ વધારે સારી રીતે પોતાનું કર્તવ્યપાલન કરી શકશે એમ લાગતું હોય તો એને ઋણમુક્ત કરવા વિજ્ઞપ્તિ છે. એ સંબંધી યોગ્ય વિજ્ઞપ્તિ અને પ્રાર્થના અન્યત્ર કરવામાં આવશે. સંસ્થાના ઇતિહાસમાં એને સ્થાન ન હોય. ભવિષ્ય માટે પ્રેરણા વિજ્ઞપ્તિ અને સૂચનોનું આ સ્થાન નથી.

૨. સંસ્થાના સભ્યોનું લીસ્ટ પચીશમા વર્ષની આખરે હતું તે પરિશિષ્ટમાં જરૂરી વિગતો સાથે આપ્યું છે. સભ્યોમાંથી કેટલાકના પત્તા મળતા નથી, કેટલાંક નામો અવસાન પામેલાનાં દાખલ થયેલાં તે ચાલુ રહી ગયાં છે, કેટલાક સભ્યોએ બે વાર દશ વર્ષ સુધી અને કોઇ કોઇએ ત્રણવાર દશ વર્ષ સુધી રકમો આપી છે. આ સર્વ બાબતોમાંથી બની શકતી વિગત લીસ્ટમાં આપી છે, પણ એમાં કોઇકોઇ પ્રકારની સ્ખલના જરૂર રહી ગઈ હશે એવો સંભવ છે. સભ્યોના લીસ્ટ પરિપૂર્ણ રાખવા માટે અનેક પ્રયાસો ચાલુ છે, પણ સભ્યો તરફથી પૂરી માહિતી મળતી ન હોવાથી એમાં સ્ખલના થતી હોવાની અનેકવાર ફરિયાદ થઈ છે. આ સંબંધમાં ક્ષમા માગવા સિવાય બીજો માર્ગ નથી.

૩. સંસ્થાને ભેટ આપનારનું લીસ્ટ આપવાની જરૂર તો ખરી, પણ એમ કરતાં એટલું ગ્રંથગૌરવ વધી જાય છે કે એની શક્યતા, વખતના અભાવ અને મુદ્રણના ભાવને લઇને ન બને તેવી જણાઈ છે. વાર્ષિક રિપોર્ટમાં તેની વિગતો બરાબર અપાય છે તેથી તેનું પુનરાવર્તન કરવાની બહુ જરૂર લાગી નથી. આ બાબતમાં સંસ્થાના સહાયકો ક્ષમા કરે.

૪. આખા રિપોર્ટમાં મંત્રીઓ સંબંધી કાંઈ હકીકત આવી નથી. તેઓ એક રીતે સર્વ બાબતમાં સાથે છે અને એક રીતે તેઓ અપૌરુષેય છે. તેમની કાંઈ પણ અંગત હકીકત આ

રિપોર્ટમાં આવે તે તેમને અનુચિત લાગવાથી તેમની ઇચ્છાને માન આપીને એમના સંબંધી આ ઇતિહાસમાં કાંઈ લખવામાં આવ્યું નથી. સુવર્ણ મહોત્સવ વખતે કોઈ જરૂરી બાબત જણાશે તો તે સંબંધી ઉલ્લેખ થવા સંભવ ગણાય ખરો. આ અધૂરી રહેલી બાબત આપવીતી હોઈ ક્ષંતવ્ય ગણવા વિજ્ઞપ્તિ છે.

છેવટે

સંસ્થાનો ઇતિહાસ ઘણો ટૂંકો છે, વાસ્તવિક રીતે સામાજિક ક્ષેત્રે એની મર્યાદા એકજ ક્ષેત્રમાં અથવા બે ક્ષેત્રમાં જ છે એટલે એના પર મોટો ઢોળ ચઢાવવાનો ન હોય. આટલો ઇતિહાસ લખવાનો હેતુ પ્રેરણારૂપેજ છે, બાકી એના વાર્ષિક નિવેદનો બનતી રીતે જરૂરી વિગતોથી ભરેલાં હોય છે. આતો રજત મહોત્સવ પ્રસંગે કાંઈ સમુચ્ચય વિકાસનો ખ્યાલ આવે તેટલા માટે આ સંસ્થાના ઇતિહાસ ઉલ્લેખનો પ્રસંગ હાથ ધર્યો છે. બાકી સેવાની સંસ્થાના ઇતિહાસ શા? એણે તો માથું નીચું રાખી સેવા જ કરવાની રહી. છતાં અમુક દૃષ્ટિબિન્દુ લક્ષ્યમાં રાખી આ ઇતિહાસ આળેખ્યો છે. ઘણી બાબતો તો છોડી દીધી છે, ઘણું લખી શકાય તેવું છે, છતાં તેને સમય સંકોચથી જતું કરવું પડ્યું છે. અને માત્ર કાંઈક નૈવેદ્ય ધરવું જોઈએ તેથી વિવેચન કર્યું છે.

સંસ્થા માટે ટીકા કરવી સહેલી છે. ટીકા થાય તે ઇચ્છવા યોગ્ય છે. પ્રેમભાવે કરેલી ટીકા સર્વદા સારાં ફળજ આપે છે. માત્ર જ્યારે એને ઉતારી પાડવાનોજ ઇરાદો હોય ત્યારે ખેદ થાય છે. સંસ્થામાં અનેક સ્ખલના થઈ હશે, એના કાર્યવાહકોને અનેક સ્ખલના દેખાય પણ છે, તેઓ અન્ય વ્યવસાયી ન હોય તો વધારે સારું પરિણામ બતાવી શકે એવું એમને પોતાને પણ જણાય છે. અને કોઈ પણ સંસ્થા સ્ખલના વગરની હોય એ કલ્પવું પણ મુશ્કેલ છે. અનેક જાતની થયેલ સ્ખલનાઓ માટે ક્ષમા વારંવાર યાચવામાં આવી છે. અને પચીશ વર્ષના અતિચાર અહીં આલોચવાની ફરી તક લેવામાં આવે છે. જેઓ કેળવણીના વિકાસમાંજ સમાજનો હ્રાસ જોતા હોય તેમને તો કાંઈ કહેવાનું નથી, તેઓને માટે આ સંસ્થામાં સ્થાન નથી, પણ જેઓ સામાજિક ઉન્નતિ કેળવણીમાં માનતા હોય તેમને નમ્ર ભાવે વિજ્ઞપ્તિ કરવાની કે એવા ભાઇઓની ટીકા, ચર્ચા કે સૂચનાને આ સંસ્થાએ ખૂબ ચીવટથી વિચારી છે અને અનુકૂળતા અને સાધનસંપત્તિના પ્રમાણમાં તેને અંગે ઘટતો સુધારોવધારો કર્યોછે. આવી દરેક બાબત ઇતિહાસમાં લખી શકાણી નથી, પણ સંસ્થાના દફ્તરે મોજૂદ છે.

સમાજે આ સંસ્થાને ખૂબ બહલાવી છે, એના કોડ પૂર્યા છે, એને ભરીભાદરી રાખી છે, એને ધનથી, પ્રેમથી, ઔદાર્યથી નવાજી છે અને એના કાર્યવાહકોએ સકારણ મહેણાં માર્યાં હોય તો તે ખમ્યાં છે. સંસ્થાના કાર્યવાહકો જનતાની મુસીબત સમજે છે, નવયુગની સંસ્થાની મંદગતિનાં કારણો જાણે છે, એના પ્રેરકબળ પાછળ તેજ નથી તેનું તેને ભાન છે, પણ એ સર્વ મુસીબતો છતાં એકંદરે જૈન સમાજે સંસ્થાને ખૂબ મદદ કરી છે, એની આશા પૂરવા અનેકવિધ પ્રયાસો સેવ્યા છે અને એની હયાતી જાળવવા અનેક ટીકાઓ ખમી છે.

શેઠ કેશવલાલ પ્રેમચંદ મોદી

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

તારે અંકે !

તારે અંકે ઝૂલી મેં નવતર નવું જ્ઞાન પીધું,
તારે અંકે ઝૂકી મેં સ્વપ્નનું સત્ય પેખ્યું,
તારે અંકે ભૂલી મેં વિશ્વની સૌ વિષમતા,
સંગીતે સભર ભરતું વિશ્વનું ગાન ઝીલ્યું;

– કાંતિ સંઘવી

આવી રીતે આ સંસ્થાનો ૨૫ વર્ષનો ઇતિહાસ પૂરો થાય છે. તારાબાગમાં ભાડાના મકાનમાં ૧૫ વિદ્યાર્થીથી શરૂ થયેલી સંસ્થા પચીશ વર્ષની આખરે પથ્થરના મોટા મકાનવાળી, મંદિર અને મધ્યગૃહવાળી, પુસ્તકાલય અને ભોજનાલયવાળી બની છે. એના બાળકો અત્યારે ઠામઠામ સમાજને ઊજળી બનાવતા રહ્યા છે, એના પુત્રો અત્યારે મોટા જવાબદાર હોદ્દાઓ ભોગવતા જોવામાં આવે છે, એના સાહિત્ય પુસ્તકો અત્યારે જનતાને વલ્લભ થઈ પડ્યા છે, એના સેવકો અત્યારે ઠામઠામ આરોગ્યની રક્ષા કરી રહ્યા છે, એના જ્ઞાનગુંજારવના પ્રકાશ ઠામઠામ પડતા રહ્યા છે અને એને વિશ્વવિદ્યાલય બનાવવાના મંડાણ મંડાઈ ચૂક્યા છે. આ સર્વમાં સ્થાપવાની ભાવના ધરનાર આચાર્યશ્રીનું બ્રહ્મચર્યતેજ અને શુભઆંદોલનો, કાર્યવાહકોની સતત ચીવટ, વિદ્યાર્થીવર્ગની એકંદરે સારી વર્તના અને સહાયક વર્ગની ઉદારતા કારણરૂપ છે. આ ઇતિહાસથી જો આપને એકંદરે સંતોષ થાય તો તન મન ધનથી એને સહાય કરી આના કરતાં હજાર ગણો સારો ઇતિહાસ એ સામાજિક નૈતિક અને ધાર્મિક દૃષ્ટિએ સુવર્ણ મહોત્સવ પ્રસંગે બતાવે એવી સ્થિતિમાં એને મૂકશો. એના નામમાં ઓજસ્ છે, એના કાર્યમાં તેજ છે, એના પ્રવેશદ્વારમાં દેવી સરસ્વતી બિરાજ્યા છે, એના મુખડાપર ચૌદ સ્વપ્ન અને અષ્ટ મંગળ છે, એના શિખરપર બે દિશાએ ધર્મધ્વજ બિરાજે છે અને એના વાતાવરણમાં શાંતિ સ્થૈર્ય અને સુશીલતા છે. માટે પ્રથમ વર્ષે પ્રથમ મંગળમાં ગાયું હતું તે જ ગાઈ આપણે વિરમીએ:—

આશ પૂરો શ્રી મહાવીર સ્વામી.
જૈન પ્રજાનો ઉદય થયો છે,
ઘોર નિશા અવિદ્યાની વામી,
આશ પૂરો શ્રી મહાવીર સ્વામી.

ઇતિશં.

સંસ્થાના વહીવટની વિશિષ્ટતાઓ.

૧. સંસ્થામાં **ચેરમેન કે પ્રેસીડેન્ટનો હોદ્દો નથી.** પરિણામ. વ્યવસ્થાપક સમિતિના દરેક સભ્ય સભા વખતે તે મેળાવડાના પ્રમુખ થઈ શકે છે અને વ્યવસ્થાનું આ ધોરણ ઉપયોગી માલૂમ પડ્યું છે.

૨. વિદ્યાર્થી પાસે **લોન લખાવી લેવી.**

આ યોજના ઘણી રીતે કારગત નીવડી છે. વિદ્યાર્થીનાં મનપર ધરમાદા પર નિભાવની છાયા સરખી પણ પડતી નથી, એનામાં આત્મભાવના સફળ થતી દેખાઈ છે, સ્વમાન એમનું જળવાઈ રહે છે અને વિદ્યાલયને ચાલુ ખરચમાં ત્રીજો કે ચોથો ભાગ પૂરવણી થતો હોવાથી એક મોટો ટેકો થઈ પડ્યો છે.

૩. વિદ્યાર્થીને આંતર વ્યવસ્થાની સર્વ ગોઠવણ જવાબદારી સાથે આપવાથી વ્યવસ્થામાં સગવડ થાય છે અને આંતરિક સ્વરાજ્ય ભાવનાથી વિદ્યાર્થીઓને પોતાની જાત પર વિશ્વાસ વધતો જાય છે.

૪. ટ્રસ્ટીઓએ ટ્રસ્ટી તરીકે સંસ્થાના આંતર વહીવટમાં એક વાર પણ માથું માર્યું નથી.

૫. આવી સંસ્થાએ હજારોની આવકજાવક વાળું એસ્ટેટ ખરીદી તેનો વહીવટ માથે લીધો હોય તેનો આ પ્રથમ દાખલો છે. દેવકરણ મેન્શનના ભાડાની આવક વાર્ષિક એક લાખ પાંસઠ હજાર રૂપીયા લગભગની છે એટલે એનો વહીવટ એ તો કાઠિયાવાડના છઠ્ઠા કલાસના રાજ્યના વહીવટ જેવો ગણાય. એતો મોટી તાલુકદારી તો અવશ્ય ગણાય.

૬. સંસ્થાની શરૂઆતથી જ્હેનોને સભ્ય તરીકે લેવામાં આવે છે. આ વાત આ યુગમાં વિશિષ્ટતામાં ન આવે, પણ સંસ્થા શરૂ કરવામાં આવી ત્યારે તો એ વાત લગભગ નવી હતી અને તે તરીકે ચાલુ રહી છે.

પરિશિષ્ટ

ટ્રસ્ટીઓની ચૂંટણી (જુઓ પૃ. ૧૫)

(૧) તા. ૨૨-૧૨-૧૯૧૮.

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
,, દેવકરણ મુળજી
,, મોતીલાલ મુળજી
,, ફકીરચંદ નગીનચંદ ઝવેરી
,, ગોવિંદજી ખુશાલ.

(૨) તા. ૭-૯-૧૯૨૪.

શ્રી દેવકરણ મુળજી
,, મોતીલાલ મુળજી
,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
,, ફકીરચંદ નગીનચંદ ઝવેરી
,, ગોવિંદજી ખુશાલ

શ્રી મોતીલાલ મુળજીના અવસાનથી ખાલી પડેલી જગાએ શ્રી મણીલાલ મોતીલાલ મુળજીની તા. ૧૫-૩-૨૫ ને રોજ નિમણુંક કરવામાં આવી.

(૩) તા. ૧૦-૧૧-૧૯૨૯.

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
,, મણીલાલ મોતીલાલ મુળજી
,, ગોવિંદજી ખુશાલ
,, અમૃતલાલ કાળીદાસ
,, રણછોડભાઈ રાયચંદ

શ્રી ગોવિંદજી ખુશાલના અવસાનથી ખાલી પડેલી જગાએ શ્રી સારાભાઈ મગનભાઈ મોદીની તા. ૪-૯-૩૧ ને રોજ નિમણુંક કરવામાં આવી. શ્રી સારાભાઈ મગનભાઈ મોદીના અવસાનથી ખાલી પડેલી જગાએ શ્રી ડાહ્યાભાઈ નગીનદાસની તા. ૨૫-૪-૩૨ ને રોજ નિમણુંક કરવામાં આવી.

(૪) તા. ૧૮-૧૧-૧૯૩૪.

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
,, રણછોડભાઈ રાયચંદ
,, અમૃતલાલ કાળીદાસ
,, મણીલાલ મોતીલાલ
,, ચંદુલાલ સારાભાઈ મોદી

શ્રી રણછોડભાઈ રાયચંદે રાજીનામું આપવાથી તેમના સ્થાને શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલની તા. ૪-૧૦-૩૫ ને રોજ નિમણુંક કરવામાં આવી.

શ્રી મણીલાલ મોતીલાલના અવસાનથી ખાલી પડેલી જગાએ શ્રી સાકરચંદ મોતીલાલની તા. ૨૯-૬-૩૬ ને રોજ નિમણુંક કરવામાં આવી.

(૫) તા. ૬-૮-૧૯૩૯.

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
,, ચંદુલાલ સારાભાઈ મોદી
,, સાકરચંદ મોતીલાલ મુળજી
,, કકલભાઈ ભુદરદાસ વકીલ
,, અમૃતલાલ કાળીદાસ.

પરિશિષ્ટ

રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (જુઓ પૃ. ૧૫)

Certificate of Registration of Societies

Act XXI of 1860

No. 703 of 1934-35.

I hereby certify *that* Shri Mahavir Jain Vidyalaya *has this day been registered under the Societies Registration Act, XXI of 1860.*

Given under my hand at Bombay this fourth day of May One thousand nine hundred and thirty-four.

The Seal of the Registrar of Companies ★ Bombay

A. H. S. Mitchel

Registrar of Companies.

પરિશિષ્ટ

વર્ષની શરૂઆતમાં લોન, પેઇંગ વિગેરેની માહિતી (જુઓ પૃ. ૧૮)

વર્ષ	લોન	પેઇંગ	હાફ્-પેઇંગ	ટ્રસ્ટ	કુલ
૧૯૧૫–૧૬	૧૨	૭	—	—	૧૯
૧૯૧૬–૧૭	૨૭	૩	—	—	૩૦
૧૯૧૭–૧૮	૩૦	૬	—	—	૩૬
૧૯૧૮–૧૯	૩૧	૬	—	—	૩૭
૧૯૧૯–૨૦	૩૧	૧૨	—	—	૪૩
૧૯૨૦–૨૧	૨૮	૧૫	—	—	૪૩
૧૯૨૧–૨૨	૨૭	૧૧	—	—	૩૮
૧૯૨૨–૨૩	૩૨	૧૭	—	—	૪૯
૧૯૨૩–૨૪	૨૯	૧૪	—	—	૪૩
૧૯૨૪–૨૫	૩૭	૧૧	—	—	૪૮
૧૯૨૫–૨૬	૪૧	૧૧	—	—	૫૨
૧૯૨૬–૨૭	૪૧	૧૬	—	૧	૫૮
૧૯૨૭–૨૮	૪૫	૧૯	૫	૪	૭૩
૧૯૨૮–૨૯	૫૨	૨૧	૫	૫	૮૩
૧૯૨૯–૩૦	૫૮	૨૨	—	૨	૮૨
૧૯૩૦–૩૧	૭૩	૧૭	૨	૫	૯૭
૧૯૩૧–૩૨	૮૩	૧૫	૯	૬	૧૧૩
૧૯૩૨–૩૩	૭૨	૧૦	૧૩	૯	૧૦૪
૧૯૩૩–૩૪	૬૧	૨૬	૧૦	૧૦	૧૦૭
૧૯૩૪–૩૫	૭૨	૨૨	૧૦	૯	૧૧૩
૧૯૩૫–૩૬	૭૮	૧૮	૯	૮	૧૧૩
૧૯૩૬–૩૭	૮૦	૧૬	૯	૬	૧૧૧
૧૯૩૭–૩૮	૭૫	૧૭	૧૧	૫	૧૦૮
૧૯૩૮–૩૯	૮૦	૧૫	૧૫	૭	૧૧૭
૧૯૩૯–૪૦	૮૩	૧૫	૮	૧૨	૧૧૮

પરિશિષ્ટ

વાર્ષિક પરીક્ષાનાં પરિણામો (જુઓ પૃ. ૨૦)

વર્ષ	પરીક્ષા નહોતી	કેટલા બેઠા	ટકા
૧૯૧૫–૧૬	—	૧૮	૮૩
૧૯૧૬–૧૭	—	૨૮	૮૬
૧૯૧૭–૧૮	૮	૩૪	૮૫
૧૯૧૮–૧૯	૧૨	૨૪	૭૯
૧૯૧૯–૨૦	૧૩	૨૮	૮૬
૧૯૨૦–૨૧	૧૧	૨૮	૮૨
૧૯૨૧–૨૨	૮	૨૯	૬૨
૧૯૨૨–૨૩	૧૨	૨૯	૮૨
૧૯૨૩–૨૪	૭	૨૯	૫૮
૧૯૨૪–૨૫	૧૩	૩૪	૭૪
૧૯૨૫–૨૬	૧૩	૩૮	૫૮
૧૯૨૬–૨૭	૭	૫૧	૬૮
૧૯૨૭–૨૮	૧૨	૫૪	૮૨
૧૯૨૮–૨૯	૧૩	૭૦	૭૬
૧૯૨૯–૩૦	૧૩	૬૬	૭૬
૧૯૩૦–૩૧	૨૫	૬૦	૮૦
૧૯૩૧–૩૨	૧૪	૯૨	૭૭
૧૯૩૨–૩૩	૩૦	૭૫	૭૮
૧૯૩૩–૩૪	૧૫	૮૮	૭૭
૧૯૩૪–૩૫	૨૦	૮૮	૬૭
૧૯૩૫–૩૬	૨૫	૮૯	૬૫
૧૯૩૬–૩૭	૧૪	૯૫	૮૫
૧૯૩૭–૩૮	૩૧	૭૪	૭૫
૧૯૩૮–૩૯	૩૬	૭૮	૮૦
૧૯૩૯–૪૦	૧૯	૯૭	૯૪

પરિશિષ્ટ

બહારપડેલ ગ્રેન્યુએટોની સંખ્યા (જુઓ પૃ. ૨૧)

વર્ષ	લોન	પેઇંગ	હાફ-પેઈંગ	ટ્રસ્ટ	કુલ
૧૯૧૫-૧૬	—	૨	—	—	૨
૧૯૧૬-૧૭	૨	—	—	—	૨
૧૯૧૭-૧૮	૨	૩	—	—	૫
૧૯૧૮-૧૯	૪	—	—	—	૪
૧૯૧૯-૨૦	૭	૨	—	—	૯
૧૯૨૦-૨૧	૬	૩	—	—	૯
૧૯૨૧-૨૨	૩	૧	—	—	૪
૧૯૨૨-૨૩	૩	—	—	—	૩
૧૯૨૩-૨૪	૧	૧	—	—	૨
૧૯૨૪-૨૫	૫	૧	—	—	૬
૧૯૨૫-૨૬	૬	૨	—	—	૮
૧૯૨૬-૨૭	૩	૩	—	—	૬
૧૯૨૭-૨૮	૬	૪	—	—	૧૦
૧૯૨૮-૨૯	૧૦	૪	—	—	૧૪
૧૯૨૯-૩૦	૧૧	૨	—	—	૧૩
૧૯૩૦-૩૧	૪	૩	—	—	૭
૧૯૩૧-૩૨	૧૧	૨	૧	૧	૧૫
૧૯૩૨-૩૩	૧૦	૧	૧	૨	૧૪
૧૯૩૩-૩૪	૧૨	૨	૨	—	૧૬
૧૯૩૪-૩૫	૧૧	૧	—	—	૧૨
૧૯૩૫-૩૬	૧૪	૧	૧	—	૧૬
૧૯૩૬-૩૭	૧૬	૪	—	૩	૨૩
૧૯૩૭-૩૮	૧૦	૧	૧	—	૧૨
૧૯૩૮-૩૯	૭	૨	૧	—	૧૦
૧૯૩૯-૪૦	૧૬	૬	૩	૨	૨૭
	૧૮૦	૫૧	૧૦	૮	૨૪૯

પરિશિષ્ટ

ગ્રેજ્યુએટોનુ લાઈનવાર પત્ર (જુઓ પૃ. ૨૨)

	બી. એ.	બી. એસ. સી.	બી. કોમ.	બી. ઈ.	એમ. બી. બી. એસ.	એલ. સી. પી. એસ.	બી. એજી.	પરચુરણ
૧૯૧૫–૧૬	૨	–	–	–	–	–	–	–
૧૯૧૬–૧૭	૨	–	–	–	–	–	–	–
૧૯૧૭–૧૮	૪	–	૧	–	–	–	–	–
૧૯૧૮–૧૯	૨	–	૨	–	–	–	–	–
૧૯૧૯–૨૦	૬	૧	૨	–	–	–	–	–
૧૯૨૦–૨૧	૬	–	–	૧	૨	–	–	–
૧૯૨૧–૨૨	૧	–	–	૨	૧	–	–	–
૧૯૨૨–૨૩	–	–	–	–	૩	–	–	–
૧૯૨૩–૨૪	૧	–	–	–	૧	–	–	–
૧૯૨૪–૨૫	૧	૧	–	૧	૨	–	૧	૧
૧૯૨૫–૨૬	૨	–	૧	૧	૩	–	–	૧
૧૯૨૬–૨૭	૪	૧	–	–	૧	–	–	–
૧૯૨૭–૨૮	૩	૧	૧	૨	૨	–	–	૧
૧૯૨૮–૨૯	૨	૩	૧	૫	–	૧	–	૨
૧૯૨૯–૩૦	૧	૪	૨	૧	૩	૨	–	–
૧૯૩૦–૩૧	૩	–	૨	–	૧	–	૧	–
૧૯૩૧–૩૨	૫	૬	૩	૧	–	–	–	–
૧૯૩૨–૩૩	૨	૬	૩	૧	–	–	૧	૧
૧૯૩૩–૩૪	૩	૯	–	–	૧	૧	૧	૧
૧૯૩૪–૩૫	૩	૫	૨	–	–	–	–	૨
૧૯૩૫–૩૬	૬	૫	–	–	૩	–	૧	૧
૧૯૩૬–૩૭	૮	૪	૧	૧	૮	૧	–	–
૧૯૩૭–૩૮	૧	૪	૨	૧	૨	–	–	૨
૧૯૩૮–૩૯	૪	૧	૩	–	૨	–	–	–
૧૯૩૯–૪૦	૩	૫	૬	૧	૭	–	–	૫

બી. એ.	૭૫	એલએલ. બી. (ન્યુ)	૩
બી. એસસી.	૫૬*	એલ. એમ. ઈ.	૧
બી. કોમ.	૩૨	એલ. ઈ. ઈ.	૧
બી. ઈ.	૧૮	એલ. ટી. સી.	૧
એમ. બી.બી. એસ.	૪૨	વ્યાકરણ તીર્થ	૨
એલ. સી. પી. એસ.	૫	ન્યાય તીર્થ	૧
બી. એજી.	૫	એમ. એ.	૧
સેનીટરી એન્જીનિયરીંગ	૩		૨૪૬
એલ. ટી. એમ.	૩		

* આ સંખ્યામાં ૪ બી. એસસી. (ધ્લે- એન્ડ મીકે. એન્જીનિયરીંગ)—(બનારસ), તથા ૨ બી. એસસી. (માઇનીંગ મેટલર્જી) તથા ૫ બી. એસસી. (ઇન્ડસ્ટીયલ કેમીસ્ટ્રી) નો સમાવેશ થાય છે.

પરિશિષ્ટ

ડીગ્રી લઈ છૂટા થયેલા વિદ્યાર્થીઓનું લીસ્ટ. (જુઓ પૃષ્ઠ ૨૨)

૧૯૧૫-૧૬

૧	રમણિકલાલ મગનલાલ મોદી	અમદાવાદ	બી. એ.	રાષ્ટ્રસેવા, અમદાવાદ.
૨	હીરાલાલ મંછાચંદ શાહ	પાલણપુર	,,	સોલીસીટર–મેસર્સ શાહ એન્ડ કું., મુંબઈ.

૧૯૧૬-૧૭

૩	ઓધવજી ધનજી શાહ	ભાવનગર	બી. એ.	સોલીસીટર–મેસર્સ શાહ એન્ડ કું., મુંબઈ.
૪	મનસુખલાલ ઘરમસી મહેતા	રવની	,,	સ્ટેટ સર ન્યાયાધીશ (ચીફ જજ-ડીસ્ટ્રીક્ટ અને સેસન્સ જજ) અને ડેપ્યુટી કારભારી–થાણા દેવલી સ્ટેટ.

૧૯૧૭-૧૮

૫	ચંદુલાલ સારાભાઈ મોદી	અમદાવાદ	બી. એ.	વ્યાપાર–મેસર્સ સારાભાઈ એન્ડ કું., મુંબઈ.
૬	રતીલાલ હીરાચંદ શાહ	,,	,,	
૭	શકરાભાઈ અમરચંદ કાપડીયા	ખંભાત	,,	ખંભાત સ્ટેટ હાઈસ્કુલમાં હેડમાસ્તર.
૮	અંબાલાલ ચતુરભાઈ શાહ	પેટલાદ	,,	શિક્ષક, કરમસદ હાઈસ્કુલ, કરમસદ.
૯	ચુનીલાલ જીવરાજ શાહ	ધોલેરા	બી. કોમ.	વ્યાપાર–મેસર્સ દુર્લભજી ઉમેદચંદ એન્ડ કું., મુંબઈ.

૧૯૧૮-૧૯

૧૦	ચીમનલાલ મોતીલાલ પરીખ	ખેડા	બી. કોમ.	સેક્રેટરી, ધી ઇસ્ટ ઇન્ડિયા કોટન એસોસીએશન, મુંબઈ.
૧૧	ચીમનલાલ દલસુખભાઈ શાહ	ખંભાત	,,	મંત્રી, મજૂર મહાજન ખાદી હાટ અમદાવાદ.
૧૨	અંબાલાલ માણેકલાલ શાહ	સુરત	બી. એ.	મેનેજર, મેસર્સ બકુભાઈ અંબાલાલ-ની કું., કમ્પાલા.
૧૩	રતીલાલ માણેકલાલ જસાણી	રાજકોટ	,,	એલએલ. બી., પ્રેકટીસ, રાજકોટ.

૧૯૧૯-૨૦

૧૪	છગનલાલ નાનચંદ શાહ	સરભોણ	બી. કોમ.	નોકરી, મુંબઈ.
૧૫	હીરજી શીવજી શાહ	ભુજપુર	,,	વિમાનું કામકાજ, મુંબઈ.

૧૬	ભાઈલાલ બહેચરદાસ પરીખ	ખેડા	બી. એ.	દેવગત થયા.
૧૭	નગીનદાસ જગજીવનદાસ શાહ	નવસારી	,,	,, પી. એચડી. (લંડન).
૧૮	મયાભાઈ ઠાકરસી શાહ	અમદાવાદ	,,	નોકરી, મુંબઈ.
૧૯	ગોવિંદજી ઉજમસી શાહ	સીમજ (ધોલકા)	,,	દેવગત થયા.
૨૦	ચીમનલાલ ચુનીલાલ શેઠ	ખેડા	,,	શિક્ષક, એડવર્ડ મેમોરીઅલ હાઈસ્કુલ, ખેડા.
૨૧	દીપચંદ જીવણલાલ શાહ	ભાવનગર	બી. એસ.સી.	શિક્ષક, આલફ્રેડ હાઈસ્કુલ,ભાવનગર.
૨૨	અંબાલાલ લલ્લુભાઈ પરીખ	વડદલા	,,	એક્ષપોર્ટ ઈમ્પોર્ટનું કામકાજ, મુંબઈ.
		૧૯૨૦-૨૧		
૨૩	મોહનલાલ પીતાંબરદાસ શાહ	બુહારી	બી. એ.	ખાનગી ધંધો, બુહારી.
૨૪	દલસુખભાઈ મહીજીભાઈ શાહ	ઓડ	,,	ઝવેરાતનો વેપાર, મીનજ્જન (બર્મા).
૨૫	નાગજી કલ્યાણજી લાઠીયા	જેતપુર	,,	એલએલ. બી., થાણદાર, રાજકોટ.
૨૬	હીરાલાલ હાલચંદ દલાલ	પાલણપુર	,,	બાર-એટ-લો, મુંબઈમાં પ્રેકટીસ.
૨૭	ખીમચંદ ઝવેરચંદ શાહ	રાતા (પો. વાપી)	,,	એલએલ. બી., સુરતમાં પ્રેકટીસ.
૨૮	ગોવિંદચંદ ઝવેરચંદ શાહ	સરભોણ	,,	શિક્ષક, ચીખલી હાઈસ્કુલ, ચીખલી.
૨૯	નરોતમદાસ ચુનીલાલ કાપડીયા	લીંબડી	એમ. બી. બી. એસ.	ગોધરામાં પ્રેકટીસ.
૩૦	મોહનલાલ હાથીભાઈ તલાટી	દેહગામ	,,	દેહગામમાં પ્રેકટીસ.
૩૧	સોભાગ્યચંદ ખીમચંદ કોઠારી	લીંબડી	બી. ઈ.	એ. એમ. આઈ. ઈ., મેનેજર એન્ડ એન્જીનીયર ઈનચીફ-કચ્છ સ્ટેટ રેલ્વે.
		૧૯૨૧-૨૨		
૩૨	મોતીલાલ છગનલાલ સંઘવી	પાલીતાણા	એમ. બી. બી. એસ.	રંગુનમાં પ્રેકટીસ.
૩૩	પોપટલાલ ડાહ્યાભાઈ શાહ	પાટણ	બી. એ.	એલએલ. બી., મુંબઈમાં પ્રેકટીસ.
૩૪	છગનલાલ જીવનલાલ પારેખ	મહુવા	બી. ઈ.	આસીસ્ટન્ટ એન્જીનીયર-પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ, ભાવનગર.
૩૫	લક્ષ્મીચંદ ચુનીલાલ કાપડીઆ	લીંબડી	,,	ઈન્ડીઅન હ્યુમ પાઈપ કું., લી. ની જમશેદપુર ફેકટરીના મેનેજર.
		૧૯૨૨-૨૩		
૩૬	નેણસીભાઈ દેવકરણ શાહ	કોઠ	એમ. બી. બી. એસ.	ચીફ મેડીકલ ઓફીસર-લુણાવાડા સ્ટેટ.
૩૭	મોહનલાલ હેમચંદ શાહ	પારડી	,,	ડી. ટી. એમ (લીવરપૂલ) એડ. યુ. (વીયેના), મુંબઈમાં પ્રેકટીસ.
૩૮	ત્રીભોવનદાસ છોટાલાલ કાપડીયા	આમોદ	,,	આમોદમાં પ્રેકટીસ.
		૧૯૨૩-૨૪		
૩૯	સૌભાગ્યચંદ ઉમેદચંદ દોસી	મહુવા	બી. એ.	સોલીસીટર, મેસર્સ દોશી એન્ડ કું., મુંબઈ.
૪૦	ખુબચંદ વચ્છરાજ ગુગલીયા	રતલામ	એમ. બી. બી. એસ.	દેવગત થયા.

૧૯૨૪-૨૫

૪૧	અમૃતલાલ ઉજમસી શેઠ	સીયાણી (લીંબડી)	એમ. બી. બી. એસ	મોમ્બાસા (આફ્રીકા)માં પ્રેકટીસ.
૪૨	મોરારજી મોતીચંદ પટેલ	ધ્રોલ	,,	માંડલ જૈન દવાખાનામાં ડોકટર.
૪૩	ચંપકલાલ ડાહ્યાભાઈ શાહ	પાટણ	બી. એ.	સોલીસીટર–મેસર્સ ચંપકલાલની કું., મુંબઈ.
૪૪	હિંમતલાલ ગણેશમલ સરૂપ્રીયા	ઉદેપુર	બી. એસ. સી.	સીટી મેજીસ્ટ્રેટ અને સીવીલ જજ, નાથદ્વારા,
૪૫	સૌભાગ્યમલ ચંદનમલજી તલેસરા	ઉદેપુર	બી. એજી.	ફાર્મ સુપરિન્ટેન્ડન્ટ–ઇન્સ્ટીટ્યૂટ ઓફ પ્લાંટ ઇન્ડસ્ટ્રી, ઇંદોર.
૪૬	નગીનદાસ લ. ઇચ્છાપોરીઆ	રાંદેર	બી. ઈ.	ચીફ એન્જીનીયર, જવ્હાર સ્ટેટ.

૧૯૨૫-૨૬

૪૭	અમીચંદ જેઠાલાલ શાહ	વઢવાણ કેમ્પ	એમ. બી. બી. એસ.	આકોલા (બરાર) માં પ્રેકટીસ.
૪૮	રોશનસીંગ માલુમસીંગ ભંડારી	ઉદેપુર	,,	ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફીસર, ખારગોન (જી. નીમાર)
૪૯	ભગવાનદાસ મનસુખલાલ મહેતા	મોરબી	,,	મુંબઇમાં પ્રેકટીસ.
૫૦	પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી	સુરત	બી. એ.,બી.એસસી.	બેરીસ્ટર–એટ-લૉ, હાઇ કોર્ટ, મુંબઈ.
૫૧	વાડીલાલ મોહોકમલાલ શાહ	અમદાવાદ	બી. એ.	એલએલ. બી., અમદાવાદમાં પ્રેકટીસ.
૫૨	અમૃતલાલ જેઠાલાલ શાહ	આંકલાવ	બી. કોમ.	ઈન્કમટેકસ ઓફીસર, મુંબઈ.
૫૩	ઈશ્વરલાલ સોમચંદ કાપડીયા	ખેડા	એલ. એમ. ઈ.	ચીફ મકિનીકલ એન્ડ ઇલેકટ્રીકલ એન્જીનીયર ધી ગગલભાઈ જ્યુટ મીલ, કલકત્તા,
૫૪	ગોરધનદાસ કૂલચંદ શાહ	જુનાગઢ	બી. ઈ.	ડીવીઝનલ ઓફીસર–પબ્લીક વર્કસ ડીપાર્ટમેંટ, જુનાગઢ સ્ટેટ, ઉના.

૧૯૨૬-૨૭

૫૫	માલુમસીંગ ભાંવરલાલજી દોશી	ઉદેપુર	બી. એસસી., એમ. બી. બી. એસ.	પ્રીન્સીપલ મેડીકલ ઓફીસર, ઈડર સ્ટેટ, હિમતનગર
૫૬	જયંતિલાલ સુરચંદ્ર બદામી	સુરત	બી. એસસી.	પી. એચડી. (લંડન), મેનેજર ધી સ્વસ્તીક ઓઇલ મીલ્સ, મુંબઈ.
૫૭	દુર્લભજી હરખચંદ શેઠ	રાજકોટ	બી. એ.	એલએલ. બી., શીરસ્તેદાર રેવન્યુ બ્રાંચ, પોલીટીકલ એજન્ટની ઓફીસ, વઢવાણ કેમ્પ.
૫૮	મોહનલાલ હીરાચંદ શાહ	પાટણ	,,	ઝવેરાતનો વેપાર, મુંબઈ.
૫૯	અમીચંદ ચત્રભૂજ શાહ	વઢવાણ કેમ્પ	,,	એલએલ. બી., વઢવાણ કેમ્પમાં પ્રેકટીસ.
૬૦	હરગોવિંદ વીરપાળ શાહ	વણા	એમ. એ., એલએલ. બી.	એડવોકેટ. ઓ. એસ., હાઇ કોર્ટ, મુંબઇ.

૧૯૨૭-૨૮

૬૧	ગાંડાલાલ અંદરજી દોશી	વરસડા	એમ. બી. બી. એસ.	ગોંડલ સાર્વજનિક દવાખાનામાં દાક્તર.
૬૨	છોટાલાલ શંકરભાઈ પટેલ	નડીયાદ	,,	નડીયાદમાં પ્રેક્ટીસ.
૬૩	મણીલાલ માણેકચંદ શાહ	મહુધા	બી. કોમ.	ગવર્નમેંટ સહકારી મંડળમાં હેડ કલાર્ક, મુંબઈ.
૬૪	વિનાયક કુંવરજી શાહ	ભાવનગર	બી. એસસી.	ઇલેકટ્રીકલ એન્જીનીયર, યુનાઇટેડ ઇસ્ટર્ન એજન્સીઝ, મુંબઈ.
૬૫	ચીમનલાલ હીંમતલાલ સંઘવી	પાટણ ખેતરવસી	બી. એ.	એલએલ. બી., પાટણમાં પ્રેક્ટીસ.
૬૬	ચીમનલાલ ભાઈલાલ શેઠ	ખેડા	બી. એ.	એમ. એ., એલએલ. બી., વિલેપારલે સ્કુલમાં પ્રીન્સીપાલ.
૬૭	જેસીંગલાલ ચુનીલાલ શાહ	રાધનપુર	,,	એલએલ. બી., સરન્યાયાધીશ અને સેસનજજ, રાધનપુર સ્ટેટ.
૬૮	મણીલાલ ચુનીલાલ ભણસાલી	મહુધા	બી. ઈ.	મુંબઈમાં ફર્મ મેસર્સ ભણસાલી એન્ડ કું.
૬૯	શાંતિલાલ ગંભીરચંદ મહેતા	વળા	,,	વોટર વર્કસ સુપરવાઇઝર, ભાવનગર.
૭૦	મહોબ્બતસીંગ ડુંગરસીંગ મહેતા	રતલામ	આર. આઈ. એસ. ઈ.	ઇંદોર મ્યુનીસીપાલીટીમાં હેલ્થ ઓફીસર.

૧૯૨૮-૨૯

૭૧	હીંમતલાલ શામળદાસ દોશી	મહુધા	બી, એસસી.	એલએલ. બી., નડીયાદમાં પ્રેક્ટીસ
૭૨	પ્રાણજીવનદાસ વનેચંદ શાહ	મોરબી	,,	વડોદરા સ્ટેટ રેલ્વેમાં ડેપ્યુટી લોકો એન્ડ કેરેજ સુપરિન્ટેન્ડન્ટ.
૭૩	નગીનદાસ વાડીલાલ શાહ	દેવગઢબારીયા	,,	મુંબઈમાં નોકરી.
૭૪	મોહનલાલ લલ્લુભાઈ શાહ	વાડાસીનોર	બી. એ.	બાર-એટ-લો, મુંબઈમાં પ્રેક્ટીસ.
૭૫	બબાભાઈ કસ્તુરચંદ શાહ	ગુંજાલા	બી. કોમ.	એકચ્યુઅરી અને આસિ. મેનેજર, ધી ન્યુ ઇંડીયા ઇન્સ્યુરન્સ કું. લી. મુંબઈ.
૭૬	શાંતિલાલ ભોળાભાઈ શાહ	અમદાવાદ	એલ. સી. પી. એસ.	અમદાવાદમાં પ્રેક્ટીસ.
૭૭	લાલભાઈ ચીમનલાલ શાહ	,,	બી. એ.	એલએલ.બી.,અમદાવાદમાં પ્રેક્ટીસ.
૭૮	ચતુરદાસ મણીલાલ શાહ	ધ્રાંગધ્રા	બી. ઈ.	મેનેજર, ધી ઇન્ડીયન હ્યુમ પાઇપ કું. લી., પુના.
૭૯	ત્રંબકલાલ ડાહ્યાભાઈ સંઘવી	રાજકોટ	,,	સ્ટેટ એન્જીનીયર, રાજકોટ.
૮૦	વાડીલાલ મગનલાલ બાવીસી	ચોકડી (ચુડા)	,,	સબડીવીઝનલ ઓફીસર, વઢવાણ કેમ્પ.
૮૧	શાન્તિલાલ ડુંગરશી શાહ	કોઠ	,,	અમદાવાદ મ્યુનીસીપાલીટીમાં ઓવરસીયર.
૮૨	ચુનીલાલ ઝવેરચંદ શાહ	જેતપુર	,,	મુંબઈમાં ફર્મ-મેસર્સ શાહ એન્ડ સંઘવી.
૮૩	કાંતિલાલ મણીલાલ શેઠ	ખેડા	આર. આઈ. એસ. ઈ.	
૮૪	મગનલાલ હરીલાલ શાહ	સમીઆલા	,,	એલ. એસ. જી. ડી., ભરૂચ મ્યુનીસીપાલીટીમાં સેનીટરી ઇન્સ્પેકટર

૧૯૨૯-૩૦

૮૫	ભગુભાઈ નાનચંદ મોદી	ખેડા	એમ. બી. બી. એસ.	ખેડામાં પ્રેકટીસ.
૮૬	જીવરાજ અમરસી ધ્રુવ	વઢવાણ	,,	શેઠ અરજણ ખીમજી દવાખાનામાં દાક્તર, તેરા (કચ્છ)
૮૭	ઉમેદચંદ વાલજી દોશી	મહુવા	,, બી. એસસી.	લીલાબાઈ ધર્માર્થ દવાખાનામાં દાક્તર, વઢવાણ કેમ્પ.
૮૮	જેઠાલાલ સાંકળચંદ ઝવેરી	ભુજ		
૮૯	શાંતિલાલ કેશવલાલ પટેલ	ખેડા	,,	અમદાવાદ મીલમાં નોકરી.
૯૦	મોહનલાલ મોતીલાલ દલાલ	ઉદેપુર	,,	એમ. એસસી., પાયોનીયર સીંધ સ્યુગર મીલ્સમાં સ્યુગર કેમીસ્ટ, મોહડ્ડાનગર (સીંધ).
૯૧	ગીરધરલાલ કાળીદાસ સંઘવી	સેલણા (ભાવનગર સ્ટેટ)	,,	બી. ટી., વિજ્ઞાન શિક્ષક, એસ. આર. હાઈસ્કુલ, દેવગઢ-બારીઆ.
૯૨	ત્રીકમલાલ પુંજાભાઈ શાહ	ખેડા	બી. એ. બી. કોમ.	એલએલ. બી., ન્યાયાધીશ-માણસા સ્ટેટ.
૯૩	લાલભાઈ લલ્લુભાઈ પરીખ	અમદાવાદ		ઇન્કમટેક્ષ એકસપર્ટ, અમદાવાદ.
૯૪	કસ્તુરચંદ પ્રેમચંદ શાહ	કૈયલ	,,	વેપાર, મુંબઈ.
૯૫	હીંમતલાલ છોટાલાલ શાહ	લીંગસ્થલી	બી. ઈ.	જેનન ડંકરલી કુાં. લી. માં નોકરી, અમદાવાદ.
૯૬	ચંદુલાલ તુલજારામ શાહ	નાંદલી (કોલાપુર)	એલ. સી. પી. એસ.	કરાડમાં પ્રેકટીસ.
૯૭	રતીલાલ ઠાકરસી શાહ	કોઠ	,,	સાંજીવાડા, ખેડામાં પ્રેકટીસ.

૧૯૩૦-૩૧

૯૮	રસીકલાલ ચીમનલાલ શાહ	અમદાવાદ	એમ. બી. બી. એસ.	મેડીકલ ઓફીસર, અમદાવાદ મ્યુનિસિપાલિટી, અમદાવાદ.
૯૯	કાંતિલાલ હીરાલાલ શાહ	,,	બી. એ.	એલએલ. બી., અમદાવાદમાં પ્રેકટીસ.
૧૦૦	કાંતિલાલ પ્રેમચંદ સંઘવી	સાંતલપુર	,,	દેવગત થયા.
૧૦૧	પનાલાલ લાલચંદ ભંડારી	જાખુઆ	,,	બી. કોમ., એલએલ. બી., ડી. પી. એ (લંડન); વિમા કંપનીમાં નોકરી, મુંબઈ.
૧૦૨	શાંતિલાલ ઉમેદચંદ ચુડગર	ધ્રાંગધ્રા	બી. કોમ.	એલએલ. બી., ડીપાર્ટમેન્ટલ હેડ, કોન્સોલીડેટેડ એન્ડ ઇલેકટ્રીક એજન્સીઝ કુાં. લી., મુંબઈ.
૧૦૩	રતીલાલ ચીમનલાલ શાહ	અમદાવાદ	,,	મુંબઈમાં નોકરી.
૧૦૪	પુરૂષોત્તમદાસ લાલજી બાવીશી	લીયાદ (લીંબડી)	બી. એજી.	ઈમ્પીરીયલ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડીયા) લી.માં નોકરી, ભાવનગર.

૧૯૩૧-૩૨

૧૦૫	રતીલાલ હરજીવન મવાણી	વિંછીયા	બી. એ.	એલએલ. બી., ન્યાયાધીશ-જસદણ સ્ટેટ.

૧૦૬	નરોત્તમદાસ જેઠાલાલ પારેખ	માંગરોળ	બી. એ.	... ...
૧૦૭	સુમતીલાલ રતનચંદ પટણી	યેવલા	,,	એલએલ. બી., યેવલામાં પ્રેકટીસ.
૧૦૮	ભાનુભાઈ ત્રીભુવનદાસ શાહ	પાલણપુર	,,	એલએલ. બી., જ્યુડીશીયલ ખાતામાં ગવર્નમેંટ નોકરી, ગોધરા.
૧૦૯	મોતીલાલ મોહનલાલ કોઠારી	પાલણપુર	,,	એલએલ. બી., પાલણપુરમાં પ્રેકટીસ
૧૧૦	મગનલાલ ભગવાનજી શાહ	સાલેજ (જી.સુરત)	બી. એસસી.	મુંબઈમાં નોકરી.
૧૧૧	કરમચંદ દેવસી શાહ	ભુજ	,,	એલએલ. બી., ભુજમાં પ્રેકટીસ.
૧૧૨	હરિલાલ રવચંદ શાહ	લીંબોદરા	,,	અમદાવાદમાં સુતરનો વેપાર.
૧૧૩	શાન્તીલાલ ગુલાબચંદ શાહ	ભડકવા	,,	સ્કુલ શિક્ષક, છોટાઉદેપુર (રાજપીપળા સ્ટેટ).
૧૧૪	નાનચંદ જુઠાભાઈ મહેતા	રાજપુરા	,,	મુંબઈમાં ગ્રીવ્હસ ક્રોટન એન્ડ કોમ્પટન, પાર્કીન્સન લી૦ માં એન્જીનીઅરીંગ એસીસ્ટન્ટ.
૧૧૫	પદમસી પુરૂષોત્તમદાસ શાહ	ચોટીલા	,,	ગોદાવરી સુગરમીલમાં નોકરી, સાકરવાડી (અહમદનગર).
૧૧૬	ઝવેરચંદ નેમચંદ શેઠ	મીઆગામ	બી. કોમ.	વતનમાં વેપાર.
૧૧૭	ચંદુલાલ ઉમેદચંદ શાહ	આંગણજ	,,	અમદાવાદ મીલમાં નોકરી.
૧૧૮	કાન્તિલાલ નાથાલાલ શાહ	માંડલ	,,	અમદાવાદ એજ્યુકેશન સોસાયટીમાં નોકરી.
૧૧૯	કેશવલાલ દુર્લભજી પારેખ	રાજકોટ	બી. ઈ.	જુનાગઢ સ્ટેટમાં એન્જીનીયર.

૧૯૩૨-૩૩

૧૨૦	અમૃતલાલ દામોદરદાસ શાહ	માંગરોળ	બી. ઈ.	મેનેજર-સીમેન્સ (ઈન્ડીયા) લી.
૧૨૧	ચંદુલાલ જગજીવનદાસ શાહ	જુનાગઢ	બી. એસસી. (મેટ.)	એન્જીનીયર ઇન ચાર્જ, ડીઝલ એન્જીન્સ એન્ડ સ્ટીલ ડીપાર્ટમેંટ, મેસર્સ વીલીયમ જેકસ એન્ડ કું. લી., મુંબઈ.
૧૨૨	છોટાલાલ કેશવજી દોશી	વરસડા	,,	આસી૦ સુપરિન્ટેન્ડન્ટ, કાઉન એલ્યુ૦ વર્કસ, મુંબઈ.
૧૨૩	મગનલાલ ભીખાભાઈ શાહ	વલસાડ	બી. એ.	એલએલ. બી., સુરતમાં પ્રેકટીસ.
૧૨૪	કાંતિલાલ વાડીલાલ શાહ	વડોદરા	,,	એલએલ. બી., કડીમાં રજીસ્ટ્રેશન ઓફીસર.
૧૨૫	દીપચંદ ન્યાલચંદ વોરા	જાલીયા દેવાલી	બી. એસસી.	શિક્ષક, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ, રાજકોટ.
૧૨૬	કાંતિલાલ વલ્લભજી શાહ	વાંકાનેર	,,	એલએલ. બી., બાર-એટ-લો, વાંકાનેર સ્ટેટ રેવેન્યુ ઓફીસર.
૧૨૭	ભુજંગીલાલ જીવરાજ મહેતા	ભુજ	,,	
૧૨૮	રતીલાલ ઉજમશી શાહ	ભાવનગર	,,	એમ.એસ.સી.(માન્ચેસ્ટર), મદ્રાસ-મીલમાં નોકરી.
૧૨૯	કાંતિલાલ વાડીલાલ શાહ	દેવગઢબારીઆ	બી. કોમ	બી. કોમ. (લંડન), કેલીકો મીલમાં સેલ્સમેન, અમદાવાદ.
૧૩૦	તારાચંદ મોહનલાલ દોશી	ભુવા	,,	મુંબઈમાં નોકરી.
૧૩૧	વેલજી લધુભાઈ વસા	જામનગર	,,	કલકત્તામાં નોકરી.

૧૩૨	રંગીલદાસ ગોવિંદજી શાહ	બોટાણુ	બી. એજી.	એલેમ્બીક કેમીકલ વર્કસમાં નોકરી વડોદરા.
૧૩૩	કપુરચંદ તારાચંદ બરૈયા	ત્રાપજ	વ્યાકરણ તીર્થ	... ...

૧૯૩૩-૩૪

૧૩૪	ઝવેરભાઈ શંકરભાઈ સુતરીયા	નડીયાદ	બી. એસસી.	જીંજા (યુગાન્ડા), સ્યુગર મીલમાં નોકરી.
૧૩૫	નંદલાલ અમીચંદ દોશી	ટીમાણા	,,	મુંબઈમાં નોકરી.
૧૩૬	છગનલાલ પ્રેમચંદ શાહ	આમોદ	,,	રેવેન્યુ ખાતામાં નોકરી, જંબુસર.
૧૩૭	શાંતિલાલ મોતીલાલ પટણી	પેથાપુર	,,	મુંબઈમાં નોકરી.
૧૩૮	કાંતિલાલ મોતીલાલ શેઠ	ખેડા	બી. એસસી.	મુંબઈ હાઇકોર્ટમાં નોકરી.
૧૩૯	છોટાલાલ ગીરધરલાલ શાહ	કારોલ	,,	ધોરાજી હાઈસ્કુલમાં શિક્ષક.
૧૪૦	રસીકલાલ વાડીલાલ શેઠ	ખેડા	,,	એલએલ. બી., અમદાવાદમાં પ્રેકટીસ.
૧૪૧	પ્રેમચંદ કેશવલાલ શાહ	લીંગસ્થળી	,,	અમદાવાદમાં નોકરી
૧૪૨	અમૃતલાલ નરભેરામ ટોલીયા	રાજકોટ	,,	એલએલ. બી., જામનગર સ્ટેટમાં નોકરી
૧૪૩	અંબાલાલ ચુનીલાલ શાહ	પેથાપુર	એલ. સી. પી. એસ.	મુંબઈમાં પ્રેકટીસ.
૧૪૪	હરીલાલ નરભેરામ ટોલીયા	રાજકોટ	એમ. બી. બી. એસ.	જામનગર સ્ટેટ હોસ્પીતાલમાં આસી-સ્ટન્ટ સર્જન.
૧૪૫	હજારીમલ ભૈરાજી જૈન	અરણપુરા	બી. એજી.	બીકાનેર (રજપુતાના) માં નોકરી.
૧૪૬	શાંતિલાલ જેઠાલાલ ઝવેરી	ધોલેરા	બી. એ.	એલએલ. બી., અમદાવાદમાં પ્રેકટીસ.
૧૪૭	કેશરીચંદ ચુનીલાલ બદામી	સુરત	બી. એ.	એલએલ. બી., સુરતમાં પ્રેકટીસ.
૧૪૮	કાંતિલાલ જેશીંગભાઈ દલાલ	અમદાવાદ	,,	એલએલ. બી., અમદાવાદમાં પ્રેકટીસ.
૧૪૯	સરદારમલ કસ્તુરચંદ જૈન	સાંડેરાવ	ન્યાય તીર્થ, વ્યાકરણ તીર્થ.	જ્યોતિષનો વિશેષ અભ્યાસ.

૧૯૩૪-૩૫

૧૫૦	હીરાલાલ ખીમચંદ શાહ	પાંથાવાડા	બી. એ.	એલએલ. બી., મીરજમાં વ્યાપાર.
૧૫૧	અમરચંદ ચંદુલાલ ઝવેરી	સુરત	,,	મુંબઈમાં નોકરી.
૧૫૨	કીશોરલાલ હીરાલાલ ગાંધી	પેથાપુર	,,	એમ. એ., મુંબઈમાં નોકરી.
૧૫૩	જયંતીલાલ સાંકળચંદ શાહ	અમદાવાદ	બી. કોમ.	એ. એસ. એ. એ., એ. એ. આઈ. એ., લંડનમાં નોકરી.
૧૫૪	શકરાભાઈ હઠીસીંગ શાહ	કૈયલ	,,	એલએલ. બી., મહેસાણામાં પ્રેકટીસ.
૧૫૫	નગીનદાસ વિઠ્ઠલદાસ શાહ	ભાવનગર	બી. એસસી.	એમ. એસસી., સ્કોટીશ ઓર્ફનેજના વિજ્ઞાનવિભાગમાં નોકરી.
૧૫૬	રમણીકલાલ પ્રભુદાસ શાહ	,,	,,	મુંબઈમાં નોકરી.
૧૫૭	ચંદ્રકાન્ત નાથાલાલ કાપડીઆ	સંદેર	,,	સ્યુગર ટેકનોલોજીસ્ટ.
૧૫૮	રેવાશંકર વનેચંદ શાહ	મોરબી	,,	રાજકોટમાં વ્યાપાર.

૧૫૯	લાલચંદ ભાઇલાલ શાહ	પાદરા	,,	વડોદરા, કલાભુવનમાં પ્રોફેસર.
૧૬૦	માધવલાલ નથુદાસ શાહ	તેલ્હારા	એલ. ઈ. ઈ.	જ્યુપીટર મીલ્સ લી., અને અમદાવાદ જયભારત મીલ્સ લી. માં ઇલેકટ્રીકલ એન્જીનીયર.
૧૬૧	ચીમનલાલ વીઠ્ઠલદાસ ભેલાણી	વરતેજ	વ્યાકરણ તીર્થ	... ...

૧૯૩૫-૩૬

૧૬૨	નગીનદાસ ત્રીભોવનદાસ પારેખ	મોરબી	એમ. બી. બી. એસ.	મુંબઇમાં પ્રેકટીસ તથા માટુંગા સાર્વજનિક દવાખાનામાં મેડીકલ ઓફીસર.
૧૬૩	નટવરલાલ રતનલાલ દાણી	આંતરસુંબા	,,	આઈ. એમ. એસ., કવેટા.
૧૬૪	મણીલાલ ભીમજી શાહ	વાધપુર	,,	ભાવનગર દવાખાનામાં દાક્તર.
૧૬૫	કપુરચંદ રાયચંદ મહેતા	ભુવા	બી. એ.	તબીયતના કરણે વતનમાં.
૧૬૬	અમૃતલાલ જયચંદ દોશી	પાલણપુર	,,	એલએલ. બી., ખીરસરા સ્ટેટ (વેસ્ટર્ન કાઠીયાવાડ એજન્સી) માં ન્યાયાધીશ.
૧૬૭	પુનમચંદ પ્રેમચંદ શાહ	માણેકપુર	બી. એ.	અહિંસક વ્યાયામ સંઘમાં, મલાડ.
૧૬૮	બાબુભાઇ લલ્લુભાઇ શાહ	ઉમેટા	,,	દેવગત થયા.
૧૬૯	શાંતિલાલ વાડીલાલ શાહ	રામપુરા	,,	એલએલ. બી., અમદાવાદમાં વકીલાત.
૧૭૦	સુંદરલાલ હીરાલાલ ગાંધી	પેથાપુર	,,	મુંબઇમાં નોકરી.
૧૭૧	નગીનદાસ પોપટલાલ શાહ	મહુવા	બી. એસસી.	,, ,,
૧૭૨	રીખવચંદ દલીચંદ શાહ	જતરાલ	,,	એલએલ. બી., વિજાપુરમાં પ્રેકટીસ
૧૭૩	હીરાલાલ ભાણજી શાહ	ભાવનગર	,,	પોરબંદર સ્ટેટમાં આસીસ્ટન્ટ ટુ ધી કેમીકલ એનેલાઇઝર.
૧૭૪	જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ	કોઠ	,,	દેવગત થયા.
૧૭૫	વિનયચંદ શાંતિચંદ મહેતા	અમદાવાદ	,,	મુંબઇમાં ટેકનોલોજીસ્ટ.
૧૭૬	શાંતિલાલ પુનમચંદ શાહ	ગાંભુ	બી. એજી.	હાંસોટમાં નોકરી.
૧૭૭	હરખચંદ હેમચંદ શાહ	કરજત	એમ. એ.	નીપાણી મ્યુનિસિપલ હાઇસ્કુલમાં શિક્ષક.

૧૯૩૬-૩૭

૧૭૮	ઠાકરસી ખુશાલચંદ વોરા	માંડલ	એમ. બી. બી.એસ.	જૈન દવાખાનામાં દાકતર, મુંબઇ.
૧૭૯	કાંતિલાલ લીલાધર મહેતા	જામનગર	,,	મુંબઇમાં પ્રેકટીસ.
૧૮૦	છગનલાલ રૂપચંદ શાહ	વરાડ (સુરત)	,,	બારડોલીમાં પ્રેકટીસ.
૧૮૧	કાંતિલાલ દીપચંદ મણીઆર	વિશનગર	,,	સુરતમાં પ્રેકટીસ તથા મેડીકલ ઓફીસર-એન્ટી.ટી. બી. હોસ્પીતાલ; એાન. મેડીકલ ઓફીસર–ટી.બી. કલીનીક સીવીલ હોસ્પીતાલ.
૧૮૨	ચુનીલાલ નરહરભાઇ પટેલ	નાર	,,	મસકા (યુગાન્ડા) માં પ્રેકટીસ.
૧૮૩	ચંપકલાલ આશારામ મહેતા	ઇડર	,,	એસીસ્ટન્ટ સર્જન, ઇડર સ્ટેટ ડીસ્પેન્સરી, બાયડ.

૧૮૪	પનાલાલ અમૃતલાલ શાહ	અમદાવાદ	,,	રેસીડન્ટ મેડીકલ ઓફીસર–ભાટીયા જનરલ હોસ્પીતાલ, મુંબઈ.
૧૮૫	સોભાગચંદ ભોળાભાઈ શાહ	,,	,,	એમ. એસ., કન્સલ્ટીંગ સર્જન, અમદાવાદમાં પ્રેકટીસ.
૧૮૬	નગીનદાસ પાનાચંદ શાહ	અગાશી	એલ. સી. પી. એસ.	એલ. એમ. (ડબ્લીન), એડ. યુ. (વીયેના); મુંબઈમાં પ્રેકટીસ.
૧૮૭	શાંતિલાલ ચીમનલાલ સંઘવી	સુરત	બી. કોમ.	શેર બ્રોકર અને ઝવેરી.
૧૮૮	નાથાલાલ પ્રેમચંદ શાહ	ઈચ્છાપોર	બી. એ.	મુંબઈમાં શિક્ષક.
૧૮૯	ચિનુભાઈ ગિરધરલાલ શાહ	પાટણ	,,	એલએલ. બી., રાષ્ટ્રસેવા.
૧૯૦	રતીલાલ શંકરલાલ શાહ	કપડવંજ	,,	એલએલ. બી., કપડવંજમાં પ્રેકટીસ
૧૯૧	રસીકલાલ ગોકળદાસ શાહ	મંચર	,,	એમ. એ., સુરત કોલેજમાં લેકચરર
૧૯૨	શાંતિચંદ કેશરીચંદ ઝવેરી	સુરત	,,	એલએલ. બી., એડવોકેટ, મુંબઈમાં પ્રેકટીસ.
૧૯૩	જેસીંગલાલ દલસુખભાઈ શેઠ	રાધનપુર	,,	એલએલ. બી., શેર બજારમાં નોકરી, મુંબઈ.
૧૯૪	ચીમનલાલ વર્ધમાન શાહ	વઢવાણ શહેર	,,	એલએલ. બી., લક્ષ્મીબેંક બી.માં નોકરી, મુંબઈ.
૧૯૫	ગૌતમલાલ અમુલખ શાહ	ધલોલ	,,	એલએલ. બી., એડવોકેટ, મુંબઈમાં પ્રેકટીસ.
૧૯૬	મણીલાલ બાલુશા ગુજરાતી	અમલનેર	બી. એસસી.	એલએલ. બી., અમલનેરમાં પ્રેકટીસ
૧૯૭	માણેકલાલ ખીમચંદ બગડીયા	બોટાદ	બી. એસસી.	શિક્ષક, હેરીસ હાઇસ્કુલ, પાલીતાણા.
૧૯૮	ચીમનલાલ કસળચંદ મવાણી	મેંદરડા	,,	એમ. એસસી., સેંટ ઝેવીયર્સ કોલેજમાં ફેલો, મુંબઈ.
૧૯૯	ચતુરસીંગ રઘુનાથસીંગ ખાખીયા	ઉદેપુર	,,	ભારત વનસ્પતી પ્રોડકટસ લી. ના કેમીસ્ટ, પાચોરા, (પૂ. ખાનદેશ).
૨૦૦	જેકીસનદાસ મગનલાલ શાહ	આમધરા	બી. ઈ.	ધી ઈન્ડીયન હ્યુમ પાઇપ કું. માં એન્જીનીયર, જમશેદપુર.

૧૯૩૭–૩૮

૨૦૧	લીલાચંદ દામોદરદાસ શાહ	કુનુર (બેલગામ)	એમ. બી. બી. એસ.	પુનામાં પ્રેકટીસ.
૨૦૨	જયંતિલાલ મણીલાલ પટણી	પાટણ	,,	મુંબઈમાં પ્રેકટીસ.
૨૦૩	મહેંદ્રલાલ સુખલાલ શાહ	ધોળકા	બી. એસસી.	અમદાવાદમાં નોકરી.
૨૦૪	મદનલાલ ઠાકોરદાસ શાહ	રાંદેર	,,	એલએલ. બી. નો અભ્યાસ તથા નોકરી, મુંબઈ.
૨૦૫	સુમતિલાલ લાલચંદ મ્હેતા	ગોંડલ	,,	એમ. બી. બી. એસ., રેસીડન્ટ મેડીકલ ઓફીસર–ઈરાની હોસ્પીતાલ, મુંબઈ.
૨૦૬	લાલચંદ નાનચંદ શાહ	ચકસંબા	બી. કોમ.	બેંક ઓફ ઈન્ડીયા લી. માં નોકરી, મુંબઈ.
૨૦૭	ડાલચંદજી ડાગા	ગાડરવાળા	,,	વતનમાં વ્યાપાર.
૨૦૮	રતીલાલ નરસીભાઈ શેઠ	વાંકાનેર	બી. એ.	અમદાવાદમાં શિક્ષક
૨૦૯	કાંતિલાલ ડુંગરશી શાહ	કોઠ	બી. ઈ.	અમદાવાદ મ્યુનીસીપાલીટીમાં ઓવરસીયર.

૨૧૦	લાલચંદ કસ્તુરચંદ શાહ	જગડીયા	બી. એસસી. (ઈ. મી.)	મેસર્સ ગારલીક એન્ડ કું. માં એન્જીનીયર, મુંબઈ.
૨૧૧	ગીરધરલાલ અમુલખ શેઠ	રાજકોટ	એલ. ટી. એમ.	મીલમાં નોકરી, મુંબઈ.
૨૧૨	મગનલાલ ચુનીલાલ મેહતા	યકસંબા	,,	મીલમાં નોકરી, ભાવનગર.
		૧૯૩૮-૩૯		
૨૧૩	જયંતિલાલ ચંદુલાલ શ્રોફ	પાટણ	એમ. બી. બી. એસ.	મુંબઈમાં પ્રેકટીસ.
૨૧૪	છોટાલાલ મોતીલાલ પટવા	અહમદનગર	,,	નાસીકમાં પ્રેકટીસ.
૨૧૫	સેવંતીલાલ ચીમનલાલ શાહ	પાટણ	બી. એસસી.	ખાનગી શિક્ષક, મુંબઈ.
૨૧૬	દલીચંદ વનેચંદ મહેતા	ગાળા	બી. કોમ.	રંગુનમાં નોકરી.
૨૧૭	ઈન્દુલાલ ભોગીલાલ મહેતા	અમરેલી	,,	એલએલ. બી., નેપચ્યુન એસ્યુરન્સ કું. ના એજન્સી મેનેજર મુંબઈ.
૨૧૮	જસવંતલાલ ચુનીલાલ શાહ	કપડવજ	,,	મુંબઈમાં વેપાર.
૨૧૯	અંબાલાલ ડુંગરદાસ શાહ	મેથાપુર	બી. એ.	એલએલ. બી. પુનામાં સ્કુલ શિક્ષક.
૨૨૦	હરગોવનદાસ મોતીલાલ ગુજરાતી	અહમદનગર	,,	મુંબઈમાં એલએલ. બી. નો અભ્યાસ.
૨૨૧	કાંતિલાલ ભવાનદાસ સંઘવી	ભાવનગર	,,	મુંબઈમાં શિક્ષક.
૨૨૨	ચીમનલાલ મોહનલાલ શાહ	લીંબડી	,,	કરાંચીમાં નોકરી.
		૧૯૩૯-૪૦		
૨૨૩	મગનલાલ સુખલાલ દોશી	જેતપુર	બી. એસસી. (ઈ. મી.)	દરભંગામાં નોકરી.
૨૨૪	લલ્લુભાઈ નિહાલચંદ શાહ	યવાણા	,,	પુનામાં નોકરી.
૨૨૫	જયંતિલાલ કેશવલાલ શાહ	અમદાવાદ	બી. એસસી.	અમદાવાદમાં નોકરી.
૨૨૬	ચુનીલાલ કપુરચંદ મહેતા	વડાલ	,,	શિક્ષક, શેઠ કે. ડી. વી. હાઈસ્કુલ, જોડિયા.
૨૨૭	ચંદુલાલ સકરચંદ ભાવસાર	ખેડા	,,	ભરતખંડ ટેક્ષ્ટાઈલ મીલમાં નોકરી, અમદાવાદ.
૨૨૮	લાલચંદ સુખલાલ શાહ	મોરબી	એમ. બી. બી. એસ.	ઘાટકોપરમાં પ્રેકટીસ.
૨૨૯	છોટાલાલ જગજીવનદાસ શાહ	જુનાગઢ	,,	ઇન્ડીયન મેડીકલ સર્વીસ. ખડકી (પુના).
૨૩૦	નરભેરામ ગુલાબચંદ શાહ	અમરેલી	,,	આર્થરરોડ હોસ્પીતાલમાં હાઉસમેન, મુંબઈ.
૨૩૧	બચુભાઈ ઝવેરચંદ મહેતા	ચલાલા	,,	કે. ઈ. એમ. હોસ્પીતાલમાં હાઉસ સર્જન અને એમ. એસ. નો અભ્યાસ, મુંબઈ.
૨૩૨	હીરાભાઈ અમૃતલાલ શાહ	હરસોલ	,,	ધનસુરામાં પ્રેકટીસ. (એ. પી. રેલ્વે.)
૨૩૩	ત્રંબકલાલ મગનલાલ દેસાઈ	વાંકાનેર	,,	વાંકાનેરમાં પ્રેકટીસ (કાઠીયાવાડ).
૨૩૪	ચતુરદાસ ત્રીકમજી દડીયા	જામનગર	,,	જી. ટી. હોસ્પીતાલમાં કેઝયુઅલ્ટી મેડીકલ ઓફીસર, મુંબઈ.

૨૩૫	નેમચંદ મોહનલાલ શાહ	ખંભાત	બી. કોમ.	મુંબઈમાં શિક્ષક.
૨૩૬	બાબુલાલ મગનલાલ ગાંધી	સુરત	,,	એમ. કોમ. તથા એલએલ. બી., નો અભ્યાસ, મુંબઈ.
૨૩૭	ભાઇચંદ નાગજી શાહ	વાંકાનેર (સુરત)	,,	જીંઝા (આફ્રીકા) માં નોકરી.
૨૩૮	છબીલાલ મોહનલાલ સંઘવી	મોરબી	,,	વતનમાં રૂનો વેપાર.
૨૩૯	રતીલાલ વલ્લભજી વોરા	વેરાવળ	,,	
૨૪૦	કનુભાઈ લલ્લુભાઈ મહેતા	મહુધા	,,	વિદ્યાલયમાં રહીને એમ. કોમ.નો અભ્યાસ.
૨૪૧	ગિરધારીસીંગ મોતીલાલજીસુરાણા	ઉદેપુર	એલ. ટી. સી.	આસી. બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ માસ્તર–શ્રીરામ મીલ્સ. લી., મુંબઈ.
૨૪૨	ભાંવરસીંગ દોલતસીંગજી સુરાણા	,,	એલ. ટી. એમ.	આસી. કાર્ડીંગ એન્ડ સ્પીનીંગ માસ્તર, બ્રેડબરી મીલ્સ લી., મુંબઈ.
૨૪૩	બિપીનચંદ્ર જીવણચંદ્ર ઝવેરી	સુરત	બી. એ.	એમ. એ. નો અભ્યાસ, મુંબઈ.
૨૪૪	રતીલાલ ભીખુભાઈ ગુજરાતી	અહમદનગર	,,	,, ,,
૨૪૫	રમણલાલ વાડીલાલ શાહ	બોરસદ	,,	,, ,,
૨૪૬	મનસુખલાલ રાજપાલ ટોલીયા	ટંકારા	બી. ઈ.	મુંબઈમાં નોકરી.
૨૪૭	વ્રજલાલ પાનાચંદ મહેતા	વાંકાનેર	ન્યુ. એલએલ. બી.	એલ. એલ. બી.,
૨૪૮	મનુભાઈ કેશવલાલ શાહ	અમદાવાદ	,,	,, અભ્યાસ ચાલુ
૨૪૯	ભાસ્કર વિઠ્ઠલદાસ શાહ	ભાવનગર	,,	,, ,, ,,

પરિશિષ્ટ

ડીગ્રી લીધા સીવાય છુટા થયેલા વિદ્યાર્થીઓ (જુઓ પૃ. ૨૨)

૧૯૧૫-૧૬

નંબર	ગામ	નામ	અભ્યાસ	હાલ શું કરે છે
૧	તલકચંદ ચુનીલાલ શાહ	મણુંદ	પ્રિવિયસ	બી. એજી., ભાવનગર સ્ટેટમાં નોકરી.
		૧૯૧૬-૧૭		
૨	પ્રાણજીવન મકનજી મહેતા	મુંબઈ	,,	...
૩	મોતીલાલ ધરમચંદ કોઠારી	પાલણપુર	,,	પાલનપુર સ્ટેટમાં નોકરી.
૪	સૌભાગ્યચંદ નેમચંદ શ્રોફ	પારડી	,,	...
૫	હરિચંદ શિવચંદ ધારીવાલ	અજમેર	,,	...
૬	ધરમચંદ તારાચંદ ખાખરા	પોરબંદર	,,	મુંબઇમાં રૂનો વેપાર.
		૧૯૧૭-૧૮		
૭	જગમોહનદાસ કલ્યાણજી ચિનાઇ	ધોરાજી	બી. એ.	નેશનલ વિમા કું.માં નોકરી, કલકત્તા.
૮	દલપતરાય વિઠ્ઠલદાસ મહેતા	વળા	ઈન્ટર કોમર્સ	દેવગત થયા.
૯	મોતીલાલ મગનલાલ મોદી	વડોદરા	એમ. બી. બી. એસ. ૧ લું વર્ષ	શિક્ષક, શ્રી સયાજી હાઈસ્કુલ, વડોદરા.
૧૦	કસ્તુરમલ મગનલાલ બાંઠીયા	અજમેર	જુનીયર બી. કોમ.	...
		૧૯૧૮-૧૯		
૧૧	હિંમતલાલ ડાહ્યાભાઈ શાહ	અમદાવાદ	ઇન્ટર આર્ટસ	
૧૨	જેઠાલાલ માનસીંગ દામાણી	રાજકોટ	એમ. બી. બી. એસ. ૧ લું વર્ષ.	એમ. બી. બી. એસ., એફ્. આર. એફ્. પી. એચ., ડી. એલ. ઓ. (લંડન), ડી. ઓ. (ઓકસન), ડી. ઓ. એમ. એસ્. (લંડન). મુંબઇમાં પ્રેકટીસ તથા સેંટ જ્યોર્જીસ હોસ્પીતાલમાં ઓનરરી સર્જન.
૧૩	અમૃતલાલ મોતીચંદ દોશી	મહુવા	ઈન્ટર આર્ટસ.	માંડલે (બર્મા) માં લાકડાનો વેપાર.
૧૪	મગનલાલ જેચંદ શાહ	વલસાડ	પ્રિવિયસ	બી. ઇ., સીંધ પી. ડબલ્યુ. ડી. માં આસિ. એન્જીનીયર.
૧૫	મંગળદાસ ગિરધરલાલ શાહ	ગોધરા	,,	
૧૬	નરોતમદાસ ધરમસી શાહ	માંગરોળ	સીનીયર બી. એ.	...
૧૭	પ્રાગજી વિરજી શાહ	જામનગર	એમ. બી. બી. એસ. ૧ લું વર્ષ.	એકમી મેન્યુફેકચરીંગ કું.માં હેડ-કલાર્ક, મુંબઈ.
૧૮	ફકીરચંદ મગનલાલ બદામી	સુરત	પ્રિવિયસ	પ્રોપ્રાયટર, ધી જૈન વિજયાનંદ પ્રી. પ્રેસ., સુરત.

નંબર	નામ	ગામ	અભ્યાસ	હાલ શું કરે છે
૧૯	નરસીદાસ મુળજી શાહ	લીંબડી	જુનીયર બી. એસસી.	પ્રોફેસર–ગુજરાત કોલેજ,અમદાવાદ.
૨૦	સાંકલચંદ હકમચંદ દોશી	ઉમેટા	ઈન્ટર આર્ટસ	પુના મ્યુનિસિપાલિટીમાં સ્કુલ શિક્ષક.
		૧૯૧૯-૨૦		
૨૧	ઉત્તમચંદ લલ્લુભાઈ ઝવેરી	ભરૂચ	બી. એ.	...
૨૨	ચીમનલાલ મોતીલાલ શાહ	અમદાવાદ	એમ. બી.બી. એસ. ૨ જું વર્ષ.	અમદાવાદમાં પ્રેકટીસ.
૨૩	હીરાલાલ ભોગીલાલ શાહ	પાટણ	ઈન્ટર આર્ટસ.	ઝવેરાતનો વેપાર.
૨૪	પોપટલાલ નરોત્તમદાસ શાહ	મુંબઈ	,,	મુંબઇમાં નોકરી.
૨૫	નાનચંદ ગોવિંદજી શાહ	લીંબડી	ઈન્ટર કોમર્સ.	બરવાળામાં શિક્ષક.
૨૬	ચીમનલાલ ઉજમસી શાહ	બોટાદ	ઈન્ટર આર્ટસ.	સુપરિન્ટેન્ડન્ટ, જ્યુપીટર જનરલ ઇન્સ્યુરન્સ કું. લી., મુંબઈ.
		૧૯૨૦-૨૧		
૨૭	મોહનલાલ કેવળચંદ ઇચ્છાપોરીયા	રાંદેર	ઈન્ટર આર્ટસ	એલએલ. બી., સુરતમાં પ્રેકટીસ.
૨૮	અમીચંદ મુળજી શાહ	લીંબડી	પ્રિવિયસ	રંગુનમાં નોકરી.
૨૯	રામજી મંગળજી મહેતા	મોરબી	,,	મોરબી સ્ટેટમાં નોકરી.
૩૦	ઉત્તમચંદ દીપચંદ શાહ	ધમણાદ (જી. ભરૂચ)	ઈન્ટર આર્ટસ	ગ્રામ્યસેવા, બારડોલી.
૩૧	હિંમતલાલ ગોપાળજી મહેતા	જામનગર	,,	મુંબઈમાં નોકરી.
૩૨	નાનાલાલ ભાઈલાલ શાહ	અમદાવાદ	એમ. બી. બી. એસ. ૨ જું વર્ષ.	...
૩૩	ચીમનલાલ રીખવચંદ કોઠારી	પાલણપુર	ઈન્ટર આર્ટસ	મદ્રાસમાં ઝવેરાતનો વેપાર.
૩૪	ચંદુલાલ નાનચંદ શાહ	સરભોણ	ઈન્ટર સાયન્સ	દેવગત થયા.
૩૫	વિઠ્ઠલદાસ પોપટલાલ શાહ	ચાણસ્મા	જુનીયર બી. એ.	...
		૧૯૨૧-૨૨		
૩૬	ચીમનલાલ મણીલાલ શાહ	અમદાવાદ	એમ. બી. બી. એસ. ૩ જું વર્ષ.	અમદાવાદમાં પ્રેકટીસ.
૩૭	ચિનુભાઈ મગનલાલ શાહ	,,	,,	...
૩૮	ચંપકલાલ હેમચંદ શાહ	પારડી	સીનીઅર બી. કોમ.	ધી ઈસ્ટ ઇન્ડીયા કોટન એસોસી-એશનમાં નોકરી, મુંબઈ.
૩૯	રાજારામ રાયચંદ શાહ	સંગપુર	પ્રિવિયસ	વિહાર ગુજરાતી સ્કુલમાં હેડમાસ્તર, સંગપુર.
૪૦	ચીમનલાલ સોમચંદ શાહ	ખેડા	જુનીયર બી. એ.	બી. એ., પોલીસ પ્રોસીક્યુટર, ખેડા.
૪૧	દેવીદાસ કનૈયાલાલ લોઢા	ઉદેપુર	પ્રિવિયસ	દેવગત થયા.
૪૨	રતીલાલ ત્રીભોવનદાસ શાહ	ભાવનગર	ઈન્ટર સાયન્સ	,,
		૧૯૨૨-૨૩		
૪૩	વાડીલાલ લહેરચંદ શાહ	વઢવાણ	પ્રિવિયસ	અમદાવાદમાં શિક્ષક.

નંબર	નામ	ગામ	અભ્યાસ	હાલ શું કરે છે
૪૪	વર્ધમાન ગુલાબચંદ શાહ	વઢવાણ	એમ. બી. બી. એસ. ૩ જુ વર્ષ.	એમ. બી. બી. એસ., પ્રેકટીસ. ...
૪૫	હરિચંદ માણેકચંદ શાહ	સમઢીઆળા	ઇન્ટર આર્ટર્સ	વતનમાં વેપાર.
૪૬	મગનલાલ પરમાનંદ પાતાણી	તાળજા	પ્રિવિયસ	
૪૭	નંદલાલ લાલચંદ ધ્રુવ	વઢવાણ કેમ્પ	એમ. બી. બી. એસ. ૩ જું વર્ષ.	એમ. બી. બી. એસ., પ્રેકટીસ.
૪૮	હિંમતલાલ હીરાલાલ શાહ	પેથાપુર	,,	જૈન વિ. શ્રી. દવાખાનામાં મેડીકલ ઓફીસર, અમદાવાદ.
૪૯	પોપટલાલ વીરપાળ મહેતા	વાંકાનેર	ઇન્ટર સાયન્સ	એમ. બી. બી. એસ., પ્રેકટીસ.
૫૦	ચંદુલાલ વર્ધમાન શાહ	વઢવાણ સીટી	ઇન્ટર આર્ટર્સ.	વ્યાપાર, ઇન્ડસ્ટ્રીઅલ એન્જીનીઅરીંગ કું., મુંબઈ.
૫૧	ડાહ્યાભાઈ મગનલાલ શાહ	ભરૂચ	સીનીયર બી. એ.	...
૫૨	રતીલાલ અમરચંદ કોઠારી	મોરબી	એમ. બી. બી. એસ. છેલ્લું વર્ષ.	દેવગત થયા.
૫૩	દલસુખભાઇ નગીનદાસ શાહ	બોરસદ	બી. ઈ. છેલ્લું વર્ષ.	બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે ઓફીસમાં નોકરી.
		૧૯૨૩-૨૪		
૫૪	વાડીલાલ નંદલાલ શાહ	વડોદરા	જી. ડી. એ.	રેલ્વે ક્રેઇટ ઓફીસર, વડોદરા સ્ટેટ.
૫૫	માણેકલાલ મગનલાલ શાહ	વડોદરા	એમ. બી. બી. એસ. છેલ્લું વર્ષ.	દેવગત થયા.
૫૬	કેશવલાલ સોમચંદ શાહ	ખેડા	ઇન્ટર સાયન્સ	પોસ્ટ ઓફીસમાં નોકરી, ખેડા.
		૧૯૨૪-૨૫		
૫૭	બાબુલાલ મોતીલાલ મોદી	વડોદરા	જી. ડી. એ.	ઝવેરાતનો વ્યાપાર, મુંબઈ.
૫૮	પ્રભુદાસ ગોપાળજી મહેતા	જામનગર	પ્રિવિયસ	મુંબઇમાં વિમાનું કામકાજ.
૫૯	છોટાલાલ મોહનલાલ શેઠ	ખેડા	,,	પોસ્ટ ઓફીસમાં નોકરી, ખેડા.
૬૦	શાંતિલાલ છોટાલાલ વોરા	સાયલા	ઇન્ટર આર્ટર્સ	દેવગત થયા.
૬૧	અંબાલાલ જેઠાલાલ શાહ	આંકલાવ	એમ. બી. બી. એસ. છેલ્લું વર્ષ	આણંદ મ્યુનિસિપાલિટીમાં ચીફ મેડીકલ ઓફીસર.
૬૨	જમનાદાસ કાશીદાસ શાહ	મોરબી	ઇન્ટર આર્ટર્સ.	હેડકલાર્ક હજુર ઓફીસ, પોલીટીકલ બ્રાંચ, મોરબી.
૬૩	મણીલાલ સોમચંદ શાહ	ખેડા	,,	આબકારી ખાતામાં નોકરી, નડીઆદ
૬૪	વજેચંદ લક્ષ્મીચંદ શાહ	વ્યારા	જી. ડી. એ. છેલ્લું વર્ષ	ઈન્કમટેક્ષ ખાતામાં નોકરી, સુરત.
૬૫	પ્રેમચંદ ગુલાબચંદ દોશી	તરડે (મહુવા)	પ્રિવિયસ	મુંબઈમાં નોકરી.
૬૬	ભામરમલ અર્જુનમલ ખાબીયા	ઉદેપુર	ઇન્ટર સાયન્સ	મુંબઇ હાઇકોર્ટ ટ્રાન્સલેટર ઓફીસમાં નોકરી.
૬૭	હીરાલાલ માણેકલાલ શાહ	સુરત	ઈન્ટર કોમર્સ	મુંબઇમાં નોકરી.

નંબર	નામ	ગામ	અભ્યાસ	હાલ શું કરે છે
		૧૯૨૫-૨૬		
૬૮	વસનજી શીવજી શાહ	માંડવી (કચ્છ)	એલ. સી. પી. એસ. ૧ લું વર્ષ.	... ...
૬૯	ઈશ્વરલાલ સોમચંદ શાહ	ખેડા	સીનીયર બી. એ.	બી. એ., મામલતદાર, મહેમદાવાદ.
૭૦	રમણલાલ જેઠાલાલ શાહ	,,	જુનીયર બી. એ.	એલએલ. બી., ખેડામાં પ્રેકટીસ.
૭૧	જેઠાલાલ મુળજી શેઠ	વાંકાનેર	ઈન્ટર સાયન્સ	આફ્રિકામાં નોકરી.
૭૨	લીલાધર કેવળચંદ વસા	જામનગર	ઇન્ટર આર્ટર્સ	દેવગત થયા.
૭૩	ગાંડાલાલ કસ્તુરચંદ શાહ	નવસારી	સીનીયર બી. એ.	...
		૧૯૨૬-૨૭		
૭૪	કાંતિલાલ જેઠાલાલ પારેખ	ગોંડલ	બલે. એન્જીનીયરીંગ	મુંબઈમાં નોકરી.
૭૫	કેશવલાલ તારાચંદ મોદી	જુનાગઢ	પ્રિવિયસ	...
૭૬	ધનજીભાઈ ત્રીકમલાલ શાહ	વહેલાલ	ઇન્ટર કોમર્સ	બી. કોમ., ઓડીટર, કોઓપરેટીવ સોસાયટીઝ, કલોલ.
૭૭	નીમચંદ જસરાજ વોરા	લીંબડી	પ્રિવિયસ	મુંબઇમાં નોકરી.
